
# પ્રવચનસાર પ્રવચન

## ભાગ ૨



ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ–૨)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮-૬૯ની સાલના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ગાથા-૩૯ થી ૭૩)

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૭૮ | વીર સંવત ૨૫૪૮ | ઈ. સન ૨૦૨૨ |
|---|---|---|

**પ્રકાશન**
તા. ૩-૫-૨૦૨૨, વૈશાખ સુદ-૩,
અક્ષય તૃતીયા, શ્રી ઋષભદેવ મુનિરાજનો પ્રથમ આહારદાન દિવસ

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com, email-info@vitragvani.com

**ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

ઉપરોક્ત મંગલાચરણમાં શાસનનાયક મહાવીરસ્વામી બાદ શ્રી ગૌતમ ગણધરને નમસ્કાર કરી જેમને ત્રીજા નંબરે નમસ્કાર કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વર્તમાન જૈનશાસનના શાસનસ્તંભ છે, જેમણે મૂળ મોક્ષમાર્ગને શાસ્ત્રમાં જીવંત રાખી અનેકાનેક ભવ્ય જીવો પર અસીમ ઉપકાર કર્યો છે. સાંપ્રત જૈનસમાજ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવથી સુચારુરૂપે પરિચીત છે જ. તેમ છતાં તેમના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને તેઓશ્રી પ્રત્યે ઉપકાર વ્યક્ત કર્યા વિના રહી શકાતું નથી. શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત પંચ પરમાગમોમાં 'પ્રવચનસાર' શાસ્ત્ર 'દ્વિતીય શ્રુતસ્કંધ'નાં સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. ભગવાન કુંદકુંદાચાર્યના મહિમા દર્શાવતાં અનેક શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમનાં લખેલાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવનાં વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે.

મહાવિદેહક્ષેત્રમાં વિદ્યમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની પ્રત્યક્ષ દિવ્ય દેશના સાંભળી ભરતમાં આવીને ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી છે. જિનશાસનના અનેક મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ 'પ્રવચનસાર' શાસ્ત્રમાં રહેલાં છે. અતઃ આ 'પ્રવચનસાર' ગ્રંથ છે એ ભગવાન શ્રી સીમંધરસ્વામીના દિવ્ય સંદેશા જ છે. ત્રણ વિભાગમાં વિભાજીત થયેલ આ ગ્રંથમાં વસ્તુ સ્વરૂપને સમજાવતાં મૂળભૂત સિદ્ધાંતોનું પ્રતિપાદન થયેલ છે. જે મુમુક્ષુજીવને મહામિથ્યાત્વરૂપી અંધકારને નષ્ટ કરવા માટે દિવ્ય પ્રકાશ સમાન જ છે.

મહા મિથ્યાત્વથી પ્રભાવિત આ દુષમકાળમાં આવા સર્વોત્કૃષ્ટ પરમાગમોનાં સિદ્ધાંતો સમજવાનું અજ્ઞાનીજીવોનું ક્યાં સામર્થ્ય હતું? પરંતુ ભરતક્ષેત્રના અહોભાગ્યે તથા ભવ્યજીવોને તારવા, આ મિથ્યાત્વના ઘોર તિમિરને નષ્ટ કરવા એક દિવ્ય પ્રકાશ થયો! એ છે કહાન ગુરુદેવ!! પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનાં એક અજોડ રત્ન છે! જેમણે સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા ગૂઢ પરમાગમોના રહસ્યોને ઉકેલ્યા. જેમનાં ઘરમાં આગમો ઉપલબ્ધ હતાં તેમને પણ આગમો ઉકેલવાની શક્તિ નહોતી, એવા આ દુષમકાળમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ પ્રભાવના યોગે ઘરે-ઘરે મૂળભૂત પરમાગમોનાં સ્વાધ્યાયની પ્રણાલિકા શરૂ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત ઈત્યાદિ અનેકાનેક વસ્તુસ્વરૂપને સ્પષ્ટ કરતાં સિદ્ધાંતોનો પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વચનાનુસાર 'પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળનો એક અચંબો જ છે. પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.' ઈત્યાદિ અનેકાનેક બહુમાનસૂચક વાક્યો પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ

પ્રતિભાને વ્યક્ત કરે છે. એવાં ભવોદધિતારણહાર, નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક મૂળ પરમાગમો ઉપર પ્રવચનો આપી દિવ્ય અમૃતધારા વરસાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવું એ આ મનુષ્યજીવનનો અમૂલ્ય આનંદસભર અવસર છે. પ્રસ્તુત ગ્રંથમાં શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર, ઈ.સ. ૧૯૬૮-૬૯માં ચાલેલ પ્રવચનોને અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. દ્વિતીય ભાગમાં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનની ૩૯ થી ૭૩ ગાથા સુધી ચાલેલા ૨૮ પ્રવચનોને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે આ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ, મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ



ભગવાનશ્રી કુંદકુંદાચાર્ય દેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે

અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૦૩૨ | ૦૪-૧૦-૧૯૬૮ | ગાથા-૩૯-૪૦ | ૦૦૧ |
| ૦૩૩ | ૦૫-૧૦-૧૯૬૮ | ગાથા-૪૧-૪૨ | ૦૧૫ |
| ૦૩૪ | ૦૬-૧૦-૧૯૬૮ | ગાથા-૪૨ થી ૪૪ | ૦૨૯ |
| ૦૩૫ | ૧૩-૧૦-૧૯૬૮ | ગાથા-૪૪-૪૫ | ૦૪૨ |
| ૦૩૬ | ૧૪-૧૦-૧૯૬૮ | ગાથા-૪૫-૪૬ | ૦૫૭ |
| ૦૩૭ | ૧૫-૧૦-૧૯૬૮ | ગાથા-૪૬-૪૭ | ૦૭૦ |
| ૦૩૮ | ૧૬-૧૦-૧૯૬૮ | ગાથા-૪૭-૪૮ | ૦૮૪ |
| ૦૩૯ | ૧૮-૧૦-૧૯૬૮ | ગાથા-૪૮-૪૯ | ૦૯૯ |
| ૦૪૦ | ૧૯-૧૦-૧૯૬૮ | ગાથા-૪૯ થી ૫૧ | ૧૧૪ |
| ૦૪૧ | ૨૦-૧૦-૧૯૬૮ | ગાથા-૫૧-૫૨ | ૧૩૦ |
| ૦૪૨ | ૨૧-૧૦-૧૯૬૮ | ગાથા-૫૨ | ૧૪૪ |
| ૦૪૩ | ૨૨-૧૦-૧૯૬૮ | ગાથા-૫૨, કળશ-૪ | ૧૫૯ |
| ૦૪૪ | ૨૩-૧૦-૧૯૬૮ | ગાથા-૫૩ | ૧૭૪ |
| ૦૪૫ | ૨૪-૧૦-૧૯૬૮ | ગાથા-૫૪ | ૧૮૮ |
| ૦૪૬ | ૨૫-૧૦-૧૯૬૮ | ગાથા-૫૪-૫૫ | ૨૦૪ |
| ૦૪૭ | ૨૬-૧૦-૧૯૬૮ | ગાથા-૫૫-૫૬ | ૨૧૮ |
| ૦૪૮ | ૨૭-૧૦-૧૯૬૮ | ગાથા-૫૬-૫૭ | ૨૩૨ |
| ૦૪૯ | ૨૮-૧૦-૧૯૬૮ | ગાથા-૫૮ | ૨૪૫ |
| ૦૫૦ | ૨૯-૧૦-૧૯૬૮ | ગાથા-૫૯ | ૨૫૯ |
| ૦૫૧ | ૩૦-૧૦-૧૯૬૮ | ગાથા-૫૯-૬૦ | ૨૭૨ |
| ૦૫૨ | ૩૧-૧૦-૧૯૬૮ | ગાથા-૬૦-૬૧ | ૨૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૦૫૩ | ૦૧-૧૧-૧૯૬૮ | ગાથા-૬૨-૬૩ | ૩૦૨ |
| ૦૫૪ | ૦૨-૧૧-૧૯૬૮ | ગાથા-૬૪ | ૩૧૭ |
| ૦૫૫ | ૦૩-૧૧-૧૯૬૮ | ગાથા-૬૫ | ૩૩૦ |
| ૦૫૬ | ૦૪-૧૧-૧૯૬૮ | ગાથા-૬૬-૬૭ | ૩૪૫ |
| ૦૫૭ | ૦૫-૧૧-૧૯૬૮ | ગાથા-૬૮-૬૯ | ૩૬૦ |
| ૦૫૮ | ૦૬-૧૧-૧૯૬૮ | ગાથા-૬૯ થી ૭૧ | ૩૭૬ |
| ૦૫૯ | ૦૭-૧૧-૧૯૬૮ | ગાથા-૭૨-૭૩ | ૩૯૧ |

ॐ

परमात्मने नमः।

# પ્રવચનસાર પ્રવચન

(ભાગ-૨)

(શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઈ.સ. ૧૯૬૮ની સાલના શબ્દશઃ પ્રવચનો)

**આસો સુદ ૧૩, શુક્રવાર, તા. ૦૪.૧૦.૧૯૬૮**
**ગાથા-૩૯-૪૦, પ્રવચન-૩૨**

જ્ઞાનતત્ત્વપ્રજ્ઞાપન, પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ એટલે જ્ઞાનનો સ્વભાવ. જ્ઞાનનો સ્વભાવ, જ્ઞાનનું સામર્થ્ય.

મુમુક્ષુ :- નવ તત્ત્વમાં...

ઉત્તર :- એ નવ તત્ત્વમાં કાંઈ... આ તો જ્ઞાનગુણનું તત્ત્વ, જ્ઞાનનો સ્વભાવ—સામર્થ્ય શું છે? જીવના સામર્થ્યમાં—એ તત્ત્વમાં આવી જાય છે. એ કાંઈ જુદું તત્ત્વ નથી. જ્ઞાનતત્ત્વ એટલે કે આત્મા જો વસ્તુ હૈ, આત્મા વસ્તુ હૈ ઉસકા જો જ્ઞાનભાવ હૈ ઉસકી બાત હૈ. વહ તો જીવતત્ત્વમેં આ જાતા હૈ. પરંતુ યહાં જ્ઞાનકી પ્રધાનતાસે સારા જ્ઞાન હી આત્મા હૈ ઐસા કથન કરના હૈ ન? તો જ્ઞાન વહ આત્મા. તો જ્ઞાનકા સ્વભાવ-તત્ત્વ સ્વરૂપ, સામર્થ્ય કિતના હૈ? જૈસા હૈ ઐસી ઉસકો પ્રતીત કરની હોગી.

‘અબ, ઈન્હીં અવિદ્યમાન પર્યાયોંકી જ્ઞાનપ્રત્યક્ષતાકો દૃઢ કરતે હૈં :—’ ૩૯. જો દ્રવ્ય હૈ જગતમેં, ઉસકી વર્તમાન અવસ્થા અર્થાત્ પર્યાય... નહીં હૈ (અર્થાત્ જો) ભૂતકાલમેં પર્યાય હો ગઈ વહ પ્રલય હો ગઈ, ભવિષ્યમેં હોનેવાલી અભી હુઈ નહીં, તો ઐસી અવિદ્યમાન પર્યાય—ભૂતકાલકી ઔર ભવિષ્યકાલકી, નહીં હૈ ઉસકી ‘જ્ઞાનપ્રત્યક્ષતાકો...’ યે જ્ઞાનમેં તો

પ્રત્યક્ષ હો જાતા હૈ. ઐસી જ્ઞાનકી એક સમયકી પર્યાયિકા સામર્થ્ય હૈ. સમજમેં આયા? જીવકી શ્રદ્ધા કરના તો જીવમેં જ્ઞાન ક્યા હૈ ઔર જ્ઞાનકા સામર્થ્ય કિતના હૈ? વહ ભી સાથમેં શ્રદ્ધા કરે તો જીવકી શ્રદ્ધા કહનેમેં આતી હૈ. સમજમેં આયા? ૩૯.

**जदि पच्चक्खमजायं पज्जायं पलयिदं च णाणस्स।**
**ण हवदि वा तं णाणं दिव्वं ति हि के परूवेंति।।३९।।**

એનું છે ઓલામાં. એનું હરિગીત છે. હરિગીત છે ને? ૩૯.

**જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા,**
**નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા? ૩૯.**

ગુજરાતી હૈ ન પીછે? વહ ટીકામેં આ જાયેગા દેખો! '**જિસને અસ્તિત્વકા અનુભવ નહીં કિયા...**' ક્યા કહતે હૈ? કિ અનંત આત્મા હૈં, અનંત પરમાણુ હૈં, અસંખ્ય કાલાણુ હૈં, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ—વહ છહ દ્રવ્ય હૈં ઉસમેં '**જિસને અસ્તિત્વકા અનુભવ નહીં કિયા...**' પર્યાય. અભી ઉત્પન્ન હી નહીં હુઈ. સમજમેં આયા? વસ્તુમેં ભવિષ્યકી પર્યાય અભી ઉત્પન્ન હુઈ નહીં. જિસને અસ્તિત્વ અર્થાત્ હોનેપનેકા અનુભવ નહીં કિયા. ઠીક! જો પર્યાય ઉત્પન્ન હોકર અસ્તિત્વકા અનુભવ કિયા નહીં. ભવિષ્યકી પર્યાય અજાત. '**ઔર જિસને અસ્તિત્વકા અનુભવ કર લિયા હૈ...**' દેખો ભાષા! જો દ્રવ્યકી પર્યાયિકા અસ્તિત્વ પર્યાયિને અનુભવ કર લિયા હૈ. પર્યાય હો ગઈ હૈ. સમજમેં આયા? ગતકાલકી પર્યાય દ્રવ્યમેં હો ગઈ હૈ, વર્તમાનમેં હૈ નહીં પર્યાયિરૂપસે. ભવિષ્યકી ઉત્પન્ન હુઈ નહીં. જિસકા અનુભવ ભવિષ્યકા વર્તમાનમેં હૈ નહીં. ઐસી પર્યાયિકો ભી '**(અનુત્પન્ન ઔર નષ્ટ) પર્યાયિમાત્રકો...**' આહા..! કિતના આત્મા ઔર ઉસકે જ્ઞાનગુણકી એક સમયકી પર્યાયિકા કિતના સામર્થ્ય હૈ ઔર ઐસા જ્ઞાન કૈસે ઉત્પન્ન હોતા હૈ? સમજમેં આયા? માનસજ્ઞાન, ઈન્દ્રિયજ્ઞાનસે વહ કેવળજ્ઞાન ઉત્પન્ન નહીં હોતા.

જો વર્તમાન પર્યાય નહીં હૈ, બીત ગઈ ઔર ભવિષ્યકી ઉત્પન્ન હુઈ નહીં. ભૂતકાલકી આ ગઈ, આગે અનુભવ કરકે વિલય હો ગઈ. ભવિષ્યકી પર્યાય ઉત્પન્ન નહીં હુઈ. ઔર યહ '**(અનુત્પન્ન ઔર નષ્ટ) પર્યાયિમાત્રકો યદિ જ્ઞાન અપની નિર્વિઘ્ન વિકસિત,...**' દેખો! ઐસી એક સમયકી પર્યાયિમેં જૈસે વર્તમાન દિખતે હૈં ઐસી ભૂત ઔર ભવિષ્યકી સબ પર્યાયિકો નિર્વિઘ્ન વિકસિત-પ્રગટ હુઈ, '**અખંડિત પ્રતાપયુક્ત પ્રભુશક્તિકે (-મહા સામર્થ્ય) દ્વારા...**' કિતના વિશેષણ દિયા દેખો! '**બલાત્ અત્યંત આક્રમિત કરે...**' જોરથી ઐસા કિયા હૈ ન ગુજરાતીમેં? જોરથી. જ્ઞાનકી એક સમયકી અવસ્થામેં ઈતની તાકાત હૈ કિ અપનેસે નિર્વિઘ્ન વિકસિત-ખીલી હૈ, અખંડિત પ્રતાપયુક્ત હૈ. ઉસકા પ્રતાપ અખંડ હૈ જ્ઞાનકી પર્યાયિકા. ઐસે પ્રભુશક્તિ-સામર્થ્યકી શક્તિકે દ્વારા પ્રગટ હુઈ. '**બલાત્ અત્યંત આક્રમિત કરે...**' તીન કાલ, તીન લોકકી બીત ગઈ ઔર નઈ ઉત્પન્ન (હોગી) ઐસી સબ દ્રવ્યકી

પર્યાય એક સમયમેં જાનનેમેં આ જાતી હૈ. આક્રાંત-આક્રમિત કરે-પ્રાપ્ત કરે. દેખો! સમજમેં આયા?

**'તથા વે પર્યાયેં અપને...'** અબ સામનેકી લેતે હૈં. જ્ઞાનકી પર્યાયમેં અનુત્પન્ન ઔર નષ્ટ દોનોં પર્યાય આત્મા જ્ઞાનસે જોરસે સબકો પહુંચ જાતા હૈ. સમજમેં આયા? **'અખંડિત પ્રતાપયુક્ત પ્રભુશક્તિકે દ્વારા...'** અપને સામર્થ્ય-શક્તિકે દ્વારા **'બલાત્ અત્યંત આક્રમિત કરે...'** ઐસા જ્ઞાનકી એક સમયકી અવસ્થાકા સામર્થ્ય હૈ. ઉસકો કેવલજ્ઞાની કહતે હૈં. ઐસા આત્મા હુઆ તબ પરિપૂર્ણ આત્મા હુઆ ઐસા કહતે હૈ. સમજમેં આયા? ઔર ઐસે કેવલજ્ઞાનકી ઉત્પત્તિ સ્વસંવેદનજ્ઞાનસે ઉત્પત્તિ હોતી હૈ. મનસે જ્ઞાન હુઆ યા ઇન્દ્રિયસે જ્ઞાન હુઆ ઉસસે વહ કેવલજ્ઞાનકી ઉત્પત્તિ હોતી નહીં. યહ તાત્પર્ય બતાના હૈ. જિસને કેવલજ્ઞાનકી પ્રાપ્તિ કી ઉસને અપના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ પ્રચુર સ્વસંવેદન દ્વારા એકાકાર હોકર કેવલજ્ઞાન પ્રાપ્ત કિયા. સમજમેં આયા? ઔર જિસને પ્રાપ્ત કરના હૈ ઉસને, વહ અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ઉસકા અંતર્મુખ વેદન કરકે, સ્વસંવેદન અપને જ્ઞાનકો પ્રત્યક્ષ કરકે, વેદન કરકે ઉસસે કેવલજ્ઞાન પ્રાપ્ત હોતા હૈ. દૂસરી કોઈ ક્રિયાકાંડસે કિ વ્યવહારસે પ્રાપ્ત હોતા નહીં. કેવલજ્ઞાન પ્રાપ્ત કરનેકા સામર્થ્ય કિતના? તો ઇસમેં સ્વસંવેદન જ્ઞાનમેં હૈ ઔર સ્વસંવેદનજ્ઞાનકા ફલ કિતના હૈ? કિ કેવલજ્ઞાન એક સમયકી પર્યાય. સમજમેં આયા? સમજમેં આયા?

ઓહો..હો..! ક્યા કહતે હૈં! આત્માકા જ્ઞાનગુણ ઉસકી એક સમયકી અવસ્થા ઇતની બડી કિ અનુત્પન્ન જો પર્યાય ઉત્પન્ન હુઈ નહીં ઔર વિનષ્ટ હો ગઈ ઉસકો ભી પ્રાપ્ત કર લે. સમજમેં આયા? ઐસા જ્ઞાનકી એક સમયકી અવસ્થાકા તત્ત્વ હૈ, વહ તત્ત્વ હૈ. જ્ઞાનકા વહ તત્ત્વ હૈ સામર્થ્ય ઇતના. ઐસી અનંતી પર્યાયકા પિંડ તો જ્ઞાન હૈ ગુણ ઔર ઐસા અનંત અનંત ગુણકા પિંડ તો દ્રવ્ય હૈ. ઐસે દ્રવ્યકી પ્રતીત કરનેમેં કિતના પ્રયત્નકા મહાપુરુષાર્થ (ચાહિયે)! સમજમેં આયા? અખંડ દ્રવ્યસ્વરૂપ ચૈતન્ય ભગવાન પરમાત્મસ્વરૂપ ઉસમેં ઐસે ઝુકાવ કરના, ઉસમેં ઝુકાવ કરના, કિતના પ્રયત્ન હૈ! સમજમેં આયા? વહી કરના હૈ. કરનેમેં ક્રિયા કરની હો તો યહ ક્રિયા હૈ. બાકી સબ બાતેં હૈં.

મુમુક્ષુ :- વાતું છે.

ઉત્તર :- બોલવામાં કહેવામાં આવે કે આ કરો... આ કરો... પછી આ કરો, ભક્તિ કરો, વ્રત કરો, ફલાણું કરો એ બધી વાતું છે. વિકલ્પ વચ્ચે આવે, સમજાવે. બાકી ઉસસે કોઈ કેવલજ્ઞાન હોગા યા આત્માકા કલ્યાણ હોગા ઐસા હૈ નહીં. સમજમેં આયા?

**'તથા વે પર્યાયેં...'** અબ સામનેસે લેતે હૈ. ઇસ તરફ જ્ઞાનકી એક સમયકી અવસ્થા સબ પર્યાયકો પહુંચ જાતી હૈ, જ્ઞાન. **'વે પર્યાયેં...'** સામને અનુત્પન્ન ઔર નષ્ટ, ભવિષ્યકી ઔર ભૂતકાલકી. **'અપને સ્વરૂપસર્વસ્વકો અક્રમસે અર્પિત કરેં...'** **'વે પર્યાયેં અપને સ્વરૂપસર્વસ્વકો...'** જો પર્યાય હોકર વિલય હો ગઈ. વિલય હો ગઈ કા નામ વર્તમાનમેં

હૈ નહીં ઔર જો પર્યાય અભી ઉત્પન્ન ભી હુઈ નહીં વહ પર્યાય. દેખો! **'અપને સ્વરૂપસર્વસ્વકો...'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- યે બાત હી અલૌકિક સ્વભાવ હૈ ઐસા! આહા..હા..! યે પર્યાય વર્તમાનમેં અર્પણ કર દેતી હૈ જ્ઞાનકી પર્યાયમેં, ઐસા જ્ઞેયકા સ્વભાવ હૈ ઐસા બતાના હૈ યહાં. અચિંત્ય બાત! અચિંત્ય બાત!!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન... જ્ઞેયકા ભી ઈતના સામર્થ્ય કિ અક્રમસે. દેખો! **'અક્રમસે અર્પિત કરેં...'** ઐસા નહીં કિ ભવિષ્યમેં હો તબ જાને, ભૂતકાલકી હો ગઈ તો ભૂતકાલસે ઐસે... એક સમયમેં, એક હી સમયમેં જો અવસ્થા અનંતકાલમેં હો ગઈ, વર્તમાનમેં નહીં હૈ, ભવિષ્યમેં ઉત્પન્ન હોનેવાલી વર્તમાનમેં નહીં (હૈ), ફિર ભી વહ પર્યાય અપના સર્વસ્વ સ્વરૂપ અર્પણ કર દે. જ્ઞાનકી પર્યાયમેં સર્વસ્વ ઉસકા જ્ઞાન હો જાયે ઐસી પર્યાય અક્રમસે અર્પતી હૈ.

'**(-એક હી સાથ જ્ઞાનમેં જ્ઞાત હો)...**' દેખો! આહા..હા..! બહુત કઠીન બાત હૈ. લોગોંકો યહ લગતા હૈ કિ પરંતુ અભી ઈસસે ભી બડી તકરાર કરતે હૈં ન વહ? કૌન? સમજમેં આયા? ક્યા કહા આગમ? જય? ક્યા કહા? જયધવલ. જયધવલકા દૃષ્ટાંત દેકર. જય, નહીં? વર્તમાન હૈ વહ અર્થ હૈ, ભવિષ્ય વહ અર્થ નહીં, ભૂત હૈ અર્થ નહીં. નહીં હૈ અર્થાત્ ક્યા? નહીં અર્થાત્? નહીં હૈ તો વર્તમાનમેં નહીં હૈ. પરંતુ વર્તમાનમેં, ભૂત ઔર ભવિષ્યકી પર્યાય વર્તમાન જ્ઞાનમેં વહ પર્યાય સર્વસ્વ અર્પતી હૈ. સમજમેં આયા? ઐસે નહીં કિ વર્તમાન પર્યાય પ્રગટ હૈ તો ઉસપૂર્વક ભૂત-ભવિષ્ય ઐસી હૈ ઐસા વહ ભી તો અનુમાન હો ગયા. વહ પ્રત્યક્ષ જ્ઞાન કહાં રહા? સમજમેં આયા? ઐસા કહતે હૈં. વર્તમાન પ્રત્યક્ષ હૈ અર્થ ઉસકો. ઉસ પૂર્વક ભૂતકી ઔર ભવિષ્યકી જાનનેમેં આતી હૈ. વજુભાઈ! ઐસા નહીં. યહાં તો કહતે હૈં કિ '**વે પર્યાયેં અપને સ્વરૂપસર્વસ્વકો અક્રમસે અર્પિત કરેં...**' સમજમેં આયા? વહ અનુમાનપૂર્વક યા વર્તમાન હૈ તો (ભૂતમેં) ઐસી ઐસી હો ગઈ હૈ ઔર વર્તમાન હૈ તો ભવિષ્યમેં ઐસી હોગી વહ તો અનુમાન હો ગયા, વહ પ્રત્યક્ષજ્ઞાન નહીં. ઐસા સામર્થ્ય એક એક આત્માકા, એક એક પર્યાયકા. ઐસે આત્માકી પ્રતીત કરના અલૌકિક બાત હૈ. સમજમેં આયા?

એક જ્ઞાનગુણ ઉસકી એક સમયકી અવસ્થા સબકો પહુંચ જાયે. જોરસે પહુંચ જાયે, ક્રમસે નહીં. અપને પ્રતાપસે, નિમિત્તકે પ્રતાપસે નહીં. અપની પ્રભુત્વશક્તિસે સબકો (પહુંચ જાતી હૈ). તીન કાલ, તીન લોક, ક્ષેત્ર, કાળ જાનતી હૈ. આકાશકા અમર્યાદિત ક્ષેત્ર હૈ ઉસકી પર્યાય વર્તમાનમેં હૈ ઔર ભૂતકી ચલી ગઈ હૈ ઉસકો ભી જ્ઞાનકી પર્યાય અપની શક્તિસે જોર સે... જોરકા અર્થ? અપને સામર્થ્યસે. ઉસ પર્યાયકા સામર્થ્યસે જાનતી હૈ ઐસા નહીં.

અપને સામર્થ્યસે જાનતે હૈં ઐસા કહતે હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- પર્યાય ન હો તો કહાંસે જાને?

ઉત્તર :- પર્યાય પર્યાય પીછે. યહાં તો અપને સામર્થ્યસે અર્પણ કરતે હૈ. પર્યાયકા સામર્થ્ય હૈ તો ઉસ કારણસે યહાં સામર્થ્ય આયા હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? બહુત સૂક્ષ્મ બાત હૈ. ઓહો..હો..!

આત્મા હૈ ઐસા અસ્તિત્વકી પ્રતીતિ કરના ઉસમેં આત્માકે એક ગુણકી એક સમયકી (પર્યાયકી) ઐસી પ્રતીતિ કરના કિ પૂર્ણ જાનનેવાલા હૈ, પ્રત્યક્ષ જાને ઐસા પ્રતીતિ કરના વહ તો નિર્વિકલ્પ દૃષ્ટિ હુએ બિના પ્રતીતિ હોતી નહીં. આહા..હા..! સમજમેં આયા?

ભગવાન આત્મા ઈતના સામર્થ્યવાલા કિ અપની પ્રગટ પર્યાયમેં '**નિર્વિઘ્ન વિકસિત, અખંડિત પ્રતાપયુક્ત...**' ઉસકા પ્રતાપ કૌન ખંડ કર સકે? '**પ્રભુત્વશક્તિ દ્વારા બલાત્ અત્યંત આક્રમિત...**' હોકર પ્રાપ્ત કરે. ઐસી પર્યાયકા—એક સમયકી અપની જ્ઞાનકી અવસ્થાકા ઈતના તાકાત ઔર સામર્થ્ય હૈ. સમજમેં આયા? ઐસી જિસકો પ્રતીત બૈઠે ઉસકો, રાગમેં સુખ હૈ, પુણ્યમેં સુખ હૈ, ઈન્દ્રિયવિષયમેં સુખ હૈ ઐસી બુદ્ધિ રહતી નહીં ઐસા કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? એક સમયમેં ઈતના જાને વહ આનંદ સહિત હૈ. ઐસી પર્યાયકી પ્રતીત જિસકો હો, ઉસકો ઈન્દ્રિયોંકે વિષયમેં સુખ હૈ ઐસી બુદ્ધિ રહતી નહીં. અતીન્દ્રિય જ્ઞાનમેં સુખ હૈ ઉસકે સિવા સુખ હૈ નહીં. ઐસી બાત હૈ. આહા..હા..! સમજમેં આયા?

કહીં આસ્થા કરનેલાયક હૈ નહીં, વિકલ્પમેં, પરમેં. આસ્થા કરનેલાયક દ્રવ્યસ્વભાવ હૈ. ઉસકી પર્યાયકા ઈતના સ્વભાવ હૈ તો દ્રવ્યકા સ્વભાવ હી આસ્થા કરનેલાયક હૈ કિ ઉસમેં આનંદ પડા હૈ ઔર ઉસમેં સર્વ શક્તિ પર્યાયકી પડી હૈ. ઓહો..હો..! સમજમેં આયા કુછ? સૂક્ષ્મ બાત હૈ. આચાર્યને દેખો ન ૯૨ ગાથાકા વર્ણન કિયા. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનકી ૯૨. ૯૦ ઔર ૨. જ્ઞાનકા સામર્થ્ય કિતના હૈ (વહ) બતાના હૈ. યહ બાત નહીં હૈ. ઉસકા ઈતના અસ્તિત્વ હૈ, ઈતના ઉસકા સામર્થ્ય હૈ. એક સમયમેં, એક સમયકી પર્યાયકા ઈતના સામર્થ્ય હૈ. ઐસી ઐસી અનંતી પર્યાય એક સમયમેં. સબ ઉસકી પર્યાયકી શ્રદ્ધા, ઉસકા અસ્તિત્વ ઐસી એક એક પર્યાયમેં ઈતના અનંત સામર્થ્ય સબમેં હૈ. ઐસી અનંતી પર્યાયકા પિંડ જો હૈ વહ ગુણ હૈ. ઔર અનંત ગુણકા પિંડ વહ તો ભગવાન વસ્તુ આત્મા હૈ. ઐસે આત્માકી અંતર સ્વસંવેદન કરકે, અપને જ્ઞાનસે જ્ઞાનકો વેદન કરકે અંદરમેં એકાગ્ર હોના વહી ધર્મ ઔર વહી ધર્મ અર્થાત્ ચારિત્ર ઔર ઉસ ચારિત્રસે આત્માકો કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા?

ઔર '**વે પર્યાયેં અપને સ્વરૂપસર્વસ્વકો...**' સર્વસ્વ. જિતની પર્યાય ભૂત ઔર ભવિષ્યકી નહીં હૈ, ફિર ભી વર્તમાન સર્વસ્વકો, વર્તમાનમેં સર્વસ્વકો. વર્તમાનમેં ન? યા ભવિષ્યમેં? યહાં પર્યાય એક સમયમેં પ્રગટ હુઈ ન? તો સામને ભી સબ પર્યાય એક સમયમેં અર્પણ

કરતી હૈ. એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- .. સમજાવો ને.

ઉત્તર :- .. કહતે હૈ ન. ઉસની પર્યાયકા ઈતના હી સામર્ત્ય હૈ. જ્ઞેયકા ઐસા હી સામર્થ્ય હૈ, પર્યાયરૂપી જ્ઞેય.

મુમુક્ષુ :- .. પર્યાય તો અનિશ્ચિત છે.

ઉત્તર :- અનિશ્ચિત કે દિ'? વહ તો સબ ગપ મારનેકી બાત હૈ.

યહાં તો નિશ્ચિત પર્યાય ભવિષ્યમેં વર્તમાન હુઈ નહીં ઔર ભૂતકાલમેં નિશ્ચિત હો ગઈ વહ વર્તમાનમેં હૈ નહીં, ફિર ભી વહ પર્યાય અપના સર્વસ્વસ્વરૂપ. દેખો! **'અપને સ્વરૂપસર્વસ્વકો...'** સ્વરૂપસર્વસ્વકો. સર્વસ્વકો **'અક્રમસે અર્પિત કરેં...'** એક સમયમેં અર્પિત કરેં તબ અક્રમ કહલાયે ન?

મુમુક્ષુ :- બરાબર.

ઉત્તર :- ક્યા બરાબર? નહીં હૈ ઔર અર્પણ કરે એક સમયમેં? ઐસા કહતે હૈં. ભાઈ! નહીં હૈ ઐસા મત લે. આહા..હા..! અક્રમસે અર્પણ કરે ઈસકા અર્થ ક્યા? ઔર અપને સ્વરૂસર્વસ્વકો એક સમયમેં વર્તમાન હૈ ઔર ભૂતકાલકી નહીં, ભવિષ્યકી નહીં, ફિર ભી વહ જ્ઞેયકા ઐસા હી સ્વભાવ હૈ. સમજમેં આયા? કિ એક સમયમેં જ્ઞાનમેં સર્વસ્વસ્વરૂપકો અર્પતે હૈં. ઈસલિયે પ્રમેયરૂપ હોકર પ્રમાણમેં ઉસકા જ્ઞાન આ જાતા હૈ. આહા..હા..! સ્વભાવ... સ્વભાવ... અકેલા સ્વભાવકા વર્ણન કરતે હૈં. સમજમેં આયા? અજ્ઞાનીકી તાકાત નહીં કિ ઉસમેં તર્ક કરકે વહ સમજે, ઐસી ચીજ કહતે હૈં. વર્તમાન હૈ નહીં. આહા..હા..! હૈ નહીં, ઉત્પન્ન હુઈ નહીં ઔર ઉત્પન્ન હોકર વિલય હો ગઈ. એક સમયમેં વહ જ્ઞેય, પર્યાય સબ અપના સર્વસ્વસ્વરૂપ અક્રમસે—ક્રમ પડે બિના એક સમયમેં અર્પતે હૈ. દેખો! આહા..હા..! જ્ઞાનકી પર્યાયકા તો સામર્થ્ય ઈતના હૈ ઉસકો એક ઓર રખો. યે તો યહ કહતે હૈં. આહા..હા..! જ્ઞેયકા ભી ઈતના સામર્થ્ય હૈ. વર્તમાનમેં સર્વસ્વ અક્રમસે અર્પણ કર દેતા હૈ ઐસા જ્ઞેયકા સ્વભાવ હૈ. આહા..હા..! સમજમેં આયા?

**'(-એક હી સાથ જ્ઞાનમેં જ્ઞાત હોં)'** અબ કહતે હૈં **'ઈસપ્રકાર ઉન્હેં અપને પ્રતિ નિયત ન કરે...'** દેખો! યહ તો પહલે સિદ્ધ કિયા કિ ઈસપ્રકાર હૈ. અબ **'ઈસપ્રકાર ઉન્હેં અપને પ્રતિ નિયત ન કરે...'** જ્ઞાન. **'ઈસપ્રકાર ઉન્હેં અપને પ્રતિ નિયત...'** જ્ઞાનમેં ન કરે. વહ પહલે આ ગયા ન નિયતકા? જ્ઞાનકે પ્રતિ નિયત હોનેસે. વહ ૩૮મેં આ ગયા હૈ. નિયત હૈ ન નિયત? સમજમેં આયા? વહ ૩૮મેં આ ગયા હૈ. નિયત નિશ્ચિત. આહા..હા..! વહ કોઈ જ્ઞાનકા અપૂર્વ સ્વભાવ ઔર જ્ઞેયકી પર્યાયકા ભી અપૂર્વ સ્વભાવ હૈ. ઈસમેં અજ્ઞાનીકા તર્ક કામ ન કરે. સમજમેં આયા? અલૌકિક બાત હૈ. ઐસે તો કહે કિ ઉત્પન્ન હુઈ નહીં, ઉત્પન્ન હોકર નષ્ટ હુઈ ઔર એક સમયમેં જ્ઞાન ઉસકો પહુંચ જાયે વહ

ઠીક... જ્ઞાનકા ઈતના સામર્થ્ય હૈ. જ્ઞેય એક સમયમેં ઉસકો અર્પણ કર દે વહ જ્ઞેયકા સામર્થ્ય.

મુમુક્ષુ :- .. કૈસે અર્પણ કરે?

ઉત્તર :- હૈ હી. નહીં હૈ ઐસા પ્રશ્ન હી નહીં યહાં તો કહતે હૈં. સમજમેં આયા? એક સમયમેં અર્પણ કર દે. આહા..હા..!

મુમુક્ષુ :- હર સમય અર્પણ...

ઉત્તર :- એક એક સમયમેં જો પૂર્ણ હૈ વહ અર્પણ કર દેતી હૈ. ભૂત, ભવિષ્ય ઔર વર્તમાન સબ પર્યાય એક સમયમેં અર્પણ કર દેતી હૈ. ભવિષ્યકી હોગી તબ જાનનેમેં આયેગા, ભૂતકી વિલય હો ગઈ તબ જાની થી, અબ હૈ નહીં—ઐસા યહાં નહીં હૈ. ઓહો..હો..! સમજમેં આયા? કુંદકુંદાચાર્ય સાક્ષાત્ સર્વજ્ઞ ભગવાનકે પાસ સુનકર આયે ન? ૐ ધ્વનિ. વહ યહાં પુકાર કરતે હૈં. ભગવાન! તેરા સ્વભાવ ઐસા હૈ. સમજમેં આયા? ઔર જ્ઞેયકા ભી ઐસા સ્વભાવ હૈ કિ એક સમયમેં અનુત્પન્ન ઔર નષ્ટ, એક સમયમેં અર્પણ કર દેતી હૈ. ઓહો..હો..! જ્ઞાનચંદજી! કહો, સમજમેં આતા હૈ?

'**ઈસપ્રકાર ઉન્હેં અપને પ્રતિ...**' જ્ઞેયકી પર્યાય '**નિયત ન કરે (-અપનેમેં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાને), તો ઉસ જ્ઞાનકી દિવ્યતા ક્યા હૈ?**' તો ઉસ જ્ઞાનકી દિવ્યતા ક્યા? ઓહો..હો..! સમજમેં આયા? જાતિસ્મરણમેં ભી જહાં ધારણાકા વિષય હૈ (વહ) સ્મૃતિમેં આતા હૈ. વહ ભી સામનેવાલે પ્રાણીકી પર્યાય વર્તમાનમેં તો ભૂતકાલકી બીત ગઈ હૈ. ફિર ભી ઉસકે ખ્યાલમેં આતા હૈ કિ યહ આત્મા યહાં થા. ઉસકી પર્યાય ઐસી થી ઐસા આતા હૈ કિ નહીં ખ્યાલમેં? સમજમેં આયા? ઋષભદેવ ભગવાન થે. રાજકુમારકો જાતિસ્મરણ હુઆ ન? શ્રેયાંસકુમારકો. વહ રાજકુમાર થા ઔર ભગવાન આહાર લેનેકો આયે ઋષભદેવ ભગવાન. કોઈ ખબર નહીં થી વિધિકી. ઔર ઐસા દેખા તો એકદમ અંદરમેં સે જાતિસ્મરણ હો ગયા. કહો, પૂર્વકી પર્યાયમેં વહ થા, વર્તમાન પર્યાયમેં ખ્યાલ આ ગયા. અપની પૂર્વકી પર્યાયમેં થા ધારણામેં, વર્તમાનમેં સ્મૃતિ હોકર વર્તમાન આ ગયા. ઔર ઉસકા આત્મા આઠ ભવ પહલે હમારા પતિ થા. ઔર હમ દો મિલકર સંતોંકો-મુનિકો આહાર દિયા થા. કિતની તાકાત! એક મતિકા અવગ્રહ, ધારણા ઉસકે વિષયકી ઈતની તાકાત! સમજમેં આયા? વર્તમાન તો પર્યાય હૈ નહીં વહ. ઋષભદેવ ભગવાન પૂર્વમેં થે સ્વયં, ઉસકા આત્મા ઔર સ્વયં પૂર્વમેં થે, ઉસ સમય આહાર દિયા ઐસા કાલ, ઉસકા વહ ભાવ વહ સ્મરણમેં ઐસા આયા તો પ્રત્યક્ષ ઐસા લગે કિ યહ તો ઓહો..! યહ વહી આત્મા ઔર મૈં ભી વહી આત્મા. સમજમેં આયા? ઈસકા સ્વભાવ હી ખ્યાલમેં આ ગયા. જ્ઞાનકા સ્મરણ... ઓહો..હો..!

તો કહતે હૈં કિ જિસકી મતિકી ભેદકી ધારણામેં ઈતના સામર્થ્ય હૈ કિ વર્તમાન પર્યાય ન હો તો ભી ઉસકે ખ્યાલમેં આ જાયે. યહ ભી ભગવાન (કા જીવ) થા પૂર્વમેં ઔર હમ ભી થે. દોનોં તો અરૂપી હૈ. શરીરકી વર્તમાન અવસ્થા દૂસરી હૈ. જ્ઞાનકા કોઈ ઐસા

સામર્થ્ય હૈ કિ સબકો જાન લેતા હૈ. તો એક સમયકી પર્યાય કેવલજ્ઞાનકી અપના શુદ્ધ ભગવાન કેવલ સ્વભાવકા પૂર, સ્વભાવકા નૂર, ચૈતન્યપૂર ઉસમેં દૃષ્ટિ લગાકર સામ્યભાવ પ્રગટ કિયા, શાંતિ પ્રગટ કરકે સ્વરૂપકી રમણતા પ્રગટ કરકે વહ જ્ઞાનકી પર્યાય ઐસી પ્રગટ હુઈ (કિ) સબ પર્યાયકો એક સમયમેં જોરસે પહુંચ જાતી હૈ. ઔર જો ન પહુંચે તો દિવ્યજ્ઞાન કૈસા? ઐસા કહતે હૈં. નવનીતભાઈ! આહા..હા..! અન્યમતમેં ઐસી બાત હોતી નહીં. ઉપર-ઉપરસે બાત કરે. અસ્તિત્વ કિતના હૈ દ્રવ્યકા, ગુણકા, પર્યાયકા, ઉસકી સત્તાકા, ઐસે સામર્થ્યકા જ્ઞાન નહીં ઔર ઉપર-ઉપરસે વિકલ્પ તોડો, વિકલ્પ તૂટ જાયેગા. ધૂલમેં ભી નહીં તૂટેગા. મિથ્યાત્વ પુષ્ટ હો જાયેગા. સમજમેં આયા? ઓહો..!

મુમુક્ષુ :- અનાદિકા મિથ્યાત્વ હૈ ઐસા માનતે હૈં?

ઉત્તર :- ઉસકો ખબર ભી કહાં હૈ? મિથ્યાત્વકો કૌન માનતા હૈ? અનાદિકા માનતા હૈ લેકિન વહ તો બફમ-બફમ. ઓઘે-ઓઘે બાત કરે. આહા..હા..!

ઈતના અસ્તિત્વ-હોનેપને જ્ઞાનકી પર્યાયમેં તાકાત (હૈ કિ) અનુત્પન્ન ઔર નષ્ટકો ભી એક સમયમેં જાન લે ઔર જ્ઞેયમેં ભી અનુત્પન્ન ઔર નષ્ટ હુઈ, વહ ભી સબ પર્યાયેં એક સમયમેં અર્પિત કર દે જ્ઞાનમેં. દેખો વસ્તુકા સ્વભાવ! સ્વભાવમેં તર્કકા અભાવ (હૈ). સમજમેં આયા?

'**(અપનેમેં નિશ્ચિત ન કરે, પ્રત્યક્ષ ન જાને), તો ઉસ જ્ઞાનકી દિવ્યતા ક્યા હૈ?**' તો દિવ્યજ્ઞાન કિસકો કહતે હૈં? દિવ્યજ્ઞાન. ઓહો..! પ્રધાન જ્ઞાન, ઉત્કૃષ્ટ જ્ઞાન. '**ઈસસે (યહ કહા ગયા હૈ કિ) પરાકાષ્ઠાકો પ્રાપ્ત જ્ઞાનકે લિયે યહ સબ યોગ્ય હૈ.**' દેખો! પરાકાષ્ઠ—ઉત્કૃષ્ટ દશાકો પ્રાપ્ત હુઆ ભગવાન આત્મા અપની અવસ્થાકો, જ્ઞાનકી દશાકો અપને સ્વરૂપકી રમણતાકે કારણસે (પ્રાપ્ત કિયા). દેખો! ચારિત્રસે કેવલજ્ઞાન હોતા હૈ ઐસા કહતે હૈં, અકેલે સમ્યગ્દર્શનસે કેવલજ્ઞાન હોતા નહીં ઐસા કહતે હૈ. તબ વહ લોગ કહે, અપને '**दंसणं मुलो**' લિખા હૈ ન? '**दंसणं मुलो धम्मो**' ઉસકી ટીકા કી. '**दंसणं मुलो धम्मो**' પરંતુ ધર્મ હો તો દર્શન. ઈસલિયે ચારિત્ર લો તો દર્શનકી કિંમત હોગી. કહો. આહા..હા..! યહાં તો કહતે હૈ કિ દર્શનભ્રષ્ટ હૈ વહ તો સબસે ભ્રષ્ટ હૈ ઔર ચારિત્રભ્રષ્ટ હૈ પરંતુ દર્શનસે ભ્રષ્ટ નહીં તો વાસ્તવમેં ભ્રષ્ટ નહીં હૈ. દેખો!

યહાં તો આચાર્ય બાત કરતે હૈં. વહ કહે કિ નહીં. લિખાવટ ઐસી આયી હૈ. '**दंसणं मुलो**' આપમેં હૈ ન? એય..! હરિભાઈ! હૈ ન? ઈસબાર આત્મધર્મ બહુત ઈચ્છા લિખા હૈ, બહુત અચ્છા! હરિભાઈને બહુત અચ્છા (લિખા હૈ). ઈસબાર તો ઈતના જ્યાદા હો ગયા. બહુત અચ્છી પદ્ધતિ. બહુત અચ્છા લિખા હૈ ઈસબાર. લોગોં કો રુચને લગે ઐસા હૈ. આજ મૈંને દેખા. પઢા સબ. ઉસમેં દો માંગલિક ડાલા હૈ ન પ્રવચનસાર ઔર સમયસારકે દોનોં. રખનેકી રીત બહુત અચ્છી હૈ, બહુત અચ્છી હૈ. સમજમેં આયા? ક્યા કહતે હૈ ઉસે?

આત્મધર્મ. આજ પઢા થા. યહાં હૈ ન. વહ દેખા. આગે બરાબર બહુત અચ્છા કિયા હૈ. સમજે? ૨૫ સાલ હો ગયે. યે ૨૫વાં પૂરા (હુઆ). સમજમેં આયા? નવનીતભાઈ! હરિભાઈકો બહુત ઉત્સાહ હૈ. ૨૫ સાલ હો ગયા ઈસમેં ઐસા કામ કિયા! બહુત અચ્છા કામ કિયા. બહુત અચ્છા હૈ. આજ તો દેખનેકે (બાદ) યહાં સે જાકર ઉસકો કહ દું કમરેમેં ઐસા હો ગયા થા. કિતની બાર પઢતે-પઢતે ભગવાનકા વિરહ યાદ આ જાયે. કિતના અંદર હો રહા થા પઢતે પઢતે. ઐસી ઢબસે લિખા હૈ, બહુત અચ્છા. કહો, સમજમેં આયા કુછ? દેખો યે બીચમેં આ ગયા. બહુત અચ્છા લિખા હૈ. કરનેકી રીત ઔર શૈલી સબ બહુત અચ્છી હૈ. પ્રભાવનામેં વહ ભી એક યોગ હૈ ન નિમિત્ત. આહા..હા..!

કહતે હૈં કિ '**ઉસ જ્ઞાનકી દિવ્યતા ક્યા હૈ? ઈસસે પરાકાષ્ઠાકો પ્રાપ્ત જ્ઞાનકે લિયે યહ સબ યોગ્ય હૈ.**' આહા..હા..! ભગવાન જ્ઞાનસે ખિલ ગયા પૂર્ણ પરાકાષ્ઠ-ઉત્કૃષ્ટ ખીલ ગઈ દશા. ઉસકા ક્યા કહના? કહતે હૈં. ઉસકો સબ કુછ યોગ્ય હૈ. જો કુછ કહો સબ યોગ્ય હૈ. યહ નષ્ટ ઔર અનુત્પન્ન ભી વર્તમાનમેં જાનનેમેં આયે ઐસી ઉસકી યોગ્યતા હૈ, ઐસા કહતે હૈં. ઉસકે લિયે સબ યોગ્ય હૈ. સમજમેં આયા કુછ? નષ્ટ યા અનુત્પન્ન પર્યાય ભી વર્તમાનમેં જાને ઐસી જ્ઞાનકી દિવ્યતા હૈ, પરાકાષ્ઠા હૈ. વહ પ્રાપ્ત જ્ઞાનકે લિયે સબ યોગ્ય હૈ. સબ યોગ્ય હૈ. આહા..હા..! સમજમેં આયા? સબ યોગ્ય હૈ ઐસા શબ્દ પડા હૈ. હૈ કિ નહીં? '**सर्वमेतदुपपन्नम्**' વહી ન? '**सर्वमेतदुपपन्नम्**' સર્વ યહ સબ પ્રાપ્ત હૈ, ઉસકે યોગ્ય હૈ, ઉસકો બરાબર જાને. આહા..હા..!

'**ભાવાર્થ :- અનંત મહિમાવાન કેવલજ્ઞાનકી...**' દેખો! અરિહંત સર્વજ્ઞકી પર્યાયકી મહિમા! આહા..હા..! પામરકા કામ નહીં હૈ ઐસા કહતે હૈં. સમજમેં આયા? ઐસી કેવલજ્ઞાન પર્યાય... મોક્ષમાર્ગપ્રકાશકમેં આયા હૈ ન ભાઈ! કિ અરિહંતકે આત્માકે વિશેષોંકો જો જાને ફિર તો ઉસકો આત્માકા જ્ઞાન હોતા હી હૈ. સમવસરણકા અતિશય વહ ઉસકી ગુણદશા નહીં હૈ. આહા..હા..! હૈ ન ઉસમેં તીનોંકા? દેવ, ગુરુ ઔર શાસ્ત્ર. દેવ અરિહંત, ઉસકી જો જ્ઞાન અવસ્થા, ઉસકા ગુણ ઔર ઉસકા દ્રવ્ય. વહ જો આત્માકે વિશેષણ હૈં, જિતને આત્માકે વિશેષણ હૈં, ઉસ તરહ જો આત્માકો જાને—અરિહંતકે આત્માકો તો સ્વયંકો જાને બિના રહે નહીં. આહા..હા..! સમજમેં આયા કુછ? ઐસે દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકો વ્યવહાર સમકિત કહા, વિકલ્પ. પરંતુ ઉસકા આત્મા જો હૈ, ઉસકા આત્મા જો હૈ, ઐસા આત્મા, દ્રવ્ય ઐસા, ગુણ ઐસા ઔર ઉસકી પર્યાય ઐસી. એક એક પર્યાય કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય સ્વચ્છતા આદિ ઐસા જો ઉનકા સ્વરૂપ આત્માકે વિશેષણકા હૈ, અતિશય ઔર સમવસરણમેં ઈન્દ્ર પૂજનિક હૈં વહ બાત છોડ દો. વહ કોઈ આત્માકા વિશેષણ, વહ આત્માકા સ્વરૂપ નહીં હૈ. પર પૂજે ઔર... સમજે ન? ઐસા અતિશય હોતા હૈ, વહ કોઈ ઉસકી વસ્તુ નહીં હૈ.

આત્માકા જો સ્વભાવ હૈ ઉસકા દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ ઔર પર્યાયસ્વભાવ ઉસકે વિશેષણસે જો અરિહંતકે આત્માકો જાને, ઉસકો આત્માકા ઈતના સ્વરૂપ હૈ ઐસે અપને સાથ મિલાન કરે બિના રહે નહીં. અપને સાથ મિલાયે બિના રહે નહીં. દેખો! ગુજરાતી ભાષા આ જાતી હૈ. સમજમેં આયા? ઐસે આત્માકે વિશેષણ ખ્યાલમેં લે ઉસકો, અપને આત્માકા ભી ઈતના સામર્થ્ય હૈ ઐસા મિલાન કરકે ઉસકો અનુભવ હુએ બિના રહતા નહીં. આહા..હા..!

ગુરુકે લિયે ઐસા કહા હૈ. અઠ્યાવીશ મૂળગુણ વિકલ્પ હૈ, નગ્ન હૈં વહ કોઈ આત્માકે વિશેષણ હૈં? ગુરુ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી એકતા ઉસકા લક્ષણ હૈ. પૂર્ણાનંદ ભગવાનકી શ્રદ્ધા, ઉસકા સ્વસંવેદનજ્ઞાન ઔર ઉસમેં રમણતા ચારિત્ર—મોક્ષમાર્ગકી એકતા વહ ગુરુકા, વહ લક્ષણ હૈ. મોક્ષમાર્ગી જીવ હૈ વહાં ચારિત્રમેં. તો ઉસકે આત્માકા જો ઐસા વિશેષણ હૈ ઔર સ્વરૂપ હૈ, ઉસકો કોઈ જાને તો અપને આત્માકો જાને બિના રહતા નહીં. જેઠાલાલભાઈ! સમજમેં આયા? અઠ્ઠાઈસ મૂલગુણ હૈ ઔર નગ્નપના હૈ વહ વંદનિક હૈ? વહ વંદનિક હૈ? વહ આત્માકા વિશેષણ હૈ? વહ ગુરુકા સ્વરૂપ હૈ ઐસા?

ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, ઐસા ગુણ પૂર્ણ, ઐસી અંતર્મુખ દૃષ્ટિ ઔર અંતર્મુખ જ્ઞાન ઔર સ્વરૂપકી લીનતા—ચારિત્ર વીતરાગી પર્યાય, ઐસી જો મોક્ષમાર્ગકી એકાગ્રતા વહ ગુરુકા સ્વરૂપ હૈ. ઐસે આત્માકી એકાગ્રતા મોક્ષમાર્ગ ઐસા જિસકો લક્ષમેં આયે ઐસા ગુણ ઔર દ્રવ્ય, તો ઉસકો આત્મસન્મુખ હોકર આત્માકી દૃષ્ટિ હોતી, હોતી ઔર હોતી હી હૈ ઐસા કહતે હૈ. સમજમેં આયા? અનેકાંત ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા કહનેવાલા હૈ. શાસ્ત્ર અનેકાંતસ્વરૂપ હૈ ઔર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા મોક્ષમાર્ગકા કથન કરનેવાલા હૈ. ઉસ કથનમેં ઐસા હૈ, ઐસા અનેકાંતસ્વરૂપમેં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જાન લે તો ઉસકો ભી આત્માકા જ્ઞાન હુએ બિના રહતા નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- આત્માનું જ્ઞાન વિના શાસ્ત્રને જાણ્યું નથી?

ઉત્તર :- નથી જાણ્યું. આવ્યું ને, એમ જ થયું ને. યહ વસ્તુ ઐસી હૈ, પરમાત્મા ઐસે હૈં, ગુરુ ઐસે હૈં ઔર શાસ્ત્રકો મોક્ષમાર્ગ ઔર અનેકાંતપના ઐસા કહના હૈ, ઐસા ઉસકો જચ ગયા, ઉસકો હી દેવ-ગુરુ-શાસ્ત્રકા યથાર્થ જ્ઞાન હૈ. સમજમેં આયા?

ઓહો..! '**અનંત મહિમાવાન કેવલજ્ઞાનકી યહ દિવ્યતા હૈ કિ વહ અનંત દ્રવ્યોંકી સમસ્ત પર્યાયોંકો (અતીત ઔર અનાગત પર્યાયોંકો ભી) સંપૂર્ણતયા...**' સંપૂર્ણતયા '**એક હી સમય પ્રત્યક્ષ જાનતા હૈ.**' આહા..હા..! સમજમેં આયા?

'**અબ, ઈન્દ્રિયજ્ઞાનકે લિયે નષ્ટ ઔર અનુત્પન્નકા જાનના અશક્ય હૈ...**' બસ વહ સિદ્ધ કરના હૈ. ઈન્દ્રિયજ્ઞાનમેં કિતની તાકાત! અતીન્દ્રિય કેવલજ્ઞાનમેં વહ તાકાત હૈ ઔર વહ અતીન્દ્રિય જ્ઞાન આત્મામેં સે પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા? ઈન્દ્રિયજ્ઞાનકો હી **નષ્ટ** અર્થાત્ પર્યાય હો ગઈ ઔર વિલય હો ગઈ, દ્રવ્યમેં-સબ પદાર્થમેં અનુત્પન્ન નહીં હુઈ. '**જાનના**

અશક્ય હૈ (અર્થાત્ ઈન્દ્રિયજ્ઞાન હી નષ્ટ ઔર અનુત્પન્ન પદાર્થોંકો-પર્યાયોંકો નહીં જાન સકતા) ઐસા ન્યાયસે નિશ્ચિત કરતે હૈં.'

अत्थं अक्खणिवदिदं ईहापुव्वेहिं जे विजाणंति।
तेसिं परोक्खभूदं णादुमसक्कं ति पण्णत्तं।।४०।।

દેખો! પરોક્ષ. ભૂત-ભવિષ્ય સબ પરોક્ષ હૈ, વર્તમાન કુછ પ્રત્યક્ષ ઈન્દ્રિયમેં હોતા નહીં. સમજમેં આયા? ૪૦. ગુજરાતીમેં હૈ ન વહ?

**ઈહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,**
**તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના—જિનજી કહે. ૪૦.**

ક્યા કહતે હૈં? ભૂત-ભવિષ્ય તો પરોક્ષ હો ગયા. વહ ઈન્દ્રિયજ્ઞાન કૈસે જાને? અતીન્દ્રિયજ્ઞાન જાને ઐસા કહતે હૈં.

'**અન્વયાર્થ :- જો અક્ષપતિત અર્થાત્ ઈન્દ્રિયગોચર પદાર્થકો ઈહાદિક દ્વારા જાનતે હૈં,...**' વિચારણા કરકે ઈન્દ્રિય દ્વારા, મન દ્વારા જાનતે હૈં '**ઉનકે લિયે પરોક્ષભૂત પદાર્થકો...**' પરોક્ષભૂતકી વ્યાખ્યા. '**અક્ષસે પર અર્થાત્ અક્ષસે દૂર હોવે ઐસા; ઈન્દ્રિય અગોચર.**' સમજે? ઈન્દ્રિયસે પાર વસ્તુ હૈ. ઈન્દ્રિયગમ્ય નહીં ઐસા જ્ઞાન ઈન્દ્રિયગમ્યવાલેકો હોતા નહીં. '**અશક્ય હૈ ઐસા સર્વજ્ઞદેવને કહા હૈ.**'

'**ટીકા :- વિષય ઔર વિષયીકા સન્નિપાત જિસકા લક્ષણ હૈ,...** ' દેખો! '**સન્નિપાત=મિલાપ; સંબંધ હોના વહ.**' વિષય હૈ ન સામને ચીજ? ઔર વિષયી-જાનને વાલા, ઉસકા સન્નિપાત—મિલાપ હો. સામને રૂપ હૈ તો યહાં મિલાપ હો, શબ્દ હૈ તો યહાં વિષયકા મિલાપ હો. '**વિષય ઔર વિષયીકા સન્નિપાત જિસકા લક્ષણ (-સ્વરૂપ) હૈ, ઐસ ઈન્દ્રિય ઔર પદાર્થકે સન્નિકર્ષકો પ્રાપ્ત કરકે,...**' સન્નિકર્ષ અર્થાત્ સંબંધ, સમીપતા પ્રાપ્ત કરકે '**જો અનુક્રમસે...**' અનુક્રમસે '**ઉત્પન્ન ઈહાદિકકે ક્રમસે જાનતે હૈં...**' અનુક્રમસે ઉત્પન્ન ઈહાદિક વિચારણાસે જાનતે હૈં '**વે ઉસે નહીં જાન સકતે...**' વે ઉસે નહીં જાન સકતે. કિસકો?

'**જિસકા સ્વ-અસ્તિત્વકાલ બીત ગયા હૈ...**' ઈન્દ્રિય શબ્દ પડા રહા ઈતના. '**જિસકા અસ્તિકાલ બીત ગયા હૈ...**' ઐસા લેના. હિન્દીમેં યહ શબ્દ પડા હૈ સંસ્કૃતમેં. જિસકા હોનેપનેકા કાલ બીત ગયા હૈ. દેખો! જો પર્યાય હોનેકા કાલ હી બીત ગયા હૈ. જિસ સમય... દેખો! વહ ભી ક્રમસર આ ગયા. ઉસકા અસ્તિત્વકા કાલ જો ઉત્પન્ન (હોનેકા) થા ભૂતમેં, ઉસકા કાલ બીત ગયા. ઉસકા અસ્તિત્વકા કાલ જો થા વહ કાલ તો બીત ગયા. જો-જો સમયકી પર્યાયકા ઉસ સમયકા અસ્તિત્વકા સમય થા વહ સમય તો ચલા ગયા. સમજમેં આયા? અનંત પદાર્થોકી જો ભૂતકાલમેં પર્યાય હુઈ ઉસ સમયમેં અસ્તિત્વ થા, ઉસ સમય અસ્તિત્વ થા. તો ઉસ સમયકા અસ્તિત્વ, અસ્તિત્વ અર્થાત્ હોના, ઉસકા કાલ બીત ગયા,

ઉસકા કાલ હૈ નહીં. ઓહો..હો..!

'**તથા જિસકા સ્વ-અસ્તિત્વકાલ ઉપસ્થિત નહીં હુઆ હૈ...**' દેખો! જિસકા અસ્તિત્વકાલ હોનેવાલી પર્યાયકા કાલ હૈ નહીં અભી. ભવિષ્યકાલકે અસ્તિત્વકી પર્યાય વર્તમાનમેં તો હૈ નહીં. દેખો! અસ્તિત્વ હૈ નહીં (તો) ઇન્દ્રિય નહીં જાન સકતી હૈ. વહ અતીન્દ્રિય જ્ઞાન જાનતા હૈ.

મુમુક્ષુ :- અસ્તિત્વ ન હો તો કૈસે જાને?

ઉત્તર :- અસ્તિત્વ વર્તમાનમેં નહીં હૈ, વર્તમાનમેં પ્રગટરૂપ નહીં, પરંતુ શક્તિરૂપ સબ અંદરમેં હૈ. સબ એક સમયમેં સબ જાનતે હૈં. આહા..હા..! સમજમેં આયા?

મુમુક્ષુ :- એક પ્રગટ અને બીજી બધી ...

ઉત્તર :- બધી બધી પ્રગટ અંદર પડી છે શક્તિરૂપ. આહા..હા..!

મુમુક્ષ :- ...

ઉત્તર :- બધી પડી છે. એક સમયમેં સબ પડા હૈ. પ્રગટપને એક હૈ સબ પર્યાય. કેવલજ્ઞાનમેં તો વહ પર્યાય ઇસ સમય પ્રગટ હોગી ઔર યહ પર્યાય યહાં ગઈ સબકા ઉસકો જ્ઞાન હૈ, પ્રત્યક્ષ જ્ઞાન હૈ. આહા..હા..! સમજમેં આયા? ઓહો..હો..! સમજમેં આયા?

'**જિસકા અસ્તિત્વ-કાલ બીત ગયા હૈ તથા જિસકા સ્વ-અસ્તિત્વકાલ ઉપસ્થિત નહીં હુઆ હૈ... ક્યોંકિ (-અતીત-અનાગત પદાર્થ...**' ભૂતકાલ ઔર ભવિષ્યકા પદાર્થ '**ઇન્દ્રિયકે) યથોક્ત લક્ષણ...**' ઉપર કહા ન? સ્વરૂપ ઉપર કહા જૈસા હૈ. વિષય-વિષયીકી સમીપતા. ઐસા કહા હૈ '**ગ્રાહ્યગ્રાહકસંબંધકા અસંભવ હૈ.**' દેખો! ઇન્દ્રિયગોચર પદાર્થ ગ્રાહ્ય હૈ, ઇન્દ્રિયાં ગ્રાહક હૈ. વર્તમાન નહીં હૈ તો ગ્રાહ્યગ્રાહક ઉસકો હોતા નહીં. અતીન્દ્રિય જ્ઞાનમેં ગ્રાહ્યગ્રાહક હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા? ઐસા ભગવાન જ્ઞાનકી પર્યાયમેં ગ્રાહ્યગ્રાહક કેવલજ્ઞાનમેં હોતા હૈ. ઇન્દ્રિયજ્ઞાનમેં ઐસા હોતા નહીં. વહ તો વિષય નામ પદાર્થ સામને ઔર વિષયી-જાનનેવાલી ઇન્દ્રિય ઉસકા સંબંધ હો તો જાને. વર્તમાનમેં સંબંધ હો. ગતકાલકી અવસ્થા નષ્ટ હુઈ ઔર ભવિષ્યકી ઉત્પન્ન હુઈ નહીં ઉસકો વર્તમાનમેં ઇન્દ્રિય ઔર વિષયકા સંબંધ નહીં. સંબંધ નહીં હૈ તો જાને નહીં. ઓહો..હો..! ગજબ કામ કિયા હૈ!

કોઈ કહે પ્રવચનસાર, સમયસાર સે કમ હોગા. ગજબ બાત કી હૈ! સર્વજ્ઞ પરમાત્માકી પર્યાય કૈસી? ઔર આત્માકી ઐસી પર્યાય પ્રગટ હો ઔર ઐસી સબ પર્યાય અંદરમેં પડી હૈ શક્તિરૂપ. સમજમેં આયા? મૈં અરિહંત વર્તમાનમેં હૂં, મૈં સિદ્ધ વર્તમાનમેં હૂં શક્તિરૂપ. સમજમેં આયા? સાધુપદ પ્રગટ ન હો ફિર ભી સાધુકી પર્યાય મેરેમેં વર્તમાનમેં પડી હૈ અંદર. એઈ..! પંચ પરમેષ્ઠીકી પર્યાય, પર્યાય હૈ ન નિર્મલ? ઉસકો પંચ પરમેષ્ઠી કહતે હૈં ન? યા શરીરકો, સમવસરણકો યા અતિશયકો કહતે હૈ? યા ઇન્દ્રિયકોં, બહુત સુંદર શરીર, પદાર્થ પરમૌદારિક શરીર ઉસકો ભગવાન કહતે હૈં? અંદરમેં પાંચ પરમેષ્ઠીકી જો નિર્મલ પર્યાય હોનેવાલી

હૈ, વહ હૈ. સમજમેં આયા?

ઇન્દ્રિયકો વિષયકા સંબંધ નહીં હોતા. ઇન્દ્રિય વિષયી હૈ વિષયી, વહ વિષય હૈ. વર્તમાનમેં સંબંધસે મિલાપ હોતા હૈ ઇતના જાને. ભૂત-ભવિષ્યકા મિલાપ હૈ નહીં. ઉસકી શક્તિમેં તો પડા હૈ ઉસકા જ્ઞાન ઇન્દ્રિયકો હૈ નહીં. સમજમેં આયા? યહાં તો જ્ઞાનકી એક સમયકી પર્યાયમેં ઇતની તાકાત હૈ ઐસા માને તો ઉસ જ્ઞાનકા તત્ત્વ ઉસને માના કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઔર ઇન્દ્રિયજ્ઞાન તો વર્તમાન જાનતા હો વહ પરોક્ષ કહાંસે જાને? વહ શબ્દ પડા હૈ અંદર? '**तेसिं परोक्खभूदं णादुमसक्कं**' પરોક્ષભૂતકા અર્થ કિયા. ભૂત ઔર ભવિષ્ય પરોક્ષ હૈ. સમજમેં આયા? યહ પરોક્ષભૂતકા અર્થ કિયા વહ. '**परोक्खभूदं णादुमसक्कं**' પરોક્ષકા અર્થ ક્યા કિયા? ઉત્પન્ન હુઈ નહીં ઔર ઉત્પન્ન હોકર નાશ હો ગઈ. વહ પરોક્ષ હૈ, વર્તમાન વિષયીકા સંબંધ ન રહા. ઇન્દ્રિય, યહ વિષયી ઔર (વિષય) વહ નહીં રહા. વહ તો પરોક્ષ હો ગયા. તો પરોક્ષ ઇહાપૂર્વક જાનનેવાલા ઔર ઇન્દ્રિય ઔર વિષયકા સંબંધ જાનનેવાલા પરોક્ષ કહાં સે જાને? બહુત સૂક્ષ્મ. ઐસી ધર્મકથા કહાં સે આયી? એય..! ભગવાનજીભાઈ! આવી વાત છે.

વસ્તુ આત્મા હૈ ઔર આત્માકા ગુણ હૈ ઔર ગુણકી પર્યાય ઇતની હૈ, યે સબ અસ્તિત્વકી પ્રતીત કરાતે હૈં. આહા..હા..! ઐસે આત્મા-આત્મા માને ઐસા નહીં, ઐસા કહતે હૈં. ભગવાન આત્મા... ઐસી અનંતી કેવળજ્ઞાનકી પર્યાય બીત ગઈ. કેવલજ્ઞાનકી પર્યાય ભી વર્તમાન એક હી હૈ ન? ભવિષ્યમેં ઉત્પન્ન હોગી ન નઈ-નઈ? વહ સબ વર્તમાનમેં પ્રત્યક્ષવત્ કેવલી જાનતે હૈં. આહા..હા..! વર્તમાન ઇન્દ્રિય ઔર વિષય વર્તમાન સંબંધવાલા ઉસકો પરોક્ષ અર્થાત્ અનુત્પન્ન ઔર નષ્ટ ઐસી પર્યાય તો વર્તમાન નહીં. વર્તમાન નહીં તો પરોક્ષકો કૈસે વહ જાને? ઇન્દ્રિયજ્ઞાન જાન સકતા નહીં. તો ઉસકા અર્થ યહ હુઆ કિ કેવલજ્ઞાન પ્રાપ્ત કરનેવાલેકો ઇન્દ્રિયજ્ઞાન કામ કરતા નહીં કુછ. અપના અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ ભગવાન, ઉસકા અંતર જ્ઞાન કરકે સ્વસંવેદન હો, વહ કેવલજ્ઞાનકા કારણ હોતા હૈ. સમજમેં આયા? ઓહો..હો..! લો! ઇન્દ્રિયજ્ઞાન મોક્ષમાર્ગમેં કામ નહીં કરતા ઐસા કહતે હૈં. યે સબ આપકી વકીલાત કામ નહીં કરતી. પઢ પઢકર કિતને સાલ પઢે? કહો, સમજમેં આયા? આહા..હા..!

યે પરોક્ષકી વ્યાખ્યા કી ન ભાઈ યહ? ભૂત ઔર ભવિષ્યકી પરોક્ષભૂતકી વ્યાખ્યા કી વહ. પરોક્ષકી વ્યાખ્યા કી કિ પરોક્ષ માને ક્યા? નષ્ટ ઉત્પન્ન વહ પરોક્ષ. અભી વર્તમાન સંબંધમેં નહીં. વર્તમાન સંબંધ હૈ ઉસકા ઇન્દ્રિયજ્ઞાન કરતે હૈં તો પરોક્ષભૂત કહાં સે જાને વહ? ઇસલિયે ઇન્દ્રિયજ્ઞાન આત્માકે કાર્યમેં નિરર્થક હૈં. સમજમેં આયા? યહ ઇન્દ્રિયજ્ઞાન નિરર્થક હૈ, ભગવાનજીભાઈ! પૈસા નિરર્થક હૈ, શરીર... આહા..હા..! બહુત કઠીન બાત ભાઈ! પરચીજ હૈ તો થોડી મદદ કરે ન? પૈસા નહીં, શરીર નહીં, મન નહીં, વિકલ્પ નહીં. વહ તો નહીં, પરંતુ ઇન્દ્રિયજ્ઞાન કામ ન કરે મોક્ષમાર્ગમેં, કહતે હૈં. યહ તો કેવલજ્ઞાન લેનેમેં મોક્ષમાર્ગમેં

ઇન્દ્રિયજ્ઞાન કુછ કામ કરતા નહીં ઐસા કહતે હૈં. આહા..હા..! રાગ જો પુણ્ય હૈ વહ તો મોક્ષમાર્ગમેં કામ કરતા નહીં (લેકિન) ઇન્દ્રિયજ્ઞાન (ભી) કામ કરતા નહીં. સમજમેં આયા?

યહ તો અભી વ્યવહાર વિકલ્પ ઊઠે વહ મોક્ષમાર્ગ વ્યવહાર ઔર ઉસસે મોક્ષ હો. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમેં આતા હૈ ન. દો મોક્ષમાર્ગ હૈ, દો સે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ. વહ તો પ્રમાણકા કથન કિયા હૈ, સુન તો સહી. ભગવાન! ક્યા કરે? અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં. દો મોક્ષમાર્ગ. દોનોં મોક્ષમાર્ગકી પ્રાપ્તિ સે મોક્ષ હોતા હૈ. દોનોં સે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ તો દૂસરી જગહ પર લિયા હૈ વહાં કહાં સે મિલાન કરે? મુખ્ય ઉપચાર ઐસા લિખા હૈ ન. મુખ્ય વહ નિશ્ચય હૈ ઔર સત્યાર્થ હૈ સો નિશ્ચય હૈ. વહ નહીં લિખા હૈ છહ ઢાલામેં? સત્યાર્થ સો નિશ્ચય ઔર ઉપચાર સો વ્યવહાર. સત્યાર્થ આતા હૈ કિ નહીં? છહ ઢાલા. વહ છહ ઢાલામેં આતા હૈ. ઉસકા અર્થ ક્યા હુઆ? વ્યવહાર અસત્યાર્થ હૈ. નિશ્ચય સત્યાર્થ હૈ, વ્યવહાર વહ અસત્યાર્થ હૈ. ઉસકો અસત્યાર્થ કહો, ઉપચાર કહો, મુખ્યમેં સે ગૌણ કહો. વસ્તુમેં નહીં. સમજમેં આયા? અરે..! ભગવાન!

'**જિસકા સ્વ-અસ્તિત્વકાલ ઉપસ્થિત નહીં હુઆ હૈ ક્યોંકિ યથોક્ત લક્ષણ ગ્રાહ્યગ્રાહકસંબંધકા અસંભવ હૈ.**' લો! વહ જ્ઞાન ક્યા કામ કરે? કહતે હૈં. વહ આત્માકે કલ્યાણમેં, આત્માકે ધર્મમેં ઇન્દ્રિયજ્ઞાન ક્યા કામ કરે? કહો, સમજમેં આયા? આહા..હા..!

'**ભાવાર્થ :- ઇન્દ્રિયોંકે સાથ પદાર્થકા (અર્થાત્ વિષયીકે સાથ વિષયકા)...**' ઐસે. વિષયીકે સાથ. વહ વિષયી કૌન? ઇન્દ્રિયાં. પદાર્થ વિષય. એક કે બાદ એક શબ્દ લિખા હૈ ન કૌંસમેં? વિષયી કૌન? કિ ઇન્દ્રિયાં ઔર વિષય કૌન? કિ પદાર્થ. '**સન્નિકર્ષ સંબંધ હો...**' દોનોં કા મિલાપ હો સંબંધ વર્તમાન. '**તભી (અવગ્રહ-ઈહા-અવાય-ધારણારૂપ ક્રમસે)...**' દેખો! અવગ્રહ, ફિર વિચાર, ફિર નિર્ણય, ફિર ધારણા. '**ઇન્દ્રિયજ્ઞાન પદાર્થકો જાન સકતા હૈ.**' લો! સમજમેં આયા? ઐસા હો તો ઇન્દ્રિયજ્ઞાન જાન સકતા હૈ.

'**નષ્ટ ઔર અનુત્પન્ન પદાર્થોંકે સાથ ઇન્દ્રિયોંકા સન્નિકર્ષ-સંબંધ ન હોનેસે ઇન્દ્રિય જ્ઞાન ઉન્હેં નહીં જાન સકતા.**' પરોક્ષ હૈ ઇસલિયે ઇન્દ્રિયજ્ઞાન જાન સકે નહીં, ઉસકો પ્રત્યક્ષ હો સકે નહીં. '**ઇસલિયે ઇન્દ્રિયજ્ઞાન હીન હૈ, હેય હૈ.**' દેખો! ઇન્દ્રિયજ્ઞાન હેય હૈ ઐસા લિખા હૈ. સમજમેં આયા? યહ ઇન્દ્રિય. અભી તો શુભરાગ હેય માનનેમેં કઠિન લગતા હૈ. જો વિકલ્પ આયા, કષાયકી મંદતાકા વહ હેય હૈ. સરાગસંયમ રાગ હેય હૈ. વીતરાગ ચારિત્ર ઉપાદેય હૈ. તો કહે નહીં... નહીં.. નહીં. વહ તો દૂસરેકી અપેક્ષાસે પહલેકો હેય કહા હૈ. અશુદ્ધ પર્યાય ભી પીછેકી અપેક્ષાસે વ્યય હો જાતી હૈ તો ઉસકો હેય કહા હૈ. ઐસે રાગકો હેય કહા હૈ. ઐસા અર્થ મિલાતે હૈં. ક્યા કહા સમજમેં આયા?

શુદ્ધ પર્યાય નિર્મલ હુઈ ન? વહ ભી પહલે સમયકી પર્યાય, પીછે સમયમેં દૂસરી રહતી

નહીં. વૃદ્ધિગત હોતી હૈ. તો વૃદ્ધિગત હોનેકે કારણસે પહલેકી પર્યાયકો હેય કહા. ઐસે શુભકો ઉસ અપેક્ષાસે હેય કહા. કહાંકા કહાં લે ગયે. આહા..હા..! મોક્ષમાર્ગ નિશ્ચય હૈ ન? નિશ્ચય મોક્ષમાર્ગ હેય હૈ કિ નહીં? નિશ્ચય મોક્ષમાર્ગસે કેવલજ્ઞાન હોતા હૈ?

મુમુક્ષુ :- ઉસકા અભાવ હોકર...

ઉત્તર :- અભાવ હુઆ. અર્થાત્ અભાવ હુઆ તો હેય હુઆ, ઐસે રાગકા અભાવ હુઆ વહ હેય હુઆ, આદરણીય નહીં ઔર લાભદાયક નહીં ઐસા કૌન કહતા હૈ? અરે..! ઐસા તો અર્થ કરે. અરેરે..! સમજે?

યહાં તો કહતે હૈ કિ રાગ તો હેય હૈ હી, પરંતુ ઇન્દ્રિયજ્ઞાન હેય હૈ. ઇન્દ્રિયજ્ઞાનસે આત્માકો ધર્મ હોતા નહીં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વહ ઇન્દ્રિયજ્ઞાનસે નહીં હોતા. વહ અતીન્દ્રિયજ્ઞાન સે-આત્માકે અતીન્દ્રિયજ્ઞાનસે દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ ઔર ઉસકે ફલમેં કેવલજ્ઞાન હોતા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૪, શનિવાર, તા. ૦૫.૧૦.૧૯૬૮**
**ગાથા-૪૧-૪૨, પ્રવચન-૩૩**

પ્રવચનસાર હૈ. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. જ્ઞાનતત્ત્વકા સામર્થ્ય, ઉસકે ભાવકી શક્તિ કિતની હૈ વહ બાત કરતે હૈં. ઉસમેં વર્તમાન તો અતીન્દ્રિય જ્ઞાનકી બાત ચલતી હૈ. આત્મા વસ્તુ અતીન્દ્રિય હૈ, ઉસકા જ્ઞાન ભી અતીન્દ્રિય હૈ ઔર ઉસકી પર્યાય ભી અતીન્દ્રિય હૈ. તો જિસકો અતીન્દ્રિય કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ વહ કિસસે? કિ આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય હૈ ઉસકે અંતર અવલંબનસે દૃષ્ટિ હોતી હૈ ઔર જ્ઞાન હોતા હૈ, તબ સ્વરૂપ મેં સ્થિરતાકી પ્રાપ્તિ સામ્યભાવ-વીતરાગભાવ, શુદ્ધ ઉપયોગકી પ્રાપ્તિ હોકર ઉસકે ફલરૂપ અતીન્દ્રિય કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? ઉસ અતીન્દ્રિયજ્ઞાનકા માહાત્મ્ય કિતના હૈ વહ બતાતે હૈં. ૪૦ ગાથા હો ગઈ. ૪૧ ચલતી હૈ દેખો!

'**અબ, ઐસા સ્પષ્ટ કરતે હૈં કિ અતીન્દ્રિય જ્ઞાનકે લિયે જો જો કહા જાતા હૈ વહ (સબ) સંભવ હૈ :—**' ઓહો..! કેવલજ્ઞાન એક સમયમેં તીન કાલ તીન લોક જાને ઐસા અતીન્દ્રિય જ્ઞાન જો શુદ્ધ ઉપયોગકા ફલ હૈ, જો અપને આત્મામેં શુદ્ધ ઉપયોગરૂપી આચરણ કરકે ઉસકા ફલ અતીન્દ્રિય જ્ઞાન કેવલ, ઉસ કેવલકે લિયે જો કહા જાતા હૈ વહ

સબ હો સકતા હૈ. સબ, કુછ ભી કહો, સબ જાનતા હૈ ઇતની ઉસકી તાકાત હૈ. '**જો જો કહા જાતા હૈ વહ (સબ) સંભવ હૈ :—**' ઐસા કહતે હૈ. ૪૧.

**अपदेसं सपदेसं मुत्तममुत्तं च पज्जयमजादं।**
**पलयं गदं च जाणदि तं णाणमदिंदियं भणियं।।४१।।**
**જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,**
**પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીંદ્રિયજ્ઞાન તે. ૪૧.**

ગુજરાતી છે ને, ત્યાં નથી નાખ્યું.

ટીકા. મૂલ શ્લોકનો અર્થ પછી આવશે. બાદમેં આયેગા. પહલા શ્લોક હૈ ઉસકા અર્થ પીછે આયેગા. પહલે ઇન્દ્રિયજ્ઞાનકી બાત કરતે હૈ. સમજમેં આયા? જ્ઞાન અપના ઔર ઇન્દ્રિયસે ઉત્પન્ન હો વહ જ્ઞાન ત્રિકાલકો જાન સકતા નહીં. સમજમેં આયા? પાઠમેં તો સર્વજ્ઞપર્યાય કૈસી હૈ ઉસકી બાત હૈ, પરંતુ ઉસકે પહલે બાત ઇન્દ્રિયસે કરતે હૈં.

'**ઇન્દ્રિયજ્ઞાન,...**' યહ પાંચ ઇન્દ્રિય જડ હૈ. વહ જિસમેં અપને જ્ઞાનમેં જો નિમિત્ત યહ જડ હૈ જડ. ઉસમેં '**ઉપદેશ,...**' ઇન્દ્રિયજ્ઞાનમેં ઉપદેશ જો જ્ઞાનસે વિરૂપ કારણ હૈ. સમજમેં આયા? ઉપદેશ વહ જડ હૈ. વાણી જો આતી હૈ વહ જડ હૈ ઔર ઇન્દ્રિયજ્ઞાનમેં ઉપદેશ નિમિત્ત હૈ તો ઉપદેશ તો પુદ્‌ગલ પર્યાય હૈ. જ્ઞાન અપના જો જ્ઞાનસ્વરૂપ હૈ ઉસસે ઉપદેશ તો વિ-રૂપ—વિરુદ્ધ રૂપવાલી ચીજ હૈ. સમજમેં આયા? '**ઇન્દ્રિયજ્ઞાન ઉપદેશ, અંતઃકરણ...**' મન-મન. '**ઔર ઇન્દ્રિય ઇત્યાદિકો વિરૂપ કારણતાસે (ગ્રહણ કરકે)...**' પ્રાપ્ત હોતા હૈ. તો ઇન્દ્રિયજ્ઞાન તો બહુત પરાધીન હૈ. વહ વાસ્તવિક જ્ઞાન નહીં. વાસ્તવિક જ્ઞાન નહીં ઔર વહ ત્રિકાલકો જાન સકતા નહીં. સમજમેં આયા?

'**ઔર ઉપલબ્ધિ...**' ઉસમેં ભી નિમિત્ત તો બાહ્ય કારણ હૈ પરંતુ અંદરમેં ક્ષયોપશમ ઇતના જ્ઞાનકા હોના ચાહિયે. વહ અભ્યંતર કારણ હૈ ઇન્દ્રિયજ્ઞાનમેં. ઇતના ઉસકા ક્ષયોપશમ-વિકાસકી યોગ્યતા હો ઔર બાહરમેં ઉપદેશ, મન ઔર ઇન્દ્રિયકા બાહ્ય વિરૂપ કારણ હો તબ જ્ઞાન હોતા હૈ, તો વહ જ્ઞાન ત્રિકાલકો જાન સકતા નહીં. સમજમેં આયા? ઉસકા અર્થ યહ હૈ કિ ઇન્દ્રિયજ્ઞાનસે ધર્મ નહીં હોતા ઔર ઇન્દ્રિયજ્ઞાનસે સર્વજ્ઞપદ પ્રાપ્ત નહીં હોતા. સમજમેં આયા? કેવલજ્ઞાન નામ મુક્તિ ઇન્દ્રિયજ્ઞાનસે નહીં હોતી.

મુમુક્ષુ :- કુછ તો પ્રાપ્ત હોતા હોગા.

ઉત્તર :- દુઃખ પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા? ઇન્દ્રિયજ્ઞાનસે તો દુઃખકી પ્રાપ્તિ હોતી હૈ. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા હૈ, ઉસકી અંતર મન, ઇન્દ્રિયાં ઔર વિકલ્પ ઉસકા ભી લક્ષ છોડકર, અપના જ્ઞાનસ્વરૂપકા વેદન કરકે જો જ્ઞાન ઉત્પન્ન હોતા હૈ વહ સમ્યગ્જ્ઞાન મોક્ષકા કારણ હૈ. નવનીતભાઈ! આહા..હા..! સમજમેં આયા? યે ઇન્દ્રિયાં મોક્ષમેં કારણ નહીં, શુભ પરિણામ દયા, દાન, વિકલ્પ મોક્ષમેં કારણ નહીં, પરંતુ ઇન્દ્રિયજ્ઞાન

ભી મોક્ષકે કારણમેં કારણ નહીં. આહા..હા..! સમજમેં આયા? ક્યોંકિ ઇન્દ્રિયજ્ઞાનમેં ઉપદેશ, મન ઔર ઇન્દ્રિયાં ઇત્યાદિ બાહ્ય કારણકા નિમિત્ત ઔર અંતર કારણમેં ઉપલબ્ધિ—ઉસ જાતકા ક્ષયોપશમજ્ઞાન ઉસકે પાસ વર્તમાન હો તો ઇન્દ્રિયજ્ઞાન પ્રાપ્ત હોતા હૈ.

'**(ક્ષયોપશમ), સંસ્કાર...**' ક્ષયોપશમ ઔર ઉસમેં ભી સંસ્કાર હોને ચાહિયે કિ ઇસ પ્રકારકી સમજ હોતી હૈ ઉસ પ્રકારકા સંસ્કાર હો, વહ ખ્યાલમેં સંસ્કાર હો તો સમજમેં આતા હૈ. '**સંસ્કાર ઇત્યાદિકો અંતરંગ સ્વરૂપ...**' અંતરંગ સ્વરૂપ '**કારણતાસે ગ્રહણ કરકે પ્રવૃત્તિ હોતા હૈ;...**' ઇન્દ્રિયજ્ઞાન તો ઇતની પરાધીનતા... બાહ્ય કારણ ઔર અંતર કારણ હો, ઇતની પરાધીનતાસે ઇન્દ્રિયજ્ઞાન અપના ગ્રહણ કરકે પ્રવૃત્ત હોતા હૈ. ઇતની પરાધીનતા ગ્રહણ કરકે જ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. દેખો!

'**ઔર વહ પ્રવૃત્ત હોતા હુઆ...**' ઇન્દ્રિયજ્ઞાન ઇતની પરાધીનતાસે પ્રવૃત્ત હોતા હુઆ ભી. દેખો! યહાં આત્માકા જ્ઞાનતત્ત્વ સીધા કામ કિતના કરતા હૈ ઔર ઉસસે કેવલજ્ઞાન પ્રાપ્તિ હોતી હૈ વહ ભી અતીન્દ્રિય કૈસા હૈ ઉસકી બાત ચલતી હૈ. સમજમેં આયા? તત્ત્વ તો જૈસા તત્ત્વ હૈ ઐસી પ્રતીત કરની ચાહિયે ન? જૈસા આત્મા હૈ, જૈસા જ્ઞાનગુણ હૈ, જૈસી પર્યાય હૈ, મોક્ષમાર્ગમેં ભી અતીન્દ્રિય જ્ઞાનકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ તબ ઉસકો મોક્ષમાર્ગ કહનેમેં આતા હૈ. ઐસા વસ્તુકા સ્વરૂપ હૈ. સમજમેં આયા? ઔર અપના અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ઉસકી એકાગ્રતા દ્વારા હી અતીન્દ્રિયજ્ઞાનકી કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. કહો, સમજમેં આયા? ઇસ બાહ્ય શાસ્ત્રજ્ઞાનસે ભી અતીન્દ્રિય જ્ઞાન નહીં (હોતા). કહા ન ઉપદેશમેં? ઉપદેશ મિલે ઔર જ્ઞાન હો વહ અતીન્દ્રિય જ્ઞાન નહીં, વહ મોક્ષકા કારણ નહીં. કહો, ભીખાભાઈ! આટલું બધું પરાધીન? કહો, સમજાય છે કાંઈ? આહા..હા..!

કહતે હૈં કિ પ્રવૃત્ત ઇન્દ્રિયજ્ઞાન ઇતના અંતર કારણ ઔર બાહ્યસે પ્રવૃત્ત હોતા હુઆ ભી '**સપ્રદેશકો હી જાનતા હૈ...**' સમજમેં આયા? '**ક્યોંકિ વહ સ્થૂલકો જાનનેવાલા હૈ,...**' સ્થૂલ જાને. ઇન્દ્રિયમેં જાને કિસકો? સૂક્ષ્મ જાન સકે? સમજમેં આયા? એક પરમાણુ હૈ, એક કાલાણુ હૈ ઉસકો તો જાન સકતા નહીં. સ્થૂલકો જાને. '**અપ્રદેશકો નહીં જાનતા, (ક્યોંકિ વહ સૂક્ષ્મકો જાનનેવાલા નહીં હૈ);...**' કહો, સમજમેં આયા? બહુત પ્રદેશવાલેકો જાનતા હૈ, એક પ્રદેશકો જાનતા નહીં. પરમાણુ, કાલાણુ આદિ. '**વહ મૂર્તકો હી જાનતા હૈ...**' લો! પરમાણુ આદિ મૂર્ત હૈ ઉસકો ઉપદેશ આદિસે ઇતના જાનતા હૈ, કહતે હૈં. લો! સમજમેં આયા?

'**મૂર્તકો હી જાનતા હૈ ક્યોંકિ વૈસે (મૂર્તિક) વિષયકે સાથ ઉસકા સંબંધ હૈ,...**' ઇન્દ્રિયજ્ઞાનકા તો મૂર્ત જડકે સાથ સન્નિકર્ષ સંબંધ હોતા હૈ. સમજમેં આયા? અમૂર્તકે સાથ ઇન્દ્રિયજ્ઞાનકા સંબંધ હોતા નહીં. '**વહ અમૂર્તકો નહીં જાનતા (ક્યોંકિ અમૂર્તિક વિષયકે સાથ ઇન્દ્રિયજ્ઞાનકા સંબંધ નહીં હૈ,...**' ઇન્દ્રિયજ્ઞાન આત્માકો જાનતા હૈ? વહ અતીન્દ્રિય

હૈ, ઉસકો નહીં જાન સકતા હૈ ઇન્દ્રિયજ્ઞાન, ઐસા કહતે હૈં. સમજમેં આયા? મૂર્તકો જાન સકતા હૈ. વહ તો સ્થૂલ હુઆ. **'વહ વર્તમાનકો હી જાનતા હૈ,...'** ઇન્દ્રિયજ્ઞાન તો વર્તમાન સંબંધમેં જિતના સમીપમેં લક્ષમેં આવે ઇતના હી જાને, ભૂત-ભવિષ્યકો નહીં જાને. ઇન્દ્રિયજ્ઞાન ભૂત-ભવિષ્યકો નહીં જાન સકતા. લો! **'વર્તમાનકો હી જાનતા હૈ, ક્યોંકિ વિષય-વિષયીકે સન્નિપાત સદ્ભાવ હૈ,...'** વિષય સામને ચીજ ઔર વિષયી-ઇન્દ્રિયજ્ઞાન દોનોંકા સંબંધ હો તો જાન સકતા હૈ, નહીં તો જાન સકતા નહીં.

**'વહ પ્રવર્તિત હો...'** પ્રવર્તિત હો **'ચુકનેવાલેકો...'** દેખો! **'ઔર ભવિષ્યમેં પ્રવૃત્ત હોનેવાલેકો...'** પ્રવર્તિત હો ચુકનેવાલેકો. જો દ્રવ્યમેં પર્યાય ભૂતકાલમેં હો ગઈ ઔર ભવિષ્યમેં જો પર્યાય—અવસ્થા પદાર્થકી હોગી વહ ઇન્દ્રિયજ્ઞાન જાન સકતા નહીં. સમજમેં આયા? **'ભવિષ્યમેં પ્રવૃત્ત હોનેવાલેકો નહીં જાનતા (ક્યોંકિ ઇન્દ્રિય ઔર પદાર્થકે સન્નિકર્ષકા અભાવ હૈ).'** ભવિષ્યકી પર્યાય ઔર ભૂતકી પર્યાયકે સાથ ઇન્દ્રિયકા સંબંધ હૈ હી નહીં. વર્તમાનકે સાથ સંબંધ હૈ. તો અતીન્દ્રિય જ્ઞાન ઇન્દ્રિયજ્ઞાનસે પ્રગટ હોતા નહીં. વહ બાત ઉપરસે લિયા હૈ. અતીન્દ્રિયજ્ઞાન બતાના હૈ તો પહલે યહ લિયા. પાઠમેં તો અતીન્દ્રિયજ્ઞાનકી બાત હૈ.

અપના જ્ઞાનગુણ ઔર ઉસકી એક સમયકી જ્ઞાનકી પર્યાયકા કિતના સામર્થ્ય હૈ વહ બતાતે હૈં. તેરે તત્ત્વકા ઇતના સામર્થ્ય હૈ. સમજમેં આયા? આત્મા વસ્તુ, જ્ઞાન ઉસકા ગુણ ઔર ઉસકી અતીન્દ્રિય નિર્મલ પર્યાય પૂર્ણ કેવલજ્ઞાન હો તો કિતના સામર્થ્ય હૈ! ઐસા સામર્થ્ય, વહ તો જ્ઞાનગુણમેં ઐસી તો અનંતી શક્તિ પડી હૈ. અતીન્દ્રિયજ્ઞાન જો કેવલજ્ઞાન ઐસી તો અનંતી શક્તિ જ્ઞાનમેં હૈ. ઐસી અનંતી શક્તિકા ધરનેવાલા દ્રવ્ય હૈ. ઐસે અતીન્દ્રિય જ્ઞાનસે આત્માકો જાને બિના સમ્યગ્જ્ઞાન હોતા નહીં. સમજમેં આયા? ઓહો..હો..!

ઇન્દ્રિયજ્ઞાનસે નહીં, સ્વસંવેદન જ્ઞાનસે (જ્ઞાત હોતા હૈ). સ્વસંવેદનજ્ઞાન. ચૈતન્ય ભગવાન અરૂપી આનંદ ઔર જ્ઞાનકી મૂર્તિ ઉસકો અંતર્મુખ દૃષ્ટિ કરનેસે જ્ઞાનકા જ્ઞાનકે સાથ વેદન જો ઉત્પન્ન હો, પરકી અપેક્ષા બિના, ઇન્દ્રિય ઔર ઉપદેશકે સાધન બિના સ્વતંત્ર સ્વભાવકે આશ્રય સે સ્વસંવેદન ઉત્પન્ન હો, વહી જ્ઞાન મોક્ષકા કારણ ઔર સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. કહો, સમજાય છે કાંઈ?

**'પરંતુ જો અનાવરણ અતીન્દ્રિય જ્ઞાન હૈ...'** અબ શ્લોકકી બાત ચલતી હૈ. અનાવરણ. કેવલજ્ઞાનકી પર્યાયમેં આવરણ હૈ નહીં. અનાવરણ, અણીન્દ્રિયજ્ઞાન. ઓહો..! ભગવાન આત્મા ઉસકે સન્મુખ દેખનેસે જો જ્ઞાન ઉત્પન્ન હુઆ વહ અતીન્દ્રિય ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? પરસન્મુખસે જો દેખતા હૈ તો ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ, (વહ) સ્થૂલ હૈ, વહ બંધકા કારણ હૈ ઐસા કહતે હૈં. સમજમેં આયા? યહાં તો કહતે હૈં કિ ઇન્દ્રિયસે સૂનતે હૈ ન, તો જ્ઞાન હોતા હૈ ન? વહ જ્ઞાન ભી યથાર્થજ્ઞાન નહીં. ઐસા કહતે હૈં. વજુભાઈ! જ્ઞાનસ્વરૂપ

તો અપના હૈ. નિજ જ્ઞાનસ્વરૂપ વસ્તુ સારા જ્ઞાનઘન, જ્ઞાનમેં પરિપૂર્ણ સ્વભાવ અપના પડા હૈ તો અપનેમેં અંતર્મુખ હોકર અંતર સન્મુખ હોકર-અંતર્મુખ હોકર ઈન્દ્રિયાદિ વિકલ્પાદિકી અપેક્ષા છોડકર અંદર સ્વસંવેદનજ્ઞાન હો, ઉસ જ્ઞાનકો હી જ્ઞાન કહતે હૈ ઔર ઉસકી ઉગ્રતાકે ફલસ્વરૂપ અતીન્દ્રિય કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. યહ અતીન્દ્રિય કેવલજ્ઞાન અનાવરણ હૈ. ઉસકો આવરણ હૈ નહીં. અણીન્દ્રિયજ્ઞાન.

'**ઉસે અપને અપ્રદેશ,...**' તો કહતે હૈં કિ એક પરમાણુકો ભી દેખતા હૈ. એક પરમાણુ ઔર એક કાલાણુ અપ્રદેશ. અપ્રદેશકા અર્થ દો પ્રદેશ નહીં ઐસા. હૈ તો એક પ્રદેશ હી, પરંતુ અપ્રદેશ અર્થાત્ દૂસરા પ્રદેશ નહીં, ઈસલિયે ઉસકો અપ્રદેશ કહા હૈ. નહીં તો, હૈ તો સપ્રદેશ પરંતુ એક કી અપેક્ષા. દો આદિ નહીં હૈ તો ઉસકો અપ્રદેશ કહનેમેં આતા હૈ. તો કેવલજ્ઞાનીકે જ્ઞાનમેં અપ્રદેશ પરમાણુ, કાલાણુ ભી દેખનેમેં આતા હૈ. સમજમેં આયા? ઔર '**સપ્રદેશ,...**' સપ્રદેશ તો જ્ઞાન હી હૈ વહ તો. અપ્રદેશ ઔર સપ્રદેશ. ઈન્દ્રિયજ્ઞાન સપ્રદેશકો જાનતા હૈ, અતીન્દ્રિયજ્ઞાન અપ્રદેશ ઔર સપ્રદેશ દોનોંકો જાનતા હૈ. સમજમેં આયા? સપ્રદેશ પંચાસ્તિકાય આદિ. અસંખ્ય પ્રદેશ હૈ ન? ધર્માસ્તિકાય અસંખ્યપ્રદેશ, અધર્માસ્તિકાય અસંખ્યપ્રદેશ, આકાશકા અનંત, જીવકા (અસંખ્યપ્રદેશ) ઈત્યાદિ.

'**મૂર્ત ઔર અમૂર્ત...**' લો! પરમાણુ આદિ મૂર્તકો ભી જાનતા હૈ, ઈન્દ્રિયજ્ઞાન મૂર્તકો જાનતા હૈ. અમૂર્તકો ભી જાનતે હૈ. ધર્માસ્તિકાય આદિ અમૂર્ત, આત્મા અમૂર્ત ઉસકો ભી અતીન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ જાનતા હૈ, આકાશ અરૂપી, અમૂર્ત, અમાપ ઉસકો ભી અતીન્દ્રિય જ્ઞાન અપનેમેં જાન લેતા હૈ. કહો, સમજમેં આયા? પદાર્થમાત્ર. '**મૂર્ત ઔર અમૂર્ત (પદાર્થ માત્ર) તથા અનુત્પન્ન એવં વ્યતીત પર્યાયમાત્ર,...**' જો પર્યાય દ્રવ્યમેં ઉત્પન્ન હુઈ નહીં ઔર જો પર્યાય ઉત્પન્ન હોકર વ્યતીત હો ગઈ, નાશ હો ગઈ, વહ '**જ્ઞેયતાકા અતિક્રમણ ન કરનેસે...**' પરંતુ વહ સબ જ્ઞેય હૈ ઉસકા અતિક્રમણ નહીં કરતા અતીન્દ્રિયજ્ઞાન. અતીન્દ્રિયજ્ઞાન સબકો જ્ઞેય બના દેતા હૈ ઐસા કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? ભવિષ્યકી પર્યાય હુઈ નહીં, ભૂતકી હોકર વિલય હો ગઈ, ઉસકો અતીન્દ્રિય કેવલજ્ઞાન અપને એક સમયકે સામર્થ્યમેં ઉસકો '**જ્ઞેયતાકા અતિક્રમણ ન કરનેસે...**' જો જ્ઞેયસ્વરૂપ ભૂત, ભવિષ્ય આદિ હૈ ઉસકા અતિક્રમણ નહીં કરતા, સબકો જાન લેતા હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**જ્ઞેયતાકા અતિક્રમણ ન કરનેસે જ્ઞેય હી હૈ—**' વહ જ્ઞેય હી હૈ. ભૂતકાલકી અવસ્થા અનંત કાલમેં બીત ગઈ અનંતી ઔર ભવિષ્યમેં અનંતી હોગી, વહ ભી અતીન્દ્રિય જ્ઞાનમેં જ્ઞેયપનેકો પ્રાપ્ત હોતી હૈ. અજ્ઞેય નહીં રહ જાતા કિ કોઈ રહ ગયા બાકી. સારી પર્યાય ભૂત-ભવિષ્યકી જ્ઞેયતાકો પ્રાપ્ત હો જાતી હૈ. આહા..હા..! સમજમેં આયા? ભવિષ્યકી પર્યાય અનંતકાલ પીછે હોગી ઔર ફિર ચલી હી જાયેગી ઐસે હી. તો કહતે હૈં કિ, વહ સબ જ્ઞેયતાકો પ્રાપ્ત હૈ. જ્ઞેયસે અતિક્રમણ નહીં હોતા. આદિ ઔર અંત બિનાકી પર્યાય. સમજમેં આયા? દ્રવ્યાદિ

હૈ, દ્રવ્યકી પર્યાય આદિ હૈ? અનાદિ હૈ. વહ, ઔર ભવિષ્યકી ઐસી પર્યાય... પર્યાય... પર્યાય... આખિરમેં અંત આયેગા કિ નહીં? પર્યાય ભવિષ્યમેં તો જ્ઞેયતાકો પ્રાપ્ત હો ગઈ ન? જ્ઞાનમેં જ્ઞેયપના આ ગયા તો જ્ઞેય વહાં હૈ ઉસકા અંત આ ગયા ન જ્ઞાનમેં?

મુમુક્ષુ :- નહીં આયા.

ઉત્તર :- જ્ઞાનમેં નહીં આયા? જ્ઞાનમેં આ ગઈ તો વહાં અંત કહાં સે આયા? જૈસે અનંત હૈ વૈસે જ્ઞાનમેં જ્ઞેય આ ગયા. જ્ઞાનમેં જ્ઞેય આ ગયા. અનંત હૈ તો અંત આ ગયા જ્ઞાનમેં, ઐસા નહીં હૈ. આહા..હા..! સમજમેં આયા? જ્ઞાન યથાર્થ કિસકો કહે? જૈસા હૈ વૈસા જાને ન. આખરી પર્યાય.. યદિ સર્વજ્ઞને સબ દેખા હો, તો આખિરકી પર્યાય દ્રવ્યકી કૌનસી હૈ વહ કહ દે. ઐસા પ્રશ્ન હૈ લોગોંકા. હૈ કિ નહીં? સમજમેં આયા? બાહરમેં ત્યાગી હૂં ઐસા મનાવે, અપવાસ આદિ કરે ફિર પ્રશ્ન ઐસે કરે, કિ જો કેવલજ્ઞાનીને સબ દેખા હો તો મેરી આખરી પર્યાય કૌનસી થી વહ બતા દે. એય..! જેઠાલાલભાઈ! અરે..! ભગવાન! ક્યા કહતા હૈ? કુછ ખબર હી નહીં ચીજકી. ઔર બાહરમેં બડા નામ ધરાયે. ક્યા કરે?

યહાં તો કહતે હૈં કિ કેવલજ્ઞાનકી એક સમયકી સર્વજ્ઞપર્યાય... સર્વજ્ઞ હૈ ન? તો કિસી ભી જ્ઞેયકો અતિક્રમે ઐસા હૈ હી નહીં. સબ જ્ઞેયકા જ્ઞાન હો જાતા હૈ. જ્ઞેય હૈ ઉસકા જ્ઞાન હો જાતા હૈ તો ભવિષ્ય, ભૂત સભી જ્ઞેય હૈ. આખિરકી પર્યાય જ્ઞાનમેં ન આયી ઐસા હૈ? આયે ઐસા હૈ હી નહીં, આખિરકી હૈ હી નહીં. સમજમેં આયા? આખિરકી પર્યાયકા અર્થ ક્યા? પર્યાય આખિરકી, આખરી. ફિર ક્યા હુઆ? ફિર દ્રવ્ય નાશ હો ગયા? ફિર પર્યાય નાશ હો ગઈ? દ્રવ્ય ભી નાશ હોવે ન. પર્યાય બિના દ્રવ્ય નહીં, તો પીછે પર્યાય બિના દ્રવ્ય ભી નહીં. સમજમેં આયા? ઈતના જ્ઞાનતત્ત્વકા સ્વભાવકા માહાત્મ્ય હૈ, ઈતની શક્તિ હૈ ઉસકો ઐસી પ્રતીત કરની પડેગી. ઔર ઈતની પ્રતીત કરે તબ ઉસકી દ્રવ્યદૃષ્ટિમેં જાયે તબ ઉસકો પ્રતીત હોગી. નવનીતભાઈ!

એક સમયકી... એક જીવકી એક સમયકી અતીન્દ્રિય એક પર્યાય, એક પર્યાય ભૂત-ભવિષ્યકી કોઈ ભી પર્યાય જ્ઞેયપનેકો પ્રાપ્ત ન હો ઐસા હૈ નહીં. સબ જ્ઞાનમેં આ જાતા હૈ. ઓહો..હો..! અંત નહીં તો અંત નહીં, આદિ નહીં ઐસી સબ પર્યાય. સમજમેં આયા? યહ પ્રશ્ન કરતે હૈ, દેખો! સિદ્ધ હુએ ન સિદ્ધ? પહલે તો સંસારી થે ન? પીછે સિદ્ધ હુઆ ન? અનાદિમેં પહલે તો વહ સંસારી થે કિ નહીં? ઐસા હૈ હી નહીં. સિદ્ધકી પર્યાય ભી અનાદિ હૈ, સંસારકી પર્યાય ભી અનાદિ હૈ. સમજમેં આયા? પહલે સંસારી થા, પીછે સિદ્ધ હુઆ વહ તો વ્યક્તિગતકી બાત હૈ. પરંતુ સિદ્ધકી પર્યાય ભી અનાદિ હૈ. ઓહો..! દેખો તો ક્યા હૈ? સમજમેં આયા? વહ અનાદિ સિદ્ધકી પર્યાય હૈ વહ જ્ઞેય હૈ, જ્ઞેય કો અતિક્રમતી નહીં તો જ્ઞાન ઉસકો જાન લેતા હૈ. સમજમેં આયા? સંસાર, સિદ્ધસે આઠ સાલ અધિક હૈ. સંસાર સિદ્ધસે આઠ વર્ષ અધિક હૈ. સિદ્ધ હૈ વહ આઠ વર્ષ છોટા હૈ. ક્યોંકિ

આઠ વર્ષ મનુષ્ય હોકર પીછે સિદ્ધ હોતા હૈ કિ નહીં? કહો, ભગવાનજીભાઈ! યહ બાત કહતે હૈ યહાં. અનાદિ હૈ. પહલે સંસાર થા, પીછે સિદ્ધ હુઆ વહ તો વ્યક્તિગતકી બાત હૈ. અનાદિકી બાત કરતે હૈં. ઓહો..હો..! ઐસી સિદ્ધપર્યાય... અનાદિકે અનંત સિદ્ધ હૈં, અનંત-અનંત ભવિષ્યમેં સિદ્ધ હોગા વહ સબકી પર્યાય જ્ઞેયપનેકો પ્રાપ્ત હૈ, તો કેવલજ્ઞાનમેં જ્ઞેયકો અતિક્રમતે નહીં. સબ જ્ઞેયકો જ્ઞાન જાન લેતા હૈ. આહા..હા..! ઉસકા જાનના સ્વભાવ હૈ. કિસીકો કરના, કિસીકો બનાના યા પરસે અપના બને ઐસી વહ ચીજ નહીં ઐસા કહતે હૈં. સમજમેં આયા? કિસીકો બનાના ઔર કિસીસે બનના ઐસી ચીજ આત્મા હૈ નહીં ઐસા કહતે હૈં. નવનીતભાઈ! કહો, આ કારખાના-બારખાના કરે ઈ...?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, નવા બનાવે, એની રચના કરે, આમ કરે, ગોઠવે. કહે છે કે એ વાત જ તારા જ્ઞાનની વાત ખોટી છે ઈ. જ્ઞાન ઉસકો બનાવે નહીં, જ્ઞાન ઉસસે બને નહીં ઔર અપની પર્યાયમેં ઉસકા જ્ઞાન હુએ બિના રહે નહીં.

મુમુક્ષુ :- આત્મધર્મમેં કારખાના આયા થા.

ઉત્તર :- કારખાના આયા થા. યે તો અપને ભાઈ બોલે થે ને. જુગરાજજી બોલે થે. જુગરાજજી બોલે થે. કિસીને પ્રશ્ન કિયા થા. જુગરાજજી કહે કિ વહાં તો ભાઈ.. શું કીધું નામ? ફેક્ટરી.. ફેક્ટરી. એ તો ગૃહસ્થ માણસ છે ને મોટા. મુંબઈમાં છે ને માર્કેટ. જુગરાજજી. કોઈએ કહ્યું હશે કે આપણે આ ફેક્ટરીઓ બહુ વધી ગઈ છે. અહીં એવી ફેક્ટરી છે કે ભગવાન થવાની ફેક્ટરી છે. ભગવાનજીભાઈ! ભગવાનજીભાઈને ત્યાં તો ઓલા પ્લાસ્ટીકના જોડા થાય ને.. આના ઓલામાંથી શું થાતું હશે? ઘડિયાળ-બડિયાળ થાય ને મકાન થાય ને ઈ કરે છે. કહે છે, કાંઈ ન થાય કોઈથી. આ ફેક્ટરી એવી છે કે આત્મા અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ઐસા ભાન હુઆ ઔર ઉસકી દૃષ્ટિ હુઈ તો અતીન્દ્રિય પરમાત્મા હુએ બિના રહે નહીં. સમજમેં આયા? ઐસા યહ સંચા હૈ. ચંદુભાઈ! આહા..હા..! આ તો એવી વાતું કરે છે કે આત્મા આમ કરે, ફલાણું કરે. પરંતુ આત્મામેં ગુણ કિતના હૈ ઔર એક-એક ગુણકી એક પર્યાયકા સામર્થ્ય ઈતના હૈ—ઐસી અસ્તિ સિદ્ધ કિયે બિના, પરસે નહીં હૈ ઔર વિકલ્પસે નહીં હૈ ઐસા કહાં સે હોગા? સમજમેં આયા? અંધે અંધા. વિકલ્પ તોડો, શૂન્ય હો જાઓ. જડ હો જાયેગા. સમજમેં આયા?

યહાં તો ભગવાન આત્મા, એક એક આત્મા, સર્વજ્ઞસ્વભાવી ઉસકા સ્વરૂપ હી હૈ સ્વભાવ. ઉસકે સ્વભાવ સન્મુખકી અસ્તિત્વકી પ્રતીત ઔર જ્ઞાન કરનેસે સમ્યગ્દર્શન અર્થાત્ સચ્ચી પ્રતીત ઔર સચ્ચા જ્ઞાન હોતા હૈ. વહાં વિકલ્પકા નાશ હૈ ઈતના. પીછે સ્વરૂપમેં રમણતા કરનેસે અસ્થિરતાકા વિકલ્પકા અભાવ રમણતા કરનેસે સહજ હો જાતા હૈ. તબ ઉસકો ઐસી રમણતાકા ફલમેં કેવલજ્ઞાન અતીન્દ્રિય એક સમયકી પર્યાય પ્રગટ હોતી હૈ. વહ ભી અસ્તિત્વ,

શક્તિ અસ્તિત્વ, દ્રવ્ય અસ્તિત્વ, ગુણ અસ્તિત્વ, વહ સાધન કિયા ઈતના શુદ્ધ ઉપયોગકા વહ ભી અસ્તિત્વ. સમજમેં આયા? સર્વજ્ઞ વીતરાગ માર્ગ ક્યા હૈ લોગોંકો ખબર નહીં હૈ. જૈનમેં બિચારે ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા...

દેખો! આચાર્યો કેટલી વાત (કરે છે). એક અતીન્દ્રિય કેવળજ્ઞાન સિદ્ધ કરે છે. હમને તો સામ્યભાવ અંગીકાર કિયા હૈ ઐસા કહતે હૈં. હમ મુનિ હૈં તો હમને સામ્યભાવ અંગીકાર કિયા હૈ. બાહ્યમેં તો નગ્ન દશા હૈ. અઠ્ઠાઈસ મૂલગુણ હૈ વહ અંગીકાર કિયા ઐસા નહીં કહા. સમજમેં આયા? પહલી ગાથામેં ઐસા લિયા કિ હમ તો સામ્યભાવ અંગીકાર કરતે હૈં. ઐસા નહીં લિયા કિ હમ નગ્નપના અંગીકાર કરતે હૈં, અઠ્ઠાઈસ મૂલગુણ અંગીકાર કરતે હૈં, પંચ મહાવ્રત અંગીકાર કરતે હૈં. અંગીકાર ક્યા કરે? વહ તો જાનનેકી ચીજ હૈ, વહ તો જાનનેકા જ્ઞેય હૈ. સમજમેં આયા? ઐસે અપને સ્વરૂપકી દૃષ્ટિ, જ્ઞાનકી મુખ્યતા સે પીછે ઉસમેં સ્વરૂપમેં સામ્યતા શુદ્ધ ઉપયોગતા, શુદ્ધ આચરણરૂપી ઉપયોગ કરતે હૈં, ઉસકા ફલરૂપ કેવળજ્ઞાન હોગા. ઐસા સ્વયં અપનેકો કહતે હૈ. ઈસકે ફલસ્વરૂપ હમકો તો અતીન્દ્રિય જ્ઞાન હોગા. સમજમેં આયા? યહ અતીન્દ્રિય જ્ઞાન ઈતના સામર્થ્યવાલા હૈ કિ ભૂત ઔર ભવિષ્યકી પર્યાય વર્તમાનમેં હૈ નહીં, નષ્ટ ઔર અનુત્પન્ન હોનેપર ભી જ્ઞેયપનેકો પ્રાપ્ત જ્ઞાનમેં હોતી હૈ, જ્ઞેયકો છોડતી નહીં. જ્ઞાન ઉસકો જ્ઞાન કરનેમેં છોડતા નહીં. આહા..હા..! સમજમેં આયા? ઐસા તત્ત્વ હૈ, ઐસા અસ્તિત્વ-સત્તાકા ઈતના સામર્થ્ય ઔર અસ્તિત્વ હૈ ઉસકા. સમજમેં આયા?

'**જ્ઞેયતાકા અતિક્રમણ ન કરને સે જ્ઞેય હી હૈ—**' દેખો! યહ સબ ભૂત-ભવિષ્યકી નષ્ટ ઔર અનુત્પન્ન અવસ્થા ભી જ્ઞેય હી હૈ. જાનનેમેં આતી હૈ ઐસી હી હૈ, ઐસા કહતે હૈ ભાઈ! વહ જ્ઞેય હી હૈ. જાનનેમેં આતી હૈ ઐસી હી હૈ, ઐસા કહતે હૈં. આહા..હા..! જ્ઞાનકા સ્વભાવ ઔર જ્ઞેયકા સ્વભાવ ઈતના હૈ. સમજમેં આયા? વહ જાને... જાને... જાને... જાને... એક હી સમયમેં જ્ઞાનકી પર્યાય જિતના જ્ઞેય હૈ ઉસકો જાને ઔર જ્ઞેય હૈ સબ અપને સામર્થ્યસે જ્ઞાનમેં જના દેતે હૈં. સમજમેં આયા? યહાં તો જ્ઞેયતત્ત્વકા સામર્થ્ય, જ્ઞાનતત્ત્વકા સામર્થ્ય. દો તત્ત્વકા સામર્થ્ય જિતના હૈ ઉસકો પ્રતીતમેં લેના ચાહિયે ઐસા કહતે હૈં. સમજમેં આયા? જ્ઞાનતત્ત્વકી પર્યાયકા ઈતના સામર્થ્ય (હૈ) કિ નષ્ટ ઔર અનુત્પન્ન પર્યાયકો ભી જાન લે ઔર જ્ઞેયકી ઈતની તાકાત કિ નષ્ટ ઔર અનુત્પન્ન ભી વર્તમાન જ્ઞેયપને હોકર જ્ઞાનમેં આ જાયે. આહા..હા..! સમજમેં આયા? તત્ત્વકી શ્રદ્ધા કરના હૈ ન. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' વજુભાઈ! તો યહ તત્ત્વ હૈ કિ નહીં? જ્ઞાનકી પર્યાયકા તત્ત્વ, જ્ઞેયતત્ત્વકી પર્યાયકા, દ્રવ્ય-ગુણકી પર્યાયકા ઐસા તત્ત્વ, સામર્થ્ય.

'**(જૈસે પ્રદીપ્ત અગ્નિ દાહ્યમાત્રકો—ઈંધનમાત્રકો—જલા દેતી હૈ,...)**' દેખો! '**જૈસે પ્રદીપ્ત અગ્નિ...**' જલતી હુઈ અગ્નિ. '**દાહ્યમાત્રકો—ઈંધનમાત્રકો—**' જિતના જલને લાયક

હૈ, જલને લાયક હૈ સબકો જલા દેતી હૈ. '**ઉસી પ્રકાર નિરાવરણ જ્ઞાન જ્ઞેયમાત્રકો—દ્રવ્યપર્યાયમાત્રકો—જાનતા હૈ.**' દેખો! આહા..હા..! યહાં તો તેરી શક્તિ તો જ્ઞાતા-દૃષ્ટાકી હૈ યહ બતાતે હૈં. જ્ઞાતા-દૃષ્ટાકી શક્તિ હૈ તો પર્યાયમેં જ્ઞાતા-દૃષ્ટાકી પૂરી પર્યાય પ્રગટ હો ગઈ. સમજમેં આયા? ક્યા ઉસમેં રાગ પુણ્ય-પાપ કરનેકી શક્તિ હૈ? પુણ્ય શક્તિમેં પડા હૈ વહ? ઉદયભાવ કરના વહ શક્તિમેં પડા હૈ? તો અતીન્દ્રિય જ્ઞાન ઔર પૂર્ણ દર્શન પડા હૈ, ઉસકી શક્તિમેં પડા હૈ તો વહ જ્ઞાતા-દૃષ્ટા પૂર્ણ હો જાયેગા. ઐસે આત્માકી પ્રતીત કરો, ઐસે આત્માકો જાને, આત્માકા અનુભવ કરો ઐસા કહતે હૈં. સમજમેં આયા? '**દ્રવ્યપર્યાયમાત્રકો—જાનતા હૈ.**' ૪૧ હુઈ.

'**અબ, ઐસી શ્રદ્ધા વ્યક્ત કરતે હૈં...**' દેખો ભાષા! હૈ કિ નહીં? '**अथ ज्ञानान्न भवतीति**' વહ હૈ ન? ૪૨. ઉસમેં સે શ્રદ્ધા નિકાલા હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહાં હૈ? આખરી શબ્દ હૈ ન? '**अथ ज्ञेयार्थपरिणमनलक्षणा क्रिया ज्ञानान्न भवतीति श्रद्धाति।**' આહા..હા..! '**અબ, ઐસી શ્રદ્ધા વ્યક્ત કરતે હૈં કિ જ્ઞેય પદાર્થરૂપ પરિણમન જિસકા લક્ષણ હૈ...**' ક્યા? કિ જ્ઞેય પરપદાર્થકા લક્ષ્ય કરકે વિકલ્પસે પરપદાર્થકો જાનતે હૈ ઐસી ક્રિયા જ્ઞાનમેંસે નહીં હોતી. જ્ઞાનમેં જો જ્ઞેયપદાર્થ એક જાનતે હૈ, દૂસરા જાનતે હૈ ઐસા વિકલ્પ કર-કરકે. સમજમેં આયા? વિકલ્પરૂપસે જ્ઞેયરૂપ પદાર્થકા પરિણમન કરના. પરિણમન તો કૌન કરતા પરરૂપ? પરંતુ જાનનેકી ચીજકો લક્ષ્યમેં લેકર વિકલ્પસે, રાગસે જો જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા હોતી હૈ વહ જ્ઞાનકી ક્રિયા નહીં, વહ બંધકી ક્રિયા હૈ. વહ કર્મકા અનુભવ હૈ, આત્માકા નહીં. વહ બાત કરતે હૈ.

**परिणमदि णेयमट्ठं णादा जदि णेव खाइगं तस्स।**
**णाण ति तं जिणिंदा खवयंतं कम्ममेवुत्ता।।४२।।**

ઓહો..હો..! ૪૨.

**જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે,**
**તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.**

દેખો! જિનદેવ કહે, જિનદેવ કહે. ભગવાનને સાથે લઈને વાત કરે છે. પરમાત્મા જિનેન્દ્ર ભગવાન વીતરાગી સર્વજ્ઞ અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ હુઆ વહ જિનદેવ ઐસા કહતે હૈં.

શબ્દાર્થ લેતે હૈં. '**જ્ઞાતા...**' અર્થાત્ જાણનાર '**યદિ જ્ઞેયપદાર્થરૂપ પરિણમન હોતા હો...**' દેખો! ભાષા ઐસી હૈ. '**જ્ઞેયપદાર્થરૂપ પરિણમન હોતા હો...**' તો પરપદાર્થરૂપ પરિણમન હોતા નહીં. પરંતુ જ્ઞાન, જ્ઞેય પદાર્થકો લક્ષ્ય કરકે રાગરૂપસે પરિણમન કરતા હૈ ઉસકો યહાં જ્ઞેયપદાર્થરૂપ પરિણમન હોતા હો ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા? શબ્દ ટૂંકા હૈ ન તો ઉસમેં યહ કહા. જ્ઞાનસ્વરૂપ ભગવાન વહ જ્ઞેયવસ્તુકો જાનતે જ્ઞેયરૂપ પરિણમન

કરતા હૈ. ઉસકા અર્થ-વહ જ્ઞેયરૂપમેં રાગ-દ્વેષ કરકે જ્ઞેયરૂપ પરિણમન કરતા હૈ. વહ જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા કહનેમેં આતી હૈ. વહ જ્ઞાનાર્થ પરિણમન ક્રિયા નહીં હૈ. સમજમેં આયા?

જ્ઞાન જ્ઞેયકો જાનતે સમય ઠીક-અઠીક ઐસા રાગ-દ્વેષ વિકલ્પ કરકે જ્ઞેયમેં પરિણમન કરતા હૈ તો વહ કર્મકા અનુભવ હૈ, આત્માકા અનુભવ નહીં. સમજમેં આયા? દેખો! યહ જ્ઞાનતત્ત્વકી બાત કરતે હૈ ઉસમેં યહ લિયા કિ જ્ઞાનકા સામર્થ્ય તો ઈતના હૈ કિ જિતના જ્ઞેય હૈ ઉસકો જાનના ઈતના, બસ. પરંતુ ઉસકે ઉપરાંત અબ યહ કહા કિ જો જ્ઞાન જ્ઞેયકો જાનકર રાગદ્વેષ ઉત્પન્ન કરે તો વહ જ્ઞાનતત્ત્વકા સ્વરૂપ નહીં. ઔર જ્ઞેયકા ઐસા સ્વરૂપ નહીં. સમજમેં આયા? જ્ઞેયાર્થ-જ્ઞેયમેં પ્રયોજન-લક્ષ્ય કરકે રાગકો અનુભવ કરતા હૈ વહ જ્ઞાનતત્ત્વ નહીં. જ્ઞેયાર્થ રાગકી ક્રિયા કરતે હૈ વહ બંધકા ભાવ અનુભવતે હૈ. સમજમેં આયા?

મુમુક્ષુ :- જ્ઞાતા, જ્ઞેયકો...

ઉત્તર :- જ્ઞાતા, જ્ઞેયકો જાનકર રાગરૂપ પરિણમે યા દ્વેષરૂપ પરિણમે કરે તો જ્ઞેયકે પદાર્થરૂપ પરિણમતા હૈ ઐસા કહનેમેં આતા હૈ. ફિર સે, ફિર સે. જ્ઞાન પરપદાર્થકો જાનને કે કાલમેં, જાનના ઔર જનાના વહ તો સ્વભાવ હૈ વહ તો સિદ્ધ કિયા. પરંતુ ઉસકે ઉપરાંત જ્ઞેય જાનકર, યહ ઠીક હૈ, યહ ઠીક હૈ, અઠીક હૈ ઐસા રાગ-દ્વેષ કરકે જ્ઞેયપદાર્થકો જાનતા હૈ તો વહ જ્ઞેયપદાર્થ અર્થ રાગકી ક્રિયા કરતા હૈ. સમજમેં આયા?

'**યદિ જ્ઞેય પદાર્થરૂપ પરિણમન હોતા હો તો ઉસકે ક્ષાયિક જ્ઞાન હોતા હી નહીં.**' વહ તો જ્ઞેયાર્થ હુઆ. પરકે અવલંબનમેં રાગાદિ કરકે, દ્વેષાદિ કરકે જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા હુઈ, જ્ઞાનાર્થ પરિણમન હુઆ નહીં. કઠિન બાત. સમજમેં આયા? '**જિનેન્દ્રદેવોને ઉસકો કર્મકો હી અનુભવ કરનેવાલા કહા હૈ.**' ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માને જ્ઞેયકો જાનકર રાગરૂપ ઔર દ્વેષરૂપ બીચમેં કરતા હૈ વહ કર્મકા અનુભવ કરતા હૈ, વિકારકા અનુભવ કરતા હૈ, વહ બંધકા ભાવ ઉત્પન્ન કરતા હૈ, વહ જ્ઞાનકા ભાવ ઉત્પન્ન કરતા નહીં. સમજમેં આયા? ઓહો..હો..!

'**ટીકા :- યદિ જ્ઞાતા જ્ઞેય પદાર્થરૂપ પરિણમન હોતા હો,...**' દેખો ભાષા! જાણનાર ભગવાન આત્મા, એ જ્ઞેય નામ જાણવાલાયક પદાર્થરૂપ પરિણમન થતું હોય '**તો ઉસે સકલ કર્મવનકે ક્ષયસે પ્રવર્તમાન સ્વભાવિક જાનપનેકા કારણ (-ક્ષાયિક જ્ઞાન) નહીં હૈ;...**' વહ ક્ષાયિક જ્ઞાન હી નહીં. વહ કેવલજ્ઞાન નહીં, ક્ષાયિક જ્ઞાન નહીં. એક એક જ્ઞેયકો જાનતે-જાનતે રાગરૂપ પરિણમન કરતા હૈ, એક-એક જ્ઞેયકો જાનકર પ્રતિકૂલ લક્ષ્ય કરકે દ્વેષરૂપ પરિણમન કરતા હૈ વહ ક્ષાયિકજ્ઞાન નહીં. સમજમેં આયા? જ્ઞાન જ્ઞેયકો જાને, જ્ઞાન જાને, જ્ઞેય જનાવે. ઈતના તો ઉસકા સ્વભાવ હૈ. ઉસકા સત્ત્વકા ઈતના તો સામર્થ્ય હૈ. જ્ઞાન જાને ઔર જ્ઞેય જાનનેમેં આયે પ્રમેય હોકર. ઈતના તો દોનોંકા સ્વભાવ હૈ. પરંતુ દોનોંકે બીચમેં જ્ઞેયકો જાનકર રાગ ઔર દ્વેષ કરતે હૈ, વહ જ્ઞેયકો ક્રમસે જાનતે હૈ વહ ક્ષાયિક જ્ઞાન

નહીં, વહ વિકારીજ્ઞાન હૈ. સમજમેં આયા?

ઐસા જો આત્મા હૈ, ઉસ તરફકા જ્ઞાન કરકે પરકો જાને તો તો અપના જાનપના ભી હુઆ, પરકા ભી જ્ઞાન હુઆ, વહ તો સ્વપરપ્રકાશક જ્ઞાન હુઆ. ઉસમેં કોઈ પરકો જાનતે હૈ (ઉસમેં) યહ ઠીક-અઠીક ઐસા રાગ-દ્વેષકા પરિણમન નહીં. સમજમેં આયા? કમજોરીકે પરિણામ જો હૈ વહ કુછ જ્ઞેયાર્થકે પ્રેમસે ઔર જ્ઞેયાર્થકે દ્વેષસે નહીં હૈ. જ્ઞાનીકો જ્ઞેયપનેસે ઉસકા અર્થ કરકે રાગ-દ્વેષ હોતા હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? જ્ઞાનીકો રાગદ્વેષ હોતા હૈ તો કમજોરીકી પર્યાયમેં હોતા હૈ. જ્ઞાનકા સ્વભાવ ઐસા નહીં ઔર જ્ઞેયકા સ્વભાવ ઐસા નહીં કિ ઉસકો રાગ-દ્વેષ કરા દે. જ્ઞાતા-દૃષ્ટા હોકર જ્ઞેયકો જાનતા હૈ તો ઉસમેં રાગ-દ્વેષ ઈસ કારણસે યહ ઠીક હૈ ઔર યહ અઠીક હૈ ઐસી રાગદ્વેષકી ઉત્પત્તિ જ્ઞાનકે જ્ઞાતામેં હોતી નહીં. સમજમેં આયા? ઐસી દશામેં ભલે ક્ષયોપશમ જ્ઞાન હો, પરંતુ વહ જ્ઞાન અતીન્દ્રિય યથાર્થ જ્ઞાન હૈ. પરંતુ જ્ઞેયાર્થમેં લક્ષ્ય કરકે, રાગદ્વેષ કરકે જ્ઞાન ઉત્પન્ન હો વહ જ્ઞાન હી નહીં. આહા..હા..! સમજમેં આયા? અરે..! ઝીણી વાત.

'**યદિ જ્ઞાતા જ્ઞેય પદાર્થરૂપ પરિણમન હોતા હો, તો ઉસે સકલ કર્મવનકે...**' સકલ કર્મવન. '**ક્ષયસે પ્રવર્તમાન...**' કર્મકે વનકે નાશસે પ્રવર્તમાન '**સ્વભાવિક જાનપનેકા કારણ (ક્ષાયિક જ્ઞાન) નહીં હૈ; અથવા ઉસે જ્ઞાન હી નહીં હૈ;...**' ઐસા કહા દેખો! સમજમેં આયા? જ્ઞાન હી નહીં હૈ ઐસા કહા. જ્ઞાન પરકો જાનતા હૈ, પરકા જાનના વહ તો સ્વભાવ હૈ. ઈસકે અતિરિક્ત યહ ઠીક હૈ, અઠીક હૈ ઐસા જો જાનતા હૈ વહ જ્ઞાન હી નહીં ઐસા કહતે હૈં. એઈ..! અતીન્દ્રિય જ્ઞાન તો નહીં પરંતુ ઐસા જ્ઞાન ભી નહીં ઐસા કહતે હૈ. સમ્યગ્જ્ઞાન ભી નહીં ઐસા કહતે હૈ. ભાઈ! સમજાણું કાંઈ? એમ કહે છે હોં! એ જ્ઞાન જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા. જ્ઞાની કહો, આત્મા કહો. જ્ઞાનીકા આત્મા કહો, જ્ઞાન કહો. સમજમેં આયા?

યહાં તો અતીન્દ્રિયજ્ઞાન સિદ્ધ કરના હૈ ન? અતીન્દ્રિયજ્ઞાન યહ નયે-નયે જ્ઞેયકો જાનતા હૈ, (ફિર ભી) રાગદ્વેષ ઉસમેં હૈ હી નહીં ઔર જ્ઞેયકા સ્વભાવ ભી રાગ-દ્વેષ કરાયે ઐસા હૈ નહીં. સમજમેં આયા? જ્ઞેય કોઈ ઈષ્ટ-અનિષ્ટ હૈ નહીં, જ્ઞાનમેં ઈષ્ટ-અનિષ્ટ જાને ઐસા જ્ઞાનમેં હૈ નહીં. જ્ઞાન તો જાનતા હૈ. બીચમેં ઈષ્ટ-અનિષ્ટ ઉઠાકરકે જો રાગ-દ્વેષ કરકે જ્ઞેયાર્થ પરિણમન કરતા હૈ વહ જ્ઞાન હી નહીં, જાઓ. આહા..હા..! સમજમેં આયા? વહ સમ્યગ્જ્ઞાન હી નહીં ઐસા કહતે હૈં. કર્મનો અનુભવ છે એ ક્યાં જ્ઞાન છે? એમ કીધું. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જાનન... જાનન... જાનન... ક્રિયામેં જ્ઞેય હૈ વહ તો જાને, પરંતુ જાનનેકે અતિરિક્ત ઐસા કરે કિ યહ ઠીક હૈ, અઠીક હૈ ઐસા રાગ-દ્વેષરૂપ પરિણમે

તો જ્ઞેયાર્થ પરિણમન હો ગયા, તો મિથ્યાત્વ જ્ઞાન હો ગયા, સમ્યગ્જ્ઞાન હૈ હી નહીં. સમજમેં આયા?

દેખો! જ્ઞાનતત્ત્વકા પ્રજ્ઞાપન. ઓહો..હો..! કુંદકુંદાચાર્યની સત્યને પ્રસિદ્ધ કરવાની રીત. સમજમેં આયા? જ્ઞાન ભગવાન જ્ઞાનસ્વરૂપ. ઓહો..! કહતે હૈ કિ ભાઈ! જ્ઞાનતત્ત્વકા સામર્થ્ય તો જાનના-દેખના હી હૈ ઔર જ્ઞેયતત્ત્વકા સ્વભાવ જનાનેકા હૈ. દો કે સિવાય તીસરા ઉસમેં હૈ નહીં. ઔર તીસરા ઉસમેં ડાલે કિ જ્ઞાન પરકો જાનકર એકમેં ઠીક, દૂસરેમેં અઠીક, ઐસે વિકલ્પરૂપ-રાગરૂપ પરિણમન કરતા હૈ વહ જ્ઞાન જ્ઞાન હી નહીં. વહ તો વિકારકા હી અનુભવ કરનેવાલા હૈ. સમજમેં આયા? ચંદુભાઈ!

દેખો યહ જ્ઞાનતત્ત્વકી બાત ચલતી હૈ. ભગવાન આત્મા જ્ઞાનતત્ત્વ જ્ઞાનસ્વભાવ હૈ, તો કહતે હૈં, જાને-દેખે જ્ઞાતા અથવા આત્મા. સમજમેં આયા? વહ જ્ઞેયપદાર્થરૂપસે વિકલ્પ સે પરિણમે, સમજમેં આયા? જ્ઞેયકા લક્ષ કરકે 'યહ ઠીક હૈ' ઐસા કરકે (પરિણમે) વહ તો વિકારકા હી અનુભવ હૈ, કર્મકા હી અનુભવ હૈ, જ્ઞાનકા અનુભવ નહીં. જ્ઞાનકા જ્ઞાન નહીં, વહ જ્ઞાનકા જ્ઞાન નહીં. સમજમેં આયા? બાબુભાઈ! આહા..હા..!

યહાં તો કહતે હૈં કિ ભગવાન! તુમ તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા હો ન? સમજે? વહ તો કેવલજ્ઞાની જૈસા હી આત્મા હૈ. વહ તો આ ગયા ન પહલે? સમજે? ભગવાન આત્મા કેવલજ્ઞાન જૈસા હી આત્મા હૈ. ઐસા આત્મા અપના જ્ઞાનસ્વભાવ તત્ત્વ હૈ, જ્ઞાનકા તત્ત્વ સામર્થ્ય હૈ કિ જાનના. ઔર જ્ઞેયકા સ્વભાવ હૈ કિ જનાના. બસ. ઉસકી શક્તિ હૈ ઈતના જનાયે—જ્ઞેય હો જાયે. ઉસકે ઉપરાંત કોઈ ઐસે અંતરમેં કરે કિ જ્ઞાન જાનકર વહી સમય યહ ઠીક-અઠીક ઐસા વિકલ્પરૂપ પરિણમે, રાગરૂપ પરિણમે, દ્વેષરૂપ પરિણમે, વાસનારૂપ પરિણમે, ભોગકી અનુકૂલતા અંદર યહ ઠીક, યહ ઠીક, યહ અઠીક ઐસી વૃત્તિરૂપ પરિણમે તો કર્મકા હી અનુભવ હૈ ઉસકો. જ્ઞાનકા અનુભવ હૈ નહીં. સમજમેં આયા? ઓહો..હો..!

'**સકલ કર્મવનકે ક્ષયસે પ્રવર્તમાન સ્વાભાવિક જાનપનેકા કારણ (ક્ષાયિક જ્ઞાન) નહીં હૈ; અથવા ઉસે જ્ઞાન હી નહીં હૈ;...**' સચ્ચા જ્ઞાન હી નહીં હૈ ઐસા કહતે હૈં. ક્ષાયિક જ્ઞાન તો નહીં, ઉસકે ઉપરાંત સચ્ચા જ્ઞાન ભી નહીં. સમજમેં આયા? ઐસા કહતે હૈં કિ ભાઈ, અનુકૂલ વસ્તુ દેખકર હમકો તો રાગ આતા હૈ, પ્રતિકૂલ દેખકર દ્વેષ આતા હૈ. યહ બાત જ્ઞાનતત્ત્વકો જાનતી નહીં ઔર જ્ઞેયકો ભી જાનતા નહીં. ઐસા સ્વભાવ જ્ઞેયકા નહીં, ઐસા સ્વભાવ જ્ઞાનકા નહીં. સમજમેં આયા? ઊંચી ચીજ પેંડા, દૂધપાક હો. વહ તો કહતે હૈં કિ વહ તો જ્ઞેયસ્વભાવ હૈ ઉસકા, યહાં જ્ઞાનસ્વભાવ હૈ, બસ. દૂસરી ચીજ હૈ? પરંતુ વહ જાનતે હૈ ઉસમેં, ઠીક ઐસા રાગ હુઆ વહ રાગકા અનુભવ હૈ, જ્ઞાનકા નહીં. ક્યોંકિ ઠીક ઐસા જ્ઞેયમેં નહીં હૈ, ઠીક ઐસા જ્ઞાનમેં નહીં હૈ. સ્વભાવમેં દોનોંમેં ઐસા નહીં હૈ. નયા ઉત્પન્ન કિયા. ઠીક. ઔર પ્રતિકૂલ દેખકર.. વહ તો જ્ઞેય હૈ. પ્રતિકૂલ ઉસમેં

હૈ નહીં. ઉસમેં છાપ હૈ જ્ઞેયમેં? કિ યહ પ્રતિકૂલ હૈ ઐસા. વહ તો જાનનેલાયક ઈતના હૈ. યહાં જાને ઔર વહ જનાયે, બસ ઈતના હૈ. બીચમેં પ્રતિકૂલ દેખકર દ્વેષ કરતે હૈ તો કહતે હૈ કિ વહ તો કર્મકા હી અનુભવ હૈ, જ્ઞાનકા અનુભવ નહીં. આત્માકા અનુભવ ઔર આત્માકી દૃષ્ટિ નહીં ઐસા કહતે હૈં. જેઠાલાલભાઈ!

'**ક્યોંકિ પ્રત્યેક પદાર્થરૂપસે પરિણતિકે દ્વારા...**' ન્યાય આપે છે હવે. જ્ઞાન હી નહીં ક્યોં? જ્ઞાન હી નહીં ક્યોં? '**ક્યોંકિ પ્રત્યેક પદાર્થરૂપસે પરિણતિકે દ્વારા...**' પ્રત્યેક અનંત પદાર્થમેં પ્રત્યેક પદાર્થ દેખતે-દેખતે, રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... રાગ-દ્વેષ... ઈષ્ટ-અનિષ્ટ વૃત્તિ ઉત્પન્ન કરકે રાગ-દ્વેષકો અનુભવતે હૈ, વહ '**પ્રત્યેક પદાર્થરૂપસે પરિણતિકે દ્વારા મૃગતૃષ્ણામેં જલસમૂહકી કલ્પના કરનેકી ભાવનાવાલા વહ (આત્મા) અત્યંત દુઃસહ કર્મભારકો હી ભોગતા હૈ ઐસા જિનેન્દ્રોંને કહા હૈ.**' દેખો! આહા..હા..! ક્યા કહતે હૈં? દેખો! યહ તો અધ્યાત્મકી બાત સૂક્ષ્મ બહુત હૈ. કહતે હૈં, ભાઈ! તેરા આત્મા તો જ્ઞાનસ્વભાવ હૈ ન? તો જ્ઞાનતત્ત્વકા સ્વભાવ કિતના? જ્ઞાનતત્ત્વકા સ્વભાવ કૈસા? કિ જાનના-દેખના. ઔર જ્ઞેયતત્ત્વકા સ્વભાવ કિતના? કિ જનાવે ઈતના. ઉસમેં દૂસરેમેં યહ ઠીક હૈ, અઠીક હૈ ઐસા કહાં સે આયા? સમજમેં આયા? જો જ્ઞાન પરપદાર્થકો જાનકર, પ્રત્યેકકો જાનકર પ્રત્યેક પ્રત્યેક પદાર્થકે કાલકે પ્રસંગમેં ઠીક હૈ, અઠીક હૈ ઐસા વિકલ્પ ઉત્પન્ન કરકે જ્ઞેયકો જાનતા હૈ વહ જ્ઞેયાર્થ પરિણમન હૈ, આત્માકા નહીં. સમજમેં આયા? ઓહો..હો..!

જ્ઞાનીકો રાગ-દ્વેષ હોતા હૈ? કિ ના, હોતા હી નહીં ઐસા કહતે હૈં. ક્યોંકિ રાગ-દ્વેષ તો, જ્ઞેયકો જાનકર યહ ઠીક હૈ, અઠીક જ્ઞેય હૈ ઐસી બુદ્ધિ હૈ હી નહીં ઉસકો. સમજમેં આયા? જ્ઞાનકી પર્યાયમેં જ્ઞાનીકો રાગ હોતા હૈ ન? વહ રાગ તો કમજોરી સે હૈ. જ્ઞેયાર્થ-યહ ઠીક-અઠીક હૈ ઐસા રાગ-દ્વેષ ઉત્પન્ન હુઆ હી નહીં. તો વાસ્તવમેં તો જ્ઞાનમેં રાગ-દ્વેષ આયા હી નહીં. સમજમેં આયા? જૈસે પરકો જ્ઞેયરૂપ સે જાનતે હૈ, ઐસે રાગ-દ્વેષકો જ્ઞેયરૂપ જાનતે હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**પ્રત્યેક પદાર્થરૂપસે પરિણતિકે દ્વારા મૃગતૃષ્ણામેં જલસમૂહકી કલ્પના...**' દેખો! મૃગજલ મૃગજલ. મૃગજલ હોતા હૈં ન મૃગજલ? ક્યા કહતે હૈં? મૃગજલ કહતે હૈં? ખારેલી જમીન હોતી હૈ ઉસમેં સૂર્યકી કિરણ પડતી હૈ તો ઐસા જલ જૈસા દિખે. જલ જૈસા દિખે. '**મૃગતૃષ્ણામેં જલસમૂહકી કલ્પના હૈ...**' આહા..હા..! અરે..! ચાહે જૈસા જ્ઞેય હો, ઈન્દ્રાણી જૈસા શરીર દિખે. સમજમેં આયા? સુંદરમેં સુંદર રંગ આદિ, ગંધ આદિ, રસ આદિ પદાર્થ હો, તો કહતે હૈં કિ ઉસ જ્ઞેયકો દેખકર ઠીક-અઠીકકા પરિણમન જો હોતા હૈ વહ મૃગતૃષ્ણામેં જલસમૂહકી કલ્પના હૈ. પરમેં ઠીક-અઠીક હૈ નહીં. આહા..હા..! સમજમેં આયા? વહ પદાર્થ તો જ્ઞેય ઔર યહ જ્ઞાન, બસ. ઉસકે ઉપરાંત મુજે ઠીક પડતા હૈ, મજા આતી હૈ ઉસ પદાર્થ મેં. ઈસ પદાર્થમેં ઠીક નહીં લગતા હૈ, ઐસી જો દૃષ્ટિ ઉત્પન્ન કી વહ રાગ-

દ્વેષ હૈ મિથ્યાત્વકા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવી જિનવાણી છે. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ ન? તો જ્ઞાનસ્વરૂપ હૈ ઔર સારા જગત ઔર સ્વયં દ્રવ્યપને જ્ઞેય હૈ. સમજમેં આયા? વહાં તક લિયા હૈ ન નહીં મોક્ષમાર્ગ(પ્રકાશક)મેં? કિ સ્વજ્ઞેય આત્મા ઠીક ઔર પરદ્રવ્ય અઠીક, વહ તો રાગ-દ્વેષ હુઆ. આતા હૈ ન? સ્વદ્રવ્ય ઠીક ઔર પરદ્રવ્ય અઠીક. ઐસા આતા હૈ સાતવેં અધ્યાયમેં. ઠીક-અઠીક ક્યા હૈ? ઐસા લિયા હૈ. વહ તો રાગ-દ્વેષ હુઆ. સમજાય છે? ક્યાંક આવે છે ને, સાતમામાં આવે છે ક્યાંક. કંઈ બધું યાદ રહે છે? ક્યે ઠેકાણે આવે છે?

મુમુક્ષુ :- સંવર તત્ત્વકી ભૂલ.

ઉત્તર :- સંવરતત્ત્વકી ભૂલમેં? સાતવાં અધ્યાય. સંવરતત્ત્વકી ભૂલ. ઠીક-અઠીક નહીં હૈ. કહીં પર હૈ તો સહી.

જ્ઞાન તો જાને બસ ઈતના કિ યહ જ્ઞેય હૈ. ઉસમેં બીચમેં યહ ઠીક-અઠીકકી જો રાગ-દ્વેષકી ઉત્પત્તિ કરતે હૈ, માનકર હોં, વહ જ્ઞાનકા અનુભવ નહીં, વહ તો કર્મકા અનુભવ હૈ. બંધકા કારણ હૈ, મિથ્યાત્વકે બંધકા કારણ હોં! સમજમેં આયા? તો વહ જ્ઞાન હી નહીં. ઉસકો જ્ઞાન કહતે નહીં. આહા..હા..!

**'મૃગતૃષ્ણામેં જલસમૂહકી કલ્પના કરનેકી ભાવનાવાલા યહ (આત્મા) અત્યંત દુઃસહ...'** અત્યંત દુઃસહ. **'કર્મભારકો હી ભોગતા હૈ ઐસા જિનેન્દ્રોંને કહા હૈ.'** સમજમેં આયા? અહો..! તેરા જ્ઞાનસ્વભાવ, ઉસમેં યહ જાનકર યહ ઠીક-અઠીક રાગ-દ્વેષકી ઉત્પત્તિ કહાંસે તુમને કી? વહ રાગ-દ્વેષકા અનુભવ હૈ વહ સંસાર હૈ, બંધકા કારણ હૈ. જ્ઞાતા-દૃષ્ટા રહકર પરકો ઠીક-અઠીક નહીં જાનતા ઔર કમજોરીસે રાગ-દ્વેષ આયા હૈ ઉસકો ભી જાનનેવાલા હૈ, ઉસકા નામ સચ્ચા જ્ઞાન ઔર સચ્ચા દર્શન ઔર ધર્મ કહનેમેં આતા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧૫, રવિવાર, તા. ૦૬.૧૦.૧૯૬૮**
**ગાથા-૪૨-૪૩-૪૪, પ્રવચન-૩૪**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર, પ્રવચનસાર. ઉસકી ૪૨વીં ગાથાકા ભાવાર્થ હૈ ભાવાર્થ. ક્યા કહતે હૈં દેખો. '**જ્ઞેય પદાર્થરૂપસે પરિણમન કરના...**' ભાવાર્થ હૈ. '**યહ હરા હૈ, યહ પીલા હૈ ઈત્યાદિ વિકલ્પરૂપસે જ્ઞેય પદાર્થોંમેં પરિણમન કરના...**' ખુલાસા કિયા. યહ આત્મા... જ્ઞાનતત્ત્વ ચલતા હૈ ન? આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ. તો પરપદાર્થકો જાનના વહ તો ઉસકા સ્વભાવ હૈ. પરંતુ જાનનેકે ઉપરાંત જાનનેમેં યહ ઠીક હૈ, યહ હરા હૈ, યહ પીલા હૈ, યહ ઠીક હૈ, યહ અઠીક હૈ, ઈષ્ટ હૈ, અનિષ્ટ હૈ ઐસા રાગ-દ્વેષ કરના વહ જ્ઞાનકા જાનના નહીં, વહ તો બંધકા કારણ હૈ. સમજમેં આયા? જ્ઞાનતત્ત્વ અધિકાર હૈ તો આત્મા તો ચૈતન્યસૂર્ય હૈ. જાનના—અપનેકો, જાને પરકો જાને. વહ જાનનેકા સ્વભાવ જાને વહ તો બંધકા કારણ હૈ નહીં. જાનના કરે, પરકો જાને, સ્વકો જાને, જાનના કરે વહ કહીં બંધકા કારણ હૈ નહીં. નયા દોષકા કારણ ઔર આવરણકા કારણ હૈ નહીં. પરંતુ જ્ઞાન પરકો જાનતે (હુએ), યહ પીલા હૈ, યહ હરા હૈ ઐસા ભેદ કરતા હૈ. યહ ઠીક હૈ, યહ અનુકૂલ હૈ, યહ પ્રતિકૂલ હૈ ઐસી કલ્પના વિકલ્પ કરતા હૈ વહ મિથ્યાદષ્ટિકા વિકલ્પ, કર્મકા અનુભવ, ભોગ-વિકારકા અનુભવ ઔર વિકારકા ભોગના હૈ. વહ દુઃખરૂપ દષ્ટિ ઔર દુઃખરૂપ ભાવ હૈ. સમજમેં આયા?

'**જ્ઞેય પદાર્થરૂપસે પરિણમન કરના અર્થાત્...**' ખુલાસા. '**યહ હરા હૈ, યહ પીલા હૈ ઈત્યાદિ વિકલ્પરૂપસે જ્ઞેય પદાર્થોંમેં પરિણમન કરના...**' રાગ કરકે, દ્વેષ કરકે જ્ઞેયકો જાનનેમેં પ્રેમ ઔર અપ્રેમ કરના, ઠીક-અઠીકકા વિકલ્પ કરના વહ જ્ઞાનકા સ્વભાવ નહીં હોને સે જ્ઞાનકો પરકો જાનનેમેં બંધકા કારણ હૈ. જાધવજીભાઈ! સમજમેં આયા? જૈસે જ્ઞાન હૈ આત્મા વહ તો ચૈતન્યસૂર્ય જ્ઞાન હૈ, વહ તો જાને. જૈસે કોઈ પચાસ મકાન શેરીમેં હો. શેરીકો ક્યા કહતે હૈં? મોહલ્લા. પચાસ મકાન હો. આત્મા જ્ઞાન હૈ, વહ તો જાને કિ યહ હૈ ઈતના. પરંતુ જાનનેકે ઉપરાંત ઉસને માના હૈ (કિ) યહ મેરા મકાન, ઐસી જો માન્યતાકા વિકલ્પ ઊઠે વહ મિથ્યા ભ્રાંતિકા વિકલ્પ બંધકા કારણ હૈ. સમજમેં આયા? તેરા કહાંસે આયા વહ? મોહલ્લેમેં પચાસ મકાન હૈ, ઉસને જો બનાયા થા ન અભિમાન સે રાગ કરકે, મૈંને બનાયા ઐસા અભિમાન થા, તો અંદર જહાં દેખે, યહ મેરા. એકસાથ જાનનેમેં આતા હૈ (ઉસમેં) યહ મેરા, યહ કહાંસે આયા? વહ સબ જ્ઞેય હૈં ઔર જ્ઞાન જાનનેવાલા હૈ. સમજમેં આયા? તો વહ મકાન મેરા. ઔર પચાસ લડકે સાથમેં ખડે હો. જાનના હૈ તો જ્ઞાન જાને. જ્ઞેય જાનનેમેં આવે. બસ, ઉતની મર્યાદા હૈ ઉસકી. ઉસકે ઉપરાંત યહ લડકા મેરા. વહ જ્ઞેયકા રાગ કરકે પરિણમતા હૈ વહ મિથ્યાદષ્ટિ રાગકા હી ભોગનેવાલા હૈ. સમજમેં આયા?

સમજમેં આયા કિ નહીં? આહા..હા..!

કપડે લો. સારા કપડા હૈ. જ્ઞાન જાનતા હૈ, જ્ઞાન જાને બસ. વહ જનાયે ઈતના હૈ. યહ કોટ મેરા, યહ ટોપી મેરી, વહ કહાંસે આયા? વહ કહતે હૈં કિ તુમ જ્ઞાતા-દૃષ્ટા હો તો જ્ઞાનદર્શનમેં એકાગ્ર હો. જાનને-દેખને(વાલે) રહો. ઉસકે ઉપરાંત મેરા-તેરા કરેગા તો મિથ્યાત્વસે રાગ-દ્વેષકા અનુભવ હોગા તુજે. કર્મકા અનુભવ હોગા, આત્માકા અનુભવ નહીં હોગા ઐસા કહતે હૈં. જેઠાલાલભાઈ! એઈ..! દાસ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચંદુ પણ એનો નથી ત્યાં દાસ ક્યાંથી આવ્યો? છોકરા પચ્ચીસ ઊભા હોય તો એમ કહે, આ મારો. ઈ અહીં કહે છે દેખો! યહ હરા ઔર યહ પીલા. અર્થાત્ યહ મેરા ઔર યહ તેરા નહીં. સમજે? યહ હરા વહ ઠીક હૈ, પીલા ઠીક નહીં વહ જાનનેકી ચીજ હૈ વહ તો જાનનમેં આતી હૈ ઔર જ્ઞાન જાને બસ. ઉસકે ઉપરાંત યહ બીચમેં ડાલા યહ ઠીક હૈ હરા. ચશ્મા હરા હો તો ઠંડી રહેગી, આંખમેં ઠંડી રહેગી. યે કહાં સે લાયા? ચશ્મા હરા હૈ વહ જ્ઞાન જાનનેવાલા ઔર હરા વહ જ્ઞેય હૈ, બસ ઈતના. જાનનેમેં આવે, યહ જાનનેવાલા. વહ તો ઉસકા સ્વરૂપ. વહાં તક તો ઉસકો બંધ હૈ નહીં. ઔર જ્ઞાનમેં નિર્દોષતા હૈ. જ્ઞેય ભી જૈસા હૈ ઐસા જ્ઞાનમેં આતા હૈ. પરંતુ જ્ઞેયમેં જ્ઞાન જાનનેકે કાલમેં યહ મેરા, યહ મેરા નહીં ઐસા કહાં સે આયા? ભગવાનજીભાઈ! બહુત કઠિન બાત ભાઈ! યહ મિથ્યાત્વકી ભૂલ હૈ હાં! ભાઈ! ઉસકી બાત ચલતી હૈ. આહા..હા..!

યહ શરીર. સબ શરીર હૈ દેખો! આત્મા જાને જાનનેવાલા ઔર જ્ઞેય જાનનેમેં આતા હૈ ઈતના. યહ શરીર મેરા હૈ ઐસા કહાં સે આયા? એય..! દેવાનુપ્રિયા! ન્યાલભાઈ! પરંતુ શરીર કિસકા? શરીર તો જડ હૈ. વહ તો જ્ઞેય હૈ ઔર આત્મા જ્ઞાન કરનેવાલા હૈ ઈતના હૈ. ઉસમેં ઈસકી સંભાલ કરું તો (ઠીક રહે). વિકલ્પ આયે વહ દૂસરી બાત હૈ, પરંતુ ઐસા મેરા હૈ ઔર મૈં ઉસકી સંભાલ સકું ઐસા કહાં સે આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રતીત મિથ્યાદૃષ્ટિ. જ્ઞાનતત્ત્વકી પ્રતીતિ ન રહી. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન હૈ ન. તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ઉસકે તત્ત્વકી પ્રતીતિ કબ હોતી હૈ? કિ આત્મા જાનનેવાલા હૈ ઔર રાગાદિ આયા વહ ભી જ્ઞેય જાનને લાયક હૈ. યહ રાગ મેરા, યહ મેરા નહીં, વહ કહાંસે આયા તુજે? નવનીતભાઈ! સૂક્ષ્મ બાત હૈ. સમજમેં આયા? ચંદુભાઈ! આહા..હા..! યહ, વહ કહતે હૈ હાં!

**'જ્ઞેય પદાર્થરૂપસે પરિણમન કરના અર્થાત્...'** જ્ઞેયકો જાનનેકે કાલમેં યહ ઠીક ઔર અઠીક ઐસા હરા-પીલા **'ઈત્યાદિ વિકલ્પ...'** વૃત્તિ ઉઠાના, રાગ ઉઠાના ઉસ જ્ઞેયરૂપ પદાર્થરૂપ પરિણમન કરના યહ કર્મકા ભોગના હૈ. વહ દોષકા અનુભવ હૈ, મિથ્યાત્વકા અનુભવ હૈ,

આત્મા જ્ઞાનતત્ત્વકા અનુભવ હૈ નહીં. સમજમેં આયા? ઉસકી ધર્મબુદ્ધિ નહીં રહી. ધર્મ અર્થાત્ જ્ઞાનકા ધર્મ ક્યા? જાનના સ્વભાવ. જ્ઞાનતત્ત્વકા સ્વભાવ ક્યા? કિ જાનના સ્વભાવ. ઔર જ્ઞેયતત્ત્વકા સ્વભાવ ક્યા? કિ જ્ઞાનમેં જનાવે વહ સ્વભાવ. ઉસકે ઉપરાંત યહ ઠીક હૈ, અઠીક હૈ ઐસા ભેદ કરતા હૈ, યહ ઈષ્ટ હૈ, યહ અનિષ્ટ હૈ, યહ મેરા હૈ, યહ તેરા હૈ, યહ છોટા હૈ, યહ બડા હૈ, ઐસા ભેદ કહાં સે લાયા? સમજમેં આયા? ઐસા વિકલ્પ કરતા હૈ જ્ઞેયકો જાનનેકે કાલમેં, તો જ્ઞેયાર્થ વિકલ્પકો-કર્મકો હી અનુભવતા હૈ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઉસકો ઉસકી પ્રતીતિ ઔર ઉસકા અનુભવ હૈ નહીં. ઓહો..હો..! સમજમેં આયા? ઈશ્વરચંદજી! કઠિન બાત ભાઈ!

પૈસે કે ઢેર કિયે જગતકી ધૂલ. યહ પૈસા મેરા. વહ તો જ્ઞેય હૈ જડ. જ્ઞાન જાનનેકા સ્વભાવ હૈ ઔર વહ જ્ઞેયકા જનાનેકા ઈતના સ્વભાવ હૈ. તો યહ પૈસે મેરે, યહ પૈસે મેરે, આયા કહાંસે? કહો. જ્ઞાનમેં ઐસા સ્વભાવ હૈ? જ્ઞેયમેં ઐસા સ્વભાવ હૈ કિ તેરા હો ઔર તેરા ન હો ઐસા સ્વભાવ ઉસકા હૈ? ભગવાનજીભાઈ! કઠિન બાત યહ તો મહંગી પડી. પ્રેમચંદભાઈ! યહ બાત તો મહંગી પડી. એય..! ધીરૂભાઈ! આહા..હા..! કહતે હૈં કિ તુમ આત્મા-આત્મા વહ જ્ઞાનતત્ત્વ, જાનના એક તત્ત્વ, જાનન તત્ત્વ. એક હી ભાવ લિયા હૈ ન સમભાવ. તો જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. તો ઉસકા કથન કરતે હૈં. તો જ્ઞાનતત્ત્વ આત્મા ભગવાન વહ તો પરદ્રવ્ય જાનનેમેં જાનનેકા કાર્ય કરે, રાગ આયે તો જાનના, દ્વેષ આયે તો જાનના, શરીરકી અવસ્થા નિરોગ હો તો જાનના, રોગ હો તો જાનના. પરંતુ રોગ હુઆ શરીરમેં તબ ઠીક નહીં ઐસા જ્ઞાનમેં કહાં સે આયા? જ્ઞાન તો જાનનેકા સ્વભાવ હૈ. ઔર નિરોગતા વહ ઠીક હૈ ઐસા કહાં સે આયા? ઐસા રોગ-નિરોગ તો જડકી અવસ્થા હૈ. જ્ઞાન, જ્ઞેયરૂપસે જાને, હૈ બસ ઈતના. હૈ. તો યહ નિરોગતા ઠીક હૈ, સરોગતા ઠીક નહીં ઐસા જ્ઞેયકો જાનકર રાગ-દ્વેષકી ઉત્પત્તિ કરતા હૈ વહ મિથ્યાત્વરૂપી કર્મકા હી અનુભવ કરતા હૈ. અમરચંદભાઈ! આહા..હા..!

બહુત સંક્ષેપમેં જ્ઞાનતત્ત્વકી સ્થિતિકી પ્રતીતિ યથાર્થ હૈ કિ નહીં? જ્ઞાનતત્ત્વ ભગવાન આત્મા જાનને-દેખનેકા સ્વભાવ હૈ, વહ તો જાનના-દેખના સ્વભાવ (હૈ) તો વિષ્ટાકો દેખે, કસ્તુરીકો દેખે, લડકા હો, મનુષ્ય યહાં હો ઔર મર જાતા હો તો દેખે, જીંદા હો તો દેખે. વહ દેખના-જાનના ઉસકા સ્વભાવ હૈ. પરંતુ યહ લડકા મેરા ઔર મર ગયા, અરે..! મેરા (લડકા) મર ગયા, યહ કહાં સે આયા તુઝે?

મુમુક્ષુ :- ઊભું કર્યું.

ઉત્તર :- રાગનું ઊભું કર્યું. જ્ઞાનમેં હૈ નહીં, પરમેં હૈ નહીં. મિથ્યાભ્રમસે ખડા કિયા વહ. આહા..હા..! બાબુભાઈ! આવું કહે છે આ. મેડીનું શું સમજવું? મેડી કોની? મેડી મેડી, ક્યા કહતે હૈં તુમ્હારેમેં? બંગલા, હવેલી, મંદિર. લો, આ ૨૨-૨૨ માળનું મકાન કરે છે.

શું કરે છે? ૨૨-૨૨ માળ? એઈ..! માળ. યહ મકાન મૈંને બનાયા. તો કહતે હૈં, વહ તો જ્ઞેય હૈ. જાનને લાયક વહ તો જ્ઞેય હૈ, આત્મા જાનને લાયક બસ ઈતના હૈ. મૈં ઔર મેરા, બના વહ કહાંસે આયા? વહ તો દૃષ્ટિ વિપરીત ઔર કર્મકા અનુભવ કરતા હૈ વિકૃતકા. ઉસકો અધર્મ કા અનુભવ હૈ ઐસા કહતે હૈં. આહા..હા..! ભારે વાત ભાઈ!

જ્ઞાનતત્ત્વકા અર્થ જ્ઞાનકા સામર્થ્ય તત્ત્વકા, ભાવકા. તબ કોઈ કહે કિ ભાઈ નવ તત્ત્વ તો હૈ પરંતુ જ્ઞાનતત્ત્વ કહાંસે આયા? જ્ઞાનતત્ત્વ આત્મામેં સે આયા. હમારે ભાઈ થે ન વહ પ્રશ્ન કરતે થે. પ્રેમચંદભાઈ! જ્ઞાનતત્ત્વ કૌનસા તત્ત્વ? પ્રવચનસારકી પાંચ ગાથામેં સંસારતત્ત્વ આયા થા ન? ૨૭૧ ગાથા. સંસારતત્ત્વ નવ તત્ત્વમેં કૌનસા? પાંચ ગાથા આતી હૈ આખિરકી. સંસારતત્ત્વ. નવ તત્ત્વમેં ફિર સંસારતત્ત્વ કહાં સે આયા? સંસારતત્ત્વ વહ આસ્રવ ઔર બંધ સંસારતત્ત્વ. આત્મામેં વિકારી પરિણામ હો ઔર વહ મેરા યહ મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષકા પરિણામ વહ સંસારતત્ત્વ હૈ. સંસારતત્ત્વ કોઈ દૂસરા હોતા નહીં. આહા..હા..! કહો, ભીખાભાઈ! શું સમજવું આમાં હવે?

કહે છે કે હીરાભાઈ આ એક આમ દેખે અને જ્ઞાનનો જાણવાનો સ્વભાવ. બસ ઈતના હૈ. ઈસકે અતિરિક્ત યહ ઠીક, યહ મેરા યહ કહાંસે આયા? સર્વજ્ઞ પરમાત્મા જ્ઞાનકી પર્યાયમેં લોકાલોક જાનતે હૈં. બસ જાનતે હૈં. ઉસમેં કોઈ ઉસકા હૈં ઐસા આયા? સમજમેં આયા? વહ પૂર્ણ જાનતે હૈં ઔર પૂર્ણ જ્ઞેય ઉસકે જ્ઞાનમેં આતે હૈ. તો યહાં નિશ્ચય જ્ઞાનમેં જ્ઞાન જાનતા હૈ ઔર જ્ઞેય જનાનેવાલા, બસ ઈતના. ઉસકે ઉપરાંત યહ (મેરા) કહાંસે આયા? સમજમેં આયા? જ્ઞાન ભગવાન જાનન સ્વભાવ, જ્ઞાનતત્ત્વ-જ્ઞાનકા સત્ત્વ જ્ઞાનક સ્વરૂપ, જ્ઞાનકા ભાવ જાનના બસ. વહ જાને તો જ્ઞેય જાને. ચાહે સો જ્ઞેય કિસી ભી પ્રકારકા હો. યહ જ્ઞેયમેં છાપ નહીં પડી હૈ કિ યહ ઈષ્ટ-અનિષ્ટ હૈ. હૈ કોઈ જ્ઞેયમેં છાપ ઈષ્ટ-અનિષ્ટ હૈ? સમજમેં આયા? ગધેકો શક્કર ઠીક નહીં લગતી હૈ, ઉસકો .. ઠીક લગતી હૈ, તો ઠીક તો કલ્પનાસે હૈ ઐસા કહતે હૈં. ઠીક-અઠીક ઉસ શક્કરમેં નહીં હૈ. હૈ? તૃષા લગી હો તો આહા..હા..! ઉસમેં જો કોઈ ખારા પાની દે.

મુમુક્ષુ :- મુંહ બિગડ જાયે.

ઉત્તર :- મુંહ બિગડા નહીં, આત્મા બિગડા હૈ.

મુમુક્ષુ :- મુંહ બિગડા હૈ ઉસમેં આત્મા બિગડા હૈ યહ સિદ્ધ હોતા હૈ.

ઉત્તર :- હાં. ભગવાન! તું તો ભગ અર્થાત્ જ્ઞાન-લક્ષ્મીવાન તુમ હો. તેરા સ્વરૂપ તો ભગ અર્થાત્ જ્ઞાન, લક્ષ્મી વહ વાન-સ્વરૂપ તેરા હૈ. તેરા તો જ્ઞાનલક્ષ્મી સંપદા તેરી જ્ઞાન હૈ. તો જ્ઞાનસંપદાકા સ્વભાવ તો જાનના-દેખના હૈ. તત્ત્વ જો માનના હો તો જાનના-દેખના હૈ. ઉસ તત્ત્વકો નહીં માનતે હો, જ્ઞાનતત્ત્વકો નહીં માનતે હો તો જ્ઞેય જ્ઞેયકો નહીં માનતે તુમ. સમજમેં આયા?

જ્ઞેય ચાહે સર્વજ્ઞ હો, ચાહે કુદેવ હો. યહ ઠીક ઔર યહ અઠીક ઐસા ક્હાંસે ભેદ પડા? ઐસા કહતે હૈં. આહા..હા..! એઈ..! સંસાર ઉદ્ભવ હોનેમેં યહ હેતુ હૈ. ભગવાન ઉસકો યહ કહતે હૈં, દેખો ન. વહ કર્મકા ભોગના હૈ, આત્માકા ભોગના નહીં હૈ, આત્માકી વહ દશા નહીં. આત્માકી દશા નહીં, વહ અનાત્મ દશા હૈ. આહા..હા..! સુનનેમેં આયે નહીં સત્ય બાત, ઉપરસે ચલે જાયે. ધર્મ કરતે હૈં... ધર્મ કરતે હૈં... ધર્મ કરતે... ક્યા ધર્મ? ધર્મકા અર્થ સ્વભાવ, તો જ્ઞાનકા સ્વભાવ ક્યા? કિ જાનના-દેખના વહ તેરા ધર્મ. જાનના-દેખના વહ તેરા ધર્મ. જ્ઞાતા-દૃષ્ટા હોના વહ તેરા ધર્મ. વહ ભી જ્ઞેયકો જાનકર... પ્રતિકૂલતા, ચારોં તરફ પ્રતિકૂલતા હૈ. કહીં શાંતિ નહીં હૈ. શાંતિ પરમેં હોગી? હમણાં પુણ્યના ઉદયથી બધે ઠેકાણે ઠીક છે. એય..! પુણ્યકા ઉદય હૈ વહ ભી જ્ઞેય હૈ. પુણ્યકે ઉદયમેં ફલ મિલા વહ ભી જ્ઞાનકા જ્ઞેય હૈ. ઉસમેં ઠીક હૈ, અઠીક હૈ વહ આયા કહાં સે? ઐસા કહતે હૈં. નવનીતભાઈ! આહા..હા..!

જુઓ, આચાર્યોએ કઈ રીતે આ વાત મૂકી છે! ગજબ વાત! કુંદકુંદાચાર્યકી કથનપદ્ધતિ સર્વજ્ઞકો જો કહના હૈ વહ કહતે હૈં. સર્વજ્ઞ ભગવાન એક સમયમેં તીન કાલ તીન લોકકો દેખે. વહ બાત ચલી આતી હૈ ન? કિ જ્ઞાન સબકો દેખે ઔર જ્ઞેયપર્યાય તીન કાલકી જો જ્ઞેયપર્યાય હૈ વહ સબ અર્પિત હો જાયે. (જ્ઞેય)કી પર્યાય અર્પિત હો જાયે વહ બરાબર હૈ. ઐસે આત્મા જ્ઞાન હૈ, તો જાને વહ બરાબર ઔર જ્ઞેય ચાહે સો પ્રકારકા હો તો જનાયે વહ બરાબર હૈ. પરંતુ જનાયે ઔર જાને ઉસકે ઉપરાંત યહ મેરા, યહ ઉસકા, યહ ઠીક, યહ અઠીક, મુજે અભી અનુકૂલ હૈ, અભી પ્રતિકૂલ યહ આયા કહાં સે? યહ તેરી મિથ્યાદૃષ્ટિસે ભ્રમ ઉત્પન્ન કિયા હૈ તુને. જેઠાલાલભાઈ! આહા..હા..! સમજમેં આયા?

અચ્છી હવા ચલતી હો, ખિડકીમેં સે હવા આતી હો તો ખિડકી ખુલ્લી રખે. સમજે ન? ચીડીયા ન આયે તો અચ્છા .. પલંગ પર આરામ સે સોયે. મચ્છર ભી ન હો. સોનેકા સ્થાન અચ્છા હૈ. એઈ..! ભગવાન! તુ તો જાનનેવાલા હૈ ન? યહ તો જ્ઞેય હૈ. ઉસમેં અચ્છા કહાં સે આયા? છાપ હૈ અંદર અચ્છેકી? ઐસા માર્ગ હૈ ભગવાનકા. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' પછી બે પદ જોડ્યા છે ને ભાઈએ-હરિભાઈએ. શું હતા? ભૂલી ગયા. શું કીધું? બે પદ જોડી દીધા છે ઓલામાં. 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન, સમવસરણના મધ્યમાં સીમંધર ભગવાન.' એવું લખ્યું છે ઓલામાં—આત્મધર્મમાં આવ્યું છે, બહુ ઠીક લખ્યું છે. એમાં શું, બે કડી જોડી દીધી સરખી. આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્માને ઐસા માર્ગ કહા હૈ. ભગવાન! ચાહે સો પ્રસંગમેં, ચાહે સો ક્ષેત્રમેં, ચાહે સો અવસ્થામેં, ચાહે સો ભાવમેં, તેરા તો જાનના-દેખના સ્વભાવ હૈ, ઉસકે ઉપરાંત તેરા કોઈ સ્વભાવ તો હૈ નહીં પ્રભુ! આહા..હા..! તૂ કહાં સે આયા? ઉઠાવગીર કહાં સે લિયા કહતે હૈં. સમજમેં આયા? બહુત ભર દિયા હૈ ઉસમેં હોં!

વહ ભોગના કર્મકા હૈ, જ્ઞાનકા નહીં. ભગવાન! વહ તો વિકારકા, મિથ્યાત્વકા અનુભવ હૈ. સત્યકા અનુભવ નહીં, વહ મિથ્યાત્વકા અનુભવ હૈ. આહા..હા..! દેખો! વહ અધર્મકા અનુભવ હૈ ઐસા કહતે હૈં. આહા..હા..! વહ જ્ઞાનકા (અનુભવ) નહીં. જ્ઞાનકા તો જાનના-દેખના (સ્વભાવ હૈ) ઐસા જો જાને ઉસકો નિમિત્ત અનુકૂલ હો તો મેરે મેં કાર્ય હો, ઐસી બુદ્ધિ રહતી નહીં ઉસકો. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા કહે ઔર યહ જ્ઞાતા-દૃષ્ટા હૈ. ઔર માને કિ અનુકૂલ નિમિત્ત હો તો લાભ હોગા, પ્રતિકુલ હો તો નુકસાન હોગા, વહ આયા કહાં સે? આહા..હા..! સમજમેં આયા? દેખો! કહાં સે કહાં લાકર રખ દિયા! સર્વજ્ઞ ભગવાન એક સમયમેં શુદ્ધ ઉપયોગ સર્વજ્ઞકી પર્યાયકો પ્રાપ્ત અતીન્દ્રિય જ્ઞાન પૂર્ણ ઔર સારા જ્ઞેય ઉસમેં આ જાતા હૈ.

યહાં કહતે હૈં કિ ઇન્દ્રિયજ્ઞાનમેં ઐસા પૂર્ણ જ્ઞાન હો સકતા નહીં. વહ તો પરાધીન જ્ઞાન હૈ. ઇન્દ્રિયજ્ઞાનમેં જ્ઞેયકો જાનતે (હુએ) રાગ-દ્વેષ ઉઠાતે હૈં વહ સબ ઇન્દ્રિયજ્ઞાન પરાધીન મિથ્યાજ્ઞાનકા સેવન હૈ. આહા..હા..! સમજમેં આયા? '**નિર્વિકાર સહજ આનંદમેં લીન રહકર સહજરૂપસે જાનતે રહના વહી જ્ઞાનકા સ્વરૂપ હૈ;...**' લો! તત્ત્વ હૈ ન? જ્ઞાનતત્ત્વ. જ્ઞાનતત્ત્વ કહો, જ્ઞાનકા સ્વરૂપ કહો, જ્ઞાનકા ભાવ કહો. ભગવાન આત્મા જ્ઞાનભાવ સ્વરૂપ, જ્ઞાનતત્ત્વ સ્વરૂપ, ઉસકો જાનકર ઉસમેં આનંદ માનકર ઉસમેં રહના વહ જ્ઞાનકા સ્વભાવ હૈ. જાનના વહ જ્ઞાનકા સ્વરૂપ હૈ. ઐસા જ્ઞાનમેં રહકર, આનંદમેં રહકર પરકો જૈસા હૈ વૈસા જાને. બસ. સમજમેં આયા? યહ ધર્મ! આહા..હા..! ભારે ભાઈ ધર્મ! યહાં તો કહે, દયા પાલના વહ ધર્મ, વ્રત કરના ધર્મ. સુન ન ભગવાન! દયા ઔર વ્રત તો વિકલ્પ હૈ. વિકલ્પ કરના વહ જ્ઞાનકા સ્વભાવ હૈ? ઐસા કહતે હૈ યહાં. વાડીભાઈ! દેખો ઐસા સ્વરૂપ હૈ. આહા..હા..!

ભગવાન ચૈતન્યતત્ત્વ પરમભાવસ્વભાવ જ્ઞાનતત્ત્વ. વહ તો ચાહે સો નારકી ક્ષેત્રમેં હો, તો ભી વહ તો જાનના-દેખના ઔર આનંદમેં રહના વહ જ્ઞાનકા સ્વભાવ હૈ. સમજે? સમ્યગ્દૃષ્ટિકો ઐસા હોતા હૈ. મિથ્યાદૃષ્ટિકો, જિસકી દૃષ્ટિ મિથ્યા હૈ, વહ ક્ષણમેં ઔર પલમેં પરકો જાનકર, યહ ઠીક-અઠીક વિકલ્પ ઉઠાકર વિકારકા અનુભવ કરતે હૈ વહ મિથ્યાદૃષ્ટિ હૈ. ચાહે સો ભગવાનકી પ્રતિમાકો પૂજને બૈઠા હો. સમજમેં આયા? પરંતુ વહ પૂજામેં વિકલ્પ ઉઠે કિ યહ ઠીક હૈ, ઉસસે મુજે લાભ હુઆ, ઐસા જ્ઞાન તો, વહ જ્ઞેય હૈ ઉસકો જાને બસ ઇતના. સમજમેં આયા? ઉસ સમય રાગ આયા ઉસકો ભી જ્ઞાન જાને. આહા..હા..! સમજમેં આયા? પરંતુ ઉસકે ઉપરાંત મૈંને રાગ કિયા ઔર યહ જ્ઞેય ઇસસે મેરા ભાવ અચ્છા હુઆ યહ કહાંસે આયા? ઐસા કહતે હૈં. કલ્યાણજીભાઈ! આહા..હા..! અરે..! ભગવાનકા સત્ય સ્વરૂપ સુનનેકો મિલે નહીં વહ રુચિ કબ કરે? ઔર કબ જન્મ-મરણકા અંત લાવે? સમજમેં આયા?

'**જ્ઞેય પદાર્થમેં રુકના...**' દેખો! જાનતે સમય જ્ઞેયમેં રુક જાના. ઠીક-અઠીક કરકે રુક

જાના, રુકના વહ સ્વભાવ ઉસકા હૈ? '**ઉનકે સન્મુખ વૃત્તિ હોના,...**' ઉનકે સન્મુખ અકેલા લક્ષ્ય કરકે રાગ હોના '**વહ જ્ઞાનકા સ્વરૂપ નહીં હૈ.**' વહ જ્ઞાનકા ભાવ નહીં. વહ જ્ઞાનતત્ત્વ નહીં. આહા..હા..! સમજમેં આયા? બસ, વહ ૪૨વીં ગાથા પૂરી હુઈ.

'**(યદિ ઐસા હૈ) તો ફિર જ્ઞેય પદાર્થરૂપ પરિણમન જિસકા લક્ષણ હૈ ઐસી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયા ઔર ઉસકા ફલ કહાંસે (કિસ કારણસે) ઉત્પન્ન હોતા હૈ,...**' ઉત્પન્ન કહાંસે હુઆ? સમજમેં આયા? જ્ઞાન જાનકર, જ્ઞેયકો જાનકર જ્ઞેયાર્થ પરિણમન કરતા હૈ, ઉસ તરફ લક્ષ્ય કર રાગ-દ્વેષકા પરિણમન કરતા હૈ, વહ રાગ-દ્વેષકી ક્રિયા આયી કહાંસે? સમજમેં આયા? '**ઉસકા ફલ કહાંસે ઉત્પન્ન હોતા હૈ, ઐસા અબ વિવેચન કરતે હૈં :—**' ૪૩.

**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णिणदिणा भणिया।**
**तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।४३।।**

ઉસકે પીછે હૈ ન હરિગીત. કૌનસા હૈ? ૪૩.

**ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,**
**તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩.**

ઓહો..હો..! અન્વયાર્થ થોડા લેતે હૈ દેખો! '**(સંસારી જીવકે) ઉદયપ્રાપ્ત કર્માંશ (જ્ઞાનાવરણીય આદિ પુદ્‌ગલકર્મકે ભેદ) નિયમસે...**' હોતા હૈ. ઉદય તો આતા હૈ કિ નહીં કર્મકા? ઐસા કહતે હૈં. '**જિનવર વૃષભોંને કહે હૈં.**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ હોનેપર ભી પૂર્વકે કર્મકા ઉદય આતા હૈં. ઉદય આતા તો હૈ સંસારી જીવકો. '**જીવ ઉન કર્માંશોંકે હોને પર મોહી, રાગી અથવા દ્વેષી હોતા હુઆ...**' યહ મૈં હૂં, રાગ મૈં હૂં, દ્વેષ મૈં હૂં, પુણ્ય મૈં હૂં, ઐસા મિથ્યાદષ્ટિ હોકર મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષકો અનુભવતા હૈ વહ '**બંધકા અનુભવ કરતા હૈ.**' આત્માકા અનુભવ કરતા નહીં. સમજમેં આયા? ઈતના ભરા હૈ એક એક ગાથામેં સાર. અરે..! અનંત કાલમેં મનુષ્યભવ થોડા સમય રહા. કિસીકો તો બહુત સાલ નિકલ ગયે હૈં. ૫૦-૫૦ નીકળ્યા એને ૫૦ નીકળવાના નથી હવે. ૭૮માં ૭૮ના અડધાય નીકળવાના નથી હવે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ, એ તો દેહની સ્થિતિ વાત છે અત્યારે. વહ તો ઉસકી સ્થિતિ હોતી હૈ. પરંતુ યહ બાત યદિ ન કરે, ઈસ વસ્તુકી સમજ અંદર ન કરે તો કહીં આરા નહીં. ચોર્યાશીના અવતારમાં ક્યાં તણખલું ઊડીને જશે, તિનકા-તિનકા. તિનકા પવનમેં ઉડકર કહાં જાયેગા? ઐસે મિથ્યા ભ્રમમેં પડા હૈ. ખબર નહીં મૈં કૌન હૂં? ક્યા હોતા હૈ કુછ ખબર નહીં. ઐસા મિથ્યા ભ્રમમેં પડા વહ મિથ્યાત્વકે જોરસે કહાં ચલા જાયેગા? ચોર્યાસીકે અવતારમેં ચિટ્ટીયાં, કૌઆ, કૂત્તે, નરકમેં કહાં ચલા જાયેગા. આહા..હા..! સમજમેં આયા?

કહતે હૈં કિ અરે..! ભગવાન! તેરા જ્ઞાનતત્ત્વ હૈ ઔર તુમ જાનને-દેખનેવાલે હો ન. ઐસા તુ અનુભવ કર ન. મૈં તો જાનને-દેખનેવાલા હૂં. મૈં કિસીકા કરનેવાલા નહીં ઔર ઠીક-અઠીકમેં માનનેવાલા નહીં. સમજમેં આયા? ઐસે માને બિના ઔર ઐસા અનુભવ કરે બિના ઉસકે જન્મ-મરણકા અંત નહીં આતા. આહા..હા..! સમજમેં આયા?

'**ટીકા :- પ્રથમ તો, સંસારીકે નિયમસે ઉદયગત પુદ્ગલ કર્માંશ હોતે હી હૈં.**' જીવકો અજ્ઞાનભાવ સે નિમિત્ત હોકર જો કર્મ બંધા થા પૂર્વમેં, ઉસ કર્મકા ઉદય તો આતા હી હૈ. સમજમેં આયા? '**અબ વહ સંસારી, ઉન ઉદયગત કર્માંશોકે અસ્તિત્વમેં,...**' કર્મોંકે ઉદયકી હયાતીમેં '**ચેતતે-જાનતે-અનુભવ કરતે હુએ, મોહ-રાગ-દ્વેષમેં પરિણત હોનેસે જ્ઞેય પદાર્થોંમેં પરિણમન જિસકા લક્ષણ હૈ ઐસી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયાકે સાથ યુક્ત હોતા હૈ;...**' દેખો! કર્મકે ઉદયમેં જુડતા હૈ ઐસા કહતે હૈં. જ્ઞાનકે સાથ જુડતા નહીં. મૈં જ્ઞાન હૂં, મેરા તત્ત્વ ચૈતન્યપ્રકાશ મૂર્તિ હૈ, ઐસે અંતરમેં જ્ઞાનકે સાથ ન જુડકર, કર્મકે ઉદયમેં જુડકર યુક્ત હોકર, પરકે સાથ યુક્ત હોકર ઔર મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષકા અનુભવ કરતા હૈ. સમજમેં આયા?

'**મોહ-રાગ-દ્વેષમેં પરિણત હોનેસે જ્ઞેય પદાર્થોંમેં પરિણમન જિસકા લક્ષણ હૈ...**' વહ જ્ઞેય પદાર્થકા લક્ષણ હૈ. જ્ઞાતાકા પરિણમન નહીં ઐસે. ક્યા કહા સમજે? જ્ઞાતાકા પરિણમન નહીં હૈ. જ્ઞાન હૈ વહ તો જાનને-દેખનેકા પરિણમન વહ જ્ઞાતાકા પરિણમન હૈ, વહ આત્માકા પરિણમન હૈ. ચાહે સો પ્રસંગ હો, ઉસ પ્રસંગમેં જાનને-દેખનેમેં રહના ઔર યહ ઠીક-અઠીક નહીં કરના વહ આત્માકે જ્ઞાનમેં આત્માકા અનુભવ હૈ. વહ આત્માકા ભાવ હૈ, વહ જ્ઞાનકા ભાવ હૈ. ઔર પદાર્થકો દેખકર ઠીક-અઠીક કરકે રાગ-દ્વેષ કરના વહ કર્મકા ભાવ હૈ, વહ આત્માકા ભાવ નહીં. સમજમેં આયા?

'**ઐસી (જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ) ક્રિયાકે સાથ યુક્ત હોતા હૈ; ઔર ઈસલિયે ક્રિયાકે ફલભૂત બંધકા અનુભવ કરતા હૈ.**' દેખો! ક્રિયાકા ફલ વહ બંધકા અનુભવ કરતા હૈ. જડકા બંધ ઉસકા અનુભવ કરતા હૈ, આત્માકા અનુભવ કરતા નહીં. ભગવાન આત્મા જ્ઞાન-દર્શનસે ભરા હૈ, ઈસકી જિસકો પ્રતીત હો તો ક્ષણ ક્ષણમેં જ્ઞાનકી પર્યાયકા હી અનુભવ કરતા હૈ. વહ તો અબંધ આત્માકા અનુભવ કરતા હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય મૈં તો હૂં, જાનના-દેખના સ્વભાવ મેરા હૈ. રાગ-દ્વેષ ભી નહીં, પર ભી નહીં ઔર પરમેં જુડના વહ મેરા સ્વભાવ નહીં, મૈં તો અપને જુડુ વહ મેરા સ્વભાવ હૈ. ઓહો..હો..! સમજમેં આયા? ઐસા અપના જ્ઞાનસ્વભાવ ભગવાન અપને સાથ સંબંધ ન કરકે, પરકે સાથ સંબંધ કરકે રાગ, દ્વેષ ઔર મોહ ઉત્પન્ન કરતા હૈ, વહ બંધકા હી અનુભવ કરતા હૈ. જડકા હી અનુભવ હૈ ઉસકો. આહા..હા..! ચૈતન્યકા નહીં. સમજમેં આયા?

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા આનંદસ્વરૂપ, ઐસી જ્ઞાનકી દૃષ્ટિ હુઈ ઔર જ્ઞાનકા જ્ઞાન

હુઆ તો જ્ઞાન તો અપની પર્યાય અપનેમેં એકાગ્ર હોતી હૈ. વહ તો અબંધકા અનુભવ, અબંધ નામ આત્માકા અનુભવ (હૈ), ઉસકા નામ ધર્મ. આહા..હા..! ઔર પરપદાર્થકા લક્ષ્ય કરકે, મોહ ઉત્પન્ન કરકે, યહ મેરા હૈ, યે રાગ મેરા હૈ, વહ મેરા હૈ, વહ તેરા હૈ, ઐસા જ્ઞેયમેં વિભાગ કરતા હૈ, ઐસા જો મિથ્યાત્વભાવ ઔર ઉસમેં રાગ-દ્વેષ કરતે હૈં વહ બંધકા હી અનુભવ કરતે હૈં. વાસ્તવમેં વહ કર્મકા હી અનુભવ હૈ, વહ જડકા હી અનુભવ હૈ, વહ અચેતનકા અનુભવ હૈ, વહ જ્ઞાનકા અનુભવ નહીં. આહા..હા..! સમજમેં આયા?

કહો, લડ્ડુ ખાતા હો ઔર દાલમેં મક્ખી ન પડે ઈસલિયે સ્ત્રી પંખા કરતી હો (કિ જિસસે) મક્ખી ગિરે નહીં. સમજે? ઔર સુંદર મકાનમેં બૈઠા હો. અચ્છા દસ લાખ, બીસ લાખકા સંગેમરમરકા. સમજમેં આયા? તો કહતે હૈં, ઉસ સમયમેં જ્ઞાન મૈં જ્ઞાન હૂં, જાનનેવાલા હૂં, મૈં જ્ઞાનમેં એકાગ્ર હોઉં વહ મેરી ક્રિયા હૈ. ઐસે ન જાનકર વહ રાગ ઔર દ્વેષ ઔર વહ મેરા હૈ ઐસી માન્યતામેં જુડકર બંધકા હી અનુભવ, જડકા અનુભવ કરતા હૈ. ઓહો..હો..! દુઃખકા અનુભવ કરતા હૈ, જડકા અનુભવ, બંધકા અનુભવ હૈ, અબંધકા નહીં. સમજમેં આયા?

‘**ઔર ઈસલિયે ક્રિયાકે ફલભૂત બંધકા અનુભવ કરતા હૈ. (ઈસસે કહા હૈ કિ) મોહકે ઉદયસે હી (મોહકે ઉદયમેં યુક્ત હોનેકે કારણસે હી)...**’ મોહકે ઉદયસે અર્થાત્ યહાં ઉદય હુઆ ઉસમેં જુડ ગયા તો મોહકા ઉદય કહનેમેં આયા. સમજમેં આયા? અન્યથા આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઉસમેં જુડે તો મોહકા ઉદય ઉસમેં હૈ હી નહીં. થોડી સૂક્ષ્મ બાત તો હૈ. આહા..હા..! દેખો! ધર્મ-અધર્મકા સ્વરૂપ, ધર્મ-અધર્મકા રૂપ, ધર્મ-અધર્મકા ભાવ.

ભગવાન આત્મા જ્ઞાનતત્ત્વ હૈ. વહ જાનના-દેખના હોકર જ્ઞાનમેં એકાગ્ર હો તો આનંદ આતા હૈ, શાંતિ હોતી હૈ ઔર જ્ઞાનમેં એકાગ્રતા હૈ. વહ તો આત્માકા જ્ઞાન, આત્માકા ભાવ ઔર આત્માકા તત્ત્વ વહ તો બરાબર હૈ. ઉસકો છોડકર કર્મકે ઉદયમેં જુડકર, જ્ઞાનકી પર્યાય નયી ઉત્પન્ન હોતી હૈ ઐસે જ્ઞાનમેં એકાગ્ર ન હોકર, કર્મકે ઉદયમેં જુડકર જાનનેકી ચીજમેં યહ મેરા-તેરા ઐસા કરકે, મેરા-તેરા વહ મિથ્યાત્વભાવ હૈ ઔર રાગ-દ્વેષ કરતા હૈ વહ આસક્તિ રાગ-દ્વેષકી હૈ. સમજમેં આયા? ‘**(મોહકે ઉદયમેં યુક્ત હોને કે કારણસે હી) ક્રિયા ઔર ક્રિયાફલ હોતા હૈ,...**’ લો! રાગકી ક્રિયા ઔર રાગકા ફલ ઉસ કારણસે હુઆ- મોહકે કારણસે. મિથ્યાદૃષ્ટિ પરમેં ઠીક-અઠીક માનનેસે જ્ઞાનકી ક્રિયા હુઈ ઔર ક્રિયાફલ અનુભવ હુઆ ઉસકા. ઉસમેં આત્માકી ક્રિયા ઔર આત્માકા ફલ આયા નહીં. સમજમેં આયા?

‘**ભાવાર્થ :- સમસ્ત સંસારી જીવોંકે કર્મકા ઉદય હૈ, પરંતુ યહ ઉદય બંધકા કારણ નહીં હૈ.**’ દેખો! ઉદય બંધકા કારણ નહીં હૈ. કર્મકા ઉદય તો સબકો હૈ. બંધકા કારણ હો તો કભી અબંધ હો સકતા નહીં, સદા બંધ હી કરતા રહે. ‘**સંસારી જીવોંકે કર્મકા ઉદયે, પરંતુ યહ ઉધય બંધકા કારણ નહીં હૈ. યદિ કર્મનિમિત્તક ઈષ્ટ-અનિષ્ટ ભાવોંમે જીવ રાગી-દ્વેષી-મોહી હોકર પરિણમન કરે તો બંધ હોતા હૈ.**’ કહતે હૈ

ન કિ ભાઈ! કર્મકા ઉદય આવે તો આત્માકો બંધ હોતા હી હૈ. ઐસા નહીં હૈ. જ્ઞાન બંધકા કારણ નહીં, કર્મકા ઉદય બંધકા કારણ નહીં, કહતે હૈ ન અંદર? સમજમેં આયા? પીછે લેંગે વહ. જ્ઞાન ઉદય પ્રાપ્ત હોતા હૈ, હૈ ન? વહ બાદમેં આયેગા. ક્રિયાફલ કહા.

'**ઈષ્ટ-અનિષ્ટ ભાવોમેં જીવ રાગી-દ્વેષી-મોહી હોકર પરિણમન કરે તો બંધ હોતા હૈ. ઈસસે યહ બાત સિદ્ધ હુઈ કિ જ્ઞાન, ઉદય પ્રાપ્ત પૌદ્ગલિક કર્મ યા કર્મોદયસે ઉત્પન્ન દેહાદિકી ક્રિયાયેં બંધકા કારણ નહીં હૈં,...**' તીન શબ્દ લિયા. દેખો, યહાં અબ ભગવાનકે ઉપર લે જાના હૈ. ભગવાન તીર્થંકરકો પુણ્યફલ મિલા હૈ, શરીર મિલા હૈ ઐસા કહતે હૈં. પુણ્યફળ રૂપે શરીર મળ્યું છે, હોં! શરીરની ક્રિયા, ... વહ સબ પુણ્યકા ફલ, વહ ક્રિયા ઐસા કહતે હૈં. તબ વહ લોગ ઐસા અર્થ કરતે હૈં, પુણ્યફલા અર્હંતા. દેખો! પુણ્યફલકે ફળરૂપ અરિહંત હોતે હૈં. અરે..! ભગવાન! કહાં સે કહાં અર્થ લે ગયે. કહો, ઉસમેં ભી આયા હૈ વહ, ખાણિયાકી ચર્ચા. પુણ્યફલા અર્હંતા. યહાં કહતે હૈં કિ પુણ્યફલા અર્હંતાકા અર્થ પુણ્યકે ફલસે ઉસકો શરીર મિલા, વાણી મિલી વહ પુણ્યકા ફલ હૈ.

મુમુક્ષુ :- કેવલજ્ઞાન નહીં?

ઉત્તર :- કેવલજ્ઞાનકી બાત, આત્માકી બાત હૈ? આહા..હા..! ઈસલિયે તો લેતે હૈં. યહ ક્રિયાકા ફલ વહાં લેતે હૈં. આહા..હા..! સમજમેં આયા? વહ બતા દે કિ ઉસકો મોહઉદય હૈ નહીં. શરીર હો, શરીરકી ક્રિયા હો, વાણી હો, હિલના-ચલનેકી ક્રિયા હો, વહ તો પુણ્યકા ફલ ઉદયકી ક્રિયા હૈ, મોહ હૈ નહીં, બંધ હૈ નહીં. ઉદય બંધકા કારણ નહીં. જ્ઞાન બંધકા કારણ નહીં. સમજમેં આયા? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ વહ બંધકા કારણ હો? જો બંધકા કારણ જ્ઞાન હો તો બંધ છૂટે કબ? જાનના-દેખના બંધકા કારણ નહીં, કર્મકા ઉદય બંધકા કારણ નહીં. ઔર, સમજે? યહ દેહકી ક્રિયા વહ બંધકા કારણ નહીં. જ્ઞાન બંધકા કારણ નહીં. સમજમેં આયા? જાનના-દેખના જ્ઞાનકા સ્વભાવ વહ બંધકા કારણ નહીં.

'**ઉદય પ્રાપ્ત પૌદ્ગલિક કર્મ યા કર્મોદયસે ઉત્પન્ન દેહાદિકી ક્રિયાયેં બંધકા કારણ નહીં હૈં,...**' કર્મકા ઉદય હૈ વહ બંધકા કારણ નહીં ઔર બંધકે ઉદયસે દેહકી ક્રિયા, વાણીકી ક્રિયા હોતી હૈ વહ ભી બંધકા કારણ નહીં. સમજમેં આયા? '**બંધકે કારણ માત્ર રાગ-દ્વેષ-મોહભાવ હૈં.**' રાગ-દ્વેષ-મોહ હી બંધકા કારણ હૈ. લો! '**ઈસલિયે વે ભાવ સર્વપ્રકારસે ત્યાગને યોગ્ય હૈ.**' જ્ઞાનસ્વરૂપ મૈં જાનને-દેખનેવાલા હૂં, જ્ઞેય મેરેમેં જનાયે બસ ઈતના. ઐસા જ્ઞેયકે સાથમેં એકાકાર હોના, રાગસે એકત્વ હોના, દ્વેષસે એકત્વ હોના, મોહસે અપના માનના છોડ દે. સુખી હોના હો ઔર દુઃખસે મુક્ત હોના હો તો છોડ દે. અન્યથા દુઃખકે પંથમેં પડા હૈ. સમજમેં આયા? યહ શરીર મિલા વહ તો ઉસકા હૈ કિ નહીં? શરીર તો ઉસકા હૈ કિ નહીં? યે સબ સાથમેં હૈ ન, ઉંગલી.. યે સબ ક્યા કહતે હૈ? નાક, કાન સબ. ચોંટ્યું હશે આત્મા સાથે આ? ચોંટ્યા ક્યા કહતે હૈં? ક્યા હૈ? લગા હુઆ. ચિપકા

હુઆ. વહ ઠીક હૈ. આત્મા ઔર શરીર ચિપકા હૈ? બિલકુલ નહીં. તદ્દન ભિન્ન. જડ તો જડકી પર્યાય કરતા હૈ, આત્મા આત્માકી કરતા હૈ. કોઈ કિસીકી કરતા નહીં, કોઈ કિસીમેં હૈ નહીં. જડકી અવસ્થામેં આત્મા નહીં ઔર આત્માકી અવસ્થામેં જડ નહીં. પર્યાયમેં નહીં, દ્રવ્ય-ગુણમેં તો કહાંસે આયા? આહા..હા..! ચોંટી ગયું હોય એમ લાગે ને? આહા..હા..!

કહતે હૈં કિ ભાઈ! યહ દેહ હૈ વહ તો પૂર્વકે કર્મકા ફલ હૈ ઔર દેહકી ક્રિયા ભી કર્મકા ફલ હૈ. વહ પુણ્યબંધકા કારણ હૈ નહીં. તેરા જ્ઞાનસ્વભાવ જાનના-દેખના વહ બંધકા કારણ હૈ નહીં. સમજમેં આયા? તીન બાત લી. જાનના-દેખના બંધકા કારણ નહીં, વહ તો સ્વભાવ તેરા હૈ. કર્મકા ઉદય બંધકા કારણ નહીં, વહ તો પરચીજ હૈ ઔર ઉસકી ક્રિયા હોતી હૈ કર્મકે ઉદયસે હિલના, ચલના, બોલના વહ બંધકા કારણ નહીં. કહો, હિલના-ચલના હૈ વહ બંધકા કારણ નહીં. યહાં તો ભગવાનકે ઉપર બાત લે જાયેંગે. સમજમેં આયા? ભગવાનકો ભી કાયકી ક્રિયા હિલના-ચલના હોતા હૈ, વાણીકી ક્રિયા બોલનેકી ધ્વનિ ઉઠતી હૈ વહ બંધકા કારણ નહીં. આહા..હા..! તો નીચે ભી બંધકા કારણ નહીં. શરીરસે હિલના-ચલના-બોલના તો જડકી ક્રિયા હૈ. ચલના, બોલના તો સબ જડકી ક્રિયા હૈ, આત્માકી નહીં. સમજમેં આયા? તો બોલને-ચલને સે બંધ હૈ નહીં, જ્ઞાનસે બંધ નહીં ઔર કર્મકા ઉદય હુઆ ઉસસે બંધ નહીં. બંધ હૈ ઉસમેં યહ ઠીક-અઠીક કરના ઐસા મિથ્યાત્વભાવસે બંધ હૈ. કહો, ચીમનભાઈ! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ભગવાને ભાખેલો. ઓલામાં આવે ને, 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો... વિનય કરે ભગવાન.' એવું તો કહ્યું નથી ભગવાને. પણ આ તો કહ્યું છે ભગવાને. સમજાણું કાંઈ? છદ્મસ્થનો વિનય કરે એ તો કેવળી કરે નહીં. યહ તો કેવલીને કહા હૈ.

ભાઈ! તુમ્હારા સ્વરૂપ તો જ્ઞાન હૈ ન. તો જ્ઞાનકા જાનના-દેખના વહ ક્યા બંધકા કારણ હૈ? તો સર્વજ્ઞ તો તીન કાલ, તીન લોકકો દેખતે હૈં, ઉસકો બંધકા કારણ હોના ચાહિયે. વહ બંધકા કારણ હૈ નહીં. કર્મકા ઉદય બંધકા કારણ હૈ? કેવલીકો ભી અઘાતિકર્મકા ઉદય તો હૈ. સમજમેં આયા? બંધકા કારણ હૈ? ઔર ઉસકા ફલ હિલના-ચલના-બોલના વહ બંધકા કારણ હૈ? કેવલીકો ભી હિલના-ચલના-બોલના હોતા હૈ. ભગવાનકો બંધકા કારણ નહીં. ઐસે તેરે ભી કર્મકે ઉદયસે જડકી ક્રિયા હોતી હૈ વહ તુજે બંધકા કારણ નહીં. સમજમેં આયા? યહ બોલના-હિલના-ચલના વહ કર્મકે ઉદયસે હોતા હૈ ઐસા કહતે હૈં. કર્મકા ઉદય હૈ નિમિત્ત. ક્રિયા ઉસસે હુઈ જડકી. આત્માસે નહીં, આત્માકી નહીં. આહા.. ભારે વાત ભાઈ!

**'બંધકે કારણ માત્ર રાગ-દ્વેષ-મોહભાવ હૈં. ઈસલિયે વે ભાવ સર્વપ્રકારસે ત્યાગને યોગ્ય હૈ.'** અપના આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા નિર્ણય કરકે અપને જ્ઞાનમેં એકાગ્રતા હોના ઔર કર્મકા ઉદયકા લક્ષ છોડ દેના ઔર કર્મકે ઉદયસે દેહાદિ ક્રિયા હો તો ઉસકો જાનના, મેરેસે હુઈ ઐસે માનના નહીં. ઉસકા નામ પરકા ત્યાગ, મોહ-રાગ-દ્વેષકા ત્યાગ હૈ. સમજમેં

આયા?

'**અબ, ઐસા ઉપદેશ દેતે હૈં કિ કેવલીભગવાનકે ક્રિયા ભી ક્રિયાફલ (-બંધ) ઉત્પન્ન નહીં કરતી :—**' દેખો! કહાં લે ગયે અબ. મુકાબલા વહાં કરના હૈ ન કિ કેવલીકો ભી કર્મકા ઉદય હૈ. સુબહમેં છહ ઘડી, દોપહરકો છહ ઘડી, શામકો છહ ઘડી ઉપદેશ નિકલતા હૈં, એક ગાંવસે દૂસરે ગાંવ વિહાર કરતે હૈં, દેહકી ક્રિયા હોતી હૈ, સમવસરણમેં બિરાજતે હૈં ઐસા દિખતા હૈ. ધ્વનિ ઉઠતી હૈ ૐ... ધ્વનિ. સમજમેં આયા? વહ તો કર્મકી ક્રિયા હૈ, આત્માકી નહીં. આહા..હા..! લે! કર્મસે હોતા હૈ બોલના? આત્માસે ઉપદેશ..? આત્માસે ઉપદેશ નહીં ચલે? એઈ..! ઉપદેશ કરના (વહ) આત્મા કરતા હૈ કિ નહીં? ના. વહ તો વાણી હૈ. કર્મકા ઉદય નિમિત્ત હૈ ઔર વાણી ઉસસે નીકલતી હૈ તો કર્મકા કાર્ય કહનેમેં આતા હૈ. તેરા કાર્ય નહીં. ઓહો..હો..!

કેવલી ભગવાનકે ક્રિયા ભી ક્રિયાફલ બંધ... ક્રિયાફલ બંધ ઐસે. ક્રિયા હોતી હૈ ન શરીરાદિકી? ઉસકા ફલ તો બંધ. તો બંધ સર્વજ્ઞકો હોતા નહીં.

**ठाणणिसेज्जविहारा धम्मुवदेसो य णियदयो तेसिं।**
**अरहंताणं काले मायाचारो व्व इत्थीणं।।४४।।**

૪૪. ૪૪ હૈ ન?

**ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને,**
**વર્તે સહજ તે કાલમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.**

લો! એક બાર કહતે થે કિ ભગવાન નહીં બોલતે? ભગવાન પહલે સમયમેં ભાષાવર્ગણા ગ્રહણ કરતે હૈં ઔર દૂસરે સમય બોલતે હૈ. પાલિતાણામેં કહતે થે એક બાર, ૨૦૦૬ સાલ. દેખો! યે તો કહતે હૈ કિ ભાષા ભગવાન બોલતે નહીં. ભગવાનકો ભાષા નહીં. ભાષાકા કાર્ય જડ હૈ. તો ક્યા ભાષા જડ કરતા હૈ? કેવલી ભી વચનવર્ગણા પહલે સમય ગ્રહણ કરે, દૂસરેમેં છોડે. દેખો! કેવલીકો ભી ઐસા હોતા હૈ. આહા..હા..! વજુભાઈ! ૨૦૦૬ સાલમેં હુઆ થા. થે? પાલિતાણા.

યહાં તો કહતે હૈં, '**ઉન અર્હંત ભગવંતોકે ઉસ સમય ખડે રહના,...**' દેખો! શરીર સ્થિર હો જાના વહ કર્મકે ઉદયકી ક્રિયા હૈ. આત્માકો કુછ બંધકા કારણ હૈ નહીં. '**બૈઠના,...**' કાયોત્સર્ગ હો જાયે શરીરકી ક્રિયા હોં. સહજ હો જાયે બૈઠના. વહ કરતે નહીં. કર્મકા ઐસા ઉદય હો તો બૈઠ જાયે, ઐસા ઉદય હો તો ચલે વહ તો જડકી ક્રિયા હૈ, આત્માસે હોતી નહીં. કહો, સમજમેં આયા? '**બૈઠના, વિહાર...**' ઉસમેં શ્રીવિહાર લિખા હૈ. સંસ્કૃત હૈ ન. શ્રીવિહાર. શ્રીવિહાર હૈ ન? ભગવાનકા શ્રીવિહાર. હૈ અંદર સંસ્કૃતમેં હૈ. ઈસમેં નહીં હૈ. હિન્દીમેં નહીં હૈ. ઉસમેં હૈ. ભગવાનકા શ્રીવિહાર. ઉસમેં હૈ, ઈસમેં નહીં હૈ. ખડે રહના, ભગવાનકા દેહ સ્થિર હો જાના, બૈઠના, વિહાર '**ઔર ધર્મોપદેશ-સ્ત્રિયોંકે માયાચારકી**

**ભાંતિ,...'** સ્ત્રી કપટ બાંધકર આયી હૈ ન. તો સહજ ઉસકો માયા હો જાતી હૈ. સમજમેં આયા? યહ તો સિદ્ધાંત ઈતના સિદ્ધ કરના હૈ. કપટકા ઉસકો અભ્યાસ હો જાતા હૈ. માયા સબ .. સે ક્રિયા હોતી હૈ માયાચાર. કપટકે ફલરૂપ સ્ત્રી હૈ ન? તો ફલમેં કપટ, માયાચાર, પ્રયત્ન બિના ભી. પ્રયત્ન તો હૈ, પરંતુ ઈતના કહના હૈ કિ ઉસકા સ્વભાવ ઐસા હો ગયા. સમજમેં આયા? માયા કરના વહ તો સ્ત્રીકા સહજ સ્વભાવ હો ગયા હૈ. યે સબ સ્ત્રીકી બાત નહીં હાં!

**'સ્ત્રિયોંકે માયાચારકી ભાંતિ,** (ભગવાનકો) **સ્વભાવિક હી—પ્રયત્ન બિના હી હોતા હૈ.'** દેખો! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, ખડે રહના, બૈઠના ઔર વિહાર હોના, ધર્મ ઉપદેશ હોના કર્મકે ઉદયકી ક્રિયા હૈ, આત્મા વહ કરતા નહીં. ઓહો..હો..! આત્મા બિના હોતા હૈ? આત્મા બિના હોતી હૈ ઐસા કહતે હૈં યહાં. આત્માસે હોતી નહીં તો આત્મા બિના હી હોતી હૈ. સમજમેં આયા? તો દિવારમેં સે ક્યોં ધ્વનિ નહીં ઉઠતી? ભગવાન! ઉસ સમય પરમાણુકી પર્યાય જો ઉઠતી હૈ વહ જડમેં સે ઉઠતી હૈ. ભગવાન કરતે નહીં વાણીકો. ભગવાન વાણીકા કર્તા નહીં હૈ. આહા..હા..! જ્ઞાન કર્તા ઔર વાણી કર્મ ઐસા કલ આયા હૈ ચર્ચામેં. ખાણિયાકી ચર્ચા. ખાણિયા. આપકા ખાડિયા? ખાણિયા-ખાડિયા. બીચકે શબ્દમેં ફર્ક પડા. પહલા ઔર આખરી એક હી હૈ. ખાણિયા-ખાડિયા. ઉસમેં ણિ ઔર યહાં ડિ ઈતના ફર્ક હૈ ન? ખાણિયા હૈ જયપુરમેં ઔર ખાડિયા હૈ અહમદાબાદમેં. ખાણિયાકી ચર્ચા હૈ. દો પુસ્તક હૈ ન? ઉસમેં ઐસા લિયા હૈ, જ્ઞાન કર્તા હૈ ઔર ભાષા કાર્ય હૈ. શાસ્ત્રકા આધાર દિયા હૈ હાં, ઘરકા નહીં. લિખા હૈ, પરંતુ કિસ અપેક્ષાસે લિખા હૈ? ક્યા કહતે હૈ? યહાં તો યહ કહતે હૈં, ધર્મોપદેશ જડકી ક્રિયા હૈ ભગવાનકો. આત્માકી ક્રિયા હૈ? આત્માસે વાણીકી ધ્વનિ ઉઠતી હૈ? આત્મામેં વાણી પડી હૈ? આત્મામેં તો જ્ઞાન ઔર આનંદ પડા હૈ. .. કરે તો સર્વજ્ઞ હોગા. સર્વ આનંદ હુઆ. વાણીકી ધ્વનિ ભગવાન કરતે હૈ? ઐસે નીચે ભી વાણી આત્મા નહીં કરતા હૈ ઐસા કહતે હૈં. સમજમેં આયા?

એકને પૂછા કિ યહ વાણી આત્મા બોલતા હૈ? તેરા બાપ બોલતા હૈ? યહ કૌન બોલતા હૈ? લો ઉસને ઐસા જવાબ દિયા. નવનીતભાઈ! મહારાજ! યહ ભાષા આત્મા બોલે? યહાંસે સુનકર ગયા થા ઔર પૂછા કિ મહારાજ! વાણી આત્મા બોલ સકે? અહમદાબાદમેં હુઆ હૈ. તો ઉસને કહા, તેરા બાપ બોલતા હૈ? કૌન બોલતા હૈ? બાપ નહીં બોલતા હૈ પરંતુ વાણી બોલતી હૈ. સુન ન. આહા..હા..! અરેરે.. ભગવાન!

યહાં તો કહતે હૈં કિ વાણીકી ક્રિયા જડસે હોતી હૈ. આત્મા કર્તા (નહીં), અજ્ઞાની ભી કર્તા નહીં. યહાં તો સર્વજ્ઞકા દૃષ્ટાંત દેકર વહ ક્રિયા લેના હૈ ન? કર્મકે ઉદયકી ક્રિયા ઔર ઉદયકે ફલકી ક્રિયા સબ બંધકા કારણ નહીં. વહ પરકી ક્રિયા હૈ. પરકી ક્રિયાસે આત્માકો બંધ હોતા હૈ? સમજમેં આયા? આહા..હા..! મૈં બોલતા હૂં, મેરી ભાષા હૈ ઐસી મિથ્યા

માન્યતા વહ બંધકા કારણ હૈ. સમજમેં આયા? મૈં ઉપદેશ દેતા હૂં, ઉપદેશ મૈં કરતા હૂં, ઐસી મિથ્યા માન્યતા બંધકા કારણ હૈ.

કહતે હૈં કિ ભગવાનકા વિહાર આદિ સબ પૂર્વ કર્મકે ઉદયસે હોતા હૈ. કેવલી તો સર્વજ્ઞ હૈં. વે તો સબકો જાનતે હૈં. ઈસ સમય દેહકી ક્રિયા ઐસી હોગી, ઈસ સમય ધ્વનિ હોગી. વહ તો જબસે કેવલજ્ઞાન હુઆ તબસે જાનતે હૈં, કોઈ નયા જાનના નહીં હૈ. તો ઉસકો બંધકા કારણ હૈ નહીં. તો નીચે ભી કોઈ પ્રાણીકો હલના, ચલના, બોલનેકી ક્રિયા જડકી હૈ ઉસસે આત્માકા બંધ હૈ નહીં. જો મૈં બોલતા હૂં, મેરી ક્રિયા દેહકી મૈંને બરાબર કી ઐસી માન્યતા કરતે હૈ તો મિથ્યાત્વસે ઉસકો નયા બંધ પડતા હૈ, જ્ઞાનીકો નયા બંધ પડતા નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૭, રવિવાર, તા. ૧૩.૧૦.૧૯૬૮**
**ગાથા-૪૪-૪૫, પ્રવચન-૩૫**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન ચલતા હૈ. આત્મા જ્ઞાનસ્વરૂપી હૈ. આત્મા વહ 'જ્ઞ' સ્વભાવ હૈ 'જ્ઞ'. ઉસ કારણ યહાં જ્ઞાનપ્રજ્ઞાપન અધિકાર લિયા હૈ કિ આત્મા 'જ્ઞ' સ્વભાવ હૈ, જ્ઞાયકસ્વભાવ હૈ, જ્ઞાનસ્વભાવ હૈ. ઉસકા સ્વભાવ હી સર્વજ્ઞસ્વભાવ હૈ. સમજમેં આયા? આત્મા જ્ઞાનસ્વભાવકા અર્થ 'જ્ઞ'-સ્વભાવ. વસ્તુ, વસ્તુકા સ્વભાવ 'જ્ઞ'. 'જ્ઞ' અર્થાત્ જ્ઞાન, જ્ઞાન અર્થાત્ પરિપૂર્ણ સર્વજ્ઞસ્વભાવ હી આત્માકા હૈ. ઐસા આત્માકે અંતર્મુખ હોકર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરકે, મૈં સર્વજ્ઞસ્વભાવી આત્મા હૂં. રાગ ભી નહીં, પુણ્ય ભી નહીં, અલ્પજ્ઞપના નહીં. સમજમેં આયા? ઐસા અંતર સ્વભાવ પૂર્ણ જ્ઞાનમય અખંડ એક ઐસા અંતરમેં અનુભવ કરકે જ્ઞાનકી—આત્માકી પ્રતીતિ-નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કરના વહ ધર્મકી પહલી ભૂમિકા હૈ. ઔર ઉસકે સાથ સ્વસંવેદનજ્ઞાન હોના, જ્ઞાનકા જ્ઞાનકે સાથ વેદન. રાગસે નહીં. ઐસા સ્વાભાવિક જ્ઞાન હૈ તો જ્ઞાનકી પર્યાયસે જ્ઞાતામેં એકાકાર હોકર જ્ઞાનકા જ્ઞાનસે સ્વ-અપના, સં-પ્રત્યક્ષ, વેદન (કરના) ઉસકો સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન કહતે હૈં. ઉસ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક આચાર્ય મહારાજ કહતે હૈં કિ હમ સામ્યભાવ અંગીકાર કરતે હૈં.

શરૂઆતમેં યહાં સે લિયા હૈ કિ હમારા જ્ઞાનસ્વરૂપ આત્મા વહ ભી ઉપયોગરૂપ પરિણમન કરતા હૈ, રાગાદિ નહીં, વિકલ્પ નહીં. યહ શુદ્ધ ઉપયોગકા પરિણમન વહ ચારિત્ર હૈ, સામ્યભાવ હૈ, શુદ્ધ ઉપયોગ હૈ, વહ મુનિપના હૈ. સમજમેં આયા? ઔર ઉસ મુનિપને કે પ્રતાપસે ઐસે શુદ્ધ જ્ઞાયક ચૈતન્યમેં શુદ્ધ ઉપયોગમેં અંતર્મુખ રમણતા હોને સે, અંતર્મુખમેં સર્વજ્ઞ શક્તિ

પ્રગટ જો પડી હૈ, વહ પર્યાયમેં કેવલજ્ઞાનસે સર્વજ્ઞદશા પ્રગટ હો જાયેગી. શુદ્ધ ઉપયોગકા ફલરૂપ સર્વજ્ઞપના પ્રાપ્ત હોગા. સમજમેં આયા? ક્યોંકિ જો સર્વજ્ઞપર્યાય પ્રગટ હોગી વહ હમારે આત્મામેં પડી હૈ, ઉસકા હમને ધ્યાન કિયા હૈ. દર્શન-જ્ઞાન સહિતમેં ઉપશમભાવ, સામ્યભાવસે ધ્યાન કિયા હૈ કિ યહ આત્મા સર્વજ્ઞસ્વભાવી, અરિહંતસ્વરૂપી આત્મા હૈ. સમજમેં આયા? ઐસા શુદ્ધ ઉપયોગકા આચરણરૂપ ચારિત્રકે પ્રતાપસે ઉસકા ફલ સર્વજ્ઞપદ હૈ. શક્તિમેં હૈ ઐસા પર્યાયમેં કેવલજ્ઞાન પ્રગટ હો જાતા હૈ. યહ કેવલજ્ઞાન એક સમયમેં તીન કાલ તીન લોકકો જાનતા હૈ. ઐસી ઉસકી શક્તિકી પરિપૂર્ણ સામર્થ્યતા હૈ.

યહ કેવલજ્ઞાન હુઆ, તો કહતે હૈં કિ ઉસકો ક્રિયા હૈ ન? હિલના-ચલના-બોલનેકી ક્રિયા હૈ ન? તો ક્રિયા હો, પરંતુ ક્રિયાકા ફલ ઉસકો નહીં મિલતા. ક્યોંકિ ક્રિયા-જડકે ઉદયસે જડકી ક્રિયા હૈ. સમજમેં આયા? વહ લિયા ન? ઉપદેશસે કેવલી ભગવાનકી ક્રિયા આદિ ક્રિયાફલ ઉત્પન્ન નહીં કરતી. ક્રિયા હોતી હૈ જડકી. વિહાયગતિકે કારણ હલન-ચલન હોતા હૈ દેહકી ક્રિયા ઔર ભાષાપ્રકૃતિકે ઉદયસે દિવ્યધ્વનિ આદિ હોતી હૈ. વહ ક્રિયા જડકે ઉદયસે હૈ તો ઉસ ક્રિયાકા ફલ બંધન નહીં. ક્યોંકિ મોહભાવકા યહાં અભાવ હૈ. સમજમેં આયા? વહ દૃષ્ટાંત દેકર કહતે હૈં દેખો! સ્ત્રીકા દૃષ્ટાંત દિયા હૈ ન? પીછે દૃષ્ટાંત દેતે હૈં દેખો!

'**ઔર યહ (પ્રયત્નકે બિના હી વિહારાદિકા હોના), બાદલકે દૃષ્ટાંતસે અવિરુદ્ધ હૈ.**' બીચમેં આયા. ૪૪વીં ગાથા. ૪૪વીં ગાથા હૈ ન? બીચમેં આયા હૈ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર.. દેખો! આત્માકા ચારિત્રકા ફલસ્વરૂપ કેવલજ્ઞાન હોતા હૈ ઐસી ચીજ હૈ. કેવલજ્ઞાનકા સામર્થ્ય ઔર કેવલજ્ઞાન હોનેસે દેહકી ક્રિયા હોનેપર ભી ઉસકો બંધ હૈ નહીં. ક્યોંકિ વહ તો કર્મકે ઉદયકી ક્રિયા જડકી હૈ. અપને સાથ કુછ સંબંધ હૈ નહીં. સારા દેહ ઔર દેહકી ક્રિયા ઔર વાણીકી ક્રિયા કેવલજ્ઞાનીકા જ્ઞેય હૈ. જ્ઞેય હૈ, અપના હૈ નહીં. સમજમેં આયા? તો કહતે હૈં કિ '**(પ્રયત્નકે બિના હી વિહારાદિકા હોના), બાદલકે દૃષ્ટાંતસે અવિરુદ્ધ હૈ. જૈસે બાદલકે આકારરૂપ પરિણમિત પુદ્‌ગલોંકા ગમન,...**' દેખો! '**બાદલકે આકારરૂપ પરિણમિત...**' હોના. ઉસકે પરમાણુકે સ્વભાવસે સ્કંધકા બાદલરૂપ પરિણમન હોતા હૈ. વહ '**ગમન,...**' ઔર પુદ્‌ગલોકા ગમન. ગમન કરતા હૈ ન બાદલ? સહજ ઉસકા સ્વભાવ ગમન કરના હૈ. ઔર '**સ્થિરતા,...**' બાદલ ઠહર જાયે, વહાં સ્થિર હો જાયે. દો. ઔર '**ગર્જન...**' બાદલમેં ગર્જના હોતી હૈ, આવાજ. વહ ભી સ્વભાવસે ઉસમેં હોતી હૈ. '**ઔર જલવૃષ્ટિ...**' ગર્જન પીછે વૃષ્ટિ હોતી હૈ ન? ન હો, ફિર ભી જલવૃષ્ટિ હોતી હૈ વહ સિદ્ધ કરના હૈ.

'**જલવૃષ્ટિ પુરુષ-પ્રયત્નકે બિના ભી દેખી જાતી હૈ,...**' પુરુષકા પ્રયત્ન નહીં (હો) ફિર ભી ઉસ બાદલકા પુદ્‌ગલ આકાર પરિણમના, ગમન હોના, સ્થિર હોના... સમજમેં આયા? ઔર ગર્જન હોના, જલવૃષ્ટિ હોના ઐસા પુરુષકે પ્રયત્નકે બિના સહજ પુદ્‌ગલકી સ્વભાવિક પર્યાયસે ઐસા હોતા હૈ. કહો, સમજમેં આયા? વહ કોઈ દેવ નહીં હૈ ઉસકા કર્તા. લોગ

કહતે હૈં ન, મહાદેવ દેવ હૈ. મેઘરાજા કહતે હૈં કિ નહીં? કોઈ દેવ હૈ નહીં. વહ પુદ્ગલકા પરમાણુકા પરિણમન ઉસ પ્રકારકા હોકર ગમન, સ્થિર હોના, ગર્જન હોના ઔર જલવૃષ્ટિકા હોના—વહ પુદ્ગલકે પરમાણુ ઉસકે (પુરુષકે) પ્રયત્નકે બિના સ્વભાવિક હોતા હૈ.

'**ઉસીપ્રકાર કેવલીભગવાનકે ખડે રહના...**' દેખો! પૂર્ણ દશા જહાં પ્રાપ્ત હુઈ ઈચ્છાકે અભાવરૂપ ઔર ઈચ્છાકા નાશ કરકે પીછે કેવલજ્ઞાન ઉત્પન્ન હુઆ હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન હુઆ—પરિપૂર્ણ પરમાત્મા મૈં હૂં ઐસી પ્રતીત જ્ઞાનકે અનુભવમેં હુઈ. ઔર જ્ઞાનકે વેદનમેં સારા આત્મા જ્ઞાનમય હૈ ઐસા આયા. ઔર પીછે સ્વરૂપમેં સ્થિરતા આયી. સ્થિરતા કરકે ઈચ્છા કા નાશ હુઆ ઔર ઈચ્છાકા નાશ હોકર વીતરાગતા હુઈ. વીતરાગતા હોકર કેવલજ્ઞાન હુઆ. યહ સર્વજ્ઞપદ પ્રાપ્ત કરનેકી ક્રમ વિધિ ભી સાથમેં બતાઈ. સમજમેં આયા? તો ઐસે કેવલી ભગવાનકો ખડે રહના સહજ હોતા હૈ કર્મકે ઉદયસે. નિમિત્તસે કહના હૈ ન? બાકી પરમાણુકી પર્યાય ઐસે હી વહાં હોનેવાલી હૈ. ઉસમેં કર્મકા નિમિત્ત હોતા હૈ. સમજમેં આયા? વિહાયગતિ નામ(કર્મ)પ્રકૃતિ ભાઈ! વિહાયગતિ નામકી એક પ્રકૃતિ હૈ નામકર્મકી. ઉસ કારણસે સ્થિર હો, ગમન હો, વિહાયગતિકા પરિણામ હૈ. પરમાણુકી પર્યાય વિહાયગતિ એક હૈ વહ નિમિત્ત હૈ, ઔર પરમાણુકા શરીરકા ગમન ઉસ નિમિત્તમેં વહ નિમિત્ત હૈ નૈમિત્તિકમેં. ખડા રહના હો જાયે. કેવલી તો દેખતે હૈં, કેવલીકો કુછ હૈ નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- કેવલી ભગવાન વિહાર નહીં કરતે?

ઉત્તર :- કેવલી ભગવાન વિહાર કરતે નહીં. વિહાર હોતા હૈ (ઐસી) જડકી પર્યાયકો જાનતે હૈ. વહ તો પહલે સમયમેં જાના હૈ કેવલજ્ઞાન જબસે હુઆ હૈ વહાંસે. યહ શરીર પીછે ઐસા ચલેગા, ઐસી વાણી નીકલેગી (ઐસા) જબ કેવલજ્ઞાન હુઆ તબસે જાના હૈ. જ્ઞેય હૈ. અપના જ્ઞેય નહીં, પરજ્ઞેય હૈ. પરજ્ઞેયકા જ્ઞાન તો કેવલજ્ઞાનમેં સ્વપરપ્રકાશક (જ્ઞાન) હોતે હો ગયા હૈ. સમજમેં આયા? દેખો અરિહંતપદકા જ્ઞાન કરાતે હૈં કિ કૈસા અરિહંતપદ હૈ ઔર વહ કૈસે પ્રાપ્ત હોતા હૈ? શુદ્ધ ઉપયોગકી રમણતા ચારિત્રસે પ્રાપ્ત હોતા હૈ. ઔર વહ ચારિત્ર કૈસે પ્રાપ્ત હોતા હૈ? કિ પહલે સમ્યગ્દર્શન-જ્ઞાન હો ફિર ચારિત્ર પ્રાપ્ત હોતા હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન કૈસે પ્રાપ્ત હોતા હૈ? કિ દ્રવ્યસ્વભાવકા આશ્રય લેને સે પ્રાપ્ત હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા?

ભગવાન સર્વજ્ઞદેવકો કૌન હજી પહચાનતા હૈ? ભગવાનને કર્મકા નાશ કિયા, ભગવાનકો ઐસા ચાર અઘાતિ બાકી હૈ. ઉસકો હૈ હી નહીં. વહ તો કેવલજ્ઞાની જ્ઞાનકા જ્ઞેય કરકે જાનતે હૈં. ભગવાનકો ચાર કર્મ હૈં. ના. યહાં તો ના કહતે હૈં. યહાં તો જ્ઞાન હૈ ભગવાનકો. સમજમેં આયા? ભગવાનને ચાર કર્મકા નાશ કિયા. નહીં, ઉસને કુછ નાશ કિયા હી નહીં. વહ તો નાશ ઉસકે કારણસે હો જાયે. અપને સ્વરૂપકી...

મુમુક્ષુ :- શાસ્ત્રમેં આતા હૈ.

ઉત્તર :- શાસ્ત્રમેં આતા હૈ વહ તો નિમિત્તકા કથન હૈ. વીતરાગતા જબ પ્રગટ હુઈ તો કર્મ ઉસકે કારણસે નાશ હોનેકી પર્યાયકા અપના કાલ થા તો નાશ હુઆ. વીતરાગતા હુઈ તો નાશ હુઆ ઐસા ભી નહીં. આહા..હા..! સમજમેં આયા?

ખડે રહના ઔર ચલના... ઈત્યાદિ શબ્દ હૈ ન દેખો! '**ખડે રહના, બૈઠના, વિહાર...**' શ્રીવિહાર ઐસા લિખા હૈ જયસેનાચાર્યમેં. શ્રીવિહાર. ભગવાનકા શ્રીવિહાર. શ્રીવિહાર હોતા હૈ. વિહાયગતિ નામકી નામપ્રકૃતિ હૈ ઉસ કારણસે ઐસા હોતા હૈ. સમજમેં આયા? ભગવાન તો કેવલજ્ઞાની હૈં. ઉસકો, મૈં યહા બૈઠું, ખડા રહું ઐસી ઈચ્છા હૈ? મૈં બોલું ઐસી ઈચ્છા હૈ? કઠિન બાત. ઈચ્છા બિના હોતા હૈ. વહ .. યહ ઈચ્છા વિના બકતે હૈ કિતના. ખબર નહીં ઐસા બકતે હૈ. છદ્મસ્થ ઈચ્છા વિના બકતે હૈ. એક થા હમારે પોરબંદર. ... ક્યા નામ? ગીરધર. ગીરધર .. ફિર દુપહર કો જમાલીકા જાતે થે. જમાલીકા અધિકાર તો સુને તો કુછ યાદ નહીં. રાત્રિકો સોતા હો તો બોલે. જમાલી યહ કૌન બોલતા હૈ? જીવ શાશ્વત હૈ કિ અશાશ્વત? નિત્ય હૈ કિ અનિત્ય? રાતમેં બોલે. સોતે સોતે બોલતા હૈ. ઈચ્છા બિના ઉસપ્રકારકી પરમાણુકી પર્યાય છદ્મસ્થકો હોતી હૈ તો કેવલજ્ઞાનીકો હો ઉસમેં ક્યા આશ્ચર્ય હૈ? ઐસા કહતે હૈ. સમજમેં આયા?

યહ કહતે હૈં. '**ખડે રહના, બૈઠના,...**' મૈં બૈઠું ઐસી ઈચ્છા ભગવાનકો નહીં. વહ તો જાનતે હૈં કિ યહ શરીર બૈઠ જાતા હૈ, શરીર ચલતા હૈ. આહા..હા..! કેવલજ્ઞાન કિસકો કહે? '**વિહાર કરના...**' ચલો ભાઈ યહાં મહિના હો ગયા. ચલો વિહાર કરે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- કોઈ જાતે નહીં. વહ તો ઉસકી વિહાયગતિકા ઉદય હૈ તો શરીરકી ક્રિયા ગમન(રૂપ) વર્તતી હૈ. ભગવાન કરતે હૈ નહિ. ભગવાન તો જાનતે હૈં પહલેસે. ઉસ સમયસે નહીં પહલેસે. આહા..હા..! એક આત્માકા કિતના સામર્થ્ય હૈ કિ પૂર્ણ કેવલજ્ઞાન, ક્ષાયિકજ્ઞાન હુઆ તબ ભી વહ ક્રિયા હોતી હૈ વહ જડકે કારણસે હોતી હૈ, જ્ઞાનકે સામર્થ્યસે નહીં. સમજમેં આયા? ક્ષાયિકજ્ઞાન ઔર ક્ષાયિકવીર્ય. અનંતવીર્ય, અનંતવીર્ય. પરંતુ અનંત વીર્ય તો અપની પર્યાયમેં પરિણમન હૈ. યહ વીર્યકા ગમન કરનેકા કામ હૈ? સમજમેં આયા? .. કામ કરો, દિવ્યધ્વનિ ભગવાન કરે, પુણ્યબંધકા કારણ હૈ. અરે..! જ્ઞાન કારણ ઔર દિવ્યધ્વનિ કાર્ય-ઐસા હોતા હૈ? લિખા હૈ ઐસા જયધવલમેં. વહ તો નિમિત્ત ક્યા હૈ ઉસકા જ્ઞાન કરાનેકી બાત કહી હૈ. ક્યા કહે?

યહાં કહતે હૈં દેખો! '**વિહાર કરના ઔર ધર્મદેશના...**' દેખો! વાણીકા નિકલના સહજ ભાષાપ્રકૃતિકે ઉદયસે સહજ હોતા હૈ. ભગવાનકો નહીં (કિ) મૈં ઉપદેશ કહું ઔર જૈસા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ દેખકર મૈં કહું. હૈ ઐસા? દિવ્યધ્વનિ ઐસી ઉઠતી હૈ. સહજ પ્રકૃતિકી નામકર્મકી પ્રકૃતિ ભાષા હૈ ઉસકે ઉદયસે સહજ નીકલતી હૈ. ભગવાન ઉસકા કર્તા નહીં.

વાણીકા કર્તા નહીં, વિહારકા કર્તા નહીં, બૈઠનેકા કર્તા નહીં, ઉઠનેકા કર્તા નહીં. જ્ઞાનકા કાર્ય વહ હૈ હી નહીં. વહ તો પરકા કાર્ય હૈ. સમજમેં આયા? નીચે ભી હિલના-ચલના વહ ભી જડકી ક્રિયા હૈ, આત્માકી ક્રિયા નહીં. સમજમેં આયા? ઈચ્છા હો તો મૈં ચલું તો ઈચ્છા કર્તા ઔર ચલના કાર્ય ઐસા હૈ હી નહીં. ઈચ્છા હો તો મૈં ઐસે બોલું તો ઈચ્છા કર્તા ઔર બોલનેકી ક્રિયા કાર્ય ઐસા હૈ નહીં. જડકી પર્યાય જડસે ઉસ સમયમેં હોનેવાલી હો, ભાષા તો હોતી હૈ, હલન-ચલન ભી જડકી પર્યાયસે હોતી હૈ. બહુત નામ લિયે હૈં ઉસમેં. ચિદ્વિલાસમેં, અનુભવપ્રકાશ. સમજમેં આયા?

કહતે હૈ **'કેવલીભગવાનકે ખડે રહના ઈત્યાદિ અબુદ્ધિપૂર્વક હી (ઈચ્છાકે બિના હી) દેખા જાતા હૈ.'** ઈચ્છા બિના દેખા જાતા હૈ ઐસા કહતે હૈ યહાં તો. છદ્મસ્થ ભી ઈચ્છા બિના રાત્રીકો બોલતે હૈં, .. આ જાતા હૈ. આ જાતા હૈ કિ નહીં? ઈચ્છા નહીં હૈ પૈર ફિસલ જાતે હૈં. લપસી જાતે હૈ કહતે હૈ ન? ક્યા કહતે હૈ? ફિસલ જાતે હૈં. કેલા હોતા હૈ કેલેકા છિલકા. સીમેન્ટકી (ફર્સ). કેલેકે છિલકેકે ઉપર પગ આવે. ઈચ્છા થી? જડકી પર્યાય પરમાણુકી એક સમયમેં હોતી હૈ વહ અપની ઈચ્છા બિના હોતી હૈ. આહા..હા..! સમજમેં આયા? તો ભગવાનકો હી ઈચ્છા બિના સબ હલન-ચલન હોતા હૈ. આહા..હા..! કહો, કેવલીભગવાનકો .. હોતા હૈ.

**'ઈસલિયે યહ સ્થાનાદિક** (-ખડે રહના, બૈઠને ઈત્યાદિ વ્યાપાર), **મોહોદયપૂર્વક ન હોનેસે,...'** દેખો! યહ જડકી ક્રિયામેં રાગ ન હોનેસે. મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ-મોહ ઉદયકા ભાવ ન હોનેસે. **'ક્રિયાવિશેષ (ક્રિયાકે પ્રકાર) હોને પર ભી...'** દેખો! વિશેષ ક્રિયા ઉસપ્રકારકી હુઈ ફિર ભી **'કેવલી ભગવાનકે ક્રિયાફલભૂત...'** પરંતુ ઉસ ક્રિયાકા ફલ **'બંધકે સાધન નહીં હોતે.'** બંધકા સાધન ક્રિયા નહીં. સમજમેં આયા? જ્ઞાન બંધકા કારણ નહીં, કર્મકા ઉદય ભી બંધકા કારણ નહીં, વહ ક્રિયા બંધકા કારણ નહીં, બંધકા કારણ મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષ હો તો વહ બંધકા કારણ હૈ. ભગવાનકો તો હૈ હી નહીં વહ. મોહ ઉદય હૈ નહીં.

**'ભાવાર્થ :- કેવલી ભગવાનકે સ્થાન, આસન ઔર વિહાર, યહ કાયયોગસંબંધી ક્રિયાયેં...'** યહ કાયકી ક્રિયા કહી. વિહાયગતિ... **'દિવ્યધ્વનિસે નિશ્ચય-વ્યવહારસ્વરૂપ ધર્મકા ઉપદેશ...'** દેખો! ભગવાનકા ઉપદેશ નિશ્ચય-વ્યવહાર આતા હૈ વહ વાણી દિવ્યધ્વનિમેં આતા હૈ, ભગવાનકે જ્ઞાનસે આતા હૈ ઐસા હૈ નહીં. સમજમેં આયા? યહ વાણીમેં સ્વ-પર કથા કહનેકી તાકાત હૈ. આત્મામેં સ્વ-પર જાનનેકી તાકાત હૈ. બસ ઈતના. આત્મામેં સ્વ-પર જાનનેકી તાકાત હૈ ઔર વાણીમેં સ્વ-પર કથા-વાર્તા કહનેકી વાણીમેં વાણીકે કારણસે કર્તાકર્મ સંબંધસે અપનેસે હોતી હૈ. આહા..હા..! સમજમેં આયા? યહ હોંશિયાર લોગ હૈ બહુત વ્યાપાર કરતે હૈ. ..ચંદજી! બહુત કરતે હૈ. યહ હોંશિયાર ઈન્સાન હૈ. ધંધા કરકે કિસીકો

સોંપકર ચલે આતે હૈં. ધંધેમેં ધ્યાન હો, હોંશિયાર લોગ કરતે હૈ કિ નહીં વહાં? એય..! ચંદુભાઈ! વહ ડોક્ટર હૈ લો. .. ક્રિયા કરે, દવા, ઈંજેક્શન ઐસે લગાયે, યહાં લગાયે. યહ રખે, યહાં રખે. શ્વાસ લો, નીચે રખો. કહતે હૈં ઐસા હોતા હૈ કિ નહીં? નીચે રખો. નીચે લો. ધૂલમેં ભી નહીં હોતા, વહ તો ઉસકે કારણસે હોતા હૈ. આત્માકી ઈચ્છાકારણસે શ્વાસ ઊંચા હોતા હૈ, નીચા હોતા હૈ ઐસા નહીં. વહ કહતે હૈં, વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ. સમજમેં આયા?

**'દિવ્યધ્વનિસે નિશ્ચય-વ્યવહારસ્વરૂપ ધર્મકા ઉપદેશ-વચનયોગ સંબંધી ક્રિયા... '** વહ કાયયોગકી, યહ વચનયોગકી. **'અઘાતિકર્મકે નિમિત્તસે...'** ભાષાસે. **'સહજ હી હોતી હૈ. ઉસમેં કેવલી ભગવાનકી કિંચિત્ માત્ર ઈચ્છા નહીં હોતી,...'** કહો સમજમેં આયા? કલ્પવૃક્ષ હોતા હૈ ન કલ્પવૃક્ષ. કલ્પવૃક્ષકો ઈચ્છા હૈ કિ ઉસકો દું? ઉસકો વસ્તુ દું ઐસી ઈચ્છા હૈ? વહ તો મિલતી હૈ. ચિંતામણિકી ઈચ્છા હૈ-પત્થરકી ઈચ્છા હૈ મૈં ઉસકો કુછ દું? પારસમણીકો ઈચ્છા હૈ કિ લોહાકો સોના કર દું? હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ઐસા હૈ? પારસમણિકી ઈચ્છા હૈ કિ લોહા સોના બન જાયે. બન જાતા હૈ કિ નહીં? યહ કલ્પવૃક્ષ હૈ, કલ્પવૃક્ષ હોતા હૈ ન બડા? ઉસકી ઈચ્છા હૈ કિ મૈં ઉસકો ફલ દું? .. ઈચ્છા હો જિસ ચીજકી હો વહ લે જાઓ. ચિંતામણિકી ઈચ્છા હૈ ચિંતામણિ રત્નકો કિ મૈં ઉસકો ચિંતવે ઐસા દે દું ઐસા હૈ? ઐસે ભગવાનકી ઈચ્છા હૈ નહીં. સબ વાણી વાણીકે કારણસે નિકલ જાતી હૈ ઔર કાયયોગસે કાયયોગકી ક્રિયા વિહારકી હોતી હૈ. ઐસે ભગવાનકો પરમાત્મા કહતે હૈં, દૂસરેકો પરમાત્મા કહના વહ મિથ્યાદૃષ્ટિ મૂઢ માનતે હૈં. સમજમેં આયા?

**'કિંચિત્ માત્ર ઈચ્છા નહીં. ક્યોંકિ જહાં મોહનીય-કર્મકા સર્વથા ક્ષય હો ગયા હૈ વહાં ઉસકી કાર્યભૂત ઈચ્છા કહાંસે હોગી?'** લો દેખો! મોહનીયકી કાર્યભૂત ઈચ્છા. વહ તો નિમિત્તસે કથન હૈ. શબ્દ તો ઐસા પડા હૈ. ચંદુભાઈ! **'ઈસપ્રકાર ઈચ્છાકે બિના હી—મોહ-રાગ-દ્વેષકે બિના હી...'** ઈચ્છાકી વ્યાખ્યા ચલી. **'મોહ-રાગ-દ્વેષકે બિના હી—હોનેસે કેવલી-ભગવાનકે લિયે વે ક્રિયાયેં બંધકા કારણ નહીં હોતી.'**

લો! અબ યહ ૪૫મેં આયા બડા. 'પુણ્યફલા અર્હંતા' બડી તકરારી ગાથા હૈ. ગાથા તકરારી હૈ? આયા હૈ કિ નહીં સતનાવાલે? ગયે? ગયે લગતે હૈં. સતનાવાલે થે ન. ...વહ તો માલ લેનેકો આયે થે ન. અબ કહતે હૈં દેખો! શાસ્ત્રમેં-ઉપોદઘાતમેં ક્યા કહા? બડી ગાથાકી ટીકા. ઉસમેં વહ ખાણિયા ચર્ચામેં ભી આ ગયી યહ ગાથા. ઔર પત્રિકામેં યહ પત્ર છપતે હૈં ન ઉસમેં ભી આતી હૈ. જૈનગેજટ, જૈનદર્શન. બહુત આતી હૈ. દેખો! ભગવાન પુણ્યફલા અર્હંતા. પુણ્યકે ફલરૂપમેં ભગવાનકો અરિહંતપદ પ્રાપ્ત હુઆ ઔર તુમ કહતે હો કિ પુણ્યસે

કુછ આત્માકો લાભ હોતા નહીં.

મુમુક્ષુ :- અરિહંતપના હુઆ ફિર ભી લાભ નહીં?

ઉત્તર :- અરિહંતપના ક્યા? ધૂલમેં. અરિહંતપના તો અપની વીતરાગતાસે પ્રાપ્ત હુઆ હૈ. પુણ્યકે ફલમેં તો શરીર, વાણી, ક્રિયા હોતી હૈ ઐસા કહતે હૈ. પુણ્યકે ફલમેં શરીર, વાણી હોતી હૈ વહ પુણ્યફલા અર્હંતા. અરિહંતકો (કર્મ) કે પાકમેં શરીરમેં વાણી હુઈ વહ પુણ્યકા ફલ હૈ ઐસા કહતે હૈ. અરિહંતપના પુણ્યકે ફલસે? દેખો! ક્યા કહતે હૈ દેખો!

**'ઈસપ્રકાર હોનેસે...'** ઈસપ્રકાર અર્થાત્? ભગવાનકો કેવલજ્ઞાન હોનેસે, હલન-ચલનકી ક્રિયા હોનેપર ભી ક્રિયાકા બંધફલ ઉસકો હોતા નહીં. **'ઈસપ્રકાર હોનેસે તીર્થંકરોંકે પુણ્યકા વિપાક અકિંચિત્કર હી હૈ...'** ભોગીભાઈ! ક્યા કહા? પુણ્યકા ફલ અકિંચિત્કર હૈ. પુણ્યકા ફલ કુછ લાભ કરતે નહીં, નુકસાન કરતે નહીં. ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- પુણ્યકા ફલ તો ઉસકો હૈ હી નહીં.

ઉત્તર :- ઉસકો કુછ હૈ હી નહીં. વહ તો જડકી બાત હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- પુણ્યફલ તો ભગવાન...

ઉત્તર :- ભગવાન .. પાઠ હૈ. ઉપર હૈ દેખો!

**'अथैवं सति तीर्थकृतां पुण्यविपाको ऽकिंचित्कर एवेत्यवधारयति'** ભગવાન પરમાત્મા કો અપના સ્વરૂપ પૂર્ણાનંદકી પ્રાપ્તિ હુઈ ઉસકો પુણ્યફલ કિંચિત્ નુકસાન કરતે નહીં. લાભ કરતે તો નહીં પરંતુ નુકસાન (ભી) કરતે નહીં. ૪૫. ૪૫-૪૫. હિન્દી હૈ? ગુજરાતી હૈ. ઈસ તરફ હૈ. વહાં કહાં હૈ? સમજમેં આયા?

દેખો! **'ઈસપ્રકાર...'** **'ઈસપ્રકાર હોનેસે...'** કા ક્યા અર્થ? હૈ ન? **'अथैवं सति'** હૈ ન? **'ઈસપ્રકાર હોનેસે...'** ઈસપ્રકાર હોનેસેકા અર્થ? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અપને ચારિત્રસે વીતરાગતા પ્રાપ્ત કર કેવલજ્ઞાની હુએ. ઉસકો દેહ ઔર વાણીકી ક્રિયા કર્મકે ઉદયસે હોનેપર ભી મોહ નહીં હોનેકે કારણસે વહ ક્રિયા બંધકા સાધન, બંધકા કારણ હોતી નહીં. ઉસકારણસે... લો! જ્ઞાનચંદજી! ક્યા હૈ દેખો! વહ તો કહે યહાંકે લોગ હા.. હા.. કહતે હૈં. અરે..! ભગવાન! યહાં તો સત્ય હૈ તો સત્ય હી સમજના ચાહિયે. બિના સમજે લોગ હા.. હા.. ભોલા માણસ ઈક્ટ્ઠે કરતે હૈ. એય..! અરે..! ભગવાન! ક્યા કરે? દૃષ્ટિમેં ફર્ક હૈ ન. તો જડકી ક્રિયા... નહીં, પુણ્યકા ફલ અરિહંત હૈ. પાઠ દેખો.

યહાં કહતે હૈ. યહાં તો **'अथैवं सति तीर्थकृतां'** તીર્થંકરકો કર્મકે ઉદયકી ક્રિયા હોનેપર ભી વહ ક્રિયા બંધકા કારણ હૈ નહીં. ઐસે હોનેપર **'तीर्थकृतां'** તીર્થંકરોંકે પુણ્યકા ફલ વિપાક અકિંચિત્કર હૈ. ભગવાનકે આત્મામેં ઉસકા ફલ આતા નહીં. સમજમેં આયા? વહ તો જડમેં આયા, વાણી, વિહાર, સ્થિર હોના, રહના વહ તો જડમેં આયા. ભગવાનમેં ઉસમેં ક્યા આયા? **'(-કુછ કરતા નહીં હૈ, સ્વભાવકા કિંચિત્ ઘાત નહીં કરતા)'** દેખો! સ્વભાવકા

કિંચિત્ ઘાત કરતા નહીં. ક્યોંકિ વહ તો જડકી ક્રિયા હૈ ન? **'ઐસા અબ નિશ્ચિત કરતે હૈં :—'** **'अवधारयति'** હૈ ન?

**'पुण्णफला अरहंता'** યહ શબ્દ પડા હૈ તો મૂંઝાય. તો અરિહંતકે આત્માકો શરીરાદિ મિલના વહ પુણ્યકા ફલ હૈ ઐસા કહનેમેં આયા હૈ. ઈસને યહ લિયા ભાઈ! પ્રવચન.. વૃંદાવન. ઉસમેં ઐસા લિયા હૈ. .. પૂર્વ કે પંડિતકો નહીં માનતે લો.

મુમુક્ષુ :- ધવલમેં...

ઉત્તર :- ધવલમેં ... આત્માકા થા નહીં?

'પુણ્ય હી કો ફલ હૈ શરીર અરહંતનીકો.' યહ ૪૫ ગાથા .. હૈ ઉસકા. 'પુણ્યહીકો ફલ હૈ શરીર અરહંતનીકો ફેરી તીને સોહી કર્મ ઉદય જબ આવે હૈ.' જબ કર્મકા ઉદય આતા હૈ શરીરકા .. ગમન આદિ હોતા હૈ. ભગવાનકે આત્મામેં ઉસકી ક્રિયાકા ફલ નહીં. યહાં તો વિશેષ કહેંગે. સમજમેં આયા? કિ જો કોઈ ઉદય આતા હૈ વહ ખિર જાતા હૈ. ઉદય હોનેપર ભી ભગવાનકો ક્ષાયિકભાવસે હોતા હૈ ઐસા કહનેમેં આતા હૈ. આહા..હા..! કઠિન બાત ભાઈ!

મુમુક્ષુ :- બહુત આગે લે ગયે.

ઉત્તર :- આગે લે ગયે નહીં. જૈસે છદ્મસ્થમેં કર્મકા ઉદય હોનેપર ભી સ્વરૂપ તરફકા આશ્રય હૈ તો ઉસકો નિર્જરા કહતે હૈ. ઐસે ભગવાનકો કર્મકા ઉદય હોનેપર ભી વહ કર્મકા ઉદય ખિર જાતા હૈ તો ઉસ ઉદયકો હી ક્ષાયિક કહનેમેં આયા હૈ. અરે..! ભગવાન! કૈસી તકરાર. મુશ્કિલસે નીકલનેકા અવસર મિલા મનુષ્યપનેમેં. ઉસમેં યહ યહાં-વહાં .. કરે આત્માકો. ઐસા સમય! મનુષ્યપના ઓહો..હો..! અનંતકાલમેં મુશ્કિલસે મિલે ઉસમેં નિકાલના, ભવકા અભાવ કરનેકા તો ભવ હૈ. ઉસકી જગહ ભવકે કારણકા બંધ કરકે (માને) કિ અભાવ કરતે હૈ. ભગવાનકા હમ ઐસા અર્થ સમજતે હૈ. ભગવાન તો પુણ્યકે ફલસે ભગવાન હુએ. કહો, સમજમેં આયા?

पुण्णफला अरहंता तेसिं किरिया पुणो हि ओदइया।
मोहादीहिं विरहिदा तम्हा सा खाइग त्ति मदा।।४५।।

પીછે હૈ ન ૪૫.

**છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી,**
**મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.**

ક્ષાયિક કેવલજ્ઞાન હુઆ હૈ, ક્ષાયિક કેવલદર્શન હુઆ હૈ, ઉસ સમયમેં કર્મકા જો ઉદય હૈ વહ હૈ તો ઉદય, પરંતુ યહાં ક્ષાયિકજ્ઞાન ક્ષાયિક હુઆ હૈ તો ઉદય હોકર ખિર જાતા હૈ, તો ઉસકો ઉદયકી ક્રિયાકો ક્ષાયિકકી.. યહ તો ક્ષાયિક હુઆ હી હૈ. કેવલજ્ઞાનાદિક તો હુઆ હૈ, પરંતુ પારિણામિકભાવમેં જિતના અંદર ઉદય આતા હૈ વહ ખિર જાતા હૈ તો

ઉસકો ક્ષાયિકભાવ કહનેમેં આતા હૈ. જબ જ્ઞાનીકો-ધર્મીકો, અપને સ્વભાવસન્મુખ હોનેસે વહ આયા ન? ઉસમેં અર્થ. જયસેનાચાર્યમેં. ઈસમેં જયસેનાચાર્યકી ટીકા નહીં હૈ. સતનાવાલે કા પ્રશ્ન થા પણ વો ચલે ગયે.

દેખો! ૪૫. **'द्रव्यमोहोदयेऽपि'** **'परिहारमाह'** **'अत्राह शिष्यः...'** 'શિષ્ય કહતે હૈં- ભગવાન! ઉદયકા ભાવ બંધ કારણ.' ઉદયકો બંધકા કારણ કહનેમેં આયા હૈ શાસ્ત્રમેં. જો કોઈ કર્મકા ઉદય આતા હૈ વહ બંધકા કારણ શાસ્ત્રમેં કહા ન પ્રભુ? **'इत्यागमवचनं तर्हि वृथा भवति।'** 'તો ઉદય બંધકા કારણ વહ તો આગમકા વચન હૈ. શાસ્ત્રકા તો વૃથા નામ મૃષા હોતા હૈ. **'परिहारमाह–औदयिका भावा बंधकारणं भवन्ति, परं किंतु मोहोदयसहिताः'** 'જો રાગ-દ્વેષ ઔર મિથ્યાત્વભાવ હો તો ઉદયકા ભાવ બંધકા કારણ કહનેમેં આતા હૈ. રાગ-દ્વેષ-મોહ ન હો તો ઉદય બંધકા કારણ હૈ નહીં. દેખો અબ આયા મહાસિદ્ધાંત. **'द्रव्यमोहोदयेऽपि'** જડકર્મ મોહકા ઉદય હોનેપર ભી **'यदि शुद्धात्मभावनाबलेन'** **'शुद्धात्मभावनाबलेन भावमोहेन न परिणमति'** **'भावमोहेन न परिणमति तदा बंधो न भवति।'** સદા સાધક જીવકો, જ્ઞાનીકો દ્રવ્યમોહ ઉદય હોનેપર ભી સ્વભાવસન્મુખ ભાવરૂપ કર્મ કરતે હૈ, ભાવમોહરૂપી પરિણમન કરતે નહીં, તો દ્રવ્યમોહ ઉદય હોનેપર ભી બંધ હોતા નહીં. કહો, સમજમેં આયા? યહ ગાથા તો બહુત સાલસે ચલતી હૈ. .. નહીં? કલકત્તા. વહ ભી ચર્ચામેં કહતે થે. દેખો! ઉદય બંધકા કારણ .. પ્રશ્ન આયા થા તબ બતાયા થા ઉસકો. બાબુલાલ હૈ ન? .. દૂસરા રાજેન્દ્રકે સાથમેં થા વહ. .. સમજમેં આયા?

ક્યા કહતે હૈં? ભગવાન આત્મા અપના શુદ્ધ આનંદસ્વરૂપ ઐસી દૃષ્ટિ હુઈ ઉસકો પૂર્વકા કર્મ મોહ હૈ... વહ પૂર્વકા વિકારભાવસે નિમિત્ત હોકર બંધા થા, તો વહ મોહકર્મકા ઉદય આયા ઉસી સમય આત્મા અપને સ્વભાવ સન્મુખકી ક્રિયા હૈ તબ મોહ ઉદય.. ભાવમોહરૂપ પરિણમન કરતા નહીં, શુદ્ધભાવસે પરિણમતા હૈ તો બંધ હોતા નહીં. સમજમેં આયા? વહ ૪૫ સૂત્રમેં જયસેનાચાર્યકી ટીકામેં હૈ. **'यदि पुनः कर्मोदयमात्रेण बन्धो भवति'** યદિ જો કર્મકે ઉદયમાત્રસે બંધ હો તો **'तर्हि संसारिणां सर्वदैव कर्मोदयस्य विद्यमानत्वात्'** સંસારીકો તો કર્મકા ઉદય સદા વિદ્યમાન રહતા હૈ. **'सर्वदैव बन्ध एव, न मोक्ष इत्यभिप्रायः।।'** તો બંધ હોતા રહે, કભી મોક્ષ હોતા નહીં. સમજમેં આયા? બહુત સ્પષ્ટ કિયા હૈ જયસેનાચાર્યને.

તકરાર.. તકરાર.. શાસ્ત્રકે અર્થ કરનેમેં તકરાર. ઈસમેંસે કર્મસે કુછ હો, કર્મસે કુછ હો, ઔર કર્મસે પુણ્યસે કુછ આત્માકો લાભ હો, કર્મસે કુછ અપને નુકસાન હો, ઔર અપનેસે અપનેમેં પુણ્યસે કુછ લાભ હો, પુણ્યકે ફલસે અપનેકો કુછ લાભ હો ઔર કર્મકે ઉદયસે અપનેમેં કુછ વિકાર હો. યહ સિદ્ધ કરના. દોનોં બાત જૂઠ હૈ. પુણ્યભાવસે અપનેકો આત્મામેં કુછ લાભ હોતા નહીં ઔર કર્મકે ઉદયસે આત્માકો વિકાર હોતા નહીં. કર્મ તો પર ચીજ હૈ.

કર્મ પરમેં રહતે હૈ. ક્યા આત્મામેં આતી હૈ વહ? અપને સ્વભાવસે ચ્યુત હોકર વિકારરૂપ પરિણમન કરે તો પૂર્વકર્મ કે ઉદયકો નિમિત્ત કહનેમેં આતા હૈ.

'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' વહ ભી ચલી થી ૧૩કી સાલમેં વહાં. મધુબનમેં. બહુત ચલી થી. કહા કિ જહાં-તહાંસે ઐસા હી નિકાલતે હૈ કિ કર્મસે કુછ હોતા નહીં, કર્મસે કુછ હોતા નહીં. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,' ભક્તિમેં આતા હૈ. ચંદ્રપ્રભુકી ભક્તિ આતી હૈ ન? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' માત્ર અગ્નિ ભિન્ન હૈ તો ઉસકો ઘનઘાત નહીં પડતે. અગ્નિ લોહેકા સંગ કરતી હૈ તો ઘાત સહન કરના પડતા હૈ. ઐસે ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ કેવલ .. સે ભિન્ન રહે તો ઉસકો ઘનઘાત સહન કરના નહીં પડતા. કર્મકા સંગ કરે, કર્મકા સંગ કરકે પરકે આધિન હો, લોહેમેં અગ્નિ પ્રવેશ કરે ઘનકા દુઃખ સહન કરના પડતા હૈ. આત્મા રાગકા-નિમિત્તકા સંબંધ કરે, વિકાર હો તો દુઃખ સહન કરના પડતા હૈ. સમજમેં આયા? અપના સંગ કરે પર્યાયમેં, અસંગ ચીજ પ્રભુ ઉસકા સંગ કરે, રાગસે રહિત હો જાતા હૈ.

મુમુક્ષુ :- કર્મકા જોર...

ઉત્તર :- કર્મકા જોર કહાં રહા? વહ ઉસકે ઘરમેં રહા. કર્મ કરના પર્યાયમેં હૈ, ઉદય કહો. ઉદય જડકી પર્યાય હૈ, જડકી પર્યાયમેં આત્માકી પર્યાયકા અભાવ હૈ. આત્માકી પર્યાયમેં જડકી પર્યાયકા અભાવ હૈ ઔર જડકી પર્યાયમેં ચૈતન્યકી પર્યાયકા અભાવ હૈ. ક્યા કરે? બહુત સૂક્ષ્મ! .. કુછ હૈ કિ નહીં? અર્થ ક્યા? .. કુછ નહીં. બડા હૈ. પરંતુ ઉસકે ઘરમેં કિ ઈસકે ઘરમેં? ઉસકે ઘરમેં હો તો આત્મા યહાં કહાંસે આયા? ઉસકી પર્યાયમેં હો, તો પર્યાયમાં હો તો યહાં અધિકાર હોતા હૈ ઐસા હૈ કુછ? લાલચંદજી! નહીં આતા ... હૈ કિ નહીં? કર્મ કરે ઐસા વિકાર કરના પડતા હૈ ઐસા કહતે હૈં. નહીં ઐસા હૈ નહીં. અપનેસે વિકાર હોતા હૈ, પુરુષાર્થકી ઉલ્ટી ગતિસે ઔર સુલટી ગતિસે પુરુષાર્થકા વિકાર કા નાશ હોતા હૈ. ઐસી બાત હૈ. પરકા કુછ કારણ નહીં. નિમિત્ત કહનેમેં આતા હૈ. વિકાર કહો, .. નિમિત્ત કહો. વિકારકા નાશ હો તો ઉદય આતા હૈ વહ ભી ખિર જાતા હૈ. તો ઉસમેં નિર્જરાકો ભી નિમિત્ત કહો. સમજમેં આયા? આહા..હા..!

અપને આત્મામેં સામર્થ્ય કિતના હૈ, કૌન હૈ ઉસકી પ્રતીતિ નહીં. યહ તો પરકે પ્રતિ ભરોસા ઉસકા હો. અરે..! ભાઈ! યહ કૈસે કર્મકા જોર આ ગયા હૈ, અબ ક્યા હોગા? અરે..! ભાઈ! તેરેમેં ઈતના પુરુષાર્થ હૈ, પુરુષાર્થ જગ જાયે તો ક્યા હોગા? કેવલજ્ઞાન હો જાયેગા. ઐસે ક્યોં નહીં લેતા? સમજમેં આયા? મેરેમેં સર્વજ્ઞપદ પડા હૈ તો કબ પુરુષાર્થ મેરી ગતિ કરે અંદરમેં, તબ ક્યા હોગા? તબ કેવલજ્ઞાન હોગા. સમજમેં આયા? કર્મ પડા હૈ તો ઉસમેં ક્યા હોગા? ક્યા ધૂલમેં હોગા? ઉસમેં હોગા, તેરેમેં ક્યા હૈં? લાલચંદજી! વહ કહતે હૈં દેખો!

અન્વયાર્થ લો પહલે. '**અરહંતભગવાન પુણ્યફલવાલે હૈં...**' અરિહંત ભગવાનકા આત્મા બાહ્યમેં પુણ્યફલવાલા હૈ. ઐસા અર્થ હૈ ઉસકા. સમજમેં આયા? ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, જૈસે કલી ખિલકર પૂર્ણ હો જાતી હૈ ગુલાબકી કલી ખિલકરકે, ઐસે ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અપની એકાગ્ર હોકર કલી ખિલ ગઈ, કેવલજ્ઞાન હુઆ ઐસે ભગવાન આત્માકો પુણ્યકા ફલ શરીર મિલતા હૈ. દેખો! '**અરિહંતભગવાન પુણ્યફલવાલે હૈં...**' સંયોગમેં પુણ્યકા ફલ ઉસકો હૈ ઐસા કિસીકો પુણ્યફલ હૈ નહીં ઐસા કહતે હૈં. ઈસમેં લિયા હૈ. પુણ્યફલ લિયા હૈ. પંચ મહાકલ્યાણક પૂજામેં ઐસા લિયા હૈ. જયસેનાચાર્યને હોં! પુણ્યફલકે અર્થમેં વહ લિયા હૈ. દેખો! '**पुण्णफला अरहंता**' જયસેનાચાર્યકી ટીકા. '**पञ्चमहाकल्याणपूजाजनकं त्रैलोक्यविजयकरं यत्तीर्थकरनाम पुण्यकर्म तत्फलभूता अर्हन्तो भवन्ति।**' ઉસકા ફલ અરિહંત ઔર સમવસરણ આદિ, વાણી આદિ મિલે વહ પુણ્યકા ફલ. '**पञ्चमहाकल्याणपूजाजनकं**' ઐસા કહા હૈ. કેવલજ્ઞાન હોતા હૈ ઉસ સમય. '**पञ्चमहाकल्याणपूजाजनकं त्रैलोक्यविजयकरं यत्तीर्थकरनाम पुण्यकर्म**' વહ પુણ્યકર્મકા ફલ હૈ. '**तत्फलभूता अर्हन्तो**' અરિહંતકો ઉસકા ફલ સંયોગસે આયા હૈ. ઐસા કહતે હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરિહંત હોગા અર્થાત્? હોગા કહાં લિખા હૈ? '**अर्हन्तो भवन्ति**' અરિહંતકો પુણ્યફલ હોતા હૈ ઐસા કહતે હૈ. '**तत्फलभूता अर्हन्तो भवन्ति**' '**अर्हन्तो भवन्ति**' ઐસા નહીં. '**पुण्यकर्म तत्फलभूता अर्हन्तो भवन्ति।**' '**तत्फलभूता भवन्ति।**' એય..! પંડિતજી! સમજમેં આયા? અરિહંતકે આત્માકો પુણ્યકા ફલ હોતા હૈ—ઐસા હૈ વહાં. એય..! વજુભાઈ!

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પૂર્વમેં શુભભાવ હુઆ થા, પ્રકૃતિ બંધ ગઈ. શુભભાવકા નાશ કરકે અપને સ્વરૂપકી પૂર્ણ પ્રાપ્તિ હુઈ તો વહ બંધ પડા થા ઉસકા ફલ આયા, ઐસા કહતે હૈ. સમજમેં આયા? તો અરિહંતકો ફલ આયા ઐસા કહનેમેં સંયોગસે આતા હૈ. સમજમેં આયા? ક્યા કહા? ભગવાન આત્મા અપના આનંદ પ્રભુ, અપનેમેં આનંદ અતીન્દ્રિય હૈ આત્મા. સચ્ચિદાનંદ પ્રભુ હૈ-સત્-શાશ્વત ચીજ આનંદ જ્ઞાન હૈ, ઉસકા અંતરમેં વિશ્વાસ, અનુભવ, પ્રતીત, સ્થિરતા હો ગઈ ઔર ઉસકે ફલસ્વરૂપ પહલે શુભભાવ આયા થા, તીર્થંકરપ્રકૃતિ બંધ ગઈ. ઔર શુભભાવકો છોડકર જબ વીતરાગ હુએ, કેવલજ્ઞાન હુઆ તો ઉસ પુણ્ય પ્રકૃતિકા ફલ તીર્થંકરકો તેરહવે ગુણસ્થાનમેં આતા હૈ. ક્યા કહા? પ્રકૃતિકા બંધ ચૌથે, પાંચવે, છઠવે આદિ પડતા હૈ, તીર્થંકરકા. પરંતુ ઉસકા ઉદય તેરહવેમેં આતા હૈ. પહલે ઉસકા ઉદય આતા હી નહીં ઐસા કહતે હૈ. તો .. અરિહંતકો ઉદયકા ફલ આયા ઐસા કહતે હૈ. અરિહંત પદ પ્રાપ્ત હુઆ, શુભભાવકા નાશ કર વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા હુએ તો વહ પ્રકૃતિ કેવલીકો અર્થાત્ અરિહંતકો પુણ્યફલકે સ્વરૂપમેં બાહ્ય સંયોગ મિલા. પુણ્યફલ તબ આયા. કર્મકી પ્રકૃતિકા ફલ તેરહવે ગુણસ્થાનમેં આતા હૈ તીર્થંકર પ્રકૃતિકા. યહ બતાના હૈ યહાં. ક્યા કહા સમજમેં આયા?

'पुण्णफला अरहंता' કી વ્યાખ્યા હોતી હૈ. અરિહંત ભગવાન પુણ્યફલવાલે હૈં. ઔર ઉનકી ક્રિયા ઉદયિકી હૈ. પુણ્યફલવાલા અર્થાત્ અરિહંતપદ હુઆ, સર્વજ્ઞપદ હુઆ તબ વહ પ્રકૃતિ બંધ પડી થી ઉસકા ફલ તેરહવે ગુણસ્થાનમેં આતા હૈ વહ બતાતે હૈં. તીર્થંકર પ્રકૃતિકા ફલ ઉદય તેરહવે ગુણસ્થાનમેં સંયોગરૂપ આતા હૈ વહ બતાના હૈ. સમજમેં આયા? પ્રકૃતિ તો પ્રકૃતિ જડથી, શુભભાવ ભી વિકાર થા તો શુભભાવ તો નિમિત્ત પડા તીર્થંકરપ્રકૃતિ બંધમેં. ઔર શુભભાવ છોડકર વીતરાગભાવ અંદરમેં પ્રગટ હુઆ. આનંદસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ. કેવલ સમરસમેં પરિણમન કરતે વહ શુભરાગ વિષયરસ થા ઉસકો છોડકર માત્ર સમરસમેં પરિણમન કરકે અવસ્થા કરકે કેવલજ્ઞાન હુઆ ઉસકો હી કર્મકી પ્રકૃતિકા ઉદય આતા હૈ ઐસા કહતે હૈ.

મુમુક્ષુ :- તેરહવે ગુણસ્થાનમેં...

ઉત્તર :- તેરહવે ગુણસ્થાનમેં .. પ્રકૃતિકા ફલ વહ યહાં કહતે હૈ. અરે..! ભગવાન! કહાં કા કહાં લે ગયે? ક્યા કહતે હૈં ઔર ક્યા લગાતે હૈં? પુણ્યકા ફલ તો અભી તેરહવમેં જ્ઞાન હોકર ફલ આતા હૈ ઐસા કહતે હૈ. કેવલજ્ઞાન પુણ્યકા ફલ આયા ઐસા નહીં હૈ યહાં. નવનીતભાઈ! ઐસા કહતે હૈ. લો! અરે..! પંડિતોકા ક્યા કહના? સમજમેં આયા?

ભગવાન! તુમ તો પવિત્રતાકા પિંડ હો ન. વહ સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ, મૈં તો પવિત્ર વીતરાગમૂર્તિ હૂં ઐસી શ્રદ્ધા-જ્ઞાન હુઆ, સ્વરૂપમેં સ્થિરતા આદિ થોડી હુઈ, પરંતુ જબતક પુરુષાર્થકી કમી હૈ, પૂર્ણ વીતરાગતા ન હો તબતક ઐસા શુભભાવ આતા હૈ, તો શુભભાવ વિકલ્પસે બંધ પડ ગયા તીર્થંકર પ્રકૃતિકા જડકા. તો કહતે હૈં કિ તીર્થંકર પ્રકૃતિકા ફલ કબ આતા હૈ? કિ અરિહંતપદ પ્રાપ્ત હોતા હૈ તબ આતા હૈ. જબ વહ શુભભાવકા નાશ કર વીતરાગ સમરસ પૂર્ણાનંદ સર્વજ્ઞપદ હુઆ તબ ઉસકા ફલ (તેરહવે) આયા. તીર્થંકરપ્રકૃતિકા તબ ઉદય આયા. ઐસા કહતે હૈ. પરંતુ ઉસ પ્રકૃતિકે ફલમેં અરિહંતપદ મિલા (એસા નહીં). આહા..હા..! નવનીતભાઈ! અરેરે..! 'જાતિઅંધ નો દોષ નહિ આકરો એ જાણે નહિ અર્થ, મિથ્યાદૃષ્ટિ તેથી આકરો કરે અર્થના અનર્થ.'

હમારે યહાં એક લડકી બોલતી થી બહુત સાલ પહલેકી બાત હૈ. ૮૦કી, ૭૯કી સાલ. એક લડકી સાત સાલકી છોટી. તો ઉસકે દાદાને ઉસકો સિખાયા થા. 'સમજાવ્યા સમજે નહીં કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકામાંહી.' નવનીતભાઈ! સાત સાલકી લડકી બોલતી થી. ગુજર ગઈ. ક્ષય હો ગયા થા. સાત સાલકી લડકીકો ક્ષય હો ગયા. લડકી બહુત ઐસા ગાતી થી. ઉસકે દાદા થે ન .. વહ સિખાતે થે. વહ ભી ગુજર ગયે. 'સમજાવ્યો સમજે નહીં, કરે કાંઈનું કાંઈ, ફાનસ...' ફાનસ સમજે ન? લાલટેન. 'ફાનસ સળગાવો એમ કહ્યું, નાખ્યું ભડકામાંહી.' લાલટેન જલાઓ. 'નાખ્યું ભડકામાંહી.' ક્યા કહા થા?

મુમુક્ષુ :- જલાનેકો કહા થા ન.

ઉત્તર :- પરંતુ જલાના અર્થાત્ દીયા કર ઐસા કહા થા. લાલટેનકો અગ્નિમેં ડાલનેકો

કહા થા? આપકો કહા થા ન, લાલટેન જલાઓ? **નવનીતભાઈ!** લાલટેન જલાનેકા ક્યા અર્થ હૈ? લાલટેન જલાઓ. તો જલાવો કા અર્થાત્ ક્યા? અગ્નિમાં ડાલ દેના? ઐસે કે ઐસે ઊલટે અર્થ કરે. વહ લડકી બોલતી થી બિચારી. બહુ છોટી થી. ૮૦કી સાલકી બાત હૈ. ૪૪ સાલ હુઆ.

ઐસે યહાં 'સમજાવ્યા સમજે નહીં કરે કાંઈનું કાંઈ, શાસ્ત્ર કહે છે કાંઈક અને અર્થ કરે છે કાંઈક.' આહા..હા..! ક્યા કહતે હૈ દેખો! **'અરિહંતભગવાન પુણ્યફલવાલે હૈં...'** અરિહંત ભગવાન હુએ હૈં તો ઉનકો પુણ્યફલવાલે હૈં ઐસા કહતે હૈં. અરિહંત ભગવાન હુએ હૈ ઉનકો પુણ્યફલવાલે હૈં ઐસા કહતે હૈં. પુણ્યફલસે અરિહંતપદ હુઆ ઐસા ક્યા યહાં હૈ? આહા..હા..! ક્યોંકિ તીર્થંકરપ્રકૃતિકા ફલ તેરહવે ગુણસ્થાનમેં આતા હૈ. ઉસકી પ્રકૃતિકા ઉદય તેરહવેમેં આતા હૈ. પહલેસે ઉદય આતા હી નહીં કભી. બંધ પડતા હૈ ચૌથે, પાંચવે, છઠવે પુણ્યકા ફલ. વહ યહાં બતાના હૈ. સમજમેં આયા? ક્યા કરે? શાસ્ત્રકા અર્થ ભી ઊલ્ટા કરે તો અપના પ્રયોજન અંદર ઊલ્ટા સાધે. સુલટા પ્રયોજન સાધ સકે નહીં.

અબ ઉનકી જો ક્રિયા હોતી હૈ. દેખો! પુણ્યફલવાલા હુઆ, પુણ્યકી ક્રિયા જો હોતી હૈ કાયા, વાણી દિવ્યધ્વનિ **'ઉનકી ક્રિયા ઔદયિકી હૈ;...'** જડકી. **'મોહાદિસે રહિત હૈ...'** પરંતુ ઉસ ક્રિયામેં મોહ ઔર રાગ-દ્વેષ હૈ નહીં. **'ઈસલિયે વહ ક્ષાયિકી માની ગઈ હૈ.'** યહ ક્રિયા ઉદય આકર ખિર જાતી હૈ તો ક્ષાયિક કહનેમેં આતા હૈ. ઐસા ચલે. સમજમેં આયા?

**'ટીકા :- અરહંતભગવાન જિનકે વાસ્તવમેં પુણ્યરૂપી કલ્પવૃક્ષકે સમસ્ત ફલ ભલીભાંતિ પરિપક્વ હુએ હૈં ઐસે હી હૈં,...'** દેખો! અરિહંતભગવાન પરમેશ્વર પરમાત્મા અપની દશા હુઈ ઐસે વીતરાગદેવ **'જિનકે વાસ્તવમેં પુણ્યરૂપી કલ્પવૃક્ષકે સમસ્ત...'** પુણ્યરૂપી કલ્પવૃક્ષ દેખો! **'સમસ્ત ફલ...'** તીર્થંકરપ્રકૃતિ ક્યા! આહા..હા..! તીન લોકમેં વિજય કરનારી, ઈન્દ્રો ભી જબ દેખે ભગવાનકો ઓહો..હો..! યહ ક્યા! સમવસરણ દેખકર, સભા દેખકર ... સમવસરણ રચના કરતા હૈ ન ઈન્દ્ર. અપને આયા થા ન સમવસરણ. રચના કરતે થે તો આશ્ચર્ય હો ગયા ઉસકો. રચના અપનેસે હુઈ તો યહ ક્યા હો ગયા! યહ પ્રકૃતિકે નિમિત્તસે સમવસરણકી ઐસી રચના હો ગઈ. સમજમેં આયા? ઉનકો આશ્ચર્ય લગતા હૈ. ઓહો..હો..! પુણ્ય તો દેખો! ભગવાનકા પુણ્ય કિતના હૈ! ઐસે કહનેમેં આતા હૈ ન નિમિત્તસે, સંયોગસે તો? પુણ્ય તો હૈ હી નહીં, ઉનકા તો કેવલજ્ઞાન હૈ. પરંતુ ઉસકી પ્રાપ્તિ પૂર્વકે પુણ્યસે સંયોગ મિલતે હૈં સમવસરણ દિવ્યધ્વનિ સાડા બાર કરોડ બાજા બજતે હૈ. દિવ્યધ્વનિ, દેવ દુદુંભી. સમજમેં આયા?

ઉસકા પુણ્યકા ફલ સમવસરણ અરિહંત તીર્થંકરકો હોતા હૈ ઐસા દૂસરેકો હોતા નહીં. ભગવાન તો કેવલજ્ઞાની પરમાત્મા હૈ. ઉસમેં ફલ ક્યા આયા? તો કહતે હૈ કિ ઉદય હુઆ

વહ અરિહંત ભગવાનકો **'ઉનકી જો ભી ક્રિયા હૈ વહ સબ ઉસકે (-પુણ્યકે) ઉદયકે પ્રભાવસે ઉત્પન્ન હોનેકે કારણ...'** લો! ઉનકી સબ ક્રિયા હૈ ઐસા કહા ભાઈ! શબ્દ તો ઐસા પડા હૈ. આત્માકી પર્યાય પુણ્યસે પ્રાપ્ત (હો) ઐસા કહા હૈ? ઉનકી જો ભી ક્રિયા હૈ હલન, ચલન, જડકી પર્યાય **'વહ સબ ઉસકે (-પુણ્યકે) ઉદયકે પ્રભાવસે...'** દેખો! વહ ક્રિયા હલન-ચલન ઉદયકે પ્રભાવસે હૈ વહ કહતે હૈ. તો ઉદયકે પ્રભાવસે વીતરાગતા હુઈ ઐસા કહતે હૈ? વહ ખાણિયા ચર્ચામેં આ ગયા હૈ. ખાણિયા ચર્ચામેં યહ ચર્ચા આ ગઈ હૈ. .. જવાબ દિયા હૈ ફુલચંદજીને. ક્રિયાકી બાત હૈ. વીતરાગતા હુઈ પુણ્યકે ફલસે, ઐસી બાત હૈ નહીં. તો ઇતની ચર્ચા સબ હો ગઈ, પઢે તો વિચાર કરો અબ ચર્ચા કરનેકા...

મુમુક્ષુ :- .. જૂઠી હૈ.

ઉત્તર :- જૂઠી હૈ પરંતુ પઢો તો સહી. જૂઠી ક્યા? ઇસલિયે તો યહાં તો બહાર રખી હૈ. વો લોગ કહે, છપાના નહીં હમેં. યહાં તો છપાઓ. ઇતની છપાઈ લોગ પઢે તો સહી. ઉસમેં ક્યા? .. નિર્ણય કરેગા.

**'ઉનકી જો ભી ક્રિયા હૈ...'** જો ભી ક્રિયા ઐસા કહા ન? યા કેવલજ્ઞાન હૈ ઐસા કહા હૈ? **'અરિહંતભગવાન જિનકે વાસ્તવમેં પુણ્યરૂપી કલ્પવૃક્ષકે સમસ્ત ફલ ભલીભાંતિ પરિપક્વ હુએ હૈં...'** પાક હો ગયા હૈ, ઐસે. પાક હો ગયા તેરહવેમેં. **'ઉનકી જો ભી ક્રિયા હૈ વહ સબ ઉનકે (-પુણ્યકે) ઉદયકે પ્રભાવસે ઉત્પન્ન હોનેકે કારણ ઔદયિકી હી હૈ.'** ઐસા કહતે હૈ. યહ તો ઔદયિકી હૈ ઐસા કહતે હૈ. કેવલજ્ઞાનકી કહા હૈ? કેવલજ્ઞાન તો ક્ષાયિક હૈ.

મુમુક્ષુ :- .. બના દિયા હૈ ન.

ઉત્તર :- ક્યા બનાયા? ઉસકો બનાના નહીં હૈ. ક્ષાયિક તો હૈ હી. ઉદયકો ક્ષાયિક બનાના હૈ. વહ તો ક્ષાયિક હૈ હી. એય..! ચંદુભાઈ! ક્ષાયિક તો હૈ હી. કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિક વીર્ય વહ તો ક્ષાયિક હૈ. વહ ક્ષાયિક બને? વહ તો ઉદય હૈ ખિર જાતા હૈ ઇતના ક્ષાયિકમેં બઢાવા હોતા હૈ પરમપારિણામિકભાવમેં, વહ કહના હૈ. સમજમેં આયા? સમય સમયમેં ઉદય હોકર ખિર જાતા હૈ ઇતના પરિણામિકભાવમેં ક્ષાયિકભાવ હોતા હૈ. વહ ક્ષાયિકભાવ તો હો ગયા હૈ. કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંતવીર્ય, અનંતસુખ ક્ષાયિક હો ગયા હૈ. ઉસમેં ક્યા? પરંતુ હો ગયા હૈ ઔર વહ ઉદયકી ક્રિયા હૈ. ઉસકી બાત હૈ. સમજમેં આયા? આહા..હા..! વહ તો ક્ષાયિક હોતી હૈ ન? નામકર્મ ભાષા પ્રકૃતિકા ઉદય હૈ. વહ કહતે હૈ હલન-ચલન. વહ ઘાતિકા ફલ હૈ? વહ તો અઘાતિકા હૈ. ઔર અઘાતિકર્મ બાકી હૈ ઉસકી ક્રિયા હૈ યહાં.

**'કિન્તુ ઐસી (પુણ્યકે ઉદયસે હોનેવાલી) હોને પર ભી વહ સદા ઔદયિકી ક્રિયા મહામોહરાજાકી સમસ્ત સેનાકે સર્વથા ક્ષયસે ઉત્પન્ન હોતી હૈ...'** દેખો! મોહરાજાકા ક્ષય તો કિયા હૈ. **'મહામોહરાજાકી સમસ્ત સેનાકે...'** દેખો! ભાષા કિતની પડી હૈ!

**'મહામોહરાજાકી સમસ્ત સેનાકે સર્વથા ક્ષયસે ઉત્પન્ન હોતી હૈ ઈસલિયે મોહરાગદ્વેષરૂપી ઉપરંજકોંકા અભાવ હોનેસે...'** 'ઉપરાગ-મલિનતા કરનેવાલે (વિકારીભાવ).' ભગવાનકો ઐસા ભાવ નહીં. **'ચૈતન્યકે વિકારકા કારણ નહીં હોતી...'** યહ ઉદય જો આતા હૈ ભાષા, ચલના વહ આત્માકા વિકારકા કારણ નહીં હોતી. તો વીતરાગ હુઆ હૈ. પરમાત્મા પૂર્ણદશા પ્રાપ્ત હૈ. વહ ક્રિયા ઉસકો વિકારકા કારણ નહીં.

**'ઈસલિયે કાર્યભૂત બંધકી અકારણભૂતતાસે...'** દેખો! ઉદયકા કાર્ય બંધ હૈ વહ બંધકા અકારણભૂત હોનેસે **'ઔર કાર્યભૂત મોક્ષકી કારણભૂતતાસે ક્ષાયિકી હી ક્યોં ન માનની ચાહિયે?'** ઐસા હૈ. હલન-ચલનકી ક્રિયા મોહકે અભાવસે બંધકા કાર્ય કરનેવાલી નહીં તો ક્ષાયિક-ક્ષયકા કારણ ક્યોં ન માના જાયે? ઐસા કહતે હૈ. **'કાર્યભૂત બંધકી અકારણભૂતતાસે ઔર કાર્યભૂત મોક્ષકી કારણભૂતતાસે... '** દેખો! પરિણામિકભાવ કાર્યભૂત, ઉસકી **'ક્ષાયિકી હી ક્યોં ન માનની ચાહિયે? (અવશ્ય માનની ચાહિયે).'** દેખો! સમજમેં આયા? ધર્મીકો જો સ્વરૂપ સન્મુખ હૈ, કર્મ ઉદય આયા તો ઉદય નહીં કહતે ઉસકો. ઈસતરફ સ્વભાવ સન્મુખ હૈ તો ઉદયકો નિર્જરા કહતે હૈ. નિર્જરા હોતી હૈ. નિર્જરા હો ગઈ. ઐસે ભગવાન.. મોહ રહિત દશા હો ગઈ તો ઉદય હૈ તો ક્ષાયિક હોતી હૈ. યહ ગાથા તો બહુત રખતે હૈં પત્રમેં, જૈનગેજેટ, જૈનદર્શનમેં. જહાં-તહાં જૈસે. અરે..! કર્મકો તો જાનતે નહીં. કર્મકે ફલમેં વીતરાગતા હોતી હૈ. પુણ્યકા ફલ. શુભભાવસે વીતરાગતા હોતી હૈ? યા શુભભાવકા નાશ કરનેસે વીતરાગતા હોતી હૈ?

**'ઔર જબ ક્ષાયિકી માને તબ કર્મવિપાક (-કર્મોદય) ભી...'** ક્ષાયિકી માને તો કર્મકા પાક દેખો! ઉદય. **'ઉનકે (અરહંતોંકે) સ્વભાવવિઘાતકા કારણ નહીં હોતા.'** સ્વભાવકે વિઘાતકા કારણ નહીં હોતા. '(યહ **નિશ્ચિત હોતા હૈ**).' લો! યહ તો યહ કહતે હૈ. સ્વભાવ તો સ્વભાવ પ્રગટ હુઆ હૈ. ઉદય આતા હૈ જડકા ઉદય અઘાતિકા. ખિર જાતા હૈ. ખિર જાતા હૈ તો ઉદય હૈ, ખિર જાતી હૈ તો સમય સમયમેં પારિણામિકભાવ શુભ હોતા હૈ ઉસકો ક્ષાયિકી કહનેમેં આતી હૈ. સમજમેં આયા? ... અપના સ્વરૂપ સ્વતંત્ર શુદ્ધ વહ તો અપને દ્રવ્યકે આશ્રયસે હુઆ હૈ. કેવલજ્ઞાન, કેવલદર્શન (હૈ), ભગવાનકો ઘાતિકર્મ તો હૈ હી નહીં. અબ રહા અઘાતિ. ઉસકા જબ ઉદય આતા હૈ વહ સમય સમયમેં ખિર જાતા હૈ. ઐસા કહતે હૈ. ઉસકે ઉદયમેં મોહ નહીં તો બંધ પડતા નહીં. બાત તો ઐસી સીધી હૈ. સમજમેં આયા? તીર્થંકર પ્રકૃતિકા પુણ્યકર્મ અકિંચિત્કર ક્યા કહા? તબ કહે પુણ્યફલમેં કેવલજ્ઞાન હોતા હૈ. સમજમેં આયા?

'(યહ **નિશ્ચિત હોતા હૈ**).' લો! ભગવાનકે કેવલજ્ઞાનમેં ઉદય ભલે હો અઘાતિકા, બંધકા કારણ નહીં. .. ઉદય ખિર જાતા હૈ તો ઉસકો ક્ષાયિક કહનેમેં આતા હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૮, સોમવાર, તા. ૧૪.૧૦.૧૯૬૮**
**ગાથા-૪૫-૪૬, પ્રવચન-૩૬**

અપના શુદ્ધસ્વરૂપ જ્ઞાન હૈ ન જ્ઞાન? જ્ઞાનસ્વરૂપ જો ત્રિકાલ આત્મા હૈ સર્વજ્ઞસ્વરૂપ, ઉસકી અંતર દૃષ્ટિ કરકે, ઉસકા જ્ઞાન કરકે, શુદ્ધ ઉપયોગરૂપી સામ્યભાવ ચારિત્ર ગ્રહણ કરકે... ચારિત્રકા ફલ કેવલજ્ઞાન હૈ. સમજમેં આયા? વહ બાત ચલતી હૈ. આચાર્યને અપના સ્વરૂપ શુદ્ધ ઉપયોગમય ચારિત્રમેં અંગીકાર કિયા હૈ ઐસા પહલે કહા. ઔર શુદ્ધ ઉપયોગકા ચારિત્રસે હી કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હૈ. ઉસકે સિવાય કોઈ ઉપાય દૂસરી ક્રિયાકાંડસે, પૂર્ણ સાધ્ય કેવલ ઔર પૂર્ણ આનંદકી પ્રાપ્તિ દૂસરી કોઈ ક્રિયાકાંડસે હોતા નહીં. સમજમેં આયા? ક્યોંકિ જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનપ્રજ્ઞાપન હૈ ન? તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ વસ્તુ, ઉસકી વહ જ્ઞાનકી ક્રિયા... એકાકાર, જ્ઞાનસ્વરૂપમેં સ્વભાવમેં એકાકાર હોકર જો દૃષ્ટિ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન હુઆ વહ ઉપરાંત શુદ્ધ ઉપયોગરૂપી આચરણ પ્રાપ્ત કિયા ઉસકે ફલમેં સર્વજ્ઞ ઔર પૂર્ણ આનંદ પ્રાપ્ત હોતા હૈ.

યહ સર્વજ્ઞપદમેં પૂર્વકા પુણ્યકા ફલ ઉસકો તીર્થંકર પ્રકૃતિકા પાક આતા હૈ ઐસા કહતે હૈં. જબ સર્વજ્ઞપદ પ્રાપ્ત હુઆ. દેખો! સ્વયં અપની બાત કરતે હૈ ઉસમેં તીર્થંકરકો રખા દેખો! અન્યથા વહ તો ચારિત્રપદસે કેવલજ્ઞાન (હોતા હૈ), ઉસમેં તીર્થંકરકો લિયા બીચમેં. સમજમેં આયા? કેવલજ્ઞાની પરમાત્મા ઉસકો પૂર્વે જો તીર્થંકરપ્રકૃતિ બંધી થી, તેરહવે ગુણસ્થાનમેં કેવલજ્ઞાની હુઆ તબ વહ પુણ્યકા ફલ પ્રાપ્ત હુઆ. સમજમેં આયા? વહ કેવલજ્ઞાનમેં પૂર્વકી પ્રકૃતિકા ઉદયસે જો કાયયોગ વિહાયયોગ વહ ગતિકી ક્રિયા નામકર્મસે, કાયાકી ક્રિયા ઔર ભાષાપર્યાપ્તિકે કારણસે ભાષાકી ક્રિયા ઉપદેશ આદિ—વહ ક્રિયા પૂર્વકે કર્મકે ઉદયકી ક્રિયા જડકી હૈ. યહ આત્માકો બંધકા કારણ હૈ નહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..કોઈ કારણ હૈ નહીં. બંધકા કારણ હૈ હી નહીં વહ કહતે હૈ. વહી બતાના હૈ. બંધકા કારણ નહીં, ઉપરાંત વહ ઉદય આતા હૈ, ખિર જાતા હૈ તો ઉસકો ક્ષાયિક કહનેમેં આતા હૈ. ઐસી બાત સિદ્ધ કી હૈ. આહા..હા..! સમજમેં આયા? યહાં તો સ્વયં ચારિત્રકે કારણસે સર્વજ્ઞપદ લેતે હૈં. ઉસમેં તીર્થંકરકો ક્યોં લિયા? યહ વિચાર આયા. સમજમેં આયા?

ઐસી બાત કહી થી. સામ્યભાવ અંગીકાર કરકે સમ્યગ્દર્શન-જ્ઞાનમેં મુખ્ય આચરણ હૈ, પરમાત્માકા પ્રાપ્ત કરનેકા મઠ... જૈસે મઠમેં મહાત્મા બિરાજતે હો વહાં જાયે તો મહાત્માકા મિલન હોતા હૈ. ઐસે યહ પરમાત્મા પૂર્ણાનંદકા મઠ-આશ્રમ ઉસમેં પહલે સમ્યગ્દર્શન-જ્ઞાન ઉસકા પ્રધાન આશ્રમ હૈ. સમજમેં આયા? ભગવાન આત્મા પૂર્ણ આનંદ ઔર પૂર્ણ જ્ઞાનસ્વરૂપ

સર્વજ્ઞ સ્વભાવ ઉસકી અંતર્મુખકી પ્રતીતિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન ઔર સ્વસંવેદનજ્ઞાન વહ આશ્રમ હૈ મહાપુરુષકા. ઉસમેંસે કેવલજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ. ચારિત્રકી પ્રાપ્તિ તો કેવલ-અકેલે દર્શન-જ્ઞાનસે હોતી નહીં વહ બાત સિદ્ધ કરતે હૈ. સમજમેં આયા? ચારિત્ર તો કૈસા? ચારિત્રકી વ્યાખ્યા-શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર. પંચ મહાવ્રત આદિકા ભાવ વહ તો કષાયકા કણ હૈ, વહ કોઈ ચારિત્ર નહીં. સ્વરૂપમેં ચરના વહ ચીજ નહીં. બાબુભાઈ! વહ ચારિત્ર હૈ.

જિસ પ્રાણીકો આત્માકા પૂર્ણ હિત કરના હો તો ઉસકો દર્શન-જ્ઞાન પ્રાપ્તિસહિત ચારિત્ર પ્રાપ્ત કરના પડેગા ઔર પીછે ચારિત્રકી પ્રાપ્તિકે ફલમેં સર્વજ્ઞપદ પરમાત્મા હોગા. સમજમેં આયા? કેવલ દર્શન-જ્ઞાનસે ભી મુક્તિકી પ્રાપ્તિ નહીં હોતી. વહ બતાતે હૈં દેખો! અપના સ્વભાવ બતાતે હૈ. સામ્યભાવ અંગીકાર કિયા હૈ, શુદ્ધ ઉપયોગ અંગીકાર કિયા હૈ. ઉસકી પ્રશંસા કરનેકો ઉસકા ફલકી પ્રશંસા કરતે હૈ.

યહાં કહતે હૈ કિ '**અરહંતભગવાનકે જો દિવ્યધ્વનિ,...**' દિવ્યધ્વનિ ઐસા કહતે હૈં. આવાજ ઉઠતા હૈ વહ પ્રકૃતિકા કાર્ય હૈ. આતાપપર્યાપ્તિ પ્રકૃતિ એક હૈ નામકર્મકી, ઉસસે દિવ્યધ્વનિ ઉઠતી હૈ. દિવ્યધ્વનિકા રજકણ તો સ્વતંત્ર હૈ, પરંતુ ઉસમેં ભાષા પ્રકૃતિકા ઉદય નિમિત્ત હૈ, તો વહ દિવ્યધ્વનિકા કારણ ભાષાકી પ્રકૃતિ હૈ. આત્મા નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- તીર્થંકર...

ઉત્તર :- કહા ન .. વહ પુણ્ય. વહ ભાષાપ્રકૃતિકા ઉદય વહ પુણ્ય, વહ પુણ્ય. પુણ્યકા ફલ હૈ. તીર્થંકર પ્રકૃતિકા પાક હુઆ તો સાથમેં વિહાયગતિકા ભી પાક હુઆ ઔર ઉસમેં વહ ભાષા પ્રકૃતિકા ભી પાક હુઆ. વિહાયગતિમેં કાયાકી ક્રિયા, ભાષાકી પર્યાપ્તિમેં વાણીકી ક્રિયા. યહ પુણ્યકી ક્રિયા હૈ સબ, ઐસા કહતે હૈ. આત્માકે સાથ સંબંધ નહીં. પુણ્ય ઉસકો લાભ કરતે હૈ. ઉસકા અર્થ યહ કરતે હૈ ન? ખાણિયામેં ભી વહ લિયા હૈ. સબમેં લિયા હૈ. '**पुण्णफला अरहंता**' પુણ્યકે ફલસ્વરૂપ અરિહંતપદકી પ્રાપ્તિ હોતી હૈ. ઐસા હૈ અર્થમેં? સોભાગભાઈ! પુણ્યકે ફલમેં અરિહંતપદકી પ્રાપ્તિ હોતી હૈ ઐસા હૈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તીર્થંકરપના. યહાં તો અરિહંતપદ તો મિલા હૈ ઉસમેં. તીર્થંકરકી પ્રકૃતિકે ઉદયસે તીર્થંકરપનેકી પ્રાપ્તિ હોતી હૈ. વહ પુણ્યકા ફલ હૈ, ઉસમેં આત્મામેં ક્યા આયા? આહા..હા..! ક્યા કરે? ઉસકો અપની માહાત્મ્યદશા, પ્રભુ હૈ મહા ચિદાનંદ સ્વરૂપ આત્મા ઉસકી મહિમા આતી નહીં ઔર પુણ્યકે શુભભાવસે આત્માકા કેવળજ્ઞાન હોતા હૈ, વિભાવસે સ્વભાવકી પ્રાપ્તિ હોતી હૈ—ઐસા માનતે હૈં. માનતે હૈં પરંતુ ઐસા હોતા નહીં.

'**અરિહંતભગવાનકે જો દિવ્યધ્વનિ,...**' દિવ્ય પ્રધાન અવાજ. ગર્જના જૈસે બાદલમેં હોતી હૈ ઐસી ગર્જના હોતી હૈ, ઐસા કહતે હૈ. બાદલકી ઉપમા દી ન? '**વિહાર આદિ ક્રિયાયેં હૈં...**' ભગવાનકા વિહાર હો. '**આદિ ક્રિયાયેં હૈં વે નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વકે**

**પ્રદેશપરિસ્પંદમેં નિમિત્તભૂત...**' હૈ. ભગવાન આત્મા તો નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વ હૈ. સમજમેં આયા? વહ નિષ્ક્રિય આ ગયા ન? ૩૨૦ ગાથામેં આ ગયા. ઉત્તમ સિદ્ધાંત નિષ્ક્રિય. શેઠિયા! વહ નિષ્ક્રિય શબ્દ આ ગયા હૈ વહ તો વ્યાખ્યાનમેં ૩૨૦મેં. આત્મામેં, આત્મામેં-નિષ્ક્રિય વસ્તુમેં બંધકા કારણભૂત રાગાદિકી ક્રિયા નહીં ઔર મોક્ષકે કારણભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાયરૂપ ક્રિયા નિષ્ક્રિય ભગવાન આત્મામેં નહીં હૈ. સમજમેં આયા?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય પરિણામ વહ ક્રિયા, પરંતુ વહ ક્રિયા નિષ્ક્રિય ભગવાન આત્મામેં હૈ નહીં ઔર ઉસકા કારણ ભી નહીં. ઐસા નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વ ઉસકા પ્રદેશપરિસ્પંદ... ઐસા કહતે હૈં. પ્રદેશ કંપન્ન જો હોતા હૈ, પ્રદેશકંપન્ન હોતા હૈ. ઉસમેં નિમિત્તભૂત '**પૂર્વબદ્ધ કર્મોદયસે ઉત્પન્ન હોતી હૈં ઈસલિયે ઔદયિકી હૈં.**' દેખો! '**પ્રદેશપરિસ્પંદમેં નિમિત્તભૂત પૂર્વબદ્ધ કર્મોદય...**' હૈ. ઉસસે ઉત્પન્ન હુઈ હૈ ક્રિયા '**ઈસલિયે ઔદયિકી હૈં.**' ઉદયકી ક્રિયા કંપન્ન હૈ વહ ઉદયભાવ હૈ. સમજમેં આયા? ઔર ખિર જાતા હૈ સમય સમયમેં. સમય સમયમેં ખિર જાતે હૈં. કહા ન. કલ દૃષ્ટાંત યહ લિયા થા કિ ઉદયકો ક્ષાયિક ક્યોં કહા? વહી સિદ્ધાંત પહલેસે ચલા આતા હૈ. કિ અપના શુદ્ધ સ્વરૂપ તરફ ઝુકાવ હૈ, ઉસ સમયમેં જો કર્મકા ઉદય હૈ ઉસકો નિર્જરા કહતે હૈં. હૈ તો ઉદય. સ્વભાવસન્મુખ હુઆ તો ઉસકો નિર્જરા કહતે હૈ, વહાં ક્ષાયિક હુઆ તો ઉદયકો ક્ષાયિક કહતે હૈં. સમજમેં આયા? વહ સિદ્ધાંતિક તત્ત્વ હૈ વહ. ઉસમેં બડી તકરાર હૈ. દૂસરી ક્રિયા. પુણ્યફલ દૂસરી.. પરંતુ ઉદય હૈ વહ ક્ષાયિક ક્યોં હો? ઉદય હૈ વહ ક્ષાયિક હૈ વહ દૂસરે સંપ્રદાયકી બાત હૈ. નામ નહીં દેતે હૈ. સમજમેં આયા? અબ દૂસરે સંપ્રદાયકી... ઉદય ઔર ક્ષાયિક કૈસે કહતે હૈં? જૂઠ હૈ. ઐસા કહતે હૈ દૂસરે સંપ્રદાયવાલા. બડા પંડિત નામ હૈ. સમજમેં આયા?

ઉદયકો ક્ષાયિક કહા. ક્યોં? કિ ઉદય સમય સમયમેં આકર ખિર જાતા હૈ. ઉસકો આત્મામેં પરમ પારિણામિકભાવ, વહ ઉદય આયા ખિર જાતા હૈ, તો પરિણામિકભાવ ક્ષાયિકપને વિશેષ શુદ્ધિ હોતી હૈ. સમજમેં આયા? દૃષ્ટાંત દિયા થા ન કલ નહીં? '**द्रव्यमोहोदयेऽपि**' દ્રવ્યમોહકા ઉદય હોનેપર ભી. વહ જયસેનાચાર્યકી ટીકામેં હૈ. ઉસમેં હૈ અંદર. '**द्रव्यमोहोदयेऽपि**' આત્મા ભાવમોહરૂપ ન પરિણમન કરે તો ઉસકો બંધ હોતા નહીં. કર્મ ઉદયમાત્રસે બંધ હો તો સંસારીકો સદાય કર્મકા ઉદય રહતા હૈ તો કભી ઉસકો મોક્ષ હોનેકા અવસર રહે નહીં. ઉદયસે હી બંધ હો, સંસારી પ્રાણીકો સદૈવ ઉદય હૈ સંસારીકો. ઉદય હૈ તો બંધ હૈ તો કભી મોક્ષકા ફલ મિલતા નહીં. ઉદયકે કાલમેં મોહરૂપ પરિણમન કરે તો બંધકા કારણ હૈ. ઉદયકે કાલમેં ભગવાન આત્માકા ઝુકાવ તરફસે આનંદકા અનુભવ કરતે હો, મોહરૂપ ન પરિણમન કરે તો દ્રવ્ય ઉદય હૈ વહ ખિર જાતા હૈ. સમજમેં આયા? ઐસે યહાં કહતે હૈ.

'**પ્રદેશપરિસ્પંદમેં...**' ધ્રુજા હૈ ન યોગ ઉસમેં નિમિત્તભૂત કર્મકા ઉદય હૈ ઈસલિયે ઉદયકી હૈ. '**વે ક્રિયાયેં અરહંતભગવાનકે ચૈતન્યવિકારરૂપ ભાવકર્મ ઉત્પન્ન નહીં કરતીં,...**'

સમજમેં આયા? વહ ક્રિયા ભાવકર્મ અર્થાત્ રાગ-દ્વેષ ઉત્પન્ન નહીં કરતી. 'ક્યોંકિ (ઉનકે) **નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વકે રાગદ્વેષમોહરૂપ વિકારમેં નિમિત્તભૂત...**' યહ જયસેનાચાર્યમેં ડાલા હૈ ન? જયસેનાચાર્યમેં. ઉસમેં હૈ ન યહ તો હિન્દી હૈ ન. મૂલ પુસ્તક હૈ ઉસમેં. '**નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વ...**' ભગવાન આત્મા કૈસા હૈ? નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વ. ઉસમેં મોહ હૈ નહીં. કેવલ પરમાનંદસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ નિર્મોહ આત્મતત્ત્વ ભગવાન રાગ બિનાકા, મોહ બિનાકા આત્મતત્ત્વ હૈ. ઐસા '**તત્ત્વકે રાગદ્વેષમોહરૂપ વિકારમેં...**' ઐસા આત્મામેં રાગદ્વેષમોહ વિકારમેં... જૈસે પહલે કહા થા કિ '**નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વકે પ્રદેશપરિસ્પંદમેં...**' ઐસા કહા થા. યહાં કહતે હૈં કિ '**નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વકે રાગદ્વેષમોહરૂપ વિકારમેં નિમિત્તભૂત મોહનીયકર્મકા ક્ષય હો ચુકા હૈ. ઔર વે ક્રિયાયેં ઉન્હેં, રાગદ્વેષમોહકા અભાવ હો જાનેસે નવીન બંધમેં કારણરૂપ નહીં હોતીં,...**' ઈતના તો ઠીક. '**પરંતુ વે પૂર્વકર્મોંકિ ક્ષયમેં કારણરૂપ હૈં...**' ક્ષયમેં કારણરૂપ હૈ લો! સમજમેં આયા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસમેં તો ખિર જાતે હૈ ન. બંધ તો હૈ નહીં (ક્યોંકિ) મોહ હૈ નહીં. .. અનુસાર દૃષ્ટાંત દિયા વહ જયસેનાચાર્યને. દ્રવ્યમોહ હો અંદર ફિર ભી સ્વભાવ સન્મુખ હો ઉસકો બંધ હૈ નહીં. ખિર જાતા હૈ. ઈસલિયે નીચેકા દૃષ્ટાંત દેકર ઉપરકે ઉદયભાવકી ક્રિયા ક્ષાયિકકી હૈ ઐસા કહનેમેં આતા હૈ. પાઠમેં હૈ ન. '**मोहादीहिं विरहिदा तम्हा सा खाइग त्ति मदा**' ઈસલિયે મોહકે વિરહવાલી ક્રિયા ઉસકો ક્ષાયિક જાનનેમેં ક્યા હરકત હૈ? ઐસા કહતે હૈં. ટીકાકારને ઐસા લિયા હૈ. યહાં તો '**खाइग मदा**' કહા હૈ. ક્ષાયિક હી હૈ. યહાં જરા ઐસા લેના. સમજમેં આયા? '**ચૈતન્યકે વિકારકા કારણ નહીં હોતી ઈસલિયે કાર્યભૂત બંધકી અકારણભૂતતાસે ઔર કાર્યભૂત મોક્ષકી કારણભૂતતાસે ક્ષાયિકી હી ક્યોં ન માનની ચાહિયે?**' ઐસા લિયા હૈ ન? અમૃતચંદ્રાચાર્યને જરા જ્યાદા સ્પષ્ટ લિયા હૈ. લોગોંકો સમજમેં આયે. ઉસકો ક્યોં ક્ષાયિક ન માનના? વહ ઉદય આકર ખિર જાતા હૈ. મોહ તો હૈ નહીં. તો ઉદયકો ક્ષાયિક ક્યોં ન માને? ઐસે.

ઉસમેં ભી તકલીફ હૈ. વહ ભી ચર્ચા હુઈ થી ઉસમેં. ઉદય હૈ વહ ક્ષાયિકકા કામ કરતે હૈ દેખો! કિસ અપેક્ષાસે કહા સમજમેં આયા? એક એક ગાથામેં તીન વિરોધી હૈ. એક પુણ્યકે ફલેસે કેવલજ્ઞાન પ્રાપ્તિ હોતી હૈ એક ઐસા અર્થ કરતે હૈ, દૂસરા ઐસા અર્થ કરતે હૈ કિ જો ઉદય ક્ષાયિક હો... સમજે? ઐસે કૈસે હો? ગણધરકો ઉસસે થોડા હુઆ તો ઉસકો બહુત વિશેષરૂપ હોના ચાહિયે. ઐસા કહતે હૈ ન વહ? પાંચસો ધનુષ ઊંચે ચલે જાયે, ગણધરકો તો ચાર જ્ઞાન હૈ વહ કિતના ઊંચા ચલે જાયે? તર્ક હૈ ભાઈ! અજ્ઞાનીકા તો અનાદિકી ઐસી ચીજ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમ ઔદારિક.

યહાં કહતે હૈં, '**નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વકે...**' દેખો ભાષા! '**નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વકે પ્રદેશપરિસ્પંદમેં...**' પ્રદેશપરિસ્પંદ યોગ-યોગ હૈ ઉસકે સામને '**નિષ્ક્રિય શુદ્ધ આત્મતત્ત્વ...**' ઉસમેં પ્રદેશપરિસ્પંદ હુઆ ઉસસે વિરૂદ્ધ હુઆ. વહ પ્રદેશપરિસ્પંદમેં કર્મકા નિમિત્ત હૈ તો ઉદય કહનેમેં આતા હૈ, વહ ઉદય ખિર જાતા હૈ. પરિસ્પંદ હોકર સમય સમયમેં ખિર જાતે હૈ. યહાં '**નિર્મોહ શુદ્ધ આત્મતત્ત્વકે રાગદ્વેષમોહરૂપ વિકારમેં નિમિત્તભૂત મોહનીયકર્મકા ક્ષય હો ચુકા હૈ.**' ઉસકો રાગદ્વેષ તો હૈ નહીં. '**ઔર વે ક્રિયાયેં ઉન્હેં, રાગદ્વેષમોહકા અભાવ હો જાનેસે નવીન બંધમેં કારણભૂત નહીં હોતીં,...**' લો! કૌનસી ક્રિયાયેં? દિવ્યધ્વનિ, વિહાર, ખડા હોના, બૈઠના આદિ વહ ક્રિયા. સબ જડકી ક્રિયા પરમાણુકી હૈ. ઉસમેં આત્માકો મોહ હૈ નહીં.

'**પરંતુ વે પૂર્વકર્મોંકે ક્ષયમેં કારણરૂપ હૈં...**' દેખો! '**ક્યોંકિ જિન કર્મોંકે ઉદયસે વે ક્રિયાયેં હોતી હૈં વે કર્મ અપના રસ દેકર ખિર જાતે હૈં.**' વહ કર્મ ઉદય આયા ઔર નાશ હોતા હૈ. '**ઈસપ્રકાર મોહનીયકર્મકે ક્ષયકે ઉત્પન્ન હોનેસે ઔર કર્મોંકે ક્ષયમેં કારણભૂત હોનેસે અરહંતભગવાનકી વહ ઔદયિકી ક્રિયા ક્ષાયિકી કહલાતી હૈ.**' સમજમેં આયા?

'**અબ, કેવલીભગવાનકી ભાંતિ સમસ્ત જીવોંકે સ્વભાવ વિઘાતકા અભાવ હોનેકા નિષેધ કરતે હૈં :—**' લો! ભાઈ! ભગવાનકો તો ઐસા હૈ પરંતુ દૂસરેકો ઐસા ઉદય હોતા હૈ તો ઉસકો બંધ હોતા હૈ કિ નહીં? વહ આત્મા શુભાશુભભાવરૂપ પરિણમન કરતે હૈ કિ નહીં? કેવલીકો તો હો ગયા હૈ તો ખિર જાતે હૈ, છદ્મસ્થકો ક્યા હોતા હૈ? છદ્મસ્થકો ભી ઉદય આવે ઔર ખિર જાયે, શુભાશુભભાવરૂપ ન પરિણમન કરે ઐસા હૈ નહીં. વહ મોહ હૈ વહાં. શુભાશુભ પરિણમન.. વહ કહતે હૈ. સમજમેં આયા? ખાણિયા ચર્ચામેં યહ બાત બહુત લી હૈ. '**पुण्णफला अरहंता**' દયાકી બાત આ ગઈ ઉસમેં. જૈનગેઝેટ. જૈનસંદેશમેં. ભાઈ! દયા કો રાગ કહતે હૈં સોનગઢવાલેં. આગમ ભી રાગ કહતા હૈ. કૈલાસચંદજી. મખનલાલજીકે સામને. મખનલાલજી કહે યહ દયાકો રાગ કહતે હૈ, રાગ કહતે હૈ. આહા..હા..! સોનગઢવાલે કહતે હૈં પરંતુ આગમ ભી રાગ કહતા હૈ. દૃષ્ટાંત દિયા થા વહાં. અયથાતથકી શ્રદ્ધા ઔર મનુષ્ય તિર્યંચકી દયા, ઉસકી મમતાકી દયા વહ મિથ્યાત્વકા લક્ષણ હૈ. પ્રવચનસાર મેં વહ દૃષ્ટાંત દિયા થા. બહુ તત્ત્વ.

અયથાર્થ પદાર્થકી પ્રતીતિ એક તો વહ દર્શનમોહકા લક્ષણ. દર્શન મિથ્યાત્વકા. દૂસરા તિર્યંચ ઔર મનુષ્યમેં ઉસકા મોહ-ઉસકી મમતા કરકે દયા કરના વહ તો મિથ્યાત્વભાવ હૈ. વહ તો જ્ઞાતા-દૃષ્ટા હોને સે દેખનેલાયક હૈ. ઉસકે ઉપરાંત મૈં ઉસકા કર દૂં, મૈં ઉસકા કર દું. વહ દુઃખી હૈ ઉસ કારણસે મેરેકો ઐસા ભાવ આતા હૈ તો સબ મિથ્યાત્વકા લક્ષણ

હૈ. ઓહો..હો..! ઔર તીસરી આસક્તિ. દો તો મિથ્યાત્વકે લક્ષણ હૈં, તીસરી આસક્તિ. રાગકી આસક્તિ હોના વહ તીનોં બંધકા કારણ હૈ. તો કેવલીકો ઉદય આયા ઔર બંધકા કારણ નહીં તો દૂસરાકો ઐસા હોતા હૈ કિ નહીં? વહ કહતે હૈ.

**'કેવલીભગવાનકી ભાંતિ સમસ્ત જીવોંકે સ્વભાવ વિઘાતકા અભાવ હોનેકા નિષેધ કરતે હૈં :—'**

**जदि सो सुहो व असुहो ण हवदि आदा सयं सहावेण।**

દેખો ભાષા!

**संसारो वि ण विज्जदि सव्वेसिं जीवकायाणं।।४६।।**

હરિગીત.

**આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ-અશુભ બને નહીં,**
**તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહી! ૪૬.**

ક્યા કહતે હૈ દેખો! '**અન્વયાર્થ :- યદિ (ઐસા માના જાયે કિ) આત્મા સ્વયં સ્વભાવસે (-અપને ભાવસે)...**' દેખો! સ્વભાવ શબ્દ પડા હૈ. આત્મા સ્વભાવસે અર્થાત્ અપને ભાવસે '**શુભ યા અશુભ નહીં હોતા...**' દેખો! પ્રમત્ત-અપ્રમત્ત ગાથામેં તો દ્રવ્ય લિયા થા. દ્રવ્ય શુભાશુભભાવરૂપ પરિણમન કરતા નહીં. યહાં તો પર્યાયકી બાત કરની હૈ. આહા..હા..! છઠ્ઠી ગાથામેં ઐસા લિયા કિ ભગવાન આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નહીં હૈ. કારણ બતાયા કિ પ્રમત્ત-અપ્રમત્ત નહીં હૈ ઉસકા કારણ ક્યા? કિ શુભાશુભભાવરૂપ હોતા નહીં. શુભાશુભભાવરૂપ હોતા નહીં દ્રવ્ય, તો પ્રમત્ત-અપ્રમત્તપના ઉસમેં ભેદ હૈ નહીં. કારણસર બતાયા હૈ. સમજમેં આયા? વજુભાઈ! વહાં ના કહા હૈ. કિ શુભાશુભરૂપ પરિણમન કરે તો આત્મા જડ હો જાયે. કૌંસમેં જયચંદ પંડિતને લિખા હૈ. ક્યોંકિ શુભાશુભભાવ વાસ્તવમેં ચેતનસ્વરૂપ નહીં હૈ. અચેતન હૈ, ઉસમેં જ્ઞાનકા કિરણ ઔર પ્રકાશ હૈ નહીં. તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય વહ શુભાશુભભાવરૂપ હો તો જ્ઞાનસ્વરૂપ ન રહકર અચેતન હો જાયે. ઈસલિયે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી જો દૃષ્ટિકા વિષય જો ધ્રુવ ચૈતન્ય હૈ વહ શુભાશુભરૂપ હોતા હી નહીં. હોતા નહીં તો પ્રમત્ત-અપ્રમત્ત કહાંસે આયા? સમજમેં આયા? વહ દૃષ્ટિકા વિષય દ્રવ્યકો વહાં બતાયા હૈ. યહાં પર્યાયકો બતાના હૈ.

કિ જો પર્યાયમેં આત્મા સ્વભાવસે, સ્વભાવસે અર્થાત્ અપને ભાવસે-અપની પર્યાયસે-અપની યોગ્યતાસે-અપની તાકાતસે. દેખો! ઉસમેં કર્મ-ફર્મકી બાત યહાં નહીં. સમજમેં આયા? '**સ્વયં સ્વભાવસે...**' દો શબ્દ હૈં. '**સઃ आत्मा स्वयं स्वभावेन**' '**स्वयं स्वभावेन**' લો! અબ ઉસમેં ભી દોષ નિકાલતે હૈ વહ તો. પરિણમન કરતે હૈં, પરિણમન કરતે હૈં. પરંતુ અપનેસે ઉસમેં કહાં નિકલા? અપને ભાવસે હોતા હૈ. '**स्वयं स्वभावेन**' અપની પર્યાયકા સ્વયં સ્વભાવ વિકારરૂપ હોનેકા અજ્ઞાનમેં હોતા હૈ, વહ સ્વભાવસે અપનેસે હૈ. પરસે નહીં.

કર્મસે નહીં ઔર શુભાશુભરૂપ પરિણમન કિયે બિના રહતે નહીં. સમજમેં આયા? માત્ર દ્રવ્ય હૈ વહ શુભાશુભ નહીં. પરંતુ પર્યાયમેં શુભાશુભભાવ ન હો તો સંસાર કિસકા? ઐસા કહતે હૈં. સમજમેં આયા? યહ દુઃખ કિસકા? જડકા હૈ દુઃખ? પર્યાયમેં તેરે સે તેરે કારણસે '**स्वयं स्वभावेन**' અપને ભાવસે જો શુભાશુભ ન હો તો સંસાર કિસકા? કર્મકા સંસાર હૈ? એક તરફ યહ ઔર એક તરફ ના કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દોનોં બાત જાનની ચાહિયે ન. એક તરફ સમજે કિ ભાઈ શુભાશુભરૂપ આત્મા નહીં તો ઉસકો પકડ રખો. દૂસરી બાત કિ શુભાશુભરૂપ પરિણમન કરતા હૈ પર્યાયમેં. સંસાર કિસકા? મિથ્યાદૃષ્ટિરૂપ અપના દ્રવ્યકા સ્વભાવભાન નહીં તો અપને-સ્વયંસે સ્વભાવ વિકારરૂપ મિથ્યાત્વ ઔર શુભાશુભરૂપ પરિણમન કરતા હૈ. હોતા હૈ. ચૈતન્ય ભગવાન... અધિકાર ક્યા આયા? જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર હૈ. તો જ્ઞાન તો પ્રકાશકી મૂર્તિ હૈ, વહ શુભાશુભરૂપ કૈસે પરિણમન કરે? ઐસી શંકા પડે કિસીકો. ઈસલિયે યહ શ્લોક લિયા હૈ. જ્ઞાનતત્ત્વ હૈ તો ભગવાન જ્ઞાનતત્ત્વ હૈ, જ્ઞાનસ્વરૂપ પ્રકાશમૂર્તિ. ચૈતન્યસૂર્ય સ્વયં પ્રકાશમાન ચીજ હૈ. સ્વ ઔર પરકો પ્રકાશે ઐસા તત્ત્વ હૈ. સમજમેં આયા? વહ અપને ભાવસે વિકારરૂપ ક્યોં હો શુભાશુભરૂપ? કર્મસે કહો તો ઠીક પડે કિ ભાઈ અપની પર્યાય કર્મસે હુઈ. સમજમેં આયા?

સુબહમેં ઐસા આયા થા ૭૫વીં ગાથામેં. એય..! ભીખાભાઈ! ક્યા આયા થા સુબહમેં? વહ જ્ઞાનીકી બાત કહી વહાં. ધર્મીકી અપને જ્ઞાનસ્વભાવકે ઉપર દૃષ્ટિ હોનેસે ઉસકી જ્ઞાનકી પર્યાય, જો રાગાદિ આયા ઉસકે જ્ઞાનકી પર્યાયકો ઉત્પન્ન કરનેવાલા હૈ, રાગકો ઉત્પન્ન કરનેવાલા નહીં. સમજમેં આયા? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ઐસી અંતર્મુખ દૃષ્ટિ હુઈ તો સ્વભાવ તો જ્ઞાન હૈ ઔર આનંદ હૈ. તો ઉસ સમયમેં જો રાગાદિ ઉત્પન્ન હોતા હૈ, વહ રાગકે જ્ઞાનકી ઉત્પત્તિ જ્ઞાનીકો અપની પર્યાયમેં ઉત્પન્ન હોતી હૈ. રાગ ઉત્પન્ન હોતા નહીં. રાગ બાહ્ય સ્થલમેં રહ ગયા. આહા..હા..! પોપટભાઈ! યહ સબ સમજના પડેગા. .. સમજના પડેગા? વસ્તુકા સ્વરૂપ ઐસા હૈ ઉસકા જ્ઞાન કરના પડેગા. યથાર્થરૂપસે જિસકો લેના હો, વિપરીતપના જિસકો છોડના હો, યહ દુઃખ જિસકો છોડના હો, સુખ જિસકો લેના હો, ઉસકો ઐસા સમજના પડેગા. આહા..હા..! સમજમેં આયા?

વહાં ૭૫મેં ઐસા કહા કિ ધર્મી-જ્ઞાની રાગકા તો કર્તા નહીં, પરંતુ રાગ હૈ તો જ્ઞાનકી પર્યાય હુઈ ઐસા ભી નહીં. રાગ સંબંધી જ્ઞાન, વહ રાગ હૈ તો જ્ઞાન ઉત્પન્ન હુઆ રાગકા ઐસા ભી નહીં. વહ તો અપને અસ્તિત્વમેં પૂર્ણ જ્ઞાન હૈ ઉસ તરફ દૃષ્ટિ હૈ તો અપને કારણસે સ્વ-પરપ્રકાશક વિકાર વ્યવહારાદિકા જ્ઞાન અપની સત્તાકે અવલંબનસે ઉત્પન્ન હોતા હૈ. આહા..હા..! સમજમેં આયા ન શેઠિયા? ૭૫ ગાથા જરા સૂક્ષ્મ થી. આહા..હા..! જ્ઞાની રાગકો જાનતા હૈ ઐસા ભી નહીં. ઐસે આયા ઉસમેં ૭૫મેં. રાગકા કર્તા તો નહીં, રાગકી

પર્યાય ઉસકી પર્યાયમેં નહીં, પરંતુ રાગકો જાનતા હૈ રાગસંબંધીકા અપના જ્ઞાન ઐસે આત્માકો વહ જાનતા હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- ... પર્યાય હુઈ.

ઉત્તર :- પર્યાય હી હૈ ન વહાં. પર્યાય પડી હૈ ન. દ્રવ્યકો જાને તો વહ પર્યાયકો જાને. રાગકો જાને યહ તો વ્યવહાર હો ગયા. વહ નહીં. યહ સિદ્ધ કરના હૈ. સમજમેં આયા?

યહાં તો સામાન્ય સ્વભાવકી બાત ચલતી હૈ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનકી યહાં સામાન્ય ઉસકી પર્યાયમેં શુભાશુભ પરિણમન હૈ કિ નહીં? ઔર યહ શુભાશુભ પરિણમન વહ ઉસકી સ્વયંસિદ્ધતાસે અપનેસે હૈ યા પરસે હૈ? જૈસે કેવલીકો કર્મકે ઉદયસે કોઈ શુભાશુભભાવ હૈ નહીં તો સર્વ જીવકો ઐસા હૈ? યહ સિદ્ધ કરના હૈ. કિ નહીં સર્વ જીવકો ઐસા નહીં. સમજમેં આયા? જ્ઞાનીકો અપના જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યવસ્તુ ઉસકી દૃષ્ટિકા પલટા હો ગયા હૈ. રાગ ઔર નિમિત્ત કિ અલ્પઅંશકે ઉપર દૃષ્ટિ ન હોને સે, દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોનેસે દ્રવ્યકા અંતર્મુખ પરિણમન હોનેસે દ્રવ્યમેં તો માત્ર જ્ઞાનભાવ પડા હૈ, તો જ્ઞાનભાવકી પરિણતિ હોકર જ્ઞાનકો જ્ઞાની જાનતા હૈ. આહા..હા..! રાગકા કર્તા તો નહીં, પરંતુ રાગ હૈ તો જ્ઞાન હુઆ ઐસા નહીં ઔર રાગકો જાનતા હૈ ઐસા નહીં. સમજમેં આયા?

ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય હૈ ન પ્રભુ! ઉસકો રાગાદિ ઉસમેં હૈ નહીં વસ્તુમેં તો. આસ્રવતત્ત્વ હૈ. ઐસા સ્વભાવ શુદ્ધ વસ્તુ પરિપૂર્ણ પ્રભુ ઐસી દૃષ્ટિ હુઈ તો દૃષ્ટિકે વિષયમેં તો કેવલ જ્ઞાન ભગવાન હી પડા હૈ. ઉસકા પરિણમન હો તો અસ્તિમેં જ્ઞાન હૈ તો અસ્તિકી જ્ઞાનપર્યાય હોતી હૈ. ઉસમેં રાગ નહીં તો રાગ કહાંસે આયા? ઔર રાગકા જ્ઞાન હૈ વહ ભી કહાંસે આયા? રાગકા જ્ઞાન નહીં, જ્ઞાન તો અપને અસ્તિત્વસે જ્ઞાન ઉત્પન્ન હુઆ હૈ. સમજમેં આયા? અલેખ અલખ માર્ગ હૈ યહ. લાલચંદજી! ઐસી ચીજ હૈ. થોડે થોડે (ગાના) ગાયા મેં નહીં ઉતરેગા. ગાતે હૈ ન. ઉસમેં સે કુછ વિશેષ નહીં મિલેગા. યહ સમજના પડેગા.

ગાય રે ગાય, ગાય ઘાસ ખાતી હૈ, ગાય દૂધ દૂસરેકો પિલાયે. ઐસા નહીં હોના ચાહિયે. ઐસા કહતે હૈ. કહતે હૈ ન વહ? 'ગાય રે ગાય.' ગાય હોતી હૈ ન? 'ગાય રે ગાય' ગાય અર્થાત્ ગાના. ગાય રે ગાય, ગાય ઘાસ ખાયે, દૂધ દૂસરે કો પિલાયે. ઐસા હૈ. યહાં તો ગાના તો અપને સ્વરૂપકે ગીત ગાયે અંતર એકાગ્ર હોકર, ઉસકો અપની પર્યાય પ્રગટ હોતી હૈ તો અપને દૂધકો પીના હુઆ. સમજમેં આયા? યહ દૂસરે કુછ સમજે, ન સમજે ઉસકે સાથ સંબંધ હૈ નહીં.

મુમુક્ષુ :- આપ તો સમજાનેકી કડી મહેનત કરતે હો!

ઉત્તર :- કૌન મહેનત કરતા હૈ? કરે કૌન? સમજમેં આયા? આહા..હા..! દૂસરા સમજે તો ઉસકા યહાં લાભ હૈ? યહાં સમજાનેકા વિકલ્પ...

મુમુક્ષુ :- જો સમજાતે હૈ ઉનકો પતા હો?

ઉત્તર :- ઈસલિયે તો કહતે હૈ ન. ઔર વિકલ્પ આયા ઉસસે લાભ હૈ? અંતર સન્મુખકી જિતની એકાગ્રતા હૈ વહી બાત હૈ. વિકલ્પ આયા પુણ્યબંધ હો જાયેગા. લોગ ઐસા કહતે હૈં ન?

મુમુક્ષુ :- સમજાનેવાલેકો ગેરલાભ નહીં હૈ ન!

ઉત્તર :- વિકલ્પ વહ ગેરલાભ હૈ. ઈતના .. ભલે નહીં, પરંતુ ઈતના બંધ હૈ. આહા..હા..! અબંધ પરિણામ વહ નહીં.

મુમુક્ષુ :- તીર્થંકરકો...

ઉત્તર :- તીર્થંકરકો ભી બંધ હૈ છદ્મસ્થમેં ભાવ... કેવલીકો (વિકલ્પ) કહાં હૈ? યહ તો વિકલ્પ આયે ઉસકી બાત હૈ કિ નહીં? સમજમેં આયા?

કહતે હૈં, અહો..! '**યદિ (ઐસા માના જાયે કિ) આત્મા સ્વયં સ્વભાવસે (-અપને સ્વભાવસે) શુભ યા અશુભ નહીં હોતા (શુભાશુભભાવમેં પરિણમિત હી નહીં હોતા)...**' પરિણમિત હી નહીં હોતા '**તો સમસ્ત જીવનિકાયોંકે સંસાર ભી વિદ્યમાન નહીં હૈ ઐસા સિદ્ધ હોગા.**' સમજમેં આયા? આહા..હા..! અધિકાર કેવલજ્ઞાનીકા લિયા હૈ. ચલેગા... તુરંત હી કેવલ લેંગે ૪૭મેં. યહાં બીચમેં દો ડાલી દો ગાથા. '**પુનઃ પ્રકૃતિકા (-ચાલુ વિષયકા) અનુસરણ કરકે અતીન્દ્રિય જ્ઞાનકો સર્વજ્ઞરૂપસે અભિનંદન કરતે હૈં.**' ઉસકે બાદ તુરંત લેંગે. સમજમેં આયા? પરંતુ બીચમેં વહ સર્વજ્ઞસ્વભાવવાલે આત્માકો અઘાતિકા ઉદય હૈ ઔર મોહ નહીં હૈ તો શુભાશુભભાવ ઉત્પન્ન હોતા નહીં. યહ બતાનેકો બીચમેં યહ બાત લી હૈ. સમજમેં આયા? કિ સર્વજીવકો કર્મકા ઉદય હૈ મોહાદિકા ઔર (ફિર ભી) મોહ નહીં હોતા ઔર શુભાશુભભાવરૂપ નહીં પરિણમન કરતા—ઐસા હૈ નહીં. શુભાશુભભાવ ન હો તો સંસાર કિસકા? સંસાર ન હો તો મોક્ષ હો જાયેગા ઉસકો. સમજમેં આયા? આહા..હા..!

'**સમસ્ત જીવનિકાયોંકે સમૂહ...**' '**सर्वेषां जीवकायानां**' કાયાકા અર્થ ફિર નિકાય-સમૂહ. '**સંસાર ભી વિદ્યમાન નહીં હૈ ઐસા સિદ્ધ હોગા.**' સંસાર હૈ, વહ શુભાશુભભાવરૂપ પરિણમન કરતા હૈ.

'**ટીકા :- યદિ એકાંતસે યહ માના જાયે કિ...**' એકાંતસે ઐસા માના જાયે. દૃષ્ટિકી અપેક્ષાસે દ્રવ્યસ્વભાવ શુભાશુભરૂપ પરિણમન કરતા નહીં વહ બાત યથાર્થ હૈ. સમજમેં આયા? દ્રવ્ય જો વસ્તુ હૈ પદાર્થ હૈ વહ શુભાશુભભાવરૂપ પરિણમન કરતા નહીં વહ યથાર્થ હૈ, પરંતુ વહ પદાર્થ પર્યાયમેં ભી શુભાશુભરૂપ પરિણમન કરતે નહીં અનાદિકા અજ્ઞાની—ઐસા હૈ નહીં. સમજમેં આયા? '**એકાંતસે યહ માના જાયે કિ શુભાશુભભાવરૂપ સ્વભાવમેં (-અપને ભાવમેં)...**' દેખો! સ્વભાવકા અર્થ કિયા. અપના ભાવ હૈ ન વહ વિકારી પરિણામ

જબતક દ્રવ્યકા અનુભવ હુઆ નહીં ઔર સંસારકા અભાવ કિયા નહીં, તબતક શુભાશુભકા પરિણમન ઉસકી પર્યાયમેં અપને અપરાધસે હોતા હૈ. સમજમેં આયા?

**'સ્વભાવમેં (-અપને ભાવમેં) આત્મા સ્વયં પરિણમિત નહીં હોતા,...'** દેખો! સ્વભાવમેં ઔર સ્વયં પરિણમિત નહીં હોતા. અપને ભાવમેં અપનેસે પરિણમિત (હૈ). અપને ભાવમેં કર્મસે પરિણમિત હોતા હો ઐસા ભી નહીં ઔર અપને ભાવમેં વિકારરૂપ પરિણમન કરતા નહીં ઐસા ભી નહીં. પરસે શુભાશુભ પરિણમન કરતા હૈ ઐસા ભી નહીં ઔર શુભાશુભ અપનેસે પરિણમતા નહીં ઐસા ભી નહીં. આહા..હા..! સમજમેં આયા? **'યદિ એકાંતસે યહ માના જાયે કિ શુભાશુભભાવરૂપ સ્વભાવમેં (-અપને ભાવમેં) આત્મા સ્વયં પરિણમિત નહીં હોતા,...'** અપનેસે પર્યાયમેં શુભાશુભ પુણ્ય-પાપરૂપ ભાવ હોતા નહીં. **'તો યહ સિદ્ધ હુઆ કિ (વહ) સદા હી સર્વથા...'** સદા હી ઔર સર્વથા **'નિર્વિઘાત શુદ્ધસ્વભાવસે હી અવસ્થિત હૈ;...'** સદા હી ઔર સર્વથા નિર્વિઘાત. દ્રવ્યરૂપ અશુદ્ધ નહીં હૈ. દ્રવ્યરૂપ અશુદ્ધ નહીં હૈ પરંતુ પર્યાયરૂપ .. ઈસલિયે સર્વથા શબ્દ લિયા હૈ દેખો! **'સદા હી સર્વથા નિર્વિઘાત શુદ્ધસ્વભાવસે હી અવસ્થિત હૈ;...'** ઐસા હો જાયેગા. સદા ઔર સર્વથા. તીનોં કાલ ઔર અપની પર્યાયમેં શુભાશુભભાવ નહીં હૈ ઐસા હો જાયેગા. નહીં હોગા તો તો મોક્ષ હોગા.

**'ઔર ઈસપ્રકાર સમસ્ત જીવસમૂહ, સમસ્ત બંધકારણોંસે રહિત... '** દેખો! એકેન્દ્રિયસે (લેકર) સબ. **'ઈસપ્રકાર સમસ્ત જીવસમૂહ,...'** એકેન્દ્રિય નિગોદસે (લેકર) સબ **'સમસ્ત બંધકારણોંસે રહિત...'** બંધકે કારણ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ઔર યોગ વહ બંધકે કારણ હૈ, ઉસસે રહિત હો જાયેગા. પર્યાયમેં શુભાશુભરૂપ પરિણમન ન હો તો બંધકે કારણસે રહિત હો જાયેગા. **'સંસાર અભાવરૂપ સ્વભાવકે કારણ...'** વહ તો સંસારકે અભાવરૂપ હો ગયા. 'કારણ **નિત્યમુક્તતાકો પ્રાપ્ત હો જાયેંગે અર્થાત્ નિત્યમુક્ત સિદ્ધ હોવેંગે.'** વહ અન્યમતિ કહતે હૈ ન? આત્મા નિત્યમુક્ત હૈ. સદા નિત્યમુક્ત હૈ. ઉસકી પર્યાયસે નહીં, દ્રવ્યસે સદા નિત્યમુક્ત હૈ. અસ્તિરૂપ તો મુક્ત ત્રિકાલ હૈ, પરંતુ પર્યાયસે ભી નિત્ય સદા મુક્ત હૈ નહીં. જૂઠ હૈ ઐસા કહતે હૈ. સમજમેં આયા? દ્રવ્ય તો મુક્ત હી હૈ. વસ્તુમેં બંધકા અભાવ ઐસા કહાં સે આયા? વસ્તુ તો વસ્તુ હૈ. બંધકી પર્યાય ઔર પરકા વ્યય, ઉત્પાદ-વ્યય વહ તો પર્યાયમેં હૈ, ઉસમેં તો હૈ હી નહીં. સમજમેં આયા? તો કહતે હૈં, પર્યાયમેં ભી જો બંધભાવ ન હો તો બંધકે અભાવરૂપ મોક્ષ હો જાયેગા, સંસારકા અભાવ (હોકર) શુદ્ધ હો જાયેગા. ઐસા હૈ નહીં. સમજમેં આયા?

**'કિંતુ ઐસા સ્વીકાર નહીં કિયા જા સકતા;...'** પરંતુ ઐસા સ્વીકાર હો સકે નહીં. પ્રત્યક્ષ દેખતે હૈ. જીવ દ્રવ્યસ્વભાવસે નિત્ય મુક્ત હોનેપર ભી શુભાશુભ પરિણામરૂપ પરિણમતા હો-હોતા હૈ ઐસા દિખતા હૈ. દિખતા હૈ ઐસા કહતે હૈ દેખો! જ્ઞાનચંદજી! કોઈ કહે કિ

આત્મા તો આસ્રવતત્ત્વ ઔર અજીવતત્ત્વસે ભિન્ન હૈ. યહાં તો આસ્રવતત્ત્વ ઉસકે પરિણમનમેં હૈ વહ સિદ્ધ કરના હૈ. આસ્રવતત્ત્વ ભી ઉસકી પર્યાયમેં હૈ વહ સિદ્ધ કરના હૈ. સમજમેં આયા? આહા..હા..! વહ પુણ્ય-પાપકા પરિણમન કોઈ કર્મસે હુઆ યા ઉસકી પર્યાયમેં હૈ નહીં ઐસા નહીં બતાના હૈ. સમજમેં આયા?

'**કિંતુ ઐસા સ્વીકાર નહીં કિયા જા સકતા; ક્યોંકિ આત્મા પરિણામધર્મવાલા હોનેસે,...**' દેખો! યહ સિદ્ધ કરના હૈ. યહ સિદ્ધ કરના હૈ. પરિણામધર્મવાલા હોનેસે... પલટના, પરિણમના, બદલના ઐસા ઉસકા સ્વભાવ હૈ. બદલના, ઉસકી પર્યાયમેં બદલના ઉસકા સ્વભાવ હૈ. આહા..હા..! સમજમેં આયા? વિકારરૂપસે ન પરિણમે ઉસકા સ્વરૂપ તો દ્રવ્યસ્વભાવ હૈ. પરંતુ પર્યાયસ્વભાવમેં પરિણમના, વિકારરૂપ પરિણમના ઉસકા સ્વભાવ હૈ. આહા..હા..! સમજમેં આયા? યહ કારણ દિયા હૈ. સમજે? '**આત્મા પરિણામધર્મવાલા હોનેસે,...**' પરિણામ પરિણમના ઉસકા ધર્મ હૈ, પલટન હોના, પર્યાયમેં પલટન હોના, પરિણમના ઐસા આત્માકા પર્યાયધર્મ હૈ, પર્યાયધર્મ હૈ. લો વિકારરૂપ હોના વહ પર્યાય-પરિણામધર્મ હૈ. આહા..હા..!

'**જૈસે સ્ફટિકમણિ, જપાકુસુમ ઔર તમાલપુષ્પકે રંગ-રૂપ સ્વભાવયુક્તતાસે પ્રકાશિત હોતા હૈ...**' સ્ફટિકમણિકો જપાપુષ્પ લાલ ઔર તમાલપુષ્પ કાલા ઐસા રંગ-રૂપ દો કાલા ઔર લાલ. સ્ફટિકમણિ હૈ પરંતુ કાલા ઔર લાલ ફુલ હૈ ઉસકે સમીપમેં ઉસકા પરિણમન સ્ફટિકમેં લાલ ઔર કાલાકી ઝાંય અપનેમેં અપનેસે હોતી હૈ. સ્ફટિકમણિમેં ઉસકી વર્તમાન પર્યાયમેં કાલા ઔર લાલ પુષ્પ નિમિત્ત હૈ, પરંતુ વહ નિમિત્ત હોનેપર ભી પરિણમન અપના હૈ કાલા-લાલકા, નહીંકિ ફૂલકા હૈ. સમજમેં આયા? '**સ્ફટિકમણિ, જપાકુસુમ...**' ફૂલ. '**ઔર તમાલપુષ્પકે રંગ-રૂપ સ્વભાવયુક્તતાસે પ્રકાશિત...**' ઐસે સ્વભાવસહિત સ્ફટિકમણિ પ્રકાશિત હોતી હૈ. સમજમેં આયા? વહ પર્યાયકા ઉસકા ધર્મ હૈ. સ્ફટિકકા પર્યાયકા ઉસકા ધર્મ હૈ. લકડીમેં લો. યહ લકડી હૈ લો. ઈસમેં કુછ ઝાંય પડી. ઉસકા પર્યાયધર્મ નહીં. સમજમેં આયા? સ્ફટિકમેં, કાલા ઔર લાલ ફૂલ હૈ તો કાલે ઔર લાલ ફૂલકી ઝાંય હોતી હૈ ઐસા નહીં. સમજમેં આયા? ઉસસે હો તો ઉસમેં હોના ચાહિયે દેખો! લકડીમેં હોના ચાહિયે. દેખો! સ્ફટિકમણિકા દ્રવ્યસ્વભાવ તો શુદ્ધ હૈ. પરંતુ પર્યાયમેં અપનેસે સ્વયં સ્વભાવ લાલ, કાલા હોનેકા અપનેસે હૈ. તબ ફૂલકો નિમિત્ત કહનેમેં આતા હૈ. આહા..હા..!

આપકી વહ ગાથા કહાં ગઈ? ૭૮. સ્ફટિકમણિ અપને સ્વભાવસે પરિણમન કરતે હૈ, પરદ્રવ્યસે પરિણમન કરતા હૈ. લાલફૂલ. ૨૭૮. યહાં તો કહતે હૈ કિ દ્રવ્યસ્વભાવ, દ્રવ્યસ્વભાવ અપનેસે લાલ ફૂલ(રૂપ) નહીં હોતા દ્રવ્યસ્વભાવસે. દ્રવ્યદૃષ્ટિકાર ઔર દ્રવ્યસ્વભાવ વહ અપનેસે રાગ-દ્વેષરૂપ નહીં હોતા. વહ લાલ નિમિત્તકે આધીન પરકે વશ હોકર રાગ-દ્વેષાદિ હોતા હૈ ઐસા બતાના હૈ. સમજમેં આયા? વહ ભી ચર્ચા હોતી થી ન ૬કી સાલમેં. ... દશા હૈ.

દેખો! લિખા હૈ. દેખો ..ભાઈકા નામ નહીં આયા. .. પરદ્રવ્ય ચીજ આત્મા ઐસા સ્ફટિક ભી પરદ્રવ્યસે હૈ. પરદ્રવ્યસે સ્ફટિક લાલ હોતા હૈ. આત્મા ભી રાગ-દ્વેષ કરતા હૈ પરદ્રવ્યસે કરતા હૈ. એય..! આહા..હા..! સુન તો સહી ભગવાન! યહ તો ઉસકા સ્વભાવ દ્રવ્યસ્વભાવ નહીં. દ્રવ્યસ્વભાવ, અપનેસે સ્વભાવસે રાગ-દ્વેષ હો જાયે ઐસા સ્વભાવ હૈ નહીં. યહ બતાના હૈ. યહાં તો અપની ઉસકી પર્યાયકી અપની લાયકાતસે હોતા હૈ યહ બતાના હૈ. આહા..હા..! ગજબ બાત. યહાં તો દ્રવ્યસ્વભાવ બતાના હૈ ન દ્રવ્યસ્વભાવ. દ્રવ્ય અર્થાત્ આત્મા. આત્મા કહો, જ્ઞાની કહો યા દ્રવ્ય કહો. યહ અપનેસે દ્રવ્યસ્વભાવસે રાગ-દ્વેષ કરે? વહ તો પર્યાયમેં રાગ-દ્વેષ હોતા હૈ. દ્રવ્યસ્વભાવસે હોતા હૈ? સમજમેં આયા? અરે..! ભગવાન! શાસ્ત્રકે અર્થ કરનેમેં ભી કુટીલાઈ!

કહતે હૈં, **'જૈસે સ્ફટિકમણ, જપાકુસુમ ઔર તમાલપુષ્પ રંગ-રૂપ સ્વભાવયુક્તતાસે...'** સ્વભાવયુક્તતા દેખો! યહ સ્વભાવ સહિતતાસે **'પ્રકાશિત હોતા હૈ...'** સ્ફટિકમણિ લાલ ઔર કાલે સ્વભાવસે પ્રકાશિત હોતા હૈ. સમજમેં આયા? સ્ફટિકમણિ અપની પર્યાયમેં લાલ ઔર કાલી ઝાંયસે અપને સ્વભાવસે પ્રકાશિત હોતા હૈ. પર્યાય સ્વભાવ લેના યહાં. વહાં દ્રવ્યસ્વભાવ લેના હૈ. આહા..હા..! સમજમેં આયા? દૃષ્ટાંત તો વહી હૈ. વહાં ભી હૈ. સ્ફટિકમણિકા. (સમયસાર) ૨૭૮મેં. સમજમેં આયા? કહો, સમજમેં આયા? વહાં દ્રવ્યસ્વભાવ લિયા હૈ. યહ દૃષ્ટાંત વહાં લિયા હૈ. દેખો! 'જેમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે.' જેઠાભાઈ! 'જેમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે, પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને. એમ જ્ઞાની પણ...' જ્ઞાની એટલે આત્મા. 'એમ જ્ઞાની પણ શુદ્ધ રાગરૂપે સ્વયં નહિ પરિણમે, પણ અન્ય જે રાગાદિ દોષ તે વડે રાગી બને.' કહો યહ ગાથા ઉસમેં ભી આયી હૈ ટેપરેકોર્ડિંગ. સમજે? ઈસરીકી. ઈસરીકી ટેપરેકોર્ડિંગ આયા હૈ. દેખો! ઉસમેં લિખા હૈ કિ સ્ફટિકમણિ અપનેસે લાલ-કાલા નહીં હોતા હૈ. આત્મા અપનેસે રાગ-દ્વેષ નહીં કરતા, કર્મસે રાગ-દ્વેષ હોતા હૈ. લો! શેઠિયા! ઐસા આયા હૈ. દેખા હૈ વહ? દેખા હૈ ન વહ? ઉસમેં સે લિખા હૈ. સમજમેં આયા? હૈ ન ઉસમેં? ઉસમેં હૈ. ક્યા હૈ વહ? ટેપરેકોર્ડિંગ. યહ કહા.

દેખો! વહ શ્લોક દિયા ....ટેપરેકોર્ડિંગ ઉતરા હૈ ૧૩કી સાલમેં. સ્ફટિકમણિ, કેવલ સ્ફટિકમણિ સ્વયંશુદ્ધ હૈ. રાગાદિ વહ રાગરૂપ વહ લાલ પરિણમન હૈ સ્વયં નહીં પરિણમતા હૈ. દેખો! સ્વયં નહીં પરિણમતા. .. પર નિમિત્ત ... સ્ફટિકમણિ સ્વયં રાગાદિરૂપ પરિણમેગી યહ નહીં હૈ. યહ નહીં હૈ. પરિણમતિ સ્વયં ન પરિણમતિ. ઈસકા ક્યા અર્થ હૈ? પરકે સંબંધકે બિના સ્વયં નહીં પરિણમતી. સમજમેં આયા? પરિણમતી હૈ પર ઉસકે નિમિત્ત બિના .. લંબી બાત કહી હૈ. ઉસમેં યહ લિયા હૈ. નહીં. સમજમેં આયા? આત્મા શુદ્ધ પરિણામસ્વભાવ હોનેપર ભી, સ્વયં શુદ્ધસ્વભાવ હોનેપર ભી સ્વયં પરદ્રવ્ય નિરપેક્ષ.. રાગી ક્રિયા.. અપનેઆપ

રાગાદિરૂપ નહીં હોતા. યહ તો દ્રવ્યકી દૃષ્ટિ, દ્રવ્યસ્વભાવ નહીં હોતા ઐસા બતાના હૈ. સમજમેં આયા? યહાં ઉસકા પર્યાયસ્વભાવ બતાના હૈ. અરે..! ભગવાન! કહાં કા કહાં લે જાયે? ક્યા કરે?

કહતે હૈં, દેખો! વહાં ઐસા લિયા. સ્ફટિકમણિ અપનેસે લાલ ઔર કાલી હોતી નહીં, ઐસે આત્મા અપનેસે રાગ-દ્વેષ(રૂપ) હોતા નહીં. યહાં કહતે હૈં કિ સ્ફટિકમણિ અપનેસે અપને સ્વભાવસે કાલા-લાલ હોતા હૈ. શેઠિયા! દોનોં બાત તો લેની ચાહિયે કિ નહીં? ... ટેપરેકોર્ડિંગ. સમજમેં આયા? આહા..હા..! ભાઈ! વહાં તો યહ બતાના હૈ કિ અપને સંગસે, અપને સંગસે ક્યા રાગદ્વેષ હોતા હૈ? વસ્તુ તો અસંગ ચૈતન્ય રાગ-દ્વેષરહિત હૈ. અપના સ્વભાવ-વસ્તુસ્વભાવસે ક્યા રાગદ્વેષ હોતા હૈ? પરકે નિમિત્તકા સંગ કરનેસે, પરવશ હોને સે રાગદ્વેષ હોતા હૈ. સ્ફટિકમણિ અપને દ્રવ્યસ્વભાવસે લાલ-કાલી હોતી હૈ? ઉસકે સંગમેં આયા તો લાલ-કાલી હોતી હૈ. યહાં તો પર્યાય સિદ્ધ કરના હૈ ઔર વહાં દ્રવ્ય સિદ્ધ કરના હૈ. સમજમેં આયા? તકરારી ગાથા હૈ વહ. ગાથા તકરારી હોતી હૈ? આહા..હા..!

૪૫મેં ભી વહ આયા. ૪૬મેં ભી વહ આયા. સબ તકરાર-તકરાર. અરે..! ભગવાન! તકરાર નહીં હૈ. સુન તો સહી. યહ ચૈતન્ય ભગવાન આત્મા વસ્તુસ્વરૂપસે તો પરમાત્મા સચ્ચિદાનંદ મૂર્તિ હૈ, પરંતુ પર્યાયમાં શુભાશુભ ન હો તો સંસાર કિસકા? ઔર સ્વયં ન પરિણમે તો ઉસકી પર્યાય કિસકી? સમજમેં આયા? પરકો લેકર પરિણમન કરે તો ઉસકી પર્યાયકા કાલ અપની યોગ્યતા હૈ કિ નહીં? આહા..હા..! સમજમેં આયા? તકરાર... તકરાર... તકરાર... .. ક્યા કરે?

**'સ્ફટિકમણિ જપાકુસુમ ઔર તમાલપુષ્પકે રંગ-રૂપ...'** દેખો! રંગ-રૂપ. **'સ્વભાવયુક્તતાસે...'** યહ રંગરૂપ સ્વભાવયુક્તતાસે. રંગરૂપ સ્વભાવ કે સહિતપનાસે પ્રકાશિત હોતા હૈ. દેખો! સમજમેં આયા? સ્ફટિકમણિ લાલ ઔર કાલા રંગરૂપ અપને સ્વભાવસે પ્રકાશિક હોતી હૈ, પર્યાયમેં. **'ઉસીપ્રકાર, ઉસે (આત્માકે) શુભાશુભ-સ્વભાવયુક્તતા પ્રકાશિત હોતી હૈ.'** દેખો! ઐસે ભગવાન આત્મા **'ઉસી પ્રકાર (આત્માકે) શુભાશુભ-સ્વભાવયુક્તતા પ્રકાશિત હોતી હૈ.'** દેખો! સમજમેં આયા? ભગવાન આત્મા ભી અપની પર્યાયમેં શુભાશુભ સ્વભાવસહિતપના... શુભાશુભ પર્યાય. ઉસકે સ્વભાવસહિતપને પ્રકાશિત પર્યાય હોતી હૈ. ઉસસે હોતી હૈ. વિકારરૂપસે પ્રકાશિત હોતી હૈ ઔર પરકે કારણસે પ્રકાશિત હોતી હૈ ઐસા નહીં. દેખો! યહ પ્રવચનસાર. મૂલચંદભાઈ! યહ .. હૈ. બહુત કઠિન. વાદવિવાદ. સમજમેં આયા?

**'શુભાશુભ-સ્વભાવયુક્તતા...'** સ્વભાવયુક્તતા, સ્વભાવસહિતતાસહિત પર્યાય પ્રકાશિત હોતી હૈ. સમજમેં આયા? પરસે નહીં ઔર વિકારી પર્યાયસહિત યુક્તતા નહીં ઐસા ભી નહીં. **'(જૈસે સ્ફટિકમણિ લાલ ઔર કાલે...'** દેખો! દો રંગ કહા ન? પુણ્ય-પાપ બતાના હૈ ન શુભ-અશુભભાવ? **'લાલ ઔર કાલે ફૂલકે નિમિત્તસે લાલ ઔર કાલે સ્વભાવમેં**

**પરિણમિત દિખાઈ દેતા હૈ...'** દેખો નિમિત્તસે દિખાઈ દેતા હૈ. પરંતુ નિમિત્તસે દિખાઈ દેતા હૈ ઉસકા અર્થ નૈમિત્તકપનેમેં ઐસા પરિણમનસે દિખાઈ દેતા હૈ. ઐસા કહતે હૈ. અરે..! ભગવાન! સમય સમયમેં તકરાર. એય..! વજુભાઈ! યહ તુમ્હારે .. તકરાર, યહાં ઈસમેં તકરાર. દેખો! નિમિત્તસે લિખા હૈ. **'નિમિત્તસે લાલ ઔર કાલે...'** યહ તો નિમિત્ત હૈ, તો નિમિત્ત-નૈમિત્તિકકી પ્રસિદ્ધિ કરતા હૈ. નિમિત્ત-નૈમિત્તિકકી પ્રસિદ્ધિ કરતા હૈ. નિમિત્તસે નૈમિત્તિક હોતા હૈ ઐસા નહીં. પ્રસિદ્ધ કરતા હૈ કિ લાલ ફૂલ આદિ હૈ તો લાલ આદિ પરિણમનરૂપ, વહાં પર્યાયવાલા જીવ હૈ બસ ઈતના. સ્ફટિકમણિમેં લાલ ફૂલ હૈ તો સ્ફટિક વહાં લાલરૂપસે પરિણમા હૈ ઐસા પ્રશ્ન કરતે હૈ. ઐસે કર્મકા નિમિત્ત હૈ. દેખો યહાં.

**'ઉસીપ્રકાર આત્મા કર્મોપાધિકે નિમિત્તસે...'** દેખો! કર્મકા નિમિત્ત હૈ, યહ તો નિમિત્ત ઐસે બતાતા હૈ કિ વહાં ઉપાધિરૂપ પરિણમનવાલા પર્યાયવાલા જીવ હૈ. ઐસી બાત હૈ. ઐસી બાત હૈ. વસ્તુ તો ઐસી હૈ. **'શુભાશુભ સ્વભાવરૂપ પરિણમિત હોતા હુઆ દિખાઈ દેતા હૈ.'** અપની પર્યાયમેં શુભાશુભ હૈ ઉસકા આશ્રય છોડો, રુચિ છોડો ઔર સ્વભાવકી દૃષ્ટિ કરો વહ બતાના હૈ. ઉસકા તાત્પર્ય બતાના વહ હૈ. પરિણમન તુઝે હૈ, શુભાશુભ હૈ. તેરે સે હૈ. યહ દૃષ્ટિ છોડ દે, દ્રવ્યકી દૃષ્ટિ કર. વસ્તુકી દૃષ્ટિ કર, તેરે ઉસમેં શુભાશુભ હૈ નહીં. તેરા પરિણમન શુભાશુભ નહીં રહેગા તો શુદ્ધ પરિણમન હોગા ઔર શુદ્ધ પરિણમન હૈ વહ ધર્મ હૈ, મોક્ષકા માર્ગ હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૯, મંગળવાર, તા. ૧૫.૧૦.૧૯૬૮**
**ગાથા-૪૬-૪૭, પ્રવચન-૩૭**

આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર, પ્રવચનસાર. એની ૪૬મી ગાથાનો ભાવાર્થ છે.

**'જેમ શુદ્ધનયથી કોઈ જીવ શુભાશુભભાવે પરિણમતો નથી...'** શું કહે છે? આ જીવ જે છે જીવ—આત્મા, એ શુદ્ધનયથી એટલે નિશ્ચયદૃષ્ટિથી વસ્તુ જુઓ તો એ આત્મા પોતે વસ્તુ શુભાશુભભાવે પરિણમતી નથી. દ્રવ્ય-દ્રવ્ય ત્રિકાળી દ્રવ્ય. શુદ્ધનયથી વસ્તુ જોઈએ-પદાર્થથી જોઈએ તો વસ્તુ શુભાશુભ (રૂપે) પરિણમતી નથી. એ તો આવી ગયું આપણે સમયસારમાં પણ, છઠ્ઠી ગાથામાં. એ જ અહીં કહે છે. દ્રવ્ય જે ચૈતન્ય તત્ત્વ છે, સત્

છે, શાશ્વત છે, જેનું ધ્રુવપણું સ્વરૂપ છે એ વસ્તુ પોતે, વસ્તુ પોતે શુભ અને અશુભ, પુણ્ય અને પાપપણે કાંઈ વસ્તુ પરિણમતી નથી. '**તેમ જો અશુદ્ધનયથી પણ ન પરિણમતો હોય...**' તેમ પર્યાયમાં—અવસ્થામાં અશુદ્ધનયથી વર્તમાનમાં વિકારપણે પર્યાયમાં ન થતો હોય તો સંસાર કોનો? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે. પર્યાયમાં છે એની વાત ચાલે છે ને અહીં તો. પર્યાયમાં સંસાર છે ત્યારે દુઃખી છે ને? સંસાર—સંસરણ ઈતિ સંસાર. વસ્તુની સ્થિતિથી ખસી અને પર્યાયમાં—અવસ્થામાં પુણ્ય અને પાપ એ મારા એવો મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપપણે એ થાય છે, તેથી તેને અવસ્થામાં—પર્યાયમાં સંસાર છે. સંસાર કર્મમાં નથી, સંસાર કર્મને લઈને નથી, સંસાર દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? વસ્તુ છે દ્રવ્ય—વસ્તુ એમાં સંસાર નથી, સંસાર કર્મમાં નથી, સંસાર કર્મને લઈને નથી, સંસાર એની પર્યાયમાં અશુદ્ધનયથી જોતા વ્યવહારથી ભેદરૂપ સંસારની દશા આત્માની પર્યાયમાં છે. સમજાય છે કાંઈ? ન હોય તો પછી એને આનંદ જોઈએ.

આત્મા આનંદસ્વરૂપ છે, વસ્તુ તો આનંદ છે. અતીન્દ્રિય આનંદનો રસ આત્મા છે. એ અતીન્દ્રિય આનંદનો રસ આત્મા છે એવો જ જો પર્યાયમાં અતીન્દ્રિય આનંદ હોય તો દુઃખ શું? તો સંસાર કોનો? સંસાર અંદર પર્યાયમાં (છે), આ વસ્તુસ્થિતિ (છે). જો આનંદ હોય તો સંસાર ન હોય, પણ એ તો છે નહિ. પર્યાયમાં આનંદ નથી, વસ્તુમાં આનંદ છે. સમજાય છે કાંઈ? પર્યાયમાં દુઃખ છે, વસ્તુમાં સુખ છે. હિંમતભાઈ! આહા..હા..! વસ્તુ ભગવાન આત્મા પદાર્થ તરીકે આનંદસ્વરૂપ છે. એમ એની પર્યાયમાં પણ જો આનંદ હોય તો દુઃખ કોનું? રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, સંકલ્પ અને વિકલ્પ અને એ હું એવી ભ્રાંતિ એ બધી આત્માની પર્યાયમાં—અવસ્થામાં—હાલતમાં—છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનયે પણ સમસ્ત જીવોને સંસારનો અભાવ થાય...**' એમ. શુદ્ધનયથી તો સંસારનો અભાવ છે જ દ્રવ્યમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુમાં તો સંસાર નથી. વસ્તુમાં સંસાર હોય તો તો વસ્તુ વિકારમય થઈ ગઈ. (પણ) વસ્તુ એવી હોઈ શકે જ નહિ. સત્ ચિદાનંદસ્વરૂપ વસ્તુ છે એમાં સંસાર નથી. એમાં નથી તો એની પર્યાયમાં વ્યવહારે સંસાર ન હોય એમ કેમ બને? નિશ્ચયમાં સંસાર નથી. સંસાર કોને કહેવો સમજાય છે? આ બાયડી-છોકરા, પૈસા, કુટુંબ, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, ધંધો એ સંસાર નથી. એ તો પર વસ્તુ છે, એ સંસાર નથી. તેમ વસ્તુ દ્રવ્યસ્વરૂપ છે એમાં સંસાર નથી. સંસાર એની પર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો ભાવ એ સંસાર છે. પૈસો કાંઈ.. શું કહેવાય તમારે બધા? કારખાના. પાવર હાઉસ. પાવર હાઉસ સંસાર નથી. એ તો પુદ્ગલની પર્યાય છે. કહો, સોભાગભાઈ! તમારા પૈસા-બૈસા ઓલા કરોડ રૂપિયાના બંગલા એ સંસાર નથી. એ તો જડની પર્યાય છે. જડની પર્યાયમાં સંસાર કેવો? બાયડી, છોકરા, કુટુંબ, કબીલો, મકાન, આબરૂ એમાં

સંસાર નથી. એ તો પરવસ્તુ જડની પર્યાય, અને ચૈતન્યની પર્યાય બીજા આત્મા હોય તો.

સંસાર જેવો આત્મામાં દ્રવ્યમાં નથી, શુદ્ધનયનથી નથી એમ જો પર્યાયમાં ન હોય તો વ્યવહારે સંસારનો અભાવ થતાં એને મોક્ષ જ પર્યાયમાં હોવો જોઈએ. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! એ હીરાભાઈ સંસાર નથી એમ કહે છે. પર્યાયમાં, એ મારો અને હું એનો એવી માન્યતા ઊભી કરી એ સંસાર છે. બાબુભાઈ! સુમનભાઈ સંસાર નથી. એય..! ધર્મચંદભાઈ! દીકરા-દીકરી, મોટી દુકાન ચાલે ડોક્ટરની—એમાં સંસાર ત્યાં હશે કે નહિ આત્માનો? આત્માનો સંસાર ત્યાં હોય? એ જ કહે છે અહીંયાં કે જેમ પરમાત્મા સર્વજ્ઞને કર્મનો ઉદય હોવા છતાં એને મોહ નથી માટે તેને બંધ નથી, એમ સંસારી પ્રાણીને કર્મનો ઉદય છે અને એને મોહ નથી એમ નથી. મોહ છે તેથી એને બંધનું કારણ થાય છે. સમજાણું કાંઈ?

'**જો અશુદ્ધનયથી...**' પણ. ભાષા કેવી લીધી છે! કે '**શુદ્ધનયથી તો કોઈ જીવ શુભાશુભ ભાવે પરિણમતો નથી...**' એટલે કે વસ્તુસ્વરૂપ દૃષ્ટિથી જોતાં તો વસ્તુ પોતે સંસારની અવસ્થારૂપે નથી, પણ અશુદ્ધનયથી. એમ કેમ લીધું? કે પર્યાયમાં અશુદ્ધનયે પરિણમેલો છે. અશુદ્ધનયથી વિકાર, પુણ્ય-પાપ, કામ-ક્રોધ આદિ શુભાશુભભાવ, મિથ્યાત્વ એ મારા એવો સંકલ્પ-વિકલ્પની ભૂમિકા એ અશુદ્ધનયથી એની પર્યાયમાં છે, એની દશામાં છે. '**અશુદ્ધનયથી પણ જો ન પરિણમતો હોય તો વ્યવહારનયે પણ સમસ્ત જીવોને સંસારનો અભાવ થાય.**' જેમ શુદ્ધનયે સંસાર નથી, એમ પર્યાયમાં અશુદ્ધપણું ન હોય તો વ્યવહારનયે પણ એને સંસાર પર્યાયમાં સંભવે નહિ.

'**અને સૌ જીવો સદાય મુક્ત જ ઠરે!**' તો બધા જીવો મુક્ત જ ઠરે. બધા મુક્ત જ હોય. '**પરંતુ તે તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે.**' સંકલ્પ-વિકલ્પ થાય છે, રાગ થાય છે એને રાગ મારો, આ મારા એવી ભ્રાંતિ થાય છે, પરમાં સુખ છે એવી ભ્રાંતિ થાય છે, પૈસામાં, લક્ષ્મીમાં, શરીરમાં, હાડકામાં, માંસમાં, સુંદરતા રૂપમાં મને ઠીક પડે છે એવો ભાવ દેખાય છે. એ મિથ્યાત્વભાવ એ સંસાર છે. સમજાય છે કાંઈ? ઝાઝા છોકરા હોય એને ઝાઝો સંસાર અને છોકરા ન હોય એને થોડો સંસાર એમ હશે કે નહિ? લાલચંદજી! તમારે તો દીકરા-બીકરા નથી તો સંસાર થોડો. શેઠિયાને પાંચ છોકરા અને છોકરાના છોકરા તો મોટો સંસાર એમ હશે? સંસારનું માપ એમ હશે? છોકરા કોના પણ? એ તો આત્મા છે. એ આત્મા એના આત્માએ ઊપજાવ્યો છે? એ તો આત્મા જગતની ચીજ છે અને આ શરીર છે એ રજકણ છે. બેય ચીજ સ્વતંત્ર છે. એમાં આત્માનો આ આત્મા, અને આ આત્માનું આ શરીર એ આવ્યું ક્યાંથી? સમજાય છે કાંઈ?

બહારની સંખ્યા ઉપર સંસારની ઘટ-વધ નથી કે ભાઈ ઘણી લક્ષ્મી, ઘણું શરીર મોટું-જાડું... હાથીનું મોટું હોય છે. માછલાનું એક હજાર યોજન હોય છે. મચ્છનું એક હજાર યોજન સ્વયંભૂરમણ સમુદ્ર. તો ઘણું શરીર મોટું અથવા મોટા બંગલા હોય જેને, ઘણા પૈસા

હોય, પથારો મોટો હોય, પાંચ, દસ, પચ્ચીસ કરોડ રૂપિયા હોય અને આમ બધો પથારો... પથારો... પથારો... બાગ ને બગીચા ને ઓહો..હો..! પાંચ-પાંચ માઈલમાં બાગ અને ફલાણું. કોક નહોતું કહેતું? આફ્રિકામાં કે જાપાનમાં કોક રાજા છે. કેટલા માઈલમાં એને મકાન રહેવાનું, એમાં ને એમાં ફરવાનું. એવું કોક કહેતુ હતું. આપણે સાંભળેલું છે. જાપાનનો રાજા, કોક કહેતું હતું. બહુ બાદશાહી. તો એ બધી બાદશાહી એ સંસાર હશે? એ મારા છે અને મને એને લઈને ઠીક પડે છે એવો જે ભાવ—મિથ્યાત્વભાવ અને એને લઈને થતી ઈષ્ટ-અનિષ્ટમાં રાગ-દ્વેષની વૃત્તિ એ સંસાર. કહો, શાંતિભાઈ! કહો હવે, આ સંસાર સમજ્યા વિના સંસાર છોડીને બેસે બહારના બાયડી ને છોકરા. ભાઈ છોડવાને તૈયાર થઈ ગયા હતા સાંભળ્યું હતું? શાંતિભાઈ નગ્ન મુનિ થવાના હતા, દિગંબર મુનિ. દિલ્હી. વળી (અહીંનું) સાંભળ્યું અને રહી ગયા. આ બેઠા છે ને સુમનભાઈ બેઠા છે જોડે. એ. દિગંબર મુનિ હોં! બૈરા છે, છોકરા છે. બૈરાએ પણ તમે રજા કેમ આપી એને? જુવાન બૈરા છે. મકાન કર્યું. .. પણ શું કરીએ? કહે. એને પૂછયું હતું, બૈરા આવ્યા હતા ને. શું કરીએ? એ વખતે એકદમ એનો ભાવ થઈ ગયો હતો તો રજા આપી. વળી આ સાંભળ્યું કે સાધુપણુ એવું ન હોય બાપુ! જ્યાં હજી રાગથી ભિન્ન પડ્યો આત્મા એ શું ચીજ છે એના ભાન વિના ક્યાં ઠરવું એની ખબરું ન મળે. એમાં ઠરવું એટલે ચારિત્ર. પણ ક્યાં ઠરવું અને ક્યાંથી ખસવું?

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ રાગથી પૃથક્ અને ભિન્ન. શરીરથી તો ભિન્ન પ્રત્યક્ષ છે. એ તો બધા મૂકીને ચાલ્યા જાય છે ખબર નથી? એં.. એં.. કરતા બધા (જાય છે). ગમે એવા રૂપાળા શરીર હોય, ઈયળુ પડે, જીવડા પડે, આ પડે, બાયડી-છોકરા પડ્યા રહે અને જાય ભાગી કહો, એ કાંઈ વસ્તુ એની છે તે રહેશે? સમજાણું કાંઈ? એક નહોતું કીધું? એક ડોક્ટર હતો અમદાવાદમાં. છોકરો મરી ગયો જુવાન. જુવાન છોકરો મરી ગયો. એની મા એને બાંધવા દે નહિ ઠાઠડી. ઠાઠડી સમજો છો? ઠાઠડી બાંધવા દે નહિ અને રો.. રો... રો... કરે. પણ મરી ગયો હવે એને આપણે શું કરવું? ત્યારે કહે આપણે રાખવો છે? પેટી કરાવીએ, કહો, લાકડાની અને એમાં રાખીએ, તારે બાળવા ન દેવો હોય તો. આ ખોટી થાય છે બધા માણસો. તો કહે ના... ના.. ના. લે, બાળવા દેવો નથી અને લાકડાની પેટી કરીને રાખવો નથી. ત્યારે શું કરવું છે પણ તારે? ધર્મચંદજી! શું પણ છે તને આ? આ ખોટી થાય છે બધા આવ્યા છે. ઓલો છોકરો મરી ગયો બધા આવ્યા સગા-વ્હાલા. હવે તું બાંધવા દેતી નથી. હવે તારે શું કરવું છે? આપણે પેટી કરાવીને રાખીએ એને. સોભાગભાઈ! ભાઈસાહેબ! એ નહિ.

હવે એમાં છોકરો આવ્યો તાકડે. એ આમાં નથી આવ્યો. પણ બીજી એક વાત છે. ત્યાં તો એટલી વાત હતી અમદાવાદમાં આટલી થઈ. બીજે તો છોકરો મરી ગયો જુવાન માણસ પચ્ચીસ વર્ષનો. એમાં છેલ્લે એમ કહ્યું. આહા..હા..! આ સ્થિતિ, દશા, આ બધું

મૂકીને. વૈરાગ્ય થઈ ગયેલો થોડા પરિણામ. ભૂતડું થઈ ગયો ભૂત, મરીને ભૂત થયો. એના મા-બાપ રોતા હતા આવ્યો. શું કરવા રોવો છો? કહે, મારો દીકરો (મરી ગયો). એ આ હું છું ઈ. એ તમારો હું દીકરો. જુઓ આ મને પરિણામ છેલ્લા, તમે હજી બાંધતા નથી ત્યાં મને પરિણામ મારા સારા હતા તો હું વ્યંતરદેવ થયો છું. કહો તો હું પચ્ચીસ વર્ષ રહું. તમે રોવો નહિ. ભાઈસાહેબ! તમે વ્યંતર થઈને અહીં રહો તો અમને બીક લાગે તો? તો શું કરવું છે તારે? બાળવો પાલવતો નથી, રાખવો પાલવતો નથી, જીવ આવે તો કહે અમને શંકા પડે. હવે કરવું શું પણ તારે? એય..! ન્યાલભાઈ! આવા ને આવા ભૂતડા છે બધા. એય..! ધર્મચંદભાઈ! ઓલો કહે કે તો હું રહું. તમારી ઉંમર ૫૦ વર્ષની થઈ છે. તો ૩૦ વર્ષ સુધી હું રહું. કહો, બાયડી પાસે રહું .. પણ છું હું .. હોં! માણસ નથી હવે. ભાઈસાહેબ! અમને આખો દિ' વહેમ પડી જાય કે આ તો વ્યંતર છે-વ્યંતર છે. એય..! સુમનભાઈ! દીકરો થઈને આવે આત્મા તોય રાખવો નથી, મરીને અહીંથી ગયો તો શરીરને બાળવું નથી, ગયો તો શરીરને રાખવું નથી, ઓલો આવે તો રાખવો નથી. કરવું છે શું પણ તારે હવે? સોભાગભાઈ! આવી દુનિયા પણ ગાંડી.

કહે છે, એ સંસાર એની દશામાં છે. પરમાં નથી, પરને લઈને નથી અને સંસાર નથી પર્યાયમાં એમ (પણ) નથી. સંસાર નથી દ્રવ્યમાં. વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ દ્રવ્ય, વસ્તુ સત્ દ્રવ્ય-પદાર્થ એમાં સંસાર નથી. તેમ સંસાર નથી બહારમાં. આ શરીર સંસાર નથી, કર્મ સંસાર નથી, વાણી સંસાર નથી, એ તો અજીવતત્ત્વ છે. સંસાર તો એને કહીએ કે અશુદ્ધપણે પરિણમવું, મિથ્યાત્વ શ્રદ્ધાપણે અને રાગ-દ્વેષપણે થવું એ સંસાર છે. જો એ અશુદ્ધનયે સંસાર ન હોય તો વ્યવહારથી પણ સંસારનો અભાવ થાય તો જીવો સદા મુક્ત જ ઠરે.

'**પ્રત્યક્ષ વિરુદ્ધ છે. માટે જેમ કેવળીભગવાનને શુભાશુભ પરિણામોનો અભાવ છે...**' જેમ કેવળી ભગવાનને કર્મનો ઉદય અઘાતિનો હોવા છતાં શુભાશુભ પુણ્ય-પાપના ભાવનો, મોહનો અભાવ છે. '**તેમ સર્વ જીવોને સર્વથા શુભાશુભ પરિણામોનો અભાવ ન સમજવો.**' તેમ સર્વ જીવોને સર્વથા એટલે? સર્વથા કેમ લીધું? કે દ્રવ્યમાં નથી પણ પર્યાયમાં છે. સંસાર નથી, શુભાશુભ નથી, સર્વથા નહિ. દ્રવ્યમાં નથી, પર્યાયમાં છે. સમજાણું કાંઈ? '**સર્વ જીવોને સર્વથા શુભાશુભ પરિણામોનો અભાવ ન સમજવો.**' કહો, સમજાણું કાંઈ? લ્યો એ ૪૬ ગાથા પૂરી થઈ.

હવે પાછો વિષય ચાલુ છે એ લ્યે છે. ચાલુ વિષય સર્વજ્ઞ છે. સર્વજ્ઞ એક સમયમાં એક સમયનું જ્ઞાન... ભગવાન આત્મામાં પડ્યું છે સર્વજ્ઞપણું, શક્તિરૂપ, સત્ત્વરૂપ ચૈતન્યબિંબ એનો અનુભવ કરીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતારૂપ સામ્ય ચારિત્ર. સમજાણું? શુદ્ધસ્વરૂપની વસ્તુ છે તેની દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેની રમણતા એને લઈને આત્માની પર્યાયમાં

સર્વજ્ઞપદ પ્રગટ થાય છે. એ સર્વજ્ઞપદનું કેટલું સામર્થ્ય છે એ બતાવે છે. એક સમયમાં એક જ્ઞાનની પર્યાય... સમજાણું કાંઈ?

'**હવે ફરીને પાછા પ્રકૃતને (-ચાલુ વિષયને)...**' ચાલતો વિષય સર્વજ્ઞનો. જે આત્માના શુદ્ધ ભાવથી, શુદ્ધ ઉપયોગથી પ્રાપ્ત થતું ફળ આત્મામાં કેવળજ્ઞાન એની વાત ચાલતી હતી એ વચ્ચે થોડી બે ગાથા મૂકી દઈને ૪૫-૪૬-૪૪. ભાઈ! વીતરાગને હાલવું, ચાલવું, બોલવું શી રીતે છે? કે એ તો કુદરતે વાદળા જેમ પરિણમે છે એમ ચાલવું છે. ભગવાનને કાંઈ એનો બંધ છે નહિ. ભગવાનને એનું ફળ છે નહિ, આત્મામાં ફળ નથી, એ તો સંયોગમાં ફળ છે. એ '**પ્રકૃતને અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે...**' દેખો! '**(અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે) :—**' ઓહો..હો..! અહીં તો એમ કહે છે કે એનો સ્વભાવ જ જાણવું છે. રાગ કરવો કે પરને પોતાનું માનવું કે પરનું કાંઈક કરવું, રાગ કરવો કે પરને પોતાનું માનવું કે પરનું કાંઈક કરવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. જાણવું એના સ્વરૂપમાં છે. એ જાણવું... જાણવું... જાણવું... એવો અનુભવ થતાં પર્યાયમાં જાણવું પૂરું પ્રગટ થઈ જાય છે. આવો જેને વિશ્વાસ સર્વજ્ઞ પર્યાયનો આવે એને અંતરદૃષ્ટિ થઈને આત્મા સમ્યગ્દર્શન પામ્યા વિના રહે નહિ, એમ કહેવા માગે છે. સમજાય છે કાંઈ? એમ તેની પ્રશંસા કરે છે. જુઓ! ૪૭.

जं तक्कालियमिदरं जाणदि जुगवं समंतदो सव्वं।
अत्थं विचित्तविसमं तं णाणं खाइयं भणियं।।४७।।

લ્યો આ તો આવ્યું ને આમાં. આ તો પ્રવચનસાર છે.

**સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને,**
**યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.**

જુઓ શબ્દ છે ને? 'अत्थं विचित्तविसमं'.

જો આત્મા શુદ્ધ ચારિત્રની પરિણતિ પ્રગટ કરતા એના ફળમાં આવું કેવળજ્ઞાન થાય, એ ત્રણ કાળ ત્રણ લોકને યુગપદ્ એક સમયમાં બધા પદાર્થને વિચિત્રતાને અને વિષમતાને, વિચિત્રતા અનેક પ્રકાર અને વિષમતા નામ ચૈતન્ય-અચૈતન્ય વિરુદ્ધભાવ આદિને, બધાને ભગવાન આત્માનું જ્ઞાન એક સમયમાં પૂર્ણ જાણે છે. એવો જ એનો સ્વભાવ છે.

'**અન્વયાર્થ :- જે જ્ઞાન યુગપદ્...**' એકસાથે. યુગપદ્—એકસાથે '**સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી)**' આત્માના અસંખ્ય પ્રદેશ સર્વ પ્રદેશેથી. અલ્પજ્ઞ દશામાં અમુક પ્રદેશેથી જાણવાનું થાય. સર્વજ્ઞમાં અસંખ્ય પ્રદેશથી જાણવાનું થાય. આત્મા અસંખ્યપ્રદેશી છે તેના અસંખ્ય પ્રદેશથી જાણવાનું થાય. '**તાત્કાલિક...**' વર્તમાનને જાણે. ભગવાન સર્વજ્ઞનું જ્ઞાન વર્તમાન પર્યાયને જાણે એવી '**અતત્કાલિક,...**' '**इतरं**' ભૂત અને ભવિષ્ય અતત્કાલિક વર્તમાનમાં નથી એને પણ જાણે. સમજાણું કાંઈ? '**તત્કાલિક અને અતત્કાલિક...**' અતત્કાલિક એટલે

ભૂત અને ભવિષ્ય. એટલે ગયો કાળ અને ભવિષ્યકાળ એને અતત્કાલિક કહેવાય. એને જાણે.

**'વિચિત્ર (અનેક પ્રકારના)...'** પદાર્થને જાણે. અનેક પ્રકાર. કોઈ નિગોદ, કોઈ પંચેન્દ્રિય, કોઈ એકેન્દ્રિય, કોઈ પરમાણુ. કોઈ અનેક પ્રકાર એમ લેવા છે અહીંયા. એક સિદ્ધ, એક નિગોદ, એક અભવિ, એક ભવિ એવા અનેક પ્રકારને, સર્વજ્ઞની પર્યાય પરમાત્મા થયે જ્ઞાનનું એટલું સામર્થ્ય છે કે અનેક પ્રકારને જાણે. **'અને વિષમ (મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના)...'** એક જાતિના નહિ. ચેતન અને અચેતન, મૂર્ત અને અમૂર્ત એક જાતિ નથી, અસમાન જાતિ થઈ. મૂર્ત એટલે રૂપી એનાથી અમૂર્ત અસમાન જાતિ થઈ. ચેતન એની સામે અચેતન અસમાન જાત થઈ. એક જાત રહી નહિ. તો અસમાન જાતિને પણ ભગવાનનું જ્ઞાન એક સમયમાં જાણે. જુઓ! કેવળજ્ઞાનને કેટલું વર્ણવ્યું છે! એ આત્માની શક્તિ જ એવડી છે અને એવડો જ આત્મા થાય ત્યારે એને પૂરું જ્ઞાન કહેવાય એમ કહે છે. સમજાય છે કાંઈ? **'સર્વં અર્થં' 'સર્વ પદાર્થોને જાણે છે, તે જ્ઞાનને ક્ષાયિક કહ્યું છે.'** લ્યો!

એની ટીકા. એનો વિસ્તાર કરે છે. આત્માનો સર્વજ્ઞસ્વભાવ તો પડ્યો જ છે. પ્રાપ્તની પ્રાપ્તિ હોય, કાંઈ બહારથી આવતું નથી. બધા આત્માઓ સર્વજ્ઞ-સૂર્ય જ છે જગતમાં. અનંતા આત્માઓ અભવિ હો કે ભવિ હો, બધા આત્માઓ અનંત સંખ્યામાં છે, બધા સર્વજ્ઞ-સૂર્ય શક્તિરૂપ જ છે. સર્વજ્ઞ. સર્વજ્ઞ એટલે એકલું જ્ઞાનનું પૂર, જ્ઞાનના નૂરનું તેજ ભરેલું છે. પર્યાયમાં ફેર છે એનો પ્રશ્ન અત્યારે નથી. જેટલા.. અહીં અનંતા છે. અહીં એક અંગુલની અસંખ્ય ભાગની જગ્યાએ લઈએ તો અનંતા આત્મા અહીં છે નિગોદના. પણ એ બધા આત્મા ચૈતન્યસૂર્યવાળા છે. એનું દ્રવ્યસ્વરૂપ-તત્ત્વસ્વરૂપ-ધ્રુવસ્વરૂપ, ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે. સમજાય છે કાંઈ? ઓહો..! એવો ચૌદ રાજુલોક, ચૈતન્યસૂર્યના સ્વભાવના સત્‌ના સત્ત્વથી ભરેલો આખો લોક છે. સત્‌નું સત્ત્વ એટલે સમજાણું?

વસ્તુ ચૈતન્ય સત્ છે ને એનું સત્ત્વ ચૈતન્યનું સંપૂર્ણ વસ્તુનું પૂરું એવું એનું સ્વરૂપ છે. એવા અનંતા આત્માઓ એકલા ચૈતન્યના સૂર્યથી ભરેલા પરિપૂર્ણ પ્રભુ છે. એવા અનંતા આત્માને પણ જ્ઞાનની એક સમયની પર્યાય જાણે. એમાં દ્રવ્યને જાણે અને એમાંથી પ્રગટ થયેલી સર્વજ્ઞપર્યાય હોય એવા જીવ છે. એક અલ્પજ્ઞ પર્યાયવાળા નિગોદ જીવ છે પર્યાયમાં અને ઓલા તો દ્રવ્યમાં કીધા સરખા. હવે પર્યાયમાં એક નિગોદના જીવ અક્ષરને અનંતમે ભાગે ઉઘાડવાળા અને એક પર્યાયમાં સર્વજ્ઞ થયેલાં, એ બધાને સર્વજ્ઞનું જ્ઞાન જાણે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે કે **'ક્ષાયિક જ્ઞાન...'** જુઓ! ક્ષાયિક જ્ઞાન કહ્યું. આહા..હા..! ઓલું પરિણામિક જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ હતું. વસ્તુ સ્વરૂપ તરીકે પારિણામિક જ્ઞાનસ્વભાવ જે હતો ત્રિકાળ સર્વજ્ઞ સ્વભાવ, સર્વદર્શી સ્વભાવ એ પરિણામિક ભાવે સ્વભાવ ત્રિકાળ હતો. એની પર્યાયમાં ક્ષાયિક જ્ઞાન પ્રગટ્યું. પર્યાયમાં પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું. એને અહીં ક્ષાયિક જ્ઞાન કહે છે. કેવળજ્ઞાન

પરિણામિકભાવે નથી, કેવળજ્ઞાન ક્ષાયિકભાવે છે. સમજાણું કાંઈ? એ ઉદયભાવે નથી, એ ઉપશમભાવે નથી, એ ક્ષયોપશમભાવે નથી. કેવળજ્ઞાન ક્ષાયિકભાવે છે. ભગવાન કેવળીને ત્રણ ભાવ હોય છે. એક વસ્તુ તરીકેનો પરિણામિકભાવ, જ્ઞાન-દર્શન-આનંદનો ક્ષાયિકભાવ અને એક કર્મના અસિદ્ધપણાનો ઉદય જરી છે એટલો ઉદયભાવ. પણ જ્ઞાન છે એ ઉદય નથી, ભાવ પ્રગટ્યો એ ઉદય નથી, તેમ એ પરિણામિક નથી, પ્રગટેલું ક્ષાયિક છે. સમજાય છે કાંઈ?

વસ્તુસ્વરૂપ જે ચૈતન્ય ભગવાન આત્મા... ક્યાં લોકોને પોતાની સત્તા કેટલી છે અને કેવડી છે (એની ખબર છે)? અને એ અનંતા અનંતા કેવળીઓને જાણે એવી સત્તા એની છે. એ કોઈ પરમાણુ અને કોઈ આત્માનું કરવું એવી એની સત્તામાં નથી. પણ બધાને ઓછા જ્ઞાનવાળાને, પૂર્ણ જ્ઞાનવાળાને, એક પરમાણુ એક ગુણે પરિણમ્યો હોય કાળો, લીલો એને અને અનંતગુણે પણ એને-બધાને જાણવાનો આત્માનો સ્વભાવ છે. એવું જે ક્ષાયિક જ્ઞાન પ્રગટ્યું... સમજાણું કાંઈ? ક્ષાયિક એ પર્યાયમાં પ્રગટેલું ક્ષાયિક છે. વસ્તુ તરીકે પરિણામિકભાવે તો ત્રિકાળ હતું. એવું જે ક્ષાયિકજ્ઞાન તેરમે ગુણસ્થાને પ્રગટે એ '**ખરેખર એકી વખતે જ...**' ખરેખર યુગપદ્ એકસાથે જ '**સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી),...**' અખંડ પ્રદેશ ખીલી ગયા છે. ભગવાનની અસંખ્ય પ્રદેશની ભૂમિ કેવળજ્ઞાનની પર્યાયથી ખીલી ગઈ છે. આહા..હા..! શું કીધું સમજાણું?

એક પરમાણુ એક પોઈન્ટ છે આ રજકણ છેલ્લો, એ પરમાણુ મૂકીએ એટલી જગ્યાના ભાગને પ્રદેશ કહીએ. એવા પ્ર-દેશ—આખી ચીજનો એક અંશ. એવા અસંખ્ય પ્રદેશ આત્માના છે અરૂપી. એ અસંખ્ય પ્રદેશથી કેવળજ્ઞાન જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? સર્વતઃ પહેલું લીધું જોયું! સર્વ આત્મપ્રદેશ. અન્યમાં એવા આત્મપ્રદેશ અને અસંખ્યપ્રદેશ ને એવું છે નહિ. ભગવાન આત્મા જેની ભૂમિ-જેનું સત્તા સ્થળ—ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે. એ અસંખ્ય પ્રદેશમાં, જ્ઞાનની પર્યાય એક સમયની અસંખ્ય પ્રદેશે વ્યાપી છે. છે એની એક સમયની સ્થિતિ, પણ અસંખ્ય પ્રદેશે જેનું વ્યાપવું-પ્રસરવું છે તેથી તે અસંખ્ય પ્રદેશથી કેવળજ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? અહીંયાં આંખના અમુક પ્રદેશથી આ રૂપ જાણે, અમુકથી ગંધ જાણે, અમુકથી કાને સાંભળે એવો ભાગ એને નથી એમ કહેવું છે. અહીંથી અહીંયાં સાંભળવાનું અહીંથી થાય, જોવાનું અહીંથી થાય એવું એને નથી. આખા અસંખ્ય પ્રદેશથી (સ્વ-)પર સર્વ ઈન્દ્રિયનું અને સર્વ અતીન્દ્રિયનું અને સર્વ વસ્તુનું એક સમયે અસંખ્ય પ્રદેશથી જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(સર્વ આત્મપ્રદેશેથી) તત્કાળ વર્તતા કે અતીત અનાગત કાળે વર્તતા...**' અતત્કાળની વ્યાખ્યા કરી. તત્કાળ એટલે વર્તમાન અનંત દ્રવ્યની પર્યાયપણે વર્તતી '**અતીત અનાગત કાળે વર્તતા...**' ભૂતકાળ થઈ ગયા એની પર્યાયો અતીત કાળ, થશે તેનો ભવિષ્ય

એ બધાને '**સમસ્ત પદાર્થોને—કે જેમનામાં પૃથક્‌પણે વર્તતાં...**' જેમનામાં-પદાર્થોમાં '**પૃથક્‌પણે વર્તતાં...**' જુઓ! પૃથકપણાની વ્યાખ્યા કરે છે આગળ. સ્વલક્ષણો લક્ષ્મીથી આલોકિત છે. દરેક પદાર્થ પોતાના સ્વલક્ષણની લક્ષ્મીથી શોભાયમાન છે. દરેક પદાર્થ પોતાના સ્વલક્ષણની લક્ષ્મીથી શોભાયમાન છે. જુઓ, આ લક્ષ્મી આવી. છે ને નીચે? '**દ્રવ્યોનાં ભિન્ન ભિન્ન વર્તતાં એવા નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી-સંપત્તિ-શોભા છે.**' લ્યો! એ દ્રવ્યની સંપત્તિ અને શોભા છે. આ ધૂળ એની સંપત્તિ અને શોભા નથી. સમજાણું કાંઈ? એક પરમાણુની પણ તેના દ્રવ્ય-ગુણની પર્યાયના લક્ષ્મીથી તેની સંપદા અને શોભા એને લઈને છે. આત્માને પણ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સ્વરૂપ જે છે તેની સંપદાની લક્ષ્મીથી તે દ્રવ્ય શોભી રહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! અહીં તો ભાઈ શરીરને શોભાડવું હોય તો દાગીના પહેરવા જોઈએ, અહીં નાખવું જોઈએ, અહીં નાખે ને અહીં નાખે. સોનાની વીંટી, આ ને આ. મડદાને નાખે જ્યાં ત્યાં શણગારવા. શું કહેવાય આને? આને શું કહેવાય? આને અજીવ કહેવાય કે જીવ? અજીવ એટલે? ચૈતન્ય વિનાનું મડદું.

મુમુક્ષુ :- અત્યારથી મડદું થઈ ગયું?

ઉત્તર :- અત્યારથી મડદું જ છે. એમાં શું છે? અચેતન જ છે બધા. મડદા જ છે બધા. ચૈતન્ય એક જ ચૈતન્ય જાગતો ચૈતન્ય તે ચૈતન્ય છે. ઉત્તમ તત્ત્વ કહ્યું છે ને. ચૈતન્ય ઉત્તમ. એ તો ત્યાં તો કહ્યું પણ છેલ્લે કહ્યું ને છેલ્લે ઓલું પ્રવચનસાર. છેલ્લો શબ્દ. છેલ્લો કળશ. ચૈતન્ય ઉત્તમ તત્ત્વને આજે જ પામો, બસ. એમ કહે છે ત્યાં તો. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય કહે છે ને છેલ્લે કળશે. પ્રવચનસાર છે ને આ? લ્યો એમાં જ છે જુઓ. છેલ્લો છેલ્લો.

'**ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**' છેલ્લામાં છેલ્લો. '**તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો (અર્થાત્ તે ચિત્સ્વરૂપ આત્માને જ આત્મા આજે અત્યંત અનુભવો)...**' છેલ્લી લીટી. '**કારણ કે આ લોકમાં બીજું કાંઈ ઉત્તમ નથી, ચૈતન્ય જ એક પરમ (ઉત્તમ) તત્ત્વ છે.**' સોભાગભાઈ! લ્યો, કાંઈ ઉત્તમ નથી. આ પૈસા ને ધૂળ ને સોનું-રૂપું ને બંગલા.

મુમુક્ષુ :- ... પણ સાધારણ તો છે ને.

ઉત્તર :- ધૂળેય નથી. એની શોભા એનામાં, ચૈતન્યની શોભા ચૈતન્યતત્ત્વમાં. તે પણ અહીં તો પરમ ચૈતન્ય એક જ પરમ ઉત્તમ તત્ત્વ છે. સમજાય છે કાંઈ? જેની વિદ્યમાનતામાં બધું જણાય એવો ભગવાન ચૈતન્યતત્ત્વ, જેની અણહયાતીમાં આ બીજું શું છે તે બધું શૂન્ય લાગે. જેની સત્તાની વિદ્યમાનતામાં આ છે એ જણાય. એ જાણનારો આ જાણે એ રૂપે છે નહિ. જેની વિદ્યમાનતામાં આ છે એમ જણાય. રાગ છે.. આ છે... આ છે... આ છે.. આ છે. જેની સત્તામાં-ચૈતન્યની વિદ્યમાન હયાતીમાં આ છે એમ જણાય એવો

ચૈતન્યપ્રકાશનું નૂર તત્ત્વ તે જ મુખ્ય તત્ત્વ છે. સમજાણું કાંઈ?

જેની અવિદ્યમાનતામાં કોઈ ચીજ છે એમ કોઈ જાણે એવું કોઈ દિ' બન્યું નથી. જેની અહયાતીમાં આ ચીજ છે એમ કોઈએ જાણ્યું એમ છે નહિ. ભગવાન આત્મા ચૈતન્યની સત્તાની હયાતીમાં-વિદ્યમાનતામાં આ... આ... આ.. એમ જાણે, એ આ તે જાણનાર હું અને આ તે જાણનાર હું. બેનો જાણનારો તે હું છું. સમજાણું કાંઈ? એવા ચૈતન્યને અહીં તો આચાર્ય છેલ્લે એમ કહે છે. જુઓ! આચાર્યને ખબર નથી? કે પંચમકાળ છે, એમાં અમુક આ થાય બધા જીવોને. હવે સાંભળને. તને ઊલટું કરવાનો પ્રયત્ન ને વિકલ્પને કેટલો ભાવ થાય છે? ઊલટું-ઊંધું કરવાનું. તો આ સવળું કરવાનો ભાવ નથી તારામાં શક્તિ? એ તો શક્તિ છે, ઓલું ઊંધું તો નવું ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આજે જ અનુભવો એમ કહે છે જોયું! ભાષા જોઈ. એના પહેલા કળશ છે એમાં પણ એ છે. આહા..હા..! સારા કામને.. શું કહે છે?

મુમુક્ષુ :- સારા કામને ઢીલ નહિ.

ઉત્તર :- ઢીલ નહિ, એ ઢીલ નહિ એમ કહેવું છે. ધર્મના કામમાં ઢીલ નહિ એમ કહે છે. એ તો અત્યારે કર્યે છૂટકો. એય..! ન્યાલભાઈ! આહા..હા..! કીધું ને .. નેમિનાથ ભગવાને કહ્યું, આમ પ્રભુ જાવ સ્મશાનમાં. આહા..હા..! અહં. એ આવે છે શ્વેતાંબર શાસ્ત્રમાં. દેવાનુપ્રિયા! રાજકુમાર.. રાજકુમાર છે સુંદર અને છેલ્લું શરીર. ભગવાનને કહે છે, પ્રભુ! હું દીક્ષિત થયો પ્રભુ! આજે આપની પાસે, મારી ભાવના એવી થાય છે આપની જો આજ્ઞા હોય તો, સ્મશાનમાં દ્વારકાના મહાકાળ સ્મશાનમાં, મહાકાળ સ્મશાન એનું નામ છે. નામ હોય છે ને સ્મશાનનું? એમાં જાઉં. છેલ્લામાં છેલ્લી ભીક્ષુની પ્રતિમા અઠમ છે તેને ગ્રહણ કરીને રહું. આહા..હા..! ભગવાનની વાણીમાં એમ આવે છે. યથા.. દેવાનુપ્રિયા! હે દેવને દુર્લભ મનુષ્યપણું! જેમ સુખ ઊપજે એમ કરો. પ્રતિબંધ ન કરશો હોં! સ્વરૂપમાં ઠરવામાં રોકાશો નહિ હવે બહાર. આહા..હા..! એમાં આવે છે એવું. એય..! ન્યાલભાઈ! ..માં આવે છે એવું. આહા..હા..! એક તો ભગવાન અને એની સામે વળી આ ચરમશરીરી ગજસકુમાર. પ્રભુ કહે છે કે ભાઈ આ તો યથા.. ભાઈ! પ્રતિબદ્ધ ન કરશો ક્યાંય કે આ આવું શરીર અને આમ આમ થાય છે. પડો અંદરમાં એકવાર કૂદીને. સ્વાહા. આહા..હા..! વસ્તુ તો એવી હોય ને, એમ કહે છે. આવી વસ્તુને પ્રાપ્ત કરવા પ્રયત્ન આજે જ કરો એમ કહે છે. સમજાણું કાંઈ?

કેવો આત્મા છે? કે જે પૃથક્ લક્ષણવાળા લક્ષ્મીથી આલોકિત. સમજાય છે? દેખો આમાં આવ્યું. '**અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે...**' વિચિત્ર પ્રગટ થયું છે. '**અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા અસમાનજાતીયપણાને લીધે વૈષમ્ય પ્રગટ થયું છે...**' અનેકપણું પ્રગટ થયું છે અને વિરુદ્ધતા પ્રગટ થઈ છે એમ કહે છે. ભિન્ન-ભિન્ન દ્રવ્ય, એક નિગોદ અને એક પરમાત્મા સિદ્ધ. સમજાય છે? એક પરમાણુ એક ગુણો

કાળો અને બીજો એક પરમાણુ અનંતગુણો કાળો અને ધોળો. વિચિત્ર. સમજાય છે કાંઈ? વિચિત્રને પણ ભગવાનનું કેવળજ્ઞાન જાણે એક સમયમાં અને વિષમતાને પણ એક સમયમાં (જાણે). વિષમતા નામ પરસ્પર વિરુદ્ધ, ચૈતન્યથી અચેતન વિરુદ્ધ, મૂર્તથી અમૂર્ત વિરુદ્ધ એવાને પણ ભગવાનનું જ્ઞાન **'અસમાનજાતીયપણાને લીધે વૈષમ્ય પ્રગટ થયું છે...'** દેખો! અસમાનજાતી છે. ચેતન અને અચેતન એક જાતી નથી. આત્મા અને જડ એક જાત નથી, આ તો ભિન્ન જાત છે. ભગવાન આત્માની જાત અને શરીરની જાત એક નથી. એક નાતના નથી, એક જાતના નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું વૈષમ્ય પ્રગટ થયું છે.

**'તેમને—જાણે છે.'** એમ કહેવું છે. જેમાં વિષમપણું પ્રગટ થયું છે, ચૈતન્યની જાતથી અચેતન જુદી, અમૂર્તથી મૂર્ત જુદું એવું વિષમપણું, વિપરીતપણું પ્રગટ થયું છે એને પણ ક્ષાયિકજ્ઞાન જાણે છે. એવો આત્માના જ્ઞાનની એક સમયની પર્યાયનું સામર્થ્ય અને બળ છે. આહા..હા..! એ આત્મા કેવડો? દ્રવ્યે અને ગુણે કેવડો? આહા..હા..! સમજાય છે કાંઈ? એને દુનિયાના પદાર્થની અધિકતા ને મહિમા ને મોટપ દેખાય છે, પણ ભગવાન પોતે કેવડો છે અને કેમ છે એની મહત્તા દેખાતી નથી. કાંઈ શરીર સુંદર આવું અને કાંઈક રૂપાળું અને દાગીના આમ (પહેર્યા હોય) તો એમ થાય આહા..હા..! એક બાઈ હતી ને ઘરમાં ચુડલો લાવી સોનાનો સારો. સોનાનો સારો. હવે કોઈ દુનિયા દેખવા આવે નહિ. તો કુબો હતો એનો સળગાવ્યો. કુબામાં રહેતી હતી અને સોનાનો જરી લાવ્યા હશે. શું કહેવાય? બલોયું. એને સોનાનું આપ્યું હશે. જોવા કોઈ આવે નહિ. કરવું શું? પછી હતું ને પોતાનું ખડનું. શું કહેવાય? કુબો સળગાવ્યો. સળગાવ્યો જોવા તો આવે ને. દોડતા આવ્યા. એ ભાઈ! મારો કુબો (સળગે છે), બતાવવું હતું ઓલું.

મુમુક્ષુ :- મકાન ..

ઉત્તર :- મકાન ભલે સળગે, પણ ચુડલો તો બહાર પડે. એ ભાઈ! આમ પાછો સાડલો-બાડલો આમ રાખી. નહિતર ઢંકાઈ જાય તો પાછો વાંધો આવે. એ ભાઈ! મારો કુબો બળી ગયો રે. કેમ બેન બળી ગયો? બળી ગયો, કાંઈ ખબર નથી પણ બળે છે જુઓ આ. જુઓ આ બળે છે... આ બળે છે.. એમ કરીને આ બતાવે. ઘડિયાળ, કાંડે ઘડિયાળ હોય ને સોના-રૂપાની એ આમ દેખાડે. આહા..હા..! શું કરે છો તું? ઘર બાળીને બહાર પડવું છે. એમ પોતાનું ઘર બાળી અને બીજાની મોટપ લેવી છે. બીજા પાસેથી મોટપ લેવી છે. આહા..હા..! જુઓ! અમારે દીકરો કેવો છે! જુઓ! અમારે આ .. જોવાને આવે તો કહે ભાઈ આ કેવો છે જુઓ! આ બધી પાર્ટી કરીએ અમે .. શું કહેવાય તમારી? પાર્ટી. એય..! સુમનભાઈ! પાર્ટી આપે અને પછી અમારો દીકરો અમેરિકા જવાનો છે. આમ છે. બહાર જવાનો (એમાં) પાર્ટી આપે બે-પાંચ હજાર ખરચીને. સળગાવીને, ઘર બાળીને અને બહારને

બતાવવા કરે છે.

મુમુક્ષુ :- છાપામાં આપે.

ઉત્તર :- છાપામાં આપે. બધું હોળી સળગાવે. એય..! જેઠાલાલભાઈ! આહા..હા..! અરે..! ભગવાન! તારી શોભા તારી પાસે છે ને નાથ! આહા..હા..! બીજી ચીજને દેખાડીને તારી શોભા તને લેવી છે ભાઈ! એ તો કુબા સળગાવીને એ ચુડલા બતાવવા જેવું છે. આહા..હા..!

કહે છે, ભગવાનનું જ્ઞાન ક્ષાયિકજ્ઞાન એવી રીતે પ્રગટ્યું, એવું પ્રગટ્યું વિચિત્ર અને વિષમની જાતને પણ એક સમયમાં પૂર્ણ જાણે એવું જ્ઞાન છે. એને પોતાને જોવું છે, એને કાંઈ બતાવવું કોઈને નથી. પોતે જાણે છે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? '**(આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :)**' સમજાવવી છે આ. એ તો ગાથામાં છે એ ભાવ તો આવી ગયો એમાં. '**(આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :)**' લક્ષ્મીથી આલોકિત. આલોકિત એટલે? શોભા? જોવામાં આવતું. જોવે તો એમ શબ્દ પણ 'જોવામાં આવતી' નીચે નથી નાખ્યું. એમ કહું છું. 'જોવામાં આવતી' નીચે શબ્દ નથી નાખ્યો. શંકાવાળું હોય છે, એમ. એ કહે છે કે કાંઈક શંકાવાળું હતું એટલે નથી નાખ્યું. હું પણ અટક્યો કરવામાં. આલોકિતનો અર્થ આમાં કેમ ન આવ્યો? એમ કે લક્ષ્મીથી આલોકિત છે તો લક્ષ્મીથી શોભિત છે? એમ કે લક્ષ્મીથી દેખવામાં આવે છે? એમ કરીને શંકા આપી કહે છે. એટલે બહુ અર્થ ભર્યો નથી. સમજાણું કાંઈ? મેં કીધું આમાં દરેક દ્રવ્ય સ્વલક્ષનું રૂપ લક્ષ્મીથી આલોકિત-જોવામાં અનેક પ્રકારને લીધે આવે છે જોવામાં. એમ એ ઠીક છે. સમજાણું?

દરેક પદાર્થ પરમાણુ, આત્મા, નિગોદ અને સિદ્ધ એ દરેક પોતાની લક્ષ્મીથી જ જોવામાં આવે છે. એ પોતાની સંપદાથી પોતે પૂર્ણ છે. એમ કેવળજ્ઞાન એને જાણે છે. આત્માનો એનો જાણવાનો જ સ્વભાવ છે. કોઈને ઉત્પન્ન કરવું કે કોઈનું રક્ષણ કરવું કે કોઈને તોડવું કે કોઈ પાસેથી લેવું એવું એનામાં છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? '**(એ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :) ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...**' હવે, ક્ષાયિક જ્ઞાનમાં આ નથી એમ બતાવે છે. '**ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...**' ક્રમે ક્રમે જાણે ને એના નિમિત્તભૂત. '**ક્ષયોપશમ-અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ હોવાથી તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને સમકાળે જ પ્રકાશે છે;...**' એક વાત લીધી. જે જ્ઞાન ક્રમે ક્રમે જાણે એનું જે નિમિત્ત એવો ક્ષયોપશમ અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મ પુદ્ગલોનો, તેને તો ક્ષાયિક થઈ ગયું છે, એને (કર્મ) છે નહિ ભગવાનને. '**અત્યંત અભાવ હોવાથી તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને સમકાળે જ પ્રકાશે છે;...**' ક્રમવર્તીના હેતુભૂત જે જ્ઞાન ઓછું હતું કે અમુકને જાણે એવું જે આવરણ હતું એ તો નાશ થઈ ગયું છે. એટલે અમુકને જાણે, ક્રમે ક્રમે જાણે એવું કેવળજ્ઞાનમાં રહ્યું

નથી. સમજાણું કાંઈ? સમકાળે પ્રકાશે છે.

'**(ક્ષાયિક જ્ઞાન) સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે...**' એ ભગવાનનું પરમાત્મજ્ઞાનનું સર્વતઃ સર્વ પ્રદેશથી વિશુદ્ધ હોવાને લીધે '**પ્રતિનિશ્ચિત દેશોની...**' પ્રતિનિશ્ચિત એટલે એક એક અંશમાં જાણવાનું ક્ષેત્રથી હોં ક્ષેત્ર—પ્રદેશ. '**(-અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ (સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી હોવાથી...**' થોડા પ્રદેશથી જાણવાનું જે હતું એ પૂર્ણપ્રદેશથી જાણવું થઈ ગયું તો એમાં ઓલી વાત રહી નહિ. આંખથી આમ જોવે તો એકલું રૂપ જણાય. સમજ્યાને એટલી વિશુદ્ધિ (હતી) ત્યાં. એ બધું ક્ષયોપશમજ્ઞાનમાં આવું જે અમુકને જાણવાનું હતું એ ક્ષાયિક જ્ઞાનમાં ડૂબી ગયું (એટલે કે) એ છે નહિ. સમજાણું કાંઈ? અંદર ડૂબી ગયો એ.

'**(સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી હોવાથી...**' એટલે સર્વ વિશુદ્ધિમાં એ રહ્યું નથી. '**સર્વતઃ પણ (સર્વ આત્મપ્રદેશેથી પણ) પ્રકાશે છે;...**' સર્વપ્રદેશે તે ભગવાન જ્ઞાનસ્વરૂપે પ્રકાશે છે. એમાં અસંખ્ય પ્રદેશનો ચૈતન્યસૂર્ય અસંખ્ય પ્રદેશે જામી ગયો પ્રકાશમાં લ્યો! અનંત કીધું છે ને. છેલ્લે આવે છે ને અનંત. સિદ્ધને અનંત ચક્ષુ, કેવળજ્ઞાનીને અનંત ચક્ષુ-સર્વચક્ષુ થઈ ગયા. આ છદ્મસ્થને આંખ, અવધિજ્ઞાનને પણ અમુક, આ સર્વતઃ ચક્ષુ. આગમચક્ષુ, સાધુને આગમની આંખ છે અને કેવળીને સર્વતઃ ચક્ષુ છે. અસંખ્ય પ્રદેશે આંખો ખીલી ગઈ, અંકુરા ફૂટી ગયા પૂરા. કેવળજ્ઞાનના પર્યાયના અંકુર પૂરા ફૂટી ગયા. ઝળહળતો સૂર્ય અસંખ્ય પ્રદેશે પ્રગટી ગયો. એથી એને થોડા પ્રદેશથી જાણવાનું જે હતું અથવા ક્રમે ક્રમે જાણવાનું હતું એવું જે જ્ઞાન એ રહ્યું નથી અથવા એને આવરણ કરનારા નિમિત્તનો નાશ થઈ ગયો એટલે ક્ષાયિક જ્ઞાનમાં એ છે નહિ. સમજાણું કાંઈ? પાઠમાં છે વાત એનાથી વિરુદ્ધ વાત કહીને એને સિદ્ધ કરે છે. એનાથી વિરુદ્ધપણું હવે એમાં રહ્યું નથી.

'**સર્વ આવરણના ક્ષયને લીધે...**' ભગવાનને તો કેવળજ્ઞાનમાં બધા આવરણના અભાવને લીધે '**દેશ-આવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો હોવાથી...**' અંશે ક્ષયોપશમ જે છે એનો નહિ હોવાથી '**તે સર્વને પણ પ્રકાશે છે;...**' બધાને જાણે છે, એમ. ઓલું થોડાને જાણતું હતું. ઓલા થોડા પ્રદેશથી અને થોડાને, આ સર્વ પ્રદેશથી અને બધાને (જાણે છે). સમજાય છે કાંઈ? અલ્પ જ્ઞાનમાં થોડા અમુક પ્રદેશથી અને અમુક પદાર્થને, સર્વજ્ઞ જ્ઞાનમાં સર્વ પ્રદેશથી અને સર્વને (જાણે છે). કેટલી ટીકા કરી છે! ઓહોહો..! જંગલમાં રહેતા મુનિ. અમૃતચંદ્રાચાર્ય મુનિ છે. ઓહો..હો..! કેટલી કરુણા છે! વિકલ્પ ઉઠ્યો છે.

કહે છે કે પૂર્ણ જાણનારને ઓછા જાણવાના જે પ્રદેશ હતા એ ખલાસ થઈ ગયા. પૂર્ણ આવી ગયા અને ઓછા જ્ઞાનમાં અમુક વસ્તુ જણાતી એ ત્યાં નથી, હવે પૂર્ણ જાણે છે. સર્વ પ્રદેશથી પૂર્ણ, અલ્પ જ્ઞાનમાં થોડા પ્રદેશથી થોડું અને આ સર્વપ્રદેશથી અનંત બધું. સર્વ ચક્ષુ ખુલી ગયા છે. ઓહો..હો..! જુઓ! આ આત્માની કેવળજ્ઞાનની પર્યાયનું સામર્થ્ય!

આહા..હા..! એક સમયની પર્યાય. એના ગુણની શું વાત કરવી અને એના દ્રવ્યની શું વાત કરવી! એમ કહે છે. પરમાત્મા પોતે થવાના છે ને આચાર્ય પોકાર કરતા અત્યારથી જાય છે. સમજાય છે? કે અમને આવું કેવળજ્ઞાન પ્રગટવાનું છે એમ કહે છે. આહા..હા..! ચારિત્રસંપન્ન થયા છીએ એના ફળમાં અમને આ પ્રાપ્ત થશે. વચમાં જરી સ્વર્ગાદિ રહે એની કાંઈ વાત નથી. પંચમ આરાના મુનિ છે તો એને એ જાણે છે કે આ વર્તમાન પર્યાયનું આવું પૂર્ણ થશે નહિ, પણ અમારું ધ્યેય તો ત્યાં જ છે અને તે વર્તમાનમાં કોઈ ઠેકાણે, જેમ ધર્મશાળામાં રોકાવું પડે ગામ જતાં, પચ્ચીસ ગાઉ જતા અઢાર ગાઉમાં રાત પડી ગઈ તો રાત રહેવું પડે, પણ એ રહેવા ખાતર રહેવું નથી. શું કરે? બીજો ઉપાય નથી. એમ વસ્તુસ્વરૂપ સાધતાં દેહ છૂટી ગયો અને રાગ રહી ગયો થોડો. સ્વર્ગમાં જાય ધર્મશાળા તરીકે, ત્યાંથી નીકળીને કેવળજ્ઞાન સાધવાનો અવતાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ બીજા ભવે આ પુરું કરવાનું છે. બીજે ભવે પૂરું થઈ જશે એમ ભગવાન પાસે સાંભળીને ભણકાર આવ્યા અને એ ભણકાર અહીં વર્ણવી નાખ્યા. આહા..હા..! સાક્ષાત્ પરમાત્મા પાસે સાંભળ્યું. મુનિ હતા. એકદમ તાજે તાજી વાત હતી. તાડપત્ર ઉપર (કોતરાઈ ગયું.) સમજાય છે?

આવો આત્મા છે ને પ્રભુ! પ્રભુ તો એમ કહે છે કે ચારિત્રવંતને તો કેવળજ્ઞાન થશે. સમજાય છે કાંઈ? એ આવું થશે. એવું ઓછા પ્રદેશે જાણવું નહિ રહે. અસંખ્ય પ્રદેશે જાણશે. ઓછું જાણવું નહિ રહે, બધું જાણશે. બધામાં બાકી કાંઈ ન રહ્યું. વળી કેવળજ્ઞાની ભવિષ્યમાં થાશે ત્યારે જાણશે એમ નથી એને, એમ કહે છે. એ નિમિત્ત હોય એવું ન જાણે, વિશેષ ન જાણે. વળી વિશેષ ન જાણે. વિશેષ ન જાણે કે આ સમયની આ પર્યાય અને આ સમયની આ નિમિત્ત ન જાણે. અરે..! આ સમયની આ પર્યાય ભિન્ન-ભિન્ન લક્ષણથી જાણે છે. કેવળજ્ઞાન કોને કહે? સમજાણું કાંઈ?

'**સર્વ આવરણના ક્ષયને લીધે દેશ-આવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો હોવાથી તે સર્વને પણ પ્રકાશે છે; સર્વપ્રકારજ્ઞાનાવરણના ક્ષયને લીધે (-સર્વ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) અસર્વપ્રકારજ્ઞાનાવરણનો ક્ષયોપશમ...**' એમ. બધું ન જાણે એવો જે ક્ષયોપશમ અમુક જ પ્રકાર જાણવાનો જ્ઞાનનો આવરણનો નિમિત્તભૂત કર્મનો ક્ષયોપશમ '**વિલય પામ્યો હોવાથી તે વિચિત્રને પણ પ્રકાશે છે;....**' દેખો! ઓલા અમુકને અમુકને જાણે, આ તો વિચિત્રને જાણે. એક નિગોદની દશા, એક કેવળની દશા, ક્ષયોપશમની દશા, એક અભવિની દશા, એક ભવિની દશા (એવા) વિચિત્રને જાણે. એક અનંત સંસારી જીવ એને જાણે, એક જીવ વર્તમાન કેવળજ્ઞાન પામ્યા એને જાણે, એક જીવ એક ભવે કેવળ પામશે એને જાણે. કેવળજ્ઞાનના જ્ઞાનમાં બધી નોંધ છે. કેવળજ્ઞાનની પર્યાયમાં એ બધી નોંધ છે. શેઠિયા! નોંધ. આવે છે ને ઓલું? કળશટીકામાં. કળશટીકામાં આવે છે ચોથી ગાથામાં. સવારે ચાલે છે ને. આપણે સવારે ચાલે છે ને. એમાં આવે છે.

કેવળજ્ઞાનની પર્યાયમાં બધી નોંધ છે. કયો જીવ કેટલા સમયે ક્યાં મોક્ષ જશે? અને અર્ધપુદ્‌ગલે આ સમકિત પામશે, આ થાશે એ બધી ભગવાનના જ્ઞાનમાં નોંધ છે. બાલચંદજી! આ નોંધ કરે છે કે નહિ પુસ્તકમાં તમારા ખાતામાં? નોંધબુક રાખે છે ને? નોંધ રાખો, સાંજે પછી ચોપડે ખતવી નાખો. એમ ભગવાનના જ્ઞાનમાં નોંધ છે. નોંધ એટલે સમજણ છે, સમજણ એટલે જ્ઞાન છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**વિચિત્રને પણ પ્રકાશે છે.**' લ્યો! એ વિચિત્રની વ્યાખ્યા કરી. '**હવે અસમાનજાતીયજ્ઞાનાવરણના ક્ષયને લીધે...**' અહીં સમાનજાતિને જાણે છે નીચે. ઓલું તો અસમાનજાતીને પણ ચૈતન્યને, જડને, મૂર્તને, અમૂર્તને બધાને જાણે છે. '**અસમાનજાતીયજ્ઞાનાવરણના ક્ષયને લીધે (-અસમાન જાતીના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) સમાનજાતીયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ...**' જોયું! સમાનજાતી. '**(-સમાન જાતીના જ પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) નાશ પામ્યો હોવાથી તે વિષમને પણ પ્રકાશે છે.**' વિષમને જાણે. પહેલું અસમાનને જાણતો, સાધારણને જાણતો સમાનને આ બધું અસમાનને પણ જાણે. નથી આવ્યા છોટાભાઈ? નહિ આવ્યા હોય.

'**અથવા, અતિ વિસ્તારથી બસ થાઓ;...**' અલમ... અલમ... અલમ... બસ થાઓ. શું કહીએ એની વાત? કહે છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય '**અનિવારિત (-રોકી ન શકાય એવો, અમર્યાદિત) જેનો ફેલાવ છે એવા પ્રકાશવાળું હોવાથી ક્ષાયિક જ્ઞાન અવશ્યમેવ...**' જરૂર '**સર્વદા...**' નામ બધા કાળને '**સર્વત્ર...**' નામ બધા ક્ષેત્રને. '**સર્વથા...**' નામ બધા ભાવને અને '**સર્વને...**' નામ સર્વ દ્રવ્યને '**જાણે છે.**' બધા કાળને, બધા ક્ષેત્રને, બધા ભાવને, બધા દ્રવ્યને કેવળજ્ઞાનનો પર્યાય બધા ભાવને, બધા કાળને (જાણે છે) એમ કહે છે દેખો! બધા ક્ષેત્રને... એવું એનું સામર્થ્ય છે. એક એક આત્માના સર્વજ્ઞની પર્યાયનું આવડું સામર્થ્ય છે. એવી અનંતી પર્યાયનો ધણી એક ગુણ છે અને એવા અનંતા ગુણનો ધણી એક દ્રવ્ય છે. એવા દ્રવ્યની અંતરમાં પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ ૧૦, બુધવાર, તા. ૧૬.૧૦.૧૯૬૮
## ગાથા-૪૭-૪૮, પ્રવચન-૩૮

પ્રવચનસાર. ભગવાનના જ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ જે પ્રગટ્યું પરમાત્માને, ત્યારે જે દિવ્યધ્વનિ નીકળી એનો સાર એટલે પ્રવચન—દિવ્ય વચનો એનો સાર. એમાં આચાર્ય મહારાજ એવી

શરૂઆતથી વાત કરી છે કે આ કેવળજ્ઞાનની પ્રાપ્તિ-સર્વજ્ઞ જ્ઞાનની પ્રાપ્તિ કોને થાય? કે જે સમ્યગ્દર્શન અને જ્ઞાનપૂર્વક સામ્યભાવ નામ શુદ્ધ ઉપયોગની રમણતા નામ આચરણ કરે એને સામ્યભાવના પ્રતાપે કેવળજ્ઞાન થાય. સમજાય છે કાંઈ? એનું આ ફળનું વર્ણન છે. આત્મા સર્વજ્ઞસ્વરૂપ જ આત્મા છે. એવો સર્વજ્ઞ ભગવાન આત્માનો સ્વભાવ એની દર્શન, જ્ઞાનની પ્રતીતિ અને અનુભવ સહિત સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગરૂપી ચારિત્ર એને કહીએ. શુદ્ધ ઉપયોગ, સામ્યભાવ, નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ, મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્ર થઈને અવસ્થા એને ચારિત્ર કહીએ. એ ચારિત્રના ફળ તરીકે સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે એટલે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ દર્શન. એની અહીં પ્રશંસા કરે છે અને એનું કેવું સ્વરૂપ છે એનું વર્ણન કરે છે.

ભાવાર્થ. કહે છે કે ક્ષયોપશમજ્ઞાન છે, ઓછું જે જ્ઞાન છે એમાં ક્રમપૂર્વક જાણવું થાય. એ ક્ષાયિકજ્ઞાન પૂર્ણ સામ્યભાવથી પ્રાપ્ત થયું એવું સર્વજ્ઞપદ એમાં ક્રમપણે જાણવું હોઈ શકે નહિ. **'નિયત આત્મપ્રદેશેથી જ જાણવું,...'** નીચે તો થોડા આત્મપ્રદેશમાં અમુક વિકાસના સાધનથી જાણવું કે આંખના વિકાસનું સાધન આદિ. ત્યાં ત્યાં ઇન્દ્રિયના ક્ષયોપશમ પ્રદેશો છે, તે તે પ્રદેશોના મર્યાદિત પ્રદેશોથી જાણવું એવું નીચલી દશામાં હોય છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત પરમાત્મા, એને આખા અસંખ્ય પ્રદેશેથી પૂર્ણ જાણવું હોય છે. કહો, સમજાય છે?

**'અમુકને જ જાણવું...'** એમ. નીચલી દશામાં બધાને ન જાણી શકે. મર્યાદિત વસ્તુને જાણે. સર્વજ્ઞ જ્ઞાન નિયમથી જાણે, મર્યાદિત-અમર્યાદિત બધાને જાણે. એને જાણવાનું કાંઈ બાકી હોઈ શકે નહિ. ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયની પ્રગટતાની વિશેષતા સહિત ભગવાન આત્માને ચારિત્રના ફળ તરીકે આવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. કહો, સમજાય છે કાંઈ? એ ચારિત્રની કિંમત કેટલી? કે જેના ફળમાં સર્વજ્ઞ થાય, પરમાત્મા થાય, એમ કહે છે. એ ચારિત્ર કેવું?

મુમુક્ષુ :- શુદ્ધ ઉપયોગ.

ઉત્તર :- શુદ્ધ ઉપયોગરૂપ અને શુદ્ધ ઉપયોગ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત જ હોય એને. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ ભગવાન આત્મા એની નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ, અંતર્મુખની સ્વભાવની પ્રતીતિ, અંતર્મુખનું જ્ઞાન અને અંતર્મુખમાં શુદ્ધ ઉપયોગરૂપી રમણતા એને ચારિત્રવંત સાધુ કહીએ. એ સાધુપદના ફળમાં પરમાત્મા થાય છે. એ પરમાત્માને અમુક જ મર્યાદાએ જાણવું એવું રહેતું નથી. ત્રણ કાળ ત્રણ લોક (જાણે) ઓહો..! એવો સમયનો પર્યાય. જ્ઞાનની એક સમયની અવસ્થા, કેવળજ્ઞાન પણ એક સમયની અવસ્થા છે—પર્યાય છે, પણ એ બધાને જાણે. અમુકને જાણે એ તો નીચલી દશામાં હોય છે. પૂરી દશાને એ હોતું નથી.

**'ઇત્યાદિ મર્યાદાઓ મતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે.'** ભાવાર્થમાં

છે ને? '**ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્...**' નામ બધું એકસાથે. ઓલું ક્રમ હતો ને ક્રમ? ક્રમથી જાણવું એને ઠેકાણે એકસાથે પૂર્ણાનંદ, પૂર્ણ જાણવું. જ્યાં ઈચ્છા નથી, જ્યાં રાગ નથી, જ્યાં દુ:ખનો અભાવ છે અને આનંદની પરિપૂર્ણતા છે. એવા ભગવાન પરમાત્માના જ્ઞાનમાં યુગપદ્ જાણવું '**સર્વ આત્મપ્રદેશેથી...**' બધા આખા સર્વ પ્રદેશેથી જાણવું. '**ત્રણે કાળના પર્યાયો સહિત...**' ઓલું અમુક હતું આમાં બધુંય. અને '**સર્વ પદાર્થોને—**' ત્રણ કાળ ત્રણ લોક આદિ અંત વિનાની ચીજ એને પણ એક સમયમાં જાણી લે. એ '**અનેક પ્રકારના...**' અનેક પ્રકારના એટલે નિગોદનો જીવ, એક સિદ્ધનો જીવ એવા અનેક પ્રકાર એને પણ એક સમયમાં પરમાત્મા જાણે. '**અને વિરુદ્ધ જાતિના...**' ચૈતન્ય અને અચૈતન્ય, અમૂર્ત અને મૂર્ત એ વિરુદ્ધ જાત છે. એને પણ ભગવાનનું કેવળજ્ઞાન એક સમયમાં બધાને પહોંચી વળે છે. સમજાણું કાંઈ? એવા '**હોવા છતાં પણ—જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે...**' એક જ સમયે '**સર્વ આત્મપ્રદેશેથી...**' આ સર્વ આવ્યા શબ્દો ઓલા છેલ્લા હતા ઈ. '**સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને...**' ટીકામાં હતું કે અવશ્યમેવ ક્ષાયિકજ્ઞાન સર્વ કાળ, સર્વત્ર ક્ષેત્ર, સર્વથા ભાવ. સર્વ એટલે દ્રવ્ય સર્વને. સમજાણું કાંઈ? ક્યાં આવ્યું? એ.. ભીખાભાઈ!

મુમુક્ષુ :- જ્ઞાન અવશ્યમેવ સર્વદા સર્વત્ર સર્વથા સર્વને જાણે છે.

ઉત્તર :- એ બરાબર છે. સર્વને જાણે એટલે શું?

મુમુક્ષુ :- બધા જીવ પદાર્થો બધાને જાણે.

ઉત્તર :- એમ નહિ. એમ ઓઘે ન ચાલે આમાં. આ સર્વને એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એમાં શું આવે સર્વને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ પછી અર્થમાં ધ્યાન ન રાખ્યું. દ્રવ્ય કહીએ છીએ. દ્રવ્ય-દ્રવ્ય. એમ અહીં ઓલા જેવું નથી ચાલે એવું. તમારી આગળ નહિ ચાલે, એમ. ના, ના, આ તો ચાર બોલનું કહેતા હતાને રામજીભાઈ કે આ ચારનું ચાલ્યું નથી. એટલે કીધું ચાલ્યું હતું અને હવે એને યાદ છે કે નહિ એમ કહ્યું. જુઓ!

છે છેલ્લા બોલ? ક્ષાયિકજ્ઞાન.. પહેલા ભાવાર્થ ઉપર. '**સર્વદા...**' સર્વદા એ કાળ લાગુ પડે છે. સર્વદા. સર્વદા ત્રણ કાળને જાણે. '**સર્વત્ર...**' સર્વત્ર-બધા ક્ષેત્રને જાણે. લોક-અલોક બધાને જાણે ભગવાનનું જ્ઞાન. ત્રણ કાળ બધું ક્ષેત્ર. એને ક્ષેત્ર લાગુ પડે છે. '**સર્વથા...**' એને ભાવ લાગુ પડે છે. સમજાણું? જે ઓલું સર્વને તમે કીધું હતું ને એ ત્યાં લાગુ પડે છે. અને સર્વને એટલે દ્રવ્યને લાગુ પડે છે. દ્રવ્ય. બધા દ્રવ્યને, બધા ભાવને, બધા ક્ષેત્રને, બધા કાળને આ પચ્છાનુપૂર્વી થઈ ગઈ. આનુપૂર્વી કહીએ, આનુપૂર્વી એટલે ક્રમે ક્રમે કહીએ તો સર્વ કાળ, સર્વ ક્ષેત્ર, સર્વ ભાવ અને સર્વ દ્રવ્યને જાણે.

મુમુક્ષુ :- મૂળમાં એમ છે.

ઉત્તર :- હા મૂળ છે. અને જો પચ્છાનુપૂર્વી કહીએ આમ પાછળથી લઈએ તો સર્વ દ્રવ્યને, સર્વ ભાવને, સર્વ ક્ષેત્રને, સર્વ કાળને. એ પચ્છાનુપૂર્વી અને પૂર્વાનુપૂર્વી ન આવડે. ચોપડી નથી આવતી એવી? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. એ પહેલો શબ્દ પૂર્વાનુપૂર્વીનો હોય અને છેલ્લો શબ્દ પચ્છાનુપૂર્વીનો હોય એમાં પણ. સમજાણું કાંઈ? ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવજ્ઝાયણં, ણમો લોએ સવ્વસાહુણં. એ પૂર્વાનુપૂર્વી ક્રમસર કહેવાય. અને ણમો લોએ સવ્વ સાહુણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણમં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ અરિહંતાણં, એ પચ્છાનુપૂર્વી એમ.

મુમુક્ષુ :- છેલ્લેથી શરૂ કરવું.

ઉત્તર :- છેલ્લેથી શરૂ કરવું, આ પહેલેથી શરૂ કરવું એમ. સમજાણું કાંઈ? એનો તો મોટો .. માં અધિકાર આવ્યો છે.

મુમુક્ષુ :- વચ્ચેથી શરૂ કરવું.

ઉત્તર :- વચ્ચેથી શરૂ કરે એ અનાનુપૂર્વી થઈ ગઈ. આનુપૂર્વી નહિ, પચ્છાનુપૂર્વી નહિ, અનાનુપૂર્વી. જેટલા વચલા બોલ છે એ બધા અનાનુપૂર્વીના છે. ઓલી ચોપડી નથી આવતી નવકાર ગણવાની? ગણે. આવે છે. સ્થાનકવાસીમાં ઘણી ચોપડીઓ હોય. નવરા હોય ને બહુ આવડતું ન હોય, બહુ આવડતું ન હોય ને બહુ જ્ઞાન ન હોય એ ગણ્યા કરે એ. એકડો. પાછા આવા નવકાર ગણે. બહુ આવડતું ન હોય, ગણ્યા કરે આખો દિ'. હવે એ કરતા તત્ત્વજ્ઞાનનું વાંચે નહિ થોડું?

હવે ૪૮ ગાથા. '**સર્વને નહિ જાણનાર એકને પણ જાણતો નથી એમ નક્કી કરે છે :—**' લ્યો! આ મૂળભુત આ રકમો આવી. શેઠ આવ્યા હતા હુકમીચંદજી અને બંસીધરજી જ્યારે, ત્યારે આ ગાથા ચાલી હતી. સમજાણું? ૪૮ અને ૪૯. (સંવત) ૨૦૦૨ની વાત છે. '**હવે સર્વને નહિ જાણનાર એકને પણ જાણતો નથી એમ નક્કી કરે છે :**'

> जो ण विजाणदि जुगवं अत्थे तिक्कालिगे तिहुवणत्थे।
> णादुं तस्स ण सक्कं सपज्जयं दव्वमेगं वा।।४८।।

એનું હરિગીત.

> **જાણે નહિ યુગપદ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,**
> **તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.**

શું કહે છે? '**અન્વયાર્થ :- જે એકસાથે ત્રૈકાલિક ત્રિભુવનસ્થ...**' જુઓ! કાળ ને ક્ષેત્ર લીધું. '**એક સાથે ત્રૈકાલિક ત્રિભુનવનસ્થ (-ત્રણે કાળના અને ત્રણે લોકના) પદાર્થોને જાણતો નથી, તેને પર્યાયસહિત એક દ્રવ્ય પણ જાણવું શક્ય નથી.**' કારણ

કે એક દ્રવ્ય પણ અનાદિ-અનંત પર્યાયવાળું છે આમ. આત્મા એક દ્રવ્ય અનાદિ-અનંત પર્યાયવાળું છે તો એની જે અનાદિ-અનંત પર્યાય એને-સર્વને ન જાણે તો એકને જાણતો નથી. કારણકે એકમાં સર્વનું જ્ઞાન આવી જાય છે. આત્મા ત્રણ કાળ આદિ-અંત વિનાની તેની પર્યાય. તો એને જાણે તો સર્વને જાણવું આવી જાય છે. સમજાણું કાંઈ?

આત્મા પોતે અનાદિ-અનંત પર્યાયવાળો છે કે નહિ? હવે એની અનાદિ (અનંત) પર્યાયમાં કેટલીક પર્યાયો પ્રગટ થાય ત્યારે સર્વજ્ઞ પર્યાય હોય છે અને એ સર્વજ્ઞ પર્યાયમાં બધું જ્ઞાન આવી જાય છે. તો એક દ્રવ્યની પણ અનાદિ-અનંત પર્યાયને જાણે તો સર્વ જણાઈ જાય છે અને સર્વ જો ન જાણે તો એની અનાદિ-અનંત પર્યાયવાળું એક દ્રવ્ય પણ જાણતો નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? ન્યાયથી શું કહે છે? કે સર્વને જાણતો નથી તે એકને જાણતો નથી. કેમકે આ આત્મા અનાદિ-અનંત એની પર્યાય છે. વસ્તુ છે ને. વસ્તુ છે ને ભગવાન આત્મા અને એની પર્યાય ત્રિકાળ રહેનાર છે ને. ત્રિકાળ રહેનાર છે તો એની ત્રિકાળી પર્યાયો છે કે નહિ અનાદિ-અનંત? તો અનાદિ-અનંત પર્યાયમાં એક-એક પર્યાય પૂર્ણ પણ પ્રગટ જેને થાય છે. તો એવી પૂર્ણ પર્યાય અને અપૂર્ણ બધાને જે જાણે તો સર્વનું જ્ઞાન આવી ગયું એમાં. તો સર્વને ન જાણે એ આખા આત્માને પણ જાણતો નથી. એ અહીં સિદ્ધ કરવું છે. બીજે વળી એમ કહેશે 'એકને જાણે એ સર્વને જાણે.' સમજાણું કાંઈ?

ન્યાય સમજાય છે કાંઈ? પદાર્થોને ... પર્યાયસહિત એક દ્રવ્ય પણ જાણવું શક્ય નથી. ભગવાન આત્મા વસ્તુ છે, અનંત ગુણ છે. વસ્તુ એક છે, ગુણ અનંત છે અને ત્રિકાળી પર્યાય છે અનાદિ-અનંત. વસ્તુને અનાદિ-અનંત પર્યાય હોય કે સાદિસાંત હોય? કહો, શાંતિભાઈ! કેવી? અનાદિ-અનંત. દ્રવ્ય અનાદિ-અનંત છે તો એની પર્યાય પણ અનાદિ-અનંત જ હોય. અનાદિ-અનંતમાં એની જ્ઞાનપર્યાયની ખિલવટ જ્યારે પૂર્ણ થાય ત્યારે એની પર્યાય અને આ બધી પર્યાયનો સમુદાય તે દ્રવ્ય છે, તો એ પર્યાય સર્વને ન જાણે તો સર્વને જાણનારું જે અનાદિ-અનંત એક જ પર્યાય એવી અનંત પર્યાયવાળું દ્રવ્ય એને પણ એણે જાણ્યું નથી. ભારે વાત! સમજાણું કાંઈ?

'**ટીકા :- આ વિશ્વમાં...**' જુઓ! હવે સિદ્ધ કરે છે. '**એક આકાશદ્રવ્ય છે,...**' જગતમાં એક આકાશદ્રવ્ય છે, '**એક ધર્મદ્રવ્ય છે,...**' ધર્માસ્તિ નામનો એક પદાર્થ દ્રવ્ય છે અનાદિ-અનંત. જીવ અને જડ ગતિ કરતા જેને નિમિત્તરૂપે ગતિ દેવાનો ગુણ છે એવો એ ધર્માસ્તિ નામનો પદાર્થ છે અરૂપી. '**એક અધર્મદ્રવ્ય છે,...**' અધર્માસ્તિકાય નામનું એક દ્રવ્ય છે. '**અસંખ્ય કાળદ્રવ્યો છે,...**' આ જેટલા આકાશના પ્રદેશ છે અસંખ્ય, એક-એક પ્રદેશે એક-એક કાળદ્રવ્ય છે. લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્યાતા કાળાણુઓ વસ્તુ-દ્રવ્ય છે. અરૂપી કાળાણું પદાર્થ છે.

મુમુક્ષુ :- હયાતી ધરાવનારા?

ઉત્તર :- હયાતી ધરવાનારા. સમજાણું કાંઈ?

'**અનંત જીવદ્રવ્યો છે...**' કાળની સંખ્યા કરતા... જુઓ! ક્રમસર લીધું છે ને. ધર્માસ્તિ, અધર્માસ્તિ એક એક છે. કાળ અસંખ્ય છે, જીવ અનંત છે. '**અને તેનાથી પણ અનંતગુણા પુદ્ગલદ્રવ્યો છે;...**' તેનાથી અનંતગુણા રજકણોની સંખ્યા છે. સમજાણું કાંઈ? '**વળી તેમને જ પ્રત્યેકને...**' દ્રવ્યની વ્યાખ્યા કરી પહેલી વસ્તુની. હવે દરેકને '**અતીત, અનાગત અને વર્તમાન એવા (ત્રણ) ભેદોથી ભેદવાળા નિરવધિ...**' જેની મર્યાદા નથી. મર્યાદા શું હોય અનાદિ-અનંત.ને? '**નિરવધિ વૃત્તિપ્રવાહ...**' જેનું હોવાપણું. '**વર્તવું તે; ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય; અસ્તિત્વ; પરિણતિ.**' એટલા અર્થ કર્યા ને? ઓલું વૃત્તિનું હોવાપણું પણ આવ્યું ને? વૃત્તિ એટલે હોવાપણું. નિરવધિ જેના હોવાપણાના પ્રવાહનો '**અંદર પડતા (-સમાઈ જતા) અનંત પર્યાયો છે.**' એવા અનંત દ્રવ્યોના મર્યાદા રહિત હોવાવાળા અનંતા પર્યાયો-અંશો-અવસ્થાઓ છે. કહો, સમજાણું?

'**એ રીતે આ બધોય (દ્રવ્યો અને પર્યાયોનો) સમુદાય જ્ઞેય છે.**' શું કીધું? જુઓ! હવે સિદ્ધ કરે છે અંદર કે આ બધો સમુદાય તે જ્ઞેય છે, જાણવાલાયક છે. '**તેમાં જ એક કોઈ પણ (ગમે તે) જીવદ્રવ્ય જ્ઞાતા છે.**' અનંતા આવા દ્રવ્યો છે અને એની અનંતી અનાદિ-અનંત. મર્યાદા વિનાની પર્યાયો છે. એવા જે દ્રવ્ય અને પર્યાયો તે જ્ઞેય છે. જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય છે. પણ સામે એક જ્ઞાન છે. જ્યારે એવી ચીજ હોય તો સામે પણ બધાને જાણનારું જ્ઞાન એક જીવદ્રવ્ય છે. એક જીવદ્રવ્યનું જ્ઞાન એવડું છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આટલા બધા જ્ઞેયો કે આકાશ એક, ધર્માસ્તિ એક, અધર્માસ્તિક એક, અસંખ્ય કાળાણું, અનંત જીવો અને અનંતાઅનંત પરમાણુ. એની અવધિ વિનાની અનાદિઅનંત દરેક દ્રવ્યની પર્યાયો—એ બધા જ્ઞેય છે, બધું થઈને જ્ઞેય છે. એક સમુદાય. ત્યારે સામે એમાંથી કોઈપણ જીવદ્રવ્ય. કોઈપણ જીવ એમ. ગમે તે જીવદ્રવ્ય જ્ઞાતા છે. એક કોર જ્ઞેય છે, ત્યારે એક કોર એનો જાણનાર છે. એ જાણનારમાં આ જ્ઞેય પૂરું ન જણાય એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જણાવાયોગ્ય જ્યારે સત્ પૂર્ણ છે, અનંત છે, તો એને તે રીતે જાણનારું જ્ઞાન પણ જીવદ્રવ્યનું, એક એક જીવદ્રવ્યનું એવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એ રીતે આ બધોય સમુદાય જ્ઞેય છે. તેમાં જ એક કોઈ પણ (ગમે તે)...**' પાછું બધા થઈને એમ નહિ. કારણ કે એમાં તો અનંતા જીવ તો આવી ગયા છે પહેલા. અનંતા આત્માઓ આવી ગયા અને અનંતા આત્માઓની હદ વિનાની અનંત પર્યાયો આવી ગઈ. એવા માંહ્યલો એક એક આત્મા જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે અહીં, જેમ સમસ્ત દાહ્યને દહતો અગ્નિ...**' દાહ્ય એટલે બળવાલાયક, એને બાળતો અગ્નિ, બળવાલાયક તેને બાળતો અગ્નિ. '**સમસ્તદાહ્યહેતુક (-સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા)...**' બળવાલાયક પદાર્થ જેમાં અગ્નિને નિમિત્ત છે. બળવાલાયક પદાર્થ

બાળનાર અગ્નિને નિમિત્ત છે. એવા '**સમસ્તદાહ્યાકારપર્યાયે પરિણમેલું...**' સમસ્ત દાહ્ય. બળવાના ભાવ—પર્યાયપણે પરિણમેલું. બળવાના આકારના પર્યાયપણે હોં! આ તૃણની અગ્નિ, લાકડાની અગ્નિ એમ કહેવાય છે ને? એ સમસ્ત દાહ્ય જે બળવાલાયકના આકારપર્યાયે પરિણમેલું. એના આકાર—એનું જે સ્વરૂપ છે તે પ્રકારે અહીં પરિણમેલું. '**સકળ એક દહન...**' બધો થઈને એક અગ્નિ બાળવું '**જેનો આકાર છે...**'-જેનું સ્વરૂપ છે. '**એવા પોતારૂપે (-અગ્નિરૂપે) પરિણમે છે,...**' શું કહે છે? અગ્નિનું પૂરું રૂપ જ એવડું છે કે બળવાલાયકના આકારે પરિણમે એ અગ્નિનું પૂરું રૂપ છે. દાખલો આ બહુ સરસ છે કે દાહ્ય બળવાલાયક જે પદાર્થો છે તેને બાળતો એટલે તેના આકારરૂપે પરિણમતો જેટલા બળવા લાયક છે, જેટલા બળવા લાયક છે એટલાને બાળતો પોતે તેના આકારે પરિણમતા અગ્નિનું તે પૂરું રૂપ છે. તે જ અગ્નિનું પૂરું રૂપ અને અગ્નિનું સ્વરૂપ જ એવડું છે.

મુમુક્ષુ :- અગ્નિનું સ્વરૂપ...

ઉત્તર :- સ્વરૂપ પણ જાણ્યું નથી. આહા..હા..!

આ તો દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો આત્મામાં લેશે. કે દાહ્ય આકાર બળવાને લાયક લાકડાને બાળતો અગ્નિ, અગ્નિમાં જે બળવાયોગ્ય પદાર્થ તો નિમિત્તમાત્ર છે અને જેટલા બળવાલાયક પદાર્થ તે રૂપના આકારે અગ્નિ પરિણમે છે, તેટલા પૂરાપણે પરિણમે, ત્યારે તે અગ્નિનું પૂરું રૂપ કહેવામાં આવે છે. ન્યાય સમજાય છે કાંઈ? અમરચંદભાઈ! અગ્નિ, અહીં દાહ્ય બળવાલાયક એને આકારે અહીં પરિણમ્યું પૂરું ત્યારે તો એ અગ્નિનું પોતાનું રૂપ થયું, પોતાનું રૂપ એટલું થયું. પોતાનું રૂપ જ એવડું છે. અને આ રૂપે અગ્નિ ન થાય તો એ અગ્નિનું રૂપ જ પૂરું થયું નથી. સુમનભાઈ! સમજાય છે આમાં? આ તો લોજિકની વાત છે ન્યાયથી. કઠણ પડે છે. ઠીક!

આમાં અહીં સિદ્ધ શું કરવું છે? કે જેટલા જ્ઞેયો છે તેટલું જ તે જ્ઞેયને આકારે પરિણમેલું જ્ઞાન જગતમાં હોવું જોઈએ વસ્તુનું. જેટલા બળવાલાયક પદાર્થ છે તેને આકારે પરિણમેલી અગ્નિ છે. અગ્નિ એવડી ન હોય તો એ અગ્નિનું પૂરું રૂપ જ નથી. સમજાય છે કાંઈ? એમ જેટલા જ્ઞેયો છે,.. એ કહે છે જુઓ! '**એવા પોતારૂપે પરિણમે છે,...**' એ અગ્નિ પોતારૂપે પરિણમે છે. દાહ્યના આકારે, પણ એ પોતાનું રૂપ છે. દાહ્ય બળવાલાયકનું એ રૂપ નથી. સમજાય છે કાંઈ? અદ્વૈત-દ્વૈતમાં નાખ્યું છે ને. શું નાખ્યું છે? આમાં નાખ્યું છે? અદ્વૈત. જ્ઞેય-જ્ઞાયક અદ્વૈત, જ્ઞેય-જ્ઞાયક દ્વૈત. એમાં શું દાખલો છે? છે ને ૪૭ નય. આ તો નવું છે ને. વ્યવહારનય. શું કીધું? ક્યાં આવ્યું એ? અદ્વૈત. કેટલામું છે? ૨૪. '**આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઈંધનસમૂહરૂપે...**' જુઓ અહીં આવ્યું. '**મોટા ઈંધનસમૂહરૂપે...**' જુઓ! અહીં આવ્યું. '**મોટા ઈંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.**' શું કહે છે જુઓ! આ તો અદ્વૈતને બીજીવાર લક્ષમાં લેવું.

ઓલું અદ્વૈત તો કહ્યું પરમ અદ્વૈત. આ નામ દ્રવ્યસંગ્રહમાં નહોતા આવ્યા? પરમ અદ્વૈત, પરમ અદ્વૈત એને કહેવું. આ બધા કહે છે ને બધું થઈને એક અદ્વૈત. એમ નહિ. બધા થઈને એક આત્મા અદ્વૈત છે એમ બધા ગપ મારે છે ને? સમજાણું કાંઈ? આ રજનીશ ને ઈ બધા દ્વૈત-અદ્વૈત ફેંકે છે બધાને. ખોટેખોટા ગપ. વાણિયાને ભાન ન મળે બિચારાને એટલે સાંભળવા જાય. ઓહો..હો..! વાણિયા એટલે...? એય..! વજુભાઈ! લોકમાં છેતરવામાં અને ઓલામાં ડાહ્યા હશે પણ આમાં તો એવા .. હવે ઠેકાણા વિનાના ત્યાં સાંભળવા જાય. અદ્વૈત બધું થઈને. આહા..હા..! ક્યાં અદ્વૈત ભગવાન!

અદ્વૈત તો પરમાત્મા એને કહે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં એકાગ્ર થઈને દ્વૈતપણું, ભિન્નપણું, વિકલ્પપણું ન રહે એવી આત્માની નિર્વિકલ્પદશા તેને પરમાત્મા અદ્વૈત કહે છે. સમજાણું કાંઈ? અને આ અદ્વૈત એમાં નાખ્યું એ જાતનું, જુઓ! આત્મદ્રવ્ય કેવું છે? જ્ઞાનજ્ઞેય અદ્વૈતનયે. જાણે જ્ઞાન બધાને તે પી ગયું હોય એવા **'મોટા ઈંધનસમૂહરૂપે પરિણત અગ્નિ...'** મોટો ઢગલો ઈંધણનો હોય એને બાળીને અગ્નિ એકરૂપે પરિણમી છે, એમ લોકના જેટલા જ્ઞેયો છે તેને જ્ઞાનરૂપે પરિણમીને એકરૂપ જ્ઞાન થયું છે એને અદ્વૈત કહેવામાં આવે છે. આહા..હા..! એ છે. સમજાણું કાંઈ?

**'આત્મદ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપ નયે), મોટા ઈંધનસમૂહરૂપે પરિણત અગ્નિની માફક, એક છે.'** અહીં તો એક સિદ્ધ કરવું છે ને. એક એટલે કે જેટલી બળવાલાયક ચીજ છે તેને બાળતી અગ્નિ એકરૂપે છે, એકરૂપે છે, એમ જેટલા જ્ઞેયો છે તેને જાણતું જ્ઞાન એકરૂપે છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! તારો માર્ગ જ કોઈ જુદી જાતનો અને દુનિયાને બિચારાને સાંભળવા મળ્યો નહિ. મારીને ક્યાંકના ક્યાંક, ક્યાંકના ક્યાંક. અદ્વૈત થઈ ગયું બધું, જાવ. સમજાણું? આહા..હા..! વિષયમાં એ અદ્વૈત થઈ જાય છે, એકરૂપ વિચાર થઈ જાય છે. મરી જઈશ વિષયમાં, સાંભળને! મૂઢ થઈ જઈશ ત્યાં. અદ્વૈત કેવો ત્યાં? સમજાણું કાંઈ? એમ. એકબીજાના પ્રેમમાં બીજા અર્પાઈ જાય છે તો બીજો વિચાર રહેતો નથી, માટે અદ્વૈતનું દર્શન થાય છે. (એ તો) મિથ્યાત્વનું દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ તે રાગને અને તે ક્રિયાને જાણતું જ્ઞાન એકરૂપે થાય એને અદ્વૈત કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પરમેશ્વર વીતરાગ આમ કહે છે. અદ્વૈતના બે પ્રકાર લીધા—એક નિર્વિકલ્પપણે પરિણમે આત્મા એ અદ્વૈત છે, દર્શન-જ્ઞાન-ચારિત્રની, વસ્તુની સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયની એકતારૂપે પરિણમે તે અદ્વૈત છે, પરમ અદ્વૈત છે. એમાં બીજો ભેદ રહ્યો નહિ. મોક્ષનો માર્ગ એ થયો. એ પરમ અદ્વૈત છે. અને આ જેટલા જ્ઞેયો છે એ બધા જ્ઞેયોને જ્ઞાનાકારપણે પરિણમતો આત્મા એકરૂપ થાય છે તેને અદ્વૈત જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! તમારા ઓલા ભણતર-બણતરમાં આવું નહિ આવ્યું હોય ક્યાંય. ગપેગપ

ન્યાં બધા હોય છે. પૈસા-બૈસા ખર્ચ્યા છે ને. કહો, સમજાણું કાંઈ? એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે આવું ભણે એને દસ હજાર પગાર આપે એમ કહે છે. પૈસા જ અનંતા આપે. કારણ કે પૈસાને જાણવા છે કે નહિ? જાણવું છે કે નહિ? એની પાસે તો આવતા નથી, એની પાસે મમતા આવે છે. હવે અહીં તો પૈસા અને આખી દુનિયાને જ્ઞાન જાણે. જેટલા જ્ઞેયો છે એમાં પૈસો આવી ગયો કે નહિ? એ બધા જ્ઞેયના સમૂહને એક જીવદ્રવ્ય એવો છે કે બધાને જાણે એવું એક જ્ઞાનરૂપ આત્મા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઓલાને આટલા પૈસા હોય થોડા આઠ-દસ હજારનો પગાર ધૂળનો. શું છે એમાં? મોટું અહીં ત્રણ લોકનું રાજ પણ જેની જ્ઞાનની પર્યાયમાં તુચ્છ છે જેમાં. આહા..હા..! એવો ચૈતન્ય હીરો, ભગવાન આનંદનો કંદ પ્રભુ, અંતર્મુખ જોતા પરમાત્મા પોતે જ સ્વરૂપે છે એવા જ્ઞાનની જેણે કિંમત અને જેણે બહુમાન કરીને અધિકપણું પરથી માન્યું, જાણ્યું, જોયું એની આગળ ત્રણ લોકનું રાજ પણ સડેલા તરણા જેવું છે. સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞેય તે એક જ્ઞાનનો એક સમયનો વિષય છે. અને એવડું જો જ્ઞાન ન પરિણમે તો એ જ્ઞાન જ નથી એમ કહે છે. અગ્નિ દાહ્યાકારના બધા બળવાલાયકરૂપે ન થાય તો એ અગ્નિનું પૂરું રૂપ જ નથી, એટલે અગ્નિ જ નથી, એ અગ્નિનું અસ્તિત્વ જ નથી, એમ કહે છે. આહા..હા..!

આચાર્યોની કેટલી રીત કહેવાની છે! એમ ભગવાન આત્મા.. આહા..હા..! ચૈતન્યમૂર્તિ પ્રભુ... કોઈપણ જીવ લીધો છે હોં પાછો. એમ કે એ બધા થઈને એક, એમ પણ નહિ. આહા..હા..! કારણ કે અનંતા આત્મા તો જ્ઞેય છે એમાં આવી ગયા છે. અનંતા આત્મા છે એમાં કેવળીઓ પણ આવી ગયા ને? અનંતા જીવદ્રવ્ય છે એમાં અનંતા નિગોદ પણ આવી ગયા અને અનંતા સિદ્ધ પણ આવી ગયા, લાખો કેવળી આવી ગયા. ભગવાન બિરાજે છે અહીં મહાવિદેહમાં. તીર્થંકરો આવી ગયા જીવદ્રવ્યમાં. તો એ બધા જ્ઞેય તરીકેનો એક ઢગલો સમૂહ એને જે જ્ઞાન એક જીવદ્રવ્યનું એક જ્ઞાન પૂરી રીતે પરિણમીને ન જાણે તો આત્મા પૂરો પોતે થયો નથી. ન્યાય સમજાય છે? જ્ઞાનચંદજી! તમારું તો જ્ઞાનચંદજી નામ છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! કેવી શૈલી આપી છે!

ભગવાન! એકવાર દૃષ્ટાંત તો સમજ. અગ્નિનું રૂપ બળવાલાયકને પૂરું બાળીને પોતાના રૂપે પૂરું ન થાય તો તે અગ્નિ નહિ, એ દહન નહિ, એ જ્વલન નહિ. સમજાય છે કાંઈ? અપૂર્ણ અને અધૂરું રૂપ એ કાંઈ પૂરું રૂપ છે? એ પોતાના પૂરા રૂપમાં નથી માટે અગ્નિ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા... જુઓ! **'તેમ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા...'** દેખો! આહા..હા..! **'સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા...'** ચાહે તો સાધક હો અહીંયાં. સમજાય છે? એ પણ સમસ્ત જ્ઞેયને જાણતો જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું

કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં પૂર્ણ પરિણમ્યો છે, એમ અહીં પણ જ્ઞાનમાં પૂર્ણ જ પરિણમન બધા જ્ઞેય પૂરા તેનું જ્ઞાન છે અહીં. એક પ્રત્યક્ષ છે, પરોક્ષ છે એટલો ફેર છે. અહીં તો પ્રત્યક્ષ ક્ષાયિક જ્ઞાનની વાત છે, અપૂર્ણ જ્ઞાનની વાત નથી. એ આગળ કહેશે. ક્યાંક છે ને અર્થમાં? કહેશે. નહિતર તો સાધકભાવમાં પણ આમ છે, પણ એ વાત અહીં સિદ્ધ નથી કરવી. સમજાણું કાંઈ? અગ્નિનું વાસ્તવિક રૂપ, દાહ્ય નામ બળવાલાયક જેટલી ચીજો છે તેને બાળતા પોતાના અગ્નિના આકારરૂપે અગ્નિ થાય છે, જ્ઞેયને આકારે નહિ. એમ જેટલા જ્ઞેયો છે તેને જાણતો ભગવાન પોતાના જ્ઞાનને આકારરૂપે પરિપૂર્ણ પરિણમે છે અને એ રીતે જો પરિપૂર્ણપણે ન પરિણમે તો એ જ્ઞાન જ નહિ, એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

‘**તેમ સમસ્ત જ્ઞેયને જાણતો આત્મા સમસ્તજ્ઞેયહેતુક...**’ જ્ઞેય જેમાં નિમિત્ત છે એવા ‘**સમસ્તજ્ઞેયાકારપર્યાયે...**’ જ્ઞેયના સ્વરૂપની પર્યાયે પરિણમતો, પોતાના સ્વરૂપે એમ. એ કાંઈ પરનું સ્વરૂપ નથી. નિમિત્ત છે ને ઈ. ‘**સમસ્તજ્ઞેયહેતુક સમસ્તજ્ઞેયાકાર...**’ એની પર્યાય. જેવો જ્ઞેયનો સ્વભાવ છે એ રીતે જ્ઞાન પોતાની પર્યાયે ‘**પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે...**’ કહો, આખું પરિપૂર્ણ એક જ્ઞાન જેનું સ્વરૂપ છે. સમજાય છે? ‘**એવા પોતારૂપે—**’ નિજરૂપે, આત્મારૂપે ‘**જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે પરિણમે છે.**’ ચેતનપણાને. પાછો ન્યાય આપ્યો. પોતારૂપે બધા જ્ઞેયને જાણતું જ્ઞાન પોતારૂપે, બધા જ્ઞેયોને જાણતું જ્ઞાન પોતારૂપે, ચેતનપણાને લીધે. પાછું કેમ પોતાપણાને લીધે પોતારૂપે? કે ચેતનપણાને લીધે. ઓલું અગ્નિપણાને લીધે, અહીં ચેતનપણાને લીધે. ઓહો..હો..! આત્મા તો દેખો આવડો આત્મા. એ આત્મા કેવડો? એ ભગવાને કીધો એવડો આત્મા જોઈએ. અજ્ઞાનીઓએ કહ્યો એ આત્મા નહિ. એને આત્માની ખબર નથી અજ્ઞાનીઓને.

એક આત્મા એક સમયની પર્યાયમાં પૂર્ણ જ્ઞેયના સમૂહના આકારે પરિણમે એવડું જ્ઞાન એવો એક સમયનો પર્યાય, એવો આત્મા એને આત્મા કહીએ. કહો, મગનભાઈ! જુઓ આ. આ વીતરાગમાર્ગ. લોકોને ખબર ન મળે અને બહારથી માંડી, આ કર્યા ને તે કર્યા. કર્તા.. કર્તા.. સમજાણું? એક વાર કહ્યું હતું. ધર્મદાસજી કહે છે, જે કોઈ પ્રાણી સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનથી એક ક્ષણ પણ જુદો પડે એ મિથ્યાદષ્ટિ સંસારી છે. આહા..હા..! શું કહે છે? જે કોઈ સર્વજ્ઞ જ્ઞાનથી જુદો પડે... સર્વજ્ઞ જ્ઞાન બધાને જાણે છે અને અહીં જણાય છે અને એ જાણે છે. બસ એટલું. જણાવાય છે, અહીં જાણે છે એટલું. એથી કોઈ સિદ્ધ ભગવાનથી જુદો પડે કે વિકલ્પનો કર્તા થાય અને પરથી મને જ્ઞાન થાય એવું માને એ સિદ્ધથી જુદો પડ્યો. સંસારી મિથ્યાદષ્ટિ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું?

ફરીને. સર્વજ્ઞ પરમાત્મા, સિદ્ધ ભગવાન એક સમયમાં બધું છે એમ જાણે છે. તે જાણે છે એ પોતારૂપે થઈને પોતાનું રૂપ પોતાનું એવડું છે એથી જાણે છે. સમજાય છે? એ રીતે

સાધકજીવ પર રાગાદિ અને પરાદિને પોતે જાણવાના પરિણમનપણે જાણવાની પર્યાયનો કર્તા અને પરિણમન છે એનું. એને પૂરું છે, આને અધૂરું છે એટલું. પણ એમાંથી ફરીને આ વિકલ્પ મારું કર્તવ્ય છે, આ વિકલ્પને જાણવાવાળું જ્ઞાન એ થઈ ગયું અને એમાં ઉપરાંત થઈને વિકલ્પ મારો કર્તા છે, વિકલ્પ મારું કામ છે, એ સર્વજ્ઞપદથી-જ્ઞાનપદથી ભિન્ન પડી ગયો. અમરચંદભાઈ! આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ સંસારી છે. ઊંધી દૃષ્ટિવાળો સંસારમાં રખડનારો છે એમ કહે છે. એઈ..! જેઠાલાલભાઈ! ધર્મદાસ ક્ષુલ્લકમાં આવે છે.

ન્યાય તો આમ મેળવવો છે એ કે જેમ સર્વજ્ઞ પ્રભુ પરમાત્મા એક સમયમાં આખા જ્ઞેયોને એક સમયે જાણે છે. જાણે છે બસ એટલું. એમ સાધક જીવનું જ્ઞાનસ્વરૂપ, હું તો જ્ઞાન છું, જ્ઞાન છું. રાગ પણ નહિ, નિમિત્ત પણ નહિ અને શરીર નહિ. અને જ્ઞાનના જ્ઞેયમાં, દ્રવ્યમાં અને પર્યાયમાં રાગ નહિ. એ રાગને અને બધાને જાણતું જ્ઞાન, જાણવાની ક્રિયાવાળું જ્ઞાન એ તો એનું સ્વરૂપ છે એ રીતે. ભલે અપૂર્ણ છે. પણ એથી કરીને આઘો જઈને, આ રાગ મારું કાર્ય છે, રાગનું જાણવું એ પર્યાય મારું કાર્ય છે એ છોડીને રાગ મારું કાર્ય છે એમ જે માને એ જ્ઞાનસ્વભાવના જ્ઞાતા-દૃષ્ટાથી વિપરીત ભાવમાં ચાલ્યો ગયો છે. સમજાણું કાંઈ? સુમનભાઈ! સમજાણું કે નહિ આ? શું કહ્યું બોલો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે તમે બહુ બુદ્ધિવાળા છો એટલે અમારે જરી (પૂછવું પડે). શું કીધું આ છેલ્લું? એં.. એં.. થઈ જાય એવું છે અહીં. ભીખાભાઈ તો કરે, આ બુદ્ધિવાળા માણસ લ્યો. એય..! ભીખાભાઈ!

મુમુક્ષુ :- આપની આગળ પ્રભુ બધાજ...

ઉત્તર :- એ બચાવ ખોટો છે.

ફરીને. સર્વજ્ઞ પરમેશ્વર એ આત્માની પૂર્ણ પર્યાય છે અને પૂર્ણ પર્યાયપણે જો ન થાય તો એ આત્મા જ પૂરો નથી. થયું? તો એ તો બધા જ્ઞેયનો જાણનાર છે. થયું? એમ હવે નીચે, સાધકજીવ આત્મા છે તે જ્ઞાનસ્વરૂપે જ છે, શુદ્ધ અને આનંદસ્વરૂપે છે એવું જે જ્ઞાન થયું છે એ જ્ઞાનમાં પોતાના સિવાય જેટલા જ્ઞેયો રાગાદિ છે તે સંબંધીનું જ્ઞાનનું પરિણમન અહીંયાં છે. એ તો એનું સ્વરૂપ છે. એને ઓળંગીને એમ માનવા જાય કે આ રાગ વિકલ્પ છે તે મારું કર્તવ્ય છે, એનો અર્થ કે જ્ઞેય છે તે મારું કાર્ય છે, જ્ઞેય છે તે મારું કાર્ય છે. જ્ઞેયનું જ્ઞાન તે મારું કાર્ય છે એમ છોડી દઈને રાગ તે મારું કાર્ય છે, દેહ તે મારું કાર્ય છે (એમ માને છે એ) એ જ્ઞાનની જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવની હદથી આઘો જઈને મિથ્યાદૃષ્ટિ થઈને સંસારી છે. ચીમનભાઈ! સમજાણું કાંઈ? મગનભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞાનમાં આખું સ્વરૂપ...

ઉત્તર :- હા. કારણ કે એ સ્વરૂપ છે એ જ્ઞાનસ્વરૂપ છે. તો જ્ઞાનસ્વરૂપ છે એવું જ્યાં

જાણ્યું, જાણ્યું, એટલે એને જ્ઞાનનો જ ભાવ રહ્યો, એને જ્ઞેય સંબંધીનું જ્ઞાન અહીં રહ્યું, પોતા સંબંધીનું જ્ઞાન અને જ્ઞેય સંબંધીનું જ્ઞાન. પણ જ્ઞેય મારું છે અને એ જ્ઞેય મારું કર્તવ્ય છે અથવા જ્ઞેયથી મને આ જ્ઞાન થાય છે એ દૃષ્ટિ તો વિપરીત થઈ ગઈ. સમજાણું કાંઈ? થોડું ઝીણું આવી ગયું. પણ હવે... સુમનભાઈ તમારા મોટા બુદ્ધિવાળા કહેવાય છે તોપણ જવાબ દેવામાં એં.. એં.. થઈ ગયું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તમે ભાઈ કેટલી વાર કહો છો. એવું સાંભળ્યું છે અમે તો. અમે સાંભળ્યું છે. કો'ક કહેતું હતું કે રામજીભાઈ કહે છે સુમનભાઈ...

મુમુક્ષુ :- બાપા કરતા વધારે.

ઉત્તર :- હા, બસ એમ કીધું હતું. એમ આવ્યું હતું. એ આવ્યું હતું. એ શબ્દ આવ્યો હતો બસ. એય..! આપણે તો અહીં રામજીભાઈ બુદ્ધિવાળા કહેવાય. તો એ કહે કે આ મારા કરતા બુદ્ધિવાળો છે. એય..! જયંતિભાઈ! આપણે તો શબ્દ સાંભળ્યો એવી વાત કરીએ. આહા..હા..! આ તો આખી વાત જ બાપુ જુદી છે ને. એય..! ડોક્ટર! ડોક્ટરને એં.. એં.. થઈ જાય છે લ્યો જવાબ દેતા.

મુમુક્ષુ :- આ બુદ્ધિનો પ્રકાર જુદો છે.

ઉત્તર :- બુધ્યતે ઈતિ બુદ્ધિ. જાણે તે બુદ્ધિ, જાણે તે બુદ્ધિ. બુધ્યતે ઈતિ બુદ્ધિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બુદ્ધિ જ નથી. જ્ઞેય, રાગ અને પર એ મારા અથવા એનાથી મને લાભ થાય અથવા એ છે તો મારી જ્ઞાનની પર્યાય થઈ, એ તો મિથ્યાદૃષ્ટિ થયો. એ તો જ્ઞેયને જાણનાર ન રહ્યો, જ્ઞેયને પોતાનું માનનાર રહ્યો. સમજાય છે કે નહિ માસ્તર? ન્યાયથી છે આ તો.

અહીં શું કીધું? જુઓ! એમાં જીવદ્રવ્ય કોઈ એક જ્ઞાતા છે એમ કીધું છે. જેમ અગ્નિ એક છે, સામે દાહ્ય બળવાલાયક છે. તો અગ્નિ એક છે તો બધાને બાળવાને આકારે પોતે પરિણમીને અગ્નિરૂપે થાય છે. એમ એક જીવદ્રવ્ય. એકલો જીવ હોં! પાછા બધા જીવદ્રવ્ય પણ નહિ. (બધા ભેગા થઈને) એમ પણ નહિ. આહા..હા..! બધા અનંત જીવ છે એ માંહ્યલો કોઈ એકાદ જીવ લ્યો કોઈપણ, જ્ઞાતા છે. '**સમસ્તજ્ઞેયહેતુક...**' એ જ્ઞાતાને જેટલા જ્ઞેયો છે તેનું નિમિત્તપણું જ્ઞાનમાં, નિમિત્તપણું અને '**સમસ્તજ્ઞેયાકારપર્યાયે...**' પોતે ઉપાદાનપણે પરિણમેલો છે એમ કહે છે. જ્ઞેયના આકારની પર્યાયે પરિણમેલું પોતાનું સ્વરૂપ છે કે '**સકળ એક જ્ઞાન જેનો આકાર છે...**' પૂરું જ્ઞાન જેનું સ્વરૂપ છે, પૂરું જ્ઞાન જેનું સ્વરૂપ છે. '**એવા પોતારૂપે—જે ચેતનપણાને લીધે સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે—પરિણમે છે.**' તે ખરેખર આત્મા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલો નિકાલ કરી નાખ્યો! આ

નિમિત્તથી થાય, વ્યવહારથી જ્ઞાન થાય, વ્યવહારથી નિશ્ચય થાય, ઢીંકણું.... કાંઈ નથી સાંભળને! મફતનો... આહા..હા..!

ભગવાન! તું જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ! જ્ઞાનમાં એ વ્યવહાર તો જ્ઞેય પરસમુદાયમાં ગયા. તારા પર્યાયમાં, તારા ગુણ-દ્રવ્યમાં ન આવ્યા એ. એ સંબંધીનું તારું સામર્થ્ય જે છે એવું સ્વપરપ્રકાશકપણે પૂરી રીતે પરિણમવું કે અધૂરી રીતે પરિણમવું. અહીં સિદ્ધાંતમાં તો પૂરાની વાત છે અત્યારે. પણ એની સાથે આપણે નીચે મેળવવું હોય. ભલે ઓછું જ્ઞાન છે. એ પણ જ્ઞાતાનું જ્ઞાન છે. એ રાગનું જ્ઞાન છે, નિમિત્તનું જ્ઞાન છે (એમ નથી). અહીં તો કીધું સમસ્ત જ્ઞેયહેતુ. એ તો જ્ઞેય તો નિમિત્ત છે. ઉપાદાન તો પોતાનું જ્ઞાનસ્વરૂપે પોતાની દશા છે. એને ઠેકાણે એ જ્ઞાન છું, જ્ઞાતા છું એમ ન જાણતા... સર્વજ્ઞ જેમ ત્રણ કાળને જાણે છે એમ આ તે તે કાળની પર્યાયને તે તે રીતે મારાથી પર ભિન્ન છે એનું મારું જ્ઞાન એના સંબંધીનું મારું જ્ઞાન મારારૂપે પરિણમે છે. એમ ન જાણતા એ રાગ તે મારો, રાગથી લાભ થાય અને રાગ છે તો મને જ્ઞાનની પર્યાય થાય. ઓલું તો નિમિત્ત હતું. એને ઠેકાણે એનાથી અહીં થયું તો ઉપાદાન જ્ઞાન એને લઈને થયું. તેને જ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ જે પોતાથી થવું તેનું રૂપ એણે જાણ્યું નથી. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? મગનભાઈ! એ બહારની વાતું બધી જુદી છે હોં! આમ ડંફાસ મારવા એ બહારમાં. બહારમાં તો આ વેચો ને કરો, લખો, બહારમાં બહુ હુશિયાર કહેવાય લ્યો! એય..! વજુભાઈ! આ વસ્તુ સમજે એને જ્ઞાનકળા કહેવાય. આહા..હા..! શું પણ કથનપદ્ધતિની રીત છે ને વાચ્યને સમજાવાની!

ભગવાન! તું તો કોઈપણ જીવ લેને. તું જીવ છો કે નહિ? તું જીવ છો ને? તો ચેતનપણાને લીધે. એમ કીધું ને પાછું? ચેતનપણાને લીધે. એ તો પોતાથી પોતે જણાય એવો છે. એને વિકલ્પ છે માટે જણાય, રાગ છે માટે જણાય એવો આત્મા છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા આત્મા તો બધાય કહે છે, પણ સર્વજ્ઞે કહેલો આવો આત્મા જાણ્યા વિના એણે સમ્યક્ આત્મા જાણ્યો એમ કહેવાય નહિ. આહા..હા..!

'**સમસ્તજ્ઞેયહેતુક સમસ્તજ્ઞેયાકારપર્યાયે પરિણમેલું...**' જ્ઞેયના આકારની પર્યાય પોતાની છે એમ. '**પરિણમેલું સકળ એક...**' સકળ છે ને? એટલે આખું પરિપૂર્ણ. '**એક જ્ઞાન જેનો...**' સ્વભાવ છે. એકરૂપ પરિણમન જેનો સ્વભાવ છે. અધૂરું એનો સ્વભાવ નથી, પરને લઈને થવું એવો સ્વભાવ નથી. પર નિમિત્ત હોવા છતાં નૈમિત્તિક પર્યાય નિમિત્તથી થઈ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' કેવળી છદ્મસ્થને વિનય કરે એમ નહિ, પણ 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' સમજાણું કાંઈ? જ્ઞાનમાં તો બધું જ્ઞેય થઈ ગયું, બધું જણાઈ ગયું. હવે એને કોનો વિનય કરવો રહ્યો? કેવળી કોનો વિનય કરે?

મુમુક્ષુ :- પોતાના જ્ઞાનનો.

ઉત્તર :- એ તો પરિણમન છે ઈ છે. વિશેષે જ્ઞાન પરિણમન છે ઈ પરિણમન છે. ક્યા ગુરુનો એ વિનય કરે? સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિએ સિદ્ધાંતનું તત્ત્વ આવું છે. સિદ્ધ થયેલું તત્ત્વ આવું છે, સિદ્ધાંત એટલે. સમજાણું કાંઈ? કેમ ચેતનજી! બચાવ કરતા હતા ને પહેલા ઘણો એમાંથી. કેવળજ્ઞાની છદ્મસ્થનો વિનય કરે. એમ પહેલું કરતા બહુ ભાઈને બચાવવા. ખબર છે. આનું આમ હોય ને આનું આમ હોય. ખબર છે. તર્ક કરતા હતા ને બચાવ કરવા માટે.

બાપુ! જ્ઞાન તો એવી ચીજ છે. એ તો જ્ઞાન સર્વને જાણે, તે સર્વ છે માટે એ જાણે એમ નહિ. સર્વ છે એ તો જ્ઞેય થઈ ગયા. એ તો નિમિત્તમાં ગયા અને સર્વ છે માટે અહીં જ્ઞાન જાણે એમ નહિ. જ્ઞાનનું જ એવું પૂરું સામર્થ્ય છે કે સર્વને અને પોતાને એક સમયમાં પૂરી રીતે પરિણમીને જાણે એનું નામ જ્ઞાન છે. આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર છે. તો જ્ઞાનનો સ્વભાવભાવ કેવડો પોતાનો એ અહીં પ્રરૂપે છે. જ્ઞાનચંદજી! આહા..હા..! અલૌકિક વાત અલૌકિક! ક્યાં પહોંચાડી દે છે! સમજાણું કાંઈ?

ભાઈ! તું તો આત્મા છો ને અને આત્મા ચેતનપણાને લીધે. કાંઈ રાગને લઈને આત્મા રાગ છે? ચેતનપણાને લીધે પોતે જ્ઞેયો જેટલા છે તેને આકારે એટલે એનું જે સ્વરૂપ છે એવું અહીં જાણવાના સ્વરૂપપણે આત્મા પરિણમે છે. ત્યારે પૂર્ણ રૂપ ત્યારે એ આત્મા અને તે આત્માની મર્યાદા કહેવાય છે. આ સિવાય આત્માની મર્યાદા બીજી હોઈ શકે નહિ. જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એનું સ્વરૂપ જ એવડું છે. કીધું ને. કોઈપણ જ્ઞાતા તે બધા જ્ઞેયને પોતાના સ્વરૂપથી પોતામાં પરિણમીને જો એવડો ન થાય તો તે આત્મા જ નથી. તે અગ્નિ જ નથી. દાહ્યાકારે પૂર્ણરૂપે ન બળે અને પોતે અગ્નિનું રૂપ પૂર્ણ ન થાય તો એ અગ્નિ નથી. એના રૂપમાં આવી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, એક એક આત્મા પ્રભુ આત્મા. ઓહો..! ચાહે સો એને વિકલ્પ ઉઠો, વાણી હો, કર્મ હો, તે તો બધા જ્ઞેયો છે ને. એ જ્ઞાનમાં તે જ્ઞેય છે તે જાણવાના પોતાના ચેતનપણા વડે તે જાણે છે. એ જ્ઞેયપણા વડે જ્ઞાનને જાણે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞેયને લીધે નહિ, જ્ઞેયની હયાતી છે માટે નહિ, જ્ઞેય છે નિમિત્તપણે માટે એટલી સહાય મળી જ્ઞાન પરિણમવાને એમ નહિ. આહા..હા..! જુઓ! એક તારું જ્ઞાનતત્ત્વ કેવડું છે ઈ કહે છે અહીં. સમજાણું કાંઈ? એવા એવા અનંતા ગુણોનું રૂપ, અનંતી પર્યાયનું રૂપ આખું દ્રવ્ય તે આત્મા છે. આહા..હા..! જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ?

**'સમસ્ત જ્ઞેયાકારપર્યાયરૂપે પરિણમેલું...'** શું? **'સકળ એક જ્ઞાન...'** આખું પૂરું જ્ઞાન

જેનો સ્વભાવ છે એવા નિજરૂપે-પોતારૂપે-આત્મારૂપે ચેતનપણાને લીધે. પોતાપણાને-ચેતનપણાને લીધે. ઓલા જ્ઞેયપણાને લીધે એમ નહિ. **'સ્વાનુભવપ્રત્યક્ષ છે...'** એ તો સ્વ અનુભવથી જ્ઞાન પોતાને પ્રત્યક્ષરૂપે અને પરને જાણે એ રૂપે પરિણમે છે એનું નામ આત્મા કહેવાય છે. સમજાણું કાંઈ? લ્યો. પરોક્ષ રહે એ નહિ આત્મા. કારણ કે એનામાં પ્રત્યક્ષ થવાનો તો પ્રકાશ નામનો ગુણ છે. પ્રકાશ નામનો ભગવાન આત્મામાં એક ગુણ છે કે જે ગુણને લઈને આત્મા પ્રત્યક્ષ થાય. પરોક્ષ રહે એ આત્મા નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ વસ્તુ તો વસ્તુ પણ એનો ચૈતન્યપણાના ગુણ વડે પોતાના પરિપૂર્ણ પર્યાયપણે પરિણમે છે એ પ્રત્યક્ષપણે થઈને પરિણમે છે. સમજાય છે કાંઈ?

**'સ્વાનુભવપ્રત્યક્ષ છે તે-રૂપે—પરિણમે છે.'** પોતે પોતાના અનુભવથી પોતાની જે પર્યાય પૂર્ણ છે તેને પ્રત્યક્ષ કરતું તે રૂપે પરિણમે છે. **'આ પ્રમાણે ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે.'** સમજાણું કાંઈ? આજ કાગળ ઓલો આવી ગયો હતો તાકડે, ભાઈ! પુસ્તકમાં આમાં નહિ? તમારે ઘરે આવી ગયો હતો હમણા. ઓલો ૧૭ વર્ષ પહેલા નહોતો સાકરલાલે કર્યો હતો. કે આ ભાંજગડ ઊભી થઈ છે સોનગઢથી, દ્રવ્ય-ગુણ-પર્યાયની. અત્યાર સુધી કાંઈ નહોતું. આપણામાં એવું દ્રવ્ય-ગુણ-પર્યાયનું.. એવું લખ્યું છે. એ પાનું આજે નીકળી ગયું આજ. ઓલું હતું ને એમાંથી. તમારે ત્યાં પડ્યું હતું ક્યાંક. પછી આજ અહીં આવી ગયું. આ વાંચતો હતો એમાંથી નીકળી ગયું. ઊભી થતી નવી ભાંજગડ. ૫૧ની સાલથી. ૫૧ની સાલ. સમજ્યા? હમણા દેરાવાસી જૈનોમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની ભાંજગડ ઊભી થતી આવે છે. સમજ્યાને? એનું કારણ સોનગઢના સંત કાનજીસ્વામી છે. એના કારણ તો એ છે. એમણે દિગંબર જૈનોના પંચાસ્તિકાય વગેરે આગમો અને સમયસાર વગેરે પરમાગમો લ્યો! વાંચવા શરૂ કર્યા એ દિગંબર જૈન આગમો અને પરમાગમોમાં મોટે ભાગે દ્રવ્ય, ગુણ અને પર્યાયની જ વિચારણા છે. શ્વેતાંબર જૈનોની ૩૨ કે ૪૫ આગમોમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયને બહુ જ સ્પષ્ટતાથી પ્રત્યક્ષરૂપે સમજાવેલ નથી. ... ૯૧ની સાલથી ભાંજગડ ઊભી થઈ છે આ બધી. નહોતું બધું એને ઠેકાણે. હોય છે? લ્યો! નથી.

શ્વેતાંબર જૈનોમાં આજથી ૩૦૦ વર્ષ ઉપર થઈ ગયેલા યશોવિજય ઉપાધ્યાયે દ્રવ્ય-ગુણ-પર્યાયનું .. વર્ણન કર્યું છે. આવું સ્પષ્ટ વર્ણન આની ઉગાઉના કોઈ આચાર્યે કર્યું નથી. એમ કહ્યું ને પાછું? દિગંબરમાં દ્રવ્ય અને ગુણના પર્યાયો જુદા જુદા હોય છે. શ્વેતાંબરો ગુણના જુદાં પર્યાયો નહિ સ્વીકારતા દ્રવ્ય અને ગુણનો અભેદ ગણીને માટે માત્ર દ્રવ્યના પર્યાય સ્વીકારે છે. આ બાબતમાં સોનગઢના કાનજીસ્વામીનું... એમ લખ્યું છે. પ્રચાર કામ ઘણું જોરદાર હોવાથી... ૯૧ની સાલથી. કામ ઘણું જોરદાર હોવાથી હમણાં શ્વેતાંબર જૈનોમાં કોઈ કોઈ પંડિત મુનિઓ પણ દ્રવ્યના પર્યાયની પેઠે ગુણના પર્યાય પણ જુદાં પર્યાય હોય છે એવું માનવા લાગ્યા છે. બહુ લાંબુ લાંબુ લખાણ છે. આમાં ઉતરી જાય છે લાંબુ.

કહો, સમજાણું આમાં?

આ દ્રવ્ય, ગુણ ને પર્યાય. દ્રવ્ય કોને કહેવા? ગુણ કોને કહેવા? પર્યાય કોને કહેવી? પર્યાયનું પૂર્ણ સામર્થ્ય કોને કહેવું? એક એક જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનનું એનું પૂરું સામર્થ્ય કોને કહેવું? જાણ્યા વિના... પછી આગળ લેશે દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા વિના સમકિત થાય નહિ માટે એ જરૂરનું છે એમ ઘણું લખ્યું છે. સમજાણું કાંઈ? જુઓને એ વાત તો અહીં બતાવે છે. આવી વાત સ્પષ્ટ ક્યાંય બીજે આગમોમાં નથી. એક જ્ઞાતા, અનંતા જ્ઞેયોને એક સમયમાં તેની હાજરી હોવા છતાં તેના આશ્રય વિના, તેની હયાતી વિના ચેતનપણાને લઈ, હયાતી તેની ચૈતન્યપણાની છે માટે પૂર્ણરૂપે પરિણમે છે એને દ્રવ્યનો સ્વભાવ અને આત્મસ્વભાવ કહેવામાં આવે છે. આ એની યથાર્થ પ્રતીતિ કરે તો દ્રવ્યદૃષ્ટિ થયા વિના રહે નહિ. લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૨, શુક્રવાર, તા. ૧૮.૧૦.૧૯૬૮**
**ગાથા-૪૮-૪૯, પ્રવચન-૩૯**

આ પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ૪૮ ગાથા. છેલ્લું આવ્યું '**જે સર્વને જાણતો નથી તે એકને જાણતો નથી ને પોતાને (-આત્માને) જાણતો નથી.**' ટીકા. શું કહે છે? જુઓ હવે ભાવાર્થ. અહીં કહે છે કે જે સર્વને ન જાણે તે એકને ન જાણે. કેમ? કે જ્ઞાનનો સ્વભાવ, પર્યાયમાં સર્વને જાણવું એવું એનું સ્વરૂપ છે. જે જ્ઞાનપર્યાય પરિપૂર્ણપણે પરને જાણે એ તો પોતાનો સ્વભાવ છે. એવી રીતે પરને પોતાપણે, પરનું જ્ઞાન પોતાપણે થઈને ન જાણે તો એ આત્મા સર્વને જાણતો નથી, એથી પોતાને પણ જાણતો નથી. કારણ કે એ તો પોતાનું રૂપ એવડું છે. સમજાય છે કાંઈ? જ્ઞાનનું સ્વરૂપ જ ચેતનપણા વડે... એમ આવ્યું હતું ને માથે? જુઓ! '**પોતે ચેતનપણાને લીધે સ્વાનુભવ-પ્રત્યક્ષ હોવા છતાં પણ—પરિણમતો નથી...**' એમ. આત્માનો સ્વભાવ ચેતનપણું છે એ વડે પરિપૂર્ણ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થોને જાણવાપણે પર્યાયપણે જો પરિણમે નહિ તો એ સર્વને જાણતો નથી તેથી એકને જાણતો નથી. એટલે પોતે જ પરિપૂર્ણ થયો નથી. સમજાય છે કાંઈ?

દાખલો આપ્યો જુઓ! '**ભાવાર્થ :- જે અગ્નિ,...**' ભાવાર્થ. '**કાષ્ટ,...**' એટલે લાકડા. '**તૃણ, પર્ણ...**' એટલે પાંદડા. '**વગેરે સમસ્ત દાહ્યને...**' બળવાલાયક જેટલા પદાર્થ છે

એને ‘દાહતો (-બાળતો) **નથી, તેનો દહન સ્વભાવ** (કાષ્ટાદિ **સમસ્ત** દાહ્ય **જેનું નિમિત્ત છે** એવા) **સમસ્તદાહ્યાકારપર્યાયે નહિ પરિણમતો** હોવાથી...’ અગ્નિ, બળવાલાયક જે પદાર્થ છે એ રીતે અગ્નિ જો ન પરિણમે તો અગ્નિનું રૂપ જ પૂરું થતું નથી. સમજાણું કાંઈ? આવડો આત્મા છે એમ સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- આત્મા ગમે એવડો હોય એમાં અમારે શું?

ઉત્તર :- ઠીક! આવો આત્મા છે એ એને પ્રતીત કરે તો સમ્યગ્દર્શન થાય એમ કહે છે. તો એને સુખ થાય. ખોટી રીતે આત્માને માને તો એને દુઃખ થાય અને મિથ્યાત્વ થાય.

મુમુક્ષુ :- ભલે મિથ્યાત્વ થાતું.

ઉત્તર :- તો થયું. મિથ્યાત્વ થાય તો રખડે ચાર ગતિમાં. એ તો છે.

મુમુક્ષુ :- સુખી તો થાય ને.

ઉત્તર :- દુઃખી થાય છે ને. દુઃખી થાય ચાર ગતિમાં. કહો, સમજાણું?

આત્મા સર્વજ્ઞે જોયો અને સર્વજ્ઞ થયા એ સર્વને જાણનાર થયા, તો સર્વને જાણનાર થયા એ પોતાના રૂપે જ થયા છે. એવડું જ પોતાનું રૂપ છે. એ રીતે જે સર્વને જાણવારૂપે ન થાય તો પોતે જે છે એવડો પોતે થયો નથી તો એને (પોતાને) જાણતો નથી. સમજાણું કાંઈ?

‘**દાહ્ય જેનું નિમિત્ત છે એવા સમસ્તદાહ્યાકારપર્યાયે નહિ પરિણમતો હોવાથી અધૂરારૂપે**...’ એટલે પરિપૂર્ણપણે પરિણમતો નથી. કોણ? અગ્નિ. તેથી ‘**પરિપૂર્ણ એક દહન જેનું સ્વરૂપ છે**...’ દહન નામ બાળવું એવું જેનું સ્વરૂપ, ‘**એવો તે અગ્નિ પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી;**...’ પૂર્ણ રીતે કીધો એ. બળવાલાયક પદાર્થને બાળીને પોતે અગ્નિ પોતાના રૂપે પૂર્ણ ન થાય તો અગ્નિ પોતાના રૂપમાં જ આવી નથી. રતિભાઈ! ઝીણું છે આ બધું. કહો, સમજાણું આમાં? તું કેવડો છો અને એવડો છે એ રીતે એને ઓળખીને પ્રતીત કરે, અંતર્મુખ આવડા આત્માને પ્રતીત કરવો કે જેના જ્ઞાનનું પરિણમન લોકાલોક ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને પોતે પર્યાયમાં જાણે એ રૂપે, ત્યારે તો એનું રૂપ પૂરું થાય છે અને એ રીતે ન થાય તો એનું રૂપ પૂરું થતું નથી. તો એ પૂરો આત્મા કહેવાતો નથી. કહો, માસ્તર! સમજાય છે?

અહીંયાં તો આત્મા જ, સર્વને જાણે તે આત્માને જાણે એ બોલ છે અત્યારે. પછી આવશે આત્માને જાણે તે સર્વને જાણે. તેવી જ રીતે અગ્નિને ન્યાયે. અગ્નિ બીજા બધાને બાળીને અગ્નિ અગ્નિરૂપે-પૂરારૂપે ન પરિણમે તો તે અગ્નિ અધૂરી રહે છે અને અધૂરી રહે તે અગ્નિનું પરિપૂર્ણ રૂપ સાચું થયું નથી. કહો, બરાબર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી થઈ. એનો પર્યાયનો સ્વભાવ પૂરો કર્યો નથી તો એવો સ્વભાવ જ

નથી. તો એનો સ્વભાવ અધૂરો છે, અધૂરું એનું સ્વરૂપ કહેવાય નહિ. સમજાય છે કાંઈ?

અગ્નિ દહન છે. એ બળવાલાયક દાહ્યાકારરૂપે પરિણમીને દહનસ્વભાવરૂપે પરિપૂર્ણપણે ન પરિણમે તો અગ્નિનું પૂરું રૂપ થતું નથી. તે અગ્નિ જ ખરેખર નથી. કારણ કે વસ્તુ હોય એ પરિપૂર્ણ સ્વરૂપે જ હોય. સમજાણું કાંઈ? '**તેવી જ રીતે જે આત્મા સમસ્ત દ્રવ્ય-પર્યાયરૂપ સમસ્તજ્ઞેયને જાણતો નથી,...**' જગતના ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને પોતાના ચેતનપણા વડે, ચેતવાનો સ્વભાવ છે માટે ચેતનપણા વડે પરના બધા ત્રણ કાળ ત્રણ લોકને જે જાણતો નથી, જાણવારૂપે પરિણમતો નથી. '**તેનું જ્ઞાન (સમસ્ત જ્ઞેય જેનું નિમિત્ત છે એવા) સમસ્તજ્ઞેયાકારપર્યાયે નહિ પરિણમતો હોવાથી અધૂરારૂપે પરિણમે છે—પરિપૂર્ણપણે પરિણમતું નથી, તેથી પરિપૂર્ણ એક જ્ઞાન જેનું સ્વરૂપ છે એવો તે આત્મા પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી...**' ઝીણી વાત છે. ભગવાન આત્મા ચેતનસ્વભાવપણાને લઈને, જેટલું ચેતવાલાયક નામ જણાવાલાયક ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેય છે એ જ્ઞેયને જાણવાપણે ચેતનપણા વડે, જ્ઞાનની પર્યાયપણે તેટલો પરિપૂર્ણપણે પરિણમે નહિ તો એનું પૂરું રૂપ જ થતું નથી. અને પરિપૂર્ણપણે પરિણમે નહિ તો એ પરને જાણતો નથી અને પરને જાણતો નથી એટલે પરિપૂર્ણપણું પોતાનું છે એને પણ જાણતો નથી. સમજાય છે કાંઈ?

અહીં રાગ-દ્વેષને માનવા-ફાનવા એ વાત અહીં નહિ. એનો સ્વભાવ ચૈતન્ય છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એનો કાંઈ સ્વભાવ નથી. તેમ પરનું કરવું કે પરનું ટાળવું એવો એનો સ્વભાવ નથી. કેમકે એને પરથી કાંઈ લેવું એવો એનો સ્વભાવ નથી. જે લેવું છે એ બધું અંદરમાં છે. સમજાય છે? એવો આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ, જણાવાયોગ્ય જેટલા જ્ઞેયો એટલે જણાવાલાયક છે ત્રણ કાળ ત્રણ લોક એવા જ્ઞેયપણે, જેના જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેયો નિમિત્ત છે એવું જ્ઞાન પોતાપણે તેને જાણવાની પર્યાયપણે પોતારૂપે પોતે ન થાય તો તે જ્ઞાન પોતાપણે પૂરું થયું નથી તો આત્મા જ પૂરો થયો નથી. આત્મા પૂરો થયો નથી એને ખરેખર આત્મા જ કહેવાતો નથી. સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ? રતિભાઈ! બધા જૂના ન્યાય થઈ ગયા ને પાછા દોઢ વર્ષથી, પાછું કટાઈ ગયું હોયને કટાઈ ગયું. આહા..હા..!

દાખલો આપ્યો ને અગ્નિનો, ન સમજાણું? કે અગ્નિ જે છે એ બળવાલાયક દાહ્યો જે છે એ અગ્નિના પરિણમનમાં નિમિત્ત છે અને નૈમિત્તિક તે અગ્નિનું દાહ્યાકારપણે પોતામાં દહનપણે પરિણમવું એ એનો સ્વભાવ છે. એટલે અગ્નિ પોતે દહનપણે પરિપૂર્ણપણે દાહ્યાકારના દહનપણે ન પરિણમે તો તે અગ્નિ જ પરિપૂર્ણ પોતે થઈ નથી તો તે પરિપૂર્ણ અગ્નિ થઈ નથી, તો અધૂરી અગ્નિ એ તો એનું વાસ્તવિક સ્વરૂપ નથી.

એમ ચૈતન્ય-અગ્નિ ચૈતન્યસ્વભાવ, ભગવાન આત્મા એ તો વસ્તુ છે. હવે એનો સ્વભાવ ચેતન ચેતવા વડે, ચેતનસ્વભાવ વડે આત્મા, ચેતનના સ્વભાવમાં લોકાલોક જ્ઞેય નિમિત્ત

છે અને તે પણે તેનું જાણવું અહીં પરિપૂર્ણ પરિણમવું એ પોતાનું સ્વરૂપ છે. તો એ ચેતન વડે જ્ઞેયોને પરિપૂર્ણપણે જાણીને પરિણમે નહિ તો એ આત્મા ચેતનપણા વડે પરિપૂર્ણ પરિણમ્યો નહિ તો એનું પરિપૂર્ણ વસ્તુરૂપ તો આવ્યું નથી. આવી વાત કેવી? જેઠાભાઈ! આવો ધર્મ વીતરાગનો હશે? હવે આવી વાત. ફલાણું પાળવું, દયા પાળવી, વ્રત પાળવા, પૂજા કરવી એવું તો કાંઈ કહે. પણ એ તો કહે છે, તારો સ્વભાવ નથી એમ કહે છે અહીં.

તારો સ્વભાવ તો ચેતનસ્વભાવ છે. ચેત. વસ્તુ આત્મા વસ્તુ છે એનો ચૈતન્યસ્વભાવ છે. વસ્તુ છે તે એક છે. તેથી તેનો ચૈતન્યસ્વભાવ એકરૂપ અખંડ છે. અખંડ હોવાથી તેની પર્યાયમાં જણાવાયોગ્ય જ્ઞેય ભલે નિમિત્ત હો, પણ નૈમિત્તિક તે પ્રકારે ચેતનની પરિપૂર્ણ પરિણમેલી (પર્યાય) જ્ઞેયને જાણવાપણે ન પરિણમે તો તે ચેતનપણાની પૂરી સ્થિતિ સિદ્ધ થતી નથી. એ આત્મા સિદ્ધ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ કહીને એને એમ સમજાવે છે કે તારા ચૈતન્યની પર્યાય તારી શક્તિમાં પરિપૂર્ણ જાણવાનો સ્વભાવ છે. એના ઉપર તું દૃષ્ટિ દે. કારણ કે એના ઉપર દૃષ્ટિ દેતાં તને પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન થશે અને એ ધર્મ છે. ધર્મી એવો આત્મા તેના પરિપૂર્ણ ચૈતન્યના સ્વભાવમાં સર્વ જ્ઞેયોને જાણવાની તાકાતવાળું એ તત્ત્વ છે એટલે સર્વજ્ઞ શક્તિવાળું જ એ તત્ત્વ છે એમ કહે છે. સર્વજ્ઞ શક્તિવાળું એ તત્ત્વ છે—આ આત્મા. તે સર્વજ્ઞ શક્તિવાળું તત્ત્વ છે એને પર્યાયમાં અંતરમાં વાળીને સર્વજ્ઞ સ્વભાવવાળા તત્ત્વની પ્રતીત કરે તો તેને યથાર્થ સમ્યગ્દર્શન થાય. તો એ સમ્યગ્દર્શન છે તે ધર્મ અને સુખના પંથે પડ્યો એમ કહેવાય છે. નહિતર તો અધૂરો અને રાગવાળો જીવને માનવો એ દુઃખને પંથે પડેલો નિગોદને રસ્તે જવાનો છે. કહો, સમજાય છે કાંઈ? ભગવાનભાઈ! આવું ક્યાંય સાંભળ્યું હતું? હવે આ પોષા કરવા, પડિક્કમણા કરવા, સામાયિક કરવી એ વાત આમાં ક્યાં આવે છે? પણ સાંભળને હવે! એ તો વિકલ્પ છે કહે છે. આ કરવું, તે કરવું વિકલ્પ એ તો રાગ છે, એ કાંઈ તારો સ્વભાવ નથી. એ વિકલ્પને અને જગતના બધા પદાર્થને જ્ઞેય તરીકે ગણીને તેનો જાણનાર એક જ્ઞાતા જ્ઞાતાપણે—જ્ઞાનપણે ન પરિણમે (તો) તે આત્મા પોતે જ પોતાની જાતપણે પૂરો થયો નથી. પૂરો થયો નથી તે અધૂરાપણે પરિણમે તે કાંઈ આત્માનું રૂપ કહેવાય નહિ. લોકો કહે છે ને 'પોત તારું પ્રકાશ' એવું આવે છે કે નહિ? તારું પોત પ્રકાશ. રૂપ તારું પ્રકાશ, કેવડો છો તું બોલને. ક્રોધમાં આવી જાય છે ને જ્યારે? બોલ બોલ તારા રૂપમાં આવી જા લે. ખોટો ખોટા રૂપમાં આવે, સાચો છે તો સાચા રૂપમાં આવે એમ કહે છે. સમજાણું કાંઈ?

ક્રોધ, માન, માયા, લોભ, દયા, દાન, વ્રત એ રૂપે પરિણમવું એ કાંઈ એનો સ્વભાવ નથી એમ કહે છે. પરિણમવું, એ રૂપે થવું કહો કે એનો કર્તા થવું એ એનો સ્વભાવ નથી. એનો સ્વભાવ તો જ્ઞાન ચૈતન્ય વડે... એમ કહ્યું ને જુઓને, ચેતનપણાને લીધે સ્વાનુભવ પ્રત્યક્ષ હોવાથી... ભગવાન તો ચૈતન્યસ્વભાવ ચેતે-જાગૃત થઈને જાગીને જોવે. પોતાને

પ્રત્યક્ષપણે જાણે એવો એનો સ્વભાવ છે. અને પોતાને જાણે ત્યારે જે જ્ઞેયો છે તે બધા જ્ઞાનની પર્યાયમાં એના જણાવાનો ભાવ આવી ગયો છે. એ રૂપે જે ન પરિણમે અને જ્ઞાનની પરિપૂર્ણ દશાને ન પામે અને અધૂરો રહી જાય તો એ આત્મા જ નથી. એટલે કે જેને ધર્મ કરવો છે એને... આવી એક સમયની પર્યાય પરિપૂર્ણ પરિણમે એવો આ જીવનો સ્વભાવ છે. અને એ સ્વભાવ પ્રગટ નથી તો અંદર અપ્રગટ શક્તિરૂપે પડ્યો છે. એટલે શક્તિરૂપે જે સર્વજ્ઞ છે એને નિમિત્તની શ્રદ્ધા છોડી દઈ, પુણ્ય-પાપની શ્રદ્ધા છોડી દઈ, અલ્પજ્ઞની પ્રગટ અવસ્થાની શ્રદ્ધા છોડી દઈ, સર્વજ્ઞ ત્રિકાળ છે તેની શ્રદ્ધા કરવી એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કહેવાય છે. જેઠાલાલભાઈ! આહા..હા..! ત્યારે એ ધર્મી એટલે સુખને પંથે પડ્યો. નહિતર તો દુઃખને રસ્તે ત્યાગી હોય, મહાવ્રતધારી હોય, સમજ્યા? પણ એ મહાવ્રતના વિકલ્પો એ રાગ છે, એ એનો સ્વભાવ નથી. અને એ રાગને જાણવું એવો એનો સ્વભાવ છે. ત્યારે તો રાગથી પૃથક્ પડીને આત્માને જાણે ત્યારે રાગને જાણનારો થાય. પણ રાગને જ પોતાનું કર્તવ્ય માનીને... કર્તવ્ય શબ્દે એ રૂપે પરિણમન મારું સ્વરૂપ છે એમ. તો અહીં કહે છે કે રાગ અને પુણ્યપણે પરિણમવું એ તારું સ્વરૂપ નથી. ચેતનપણા વડે પરિપૂર્ણ પરને જાણવાનું સ્વરૂપ એ તારું સ્વરૂપ છે. ભારે વાતું પણ ભાઈ! સમજાણું કાંઈ? આ એક કલાકમાં કહેવાય એ દસ મિનિટમાં કહી શકે કે નહિ? લ્યો! ભીખાભાઈ બહુ બોલ્યા ને એ. દસ મિનિટમાં સાર ન કહી શકે? અહીં વાત કેટલી થાય જુઓને આમાં ન્યાયથી.

આત્મા સર્વને ન જાણે તો તે પોતાના પૂરા રૂપને જાણતો નથી. કેમકે સર્વને જાણવું એ જ એનું પૂરું રૂપ છે. આમાં તો સાદી ભાષામાં એવું કાંઈ નથી. કેમકે ચેતનપણું જ એનો સ્વભાવ છે. એનો કાંઈ આ શરીરપણે કરવું અને શરીરને રાખવું કે શરીરને ટાળવું કે પુણ્ય-પાપના પરિણામપણે પરિણમવું કે કરવું એ કાંઈ એનો સ્વભાવ નથી. અહીં કહે છે ને, પરિપૂર્ણ જ્ઞાનપણે પરિણમવું એ એનો સ્વભાવ છે. પણ રાગ ને પુણ્યપણે પરિણમવું એ કાંઈ એનો સ્વભાવ નથી. ત્યારે જે સ્વભાવ નથી એને પણ પોતાનો માનવો એ તો મિથ્યાદર્શન અને અજ્ઞાન છે. મગનલાલભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- લોજિકલ વાત છે.

ઉત્તર :- હા, પણ ન્યાય-લોજિકથી પણ... સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ તો 'ન્યાવયમ' છે ને. .. આવે છે પાંચમો શ્લોક. 'ન્યાવયમ'-ન્યાયમાર્ગ છે.

ભાઈ! તું આત્મા છો. એ તો વસ્તુ થઈ. તો એનો ખાસ કોઈ અસાધારણ મુખ્ય ગુણ જેની પ્રધાનતા છે એવો છે? એ તો ગુણ ચેતના છે. એ ચેતના જેનો ગુણ છે અને ગુણ છે એનું પરિણમન, જેટલા લોકાલોકના પદાર્થ છે તેટલા જ્ઞેયપણે જાણીને જ્ઞાન પરિણમે નહિ તો એ ચેતનાની પૂર્ણ દશા જ થઈ નથી. સમજાય છે કાંઈ? અને પૂર્ણ દશા નથી તો એ પર્યાયપણે પૂરો થયો નહિ અને એવા આત્માને પૂરો માનવો એ મિથ્યાત્વ છે. ઓછો

માને, વિપરીત માને કે અધિક માને. એમ આવે છે  કે નહિ?

મુમુક્ષુ :- પડિકમણાના પાઠમાં.

ઉત્તર :- પડિકમણાના પાઠમાં પણ આવતું ભાઈ! મગનભાઈ! ઓછું, અધિક અને વિપરીત. પણ અર્થની ખબર નહિ. પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વ.

અહીં તો આપણે રત્નકરંડશ્રાવકાચારમાં આવે છે. ઓછું, અધિક અને વિપરીત. એ જ્ઞાનની વ્યાખ્યા કરી છે. ઓછું, અધિક, વિપરીત ટળે તેને જ્ઞાન થાય જેવું છે તેવું. ઓછું માને તો ભૂલ, અધિક માને તો ભૂલ, ઊલટું માને તોપણ ભૂલ.

આ અધિકાર શેનો છે? જ્ઞાનતત્ત્વ, જ્ઞાનનો સ્વભાવ, જ્ઞાનનો ભાવ, જ્ઞાનનું તત્ત્વ, જ્ઞાનનું સત્ત્વ, જ્ઞાનનું સામર્થ્ય. તો આત્મા જ્ઞાનસ્વભાવ છે એનું સામર્થ્ય એટલું છે કે એ સર્વને જાણવું એટલું તો એક પર્યાયનું એનું સામર્થ્ય છે જ્ઞાનતત્ત્વનું. સમજાણું કાંઈ? કરવાનું કોઈનું નહિ અને જાણવું કાંઈ બાકી રહે નહિ. મફતના હેરાન થાય છે બીજાને માટે કરી કરીને. માનીને હોં!

મુમુક્ષુ :- કરે છે તો કોણ?

ઉત્તર :- કરે કોણ? ધૂળ કરે? માને કે આનું કરી દઉં, દીકરાનું કરી દઉં, દીકરીનું કરી દઉં, મકાનનું કરી દઉં, આબરૂનું કરી લઉં, ઢીકણાનું કરી દઉં. એય..! ફૂલચંદભાઈ! આ તો દાખલો હોં!

મુમુક્ષુ :- નિવૃત્તિ લેવી.

ઉત્તર :- નિવૃત્તિ લેવી હતી ને. તો હજી સલવાણો છે.

મુમુક્ષુ :- ખુબ.

ઉત્તર :- ખુબ પાછો કહે છે.

મુમુક્ષુ :- કોઈ છોડતા નથી.

ઉત્તર :- એ ખોટી વાત તદ્દન છે. બાથ ભીડી છે બાવળને અને કહે છે કે બાવળે મને રોક્યો. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! બાથ ભીડી બાવળને, પછી કહે એ મને છોડતો નથી. પણ છોડી દેને આમ તું. એ તો પડ્યો જ છે, છૂટો જ છો તું. વાંદરાનો દાખલો નથી આપ્યો? વાંદરાએ મુઠ્ઠી તો નાખી બોરમાં. નાનું સાંકડું મોઢું, સમજાય છે? માટલીનું. એમાં બોર મોટા સારા હતા. આમ નાખ્યો હાથ. મુઠ્ઠો ભરીને કાઢવા જાય તો પકડાણો. પકડાણો તો, એ મને ભૂતે પકડ્યો અંદરથી. પણ તું મૂકી દે ને મુઠ્ઠી. બોરની મમતા થઈ તને. મમતા (થઈ કે) બોર કાઢું. માંડ માંડ ગર્યો એને બોર સહિત કાઢું એ શી રીતે નીકળશે? સમજાય છે? એમ જ્યાં ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્ર, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, શરીર, વાણી, મન, કર્મ ફલાણું એ આ મારા અને હું એનો. એ મુઠ્ઠી પકડીને રાખી. હવે એમાંથી છૂટવું શી રીતે? એ (છોડે તો) છૂટે કે તું છોડ તો છૂટે? સમજાણું? બોરની મુઠ્ઠી થઈ

આવડી મોટી હવે મુઠ્ઠી શી રીતે નીકળે? છોડી દેને આમ. બોર છૂટા પડી જશે તું નીકળી જઈશ.

મુમુક્ષુ :- બોર વગરનો રહી જાય.

ઉત્તર :- બોર વિનાનો જ છે એ માટે તો કહે છે. બોર વિનાનો હતો. નહિતર બોર નહોતા તોપણ એ તો રહ્યો હતો. જો બોર સહિત રહે તો બોર નહોતા ત્યારે ન રહી શકે. બોર નહોતા તોપણ રહ્યો હતો અને છે તોપણ પોતાથી રહ્યો છે, એ કાંઈ બોરને લઈને રહ્યો છે? કે બાયડી, છોકરા અને શરીરને લઈને રહ્યો છે? એ હોય તોપણ રહ્યો છે અને ન હોય તોપણ પોતાથી રહ્યો છે.

મુમુક્ષુ :- આ નક્કી વાત હશે?

ઉત્તર :- કેમ હશે? સુમનભાઈ! કહો, સુમનભાઈ નહોતા ત્યારે રામજીભાઈનો આત્મા નહોતો? કે વયો ગયો હતો? કેમ ભીખાભાઈ! હીરાભાઈ નહોતા ત્યારે નહોતો ભીખાભાઈનો આત્મા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ એના વિના પણ અહીં બેઠા છે જુઓ! છે કે નહિ? પણ માન્યું છે કે એ મને ઠીક પડે છે, મને ઠીક પડવા માટે એ ઠીક છે. મને ઠીક પડવા માટે હું ઠીક છું એમ ન માનતા, ઠીક પડવા માટે આ ઠીક છે, મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો ભ્રમ છે. સમજાણું કાંઈ? મોટા મહાત્મા નામ ધરાવીને પણ અહીં ભૂલ્યા છે એમ કહે છે. અહીં તો મહાતત્ત્વ કહેવું છે ને. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન.

ભગવાન આત્મા વસ્તુ એનો સ્વભાવ અસાધારણ ચૈતન્ય જે બીજા દ્રવ્યમાં નથી અને બીજે ગુણ એવી જાતનો નથી. એવું જે જ્ઞાનતત્ત્વ તેનો સ્વભાવ, તેનું સ્વરૂપ વર્તમાન પર્યાયમાં જેટલા જ્ઞેયો જગતના છે, તેના જ્ઞાનપણે-જાણવાપણે થવું એ જ એનું સ્વરૂપ છે. એ રીતે ન થાય, પરને સર્વને જાણનાર ન થાય તો પોતાને પણ 'પરિપૂર્ણ છે' એમ એણે જાણ્યું નથી. કહો, બરાબર હશે આ?

'**અર્થાત્ પોતાને જ પૂર્ણ રીતે અનુભવતો-જાણતો નથી.**' પોતાની જાત જેવડી છે તેને અનુભવતો નથી. '**આ રીતે સિદ્ધ થયું કે જે સર્વને જાણતો નથી તે એકને--પોતાને--(પૂર્ણ રીતે) જાણતો નથી.**' એમ. પૂર્ણ રીતે નામ જેવું એનું સ્વરૂપ છે પૂર્ણ તે રીતે જાણતો નથી. ક્યાંક ક્યાંક અટકીને આ રાગ તે હું, પુણ્ય તે હું એટલે પરિપૂર્ણ જાણવું મારું સ્વરૂપ છે, સર્વને જાણવું મારું સ્વરૂપ છે. કોઈનું કરવું અને મારું માનવું એવું એનું સ્વરૂપ નથી. સર્વને જાણવું મારું સ્વરૂપ છે તો જાણનાર જાણનાર હું છું. રાગ હોય તોપણ જાણનાર, દેહ હોય તો જાણનાર, વાણી હોય તો જાણનાર, પૃથક્ રહીને જાણનાર, એક થયા વિના જાણનાર, એવો જાણનાર હું છું એમ જો માને તો રાગ અને પરથી પૃથક્

જ્ઞાયકસ્વરૂપની પ્રતીતિ કરે. ત્યારે તેને નિશ્ચય સમ્યગ્દર્શન થાય. જ્ઞાનને પ્રત્યક્ષ કરે. સમજાણું કાંઈ? ક્યાં પણ પડી છે દરકાર? દુનિયાની પળોજણ કરવા આડે નવરો થાતો નથી.

મુમુક્ષુ :- પળોજણ ચોંટી હોય તો?

ઉત્તર :- કોણ ચોંટી? ધૂળેય ચોંટી નથી. આમ જુઓ બધું. બાબુભાઈ પાસે ગયા હતા. આમ પહેલા તો હાથ ઊંચો થઈ શક્યો નહિ એનો. ઓલું થઈ ગયું પહેલા તો. ખુશી થયા. આવવાનું હતું ને. આંખમાંથી આંસુ વયા ગયા. મોઢું ફેરવી નાખ્યું. આવ્યા ને. ... આટલી બધી .. મૂળ તો એને હરખમાં આંસુ આવી ગયા. કાંઈ નથી. અરે..! મારા ઘરે મહારાજ! અહીં કાંઈ ન મળે. અમે તો હાલ્યા આવ્યા. જેવા આવ્યા એવા ગરી ગયા અંદર. કાંઈ નહિ ને. વાજા નહિ, ગાજા નહિ, મંડપ નહિ કાંઈ નહિ. અને મહારાજ ફતેહપુર આવે ને એવું હોય કોઈ દિ'? હવે શું કરવું હતું પણ? લ્યો ફળિયામાં આવ્યા (એવા) જલ્દી ગરી ગયા. ઓલામાં તો હાથ ન ઉપડ્યો હોં! જુઓ! સ્થિતિ દેહની. પછી આવી ગયા. પછી સ્ફૂર્તિ આવી ગઈ. ઓહો..! બહુ ઉપકાર કર્યો! પધાર્યા. ખાનગી તો કહ્યું હતું. મહારાજ! આવવાનો ભાવ છે મારે. બહાર શી રીતે કહેવું આટલે બધે આવે શી રીતે? એક કોર પોણા બસ્સો માઈલ છેટે. એય..! સવા ત્રણસો માઈલ થયા જતા આવતા. ભાઈ! .. કોઈ કાંઈ નહિ. બધા માણસો ઊભા હતા. છે કોઈ હાલ નાખે (સારું કરે) એવું? વૈદ આવે તો નાખે એવું છે કાંઈ?

મુમુક્ષુ :- આપે તો જઈને હાલ નાખ્યો.

ઉત્તર :- કાંઈ નાખ્યો નથી એને એ તો. સંભળાવ્યું એને ભાઈ. ચોપડી લઈ ગયા હતા. ૩૨૦. ૨૦ મિનિટ સંભળાવ્યું. બપોરે ૫૦ મિનિટ. બધા ઘણા હતા. આ મહામંગળિક કરીએ છીએ, કીધું ભાઈ લ્યો! આત્મા નિષ્ક્રિય પરમાત્મા પોતે છે એ દ્રવ્ય, પર્યાયપણે પરિણમતું નથી. આહા..હા..! અહીં તો પર્યાયપણે પૂરો પરિણમે તે આત્મા. પર્યાયની વાત કરવી છે. પણ એ દ્રવ્ય પોતે પર્યાયમાં આવતું નથી. આહા..હા..! બે અંશ માહ્યલો એક અંશ પર્યાયનો. દ્રવ્ય તો પરિપૂર્ણ વસ્તુ છે, શક્તિરૂપે, સામર્થ્યરૂપે પરિપૂર્ણ જ છે. પણ પર્યાયપણે એ જ્ઞાનની પર્યાયપણે પરિપૂર્ણ જ્ઞેયને જાણતું જો ન પરિણમે તો પર્યાયપણે પૂરો થયો નથી, તો એકલું દ્રવ્ય રહ્યું અને ઓલી પર્યાયપણે પૂરો થયો નથી તો ખરેખર દ્રવ્ય પણ પરિપૂર્ણ છે એમ એણે માન્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનની વ્યાખ્યા છે આ.

**'હવે એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી...'** એ ૪૯માં આવે છે. સર્વને નહિ જાણનાર એકને જાણતો નથી. સમજાણું કે નહિ આમાં? એય..! સર્વને ન જાણનાર એકને જાણતો નથી. કારણ કે સર્વનું જાણવું તે જ એનું પૂરું રૂપ છે. તો સર્વને ન જાણે તે એકને જાણતો નથી. હવે કહે છે કે એકને જાણતો નથી તે સર્વને જાણતો નથી. આહા..હા..!

૪૯.

दव्वं अणंतपज्जयमेगमणंताणि दव्वजादाणि।
ण विजाणादि जदि जुगवं किध सो सव्वाणि जाणादि।।४९।।

**જો એક દ્રવ્ય અનંત પર્યય તેમ દ્રવ્ય અનંતને,**
**યુગપદ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને. ૪૯.**

'**આ ગાથાનો બીજી રીતે અન્વયાર્થ...**' નીચે કરે છે. પહેલો અન્વયાર્થ લઈએ અંદરનો. '**જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (-આત્મદ્રવ્યને) તથા અનંત દ્રવ્યસમૂહને યુગપદ્ જાણતો નથી...**' બે ભેગું લીધું એકસાથે. પોતાનું રૂપ પૂર્ણ અને જણાવાયોગ્યનું રૂપ એ એક સમય જો યુગપદ્ બધાને ન જાણે '**તો તે (પુરુષ) સર્વને (-અનંત દ્રવ્યસમૂહને) કઈ રીતે જાણી શકે?**' તો તે બેય થઈને આખું છે એ તો જાણી શક્યો નથી. '**(અર્થાત્ જે આત્મદ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે).**' એટલે? આત્મદ્રવ્ય એવડું છે કે એક સમયમાં પર્યાયમાં પરિપૂર્ણ જાણવા જેટલો સ્વભાવ છે. એવા આત્મદ્રવ્યને અનાદિ-અનંત પર્યાયો બધી છે. એ અનાદિ-અનંત પર્યાયવાળું દ્રવ્ય એમાં એક એક પર્યાયનું, સર્વજ્ઞ આદિ પર્યાય એમાં આવી ગઈ, એમાં બધું જાણવાનો એનો સ્વભાવ છે. એવી અનંત પર્યાયોવાળું દ્રવ્ય તે અંનત પર્યાયવાળું દ્રવ્ય જે એકને જાણે, ત્રિકાળી પર્યાયનો સમૂહ તે એક દ્રવ્યને આ રીતે સામર્થ્યવાળું ન જાણે તો સર્વને ક્યાંથી જાણે? કારણ કે સર્વને જાણવાનો પોતાની પર્યાયનો સ્વભાવ છે. તો આવી પર્યાયવાળો આત્મા ન જાણે એ સર્વને જાણતો નથી. સુમનભાઈ! આ બધું શીખવું પડશે હોં! અદ્ધરથી ચાલશે નહિ. નહિતર દુઃખી થવાના રસ્તા છે ત્યાં. ઓલા આઠ હજારનો પગાર, દસ હજારનો પગાર, મોટી મોટી વાતું કરે એટલે લોકોને આમ થઈ જાય. આહા..હા..! ધૂળમાંય નથી ન્યાં કાંઈ. હેરાન-હેરાન થવાના રસ્તા છે. ઓહો..હો..! શરીર પણ કામ ન કરે એનું ધાર્યું. આહા..હા..! ૨૫-૨૫ દિ' થી આમ શરીર. આમ ઢાંકેલું જોયું. બેસી ગયું છે અંદર. લૂગડું ઉઘાડે તો સમજવા જેવું હતું. લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :- કોક પહેરાવે...

ઉત્તર :- હા. મહાવીર.. આવ્યું હતું ને? શું? 'રંગ લાગ્યો મહાવીર તારો રંગ લાગ્યો.' ભાષા તો એવી આવતી. કોની? જડની. આવતું ને. લોકો બધા.. 'રંગ લાગ્યો મહાવીર તારો રંગ લાગ્યો, તારી ભક્તિ કરવાનો મને ભાવ જાગ્યો.' .. કહેવાની ભાષા નહોતી. ભાષા તો જડની છે. ભાષા કાંઈ આત્મા બોલતો નથી. (આત્મા) પાસે પરમાણુ નથી કે આત્મા બોલે.

મુમુક્ષુ :- માંદો થાય છે ત્યારે..

ઉત્તર :- માંદો શું, ત્રણે કાળે બોલતો નથી. બોલે કોણ? બોલે ઈ બીજો. એ આત્માથી બીજો ઈ બોલે, આત્મા બોલે નહિ. કહો, ભીખાભાઈ! કોણ બોલતું હશે આ? ત્યારે શું

કર્યું હશે અત્યાર સુધી પટલાઈ? ભીખાભાઈ એટલે કોણ? વાણી જડ? આ છે આ? ઓલો તો આત્મા છે, આત્માને ઓળખવાની વાત છે. આ તો જડ છે, માટી છે. મલુકચંદભાઈ કહેતા હતા ને હું ગયો હતો તે દિ' તો બોલવાની શક્તિ હતી નહિ. બોલવાનું ગોઠે નહિ. શરીરની રજકણની અવસ્થા છે શું કરે? કરે કોણ? સમજાણું? પછી મૂંઝાઈને કાંઈ ચાલશે ત્યાં? એ તો એની સ્થિતિએ રહેવાનું રહેશે એમ રહેશે. તું મૂંઝાઈશ તોપણ એમ છે અને નહિ મૂંઝાઈશ તોપણ એમ છે. આહા..હા..!

તારા જ્ઞાનનો સ્વભાવ ભગવાન પૂર્ણને જાણવું એ તો તારો પર્યાયનો સ્વભાવ છે. તો એવા પૂરા પર્યાયને જાણનારા દ્રવ્યને જેણે જાણ્યું નહિ તો સર્વને કેમ જાણે એ? કારણ કે સર્વને જાણવું એ તો પોતાનો પર્યાય સ્વભાવ છે. એવા પૂર્ણ પર્યાયરૂપ દ્રવ્યને ન જાણ્યું–એકને ન જાણ્યું તો સર્વને જાણ્યું નથી.

નીચે અર્થ કર્યો. '**જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (–આત્મદ્રવ્યને) જાણતો નથી...**' એમ. અનંત પર્યાય છે ને અવસ્થા? અનંત અવસ્થાવાળું એક દ્રવ્ય છે તો એક અવસ્થામાં બધા જણવાયોગ્ય પદાર્થ જણાઈ જાય છે. '**તો તે (પુરુષ) યુગપદ્ સર્વ અનંત દ્રવ્યસમૂહને કઈ રીતે જાણી શકે?**' જે પોતાના એક દ્રવ્યની અનાદિ-અનંત. પર્યાયને ન જાણે... અનાદિ-અનંત. છે ને પર્યાય? આદિ દ્રવ્યની આદિ છે? અંત છે? તો એની પર્યાયની આદિ અંત છે અવસ્થાની? તો આદિ-અંત વિનાની અનાદિ-અનંતની પર્યાયને એકને ન જાણે તો એ પર્યાયમાં જણાવાયોગ્ય બીજા પદાર્થને પણ જાણી શકે નહિ.

એની '**ટીકા :- પ્રથમ તો આત્મા ખરેખર સ્વયં જ્ઞાનમય હોવાથી...**' દેખો! ભગવાન આત્મા અનાદિથી આ ખરેખર સ્વયં જ્ઞાનમય એમ. સ્વયં જ્ઞાનમય. જ્ઞાન ક્યાંયથી લાવવું છે, આવે છે એમ છે નહિ. ભગવાન આત્મા તો જ્ઞાનમય છે. એની આંખ છે જ્ઞાન તો. જ્ઞાનમય આત્મા છે. એ પુણ્ય-પાપ વિકલ્પ કરવું, એ શરીરમય આત્મા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા તો જ્ઞાનમય વસ્તુ છે. જ્ઞાનની સાથે તન્મય છે. જ્ઞાનમય છે ને? જ્ઞાનવાળો છે એમ પણ નહિ. એ જ્ઞાનમય છે. આત્મા જ્ઞાનવાળો છે તો એ પણ ભેદ પડ્યો. આત્મા એ જ્ઞાનમય છે. જાણવાનો સ્વભાવ તે જ્ઞાનમય આત્મા છે. જાણવાનો સ્વભાવ તે મય આત્મા જ્ઞાનમય છે.

એ '**જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે...**' જ્ઞાનમય હોવાથી જ્ઞાતાપણાને લીધે '**જ્ઞાન જ છે;...**' એ. પોતે જ્ઞાતાપણાને લીધે આત્મા જ્ઞાન જ છે. જ્ઞાનવાળો છે એમ પણ નહિ. આત્મા ખરેખર સ્વયં પોતે જ્ઞાનમય હોવાથી જાણનાર-દેખનાર કારણે તે જ્ઞાન જ છે. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. અહીં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને. '**અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું (–રહેલું) પ્રતિભાસમય મહાસામાન્ય છે.**' એ જ્ઞાન દરેક આત્મામાં છે, માટે આ આત્માનું પણ એ જ્ઞાન મહાસામાન્ય છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન દરેક આત્મામાં**

વર્તતું (-રહેલું) **પ્રતિભાસમય...'** પ્રતિભાસ એટલે એમાં જણાય એવું. **'મહાસામાન્ય છે. તે (પ્રતિભાસમય મહાસામાન્ય) પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...'** શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાનમય છે અને એ જ્ઞાન તેનો મહાસામાન્ય સ્વભાવ છે અને મહાજ્ઞાનસામાન્ય ત્રિકાળી સ્વભાવ તેની વર્તમાન વિશેષ અવસ્થા, તેની વર્તમાન વિશેષ દશા, તેની વર્તમાન વિશેષ પર્યાયમાં એ સામાન્યજ્ઞાન પર્યાયમાં વ્યાપનારું છે. ત્રિકાળી જ્ઞાન આત્મા જ્ઞાનમય છે, તે જ્ઞાન ત્રિકાળી મહાસામાન્ય છે, તે જ્ઞાન મહાસામાન્ય એ અનેક પર્યાયમાં એની અનંતી પર્યાયમાં એ જ્ઞાન વ્યાપનારું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને જ્ઞાન દરેક આત્મામાં વર્તતું (-રહેલું) પ્રતિભાસમય મહાસામાન્ય છે.'** તે આત્માના જ્ઞાનનો ગુણ જે ત્રિકાળી મહાસામાન્ય **'પ્રતિભાસમય અનંત વિશેષોમાં વ્યાપનારું છે;...'** એમાં જણાવાયોગ્ય વિશેષો એટલે પર્યાયો. એ એની પ્રતિભાસમય અનંતી પર્યાયો છે. એ જ્ઞાનગુણની અનંતી પર્યાયો છે. પર્યાય એટલે વિશેષ છે. વિશેષ એટલે અવસ્થાઓ છે. શું કહે છે? આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનમય છે તેથી તેની અનંતી જે વિશેષ પર્યાય તેમાં એ જ્ઞાનગુણ વ્યાપનારો છે. જુઓ ભાષા! એ જ્ઞાનગુણ પર્યાયમાં વ્યાપનારો છે. એ પર્યાયમાં રાગને લઈને જ્ઞાન વ્યાપે કે નિમિત્તને લઈને વ્યાપે એમ છે નહિ. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ એનો જ્ઞાનસ્વભાવ. .. શું કીધું? જાણવાનો સ્વભાવ છે કે પારેવાને ઉડાડવાનો સ્વભાવ છે? ઉડાડવું નહિ. કહો, ભીખાભાઈ! આહા..હા..! કોણ ઉડાડે અને કોણ વિકલ્પ કરે?

અહીં તો જ્ઞાનનો સ્વભાવ આત્મા છે ભાઈ, તને ખબર નથી. આત્મા એટલે જ્ઞાનસ્વરૂપ. એ રાગરૂપ ને પુણ્યરૂપ ને પાપરૂપ ને કર્મરૂપ ને બાયડીરૂપ ને છોકરારૂપ ને મકાનરૂપ ને આબરૂરૂપ એ આત્મા છે જ નહિ ત્રણ કાળમાં. મૂઢ જીવે અજ્ઞાનીએ માની રાખ્યું છે. મૂઢને ભાન ન મળે માટે. પોતે ક્યા સ્વરૂપે છે અને ક્યા સ્વરૂપે એને હું માનું છું એ મૂઢ છે. મોટા રાજા-મહારાજા એ મોટા મૂઢ છે કહે છે. સમજાણું? આહા..હા..! અરે..! એની જાતમાં ભાત તો જ્ઞાનની પડવી જોઈએ ને કહે છે. એમ કહે છે. એની વિશેષ અવસ્થા તો જ્ઞાનરૂપ થાય. એની પર્યાય છે એ સામાન્ય પોતે પર્યાયરૂપે પરિણમે છે એમ કહે છે. જ્ઞાન જે સામાન્ય ત્રિકાળ છે તે વિશેષપણે થાય છે કે એના વિશેષ થવામાં પર નિમિત્તો (છે) માટે વિશેષ થાય છે? આ શ્લોક હતો તે દિ'. બંસીધરજી પંડિત હતા ને. ... પણ એમાં શું છે કહે છે? અરે..! એમાં બધું તારું નિમિત્ત ઊડી જાય છે, સાંભળને. અંદર પૂછતા હતા. આહા..હા..! પછી વળી....

અહીં તો કહે છે, આત્મા વસ્તુ છે, તેનો જ્ઞાનસ્વભાવ. શું જ્ઞાનસ્વભાવને લીધું? **'દરેક આત્મામાં વર્તતું (-રહેલું) પ્રતિભાસમય મહાસામાન્ય છે.'** એમ. જેમાં બધું જણાય એવો એ જ્ઞાન છે. પ્રતિભાસમય. જેટલી ચીજો છે એ બધી જણાય એવો મહાસામાન્ય જ્ઞાનનો સ્વભાવ છે અને એ જ મહાસામાન્ય જ્ઞાનગુણ **'પ્રતિભાસમય અનંત વિશેષોમાં**

વ્યાપનારું છે;...' એક એક પર્યાયમાં પ્રતિભાસે (એમ) એને કીધું. એક એક પર્યાયમાં બધું જણાય એવી પર્યાયમાં જ્ઞાન વ્યાપનારું છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં કેવી પર્યાય છે? જે ગુણ છે એ પ્રતિભાસમય છે. એવો જ્ઞાનનો પર્યાય પણ પ્રતિભાસમય છે. પ્રતિભાસમય એટલે? જે સામે હોય તેનું જ્ઞાન પોતાથી પોતા વડે થાય. એવું જ્ઞાન સામાન્ય છે અને એવું વિશેષ પણ વિશેષ જ્ઞાન છે. એ સામાન્યજ્ઞાન પ્રતિભાસમય વિશેષપણે પ્રવર્તે અને પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સહેલું છે હોં સુમનભાઈ! બોલવું હોય તો કાંઈ વાંધો આવે નહિ. પણ જવાબ માગે તો? શું કીધું ઈ? આ તો ત્રણ, ચાર, પાંચ (વખત) આજ તો વાત થઈ ગઈ જુઓ! બાળકને પણ પકડાય એવી વાત છે. આત્મા બાળક ક્યાં છે? આત્મા તો જ્ઞાનમય છે એની તો અહીં વાત ચાલે છે.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ મહાસામાન્ય છે પ્રતિભાસમય. એટલે જેટલી ચીજો એમાં જણાય એવું મહાસામાન્ય જ્ઞાન છે. હવે એમાંથી પ્રતિભાસમય વિશેષમય એ મહાસામાન્ય વ્યાપનારું છે. ત્રિકાળજ્ઞાન મહાસામાન્ય પ્રતિભાસમય છે એની વિશેષ જ્ઞાન જે પ્રતિભાસમય, જ્ઞાનનો સ્વભાવ પ્રતિભાસમય છે એમ. એમાં જેટલી ચીજો જણાય એવો એનો પર્યાય સ્વભાવ. ગુણનો પણ એવો સ્વભાવ અને પર્યાયનો પણ એવો સ્વભાવ.

આ ગુણ, પર્યાય શું હશે આ? ગુણ એટલે કાયમ રહેનાર અને પર્યાય એટલે વર્તમાન વિશેષ દશા. વિશેષ દશા, વિશેષ અવસ્થા. એ મહાસામાન્ય જ્ઞાનમય ભગવાન, વિશેષ જ્ઞાનના પ્રતિભાસમય જે પર્યાય એ પણે પરિણમે છે. આ ઈન્દ્રિયોને લઈને નહિ, સાંભળવાને લઈને નહિ, પુસ્તકને લઈને નહિ, સમજાણું કાંઈ? એ જ્ઞેયોને લઈને નહિ એમ કહે છે. મહાસામાન્ય જ્ઞાન વિશેષપણે પરિણમે છે તે જ્ઞેયોને લઈને નહિ, એ મહાસામાન્ય જ્ઞાનને લઈને વિશેષપણે પરિણમે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આખો ઉકેલ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને જાણવાનો પ્રતિભાસમય જેમાં પ્રતિભાસ થાય એવો એનો ગુણ છે. એ ગુણ વર્તમાન પ્રતિભાસમય વિશેષ પર્યાયપણે પરિણમે છે. એ પર્યાયમાં પણ જેટલી ચીજો જ્ઞેય છે એ જણાય એવો જ એનો સ્વભાવ છે. પણ એ પર્યાયમાં વ્યાપનારું જ્ઞાનસામાન્ય છે તે વ્યાપે છે. જ્ઞેયો છે માટે જ્ઞાનની પર્યાય વ્યાપે છે એમ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એના દ્રવ્ય, ગુણ અને પર્યાયની વાત ચાલે છે. દ્રવ્ય છે તે આત્મા, ગુણ છે તે જ્ઞાન મહાસામાન્ય અને વિશેષ અવસ્થા તે પર્યાય. મહાસામાન્ય પોતે ગુણ તે વિશેષપણે પરિણમે છે. ન્યાયથી સમજે તો સમજાય એવું છે, પણ દરકાર ન મળે કાંઈ. આહા..હા..! અરે..! આવો કાળ મળ્યો. ક્યારે નીકળશે ચોર્યાસીના અવતારમાંથી? સમજાણું?

આ જ્ઞાનમય જ છું આત્મા, તેનો પ્રતિભાસ સ્વભાવ છે. એટલે કે લોકાલોક જેટલા છે એનું જાણવું એનું સ્વરૂપ-પોતાનું સ્વરૂપ છે એ તો. ઓહો..હો..! એવું જે જ્ઞાનસ્વરૂપ

ગુણ, તે પ્રતિભાસમય વર્તમાન પર્યાયમાં બધું જણાય એવી જે વિશેષ પર્યાય-અંશ દશા એ મહાસમાન્ય વિશેષપણે પરિણમે-વ્યાપે છે. કહો, જેઠાલાલભાઈ! આહા..હા..!

'**અને તે વિશેષોનાં (-ભેદોનાં) નિમિત્ત...**' હવે ત્રીજી વાત પાછી. ભગવાન આત્મા જ્ઞાનપણે વિશેષપણે થાય છે એના નિમિત્તો જગતના બધા પદાર્થો નિમિત્ત, નૈમિત્તિક પોતાની પર્યાય. એ નૈમિત્તિકપણે સામાન્યજ્ઞાન તે પરિણમે છે. નિમિત્ત છે તેથી તે પરિણમે છે એમ છે નહિ. પણ એમાં જુઓ એમાં નિમિત્ત છે ખરું, પણ નિમિત્ત અહીં પરિણમાવતું નથી. સમજાણું કાંઈ? '**વિશેષોનાં (-ભેદોનાં) નિમિત્ત...**' અભેદ જે વસ્તુ છે એનો જ્ઞાનગુણ તે એકરૂપ અભેદ છે સામાન્ય. એની વિશેષ અવસ્થામાં વ્યાપનારું જ્ઞાન, એ વિશેષ અવસ્થામાં લોકાલોકના જ્ઞેયો તે નિમિત્ત છે, નિમિત્ત છે. પણ લોકાલોકના જ્ઞેય નિમિત્ત છે માટે જ્ઞાનસામાન્ય વિશેષપણે પરિણમે છે એમ નથી. સામાન્ય પોતે જ વિશેષપણે સ્વતંત્ર પરિણમે છે. એના પરિણમનમાં લોકાલોકના વિશેષો, લોકાલોકના પદાર્થ તે નિમિત્ત છે. કહો, જ્ઞાનચંદજી! આહા..હા..!

ચાર વસ્તુ થઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય અને નિમિત્ત. આ દ્રવ્ય એટલે આત્મા, વસ્તુ. આ જડ, માટી, ધૂળ આ ક્યાં એની છે? દ્રવ્ય એટલે આત્મા અને જ્ઞાન એ એનો ત્રિકાળી મહાસામાન્ય ગુણ, શક્તિ, સત્ત્વ, સત્‌નું સત્ત્વ, ભાવ એ મહા સામાન્ય. એનો પણ ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો સ્વભાવ એટલી વાત બસ. હવે એ મહાસામાન્ય જે જ્ઞાન છે એ વર્તમાન અવસ્થાપણે, વિશેષપણે એ પણ પ્રતિભાસમય પર્યાય છે કે જેમાં લોકાલોક જણાય એવો જ એનું જ્ઞાન, એ પર્યાયમાં વ્યાપનારો ગુણ છે. તો દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ પર્યાયમાં નિમિત્તભૂત લોકાલોક જ્ઞેય છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં તો સમજાય એવી સાદી વાત છે. આમાં કાંઈ મોટી એમ.એ.ની વાતું નથી. ત્યાં સુમનભાઈને ઓલા તેલને ધોવું કેમ સાફ કરવું? એ તો શીખે ત્યારે સમજાય. તે પણ એમાં ધૂળધાણી. આ તો એના ઘરની વાત છે. પણ એણે દરકાર જ કરી નથી કોઈ દિ'. આ કરું ને રાખું એવા હરખના સડકા ઝેરના. એને પોતાના ગુણનો હરખનો સડકો જ આવ્યો નથી એને. હું એક જ્ઞાનસ્વરૂપી પ્રભુ છું અને મારી વર્તમાન દશામાં વ્યાપનારો મારો જ્ઞાનગુણ છે તે વ્યાપે છે. સામાન્ય તે વિશેષરૂપે થાય છે. સમજાણું કાંઈ?

તે દિ' દાખલો આપ્યો હતો તે દિ' જયધવલનો, કે ઇન્દ્રિયો છે માટે જ્ઞાન થાય છે ને? ઇન્દ્રિય છે તો જ્ઞાન થાય તો સામાન્યે શું કર્યું? ઇન્દ્રિયે એનું વિશેષપણું કર્યું તો સામાન્ય જ્ઞાને શું કર્યું? શું કીધું ઈ? કે આ ઇન્દ્રિયો છે ને આ બધા એના શબ્દો છે. હવે અહીં જ્ઞાનની પર્યાય એ છે વિશેષ. કોની? કાયમ જ્ઞાનગુણની વિશેષ. એ વિશેષ અવસ્થા જો આ જ્ઞેય અને ઇન્દ્રિયોથી થાય તો સામાન્યે તે કાળે શું કર્યું?

મુમુક્ષુ :- જ્ઞાનગુણે શું કર્યું?

ઉત્તર :- શું કર્યું? સમજાણું કાંઈ? જ્ઞાન વિશેષપણે પર્યાય થઈ એ જ્ઞાનની પર્યાય વિશેષ

થઈ? કે જ્ઞેયને લઈને વિશેષ થઈ? તો ઇન્દ્રિયથી જ્ઞાન થતું નથી, ભાષાથી થતું નથી. એના જ્ઞાનનો ત્રિકાળી ગુણ છે તે વિશેષપણે પરિણમે ત્યારે પર્યાયમાં જ્ઞાન થાય છે. રતિભાઈ! આ જુદી જાતની નિશાળ છે. જગતમાં જ્યાં કાંઈક ઓછું થઈ જાય તો આમ થઈ જાય, અધિક થઈ જાય તો હરખ થઈ જાય. ઓછું થઈ જાય તો આમ શોક આવી જાય. હાય.. હાય.. તોબા માને. હજારનો પગાર હોય જ્યાં બસ્સોનો થઈ જાય તો હાય.. હાય.. બસ્સોનો પગાર હોય અને આઠસોનો પગાર થાય તો આહા..હા..! હા, પહેલા એમ હતું. પહેલા તો ૩૫નો પગાર હતો. અમારે ૧૨ રૂપિયાનો પગાર હતો નાગરભાઈને-આણંદજીના બાપને. ૧૨ રૂપિયાનો પગાર મરતા છેલ્લે. ૧૨ રૂપિયા છેલ્લે હોં! મહિનાના ૧૨. તે દિ' તો ૧૨ ઘણાં કહેવાતા ને. ૧૨માં ઉતરી ગયા હતા પછી. લ્યો! ૧૨માં પહેલા ૧૦ હશે અને ૬ હશે પહેલા. એક એક રૂપિયો વધે તો ખુશી થઈ જાય. તે દિ' ક્યાં આવું હતું તમારા પૈસાના બધા આંકડા મોટા? સમજાણું?

મુમુક્ષુ :- આંકડા મોટા કે લાકડા?

ઉત્તર :- એ આંકડાના મોટા લાકડા ગરી ગયા છે અંદર. બે લાખ હોય, પચ્ચીસ લાખ હોય, દસ લાખ હોય કે આ હોય તો ઠીક પડે. ધૂળમાંય ઠીક નથી, સાંભળને! તારી મૂર્ખાઈના એકડા કેટલા ગણવા? કહે છે. સમજાય છે? સરવાળો કેટલો કરવો મૂર્ખાઈનો?

ભગવાન! તારો જ્ઞાનગુણ જે ત્રિકાળી છે એ તારી વર્તમાન અવસ્થામાં જ્ઞેયો જેટલા નિમિત્ત છે છતાં નિમિત્તને લઈને તેનું વિશેષપણું પરિણમ્યું નથી. કેમકે નિમિત્તો પણ સામાન્ય ગુણવાળું છે, તેની વિશેષ અવસ્થાપણે તે નિમિત્ત થાય છે અને આ જ્ઞાનગુણ સામાન્ય છે તેના વિશેષપણે પોતે થાય છે. અહીં તો નિમિત્ત કેમ લીધું છે? કે એક જાણે તે સર્વને જાણે. કારણ કે એક જાણનારનો, સર્વને જાણવા જેટલો સ્વભાવ છે એમ કહે છે. એક જાણનારને સર્વ જાણવાનો સ્વભાવ છે. કારણ કે આત્મા સામાન્યજ્ઞાન પ્રતિભાસ, વિશેષ પ્રતિભાસ એમાં જ્ઞેયો નિમિત્ત આખા લોકાલોક જેટલા હોં આમ. અપૂર્ણ જ્ઞાનની અહીં વાત નથી અત્યારે. સમજાણું કાંઈ? એ કહેશે ખુલાસો.

જેટલા લોકાલોકના જ્ઞેયો છે તે જ્ઞાનની અવસ્થામાં નિમિત્ત છે. નિમિત્ત છે એટલે શું કર્યું એણે? નિમિત્ત છે એટલે શું કર્યું? લોકાલોક તો છે અનાદિના. જ્યારે પોતે સામાન્ય કેવળજ્ઞાનપણે-વિશેષપણે પરિણમ્યો ત્યારે અહીં જ્ઞાનને તે લોકાલોક નિમિત્ત કહેવામાં આવ્યા. નિમિત્તને લઈને વિશેષ થયું છે એમ નથી. નિમિત્તમાં પણ જીવો અને જડ છે એનું વિશેષપણે પરિણમવું થાય છે કે નહિ એનામાં? એનું દ્રવ્ય અને ગુણ સામાન્ય છે. વિશેષપણે, તે નિમિત્તનું પણ વિશેષપણે પરિણમવું તેનાથી થાય છે. હવે એનું વિશેષપણે પરિણમે અને આના વિશેષપણે એ પરિણમાવે તો બેનું વિશેષપણું થયું. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એ ભેદોના નિમિત્ત. ભેદો એટલે વિશેષો. વિશેષને ભેદ કીધો. ઓલો ગુણને અભેદ

કીધો ત્રિકાળી સામાન્ય. ત્યારે એ જ્ઞાનની પર્યાયો જેટલી થાય તે બધાને ભેદ કહેવાય. અવસ્થા એને ભેદ કહીએ. તેના '**નિમિત્ત સર્વ દ્રવ્યપર્યાયો છે.**' દેખો! સર્વ દ્રવ્યપર્યાયો છે. જેટલા દ્રવ્ય (તે બધા), પોતે પણ દ્રવ્ય-પર્યાય અને આખા જગતના દ્રવ્ય અને પર્યાયો, દ્રવ્ય તે સામાન્ય અને પર્યાય તે વિશેષ, એ જ્ઞાનની પર્યાયમાં બધા સામાન્ય અને વિશેષો નિમિત્ત છે. સમજાણું કાંઈ? કેટલાકને તો એમ થાય કે આ બહુ ઊંચી વાત છે. ઊંચી નથી ભગવાન! આ તો તારા એકડાની વાત છે સાંભળને. આહા..હા..! કેવળજ્ઞાન કેવડી પર્યાયવાળું હોય એ પરિણમે ત્યારે એકને પૂરો જાણ્યો અને એકને જો ન જાણે તો એણે પૂર્ણ કેવળજ્ઞાનમાં વિશેષો નિમિત્તો છે એને પણ જાણ્યા નથી. એક જાણે તે સર્વ જાણે, એકને ન જાણે તે સર્વને ન જાણે.

ચાર વાત થઈ. સમજાણું કાંઈ? એક કોર આત્મા તે દ્રવ્ય. એક આત્મા હોં! એ દ્રવ્ય એટલે વસ્તુ, એનો જ્ઞાન તે વસ્તુનો સ્વભાવ એટલે ગુણ અને એ ગુણ તે સામાન્ય કાયમ રહેનાર, એ પ્રતિભાસમય, લોકાલોકને જાણવાના સ્વભાવવાળું જ્ઞાન અને એ સામાન્ય જ્ઞાન વર્તમાન પર્યાયપણે, વિશેષપણે પરિણમે તે ત્રીજો પર્યાય અને એ પર્યાયમાં લોકાલોક જે દ્રવ્ય-પર્યાય(સ્વરૂપ) છે તે તેમાં નિમિત્ત છે. ચારેય વસ્તુ જગતની પૂરી આવી ગઈ એમાં લ્યો! સમજાણું કાંઈ?

'**હવે જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે...**' કેમના? એ આત્માના જ્ઞાનની વર્તમાન વિશેષ અવસ્થાના, વિશેષ પર્યાયના, જેમના '**સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે...**' જેમનાં એટલે? અનંત વિશેષ વ્યાપનારા પ્રતિભાસમય, અનંત વિશેષોમાં વ્યાપનારું પ્રતિભાસમય મહાસામાન્યરૂપ '**આત્માને સ્વાનુભવ પ્રત્યક્ષ કરતો નથી,...**' ત્રણે વાત લીધી એકસાથે. '**જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે એવા અનંત વિશેષોમાં...**' એટલું. એ વિશેષમાં '**વ્યાપનારા પ્રતિભાસમય મહાસામાન્યરૂપ...**' એમ. ત્રણે થઈ ગયા. નિમિત્તો, જેને વિશેષમાં નિમિત્ત છે અને વિશેષ મહાસામાન્ય પોતે વિશેષપણે થાય છે. એવો મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી. એવા મહાસામાન્ય જ્ઞાનને પોતાના જ્ઞાનપર્યાયે સ્વાનુભવ પ્રત્યક્ષ કરતો નથી.

'**તે (પુરુષ) પ્રતિભાસમય મહાસામાન્યવડે વ્યાપ્ય (-વ્યાપવાયોગ્ય) જે પ્રતિભાસમય અનંત વિશેષો...**' અનંત વિશેષ એટલે પર્યાયો. '**તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી શકે?**' અહીં તો એ સિદ્ધ કરવું છે ને કે એકને ન જાણે તે પરને ન જાણે. એકને જાણે તે પરને જાણે એ સિદ્ધ કરવું છે ને. તો કહે છે, પોતાનું દ્રવ્ય, એનો જે જ્ઞાનગુણ, એની વિશેષ અવસ્થા, એમાં જે અનંત નિમિત્તો. અનંત જે નિમિત્તો લોકાલોકના તેને વિશેષમાં નિમિત્ત. એ સામાન્ય વિશેષપણે વ્યાપે એવા મહાસામાન્ય જ્ઞાનગુણને જે અંતરમાં જાણતો નથી, તે પરને શી રીતે જાણે? સમજ્યાને?

પોતાનું પૂરું રૂપ જાણ્યું નથી તો પૂરા રૂપમાં સર્વ દ્રવ્ય અને પર્યાય આવ્યા નથી તો પરને જાણતો નથી. સમજાણું કાંઈ?

'**જે પુરુષ સર્વ દ્રવ્યપર્યાયો જેમનાં નિમિત્ત છે...**' કેવા? અનંત વિશેષો. જેમના એટલે વિશેષ. '**એવા અનંત વિશેષોમાં વ્યાપનારું પ્રતિભાસમય મહાસામાન્યરૂપ...**' એટલે જ્ઞાનગુણ. એવો જ્ઞાનગુણ એવો આત્મા, એમ પાછું. દ્રવ્ય લઈ લીધું પાછું. એવા '**મહાસામાન્યરૂપ આત્માને સ્વાનુભવપ્રત્યક્ષ કરતો નથી,...**' કેવળજ્ઞાનની અપેક્ષાએ વાત છે અત્યારે હોં. એવા આત્માને જ્ઞાનની પર્યાયે પ્રત્યક્ષપણે આત્માને પ્રગટ કરતો નથી, અનુભવતો નથી '**તે પ્રતિભાસમય મહાસામાન્ય વડે વ્યાપ્ય જે પ્રતિભાસમય અનંત વિશેષો તેમનાં નિમિત્તભૂત સર્વ દ્રવ્યપર્યાયોને કઈ રીતે પ્રત્યક્ષ કરી (-જાણી) શકે?**' કેટલી સરળ અને સીધી વાત કરી છે ને! આહા..હા..! લોજિકથી, ન્યાયથી સત્‌ને સિદ્ધ કર્યું છે. કહે છે, જે કોઈ જીવ દ્રવ્ય, જ્ઞાનગુણ સામાન્ય અને વિશેષ પર્યાય, એમાં નિમિત્ત એ (લોકાલોક). થયું? હવે જે કોઈ એવડા પૂર્ણ આત્માને જાણતો નથી તેને ઓલા નિમિત્તભૂત જે વિશેષ અને (જ્ઞાન) વિશેષ(રૂપે) પરિણમનારું મહાસામાન્ય અને મહાસામાન્યનો ધરનાર આત્મા એને જેણે આવો જાણ્યો નથી એ સર્વને જાણતો નથી. આહા..હા..!

'**(ન જ કરી શકે.) આ રીતે એમ ફલિત થયું કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.**' આહા..હા..! આવો જે આત્મા કે જેના વિશેષોમાં અનંતા નિમિત્તો દ્રવ્ય અને પર્યાય છે એ વિશેષ, સામાન્ય પોતે વિશેષપણે પરિણમે છે, એ સામાન્યનો ધરનાર આત્મા છે, આવા આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી. ભારે વાત ભાઈ! એમ સરવાળો કરીને પછી કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૩, શનિવાર, તા. ૧૯.૧૦.૧૯૬૮**
**ગાથા-૪૯-૫૦-૫૧, પ્રવચન-૪૦**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ૪૯મી ગાથા ચાલે છે. છેલ્લું થયું ને? '**આ રીતે એમ ફલિત થાય છે કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.**' આત્મા કેવડો જ્ઞાનની પર્યાયમાં છે એને અહીં સિદ્ધ કરે છે. અને એવો આત્મા એક સમયની જ્ઞાનની પર્યાયમાં પરિપૂર્ણ ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી એક પર્યાયની શક્તિ છે. એવી શક્તિને વ્યક્ત

કરવા માટે, વસ્તુમાં શક્તિ પડી છે એ પ્રગટ થવાની, એવું જે આત્મતત્ત્વ, એને અવલંબવા શુદ્ધ શ્રદ્ધા ને જ્ઞાન, ચારિત્ર જોઈએ. એવા સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના અવલંબે એ પૂર્ણ દશા પ્રગટ થાય છે. એ મોક્ષનો ઉપાય આ રીતે છે એમ બતાવે છે. જ્ઞાનતત્ત્વ-જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે. એની એક સમયની પર્યાયમાં લોકાલોક ન જણાય તો એ જ્ઞાનની પર્યાય પરિપૂર્ણ પામી ક્યાં? અને પરિપૂર્ણ જાણ્યું ત્યારે એણે આત્માને જેમ છે તેમ જાણ્યો, પૂર્ણ દશાએ અનુભવ્યો. અને તો એણે આત્માને જાણતા સર્વને જાણે એ વાત એમાં આવી ગઈ. સમજાણું કાંઈ?

છેલ્લું આવ્યું ને? '**આ રીતે એમ ફલિત થાય છે કે જે આત્માને જાણતો નથી તે સર્વને જાણતો નથી.**' આત્માની એક સમયની પર્યાયમાં પરિપૂર્ણ જ્ઞાન થવાની જે તાકાત એવા આત્માને જે જાણતો નથી અને અપૂર્ણપણે જાણે એ આત્માને જાણતો નથી તો સર્વને પણ જાણતો નથી, પણ આત્મા જ સર્વને જાણવાની તાકાતવાળું તત્ત્વ છે. સમજાણું? આત્મવાદી લખ્યા છે ઓલા આત્મધર્મમાં. કાલે આવ્યું હતું ને? આત્મધર્મ માસિક નીકળે છે ને અહીંથી? બધા પત્રોના નામ આપ્યા છે એમાં અહીંનું આપ્યું છે આત્મધર્મ. આત્મવાદી એવું કૌંસમાં લખ્યું હતું. કાલે એક આવી છે ને એક ગોષ્ઠી. આત્મવાદી .. એકલા આત્મવાદીનો પક્ષ કહેવા માગે છે? કે શું કહે છે?

મુમુક્ષુ :- આપણે તો સૌનું..

ઉત્તર :- ગોમટસારમાં એવું આવે છે કે આત્મવાદી એકાંત પક્ષમાં.

અહીં તો આત્મા એટલે અંદર પરિપૂર્ણ બધા સ્વભાવો ભરેલા છે જ્ઞાનના, દર્શનના, આનંદના, શાંતિના. શાંતિ એટલે ચારિત્ર. અનેક શક્તિઓનો ભંડાર આત્મા. એવો આત્મા અંતર સ્વભાવની દૃષ્ટિ કરતા, એનું જ્ઞાન કરતા અને એમાં રમણતા કરતા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવડી જ એની પર્યાયની પૂર્ણતાનો સ્વભાવ છે. એને જ એકલાને ન જાણે તો એણે આત્માને જાણ્યો નથી. આત્માને જાણ્યો નથી તો સર્વને જાણતો નથી.

'**હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...**' ઓલાની સાથે મેળવ્યું ૪૮ સાથે. '**સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...**' એટલે શું કીધું? આ લોકાલોક છ દ્રવ્ય આદિ છે એનું જ્ઞાન-સર્વનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન. કારણ કે એવડો તો જ્ઞાનનો પર્યાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનના એક સમયના પર્યાયનું સામર્થ્ય એટલું છે કે સર્વનું જ્ઞાન એટલે પર્યાયનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન. સર્વનું જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન એટલે સર્વનું જ્ઞાન. આહા..હા..! આવો મોટો પરમાત્મા પોતે એની સન્મુખ ન જોતા પરસન્મુખ જોવાની જે ક્રિયા એ રખડવાની ક્રિયા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ માટે આવો આત્મા જ્ઞાનતત્ત્વવાળો છે એનું આખું અધ્યયન લીધું જુઓ! ૯૨ ગાથા સુધી. જુઓ! પહેલેથી ૯૨ સુધી.

**'સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...'** એટલે જ્ઞાનનું પરિપૂર્ણ રૂપ જ ત્યારે પૂરું થાય છે. સર્વને જાણે એવો જ્ઞાનરૂપ પરિણમે ત્યારે એનું રૂપ જ સ્વરૂપનું પૂરું થાય છે. એથી સર્વનું જ્ઞાન તે જ આત્માનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન તે સર્વનું જ્ઞાન. આત્માનું જ્ઞાન થયું એને પર્યાયમાં બધું જ્ઞાન આવી ગયું. માટે સર્વનું જ્ઞાન એમાં થાય છે. સમજાણું કાંઈ? **'આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે...'** ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપને લીધે, જ્ઞાનભાવને લીધે **'સ્વસંચેતક હોવાથી,...'** સ્વ નામ પોતાને જાણતો હોવાથી. કહો, સમજાણું કાંઈ? **'સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં...'** આત્મા જ્ઞાનપણાને લીધે સ્વસંચેતક—પોતાને ચેતનારો હોવાથી **'જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં...'** આત્મા અને જ્ઞેય બે જુદી તદ્દન ચીજ હોવા છતાં **'જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી...' 'પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે...'** જ્ઞાન અને પ્રતિભાસ થવા યોગ્ય વસ્તુ, એનું **'પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન...'** છે. જ્ઞાતાપણાનું જ્ઞાન અને જ્ઞેયપણાનું જ્ઞાન બે મિલન છે અંદરમાં. પોતાનું જ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન એક સમયની પર્યાયમાં બે એકમેક થઈ ગયું છે. વસ્તુ નહિ, વસ્તુ જુદી, પણ એ વસ્તુ સંબંધીનું જ્ઞાન જ્ઞેયનું અને આત્માનું બેય એક સમયની પર્યાયમાં પૂરું જ્ઞાન એકમેક થઈ ગયું છે. વસ્તુ અન્યત્વ હોવા છતાં વસ્તુ સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એક સમયમાં મિશ્ર છે. એક સમયમાં આખું જ્ઞાન છે. એને જ્ઞેયના જ્ઞાનને જ્ઞાનમાંથી જુદું પાડવું અશક્ય છે, બની શકતું નથી. સમજાણું કાંઈ?

**'(અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય, આત્માની-જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત...'** જ્ઞાન અને જ્ઞેય બે. **'આત્માની-જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત...'** કોણ? જ્ઞાન અને જ્ઞેય. **'એકમેકરૂપ હોવાને લીધે) તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી,...'** કહો, સમજાણું? જ્ઞાનની પર્યાયમાં નીચે (છદ્મસ્થમાં) પણ જુઓ તો 'આ ખાટું છે' એવું અહીં જ્ઞાન થયું એ જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન છે. એ જ્ઞાન અને જ્ઞેય સંબંધીનું જ્ઞાન બે જુદા કેમ પાડે? એ તો પોતાની અવસ્થા છે. સમજાણું કાંઈ? આ ખાટું છે, આ ગળ્યું છે એવું જે જ્ઞેય, એવું જ્ઞેયસંબંધીનું અહીં જ્ઞાન કે 'આ ગળ્યું છે' એવું જ્ઞાન અને પોતાનું જ્ઞાન, એ જ્ઞાન અને જ્ઞેયની અવસ્થા તો જ્ઞાનમાં થઈ એ બે જુદા પાડી શકાય નહિ. જ્ઞેયના જ્ઞાનને અને જ્ઞાનના જ્ઞાનને કાંઈ જુદા પાડી શકાય નહિ. એ તો બે એક જ વસ્તુ છે. સમજાય છે કાંઈ? આ ગળ્યું છે એવું જે જ્ઞાન એ તો જ્ઞાનની અવસ્થા થઈ. એમાં જે ગળ્યું છે એવું જે જ્ઞાન જ્ઞેય સંબંધીનું જુદું પાડી શકાય? એમ આ લોકાલોક છે એવું જે જ્ઞાન, લોકાલોક છે એવું જે જ્ઞાન એ જ્ઞાનની અવસ્થા થઈ, એ અવસ્થામાંથી લોકાલોકનું જ્ઞાન જુદું પાડી શકાય? લોકાલોક જુદા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે જુદી છે વસ્તુ. પણ એ સંબંધીનું જ્ઞાન જુદું પડતું નથી. વસ્તુ જુદી છે. દાખલો આપ્યો કે નહિ નીચે? કહો, ભીખાભાઈ! આ હીરાભાઈ છે એવું જ્ઞાન આવે અંદરમાં કહે છે. હીરાભાઈ ન આવે અંદર. એ તો અનેરું છે. શું ન આવે? એમ હીરાભાઈનો દાખલો આપ્યો. તમારો ન આપ્યો. એને એકનો એક છે. અને એની સ્થિતિથી પાછી વધારે સ્થિતિ જોઈએ ને, પૈસાની, આબરૂની. છોકરાએ વધારી ને એમ માનતા હશે, લોકો માને. અહીં કહે છે ભીખાભાઈ! એ પરસંબંધીનું જ્ઞાન એ જ્ઞાનની અવસ્થામાં જ્ઞાન થયું એ પરવસ્તુ અન્યત્વ નામ જુદી છે, છતાં તે સંબંધીનું જ્ઞાન એ જ્ઞાનની અવસ્થામાંથી કાઢી શી રીતે શકે? એ તો પોતાની દશા છે. આ શરીર છે, એક દાખલો શરીર. હવે શરીર છે એ તો ભિન્ન છે. પણ શરીર છે એવું જે જ્ઞાનમાં જ્ઞાન થયું (કે આ) શરીર છે, એવું જ્ઞાનની અવસ્થામાં જ્ઞાન થયું એ શરીર સંબંધી અવસ્થાનું પોતાનું જ્ઞાન, એને શી રીતે જુદું પાડે? શરીર જુદું છે. સમજાણું કાંઈ?

પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાન એટલે જ્ઞાન અને જ્ઞેય, એમ. '**પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે (અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય,...**' જુઓ! પ્રતિભાસનો અર્થ અને પ્રતિભાસ્યનો અર્થ જ્ઞેય. '**આત્માની-જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત-એકમેકરૂપ હોવાને લીધે)...**' એટલે કે આત્માનું જ્ઞાન અને એ જ્ઞેયનું જ્ઞાન બધું એક છે. મિશ્રિત શબ્દે એક છે, એમાં કાંઈ જુદું પાડી શકાય નહિ. '**તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી,...**' સમજાણું કાંઈ? આ ગળ્યું છે એવું જે જ્ઞાન થયું, એ જ્ઞાન થયું એ તો પોતાની અવસ્થામાં થયું છે ને. એ પોતાની અવસ્થામાં થયું અને પોતાની અવસ્થાથી થયું છે ને? કે ગળ્યાની અવસ્થામાં થયું છે કે ગળ્યાને લઈને અહીં થયું છે એ? સાકર ગળી છે એવું જે જ્ઞાન. સાકર તો જડ છે. એ તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે. એ સંબંધીનું અહીં જ્ઞાન એ પોતાની જ્ઞાન અવસ્થામાં થયું. એ અવસ્થામાં સાકર નથી આવી. સાકર તો અંદર રહી ગઈ, પણ સાકર સંબંધીનું અહીં જ્ઞાન છે એ તો પોતાનું છે. એ જ્ઞેય સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન કાંઈ જુદું પડાય નહિ. અત્યંત એક છે. જુદું કોઈ રીતે પાડી શકાય નહિ. જાણે એકલો જ આત્મા છે જગતમાં એમ કહે છે અહીં. આહા..હા..!

મુમુક્ષુ :- આત્મા તો એકલો જ હોય ને?

ઉત્તર :- એકલો એટલે? એકલા જ પોતે છે, બીજું નહિ. જ્ઞાનની અવસ્થામાં આત્મા પૂર્ણ જણાણો અને લોકાલોક જણાણા એ તો એક જ્ઞાનની અવસ્થા પૂરતી ચીજ જ થઈ. વજુભાઈ! એક જ છે એમ કીધું. અહીં તો પર્યાયમાં એકરૂપ થઈ ગયો એમ કહે છે. સમજાણું કાંઈ? એક જ પર્યાયનું અસ્તિત્વ, જ્ઞાનની એક સમયની પર્યાયનું અસ્તિત્વ, એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એનું પણ જ્ઞાન થયું, લોકાલોકનું (જ્ઞાન થયું) એટલે એક જ સમયની અવસ્થાએ પૂરું થયું. વસ્તુ એટલી રહી અને એક જ છે. એ હિસાબે બધું જુદું છે. જુદું જુદામાં ભલે

હો, પણ આમાં બધું આવી ગયું છે. આહા..હા..! સમજાણું કે નહિ? શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના માટે તો કહેવાય છે આ. આ નીકળવા માટે તો છે.

પહેલો પક્ષ તો કરે પાક્કો કે આ એક ચીજ છે આત્મા અને તેનું જ્ઞાન. આ જ્ઞાનતત્ત્વની વ્યાખ્યા છે ને. એનું જ્ઞાનનું તત્ત્વ નામ ભાવ-સ્વભાવ કેટલો છે? એનો એક ગુણ જ્ઞાન પરમભાવ જ્ઞાન એના પર્યાયનું એક સમયનું સામર્થ્ય કેટલું છે? કે જાણે એક જ પર્યાય પૂર્ણ હોય અને વસ્તુ એટલી જ હોય, બીજી બધીનું જ્ઞાન અને આનું જ્ઞાન આવી જાય તો એક સમયની પર્યાયમાં લોકાલોક અને જગતની ચીજ છે. વજુભાઈ! સમજાણું કાંઈ આમાં? ઓલા તો વળી બધા આત્મા એક છે અને બધું એક કહે છે એ તો એક કોર રહી ગયું. અહીં તો એક સમયની પર્યાય જ પૂરી થઈ ગઈ. બસ થઈ રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે. જ્ઞાનસ્વભાવ છે જેનો ત્રિકાળ ચૈતન્યસૂર્ય છે, એ તો ચૈતન્યસૂર્ય છે, એવી એની જે પ્રગટ દશા જેટલી છે તેટલી પૂરી, એ પૂરીમાં લોકાલોકનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એક સમયમાં આવી જાય છે. હવે લોકાલોકનું જ્ઞાન અને આ જ્ઞાન બે જુદા છે કોઈ અંદર? એ તો વસ્તુ જ્ઞાનની પર્યાય એક જ છે. આહા..હા..! આવડો એક આત્મા, એક સમયની પર્યાયમાં આવડો આત્મા, એવી એવી અનંતી પર્યાયનો એક ગુણ અને એવા અનંત ગુણનો (એકરૂપ) આત્મા છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? એવા આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એનું નામ મોક્ષના માર્ગની શરૂઆત ત્યાંથી થાય છે. એ સુખી થવાનો રસ્તો અને દુઃખને ટાળવાનો ઉપાય છે. સમજાણું કાંઈ?

એની જ્ઞાનની ક્રિયા જ સુખનો ઉપાય છે. રાગની ક્રિયા, રાગ તો જ્ઞેયમાં જાય છે. જે રાગથી લાભ માને છે એ તો રાગ તો જ્ઞેય છે, તો જ્ઞેય અને જ્ઞાન એક થઈ જાય. આ તો અન્યત્વ હોવા છતાં રાગ અને વસ્તુસ્થિતિ જગતની અન્ય હોવા છતાં... અજ્ઞાનીને રાગ અને મિથ્યાત્વ છે કે નહિ? એ જ્ઞેયમાં જાય છે કે નહિ? એ જ્ઞાનમાં આવે છે કે નહિ? અજ્ઞાની એવો આત્મા નિગોદનો કે ગૃહીત મિથ્યાત્વ એવા મિથ્યાત્વભાવનું જ્ઞાનમાં જ્ઞેયપણું આવે છે કે નહિ? સમજાણું? એ જ્ઞાન તે જ્ઞેય સંબંધીનું જ્ઞાન કરે, પણ ગૃહીત મિથ્યાત્વમાં તે જ્ઞાનની પર્યાય એકમેક ન થાય. છતાં તે સંબંધીનું જ્ઞાન અહીંથી જુદું પાડવું અશક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, તારી નજરું ત્યાં જાય. એક સમયની પર્યાય પણ આવડી છે કે જેમાં તારું અલ્પજ્ઞપણું પણ રહે નહિ અને પૂરા જગતના ત્રણ કાળ ત્રણ લોક જણાયા વિના રહે નહિ. એવડી એક સમયની પર્યાય, બસ એમાંથી આત્માનું જ્ઞાન અને એનું જ્ઞાન બે જુદાં (પાડી શકાય નહિ). કારણ કે વસ્તુ એક જ છે એ. સર્વજ્ઞપર્યાય, આત્મજ્ઞપર્યાય એક જ છે. જાણે એક જ પર્યાય અદ્વૈતરૂપે જગતમાં હો

અને બીજું કાંઈ એની અપેક્ષાએ નથી. કહો, એની અપેક્ષાએ લોકાલોક પણ નથી અને એક સમયની પર્યાયની અપેક્ષાએ પોતાના દ્રવ્ય-ગુણ ત્રિકાળ એ પણ નથી. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજું દ્રવ્ય નથી કહે છે. એક સમયની પર્યાય જ બસ છે. આહા..હા..! એ પર્યાય દ્રવ્યરૂપે થતી નથી. પણ દ્રવ્યનું જ્ઞાન, જેવું દ્રવ્ય છે તેનું જ્ઞાન પર્યાય કરે છે. પોતાનું દ્રવ્ય અને પોતાના અનંતા ગુણો એ સંબંધીની જ્ઞાનની પર્યાય જ્ઞાન કરે છે, એ જ્ઞાનના જ્ઞેય બે પ્રકારે થઈ ગયા—એક પરજ્ઞેય અને એક સ્વદ્રવ્ય-ગુણ અને પોતાની પર્યાય, એવી અનંતી પર્યાય અને પોતાની પણ જ્ઞાનની પર્યાય, એ બધા જ્ઞેયમાં જાય છે. તો એ એક જ પર્યાય જ્ઞાનનો પોતાના અનંત ગુણ અને દ્રવ્ય તેને જાણે છે, પોતાની અનંતી પર્યાયને જાણે છે, લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય એને એક સમયની પર્યાય જાણે છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- પર્યાયનું સામર્થ્ય તો ગજબનું છે!

ઉત્તર :- પર્યાયના સામર્થ્યથી અનંતગુણા પર્યાય છે એનું સામર્થ્ય તો ત્યાં છે. અહીં તો જ્ઞાન એનું આવ્યું એટલી વાત છે. એનું અહીં જ્ઞાન આવ્યું છે એમ. એ વસ્તુ આમાં આવી નથી. સમજાણું કાંઈ? એવી એવી અનંતી પર્યાયોનો પિંડ છે ગુણ, તો વસ્તુ ત્યાં ગઈ. અને એવી અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય છે. સામર્થ્ય તો ત્યાં છે. પણ અહીં અસ્તિત્વમાં સિદ્ધ કરવું છે. જ્ઞાનતત્ત્વ છે ને અહીંયાં? એ જ્ઞાનનો એક સમયનો પર્યાય આનું ને આનું પૂરું જાણે એટલું એનું સત્ત્વ છે. આહા..હા..! એથી ત્રણ કાળ અને ત્રણ લોકથી પણ જો બીજું અનંતગણું હોત તોપણ એક સમયમાં કોળિયો થઈ જાત એટલી જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. આહા..હા..! હવે આને તો આટલા મકાન જોઈએ, આટલા પૈસા જોઈએ. એટલા શું કરવા જોઈએ? લોકાલોક જોઈએ અને આખા દ્રવ્ય-ગુણ જોઈએ (જ્ઞાનમાં) એમ લે ને. જ્ઞાનચંદજી! ત્રણ કાળ, ત્રણ લોક ને દ્રવ્ય ને ગુણ બધું જોઈએ મારી જ્ઞાનની પર્યાયમાં, એમ કહે ને. એ સંબંધીનું જ્ઞાન કરે છે બીજું શું? પોતાનું કરે છે કોઈ? પોતામાં આવી જાય છે કોઈ? અને પોતાનો થઈ જાય છે એ? જ્ઞાનપર્યાયનો પર થઈ જાય છે? જ્ઞાનપર્યાય પરની થઈ જાય છે? અને પર અહીં જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે? અન્યત્વ છે એમ કહે છે. ઓહોહો..!

આવો ભગવાન ઈશ્વરસંપદા રાખનારો. એક પર્યાયમાં આટલી ઈશ્વરસંપદા રાખનારો. કર્તા કોનો? કરે કોણ? જેટલા છે તેને જાણે એવી સંપદા રાખનારો છે. આહા..હા..! આવો આત્મા જેની દૃષ્ટિમાં આવે, આવી પર્યાયના સામર્થ્યવાળો, એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ઝુક્યા વિના રહે નહિ. ઓહો..હો..! આવું સામર્થ્ય પર્યાયનું. એ પર્યાયનો ધણી પ્રજા પર્યાયવાન કેવડો? સમજાય છે કાંઈ? એવું દ્રવ્ય ચૈતન્ય ભગવાન જેની ખાણમાં લોકાલોક તો એક પર્યાય જાણે, એવા અનંતા લોકાલોક હોય તોપણ એ પર્યાય જાણે, એવી અનંતી પર્યાયનો

એક ગુણ છે. અને એક એક ગુણમાં એથી અનંતગુણી શક્તિ છે અને એવા અનંત ગુણની શક્તિના સામર્થ્યરૂપ પરમેશ્વર પોતે આત્મા છે. એવા આત્માની દૃષ્ટિ કરવી અને એના સન્મુખ થઈને અનુભવ કરવો એ જીવનું મનુષ્યપણામાં આવીને કર્તવ્ય છે. કરવાનું આ છે. (પોતાનું) કરવાનું રહી જાય અને કોકનું કરવા જાય ત્યાં અભિમાનમાં રખડી મરે. સમજાણું કાંઈ? કરી શકતો નથી કાંઈ અને જાણ્યા વિના રહેતો નથી કાંઈ. કરી શકતો નથી પોતા સિવાય પરનું કાંઈ અને પરને પોતાનું જાણ્યા વિના રહેતો નથી કાંઈ. એને બાકી જાણવાનું રહે એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આવો આત્મા છે એવું એણે સાંભળ્યું નથી કોઈ દિ'. શ્રુત પરિચિત અનુભૂતા. સમજાણું? પરથી પૃથક્, પોતાના સ્વભાવથી એકત્વ એવી જે પર્યાયનું આવડું સામર્થ્ય! ઓહો..હો..! એની દૃષ્ટિ અંતરમાં જાય અને સમ્યગ્દર્શન થાય. જન્મ-મરણ છૂટી ગયા, જ્ઞેય થઈ ગયા. કાંઈક થોડોક એકાદ-બે ભવ હોય તો એ જ્ઞાનનું જ્ઞેય થયું અને એ જ્ઞેય સંબંધીનું જ્ઞાન અહીં રહ્યું. એ ભિન્ન રહી ગયા. ભવ અને રાગ ભિન્ન રહી ગયા. આ જ્ઞાનની પર્યાયમાં એ સંબંધીનું જ્ઞાન આવે, પણ એ જ્ઞાનથી એ ચીજ રાગ અને ભવ ભિન્ન રહી જાય. સમજાણું કાંઈ? એવો જ્ઞાનનો સ્વભાવ એને અહીંયા જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન સ્થાપે છે. ઓહો..! આચાર્યોએ જંગલમાં રહીને મોટી કરુણા જગતની કરીને, પ્રાણી દુઃખી દેખીને જેમ કરુણા દયાવંતને આવે છે ને, એમ આ કરુણાનો વિકલ્પ ઊઠ્યો છે. જન્મ-મરણની ખાડમાં અરે..! ખૂંચતા જીવો! તમને ઉદ્ધારનો માર્ગ આ છે અને તે તારી પાસે છે. તું જ તેના ઉદ્ધારનું સાધન છો. આવડી શક્તિ છે. આહા..હા..! રાગ તો ક્યાં ગયા? નિમિત્ત ક્યાં ગયા? વ્યવહાર તો ક્યાં ગયા? સમજાણું કાંઈ? ઉત્તમચંદભાઈ!

**'તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી, બધુંય જાણે કે આત્મામાં નિખાત (પેસી ગયું) હોય...'** દેખો! બધું જાણે કે આત્મામાં... ઓલી પર્યાયને આત્મા ગણીને લેવું છે ને અહીંયા? **'આત્મામાં નિખાત...'** આત્મામાં જેને નિખાત... છે ને નિખાત? **'ખોદીને અંદર ઊંડું ઊતરી ગયેલું;...'** લોકાલોક જાણે જ્ઞાનની પર્યાયમાં ઊંડા વયા ગયા હોય.

મુમુક્ષુ :- લોકાલોકનું જ્ઞાન.

ઉત્તર :- એ લોકાલોકનું જ્ઞાન. એ લોકાલોકનું જ્ઞાન એ લોકાલોક છે ને. અહીં તો લોકાલોક એ છે. ઓલા લોક તો એની પાસે રહ્યા. એવા લોકાલોકનું જે જ્ઞાન-જ્ઞેયનું જ્ઞાન, જ્ઞેય જાણે એમ કીધું ને? એ રીતે ભિન્ન કરવા (અશક્ય) હોવાથી. **'બધુંય જાણે કે આત્મામાં નિખાત (પેસી ગયું) હોય...'** એમ. બધું એટલે? જ્ઞેય અને જ્ઞાન. બધું જ્ઞાનમાં ઊંડું ઊંડું પેસી ગયું. આહા..હા..! **'એ રીતે પ્રતિભાસે છે—જણાય છે. (આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે—અનુભવે છે—જાણે છે;...'** માથે આવ્યું હતું ને 'સંચેતક

હોવાથી.' '**અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો—જાણે કે તેઓ આત્મામાં સ્થિત હોય એ રીતે—જણાય છે,...**' જ્ઞાનની પર્યાય તરીકે.

'**કારણ કે જ્ઞાનની અવસ્થામાંથી જ્ઞેયાકારોને ભિન્ન કરવા અશક્ય છે.)**' ભગવાન આત્માની દશામાંથી જ્ઞેયોની અવસ્થાનું જ્ઞાન જુદું પાડવું અશક્ય એટલે હોઈ શકે નહિ. '**જો આમ ન હોય તો (અર્થાત્ જો આત્મા સર્વને ન જાણે તો) જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ થવાથી...**' તો જ્ઞાનને જ પોતાની દશાના પરિપૂર્ણનો અનુભવ નહિ હોવાથી. આમ હોવાથી જ્ઞાનને પરિપૂર્ણ આત્માના અનુભવનો અભાવ હોવાથી '**પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.**' પોતાના આત્માની પર્યાયમાં પૂર્ણ જાણે છે એવો સંચેતન સ્વભાવ છે, એવું જો એ ન થાય તો તેને આત્માનું જ્ઞાન પણ યથાર્થ છે નહિ. '**આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.**' આત્માનું જ્ઞાન પણ સિદ્ધ ન થાય લ્યો! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

એક ફેરી લાલન કહે, મારે ઓસામણ વિના ચાલે નહિ. ઓસામણ હોય છે ને ઓસામણ? શું? ઊનું ઊનું ઓસામણ. ઓલા ચોખા હોય અને એમાં દાળ હોય લચકો. ઓસામણ ઊનું ઊનું હોય ને. એટલે ચૂલામાં નીચે અગ્નિ હોય ને મોઢા આગળ. એમાં નાખી રાખે. ધગ-ધગ-ધગ. ઓસામણ વિના ચાલે નહિ. આપણે સિદ્ધ થઈએ, પણ ઓસામણ મળે તો ત્યાં સિદ્ધ થાવું છે. ત્યાં તો જોયું તો ઓહો..! ઓસામણ શું, આ તો જ્ઞાનમાં આખા લોકાલોક આવે છે આ તો. ઓસામણ તો ક્યાંય રહી ગયું. અહીં શું આવે છે? અહીં ઓસામણ આવી જાય છે અંદર? એ સંબંધીનું જ્ઞાન પોતાને થાય છે. માને છે કે હું ઓસામણને અડું છું અને ખાઉં છું. એ તો એની માન્યતા ભ્રમ છે.

મુમુક્ષુ :- બધો ભ્રમ?

ઉત્તર :- ભ્રમ તે કેવો ભ્રમ? ભગવાન (આત્મા)ને ભૂલીને ભ્રમ. ઓસામણને ખાય છે અહીં? ઓસામણ તો જડ છે, માટી, ધૂળ છે. શરીરને ભોગવે છે આ? આ તો માટી છે જડ. આ રૂપી છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી છે એને ભોગવે આત્મા? જ્ઞાનની પર્યાયમાં એ જણાય છે કે આ છે. એ જાણતા એને એમ થઈ જાય છે કે હું આને ભોગવું છું. એવો મિથ્યા ભાવ ઊભો કરી, જે નથી ભોગવતો એને ભોગવું છું એમ માને છે.

મુમુક્ષુ :- અસદ્‌ભુત વ્યવહારને...

ઉત્તર :- અસદ્‌ભુતનો અર્થ? જૂઠા બોલે બોલાય છે કે એને ભોગવે છે. જૂઠાબોલા જૂઠું બોલે છે કે એને ભોગવાય છે. અસદ્‌ભુત વ્યવહારનયનો અર્થ, એ જૂઠા ટાણે જૂઠું બોલવું. જૂઠી રીતે કહેવું કે આને ભોગવાય છે. એટલે સાચી રીતે ભોગવતો નથી. બસ એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? ચુરમાના લાડવા, કળીના લાડવા કે તેલ ને પૂરીને આત્મા ખાઈ શકે છે? એને અડી શકે છે? ત્રણ કાળમાં અડી શકે છે કોઈ દિ' ક્યાંય? ક્યાંય કોઈ

કાળે, કોઈ ક્ષેત્રે, કોઈ અવસ્થામાં, બહુ મૂર્છા આવી હોય પરમાં તોપણ તેને અડી શકે છે? એ સંબંધીનું જ્ઞાન કરી શકે છે અને તે વખતે એ સંબંધીનું જ્ઞાન જ થાય છે. પણ જ્ઞાન થવા ઉપરાંત એને મનાઈ જાય છે, એ.. આ મને અડી ગયું, આ હું એને અડ્યો અને આ મને ભોગવાય છે. એવી ભ્રમણા એને લાગુ પડી છે. એ ભ્રમણા તેને ચોર્યાસીના અવતારમાં રખડાવે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- ૪૮ અને ૪૯મી ગાથામાં એમ દર્શાવ્યું છે કે જે સર્વને જાણતો નથી તે પોતાને જાણતો નથી,...'** એ ૪૮માં આવ્યું. **'જે સર્વને જાણતો નથી તે પોતાને જાણતો નથી,...'** એટલે કે પર્યાયની પરિપૂર્ણતા તેટલી જ છે કે સર્વને જાણવું. એવી જ પર્યાયની પરિપૂર્ણતા છે. **'જે સર્વને જાણતો નથી તે પોતાને જાણતો નથી, અને જે પોતાને જાણતો નથી...'** પોતાની પર્યાયની પરિપૂર્ણતાને જાણતો નથી તે સર્વને જાણતો નથી. **'પોતાનું જ્ઞાન અને સર્વનું જ્ઞાન એકીસાથે જ હોય છે.'** લ્યો! પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન એક સમયમાં એકસાથે હોય છે. પરિપૂર્ણની અપેક્ષાએ વાત છે ત્યાં. **'પોતે અને સર્વે—એ બેમાંથી એકનું જ્ઞાન હોય અને બીજાનું ન હોય એ અસંભવિત છે.'** પોતાના આત્માની પર્યાયનું જ્ઞાન હોય અને પરનું ન હોય, પરનું હોય અને પર સંબંધીની પોતાની પર્યાયનું પૂર્ણનું ન હોય એમ બનતું નથી. કહો, ન્યાય સમજાય છે આમાં? હવે આવો ધર્મ કઈ જાતનો? આહા..હા..!

દયા પાળવી, વ્રત પાળવા, વસ્તુ છોડો... છોડો... છોડો. ક્યાં ગરી ગઈ હતી તે છોડો? તારા જાણવામાં આવી હતી એ જાણવાનું જ્ઞાન પણ ક્યાં છોડવું છે? એ તો અંદરમાં તારી જ્ઞાનની પર્યાય છે. સમજાણું કાંઈ? 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' આવું સ્વરૂપ છે. તને તારા જ્ઞાનની કળાની માહાત્મ્યની ખબર નથી કે જે જ્ઞાનની કળામાં પરિપૂર્ણતા ત્યારે તેની કહેવાય કે જે લોકાલોકને જાણીને પોતાના પર્યાયપણે પરિણમે. ત્યારે તે સર્વને જાણે તે આત્માને જાણે. કારણ કે સર્વનું જ્ઞાન તે પોતાની પર્યાયનું જ્ઞાન છે અને પોતાની પર્યાયનું પૂર્ણ જ્ઞાન તે પોતાને જાણે એ સર્વને જાણે. એ તો બધું એકમેક છે. આહા..હા..! એક જ્ઞાનતત્ત્વમાં આટલી વાત સંતોએ જંગલમાં રહીને ક્ષયોપશમ જ્ઞાનમાં આવ્યું, વાણી વાણીને કાળે પરિણમી ગઈ. વિકલ્પ હતો એનું પણ જ્ઞાન છે ત્યાં. વાણી નીકળી એનું પણ ત્યાં જ્ઞાન છે એ સંબંધીનું. એ જ્ઞાનની પર્યાયને અમે જ્ઞાનમાંથી કેમ જુદી પાડીએ? વિકલ્પ સંબંધીનું જ્ઞાન અને વાણી સંબંધીનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન એ મિશ્રિતરૂપ જ્ઞાનની અવસ્થામાં આનું જ્ઞાન કેમ જુદું પડે? એ કાળે એ જ હોય. એ કાળે એ જ વિકલ્પ એ કાળે એ જ વાણીની પર્યાય હોય. એ જ્ઞેય ભિન્ન હોવા છતાં એ સંબંધી જ્ઞાનપર્યાય અને પોતા સંબંધીની જ્ઞાન પર્યાયને જુદી કેમ પડાય? અને એમ કેમ ના પડાય કે આ નથી? એનામાં આ નથી, એનામાં એ નથી એમ કેમ કહેવાય? કે એ છે એ સંબંધીનું જ્ઞાન અહીં

પોતામાં આવ્યું છે પોતામાં. અહીં છે તો ત્યાં છે, તે છે તો ત્યાં છે. સૌને કારણે સૌ છે. સમજાણું કાંઈ?

**'પોતે અને સર્વ—એ બેમાંથી એકનું જ્ઞાન હોય અને બીજાનું ન હોય એ અસંભવિત છે.' 'આ કથન એકદેશ જ્ઞાનની અપેક્ષાથી નથી, પરંતુ પૂર્ણ જ્ઞાનની (કેવળજ્ઞાનની) અપેક્ષાથી છે.'** પૂર્ણ જ્ઞાન કહેવું છે ને અહીંયા.

**'હવે ક્રમે પ્રવર્તતા જ્ઞાનનું સર્વગતપણું સિદ્ધ થતું નથી...'** શું કહે છે? જે જ્ઞાન ક્રમે ક્રમે પ્રવર્તે અને ક્રમે ક્રમે જ્ઞેયને જાણે, તે જ્ઞાન પરિપૂર્ણ સર્વજ્ઞજ્ઞાન હોઈ શકે નહિ. સર્વગત નામ સર્વજ્ઞજ્ઞાન, સર્વજ્ઞાન હોઈ શકે નહિ. એ ૫૦મી ગાથા.

उप्पज्जदि जदि णाणं कमसो अट्ठे पडुच्च णाणिस्स।
तं णेव हवदि णिच्चं ण खाइगं णेव सव्वगदं।।५०।।

ઓહો..હો..! એક જ્ઞાનતત્ત્વના સત્ત્વના સામર્થ્યની સિદ્ધિ કરવા કેટલા ન્યાય દ્વારા સિદ્ધિ કરે છે!

**જો જ્ઞાન 'જ્ઞાની'નું ઊપજે ક્રમશઃ અરથ અવલંબીને,**
**તો નિત્ય નહિ, ક્ષાયિક નહિ ને સર્વગત નહિ જ્ઞાન એ. ૫૦.**

સર્વગત-સર્વજ્ઞ જ્ઞાન જ નહિ એ.

**'અન્વયાર્થ :- જો આત્માનું જ્ઞાન ક્રમશઃ પદાર્થોને અવલંબીને થતું હોય...'** ક્રમે ક્રમે થાય અને પદાર્થને અવલંબીને (થાય). એક સાથે થાય તો બધા પદાર્થ એક સાથે અવલંબન નિમિત્ત કહેવાય, પણ ક્રમે ક્રમે થાય તો ક્રમે ક્રમે પદાર્થનું નિમિત્તનું અવલંબન છે. એવું જે જ્ઞાન હોય તો તે નિત્યજ્ઞાન નથી. ક્રમે ક્રમે જ્ઞાન થયું એ નિત્ય નથી અને પદાર્થને અવલંબે છે માટે તે પદાર્થનું નિત્યપણું અહીં આવ્યું નથી. અને જ્ઞાન જ નિત્ય ન થયું. ક્રમે ક્રમે જ્ઞાન થયું એ નિત્ય ક્યાં રહ્યું? અને એ ક્ષાયિક નથી. ક્ષાયિક જ્ઞાનમાં તો એક સાથે બધા પદાર્થનું અવલંબન એક સાથે હોય. અવલંબન એટલે નિમિત્ત. સમજાણું કાંઈ? અહીં તો અમુક પદાર્થને જ્ઞાન જાણે, વળી એ પદાર્થ છોડીને જ્ઞાનની પર્યાય ક્રમે બીજાને જાણે, આ તે જ્ઞાનની દશા? કહે છે. અને તે સર્વગત નથી. જે જ્ઞાનની દશા ક્રમે ક્રમે જાણે અને પદાર્થનું અવલંબન લે એ જ્ઞાન નિત્ય નથી, ક્ષાયિક નથી, સર્વજ્ઞ નથી. ક્ષયોપશમિક છે, અપૂર્ણ છે અને સર્વજ્ઞપણાનો એમાં અભાવ છે. માટે ક્રમિક જ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન છે નહિ, કેવળજ્ઞાન નથી એમ કહે છે

એની **'ટીકા :- જે જ્ઞાન ક્રમશઃ...'** ક્રમે ક્રમે ઊપજે **'એક એક પદાર્થને અવલંબીને પ્રવર્તે છે...'** દેખો! એક પદાર્થ જાણ્યો પહેલો, પછી છૂટીને બીજો જાણે. કારણ કે અહીં ક્રમે જ્ઞાન થાય એટલે પદાર્થ પણ ક્રમે ક્રમે બીજો બીજો આવે. **'તે (જ્ઞાન) એક પદાર્થના અવલંબન દ્વારા ઉત્પન્ન થઈને...'** એક પદાર્થના નિમિત્ત દ્વારા ઉત્પન્ન થઈને **'બીજા પદાર્થના**

**અવલંબન દ્વારા નષ્ટ થતું હોવાથી...'** બીજો પદાર્થ જાણે ત્યારે પહેલા પદાર્થનું જ્ઞાન નષ્ટ થઈ જાય. બીજા પદાર્થનું જ્ઞાન આવે. '**નિત્ય નહિ હોતું...**' એ જ્ઞાન નિત્ય નહિ. એક પદાર્થને અવલંબીને ક્રમે જાણ્યું, બીજે ક્ષણે તે જ્ઞાન ગયું અને બીજા પદાર્થને અવલંબ્યુ. એ જ્ઞાન નિત્ય નહિ.

'**તથા કર્મોદયને લીધે એક વ્યક્તિને પામી...**' કર્મોદયના નિમિત્તને લઈને. એક વ્યક્તિ એટલે જ્ઞાનની પર્યાયની પ્રગટતા. જ્ઞાનની પર્યાયની પ્રગટતા. એક પ્રગટ પર્યાયને પામી '**પછી અન્ય વ્યક્તિને પામતું...**' એ બીજી પર્યાયની પ્રગટતાને પામતું '**હોવાથી ક્ષાયિક પણ નહિ હોતું,...**' જ્ઞાન ક્ષાયિક નથી. પદાર્થને અવલંબતા ક્રમે ક્રમે અને તે નિત્ય નથી અને ક્ષાયિક નથી. કારણ કે પદાર્થમાં એકને અવલંબીને એ પર્યાય નાશ થઈ એમ બીજાને અવલંબીને નવી થઈ, એ જ્ઞાન ક્ષાયિક છે નહિ. '**ક્ષાયિક પણ નહિ હોતું,...**' ઓહો..હો..! પ્રવચનસાર ભારે. હજી તો ૯૨ ગાથા લેશે હોં! આ તો હજી ૫૦મી ચાલે છે. એમાં માખણ-માખણ માલ ભર્યો છે. જ્ઞાનતત્ત્વનું માખણ છે ભાઈ! તારું સ્વરૂપ તો જાણવું તે જ છે. જાણવા સિવાય (એ કોઈનું કરે કાંઈ નહિ).

જ્ઞાનતત્ત્વ છે આ તો. જ્ઞાન, આત્માનું જ્ઞાન સત્ત્વ-સ્વભાવ છે. ચાહે સો રાગ હો, વિકાર હો, સુખ-દુ:ખની કલ્પના હો કે સંયોગ હો, ખરેખર તો તેને જાણવું તે જ એનું સ્વરૂપ છે. તે સ્વરૂપમાં પરમાં એકાકાર થવું એ કાંઈ તારું સ્વરૂપ નથી. એ જાત નથી. એ જાતને તેં ખોટી કરી નાખી. જાણવાની જાતને તેં પર સાથે મેળવીને જ્ઞેયનું જ્ઞાન અને તે સંબંધીમાં હું છું, એ સંબંધમાં હું છું, એ સંબંધના જ્ઞાનમાં હું છું એમ નહિ માનતા તે સંબંધમાં હું છું (એ) વિપરીત દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ક્ષાયિક નહિ એ જ્ઞાન, કહે છે.

ધર્મીને પોતાની દૃષ્ટિમાં અવલંબન છે દૃષ્ટિને દ્રવ્યનું, એથી એક પછી એક જાણતા છતાં દ્રવ્યને અવલંબીને જે જ્ઞાન થાય છે તે શુદ્ધ છે. સમજાણું કાંઈ? ભલે ક્રમે ક્રમે થાય પણ દ્રવ્યને અવલંબીને થાય છે. આવા દ્રવ્યનું અવલંબન નથી અને એકલા પરદ્રવ્યનું જ અવલંબન જેને છે એવું જે ક્રમિક જ્ઞાન નષ્ટ થઈ જાય છે. અહીં પણ જુઓને પરલક્ષી, દ્રવ્યના સ્વભાવ વિનાનું, ઈન્દ્રિયથી મળેલું અગિયાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન નષ્ટ થાય છે. ઈન્દ્રિયો છે ત્યાં સુધી નિમિત્ત પદાર્થનું વલંબન રહે છે. જ્યાં છૂટ્યું ધબો નમઃ. આ ઉઘાડ હતો ત્યાં ગયો. બીજાને અવલંબ્યું. બીજાને અવલંબીને નવી દશા ઉત્પન્ન થઈ. સમજાણું? રાજા, મહારાજા અહીં હોય મોટા અને હોય તત્ત્વનો વિરોધી. છેલ્લે સુધી એને ક્ષયોપશમ જ્ઞાન એટલો વિકાસ દેખાય. ઓહો..હો..! પણ જ્યાં દેહ છૂટ્યો પર્યાય વિનષ્ટ થઈ. એ જ્ઞાન પરાવલંબી પરસત્તાવલંબી ઈન્દ્રિયજ્ઞાન હતું, દ્રવ્યના અવલંબે પ્રગટેલું જ્ઞાન નહોતું, એ જ્ઞાન નષ્ટ થઈ જાય છે. એ નિગોદમાં ચાલ્યો જાય. ત્યાં જુઓ તો અક્ષરના અનંતમા ભાગે ઉઘાડ રહે છે. અહીં હોય મોટો બાદશાહ કહેવાતો હોય. સમજાણું કાંઈ? બેરિસ્ટર. બે હજારનો પગાર દિવસનો. કોર્ટને

જરી હલાવી નાખે જજને પણ. વિચારવામાં મૂકી દે. એવા જે જ્ઞાન, પણ એ તો ભ્રષ્ટ જ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન છે. એ જ્યાં દેહ છૂટ્યો, નિગોદની દશા. (ઇન્દ્રિયજ્ઞાન) નાશવાન જ્ઞાન છે. અવિનાશી જ્ઞાન ક્ષાયિક છે અને અવિનાશી વસ્તુને અવલંબીને જ્ઞાન (થયું) તે પણ નાશવાન નથી એમ કહે છે પાછું. ભગવાન અખંડાનંદ પ્રભુ એને અવલંબીને જે જ્ઞાન થાય એ જ્ઞાન નાશ નહિ થાય. સમજાણું કાંઈ?

આવું જે ક્ષાયિક નથી હોતું તે '**અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળવાને (-જાણવાને) અસમર્થ હોવાને લીધે સર્વગત નથી.**' સર્વને જાણનારું નથી. સમજાણું? વિચારપૂર્વક કરેલું જ્ઞાન એ તો ક્રમે ક્રમે કરેલું જ્ઞાન છે. લાવ હું વિચારી જોઉં કે આનું શું છે? એ તો જ્ઞાનની પહેલી અવસ્થા નાશ થઈ અને બીજી અવસ્થા પરદ્રવ્યને અવલંબે છે. કહે છે, એ તો બધું જ્ઞાન નાશવાન છે. એવું જ્ઞાન અનંત દ્રવ્ય... એક સાથે ન જાણતું જ્ઞાન એ અનંત દ્રવ્ય કેમ જાણે? અનંત દ્રવ્યને કેમ જાણે? અનંત ક્ષેત્ર. આહા..હા..! આકાશનો પાર નથી, એવા અપારને તે ક્ષાયિક જ્ઞાન સિવાય કોણ જાણે? આવું (અલ્પ)જ્ઞાન એને જાણી શકે નહિ. અનંત કાળ. જુઓ! અનંત દ્રવ્યો છે, અનંત ક્ષેત્ર છે, અનંત કાળ છે અનાદિ-અનંત.. આવું ક્રમે ક્રમે થતું જ્ઞાન અને પદાર્થને અવલંબીને થતું પહેલું જ્ઞાન નષ્ટ થઈને બીજા પદાર્થને અવલંબે એવું જ્ઞાન તે આવા અનંત કાળને જાણી શકતું નથી. અનંત ભાવ. એક એક દ્રવ્યના અનંત ગુણો, અનંતી પર્યાયો. પર્યાય સ્વકાળમાં જાય કાળના ભાવ, એને ન પહોંચી શકે. એક ક્ષણે ક્ષણે ક્રમે ક્રમે પદાર્થને અવલંબીને થતું જ્ઞાન, એ આવા ત્રણ કાળના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી ન શકે. નહિ '**પહોંચી વળવાને (-જાણવાને) અસમર્થ હોવાને લીધે...**' તે સર્વજ્ઞ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સર્વગત એટલે સર્વજ્ઞ. સર્વગત એટલે સર્વને જાણનારું, સર્વને જાણનારું.

'**ભાવાર્થ :- ક્રમે પ્રવર્તતું જ્ઞાન અનિત્ય છે,...**' ક્રમે ક્રમે બદલતું જ્ઞાન અનિત્ય છે. '**ક્ષાયોપશમિક છે;...**' આહા..હા..! અનિત્ય તો શરીર, વાણી, મન તો ક્યાંય (રહી) ગયા અનિત્ય. સમજાણું કાંઈ? ભાઈ! અનિત્ય છે આ બધા, શરીર, વાણી. અહીં તો ક્ષાયોપશમિક જ્ઞાન અનિત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્ષણિકમાં બદલાય, ઘડીકમાં બદલાઈ જાય. જુઓને અહીંના ભવમાં નથી થતું કેટલાકને? અકસ્માત થઈ જાય તો ભૂલી થઈ જાય છે લ્યો. .. વકીલ હતા, અમરેલી. વકીલ હોં! પણ એવો કોઈ અકસ્માત થઈ ગયો તો ફરીને ભણવું પડ્યું પાછું. અક્ષર પણ એકેય યાદ ન રહ્યો. આ ગુજરાતી બોલતા કાંઈ ન આવડે. ઓય માળા આ શું? પછી વળી થોડું થોડું શીખવા માંડ્યું પછી આવડ્યું. .. વકીલ. ભૂલી ગયા. ઇન્દ્રિયજ્ઞાન હતું પણ કાંઈક અકસ્માત થઈ ગયો તો થઈ રહ્યું, ખલાસ થઈ ગયું જાવ.

મુમુક્ષુ :- મણિભાઈને...

ઉત્તર :- મણિભાઈનું હું કહેવાનો હતો પણ થોડું થોડું છે. એ પણ ભૂલી ગયા. મણિભાઈ ભૂલી ગયા બધું. યાદ રહેતું નથી. એ જ્ઞાનની અવસ્થા ઇન્દ્રિયથી.. સમજાણું કાંઈ?

ઇન્દ્રિયથી થતું જ્ઞાન અહીં કેટલો કાળ રહે? આ બધી કળાઓ લૌકિકની, આ વકીલાતની, આ તેલની. જેઠાલાલભાઈ! આ કલેક્ટરની. એ કળાઓ બધી નાશવાન. આહા..હા..! ધબો નમઃ. ઇન્દ્રિયો છે ત્યાં સુધી એનો ક્ષયોપશમ એને લાગે. જ્યાં ગઈ ઇન્દ્રિય તો થઈ રહ્યું ખલાસ. નવેસરથી પાછું ત્યાં જઈને એકડા શીખવા. જો તે પંચેન્દ્રિયમાં આવ્યો હોય તો. મનુષ્યમાં કીધું ને, પંચેન્દ્રિયમાં આવ્યો હોય તો. નહિ તો થઈ રહ્યું. થઈ રહ્યું. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયમાં ગયો (તો) ખલાસ. આહા..હા..! અવતારના અંત આવી ગયા એના. અંત આવી ગયા ઊંધા એમ. આ અવતાર ક્યારે મળે પાછો? ઓહો..હો..! જો એ આવી આત્મદૃષ્ટિનો પક્ષ ન કર્યો પક્ષ. એનું લક્ષ કરીને પક્ષની દૃઢતા જો ન કરી, આ અવતાર થઈ જશે કહે છે. આહા..હા..!

**'જ્ઞાન અનિત્ય છે, ક્ષાયોપશમિક છે; એવા ક્રમિક જ્ઞાનવાળો પુરુષ સર્વજ્ઞ હોઈ શકે નહિ.'** જુઓ સર્વગત છે ને ઈ? તે સર્વજ્ઞ હોઈ શકે નહિ.

**'હવે યુગપદ્ પ્રવૃત્તિ વડે જ જ્ઞાનનું સર્વગતત્વ સિદ્ધ થાય છે...'** ક્રમ સામે હવે યુગપદ્ નાખ્યું. **'(અર્થાત્ અક્રમે પ્રવર્તતું જ્ઞાન જ સર્વગત હોઈ શકે) એમ નક્કી થાય છે :—'** લ્યો!

**तिक्कालणिच्चविसमं सयलं सव्वत्थसंभवं चित्तं।**

આમાં 'चित्तं' પછી નાખ્યું. ઓલામાં પહેલામાં 'चित्तं' પછી વિષમ આવ્યું હતું પહેલી ગાથામાં. પહેલું વિચિત્ર પછી વિષમ આવ્યું હતું.

**तिक्कालणिच्चविसमं सयलं सव्वत्थसंभवं चित्तं।**

ઓહો..હો..! જૈન પરમેશ્વરનું જ્ઞાન એમ કહે છે. જૈન જ્ઞાન. જ્ઞાનને જૈન લાગુ પાડ્યું. વીતરાગી જ્ઞાન.

**जुगवं जाणदि जोण्हं अहो हि णाणस्स माहप्पं।।५१।।**

એ પર્યાયનું માહાત્મ્ય દેખો તો ખરા. આહા..હા..! જેના કેવળજ્ઞાનની એક પર્યાયનું સર્વગતપણાનું માહાત્મ્ય કેટલું છે જુઓ તો ખરા! એક પર્યાયના આટલા ગાણા એવા દ્રવ્યની તો શું વાતું કરવી! આહા..હા..! આટલા ગાણા તો આના છે કે જે સદ્ભુત વ્યવહારનયનો વિષય છે કે જે પોતાને હોય નહિ અને બીજાને હોય એનો આશ્રય કરવા જાય તો લક્ષ થાય તો રાગ થાય. સમજાણું કાંઈ?

**નિત્યે વિષમ, વિધવિધ સકળ પદાર્થગણ સર્વત્રનો,**
**જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો! ૫૧.**

જિનજ્ઞાન એટલે તમારા જૈન જ જ્ઞાન પામે એમ હશે? એમ નથી અહીં. રાગ વિનાનું

જિનપણાનું જ્ઞાન વીતરાગી જ્ઞાન એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? રાગ અને ઇન્દ્રિય વિનાનું જ્ઞાન એવો ભગવાન આત્મા એવું એનું સ્વરૂપ જ છે. 'જિન સો હી હૈ આત્મા...' સમજાય છે? 'અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' જિન સો હી હૈ આત્મા. એ આત્મા જ જિન છે. એનું જ્ઞાન તે જિનજ્ઞાન-વીતરાગી જ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! જનમ શબ્દ નાખ્યો છે. જિનનું જ્ઞાન? તમારા વીતરાગીનું જ્ઞાન સાચું અને અમારું ખોટું? પણ એમ વસ્તુ નથી, સાંભળને! આત્મા જે છે એ જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન એ વીતરાગી જ્ઞાન છે. એમાં રાગ હોઈ શકે નહિ. વીતરાગી જ્ઞાન એટલે નિર્દોષ જ્ઞાન એટલે સર્વજ્ઞ જ્ઞાન.

**નિત્યે વિષમ, વિધવિધ સકળ પદાર્થગણ સર્વત્રનો,**
**જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો! ૫૧.**

અહીં તો અમેરિકા ભણવા જાય તો માન આપે, સમારંભ આપે, શું કહેવાય એ? સન્માન આપે.

મુમુક્ષુ :- પાર્ટી આપે.

ઉત્તર :- પાર્ટી કાઢે ને ઢીંકણું. હવે એ બધું બહુ ચાલ્યું છે. સુમનભાઈ! મુંબઈમાં બહુ ચાલે છે તમારે. બે જણા ભણવા ગયા. આવા બુદ્ધિવાળા હતા, આવા ગયા, અહીં પાસ થયા, ફલાણું થયું, ઢીંકણું થયું. મેળાવડો કરીને સમારંભ. ઓહો..હો..! તમારી પાસે અમે આશા મોટી રાખીએ છીએ, ભણીને આવશો. નાની ઉંમરમાં આવા થયા તો એમની પાસે દેશની સેવા આદિની મોટી આશા રાખીએ છીએ. હજી સેવા કરે બીજાની પાસે. ડોક્ટર-બોક્ટરનું ભણવા જાય લ્યોને અમેરિકા, કે આ સુમનભાઈ જેવા ભણવા (જાય). હમણા બે જણા કોક ગયા. ..માંથી કોક બે. કોક ગયા બે જણા. ફોટા, મોટા માન-સન્માન. અરે..! હોળી છે, ઝેર છે સાંભળને. એ જ્ઞાનમાં મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવનું જ્ઞાન ચાર ગતિમાં દુઃખદાયક છે. આહા..હા..!

મુમુક્ષુ :- અહીં તો સુખદાયક છે ને?

ઉત્તર :- અહીં દુઃખદાયક છે. ચાર ગતિમાં આ ગતિ નથી આવી? મનુષ્યપણું આવ્યું નહિ? આ મનુષ્યગતિ ચાર ગતિથી બહાર હશે? કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એનો '**અન્વયાર્થ :- ત્રણે કાળે સદાય વિષમ (અસમાન જાતિના)**...' અસમાન એટલે ચૈતન્ય અને અચેતન એમ. મૂર્ત અને અમૂર્ત આપણે પહેલું આવી ગયું. '**સર્વ ક્ષેત્રના અને અનેક પ્રકારના**...' અનેક પ્રકાર. એક નિગોદની પર્યાય, એક સિદ્ધની પર્યાય, એક પરમાણુની પર્યાય, એક ગુણની, અનંત ગુણની એવા અનેક પ્રકાર. વિષમ અને વિચિત્ર. વિષમમાં ચૈતન્ય અને અચેતન, મૂર્ત અને અમૂર્ત અને વિચિત્રતામાં એક સમયની પર્યાય નિગોદની અનંતગુણી હીણી અને સર્વજ્ઞની પર્યાય પૂર્ણ અનંત. એ બેયનું જે વિચિત્રપણું... કહો, સમજાણું

કાંઈ?

એ '**સમસ્ત પદાર્થોને જિનદેવનું જ્ઞાન...**' એટલે કે વીતરાગી જ્ઞાન એટલે કે રાગ વિના એકલી જ્ઞાનની વીતરાગી દશા થઈ તે '**યુગપદ્ જાણે છે.**' બધાને એક સાથે, વિચિત્ર અને વિષમ બધાને એક સાથે જાણે છે. '**અહો! એ જ્ઞાનનું માહાત્મ્ય!**' જુઓ! સમજાણું? અહીં તો એક બંગલો કરે પાંચ લાખનો, દસ લાખનો કારીગરી આનાથી, આનાથી આમ. જોઈ જોઈને રાજી થાય બધું. ઓહો..હો..! ભારે કર્યું હોં! ૪૦-૪૦ લાખના. ત્રણ કરોડનો બંગલો નથી ઓલાપણે? મૈસુર મૈસુર શું? મૈસુર. ત્રણ કરોડનો ખાલી પડ્યો છે. રાજા વયા ગયા. હવે સરકારને તાબે છે. જોવાનો રહ્યો જોવાનો. ત્રણ કરોડ. ત્રણ કરોડનો શું, અબજનો હોય દસ અબજનો. શું પણ ધૂળના ઢગલા મોટા. પણ ઓહો..! કારીગરી! આહા..હા..! શું છે પણ હવે? એ તો બધા જ્ઞેય છે. એના માહાત્મ્ય કે તારું માહાત્મ્ય? તારું જ્ઞાન આટલા અસંખ્ય પ્રદેશમાં હોવા છતાં મહાક્ષેત્રને જાણે તેનું માહાત્મ્ય ક્ષેત્રનું છે કે તારું? આહા..હા..!

અહીં તો .. આમ જાણે છે જે જ્ઞાનમાં એનું ક્ષેત્ર તો અસંખ્ય પ્રદેશે ભલે છે, લ્યો. સાડા ત્રણ હાથમાં છે. આ મોટું ક્ષેત્ર આમ જણાય છે. એ તો પોતાની જ્ઞાનપર્યાય જણાય છે. ક્યાંનો ક્યાં સુધી. ડુંગર ઉપર ચડતો હોય તો કેટલું દેખાય? એ તો જ્ઞાનની પર્યાય એવડી મોટી જાણવાની તાકાતવાળી છે. એને કાંઈ ક્ષેત્ર નાનું માટે ક્ષેત્ર ઝાઝું ન જાણી શકે, નાના ક્ષેત્રમાં માટે નાનું ક્ષેત્ર જાણે, મોટું ક્ષેત્ર ન જાણે (એમ નથી). એ પ્રત્યક્ષ દેખાય છે કે જાણે છે. અને નાનો કાળ એટલે એક સમયનો કાળ એમાં આ બધું ન જાણે એમ છે? એક સમયમાં બધું જાણે એવી તાકાત છે. આટલા ક્ષેત્રમાં બધા ક્ષેત્રને જાણે અને એક સમયમાં બધા કાળને જાણે એવી એની તાકાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અહો! જ્ઞાનનું માહાત્મ્ય!**' આચાર્ય પોતે એમ કહે છે. જુઓ તો ખરા! અહો! એ જ્ઞાનનું માહાત્મ્ય જિનનું! જિનજ્ઞાન-વીતરાગી જ્ઞાન સર્વજ્ઞજ્ઞાન. અહો..! પરમેશ્વર પૂર્ણ થયા એનું જ્ઞાન. અજબગજબની વાત છે! જગતના બધા રહસ્યમયનું જ્ઞાન પરમાત્માને. એ તો એની પર્યાય છે પોતાની. સમજાણું કાંઈ? જ્ઞાનથી કોઈ જાણ્યા વિનાની વાત રહેતી નથી. ગુપ્ત કરો, આપણે ગુપ્ત કરો કામ. ગુપ્તને સર્વજ્ઞ નથી જાણતા?

મુમુક્ષુ :- .. કેવળીને જાણે.

ઉત્તર :- કેવળીને તો એક સમયમાં પહેલેથી જાણે છે કે આ ગુપ્તમાં આમ કરે છે ને આમ કરે છે. એને કાંઈ એ વખતે જાણવું નથી. ઓહો..હો..! ઓલા એમ કહે છે કે એલા પોતાની શેરીની ખબર નથી કે આ શેરીમાં કોણ કોણ રહે છે? એ કહે છે કે સ્વર્ગ છે અને નર્ક છે. એવા પણ જાગ્યા છે. કહો. અરે..! ભગવાન તને ખબર નથી ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો ન હોય તે શું છે? પણ આ શેરી છે, ત્યાં મકાન છે, ત્યાં

માણસ છે એ ખબર નથી? એ તો કોણ માણસ અને ક્યા નામવાળો અને કઈ નાતનો એ નહિ ભલે હો. પણ આ શેરી છે, ત્યાં માણસ રહે છે, ત્યાં કાંઈક.. સમજાય છે? વાંદરા રહેતા નથી. એવી ખબર નથી એને? કહો, વજુભાઈ! આ ઘર છે. પચાસ-સો (ઘરની) ઓલી હોય શેરી. માણસ હશે, થોડા ઘણા બધા માણસો હશે. કોઈ રોગી હોય કોઈ એવા હોય. માણસ છે. એવું જ્ઞાન નથી? એમ જ્યારે જ્ઞાન પુણ્યના-પાપના ફળ તરીકે જ્યારે સ્વર્ગ-નરક છે એવું ન જાણે? કે પુણ્ય તરીકે જ્યારે આટલું ફળ દેખાય છે આ. ત્યારે ઝાઝું પુણ્ય હોય તો વધારે સ્વર્ગાદિની સ્થિતિ છે. પાપના ફળ તરીકે અહીંયાં મહારોગી ને દુઃખી દેખાય છે. તો ઘણાં પાપના ફળ તરીકે નરક ગતિ છે. એમ નથી ખબર પડતી? પણ ઉડાવે છે તે. આંધળો જાણે હોય નહિ? જાણે ખબર ન પડે આત્માને. સમજાણું કાંઈ? ઘરની પેટીમાં શું ચીજ છે એ જાણતો નથી અને કહે છે કે સ્વર્ગ-નરકને જાણવા ગયો. વળી એમ વાત કરે. અરે..! ભગવાન! શું કરે છે તું? આહા..હા..! પણ એ પેટીમાં વાંદરા પૂર્યા ન હોય એટલી ખબર નથી એને? એ લૂગડા-બૂગડા હોય કે પૈસા નાખ્યા હોય એટલી ખબર છે કે નહિ એને? વજુભાઈ! એટલી ખબર છે કે નહિ? પેટીમાં શું રોટલા નાખ્યા હશે એકલા એ પેટીમાં પડ્યા હશે? રોટલાનું બીજું હોય, જુદું હોય, ફલાણું હોય. એમ જાણે છે કે નહિ? અરે..! ભગવાન! તું જાણે છે આટલું અને એમ કહેવા માગે છે કે હવે સ્વર્ગ-નરકની વાતું કરે. સાંભળને! સ્વર્ગ-નરક નહિ, મોક્ષની. મોક્ષની નહિ પણ એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એની. આહા..હા..! એવા એક જ્ઞાનગુણની. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય એવી પર્યાયની, એના ગુણની અને એના દ્રવ્યની. આહા..હા..! આંધળાઓ એવા.. થઈ રહ્યું. આપણને કાંઈ ખબર પડે નહિ ને આવી વાતું કરો છો? સમજાણું?

'**ટીકા :- ખરેખર ક્ષાયિક જ્ઞાનનું, સર્વોત્કૃષ્ટતાના સ્થાનભૂત પરમ માહાત્મ્ય છે;...**' ભાષા દેખો! અહો! આત્માની વીતરાગ દશા થાય એટલે કે રાગ ટળીને પૂર્ણ જ્ઞાન થાય એવા '**ક્ષાયિક જ્ઞાનનું, સર્વોત્કૃષ્ટતાના સ્થાનભૂત...**' છે. સર્વોત્કૃષ્ટનું ઠેકાણું એ છે. ક્ષાયિક જ્ઞાનનું સર્વોત્કૃષ્ટનું સ્થાન-ઠેકાણું છે. ઓહો..હો..! મોટી પદવીનું સ્થાન છે એ. '**પરમ માહાત્મ્ય છે;...**' જેનું મહામાહાત્મ્ય છે. એ માહાત્મ્ય જેને બેસે એને આત્મા અંતરની દૃષ્ટિ કર્યા વિના રહે નહિ અને અંતરની દૃષ્ટિ કરાવવા આ સામર્થ્યનું વર્ણન, શુદ્ધ ઉપયોગનું માહાત્મ્યનું ફળ વર્ણવે છે કે જે આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી, જ્ઞાન કરીને શુદ્ધ ઉપયોગપણે રમશે એને આવું કેવળજ્ઞાન થશે અને થયા વિના રહે નહિ અને આવું કેવળજ્ઞાન એને અધૂરું નહિ રહે એને. સમજાય છે? પૂર્ણ પદને પામશે. સર્વોત્કૃષ્ટતાના પદભૂત. એના જેવું ઉત્કૃષ્ટ કોઈ પદ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૧૪, રવિવાર, તા. ૨૦.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૧-૫૨, પ્રવચન-૪૧**

આ પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, ૫૧મી ગાથા. અધિકાર એમ ચાલતો આવે છે કે આ આત્મા ત્રિકાળ શુદ્ધ ધ્રુવસ્વરૂપ જ્ઞાયક છે એની અંતર સન્મુખ દૃષ્ટિ—સમ્યગ્દર્શન પ્રગટ કરી, સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરી અને શુદ્ધાત્માની ભાવનારૂપ ચારિત્ર—સામ્યભાવ, શુદ્ધ શુદ્ધ ઉપયોગ એ ભાવના દ્વારા એટલે ચારિત્ર દ્વારા કેવળજ્ઞાન અને અનંત આનંદ પ્રાપ્ત થાય છે. આ જ્ઞાન અધિકાર છે, પછી સુખ અધિકાર લેશે. સમજાય છે કાંઈ? આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન, આત્મા સાથે તાદાત્મ્ય ત્રિકાળ અભેદ જ્ઞાન છે અને આનંદ પણ આત્મા સાથે અભેદ ત્રિકાળ છે. એવો અભેદ જ્ઞાનસ્વરૂપ આત્મા એની પ્રતીતિ સ્વસન્મુખની કરી, સ્વસંવેદનજ્ઞાન કરી, સામ્યભાવ—સમતાભાવ, શુદ્ધ ઉપયોગ પ્રગટ કરી જેના ફળ તરીકે આ ક્ષાયિક જ્ઞાન પ્રગટ થાય છે, એ ક્ષાયિકજ્ઞાનની આ પ્રશંસા કરે છે. સમજાય છે?

તેથી જીવે ખંડ ખંડ જ્ઞાન જગતના છે તેની ભાવના છોડી, પુણ્ય-પાપના વિકલ્પની ભાવના છોડી, નિમિત્તને મેળવવું અને અનુકૂળ કરવું એ ભાવના છોડી, આત્મા સાથે ત્રિકાળ અભેદ જ્ઞાન છે એની ભાવના કરવી. સમજાણું? કહો, આ સમજાય છે કે નહિ? અભેદ જ્ઞાન એટલે શું? આત્મા છે વસ્તુ-પદાર્થ એની સાથે જ્ઞાનસ્વભાવ ગુણ છે એ તાદાત્મ્ય અભેદ છે. એવા અભેદ જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવના નામ એકાગ્રતા કરવી એ આનું ફળ છે-આ બધું કહેવાનું (તાત્પર્ય). બાકી બધી જંજાળ છોડવી. સમજાણું કાંઈ? એવા અભેદ જ્ઞાનસ્વભાવ આત્મા તેની એકાગ્રતા થતા આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, ચારિત્ર થાય, શુક્લધ્યાન થાય અને કેવળ થાય. આ એનો ઉપાય સુખનો છે, બાકી બધા દુઃખના ઉપાય છે. સમજાણું?

'**ખરેખર ક્ષાયિક જ્ઞાનનું, સર્વોત્કૃષ્ટતાના સ્થાનભૂત પરમ માહાત્મ્ય છે;...**' ઓહો..! આત્મા ભગવાનસ્વરૂપ તેનું જ્ઞાન પરિપૂર્ણ. કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે પણ એવી અનંતી અનંતી પર્યાયનો સમૂહ એવો જે જ્ઞાનગુણ, એ જ્ઞાન અને આત્મા અભેદ એકમેક-તન્મય છે. એના સન્મુખની એકાગ્રતા એ આ કેવળજ્ઞાન પ્રાપ્તિનો ઉપાય છે. કહો, સમજાય છે કાંઈ? એ કેવળજ્ઞાનનું માહાત્મ્ય વર્ણવે છે. અહો..! '**ખરેખર ક્ષાયિક જ્ઞાનનું, સર્વોત્કૃષ્ટતાના સ્થાનભૂત પરમ માહાત્મ્ય છે; અને જે જ્ઞાન એકીસાથે જ સર્વ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે...**' લોકાલોકના જેટલા પદાર્થ છે તેનું અવલંબન એટલે નિમિત્ત છે. એમાં થોડા પદાર્થ પહેલા જાણે અને પછી વિશેષ જાણે (એમ નથી). એવું પૂર્ણ જ્ઞાનની પોતાની અભેદજ્ઞાનની ભાવના કરતા જે પર્યાય પૂર્ણ અભેદ પ્રગટ થઈ, એમાં પરદ્રવ્યના જેટલા પ્રકાર છે ત્રણ કાળ ત્રણ લોક દ્રવ્ય, ગુણ અને પર્યાયનું એક સમયે બધાનું અવલંબન નામ નિમિત્ત છે.

થોડા પહેલા જાણે, પછી વધારે જાણે એવો ક્રમ આવા ક્ષાયિકજ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે '**જે જ્ઞાન એકીસાથે જ સર્વ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે તે જ્ઞાન—પોતામાં સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારો...**' પોતામાં સમસ્ત વસ્તુના જ્ઞેયો જેટલા લોકાલોક છે તેના '**ટંકોત્કીર્ણ ન્યાયે સ્થિત હોવાથી...**' '**પથ્થરમાં ટાંકણાથી કોરેલી આકૃતિની માફક.**' ભગવાન જ્ઞાનની એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે આકૃતિપણે અંદર પરિણમી ગયા હોય. જેટલા લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય છે, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું જ્ઞાન એક સમયની જ્ઞાનની અવસ્થામાં આવી જાય છે. સમજાય છે કાંઈ? આવડો તો એક સમયનો પર્યાયનો માહાત્મ્ય ભાવ છે. એક સમયના જ્ઞાનની પર્યાયનો માહાત્મ્યભાવ છે. એવી એવી અનંતી પર્યાયો જેના જ્ઞાનગુણમાં છે અને એ જ્ઞાનગુણ આત્મા સાથે અભેદ છે-આત્મા સાથે એક છે-આત્મા સાથે તાદાત્મ્ય છે. આવડો આત્મા. એવા આત્માની સન્મુખ જોયે કલ્યાણના રસ્તા નીકળે છે. બહારથી કો'ક આમ થાય ને તેમ થાય ને અનુકૂળ પડે, પ્રતિકૂળ થાય, આ થાય ને ધૂળ થાય, કાંઈક મને આ અનુકૂળ હોય તો મને આ થાય. મરી ગયો હેરાન થઈને કહે છે. સમજાણું કાંઈ? દુનિયાથી રાજી થાય અને દુનિયાને રાજી કરે એ રસ્તા ઊંધા બધા છે.

પોતાનો ભગવાન આત્મા વસ્તુ છે ને પદાર્થ. જ્ઞાન એની સાથે જડેલું છે. જડેલું છે એટલે જડે છે ઈ? જડતું નથી આ વસ્તુ જડે નહિ? જડે. એમ હશે આમાં? જેમ આ જુઓ આ લાકડી છે ને એમાં સુગંધ જડેલી છે—એકમેક છે. આ સુખડ છે સુખડ. એકમેક છે અભેદ. ભગવાન આત્માનું જ્ઞાન અભેદ એકરૂપ જડેલું એકાકાર છે. આહા..હા..! એવી જ્ઞાનની ભીંતરૂપી ભગવાન આત્મા અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરી અને એ જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ કરે એનું શું કહેવું! કહે છે. જે જ્ઞાનની એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે અંદર ટાંકણાની પેઠે પત્થરમાં કોરાઈ ગયેલા હોય એમ જ્ઞાનમાં બધા લોકાલોક કોરાઈ ગયા છે. જ્ઞાનની (એક સમયની પર્યાય). આહા..હા..! એક સમયમાં કેટલું! કેટલા દ્રવ્યો, એના અનંતગણા ગુણો, એની પર્યાયો, એનું ક્ષેત્ર, એનું ત્રિકાળપણું. આહા..હા..! એવો જે કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય અદ્‌ભૂત માહાત્મ્ય છે! આવા માહાત્મ્યના ભંડારનો ખાણવાળો તું છો અને તું જ્યાં ત્યાં ભટકે છો. અહીં પુણ્ય કરું તો આમ થાય, પાપ કરું તો આમ થાય, પર તરફનું ખંડજ્ઞાન પ્રગટ કરું તો મને લાભ થાય, ભિખારાપણા વડે ભમી રહ્યો છે. જેઠાલાલભાઈ! આહા..હા..!

ભાઈ! તારામાં શું ખોટ છે? તારે ખજાને તો અનંતા પરમાત્માનું કેવળજ્ઞાન એવું જ્ઞાન પડ્યું છે અંદરમાં. એ કાંઈ બહારથી લાવવું પડતું નથી. એવો જે આત્મા એની એકાકાર જ્ઞાનદશામાં એકાકાર થયેલી દશા એનાથી થતી એકાકાર કેવળજ્ઞાનદશા એમાં, કહે છે કે લોકાલોક

જાણે જડાઈ ગયા હોય, અંદર કોતરાઈને પેસી ગયા હોય. એવી એક સમયની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે.

'**જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે...**' આ ન્યાયે સ્થિત હોવાથી. ટંકોત્કીર્ણ ન્યાયે એક સમયમાં બધું જાણવામાં આવી ગયેલું હોવાથી તે જ્ઞાને નિત્યપણું પ્રાપ્ત કર્યું છે. નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે. એવું ને એવું જ્ઞાન કાયમ રહે છે. દેખો! એ જ્ઞાનપર્યાયે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે એમ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? આમ પદાર્થને અવલંબીને ક્ષણે ક્ષણે નવું થાય અને જૂનું જાય એ બધું અનિત્ય જ્ઞાન છે. લે! જ્ઞાનમાં પણ અનિત્ય ને નિત્ય! પર્યાયમાં પણ અનિત્ય અને નિત્ય. પર્યાય તો અનિત્ય જ છે. નવરંગભાઈ! દ્રવ્ય તો નિત્ય છે. એનો ત્રિકાળી જ્ઞાનગુણ નિત્ય છે. આ કેવળજ્ઞાન તો પર્યાય એક સમયની છે. પણ કહે છે કે એ અનંતા જેટલા પદાર્થો છે તેટલા એક સમયે જાણેલા અને અનુભવેલા હોવાથી એ જ્ઞાનમાં હવે ક્ષણિકપણું એટલે? આ જાણ્યું અને આ ગયું... આ જાણ્યું અને આ ગયું... એવું રહ્યું નથી. એક સાથે પૂર્ણ જાણ્યું માટે તે જ્ઞાનને નિત્યત્વપણું પ્રાપ્ત થયું છે. સમજાય છે? રતિભાઈ!

**મુમુક્ષુ** :- ...

**ઉત્તર** :- સમયની પર્યાયની... પર્યાયની વાત છે ને અહીં? નિત્ય તો ત્રિકાળી. એની ક્યાં વાત છે? એ માટે તો પ્રશ્ન મૂક્યો છે.

આત્મા અને જ્ઞાન જે નિત્ય છે એની અહીં વાત ક્યાં છે? આ તો પર્યાય પ્રાપ્ત કરી તેણે નિત્યત્વપણું પ્રગટ કર્યું છે એમ. વાતું ઝીણી ભારે! ભગવાન આત્મા વસ્તુ તરીકે પ્રભુ પોતે પૂર્ણ, એનું જ્ઞાન પૂર્ણ નિત્ય-નિત્ય. એ અહીં વાત નથી. એવું જે અભેદ નિત્ય જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં એકાગ્ર થઈને, એમાં એકાગ્ર થઈને જે કાંઈ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા, એના ફળ તરીકે કેવળજ્ઞાન પ્રગટ કર્યું, એ કેવળજ્ઞાને નિત્યપણું પ્રાપ્ત કર્યું એમ કહે છે અહીં. ક્ષયોપશમ જ્ઞાન છે એ અનિત્ય છે, ક્ષણે ક્ષણે બદલાય છે. એક અમુક પદાર્થોને લક્ષમાં લે, ત્યારે વળી પછી બીજી પર્યાય નાશ થઈને વળી બીજા પદાર્થ લક્ષમાં લે. એમ ક્ષણે ક્ષણે બદલતું જ્ઞાન એ અનિત્ય છે એમ કહે છે. એ અપેક્ષાએ અનિત્ય છે.

અહીંયાં એક સમયમાં પૂરા લોકાલોકને જાણી લીધા છે એથી તે જ્ઞાન એવું ને એવું એક સમયે, બીજે એવું ને એવું, ત્રીજે એવું ને એવું—એવું નિત્યપણું પ્રગટ કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! પર્યાયે નિત્યપણું પ્રગટ કર્યું છે એમ કીધું. આહા..હા..! પર તો ક્યાંય રહ્યું. ભગવાન આત્મા એની ખાણમાં એવા તો અનંતા નિત્યત્વરૂપ કેવળજ્ઞાનની પર્યાયો જેમાં પડી છે. એવું એ નિત્ય છે વળી. એવો ભગવાન આત્મા જેમાં જ્ઞાન અવિનાભાવી તત્ત્વ છે એ નિત્ય છે, દ્રવ્ય નિત્ય છે તેનું જ્ઞાનગુણ નિત્ય છે. એ અહીં વાત નથી. એવા નિત્યના આશ્રયથી જે શક્તિમાં નિત્યપણું હતું તે પર્યાયમાં અનિત્યપણે પર્યાય કેવળજ્ઞાનની પ્રગટી,

પણ તે પર્યાય તે તે ફરીને એની એ રહેવાની છે, ઓછું-વત્તુ થવાનું નથી. એ અપેક્ષાએ તેણે નિત્યપણું પ્રાપ્ત કર્યું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'જેણે...' જેણે એટલે? ક્ષાયિકજ્ઞાને-કેવળજ્ઞાને. આહા..હા..! એ પર્યાય અરિહંતનો પર્યાય કેવડો કેવળજ્ઞાનનો એની એને ખબરું ન મળે. જૈનમાં જન્મે. થઈ રહ્યું. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. ગડિયા હાંકે જ જાય. આહા..હા..! પણ ણમો અરિહંતાણં તું કહે છો એ અરિહંતના જ્ઞાનની સ્થિતિની અવસ્થા કેટલી અને કેવડી એ જાણી છે? જાણ્યા વિના ણમો અરિહંતાણં? તું નમસ્કાર કરનાર કોણ? અને નમસ્કાર કઈ દશાવંતને તું કરે છો? સમજાણું કાંઈ? આંધળે આંધળો ચાલે છે. અહીં તો કહે છે કે દેખતો ભગવાન થઈ ગયો. દેખતો ત્રિકાળી દેખતો છે એનું અંતર અવલંબન લીધું. પુણ્ય-પાપ નહિ, ખંડજ્ઞાન નહિ, એનો આશ્રય નહિ. આ પ્રગટેલી જ્ઞાનની અવસ્થા એનો પણ આશ્રય નહિ. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... વસ્તુ છે આમ એકદમ વસ્તુ ધ્રુવ તેને ધ્યાનમાં ધ્યેય બનાવીને જે અંદરથી પ્રવાહ પરિણમ્યો એની પૂર્ણ દશારૂપ કેવળજ્ઞાન થયું એ નિત્યપણું એમ ને એમ રહે છે. એમ ને એમ સાદિ-અનંત. એ તો ક્ષયોપશમજ્ઞાન પણ ઘણો કાળ રહે છે, એ અહીં અપેક્ષા નથી. અહીં તો ફેરફાર થતો નથી એટલે એ અવસ્થાએ નિત્યપણું અંગીકાર કર્યું છે. સમજાણું કાંઈ? નહિતર તો અભવિનું ક્ષયોપશમજ્ઞાન પણ અનાદિ-અનંત. છે.

મુમુક્ષુ :- એકસરખું નથી.

ઉત્તર :- એકસરખું નથી એટલું કહેવું છે. શું કીધું સમજાણું? અભવિ છે એને જ્ઞાન છે તાદાત્મ્ય સ્વરૂપે, અભેદ જ્ઞાનમય મૂર્તિ અભવિ છે. પણ તેની વર્તમાન દશામાં ક્ષયોપશમ અવસ્થા છે. ચાહે તો નિગોદમાં હો, ચાહે તો નવમી ગ્રૈવેયકે જાવ, પણ એની ક્ષયોપશમ દશા છે. એ ક્ષયોપશમ એને અનાદિ-અનંત. છે. પણ પલટતું... પલટતું... પલટતું... અમુક દ્રવ્યને અવલંબીને થાય અને વળી બીજા દ્રવ્યને અવલંબીને ઓલું જાય, નષ્ટ થાય, નવું ઉત્પન્ન થાય, નષ્ટ થાય. એ નિત્ય ન કહેવાય. સમજાય છે કાંઈ?

અહીં તો ભગવાન આત્મા એની વર્તમાન દશા એકરૂપ પૂરી પ્રગટ થઈ ગઈ, થોડાને અવલંબીને બીજાને અવલંબું એવું રહ્યું નથી, એકરૂપ લોકાલોકના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે અંદર ટાંકણે કોતરીને પથ્થરમાંથી જેમ મૂર્તિ કાઢી હોય, એમ કોતરાઈ ગયા છે એક સમયની પર્યાયમાં. એવો ને એવો પર્યાય પૂર્ણ ફરે નહિ એવો. એકરૂપ પર્યાય રહે છે એને અહીંયા નિત્યત્વ કહે છે. પંચાસ્તિકાયમાં કૂટસ્થ પણ કહ્યું છે. ત્યાં કૂટસ્થ એટલે એવું ને એવું રહે છે માટે. સમજાણું કાંઈ? સંસ્કૃત ટીકામાં છે આમાં. જયસેનાચાર્યની ટીકામાં છે. '**ज्योतिष्कमन्त्रवादरससिद्ध्यादीनि खण्डविज्ञानानि मूढजीवानां चित्तचमत्कारकारणानि परमात्मभावनाविनाशकानि च।**' એનો આગ્રહ છોડી દે. એ ધૂળમાંય નથી કાંઈ ચમત્કાર, સાંભળ! સમજાણું? એમાં છે જુઓ! '**यत्समस्तरागादिविकल्पजालेन रहितं**

**सहजशुद्धात्मनोऽभेदज्ञानं तत्र भावना**' જુઓ! આ ભાવના એટલે? વિકલ્પ હશે ચિંતા? શુદ્ધાત્મ અભેદ જ્ઞાન. વસ્તુ છે તેની સાથે જ્ઞાન એકમેક. એ દ્રવ્ય અને ગુણ થયા અને ભાવના એ પર્યાય થઈ. શું કીધું સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ, એનું જ્ઞાન અભેદ, અભેદરૂપ અને નિત્ય બેય. એની ભાવના તે પર્યાય છે, એની ભાવના પર્યાય છે. એ ભાવના કરતા કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

'**અને સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી...**' ઓલા સામેથી લીધું. '**સમસ્ત વસ્તુના જ્ઞેયાકારો ટંકોત્કીર્ણન્યાયે સ્થિત હોવાથી...**' એમ લીધું હતું. ઓછા-વત્તા જ્ઞેયાકારો રહ્યા નથી. એક સાથે આખા '**ટંકોત્કીર્ણન્યાયે સ્થિત હોવાથી જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે...**' એમ લીધું છે. કાયમ રહેશે માટે એમ નહિ ભાઈ! એવું આખું ટંકોત્કીર્ણ બધા પદાર્થનું એકરૂપ ગણવું માટે નિત્ય છે એમ કીધું. પછી વ્યક્તિની પ્રગટતાની અવસ્થા પછી કહેશે. સમજાણું કાંઈ? આ પણ સમજવા, સાંભળવા માટે પણ અમુક જાતની પાત્રતા જોઈએ. આ તો ભગવાનના ઘરની વાતું છે મોટી.

અહો..! આત્મા સર્વથી ઉદાસ, પરથી ભિન્ન છે. કાંઈ લેવા-દેવા કોઈની સાથે કાંઈ છે નહિ. ખંડજ્ઞાન સાથે સંબંધ નથી તો આ પરની સાથે શું સંબંધ છે? એવો ભગવાન આત્મા પોતાના અભેદ અખંડ જ્ઞાન સાથે એકાકાર દૃષ્ટિએ જ્ઞાન કરીને થતાં તે ભાવના કર્તવ્ય છે અને તે ભાવનાના ફળરૂપે તેને ક્ષાયિકજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? વચ્ચે દયા, દાન, વ્રત, પરિણામ વિકલ્પ આવે એનાથી કાંઈ જ્ઞાન ક્ષાયિકજ્ઞાન થતું નથી. એ તો બંધના કારણ છે. સમજાણું?

દ્રવ્ય અને જ્ઞાન તાદાત્મ્ય અભેદ તે અબંધ સ્વરૂપ છે અને અબંધ સ્વરૂપની એકાકારતાની ભાવના તે અબંધભાવી ભાવના છે. એ અબંધભાવી ભાવનામાંથી અબંધ પૂર્ણરૂપ પૂર્ણસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે કે જે જ્ઞાનમાં લોકાલોક એક સાથે જાણે આવી ગયા હોય તેથી તે જ્ઞાને બધા પદાર્થને અવલંબીને એક પરિપૂર્ણ ગ્રહણ કર્યું છે લોકાલોકનું હોં આમ. તેથી તે જ્ઞાને નિત્યત્વ પ્રાપ્ત થયું છે. હવે અહીં આ બાજુ. '**સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી જેણે સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે...**' જેટલી પર્યાયની પૂર્ણતા એ બધી પર્યાયની પૂર્ણતા પ્રગટ થઈ ગઈ છે. થોડી પ્રગટ પહેલી અને પછી થોડી પછી, પછી થોડી એવી પ્રગટતા નથી. એક સાથે વ્યક્તિ પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે. આમ લોકાલોકનું એક સાથે અહીં પ્રગટ થયેલું જ્ઞાન, આમ જુઓ તો એની વ્યક્તિ પરિપૂર્ણ પર્યાય પ્રગટ થઈ ગઈ છે. સમજાણું કાંઈ?

'**સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી...**' એટલે? જે પર્યાયની પરિપૂર્ણતા છે એ બધી પરિપૂર્ણતા પ્રગટ થઈ ગઈ છે. વ્યક્તિ એટલે પર્યાયની પ્રગટતા. સમજાણું કાંઈ? '**હોવાથી...**' જેને આવું હોવાથી '**જેણે સ્વભાવપ્રકાશક...**' સ્વભાવપ્રકાશક '**ક્ષાયિકભાવ**

પ્રગટ કર્યો છે...' જુઓ! બેયની શૈલીમાં ન્યાય જુઓ! સમજાણું કાંઈ? આ તો ભગવાન આત્માના ઘરની વાતું છે ભાઈ! આ જગતના બહારના પ્રેમ ને પ્રીતિ ને દ્વેષ ને... આ તો અંતરની ચીજ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની જેને પ્રીતિ અને પ્રેમ લાગ્યો એને ખંડજ્ઞાન અને રાગની પ્રીતિ તૂટી જાય છે. સમજાય છે કાંઈ? અને તેવા જ્ઞાન દ્વારા, તેવી વ્યક્તિઓ નામ જે જ્ઞાનની પર્યાયની પરિપૂર્ણતા છે, પરિપૂર્ણ દશા થઈ ગઈ છે. કોઈ અવસ્થા હવે વ્યક્ત કરવી બાકી નથી. આ બાજુ કાંઈ બાકી રહ્યું નથી જાણવાનું, આ બાજુ વ્યક્તિમાં પૂર્ણ જ્ઞાનદશા પ્રગટ થઈ ગઈ છે. જ્ઞાનની અવસ્થા પૂરી છે, જ્ઞેય અવસ્થા પૂરી પ્રગટ અહીં જાણવામાં આવી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત વ્યક્તિઓ પ્રાપ્ત કરી હોવાથી જેણે...**' જુઓ! આવા કારણે એમ. '**જેણે સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ...**' સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ. જેવો સ્વભાવ છે શક્તિરૂપે, પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો છે. '**સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે એવું--ત્રણે કાળે સદાય વિષમ રહેતા...**' એવું એટલું હવે. એવું જે જ્ઞાન એમ. '**ત્રણે કાળે સદાય વિષમ રહેતા અને અનંત પ્રકારોને લીધે વિચિત્રતાને પામેલા એવા આખાય સર્વ પદાર્થોના સમૂહને જાણતું થકું,...**' શું કહે છે હવે? આચાર્યોએ જંગલમાં રહીને કેવળજ્ઞાનની સાથે વાતું કરીને કેવળજ્ઞાનને વર્ણવી નાખ્યું છે. આહા..હા..! જ્ઞાનથી કેવળજ્ઞાન સાથે રમતું માંડી છે, કેવળજ્ઞાન સાથે રમતું માંડી છે. આમ એકાગ્ર થાય છે ને? પૂર્ણ પ્રગટવાનું ધ્યેય છે. સાધ્ય આ (ત્રિકાળી) છે, પણ પ્રગટ પૂર્ણ કરવું એવું ધ્યેય છે. એ પૂર્ણ પ્રગટ થશે ત્યારે કેવું થશે? એ વાત પહેલેથી પ્રતીતમાં લેતા જાય છે કે આવું કેવળજ્ઞાન અમને પ્રગટ થવાનું છે એમ કહે છે.

અમે ચારિત્રભાવને-સામ્યભાવને, શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો છે. પંચમ આરાના સંત મુનિ પોતાની દશાને કહે છે. અને એ શુદ્ધ ઉપયોગના ફળ તરીકે અમને કેવળજ્ઞાન થશે. એટલે કોઈ એમ કહે, કેવળજ્ઞાન થશે ત્યારે એનો શુદ્ધ ઉપયોગ કહેવાય એમ નથી. સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપયોગ અત્યારે છે તેનું ફળ જ કેવળજ્ઞાન છે. ભલે વાર લાગે થોડી પણ એમાં ફળ એનું છે ફળ. એમાં કાંઈ ફેર છે નહિ. એમ જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારનો જે શુદ્ધ ઉપયોગ એને અહીં વર્ણવ્યો છે. એમ નથી. અરે..! ભાઈ! માટે આવો શુદ્ધ ઉપયોગ છે એવો અત્યારે ન હોય એમ કહે છે કેટલાક. અરે..! એમ નથી ભાઈ! અહીં તો શુદ્ધ ઉપયોગની રમણતા ભગવાન સાથે, અરે..! ભગવાન સાથે ભેટું કરી જેણે. આહા..હા..! સમજાણું? અને એમાંથી ચારિત્રના શુદ્ધ ઉપયોગની રમતું માંડી. ભગવાન આત્મામાં ચરવું, રમવું, રમત માંડી ભગવાન આત્મા સાથે અંદર. કહે છે કે એવા શુદ્ધ ઉપયોગના ફળ તરીકે કેવળજ્ઞાન જ થશે, આવું જ થશે. સમજાય છે કાંઈ? ભલે સ્વર્ગમાં કદાચિત જાય, પણ એના ફળ તરીકે તો એને કેવળજ્ઞાન થવાનું, થવાનું ને થવાનું. આહા..હા..! સમજાણું કાંઈ?

અહો..! માહાત્મ્ય તો જુઓ, કહે છે. એવું જે જ્ઞાન '**ત્રણે કાળે સદાય વિષમ રહેતા (-અસમાનજાતિપણે પરિણમતા)**' અસમાનજાતિ એટલે એક ચેતન, બીજો અચેતન, એક મૂર્ત, બીજો અમૂર્ત એ અસમાનજાતિ કહેવાય. અસમાનજાતિને પણ કેવળજ્ઞાની એક સમયમાં પૂર્ણ જાણે છે. સમજાણું કાંઈ? '**જેણે સ્વભાવપ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે એવું--ત્રણે કાળે સદાય વિષમ રહેતા...**' ત્રણે કાળે સદાય વિષમ રહેતા. ચેતન તો ચેતન રહે અને અચેતન તે અચેતન રહે, મૂર્ત તે મૂર્ત રહે અને અમૂર્ત તે અમૂર્ત રહે. ત્રણે કાળે એમ રહે છે. '**અને અનંત પ્રકારોને લીધે...**' ભેદને લીધે. ક્યાં એક નિગોદની અવસ્થા અને ક્યાં એક સિદ્ધની અવસ્થા ને ક્યાં પરમાણુના એક સમયની અવસ્થા અને ક્યાં બીજા સમયની બીજી અવસ્થા અને બીજા પરમાણુની બીજી અવસ્થા. એવા વિચિત્ર પ્રકારે પરિણમતા બીજા દ્રવ્યોને એક સમયે જાણી લે છે એમ કહે છે.

'**અનંત પ્રકારોને લીધે...**' પ્રકાર કેટલા! ઓહો..હો..! એક આત્મા જુઓ તો અક્ષરને અનંતમે ભાગે ઉઘાડવાળો. એક આત્મા જુઓ તો કેવળજ્ઞાનની પ્રગટ દશાવાળો. જુઓ! વિચિત્રતા. સમજાય છે કાંઈ? એક આત્મા જુઓ અભવિનો તો મિથ્યાત્વભાવમાં પરિણમેલો, એક જુઓ તો કેવળજ્ઞાને પરિણમેલો. આવા વિચિત્ર પ્રકારની પર્યાયની અનેકતા, એ અનેકતાને એક સમયમાં જાણી લે છે એમ કહે છે. વિષમતાને, વિચિત્રતાને. પહેલામાં વિચિત્ર પહેલું હતું. પદની ગોઠવણી. સમજાણું કાંઈ? આ સમજાય એવું છે હોં! એવી કોઈ ભાષા આકરી નથી. પણ માણસને દરકાર ન મળે, અભ્યાસ ન મળે અભ્યાસ. ઓલો રખડવાનો અભ્યાસ એકલો. ફડાક... ફડાક.. ફડાક... જો વ્યાજ કાઢવું હોય ચક્રવૃદ્ધિનું તો કાઢી નાખે.

મુમુક્ષુ :- એ ..

ઉત્તર :- .. લે ક્યાં પૈસા એટલા ક્યાં છે? સમજાણું કાંઈ? એ આવડે નહિ થોડાને. ઉપરથી કહી દે લ્યો રૂપિયાનો, દોઢ રૂપિયાનો ટકો હમણા થાય છે ને બહુ? દોઢ દોઢ ટકો આપે છે કહે છે શાહુકારી. વાતું કરે છે. આપણે સાંભળેલું છે. આ જાદવજીભાઈ રહ્યા, ક્યાં ગયા? રૂપિયાના ધીરધાર કરનારા.

મુમુક્ષુ :- કલકત્તામાં તો વધારે ઊપજે.

ઉત્તર :- વધારે ઊપજે. પણ દોઢથી વધારે નહિ ઊપજતો હોય. હશે? કોણ જાણે? એ જાણે એ બધું કરે. અરે..! બે ટકા સુધી ચાલતું હશે? લ્યો ઠીક! એને ખબર હોય ને. વાત પણ સાચી છે. એવા કોઈ હોય ગરજાઉ (તો લ્યે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે ન કહે, પણ આ તો આવું વિચિત્રપણું વ્યાજમાં આવે છે એટલું.

અહીં કહે છે કે એકલા કેવળજ્ઞાનમાં આવા ખંડપણાના જ્ઞાન હોય નહિ. એકલું પરિપૂર્ણ. આખું આની કોર અને આખું વ્યક્તિની પરિપૂર્ણતા. આમ વિચિત્રતા ને વિષમતાને પણ એક

સમયમાં પહોંચી વળે એવું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગ એનું કેવળજ્ઞાન આવું હોય અને એ કેવળજ્ઞાન શુદ્ધ ઉપયોગના પ્રતાપથી પામેલા છે એમ સિદ્ધ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગને અંગીકાર કર્યો છે. એમ આવ્યું છે ને?

'**ત્રણે કાળે સદાય વિષમ રહેતા...**' જડ તે જડ અને ચૈતન્ય તે ચૈતન્ય, મૂર્ત અને અમૂર્ત એ પ્રમાણે રહેતા એ વિષમ કહેવાય. '**અનંત પ્રકારને લીધે વિચિત્રતાને પામેલા...**' ઓહો..! એક અક્ષર પણ યાદ ન રહે એવો પણ એક જીવ હોય. વાણિયાનો દીકરો હતો કીધું હતું, હમણા અમરેલી. ૭૦માં દીક્ષા લઈને ગયા હતા. અપાસરામાં કામ કરતો હતો. ત્રણ આનાનો દાડિયો હતો ઘણું કરીને. દસ પૈસા હશે તે દિ'. ૭૦માં ત્રણ આના તો હમણા હતા અહીં હોં. તે દિ' બે આના હશે. ૭૦ના માગશર મહિનાની વાત છે. દશાશ્રીમાળી વાણિયો હતો ૨૦-૨૫ વર્ષનો. .. તાણે. ઓલું પહેરેલું. કોળી પહેરે એવું શું કહેવાય તમારે એ? ચડ્ડી નહિ, ચોરણો. .. મેં કીધું આ કોણ છે? અપાસરામાં કાંઈક કામ ચાલતું હતું. એલા કોણ છો? કહે, હું દશાશ્રીમાળી વાણિયો છું. ત્યારે આ શું? ૭૦ના માગશરની વાત છે. દહીંથરાનું. કેવું કહેવાય ગામ? દહિરા. અમરેલી પાસે દહિરા છે ને. જાદવ.. વાણિયા છો પણ આ શું તારે બે આનાની મજૂરી? દસ વર્ષ ભણ્યો નિશાળમાં, સો એકડા આવડ્યા હતા. દસ વર્ષ ભણ્યો, બાપે ભણાવ્યો સો એકડા આવડ્યા. પણ આગળ ન ગયો તો શું કરવું?

મુમુક્ષુ :- એકને દસ એકડા જ આવડ્યા હતા એવો હતો ને.

ઉત્તર :- આ તો આવું સાંભળ્યું છે આપણે.

મુમુક્ષુ :- અમારો .. ઘેલો..

ઉત્તર :- ઘેલો હા ઈ. એને દસ સુધી. એને બિચારાને કાંઈ આવડતું નથી. એક પૈસાની પાયુ કેટલી? ચાર. એમ કહેતા હતા. બેઠો દેખો તો આમ હુશિયાર રૂપાળો લાગે. બેઠો હોય તો એમ લાગે કે આ શેઠનો દીકરો છે. બોલાવે ભાઈ! પૈસાની પાયુ કેટલી ઘેલા? ચાર. ચાર પૈસાની? દસ. એને પછી જે આવ્યું ઈ (બોલે).

મુમુક્ષુ :- પાછો બહુ વિચાર કરીને કહે.

ઉત્તર :- હા, થોડો વિચાર કરીને. રતિભાઈનો ડેલો છે ને ત્યાં? રતિલાલ શેઠ, દામનગર. એનો ડેલો. ત્યાં અમે ગયા અને ઈ આવ્યો બિચારો. કોઈ નહોતું, મેં પૂછયું હતું. ચાર પૈસાની કેટલી? કહે દસ. પાછો વિચારીને. ગપે ગપ. આહા..હા..!

જુઓ! આ એક ઉઘાડ અને એક કોર કેવળજ્ઞાન. આહા..હા..! કહે છે કે પણ બધાને, એક સમયનું જ્ઞાન એને પણ જાણે અને આને પણ જાણે. કેવળજ્ઞાનની પર્યાય એવી અનંતા સિદ્ધો છે એને પણ ક્ષાયિક જ્ઞાનની પર્યાય જાણે અને આવા જે અલ્પજ્ઞ જેવા છે એને

પણ કેવળજ્ઞાન ક્ષાયિક જ્ઞાનની પર્યાય જાણે. વિચિત્રતા હોવા છતાં, વિવિધતા હોવા છતાં એક સમયમાં બધું જણાઈ જાય છે. વિષમતા ને વિચિત્રતા હોવા છતાં સમયમાં બધું જણાઈ જાય છે. આવું અરિહંતનું ક્ષાયિકજ્ઞાન છે. સમજાણું કાંઈ? કેટલાકને એ બેસતું નથી. એ કેવળજ્ઞાન જ બેસતું નથી. અત્યારે કેટલા વાંધા ઉઠાવ્યા છે. ઓલો મહેન્દ્ર હતો એ કહે, ના. મહાવીર વિચારક-વિશિષ્ટ વિચારક હતા. કેવળજ્ઞાની. કેવળજ્ઞાનીને માનવા જાય તો વાંધા આવે અને બેસે શી રીતે? એક સમયમાં આવી શક્તિ! ઓહો..હો..! કાળ કેટલો? કે 'ક' બોલવામાં અસંખ્ય સમય જાય. એક સમયમાં આ બધું ત્રણ કાળ ત્રણ લોકની પૂર્ણ વ્યક્તિથી પૂર્ણ વ્યક્ત દશાઓને બધાને જાણી શકે. આહા..હા..! અરે..! બાપુ! સ્વભાવ કોને કહે? આહા..હા..! સમજાય છે કાંઈ? એ વાત એને બેસે તો, મારામાં આવી તાકાત છે પર્યાયમાં, એવી પર્યાયો અનંતી મારામાં પડેલી છે એ મારા જ્ઞાનમાં. એ જ્ઞાન જડેલું ભગવાન સાથે, આત્મા સાથે તાદાત્મ્ય એકરૂપ અભેદ છે. એની દૃષ્ટિ અને એના માહાત્મ્ય કરીને ઠરું એ એનું આચરણ અને મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? દુનિયા પાસેથી લેવું નથી અને દુનિયાને દેવું પણ નથી. આહા..હા..!

કહે છે, '**અનંત પ્રકારોને લીધે વિચિત્રતાને પામેલા એવા આખાય સર્વ પદાર્થોના સમૂહને જાણતું થકું,...**' લ્યો! વિચિત્ર અને વિષમ બેય. '**એવા આખાય સર્વ પદાર્થોના સમૂહ...**' ઢગલાને '**જાણતું થકું, અક્રમે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળતું હોવાથી...**' લ્યો! કેટલી વાતને સિદ્ધ કરી છે! અક્રમે નામ એક સમયમાં ભગવાન આત્માની કેવળજ્ઞાનદશા, આ આત્માની દશા પૂર્ણ થાય ત્યારે અને પૂર્ણ સમ્યગ્દર્શન જેની મુખ્યતા છે અને જેમાં પ્રધાનતા શુદ્ધ ઉપયોગની છે, એવા શુદ્ધ ઉપયોગ દ્વારા આવું કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે એ બધી વિચિત્રતા અને વિષમતાને... કેટલી વ્યક્તિ પ્રગટ થઈ છે પોતાને? અક્રમે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળતું. લ્યો! એક સમયમાં ક્રમ વિના અક્રમે અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, અનંત ત્રણ કાળ, અનંત એની શક્તિઓ ગુણ એને પહોંચી વળતું એટલે કે એને જાણતું એમ. '**જેણે અદ્ભુત માહાત્મય પ્રગટ કર્યું છે...**' અદ્ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે એવું સર્વજ્ઞ જ્ઞાન છે. '**એવું સર્વગત જ છે.**' સર્વગત જ એટલે સર્વને જાણનારું જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ જ્ઞાનની આવી દશા જેને પ્રગટ થવાની ભાવના થાય એ નિમિત્ત, રાગ અને અંશ તરફથી પાછો વળે અને સ્વભાવ સન્મુખ થાય. આ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનનું વર્ણન આ પૂરું કરશે પછી.

મુમુક્ષુ :- પછી સુખનું.

ઉત્તર :- પછી સુખ કરશે. મૂળ જ્ઞાન અને સુખ બે જ છે ને વસ્તુ, બાકી તો એની સાથે બધા ગુણ ભલે હો.

આવું 'અદ્‌ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે એવું સર્વગત જ છે.' સમજાણું કાંઈ? આહા..હા..! કહ્યું હતું ને એક ફેરી? અહીં બેઠા હતા નહિ આપણે ત્યાં હીરાભાઈના મકાનમાં. ઓલો આવ્યો હતો ને એક પંડિત. સ્થાનકવાસી સાધુ થયેલો અને પછી પાંચ વર્ષ થઈને પછી આવ્યો. જ્યાં કેવળજ્ઞાનની વાત ચાલતી હતી દ્રવ્યસંગ્રહની. દ્રવ્યસંગ્રહની વાત ચાલતી હતી. કેવળજ્ઞાન બધાને જાણે તો પછી પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો ત્યાં? આવો પ્રશ્ન કર્યો હતો. ૯૨માં હીરાભાઈના મકાનમાં.

મુમુક્ષુ :- અમે બેઠા હતા.

ઉત્તર :- બેઠા હતા. એ બેઠા આમ, અમે આમ બેઠા હતા. દ્રવ્યસંગ્રહ ચાલતું હતું. આવો પ્રશ્ન કર્યો. એક કેવળજ્ઞાન બધાને જાણે (અને) એ પ્રકારે થાય એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? કીધું, કેવળજ્ઞાન છે એમ માનો છો તમે? મારો પ્રશ્ન એ છે. એ ઉત્તર છે પહેલો. પહેલું તમે પ્રશ્ન તો એ કર્યો છે કે કેવળજ્ઞાન છે તે ત્રણ કાળને જાણે. તો પછી કેવળજ્ઞાન છે એવી અસ્તિથી તો તમે વાત કરી છે. તો જો તમારે એ અસ્તિપણું ન બેસતું હોય તો પ્રશ્ન એમ હોવો જોઈએ કે કેવળજ્ઞાન હોઈ શકે નહિ. કેવળજ્ઞાન હોઈ શકે નહિ એ પ્રશ્ન હોવો જોઈએ. આ તો કેવળજ્ઞાન કેમ હોઈ શકે? એ પ્રશ્ન હોવો જોઈએ. તમે તો પ્રશ્ન આ રીતે કર્યો છે કે કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે તો કરનારને પુરુષાર્થ ક્યાં રહ્યો? એ વાત તમારી પ્રશ્નમાં તો એ હતી. એય..! નવરંગભાઈ! મૂળ તો એને કેવળજ્ઞાન ઉડાવવું હતું.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન કબુલવું નહોતું.

ઉત્તર :- હા, કેવળજ્ઞાન હોય તો બધું થાય, આમ ને આમ થાય તો પછી કરવાનું શું રહ્યું? સાંભળને! કેવળજ્ઞાન છે એવો નિર્ણય કરે ત્યારે જ એને અનુભવ સમ્યગ્દર્શન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો વળી નિમિત્તનું ઉડાડ્યું. ઈશ્વર જોઈએ વચમાં. એમ કે બહાર નીકળે બળદ. બળદનું શિંગડું વાગ્યું એક માણસને. હવે એ કર્મને ક્યાંથી ખબર પડી કે અત્યારે આને લાવવું? અને એને ક્યાંથી ખબર પડી કે આને ઉદય આવો માટે શિંગડાને વાગવું? એમ કરીને નિમિત્તને ઉડાડ્યું. એય..! નવરંગભાઈ! દીક્ષા લીધી હતી. પાંચ વર્ષ રહ્યો સ્થાનકવાસી સાધુ. ... જૈનના. એમાં કાંઈ ઠેકાણા નહિ. આવા ને આવા. પછી તો વેદાંતી થઈ ગયો ને રામાયણ વાંચતો હતો. પરણ્યો હતો પછી.

અરે..! ભાઈ! આહા..હા..! હજી આત્મા આવડો છે એ માનતા નથી તે આત્માને માનતા નથી. આત્મા આવડો છે, જ્ઞાનસ્વરૂપી છે અને એક છે અને પરિપૂર્ણ છે માટે તાદાત્મ્ય સ્વભાવે જ્ઞાન ભર્યું છે, એની એકાગ્રતા થતાં અખંડ જ્ઞાન અને પરિપૂર્ણ દશા થાય એવી તો એની પર્યાય છે. ગુણ પરિપૂર્ણ છે, દ્રવ્ય પરિપૂર્ણ છે, એકાગ્ર થતાં પર્યાય પરિપૂર્ણ

(પ્રગટ થાય છે). ત્રણે પરિપૂર્ણ છે એવો તો આત્મા છે. આવો આત્મા ન માને એણે આત્મા માન્યો નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અને પુરુષાર્થ. કેવળજ્ઞાન માનો છો કીધું કેવળજ્ઞાન? કેવળજ્ઞાન છે એમ જો તમે માનો તો એમાં પુરુષાર્થ આવી ગયો. કેવળજ્ઞાને દીઠું એમ થતાં બીજો પુરુષાર્થ કરવાનો રહેતો નથી એમ થાશે. પણ તમે કેવળજ્ઞાન માનો, માનો કે કેવળજ્ઞાન છે તો એકલું કેવળજ્ઞાનનું જ્યાં પ્રતીત પુરુષાર્થ થયો તો સ્વભાવ સન્મુખ થાય ત્યારે પુરુષાર્થ થાય છે એ. ત્યારે એની પ્રતીત આવે છે. એટલે પછી તને, કેવળીએ દીઠું એ ફરશે નહિ એ તારી શ્રદ્ધામાં આવી જશે. કેમકે એ જાણનાર-દેખનાર છે, હું પણ એક જાણનાર-દેખનાર છું. સમજાણું કાંઈ? વાતું આકરી ભારે!

'**જેણે અદ્‌ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે...**' લ્યો! '**એવું સર્વગત જ છે.**' સર્ગવત જ છે એટલે સર્વને પહોંચી જ વળેલું છે એટલે સર્વજ્ઞ જ છે. સમજાણું કાંઈ? લ્યો આ કેવળજ્ઞાનના ગાણા છે આ સારા દિ'માં લ્યો આ. આ ધનતેરસમાં કહે છે ને. ધનની પૂજા એ નહિ. કેવળજ્ઞાનની પૂજા. એ લક્ષ્મી કેવળજ્ઞાન છે. ધૂળમાંય નથી તારા ધનના ઢગલા હવે. હોળી બધી પડી હોય અને પ્રાર્થના કર રોગ આવે ત્યારે કે ભાઈસાહેબ! મરી ગયા, આ ઉતરતો નથી તાવ. ૩૮ દિ'નો હવે આ ટાઈફોઈડ થયો, ડોક્ટર કહે છે કે ૩૮ દિ' ચાલશે. હાય.. હાય.. આમ પડખું ફેરવતા ઉં... આ કરતા ઉં.. હવે એમાંથી ૩૭માંથી કોકને ૪૨ થઈ જાય, ૪૬ થઈ જાય. પણ એ તો રોગ સાધારણ છે, પણ નરકના રોગ દેખો! ઓહો..હો..! જન્મે ત્યાંથી સોળ રોગ. ૩૩ સાગરની સ્થિતિ. મરી ન ગયો ત્યાં. સત્ તે મરતા હશે? સૂરજ મરી ગયો હશે? સૂરજના સ્નાન કાઢતા હશે કોઈ? સૂરજ મરે? ચંદ્ર મરે? તારા મરે? કોણ મરે? પ્રકાશના પૂંજ છે એ મરે કોણ? એમ આ તો ચૈતન્યપ્રકાશનો પૂંજ આત્મા છે. મરે કોણ અને જન્મે કોણ? સમજાણું કાંઈ? એના કોઈ સ્નાન ન કાઢ્યા આથમ્યો ત્યારે. મરી ગયો હાય.. હાય.. સમજાય છે? ચંદ્ર-સૂર્ય તો ગયા, આથમી ગયા. આથમી ગયા તો એને ખ્યાલ છે કે એ છે, મરી ગયા નથી. એમ આને ખ્યાલમાં ન આવે તો કહે આત્મા નથી. નથી નહિ મરી ગયો તું. પર્યાયમાં છે વસ્તુ. વસ્તુ તો એમ ને એમ જીવતી જ્યોત છે. ના પાડ તોપણ છે. આહા..હા..! ભાવાર્થ. એ અહીં જોવે તો ચાલે એવું છે. ત્યાં બરાબર આંકડા ઉપર આવ્યો છે લૂગડાનો કટકો-ધજા. અહીં છે ને. એવું ઘણી વાર બને છે. આવે ને પણ બે-ત્રણ દિ'એ એકમાંથી એક આવે જ ને અહીં.

'**ભાવાર્થ :- અક્રમે પ્રવર્તવું જ્ઞાન એક જ્ઞેયથી બીજા જ્ઞેય પ્રત્યે પલટાતું નહિ હોવાથી નિત્ય છે,...**' જોયું! ખુલાસો પાછો પોતે કર્યો છે. '**અક્રમે પ્રવર્તતું...**' ભગવાન આત્માનું જ્ઞાન પૂર્ણ થતાં કેવલજ્ઞાન એ '**અક્રમે પ્રવર્તતું જ્ઞાન એક જ્ઞેયથી...**' એક જાણવાયોગ્ય પદાર્થથી. '**બીજા જ્ઞેય પ્રત્યે પલટાતું નહિ હોવાથી નિત્ય છે,...**' સમજાણું? અને '**પોતાની સમસ્ત શક્તિઓ ખુલી ગઈ હોવાથી...**' એમ. શક્તિઓ કહી વ્યક્તિ કીધી.

'ખુલી ગઈ હોવાથી...' શક્તિઓ બધી ખુલી ગઈ, વ્યક્ત થઈ ગઈ '**ક્ષાયિક છે; આવા અક્રમિક જ્ઞાનવાળો પુરુષ જ સર્વજ્ઞ હોઈ શકે. સર્વજ્ઞના એ જ્ઞાનનું કોઈ પરમ અદ્‌ભુત માહાત્મ્ય છે.**' ઓહો..હો..! બહુ સરસ વાત!

'**હવે જ્ઞાનીને (કેવળજ્ઞાની આત્માને) જ્ઞપ્તિક્રિયાનો સદ્‌ભાવ હોવા છતાં પણ...**' 'પણ' ભાષા છે. જાણવાની ક્રિયાની હયાતી હોવા છતાં... સર્વજ્ઞ પરમેશ્વર જ્ઞાનની પર્યાયમાં આવું ત્રણ કાળ ત્રણ લોક જાણવાની ક્રિયારૂપે પરિણમે છે છતાં, '**તેને ક્રિયાના ફળરૂપ બંધનો નિષેધ કરતાં ઉપસંહાર કરે છે...**' એને બંધન હોતું નથી. કારણ કે રાગ-દ્વેષ-મોહ છે નહિ. જ્ઞપ્તિ પ્રવર્તન થાય, પરિણમે, જાણવાની ક્રિયા થાય. એ જાણવાની ક્રિયા કાંઈ બંધનું કારણ નથી. પૂરું જાણ્યું એણે તો વળી. અહીં તો ઓછું જાણે. ત્રણ કાળ ત્રણ લોકને પૂર્ણ જાણે. વ્યક્તિ પૂર્ણ થઈ ગઈ, આની કોર પૂર્ણ જાણ્યું. એવી જ્ઞપ્તિ જાણવાની ક્રિયામાં કાંઈ બંધન છે? ફળ બીજું કોઈ છે? કે ના. એના ફળમાં તો આનંદ છે. એ આનંદનો અધિકાર લેશે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાની પૂર્ણ દશાને પ્રાપ્ત થતાં, તેમાં જ્ઞપ્તિપણું એટલે બધું જાણવાનું હોવા છતાં તેને રાગ-દ્વેષ-મોહ નથી તેથી બંધન છે નહિ. એને એમ કરીને આ જ્ઞાન અધિકાર પૂરો કરે છે.

'**(અર્થાત્ કેવળજ્ઞાની આત્માને જાણનક્રિયા...**' જુઓ! જ્ઞપ્તિ હતીને એનો ખુલાસો કર્યો. '**જાણનક્રિયા...**' જાણવાની ક્રિયા '**હોવા છતાં...**' જુઓ! આ એક ક્રિયા છે એક આ. રાગની ક્રિયા, જડની ક્રિયા અને જાણનક્રિયા. આ પરમાણુ આદિ જે આમ પલટે અને આમ થાય એ જડની ક્રિયા, અંદર વિકલ્પ ઊઠે પુણ્ય-પાપનો એ વિકારની વિભાવિક ક્રિયા, જાણવાની પર્યાય થાય એ જાણનક્રિયા. જાણનક્રિયા એ તો સ્વભાવ છે એનો. એ બંધનું કારણ નથી. '**બંધ થતો નથી એમ કહી જ્ઞાન-અધિકાર પૂર્ણ કરે છે) :—**' ૫૨.

**ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जति णेव तेसु अट्ठेसु।**
**जाणण्णवि ते आदा अबंधगो तेण पण्णत्तो।।५२।।**

'**पण्णत्तो**' (એટલે) ભગવાને એમ કહ્યું છે.

**તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,**
**સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.**

લ્યો! પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય આવ્યું. પરિણમે અને આવે છે ને '**गेण्हदि**' એ શબ્દ ભાઈએ મૂક્યા છે. ભાવાર્થમાં મૂક્યા છે. એ શબ્દ છે? ઓલામાં પણ છે.

'**ण वि परिणमदि ण गेण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए...**' (સમયસાર ગા.૭૭) એમ શબ્દ છે. અહીં '**अट्ठेसु**' ઓહો..હો..!

હવે એનો '**અન્વયાર્થ :- (કેવળજ્ઞાની) આત્મા...**' અરે..! આસ્થા તો કરે કે આવો એક સમયની પર્યાયનો ધરનાર હું અને ત્રણ કાળ ત્રણ લોક જાણું એવડો હું. એક સમયની

પર્યાય એટલે કે આખા દ્રવ્ય જાણે, ગુણ જાણે. એ દ્રવ્ય ને ગુણ એમાં પર્યાયમાં ન આવે, પણ દ્રવ્ય અને ગુણનું જ્ઞાન પર્યાયમાં આવી જાય. લોકાલોક પર્યાયમાં ન આવે, પણ પર્યાયમાં લોકાલોકનું જ્ઞાન આવી જાય. સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયનો પર્યાય છે એ જ આખું પૂર્ણ છે એમ કહે છે લ્યો! લોકાલોકનું જ્ઞાન અને પોતાના દ્રવ્યનો એક સમયનો (જ્ઞાન) પર્યાય (મળીને) એક જ વસ્તુ છે. સમજાણું કાંઈ? એ પર્યાયને જોતાં, પોતાના દ્રવ્ય-ગુણ અને લોકાલોક બધું, પર્યાય જોતા જણાઈ જાય છે. એવડો એક સમયનો જ્ઞાનગુણનો પર્યાય પરિપૂર્ણ છે, એવા '(કેવળજ્ઞાની) **આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં...**' જાણો. જાણવાની ક્રિયા તો પોતાની સ્વતઃ છે. '**તે-રૂપે પરિણમતો નથી,...**' એ વિકાર્ય લીધું. સમજાણું? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવા કાર્યના ત્રણ પ્રકાર છે. એ વળી બીજું આવ્યું આમાં. ક્યાં આમાં ક્યાંય... કેટલું ક્યાં હતું આમાં કાંઈ. શું કીધું? એ ૭૬ ગાથામાં આવી ગયું છે આપણે. ૭૬, ૭૭, ૭૮. ઘણો વિસ્તાર આવી ગયો. હમણા જ આવી ગયો. સમજાણું?

ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયે પરિણમેલો પદાર્થપણે પરિણમતો નથી એવો એનો અર્થ છે. જુઓ! '**આત્મા પદાર્થોને જાણતો હોવા છતાં તે-રૂપે પરિણમતો નથી,...**' એટલે પદાર્થપણે પરિણમીને વિકાર્યરૂપે થતો નથી. વિકાર્ય શબ્દ છે એ. '**તેમને ગ્રહતો નથી...**' પ્રાપ્ય શબ્દ છે. પરને જાણવા છતાં તેને ગ્રહતો નથી. પદાર્થને ગ્રહતો નથી. પ્રાપ્ય કર્મ છે. પ્રાપ્ય કર્મ. પર્યાયરૂપી કાર્ય એના ત્રણ પ્રકાર છે—એક પ્રાપ્યરૂપી ગ્રહવું, એક પરિણમવું અને એક ઊપજવું. એ ત્રણે એક સમયની ક્રિયા છે. પણ છે તેને પ્રાપ્ત થાય, તેને ગ્રહણ કહે છે. છે તે બદલીને ઊપજ્યું છે એ અપેક્ષાએ તેને (વિકાર્ય) કહે છે, ઊપજ્યું એ અપેક્ષાએ તેને નિવર્ત્ય કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આ તો ઓલામાં પણ આવે છે સંસ્કૃત વ્યાકરણમાં આવે છે. વ્યાકરણમાં આવે છે. કમળાશંકર વ્યાકરણ લાવ્યા હતા એક ફેરી એમાં પણ આવે છે. આપણે ૭૬-૭૭માં ઘણો વિસ્તાર કર્યો છે.

મુમુક્ષુ :- રાજકોટમાં થયો હતો ને.

ઉત્તર :- હા, રાજકોટમાં થયો હતો. અહીં પણ થયો હતો. ઘણીવાર થયો. રાજકોટમાં લાલુભાઈએ એ વંચાવ્યું હતું ને. કહે, આ અમારે સાંભળવું છે કર્તાકર્મનો અધિકાર. દેવશીભાઈ! ૭૫-૭૬-૭૭-૭૮. ત્યાં એમ લીધું છે કે આત્માનું પ્રાપ્ય, આત્માની જ્ઞાન અવસ્થા તે કાળે થાય તે એનું પ્રાપ્ય છે. રાગ પ્રાપ્ય નથી. એ જ્ઞાનપણે પરિણમે છે બદલીને તે તેનું વિકાર્યરૂપી કાર્ય છે. વિકાર્ય નામ બદલવારૂપી કાર્ય છે અને એ જ્ઞાનની પર્યાયપણે ઊપજે છે એ નિર્વર્ત્યરૂપી એ એનું કાર્ય છે. સમજાણું કાંઈ?

'(કેવળજ્ઞાની) **પદાર્થોને જાણતો હોવા છતાં...**' પદાર્થપણે પરિણમતો નથી, બદલતો નથી, પદાર્થપણે બદલતો નથી. તેમને પકડતો નથી. લોકાલોકના જ્ઞેયને જાણતા છતાં ભગવાન

આત્મા તેને પકડતો નથી. અહીંયાં પણ શું છે? અહીંયા ખરેખર પરપદાર્થને જાણતા છતાં પરપદાર્થપણે પરિણમતો નથી જીવ. પરપદાર્થપણે પરિણમે? અને પરપદાર્થને જાણતો છતાં પરપદાર્થ ગ્રહતો નથી, એને પહોંચી વળતો નથી, એને પ્રાપ્ત થતો નથી. એને પહોંચી વળે એવું નથી અહીં તે. પહોંચી વળે એ સંબંધે અહીં જ્ઞાનને પહોંચી વળે છે. અને તે પદાર્થપણે ઊપજે છે એમ છે? પરપદાર્થપણે ઊપજે છે? આહા..હા..! ખરેખર તો રાગપણે ઊપજતો નથી, રાગપણે પરિણમતો નથી અને રાગને ગ્રહતો નથી, આત્મા એને કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? વિભાવને ગ્રહે, વિભાવપણે પરિણમે અને વિભાવપણે ઊપજે એ આત્મા? એ તો અણાત્મા છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યારે નીચલી દશામાં પણ વ્યવહારને જાણેલો હોવાથી પ્રયોજનવાન છે એમ ભગવાને કહ્યું. ધર્મી જીવને વ્યવહાર વિકલ્પ આવે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એને આવતો નથી. એને એ સંબંધીનું જ્ઞાન આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ધર્મી જીવને પોતાને રાગનું જ્ઞાન થાય છે. એ રાગપણે પરિણમે છે એમ નથી. જ્ઞાનપણે પરિણમે છે એમ છે. રાગને ગ્રહે છે એમ નથી. પોતાની તે સમયની પર્યાય જ્ઞાન તેને પહોંચી વળે છે. રાગને પહોંચી વળતો નથી ધર્મી, તેમ રાગપણે ઊપજતો નથી, પણ રાગ સંબંધીના જ્ઞાનપણે ઊપજે છે. આહા..હા..! બહુ ઝીણું ભાઈ! ઝીણું નથી પણ એના ઘરનું છે, પણ એણે કોઈ દિ' દરકાર કરી નથી. જ્યારે પૂર્ણ સ્વરૂપમાં એમ છે તો પછી કેવળજ્ઞાની પણ તે-રૂપે પરિણમે પદાર્થપણે એમ નથી, તેને પ્રાપ્ત કરે, જ્ઞાનમાં એ જણાઈ ગયું એટલે લોકાલોકને પ્રાપ્ત કરે એમ છે? નારકી ભાવને પ્રાપ્ત કરે? નારકીના દુઃખને પ્રાપ્ત કરે એમ છે?

'**અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી...**' પોતાની પર્યાયપણે ઉત્પન્ન થાય છે, પણ તે પદાર્થપણે કેવળજ્ઞાની ઉત્પન્ન થતો નથી. '**તેથી તેને અબંધક કહ્યો છે.**' તેથી ભગવાન સર્વજ્ઞ પરમાત્મા અબંધ છે, એને બંધ છે નહિ. મોક્ષ જ છે, મોક્ષની પર્યાય પ્રગટ થશે, ભાવમોક્ષ છે. ઓહો..હો..! દેહમાં રહ્યા છતાં, ચાર અઘાતિ કર્મ પડ્યા છતાં... સમજાય છે? એ કેવળજ્ઞાનની પર્યાય એ તો અબંધક જ છે.

'**ટીકા :- અહીં...**' '**उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णिणदिणा भणिया। तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।**' '**એ ગાથાસૂત્રમાં,...**' ૪૩મી ગાથા આવી ગઈ. આમાં ૪૩મી ગાથા આવી ગઈ. '**ઉદયગત પુદ્‌ગલકર્માંશોની હયાતીમાં...**' કર્મનો ઉદય હો એની હયાતીમાં '**ચેતતાં-જાણતાં-અનુભવતાં મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા સાથે જોડાતો થકો આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે, પણ જ્ઞાનથી નહિ...**' શું કહે છે? કહે છે, કર્મનો ઉદય,... બતાવે ત્યારે સામે બતાવે ને? કર્મનો અહીં ઉદય છે એમાં જે જોડાય છે, જાણતા એમાં જોડાય છે, આ મારું એમ મિથ્યાત્વભાવ થાય છે અને રાગ-દ્વેષ થાય છે એવા '**મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી**

**જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા...**' એ જ્ઞેયરૂપી પદાર્થ અને પરિણમનસ્વરૂપ ક્રિયા રાગની. એ રાગમાં જોડાતો થકો '**આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે,...**' એ રાગ અને વિકારને અનુભવે છે.

શું કીધું? કે આત્મા આત્મા છે અને કર્મનો ઉદય જડમાં છે. અહીં નથી. પણ એમાં આમ ન જોડાતાં ત્યાં જોડાય છે. જાણવાના કાળમાં જાણવું જોઈએ તેને અને પરપદાર્થને અને ઉદયને જાણવું જોઈએ. એ જાણવું જોઈએ એટલું તો બરાબર છે. પણ જાણવા કાળે એ ઉદય સાથે જોડાઈ જાય છે. આમ જોડાણ નથી એટલે આમ જોડાઈ જાય છે. આમ જોડાઈ જાતાં વિપરીત અભિપ્રાય થાય છે કે આ રાગ હું. અને રાગ ને દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટને દેખીને રાગ-દ્વેષ થાય છે. તેથી એ ભાવબંધને અનુભવે છે. એ અજ્ઞાની બંધને અનુભવે છે, અધર્મને અનુભવે છે. સમજાણું કાંઈ? છે ને?

'**પણ જ્ઞાનથી નહિ...**' એ જ્ઞાનથી નથી, જ્ઞાન તો જાણનાર છે. જાણનારમાં આ ઉપરાંત રાગ, દ્વેષ અને મોહ કર્યો તેથી બંધ થાય છે. જાણવું-દેખવું બંધનું કારણ નથી. '**એમ પ્રથમ જ અર્થપરિણમનક્રિયાના ફળપણે બંધનું સમર્થન કરવામાં આવ્યું છે...**' અર્થપરિણમનક્રિયાના ફળપણે '**(અર્થાત્ બંધ તો પદાર્થોરૂપે પરિણમવારૂપ ક્રિયાનું ફળ છે એમ નક્કી કરવામાં આવ્યું છે)...**' વિશેષ આવશે લ્યો, વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો વદ ૩૦, સોમવાર, તા. ૨૧.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૨, પ્રવચન-૪૨**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. શું કહે છે? કે કેવળજ્ઞાનીનો આત્મા એની વાત ચાલે છે. ભગવાન આત્મા જ્યારે સર્વજ્ઞપદ કેવળજ્ઞાનને પામે છે, અરિહંતપદ કહો, કેવળજ્ઞાનપદ કહો, એ પામવા પહેલા એને પામવાની ક્રિયા કઈ હોય એ પહેલી આવી ગઈ છે. આત્મા ત્રિકાળ જ્ઞાનનું, આનંદનું સ્વરૂપ જે ત્રિકાળી ધ્રુવ છે, વસ્તુ છે આત્મા પદાર્થ એ પણ ત્રિકાળી જ છે અને એનો જ્ઞાન અને આનંદ આદિ ગુણ સ્વભાવ પણ ત્રિકાળી છે. એવા આત્માને અંતરમાં અવલંબીને, એવા આત્માનું પરિપૂર્ણ દ્રવ્યનું કે પરિપૂર્ણ સ્વભાવનું શ્રદ્ધા-જ્ઞાન સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વસંવેદનનું પરિણમન કરે ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની ત્યારે ધર્મની શરૂઆતવાળો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ છે અને તે વસ્તુ

છે તેનો સ્વભાવ-શક્તિ-ગુણ-ભાવ એ ત્રિકાળી છે આનંદ અને જ્ઞાન આદિ સ્વભાવ. એવા સ્વભાવની સન્મુખ થઈને, નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞ દશાથી વિમુખ થઈને, પૂર્ણ સ્વભાવ સન્મુખ થઈને જે કંઈ સમ્યગ્દર્શન અને સ્વસંવેદનજ્ઞાન થાય તેને ધર્મની અથવા પરમાત્માને પામવાના આશ્રયની પહેલી ભૂમિકા એ છે. પરમાત્મા એટલે પોતે હોં, બીજો કોઈ પરમાત્મા નહિ.

એવા દર્શન-જ્ઞાનપૂર્વક સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગની સામ્યભાવની, શુદ્ધ આચરણની, રાગરહિત વીતરાગી એટલે ચારિત્રના પરિણામનું આચરણ કરતા એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શુદ્ધ ઉપયોગ દ્વારા. દયા, દાન, વ્રતાદિ વિકલ્પ એ શુભ છે એ દ્વારા ચારિત્રપદ નથી અને એ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ પણ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ, સત્ નામ શાશ્વત અને ચિદ્ અને આનંદની મૂર્તિ, એવા પરિપૂર્ણ ભગવાનની દૃષ્ટિ, જ્ઞાન અને એમાં શુદ્ધ ઉપયોગની રમણતા એટલે ચારિત્ર. ચારિત્ર એટલે કાંઈ લૂગડા છોડવા (આદિ) ક્રિયા એ કાંઈ ચારિત્ર નથી, તેમ કોઈ દયા, દાનના, વ્રતના વિકલ્પ ઊઠે એ કાંઈ ચારિત્ર નથી. એ વ્રત તો પુણ્યબંધનું કારણ છે. આહા..હા..!

ચારિત્ર એટલે ચરવું. શેમાં? કે જે જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ આત્મા ધ્રુવ છે એની દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક એમાં ચરવું, રમવું, જમવું-આનંદનું ભોજન કરવું, જમવું એટલે. સમજાય છે કાંઈ? એ દશાને ચારિત્રદશા કહે છે. અને એ ચારિત્રના ફળ તરીકે કેવળજ્ઞાન પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ પ્રાપ્ત થાય છે. કહો, એમાં બધી વ્યાખ્યા આવી ગઈ. દ્રવ્યની, ગુણની, શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની પર્યાયની, એના ફળ તરીકે પૂર્ણ અરિહંતના કેવળજ્ઞાન અને આનંદની. સમજાય છે કાંઈ?

એવા ભગવાન કેવળજ્ઞાનપ્રાપ્તને હવે જ્ઞપ્તિ-જાણવાની ક્રિયા રહી છે, પણ એને રાગ, દ્વેષ અને મોહ નથી તેથી એને બંધન છે નહિ. એમ અહીં સિદ્ધ કરવા માગે છે. સમજાય છે કાંઈ? કેમ? કે પૂર્ણ જ્ઞાનની પર્યાયરૂપી પરિણમન થઈ ગયું. ભગવાન આત્મા જેવો પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદસ્વરૂપ જ એનું ધ્રુવ છે નિત્ય. એની રુચિ, દૃષ્ટિ અને આચરણ કરીને જે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ થયું, હવે એના જ્ઞાનમાં નવું જાણવું રહ્યું નથી કે કોઈ પદાર્થ અધૂરો રહ્યો છે જાણવામાં એવું નથી. ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ, એ જ્ઞાનની પર્યાયમાં તેના જ્ઞેયનું જે જ્ઞાન છે તે અહીં પરિણમી જાય છે. સમજાય છે કાંઈ? હવે કહે છે કે એને બંધ નથી. જાણવાની આવડી મોટી ક્રિયા થઈ ને? ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને જાણવાની પર્યાયની અંદર દશાની ક્રિયા થાય છે, એને કોઈ બંધ છે નહિ. એ સિદ્ધ કરવા માગે છે.

'ટીકા :- 'उदयगदा कम्मंसा जिणवरवसहेहिं णियदिणा भणिया। तेसु विमूढो रत्तो दुट्ठो वा बंधमणुभवदि।।' એ ૪૩મી ગાથામાં કહેવાઈ ગયું છે. 'ઉદયગત

**પુદ્‌ગલકર્માંશોની હયાતીમાં...**' શું કહે છે? પૂર્વના બાંધેલા કર્મના ઉદયના અસ્તિત્વકાળમાં, પૂર્વના બાંધેલા કર્મના ઉદયના અસ્તિત્વ-હયાતીના કાળમાં '**ચેતતાં-**' આત્મા જાણે. '**જાણતાં-અનુભવતાં મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી...**' પોતે વસ્તુ પરને જાણતા, પર મારા અને પરમાં ઠીક કે અઠીક એવા મોહ અને રાગ-દ્વેષપણે જો આત્મા પરિણમે તો કર્મબંધન થાય. એનો એવો એક ગુણ કે.... સ્વયં પ્રકાશમાન. સમજાય છે કાંઈ?

એ '**મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ...**' ભાષા દેખો! જ્ઞેય પદાર્થ. અર્થ એટલે પદાર્થ. જ્ઞેયરૂપી પદાર્થમાં પરિણમન સ્વરૂપ. એટલે? જાણવાયોગ્ય જે પદાર્થ છે જ્ઞેયપદાર્થસ્વરૂપ એને જાણતાં '**ક્રિયા સાથે જોડાતો...**' એટલે કે કર્મના ઉદયમાં રાગ અને દ્વેષ કરે અને કર્મના ઉદયમાં જોડાઈ જાય, આ મારા અને હું એનો. સમજાય છે કાંઈ? સો ચીજ છે આમ સામે. સમજાય છે? એક શેરી છે એમાં સો મકાન છે. હવે મકાન છે એમાં જાણવું એ તો એની જાણવાની ક્રિયા આત્માની છે. એ સો એમ જાણે છે. પણ એ ઉપરાંત એને એમ થઈ જાય કે આ મકાન એ મારું. જાણવામાં સોએ છે એમાં મારું-તારું એમાં-જ્ઞેયમાં પણ નથી, જાણવાના જ્ઞાનમાં પણ નથી. સમજાય છે કાંઈ? જાણનાર જ્ઞાનમાં પણ આ સો જાણે છે એમાં મારું છે એવું જ્ઞાનમાં પણ નથી. તેમ સો ઘર છે એક આ એ જ્ઞેય છે એમાં નથી કે આ જ્ઞેય આ (મારું) એવું એમાં નથી. એમ જાણતા. જાણવું અને જ્ઞેય જણાય એ પણ બંધનું કારણ નથી. પણ એ ઉપરાંત આમ જાણતાં આ મારું મકાન. જુઓ! ક્યાંથી થઈ ગયું? છે નહિ ને. સો એ જાણવાનું છે. સમજાય છે કાંઈ? અને સો આમ છોકરા ઊભા હોય સો. જ્ઞાન જાણે અને જ્ઞેય જણાય. જ્ઞેય પદાર્થ છે જ્ઞેય છે એ જણાય, આ જાણે. બસ એટલું. એ ઉપરાંત એને એમ થયું કે આ છોકરો મારો. ક્યાંથી આવ્યું એ?

મુમુક્ષુ :- વચમાંથી.

ઉત્તર :- ક્યાં હતો ધૂળમાં? એય..! સુમનભાઈ! ધૂળમાંય ત્યાં નથી કોઈનો. હેરાન થઈને .. રળીને પાપ કર્યું અને પૈસા ખર્ચ્યા છોકરા માટે અને રોટલા ખાય ઘરના, બાયું બીજા રાંધીને. કહો, સુમનભાઈ! આહા..હા..!

અહીં તો શું ભગવાન સિદ્ધ કરે છે? પરમાત્મા કેવળજ્ઞાનસ્વરૂપ છે એ આમ લોકાલોક જેટલા જ્ઞેય છે ને એને જાણે, અનંતને. અનંતને જાણવારૂપ જ્ઞાન પરિણમે. એમાં આ મારા અને આ ઠીક-અઠીક કરે તો એને મોહ અને રાગ-દ્વેષ થાય. કેવળીને છે નહિ. અનંતને અનંતપણે જાણતા અનંત જ્ઞેયના અર્થે જે એનું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં અહીં જણાઈ જાય. પણ એ જાણવું એ કાંઈ બંધનું કારણ નથી. તેમ જ્ઞેયો જે છે એ બંધના કારણ નથી. બે વાત થઈ. ત્રીજું. કર્મનો ઉદય અંદર જે છે એને અને દેહની ક્રિયા હાલવા-ચાલવાની થાય એ બંધનું કારણ નથી. સમજાય છે કાંઈ? ત્રણ વાત થઈ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે એ

જાણે. અહીં પણ એ જાણે. એ કાંઈ જાણવું બંધનું કારણ નથી. પણ જ્ઞેયો-જગતના પદાર્થોને જાણે એ જ્ઞેય બંધનું કારણ નથી. બે. ત્રીજું, પૂર્વના કર્મનો ઉદય આવવાથી દેહની ક્રિયા હાલવું-ચાલવું, વાણી ક્રિયા આદિ થાય એ જડની ક્રિયા છે. એ કાંઈ બંધનું કારણ નથી. એમાં આ મારાથી થાય છે, આ રાગ તે મારો, આ ચીજ તે મારી, દેહની ક્રિયા હું કરું છું એવું જે જાણવા ઉપરાંત એ અતિરેક આ માન્યું એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એને બંધનું કારણ છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાનને તો એ છે જ નહિ.

જ્ઞેયાર્થપરિણમન. જ્ઞેયાર્થપરિણમન એટલે? જ્ઞેયરૂપી પદાર્થનું પરિણમન. એટલે કે પરપદાર્થ રૂપે પરિણમન જ્ઞાનીને હોતું નથી અને અજ્ઞાનીને પણ હોતું નથી. શબ્દ તો આવો છે. '**જ્ઞેયાર્થપરિણમનસ્વરૂપ ક્રિયા...**' એટલે? કે જ્ઞેયમાં લક્ષ કરીને રાગ અને મોહરૂપે થવું એવી જે જ્ઞેયાર્થપરિણમનક્રિયા '**સાથે જોડાતો થકો...**' રાગમાં જોડાતો થકો, પુણ્યમાં, પાપમાં, વિકલ્પમાં જોડાતો થકો. '**આત્મા ક્રિયાફળભૂત બંધને અનુભવે છે,...**' એ ક્રિયાનું ફળ જે જોડાણવાળા રાગ ને દ્વેષ ને મિથ્યાત્વને અનુભવે છે. એ મિથ્યાત્વનો અનુભવ છે, એ બંધનો અનુભવ છે. '**પણ જ્ઞાનથી નહિ,...**' જાણવાથી બંધ નહિ. જાણવાથી બંધ નહિ, જ્ઞેયથી બંધ નહિ. દેહની ક્રિયા... ભગવાન સર્વજ્ઞ પરમાત્માને અઘાતિકર્મ બાકી છે એના ઉદયથી વાણી નીકળે, હાલે, ચાલે એ તો જડની ક્રિયા છે. એ તો જ્ઞાનમાં જ્ઞેય છે, જ્ઞાનમાં જ્ઞેય છે. એક સમયમાં જ્ઞાનમાં એ તો જ્ઞેય થઈ ગયું છે. હવે એને માટે 'આ હું બોલું છું અને આ દેહની ક્રિયા મારી છે' એવો ભાવ તો છે નહિ. સમજાય છે કાંઈ?

એ '**બંધને અનુભવે છે, પણ જ્ઞાનથી નહિ,...**' જાણવાથી બંધ નહિ એમ કહે છે. જાણવું એ બંધનું કારણ નથી. તેમ જણાય જ્ઞેય એ બંધનું કારણ નથી. બાયડી, છોકરા, કુટુંબ આખું જગત છે. અહીં આખું જગત છે એમ જાણે જ્ઞાન અને જ્ઞેય જણાય. એ તો જ્ઞાન પ્રમાણ અને જ્ઞેય પ્રમેય એવો સંબંધ છે. પણ સંબંધ હોવાથી કાંઈ પ્રમેય બંધનું કારણ છે? તેમ પ્રમાણ બંધનું કારણ છે? વાત સમજાય છે ન્યાય?

આત્માની જ્ઞાન અવસ્થા તે પ્રમાણ છે. પ્ર-માણ-વિશેષે માપ કરનાર. જેવી ચીજ છે તેવું આમ જ્ઞાન જાણે અને સામી ચીજો પ્રમેય છે, જ્ઞેય છે, પ્રમેય છે-જ્ઞેય છે—જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. બસ, એ તો બેનો સ્વભાવ એટલો થયો. એ જ્ઞાન પરનું અને પર જણાવાયોગ્ય આમાં થાય એ કાંઈ બંધનું કારણ નથી. એ ઉપરાંત અંદરમાં આ મારું, હું એનો એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આ ઠીક. એ જ્ઞેય છે એમાં ઠીક-અઠીક છે કોઈ? આખા જગતના અનંત જ્ઞેયો છે અને અનંતને જાણનારું જ્ઞાન છે. એમાં અનંત જ્ઞેયમાં બે ભાગ પડ્યા છે કે આ ઠીક અને અઠીક? અજ્ઞાની આ મારું માનીને ઠીક-અઠીક એવી રાગ-દ્વેષ અને મિથ્યાત્વની કલ્પના કરે છે એ બંધનું કારણ છે. એ જ કેવળીને નથી. સમજાય છે કાંઈ? કેવળી ચાલે, બોલે, હજારો ગાઉ આમ વિહાર કરે, .. છ છ ઘડી સવારમાં ધ્વનિ ઊઠે. બપોરે ધ્વનિ,

સાંજે ધ્વનિ. કહો. એ તો જડની ક્રિયા છે. એ તો કેવળજ્ઞાન થયું ત્યારથી જાણે છે કે આ પ્રકારે આ પર્યાય થવાની થશે. એ તો પહેલેથી જાણે છે. એ જાણનાર છે. એમાં વળી હું કરું છું. .. છે? કેવળીને ઇચ્છા છે? ઇચ્છા છે કે હું બોલું? ઇચ્છા હોય તો કેવળી ન હોય. સમજાય છે કાંઈ?

આ કેવળીની વાત કરીને આત્માની વાત કરે છે. આત્મા પણ એના જેવો છે ત્રણ કાળ ત્રણ લોકને જાણનાર. એ જાણવાની ક્રિયા કરે એ એનું સ્વરૂપ છે અને એ એનો ધર્મ છે સ્વભાવભાવને દેખવું ઇ. એ ઉપરાંત જ્ઞેયોને જાણતા, આ મને ઠીક પડે છે, આ મને ઠીક પડતું નથી એવી જે રાગ-દ્વેષની એની વૃત્તિઓ અને આ મારા અને હું એનો એવો મિથ્યાત્વભાવ એ બંધનું કારણ અને સંસાર છે. એ દુઃખરૂપ ભાવ અને પરિભ્રમણનું કારણ છે. ન્યાય સમજાય છે કાંઈ? કહો, રતિભાઈ સમજાય છે કે નહિ? ભગવાનને એ નથી માટે જ્ઞાનથી બંધ નથી.

**'એમ પ્રથમ જ અર્થપરિણમનક્રિયાના ફળપણે બંધનું સમર્થન કરવામાં આવ્યું છે...'** અર્થપરિણમનક્રિયા એમ કીધું હતું. એટલે શું? અર્થ એટલે પદાર્થ, પરિણમનની ક્રિયા. પદાર્થ પરિણમનરૂપ થતો નથી, પણ પદાર્થને જાણતા વિકલ્પ કરે છે એ પદાર્થ અર્થે પરિણમનક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પ્રથમ જ અર્થપરિણમનક્રિયા...'** અર્થ નામ પદાર્થની પરિણમન ક્રિયા. તો પરપદાર્થના પરિણમનની ક્રિયા જીવ કરી શકતો નથી. પણ ભાષા એવી છે કે અર્થપરિણમનક્રિયા. એટલે પદાર્થને જાણતા ઠીક-અઠીક એવો રાગ-દ્વેષ કરે એનું નામ પદાર્થ અર્થપરિણમનક્રિયા કહેવામાં આવે છે. ભારે ઝીણું! સમજાણું કાંઈ? માર્ગ એવો છે પણ માર્ગ અંદર એને હાથ આવ્યો નથી. કોઈ દિ' સાંભળવા મળે નહિ. આ કરો.. આ કરો... કરો... પૂજા કરો ને ભક્તિ કરો, દયા કરો ને વ્રત પાળો. હવે કરવું... કરવું.... કરવું... એ તો વિકલ્પ છે. એ વિકલ્પનું કરવું છે એ તો મિથ્યાત્વભાવ છે. આ જ્ઞાન વિકલ્પને કરે? એ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ છે, ચૈતન્યસૂર્ય છે. એ રાગ કરું છું અને રાગ મારું કર્તવ્ય છે એવું મિથ્યાદૃષ્ટિપણું મિથ્યાત્વ અને બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અર્થપરિણમનક્રિયાના ફળરૂપે બંધનું સમર્થન કરવામાં આવ્યું છે (અર્થાત્ બંધ તો પદાર્થોરૂપે પરિણમવારૂપ ક્રિયાનું ફળ છે...'** પદાર્થરૂપે પરિણમવું એનો અર્થ આ. પદાર્થરૂપે, કાંઈ પરપદાર્થરૂપે આત્મા પરિણમતો નથી. પણ પદાર્થને જાણતો રાગ-દ્વેષ-મોહપણે પરિણમે એ પદાર્થરૂપે પરિણમે છે એમ કહેવામાં આવે છે. ન્યાય સમજાય છે? શબ્દ તો આવો પડ્યો છે અંદર કે **'બંધ તો પદાર્થોરૂપે પરિણમવારૂપ ક્રિયા...'** પરપદાર્થરૂપે પરિણમવારૂપ ક્રિયા, તો પરપદાર્થરૂપે પરિણમે એવું તો બનતું નથી. પણ એનો અર્થ એ કે પરપદાર્થને જાણતા, રાગ ને દ્વેષ ને મિથ્યાત્વભાવપણે પરિણમે વિકલ્પપણે એ પરપદાર્થરૂપે

પરિણમનક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છે ને એમાં શબ્દો જુઓ! એ શબ્દોનો કેવો અર્થ કર્યો છે? ઝીણી વાત છે બાપુ! આહા..હા..!

**'એમ નક્કી કરવામાં આવ્યું છે) તથા...'** **'गेण्हदि णेव ण मुंचदि ण परं परिणमदि केवली भगवं। पेच्छदि समंतदो सो जाणदि सव्वं णिरवसेसं।।'** એ ગાથા ૩૨મી કહેવામાં આવી. **'એ ગાથાસૂત્રમાં શુદ્ધાત્માને અર્થપરિણમનાદિ ક્રિયાઓનો અભાવ નિરૂપિત કરવામાં આવ્યો છે...'** ત્યાં પણ એ આવ્યું. ભગવાન શુદ્ધ આત્મા છે અને અર્થ નામ પદાર્થની પરિણમન આદિ ક્રિયા. એટલે કે પદાર્થને જાણતા વિકલ્પની ક્રિયા. એમ. તો એ વિકલ્પમાં મિથ્યાત્વ-મોહ અને રાગ-દ્વેષ ત્રણે આવી ગયા. સમજાણું કાંઈ? **'શુદ્ધાત્માને અર્થપરિણમનાદિ ક્રિયાઓનો અભાવ નિરૂપિત કરવામાં આવ્યો છે...'** કથન કરવામાં આવ્યું છે. **'તેથી જે (આત્મા) પદાર્થરૂપે પરિણમતો નથી,...'** હવે જુઓ! પદાર્થરૂપે પરિણમતો નથી **'તેમને ગ્રહતો નથી...'** એ પદાર્થરૂપે પરિણમતો નથી એ શબ્દને વિકાર્ય લાગુ પડે છે. કાલે કહેવાઈ ગઈ છે વાત. વિકાર્ય એટલે કે પરિણમવું, પરિણમવું-વિશેષરૂપે પરિણમવું એને વિકાર્ય કહે છે. પહેલા શબ્દ આવશે અંદર ત્રણ. પણ એ ત્રણમાં પહેલો પ્રાપ્ય કહ્યો છે એ આમાં ટીકામાં બીજો આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈ સમજાણું નહિ.

ઉત્તર :- કહીએ છીએ ને, ફરીને કહીએ છીએ. અહીં ક્યાં એકદમ જવા દેવું નથી. કાલે પ્રાપ્ય વખતે ખ્યાલ નહોતો એ ખ્યાલ છે. પ્રાપ્ય એટલે શું એ ત્રણ અર્થ થઈ ગયા હતા. શું કીધું? અર્થમાં કહેશે. એના ... એ અર્થ છે.

**'(આત્મા) પદાર્થરૂપે પરિણમતો નથી,...'** એટલે શું? કે પરપદાર્થરૂપે વિકસતી અવસ્થારૂપે એટલે વિકાર્ય એટલે પરિણમવું, વિકાર્ય એટલે વિશેષ કાર્યરૂપે થવું, વિકાર્ય-વિશેષ પરિણમનરૂપે થવું એટલે પરપદાર્થરૂપે પરિણમવું એ આત્મામાં નથી. ગ્રહતો નથી એટલે પ્રાપ્ત. પરપદાર્થને પ્રાપ્ત કરતો નથી. પરપદાર્થને પ્રાપ્ત કરતો નથી એનું નામ પ્રાપ્ય. પ્રાપ્યનો અભાવ છે એમ. **'અને તે-રૂપે ઉત્પન્ન થતો નથી...'** નિર્વર્ત્ય. પદાર્થપણે ઊપજતો નથી. પોતાની પર્યાયમાં ઊપજે, પરપણે ઊપજતો નથી. **'તે આત્માને જ્ઞપ્તિક્રિયાનો સદ્ભાવ હોવા છતાં...'** એવા આત્માને જાણવાની ક્રિયાની હયાતી હોવા છતાં, જાણવાની ક્રિયાનું અસ્તિત્વ હોવા છતાં **'પણ ખરેખર ક્રિયાફળભૂત બંધ...'** ક્રિયાનું ફળ એવો જે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ એને હોતો નથી. એથી એને બંધ છે નહિ. **'બંધ સિદ્ધ થતો નથી.'** આહા..હા..! ઝીણું તો છે ભાઈ થોડું.

કહો, આજે ભગવાન મોક્ષ પધાર્યા છે. પરમાત્મા મહાવીર પ્રભુ ૨૪૯૪ વર્ષ થયા. આજે ૨૪૯૫મું બેઠું સિદ્ધપદ પ્રાપ્તિને. એ ભગવાન જ્યારે દેહ હતો ત્યારે વાણી આમ નીકળી હતી. વાણી નીકળી હતી હોં! ભગવાન બોલતા નથી. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે.

આહા..હા..! સમજાય છે કાંઈ? દિવ્યધ્વનિ નીકળતી હતી અવાજ. દિવ્ય નામ પ્રધાન અવાજ જેનો. વાણીનો પર્યાય પ્રગટ થતો હતો એમાં આ પ્રવચનસાર. પ્ર-વચન. પ્ર એટલે વિશેષ વચનો. દિવ્યધ્વનિ. દિવ્ય નામ પ્રધાન અવાજ કે પ્રવચન કહો, એનો આ સાર છે આમાં. સમજાય છે કાંઈ? **'ખરેખર ક્રિયાફળભૂત બંધ સિદ્ધ થતો નથી.'**

હવે ભાવાર્થ. ભાવાર્થ જરી... **'કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે :...'** હવે એ કર્મ એટલે શું? પાછું ઈ.

મુમુક્ષુ :- એ સમજાવો.

ઉત્તર :- સમજાવવું પડશે? કર્મ એટલે કાર્ય. કર્મ એટલે કાર્ય. કર્મ એટલે જડકર્મ અને .. એ અહીં વાત નથી. કાર્ય એનું નામ કર્મ. કર્મ નામ કરવું-કાર્ય. એ કર્મ નામ કાર્યના ત્રણ પ્રકાર. કાલે વાત થઈ ગઈ છે છેલ્લી. .. ત્રણ પાડવામાં આવે છે **'પ્રાપ્ય,...'** એટલે જેમ ગામ હોય એ ગામને ઊપજાવવું નથી, ગામને છોડવું નથી. જ્યાં છે તેને પ્રાપ્ત કરવું છે. છે તેને પહોંચી વળવું છે, છે તેને પહોંચી વળવું છે. એમ આત્મામાં કે જડાદિમાં... અહીં તો આત્માની વાત છે. આત્મામાં જે પર્યાય જે સમયે થવાની એને પ્રાપ્ત કરે છે, તેને ગ્રહે છે આત્મા, એને પ્રાપ્ય કર્મ કહેવામાં આવે છે. કર્મ એટલે કાર્ય, કાર્ય એટલે અવસ્થા. આહા..હા..!

કોઈપણ દ્રવ્યની ક્રિયા થાય પર્યાયની એને કર્મ કહેવામાં આવે છે. સમજાય છે? કર્મ શબ્દે આ જડ નહિ. જડમાં પણ ત્રણ પ્રકાર છે. પરમાણુઓ કર્મ અવસ્થાપણે થાય એ પણ એનું કર્મ એટલે કાર્ય છે. એ કાર્યમાં પણ ત્રણ પ્રકાર. પરમાણુઓમાં કર્મ અવસ્થાપણે જે થવું તે પ્રાપ્ય છે, પ્રાપ્ય છે. થવાની હતી તેને પરમાણુએ પ્રાપ્ત કરી લીધી, પહોંચી વળ્યું છે. એમ આત્મામાં જે કાંઈ પર્યાય થવાની છે અવસ્થા, તેને આત્મા પહોંચી વળે છે. બદલતો નથી, ઊપજતો નથી. પહોંચી વળે તેવા કાર્યને પ્રાપ્ત કર્યું કહેવામાં આવે છે. આપણે તો બહુ આવી ગયું છે ૭૬-૭૭ ..માં. હમણા વંચાઈ ગયું છે આ ક્લાસ હતો ત્યારે. સમજાણું કાંઈ? એટલા બધા દિવસનું યાદ રહેતું હશે? નામ તો બહુ યાદ રહે, ગાળ બહુ યાદ રહે છે. ગાળ કોઈએ દીધી હોય તો બહુ યાદ રહે. પણ ગુણની શું દશા છે એ યાદ રહેતી નથી.

અહીં કહે છે, છ દ્રવ્ય છે જગતમાં. છ વસ્તુ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા ભગવાન કેવળીએ. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. છ દ્રવ્ય. એ દ્રવ્યમાં જે વર્તમાન અવસ્થા થાય તે થાય તે ધ્રુવરૂપે થવાની હતી ત્યાં નિશ્ચય, તેને તે દ્રવ્ય પ્રાપ્ત કરે તેથી તેને પ્રાપ્ય અને ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. અને એ અવસ્થાને, પૂર્વની અવસ્થા બદલીને થયું માટે તેને વિકાર્ય કહેવામાં આવે છે. છે તો એની એ અવસ્થા. બદલીને થઈ એટલે વિકાર્ય. હતી અને પહોંચી

વળી એ પ્રાપ્ય, બદલીને થઈ એ વિકાર્ય. અને તે અવસ્થાપણે ઊપજ્યો એમ કહેવું તે નિર્વર્ત્ય છે. વસ્તુ તો એકની એક છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. ઈતિહાસમાં આવે છે... શું કહેવાય? સંસ્કૃત. વ્યાકરણમાં આવે છે આ બોલો. કમળાશંકર વ્યાકરણ બહુ અહીં લાવ્યા હતા. હોય ને.

મૂળ ચીજ તો વસ્તુ છે એની પર્યાય થાય છે કે નહિ? દ્રવ્ય છે એ તો ત્રિકાળી છે, એનો ગુણ છે એ ત્રિકાળી છે. હવે એની અવસ્થા હાલત... હાલત... હાલત દશા થાય તે પર્યાય છે. એ પર્યાયને કર્મ કહેવામાં આવે છે. એ કર્મને ત્રણ પ્રકારે ઓળખાવવામાં આવે છે. વસ્તુ એક જ. ત્રણ પ્રકારે ઓળખાવામાં આવે છે. એક તો થઈ પર્યાય તે થવાની છે ધ્રુવરૂપે અવસ્થા એને દ્રવ્યે પ્રાપ્ત કર્યું એટલે ગ્રહણ કર્યું, એને પ્રાપ્ય કહેવાય. એ અવસ્થા પૂર્વની બદલીને થઈ છે માટે એની એ અવસ્થાને વિકાર્ય કહેવાય. એ અવસ્થા નહોતી અને થઈ આમ ઊપજી એ અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કહેવાય. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ (કાર્યમાં) લાગુ પાડ્યા. સમજાણું કે નહિ? ઓલું ધ્રુવ ત્રિકાળી ધ્રુવ એ અહીં નહિ. એ અહીં નહિ. ૯૯માં વિસ્તાર કર્યો હતો રાજકોટમાં.

આ વસ્તુ છે. જુઓ આ લાકડી છે આ સુખડની. આમ થઈ. હવે આમ થઈ એ એક અવસ્થા થઈ ત્યાં અવસ્થા. વસ્તુ તો કાયમ રહી. અવસ્થા (થઈ). એ અવસ્થાને જે આ રજકણો છે તે અવસ્થાને પ્રાપ્ત કર્યું, ગ્રહણ કર્યું, એને પહોંચી વળ્યું એ અવસ્થાને કર્મ કહેવાય. કર્મ એટલે કાર્ય. તેને એ રજકણો પહોંચી વળ્યા છે એથી પ્રાપ્ય. એ અવસ્થા બદલીને થઈ. પહેલી અવસ્થા આમ હતી અને આમ થઈ માટે તે અવસ્થાને વિકાર્ય કહેવાય. એ અવસ્થાપણે થયું, વર્તમાન થયું તે અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કહેવાય છે. વસ્તુ તો એકની એક. ત્રણ પ્રકારે જોવાની કર્મની રીત છે. કર્મ એટલે કાર્ય. નવરંગભાઈ!

મુમુક્ષુ :- પરીક્ષા લેવા જેવું છે. બહુ ચોખ્ખું સમજાવ્યું.

ઉત્તર :- કાલ તો નહોતું ધ્યાન એ મને ખબર છે. એ વખતે પૂછયું હોત તો ન આવડત. બરાબર ખ્યાલ છે. પ્રાપ્ય વખતે ખ્યાલ નહોતો એમને. એથી અત્યારે વધારે સ્પષ્ટ કરવું પડે છે. પણ સમજાણું કાંઈ? અહીં તો ભાઈ બધી નજરે નજરે પરીક્ષા થાય એની. ચંદુભાઈ! આહા..હા..! જુઓને, એ કાલે આ અધિકાર કહ્યો હતો થોડો. સમજાય છે? ત્રણેનો અર્થ કર્યો હતો. .... આપણે ૭૬, ૭૭માં આવી ગયું છે. ૭૭, ૭૬ .. એમ કહ્યું હતું. શું કહ્યું? ૭૬-૭૭ કર્તાકર્મ (અધિકાર) છે ને સમયસારમાં? ત્યાં આવા ત્રણ પ્રકાર (છે) પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય.

જ્ઞાનીને ધર્મસ્વરૂપ આત્મા શુદ્ધ જ્ઞાન છે એવું ભાન થયું તો તેની વર્તમાન જે જ્ઞાન અને શ્રદ્ધા, આનંદની અવસ્થા જે છે તે વખતે થવાની હતી ધ્રુવપણે નિશ્ચય તેને દ્રવ્ય પહોંચી વળ્યું માટે તેને પ્રાપ્યરૂપી કર્મ, તેને ગ્રહ્યું એમ કહેવામાં આવે છે. અને તે અવસ્થા

પહેલાથી આમ બદલીને થઈ છે તેથી તે અવસ્થાને વિકાર્ય-વિશેષે કાર્ય બદલ્યું અને પરિણમ્યું એમ કહ્યું. જુઓ આમાં પરિણમન પહેલું લીધું. પહેલો શબ્દ છે. પદાર્થરૂપે પરિણમતો નથી. એટલે પરના કાર્યપણે થતો નથી. પછી ગ્રહતો નથી એ પ્રાપ્ય આવ્યું. પહેલા આવ્યું વિકાર્ય, પછી આવ્યું પ્રાપ્ય અને ત્રીજું આવ્યું નિર્વર્ત્ય. સમજાણું કાંઈ? જયસુખભાઈ! આ બધી ઝીણી વાત છે ભાઈ! આ તો અભ્યાસ કરવો જોઈએ એણે. આ તો મુદ્દાની રકમની વાત છે. ઓહો..! પરમેશ્વર વીતરાગના માર્ગમાં જન્મ્યા એને પણ હજી શું વીતરાગને કહેવું છે એની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય. આ તો કાંઈ પરમેશ્વરે કહ્યું છે માટે એમ છે એમ નહિ. આ તો એવું છે. વસ્તુ જેમ છે તેમ જ્ઞાનમાં આવી છે. જ્ઞાનમાં આવી એવી વાણીમાં આવી છે અને વાણીમાં આવી એમ વસ્તુ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. જ છે. ....

તે તે દ્રવ્યને, ચૈતન્ય હો, જડ હો, જ્ઞાની હો કે અજ્ઞાની હો. તે સમયની જે પર્યાય ત્યાં થવાની ધ્રુવપણે છે તેને આત્મા પહોંચી વળે, પરમાણુ પહોંચી વળે, ધર્માસ્તિ પહોંચી વળે, તે દ્રવ્ય તેને પ્રાપ્ત કરે છે. બસ એ પ્રાપ્ય કર્મ. કર્મ એટલે અવસ્થા. એ અવસ્થાને ત્રણ અપેક્ષાથી જોવી. છે ધ્રુવપણે તેને પ્રાપ્ત કર્યું, બદલવાની અપેક્ષાએ વિકાર્ય એને કહેવું અને ઊપજવાની અપેક્ષાએ... પૂર્વનું આમ બદલ્યું ને આમ ઊપજ્યું એવી અવસ્થાને નિર્વર્ત્ય કર્મ કહેવું. એ દરેક દ્રવ્યમાં સમયે સમયે આમ બની રહ્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- તેલમાં (રીફાઈનરીમાં) પણ એમ બનતું હશે?

ઉત્તર :- તેલમાં સુમનભાઈ કરતા હશે કાંઈ?

મુમુક્ષુ :- મશીનરી કરે.

ઉત્તર :- મશીનરી ધૂળેય ન કરે. મશીનરીમાં એમાં .. મશીનરીનો એક સમયનો પર્યાય ત્રણ પ્રકારે જોવો. પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય. તે તે અવસ્થારૂપે ત્યાં અવસ્થા ધ્રુવપણે થવાની હતી તેને દ્રવ્યે પ્રાપ્ત કરી છે. આમ હલે ને એવું એ પણ અવસ્થા ધ્રુવપણે ત્યાં થવાની હતી તેને પ્રાપ્ત કરી. બદલીને થઈ માટે તે અવસ્થાને વિકાર્ય. ઊપજ્યું આમ ઊપજ્યું, આમ ઊપજવું એને નિર્વર્ત્ય. છે તો એકની એક અવસ્થા એને ત્રણ પ્રકારે જોવાની આંખ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચોક્કસપણે તે જ થાય?

ઉત્તર :- તે જ સમયે અને તે જ પ્રકાર. એમાં બીજો પ્રકાર નહિ. ખરેખર તો દ્રવ્ય-ગુણને લઈને નહિ, એમ છે. આહા..હા..! એવું કામ છે. સત્યનું એવું કામ છે. અલૌકિક કામ છે. નવરંગભાઈ! સમજાણું આમાં?

આ ભાષા થાય છે કે નહિ? એ ભાષાના પરમાણુમાં એ જાતની પર્યાય તે સમયે

થવાની જ હતી એ પ્રાપ્ય થયું તેનું. પ્રાપ્ય એટલે ધ્રુવને પરમાણુ પહોંચી વળ્યા. અને એ ભાષાની પર્યાય પહેલી બીજી હતી, અત્યારે ભાષારૂપે થઈ, એની એ અવસ્થાને વિકાર્યપણે જોવી અને એની એ અવસ્થા નહોતી અને ઊપજી એમ કહેવું ઊપજી એને નિર્વર્ત્ય કહેવું. દરેક દ્રવ્યમાં ત્રણ પ્રકારે જોવું એવું એને કર્મ નામ પર્યાય નામ કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે આજે મોક્ષ પધાર્યા છે ભગવાન તો ઝીણું તો હોય કે નહિ? લ્યો! જોગનો અજોગ કરી ભગવાન મોક્ષ પધાર્યા લ્યો. મુક્ત થયા, મોક્ષ થયો. દેહમાં થયો. ભગવાન કેવળજ્ઞાનમાં તો હતા જ. અકંપ અજોગદશા થઈ, પૂર્ણ સિદ્ધદશા થઈ ગઈ. એક સમયમાં ઊર્ધ્વલોક ગતિ થઈ. સિદ્ધ અહીં થયા, રસ્તામાં અને પહોંચ્યા એમાં એક જ સમય લાગે. સેકન્ડનો અસંખ્યમો ભાગ એક સમયમાં ત્રણ પ્રકાર. આહા..હા..! એવું ભગવાન! પર્યાયનું સ્વરૂપ છે. દ્રવ્યનું, એવું પર્યાયનું સ્વરૂપ છે. કારણ કે એવું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

અહીં તો કેવળજ્ઞાનીની વાત કરે છે, પણ દરેક પદાર્થની સ્થિતિ આવી જ છે અનાદિ-અનંત.. આહા..હા..! સમજાણું કાંઈ? મોંઘું લાગે એમ ન માનવું, ન સમજાય એમ ન માનવું. કેવળજ્ઞાનનો કંદ છે આત્મા. ત્રણ કાળ અને ત્રણ લોકમાં સોડમાં લઈ લે એવો છે. એવી જેની તાકાત છે એ આવું ન સમજે એમ કેમ બને? સમજાણું કાંઈ? પણ દરકાર નથી. ભીખાભાઈ! દરકાર કરી નથી માણસોએ. અહો..! હું પ્રભુ. મારા દ્રવ્યમાં ખરેખર તો ભગવાનના જ્ઞાનમાં આ અંશ આવવાનો એ અંશ આવ્યો અંદરથી ફડાક દઈને, એ ધ્રુવ. એને વિકાર્ય કહ્યો પૂર્વની અપેક્ષાએ. આ વર્તમાન અપેક્ષાએ નિર્વર્ત્ય કહ્યું. પ્રાપ્યને .. કીધું? નહિ. પ્રાપ્ય તો પહેલા ગ્રહણમાં આવી ગયું. .. તો નથી. પૂછે તો શું થઈ જાય? સુમનભાઈ! ત્રણ-ચાર વાત પૂરતી વાત ચાલે છે. પ્રાપ્ય એને કહેવું કે તે તત્ત્વનો તે સમયનો જે પર્યાય જે થવાનો તે થાય તેને દ્રવ્ય પહોંચી વળે એટલે તેને ગ્રહે એનું નામ પ્રાપ્ય.

મુમુક્ષુ :- બહુ સીધી વાત કરે છે.

ઉત્તર :- સીધી વાત છે, સીધી વાત જ છે પણ હવે.. આ તો શાસ્ત્રીય શબ્દો છે. આ તો વ્યાકરણમાં આવે છે આ. સમજાય છે?

મુમુક્ષુ :- વ્યાકરણ યાદ કોને હોય?

ઉત્તર :- યાદ પણ કોને હોય? કહેતા હતા ને સવારમાં. કે ઓલા કાલ તો એકડીયાનો પ્રશ્ન કર્યો. ઠીક તર્ક કર્યો. રામજીભાઈ કરતા બુદ્ધિ આમાં લગાડવી. એમ કે પહેલા શીખ્યા હતા. પણ પહેલા શીખ્યા એ આવડ્યું કેમ નહિ ત્યારે? એય..! સુમનભાઈ! ત્યાં રસ્તામાં... ખબર છે ને? તર્ક કરતા આવડે માણસને. એમ કે બચાવ કર્યો. પણ એ તો એકડિયાની વાત હતી પહેલી. એલા એકડિયામાં... દ્રવ્યભાવ, દ્રવ્ય તે ભાવવાન છે એ ન આવ્યું. તો એકડિયાનું યાદ ન હોય તો પછી ઉપર ક્યાંથી વયા ગયા? એય..! અહીં તો એવી વાત

છે. તર્ક... તર્ક તો આવડે છે, કીધું. આ તો એકડિયાનો બોલ હતો. પણ એકડિયાનો ન આવડ્યો ત્યારે બીજાનો શેનો આવડે એ? એમ વાત છે.

મુમુક્ષુ :- એકડિયાનો ન આવડે અને બગડાનો આવડે.

ઉત્તર :- બગડાનો આવડે શું થયું? પહેલું ધૂળમાં .. થયું. કહો, સમજાણું આમાં? ભાઈ! અહીં તો ન્યાયથી તોલ છે. એવી ચીજ જ છે. આહા..હા..! શું કહે છે આ? જુઓ! આહા..હા..!

ભગવાન! અહીં કેવળીની વાત લેવી છે કે કેવળજ્ઞાનીનો પર્યાય એક સમયમાં જે પ્રગટ્યો તેને તે પ્રાપ્ય કરે છે. એ આત્મા એ પર્યાયને પ્રાપ્ય કરે છે એટલે ગ્રહણ કરે છે. પરપરમાણુને ગ્રહણ કરતો નથી એમ સિદ્ધ કરવું છે. પરને જાણવારૂપી પોતાનું જે જ્ઞાન તે સમયનું તેને પ્રાપ્ત કરે છે. પરમાણુને અને પરદ્રવ્ય જ્ઞેય લોકાલોક છે તેને તે પ્રાપ્ય નામ ગ્રહણ કરતું નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? એય..! ભીખાભાઈ! પ્રાપ્ય કેવળીને લાગુ પાડવા છે પણ આવે છે બધા ત્રણે કાળના દ્રવ્યને. સમજાણું કાંઈ?

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય.'** અંદરમાં પહેલું એમ નહોતું. ટીકામાં એમ નથી. ટીકામાં વિકાર્ય, પ્રાપ્ય અને નિર્વર્ત્ય છે. સમજાણું કાંઈ? પરિણમન.. અને ઓલામાં પણ એમ છે આપણે ભાઈ! ત્યાં પણ એમ છે. **'ण वि परिणमदि ण गिह्णदि'** ૭૬-૭૭-૭૮-૭૯. એ આ ગાથામાં **'ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।'** કોઈપણ આત્મા પરદ્રવ્યપણે પરદ્રવ્યને ગ્રહતો નથી એ તો પ્રાપ્ય. પરપણે-વિકારપણે પરિણમતો નથી તે વિકાર્ય અને પરપણે ઊપજતો નથી તે નિર્વર્ત્ય. પોતાની પર્યાયપણે પોતાની પર્યાય જે થાય તેને ગ્રહે છે, તે પણે પરિણમે છે, તે પણે ઊપજે છે. પરને ગ્રહતો નથી, પરપણે ઊપજતો નથી અને પરપણે પરિણમતો નથી. આહા..હા..! ત્યાં પણ પાઠમાં એમ લીધું છે. વિકાર્ય, પ્રાપ્ય, નિર્વર્ત્ય. ટીકામાં તો સ્પષ્ટ નાખ્યું છે અમૃતચંદ્રાચાર્યે ૭૬માં. ૭૬ સમયસારમાં. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. અહીંયા એ તો ઓલું પદ છે ને એટલે મેળવવા માટે (આમ લીધું છે). અહીં પણ મેળવવા માટે... આ ગદ્ય-ગદ્ય આ પણ ગદ્ય ટીકા છે. પણ ઓલો ભાગ છે ને પદ એટલે એમ ટીકા કરી. શું કીધું? પાઠ છે ને પદ્ય. **'ण वि परिणमदि'** એવો પાઠ છે ને તેથી ગદ્યમાં પણ એવો અર્થ કર્યો. **'ण वि परिणमदि'** એ પહેલો શબ્દ છે. ... **'ण वि परिणमदि'** એ વિકાર્યનો અર્થ છે. **'ण गिह्णदि'** તે પ્રાપ્યનો અર્થ છે અને **'ण उप्पज्जदि'** તે નિર્વર્ત્યનો અર્થ છે. આમાં વિકાર્ય, પ્રાપ્ય અને નિર્વર્ત્ય એમ નાખ્યું છે. તેથી ટીકાકારે એ પ્રમાણે અર્થ કર્યો. પણ ભાવાર્થમાં એનો ક્રમ જે છે એ ભાવાર્થમાં નાખ્યો. એ ત્યાં અમૃતચંદ્રાચાર્યે ટીકામાં એમ નાખ્યું છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. સમજાણું કાંઈ? ધર્મને સમજવો એમાં આવું બધું કેટલું?

ભાઈ! એમાં ધર્મની અવસ્થા ખરેખર તો સમ્યગ્દર્શનની પર્યાય એ પણ તે સમયે તે થઈ અને તેને ગ્રહણ કરી એનું નામ પ્રાપ્ય કહેવાય છે. એણે પરને ગ્રહ્યું છે કે વિકલ્પથી

ગ્રહ્યું છે એમ નહિ. એ તો ભગવાન શુદ્ધ ચિદાનંદસ્વરૂપ એવી દૃષ્ટિ થતાં તે થતાં તે કાળે તે જ પર્યાય પ્રાપ્ય છે નામ ગ્રહણ કરવાલાયક થઈ. તે જ પર્યાયને વિકાર્ય કીધી આમ બદલી અપેક્ષાએ. એ જ પર્યાયને નિર્વર્ત્ય કીધી. આ ધર્મની પર્યાય. સમજાણું કાંઈ?

આત્મામાં ધર્મ નામ સુખનો પંથ પકડવામાં પહેલો, ભગવાન શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ ગુણ ત્રિકાળ એની રુચિ થતાં પરિણમન જે થયું, એ પરિણમન સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ આદિનું થયું. તે વખતના તે પર્યાયને પ્રાપ્ય કહેવામાં આવે છે. તે ધ્રુવપણે થવાનો જ હતો. આહા..હા..! તે સમયે તે અંશ અને તે પણ દ્રવ્ય-ગુણના કારણ વિના. ભારે આકરું. એય..! નવરંગભાઈ! એને પ્રાપ્ય કહેવાય છે. અને એ ધર્મની પર્યાય પ્રગટ થઈ એ પહેલી આમ થઈને બદલીને થઈ માટે તેને વિકાર્ય કહેવાય છે અને સીધા ઊપજવાની અપેક્ષાએ, ઊપજી એટલે નહોતી ને થઈ એટલે એને નિર્વર્ત્ય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? અરેરે..! ભારે વાત ભાઈ! ધર્મ સમજવા માટે કેટલું આમાં કાંઈક જ્ઞાનની કેળવણી કરવી પડતી હશે કે નહિ?

મુમુક્ષુ :- કરવી પડે.

ઉત્તર :- કરવી પડે? પડે તો તો જોર દેવું પડે. ...

**'ભાવાર્થ :- કર્મના...'** કર્મ શબ્દે કોઈ એમ લે કે જડકર્મ એ અહીં વાત નથી. તેમ કર્મ શબ્દે ભાવકર્મ કહે (તો) એકલા ભાવકર્મની પણ વાત નથી. ભાવકર્મ વિકારી છે ને એકલા એની વાત નથી. કર્મ શબ્દે વર્તમાન પર્યાય.

મુમુક્ષુ :- કોઈપણ દ્રવ્યની.

ઉત્તર :- કોઈપણ દ્રવ્યની. અહીં તો કેવળીની વાત કરી છે, પણ કોઈપણ દ્રવ્યની. વર્તમાન થતી પર્યાય તે પર્યાયને પ્રાપ્ય કહીને તે થવાની હતી તેને પહોંચી વળી માટે પ્રાપ્ય. સમજાણું કાંઈ? એ કર્મ નામ પર્યાય અથવા કર્મ નામ કાર્ય. આવે છે ને. પરિણામી દ્રવ્ય... શું કીધું? કર્તા પરિણામી દ્રવ્ય કર્મરૂપ પરિણામ. એ ૧૦૦મી ગાથામાં આવશે આમાં આગળ, સમયસાર. 'કર્તા પરિણામી દ્રવ્ય...' એટલે શું કીધું? દરેક દ્રવ્ય પરિણામી છે માટે તેના પરિણમનરૂપી કર્મ નામ કાર્યનો તે દ્રવ્ય કર્તા છે. કર્તા પરિણામી દ્રવ્ય, બદલનારું દ્રવ્ય તેની વર્તમાન અવસ્થારૂપી કર્મનો કર્તા થાય છે. 'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ.' એ એનું પરિણામ જે થયું તેને કર્મ કહેવામાં આવે છે. કેવળજ્ઞાનને કર્મ કહેવામાં આવે છે, સિદ્ધદશાને કર્મ કહેવામાં આવે છે, સમકિતની પર્યાયને કર્મ કહેવામાં આવે છે, ચારિત્રની પર્યાયને કર્મ કહેવામાં આવે છે, મિથ્યાત્વના પરિણામને કર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બધી પર્યાયને આવે છે.

ઉત્તર :- બધી પર્યાય તો પહેલી સામાન્ય વાત કરી ગયા છે. જેઠાલાલભાઈ!

જુઓ આવ્યું ને? 'કર્તા પરિણામી દ્રવ્ય...' એ છએની વાત કરી. છએ દ્રવ્યો-છએ

પદાર્થો. પૂર્ણ થયેલા કેવળીઓ કે અપૂર્ણ રહેલા સાધકો, વિપરીત એવા મિથ્યાદષ્ટિઓ કે જડ. 'કર્તા પરિણામી દ્રવ્ય.' એ કર્તા એટલે બદલનારો પોતે કર્તા તે પરિણામી દ્રવ્ય. 'કર્મરૂપ પરિણામ.' એની અવસ્થારૂપી કર્મ, એનું પરિણામ એને કર્મ કહીએ. 'ક્રિયા પર્યાયની ફેરણી...' એ પહેલી અવસ્થાથી બદલીને (બીજી થઈ એ) ક્રિયા થઈ. ક્રિયા પર્યાયની ફેરણી 'વસ્તુ એક ત્રય નામ.' વસ્તુ તો એક અને ત્રણ નામ લાગુ પડ્યા. કર્તા પરિણામી, પરિણામ તે કર્મ અને પૂર્વની અવસ્થા બદલીને થઈ માટે તેને ક્રિયા કહેવામાં આવી. છે ને આમાં? છે ને અહીં છે. છે કે નહિ? એક પરિણામી દ્રવ્ય. સમજાણું?

અહીં તો કહે છે કે તારો અધર્મભાવ છે ને એ પણ કર્મ છે. લ્યો! આ કર્મમાં જડમાં જે કર્મરૂપ અવસ્થા થઈ એ પણ કર્મ. આ પુણ્ય-પાપના ભાવ થાય એ પણ કર્મ અને ધર્મની પર્યાય થાય એ પણ કર્મ. મોક્ષનો માર્ગ જે પ્રગટ થાય એ પણ કર્મ, આ મોક્ષ પ્રગટ થાય પર્યાય એ પણ કર્મ. કર્મ એટલે અવસ્થા. સામાન્ય કહ્યું ને પહેલું. દરેક દ્રવ્યની વર્તમાન અવસ્થા દરેકની તેને કર્મ કહેવામાં આવે છે. એ કર્મને ત્રણ પ્રકારે જોવામાં આવે છે. એ અવસ્થા તે ક્ષણે તે જ હતી એ થવાની તે ધ્રુવપણે નિત્ય અવસ્થા તેને પ્રાપ્ત કરે છે તે વસ્તુ, માટે તેને પ્રાપ્ય કહીએ, પરિણમ્યું છે માટે તેને વિકાર્ય કહીએ, ઉત્પન્ન થયું છે માટે નિર્વર્ત્ય કહીએ. વસ્તુ તો એક જ છે, ત્રણ કાર્ય નથી, કાર્ય તો એક છે. કાર્યને ત્રણ અપેક્ષાએ જોવું એને માટે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણના આશ્રય વિના...

ઉત્તર :- હા, દ્રવ્ય-ગુણ વિના. ગુણના વિના પણ પર્યાય પ્રાપ્ત થાય એવી વાત છે.

મુમુક્ષુ :- દ્રવ્ય કર્તા કહ્યું છે.

ઉત્તર :- એ કીધું કર્તા, પણ ખરેખર એ પર્યાયનો અંશ છે ને એ કર્તા છે ત્યાં. પર્યાય પોતે કર્તા, પર્યાય પોતે કર્મ, પર્યાય પોતે કરણ, પર્યાય પોતે સંપ્રદાન, એક પર્યાયમાં છ બોલ લાગુ પડે છે. પણ આ સમજાવવું છે દ્રવ્યને એટલે એ રીતે વાત કરે છે. બેય વાત (કરી છે). આશ્રય કોનો હતો? ... પ્રગટી છે એ સ્વતંત્ર અંશ છે તે અંશના ષટ્કારકો એક એક સમયના ષટ્કારકો સ્વતંત્ર એક પર્યાયને લાગુ પડે છે. અહીં તો પ્રાપ્ય લેવું છે ને, પહોંચી વળવું એમ છે ને એટલે એ પર્યાયને દ્રવ્ય પહોંચી વળે એથી તેને પ્રાપ્ય કહેવાય છે, બદલ્યું છે માટે તેને વિકાર્ય કહેવાય, ઊપજ્યું માટે તેને ને તેને નિર્વર્ત્ય કહેવાય.

'**કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે : પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. કેવળીભગવાનનું પ્રાપ્ય કર્મ, વિકાર્ય કર્મ અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે,...**' લ્યો! હવે એમાં સિદ્ધાંત સિદ્ધ કરવો છે. કેવળજ્ઞાની ભગવાન પોતાના જ્ઞાનપર્યાયમાં એને પ્રાપ્ત કરે છે, જ્ઞેયને નહિ, જ્ઞેયને નહિ. કેવળીનો આત્મા... એમાં તો દરેકને (એમ છે) પણ અત્યારે કેવળીને સિદ્ધ કરવા છે. કેવળીના ગુણ છે ને? સમજાણું કાંઈ? બાપુ! જૈન આગમના અર્થો

સમજવા ઝીણા છે, કઠણ છે. ઉપરટપકે કાંઈક કાંઈક સમજી લે એ કંઈ વસ્તુસ્થિતિ નથી. જયસુખભાઈ! એની મૂળ વાત જ્યાં સુધી ખ્યાલમાં ન આવે ત્યાં સુધી એને કહેવું છે તે ભાવ ન સમજાય. સમજાણું કાંઈ?

'**કેવળીભગવાનનું પ્રાપ્ય,...**' એટલે કેવળી ભગવાન પોતાની જ્ઞાનપર્યાયરૂપી પ્રાપ્ય તેને પહોંચી વળે છે, એને ગ્રહે છે, જ્ઞેયોને નહિ. લ્યો અહીં તો એ આવ્યું. ઓલા ભાષાને ગ્રહતા નથી એ આવ્યું. (સંવત) ૨૦૦૬ની સાલમાં આવ્યું હતું ને. .. નામ રાખેલા. આ તો એક .. કહેવાણું છે ને? કેવળી પહેલે સમયે ભાષાને ગ્રહે, બીજે સમયે છોડે. બિલકુલ જૂઠી વાત છે. કેવળજ્ઞાનીનો જ્ઞાનપર્યાય પોતે પોતાને પ્રાપ્ત કરે છે, એને ગ્રહણ કરે એમ કહેવાય. પરને ગ્રહણ કરતો નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! નવરંગભાઈ! કેવળી બોલે ત્યારે ભાષા પહેલી ગ્રહે અને પછી મૂકે કે નહિ? અરે..! ભગવાન! સાંભળને. એ તો ભાષાની પર્યાય આવવાની-જવાની બધું જ્ઞાનમાં પહેલેથી સમાઈ ગયું છે. તો એને તો જ્ઞાનરૂપી પ્રાપ્ય છે. કેવળીનું જ્ઞાનરૂપી પ્રાપ્ય ગ્રહણ છે. ભાષારૂપી પ્રાપ્ય ગ્રહણ છે એમ છે નહિ. અને એ ભાષામાં પણ એના પરમાણુઓ રજકણો છે, અનંત રજકણનો પિંડ દ્રવ્ય છે એ વસ્તુ. એ પણ તે સમયે ભાષાની પર્યાયરૂપે થવાની ધ્રુવ છે તેથી તેના પરમાણુએ તેને પ્રાપ્ત કર્યું છે, કેવળજ્ઞાનીએ નહિ. સમજાણું કાંઈ?

આ તો વીતરાગવિજ્ઞાન છે. પદાર્થવિજ્ઞાન, પણ વીતરાગી પદાર્થવિજ્ઞાન છે. જગતની કલ્પનાએ લોકોએ કહ્યું છે એમ નથી. આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલું અને વસ્તુ એમ જ છે. સમજાય છે કાંઈ? ભગવાનનું પ્રાપ્ય-કેવળીભગવાનનું પ્રાપ્ય કર્મ જ્ઞાન જ છે, વિકાર્ય કર્મ જ્ઞાન જ છે, નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે એમ લઈ લેવું. બધાની સાથે લેવું. સમજાણું કાંઈ? કેવળીભગવાનનું પ્રાપ્ય કર્મ જ્ઞાન જ છે એમ લેવું. વિકાર્ય કર્મ જ્ઞાન જ છે, નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચંદ્રકાંતભાઈ! સમજાય છે કે નહિ આમાં? સમજાય છે લ્યો. ધ્યાન તો રાખે છે. શું કરે પણ આ? વસ્તુ આખી... હંબગ જેવું લાગે. આ તો પરમસત્ય આ છે. એણે નક્કી કરવું પડશે. ...

મુમુક્ષુ :- કરવું પડશે નહિ, કરવું જોઈએ.

ઉત્તર :- કરવું જ જોઈએ, કરવું જ જોઈએ. કરવું પડશે એટલે જાણે દબાણથી કરવું પડશે એમ નથી. જેને હિત કરવું છે એણે આ નક્કી કરવું પડશે. ભાઈ! આ તો અહિતથી રખડી મરે છે. ચોર્યાસીના અવતારમાં ક્યાંય શરણ નથી. શરણ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એનો આશ્રય લેતા જે પર્યાય પ્રગટ થાય, કહે છે કે તે જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય તે આત્માનું પ્રાપ્ય છે. સમજાય છે? જ્ઞાનીને પ્રાપ્ય તે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ છે. ધર્મીનું પ્રાપ્ય ત્યાં વિકલ્પ છે તેને ગ્રહતો નથી. વ્યવહારનયનો વિકલ્પ આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો, જ્ઞાની તેને ગ્રહતો નથી, તે પ્રાપ્ત કરીને તેને પહોંચી વળતો

નથી. આહા..હા..! એ જ છે અહીં વાત. એ તો આપણે ૭૬-૭૭માં આવી ગઈ છે બધી. ૭૬-૭૭-૭૮.

ધર્મીનું પ્રાપ્ય, એ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે પર્યાય તેનું પ્રાપ્ય છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તે જ્ઞાનીનું પ્રાપ્ય નહિ, જ્ઞાની તેને ગ્રહતો નથી. એ જ્ઞેય છે. એ જ્ઞેયને પકડતો નથી. જેમ કેવળજ્ઞાની લોકાલોકને જાણતા પોતાની જ્ઞાનપર્યાય તેને પ્રાપ્ય છે. જ્ઞેયપદાર્થ પ્રાપ્ય છે નહિ. રતિભાઈ! જરી સમજવું પડશે આ હોં! એકલા પગાર માટે હેરાન થઈને મરી જાય છે એમ ને એમ. ત્યાં ને ત્યાં સલવાઈને. એઈ..! આહા..હા..!

સાધક જીવને, ધર્મીનું કાર્ય-કર્મ શું? ધર્મીનું કર્મ શું? અહીં તો ધર્મીનું કાર્ય શું? ધર્મીનું કર્તવ્ય શું? કે ધર્મીનું કર્તવ્ય એ કે શુદ્ધ આનંદકંદની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરવી તે. તે એનું પ્રાપ્ય કર્મ છે, તેને એ ગ્રહણ કરે છે, એને વિકાર્ય એટલે કર્મ નહોતું અને પરિણમ્યું એટલે એને વિકાર્ય કહેવામાં આવે છે. અને તે ઊપજ્યો એને નિર્વર્ત્ય કહેવામાં આવે છે. ધર્મીનું તે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પોતાની પર્યાય છે. વ્યવહારરત્નત્રયનો રાગ ધર્મીનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય નથી. આહા..હા..! ન્યાયથી તો પકડાય છે કે નહિ? લોજિકથી તો વાત ચાલે છે અહીં. એમ ને એમ પકડી લે એમ નહિ. ન્યાયથી 'નિ' ધાતુ છે. જેવું સ્વરૂપ છે તેમ તેને જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. આહા..હા..!

કહે છે, '**કેવળી ભગવાનનું પ્રાપ્ય કર્મ જ્ઞાન જ છે,...**' એટલે કેવળી ભગવાન પોતે જ્ઞાનની વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે છે. કેવળી ભગવાનનું વિકાર્ય કર્મ જ્ઞાન જ છે. એ પોતાની પર્યાયપણે પરિણમે છે. કેવળી ભગવાનનું જ્ઞાન જ નિર્વર્ત્ય છે. તે નિપજ્યું છે એ જ્ઞાનની પર્યાયપણે નિપજ્યું છે. એ કાંઈ જ્ઞેયપણે નિપજે છે અને (જ્ઞેયને) પ્રાપ્ત કરે છે અને જ્ઞેયપણે પરિણમે છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ? આ તો દિવાળીનો દિવસ છે તો ઊંચો પકવાન આવ્યો છે! દિવાળીમાં સારું સારું ખાયને માણસ? ખાય હોં ... એ તો વિષ્ટા છે. આ તો આનંદનું અમૃત છે. આહા..હા..!

જુઓ! '**કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે,...**' એ પ્રાપ્યનો અર્થ કર્યો, પ્રાપ્યનો અર્થ કર્યો. ભગવાન કેવળજ્ઞાની એક સમયમાં જ્ઞાનરૂપે પરિપૂર્ણપણે પરિણમે છે તે જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞેયને નહિ. '**જ્ઞાનરૂપે જ પરિણમે છે...**' એ વિકાર્ય. જ્ઞાનરૂપે જ પરિણમે છે. જ્ઞાનરૂપે જ પરિણમે છે, જ્ઞેયરૂપે નહિ. જ્ઞાનરૂપે ઊપજે છે, જ્ઞેયરૂપે નહિ. સમજાણું કાંઈ? '**આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે...**' લ્યો! સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની ભગવાનને જ્ઞાનની પર્યાય તે તેનું કાર્ય અને કર્મ છે. '**અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.**' ઠીક! એ જાણવાની ક્રિયા પરિણમે છે ને એ જ એની ક્રિયા છે. કાંઈ જ્ઞેયની ક્રિયા એની પાસે નથી. જાણવાની ક્રિયા બદલે છે એ એની ક્રિયા છે. સમજાય છે કાંઈ? કેવળીને પણ ક્રિયા છે. સમજાણું? પણ જાણવાની ક્રિયા તે એની ક્રિયા છે. કોઈકનું કરી દેવું કે ભાષા કરવી એ એની ક્રિયા

છે જ નહિ. બીજાને સમજાવવું એ ક્રિયા જ્ઞાની કેવળીની છે જ નહિ, એ તો વાણીની ક્રિયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન વિના વાણી નીકળતી હશે? ભગવાન છે માટે વાણી નીકળે છે? ના ના. ભગવાન વિના વાણી નીકળે છે. ભગવાન વિના વાણી નીકળે છે તને ખબર નથી. વાણીના પરમાણુઓ એ સમયે તે અવસ્થાના પ્રાપ્યને ગ્રહણ કરે છે, તેને પરિણમે છે અને તે રૂપે નિપજે છે. ભગવાન ત્યાં વાણીમાં પ્રાપ્ય કરતો નથી, પરિણમતો નથી. ... આહા..હા..!

અહીંયા પણ એમ જ છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિને લઈને જે જ્ઞાન છે, શ્રદ્ધા છે તેની પ્રગટતા થઈ તેને તે પ્રાપ્ય કરે છે અને તે તેની ક્રિયા છે. તે તેનું કર્મ છે અને તે તેની ક્રિયા છે. ધર્મીને રાગની ક્રિયા, શરીરની ક્રિયા એ ધર્મીની છે નહિ. અજ્ઞાનીની રાગની ક્રિયા એની છે એમ એ માને છે. શરીરની ક્રિયા તો એની છે નહિ. માને તો પણ એની નથી. જે પરપદાર્થ છે એ તો પર છે. એની ક્રિયા માને કે મારાથી થઈ, તો એ માને તોપણ નથી. રાગ માને તો, રાગરૂપે માન્યતા કરે છે અજ્ઞાની. જ્ઞાનીની ક્રિયા રાગને જાણવું એવી જ્ઞાનીની ક્રિયા છે. એને પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહે છે. કેવળીની પ્રાપ્ય, નિર્વર્ત્યની ક્રિયા જાણવાની છે, પર સાથે કાંઈ સંબંધ છે નહિ.

**'આમ હોવાથી કેવળી ભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી...'** થોડું બાકી છે હોં. પછી આવશે. એકદમ હલવી નથી દેવું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧, મંગળવાર, તા. ૨૨.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૨, કળશ-૪, પ્રવચન-૪૩**

પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વનું પ્રજ્ઞાપન. એટલે શું? કે આ આત્મા છે એ જ્ઞાનસ્વરૂપી ચૈતન્યસૂર્ય છે. એનું ચૈતન્યનું સામર્થ્ય પર્યાયમાં પ્રગટ થતાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવું એનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એનું અહીંયાં જ્ઞાનતત્ત્વનું એટલે જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય વર્ણવે છે. એ કહે છે ભાવાર્થ જુઓ. જરી ઝીણી વાત પડશે, પણ હવે સમજવી તો પડશે કે નહિ એણે? કહે છે કે આ જગતમાં કાર્ય જે થાય છે, જગતના જડમાં, આત્મામાં કાર્ય કાર્ય એટલે પર્યાય. પર્યાય સમજાય છે? વસ્તુ જે કાયમ છે એની વર્તમાન અવસ્થા થાય દશા-હાલત-પર્યાય. એ પર્યાયને અહીંયા કર્મ નામ કાર્ય અને કર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ કાર્યને ત્રણ પ્રકારે ઓળખવા એમ જણાવે છે.

જુઓ! '**ભાવાર્થ :- કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે :**' કર્મ એટલે કાર્ય, કાર્ય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા. કોઈપણ આત્માની, સાધકજીવની, અજ્ઞાનીની, કેવળીની કે સિદ્ધની કે પરમાણુની. આ રજકણ પોઈન્ટ છે પરમાણુ એનામાં જે પર્યાય થાય તે પર્યાયને કર્મ ગણ્યું છે અને તેના ત્રણ ભેદ પાડવામાં આવે છે. તેને ત્રણ પ્રકારથી ઓળખવામાં આવે છે. જડ કર્મની અહીંયાં વાત નથી. અહીં તો કર્મ શબ્દે કાર્ય, કાર્ય શબ્દે અવસ્થા. તેના ત્રણ પ્રકાર—'**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય.**' પ્રાપ્ય એટલે? તે તે વસ્તુમાં તે તે સમયમાં તે અવસ્થા જે થવાની છે એને એ વસ્તુ પહોંચી વળે છે, પ્રાપ્ત કરે છે તેથી તેને પ્રાપ્ય કર્મ કહેવામાં આવે છે. કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. એ જાણવાની જ્ઞાનની પર્યાય તે કાળે તે છે તેને પ્રાપ્ત કરે છે. જ્ઞેય એટલે જણાવાયોગ્ય પદાર્થને પ્રાપ્ય નામ ગ્રહણ કરતો નથી. સમજાણું કાંઈ? એમ મિથ્યાદૃષ્ટિ પણ પોતાના સ્વરૂપને ભૂલી અને એની વર્તમાન દશામાં જે કંઈ વિકારી પુણ્ય અને પાપ આદિ વિકાર-અધર્મ આદિ ભાવ થાય તે તે અજ્ઞાનીનું પ્રાપ્ય છે. પ્રાપ્ય નામ તે અવસ્થાને તે અજ્ઞાની અજ્ઞાનભાવથી પ્રાપ્ત કરે છે, ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ?

ધર્મી, ધર્મી સુખી થવાના પંથે પડેલો, તેનું પ્રાપ્ય કર્મ શું છે? કે રાગ અને પુણ્યના વિકલ્પો અને પુણ્ય-પાપના વિકલ્પ અને શરીરાદિથી ભિન્ન ભગવાન આત્મા છે એવી જેને અંતરમાં કિંમત થઈ છે. ચૈતન્યનિધાન સધન લક્ષ્મીનો ધણી હું છું. તેવા ચૈતન્યલક્ષ્મીનું જેને ભાન છે, જેને કિંમત છે અને જેને રાગ અને રાગના ફળ અને બંધનની કિંમત ઊડી ગઈ છે. સમજાય છે કાંઈ? એને ધર્મી કહીએ, એને સુખી કહીએ. એ સુખના સાધનને રસ્તે ચડ્યો છે એમ કહીએ. જે કોઈ આત્મા... આ શરીર, વાણી, મન જડ એ તો એના થઈને રહેલા છે એટલે એ પોતાના માનતો નથી. લક્ષ્મી આદિ પરવસ્તુ છે એ એના થઈને રહેલા છે એટલે એ પણ પોતાના માનતો નથી. અંદરમાં શુભ અને અશુભના ભાવ પુણ્ય-પાપના થાય એનાથી ભિન્ન, જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છું હું એવું ધર્મીને-ધર્મ કરનારને ભાન છે અને એ ભાન છે માટે તે કાળમાં જે પ્રકારનો રાગ અને વિકલ્પ ઊઠે છે તે સંબંધીનું અહીં જ્ઞાન કરે છે એ જ્ઞાન તે જ્ઞાનીનું પ્રાપ્ય નામ ગ્રહણ કરવાયોગ્ય એનું કાર્ય છે. શું આમાં પકડાય શું? પ્રવિણભાઈ! મોં-માથું હાથ ન આવે. કોઈ દિ' સાંભળ્યું નથી. આ તમારો કાકો પણ ના પાડે છે. શું બરાબર છે?

એ દુઃખી થનાર પ્રાણીનું પ્રાપ્ય શું છે? કે એને પુણ્ય અને પાપના વિકલ્પો જે ઊઠે છે એના ઉપર એની દૃષ્ટિ છે. કારણ કે એટલો હું છું એમ માન્યું છે. એનાથી ભિન્ન છું, ચિદાનંદ છે એ તો પ્રતીતમાં, ભાનમાં નથી. તેથી અજ્ઞાનીને જે ક્ષણમાં તેને, પુણ્ય ને પાપનો વિકલ્પ અને રાગાદિ થાય તે મારા છે, હું એનો છું એવી માન્યતા અને એ માન્યતાના પરિણામને તે પ્રાપ્ય નામ ગ્રહણ કરે છે. એને આત્માની પર્યાય અને આત્મ દ્રવ્ય-ગુણ છે

એની એને ખબર નથી. સમજાય છે કાંઈ આમાં? આહા..હા..! અજ્ઞાનીનું પ્રાપ્ય તે પ્રકારના વિકાર્ય. પરવસ્તુને તો ગ્રહણ કરી શકતો જ નથી અજ્ઞાની પણ. શરીર, વાણી, કર્મ (આદિ) વસ્તુ એ તો પર સ્વતંત્ર જગતની ચીજ છે. એને જીવ ગ્રહે, એ રૂપે પરિણમે કે એ રૂપે ઊપજે એ તો છે નહિ. ફક્ત પોતાના ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદ નિધાન લક્ષ્મીનો સ્વભાવનો ભંડાર પ્રભુ એની જ્યાં અંતર દૃષ્ટિનું શ્રદ્ધા ને જ્ઞાનનું ભાન નથી, એથી એના શ્રદ્ધામાં વર્તમાનમાં થતા પુણ્ય અને પાપના રાગ છે એ મારા છે એમ માનીને તેને ગ્રહણ કરે છે. આ મારા છે એમ ગ્રહણ કરે છે. એ મિથ્યાદૃષ્ટિ, જૂઠા, પાપી પ્રાણીના એ પાપ પરિણામ તે એનું પ્રાપ્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. બીજા નામથી બોલાવે છે.

ઉત્તર :- એ તો પછી શબ્દો ઘણા વપરાય છે. મોટો મૂર્ખ ને ખોટો. આહા..હા..! પ્રભુ! તને તારી ખબર નથી ભાઈ! તારી લક્ષ્મી જ્ઞાન ને આનંદની અંતરમાં પરિપૂર્ણ ભરી છે. ભગવાન આત્મા ગુણ અને સુખથી ખાલી નથી. શું કીધું? કહો, સમજાણું આમાં?

શું કહ્યું? પાપી પ્રાણી કોને ગ્રહણ કરે છે? ધર્મી પ્રાણી કોને ગ્રહણ કરે છે? અને પૂર્ણ થયેલા પરમાત્મા કોને ગ્રહણ કરે છે? એ ત્રણની વ્યાખ્યા છે. પાપી પ્રાણી એટલે કે પોતાનું ચૈતન્ય અનંત આનંદકંદ જ્ઞાનાનંદસ્વરૂપ જેને શ્રદ્ધામાં નથી, જેને જ્ઞાનમાં નથી, જેની કિંમત નથી, જેનો આદર નથી એવો જે પાપી એ પુણ્ય-પાપના પરિણામને પોતાના માની અને પોતે છે એમ પાપી પોતાના વિકારના પરિણામને ગ્રહે છે. પરવસ્તુ તો ગ્રહી શકતો નથી કાંઈ. તેમ વસ્તુની ખબર નથી એટલે નિર્મળની પર્યાયનું પ્રાપ્ય એને છે નહિ. આહા..હા..! પરવસ્તુ શરીર, વાણી, કર્મ કે પૈસો, લક્ષ્મી આબરૂ એને તો આત્મા ગ્રહી શકતો નથી. કારણ કે એ જડ છે, પર છે એને શું ગ્રહે? છોટાભાઈ! હિંમતભાઈ! બરાબર છે?

સત્ ભગવાન આત્મા પોતાનું સત્ નિધાન શાશ્વત શાંતિ આનંદ એવી જે ચીજ પોતાની એની સામું ન જોતાં, એને વિશ્વાસમાં ન લેતાં, તેને પોતાની જ્ઞાનની દશામાં તેને જ્ઞેય ન બનાવતાં અજ્ઞાની પુણ્ય અને પાપના વિકલ્પોને મારા, એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ ભાવ એ મારા અને હું એનો એવા એ ભાવને મિથ્યાદૃષ્ટિ પાપી પાપના પરિણામને ગ્રહણ કરીને ઊભો છે. કહો, રતિભાઈ!

મુમુક્ષુ :- મંદિરમાં દર્શન કરતો હોય ત્યારે?

ઉત્તર :- દર્શન કરતો હોય તો એ રાગ થાય તે મારા છે એમ માને એટલે એ પાપના પરિણામમાં ઊભો છે. જેમાં જેને પોતાનું માને તેને તેનામાં ઊભો રહ્યો કહેવામાં આવે છે. ન્યાયથી સમજવું પડશે કે નહિ એને? આહા..હા..! દુકાને બેઠો, બે-પાંચ-દસ લાખની પૂંજીનો પેદાશ થઈ સાંભળે છે, હરખ થાય છે. એ હરખના પરિણામમાં સુખી થાય છે, મને ઠીક છે આ એવો જે ભાવ એ મિથ્યાભ્રાંતિનો પાપનો ભાવ તેને તે અજ્ઞાની ગ્રહણ કરે છે

ત્યાં તે ઊભો છે. સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! આ તો ભારે વાત ભાઈ! આ પાપીની વાત કરી.

ધર્મી, પોતાનું પ્રાપ્ય એટલે ગ્રહણ કરવાલાયક ચીજ શું છે એને? એણે તો પુણ્ય અને પાપના રાગથી ભિન્ન ભગવાન ચિદાનંદસ્વરૂપની કિંમત કરી છે. રાગથી અધિક જેણે જુદો આત્માને જાણ્યો, અનુભવ્યો છે. એવો જે ધર્મી, એવા ધર્મીને સ્વભાવના ભાનમાંથી સ્વભાવની અવસ્થા જે જ્ઞાતા-દૃષ્ટા ને આનંદની પ્રગટે છે, થાય છે તેને તે ગ્રહે છે એટલે પહોંચી વળે છે. તે જ્ઞાનીનું, ધર્મીનું તે કર્મ નામ કાર્ય, ગ્રહણ કરવાલાયક તે પ્રાપ્ય છે. એને રાગાદિ થાય એ પણ એ જ્ઞાનીનું ગ્રહણ કરવાલાયક કાર્ય નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! એય..! ધીરૂભાઈ! આ આવ્યા છે ને ભાઈ એટલે સંભાર્યા. કીધું આ તમારા ભાઈ સમજે છે કે નહિ? આવું ઝીણું લઈને બેઠા છીએ. અત્યારે તો ઝીણું છે ભાઈ. તમારી સામું હાથ કરે છે આમ. ત્યાં બેઠા છે. પણ આ કોઈ દિ' સાંભળ્યું ન હોય તો શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો આ વાત ચાલે છે ને. અંદર આવ્યા હતા. કહો, સમજાય છે આમાં? આહા..હા..!

અને જ્યારે ધર્મીનું પ્રાપ્ય ગ્રહણ કરવાલાયક... એને તો પુણ્ય-પાપના વિકલ્પો ઉપર દૃષ્ટિ નથી તેથી તેને પર ઉપર તો દૃષ્ટિ નથી, પર મારા છે એ તો દૃષ્ટિ ઊડી ગઈ છે ધર્મીને. એને તો પુણ્ય-પાપના વિકલ્પ રહિત નિર્વિકલ્પ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનું ભાન હોવાથી તેને તે પ્રકારના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ તે કાળે તે થાય તેને તે ગ્રહણ કરે છે. કેવળીને... પહેલા પાપીનું કહ્યું, પછી ધર્મીનું કહ્યું, હવે કેવળીને. આ વાત કેવળીની ચાલે છે વધારે. કેવળીને, જે સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા થયા અરિહંતદેવ જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (છે), અનંતા જ્ઞેયોને જાણવાનું જે જ્ઞાન છે એવું જે કેવળજ્ઞાન એ કેવળીનું એ પ્રાપ્ય છે. જ્ઞાનની અવસ્થા જે કેવળ પૂર્ણ થઈ, સ્વપરને જાણવાની તે તેને ગ્રહણ કરવાલાયક છે. પણ જે અનંત જ્ઞેયો છે તેને કેવળી ગ્રહતા નથી અને તેને ગ્રહવાલાયક છે નહિ. કહો નેમીદાસભાઈ! એક બોલ થયો.

બીજો 'વિકાર્ય...' વિકાર્ય એટલે પરિણમવું. છે ને બીજો બોલ? વિકાર્ય એટલે પરિણમવું. અજ્ઞાનીનું પરિણમવું પુણ્ય અને પાપના વિકારીભાવ તે રૂપે થાઉં છું, એ રૂપે પરિણમું છું એવું અજ્ઞાનીનું એ વિકાર્ય છે. પરરૂપે થવું તો છે જ નહિ. અજ્ઞાની પણ શરીરરૂપે થાય, કર્મરૂપે થાય, બાયડીરૂપે થાય, છોકરારૂપે થાય, આબરૂરૂપે થાય, પૈસારૂપે થાય (નહિ). થાય? કોઈ દિ' નહિ? એ રૂપે થાય ક્યાંથી પણ? પરવસ્તુ સ્વતંત્ર એ રૂપે થાય કે દિ'? અજ્ઞાની પાપી પ્રાણી પોતાના વિકાર પરિણામ ઉપર એની દૃષ્ટિ છે તેથી તે વિકારપણે પરિણમે છે એ એનું પરિણમન છે. પરિણમન એટલે થવું, વિકારરૂપે પરિણમવું. ધર્મીનું પરિણમન, રાગ

અને પુણ્ય વિનાનો ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા છે એવા સ્વભાવનું ભાન હોવાથી ધર્મીનું નિર્મળ નિર્વિકારી પરિણમન છે. તે એનું નિર્મળ વિકાર્ય પરિણમન કહેવામાં આવે છે. કેવળીનું, કેવળજ્ઞાનરૂપી પર્યાયપણે પરિણમે છે એ એનું વિકાર્ય છે. સમજાણું કાંઈ? એ વિકાર્યની વાત કરી.

હવે '**નિર્વર્ત્ય...**' નીપજવું. અજ્ઞાની, ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ નિધાન આનંદનો કંદ છે એનો આદર નહિ કરતા, એ પુણ્ય અને પાપના વિકલ્પનો આદર કરીને તે પણે ઊપજે છે. વિકારપણે ઊપજે છે તે અજ્ઞાનીનું નિર્વર્ત્ય-નીપજેલું તે એનું કાર્ય. વસ્તુ તો એકની એક છે. પ્રાપ્ય-પરિણમવું અને નીપજવું વસ્તુ એક, પણ ત્રણને ઓળખવાની રીત છે. સમજાણું  કાંઈ? એ આ વર્ષ બેસતાની બોણી છે આ. આહા..હા..! અરે..! એની એને ખબર ન મળે. દુઃખી થઈને, હેરાન થઈને મરી ગયો ચોર્યાસીના અવતારમાં. એય..! દેવાનુપ્રિયા! એટલે ત્રણના પરિણમન કીધા. અજ્ઞાનીના, ધર્મીના અને કેવળીના. સમજાણું કાંઈ?

અજ્ઞાની આત્માના શુદ્ધ ચૈતન્યના સ્વભાવનો આદર નથી કરતો એને તો પુણ્ય અને પાપના ભાવનો આદર છે. આહા..હા..! કેવું શીખવું એને, કેટલું શીખવું એને? સમજાણું? અજ્ઞાનીનું નિર્વર્ત્ય, વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અખંડ આનંદનો કંદ છે એનો આદર છોડી દઈને પુણ્ય અને પાપ મારા તે પણે ઊપજે છે એ એનું નિવર્ત્ય કર્મ છે. એણે એ નીપજાવ્યું. એણે એ નીપજાવ્યું દુઃખનો પંથ. ધર્મીનું નિર્વર્ત્ય એ પુણ્ય-પાપ થાય તેનું જ્ઞાન કરે છે અને પોતાનું જ્ઞાન કરે છે એવી જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય તે પણે જ્ઞાની ઊપજે છે. એ એનું નિર્વર્ત્ય-નીપજેલું કાર્ય છે. કેવળી ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞેયને જાણતું જ્ઞાન તે જ્ઞાનની પર્યાયપણે ઊપજે છે. એ ઊપજે છે જ્ઞાનની પર્યાયપણે તે તેનું ઊપજેલું કાર્ય છે. ન્યાલભાઈ! બહુ ઝીણું છે આ. ઘડિયાલના સંચા-બંચામાં થોથા પણ નથી ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એને ઘરમાં શું છે એની ઘરની ખબરું ન મળે અને પરઘરને પોતાપણે માનીને રખડી રહ્યો છે. સમજાય છે કાંઈ? એ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એ કેવળી ભગવાનનું પ્રાપ્ય કર્મ જ્ઞાન જ છે. છેલ્લો શબ્દ છે એમ લ્યો. છે અંદર જુઓ! એ શબ્દ સામું જુઓ તો ખબર પડે, નહિતર મોં-માથું સૂઝે એવું નથી આમાં કાંઈ. ગજનો આંકો સૂઝે એવું નથી.

'**કેવળી ભગવાનનું પ્રાપ્ય કર્મ...**' પછી શબ્દ છે. '**જ્ઞાન જ છે,...**' છે? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા અરિહંતદેવ કેવળી પરમાત્મા એનું પ્રાપ્ય કર્મ જ્ઞાન છે. જાણવું કેવળજ્ઞાનપણે જાણવું-જાણવું તે તેનું પ્રાપ્ય કર્મ છે. '**વિકાર્ય કર્મ જ્ઞાન જ છે,...**' એ પરિણમવું કરવું એ પણ જ્ઞાનીનું જ્ઞાન જ પરિણમવું છે. '**અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય કોઈ દિ' સાંભળ્યું નહિ હોય એણે. એય..! મલુપચંદભાઈ! ચોપડામાં આવે નહિ, અપાસરે જાય તો સંભળાય નહિ, દેરાસર જાય તો મળે નહિ. અહીં સાંભળવાનો વખત મળે. એમ કીધું. આહા..હા..!

ભગવાન! અહીં તો કહે છે, પ્રભુ! એ છે તો અવસ્થા. કેવળજ્ઞાનીની કેવળજ્ઞાન એક દશા છે, એ કાંઈ ગુણ નથી, ગુણ તો ત્રિકાળ છે. ગુણ અને દ્રવ્ય એ ત્રિકાળ છે એની અવસ્થા છે. એ અવસ્થા તેનું પ્રાપ્યકર્મ છે, એ અવસ્થા તેનું વિકાર્ય પરિણમન કર્મ છે, નિર્વર્ત્ય તે તેનું જ્ઞાન કર્મ છે. એ જ્ઞાન જ તેનું નિર્વર્ત્ય છે, જ્ઞાન જ તેનું પ્રાપ્ય છે, જ્ઞાન જ તેનું પરિણમન છે. **'કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે,...'** છે? એ ગ્રહે છે એટલે પ્રાપ્ય. કેવળજ્ઞાની પરમાત્મા પોતાના જ્ઞાનની પર્યાયને પકડીને પડ્યા છે એ તેનું પ્રાપ્ય. અજ્ઞાની રાગને પકડીને પડ્યા છે તે રાગ તેનું પ્રાપ્ય. ચાહે તો શુભ હો કે અશુભ હો. કારણ કે આ વસ્તુદૃષ્ટિ નથી એટલે અંશદૃષ્ટિ છે. અંશની દૃષ્ટિ લંબાય છે તો રાગ ઉપર જાય છે. વસ્તુની તો ખબર નથી. સમજાણું કાંઈ? કહો, દાસ! લ્યો, આ વર્ષ બેસતું ૨૫મું. ૨૦૨૫. આ સમજે તો વર્ષ બેઠું, નહિતર એને વર્ષ આથમી ગયું છે. આહા..હા..!

કહે છે, ભગવાન! કેવળી ભગવાન તેઓ જ્ઞાનને જ ગ્રહે છે. પરમેશ્વર કેવળજ્ઞાની તો એની જ્ઞાનની પર્યાયને જ પકડે છે, જ્ઞાનરૂપે પરિણમે છે અને જ્ઞાનરૂપે ઊપજે છે. ત્રણ થયા—પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ધર્મી, પુણ્ય-પાપના રાગથી, દેહથી, ક્રિયાથી, પરથી ભિન્ન એવો ભગવાન આત્મા છે એવું અંદર ભાનને લઈને ધર્મીનું સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપી પરિણામ એ જ એનું પ્રાપ્ય, એ જ એનું પરિણમવું, એ જ એનું નિવર્તવું છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીનું, ક્ષણે ક્ષણે જે કાંઈ પુણ્ય અને પાપના વિકલ્પો થાય તે તેનું પ્રાપ્ય છે, તે રૂપે પરિણમે છે અને તે-તે રૂપે નીપજે છે. કહો, સમજાણું આમાં? આ તો સાદી ભાષાથી વાત છે. છે ઊંચી પણ ભાષા સાદી છે કે નહિ? એય..! ધીરૂભાઈ! તમારા ભાઈને ન કહીએ તો તમને કહીએ લ્યો! ભાષા તો સાદી છે કે નહિ? સાદામાં સાદી અને સત્યના સત્યને પ્રકાશે એવી છે. તદ્દન આમાં કોઈ શાસ્ત્રની કોઈ ઊંચી (આંટી)ઘુંટીની વાત પણ નથી.

તું છો કે નહિ? કહે હા. શું છે તારામાં? તું છો તો તારામાં છે શું? તારામાં શું રાગ-દ્વેષ છે? તારામાં શરીર, વાણી, મન છે? પૈસા તારામાં છે? ક્યાં છે? નથી. છે ત્યારે શું? તારામાં છે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એ તારામાં છે. જે તારામાં છે એને પોતાનું ન માનતા, જે એનામાં નથી (એવા), પુણ્ય-પાપ, વિકલ્પ, દેહ, વાણી, મન એને પોતાના માને એને- અજ્ઞાનીને તો પાપભાવ મિથ્યાત્વભાવ તેનું પ્રાપ્ય છે, મિથ્યાત્વભાવ તેનું પરિણમન છે, મિથ્યાત્વભાવ તેનું નીપજવું-ઊપજવું છે. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આ તો સાદી ભાષા છે. પણ હવે માણસને દરકાર જ ન મળે કંઈ. આહા..હા..! આવો અવસર સમય મળ્યો, મનુષ્યદેહ. એમાં શું કરવાનું છે અને શું કરું છું એની ખબરું ન મળે. આહા..હા..!

જગતની ચીજોને દેખી હરખના સડકા આવે છે કહે છે અને પ્રતિકૂળ દેખીને શોક આવે છે, એ અજ્ઞાનીના મિથ્યાદૃષ્ટિના પાપીના પરિણામ પાપ છે એ. પાપ પરિણામને ગ્રહે, પાપપણે પરિણમે અને પાપપણે ઊપજે છે. દુઃખપણે ઊપજે છે, દુઃખને ગ્રહે છે, દુઃખપણે પરિણમે

છે અને દુઃખપણે ઊપજે છે. લ્યો આમ છે. શું હશે ત્યારે પાપ દુઃખ હશે કે સુખ હશે? સુમનભાઈ! આ તો સાદી ભાષાથી વાત છે. શુભ-અશુભભાવ છે, દેહ આદિ એક કોર રાખો, એ તો જડ છે, એ કાંઈ તારા થઈને રહ્યા પણ નથી. આ તો એના થઈને રહ્યા અને એના થઈને આવ્યા છે. એના થઈને રહ્યા છે અને એના થઈને આવ્યા છે. લક્ષ્મી પણ લક્ષ્મી એની થઈને રહી છે અને એની થઈને આવી છે. તારી થઈને આવી નથી અને તારી થઈને રહી નથી. હવે અંદરમાં પુણ્ય-પાપના ભાવ પણ ખરેખર તો એના થઈને આવ્યા નથી. એના થઈને આવે તો એના સ્વભાવમાં પેસી જવા જોઈએ. સમજાણું કાંઈ?

ત્રિકાળ ભગવાનનો સ્વભાવ સત્ આનંદકંદ અને શાંતિનો સ્વભાવ એવો અવિકારી વીતરાગ વિજ્ઞાનઘન ભગવાન આત્મા એમાં પુણ્ય-પાપના વિકલ્પો જે ઉઠ્યા રાગ, આ તો બીજી રીતે કહ્યું ને. ઓલામાં આવ્યું ને કે વિકલ્પનો કર્તા તે તેનું કર્મ અને વિકલ્પ તે તેનું કર્મ છે. કર્તાકર્મ (અધિકાર)માં. અજ્ઞાનીનું બીજું કોઈ કર્મ નથી. એ વિકલ્પ ઉઠ્યો છે પુણ્ય-પાપનો તે જ તેનું કાર્ય છે અજ્ઞાનીનું. પરનું કાર્ય તો ત્રણ કાળમાં નથી. અને વિકલ્પકર્તા આ મારું કામ એ એનો કર્તા છે. પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે છે વિકારની લાગણીઓ એ અજ્ઞાનીનું (કાર્ય છે). અજ્ઞાની તેનો કર્તા છે. કારણ કે તેને વિકલ્પથી રહિત નિર્વિકલ્પ દૃષ્ટિનું ભાન નથી. અને વિકલ્પકર્તા તે કરનારો વિકલ્પ કરે તે તેનું કાર્ય છે. એ શુભ-અશુભ જે રાગ કર્યો તે અજ્ઞાનીનું કાર્ય છે. એ સિવાય બહારની ક્રિયા એ કરે છે હાલવાની, ચાલવાની, બોલવાની કે લેવા-દેવાની હરામ ત્રણ કાળમાં નહિ. એ તો જડની ક્રિયા છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! ત્યાં સીધી લાઈનમાં છે કાંઈ? ધૂળમાંય નથી ત્યાં એકલા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં હજી તો માંડ માંડ કો'ક દિ' વળી આવ્યા. ત્યાં સલવાણા છે અંદર. તમારો બચાવ કરે છે થોડો થોડો, વકીલાત કરે છે થોડી. છોકરાની કરે છે એમ તમારી પણ કરે છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે... આહા..હા..! ભારે વાત પણ ગજબ વાત છે! ૯૨મી ગાથાનો જ્ઞાનનો પૂર્ણ અધિકાર પડે છે. પછી સુખનો અધિકાર શરૂ થાય છે. પછી શિષ્યે કહ્યું, પણ હવે સુખ તો જ્ઞાનમાં આવી જાય છે. તો આ વળી સુખનો અધિકાર નવો શું કરવા લીધો? ભાઈ! જ્ઞાન સાથે આનંદ હોય એ માટે વાત કરીએ છીએ. સાંભળને. જ્યારે જ્ઞાન સમ્યક્ થાય ત્યારે આનંદ પણ ભેગો હોય. જ્યારે મિથ્યાજ્ઞાન છે તો દુઃખ ભેગું જ છે એમ કહે છે. આહા..હા..! શું કીધું? ભગવાન આત્મામાં જ્ઞાન અને આનંદ ત્રિકાળી વસ્તુ પડી છે. એનું ભાન નથી ત્યાં આગળ પુણ્ય અને પાપના વિકલ્પો તે તેનું કર્મ અને તેનો કર્તા એ દુઃખના કાર્યનો કર્તા અને દુઃખ તેનું કાર્ય. એ જ્ઞાન પોતે દુઃખરૂપ છે. આહા..હા..! એ દુઃખરૂપ જ્ઞાન છે, એ દુઃખરૂપ દશા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સુખરૂપ દશા અને પૂર્ણ સુખરૂપ દશા, ભગવાન આત્મા શુભ અને અશુભરાગથી ભિન્ન છે એ વિકલ્પપણે થયો નથી. વિકલ્પપણે થાય તો વિકલ્પ કોઈ દિ' છૂટે નહિ. સમજાણું? એ ચૈતન્યબિંબ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પપણે નથી. ત્યારે છે શું? જ્ઞાન અને આનંદપણે છે એ. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદપણે છે. એવું જ્યાં ભાન નથી એને તો વિકારી પરિણામ એ મારું પ્રાપ્ય, નિર્વર્ત્ય કર્મ અને એ દુઃખપણે પકડ્યો, દુઃખને પકડ્યો, દુઃખમાં પરિણમ્યો અને દુઃખરૂપે નીપજ્યો. પરને પકડે, પરને પરિણમે અને પરપણે ઊપજે એ વાત તો ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ!

**'કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે,...'** કોણ કેવળી? એમ ધર્મી પણ પોતાની નિર્મળ પર્યાયને જ ગ્રહે છે, નિર્મળ પર્યાયપણે પરિણમે છે, નિર્મળ પર્યાયપણે ઊપજે છે. કેવળી પૂર્ણ નિર્મળ પર્યાયને ગ્રહે છે, પૂર્ણ નિર્મળ પર્યાયપણે પરિણમે છે, નિર્મળ પૂર્ણ પર્યાયપણે ઊપજે છે-નીપજે છે. કહો, રતિભાઈ! **'આ રીતે જ્ઞાન જ તેનું કર્મ છે...'** કોનું? કેવળજ્ઞાનીનું. કેવળજ્ઞાની પરમાત્માનું જાણવું એ જ એનું કાર્ય છે. જ્ઞેયો જગતના તે એમાં આવી જાય છે કે એનું કાર્ય છે એમ છે નહિ. તદ્દન ભિન્ન અનંતા પદાર્થો કેવળજ્ઞાનીએ જાણ્યા, પણ જાણવાની પર્યાયથી અનંતા પદાર્થો ભિન્ન છે. અનંત પદાર્થ તે તેનું કર્મ નથી, તેને ગ્રહ્યા નથી. એમ અજ્ઞાનીએ પણ અનંત પદાર્થ પર છે એને ગ્રહ્યા નથી, પણ મારા છે એવી માન્યતાને પકડી છે તે અજ્ઞાનને ગ્રહ્યો છે એણે. સમજાણું કાંઈ? એય..! નેમિદાસભાઈ! આહા..હા..! ભારે!

જગતમાં શું કરું છું અને શું થાય છે એની ખબર ન મળે. દુઃખી છું, દુઃખને પરિણમું છું અને દુઃખને ગ્રહું છું અને દુઃખપણે ઊપજું છું એની ખબર ન મળે અને માને કે હું સુખી છું. ભ્રમ છે ભગવાનને ભૂલીને મિથ્યાત્વનો. સમજાણું કાંઈ? અમે હમણાં પૈસેટકે આબરૂએ સુખી છીએ. મૂઢ છો? મૂર્ખ છો? મૂર્ખનો મૂર્ખ છો. મોટો બાદશાહ મુનિ હોય, સાધુ થઈને બેઠો હોય. પણ જેના પરિણામ વિકલ્પ ઉઠ્યા છે શુભ-અશુભ, એમાં પોતાપણું માને છે અને એનાથી મને લાભ માને છે એ મૂઢમાં મૂઢ દુઃખની દશાપણે ઊપજે છે. ભલે બહારથી ત્યાગી બાયડી-છોકરા વિનાનો દેખાય. સમજાણું કાંઈ? અંદરમાં પુણ્યના એક વિકલ્પ દયા, દાન, વ્રતની વૃત્તિ ઊઠી છે એને પોતાપણે માને છે એ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ મારા છે એમ માને એવા મિથ્યાત્વપણે પરિણમે છે. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ! બહુ ઝીણું પણ. આ વર્ષ બેસતાને દિ' આવું હશે? વર્ષ બેસતાનું સારું માગતો હશે કે મોટું માગતો હશે કે ખોટું માગતો હશે?

મુમુક્ષુ :- સારામાં સારું માગે.

ઉત્તર :- સારામાં સારું માગે? તો સારામાં સારું આ છે. આહા..હા..! છે?

**'આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.'** ભારે વાત!

શું કહે છે? કે કેવળજ્ઞાનીની ક્રિયા શું? બોલવું, ચાલવું, ઉપદેશ દેવો એ એની ક્રિયા છે? એ તો જડની ક્રિયા છે, એ ભગવાનની ક્રિયા નથી. ભગવાનની ક્રિયા જાણવાપણે પરિણમવું એ જ્ઞપ્તિ જાણવાની ક્રિયા છે. સમજાય છે કાંઈ? છે? '**આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે...**' એટલે કાર્ય છે '**અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.**' હવે અજ્ઞાનીને પણ લઈએ કે તે પાપના પરિણામ અને પુણ્યના પરિણામ મારા માને છે એને એ પાપ પરિણામ જ તેનું કર્મ છે અને એ પાપ પરિણામ જ તેની અજ્ઞપ્તિ એટલે નહિ જાણવાની ક્રિયા છે. સ્વરૂપને નહિ જાણવાની ક્રિયા છે. ક્રિયા છે રાગપણે થવાની, પુણ્યપણે થવાની, બદલીને થવાની એ અજ્ઞાનીની ક્રિયા છે, દુઃખની ક્રિયા છે. આ ક્રિયા-ક્રિયા લોકો કહે છે કે નહિ? એય..! ધીરૂભાઈ! ક્રિયા ઉડાવે છે સોનગઢ, વળી એમ કહે છે બધા. હવે સાંભળને! તને શી ખબર પડે કે ક્રિયા ઉડાવે છે? તને તો ખબર નથી એની.

આત્મામાં શુદ્ધતાનો પિંડ પ્રભુ છે એની જેને ખબર નથી એ પુણ્ય-પાપના પરિણામપણે પલટો મારે છે તે અજ્ઞાન તેની ક્રિયા છે, એ દુઃખની ક્રિયા એની પાસે છે. ધર્મીને જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ છું એવું જે પરિણમવું, પહેલી અવસ્થાથી બીજી રૂપે અવસ્થા થવું તે જ્ઞાનીની જ્ઞપ્તિ-જાણવાની ક્રિયા છે. કેવળીની? પહેલા કેવળીની અવસ્થા જેમ બીજી રૂપે પરિણમે જ્ઞપ્તિ એ એની ક્રિયા છે. પરની ક્રિયા છે અને પરને બોલે છે, ભગવાન બોલે છે, ભગવાન ઉપદેશ દે છે એ ભગવાનમાં છે નહિ. ભારે વાત ભાઈ! કહો, સમજાણું આમાં?

'**આ રીતે જ્ઞાન જ તેમનું કાર્ય છે અને જ્ઞપ્તિ...**' નામ જાણવાની ક્રિયા તે '**તેમની ક્રિયા છે.**' આહા..હા..! ભગવાન તો છ-છ ઘડી સુધી બોલે, ભાષણ આપે, સમવસરણમાં બેસે. ના. એ તો જડની ક્રિયા છે, એ ભગવાનની ક્રિયા છે જ નહિ. એ તો જ્ઞાનમાં, જ્ઞેય ક્રિયા થાય તેને જાણે છે એ તો. એ જ્ઞેયની ક્રિયા જ્ઞાનમાં નથી આવી. એ સંબંધીનું જ્ઞાન અહીં આવ્યું છે. એ સંબંધીની જ્ઞાનની ક્રિયા કેવળીની છે. સમજાણું કાંઈ? ભાઈ! ઝીણું પડે પણ આ જાણે છૂટકો છે. નહિતર ચોર્યાસીના ધોદામાંથી નહિ નીકળે એ. દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી... એના દુઃખ એ વેદે છે એની એને ખબર નથી. ભગવાન એને ભાળે છે, જ્ઞાની એને જાણે છે (કે) પ્રાણીઓ દુઃખી છે. સમજાણું કાંઈ? પોતાના ચૈતન્યના આનંદનિધાનને ન જોતાં અંતર્મુખ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શોભામાં વિષય શું છે એવું એને નહિ માનતા, એકલા પુણ્ય અને પાપ બાહ્ય વસ્તુને માને છે એ દુઃખી છે, દુઃખી છે. નિર્ધન દુઃખી, સધન દુઃખી, સાધુ થયેલો બહારમાં પણ રાગ ને પુણ્યની ક્રિયા મારી માનનાર એ મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. સમજાણું કાંઈ? મલુકચંદભાઈ! પૈસાવાળાને કેટલાને સુખી કહેવા? કેટલા પૈસા હોય તો સુખી કહેવા? આંકડો હશે કાંઈ? નિર્ધન કોને કહેવો? આહા..હા..!

ભગવાન આત્મા કેવળજ્ઞાનની લક્ષ્મીથી ભરેલો ભંડાર છે પ્રભુ! એનો જેને આદર નથી અને પુણ્ય-પાપના વિકલ્પનો આદર છે એ નિર્ધન પ્રાણી દુઃખી છે. એય..! રતિભાઈ! બધી

વ્યાખ્યા જુદી જાતની છે આ. એ નિર્ધન પ્રાણી દુઃખી છે. અને જંગલમાં એકલો કાળુંમશ જેવું શરીર, તડકા માથે પડ્યા હોય ગરમી. ડુંગરાની ટોચે જેને આમ સૂર્યના કિરણો માથે અડતા હોય, પરસેવા ચાલ્યા જતા હોય, ધૂળ ઊડીને ચોંટતી હોય. અંતરમાં... અરે..! ગૃહસ્થાશ્રમમાં રહેલો, છન્નું હજાર રાણીના મધ્યમાં. જેણે રાગ અને પરથી ભિન્ન આત્માનું અંતર જ્ઞાન કર્યું છે તે ક્ષણે તે જીવ સુખી છે. એ રાગને લઈને નહિ, બાયડીને લઈને નહિ. એ સ્ત્રી અને તે સંબંધીના રાગથી ભિન્ન પડેલા જ્ઞાન ને દર્શનના આનંદને લઈને સુખી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, સમજાય છે કે નહિ આમાં? આ વર્ષ બેસતાને દિ' આવ્યા એનું આવે છે આ.

મુમુક્ષુ :- આ લોકોત્તર વ્યાખ્યા છે.

ઉત્તર :- લૌકિક વ્યાખ્યા છે દુઃખી થવાની એમ કહે છે. એમ શું કહે છે એ? કે લોકો એને સુખી કહે છે એ લોકવ્યાખ્યા છે એમ કહે છે એ. અંદર પેટામાં રાખેલી વાત. લોકો એને સુખી કહે છે એ લૌકિક વ્યાખ્યા છે એટલે મૂર્ખાઈની વ્યાખ્યા છે ઈ. દેવાનુપ્રિયા! એ પ્રશ્નનારદ છે. પ્રશ્નનારદ એટલે એક પ્રશ્નમાં બીજો રાખે અંદર ભેગો. ઓલી લૌકિક વ્યાખ્યા છે એમ. પૈસાવાળા સુખી, રૂપાળા સુખી, બાયડીવાળા સુખી, ધૂળેય નથી. લૌકિક વ્યાખ્યા એટલે પાપીના પાપ પરિણામવાળાની વ્યાખ્યા છે. કહો.

આ ધર્મીના ધર્મના પરિણામની વ્યાખ્યા. અહો..! જ્યાં હું છું ત્યાં તો આનંદ છે. જ્યાં હું છું ત્યાં તો એકલો જ્ઞાનનો ભંડાર છે. જ્યાં હું છું ત્યાં તો પુણ્ય ને પાપ ને શરીર નથી. એ રીતે હું નથી અને એ મારા થયા નથી અને હું એનો થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો, કહે છે કે હું ત્યાં નથી. હું જ્યાં છું ત્યાં રાગ નથી, હું જ્યાં છું ત્યાં સ્ત્રી નથી, હું જ્યાં છું ત્યાં રાગ નથી. હું જ્યાં છું ત્યાં જ્ઞાન અને આનંદ છે. એવી દૃષ્ટિવંત ધર્મી તે ગૃહસ્થાશ્રમમાં બાયડી પાસે બેઠો, પણ એ સુખી પોતાની દશાને લઈને છે, એને લઈને નથી. સમજાણું કાંઈ? અને અજ્ઞાની અનુકૂળતાના ઢગલામાં પડ્યો છે, બાયડી અનુકૂળ, બધું અનુકૂળ. આમ માખી ઊડે તો ખાવા બેઠો હોય તો વીંઝણો લઈને બેઠી હોય આમ હલાવવા. માખી ન પડે ને આ ન પડે. આહા..હા..! બે-પાંચ-દસ કરોડની મૂડી, રૂપાળું શરીર, લાડવા ખાતો હોય ને પતરવેલિયા ખાતો હોય. ખાતો નથી, ફક્ત એ તરફનો એને વિકલ્પ ઊઠ્યો છે. ક્રિયા જડની છે. વિકલ્પ ઉઠ્યો છે કે હું ખાઉં છું અને મને ઠીક એ વિકલ્પ દુઃખની દશાપણે પરિણમી રહ્યો છે. એ દુઃખી છે ત્યાં. એ દુઃખી છે. રતિભાઈ! અરરર...! એ..! ધીરૂભાઈ! પણ આ તો બેસે એવું છે ને ભાઈ! આ તો ન્યાયથી વાત ચાલે છે ને. ન સમજાય એવી વાત નથી. પછી અંદર રુચે ન રુચે એ જુદી વાત છે. પણ શું કહેવા માગે છે એ તો ખ્યાલમાં આવી શકે કે નહિ? સમજાય છે? એને એ અંદર રુચે અને પરિણમે એ વળી જુદી ચીજ છે. આ વાત

આમ છે અને આમ નથી એમ વાત એના ખ્યાલમાં આવે કે નહિ? આહા..હા..! એ કાંઈ જડ છે? ચૈતન્ય છે. અને ક્ષયોપશમજ્ઞાનનો ઉઘાડ લઈને તો આવ્યો છે એટલો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્માની '**જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે.**' એમ અજ્ઞાનીનું પુણ્ય-પાપ જ તેનું કામ છે અને પુણ્ય-પાપનું પલટવું તે તેની ક્રિયા છે. ધર્મીનું, શુદ્ધ ચિદાનંદ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તે તેનું કર્મ છે અને તે રૂપે પરિણમવું તે તેની ક્રિયા છે. આ બહારની ક્રિયા જ્ઞાનીની છે જ નહિ. આહા..હા..! અજ્ઞાની કરી શકતો નથી તો વળી જ્ઞાની ક્યાંથી લાવ્યો? ભારે વાત ભાઈ! આ ૨૫મા વર્ષનું પ્રભાતિયું છે આ. આહા..હા..!

'**આમ હોવાથી...**' જુઓ! '**આમ હોવાથી કેવળીભગવાનને બંધ થતો નથી,...**' પરમેશ્વર કેવળજ્ઞાની એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાની ક્રિયાવાળો, જાણવાના કાર્યવાળો છે, તેથી તેને રાગ અને મોહ નથી માટે તેને બંધન થતું નથી. અબંધ સ્વરૂપી મોક્ષ પર્યાય છે એની. '**કેવળીભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી...**' શું કહે છે? જાણવું.. જાણવું... જાણવું... જાણવું... એ ક્રિયા કાંઈ બંધનું કારણ નથી. એથી અહીં નીચે પણ જ્ઞાનસ્વરૂપ જાણે... જાણે... જાણે... પરને જાણે, સ્વને જાણે, એ જાણવું બંધનું કારણ નથી. જાણવા ઉપરાંત આ મારું અને મને આ, એવી માન્યતા તે મિથ્યાત્વ અને બંધનું કારણ છે. નેમિદાસભાઈ! જાણવું બંધનું કારણ નથી, તેમ એ જ્ઞેય ક્રિયાઓ છે એ કાંઈ બંધનું કારણ નથી. સમજાય છે? તેમ કર્મના ઉદયથી બોલવા, ચાલવાની ક્રિયા થાય એ બંધનું કારણ નથી. ફક્ત બંધનનું કારણ જાણવું જાણવું એ ઉપરાંત આગળ વધીને 'આ મારું, આ રાગ મારો, આ પુણ્ય મારા, આ મેં પુણ્ય કર્યું, મેં પાપ કર્યું, આ ક્રિયા મારી' એવી જે માન્યતા, એવો જે વિકારી ભાવ એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? છે?

'**કારણ કે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થપરિણમન...**' જ્ઞેયાર્થપરિણમનક્રિયા. એટલે શું? કે જે જાણવાયોગ્ય પદાર્થો છે જ્ઞેય એ પદાર્થોની સન્મુખ વૃત્તિ થવી, તેના તરફની વૃત્તિ વિકલ્પ ઉઠવો. એનું જાણવું થવું એમ નહિ. જાણવું થવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે અને જણાવવું એ તો એનો (જ્ઞેયનો) સ્વભાવ છે. પણ એ જાણતા આ ઠીક-અઠીક એવી વૃત્તિ ઉઠવી, આ મારા, આ તારા ભાગલા પાડવા એવી જે જ્ઞેયપદાર્થો સન્મુખ વૃત્તિ થવી. સમજાય છે કાંઈ?

દાખલો આપ્યો નહોતો કાલે? એક શેરીમાં સો ઘર હોય. હવે એ તો આત્મા જાણે છે કે આ સો ઘર છે. બસ, એ જ્ઞેય છે અને આ જાણે છે. પણ જ્યાં એને ઓલું એનું ઘર આવ્યું ને એમ લાગે, આ મારું. મારું ક્યાંથી આવ્યું એમાં? એ તો બધું જ્ઞેય તરીકે છે અને તું જ્ઞાન તરીકે છો. તારું જાણવું અને એનું જણાવવું એ બે વચ્ચે ત્રીજું ક્યાંથી આવ્યું આ? આ મારું આવ્યું ક્યાંથી? 'એ મારો' જે વિકલ્પ ઊઠ્યો છે એ મિથ્યાત્વભાવ

એ બંધનું કારણ અને દુઃખનું કારણ છે. સમજાણું કાંઈ?

એક ગાય વેચી હોય ને. બે વર્ષ પછી ગાય મળે. આ આ ગાય મારી વેચેલી એ મારી ગાય આ. થાય છે ને ઘણાને? ઓલો .. એ બહુ કરતો હોય. વેચેલી બહુ હોય એણે રબારીમાં ગાય. આ મેં ગાય દીધેલી. પણ ક્યાંથી આવી તારી આ? ભારે ભાઈ! એમ જગતના પદાર્થો શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ આવે ને જાય એને કારણે આમ. ત્યાં વચ્ચે ચોંટે (કે) આ દાગીનો મારો, આ કપડું મારું, આ મકાન મારું, આ આબરૂ મારી. એ જણાવાયોગ્ય તે જાણવાનો સ્વભાવ આત્માનો અને જણાવવાનો એનો. વચ્ચે નાખે કે આ મારું એવો મિથ્યાત્વભાવ બંધન ને સંસાર-રખડવાનું કારણ છે. જ્ઞાનીને તે ભાવ હોતો નથી. કેવળીને તો હોતો જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- સરવૈયું આવ્યું.

ઉત્તર :- ભાઈ કહે છે સરવૈયું આખા વર્ષનું આવ્યું. આખા વર્ષનું સરવૈયું નાખ્યું. તમે શું કર્યું અત્યાર સુધી? એમ કહે છે આ. આહા..હા..! વર્ષનું સરવૈયું માંડે છે કે નહિ? એય..! જયંતિભાઈ! આ સરવૈયું.

ભગવાન! તું તો આનંદ અને જ્ઞાનમૂર્તિ છો ને. તેં અત્યાર સુધી રાગ ને પુણ્યને મારા માન્યા એના સરવાળામાં તને મિથ્યાત્વનું પરિણામ એ સરવૈયું... સમજાણું કાંઈ? એ સરવૈયું તારા સરવાળામાં છે, તારા સરવાળામાં એ સરવૈયું છે. આહા..હા..! ધર્મીના સરવાળામાં, અરે..! હું તો રાગ નથી, પુણ્ય નથી, મારી ચીજ તો જ્ઞાનસ્વરૂપ આનંદ છે. મારા આનંદની અપાર શક્તિ છે. હું અંતરમાં આનંદ જેનો સ્વભાવ છે, જેનું સ્વરૂપ છે એને માપ શું? બેહદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ છું. સમજાય છે કાંઈ? એવા અતીન્દ્રિય આનંદપણે પોતાને માનતો, એને અતીન્દ્રિય આનંદની માન્યતા થતાં અતીન્દ્રિય આનંદની પર્યાય થાય તે તેના સરવાળાનું પરિણામ છે. એ સુખદશા છે, એ પર્યાયની પ્રાપ્તિ તેની સુખદશા છે. એ એનો સરવાળો છે. એને કોઈ પાસે જોવા જાવું પડતું નથી. મેં ધર્મ કર્યો કે નહિ? કોઈ પાસે જોવા જાવું પડતું નથી એમ કહે છે.

વસ્તુ ભગવાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે, પરમેશ્વર તીર્થંકર કેવળીએ જોયો એ આત્મા. એને પર્યાયમાં પ્રાપ્ત કર્યો, અહીં પર્યાયમાં પ્રતીતમાં આવ્યો. સમજાય છે કાંઈ? પૂર્ણાનંદનો નાથ જ્ઞાનાનંદ સ્વરૂપ છું. આ ધ્રુવ બિંબ ચિદાનંદસ્વરૂપ, એવી શ્રદ્ધા અને જ્ઞાન થતાં એ જ્ઞાનીના જ્ઞાન ને શ્રદ્ધાના પરિણામ, બસ એ સુખના પરિણામ એ એનો સરવાળો. એ સુખી છે. એ વાંઢો સુખી છે, વાંઝિયો સુખી છે. જંગલમાં પડ્યો, શરીરમાં રોગનો પાર ન હોય એ સુખી છે. એય..! આ કઈ જાતના દાખલા હશે આ? મલુકચંદભાઈ! એય..! હિંમતભાઈ! ભાઈ હવે એ બધા પંડિત છે અમારે. આ મોટા પંડિતના ભાઈ છે. મોટા છોકરાઓના બાપ છે લ્યો ને. માન્યતા ઉપર છે. બહારની ક્યાં વસ્તુ છે ધૂળમાં? આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ સમજવા જેવી વાત છે, જાણવા જેવી વાત છે અને જાણીને શું કરવું-એનું કર્તવ્ય શું છે એ પણ ભેગું આવે છે. આહા..હા..!

અરે..! એની એને દયા નથી. એની એને દયા નથી. અરે..! હું ક્યાં દુઃખી થઈશ? હું અહીંથી છૂટીને... અનંત કાળ.. અનંત કાળ... આહા..હા..! આ તો એક ૨૫-૫૦-૬૦-૭૦-૮૦ (વર્ષ). અહીંથી જઈને અનંત કાળ. હું વસ્તુ છું તે વસ્તુ કાંઈ નાશ થાય એવી નથી. એ તો અનંત કાળ રહેશે. તો અનંત કાળ ક્યાં રહેશે? કેવી રીતે રહેશે? કેવા ભાવમાં રહેશે? કયે ક્ષેત્રે રહેશે? ક્યા સંયોગમાં રહેશે? છે વિચાર એને કોઈ દિ'? સમજાણું કાંઈ?

જેણે, પોતાનો સચ્ચિદાનંદ સ્વભાવ શુદ્ધ અંતર્મુખ પ્રભુ બિરાજે છે એનો આદર ન કરતા એક શુભવિકલ્પનો પણ આદર કર્યો છે, એણે આત્માની પૂર્ણતાનું જીવન એનું એણે ખૂન કર્યું છે. આવો હું નહિ, હું આવો. આવો હું નહિ, હું આવો. આહા..હા..! પોતાના જીવનનું જીવતર એણે ગાળી નાખ્યું, બાળી મૂક્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાયથી સમજાય છે કે નહિ? લોજિકથી, ન્યાયથી વસ્તુ તો કહેવાયોગ્ય છે તે કહેવાય છે. ન સમજાય એમ હોય? આત્મા છે બાપુ! એ દુઃખી છે એનો પણ એને ખ્યાલ નથી એમ ન સમજાય તો સુખનો પંથ કે દિ' લેશે ઈ? આહા..હા..! વર્ષ ચાલ્યા ગયા ૪૦-૪૦, ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦-૭૦ જાય છે. કેટલાકને ૫૦-૬૦ ગયા એ ૫૦ આવવાના છે? ૫૦ રહેવાના છે? આહા..હા..! કયે ક્ષણે પાંદડું પડી જશે? પાકું પાન ખરીને ક્યારે પડશે? એમ શરીરની સ્થિતિ પૂરી થઈને ક્યારે છૂટી જાશે. એમાં આ આત્મા શું છે એનું જ્ઞાન-શ્રદ્ધા આદિ ન કરી, રખડવાના ક્યાંય આરા નહિ આવે. સમજાય છે કાંઈ?

અને આ અંદરનો પક્ષ કર્યો, હું તો શુદ્ધ આનંદઘન જ્ઞાયક છું. રાગાદિ વિકલ્પ પણ મારા નહિ, શરીર મારું નહિ, સ્ત્રી, કુટુંબ, આબરૂ મારી ત્રણ કાળમાં મારામાં નહિ માટે મારી નહિ. મારામાં તો આનંદ અને જ્ઞાન શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. એવી જેને શ્રદ્ધાની પક્કડ અને અનુભવ કર્યો (ઈ) છૂટ્યો. ભવિષ્યમાં એ કેવળજ્ઞાન પામવાનો છે. ક્યાં જશે અને શું થશે? કે કેવળજ્ઞાન પામશે અને સિદ્ધ થશે. સમજાણું કાંઈ? અને રાગ અને પુણ્યના, પાપના વિકલ્પને મારા માનનારા ક્યાં જશે? અને શું થશે? એ દુઃખમાં છે અને દુઃખની વધારે દશા હશે ત્યાં જશે. કહો, સમજાય છે કે નહિ આમાં? એય..! જગુભાઈ! આ તો બધા ઓસરી જાય એવું છે અંદરથી અભિમાન એનું.

ભાઈ! તું કોણ છો? નાથ! તારી ચીજમાં શું છે એની તને ખબર નહિ, તારા ઘરની ખબર નહિ અને બહાર ઘરમાં વ્યભિચારી થઈને કો'કની ચીજને પોતાની માનીને પરિભ્રમણ કરે છો અને તારી ચીજને ભૂલી જા છો. આ ભૂલનું પરિણામ જ તેં ચાર ગતિમાં વેઠ્યું છે. એ ભૂલનું પરિણામ જ એણે ચાર ગતિમાં વેઠ્યું છે. એ ભૂલને સમજીને ભૂલ છોડી દે અને આત્મામાં દૃષ્ટિ કર એ માટે આ વાત કહેવાય છે. આહા..હા..! ભાઈ! તારા શરણનો

ઉપાય તો આત્મા શું છે? એને જોવો, માનવો અને અનુભવવો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિ થવી...**' એટલે શું? કે '**(-જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું)...**' એટલે શું? અહીં તો જ્ઞેય પદાર્થપણે પરિણમવું. પણ એનો અર્થ એ છે કે રાગાદિ, પુણ્યાદિ જ્ઞેય છે એ રૂપે પરિણમે. આ તો એને છે નહિ. સર્વજ્ઞ ભગવાનને રાગ નથી એટલે રાગરૂપે થતો નથી, પરપણે પરિણમતો નથી. જ્ઞેયો તો ભિન્ન બધા રહી ગયા. જાણવાની ક્રિયા એકલી રહી ગઈ છે. તેથી તેને પરસન્મુખની વૃત્તિ ઉત્પન્ન થતી નથી. જે પર છે તે સંબંધીનું, પોતા સંબંધીનું જ્ઞાન છે. એ જ્ઞાન તો સ્વલક્ષની ચીજ છે, એ બંધનું કારણ નથી. '**તે બંધનું કારણ છે.**' શું કીધું? જ્ઞેય જણાવાયોગ્ય પદાર્થ પ્રત્યેની વૃત્તિ ઉત્પન્ન થાય, આ ઠીક, આ અઠીક, આ મારી, આ તારી એવી વૃત્તિ ઉત્પન્ન થાય એ બંધન, એ દુઃખનો રસ્તો, દુઃખના બંધનના કારણ છે. કેવળીને છે નહિ. કહો, જયસુખભાઈ! ન્યાયથી સમજાય છે કે નહિ? આ વસ્તુ છે હોં! સમજવી પડશે હોં! આવા આયુષ્યો ચાલ્યા જાય છે. આહા..હા..! સમય સમય કરતા અનંત કાળ વીત્યો, પણ એણે આત્માનું કામ ન કર્યું અને પરના વિકારી પરિણામ કામ કરીને પોતાની હોંશુને તેં સોંપી દીધી. સમજાણું કાંઈ?

'**(હવે પૂર્વોક્ત આશયને કાવ્ય દ્વારા કહી, કેવળજ્ઞાની આત્માનો મહિમા કરી, આ જ્ઞાન અધિકાર પૂર્ણ કરવામાં આવે છે :)**' ઉપર શ્લોક.

(स्रग्धरा)

जाननन्यप्येष विश्वं युगपदपि भवद्भाविभूतं समस्तं
मोहाभावाद्यदात्मा परिणमति परं नैव निर्लूनकर्मा।
तेनास्ते मुक्त एव प्रसभविकसितज्ञप्तिविस्तारपीत-
ज्ञेयाकारं त्रिलोकी पृथगपृथगगथ द्योतयन् ज्ञानमूर्तिः।।४।।

-इति ज्ञानाधिकारः।

પૃથક્-અપૃથક્. બધી વસ્તુને પૃથક્ પૃથક્ પ્રકાશતો એટલે દરેક વસ્તુ પૃથક પૃથક તેને જાણે છે અને અપૃથક્ સામાન્ય છે એને પણ જાણે છે.

'**અર્થ :- જેણે કર્મોને છેદી નાખ્યાં છે...**' આ ભગવાન કેવળજ્ઞાનીની પર્યાયના વખાણ છે. એવો જ આ આત્મા કેવળજ્ઞાનને પ્રગટ કરે એવો જ આ આત્મા છે. એમાં કાંઈ ફેર નથી. રાગને ને પુણ્યને ઉત્પન્ન કરે એ કાંઈ આત્મા કહેવાય? બહારને ઉત્પન્ન તો ત્રણ કાળમાં નથી કરતો. માણસો એમ કહે છે ને, બાહુબળે અમે પૈસા ભેગા કર્યા. બાપા પાસે નહોતા અને મેં ભેગા કર્યા. પરણ્યા અને પહટ્યા એવી આપણી ભાષા છે કાઠિયાવાડમાં. એય..! ફૂલચંદભાઈ! તમારા બાપ તો મૂકી ગયા હતા. પણ કો'કને એવું પણ હોય છે. પછી મોટા થયા ને બધું કર્યું. જુઓ આ બધું અમે.. બાવળ શું કહેવાય આ? બાહુબળે

પરણ્યા, બાહુબળે પહટ્યા. પહટ્યા એટલે આ મોજ માણ્યું એમ. મૂર્ખાઓની ભાષા પણ ભારે ભાઈ! બાહુબળે પરણ્યા, બાહુબળે પહટ્યા અને બાહુબળે વધ્યા છીએ બાપુ! ધૂળમાંય વધ્યા નથી સાંભળને હવે. એય..! રતિભાઈ! નથી કહેતા આપણે? કહે ને પરણ્યા, પહટ્યા. આ પહટ્યા એટલે શું? કીધું આ શું? બધું માણ્યું. બાપ પાસે કાંઈ નહોતું લ્યો. તારી પાસે નહોતું. આ બધું તારી પાસે નહોતું અને એની પાસે નહોતું. આહા..હા..! તારી પાસે જે લક્ષ્મી છે એવી તારા બાપ પાસે હતી આત્મા પાસે અને એના બાપ પાસે હતી એ તારા પાસે છે લે ને. આહા..હા..! એની તો ખબર ન મળે. અનંત કેવળજ્ઞાનનો ધણી એ ભિખારી થઈને ફરે. એક વિકલ્પ આવ્યો ત્યાં ખુશી ખુશી.. પુણ્યનું પરિણામ થાય તો.. આહા..હા..! શું થયું તને આ? કહે છે, એવો ભગવાન કેવળજ્ઞાન પામતા કર્મોને છેદી નાખ્યા. વસ્તુનું ભાન થઈને કેવળજ્ઞાન પામ્યા.

‘**ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને યુગપદ્ જાણતો હોવા છતાં...**’ લ્યો! એક સમયમાં ભગવાન જાણે બધું. ત્રણ કાળ ત્રણ લોકને જાણતા છતાં ‘**મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી,...**’ રાગરૂપે કે પરપદાર્થપણે થતો નથી. ‘**તેથી હવે જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે...**’ તે જાણવાની ક્રિયાનો એટલો વિસ્તાર થયો કે લોકાલોક જ્ઞાન એમાં બધું આવી ગયું. ઓહો..હો..! ‘**સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે...**’ લોકાલોક જગતનો પદાર્થ તેનું જ્ઞાન પી ગયો અંદર. બધું જ્ઞાન. એટલી એની શક્તિ આત્માની છે. એક સમયમાં લોકાલોક પી ગયો.

‘**એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.**’ લ્યો! જ્ઞાન દરેકને પર્યાય પર્યાય ભિન્ન-ભિન્ન જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ સમયની આ પર્યાય, આ સમયનો આ દોષ, આ સમયનો આ ગુણ, આ સમયે આ મુક્તિ અને અપૃથક્ બધું એકરૂપ સામાન્ય એ બધાને જાણીને મુક્ત રહે છે. લ્યો એવો પરમાત્મા. એ શું કહ્યું આ? કે આત્માનું સ્વરૂપ જે શુદ્ધ ચિદાનંદ પૂર્ણાનંદ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને સમ્યગ્દર્શન જ્ઞાન પ્રાપ્ત કરીને પછી શુદ્ધ ઉપયોગની રમણતા સામ્યભાવ ચારિત્ર પ્રગટ કરીને એના ફળ તરીકે આવું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ એના ફળના વખાણ કર્યા છે આ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એવી અનંતી કેવળજ્ઞાનની લક્ષ્મીનો ભંડાર છે. એવા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની અંતર અનુભવની પ્રતીતિ કરી, એનું જ્ઞાન કરીને પછી એમાં સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર શુદ્ધ ઉપયોગ કરીને તેના ફળ તરીકે આવી દશા પ્રાપ્ત થાય છે. એવા તેના ફળની આ રીતે પ્રશંસા કરી છે. શુદ્ધ ઉપયોગના ફળ તરીકે બતાવવા માટે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૨, બુધવાર, તા. ૨૩.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૩, પ્રવચન-૪૪**

પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ૫૩ ગાથા. મૂળ શ્લોક.

अत्थि अमुत्तं मुत्तं अदिंदियं इंदियं च अत्थेसु।
णाणं च सहा सोक्खं जं तेसु परं च तं णेयं।।५३।।

નીચે એનું હરિગીત છે.

**અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીંદ્રિ ને ઐન્દ્રિય છે,**
**છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩.**

ટીકા.

મુમુક્ષુ :- મથાળું.

ઉત્તર :- મથાળું વંચાઈ ગયું છે.

'**હવે જ્ઞાનથી અભિન્ન એવા સુખનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવતાં જ્ઞાન અને સુખનું હેય-ઉપાદેયપણું વિચારે છે :—**' લ્યો! ક્યું જ્ઞાન અને સુખ આદરણીય છે અને ક્યું જ્ઞાન અને સુખ છોડવાલાયક છે એની વાત આ ગાથામાં કહે છે. એ આવી જશે આમાં.

ટીકા છે ને ટીકા. '**અહીં, (જ્ઞાન તેમ જ સુખ બે પ્રકારનું છે-)...**' ધ્યાન રાખજો. '**એક જ્ઞાન તેમ જ સુખ મૂર્ત અને ઈન્દ્રિયજ છે;...**' શું કહે છે? જે આ પાંચ ઈન્દ્રિયો છે એનાથી થતું જ્ઞાન... એ (ઈન્દ્રિયો) નિમિત્ત છે, જ્ઞાન થાય છે પોતાની પર્યાયમાં, પણ એનાથી થતું જ્ઞાન અને ઈન્દ્રિયના નિમિત્તથી થતી કલ્પનાનું સુખ. આ વિષયોમાં, પૈસામાં સુખ એવું ઈન્દ્રિયોથી થતું સુખ, એ બેય દુઃખરૂપ દશા છે. ઈન્દ્રિયથી થતું જ્ઞાન,... પુણ્ય-પાપના ભાવ તો દુઃખરૂપ છે એ ઉપરાંત આ વાત નાખે છે હવે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા છે. એને જે કાંઈ પુણ્ય અને પાપના વિકલ્પો થાય એ દુઃખરૂપ છે, હેય છે, એમાં એકેય આદરણીય છે નહિ. સમજાય છે? પણ એ ઉપરાંત અહીંયાં પાંચ આ ઈન્દ્રિયો... વસ્તુ પોતે ચૈતન્યબિંબ છે આત્મા અને અતીન્દ્રિય આનંદનો રસકંદ છે એને... આ પાંચ ઈન્દ્રિયો જે છે એના નિમિત્તથી થતું જ્ઞાન એ મૂર્ત છે, દુઃખરૂપ છે, હેય છે, આદરણીય નથી.

મુમુક્ષુ :- એ જ્ઞાનથી પૈસા કમાય છે.

ઉત્તર :- ધૂળમાંય નથી પૈસા કમાતો. કોણ કમાય છે? ન્યાલભાઈ! પૈસા ઈન્દ્રિયથી કમાણા છે? ઈન્દ્રિયજ્ઞાનથી પૈસા મળે છે?

એમ કહે છે કે ભગવાન આત્મા, જુઓ! આ નવ તત્ત્વના અંદરના પુણ્ય-પાપના વિકલ્પો

તો હેય છે, દુઃખ છે. સમજાય છે કાંઈ? ધર્મીને રાગની મંદતાનો શુભભાવ આવે ખરો, પણ એ મારું કર્તવ્ય છે એમ ન જાણે. એ શુભભાવનું થતું જ્ઞાન પોતાના લક્ષે, એ જ્ઞાનને પોતાનું સ્વરૂપ જાણે.

ધર્મી જીવને પોતાનું ચૈતન્ય જ્ઞાનાનંદસ્વરૂપ છે એવું અંતરમાં ભાન હોવાથી, ધર્મીને શુભભાવ થયા એ શુભનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન છે. એ શુભભાવનું જ્ઞાન એ સ્વના લક્ષે થતું તેથી તે શુભભાવનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન છે. એ શુભભાવ આત્માનો નથી. સમજાય છે કાંઈ? એ શુભભાવ પણ પોતાનો માને અને પોતાનું કર્તવ્ય માને તો તે પાપદૃષ્ટિ, અધર્મદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ છે. એઇ..! વાત તો એ છે. અને હળવેથી કહો તો ઈ છે અને ઊંચેથી કહે તો ઈ છે ને મીઠા શબ્દથી કહે તો ઈ છે. એને ખબર નથી.

ભગવાન આત્મા...! અહીં તો કયું સુખ અને જ્ઞાન હેય છે અને કયું સુખ અને જ્ઞાન આદરણીય છે? ભગવાન આત્મા એ તો જ્ઞાનપ્રકાશની ચૈતન્યની મૂર્તિ છે. અતીન્દ્રિય આનંદનો... અવિનાભાવી કહ્યું ને? જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે આત્મામાં. એવા જ્ઞાન અને આનંદના સ્વભાવને ભૂલીને, આ ઈન્દ્રિયો પાંચ છે... આ શ્રવણ થઈને જે જ્ઞાન થાય એ ઈન્દ્રિય જ્ઞાન છે, એ મૂર્તજ્ઞાન છે, એ દુઃખરૂપ છે, એ હેય છે.

મુમુક્ષુ :- માણસને વિચારમાં મૂકી દે એવી વાત છે.

ઉત્તર :- વિચારવા માટે તો આ વાત છે. કહો, સમજાણું કાંઈ? જેઠાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરાધીન છે. આ માટી જડ છે અને જ્ઞાન પોતાનું છે અને નિમિત્તને લક્ષે થાય એ ઈન્દ્રિયજ્ઞાન છે. એ દુઃખરૂપ છે, એ મૂર્ત છે. છે તો અરૂપી, પણ મૂર્ત ઈન્દ્રિયોના લક્ષે થયેલું માટે તેને મૂર્ત કહેવામાં આવ્યું છે. ઈન્દ્રિયજ્ઞાન હેય છે એમ કહે છે અહીંયા. ધર્મીને ઈન્દ્રિયજ્ઞાન હેય છે. આહા..હા..! શરીર, વાણી, મન તો પર છે, એ તો પર છે. પૈસા, આબરૂ એ તો જડ છે, ધૂળ છે, પર છે. એનો સ્વામી આત્મા નથી, એનો કર્તાહર્તા નથી. પણ આત્મામાં થતાં શુભ અને અશુભભાવો એનો જો કર્તાહર્તા અને સ્વામી થાય તો તે દૃષ્ટિમાં આત્માનો વિરાધક છે ઈ. એ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે, ચાહે તો બાહ્ય ત્યાગ કરીને સાધુ થઈને બેઠો હોય બાહ્ય વ્યવહાર, પણ અંતરમાં એ મહાવ્રતાદિના ભાવ, અહિંસા, સત્ય, દત્તના ભાવ એને જાણતું જ્ઞાન સ્વભાવને છોડીને (થાય), તો એ જ્ઞાન પણ દુઃખરૂપ છે અને એ ભાવ પણ દુઃખરૂપ છે. આ વસ્તુ છે વીતરાગના ઘરની. સમજાણું કાંઈ?

શું કહ્યું? '**અહીં, (જ્ઞાન તેમ જ સુખ બે પ્રકારનું છે-)**' છે ટીકા કૌંસમાં? '**એક જ્ઞાન તેમ જ સુખ મૂર્ત અને ઈન્દ્રિયજ છે;...**' એટલે કે આ પાંચ ઈન્દ્રિયો છે. નીચે છે ઈન્દ્રિય. '**ઈન્દ્રિય દ્વારા ઉત્પન્ન થતું; ઐંદ્રિય.**' આ પાંચ જડ, માટી. વસ્તુ ચૈતન્ય ભગવાન આત્મા પોતે જ્ઞાનમૂર્તિ છે. પણ એની વર્તમાન પર્યાયબુદ્ધિમાં, પર્યાય એટલે અંશબુદ્ધિમાં

રહ્યો એને ઇન્દ્રિયથી થતું જ્ઞાન અને ઇન્દ્રિયથી થતું સુખ. સમજાય છે? આ પૈસા ને આબરૂ ને ધૂળ ને મકાન ને મોટરું ને એમાં બેઠો એને ઠીક લાગે છે એવું જે સુખ એ દુઃખ છે, એ મૂર્ત છે, એ હેય છે. આત્માર્થી ધર્મીને તે આદરવા લાયક નથી. ભારે વાત! કહો, ચંદુભાઈ! ઇન્દ્રિયજ્ઞાન છોડવા લાયક? પુણ્ય તો છોડવા લાયક ખરું. ભારે વાત ભાઈ! કહો, મનસુખ! સમજાણું કે નહિ?

ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ મૂર્ત અને ઐન્દ્રિય છે. શું કીધું? આત્મા તો ચૈતન્યગોળો છે અંદર. ચૈતન્યગોળો, ચૈતન્યમૂર્તિ. અને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકંદ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે આત્માને જ્ઞાન અને આનંદમય જોયો છે. એવો જ્ઞાન અને આનંદમય આત્મા એને વર્તમાન દશામાં આ પાંચ ઇન્દ્રિયોના નિમિત્તમાં, જ્ઞાનપર્યાય થાય એનામાં પણ નિમિત્તથી થતું જ્ઞાન તે મૂર્ત છે, નિમિત્તથી થતું સુખ કલ્પનામાં—હું સુખી છે, હમણા મજા છે, હમણા બાદશાહી છે એવી ઇન્દ્રિયની કલ્પનાથી થતું સુખ, ભગવાન કહે છે કે એ મૂર્ત છે, જડ છે, અચેતન છે. આહા..હા..! ભગવાનજીભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવને જે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું....

જ્ઞાન પોતાની ચીજ એ જ્ઞાન વર્તમાન દશામાં-વર્તમાન હાલતમાં-વર્તમાન પર્યાયમાં ઇન્દ્રિયના નિમિત્તથી થાય તે જ્ઞાન દુઃખરૂપ છે, જડ છે, અચેતન છે, મૂર્ત છે. આહા..હા..! રતિભાઈ! અને આ પાંચ ઇન્દ્રિયો જે માટી, એને લક્ષે આમ પૈસો, આબરૂ, કીર્તિ કલ્પના થાય કે હમણા અમને ઠીક છે એવી જે સુખની કલ્પના, એ ઇન્દ્રિયના સુખની કલ્પના એ જડ સુખ છે, અચેતન છે, મૂર્ત છે, દુઃખ છે, હેય છે. સમજાણું કાંઈ? જુઓ, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનમાં જ્ઞાન ક્યું? જ્ઞાનનો સ્વભાવ ક્યો? અને બીજું જ્ઞાન હવે જે કહે છે ઈ.

'**બીજું (જ્ઞાન તેમ જ સુખ) અમૂર્ત અને અતીન્દ્રિય છે.**' એ ક્યું? કે ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત છે એનું જ્ઞાનમાં જ્ઞાનનું વેદન થવું. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વરૂપ છે એને વર્તમાન જ્ઞાનની અવસ્થાથી તે જ્ઞાનમાં એકાકાર થઈને જ્ઞાન પ્રગટ કરવું, અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ કરવું એ જ્ઞાન. એ જ્ઞાન અમૂર્ત છે, એ ચેતન છે, એ ચૈતન્યનું જ્ઞાન છે, અમૂર્ત છે, એ જ્ઞાન સુખરૂપ છે. શું કીધું આમાં? આમાં તેલ-બેલનું જ્ઞાન બધું દુઃખરૂપ છે એમ કહે છે. એમ આવ્યું કે નહિ એમાં? આરે.. ભારે વાત ભાઈ! દસ દસ હજારના પગાર હોય, મોટા હુશિયાર હોય, પ્રોફેસર કહેવાતા હોય. દુઃખી છે.

મુમુક્ષુ :- કેટલા ટકા?

ઉત્તર :- સો ટકા. ન્યાલભાઈ! આહા..હા..!

ભાઈ! પ્રભુ પોતે આત્મા છે ને. એ આત્મા અતીન્દ્રિય સુખથી ખાલી છે એ? સુખથી તો ભરેલો છે પ્રભુ, તને ખબર નથી. એનામાં આનંદ પડ્યો છે. આનંદ તે કેવો આનંદ?

શક્રેન્દ્ર જેને ઇન્દ્રાણીઓ કરોડો અને બે સાગરનું આયુષ્ય અને કાંઈ એના ધાનના ઢગલા નથી એ. વૈક્રિયક જેના શરીર, એવા જેના ભોગ, એના ભોગમાં જે વિકલ્પ છે એ દુઃખ ને ઝેર છે. એનાથી ભિન્ન ભગવાન આત્મા અંતર આનંદ અને જ્ઞાનની મૂર્તિ એ આત્મા જે અતીન્દ્રિય સ્વરૂપ છે એને સમ્યગ્દષ્ટિ જીવ અંતરના જ્ઞાનમાંથી જ્ઞાન પ્રગટ કરે તેને અતીન્દ્રિય જ્ઞાન કહીએ, તે જ્ઞાન સુખરૂપ કહીએ અને એ અતીન્દ્રિય જ્ઞાનમાંથી એકાગ્ર થઈને સુખ પ્રગટ કરે એમાં સુખ, જ્ઞાનની સાથે અવિનાભાવ છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞાનતત્ત્વ સાથે આનંદ છે એ ધર્મી જીવ અંતર એકાગ્ર થઈને આનંદની દશા અતીન્દ્રિય પ્રગટ કરે એ આનંદદશાને સુખ કહેવામાં આવે છે અને અતીન્દ્રિય જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. ન્યાલભાઈ! આ પકડાય એવું છે કે નહિ? આ સમજાય એવું છે. હુશીયાર માણસ છે પણ ગરી ગયા છે ઓલામાં ઘાણીમાં. આહા..હા..!

ગાથા બહુ સરસ આવી છે. પ્રવચનસાર નામ છે આનું. પ્રવચન—પ્ર એટલે ઉત્કૃષ્ટના વચનો, દિવ્યધ્વનિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં ઇચ્છા વિનાની વાણી દિવ્યધ્વનિ નીકળી. ભગવાન પાસે નીકળે છે અત્યારે. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા બિરાજે છે. એને ઇચ્છા વિના ૐ ધ્વનિ આખી (નીકળે છે) એને દિવ્યધ્વનિ (કહે છે). ધ્વનિ એટલે અવાજ. દિવ્ય અવાજ. દિવ્ય અવાજ કહો કે પ્રવચન કહો. પ્ર-પ્રકૃષ્ટ પ્રધાન ઊંચા વચનો એનો આ સાર છે આમાં. સમજાય છે કાંઈ? ભગવાનના દિવ્યધ્વનિના પ્રવચનનો આ સાર છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ આમ ફરમાવતા હતા. સમજાણું કાંઈ? ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. સંવત્ ૪૯. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ બન્યા છે પુસ્તક.

કહે છે, ભાઈ! એક વાર સાંભળને તું. એમ કહે છે હોં! આહા..હા..! આ આત્મા એની વર્તમાન દશામાં જ્ઞાન અને સુખની કલ્પના જે થાય એમાં ઇન્દ્રિયો જેમાં નિમિત્ત છે. ઇન્દ્રિયજ જ્ઞાન, ઇન્દ્રિયજ સુખ. ચાહે તો ચક્રવર્તીનું રાજ હો કે ચાહે તો નારકીના દુઃખ હો સંયોગો, એની કલ્પનામાં જે ઇન્દ્રિયથી થયું કે આ મને સુખ છે અને આ મને દુઃખ છે એ બધી કલ્પનાઓ ઇન્દ્રિયજન્ય દુઃખ છે, હેય છે, જડ છે. એને ચૈતન્ય કહેતા નથી. આહા..હા..! ચૈતન્યનો ભાવ તો અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ છે તેને અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન અને અતીન્દ્રિય જ્ઞાનનો આનંદ એને ચૈતન્ય અને આત્મા કહે છે. એને જ્ઞાનતત્ત્વનું સ્વરૂપ કહે છે. આહા..હા..! જુઓ! આ પરમેશ્વરની વાણી. લોકોને સમજવામાં, સાંભળવામાં ન મળે કે શું માર્ગ છે અને કઈ રીતે આત્માને સમ્યગ્દર્શન અને ધર્મ થાય. ખબરું ન મળે. એ ખબર વિનાના ચાલી નીકળ્યા છે એની મેળાએ. ગીરધરભાઈ! આહાહા..!

કહો, અહીં તો (અજ્ઞાની) કહે કે પરની જ્યાં દયા પાળે એને ધર્મ થાય. અહીં કહે છે કે પરની દયાનો ભાવ છે એ રાગ છે, એ દુઃખ છે. પણ પરની દયાનું જે જ્ઞાન થાય ઇન્દ્રિય દ્વારા, એ દુઃખ છે. આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિ કાને સાંભળે કાને અને

જે ઇન્દ્રિયના નિમિત્તથી તે જ્ઞાન થાય, તે જ્ઞાન જ્ઞાન નહિ. તે જ્ઞાન મૂર્ત અને જડ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ભગવાન જ એવું કહે, બીજું કોઈ કહે નહિ.

ઉત્તર :- ભગવાન કહે છે. .. પામર. દુનિયા તો... વીતરાગનો માર્ગ અને વીતરાગ આમ ફરમાવે છે. અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી બીજું રૂપ કરે અને માને (તો એ) સ્વતંત્ર છે અનાદિકાળના રખડવામાં. સમજાણું કાંઈ? આહા..હા..! ક્યાં લઈ ગયા જુઓ! જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. શું છે હવે?

મુમુક્ષુ :- સિંહે ત્રાડ મારી.

ઉત્તર :- વાત સાચી છે.

એક ફેરી શ્લોક નહોતો કહ્યો? શેઠિયા હતા ને કહ્યો હતો. 'જે દિશે સિંહ સંચરે એ રજુ લાગી તરણા, એ તરણા ઊભા સુકશે, નહિ ચરે એને હરણા.' સિંહ જે દિશાએ જાય એના પગની ઊડીને રજ તરણે ચોંટે, હરણા એ દિશાએ નહિ જઈ શકે, એવી એ રજની ગંધ છે. સમજાણું કાંઈ? સિંહ નીકળતો હોય જ્યાં કેસરી સિંહ આમ ચાલતો મલપતો, એની ઉડેલી રજ તરણાને ચોંટે એ તરણા પાસે હરણીયા ન જાય. એ તરણા સૂકે પણ હરણા એને ચરે નહિ. એમ પરમાત્માની દિવ્યધ્વનિનો અવાજ, સમજાય છે? જ્યાં કાને પડે અજ્ઞાનીને ત્રાસ થઈ જાય કે આહા..હા..! અરર..! એય..! કેશુભાઈ! હરણીયા એને નહિ માની શકે.

મુમુક્ષુ :- સાતમી નરકના દરવાજા ઊઘડી જાય છે. એમ કે ભગવાન પાસે કેવળજ્ઞાન થયું .. નહિ માનનારા છે ને... નહિ માનીને વિરોધ કરીને સાતમી નરકે જનારા છે ને...

ઉત્તર :- ધારી રાખ્યું છે. હા. હા. વાત સાચી. ૠષભદેવ ભગવાન જ્યારે કેવળજ્ઞાન પામ્યા, તે વખત (પહેલા) અઢાર ક્રોડા ક્રોડી સાગરોપમમાં જુગલિયા સ્વર્ગમાં જ જાતા. મોક્ષે નહિ, (નરકે) નહિ, પણ જ્યાં ભગવાનનું જ્ઞાન થયું અને દિવ્યધ્વનિ ઊઠી ૐ અવાજ, ત્યાં નરકમાં જનારા શરૂ થઈ ગયા, નિગોદમાં જનારા શરૂ થઈ ગયા અને મોક્ષમાં જનારા શરૂ થઈ ગયા. બેય પટ્ટા શરૂ થઈ ગયા. ઈ એમ કહે છે. સમજાણું કાંઈ? એમ દિવ્યધ્વનિનો સિંહનો નાદ સાંભળ એકવાર. ભગવાન આત્મા એને આ પાંચ ઇન્દ્રિયોના લક્ષના નિમિત્તથી જે જ્ઞાન થાય, એ જ્ઞાનને અમે જડ કહીએ છીએ, ચૈતન્યને લૂંટનારું એ જ્ઞાન છે. આહા..હા..! એઈ..! ગીરધરભાઈ! અહીં તો જ્યાં બહારની બુદ્ધિ થોડી થાય તો કહે આહા..હા..! અમે થઈ ગયા ડાહ્યા. જડ છે. ડાહ્યા શેના? એય..! ચીમનભાઈ!

મુમુક્ષુ :- .. જડબુદ્ધિ કહેવાય?

ઉત્તર :- એ લખ્યું છે હોં. લખ્યું છે? મૂર્ત લખ્યું છે ને. મૂર્ત એટલે? જડ. મૂર્તને બીજી ભાષાથી સ્પષ્ટ ચોખ્ખી કરવા માટે જડ (કહ્યું). આહા..હા..!

અહીં તો એ તો ઠીક લૌકિકના જ્ઞાન, પણ શાસ્ત્રના જ્ઞાન કાને કરીને સાંભળે અને

પરલક્ષી જે જ્ઞાન ત્યાં થયું, તેને પણ પરમાત્મા જડ અને મૂર્ત કહે છે. એ આત્માનું જ્ઞાન નહિ અને આત્માને સુખરૂપ નહિ. આહા..હા..! એય..! જેઠાલાલભાઈ! આવી વાણી તો વીતરાગની ક્યાંક હોય હોં! ક્યાંક હોય ક્યાંક. આહા..હા..! અરે..! સંપ્રદાય જૈનમાં જન્મે અને જૈન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા શું કહે છે એની ખબરું ન મળે અને જિંદગીયું ચાલી જાય. નિરર્થક વ્યર્થ જાય છે. સમજાણું કાંઈ? હરિભાઈ! ગાથા જુઓ એવી આવી છે. બાવન કાલે પૂરી થઈ ચાલતા ચાલતા. ભાદરવા સુદ ૧૧થી શરૂ કર્યું છે આ પ્રવચનસાર. ઓહો..હો..! શું પ્રભુ તારે કહેવું છે?

અમારે એ કહેવું છે કે જે બીજું જ્ઞાન અને સુખ એટલે આત્મા જ્ઞાનની મૂર્તિ એને અંતરમાં ઇન્દ્રિયના જ્ઞાનથી થયેલા જ્ઞાનને ભૂલી જઈ અને અંતરના જ્ઞાનને સ્પર્શી, અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિને જ્ઞાનને સ્પર્શીને જે જ્ઞાન આવે તે જ્ઞાનને અમે અરૂપી અને ચૈતન્યનું અને તેને સુખરૂપ જ્ઞાન કહીએ છીએ, તે અતીન્દ્રિય જ્ઞાન છે. અને એ અમૂર્ત અને અતીન્દ્રિય. કોણ? જ્ઞાન અને સુખ. અને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે એની અંતરમાં દૃષ્ટિ આપીને જે આનંદનો કણ અંદરથી પ્રગટ કરે, અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે એમાંથી અતીન્દ્રિય આનંદને ખેંચીને પ્રગટ પર્યાયમાં કરે એને સુખ અને આનંદ કહીએ છીએ. તેને ચૈતન્યનું સુખ અને ચૈતન્યનો આનંદ કહીએ છીએ. તેને ચૈતન્ય કહીએ છીએ. બાકી ઓલા સુખ અને જ્ઞાનને જડ કહેવાય છે. આહા..હા..! ભારે પણ ભગવાન. વજુભાઈ! આહા..હા..!

જુઓ! આ પરમાત્મા મોક્ષ પધાર્યા એ પહેલા ભગવાન આમ કહેતા હતા. વીર પરમાત્મા તો દીવાળીએ મોક્ષ પધાર્યા. ભગવાન વાણીમાં આમ કહેતા હતા. પરમાત્મા અત્યારે બિરાજે છે એ પણ એમ કહે છે, ભાઈ! ભગવાન! 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા...' હે નાથ! તમારા જાણવાની રીત એવી છે પ્રભુ! 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે નાથ! આપના કેવળજ્ઞાનમાં અમારો આત્મા કેવો તમે જુઓ છો? અમારો આત્મા આનો. કે એકલું જ્ઞાન અને સુખરૂપ છે. નિજ સત્તાએ શુદ્ધ છે. સત્તાએ એટલે નિજ-હોવાપણે જ્ઞાન અને આનંદરૂપ છે એમ ભગવાન આપના જ્ઞાને અમારો આત્મા આમ જુઓ છો. એ ભગવાન એના આત્માને આવો જોવે છે, એવા આત્માને આત્મા જોવે ત્યારે ભગવાનના જ્ઞાનનું અને પોતાના જ્ઞાનનું એકપણું સાચું થાય. સમજાણું કાંઈ? આહા..હા..! કનુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભગવાન કહે છે એ પ્રમાણે અહીં. ભગવાન આમ જોવે છે (કે) તારો આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. ઇન્દ્રિયજ્ઞાનવાળો તું નથી, ઇન્દ્રિય સુખવાળો તું નથી, તું પુણ્યવાળો નથી, તું કર્મવાળો નથી, તું શરીરવાળો નથી. એમ અમે તારા આત્માને કેવળજ્ઞાનથી જોઈએ છીએ. એવી રીતે જે પોતાના જ્ઞાનથી પોતાની અંદર રાગના-વિકલ્પના નિમિત્તના

અવલંબન વિના અને ઇન્દ્રિયથી થતું શ્રવણજ્ઞાન-વીતરાગની વાણી શ્રવણ થઈને ઇન્દ્રિયજ્ઞાન થયું, એનું લક્ષ છોડી દઈને. આહા..હા..! શું કરે છે આ? ચૈતન્યસ્વભાવ પરમાત્મા બિરાજે છે કે તું પણ સત્.. સત્... તારી હયાતી છે કે નહિ? તારી મોજૂદગી છે કે નહિ આનંદ અને જ્ઞાનની? એ મોજૂદગીની અંદરમાં દૃષ્ટિ આપતા જે જ્ઞાન અતીન્દ્રિય, અતીન્દ્રિય સ્વરૂપનું અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય આનંદનો અતીન્દ્રિય આનંદ એવી દશામાં પ્રગટ થાય તે સુખ ને જ્ઞાનને આત્મા કહીએ, ચેતન કહીએ, અમૂર્ત કહીએ અને એ જ ગ્રહણ કરવાલાયક અને ઉપાદેય છે. ગીરધરભાઈ!

**'અમૂર્ત અને અતીન્દ્રિય છે. તેમાં જે અમૂર્ત અને અતીન્દ્રિય છે તે પ્રધાન હોવાથી ઉપાદેયપણે જાણવું.'** શું કહે છે? એ બેમાં, ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપને ભૂલી... અંતરમાં જે જ્ઞાન દ્વારા જ્ઞાનનું જ્ઞાન કર્યું અને જ્ઞાન દ્વારા જ્ઞાનનો આનંદ કર્યો પ્રગટ એ અતીન્દ્રિય જ્ઞાન છે, એ અતીન્દ્રિય સુખ છે એ અમૂર્ત છે. તે પ્રધાન છે, તે મુખ્ય છે, એ મુખ્ય હોવાથી ઉપાદેય છે, આ જ આદરણીય છે. આહા..હા..! બાયડી-છોકરા આદરણીય નહિ, કર્મ આદરણીય નહિ, ધર્મીને પુણ્ય-પાપના વિકલ્પ આદરણીય નહિ, ઇન્દ્રિયજન્ય જ્ઞાન અને ઇન્દ્રિયસુખ આદરણીય નહિ. જેઠાલાલભાઈ! આહા..હા..! આ વકીલાતનું જ્ઞાન થયું એ ક્યું કહેવાતું હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કહેવાય? મૂર્ત છે ને. તો અહીં તો કોઈને માટેની વાત છે કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે, આ અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો હોય તો એ ઇન્દ્રિયજ્ઞાન છે, તે જડ છે. આહા..હા..! ભગવાન આત્મા એકલો જ્ઞાનનો સરોવર પ્રભુ છે એનો પીપાસુ થઈને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ કરે અને અતીન્દ્રિય આનંદ છે તેની દશા પ્રગટ કરે, તો તે જ્ઞાન આત્માનું, તે સુખ .. તે આદરણીય છે. સમ્યગ્દૃષ્ટિને આ આદરણીય છે, બીજું આદરણીય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બધા સુખને માગે છે ને? જુઓને! આ સવારમાં (બોલે) શાલીભદ્રની ઋદ્ધિ હજો, અભયકુમારની બુદ્ધિ હજો, બાહુબલનું બળ હજો. એટલું નાખીશ ક્યાં પણ તું? નવ્વાણું પેટીયું ઉતારે અને તારે ઘરે મકાન પણ એવડા નથી. મમતા તારી... આહા..હા..! અરે..! તારી મમતા તો જો, તારી ભાવનામાં કેવો ભાવ ઝેરનો ભર્યો છે એ તો જો. આહા..હા..!

પણ અહીં, પરમાત્મા હું છું અને મારામાંથી આનંદ આવો, હું પૂરો થાઉં, મારામાંથી જ્ઞાન પ્રગટ થઈને કેવળજ્ઞાન થાય. એવી ભાવના જોઈએ કે આવી ભાવના હોય ઊંધી? સમજાણું કાંઈ? પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એમ ફરમાવે છે, જેને સુખી થવું હોય, જેને દુઃખ ટાળવું હોય તો એણે ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખને છોડવું જોઈએ અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખને પ્રગટ કરવું જોઈએ. સુખી થવાનો આ રસ્તો છે. કહો, રતિભાઈ!

આ હેડમાસ્તરમાં કાંઈ આવું સમજાવવાનું નહિ હોય નહિ? હિંમતભાઈ પણ નહિ સમજાવતા હોય ત્યાં આવું? .. આવો છે, ફલાણો આવે છે અને ઢીંકણું આમ છે. સૃષ્ટિ આમ છે અને .. આમ છે. આ તારી સૃષ્ટિ કઈ એ તો જો. .. કહ્યું હતું કે નહિ?

આત્માના જ્ઞાનની સૃષ્ટિ અંદર ઉત્પન્ન થાય તે ઉત્પાદ તે આત્માનો પ્રભાત છે, સુપ્રભાત છે. આહા..હા..! અરે..! જ્ઞાનનો દરિયો છે ને. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી તો પરિપૂર્ણ અનંત અનંત સ્વભાવથી ભરેલો ભગવાન છે ભાઈ! એ પ્રભુને અંતર જોતા બહિર્મુખનું જ્ઞાન અને બહિર્મુખના સુખની કલ્પનાને હેયપણે છોડીને એટલે કે તેનું લક્ષ છોડી દઈને ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિ કરી જે જ્ઞાન થાય તે અતીન્દ્રિય જ્ઞાન છે અને એમાં એકાગ્ર થતાં જે અતીન્દ્રિય આનંદ આવે એ અતીન્દ્રિય આનંદ સુખરૂપ ને અમૂર્ત છે. એ મુખ્ય છે. ધર્મીને એ જ મુખ્ય છે. દૃષ્ટિ મુખ્ય એ અત્યારે લેવું નથી અહીં. અહીંયાં તો પર્યાયમાં આનંદ અને જ્ઞાન આત્માથી પ્રગટ થાય તે મુખ્ય છે, પ્રધાન છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ત્યાં, પહેલું જ્ઞાન તેમ જ સુખ...**' હવે ખુલાસો કરે છે. પહેલું જ્ઞાન કોણ? ઇન્દ્રિયથી (થતું જ્ઞાન). આ પાંચ ઇન્દ્રિયો માટી આ તો પરવસ્તુ છે, જડ છે અને આત્મા પોતે ચૈતન્ય. હવે ચૈતન્ય અને આ મૂર્ત, '**જ્ઞાન તેમ જ સુખ મૂર્ત એવી ક્ષાયોપક્ષમિક ઉપયોગશક્તિઓ વડે તથાવિધ...**' દેખો! અહીં તો '**ઉપયોગશક્તિઓ વડે તથાવિધ ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું...**' આહા..હા..! પોતાનો જાણવાનો વેપાર, ક્ષયોપશમનો વેપાર એ દ્વારા ક્ષયોપશમિક શક્તિ વડે. '**તથાવિધ (તે તે પ્રકારની) ઇન્દ્રિયો દ્વારા ઊપજતું થકું પરાધીન હોવાથી...**' એ જ્ઞાન પરાધીન છે, એ સુખ પરાધીન છે, એ જ્ઞાન અને સુખ મૂર્ત છે.

'**કાદાચિત્‌,...**' એટલે કોઈ વખતે થતું. સમજાય છે કાંઈ? છે ને? કોઈવાર (થતું) અનિત્ય છે. '**ક્રમે પ્રવર્તતું,...**' લ્યો! '**મૂર્તિક ઇન્દ્રિયજ જ્ઞાન ક્રમે પ્રવર્તે છે, યુગપદ્‌ થતું નથી; તેમ મૂર્તિક ઇન્દ્રિયજ સુખ પણ ક્રમે થાય છે, એકીસાથે સર્વ ઇન્દ્રિયો દ્વારા તે સર્વ પ્રકારે થતું નથી.**' આમ શ્રવણ કરવાને કાળે એને જે જ્ઞાન અને સુખ થાય તે કાળે કાંઈ જોવાનું કારણ, જોવાનું જ્ઞાન અને જોવાના સુખની કલ્પના હોતી નથી. ભિન્ન ભિન્ન ખંડ ખંડ ક્રમે ક્રમે થાય છે. એક એક ઇન્દ્રિય ક્રમે (પ્રવર્તે છે). એવું જે '**ક્રમે પ્રવર્તતું, સપ્રતિપક્ષ,...**' એટલે? જ્ઞાન ઇન્દ્રિયનું અને તેમાં સુખ કલ્પના. એનાથી વિરુદ્ધ કોણ? દુઃખ. '**વિરોધી સહિત. (મૂર્તિ ઇન્દ્રિયજ જ્ઞાન તેના પ્રતિપક્ષ-અજ્ઞાન-સહિત જ હોય છે...**' એ જ્ઞાન તે અજ્ઞાનસહિત (હોય છે), એ જ્ઞાન તે બીડાઈ જાય એવું હોય છે. '**અને મૂર્ત ઇન્દ્રિયજ સુખ તેના પ્રતિપક્ષભૂત દુઃખ સહિત જ હોય છે.)**' શું કહે છે? કે આ પાંચ ઇન્દ્રિયથી જે જ્ઞાન થયું, ચાહે તો અગિયાર અંગનું જાણપણું હો કે ચાહે તો આ બધું મોટરકાર ને તમારે શું કહેવાય? ઘડિયાળ ને પાટ ને ફલાણું ને

ઢીંકણું. .. એ બધું અહીં આનું ગોઠવાય, આનું અહીં ગોઠવાય એ જ્ઞાન કેવું છે? મૂર્તિક છે, ક્રમે પ્રવર્તતું છે. સમજાણું? અને પ્રતિપક્ષ સહિત છે. એટલે? એ જ્ઞાન ઢંકાઈ જશે. એ જ્ઞાન ઢંકાઈ પણ જશે, અજ્ઞાન થઈ જશે. છે તો અજ્ઞાન અહીંયાં. પણ ઉઘડેલું જ્ઞાન બિડાઈ જશે એમ કહે છે.

મુમુક્ષુ :- ક્ષયોમશમ જ્ઞાનનો અભાવ થતાં.

ઉત્તર :- હા. એ ઈન્દ્રિયનું જ્ઞાન અજ્ઞાનના પ્રતિપક્ષ સહિત છે. એટલો ઉઘાડ હોય, બિડાઈ જાય. કાંઈ યાદ ન રહે. આ જુઓને કેટલાકને થઈ જાય છે ને. અકસ્માત મોટરનો થાય. ભૂલી જાય છે. ચત્રભુજ વકીલને થયું હતું અહીં. અમરેલી. મોટા વકીલ. અકસ્માત થયો. ભૂલી ગયા. એક, બે, ત્રણ, ચાર આવડે નહિ. ક, ખ, ગ આવડે નહિ. આ શું? ઈન્દ્રિયજ્ઞાન .. જડનું, પરનું. સામે અજ્ઞાન સહિત છે એ તો. સપ્રતિપક્ષ જ્ઞાનનો નાશ થઈને અજ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ?

અને ઈન્દ્રિયસુખ પ્રતિપક્ષ છે. સુખની કલ્પના છે ત્યાં દુઃખની કલ્પના આવીને ઊભી રહે છે. હાય.. હાય.. અરે..! માણસ એમ કહે કે જુવાન અવસ્થામાં જો પ્રતિકૂળતા આવી હોત તો સહન થાત. હવે વૃદ્ધાવસ્થાએ થાતું નથી. વળી એમ રાડું પાડે. ૬૦-૭૦નો થાય ને. આ પહેલા જુવાન અવસ્થામાં બધી ઈન્દ્રિયો ઠીક હતી ત્યાં સુધી જો પ્રતિકૂળતા આવી હોત ને તો આપણે સામા ઊભા રહેત સહન કરવા. પણ અત્યારે બધું ઢીલું પડી ગયું. પણ અત્યારે અને તે વખતે બેય દુઃખ છે, સાંભળને. એય..! ન્યાલભાઈ! એમ રાડું પાડે છે આ. જુવાન અવસ્થા વખતે જો પ્રતિકૂળતા આવી હોત ને, ભલે પૈસા ન હોય તોપણ અમે સહન કરવાની શક્તિ રાખત. ખોટો મોટો. પણ આ ૭૦-૮૦ થયા, શરીર ઢીલા પડ્યા, પૈસા ગયા, આબરૂ ગઈ, સમય ફરે બધું ફર્યું. આવું અત્યારે સહન થાતું નથી. મૂર્ખ છો, કહે છે, સાંભળને. એ વખતે અને અત્યારે જે ઈન્દ્રિયજ્ઞાન અને ઈન્દ્રિયસુખ પ્રતિપક્ષવાળું છે એટલે દુઃખની ઉપસ્થિતિ તરત થઈ જશે. આહા..હા..! બહારની સામગ્રી બધી હોય, શરીર ઢીલું પડે આહા..હા..! આખા શરીરમાં તણખા મારે તણખા. આહા..હા..! આ શું છે કાંઈ ખબર પડતી નથી. સમજાણું?

એક શેઠને મરતા એવી વ્યાધિ. તે કહે, આ શું થાય છે અંદર? શેઠ! શું થાય છે તમને? કોઈ ખેંચે છે.. ખેંચે છે.. .. કોણ ખેંચે? અંદર જ્ઞાનની હીણી વિપરીત દશા થવા માંડી. આહા..હા..! સમજાણું કાંઈ? અને છતે પૈસે જ્યાં અંદર હાય.. હાય.. એક વીંછી કરડ્યો હોય સરખાઈનો ઠાકરીયો, બધું પડ્યું હોય એને જે કહેવાય એ સામગ્રી. સામગ્રી એટલે લાકડા, બહારના પૈસા, દાગીના, સોનાના હીંડોળા એમાં ખાવા બેઠા અને જરીક લાકડાનું પાટીયું પહોળું હોય જરી અને એમાં વીંછી નીચેથી આમ ટપક્યો હોય નીચે. હાય.. હાય.. એ મારાથી સહન થાતું નથી. ભાઈ! મારી નાખ્યો. સુખી કહેતો હતો ને તું? સુખી છો ને?

આ બધું નથી બળી ગયું, બધું છે જો. મારાથી અત્યારે ક્યાંય સાંખ્યું જાતું નથી. શું થયું તને? એ દુઃખની કલ્પના, સુખની કલ્પના સામે પડી છે. ત્યાં હોળી નથી કાંઈ, સાંભળને! કહો, સમજાણું? આહા..હા..! એમાં ત્યાં કરડે સરખાઈનો હેઠે બેઠકમાં. બતાવવું કઠણ પડે.

એક બાઈને એટલું કપડું પહેરે ને રાંધવા વખતે. એટલું કપડું પહેરીને જ્યાં પાટલે બેઠી ત્યાં હેઠે વીંછી અને ચટકો માર્યો. હાય.. હાય.. બતાવવું શી રીતે કહેવું? પણ આ વીંછી કરડ્યો આકરો. અરે..! આ લાડવા થાય છે ને, ચુરમા થાય છે, મહેમાન આવે પચાસ એના થાય છે. બાપુ! મને ક્યાંય ચેન પડતું નથી. વીંછી એવા હોય છે કેટલાક હોં! .. મરી ગયો નહિ છોકરો? વીંછી ગઢડામાં. છોકરો જુવાન ૧૮ વર્ષનો વીંછી કરડ્યો. છ કલાકમાં મરી ગયો. એટલા કડક વીંછી થાય છે. છ કલાકે ખલાસ. ઠાકરિયા વીંછી. જોયા છે અમે બધા વીંછી. અહીં તો ફરવા જઈએ ને મોટા આવડા વીંછી. આવડો મોટો કાળો ભમ્મર. હું દિશાએ એકલો જાતોને દિશાએ પહેલા જતો હતો તો નીકળતા. ઓહો..હો..! કીધું આ તો કરડે તો મારી નાખે એટલું ઝેર. આ બધી એની સામગ્રી હોળી પડી હોય. હોળી બધી સમજ્યાને લાકડાની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાહેબો કહે એને. એ વીંછી વખતે ખબર પડે એને.

મુમુક્ષુ :- સામગ્રી વધી.

ઉત્તર :- વધી. આવી લોહી થોડું આવ્યું છે એમાં. વીંછીએ થોડો ડંખ માર્યો. (ઝેર) નાખ્યું છે થોડું. લઈ નથી ગયો કાંઈ. રજકણ નાખ્યા છે થોડા. સહન થાતું નથી બાપુ! આહા..હા..! રાડે રાડ... રાડે રાડ. કહે છે ને સુખી. પૈસા અને છોકરા આઠ-આઠ મોટા યોદ્ધા જેવા ઊભા છે છ-છ હાથના લાંબા અને આ બધા પૈસા ને છે ને આ? સળગાવ હોળીને તને. બાપા! ક્યાંય (સુખ) નથી, મફતનો મૂઢ થઈને માન્યું છે. આહા..હા..! કેમ હશે ધીરૂભાઈ! તમારા ભાઈને એને છોકરા નથી એટલે પછી .. સુખી કહેવાય કે નહિ? છોકરાની તો ઉપાધિ .. મટે. છોકરા હોય તો વહેંચી દેવું પડે બધું સરખું. પોતે ભલે પાપ કર્યું હોય. આહા..હા..!

કહે છે એ '**સપ્રતિપક્ષ...**' સહિત છે. છે ને? ૯૨મે પાને છે, ત્રીજો બોલ છે. '**ક્રમે પ્રવર્તતું, સપ્રતિપક્ષ...**' કોણ સામે પ્રતિપક્ષ? એ જ્ઞાન અને સુખ ઇન્દ્રિયનું. આ જ્ઞાનની સામે અજ્ઞાન બંધ થઈ જાય. મૂઢ જેવો થઈ જાય. કાંઈ ભાન ન રહે. અને એની સામે સુખ સામે દુઃખ. આહા..હા..! '**અને સહાનિવૃદ્ધિ છે...**' લ્યો! એ જ્ઞાન ઓછું-વત્તું થાય ઇન્દ્રિયથી અને સુખની કલ્પના પણ ઓછી-વત્તી થાય. એ હાનિ-વૃદ્ધિવાળું જ્ઞાન અને સુખ છે. મૂર્ત છે '**તેથી ગૌણ છે...**' જુઓ! ભાષા! ગૌણ છે એટલે હેય છે. હેય છે એટલે એ કાંઈ સુખ છે નહિ. ગૌણ છે એનો અર્થ એ જ્ઞાન અને સુખ નથી એમ કહે છે. સમજાય

છે કાંઈ? પાંચ ઈન્દ્રિયથી થતું જ્ઞાન અને સુખ એ સુખ અને જ્ઞાન નથી. ગૌણ છે.

ભગવાન આત્મા એના અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ એને સ્પર્શીને જે અંતરમાંથી જ્ઞાન કાઢે એ જ્ઞાન અતીન્દ્રિય જ્ઞાન. અને અંતર સ્પર્શીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે સમ્યગ્દષ્ટિ એ અતીન્દ્રિય સુખ એ ઉપાદેય છે, એ મુખ્ય છે, એ પ્રધાન છે. સમજાણું કાંઈ? આ કોની વાત ચાલે છે? આ મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિનો શું વિવેક એની વાત ચાલે છે આ. આહા..હા..! .. પણ ઈન્દ્રિયનું જ્ઞાન .. આ ભારે આકરી વાતું. એઈ..! જેઠાલાલભાઈ! આહા..હા..! શું પરમાત્માની વાણીને અંતરમાં ભેદ પાડીને વિવેક કરે છે-ભગવાન! એ પાંચ ઈન્દ્રિય સંબંધી જ્ઞાન અને સુખ તે ગૌણ છે, હેય છે, મૂર્ત છે, અચેતન છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવનું તત્ત્વ છે એ તો પરમાત્મા પોતે, એને સ્પર્શીને જે સમ્યગ્જ્ઞાન-આત્માનું જ્ઞાન થયું, આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાન અતીન્દ્રિય છે અને એનાથી જે સુખ થયું તે અતીન્દ્રિય સુખ છે. એ ધર્મીને અનુભવવા લાયક છે. સમજાણું કાંઈ? બહાર તો ભોગવવા જેવું નથી કારણ કે ભોગવી શકતો નથી, પણ એના ઈન્દ્રિયજ્ઞાન ને સુખ ભોગવવા લાયક જ્ઞાનીને નથી એમ કહે છે. આહા..હા..! જુઓ, આ ધર્મની પદ્ધતિની રીત. ધર્મ કોઈ બહારથી કોઈ ક્રિયાકલાપથી થઈ જાય એવો ધર્મ નથી. આહા..હા..!

**'એમ સમજીને તે હેય અર્થાત્ છોડવાયોગ્ય છે;...'** છે? લક્ષ ફેરવી નાખવા જેવું છે એમ કહે છે. ઈન્દ્રિયથી થતાં જ્ઞાન અને ઈન્દ્રિયથી થતું સુખ ત્યાં લક્ષ ફેરવી નાખવા જેવું છે. ત્યાંથી લક્ષને લઈ લેવા જેવું છે અને ભગવાન આત્મામાં લક્ષને ચોડવા જેવું છે. સમજાણું કાંઈ? **'અને બીજું જ્ઞાન તેમ જ સુખ...'** એટલે અતીન્દ્રિય. એટલે? કે ઈન્દ્રિય તરફના વિકલ્પનું જ્ઞાન અને લક્ષને છોડીને ભગવાન આત્મા અમૂર્ત, અતીન્દ્રિય સ્વરૂપ છે એમાં સ્પર્શીને જે જ્ઞાન થાય તે જ્ઞાન અને તે સુખ અમૂર્ત, અમૂર્ત **'એવી ચૈતન્યાનુવિધાયી એકલી જ આત્મપરિણામશક્તિઓ વડે...'** દેખો! ઓલામાં ઈન્દ્રિય શક્તિઓ લીધી હતી, ઈન્દ્રિયો ને ઓલી વાત. અહીં ચૈતન્ય અનુવિધાયી. નીચે ખુલાસો છે. **'ચૈતન્યાનુવિધાયી = ચૈતન્ય-અનુવિધાયી; ચૈતન્યને અનુસરીને વર્તનારી;...'** શું? એ જ્ઞાનની પરિણતિ અને સુખ. અને **'ચૈતન્યને અનુકૂળપણે—વિરૂદ્ધપણે નહિ—વર્તનારી '** **'સ્વભાવિક-ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું થકું...'** ભગવાન આત્મા અંતર્મુખ જોતાં, બહિર્મુખના જ્ઞાન અને સુખની બુદ્ધિ છોડી દઈને ભગવાન આત્મા અંતર્મુખ જોતાં જે ચિદાકાર અતીન્દ્રિય સ્વભાવિક જ્ઞાનાકાર પરિણામો દ્વારા ઊપજતું થકું. દેખો!

**'આત્મપરિણામશક્તિઓ વડે તથાવિધ અતીન્દ્રિય સ્વાભાવિક-ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું થકું અત્યંત આત્માધીન હોવાથી...'** એ તો આત્માને આધીન સમ્યગ્જ્ઞાન છે, આત્માને આધીન આનંદ છે. એ આનંદ અને જ્ઞાન આત્માને આધીન છે, પરને આધીન નથી. એ જ્ઞાન અને આનંદ કહેવાય. આત્માને આધીન પ્રગટે તે જ્ઞાન અને આનંદ કહેવાય.

નિમિત્તથી, વિકલ્પથી ઉત્પન્ન થાય એ જ્ઞાન અને આનંદ નહિ. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત! વીતરાગની વાણી એમ કહે છે, પરમેશ્વર એમ કહે છે કે અમારી દિવ્યધ્વનિ સાંભળવામાં ઈન્દ્રિયથી જે તને જ્ઞાન થાય એ જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન છે. એમાં તને મજા આવે, ઠીક (લાગે) તે પણ ઈન્દ્રિય સુખ છે.

મુમુક્ષુ :- એ દુઃખ જ છે.

ઉત્તર :- એ સુખ છે એટલે ઈન્દ્રિયનું માનેલું એમ. પણ એનું લક્ષ છોડીને તારા આત્મામાં અંતરમાં એનું જ્ઞાન અને આનંદને પ્રગટ કર, આ એને અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ કહે છે. એને ચૈતન્યપણાનું જ્ઞાન અને ચૈતન્યનો આનંદ, એને ચૈતન્ય કહે છે. ઓલાને જડ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં તો આવે છે કે સાક્ષાત્ અમૃત રેડાય છે.

ઉત્તર :- એ શબ્દ તો આવે. ભાઈ! વાત સાચી. બધું સાંભળ્યું છે ને અહીંનું? અહીંનું સાંભળ્યું અહીં આપે છે. વાત સાચી. ભગવાનની વાણી જાણે સાક્ષાત્ અમૃત રેડાતી હોય. એટલે? એ વ્યવહાર વાણી છે ને એટલે ત્યાં સુખની કલ્પનાનું જ્ઞાન થાય એટલે એ વ્યવહાર કહ્યો. પરમાર્થે તો આત્મામાંથી અતીન્દ્રિય આનંદ રેડાય ત્યારે-આવે ત્યારે તેને અતીન્દ્રિય આનંદ કહેવાય. એમ છે ને? પ્રશ્નનારદ છે ને? પણ યાદ રાખે છે હોં! યાદ રાખે છે. ટાણે ટાણે મેળવાળો પ્રશ્ન આવે છે. વાત સાચી. એ તો વાણી, બીજા કરતા વીતરાગની વાણી કેવી છે એવું બતાવવા (કહ્યું). પણ એ વાણીથી જે જ્ઞાન થાય તે જ્ઞાન કાંઈ યથાર્થ જ્ઞાન નથી, ઈન્દ્રિયજ્ઞાન છે.

મુમુક્ષુ :- ત્યાં પણ એમ જ બતાવવું છે.

ઉત્તર :- એ એમાં એમ કહ્યું છે. એ વાણી જ્યાં કીધી ત્યાં એમ કહ્યું છે. ભગવાન! અમારી વાણી સાંભળીને તને જે જ્ઞાન અને મજા લાગે છે એ વસ્તુ નહિ. એ અમારી ભક્તિ નહિ અને અમે કહીએ તે જ્ઞાન નહિ અને અમે કહીએ તે આનંદ નહિ. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન ચૈતન્ય અનુવિધાયી પરિણામઃ. ચૈતન્યને અનુસરીને, જ્ઞાનાનંદ સ્વભાવને અનુસરીને, ચૈતન્યના પરિણામો દ્વારા પોતાના જ્ઞાનની પર્યાય દ્વારા ઉત્પન્ન થતું જ્ઞાન અને આનંદ, તે અમૂર્ત (જ્ઞાન) અને સુખ, જ્ઞાન અને સુખ એ જ આદરણીય છે. એ કરવાલાયક હોય તો આ છે. ધર્મીને ધર્મ કરવા લાયક હોય તો આ છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

**'ચિદાકારપરિણામો દ્વારા ઊપજતું થકું અત્યંત આત્માધીન હોવાથી નિત્ય,...'** છે એ તો. ઓલું અનિત્ય હતું. આવ્યું હતું ને આમાં? ઓલામાં આવ્યું હતું, કદાચિત્ આવ્યું હતું, એની સામું આ છે. સમજાણું કાંઈ? એ તો કદાચિત્ જ્ઞાન ઈન્દ્રિય દ્વારા થાય. ભૂલાઈ જાય કોઈ વખતે. આ તો નિત્ય જ્ઞાન છે. ભાષા જુઓ! જ્ઞાન તો ત્રિકાળી નિત્ય છે. પણ નિત્ય જ્ઞાનાનંદ ભગવાન એને લક્ષે થયેલી દશા એ નિર્મળ જ્ઞાન છે માટે કાયમ રહેવાનું

છે. એ અજ્ઞાન થવાનું નથી. માટે તે જ્ઞાનની પર્યાય હોવા છતાં તેને નિત્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'આત્માધીન હોવાથી નિત્ય,...'** છે. કેમ? કે એ ટકી રહેશે. આત્મા ચિદાનંદમૂર્તિને અંતર સ્પર્શીને જે જ્ઞાન થાય એ ટકી રહે છે. પણ એનાથી થયું તે તેમાં રહેશે. ઇન્દ્રિયથી થયું તે અનિત્ય છે, રહેશે નહિ. સુખ પણ નિત્ય છે. એ સુખ નિત્ય છે. આહા..હા..! નિત્યાનંદ ભગવાન આનંદસ્વરૂપ શાશ્વત પ્રભુ, એને સ્પર્શીને જે આનંદ (આવે) એ નિત્ય આનંદ છે. એમાં ટકશે હવે. કારણ કે આત્માથી ઉત્પન્ન થયેલો આનંદ આત્મામાં ટકશે. પરથી કલ્પનાથી ઉત્પન્ન થયેલું સુખનું દુઃખ થઈ જશે. ઓલું દુઃખ. સુખ પણ છે તો દુઃખ, પણ સુખના સ્થાનમાં પાછું દુઃખ આવીને ઊભું રહેશે. સમજાણું કાંઈ? ભારે ભાઈ ટીકા. ગજબ વાત કરે છે. કેટલો વિવેક સત્ય-અસત્યનો! જ્ઞાનમાં સત્ય-અસત્યનો વિવેક, સુખમાં સત્ય-અસત્યનો વિવેક. સમજાણું કાંઈ?

**'યુગપદ્ પ્રવર્તતું,...'** એટલે શું કીધું? આત્માને આશ્રયે જે જ્ઞાન અને સુખ એક સાથે પ્રગટે છે. ઓલું ઇન્દ્રિયમાં તો એક ઇન્દ્રિયનું, પછી બીજી ઇન્દ્રિયનું, પછી ત્રીજી ઇન્દ્રિયનું વારાફરતી હોય છે. કલ્પના જ્ઞાનમાં અને સુખમાં. ઇન્દ્રિયો તરફમાં પાંચ .. છે ને. આ તો યુગપદ્ એક સાથે અતીન્દ્રિય જ્ઞાનની શ્રદ્ધા-જ્ઞાન થયું તો જ્ઞાન અને આનંદ એક સાથે આવ્યા છે. કારણ કે દ્રવ્ય એકરૂપ છે એથી એનો આનંદ અને જ્ઞાન એકરૂપ સાથે આવે છે. એને ભિન્ન-ભિન્ન ઇન્દ્રિયની અપેક્ષા છે નહિ. ઝીણું તો ખરું થોડું, પણ હવે ગાથા આવી હોય એ વાંચવી પડે ને, આવે ને.

મુમુક્ષુ :- આવું જ સાંભળવું જોઈએ ને.

ઉત્તર :- આવું સાંભળવુ ંજોઈએ ને. ૨૫મું વર્ષ હવે આ બેઠું. ચાલ્યા ગયા વર્ષ કેટલાયના મફતમાં. પાણીમાં ગયા ઘણા. દુઃખમાં. દુઃખમાં-દુઃખમાં. આહા..હા..!

કહે છે, ભગવાન આત્માનું અંતરથી પ્રગટેલું જ્ઞાન, આત્માને અડીને, આત્માને ધ્યેયે પ્રગટેલું જ્ઞાન યુગપદ્ છે-એક સાથે છે. અતીન્દ્રિય પોતે છે એટલે અતીન્દ્રિયનું જ્ઞાન એકસાથે છે એમ. નિઃપ્રતિપક્ષ છે (એટલે) એ આનંદની સામે અજ્ઞાન અને દુઃખ છે નહિ. એ તો જ્ઞાન ને સુખ જ રહેવાનું. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ આનંદની મૂર્તિની દૃષ્ટિ થતાં જે જ્ઞાન અને આનંદ (થાય) એ તો કાયમ રહેવાનું જ. પ્રતિપક્ષ વિનાનું છે, હાનિવૃદ્ધિ (રહિત છે). હાનિવૃદ્ધિ થાય એવું નથી. એકધારાએ જ્ઞાન અને આનંદ રહેવાનો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી મુખ્ય છે...'** આત્મામાંથી જ્ઞાન અને આત્માનો જે આનંદ એ સમ્યગ્દૃષ્ટિને મુખ્ય છે, પ્રધાન છે, તે જ છે. **'એમ સમજીને ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે.'** લ્યો! એ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જ પ્રગટ કરવા લાયક છે. કહો, સમજાય છે કાંઈ?

હવે આ બહારના સંચાઓ ભેગા કરવા, આ ફલાણું કરવું, ઢીંકણું કરવું એ તો કાંઈ કરી શકતો નથી, ગ્રહણ કરી શકતો નથી, એ તો બધી ધૂળની પરની ચીજ છે. અહીં તો કહે છે કે કર્મને બાંધી શકતો નથી, શરીરને રાખી શકતો નથી. એ જડ ચીજ છે. આ પુણ્ય-પાપના પરિણામને રાખી શકતો નથી. કારણ કે એ વિકાર છે. એ રાખવા જાય તો મિથ્યાદૃષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? પણ આ ઇન્દ્રિય સંબંધીનું જ્ઞાન અને સુખ જો રાખવા માગે તોપણ મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે, મૂર્ખ છે એમ કહે છે. ભારે વાત ભાઈ! પાંચ પાંચ હજારના પગારદાર હોય, દસ-દસ હજારના પગારદાર અને લાખ લાખના પગાર મહિને લ્યો! કહે છે કે તારી ઇન્દ્રિયોની બુદ્ધિ, સુખકલ્પના એ તારી મૂર્ખાઈ ભરેલું જ્ઞાન છે. જડ છે, જડ છે, તું જડ છો. ચૈતન્યસ્વભાવ ભગવાન આત્મા તેની તને દૃષ્ટિ અને સ્પર્શ નથી. તારી દૃષ્ટિમાં વિકાર અને ઇન્દ્રિયનું જ્ઞાન અને સુખ વર્તે છે માટે બધું જડ તારી દૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૫૩ ગાથા કીધી લ્યો ઠીક! બહુ સરસ વાત આવી છે.

આ તો માટી છે, એ તો અજીવ થઈને રહ્યા છે આ. આ આત્માના થઈને રહ્યા છે આ? આત્માના થઈને રહે તો અરૂપી થઈ જાય અને આત્માના થઈને રહે તો આત્મા શાશ્વત છે તે આ પણ શાશ્વત થઈ જાય ભેગું. એ તો એના થઈને રહ્યા છે. એના થઈને, એની રીતે, એની રીતે, એની રીત જે છે તે રીત થઈને રહ્યા છે, તારા થઈને તારી રીતે તે રહ્યા નથી. આહા..હા..! એમ કર્મ પણ કર્મની રીતે થઈને કર્મ અજીવ થઈને રહ્યા છે અને બહારની બાયડી, છોકરાના આત્માઓ અને શરીર એના આત્મા એના આત્માના થઈને રહ્યા છે અને એનું શરીર પણ એનું શરીર થઈને રહ્યું છે, તારું થઈને રહ્યું નથી. ભારે વાત ભાઈ! એ તો ઠીક! પણ અહીં તો કહે છે કે ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ પણ તારું થઈને રહ્યું નથી. પ્રતિપક્ષસહિત વિરોધવાળું છે. આહા..હા..! તેં માન્યું છે કે આ મને મારું જ્ઞાન અને મારું સુખ. પણ એ તારું નથી, તારું હોય તો પાછું પડે નહિ. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- બધું આવી ગયું.

ઉત્તર :- બધું આવી ગયું. સારી વાત છે. આ મહિને આવ્યા તમે ફરીને પાછા? ભલે શરીરને કારણે.

અહીં તો કહે છે આહા..હા..! શું કહે છે? કે આ ઇન્દ્રિયનું જ્ઞાન અને ઇન્દ્રિયથી સુખ છે એ પણ તારા સ્વભાવનું થઈને રહ્યું નથી. તારી કલ્પનાથી માન્યતા કરીને રાખ્યું છે. પણ એ રાખ્યું રહે એવું નથી. અને આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનમૂર્તિ છે એનું જ્ઞાન અને સુખ તે રાખ્યું રહે એવું છે. કારણ કે એ નિત્ય છે, આત્માથી પ્રગટેલું વિરોધતા રહિત છે. તેથી તે જ્ઞાનીને, ધર્મીને તે જ ગ્રહણ કરવાલાયક છે, તે જ ઉત્પન્ન અને પ્રગટ કરવા લાયક છે. બીજું કોઈ કરવાલાયક છે નહિ. એવી દૃષ્ટિમાં હોવું જોઈએ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૩, ગુરુવાર, તા. ૨૪.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૪, પ્રવચન-૪૫**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. પ્રવચનસાર. ૫૩ ગાથા પૂરી થઈ. '**હવે અતીન્દ્રિય સુખના સાધનભૂત...**' આત્માનો જે અતીન્દ્રિય આનંદ છે તેના '(-કારણરૂપ) **અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે—એમ તેને પ્રશંસે છે :—**' ૫૩માં એમ કહ્યું હતું કે ઈન્દ્રિયજ્ઞાન અને ઈન્દ્રિયસુખ તે દુઃખરૂપ છે. આત્મા જ્ઞાન અને આનંદથી વસ્તુ અનાદિ સંબંધે હોવા છતાં પર્યાયમાં ઈન્દ્રિયજન્ય જ્ઞાન, ઈન્દ્રિયથી થતું જ્ઞાન અને ઈન્દ્રિયથી કલ્પનામાં મનાતું સુખ એ બધું દુઃખરૂપ છે. સુખરૂપ તો, એ ઈન્દ્રિયથી થતું જ્ઞાન અને ઈન્દ્રિયથી કલ્પનામાં આવતું સુખ તે પર્યાયબુદ્ધિમાં રુચિ છોડી અને અતીન્દ્રિય આત્મા જે છે જ્ઞાન સાથે અને આનંદ સાથે અવિનાભાવી સંબંધ અનાદિ, એવા અનાદિ જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન આત્મા છે એની અંતર દૃષ્ટિ કરી અતીન્દ્રિયની અને તેથી અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થાય અને તેથી આગળ વધતાં અતીન્દ્રિય કેવળજ્ઞાન થાય. સમજાય છે કાંઈ?

તેથી અહીં તો અતીન્દ્રિય કેવળજ્ઞાનની વ્યાખ્યા કરશે કે અતીન્દ્રિય સુખની સાથે જેને સંબંધ છે એવું જે અતીન્દ્રિય જ્ઞાન. જુઓ! '**અતીન્દ્રિય સુખના સાધનભૂત અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે—એમ..**' કહે છે. આત્માનો સ્વભાવ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ જ છે એનો. એવો જે આત્મા પર્યાયમાં ઈન્દ્રિયોથી શ્રવણ કરે, ઈન્દ્રિયોથી જોવે, જાણે એવી જે જ્ઞાનની પર્યાય છે એ બધી પરાધીન, દુઃખરૂપ છે. તેથી જેને હિત કરવું છે આત્માનું એણે અતીન્દ્રિય સુખનું કારણ એવું અતીન્દ્રિય જ્ઞાન તેને પ્રગટ કરવું.

એ અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ કેમ થાય? કે આત્મા અખંડાનંદ દ્રવ્યસ્વભાવ, દ્રવ્ય પછી સ્વભાવ એનો ભાવ. એની સાથે જ્ઞાન અને આનંદ, અતીન્દ્રિય ગુણ અને અતીન્દ્રિય વસ્તુ એ અનાદિ-અનંત. છે. એના ઉપર દૃષ્ટિ કરતાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે. એનું નામ ધર્મ અને એનું નામ આત્માના મોક્ષનું સાધન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એથી અતીન્દ્રિય જ્ઞાનની પ્રાપ્તિ પૂર્ણ થાય તે જ પ્રગટ કરવાલાયક છે એને બતાવવા આ ગાથા છે. ૫૪. ઝીણું તો છે, આ બધો અધિકાર ઝીણો છે. ભાઈ કાલે આવ્યા હતા ને ઓલા. એ કહે આ સવારે ઝીણું અને બપોરે ઝીણું. આવું તો કાંઈ હોય? પણ માર્ગ જ એવો છે એની ખબર ન મળે.

આ બધા જડ, માટી, ધૂળ હવે જડ છે આ તો. કર્મ જડ માટી, જ્યારે આ બધું અજીવ છે. હવે અજીવની સાથે જીવનો સંબંધ કેવો? એ તો ચીજ તદ્દન જુદી છે. પણ એને વર્તમાન પર્યાયના અંશ ઉપર બુદ્ધિ હોવાથી એનું લંબાણ જાય તો આ ઈન્દ્રિયો અને

શરીર અને એને દેખવા ત્યાં જાય છે. પણ વસ્તુ પોતે અખંડાનંદ દ્રવ્ય ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદકંદ સિદ્ધ સમાન જેનું સ્વરૂપ છે એના ઉપર એ દૃષ્ટિ કરતો નથી. ધર્મને બહાને પણ એ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધી પર્યાયબુદ્ધિના કર્તવ્ય છે. સમજાય છે કાંઈ? એનામાં એની રુચિ છે, પણ આત્મા અંદર જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ, વસ્તુ છે તો વસ્તુનો આનંદસ્વભાવ અને જ્ઞાનસ્વભાવ ત્રિકાળ પડેલો છે એની અંતર સન્મુખ દૃષ્ટિ, નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ આત્માને પકડવો એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્જ્ઞાન અને એનું નામ સમ્યક્ શાંતિ ને આનંદ છે. બાકી એ વિના બધા થોથા છે. કહો, સમજાણું કાંઈ?

એ અતીન્દ્રિય જ્ઞાનને સુખનું કારણ હોવાથી તેને અનુમોદવા માટે ઉપાદેય કહેવા માગે છે. ૫૪ છે ને?

जं पच्छदो अमुत्तं मुत्तेसु अदिंदियं च पच्छण्णं।
सयलं सगं च इदरं तं णाणं हवदि पच्चक्खं।।५४।।

નીચે એનું હરિગીત છે.

**દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીંદ્રિને, પ્રચ્છન્નને,**
**તે સર્વને—પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.**

એનો '**અન્વયાર્થ :- દેખનારનું જે જ્ઞાન...**' '**प्रेक्षमाणस्य यत्**' એમ. ભગવાન આત્મા દેખનાર છે એનું જ્ઞાન, '**અમૂર્તને,...**' જાણે છે. એવો એનો પર્યાયનો પૂર્ણ જ્ઞાનદશાનો સ્વભાવ છે. અમૂર્તને જાણે છે, મૂર્તમાં પણ અતીન્દ્રિયને જાણે છે. મૂર્ત પદાર્થને તો જાણે, પણ મૂર્તમાં અતીન્દ્રિય કાળાણુ અને પરમાણુ આદિ ઝીણો સૂક્ષ્મ છે એને પણ કેવળજ્ઞાન જાણે છે. ઇન્દ્રિયજ્ઞાનમાં એ જણાતા નથી, એથી જણાતા નથી તેનો ઇન્દ્રિયજ્ઞાનમાં ખેદ વર્તે છે. સમજાય છે કાંઈ? અને અતીન્દ્રિય જ્ઞાનમાં બધું જણાતા ત્યાં આનંદ વર્તે છે એમ કહે છે. સમજાણું આમાં કાંઈ? આ ઇન્દ્રિયોથી જાણવામાં આવે એ સિવાય ન જાણવામાં આવે એનું એને દુઃખ છે, ખેદ છે. આ શું હશે? આ શું હશે? આ શું હશે? પણ અતીન્દ્રિય જ્ઞાન જ્યાં પૂર્ણ થયું, એની સાથે તો આનંદ છે, કાંઈ જાણવાનું આ શું? એ હવે એ કાંઈ બાકી નથી. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ સાથે જ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? એટલે કહે છે કે મૂર્તમાં પણ અતીન્દ્રિયને જાણે અને ઢાંક્યાને પ્રચ્છન્નને જાણે. એ ખુલાસો કરશે આગળ.

'**બધાંયને સ્વ તેમ જ પરને—દેખે છે, તે જ્ઞાન પ્રત્યક્ષ છે.**' એવું કેવળજ્ઞાન જ આત્માને પ્રગટ કરવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? એ ધર્મીને આત્માર્થીને પોતાના જ્ઞાન અને આનંદ સ્વભાવ તેના ઉપર દૃષ્ટિ કરી, તેનું જ્ઞાન પ્રગટ કરીને આગળ વધીને કેવળજ્ઞાન પ્રગટ કરવા જેવું છે. આ કરવા જેવું છે જો મનુષ્યપણું પામ્યો અને કરવું હોય તો.

મુમુક્ષુ :- ન કરવું હોય તો?

ઉત્તર :- ન કરવું હોય એને શું આ? કહે છે. .. માનીને લહેર કરે છે એમ માને છે. લ્યો! છે દુઃખી. નહોતું કીધું એક ફેરી? ઓલા ઉમરાળા પાસે શું? .. મુંબઈ વ્યાખ્યાન ચાલતું હશે કે પછી મહારાજ! કહે છે કે અમે દુઃખી, પણ અમે ક્યાં દુઃખી છીએ? અમને પૈસા છે, રોટલા મળે છે, દાળભાત મળે, શાક મળે છે, પૈસા મળે છે. એય..! મલૂકચંદભાઈ! એ વડોદનો વડોદનો (હતો). વડોદ છે ને અમારા ઉમરાળા પાસે. એને મુંબઈમાં .. સગો નહિ? જમુભાઈ કાપડિયાવાળા. મહારાજ કહે છે કે તમે દુઃખી છો માટે ધર્મ સમજો. અહીં ક્યાં દુઃખી છીએ? દુકાન ચાલે છે, બે-પાંચ-દસ હજાર પેદા થાય છે, પાંચ પચાસ હજારની મૂડી. તમારી મૂડી ન ગણવી પણ પચાસ હજાર, લાખ, બે લાખ ઘણું કહેવાય ને?

મુમુક્ષુ :- એના ગજા પ્રમાણે.

ઉત્તર :- એના ગજા પ્રમાણે. તમારે વળી મોટું ગજું થઈ ગયું. ગજું એટલે ગુંજું નાખવામાં. કહો, પણ અમે એમ કે આમાં દુઃખી ક્યાં છીએ? પણ ભાન નથી તને કે આત્માને જે કાંઈ ઈચ્છા થાય છે કે આ હોય.. આ હોય... આ હોય, એ દુઃખ છે, એ ખેદ છે, એ આકુળતા છે, આત્માની શાંતિ ત્યાં લુંટાય છે તને ભાન નથી. સમજાય છે કાંઈ? કોઈપણ ઈચ્છા ઉત્પન્ન થાય કે આ હોય તો ઠીક, આ હોય તો ઠીક, આને જાણું તો ઠીક, આને ન જાણું તો ઠીક, આટલું મેળવું તો ઠીક. અરે..! બધી ઈચ્છા એ પોતે આકુળતા... આકુળતા... આકુળતા છે. ભગવાન અનાકુળ આનંદનો કંદ છે એ આકુળતા તેને લૂંટે છે. આનંદ લૂંટાય છે એ એને ભાન નથી (અને માને છે) કે અમે સુખી છીએ. મૂઢને શું ખબર પડે? સમજાણું કાંઈ?

બાળક એક હતો તે બસ્સો રૂપિયાનો દાગીનો પહેરીને... દીવાળીનો દિવસ હતો. ૨૦૦-૩૦૦નો દાગીનો સોનાનો પહેર્યો. એક જણો નીકળ્યો બે-ચાર, જાણે કે આ છોકરો ફરે છે. દુકાનેથી પેંડા લઈ લાવ્યો સરખાઈના. ચાર, છ આનાના, આઠ આનાના. અને ઓલો રમતો હતો, ફરતો હતો. હાથમાં પેંડો આપ્યો. ખાવા ગયો, ખાવાના સ્વાદમાં ઓલો દાગીનો લઈ ગયો. છોકરાને કાંઈ કિંમત છે? કે આ પેંડો ખાતા જાય છે આવા ૨૦૦-૩૦૦ રૂપિયાનો દાગીનો. આમાં તો પેંડા ઘણા આવે (એવું). ભાન છે એને? ન્યાલભાઈ! શું કીધું આ દાખલો? દાગીનો પહેરેલો હતો. આ બનેલું છે હોં! છોકરાને નાખે આમ. એને કાંઈ ધ્યાન ન રહ્યું. ફળિયામાં ફરે છે, ફળિયામાં ફરે છે અમથા બહાર ફરે છે. એમાં કોઈ નીકળ્યો .... દીવાળીનો દિવસ હતો. આપ્યો પેંડો આવડો મોટો. આમ હાથમાં ચખાડ્યો ત્યાં ચાખવાના સ્વાદમાં રહ્યો તો દાગીનો કાઢી લીધો ઓલાએ. ખબર છે બાળકને ભાન છે કે આના તો ઘણાં પેંડા આવે?

એમ એ રાગના રંગમાં રંગાયેલો આત્માનો ચૈતન્યનો પેંડો અંદર આનંદ ખવાઈ જાય

છે. આનંદને લૂંટ કરે છે. આનંદ આવે છે, અમને મજા પડે છે. શુભ-અશુભ રાગ એમાં લૂંટાય છે એની એને ખબર નથી. સમજાય? એના સ્વાદમાં ઓલો આનંદ લૂંટાઈ ગયો, આનંદનો દાગીનો વયો જાય છે. જેઠાલાલભાઈ! એ બાળકની પેઠે આ લૂંટાય છે.

મુમુક્ષુ :- બાળકનો દાખલો આ ડાહ્યા માણસોને લાગુ પડે?

ઉત્તર :- ડાહ્યા કોને કહેવા? કહેવા કોને ડાહ્યા? એય..! ન્યાલભાઈ! આ પૈસાવાળા થયા માટે ડાહ્યા કહેવાય? મોટા થયા માટે આ બધા કલેક્ટર છે લ્યો! ડાહ્યા કહેવાય? જેઠાભાઈ! આ કલેક્ટર હતા લ્યો! આ હેડ માસ્તર હતા મોટા મોટા, જુઓ આ બધા છે ને. આ પણ હતા ઈજનેર.

મુમુક્ષુ :- એ તો મોટા ... એન્જીનિયર હતા.

ઉત્તર :- કહેવા કોને ડાહ્યા? જે આત્મામાં આનંદ છે અને આત્માનું જ્ઞાન છે એને લૂંટે, લૂંટવા દે અને વળી એને ડાહ્યા કહેવા! રતિભાઈ!

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનથી આમ વસ્તુ સાથે, વસ્તુ છે ને દ્રવ્ય? એની સાથે જ્ઞાન અને આનંદ આમ જડેલા અવિનાભાવી સ્વભાવ છે. ધ્રુવ સ્વભાવ જેનો પડ્યો આખો. હવે એની દૃષ્ટિ ન કરતાં, પુણ્ય ને પાપ ને વર્તમાન અંશની બુદ્ધિ અને રાગ ને હરખ (કરે છે એમાં) લૂંટાય છે, આનંદનો આનંદ ખવાય છે. આ રાગના સ્વાદ આગળ આખો દાગીનો અનંતા કરોડે કરોડ રૂપિયે ન મળે એવી ચીજ, એ ચીજને લૂંટે છે. અને રાજી થાય છે. છોકરો રાજી થયો. મીઠો લાગ્યો. ઘરમાં જ્યાં ગર્યો, એલા દાગીનો ક્યાં ગયો? આ પેંડો ખાતા ખાતા ગર્યો ઘરમાં. એલા પણ દાગીનો ક્યાં ગયો? નક્કી કોઈ પેંડો આપીને દાગીનો લઈ ગયો લાગે છે. હવે એ ગોતવો ક્યાં? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા ઈન્દ્રિયના જ્ઞાન અને ઈન્દ્રિયના સુખની બુદ્ધિમાં એના ચૈતન્યને લૂંટાવે છે. સમજાણું કાંઈ?

કહે છે, પણ અતીન્દ્રિય જે જ્ઞાન છે, એ આત્મામાંથી પ્રગટેલું... આત્મા અતીન્દ્રિય અને એના આશ્રયથી પ્રગટેલું અતીન્દ્રિય જ્ઞાન કેવળ, એ તો કેવળજ્ઞાન સુખનું કારણ છે, સુખનું સાધન છે. કારણ કે એને જાણવું કાંઈ બાકી રહેતું નથી. એવું જે કેવળજ્ઞાન એ **અમૂર્ત** છે તેને જાણે છે. ટીકા. એ અમૂર્ત છે જગતની ચીજ અરૂપી, એને પણ કેવળજ્ઞાન જાણે છે. અતીન્દ્રિય જ્ઞાન છે ઈ અને એ અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય આત્મામાં પડી છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય કેવળજ્ઞાન જે છે, પ્રગટ થશે એ આત્મામાં પડ્યું છે. એનું ધ્યાન કર તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય.

જ્ઞાન અને આનંદથી ભરેલું તત્ત્વ છે. અતીન્દ્રિય જ્ઞાન જેને પ્રગટ કરવું છે એ અતીન્દ્રિય પર્યાય પ્રગટ ક્યાંથી થશે? બહારથી આવશે? રાગમાંથી આવશે? અલ્પ પર્યાય જે છે પૂર્વે એમાંથી-અલ્પ પર્યાયમાંથી પૂર્ણ કેવળજ્ઞાન પર્યાય આવશે? આવશે ક્યાંથી? એ કેવળજ્ઞાન આત્મા

વસ્તુ ભગવાન આત્મામાં કેવળજ્ઞાનની એવી અનંતી પર્યાય અંદર જ્ઞાનગુણમાં પડી છે અને અનંતુ જ્ઞાન સાથે જે આનંદ પ્રગટ થાય એવો અનંતો આનંદ એક પર્યાયમાં, એવા અનંતા આનંદની અનંતી પર્યાય આત્માના આનંદ(ગુણ)માં પડી છે વર્તમાનમાં. સમજાણું કાંઈ?

નહોતું કહ્યું એક ફેરી? એક ફેરી ઓલા તત્ત્વાનુશાસનમાં આવ્યું છે ને. પ્રશ્ન કર્યો શિષ્યે, કે તમે અરિહંતનું ધ્યાન કરો છો પણ અરિહંત છે ક્યાં અત્યારે? અરિહંતનું ધ્યાન કરો છો, સિદ્ધનું ધ્યાન કરો છો, ઈ છે ક્યાં અરિહંત સિદ્ધ? સાંભળ! એ અરિહંતનું જે કેવળજ્ઞાન અને અરિહંતનો જે અનંત આનંદ એનું અમે ધ્યાન કરીએ છીએ (કે) અરિહંતનું જ્ઞાન અને અરિહંતનો આનંદ અમારામાં છે. અમારામાં છે—વસ્તુમાં છે. સમજાય છે? એનું અમે ધ્યાન કરીએ છીએ, જેથી ધ્યાનનું ફળ સફળ શાંતિ અને આનંદ આવે છે. અરિહંત અમે પોતે છીએ. આહા..હા..!

એ અહીં કહે છે. અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ (કરવું). પણ અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ કેમ થાય? ક્યાં રહ્યું છે તે થાય? સમજાણું કાંઈ? ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખની બુદ્ધિ છોડ. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો પિંડ, કંદ છે એનું ધ્યાન કર, એની દૃષ્ટ કર અને એકાગ્ર થા. એ અરિહંત પોતે જ આત્મા અત્યારે છે, સિદ્ધ પોતે આત્મા અત્યારે છે. શક્તિમાં પડ્યું છે બધું. સમજાણું કાંઈ? સાધુપદ, આચાર્યપદ, ઉપાધ્યાય એ બધા નિર્મળ વીતરાગી પર્યાયના પદ છે. એ કાંઈ લૂગડા ને બહાર એ કાંઈ પદ નથી. તેમ અંદર પંચ મહાવ્રતના વિકલ્પો ઊઠે સાધુને એ કાંઈ પદ નથી. અંતરમાં આત્માના આનંદની દૃષ્ટિ, આનંદનું જ્ઞાન, આનંદમાં રમણતા જે પ્રગટી છે, એ પૂરી પ્રગટેલી અરિહંત ને સિદ્ધ. અધૂરી પ્રગટેલી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-એ બધી પર્યાયો આત્માના અંતરમાં પડી છે અત્યારે. સમજાણું કાંઈ? કેમ બેસે? વિશ્વાસ આવતો નથી એને. આ પ્રગટશે કેવળજ્ઞાન. અતીન્દ્રિયની વ્યાખ્યા કરે, પણ એ અતીન્દ્રિય જ્ઞાન તારામાં અત્યારે છે. સમજાણું કાંઈ? એનું ધ્યાન કરવાથી એ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ વસ્તુનું ધ્યાન છે. ધ્યેય લક્ષમાં લઈને એકાગ્ર થવું એ ધ્યાન છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનાદિ... અનાદિ... અનાદિ... અથવા આદિ વિના, અંત વિનાનો વસ્તુ અને વસ્તુનો સ્વભાવ જે પૂર્ણ છે, એનું ધ્યાન એટલે એમાં એકાગ્ર થવું. એ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદમાં એકાગ્ર થાય છે. તેથી પર્યાયમાં—અવસ્થામાં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ થોડો પહેલો પ્રગટ થાય છે. વિશેષ એકાગ્રતાથી પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ પ્રગટ થાય એવા કેવળજ્ઞાનની આ પ્રશંસા ચાલે છે. એની પ્રશંસાના અર્થમાં એવું કેવળજ્ઞાન અને અતીન્દ્રિય આનંદ તારામાં પડ્યો (છે) એ તારી પ્રશંસા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે આ. ઘરમાં મૂડી પડી છે કહે છે. એમાંથી કાઢવી છે, કાંઈ બહારથી લાવવી નથી. કહો, સમજાણું? એ અમૂર્તને જાણે આત્મા એવું જ્ઞાન અંદરમાં પડયું અને પ્રગટ થાય તો

આવું છે એમ કહે છે.

**'મૂર્ત પદાર્થોમાં પણ અતીન્દ્રિય છે,...'** પરમાણુ આદિ. **'અને જે પ્રચ્છન્ન છે,...'** આગળ ખુલાસો કરશે હોં! **'ગુપ્ત; ઢંકાયેલ; અંતરિત.'** કાળ લબ્ધિનું છે ને? તેને જાણે. **'તે બધાંયને—કે જે સ્વ અને પર બે ભેદોમાં સમાય છે...'** એક કોર ભગવાન આત્મા અને એક કોર આ બધું જગત આખું, એ બેયને જાણવાની જ્ઞાનની પર્યાયમાં તાકાત છે એક સમયમાં. સમજાણું? આત્મા અનંત ગુણનો પિંડ અને એની અનંતી પર્યાય અને સામા અનંતા પદાર્થો પર, એ બેયને જાણવા આત્માની જ્ઞાનની પર્યાય પ્રગટ પૂર્ણ જે છે એ બેયને જાણવા સમર્થ છે અને એવી બેને જાણવા સમર્થ છે એવી એવી અનંતી પર્યાયનો પિંડ આત્મા પોતે છે. સમજાણું કાંઈ?

**'તેમને—અતીન્દ્રિય જ્ઞાન અવશ્ય દેખે છે.'** અતીન્દ્રિય જ્ઞાન અવશ્ય દેખે છે. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... દેખવાનું કાંઈ બાકી રહેતું નથી. નથી બાકી રહેતું એવો તારો સ્વભાવ છે. આહા..હા..! અહીં તો થોડું દેખીને તો આહા..હા..! એમ થઈ જાય અંદર. દેખે છે ને? બીજું શું કરે છે? શરીર ને પૈસા ને દાળ, ભાતને એ બધી જડ અવસ્થાઓ અને જડની ક્રિયાઓને ખરેખર તો આત્મા જાણે છે. જાણ્યા સિવાય એને અડતો પણ નથી અત્યારે પણ. જડને અડે? શરીરને અડે? આ તો માટી છે. આ તો અરૂપી ભગવાન છે, ચૈતન્ય અરૂપી રંગ, ગંધ, રસ વિનાની ચીજ છે. શરીરને અડે? માંસને અડે? દાળ-ભાતને અડે? લાડવાને અડે? મોસંબીને અડે? કોને અડે? દાગીનાને અડે? કપડાને અડે? ઝવેરાત બધી અહીં લટકાવે દાગીના બધા એને અડે?

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને જાણે છે કે આ છે. હું છું, આ છે. આને જાણે છે અને આને જાણે છે. બસ છે તો આટલું. પણ એ ઉપરાંત જાણતા એમ માને છે કે એ આ મારું, આ હું એનો, એ મિથ્યાભ્રમ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? મોટા સંચા આહા..હા..! ચાલતા હોય, પાંચ-પાંચ હજાર માણસ કામ કરતા હોય. દસ હજાર લ્યો. આત્મા ખરેખર તો જાણનાર છે, જ્ઞાન છે અને આ જાણે છે. દસ દસ હજાર માણસની ઓલી અમે પૂરીએ છીએ, શું કહેવાય? આજીવિકા રોજી. અમે કંઈ ધંધો અમારા માટે કરીએ છીએ એમ નહિ, ઘણા માણસને રોટી મળે. હરામ છે સાંભળને. હરામજાદગીરીની દૃષ્ટિ તેં ઊભી કરી છે અને એની પર્યાયને રોજી તું કરી દે છો? એની પાસે જે પરમાણુ આવવાના એ આવવાના અને નહિ આવવાના એ નહિ આવે. એને કારણે આવે છે. તું તો જાણનાર છો કે આને થયું, આને ન થયું. ફલાણું. જાણનાર છો. જાણનાર ઉપરાંત એણે આ ખોસ્યું લાકડું અંદર કે (હું) બધાને રોજી પૂરું છું. એ મિથ્યાત્વભાવ સંસારમાં રખડવાનો દુઃખી થવાનો ભાવ છે. રતિભાઈ! ભારે કામ ભાઈ! મોટા ગૃહસ્થો થાય છે એ પૈસાથી બધાને નભાવતા હશે કે નહિ?

એક જણાને કહ્યું હતું, તમે શું કરવા રળો છો? એના બનેવીએ. સમજાય છે? આટલા આટલા પૈસા છે ને તમે રળો છો શું કરવા? તમારે પાસે ચાલીસ કરોડ રૂપિયા અને એંશી કરોડ આવવાના છે. હવે રળો છો શું કરવા? એંશી કરોડ. શું અમે અમારા માટે રળીએ છીએ? પૈસાની ખુમારી ફાટી જાય છે. અમે અમારા માટે રળીએ છીએ? આ સાત-સાત હજાર, આઠ-આઠ હજાર માણસોને રોજી મળે છે એને માટે (કરીએ છીએ). એને માટે હશે આ? ક્યાં ગયા? જયંતિભાઈ! શું હશે આ? એવો જવાબ આપ્યો સામે. પાગલ તે પણ કેટલા પાગલ. અમે અમારા માટે રળીએ છીએ? પૈસા ઘણા અને રોફ મોટો હોય, કપડા-બપડા ઓલા પહેરેલા હોય, જોડા ઊંચા પહેર્યા હોય ચામડાના. જોડા ખાય છે સરખાઈના. જોડા પહેરે છે ને? જોડા પહેરે છે ને? ટોપા મોટા પહેરે છે આમ. આમ પૈસાદાર અબજો રૂપિયા. આહા..હા..! આંખ્યું ફાટી જાય વાણિયાને. વાણિયાને અબજો રૂપિયા.

મુમુક્ષુ :- પૈસા વાણિયા જાળવી શકે.

ઉત્તર :- આ જાળવી શકે કે આ તો અજીર્ણ થાય છે આ તો? એના બનેવીએ કીધું, હોં! અમે અમારા માટે રળીએ છીએ? અમે અમારાથી કેટલી રોજી લોકોને મળે છે એ માટે કરીએ છીએ. બહુ સારી વાત. મરી જઈશ ત્યારે ક્યાં રોજી કરાવવા જઈશ? અને તે રોજી પરને આપી શકે છે? એના દાણા જે મળવાના એની પાસે એ તો એને આવ્યા વિના રહે નહિ. માણસ લોકો નથી કહેતા? કે ખાનારનું દાણે દાણે નામ છે. એનો અર્થ શું? ખાનારનું દાણે દાણે નામ એનો અર્થ શું? કે જે દાણા અને જે એની પાસે આવવાના એ આવવાના, આવવાના, તારાથી નહિ. બરાબર હશે ન્યાલભાઈ? આ લોકો નથી કહેતા? એઈ..! જયંતિભાઈ! પણ ભારે અભિમાનના પૂતળાને. અમે આમ કરીએ દઈએ. રાજાઓને એમ થઈ જાય હોં! અમે કેટલી સેવા કરીએ છીએ, ફલાણું કરીએ છીએ, ધ્યાન રાખીએ છીએ આટલું. પ્રજા ઉપર અમારી અનુકંપા કેટલી! દયા કેટલી! એમ થઈ જાય.

એક જણો માખણ ચોપડતો હતો રાજાને. ઓલા .. બાર મહિનાનું હોય ને. કાંઈક કરતો હશે. અહો..! સાહેબ આપના રાજમાં તો આપની કેટલી ઓલી! કેટલા માછલા ન મારવામાં આપ .. કરો છો. આપે તો ઘણું કામ કર્યું. હવે ઓલો માછલા ખાતો હોય, માંસ ખાતો હોય અને આવા પાછા માખણના ચોપડનારા હોય વાણિયા ભેગા. તમે તો કેટલું કામ કરો છો ઓહો..હો..! આવું કરો છો, આવું કરો છો. મરી ગયો ઓલો કહેનારો, મરનારો, સાંભળનારો બેય. અરે..! કોણ કોના કરે બાપુ! તને ખબર નથી ભાઈ! એક રજકણ પણ ફરે એ તારા કારણે નહિ. એક રજકણ પરમાણુ ફરે આમથી આમ એ તારે કારણે નહિ. એ તો એને કારણે ફરે અને એને કારણે રહે.

અહીં શું કહેવું છે? '**અતીન્દ્રિય જ્ઞાન અવશ્ય દેખે છે.**' ભાઈ એટલી વાત અહીંથી ઉપાડી. આ આત્મા પણ અતીન્દ્રિય છે ખરેખર અને અતીન્દ્રિય પદાર્થને દેખનારો જ છે

ઈ. દેખવા સિવાય શું કરે? ભગવાન! તને ખબર નથી ભાઈ! આહા..હા..! જેની પાસે ચૈતન્ય આંખ પડી છે જ્ઞાનની એ દેખે, બીજું શું કરે? અહીં કેવળજ્ઞાનની વાત છે પણ એ કેવળજ્ઞાનનો પર્યાય આત્મામાં છે એટલે આત્માની પણ ભેગી છે.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાનને પણ લાગુ પડ્યું ને.

ઉત્તર :- શ્રુત(જ્ઞાન) તો વળી પર્યાયમાં છે, પણ આ તો અંદરમાં પૂર્ણ પડ્યું છે. શ્રુતજ્ઞાન પણ અતીન્દ્રિય છે. અતીન્દ્રિય શ્રુતજ્ઞાન પણ જાણે છે. સાધકજીવ સમ્યગ્દૃષ્ટિમાં જે સમ્યગ્જ્ઞાન થયું, એ રાગ થાય એને જાણે છે, વસ્તુમાં જે ક્રિયા થઈ, ગઈ આવી એને જાણે જ છે. મારાથી આ થઈ છે અને મારાથી આ ન થઈ શકી એવું શ્રુતજ્ઞાનમાં હોતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ!

**'અમૂર્ત એવા જે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય વગેરે,...'** પણ દેખે છે. અતીન્દ્રિયને દેખે છે એટલે કે એનો ખુલાસો (કર્યો કે) અમૂર્ત એવા જે ધર્માસ્તિ. ભગવાનના જ્ઞાનમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ ચાર અરૂપી છે અને આત્મા અરૂપી પાંચ. અને પરમાણુ આદિ રૂપી છે. ભગવાન અતીન્દ્રિયને પણ દેખે છે. ઓહો..હો..! એ જ્ઞાનની પર્યાય સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરનો આત્મા એની પર્યાયમાં આ બધું દેખાય છે અને એ પર્યાય તારામાં પડેલી છે.

મુમુક્ષુ :- ઘાતિકર્મનો અભાવ થયો. નિમિત્તમાં...

ઉત્તર :- એમાં નિમિત્તનું શું છે પણ નિમિત્તમાં? થયું કોને લઈને? પોતે કેવળજ્ઞાન પ્રગટ કર્યું? ઘાતિકર્મનો કર્મને કારણે અભાવ થયો, આત્માને કારણે નહિ. હવે એમાં કાંઈ રહ્યું નહિ.

મુમુક્ષુ :- ઘાતિકર્મનો અભાવ થઈ જાય એ જ્ઞાનમાં જણાતું હશે કે નહિ?

ઉત્તર :- પણ એ તો અભાવ થયો પહેલે જ સમયે જાણે છે કેવળજ્ઞાનમાં કે આ પર્યાય પરમાણુની હતી એ બદલીને, કર્મની હતી એ બદલીને અકર્મની થઈ ગઈ. એમાં ભગવાને એનું શું કર્યું? અને એને લઈને અહીં શું થયું? એમ છે. મોઢે કરેલું છે ને. તો એનો અર્થ શું? આત્માએ, પોતામાં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો ભંડાર છે એમાં એકાકાર થતાં જ્યાં કેવળજ્ઞાન પ્રગટ થયું એ સમયે કર્મની પર્યાય કર્મરૂપે હતી એ પલટીને અકર્મરૂપે કર્મને કારણે-પોતાને જડને કારણે થઈ છે, આત્માને કારણે નહિ. અને જડની અવસ્થા બદલી માટે કેવળજ્ઞાન થયું એમ નથી.

મુમુક્ષુ :- એ જરાક વાંધો એમાં પડે છે.

ઉત્તર :- વાંધો કાંઈ પડતો નથી. એ તો નારદ છે. એ તો પ્રશ્નનારદ. કહો, સમજાણું કાંઈ? ઘાતિકર્મવિહીન એ શું આવે છે? આવે છે ને એ. ઉત્કૃષ્ટ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. વાત સાચી. એ અહીં વાત કરે છે. એ ૬૨માં આવશે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! તું કેવડો ક્યાં છો ભાઈ! તને ખબર નથી. તારામાં તો કેવળજ્ઞાનના પર્યાય એવા તો અનંતા પડ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કારણ કે કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને અમૂર્તને દેખે એવી એવી અનંતી પર્યાય કેવળજ્ઞાનીને નવી... નવી... નવી... પ્રગટ્યા કરે. કારણ કે એ પર્યાય છે, કાંઈ ગુણ નથી. કેવળજ્ઞાન ગુણ નથી. ગુણ તો ત્રિકાળ જ્ઞાન છે. એની એક સમયની અવસ્થા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. અને એક સમયે ઉત્પન્ન થઈને વ્યય થઈને બીજે સમયે નવું કેવળજ્ઞાન થયું. એવી એવી કેવળજ્ઞાનની પર્યાય જ્યારથી પ્રગટે તે અનંત કાળ દ્રવ્ય રહેશે ત્યાં સુધી કેવળજ્ઞાન નવું... નવું... નવું... પ્રગટ્યા જ કરશે. એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ આત્મામાં-જ્ઞાનગુણમાં અત્યારે પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અમૂર્ત એવાં જે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય વગેરે,...**'ને જાણે છે. ઓહો..! જાણનાર કોને ન જાણે? જાણનાર જેનું જ્ઞાન પૂર્ણ થયું તે કોને ન જાણે? સમજાય છે? અગ્નિ કોને ન બાળે? બળવાયોગ્ય બધી વસ્તુને અગ્નિ બાળી અને અગ્નિને આકારે અગ્નિ થાય. એ દાખલો આપશે છેલ્લે. છેલ્લે આપશે. એમ જ્ઞાનાકારમાં જ્ઞેયો જેટલા છે તેટલા આત્મા જાણે, જાણવાનું બાકી એને શું હોય? સમજાય છે કાંઈ? એક સમયનો પર્યાય અનાદિ-અનંત. કાળને એક સમયમાં જાણી લે છે. અનાદિ-અનંત. દ્રવ્યને, અનાદિ-અનંત. ક્ષેત્રને, અનાદિ-અનંત. કાળને, અનાદિ-અનંત. એના ગુણને અને પર્યાયને.

'**મૂર્ત પદાર્થોમાં પણ અતીન્દ્રિય એવા જે પરમાણુ વગેરે,...**' ભગવાન તો... એક રજકણ પોઈન્ટ છે ને આ છેલ્લામાં (છેલ્લું). આ (શરીર) તો ઘણા પોઈન્ટનું (બનેલું છે), આ એક ચીજ નથી, આ તો ઘણા રજકણનો જથ્થો દળ ભેગું થયું છે. પરમાણુ હોં, માટી, જડ, ધૂળ. એમાં છેલ્લો પોઈન્ટ જે છે એક રજકણ રૂપી કહેવાય છે, એ રૂપીને પણ ભગવાન દેખે છે. એક પરમાણુને પણ દેખે. '**મૂર્ત પદાર્થોમાં પણ અતીન્દ્રિય એવા જે પરમાણુ...**'ને. ખરેખર તો છએ દ્રવ્ય અતીન્દ્રિય જ છે. શું કીધું? છએ દ્રવ્ય અતીન્દ્રિય છે. ઈન્દ્રિયગ્રાહ્ય છે નહિ. સમજાણું કાંઈ? આનો વિચાર બહુ તમારે ...માં કર્યો હતો. એક ફેરી નાગનેશની ..માં. છે ને ઓલી નાગનેશ નહિ? ઉપર ગયા હતા ત્યાં પછી બેઠા હતા. નહિ ઓલા .. ઓલા સ્મશાનની ઓલી કોર. આ દેખાય છે એ તો બધું સ્થૂળ છે, મૂળ વસ્તુ અતીન્દ્રિય છે. સમજાણું? લગભગ ૭૮ની સાલ હશે. અતીન્દ્રિય છે આ વસ્તુ તો. પરમાણુ પણ અતીન્દ્રિય છે. આ (સ્કંધ) તો વિભાવરૂપ પર્યાય છે અને વિભાવરૂપ પર્યાયના સંયોગના નિમિત્તમાં દેખાય છે આ. સમજાણું કાંઈ? છએ દ્રવ્ય અતીન્દ્રિય છે. આત્મા અતીન્દ્રિય અરૂપી, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અરૂપી અને એક પોઈન્ટ પરમાણુ પણ અરૂપી

છે, અતીન્દ્રિય છે. કહો, સમજાય છે કાંઈ? અને એ અતીન્દ્રિય દ્વારા જ આત્મા જાણવામાં આવે છે. પોતે અતીન્દ્રિય છે, જગતની ચીજો અતીન્દ્રિય છે અને પોતે અતીન્દ્રિયથી જણાય અને જગતના પદાર્થોને પણ, અતીન્દ્રિયથી અતીન્દ્રિય પદાર્થ જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એની પોતાની સંપદામાં શું પડ્યું છે એની એને ખબર ક્યાં છે? બહારની ધૂળ જ્યાં ભેગી થાય ત્યાં ગણવા માંડે કે આટલા લાખ થયા, આટલા કરોડ થયા, આટલી ધૂળ થઈ અને આટલું આ થયું. શું કીધું?

મુમુક્ષુ :- મજા છે.

ઉત્તર :- મજા છે. કીધું નહોતું એક ફેરી? જેઠ મહિનાનો તડકો આકરો હોય અને છોકરાને દૂધ વધારે પાયું હોય પછી શેરણું થાય. શેરણું થાય ને નરમ નીકળે વિષ્ટા. પછી ઠંડુ લાગે તો આમ ચોપડે, ચાટે, એવી મજા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પૂરેપૂરો એથી અનંત ગુણો આકરો. દુઃખને ચાટે છે. એય..! આનંદમાંથી દુઃખ કાઢીને ચાટે છે. આહા..હા..! ધૂળમાંય મજા નથી. ક્યાં મજા? મજા શેમાં છે? મજા એટલે સુખ. સુખ ક્યાં રહે છે ખબર છે એને? સુખ પરમાં રહે છે? રાગમાં રહે છે? સુખ તો આત્મામાં છે અંદર. આત્મામાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એમાંથી કાઢીને આનંદને વેદે તે મજા છે. એને આવરીને, ઢાંકીને કલ્પના ઊભી કરે છે. વિષ્ટાને ચાટે એ કરતા ઝેરને ચાટે છે આ તો. એ વિષ્ટાને તો ભૂંડ પણ ખાય, આ તો ઝેરને ચાટે છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

ઉત્તર :- હા, તે શું છે? શેમાં આવ્યું છે ઈ? ઈ ખબર છે તમને? એ શેમાં આવ્યું છે ઈ? ભૂલી ગયા એ. અષ્ટપાહુડમાં આવ્યું. સાંભળ્યું છે ને. અહીં પહેલા રહ્યા હતા. ..શાતાશિળીયા હતા ને ત્યારે રહ્યા હતા. અનુકૂળ ... ભાગ્યા. બાયડી મરી ગઈ. રસોઈ ત્યાં સારી મળે. કહે એમ રસોયો કરી દ્યે, એણે વાત કરી હતી હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તે આપણને બીજી ખબર શું હોય? કોને કીધું આ? શું કીધું પહેલું?

ધર્મ, અર્થ અને કામ. ધર્મનો અર્થ કે આત્માનું જ્ઞાન અને શ્રદ્ધા અને અનુભવ કરતા નિર્જરા થાય તે ધર્મ. એમાં રાગની મંદતા થાય એ પુણ્ય ધર્મ, અને એ પુણ્યને લઈને અર્થ અને કામ આવે, પૈસો ને ભોગ, પણ સુખ એ પૈસા અને ભોગમાં પણ નથી અને ઓલા પુણ્ય પરિણામમાં પણ નથી. સુખ તો આત્માના આનંદમાં, જાણવા-દેખવામાં છે. કહો, ધર્મ અર્થ અને કામ એ દુઃખરૂપ છે. ધર્મ શબ્દે પુણ્ય પરિણામ ત્યાં. શુભભાવ, શુભભાવ છે ને? એને ધર્મ કહે વ્યવહારે. દુઃખરૂપ છે એ કષાયની મંદતા. આહા..હા..!

કુંદકુંદાચાર્ય તો કહે છે કે એ તો ઝેર છે. કહો, એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ,

પૂજાના વિકલ્પ ઊઠે તે ઝેર છે. આત્માના અમૃતાનંદને લૂંટનારો વિકલ્પ છે. શું જોવે છે તારે? ઝેર? ઝેર તો અનાદિથી કરી રહ્યો છો, હવે શું કરવું છે તારે? અતીન્દ્રિય જ્ઞાન જે આનંદનું કારણ છે એવું અતીન્દ્રિય જ્ઞાન તારામાં પડ્યું છે. એવા જ્ઞાનની નજર કર તો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ પ્રગટ થાય, એ મોક્ષનું કારણ એ મોક્ષ ખરો છે. બાકી બધું ધૂળધાણી છે. સમજાણું કાંઈ?

મજા, બ્રહ્મદત્ત ચક્રવર્તીએ સાતસો વર્ષ મજા માણી. કહો, એવી તો બીજાને હોય નહિ. ચક્રવર્તી છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી. એ સાતસો વર્ષની મિનિટો ગણો તો એક એક મિનિટ(ના ફળમાં) અસંખ્ય અબજ વર્ષના રવરવ નરકમાં પડ્યો છે અત્યારે બ્રહ્મદત્ત. સાતમી નરકનો અપરિઠાણા નારકી છે. જેની ૩૩ સાગરની સ્થિતિ છે. રવરવ નરક કહેવાય છે. અહીં સાતસો વર્ષ રહ્યો ચક્રવર્તી. ફક્ત સાતસો વર્ષ. સાતસો વર્ષની મિનિટું સંખ્યાતી થાય. એને છન્નું હજાર (સ્ત્રી), હીરા-માણેકના ઢોલિયે સૂતો હતો તે. હીરા માણેકના ઢોલિયા હોં. એમાં એક એક એક હીરાની કરોડોની કિંમત એવા, સમજાય છે? ઢોલિયા. આમ ચારે કોર. ઓહો..હો..! જેના પુણ્ય પાથરેલા એટલા લાગે કે રાણીઓ તે કેવી! એક (મુખ્ય) રાણીની એક હજાર દેવ સેવા કરે. એવી રાણીના ભોગ. એક મિનિટનું સુખ કલ્પેલું, એના ફળમાં એક મિનિટમાં અસંખ્યાતા અબજ વર્ષનું રવરવ નરકનું દુઃખ. સાતમી નરકે પડ્યો છે બ્રહ્મદત્ત અત્યારે. સમજાણું કાંઈ? લ્યો આ મજા માણી એણે. ચંદુભાઈ! આહા..હા..!

અરે..! એનું માપ સાંભળતા પણ એને એમ થાય કે આહા..હા..! આ શું છે? ભગવાન આત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ અને અતીન્દ્રિય આનંદનો સ્વભાવ સાગર, અરે..! એનો અનાદર કરી અને એ શુભ અને અશુભભાવનો આદર કર્યો, એ આદરમાં ચૈતન્યની અશાતના (કરી) મહાસ્વભાવનો ઘાત કર્યો. એવા ઘાતમાં, એવા પાપના પરિણામ થયા તીવ્ર, કે જેના ફળમાં જેને સાતમી નરકે જાવું પડ્યું. ઓહો..હો..! જેને ચૌદ હજાર દેવ તો જેની સેવા કરતા રતનની. સમજાય છે? એક એક રતનના એક હજાર અને બે હજાર તો અંગરક્ષક (એની) સાથે ઊભા હોય. એ પોતે કાંઈ પહેરે નહિ. લૂગડા-બુગડા દેવ પહેરાવે. અહીંયા હોય છે ને એવા.. પોતે ઊભો રહે આમ મડદાની જેમ. ન્યાલભાઈ! આ તો બધું નાટક છે. પછી ઓલા નીચે જોડા પહેરાવે. નીચે એક માણસ હોય ને આમથી આમ જોડા પહેરાવે. લાંબો કોટ પહેરાવે અને કોટમાં હાથ નાખે ઓલો હોં. આમ કરીને હાથ નાખે.

મુમુક્ષુ :- હાથ ઓલો પકડીને નાખતો હશે?

ઉત્તર :- આ બધું જોયેલું છે ને. આ બધા કરે ત્યાં ક્યાંક ગયા હોય ને મોટા ઓલામાં. આ તો મડદા છે. મડદાને પહેરાવે છે મરી ગયેલા હોય એને. આહા..હા..!

એના બે હજાર દેવ તો અંગરક્ષક હતા. રતનના (રક્ષક) ચૌદ હજાર દેવ હતાં. એ મરીને સાતમી રવ રવ નરકે પડ્યો છે અત્યારે. ૩૩ સાગર. તે હજી તો બહુ થોડા વર્ષ ગયા.

હજી તો અસંખ્ય વર્ષ ગયા નથી. પલ્યનો અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા પલ્યોપમ દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર... એવા દસ ક્રોડા ક્રોડી (પલ્યોપમનો) સાગર, એવા ૩૩ સાગરની સ્થિતિ છે એની. આહા..હા..! એવી અનંત વાર મજા માણીને સાતમી નરકે અનંત વાર ગયો છે. ધૂળમાંય મજા નથી.

ભગવાન આત્મા.. જુઓને અહીં તો કહે છે, અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ આવ્યો ક્યાંથી? પ્રગટ્યું ભગવાનને અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ, એ અંતર ખાણમાં પડ્યું હતું એમાંથી ખોદીને કાઢ્યું, અંદરમાંથી નીકળ્યું. સમજાણું કાંઈ? એવા ભગવાનને, કહે છે, '**મૂર્ત પદાર્થોમાં પણ અતીન્દ્રિય એવા જે પરમાણુ વગેરે,...**' જાણે. જાણવું... જાણવું... જાણવું. કોઈ પરમાણુ મારો છે એમ છે એમાં? જાણ્યું. એમ આ જગતની ચીજો જાણતા કોઈ ચીજ એની છે એમ છે? એવો જ્ઞાનમાં સ્વભાવ છે કે આ મારી છે એમ માનવું? જ્ઞેયનો સ્વભાવ છે કે તારી છે એમ માન, એમ જ્ઞેયમાં છે? પૈસાનો સ્વભાવ છે એવો કે તું મને માન એવું એમાં ભર્યું છે? જ્ઞાનનો સ્વભાવ છે કે આ મારા છે એમ માનવું એવું જ્ઞાનમાં છે? ઉઠાવગીરે ઊભું કર્યું નવું. ભ્રમણાનો મિથ્યાત્વનો અસત્ય જૂઠો ભાવ ઊભો કરી એ જ્ઞાન જાણવાયોગ્ય, એ જણાવાયોગ્ય, (એમાં) જૂઠો ભાવ કર્યો, એ મારા. બસ, એ મિથ્યાત્વભાવ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદને પ્રગટ કરવા દેતું નથી અને દુઃખને ઉત્પન્ન કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આમાં તો સાદી વાત છે. આમાં કાંઈ બહુ એવી નથી ન સમજાય એવી. ઘણાંને એમ લાગે કે આવું બધું ઝીણું હશે. નહિ સમજાય તો? કાલે કહેતા હતા ને ઈ. આવું રાજકોટ વ્યાખ્યાન ચાલે છે, મુંબઈમાં ચાલે છે. આવું નહિ હોય. પણ એ ભાઈ હવે એ વાત અત્યારે એવી આવી. મૂળ વાત તો હકીકત તો આ છે. એમાં શું? મૂળ હકીકત તો આ છે. ધર્મને માટે સમજવું હોય તો ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખ એ બધું હેય છે. આહા..હા..! જ્યાં નિધાન પડ્યું છે ત્યાં નજર નાખ અને ઇન્દ્રિયજ્ઞાનની રુચિ છોડ એમ કહેવા માટે તો એ વાત હતી. આ સાંભળવું, એવું જે જ્ઞાન એ હેય કહે છે. એ આકરું પડે છે માણસને.

મુમુક્ષુ :- સાંભળ્યા વગર થાય નહિ પાછું.

ઉત્તર :- સાંભળ્યા વિના જ થાય છે એને. સાંભળવું આવે ખરું અને ખ્યાલમાં એના જ્ઞાનમાં આવે કે આમ કહે છે, પણ એ ખ્યાલ અતીન્દ્રિય જ્ઞાનનો ખ્યાલ નથી, ઇન્દ્રિયજ્ઞાનનો ખ્યાલ છે. એ અતીન્દ્રિય જ્ઞાનનો ખ્યાલ માટે તે મદદગાર નથી. એવી વાત છે. વીતરાગનો માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એનું કહેલું તત્ત્વ, આ એનું સત્ત્વ છે. લોકોને મળે નહિ બિચારાને સાંભળવું. એટલે એની ગતિ ક્યાં કરવી અને શું વીર્ય ફોરવવું એની ખબર નથી. આ તો અટકીને માની બેઠા આ ધર્મ કરીએ છીએ, પૂજા કરીએ, ભક્તિ કરી, દાન કર્યા, વ્રત પાળ્યા, તપસ્યા, અપવાસ કર્યા. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને. એ તો બધા

વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ?

જેમાં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ પડ્યો છે એ રાગની પાછળ ભગવાન આત્મા પોતે એમાં પડ્યો છે. એની દૃષ્ટિ અને એનો અનુભવ ન કરે ત્યાં સુધી એને ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મની ક્રિયામાં વિધિવિધાનનું ધ્યાન એટલું રાખે (કે) ક્યાંય ભૂલ ન પડે. છે એ બધા ક્રિયાના ભાવ. એમાં ભૂલ ન પડે એનું ધ્યાન રાખે. ઓલો આત્મા અંદર કોણ છે પાછળ (એ જોતો નથી).

મુમુક્ષુ :- એ તો ત્રણે કાળ એમ ને એમ રહે.

ઉત્તર :- પણ ત્રણે કાળે છે એને ક્યાં આવ્યું છે પ્રતીતમાં? એને પ્રતીતમાં આ આવ્યું છે વર્તમાન જ્ઞાન, ઇન્દ્રિય ને ઇ. છે ત્રણે કાળ, પણ એ પ્રતીતમાં ક્યાં આવ્યો? પ્રતીતમાં જ્યારે ત્રણે કાળ છે એવો ને એવો એની ઉપર નજર જાય ત્યારે એને (ભાન થાય કે) આ તો ઓહો..હો..! આ તો અનાદિ-અનંત. આવું ને આવું તત્ત્વ છે. આ તો ક્ષણિક માન્યું છે રાગ ને પુણ્ય જેટલો આત્મા. અહીંથી નીચે જાય ધબો નમઃ આહા..હા..! ઇન્દ્રિયજ્ઞાન તો ખલાસ થઈ જઈ હશે, કામ નહિ કરે ત્યાં. ઇન્દ્રિયમાં લક્ષ હતું ત્યાં સુધી રહ્યું પછી અવરાઈ જશે. ભગવાનને એવું જ્ઞાન હોય છે કે બધા ઢાંક્યાને પણ જાણે. લ્યો સમજાણું?

**'તથા દ્રવ્યે પ્રચ્છન્ન એવાં જે કાળ વગેરે...'** જાણે. લ્યો ઠીક! બહુ કાળનું છે ને ઝીણું. **'(-દ્રવ્ય અપેક્ષાએ ગુપ્ત એવાં જે કાળ, ધર્માસ્તિકાય વગેરે)...'**ને જાણે. **'ક્ષેત્રે પ્રચ્છન્ન એવા જે અલોકાકાશના...'** ઓહો..હો..! આ લોકાકાશ છે અરૂપી અહીં. આકાશ એટલે આ દેખાય ગુલાબી રંગ એ નહિ હોં! એ તો પરમાણુ છે. અહીં અરૂપી એક આકાશ છે, અરૂપી આખી ચીજ જગતમાં વ્યાપી ગઈ છે. એ સિવાય ખાલી અલોક. જે ગુપ્ત છે. આ તો બહારમાં છે એમ કહે છે. ખાલી એક અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. અનંત... આકાશ પડ્યો છે એને પણ અતીન્દ્રિય જ્ઞાનનો એક સમયનો પર્યાય પૂરો જાણે. સમજાણું કાંઈ? આમ ને આમ ચારે બાજુ લ્યો, આ ચૌદ બ્રહ્માંડ છે ચૌદ લોક. પછી શું? આમ જાવ આઘા... આઘા... આઘા... નજર કરીને હોં! ચાલીને નહિ. ચાલે ક્યાં? નજર કરતા જ્ઞાનને આમ કેવળ કે ઓહો..! પછી... પછી... પછી... પછી...? અનંતા યોજન, અંનતા યોજન, અનંતા યોજનને અનંત વર્ગ કરો પછી પછી પછી શું? એ અલોકાકાશનો પાર ન મળે દશે દિશામાં. અપાર અનંત... અનંત... અંત જ્યાં નથી એવું નહિ આવે. દશે દિશામાં છે... છે... છે... છે... છે... છે... છે... છે... છે... આકાશ. એવા છે... છેના પાર વિનાને પણ અતીન્દ્રિય જ્ઞાન જાણી લે છે. સમજાણું કાંઈ? એ છે... છે.. અને આવડો છે એ નક્કી કોણે કર્યું? એ તો જ્ઞેય છે. જ્ઞાનમાં એ બધું જણાઈ જાય છે. આહા..હા..! અલોકાકાશ જે ઢાંકેલો છે એટલે બહારથી ગુપ્ત છે એને પણ કેવળજ્ઞાનનો પર્યાય જાણે છે. એવો પર્યાય, એવી અનંતી પર્યાય જેના જ્ઞાનગુણમાં પડી છે અને એ

ગુણને ધરનાર આખું તત્ત્વ છે એનું માહાત્મ્ય કરીને, દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ?

**'ક્ષેત્રે પ્રચ્છન્ન એવા જે અલોકાકાશના પ્રદેશ વગેરે, કાળે પ્રચ્છન્ન એવા જે અસાંપ્રતિક પર્યાયો...'** વર્તમાન સિવાયના. વર્તમાન અવસ્થા છે ને આ જડ-ચૈતન્યની એ તો આમ બાહ્ય, એ સિવાય ભૂત અને ભવિષ્યની અવસ્થાઓ વીતી ગઈ. ગયા કાળમાં અનંતી અવસ્થાઓ વીતી ગઈ દરેક દ્રવ્ય ઉપર અને દરેક પદાર્થ ઉપર ભવિષ્યની અનંતી પર્યાયો હજી થશે. એ વર્તમાનની અપેક્ષાએ તે ગુપ્ત છે. અસંપ્રાપ્ત પર્યાયો પ્રચ્છન્ન છે. **'તથા ભાવે પ્રચ્છન્ન એવા જે સ્થૂલ...'** એ પહેલો આ લ્યો. **'પ્રચ્છન્ન એવા જે અસાંપ્રતિક પર્યાયો...'**ને જાણે. આહા..હા..! અનાદિ પર્યાય થઈ ગઈ એને જાણે, અનંત કાળ પર્યાય થશે એને પણ કેવળજ્ઞાનનો પર્યાય જાણે. સમજાણું કાંઈ?

**'તથા ભાવે પ્રચ્છન્ન એવા જે સ્થૂલ પર્યાયોમાં અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો,...'** એક એક સમયની પર્યાય છે જ્ઞેયની એની અંદરમાં સૂક્ષ્મ અગુરુલઘુ (ગુણની) ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ જે સૂક્ષ્મ છે એને પણ કેવળજ્ઞાન જાણે. શું કીધું વળી એ? આત્માના કે દરેક દ્રવ્યની એક સમયની પર્યાય છે અવસ્થા, એક સમયની પર્યાયમાં પણ અગુરુલઘુની ષટ્‌ગુણ હાનિવૃદ્ધિ ઝીણી છે બહુ ઝીણી.. બહુ ઝીણી. એક સમયમાં અનંતગુણી વૃદ્ધિ, અનંતગુણી હાનિ એવી ષટ્‌ગુણની પર્યાય થાય છે. ભગવાન તો કહે છે કે એક સમયની પર્યાય એમાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિ સૂક્ષ્મ એને પણ કેવળજ્ઞાનનો પર્યાય જાણે છે. આહા..હા..! એવી અનંતી પર્યાયનો પિંડ એ તારા ગુંજામાં, ઘરમાં લઈને પડ્યો છો તું, કહે છે. કહો, સમજાણું આમાં? પણ ભારે આવું ધર્મનું રૂપ! આવો ભારે ધર્મ સમજવો કઠણ પડે અંદરથી. કરવો તો પછી. આ કરીએ, ભક્તિ કરી, જાત્રા કરી આવીએ. બાર મહિને. કાર્તિક સુદ પૂનમે લ્યો તોફાન કરીને. .. ઉપરથી. એક ફેરી અમે ગયા હતા તો એક છોકરી બાર વર્ષની હતી ત્રણ વાર ચડી ને ઉતરી. નીચેથી ચડીને ઉપર, ઉપરથી નીચે. ત્રણ વાર. શું છે પણ કીધું આ? ત્રણ વાર દાદાના દર્શન થાય એટલે બહુ ધર્મ થઈ ગયો. ત્યાં ક્યાં દાદો હતો? દાદો તો અહીં છે. એને જાણવાની જે પર્યાય છે એવી અનંતી પર્યાય તો આત્મામાં પડી છે. જાણવાની છે કે નહિ? કાંઈ કરવું છે? ત્યાં ક્યાં કરવું હતું? આહા..હા..! હવે એ અંતરમાં જવાની જાત્રાની મહિમા એને આવતી નથી. બહાર કૂદાકૂદ કરે ત્યાં તો આહા..હા..! ત્રણ વાર જઈ આવ્યા, એક વાર ઘેટીથી ચડ્યા હતા, બે વાર અહીંથી ચડ્યા હતા. ઘેટી છેને ઓલીકોર? છે ને ઉપર. એ તો વિકલ્પ કરે છે. એવું તો થવાનું હોય જડની પર્યાય થાય. ભારે આકરી વાત છે. એવા શુભભાવ હોય કદાચિત્. અભિમાન અને બીજાને દેખાડવા માટે ન હોય તો. એ શુભભાવથી પુણ્ય છે. એમાં આત્મા ક્યાં? ધર્મ ક્યા આવ્યો? એ પુણ્યનો પણ જાણનાર આત્મા છે. એવી જાણવાની અનંતી પર્યાયો આત્મામાં પડી છે. એ ચૈતન્યને ડુંગરે ચડે ત્યારે એની જાત્રા સાચી

થાય. એ..! ન્યાલભાઈ! ત્યાં કાંઈ સ્વીત્ઝર્લેન્ડમાં કાંઈ ન મળે ત્યાં. ફોટો દેખે અને થોડીવાર ભક્તિ ૐ ૐ કરે, જાવ. ગયા હતા કે નહિ તમે? નથી ગયા ત્યાં? જયંતિભાઈ! નથી ગયા એ? ઠીક. અરે..! ભગવાન! ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પોર કહ્યું હતું એણે. પોર આવ્યા ત્યારે કીધું હતું કે નહિ? અરે..! નામ અહીંનું યાદ આવે ત્યાં તો મને રોવું આવે છે. ત્યારે અહીં રોઈ પડ્યો હતો. કહો, ખબર છે કે નહિ? પૂનમભાઈ ને ઈ બેય હતા. બહાર બેઠા હતા. કહે, યાદ આવે છે, તમારું નામ યાદ આવે છે. અહીં તો બધા નાના નાના હતા ને. હવે બધા કરોડોપતિ થઈને મોટા લાંબા થઈ પડ્યા લાગે છે. થઈ પડ્યા લાગે છે એમ કીધું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાચા લાગે છે.

ઉત્તર :- સાચા એટલે? રૂપિયા હશે પણ એમાં એના ક્યાં છે ઈ? જડના છે. પૂછો ત્યારે જડના પૈસા છે કે ચૈતન્યના?

મુમુક્ષુ :- તત્ત્વની અપેક્ષાએ તો જડના.

ઉત્તર :- પૈસા એ જડરૂપ છે અને જડના છે કે આત્માના છે? આત્માના થાય તો જડ અરૂપી થઈ જાય.

મુમુક્ષુ :- અસદ્ભુત વ્યવહારનયે.

ઉત્તર :- અસદ્ભુત એટલે? જૂઠાબોલાએ જૂઠા 'મારા છે' એમ કહેવામાં આવે છે. મલૂકચંદભાઈ! કોક કહેતો હતો તમારો ઓલો નહિ ઓલો? માણસ ત્યાં આવ્યો હતો ને પૂનમચંદનો રાજેન્દ્ર. કે ન્યાલભાઈનો વૈભવ ત્યાં! બધા કહે, ઓલા પાસે પૈસા પૂનમ પાસે બે કરોડ, અઢી કરોડ. આવા બે કરોડ ઓલાની પાસે. પણ વૈભવ કે ઓહો..હો..! ઓલાનું મોઢું ફાટ થઈ ગયું હતું. હવે ધૂળમાંય નથી. એ કોકે કરી હતી. કોણે કરી હતી નહિ? કોકે કરી હતી. કોકે વાત કરી. આપણે ક્યાં સાંભળવા ગયા હતા? રાજેન્દ્ર ઓલો? કેવું નામ? ઠીક. એ ત્યાં ગયો હતો ભાઈ પાસે, ન્યાલભાઈ પાસે. અને અહીં તમારા પૂનમનો વૈભવ. આહા..હા..! ન્યાલભાઈનો વૈભવ! કરોડો રૂપિયા તો ઠીક પણ એનો વૈભવ! ઢીકણું ને ફીકણું હશે બધું ધૂળનું.

વૈભવ તો અહીં આત્મામાં છે. આ હમણા પુસ્તક વાંચ્યું કે નહિ? આવ્યું છે કે નહિ આત્મવૈભવ? આવ્યું? આત્મવૈભવ લીધું? આત્મવૈભવ નહિ હોય. આપજો એક. આપજો તો ખરા. એમાં ધૂળના વૈભવ આગળ આ વૈભવ કેવો છે ઈ (ખબર પડે). આત્મવૈભવ હમણાં છપાણું છે. આત્મપ્રસિદ્ધિ હશે કે નહિ? પહેલી નહિ હોય. નથી. ક્યાં એને દરકાર છે બધી? પુસ્તકો અહીંના કેટલા ઈ પણ રાખ્યા નથી ઘરે? કહો, સમજાણું કાંઈ? પુસ્તક બધા રાખે છે હોં. કેશવભાઈ તો રાખે છે ઘણા. પુસ્તક રાખે છે.

અહીં કહે છે, કાળ, ભાવથી. ઓહો..હો..! શું પણ સૂક્ષ્મ વસ્તુ આત્મા! એક પરમાણુ છે ને આ પરમાણુ આનો? એક રજકણ છૂટો એમાં અનંત ગુણ છે. એમાં એક સમયની રંગની પર્યાય, એક પર્યાયમાં અનંતી સૂક્ષ્મતા પડી છે. શું કીધું એ? એક પરમાણુ છે આ ટૂકડો પોઈન્ટ, એક પરમાણુમાં અનંતા ગુણ-શક્તિ(રૂપ) સ્વભાવ. એની એક સમયની એક ગુણની એક પર્યાય. એક પર્યાયમાં અનંતી ષટ્ગુણી હાનિવૃદ્ધિની સૂક્ષ્મતા અવિભાગ પ્રતિચ્છેદ પડ્યા છે. ભારે આકરું! શું કીધું સમજાણું આ? કહેવાય છે ઈ પકડાય છે કે નહિ? એવા એવા અનંતા ગુણમાં એક એક પર્યાય, એક એક પર્યાયમાં અનંતી સૂક્ષ્મ હાનિવૃદ્ધિ દરેક દ્રવ્યના દરેક ગુણની દરેક પર્યાયમાં થઈ રહી છે. એને ભગવાન જાણે છે એમ કહેવું છે. આહા..હા..!

એવો કેવળજ્ઞાનનો પર્યાય, એવો અનંતો પર્યાય ભગવાન આત્મામાં છે અંદર ઘરમાં. આહા..હા..! એ અતીન્દ્રિયની વાત કરીને અંદર દ્રવ્યનો સ્વભાવનો આશ્રય લે એમ કહેવું છે મૂળ. સમજાણું કાંઈ? બાપુ! તારે ખજાને ખોટ નથી. ખજાનો ભર્યો છે મોટો પણ હવે એ ખજાનાની ખબર ન મળે, ખજાનાની મોટપ ન મળે. મોટપ આ ધૂળની બહારની. અને કાં તો પુણ્ય કાંઈક કર્યા હોય દયા, દાન ને વ્રત. આહા..હા..! અમે તો ધર્મ કર્યો. સમજાણું કાંઈ? ધૂળમાંય ધર્મ નથી, સાંભળને. એ તો પુણ્ય છે, વિકલ્પ છે. સમજાણું કાંઈ? પોરો કરે પોરો. હમણા અઠ્ઠાઈ કરી હતી, હમણા અપવાસ સોળ કર્યા હતા, હમણા શાંતિસૂત્ર બેસાડ્યા હતા અને પચાસ હજાર, એકાવન હજાર ખર્ચ્યા હમણા આઠ દિ'માં. શું છે પણ હવે? પૈસા ક્યાં તારા બાપના હતા તો તેં ખર્ચ્યા? એ તો જડના છે. બાપના ન કહે. મલુકચંદભાઈના ન કહે. સુમનભાઈ પાસે હોય તો રામજીભાઈ પાસે હોય એમ કહે. એના બાપના નહિ, પણ એના નહિ એમ કહે છે. પૈસા એના ક્યાં હતા? એ તો જડના છે. એ જડના મેં વાપર્યા એવું સ્વામીપણું એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જૂઠો ભાવ છે. જડનો સ્વામી તું છો? જડ સ્વતંત્ર જગતના પદાર્થ છે. એની ટીકા આવી છે કાગળ. મહારાજ કહે છે, બધા સ્વતંત્ર દ્રવ્ય છે, સ્વતંત્ર દ્રવ્ય છે. એટલે પછી એને મુનિપણું હોય તો એને વસ્ત્ર(ત્યાગ) વિના પણ મુનિપણું હોય. કારણ કે દ્રવ્ય સ્વતંત્ર છે. એમ કરીને ટીકા કરી છે જૈન ગેજટમાં. ભગવાન ભારે પણ તારી વાત. દ્રવ્ય સ્વતંત્ર છે. ચારિત્ર પણ વસ્ત્ર-પાત્ર હોય તો હોઈ શકે એમાં દ્રવ્ય સ્વતંત્ર છે. અરે.. ભગવાન! તું શું કહે છે આ? કારણ કે એ દ્રવ્ય ક્યાં નડે છે કોઈ? એમ કહે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! તને ખબર નથી.

આત્માની દૃષ્ટિ અને જ્ઞાનની દશા થઈ અને જ્યાં અંતરમાં ચારિત્રદશા થાય એને વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ હોય નહિ, વિકલ્પ હોય ત્યાં સુધી સાધુપણું નથી. એને વસ્ત્રપાત્રની વૃત્તિ ન હોય. એથી વૃત્તિ એણે છોડવી જોઈએ. વસ્તુ તો છૂટેલી પડેલી છે. ચારિત્ર હોય

અંતરમાં હોય અને બહારમાં વસ્ત્ર પાત્ર પડ્યા હોય એને લેવાની વૃત્તિ (આવે તો) ત્રણ કાળમાં સાધુપણું એ નથી. સમજાણું કાંઈ? એ વસ્ત્ર-પાત્ર છે માટે સાધુપણું નથી એમ નહિ. પણ એ વસ્ત્રપાત્ર રાખવાની વૃત્તિ જે ઊભી છે ત્યાં સુધી સાધુપણું ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! વાતને સમજે નહિ અને જ્યાં ત્યાં ઘોંચા ઊંધા નાખે.

અહીં કહે છે કે ભાઈ! એ બધાને સૂક્ષ્મ અંતર્લીન પડી છે પર્યાય એને પણ ભગવાનનું જ્ઞાન જાણે છે. '**તે બધાંયનું—કે જે સ્વ અને પર એ ભેદોથી વિભક્ત છે તેમનું—ખરેખર તે અતીન્દ્રિય જ્ઞાનને દૃષ્ટાપણું છે...**' લ્યો! એ અતીન્દ્રિય જ્ઞાને બધું દેખાય છે. '**(અર્થાત્ તે બધાંયને તે અતીન્દ્રિય જ્ઞાન દેખે છે)...**' લ્યો! '**કારણ કે તે (અતીન્દ્રિય જ્ઞાન) પ્રત્યક્ષ છે.**' લ્યો! સમજાણું કાંઈ? એવી અતીન્દ્રિય જ્ઞાનની સમયની અનંતી પર્યાય આત્માના જ્ઞાનમાં અને એવો સાથે અનંતો આનંદ એ આત્માના અંતર વર્તમાન આનંદમાં પડ્યો છે. માટે એવા દ્રવ્યની અંતર દૃષ્ટિ કર, અનુભવ કર તો તને આનંદ અને ધર્મ થશે એ માટે આ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૪, શુક્રવાર, તા. ૨૫.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૪-૫૫, પ્રવચન-૪૬**

... એ અતીન્દ્રિય આનંદનો કંદ ભગવાન અંદરમાં સલવાઈ ગયો છે. શરીર મારા, આ મારા માનીને. ભાઈ! તારું છે તે તારામાં પૂર્ણ છે. તારું તે તારાથી દૂર હોઈ શકે નહિ. એ અહીં અતીન્દ્રિય જ્ઞાનની વાત કરી છે. .. ઓહો..! મારામાં અતીન્દ્રિય જ્ઞાન એટલું પડ્યું છે કે એક સમયમાં અતીન્દ્રિય જ્ઞાન આનંદના કારણ સહિત પ્રગટ થાય. આ પ્રગટ થયા એ પરમાત્મા એ રીતે સુખી થયા છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**જેને અનંત શુદ્ધિનો સદ્ભાવ પ્રગટ થયો છે એવા,...**' એના પ્રત્યે જે નિયત છે. ક્યું? આ પ્રગટેલું જ્ઞાન. આત્માના... છે ને અક્ષર? એના અર્થમાં છે જુઓ! એના અર્થમાં છે. '**(અર્થાત્ જે જ્ઞાન આત્માને જ વળગેલું છે—આત્મા દ્વારા સીધું પ્રવર્તે છે),...**' એમ. એ આત્માનું અતીન્દ્રિય એક સમયનું જ્ઞાન એ આત્માને વળગેલું છે. આત્મા સાથે સંબંધ ધરાવે છે, બીજા સાથે સંબંધ ધરાવતું નથી. સમજાય છે? '**જેને અનંત**

**શુદ્ધિનો સદ્ભાવ પ્રગટ થયો છે...'** જુઓ! આ વાત સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી વાત ક્યાંય પર્યાયની વાત ત્રણ કાળમાં ક્યાંય હોય નહિ. બધા ગપે ગપ મારે છે બધાય. આત્માને આમ કરો, આત્માને આમ કરો, ધ્યાન કરો, ઓળખો ને આ કરો. બધી ઊંધી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

આત્માના અતીન્દ્રિય આનંદ પ્રગટ કરવા માટે એનું સાધન જે અતીન્દ્રિય જ્ઞાન એનું સાધન તે આત્મા. એવો આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શક્તિનું ધ્રુવ સત્ત્વ છે એની સાથે કેવળજ્ઞાન પર્યાય સંબંધ ધરાવે છે. કેવળજ્ઞાન એ આત્મા આશ્રિત છે અને એની સાથે વળગેલું છે. ત્રિકાળ આત્મા જ્ઞાનાનંદ એની સાથે કેવળજ્ઞાનની પર્યાય વળગેલી છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! દુનિયા ક્યાં હેરાન-હેરાન થઈ જાય છે. એમાં શરીર કાંઈક .. થાય, ૨૦ વર્ષનું અને ૨૫ વર્ષનું શરીર... ઈન્દ્રિયો ફૂટે એ તો જડના અંકુરો ફૂટ્યા. ઝાડના જેમ ફૂટે ને. જેમ ઝાડના ફૂટે અંકુરા એમ આ જડના ફૂટે ઈન્દ્રિયો. પ્રભુ તો અંદર ભિન્ન છે ચૈતન્ય. એનું ફૂટવું કાંઈ બહારના ફૂટવાથી છે નહિ. એનું ફૂટવું એના અંકુરમાં એની પુષ્ટિ તો અંદર આનંદકંદ અનાદિ-અનંત. જે જ્ઞાનસ્વરૂપ સંબંધ છે એની સાથે સંબંધ પર્યાય કરે, એને જ્ઞાન વળગે તો શાંતિ થાય. તો સમકિત થાય, જ્ઞાન થાય, ચારિત્ર થાય, શાંતિ થાય, અતીન્દ્રિય જ્ઞાન આનંદ થાય. સમજાણું કાંઈ? બીજો કોઈ ઉપાય ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ?

**'જેને અનંત શુદ્ધિનો સદ્ભાવ...'** હયાતી **'પ્રગટ થયો છે...'** એમ. અહો..! આત્માની જ્ઞાનદશા એક સમયની આત્માને અવલંબે પ્રગટ થઈ, જેની અનંતી શુદ્ધિ છે અને એવું જે જ્ઞાન, સામાન્ય જે આત્મા અનાદિ-અનંત. ચૈતન્ય છે એવો જે આત્મા એને વળગેલું, એને આશ્રયે પ્રગટેલું છે અને એના સંબંધમાં રહેલું અતીન્દ્રિય જ્ઞાન છે. કોઈ શરીર ને ઈન્દ્રિય ને મન અને વિકલ્પના સંબંધમાં નહિ. સમજાણું કાંઈ? **'અક્ષ નામના આત્મા પ્રતિ...'** અક્ષ છે આત્માનું નામ અક્ષ પણ છે, ઈન્દ્રિયજ્ઞાન અક્ષ એટલે ઈન્દ્રિય દ્વારા જાણે છે. અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન અક્ષ એટલે આત્મા દ્વારા જાણે છે એમ. અક્ષ તો બેયને કહેવાય. ઈન્દ્રિય અને આત્માને. અહીં આત્માને અક્ષ કહેવો છે.

**'અક્ષ નામના આત્મા પ્રતિ જે નિયત છે (અર્થાત્ જે જ્ઞાન આત્માને જ વળગેલું છે—આત્મા દ્વારા સીધું જ પ્રવર્તે છે),...'** પ્રત્યક્ષ છે ને. સમજાણું? લોકાલોક છે માટે આ કેવળજ્ઞાન થાય છે એમ નથી એમ કહે છે. એ તો આત્માને વળગેલું છે, આત્માથી સીધું પ્રગટ થયેલું છે. ઓ..હો..! એવું જે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જેની પર્યાયમાં સમાઈ જાય છે, સ્વ અને પર બેય. અરે..! એના માહાત્મ્યની દૃષ્ટિ ક્યાં (છે) એને? બહારના પદાર્થના માહાત્મ્ય આગળ અંતરનું માહાત્મ્ય એને આવતું નથી. સમજાણું?

મુમુક્ષુ :- જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે એમ...

ઉત્તર :- હા, તે આવ્યું છે તે શું છે? જેટલું જ્ઞેય છે તેટલું અહીં જ્ઞાન પોતે જ્ઞેયનું

જ્ઞાન કરે છે આત્મા. એમ છે. જેટલું જ્ઞેય છે તેનું જ્ઞાન કરે છે. એટલે જ્ઞાન જ્ઞેય પ્રમાણે એમ કહ્યું. પણ એથી શું જ્ઞેયમાં ગરી ગયું છે પરમાં? જ્ઞેયને આધારે જ્ઞાન છે? કહો. પરજ્ઞેય છે માટે જ્ઞાન છે? એ જ્ઞાનની પર્યાય આત્માની સાથે સંબંધ ધરાવે છે એમ કહે છે. આત્માને વળગેલું છે. આહા..હા..! સમજાણું? એ આત્મા જ આવડો છે કે જે અતીન્દ્રિય જ્ઞાનની પર્યાય પ્રગટ કરે અને આનંદનું સાધન એ છે અને એ એમ ને એમ જ્ઞાન અને આનંદ અનંત કાળ રહ્યા કરે એનું સાધન એ આત્મા છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! જેને આત્મા સિવાય પરપદાર્થમાં કાંઈપણ વિશેષતા, અધિકતા, સુંદરતા, વિચિત્રતા, મનોજ્ઞતા લાગે એ જીવને આત્મા પ્રિય લાગતો નથી. સમજાણું કાંઈ?

આત્મા ભગવાન એના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ એના મહિમા સિવાય જેને બહારની ચીજોમાં લલચાય.. લલચાય.. લલચાઈ જાય કે આહા..હા..! આ સુંદર શરીર, આ સુંદર ઇન્દ્રિયો ને સુંદર મકાન ને સુંદર આબરૂ ને સુંદર ચેષ્ટા શરીરની. કહે છે કે ભગવાન! એ બધું તારા આત્માને ખૂન કરવાની દૃષ્ટિ છે. હું એવો આત્મા, હું સુખીને આદર કરું એવો નથી એમ માન્યું. હું તો આને (બાહ્ય ચીજને) આદર કરું એવો આત્મા છું. સમજાણું કાંઈ? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો.' શ્રીમદ્દે તો ૧૯ વર્ષે કહ્યું. ભગવાન! એ વિકલ્પ જે રાગાદિ, શુભાદિ ઊઠે એમાં મને મીઠાશ છે, એ મને ઠીક છે એવી દૃષ્ટિ ક્ષણે ક્ષણે ચૈતન્યના આનંદના જ્ઞાનપ્રાણને લૂંટે છે, મરણ થાય છે. સમજાય છે કાંઈ? એવું ભગવાન અતીન્દ્રિય જ્ઞાન, એવો જે આત્મા એની પ્રેમ અને દૃષ્ટિ, રુચિ છોડીને જગતના પદાર્થની જેને અંતરમાં વ્હાલપ અને મોટપ અને મહિમા અને માન આવે છે, એ આત્માના સ્વભાવની અસ્તિ આવડી અતીન્દ્રિય જ્ઞાન છે એ માનતો નથી. સમજાણું કાંઈ? એ અહીં જણાવે છે આવું જ્ઞાન.

ઓહો..! એવું અતીન્દ્રિય જ્ઞાન જે આનંદનું સાધન એવી એવી અનંતી પર્યાય જ્ઞાન અને આનંદની, ભગવાન! તારા પેટમાં, ગર્ભમાં પડી છે. ઓહો..હો..! એ એમાંથી પ્રસવે છે. ગર્ભમાં હોય એ પ્રસવેને? તારા પેટમાં આત્મારૂપી ચૈતન્ય પેટ મોટું જ્ઞાનાનંદ, એ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એમાં બધું અનંત અનંત ગુણો પડ્યા છે. ઓહોહો..! એવો આત્મા, એની રુચિ ને પ્રેમ છોડી અનાદિથી ઇન્દ્રિયજ્ઞાન અને ઇન્દ્રિયસુખમાં પ્રેમ કર્યા એ રખડવાના રસ્તા આદર્યા. દુઃખી થવાના રસ્તા ગ્રહ્યા. સમજાણું કાંઈ?

'**જે (ઇન્દ્રિયાદિ) અન્ય સામગ્રી શોધતું નથી...**' કેવું છે ભગવાન આત્માનું જ્ઞાન અને એ આત્મા? કે પોતાની જ્ઞાન અને આનંદની દશા માટે અન્ય ઇન્દ્રિયો આદિના સાધનને, નિમિત્તને શોધતું નથી. સમજાય છે કાંઈ? જુઓ! આત્મા માનવો, આત્મા માનવો એ તો દુનિયા બધી ઘણી કહે છે. પણ આવો આત્મા માનવો એણે આત્મા માન્યો કહેવાય. મૂળ તો બધા આત્મા આત્મા કરે લ્યો! ધ્યાન કરો આત્માનું, બસ ધ્યાન કરો. આંખ મીંચીને

આમ કરો. શું કરે પણ? આત્મા કોણ છે એની ખબર વિના ધ્યાન શેનું કરે? સમજાણું કાંઈ? આંખ મીંચી જાઓ, શૂન્ય થઈ જાઓ, લ્યો! શૂન્ય જ છે. ભાન વિનાનો આત્મા ચૈતન્ય રાગમાં પડ્યો છે એ શૂન્ય જ છે.

અહો..! એની સંપદા! અહો! એનું જ્ઞાન! અહો! એનો આનંદ! અહો! એની ઋદ્ધિ! અહો! એના સ્વભાવની અનંતતાનું બેહદનું માહાત્મ્ય! એવા આત્માની જેને અંતર રુચિ અને દૃષ્ટિ નથી એને અતીન્દ્રિય જ્ઞાનનું માહાત્મ્ય આવતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, અહીં તો ઇન્દ્રિયથી ઉત્પન્ન થયેલું શાસ્ત્રજ્ઞાન એની પણ જેને અધિકાઈ લાગે, વિશેષતા લાગે (કે) વૃદ્ધિ થઈ ગયો છું, વૃદ્ધિમાં અધિક થયો એવું લાગે, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ઓહો..હો..!

ભગવાનના સ્વભાવમાં ભરેલું તત્ત્વ, એનો ઉકેલ કરતા તો, એકાગ્ર થતાં તો પોતાને આશ્રયે જ અનંત જ્ઞાન અને આનંદ પ્રગટ થાય છે. એને કોઈ ઇન્દ્રિય આદિ કે ઇન્દ્રિયથી થતાં મનના જ્ઞાનનો પણ એને આધાર નથી એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ આમાં? એવો વીતરાગ માર્ગ છે, એવો માર્ગ જ છે. વીતરાગ એવો માર્ગ છે એટલે માર્ગ જ આવો છે. પણ એ માર્ગની જેને ખબરેય નથી. ..ની ઉપર આવ્યો નથી એ શેની આત્માની ખબર કઈ રીતે લે? ઓહો..! મારી પૂંજી, મૂડી તો હું પોતે આત્મા છું. એ તો અનંત અનંત જ્ઞાન અને આનંદ અતીન્દ્રિયથી ભરેલો છે. મારા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદના પ્રગટ થવા માટે, અરે..! સમ્યગ્દર્શન પ્રગટ થવા માટે ઇન્દ્રિય આદિના સાધનની જરૂર નથી એમ કહે છે. જેમ અતીન્દ્રિય કેવળજ્ઞાન ઇન્દ્રિયોને શોધતું નથી, એમ સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માને અવલંબતો વિકલ્પને પણ પકડતો અને શોધતો નથી. કહો, સમજાણું આમાં?

'**અને જે અનંત શક્તિના સદ્ભાવને લીધે...**' ભગવાન આત્મા પોતામાં જે બેહદ આનંદ અને જ્ઞાન પડ્યું છે, એને અવલંબે જે પ્રગટ કરી દશા, કહે છે અનંત શક્તિનો સદ્ભાવ છે એને પર્યાયમાં. સમજાણું કાંઈ? જેની પર્યાયમાં અનંત શક્તિ પ્રગટી છે. સ્વભાવ છે ને એનો. બેહદ જ્ઞાન જેને પ્રગટ્યું. કેટલું? અનંતાને પામ્યું છે, બેહદપણાને પામ્યું છે. એને હદ શી? ઓહો..! બેહદ એવો ભગવાન આત્મા જ્ઞાન અને આનંદનો સાગર એને વળગેલું, એને આશ્રયે થયેલું જે જ્ઞાન પૂર્ણ એની શું વાત કરવી? બેહદ છે, હદ જ નથી, એની કોઈ મર્યાદા નથી. સમજાણું કાંઈ?

'(-બેહદપણાને) **પામ્યું છે એવા તે પ્રત્યક્ષ જ્ઞાનને—**' એવો જે ભગવાન આત્મા તેના જ્ઞાનની પરિપૂર્ણ પર્યાયને '**જેમ દાહ્યાકારો દહનને અતિક્રમતા નથી...**' બળવાયોગ્ય લાકડા આદિ અગ્નિને છોડતા નથી. અગ્નિ બધાને બાળીને ભસ્મ કરીને અગ્નિનો આકાર થઈ જાય છે. '**તેમ જ્ઞેયાકારો જ્ઞાનને નહિ અતિક્રમતા હોવાથી...**' જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી. જેટલા જ્ઞેયો છે એ આત્માની જ્ઞાનની શક્તિને ઓળંગતા નથી, જ્ઞાનની હદ

બહાર જઈ શકતા નથી. એ જ્ઞાનની હદબહાર જઈ શકતા નથી. શું કહે છે? જ્ઞેયો ત્રણ કાળના દ્રવ્ય-ગુણ-પર્યાય છે એનું અહીંયાં જ્ઞાન થઈ જાય છે. એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકારો હદને ઓળંગતા નથી. એ જ પ્રકારે ત્યાં પરિણમન એનું થાય છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની મર્યાદા બહાર જઈ શકતા નથી. જ્ઞાનમાં જણાઈ જાય છે, એ સહેલો અર્થ કરી નાખ્યો. સમજાણું કાંઈ?

**'યથોક્ત પ્રભાવને અનુભવતું...'** જુઓ! આવી જ્ઞાનની .. એને જ્ઞાન અનુભવતું. તેનો પ્રભાવ જ્ઞાનની પર્યાયનો અનંત છે. એક સમયની દશા હોં! એવી અતીન્દ્રિય સર્વજ્ઞદશા પરમાત્મદશા પ્રગટ થઈ તે એક સમયના જ્ઞાનનો પ્રભાવ એને અનુભવતું અથવા **'(-ઉપર્યુક્ત પદાર્થોને જાણતું) કોણ રોકી શકે?'** જ્ઞાન પોતાની પર્યાયથી જ્યાં પૂર્ણતાથી પ્રગટ્યું, એને જાણવામાં ન આવે કાંઈ એમ કેમ હોઈ શકે? બધું જાણે. એના જાણનારને કોણ રોકી શકે? સમજાણું કાંઈ? આવો આત્મા એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાન, આનંદને પામે એવા આત્માને આત્મા પૂરો થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

.. બીજું કાંઈ પ્રગટ કરવા લાયક (નથી). આહા..હા..! આમાં વેપાર-ધંધો કે દિ' કરવો? નોકરી કે દિ' કરવી? .. પાસે જાવું, કરવું... આ ગ્રહણ કરવું, અહીં તો એમ કહે છે. ભાઈ! એ ક્યાં કરી શકે છે પરને? અંદરમાં સંકલ્પ-વિકલ્પ થાય છે એને છોડીને, રુચિ એને આત્મા અખંડાનંદ પ્રભુ છે (એની કરવી). સમજાણું કાંઈ? વસ્તુ સ્વભાવ એવા અતીન્દ્રિય અનંત પર્યાયથી ભરેલો ભગવાન એના ઉપર જેની દૃષ્ટિ છે અને એમાં એકાગ્ર થવાની ભાવના છે એનાથી અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થાય છે, માટે તે સ્વભાવ સન્મુખ વળેલું જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર થાય છે. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન દ્રવ્ય તરફ સદાય વળેલું જ હોય છે એમ કહે છે. પર્યાય હો, રાગાદિ હો, નિમિત્ત હો, પણ તે તરફ વળેલું નથી. તેને જાણતું જ્ઞાન વળેલું છે સ્વભાવસન્મુખ. સમજાણું કાંઈ? બહુ વાત મોટી અને બહુ વાત થોડી. આહા..હા..!

કહે છે કે જેની જ્ઞાનની એક સમયની પર્યાય બેહદપણે પરિણમી છે. બેહદપણે પરિણમી છે. એના જ્ઞાનગુણની બેહદતાનું શું કહેવું? જેની આનંદની પર્યાય બેહદપણાને પામી છે એના આનંદગુણના બેહદપણાનું શું કહેવું? જેની વીર્યદશા બેહદપણાને પર્યાયમાં જ્ઞાન સાથે પામી છે તેના વીર્યગુણની બેહદતાનું શું કહેવું? જેની પ્રભુતા એક સમયમાં પૂરી પ્રગટ થઈ ગઈ છે, બેહદ દશા થઈ છે એવી પ્રભુતાના અંતર ગુણની શક્તિ પ્રભુતાની એને શું કહેવું? સમજાય છે કાંઈ? જેની પર્યાયમાં સ્વચ્છતા પ્રગટી છે અનંત અનંત બેહદવાળી, એવી અનંત સ્વચ્છતાનો જે સ્વચ્છતા નામનો ગુણ છે એની બેહદતાનું શું કહેવું? આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? પણ બહારમાં રળવા માટે, ફરવા માટે, ખાવા માટે ક્યાંકથી સુખ મળે, ક્યાંકથી આ મળે. જુઓને, ક્યાં ને ક્યાંય અમેરિકા આથડી આવ્યા ને? આ અમેરિકા બહુ જાય છે. જ્યાં ત્યાં સાંભળીએ છીએ. આ ફલાણો અમેરિકા જાય છે, ફલાણો અમેરિકા ગયો. લ્યો

ઠીક!

મુમુક્ષુ :— ત્યાં પગાર વધારે મળે.

ઉત્તર :— હા, એ તો કહેતા હતા. બે હજાર અને ત્રણ હજારનો પગાર મળે. અહીં ગણતરી એક જણો કહેતો હતો.

મુમુક્ષુ :- ૧૩-૧૩, ૧૪-૧૪ હજારનો પગાર.

ઉત્તર :- હા મળે એવું. ત્યાં પણ મળે છે મુંબઈમાં નથી ભાઈ આ દલીચંદના દીકરા? નાના. આપણે અહીં છે ને. ૧૦-૧૨ હજારનો પગાર છે લ્યો! ૧૨ હજારનો કહેતો હતો એક ફેરી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં થઈને આવ્યો પણ હવે અહીં છે ને. હમણા ત્યાં હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ હોય ભલે પણ એ કેટલો કહે છે. એક જણો કહેતો હતો હમણા કોક. ત્યાં ૩-૩ હજારનો પગાર. અહીં જો ૭૦૦-૮૦૦નો મળે તો અહીં રહી જઈએ. એક જણો કહેતો હતો. કોક કહેતો હતો. કોક કહેતો હતો. અહીં ઘણા માણસ આવે ને. ત્યાં ૩-૩ હજારનો પગાર મળે, ૪ હજારનો મળે, ૫ હજારનો. પણ આ દેશમાં જો અમને હજાર, પંદરસો, બારસોનો મળે તો અમે રહી જઈએ. પણ નોકરી ઘણી તપાસી પણ ક્યાંય મળતી નથી. અંતે ત્યાં જાવું પડશે. આહા..હા..! ઘણાં વાતું કરનારા અહીં આવે ને. ભાઈ, હવે શું છે આ? અહીં આર્યદેશમાં જે સત્‌નું સાધન છે શ્રવણ એવું ત્યાં ક્યાંય છે નહિ. પગાર મોટા દસ હજારના હોય કે પંદર હજારના હોય કે વીસ હજારના હોય, એમાં શું છે પણ હવે? ધૂળના ઢગલા સ્મશાનના લાડવા છે. આહા..હા..!

મોટો પરમાત્મા પોતે. આહા..હા..! શું કહે છે, જુઓને! કહે છે કે જેની જ્ઞાનની પર્યાય બેહદતાને પામી છે. તો એ પ્રમાણે આનંદની પર્યાય બેહદતાને પામી છે. બેહદ-અપરિમિત દશાને પામી છે. ઓહો..! એવી જેની પર્યાયની પ્રાપ્તિ, એનો જે લાભ જેમાંથી થાય એના દ્રવ્ય ને ગુણની બેહદતાને શું કહેવું? ત્યાંથી આવે છે. ઓલા અમેરિકામાં નોકરીએથી આવે છે એમ કહે ને, અહીં દ્રવ્યમાંથી આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! એવા દ્રવ્યનું એણે માહાત્મ્ય ન કર્યું કોઈ દિ'. પરનું માહાત્મ્ય તો ઠીક, પણ એક સમયની પર્યાયનું માહાત્મ્ય કરવા જાય તો દ્રવ્યનું માહાત્મ્ય ઊડી જાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેવળજ્ઞાનનો પર્યાય આવડો! એનું જ્યાં બહુ માહાત્મ્ય કરવા જાય તો દ્રવ્યમાં એવી અનંતી પર્યાય પડી એનું માહાત્મ્ય ઊડી જાય છે. એ તો પ્રગટ કરવા માટે ઉપાદેય કહ્યું છે. સમજાણું કાંઈ? આશ્રય લેવા અને માહાત્મ્ય માટે નથી. માહાત્મ્ય તો ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ પ્રભુ છે એનો આશ્રય અને માહાત્મ્ય કરવા જેવું છે. આહા..હા..!

‘**(અતીન્દ્રિય જ્ઞાન)** ઉપાદેય છે.’ એટલે પ્રગટ કરવાને લાયક છે. પ્રગટ તે કરવાલાયક છે બાકી કોઈ (પ્રગટ કરવા લાયક નથી). પ્રગટ થાય ક્યાંથી? કે દ્રવ્ય સ્વભાવમાંથી. ભારે વાતું ભાઈ! આ માર્ગ એવો લાગે છે લોકોને.. બીજા ઓલા ત્યાગીને એવું લાગે છે કે આ તો એક નિશ્ચયની વાતું કરે છે. પણ એની સાથે આ બધું થાય અને એનાથી લાભ થાય એ વાત કરતા નથી. પણ એનાથી થાતું નથી, સાંભળને. સંથારા કરવા, અપવાસ કરવા... સમજાય છે ને? વિધિપૂર્વક હંમેશા ક્રિયાઓ કરવી, સામાયિક વિધિપૂર્વકની (કરવી), પોષા, સામાયિક વિધિપૂર્વક કરવી. પણ સામાયિક, પોષા આવ્યા ક્યાંથી તારે ઘરે? હજી આત્મા કોણ છે એનું ભાન ન મળે ને આ સામાયિક, પોષા આવ્યા ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..! દાણો પાણીમાં નાખે તો તો દાણો પોઢો થાય. પથરા પાણીમાં નાખે તો? આ શું કહે છે આ નથી? પાણીમાં આમ નાખે છે ને. શાક-બાક કરવું હોય તો નાખેને પાણીમાં પલાળે. દાણો પોઢો થાય. પથરો? પોચો અહીં તો પોચા ઉપરથી વિચાર આવ્યો. એમ કે આત્મા પોષણ પામે. ક્યાં પણ પોષણ પામે? પથરાપણે? વિકલ્પ કરે એમાં?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ થઈને એમાં રમે ત્યારે પોષો અને પોઢો થાય. સમજાણું કાંઈ? આ પોષા કરીને બેઠા છે લ્યો. હમણા આઠ પહોરના પોષા છે અને બાર પહોરના પોષા છે. શેના પોષા પણ? પથરાના? પથરાને પાણી નાખે અડશે નહિ પાણી એને. પોઢો તો ક્યાંથી થાશે? એમ વિકલ્પની ક્રિયા અને બાહ્યના ત્યાગ ઉપરની દૃષ્ટિ એ તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. ત્યાં પોઢો આત્મા થાશે ક્યાંથી? એય..! ભગવાનજીભાઈ! પોષા-બોષા કેટલા કર્યા છે ને. ઘણાં કર્યા છે. એ આમ કહે છે. પોષણ એટલે પોષો એટલે પ્રૌષધ-પોષણ-પોષણ. પણ પોષણ કોનું? વસ્તુના સ્વભાવની પર્યાયનું? વસ્તુની તો ખબર નથી. જેમાંથી આનંદ આવે, જેમાંથી જ્ઞાન આવે એ ચીજ કોણ છે એની તો ખબર નથી. તો ખબર વિના એકાગ્રતાનું પોષણ આવશે ક્યાંથી? એની એકાગ્રતા વિકલ્પમાં છે. વૃત્તિમાં રાગમાં એકાગ્ર છે એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વાત સાચી. એ તો વાત સાચી, એની નજર ત્યાં છે. એટલે કાંઈક બાયડી, છોકરા છોડ્યા, અહીં બેઠા છીએ, દેરાસર બેઠા છીએ, અપાસરે બેઠા એવું લાગે. પણ લાગે, તું ક્યાં બેઠો છો એવું લાગે છે એને? એ તો શરીર બેઠું ત્યાં. પણ તું ક્યાં દૃષ્ટિમાં બેઠો છો? તારી દૃષ્ટિમાં શું બેઠું છે? એને વિકલ્પ અને વૃત્તિ જે ઊઠી ત્યાં એની દૃષ્ટિ બેઠી છે, એ તો મિથ્યાત્વમાં બેઠો છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... આ જુઓને કેટલી વાત કરે છે! અતીન્દ્રિય જ્ઞાન બેહદપણું તેને પ્રગટ કર, એને ઉપાદેય જાણ. પ્રગટ કરવાની અપેક્ષાએ હોં! ઉપાદેય તો દ્રવ્યસ્વભાવ છે. કારણ કે એવું જ્યાં કેવળજ્ઞાન પ્રગટ કરવાને માટે ઉપાદેય જાણે, અંગીકાર (કરવા માટે જાણે)

ત્યારે એને દ્રવ્યસ્વભાવ અંગીકાર થયા વિના કેવળજ્ઞાનની પર્યાય ઉપાદેયપણે પ્રગટ થાય જ નહિ. સમજાણું કાંઈ?

**'હવે ઇન્દ્રિયસુખના સાધનભૂત (-કારણરૂપ) ઇન્દ્રિયજ્ઞાન હેય છે—'** ઓલામાં અતીન્દ્રિય જ્ઞાનના સુખના સાધનભૂત અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે એમ કહ્યું. ત્યાં અતીન્દ્રિય સુખના સાધનભૂત અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે એમ કહ્યું હતું. અહીં **'ઇન્દ્રિયસુખના સાધનભૂત ઇન્દ્રિયજ્ઞાન હેય છે...'** તેમ કહે છે. લ્યો ઠીક. ૫૫.

**जीवो सयं अमुत्तो मुत्तिगदो तेण मुत्तिणा मुत्तं।**
**ओगेण्हित्ता जोग्गं जाणदि वा तं ण जाणादि।।५५।।**

**પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી**
**કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫.**

આહા..હા..! અરે..! મૂર્ત શરીરને પ્રાપ્ત થયું ત્યારે લક્ષ અને દૃષ્ટિ ત્યાં પહોંચી છે જુઓ. ઇન્દ્રિયજ્ઞાનવાળાને આ શરીર ઉપર લક્ષ છે. કારણ કે ઇન્દ્રિયો શરીરના અવયવો છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનાનંદ શરીર ઉપર એની દૃષ્ટિ નથી.

કહે છે, **'અન્વયાર્થ :- સ્વયં અમૂર્ત એવો જીવ...'** પોતે ભગવાન તો અરૂપી છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો પ્રભુ આત્મા અમૂર્ત વસ્તુ છે. એવો **'મૂર્ત શરીરને પ્રાપ્ત થયો થકો...'** આ મૂર્ત જડ છે તેમાં એનું લક્ષ જાય છે ઇન્દ્રિયો ઉપર, ઇન્દ્રિયજ્ઞાનમાં, એમ કહે છે. ભગવાન અરૂપી, આ રૂપી. એ રૂપીને પ્રાપ્ત થયેલો **'મૂર્ત શરીર વડે યોગ્ય મૂર્ત પદાર્થને અવગ્રહીને...'** મૂર્ત પદાર્થનું અવગ્રહ કરીને **'તેને જાણે છે.'** છે ને નીચે? **'મતિજ્ઞાનથી કોઈ પદાર્થને જાણવાની શરૂઆત થતાં પ્રથમ જ અવગ્રહ થાય છે...'** અવગ્રહ એટલે શું છે એમ પકડે. **'કારણ કે મતિજ્ઞાન અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા—એ ક્રમથી જાણે છે.'** થોડું પકડે પહેલું અવગ્રહ, પછી વિચારણા હોય એ માટે. પછી અવાય-નિર્ણય હોય પછી ધારે. એ ક્રમસર થાય. તો શરીરને પ્રાપ્ત થયેલું અવગ્રહથી થતું જ્ઞાન ક્રમથી તેને જાણે અથવા નથી જાણતું. એ ઉઘાડ એવો ન હોય તો જાણે પણ નહિ. જેટલું જાણ્યું એનાથી આગળ ન વધી શકે. કારણ કે પરાશ્રિત વસ્તુ ઇન્દ્રિય આધીન ઉઘાડ આધીન છે. સમજાણું કાંઈ?

**'અથવા નથી જાણતો (—કોઈ વાર જાણે છે અને કોઈ વાર નથી જાણતો).'** લ્યો! ખ્યાલ બહાર વસ્તુ રહી જાય, પછી ખ્યાલમાં આવે, વળી ખ્યાલ બહાર વઈ જાય. શું આ હતું? શું આ હતું? ફલાણાનું નામ શું હતું? હું ક્યાં હતો આ પાંચ વર્ષ પહેલા? એને સંભારવા જાય કે દિવસે ક્યાં હતો એ દિવસે? એ દિવસે... વળી અવગ્રહમાં ક્યાંક ખ્યાલ આવ્યો, નહિતર ન આવ્યો. એવું ઇન્દ્રિયજ્ઞાન પરાધીન છે. સમજાણું કાંઈ?

**'ટીકા :- ઇન્દ્રિયજ્ઞાનને ઉપલંભક પણ મૂર્ત છે...'** ઇન્દ્રિયજ્ઞાનમાં નિમિત્તરૂપ

જણાવનારા, જાણવામાં નિમિત્તભૂત એમ. જણાવનાર એટલે નિમિત્તભૂત. ઇન્દ્રિયજ્ઞાનને પદાર્થો જાણવામાં નિમિત્તભૂત ઉપલંભક મૂર્ત છે, આ શરીર છે. ઇન્દ્રિયજ્ઞાનમાં જાણવાના નિમિત્તભૂતમાં ધૂળ છે આ શરીર. આહા..હા..! જેમાં જ્ઞાન નથી અને જેમાં લક્ષ કરે જ્ઞાન સાચું થાતું નથી. સમજાણું કાંઈ? એવું લાગે કે આવી ઝીણી વાત ધર્મની, બહુ ઝીણી. કેશુભાઈએ કહ્યું, રાજકોટ અને મુંબઈ આવું વ્યાખ્યાન નહોતું સાંભળ્યું. જોડે રામજીભાઈએ ખુલાસો કર્યો કે ભાઈ ... મુખ્યપણું અહીં છે. કાંઈક ભાષા કીધી ને અંગ્રેજી? હેડ ઓફિસ. એવું કહ્યું રામજીભાઈએ હેડ ઓફિસ શબ્દ કહ્યો હતો. સમજાણું? અહીં તો મુખ્ય છે માટે ઝીણું અહીંથી આવે. એઈ..! ભીખાભાઈ! ત્યાં કાંઈ મુંબઈમાં આવું વર્ણવવા બેસાય? પંદર દિ' રહેવું અને આ ઉપલંભક છે અને આ છે. ઉપલંભક અને ઉપલભ્ય શું છે વળી આ? આહા..હા..! કહે છે, આ આત્મા ભગવાન તો અરૂપી છે અને ઇન્દ્રિયજ્ઞાન થાય એમાં મૂર્ત એવા જે શરીર એ ઉપલંભક નામ નિમિત્ત છે. ઉપલંભક—નિમિત્ત છે. ભગવાન આત્માને ઇન્દ્રિયજ્ઞાન થવામાં ઇન્દ્રિયોના અવયવોનો પિંડ એવું જે શરીર તે નિમિત્ત છે.

**'ઉપલભ્ય પણ મૂર્ત છે.'** અને જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થ પણ મૂર્ત જડ છે. ત્યાં કાંઈ ચૈતન્ય નથી એમાં. ઉપલંભક નિમિત્ત છે અને ઉપલભ્ય જણાવાયોગ્ય પદાર્થ પણ મૂર્ત છે. સમજાણું કાંઈ? આ શું હશે ઉપલંભક અને ઉપલભ્ય? કહે છે કે આત્મા તો અરૂપી છે, ભિન્ન તત્ત્વ છે આખું અંદર. હવે ઇન્દ્રિયજ્ઞાનમાં શરીર જે મૂર્ત છે એ નિમિત્ત છે. એ નિમિત્ત છે લ્યો! ઉપલંભક છે એટલે જણાવવામાં નિમિત્ત છે અને જણાવાયોગ્ય ચીજ એ પણ મૂર્ત છે. જણાવાયોગ્ય ચીજ કાંઈ અમૂર્ત છે એ ચીજમાં-ઇન્દ્રિયજ્ઞાનમાં? સમજાય છે કાંઈ? લ્યો!

આ તો લલકારીને પડકાર કરીને પોકાર કરીને નકાર કરે છે. ઇન્દ્રિયજ્ઞાન તે મૂર્ત છે. તારા ભણતરના જ્ઞાન, શાસ્ત્રના જ્ઞાન એ બધા મૂર્ત શરીરને નિમિત્તે થયેલા એ મૂર્તજ્ઞાન છે અને એ જ્ઞાનમાં મૂર્તપણાનો ખ્યાલ આવે છે. જ્ઞાન ઉઘડ્યું, અહીંયાં ઉઘડ્યું, તો કહે છે કે મૂર્તનો ખ્યાલ આવે છે. ભગવાન અરૂપી એના ઉપર ક્યાં એની દૃષ્ટિ ગઈ છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનનો પર્યાય પરથી ઉત્પન્ન થયો એ મૂર્ત છે એમ કહે છે અહીં તો. બંધનું કારણ છે ને. આહા..હા..! બંધનું ન કારણ હોય અને કંઈ પણ લાભનું કારણ હોય તો તે આગળ વધીને આગળ વધવો જોઈએ. એ તો પાછું ઇન્દ્રિયજ્ઞાન સમાપ્ત થઈ જાય છે, ખલાસ. એ નિગોદમાં ગયો કે અહીંથી બીજે ગયો ઇયળ, કીડીમાં, થઈ રહ્યું. અહીં મોટો બાદશાહ, રાજાનો એવો ક્ષયોપશમ હોય. પણ ઇન્દ્રિયજ્ઞાન છે, અતીન્દ્રિયનું ભાન નથી, એ જ્ઞાન બીડાઈ જશે. એકેન્દ્રિયમાં જશે, ઇયળમાં જશે. થઈ રહ્યું. આમ થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી કાંઈ આત્મા જણાય એવો છે? ઇન્દ્રિયના જ્ઞાનથી આત્મા જણાય એવો છે? ઇન્દ્રિય (કે) તેના જ્ઞાનથી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

વચ્ચે વિચાર આવ્યો, આવી ગયો કે જો સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય છે અતીન્દ્રિય, અતીન્દ્રિયને આશ્રયે પ્રગટી છે, ખરેખર તો એ અતીન્દ્રિય જ્ઞાન જ મોક્ષને માટે નિમિત્ત છે. સમજાય છે? અને એ જ્ઞાન અને દર્શનમાં ઉપલભ્ય છે આત્મા. સમજાણું કાંઈ? મોક્ષને માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિમિત્ત છે અને પ્રાપ્ત કરવાયોગ્ય જે દ્રવ્ય છે તે ઉપલભ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઇન્દ્રિયજ્ઞાનમાં શરીર પ્રાપ્ય છે ઉપલંભક નિમિત્ત અને ઉપલભ્ય પ્રાપ્ત કરવાયોગ્ય જડ છે. ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય જ્ઞાન સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં જે મોક્ષનું નિમિત્ત કારણ છે તે એનું નિમિત્ત છે. ઓલાને શરીર નિમિત્ત છે, આને આ નિમિત્ત છે મોક્ષ માટે. અને તે મોક્ષ પ્રગટ કરવા માટે ઉપલભ્ય જે છે, પ્રાપ્ત કરવાલાયક છે એ તો આત્મા અતીન્દ્રિય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપલંભમાં...

ઉત્તર :- ઉપલંભ કીધું ને મતિજ્ઞાન આદિ. કીધું ને. એને નિમિત્ત કીધું. મોક્ષ માટે એ નિમિત્ત છે. નિમિત્ત છે, મોક્ષમાર્ગ નિમિત્ત છે. મોક્ષનું નિમિત્ત છે ને એ તો, નિમિત્ત છે. ઉપાદાન ક્યાં? ઉપાદાન તો ધ્રુવ છે. ઝીણું છે થોડું. સમજાણું કાંઈ? પોતાની પૂર્ણ પર્યાય પ્રગટ કરવામાં નિમિત્તપણું તો એને અતીન્દ્રિય જ્ઞાનની દશા છે અને એ પૂર્ણ પર્યાય પ્રગટ કરવામાં ઉપલભ્ય પ્રાપ્ત કરવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. ત્યારે તે મોક્ષની પર્યાય પ્રાપ્ત થાય છે. આ ઇન્દ્રિયજ્ઞાનમાં ભગવાન અરૂપી હોવા છતાં મૂર્તને લક્ષ જાય છે, પ્રાપ્ત છે. પ્રાપ્ત એટલે લક્ષ જાય છે એમ. પ્રાપ્ત છે એમ કહે છે ને જુઓ! સમજાણું?

'**ઇન્દ્રિયજ્ઞાનને ઉપલંભક પણ મૂર્ત છે...**' ઉપલંભક હશે ને. '(**ઇન્દ્રિયજ્ઞાનને પદાર્થો જાણવામાં નિમિત્તભૂત મૂર્ત પંચેન્દ્રિયાત્મક શરીર છે.**)' અને '**ઉપલભ્ય પણ મૂર્ત છે.**' એ જાણાવાયોગ્ય પણ જડ છે. આહા..હા..! પણ ધર્માસ્તિ, અધર્માસ્તિ બધું જણાય ને? જણાય તે શું છે? એ બધું પર છે પર. એ જ્ઞાન જ મૂર્ત છે કહે છે. સમજાણું કાંઈ? '**એ ઇન્દ્રિયજ્ઞાનવાળો જીવ પોતે તો અમૂર્ત હોવા છતાં...**' ભગવાન પોતે ઇન્દ્રિયજ્ઞાનવાળો તો પોતે અમૂર્ત છે, જેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ એવો અરૂપી છે. બાદશાહ મહાપદાર્થ જગતનો એ તો જાણે કાંઈ નહિ, થઈ રહ્યું. જે નથી કાંઈ એ બધું સમૃદ્ધિવાળું, રસવાળું, સરસ. આખો ભગવાન અમૂર્ત ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને એક પર્યાયમાં સોડમાં લઈને પડ્યો છે. એટલી જાણવાની એની શક્તિ એક સમયની હોં! અત્યારે પણ હોં! દ્રવ્ય-ગુણ-પર્યાય છ દ્રવ્યના એક સમયની પર્યાયમાં જાણે. એવી અનંતી અનંતી પર્યાય અતીન્દ્રિમય. આ તો વળી મૂર્ત એ પર્યાય પણ મૂર્ત છે ખરેખર. છ દ્રવ્યને સન્મુખ થઈને ઇન્દ્રિયગમ્યથી જ્ઞાન છે એ પણ ખરેખર તો મૂર્તજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અમૂર્ત હોવા છતાં મૂર્ત એવા પંચેન્દ્રિયાત્મક શરીરને...**' લ્યો! પોતે અમૂર્ત હોવા છતાં મૂર્ત એવા પંચેન્દ્રિયરૂપ શરીર. લ્યો આ શરીર પંચેન્દ્રિય છે ને? આંખ, કાન, નાક,

આ બધું પંચેન્દ્રિય છે. આ શરીરના અવયવો જડ શરીર છે માટી આ તો. જડ પિંડ છે. મૂર્ત છે. '**શરીરને પ્રાપ્ત થયો થકો,...**' શરીરને પ્રાપ્ત થયો થકો. દેખો! કારણ કે તેની પ્રાપ્તિ, પર્યાયના લક્ષમાં તો શરીર ઉપર લક્ષ છે એનું. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિની ખબર છે નહિ. '**જ્ઞપ્તિ નીપજવામાં બળ-ધારણનું નિમિત્ત થતું હોવાથી...**' એ જાણવાની ક્રિયામાં બળ ધારણ. બળ તો પોતાનું છે એમાં નિમિત્ત થતું હોવાથી. જાણવાની પર્યાયમાં વીર્યવાળું જ્ઞાન—બળવાળું જ્ઞાન પોતાની પર્યાયનું એમાં '**નિમિત્ત થતું હોવાથી જે ઉપલંભક છે...**' કોણ? જડ. '**એવા તે મૂર્ત (શરીર) વડે મૂર્ત એવી સ્પર્શાદિપ્રધાન વસ્તુને—કે જે યોગ્ય હોય...**' તેને જાણે. લ્યો! કહો, '**બળ-ધારણનું નિમિત્ત થતું હોવાથી જે ઉપલંભક છે...**' સમજાણું? ઉપલંભક એટલે આ શરીર નિમિત્ત છે.

'**એવા તે મૂર્ત (શરીર) વડે મૂર્ત એવી સ્પર્શાદિપ્રધાન વસ્તુને—**' '**સ્પર્શાદિ પ્રધાન= સ્પર્શ, રસ, ગંધ વગેરે ગુણોમાં જે મુખ્ય છે એવી.**' એ તો બધા સ્પર્શગુણો એમાં છે જ વસ્તુમાં. '**કે જે યોગ્ય હોય અર્થાત્ જે (ઇન્દ્રિયો દ્વારા)...**' યોગ્ય હોય '**ઉપલભ્ય હોય...**' જણાવાલાયક હોય '**તેને—અવગ્રહીને, કદાચિત્ તેનાથી ઉપર ઉપરની (-અવગ્રહથી આગળ આગળની) શુદ્ધિના સદ્ભાવને લીધે...**' તેનાથી ઉપર ઉપરની અવગ્રહથી આગળ આગળની શુદ્ધિના સદ્ભાવને લીધે '**તેને જાણે છે...**' એમ કંઈક અવગ્રહ લાયક હોય ઉઘાડ તો જાણે.

'**અને કદાચિત્ અવગ્રહથી ઉપર ઉપરની શુદ્ધિના અસદ્ભાવને લીધે નથી જાણતું,...**' અવગ્રહ, ઈહા આદિ ન જાણે, પકડી ન શકે. સમજાણું? નહોતું ઓલા છોકરાની વાત કરી? દસ વર્ષ ભણ્યો તો સો એકડા ભણ્યો હતો લ્યો! દશાશ્રીમાળી અમરેલી. દહીરા. દહીરાને? દહીરા. દશાશ્રીમાળીનો વાણિયો. દસ વર્ષ ભણ્યો. દસ વર્ષ એના બાપે ભણાવ્યો. સો એકડા ભણીને ઉતરી ગયો પછી. શું કરે ક્યાં સુધી ભણાવવો આને? વીસ વર્ષ ભણશે તો બસ્સો એકડા શીખશે.

મુમુક્ષુ :- તોપણ સો ઉપર ન જાય.

ઉત્તર :- સો ઉપર ન જાય. આગળ બુદ્ધિ ન મળે બિચારાને. પછી તબડકુ તાણતો હતો. ૭૦ની વાત છે. અમરેલીમાં અપાસરામાં કાંઈક ઓરડી ચણાતી હતી. અને અમે ગયેલા બરાબર દીક્ષા લઈને તરત. ૭૦ના. તબડકુ માથે તાણે. એલા પણ તું કોણ છો? કહે, હું દશાશ્રીમાળી વાણિયો છું. આ શું પણ તારે? આ મજૂરી? ત્રણ આના, અઢી આના હશે તે દિ' તો. મારા બાપે મને ભણવા મોકલ્યો પણ હું સો એકડા શીખ્યો દસ વર્ષમાં. કહો, સમજાણું? એ જાતનો જો ઉઘાડ હોય તો જાણે અને ઉઘાડ ન હોય તો ન જાણે.

મુમુક્ષુ :- .. ઉઘાડની વાત છે.

ઉત્તર :- એ તો ઉઘાડની વાત છે. એ જાતનો ઉઘાડ હોય તો જાણે. આ બધા અમેરિકા

ભણી ભણીને આવ્યા તે એ જાતનો ઉઘાડ હતો એથી જાણ્યું છે. એ કાંઈ ત્યાં આત્માનું જ્ઞાન નથી. એ કાંઈ નવું ઉઘડેલું છે એમ નથી. એ તો એ જાતના ઉઘાડનું જ્ઞાન હોય એટલું એ જાણે. આગળ ભણવા જાય તો ભણી જ ન શકે. એનો જ વિચાર બંધ થાય કે હવે પછી આટલે બસ છે. એ જાતનો ઉઘાડ હોય એટલું જાણે. .. તો ખરું ને સુમનભાઈ! નહોતું કહ્યું? તમારા દેવચંદભાઈ બેરિસ્ટર. દેવચંદભાઈ ખબર છે ને. સુમનભાઈને આટલું ભણાવો, કહે. તે દિ'ની ખબર છે. આગળ, કહે. ત્યાંથી એટલું ભણીને વયા આવ્યા. કારણ કે આગળ વધવાનો ક્ષયોપશમ અંદર હોય તો જાય ને. ક્ષયોપશમ જ એ જાતનો છે. એ ક્યાં ધર્મનો ક્ષયોપશમ છે? એય..! દેવાનુપ્રિયા! બહારના જ્ઞાનને માટે જેટલો ઉઘાડ હોય એટલું જાણે. એ કાંઈ ત્યાં પુરુષાર્થ નથી, એ તો ઊંધો પુરુષાર્થ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભલે એ જ કીધું ને. એ તો આત્માની વાત છે ત્યાં. એને બહારના પદાર્થનો એને જ્ઞાનનો ઉઘાડ નથી, શબ્દને ધારવું ઈ, પણ ચિદાનંદ આત્મા અતીન્દ્રિય જ્ઞાનનો તો અનુભવ છે, એનું જ્ઞાન છે, તુષ મા રુષ મા આનું જ્ઞાન છે. એ તો શબ્દનું જ્ઞાન એના લક્ષમાં નથી. સમજાણું કાંઈ? છે ને, સરખાઈનું મૂકે છે ને! એ તો એને બાહ્ય પદાર્થને જાણવાની એટલી ક્ષયોપશમ દશા નહોતી. અંદરમાં તો સચ્ચિદાનંદને પકડ્યો છે, અનુભવ્યો છે, આનંદમાં છે અને ભાવજ્ઞાન પણ ઉઘડેલું છે. સ્વરૂપને પકડે એવું ભાવજ્ઞાન ઉઘડેલું છે. આહા..હા..! પરને પકડે એવો જ્ઞાન ઉઘાડ નથી.

મુમુક્ષુ :- વીતરાગ ચારિત્ર છે.

ઉત્તર :- વીતરાગ ચારિત્ર છે. તે શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે છે. જ્ઞાન આત્મા માટે ઉઘડેલું છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને પકડવાની જે યોગ્યતા છે એટલું તો લબ્ધિરૂપ દશા થઈ ગઈ છે. આહા..હા..! અને ચારિત્રદશા વીતરાગીદશા પણ છે. વીતરાગીદશા હોય માટે જ્ઞાન બહુ ઉઘાડ હોય એવું કાંઈ નથી. મુનિ છે એ ચારિત્રદશા છે અને અવધિજ્ઞાન નથી, મતિશ્રુતનો વિશેષ ઉઘાડ નથી. મનઃપર્યય નથી. અને ચોથા ગુણસ્થાનના સમકિતી હોય, ગૃહસ્થાશ્રમમાં હોય અને મતિ, શ્રુત અને અવધિજ્ઞાન હોય. એ આત્માના અપેક્ષિત જેટલી ઉઘાડની યોગ્યતા હોય એટલી ઉઘડે. ત્યાં કાંઈ પરની અપેક્ષા એમાં નથી. સમજાય છે કાંઈ? કદાચિત્ ઉઘડે અને કદાચિત્ ન ઉઘડે. ... કેમ અત્યારે વાગી? સીસોટી વાગી.

કહે છે, **'શુદ્ધિના સદ્ભાવને લીધે...'** શુદ્ધિ શબ્દે કોણ બોલ્યું? હા એ શુદ્ધિ શબ્દે ઉઘાડ. શુદ્ધિ (એટલે) ઓલી શુદ્ધિ નહિ. બોલ્યા હતા ને મેં કીધું આ શું છે? શુદ્ધિના સદ્ભાવનો અર્થ એ જાતના ઉઘાડની યોગ્યતા તેને શુદ્ધિ અને એને યોગ્યતા નહિ અને શુદ્ધિનો

અસદ્ભાવ એમ. શુદ્ધિ એટલે ત્યાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની શુદ્ધિ છે નહિ. આહા..હા..! સમજાય છે? એ દુઃખદાયક છે. પણ શુદ્ધિ શબ્દ પડ્યો છે ને એટલે (પ્રશ્ન) થાય તો ખરો ને. કે **'શુદ્ધિના સદ્ભાવને લીધે...'** એમ. અજ્ઞાનીને પણ શુદ્ધિનો સદ્ભાવ છે કે નહિ? એમ કહે છે. એનો પ્રશ્ન તો બરાબર છે ને. જે હોય એ સ્થાનમાં છે. ત્યાં તો અજ્ઞાનીને મિથ્યાદષ્ટિને પણ ઇન્દ્રિયજ્ઞાનમાં શુદ્ધિ તો લીધી. શુદ્ધિનો અર્થ એટલો ઉઘાડ તેને શુદ્ધિ કહેવામાં આવે છે. આત્માને લાભદાયક છે એ કાંઈ નથી. સમજાણું કાંઈ?

**'શુદ્ધિના સદ્ભાવને લીધે તેને જાણે છે...'** ઉઘાડની યોગ્યતાને લઈને જાણે છે. છે ને? ઉપર ઉપરની કીધીને ઓલી? ઉઘાડ અવગ્રહનો હોય એ ઉઘાડને શુદ્ધિ કીધી. **'અને કદાચિત્ અવગ્રહથી ઉપર ઉપરથી શુદ્ધિના અસદ્ભાવને લીધે નથી જાણતું,...'** સમજાણું? **'કારણ કે તે (ઇન્દ્રિયજ્ઞાન) પરોક્ષ છે.'** પરોક્ષ જ્ઞાન છે એને આત્માનો આશ્રય નથી. નિમિત્ત ઉપલંભક પણ જડ અને ઉપલભ્ય જાણવાલાયક પણ મૂર્ત. એમાં પણ કેટલો ઉઘાડ હોય એ પ્રમાણે જાણે, એથી ઊંચેનો ઉઘાડ ન હોય તો ન જાણે. પરાશ્રિત વસ્તુ છે.

**'પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય સાથે (આત્માને) અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં...'** દેખો! હવે ઓલામાં પ્રત્યક્ષ જ્ઞાન કહ્યું હતું. એ આત્માને વળગેલું અને આત્મા આશ્રયે થાતું. આ **'પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય સાથે (આત્માને) અનાદિસંબંધ...'** છે. કોને? ચૈતન્યસામાન્ય શક્તિ સાથે આત્માને અનાદિ સંબંધ છે **'છતાં જે અતિ દઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે...'** કોણ? પરોક્ષ જ્ઞાન. પરોક્ષ જ્ઞાન, એમ લેવું. પરોક્ષ જ્ઞાન તે. એટલી વાત. હવે **'ચૈતન્ય સામાન્ય સાથે (આત્માને) અનાદિસંબંધ હોવા છતાં...'** જ્ઞાતાદષ્ટાપણાનો આત્માને અનાદિ સંબંધ છે. **'છતાં જે અતિ દઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે...'** દેખો! અંધકારનો ગઠ્ઠો થઈ ગયો એ તો ઇન્દ્રિયજ્ઞાન તો. **'અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી બિડાઈ ગયો છે એવો આત્મા...'** આહા..હા..! કહે છે કે બહારના ઉઘાડમાં સ્વરૂપને જાણવા માટે ઢંકાઈ ગયો છે, બિડાઈ ગયો છે. ભગવાન આત્મા ઇન્દ્રિયજ્ઞાનના ઉઘાડમાં તમોગ્રંથિ—અંધકારનો ગઠ્ઠો થઈ ગયો ત્યાં, એ દ્વારા આત્મા જાણી શકતો નથી.

**'અતિ દઢતર અજ્ઞાનરૂપ...'** ભાષા દેખી! દઢ, દઢતર. **'અજ્ઞાન તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી બિડાઈ ગયો છે એવો આત્મા પદાર્થને સ્વયં જાણવાને અસમર્થ હોવાથી...'** પદાર્થને પોતાને આશ્રિત જાણવાને અસમર્થ હોવાથી. પોતાને આશ્રયે જાણવાને અસમર્થ થઈ ગયો પરોક્ષ જ્ઞાનમાં, ઇન્દ્રિયજ્ઞાનમાં. આ શબ્દો આવ્યા કાલે હતા એ. ૧૩માં હતા ને ૧૩મી ગાથામાં. **'ઉપાત્ત અને અનુપાત્ત...'** ૧૩માં આવ્યા હતા આ શબ્દો. મેળવેલા અને પ્રકાશ આદિ અણમેળવેલા. છે ને નીચે જુઓ! **'મેળવેલા. (ઇન્દ્રિય, મન** વગેરે **ઉપાત્ત પર પદાર્થો છે.)'** ઓલામાં પણ એ આવ્યું હતું. ૧૩મી ગાથામાં આવ્યું હતું. **'અનુપાત્ત =**

**અણમેળવેલા. (પ્રકાશ વગેરે અનુપાત્ત પર પદાર્થ છે.)'** પ્રકાશ વગેરે હો, અને ઇન્દ્રિય, મન આદિ ઉપાત્ત એને આધીન છે એમ કહે છે.

**'પર-પદાર્થોરૂપ સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી...'** સમજાણું? જુઓ! આંખથી જાણવું હોય તો આંખની આ પાંપણ આખી ઉઘડે, આમ થાય.. આમ થાય... એમ કરવા મથે. એ પદાર્થનું ઉઘડવું, પરિણમવું એ તો પર જડને આધીન છે, એ કાંઈ તારે આધીન નથી. પરપદાર્થને પરિણમવાની બુદ્ધિવાળું ઇન્દ્રિયજ્ઞાન છે કહે છે. સમજાણું કાંઈ? **'ઉપાત્ત અને અનુપાત્ત પર-પદાર્થોરૂપ સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી...'** કાંઈક પ્રકાશ હોય, દીવો હોય, આંખ બરાબર ચોખ્ખી હોય. જુઓને, એને માટે કેટલી મહેનત કરે છે. આંજણ આંજે, ઓલા કરે, મલમ ચોપડે, ફલાણું, ઢીંકણું. એમાં પાછુ લુસી નાખે, વળી એમાંથી ઉઘડે નહિ તો આમ કેમ થાય? આમ આંખ આમ કરે. કરે નહિ, કરી શકે નહિ, કહે છે. એ તો રજકણની પર્યાય છે. આ ડોળો આમ આમ થાવો એ પણ આત્માની ક્રિયા નથી, આત્મા કરી શકતો નથી. અને પાંપણ આમ કરવી એ કાંઈ આત્મા કરી શકતો નથી. જોવું હોય તો આમ ઊંચું કરવા માટે મથે. પણ એ પરમાણુનું ઊંચું થવું ન થવું એ કાંઈ તારે આધીન નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કીધા ને. મોતીયા આવે, કાનના પડદા તૂટે, નાકમાં ઓલું થાય. શું કહેવાય એ? ફોડકી માલણ. ફૂલ નાખે ને આ નાખે અને બકરાના મૂતર નાખે. આવે છે ને, પ્રવચનસારમાં આવશે. બધું અહીં છે. અહીં તો શાસ્ત્રમાં બધું ભર્યું છે. આંખમાં આંજણ નાખે. નાના છોકરાને નથી નાખતા? મોટાને નાખે, મલમ ફલાણું નાખે ને ઢીંકણું. પરપદાર્થને પરિણમવા ઇન્દ્રિયનું જ્ઞાન લોલીપું રહ્યું છે કહે છે. સુરમો આંજે બરાબર. એ તો પરપદાર્થ છે. એ પરપદાર્થનું થવું, આવવું એ કાંઈ આત્માના ઇન્દ્રિયજ્ઞાનને આધીન નથી. ઇન્દ્રિયજ્ઞાન આવું પરાધીન છે કહે છે. અને ક્ષણે ક્ષણે ઠગાય છે. સમજાય છે?

**'અત્યંત ચંચળ-તરલ-અસ્થિર વર્તતું થકું,...'** લ્યો! **'અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી...'** પોતાની શક્તિ છે એનાથી ભ્રષ્ટ થયું થકું. **'અત્યંત વિક્લવ વર્તતું થકું,...' 'ખિન્ન; દુઃખી; ગભરાયેલું.' 'મહા મોહમલ્લ જીવતો હોવાથી...'** ઇન્દ્રિયજ્ઞાનમાં મિથ્યાત્વ જીવતો છે. એ પરપરિણતિને પરિણમાવવાનો અભિપ્રાય કરતું. ઇન્દ્રિયને ફેરવું, આંખને ફેરવું, કાનને ફેરવું, આમ કરું, શરીરને આમ કરું. ઠગાઈ જાય છે મફત. એ તો શરીરની પર્યાય તો એની થવી હોય ઈ થાય. તે **'પદે પદે (-ડગલે ડગલે) છેતરાતું થકું,...'** લ્યો! પર્યાયે પર્યાયે છેતરાય છે ઇન્દ્રિજ્ઞાન. **'પરમાર્થે અજ્ઞાન ગણાવાને જ યોગ્ય છે.'** લ્યો! એ ઇન્દ્રિયજ્ઞાન ખરેખર અજ્ઞાન છે માટે છોડવાલાયક છે. અતીન્દ્રિયજ્ઞાન તે આદરવા લાયક છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૫, શનિવાર, તા. ૨૬.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૫-૫૬, પ્રવચન-૪૭**

ટીકા થઈ ગઈ નહિ ૫૪ની? ઉતાવળથી વંચાણું છેલ્લું હોં. ખબર છે. છેલ્લી લીટી. '**ઉપાત્ત અને અનુપાત્ત પર-પદાર્થોરૂપ સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી...**' પછી બધી ઉતાવળ હતી. પૂરું કરવું હતું ને ઈ. '**તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી...**' લ્યો ઠીક! શું કહે છે? જુઓ! પરોક્ષ જ્ઞાન લ્યો. આ ઈન્દ્રિયજ્ઞાન એ પરોક્ષ જ્ઞાન છે. આ વસ્તુ જ્ઞાન (સ્વરૂપ) છે એ પોતાનું સ્વરૂપ છે અને એમાં ઈન્દ્રિયના નિમિત્તથી થાય એ તો પરોક્ષ જ્ઞાન છે, એ પરાધીન છે, ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય એમાં નિમિત્ત છે. એટલે? મનથી થતું જ્ઞાન એ (પણ) પરોક્ષ છે. એ બધું ઈન્દ્રિયમાં જ જાય છે. એ પરોક્ષ જ્ઞાન... જુઓ શું કરવા કહે છે? પોતાના સ્વરૂપનો શુદ્ધ ચૈતન્યનો આલંબન-આધાર લઈ અને અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ પ્રગટે અને એની ભાવનાથી અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ પૂર્ણ પ્રગટે એ માટે આ ઈન્દ્રિયજ્ઞાન હેય અને દુઃખરૂપ કહેવામાં આવે છે. સમજાણું?

એ પરોક્ષ જ્ઞાન કેવું છે? જુઓ! બીજી વાત. કષાયની મંદતા, નિમિત્તો એ તો આત્માને ધર્મ માટે કાંઈ કામના નથી. સમજાણું કાંઈ? પણ મન અને ઈન્દ્રિયથી થતું જ્ઞાન એ ધર્મ માટે કામના નથી. અહીં સુધી વાત છે. આહા..હા..! સમજાણું? કારણ કે ધર્મ તો આત્માનો સ્વભાવ અતીન્દ્રિય શુદ્ધ આનંદ જ્ઞાયકસ્વરૂપ છે. એની દૃષ્ટિ કરવામાં સીધો ધ્યેય ચૈતન્યમૂર્તિ છે તે આધાર છે. એને આ મન અને રાગની મંદતા, કષાયની મંદતા કે ઈન્દ્રિયો-(દ્રવ્ય) ઈન્દ્રિય અને ભાવેન્દ્રિયથી થતું જ્ઞાન એ કામનું નથી. સમજાય છે? એ તો આપણે પરોક્ષમાં બધું આવી ગયું ને, ૧૩મી ગાથામાં ભાઈ! પરોક્ષ પ્રમાણ ને એ બધા વિકલ્પો છે. પ્રત્યક્ષનો નિર્ણય કરવો કે આવું કેવળજ્ઞાન હોય અને આવું હોય એ બધો નિર્ણય પણ વિકલ્પાત્મક છે. એ કાંઈ આત્માના અંતર હિતને માટે કામના નથી. કહો, દેવાનુપ્રિયા! આ એકલા ઈન્દ્રિય અને મનથી ધારણા કરી લે શાસ્ત્રની એ કાંઈ આત્માના હિતને (માટે) કામનું નથી એમ કહે છે. શું છે જવાબ-ઉત્તર? ગોતો ક્યાંકથી. રાગની મંદતા એ આત્માના હિતને માટે ધર્મને માટે કામના નથી. એ તો નથી, પણ આ ઈન્દ્રિયો જડ અને ભાવેન્દ્રિય કામના નથી. તેમ ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય જે જ્ઞાન થતાં નિમિત્ત એમાં થાય એવું જ્ઞાન પણ આત્માના હિતને માટે કામના નથી. કહો, સમજાણું કાંઈ?

એવું '**પરોક્ષ જ્ઞાન, ચૈતન્યસામાન્ય સાથે (આત્માને) અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં...**' શું કહે છે? ભગવાન આત્મા એને ચૈતન્યસામાન્ય ત્રિકાળી એનો સંબંધ અનાદિનો છે.

મુમુક્ષુ :- એને સંબંધ કીધો?

ઉત્તર :- સંબંધ છે ને એ, સંબંધ છે. ગુણ-ગુણીનો સંબંધ છે ને. ગુણીને ગુણનો સંબંધ અથવા ગુણને ગુણી સાથે સંબંધ છે. સામાન્ય સ્વભાવ લેવો છે ને? સ્વભાવ સ્વભાવવાન સાથે અભેદ છે એમ સંબંધ છે એમ કહે છે. વસ્તુ પોતે આત્મા છે એને... જુઓ આત્મા છે ને?

'**ચૈતન્યસામાન્ય સાથે (આત્માને) અનાદિસિદ્ધ સંબંધ હોવા છતાં...**' એટલે શું? કે આત્મા વસ્તુ છે અનાદિ-અનંત. એને ચૈતન્યસામાન્ય જ્ઞાતા-દ્રષ્ટા આદિ જ્ઞાનગુણ જ્ઞાતાપણું અનાદિ સંબંધે એમાં છે. એવું હોવા છતાં '**જે અતિ દઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી...**' પર્યાયમાં ઇન્દ્રિયજ્ઞાન થવામાં અતિ દઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ. અંધકારનો ગઠ્ઠો. ભગવાન અનાદિ જ્ઞાનસામાન્ય સાથે સંબંધ હોવા છતાં પર્યાયમાં-પર્યાયબુદ્ધિમાં ઇન્દ્રિયજન્ય જ્ઞાનમાં મિથ્યાત્વનો ગાંઠો પડ્યો છે. એને લઈને જ્ઞાન અવરાઈ ગયું છે. પોતાને લઈને હોં! કર્મને લઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**દઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી...**' ભાષા દેખો! જ્ઞાનાવરણીય વડે અવરાઈ જવાથી એમ નથી લીધું. સમજાણું કાંઈ? '**અજ્ઞાનરૂપ તમોગ્રંથિ...**' અંધકાર. ભગવાન ચિદાનંદ જ્યોતિ ચૈતન્યસૂર્ય એવો હોવા છતાં પર્યાયમાં ઇન્દ્રિય અને પરના લક્ષમાં મિથ્યાત્વની ગાંઠ સાથે બંધાઈ ગયેલું છે, એનાથી જ્ઞાતાપણું ત્યાં અવરાઈ ગયું છે. સમજાણું કાંઈ? સામાન્યજ્ઞાન ત્રિકાળ છે તે અજ્ઞાનની ગ્રંથિમાં ઢંકાઈ ગયું છે, સામાન્યજ્ઞાન પ્રગટ થતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... અજ્ઞાન ઊભું કર્યું છે.

ઉત્તર :- ઊભું કર્યું છે એણે. વિકલ્પ, એક સમયની પર્યાય અને ઇન્દ્રિયજ્ઞાન એની જે બુદ્ધિ એ અજ્ઞાનભાવ છે, તમોગાંઠ છે, અંધકારની ગાંઠ છે, અંધકારનો ગઠ્ઠો છે. ભગવાન ચૈતન્યસૂર્ય છે ત્યારે આ અંધકારનો ગઠ્ઠો છે. એથી ચૈતન્યસૂર્ય પ્રગટ થતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

'**દઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી બિડાઈ ગયો છે...**' બિડાઈ ગયો એટલે? સામાન્ય તો છે, પર્યાયમાં ઢંકાઈ ગયું છે, બિડાઈ ગયું છે. એ તો વસ્તુ છે એ છે. પણ પર્યાયમાં એનો જે વિકાસ થવો જોઈએ ચૈતન્યસામાન્યનો આશ્રય લઈને, એ વિકાસ અટકીને બિડાઈ ગયું છે. જ્ઞાનની પર્યાય સંકોચાઈ ગઈ એટલે ઢંકાઈ ગઈ, બિડાઈ ગઈ છે. કહો, સમજાય છે કાંઈ? એટલે કે જ્ઞાતાપણાનો ત્રિકાળી સ્વભાવ હોવા છતાં પર્યાયમાં ઇન્દ્રિય અને નિમિત્તનો આશ્રય લઈને મિથ્યાત્વભાવથી અજ્ઞાન અંધકારથી ઢંકાઈ ગયું છે. પર્યાયમાં પ્રકાશ છે નહિ. ઓહો..હો..! સમજાણું કાંઈ? '**તમોગ્રંથિ વડે અવરાઈ જવાથી...**' એમ છે ત્યાં. જોયું! '**દઢતર અજ્ઞાનરૂપ તમોગ્રંથિ...**' લીધી છે. પર્યાય અંશમાં એકલો એકાકાર છે કે એ ઇન્દ્રિયજ્ઞાન, માનસિક જ્ઞાનમાં એકાકાર થયેલું જ્ઞાન અંધકાર છે. ભગવાન ચૈતન્યસૂર્ય બિંબ એને જોવામાં એ આવરણ કરે છે. એ ગાંઠને તોડવાને માટે સ્વભાવનો

આશ્રય લઈને એ ગાંઠ તૂટે છે અને ચૈતન્યસામાન્યમાંથી વિશેષ વિકાસ સમ્યગ્જ્ઞાન અને આનંદનો થાય છે. સમજાણું કાંઈ?

**'એવો આત્મા...'** **'બિડાઈ ગયો છે એવો આત્મા...'** બિડાઈ ગયો એટલે? ઓલો તો આત્મા તો કીધો પહેલો ચૈતન્યસામાન્ય સાથે સદાય સંબંધ છે, પણ પર્યાયમાં બિડાઈ ગયો છે એમ કહે છે. સમજાણું? વસ્તુ જાણે ચૈતન્યસામાન્ય જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે એ જાણે વસ્તુ જ નથી. એ અજ્ઞાનરૂપી અંધકારમાં એ વસ્તુ જ ઢંકાઈ ગઈ. સમજાય છે કાંઈ? અંશબુદ્ધિમાં અટકેલું જ્ઞાન ત્રિકાળ સામાન્યને પ્રકાશતું નથી તેથી ઢંકાઈ ગયું છે કહે છે. આહા..હા..! કેવી શૈલીથી વાત કરી છે! જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને.

**'એવો આત્મા પદાર્થને સ્વયં જાણવાને અસમર્થ હોવાથી...'** દેખો! ઇન્દ્રિય ને મનના આલંબનથી જાણે પણ **'સ્વયં જાણવાને...'** એ ઇન્દ્રિય અને મન ને અલ્પ અંશમાં એકાગ્ર થયેલો અંધકાર મિથ્યાત્વ (વડે) આત્મા સ્વયં જાણવાને અસમર્થ છે. સમજાણું કાંઈ? **'ઉપાત્ત અને અનુપાત્ત પર-પદાર્થોરૂપ સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી... '** જુઓ! ઇન્દ્રિયો, મન લ્યો આવ્યું એમાં. સમજાય છે? મન હોય તો ઇન્દ્રિયો... પાંચ ઇન્દ્રિયના જ્ઞાન છે ને એમાં કોઈપણ ઇન્દ્રિયનું જ્ઞાન થવામાં મન તો ત્યાં હોય જ છે. પંચેન્દ્રિયપણું ન હોય અને જ્યાં મન નથી એ વાત જુદી છે. પણ જ્યાં પાંચ ઇન્દ્રિય છે અને મન છે એને કોઈપણ ઇન્દ્રિયના જ્ઞાન વખતે મન તો ઉપસ્થિત હોય જ છે. એથી મન અને ઇન્દ્રિયના અવલંબનથી જે થતું જ્ઞાન એથી મન અને ઇન્દ્રિય શોધવા મથે છે કે મન છે ને? ઇન્દ્રિય છે ને? એ જ્ઞાન એના અવલંબનને શોધે છે.

**'સામગ્રીને શોધવાની વ્યગ્રતાથી...'** આકુળતાથી **'અત્યંત ચંચળ-'** થઈ ગયું છે. ઇન્દ્રિય સરખી હોય તો ઠીક, મન સરખું હોય તો ઠીક. એમ પરને શોધવા (અત્યંત ચંચળ થઈ ગયું છે). અરે..! ભગવાન! જ્ઞાન પોતાનું અને પોતાની પર્યાય પ્રગટ કરવા પરને શોધવા મથી રહ્યું, વ્યગ્રતા ચિત્તમાં ખેદ છે કહે છે. સમજાણું કાંઈ? અત્યંત ચંચળ છે. એ જ્ઞાન તો મહા ચંચળ... ચંચળ... ચંચળ. એનો અર્થ કર્યો છે ચંચળનો. **'તરલ-અસ્થિર...'** છે. કહો, સમજાય છે કાંઈ? **'विसंष्ठुलत्वमवलम्बमानमनन्तायाः'** એ? આહા..હા..! **'विसंष्ठु'** **'વ્યગ્રતાથી અત્યંત ચંચળ...'** એનો અર્થ કર્યો છે આ. **'તરલ...'** તરલ-તરલ. **'અસ્થિર વર્તતું થકું,...'** ભગવાન આત્મા આનંદનો કંદ અને જ્ઞાતાપણાનો સ્વભાવ અનાદિ-અનંત. એના ઉપર નજર ન નાખતું, ઇન્દ્રિય અને મન ને પર ઉપર નજર નાખતું અસ્થિર જ્ઞાન **'અનંત શક્તિથી ચ્યુત થયું હોવાથી...'** ભગવાન આત્મામાં તો જ્ઞાનનો સ્વભાવ બેહદ અનંત અનંત છે. એવી અજ્ઞાન દશામાં રહ્યું એ અનંત શક્તિથી ચ્યુત થયું છે.

**'અત્યંત વિક્લવ વર્તતું થકું,...'** લ્યો! **'ખિન્ન; દુઃખી; ગભરાયેલું.'** કહો, સમજાણું? ભારે વાત! દુઃખી એવું ગભરાયેલું જ્ઞાન, કહે છે. સમજાણું? **'મહા મોહમલ્લ જીવતો**

હોવાથી...' કારણ કે એટલા જ્ઞાનના અંશને, મન ને ઇન્દ્રિયના અંશના જ્ઞાનને પોતાપણે માને છે એ મહામિથ્યાત્વ મોહમલ્લ જીવતો છે. આત્મા મરી ગયો ત્યાં. જીવતો મહામોહ થઈ ગયો છે. સમજાણું? અલ્પ જ્ઞાન અને રાગાદિ તરફ વળેલું એ જ હું છું એવી માન્યતામાં મહામોહ મિથ્યાત્વ ત્યાં જીવતો છે. અને જ્ઞાતા-દૃષ્ટાપણાનો સ્વભાવ ત્યાં દૃષ્ટિમાં મારી નાખ્યો છે.

મુમુક્ષુ :- એમાં રોકાઈ ગયો છે.

ઉત્તર :- રોકાઈ ગયો, મારી નાખ્યો એને. સમજાણું આમાં? જુઓ! કેવી વાત કરી છે! જ્ઞાનનું તત્ત્વ સામર્થ્ય તો ત્રિકાળ છે કહે છે. એ ઉપર નજર ન નાખતા, નજરની વર્તમાન પર્યાય જ્ઞાનમાં, ઇન્દ્રિય અને મનમાં રોકાય તો મિથ્યાત્વનો મોહ જીવતો છે, જીવતો જાગતો મિથ્યાત્વ છે ત્યાં. આહા..હા..! હવે કોઈપણ ક્રિયામાં જ્યાં સ્વ તરફના લક્ષનું જ્ઞાન નથી એથી પર તરફના લક્ષવાળું જ્ઞાન અને રાગાદિ મિથ્યાત્વ જીવતો, ત્યાં મિથ્યાત્વભાવ જીવતો છે. સમજાણું કાંઈ? વસ્તુ અનાદિ-અનંત. જ્ઞાતા-દૃષ્ટાના ભાવથી ભરેલું બેહદ શક્તિનું તત્ત્વ એથી ચ્યુત થયું છે. પછી ચાહે તો અગિયાર અંગનું જ્ઞાન કરે, નવ પૂર્વનું કરે, પંચ મહાવ્રતાદિ પાળે પણ મિથ્યાત્વ મોહ જીવતો છે. સમજાણું કાંઈ? વાત છે ઊંડી અને વાત છે ઊંચી. આહા..હા..!

હવે આ વસ્તુની ખબર ન મળે કે આ તે હું અજ્ઞાનમાં ક્યાં છું? અને મારું જ્ઞાન ત્રિકાળસ્વરૂપ છે એ કેમ પ્રગટે? એની ખબરું ન મળે. સમજાણું કાંઈ? અને ધર્મ કરવા મથે. કહે છે કે એના ઇન્દ્રિય અને મનને શોધતું એ જ્ઞાન અતિ ચંચળ છે, અસ્થિર છે, દુઃખી છે, ખેદખિન્ન છે. કેમ? કે ત્યાં મહામોહ મિથ્યાત્વ, અંશબુદ્ધિમાં અટકતું જ્ઞાન સાથે મિથ્યાત્વભાવ તેનું જ જીવન છે, એનું ચલણ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વભાવનું ત્યાં ચલણ છે. કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..! જેની નજરું પર્યાય ઉપર છે, ઇન્દ્રિય ઉપર છે, મન ઉપર છે, જ્ઞાનની નજર હોં! એમાં એ અજ્ઞાનતમથી ઢંકાઈ ગયેલું અને મહામોહથી જીવતું એ જ પોતે ચલણવાળું છે. ક્ષણે ને પળે મિથ્યાત્વ જ ત્યાં પુષ્ટિ પામે છે. સમજાણું કાંઈ? પછી ભલે એ પંચ મહાવ્રતના પરિણામ હો એને. દયા, દાનના વિકલ્પ હો, તપસ્યા મહિના મહિનાના, બે મહિનાના અપવાસની વૃત્તિ હો, પણ તેની દૃષ્ટિ તો ત્યાં એક સમયના જ્ઞાન અને રાગ ઉપર પડી છે. એથી મહામોહ જીવતો છે ત્યાં. કહો, દેવાનુપ્રિયા! શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એમ છે. જોયું! ભગવાન પાસે ક્યાં જાશે ત્યાં? અહીં ભગવાન છે એની પાસે તો જાતો નથી. શું છે? મહામિથ્યાત્વ પાસે તો અત્યારે વસે છે અને એના એ મહામિથ્યાત્વમાં જ્યાં જશે ત્યાં વસશે. અને ભગવાન પાસે ક્યાં જશે? સમવસરણમાં ગયો તો એ ભગવાન પાસે ગયો છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. નિષેધ કોનો? એ મન અને ઇન્દ્રિયના જ્ઞાનનો નિષેધ કરી શકાય છે એમ કહે છે. શું? ત્યાં જાય તો ઇન્દ્રિય અને મનથી જ્ઞાન કરે તો મહામિથ્યાત્વભાવ જીવતો ત્યાં છે. માટે ત્યાં જવા-આવવાની ક્રિયા એની નથી. ત્યાં જઈને બેઠો પણ એનું લક્ષ ઇન્દ્રિય અને મન ઉપરથી જ્ઞાન કરે છે સાંભળવું આદિને, તે મહામિથ્યાત્વ જીવતો છે, તમોગ્રંથિમાં પડ્યો છે એ. એ જ્ઞાતા-દ્રષ્ટા ત્રિકાળી સ્વભાવનો એ અનાદર અને નાશ કરે છે. અનંત શક્તિનો નાશ કરે છે. શું કહે છે? ક્યાં જાવું અને ક્યાં આવવું? એ તો ભગવાન પાસે જાય એ કાંઈ ના પડાય? એમ. દેવાનુપ્રિયા! કહો, સમજાણું આમાં? ભગવાન ક્યો પણ? ભગવાન તો એ ભગવાન ભગવાનના છે, એ ભગવાન આના ક્યાં છે? આ ભગવાન જે અનાદિ-અનંત. જ્ઞાનાનંદ પ્રભુ આત્મા, એના સમીપમાં જતો નથી, એને જીવતો જાગતો આત્મા છે એમ માનતો નથી અને એક સમયની પર્યાયના જ્ઞાનને જીવતું ને ટકતું તત્ત્વ તે હું છું એમ માને છે, તમોગ્રંથિ અને મિથ્યાત્વ મોહમલ્લ ત્યાં જીવતો અને ટકતો છે, ચલણ એનું છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

માણસો નથી કહેતા કે અમારા ઘરમાં અમારું ચલણ છે હમણાં. હોય છે કે નહિ? જેઠાભાઈ! બાયડી એવી કોઈ બળુકી હોય, કાંઈ ઓલી હોય તો કહે અમારા ઘરમાં અમારી આ ફલાણી બળુકી છે. સમજ્યાને? સાસુ-બાસુ પડી રહે એક કોર. વહુ એવી હોય તો એનું ચલણ ચાલે ઘરમાં. એમ અહીં કહે છે, આત્માના ઘરમાં અનાદિ-અનંત. જ્ઞાનાનંદ ઉપર નજર નથી ત્યાં એને મિથ્યાત્વનું ચલણ પર્યાયજ્ઞાનમાં જેટલો ઉઘાડ છે એમાં મિથ્યાત્વનું જ ચલણ છે. એમાં કાંઈ બીજી ચીજ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! આ કાલે ઉતાવળથી વંચાઈ ગયું હતું ને. આ હળવે હળવે ચાલ્યું. .. ટૂંકું કરીને કહ્યું હતું પૂરું કરવા માટે. ઓહો..હો..!

**'મહા મોહમલ્લ જીવતો...'** મલ્લ જોયું! કચડી નાખે છે કહે છે. આહા..હા..! જ્ઞાતા-દ્રષ્ટાનો સ્વભાવ એ મન અને ઇન્દ્રિયના જ્ઞાનને પોતાપણે માનવું એનો મહા મોહમલ્લ જ્ઞાતા-દ્રષ્ટાને કચડી નાખે છે. મલ્લ.. મલ્લ જેમ કચડે ને? હાડકા હાડકા તોડી નાખે, મલ્લ હોય ને સામે સામા. એમ કહે છે કે ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ ત્રિકાળ આનંદ પરમ પરિણામિક સ્વભાવનો ભંડાર આખો. ઓહો..! ત્યાં એની દ્રષ્ટિ નથી. એટલે એની દ્રષ્ટિ તો પર્યાયમાં, ઉઘડેલા જ્ઞાનમાં, મન ઇન્દ્રિયના સહાયમાં જ પડી છે એની બુદ્ધિ. એ બુદ્ધિમાં બે વાત લીધી—તમોગ્રંથિથી ઢંકાઈ ગયું એમ કીધું અને મહા મોહમલ્લ જીવતો કીધું. સમજાણું કાંઈ? ઓહો..હો..! ટીકા તે પણ ટીકા છે ને!

ભગવાન આત્મા મહાસમુદ્ર છે. જ્ઞાનનો સૂર્ય ચૈતન્યબિંબ બેહદ સ્વભાવનો સાગર આત્મા છે. અનાદિ સંબંધે સ્વરૂપ આવું જ્ઞાનસ્વરૂપ છે. એની નજર ન કરતાં એવા અનંત જ્ઞાનના બેહદ જ્ઞાનથી ચ્યુત-ભ્રષ્ટ થયેલું, ઇન્દ્રિયજ્ઞાનને પોતાનું જ્ઞાન માનતું, મહામોહ જેને જીવતો

છે એને ક્ષણે ક્ષણે મિથ્યાત્વની જ પુષ્ટિ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચાહે તો જૈન સાધુ થાય, ચાહે તો જૈન-દ્રવ્યશ્રાવક થાય, બાર વ્રતાદિ હો, પણ એ પર્યાયબુદ્ધિમાં ઉઘડેલા જ્ઞાનમાં, રાગમાં બુદ્ધિ જેની છે એને મિથ્યાત્વ જીવતો હોવાથી ચૈતન્ય ભગવાન ત્યાં કચડાઈ જાય છે. સમજાય છે? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે ત્રિકાળ મર્દન થઈ જાય છે કહે છે. સમજાણું? એ લોહીના પાણી થઈ જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- મહેનત મફત છે.

ઉત્તર :- મહેનત જ ખોટી છે, મફત ક્યાં જાય? મફત કાંઈ નથી. દુઃખ ઉત્પન્ન કરે છે. મફતમાં નથી, સફળ છે. સફળ કીધું છે. લીધું છે આપણે. અજ્ઞાનીનો ભાવ સફળ છે. સમજાય છે? કારણ કે જે ફળ અનાદિથી ઊપજતું આવે છે તે ફળ તેને ઊપજશે, નિષ્ફળ નહિ જાય. આગળ આવશે. આ પ્રવચનસારમાં છે હોં! જુઓ છે કે નહિ? કેટલામાં છે? જુઓ! કાંઈક અફળે સફળે છે. એ અમારા વીર્યમાં ... આ તો પુસ્તક ફરી ગયું છે ને. સફલં હોઈ... કઈ ગાથા છે જુઓ! ૧૧૬મી ગાથા? ૧૧૬. આવ્યું આવ્યું દેખો!

**एसो त्ति णत्थि कोई ण णत्थि किरिया सहावणिव्वत्ता।**
**किरिया हि णत्थि अफला धम्मो जदि णिप्फलो परमो।।११६।।**

એ ક્રિયા નથી અફળ, (પણ) ફળવાળી છે. સમજાણું? જુઓ! છે ટીકામાં? જુઓ! **'પરમ ધર્મ અફળ છે તો ક્રિયા જરૂર અફળ નથી (અર્થાત્ એક વીતરાગ ભાવ જ મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ ઊપજાવતો નથી, રાગદ્વેષમય ક્રિયા તો અવશ્ય તે ફળ ઉપજાવે છે).'** છે? દેવાનુપ્રિયા! ૧૧૬. સફળ છે એની ક્રિયા રખડવા માટે.

મુમુક્ષુ :- ફળી જ નથી.

ઉત્તર :- ફળી જ નથી. ફળ છે. જે દુઃખના ફળ અનાદિના લાગે છે એ એને અફળ નથી, એ ફળ લાગવાનું છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ જ્યારે સફળ છે તો ક્રિયા પણ સફળ છે, અફળ નથી.

મુમુક્ષુ :- અહીંયા તો ધર્મને અફળ કહ્યો.

ઉત્તર :- ધર્મ અફળ એટલે ઓલું દુઃખનું ફળ નથી ધર્મમાં એમ કહે છે. ધર્મમાં, દુઃખની ક્રિયાનું ફળ ચાર ગતિના દુઃખનો ભાવ જે છે એ ધર્મમાં નથી. માટે ધર્મ જે અનાદિનું ફળ પામતો આવે છે એ ધર્મ એમાં અફળ છે. એ ધર્મથી તે ફળ આવતું નથી. અને આ મન જ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન અને કષાયની મંદતા એનાથી પોતાને સફળ છે, ચાર ગતિ રખડવાનો ભાવ ત્યાં ઉત્પન્ન થાય છે. એ ક્રિયા એની સફળ છે. અનાદિથી ઝેર ફળે છે તે ઝેરના ઝાડ ફળશે ત્યાં એમ કહે છે. એ આવે છે આમાં પણ સુયગડાંગમાં, શ્વેતાંબરમાં. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આવે. જે 'અબુદ્ધા મહાભાગા વીરા અસમત્ત દંસીણો અશુદ્ધં તેસી પરમ્..

સફળંગ હોહી...' એ તો આમાંથી લીધેલું છે ને. વસ્તુ તો આ હતી ને અનાદિની. એમાં લીધું છે. 'જે અબુદ્ધા...' જેને તત્ત્વજ્ઞાનની ખબર નથી, ત્રિકાળ આત્મા આનંદ છું, જ્ઞાન છું એનું ભાન નથી. 'અબુદ્ધા છે મહાભાગા' દુનિયામાં લાખો-કરોડો મનુષ્યોમાં પ્રસિદ્ધ એવા ભાગ્યવાન છે. ભગવાનજીભાઈ! 'જે અબુદ્ધા મહાભાગા.' સમજાય છે? 'વીરા અસમત્ત દંસીણો' છે વીર. મહિના મહિનાના અપવાસ, બાર બાર મહિનાના અપવાસ, અગિયાર અંગના ઉઘાડ, સભાને રંજન કરે, લાખો માણસો તુંહી તુંહી થાય એવું જેનું વીર્ય કામ કરે અજ્ઞાનમાં. સમજાણું કાંઈ? જે અબુદ્ધા મહાભાગા. ભાન વિનાના છે, તત્ત્વદષ્ટિ વિનાના છે, પણ છે પુણ્યશાળી. લોકો લાખો ને કરોડો જેને કબુલે છે. એના જેવા હોય ને એને માનનારા એમ કહે છે. દેવાનુપ્રિયા! ઠાઠમાઠથી થયું ઈ. આહા..હા..! ઠઠારો ઠઠારો. એ તો એવી વાત લીધી જુઓ! 'જે અબુદ્ધા મહાભાગા વીરા અસમત્ત દંસીણો' છે અતત્ત્વ જ્ઞાની પણ છે પુણ્યશાળી અને વીર. વીર નામ પુરુષાર્થ કરવામાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, માસ માસ ખમણના પારણા, બાર બાર મહિનાના અપવાસ. સમજાય છે કાંઈ? એક આસનને લગાવવું હોય તો બબ્બે મહિના સુધી આસન લગાવી દે. એવા વીર અજ્ઞાનમાં છે ક્રિયામાં. પણ છે 'અસમત્ત દંસીણો' સમ્યગ્દર્શન રહિત છે. 'અસુદ્ધં ...' એનો જેટલો પરાક્રમ તે બધો અશુદ્ધ છે. 'સફળ ન હો હી સવ્વસો' તેનું ફળ તે અનાદિથી આવે તે સફળ થશે. એનું એ ફળ ફળશે, ફળ્યા વિના નહિ રહે. ભગવાનજીભાઈ!

એનાથી પછી બીજી ગાથા છે. 'જે બુધા મહાભાગા વીરા સમત દંસીણો સુદ્ધં તે સિં ... અફળં હો હી સવ્વસો.' જે બુધા—તત્ત્વજ્ઞાની છે, વસ્તુ જ્ઞાતા-દષ્ટાનું ભાન છે. છે મહાભાગ્યવાળા. જ્ઞાની પણ છે અને પુણ્યશાળી પણ છે. બેય છે. 'જે બુધા મહાભાગા વીરા સમત્ત દંસીણો' પુરુષાર્થથી જે આત્માની ક્રિયા અને અંતરમાં એકાગ્ર થવામાં વીર છે. છે સમત દંસીણો. સમ્યગ્દષ્ટિ છે. 'સુદ્ધં તેંસિ...' જે કાંઈ પરાક્રમ કરે છે સ્વભાવમાં એ બધો શુદ્ધ છે. સ્વભાવ સન્મુખનો જ એનો પુરુષાર્થ છે. 'સુદ્ધં તેસિં પરગત્તં' પરાક્રમ તેનું શુદ્ધ છે બધું અંતરમાં એકાગ્ર થવું. 'અફળ ન હોઈ સવ્વ' સર્વથા એને સંસારનું ફળ આવશે નહિ. લ્યો! ઠીક! સમજાણું કાંઈ?

**'જીવતો હોવાથી પરપરિણતિનો (-પરને પરિણમવાનો) અભિપ્રાય કરતું હોવા છતાં...'** એ જ્ઞાન હોં! અહીં જ્ઞાનનું વર્ણન છે ને. ઇન્દ્રિયજ્ઞાન મનના જ્ઞાનથી થતું, પરપરિણતિનો અભિપ્રાય કરતું. આહા..હા..! આંખ આવી રહે, આમ રહે ને આમ ઉઘડે ને આમ થાય ને ડોળા આવા રહે, કાળા આવા રહે, ઢીંકણા આવા રહે, કાનમાં સરવાઈ રહે ને, આમ કરું તો આમ રહે ને પડદો સરખો રહે ને પણ એ તો પરદ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ? આ ઇન્દ્રિય સ્પર્શ આવી રહે ને. આવે છે ને ઓલા મોક્ષમાર્ગમાં. ઇન્દ્રિયથી જ્ઞાન થાય છે માટે ઇન્દ્રિયને પુષ્ટિ કરો, પોષણ આપો કે જેથી મારું જ્ઞાન વધે એમ. ઇન્દ્રિય એમ

કે જ્ઞાનમાં નિમિત્ત છે ને એટલે એની પુષ્ટિ કરો તો જ્ઞાન (વધે) ધૂળેય ન વધે, સાંભળને હવે. છેતરાઈ જા છો. સમજાય છે કાંઈ? પાંચ ઈન્દ્રિયને સરખી રાખો, આંજણ બરાબર સવારમાં એને સુરમા નાખવા, એને પાપણ ઊંચી રાખવી, પહોળી આમ કરવી, ફલાણું કરવું, કહો, સમજાણું? ઈન્દ્રિયો જો પુષ્ટિ હશે તો આપણું જ્ઞાન ચોખ્ખું રહેશે. મૂઢ છો? જ્ઞાન તે એ (રીતે) વધતા હશે કે જ્ઞાન અંતર એકાગ્ર થાય તો વધે? તારા ઈન્દ્રિયમાં પુષ્ટ થતાં જ્ઞાન ક્યાં વધતું હતું? સમજાણું કાંઈ? આહા..હા..! ભાષાનો અભ્યાસ રાખો, બોલવાનો અભ્યાસ રાખો તો બોલવાની ક્રિયાનું જ્ઞાન ખીલશે. એય..! દેવાનુપ્રિયા!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ જ કહે છે. બધા મૂઢ છે કહે છે અહીં તો. શું ભાષણ કરે. એ તો પરપદાર્થની પરિણતિ છે. પરપદાર્થમાં ઠગાઈશ હોં કહે છે. પરપરિણતિનો અભિપ્રાય કરતું. જીભ આમ ચાલે, કંઠ આમ ચાલે, ઢીંકણું આમ ચાલે. કહો, સમજાણું? આવે છે કે નહિ? એ શ્લોક પણ આવે છે ભાષણ કરનારનો. 'દૂધ, સાકર ને એલચી, વરિયાળી ને દ્રાક્ષ જો ગાયાનો ખપ કરે તો પાંચેય વસ્તુ...' મથે બિચારો ત્યાં. ધૂળ. અહીં નહોતા ઓલા શીતલપ્રસાદજી આવ્યા? તો ખાઈને પછી બદામ ખાય થોડી. નોકર્મ છે ને એ? પણ નોકર્મ ક્યારે? ગોમ્મટસારમાં આવે છે નોકર્મ નહિ? હમણા કોઈએ પ્રશ્ન કર્યો હતો, નહિ? નોકર્મનો ખુલાસો કરો. હેમરાજજી, ભીંડમાંથી. નોકર્મ એટલે? અહીં તો એને એક નિમિત્ત છે એમ બતાવે છે. શું એનાથી બદામ-પિસ્તા ખાયને શું કહેવાય ઓલી? બ્રાહ્મી. બ્રાહ્મી તેલ નથી આવતું? મગજને તેજ કરે જ્ઞાનને. ધૂળેય ન કરે.

મુમુક્ષુ :- અક્કલખરો ખાય.

ઉત્તર :- હા અક્કલખરો ખાય. અક્કલ વધશે ત્યાંથી? ૮૧માં અમારે શીવલાલ હતો ને એ ખાનગી મગાવે. બુદ્ધિ બહુ નહિ. કારણ કે એમાં ઓલા એક ફેરી ખબર પડી કે એલા ક્યાંથી આ શીશી આવી? શું નામ આપણને ખબર નથી. બ્રાહ્મી. શું કરવા? કે મગજમાં તર થાય, બુદ્ધિ વધે. આવા ને આવા ઈન્દ્રિયજ્ઞાન. આ શીવલાલ હતો ને. છે ને ત્યાં ..માં. જામનગરવાળો નહિ? દીક્ષા હજી નહોતી લીધી. બુદ્ધિ નહોતી બહુ એટલે પછી બ્રાહ્મી મગાવે ખાનગીમાં. બ્રાહ્મીથી બુદ્ધિ વધે, ઈન્દ્રિયજ્ઞાનવાળા પરદ્રવ્યને પરિણમાવવા મથે, એનાથી મારું જ્ઞાન વધે એ મિથ્યાત્વને વધારે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

.. શીખો, ભાષા શીખો, આમ બોલાય, એ બોલવાની રીત શીખો. અરે..! પણ એ તો જડનું પરિણમન છે. એ તારા શીખવ્યા થાતા નથી. પણ ઈન્દ્રિયજ્ઞાનવાળાને એ દૃષ્ટિ ખસતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પરપરિણતિનો અભિપ્રાય કરતું.. અભિપ્રાય હોં! કરી શકતો નથી એને. અભિપ્રાય કરે કે આમ થાય... આનું આમ થાય... આનું આમ થાય.. રસોઈ સરખી જમાય તો ઊંઘ આવે અને પછી જ્ઞાન કામ કરે. એય..! દેવાનુપ્રિયા! રસોયાને

આપો વધારે પૈસા, સારું બનાવી દેશે. બીજા ખાવા આવે તો રોટલી તૈયાર હોય એમાંથી આપે અને આ આવે તો તૈયાર ઊની ઊની પાધરી થાળીમાં પડે સીધી. એટલે ... અને ઘી રાખ્યું હોય જોડે, નાખે ફટ આમ લઈને. આહા..હા..! જડ છે, એ તો જડની પરિણતિ છે. એ જડની પરિણતિ તારે કરવી છે? તારાથી થાય છે? તું કરી શકે છો? અને એ જડની પરિણતિથી તને ઇન્દ્રિયજ્ઞાનમાં લાભ થાય છે? બિલકુલ નહિ. એ તો ક્ષયોપશમ હોય એટલું જ્ઞાન થાય છે. આહા..હા..! એ.. જેઠાલાલભાઈ! ભારે માર્ગ ભાઈ! આહા..હા..!

જુઓને! '**જીવતો હોવાથી પરપરિણતિનો (-પરને પરિણમાવવાનો)**...' મિથ્યાત્વ છે ને એટલે એને કોઈ રીતે ઇન્દ્રિયો આમ થાય, આમ રહે, આમ થાય તો આમ થાય, આમ થાય તો આમ થાય—એ અભિપ્રાય એનો ખસતો નથી. આંખ આવી રહે, કાન આવા રહે, નાક આવું રહે, જીભ આવી રહે. સમજ્યાને? જુઓને, કેટલા રાજા, મહારાજા નાના છોકરા હોય ને બોલવાની .. ન હોય તો ચકલાની જીભ ખવરાવે. છોકરા બોલતા ન હોય નાના છોકરા પછી... ચકલાની જીભ બહુ ઝીણી હોય અને અવાજ ઝીણો તીખો હોય ચકલાનો. એટલે ચકલાની જીભ મારીને ભલે મરી જાય પણ એ જીભ કાઢી પચાસ-સો ચકલાની જીભ લઈને એનો કરે શીરો. ઘી-સાકરમાં નાખીને ખવરાવે તો એ કંઠ થાય ઓલો. મરી જઈશ. આ અભિપ્રાય મિથ્યાત્વનો ક્ષણે ક્ષણે જીવને મારી નાખે છે. અને અમારી ભાષા તેજ થશે, આમ થાશે, તે થશે. ઇન્દ્રિયજ્ઞાનમાં મિથ્યાત્વ જીવતું હોવાથી પરપદાર્થની પરિણતિને પરિણમાવી દઉં એવો અભિપ્રાય કરતો હોવા છતાં '**પદે પદે (ડગલે ડગલે) છેતરાતું થકું**,...' પર્યાયે પર્યાયે છેતરાઈ જાય છે. એ ઇન્દ્રિયો પરિણમવી, ન પરિણમવી એ કાંઈ તારે આધીન નથી. પણ આમ કરું તો આમ થાશે, આમ કરું તો આમ થાશે, ભોગ લેવા માટે આમ થાશે, ભોગ વિષયનો લઉં તો આમ થાય, ફલાણું આ સ્પર્શની ઇન્દ્રિયને આમ અડું તો આમ થાય, આમ અડું તો આમ થાય, આમ થાય તો આમ થાય. મરી ગયો, અભિપ્રાય ઇન્દ્રિયના જ્ઞાનવાળો એ અભિપ્રાયથી હણાઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું પણ આચાર્યે પણ એક એક વાતને કેટલી ખુલ્લી મૂકી છે!

'**(-ડગલે ડગલે) છેતરાતું થકું**,...' કોની સાથે છેતરે છે? પોતે પોતાને છેતરે છે. તું પરને ક્યાં છેતરતો હતો? આહા..હા..! એવા ઇન્દ્રિયજ્ઞાન '**પરમાર્થે અજ્ઞાન ગણવાને જ યોગ્ય છે.**' લ્યો! સમજાણું કાંઈ? એવા ઇન્દ્રિયજ્ઞાન '**પરમાર્થે અજ્ઞાન ગણવાને જ યોગ્ય છે. આથી તે હેય છે.**' લ્યો! એ કાલે ઉતાવળથી થઈ ગયું હતું ને. બાકી છે ખ્યાલ હતો. ભાવ ઘણાં ભર્યા છે આમાં. ઘણું ભર્યું છે અંદર. કહો, સમજાણું? મનસુખભાઈ! કહો આવું છે આ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાવાર્થ. ઓહોહો..હો..! આચાર્યોએ પણ કેવી જ્ઞાનની ક્ષયોપશમદશા જેમાં નિમિત્ત થઈ છે એ વાણીની ધારા શબ્દોથી નીકળી છે. એમાં જ્ઞાનની નિમિત્તતા, જ્ઞાનનો ક્ષયોપશમ કેવો

અંદર હતો એ અંદર પ્રસિદ્ધ થાય છે. સમજાય છે? કર્તા નહિ હોં! પણ એવું આવે વાણીથી એની પાછળ ક્ષયોપશમજ્ઞાન કેવું હતું એમ પ્રસિદ્ધિને પામે છે.

'**ભાવાર્થ :- ઇન્દ્રિયજ્ઞાન ઇન્દ્રિયોના નિમિત્તથી મૂર્ત સ્થૂલ ઇન્દ્રિયગોચર...**' એટલે ઇન્દ્રિયથી જણાય એવું. એટલા '**પદાર્થોને જ જ્ઞાનના ક્ષાયોપશમિક ઉઘાડ અનુસાર જાણી શકે છે.**' લ્યો! ઓહો..! ઇન્દ્રિયો અને ઇન્દ્રિયજ્ઞાનનું લક્ષ છોડી દે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અતીન્દ્રિય એવો ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ એવા આનંદસ્વરૂપ જ્ઞાતા ત્રિકાળ એની દૃષ્ટિ કર, તો સુખ થવાનો રસ્તો છે, બાકી હેરાન થવાના રસ્તા છે એમ કહે છે. ઓહો..હો..!

'**ઇન્દ્રિયજ્ઞાન...**' પાંચ ઇન્દ્રિય અને મનથી પરોક્ષ થતું. હમણા પરોક્ષની વ્યાખ્યામાં નાખશે એ બધું. સમજાણું? આવે છે ને પછી? પરોક્ષ જ્ઞાન આવે છે કે નહિ? જુઓ! ૧૦૦મે પાને. પછી આવે છે જુઓ! '**जं परदो विण्णाणं तं तु परोक्खं ति भणिदमट्ठेसु।**' એ કહે છે લ્યો! '**परदो**' ત્યાં પરોક્ષની વ્યાખ્યા છે. મન અને ઇન્દ્રિય બધી પર, એનાથી થતું જ્ઞાન બધું પરોક્ષ છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને ઇન્દ્રિયના નિમિત્તનું પરોક્ષ જ્ઞાન થોડું હોય છે પણ તે હેયબુદ્ધિએ વર્તે છે. સમજાણું કાંઈ? જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ છે તેની દૃષ્ટિથી અને તેના જ્ઞાનથી થયું જ્ઞાન તે જ ઉપાદેયપણે વર્તે છે. આહા..હા..! કહો, વ્યવહાર, કષાય મંદ આદિ તો હેય, પણ ઇન્દ્રિયના નિમિત્તથી થતું જ્ઞાન પણ જ્ઞાનીને હેય છે. ત્યાં મિથ્યાત્વ જીવતું નથી પણ નબળાઈનો ભાવ તેઓને લઈને એવો મતિ ઇન્દ્રિય મનથી થાય છે એ બધું હેય છે. આહા..હા..! ભારે વાત!

એ આમ આંખથી જે આમ થાય છે, બધું થાય છે એ, કહે છે, એ જ્ઞાન હેય છે એમ કહે છે. આહા..હા..! જે ભગવાન આત્મા અનાકુળ જ્ઞાન અને આનંદનો કંદ છે એને આશ્રયે થતી જે જ્ઞાન આદિ દશા તે સાચું જ્ઞાન છે કે જે જ્ઞાન સુખનું સાધન છે. સાથે આનંદ લેતું આવે. એ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત પડે આવી હોં મોટી ઓલા મુંબઈમાં ને...

'**ઇન્દ્રિયજ્ઞાન ઇન્દ્રિયોના નિમિત્તથી મૂર્ત સ્થૂલ ઇન્દ્રિયગોચર પદાર્થોને જ જ્ઞાનના ક્ષાયોપશમિક ઉઘાડ અનુસાર જાણી શકે છે. પરોક્ષ એવું તે ઇન્દ્રિયજ્ઞાન ઇન્દ્રિય, પ્રકાશ આદિ બાહ્ય સામગ્રીને શોધવારૂપ વ્યગ્રતાને...**' એમાં બાહ્ય બધું આવી ગયું મન આદિ એમાં. ઉપાત્તમાં આવ્યું હતું ને. '**બાહ્ય સામગ્રીને શોધવારૂપ વ્યગ્રતાને લીધે અતિશય ચંચળ-...**' માણસ કહે છે ને કે ભાઈ જો મન મળે ને ત્યારે ધર્મ થાય. મન વિનાના પ્રાણીને કાંઈ ધર્મ થાય? પણ એનો અર્થ શું? કે એ જ્યાં મનવાળા પ્રાણી છે એની દૃષ્ટિ જ્યારે દ્રવ્ય ઉપર જાય ત્યારે તેને ધર્મ થાય. એવી દૃષ્ટિ મન વિનાના પ્રાણીને જવાનો અવસર નથી એમ કહે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્યાં મન નથી એવા પ્રાણીને અંતર દૃષ્ટિ થવાનો અવકાશ એને છે જ નહિ. અને મનવાળાને અંતર દૃષ્ટિ થવાનો અવકાશ છે એ મન છે માટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલા પ્રાણી મન વિનાના એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય મન વિનાના (છે) એને તો અંતર દૃષ્ટિ થવાનો અવકાશ જ નથી, યોગ્યતા જ નથી એની. પણ જેને મન મળેલું છે એવા જે પ્રાણી, મન મળ્યું છે અને મનથી ક્ષયોપશમ છે એ કારણે દૃષ્ટિનો અવકાશ છે એમ નથી, પણ તે કાળમાં તેને દૃષ્ટિ થવાને લાયકાત એ હોઈ શકે છે. ભારે વાત!

મુમુક્ષુ :- એને અવકાશ છે?

ઉત્તર :- એને અવકાશ છે. જ્યાં મન નથી એને તો કાંઈ સાંભળ્યું નથી, વિચાર્યું નથી. આ સાંભળ્યું અને વિચાર્યું છે છતાં એ કાંઈ અંતરની દૃષ્ટિમાં કામ કરતું નથી. આરે.. આરે.. ભારે વાત ભાઈ! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન, સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.' લ્યો! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી ચરણ સેવા. ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.' ભગવાન આત્માની સેવા, પરમાત્માની સેવા એટલે જ આત્માની સેવા. સમજાણું કાંઈ? એ જ્ઞાનાનંદ ભગવાન આત્મા એને અંતર્મુખ થઈને એની સેવા કરવી એ મહા અલૌકિક પુરુષાર્થ છે. એમાં મન હતું અને મનથી જ્ઞાન થતું માટે તેને અહીં જ્ઞાન થવાનો અવકાશ છે એમ નથી. પણ એને આવું હોય ત્યાં અવકાશ છે એટલી વાત છે. એ સ્વતંત્ર થવાનો કાળ છે એ. ભારે વાત! સમજાણું કાંઈ?

**'ઈન્દ્રિય, પ્રકાશ આદિ બાહ્ય સામગ્રીને શોધવારૂપ વ્યગ્રતાને (–અસ્થિરતાને) લીધે અતિશય ચંચળ–ક્ષુબ્ધ છે, અલ્પ શક્તિવાળું હોવાથી ખેદખિન્ન છે,...'** લ્યો! **'चित्तखेदकारणं भवति'** છે ને? સંસ્કૃત ટીકામાં છે. ઓલામાં પણ છે સંસ્કૃત. પણ આમાં **'चित्तखेदकारणं'** મનને ખેદનું કારણ. જોયું આ ઈન્દ્રિયજ્ઞાન એ. **'પર પદાર્થોને પરિણમાવવાનો અભિપ્રાય કરતું હોવા છતાં...'** ક્ષણે ને પળે ઈન્દ્રિયજ્ઞાન, આ આંખને આમ રાખું, કાનને આમ રાખું, ફલાણાને આમ રાખું અથવા બીજા પદાર્થ જોવા માટે એ જ્યાં પદાર્થ પડ્યા હોય ત્યાં પ્રકાશ રાખું, એ પદાર્થ ત્યાં પ્રકાશના નજીકમાં રાખું તો મને બરાબર જ્ઞાન થાય, એ પરપદાર્થને પરિણમાવવાનો અભિપ્રાય કરતું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગ્રત થતા શમાય.

ઉત્તર :- શમાય, પણ જાગ્રત થતા શમાય ને? એ જાગ્રત થવું એ પહેલાં આ થયું હતું માટે થાય છે એમ છે નહિ. સ્વપ્નું આવ્યું હતું માટે જાગ્રત થયો એમ છે?

મુમુક્ષુ :- સ્વપ્નું આવ્યું હોય તો જાગ્રત થાય જ.

ઉત્તર :- પણ સ્વપ્નું આવ્યું હતું માટે જાગ્રત થયો એમ છે? જાગ્રત થવાની સ્વતંત્રતા ભિન્ન છે. એમ કહે છે એ તો. શું કીધું? બહારનો ક્ષયોપશમ છે મન ઇન્દ્રિય આદિનો તેથી ચિંતનમાં, દૃષ્ટિમાં કામ કરે છે જરીએ? આહા..હા..! એવો માર્ગ ચૈતન્યનો છે. નિરાલંબ માર્ગ છે, નિરપેક્ષ માર્ગ છે. જેને મન અને ઇન્દ્રિયથી થતાં જ્ઞાનની પણ અંતર્મુખ દૃષ્ટિમાં જેની અપેક્ષા નથી. એવો ભગવાન આત્મા નિરપેક્ષ તત્ત્વ છે. આહા..હા..! કાયરના કાળજા કંપે એવી વાત છે. ભીખાભાઈ! 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' કાયરને તો અરેરેરે..! આવો અર્થ! અરે..! એકાંત થઈ જાય છે વળી એમ રાડ પાડે. એકાંત થઈ જાય છે. હવે સાંભળને, એ એકાંત જ થાય ત્યારે એને સમ્યગ્જ્ઞાન થાય. સ્વ તરફ ઢળે ત્યારે જ એને સમ્યગ્જ્ઞાન થાય. સ્વ એકાંત સ્વધર્મને એકાંતમાં પકડે ત્યારે ધર્મ થાય. આહા..હા..! સમજાણું?

**'પર પદાર્થોને પરિણમાવવાનો અભિપ્રાય કરતું હોવા છતાં પગલે પગલે ઠગાય છે...'** આહા..હા..! ઇન્દ્રિયજ્ઞાનથી કાંઈક ક્ષયોપશમ કાંઈક દેખાણો. એમાં કાંઈક કામ કરે ને. એમાં જો પાંચ, પચાસ (હજાર), લાખ બે લાખ મળી ગયા ત્યાં તો આહા..હા..! એ ઠગાય છે, સાંભળને. એ તો પૂર્વના પુણ્ય હતા તો આવ્યું, તારી બુદ્ધિથી આવ્યું નથી. હવે તો આપણે આમ કર્યા ને ભાઈ હવે એને આમ રાખો. એક સંચો આવો કર્યો તો આટલું મળ્યું તો આપણે હવે પાંચ સંચા કરી નાખીએ તો બહુ મળશે. ઠગાય છો, ધૂળમાંય નથી, સાંભળને! પરપદાર્થથી મળતું હશે? એ તો આવવાનું હોય આવે તે કાળે પરમાણુ, એમાં તને શું છે? પણ ઠગાય છે કહે છે. એય..! મલુકચંદભાઈ! ઠગાય છે? ઇન્દ્રિયથી જોવે ને આમ. આહા..! જુઓ આમ થયું હતું ને, આમ થયું હતું ને, આમ થયું હતું ને. થયું હતું ને પણ? કે કર્યું હતું તેં?

મુમુક્ષુ :- કર્યા વિના થાય?

ઉત્તર :- કર્યા વિના થયું છે એમ કહે છે. તારું ઇન્દ્રિયજ્ઞાન એમ માની લે કે જાણે આ મેં કર્યું માટે થયું, આમ કર્યું ને, બુદ્ધિ લગાડી ને. બુદ્ધિ લગાડી (માટે થયું).

મુમુક્ષુ :- નજર પહોંચું.

ઉત્તર :- હા નજર પહોંચુ. સમજ્યાને શું કહેવાય તમારે ઓલા સટ્ટામાં કાંઈક કહે છે ને? વેરાવળના ગીરધરભાઈ નહોતા કહેતા? ટોન. એ ટોન કહેતા હતા ને. ગીરધરભાઈ કહેતા. ટોન લગાવજો. કયો ભાવ છે એ મગજમાં આવવું જોઈએ. ઓહો..હો..!

મુમુક્ષુ :- નજર પહોંચી જાતી હશે.

ઉત્તર :- પહોંચી જાય. બ્રહ્મચારી માણસ હતો અને એમાંથી સપના પણ એવા આવી જતા ભાવમાં કોઈ. એવો ભાવ આવે. એને બહુ રૂપિયા ન આવે. જેને કહે એને પૈસા આવે. એને તો સો રૂપિયા જોતા બાર મહિને. સો રૂપિયા રળતો બસ. સો રૂપિયા હોં!

બાર મહિને. મહિને કેવા હતા? આ તો ફાટેલ બધા અત્યારના છે. પાંચસો. રાતે પૂછેલું કાલે, કેટલું ભાડું આવે છે? પાંચસો. શું કરો છો? મહિના પાંચસો. એકલા છે વાંઢા વાંઝિયા. મેં પૂછી જોયું હતું કાલે. મેં કીધું, આ કેટલું શું કરો છો તમે? કે ભાડુ સવાસો આવતું મહિનાનું. મકાન છે ને મોટું પચાસ .. એકલા છે. પચાસ-સાંઈઠ હજારનું મકાન છે, પાંચસોનું ભાડુ આવે છે મહિને. પછી શું? બધું ખાઈ જાય ને ઉડાડી દે. મરી ગયા પછી? એ લખી દીધું છે. મરી ગયા પછી કરશે. પાંચસો જોવે ખાવાના. .. કેટલી? એઈ..! ઓલું તો દસ રૂપિયા, પંદર. અત્યારે વળી હોય તો પચ્ચીસ રૂપિયા. પણ એટલી બધી છત અને અછત ગોઠે છે. એ ઈન્દ્રિયજ્ઞાન આવું છે એમ કહે છે. છેતરાય છે. આ તો શરીર સારું રહે છે, આપણે આમ છે ને આપણે આમ કરીએ છીએ, એમાં આમ રહે છે.

'(કારણ કે **પરપદાર્થો આત્માને આધીન પરિણમતા નથી**);...' એ શાક ને રસોઈ કાંઈ આત્માએ કલ્પના કરી માટે આવતા નથી. ભારે વાત ભાઈ! આહા..હા..! કાચી કેરી લ્યો સોંઘી પહેલી, એને નાખો બાફમાં, પાકી થાય ને સરખી. ત્યાં બફાઈ જાય બધી. થાય ઘણીવાર એવું થાય. કાચી કેરી હોય ને પહેલી. સોંઘી મોટી હોય, પછી ચાર, છ દિ', આઠ દિ' રાખે ઓલામાં ત્યાં બધી સડી જાય.

મુમુક્ષુ :- આ તો પાકલ કેરી બે હુશિયાર.

ઉત્તર :- હા તે બે હુશિયાર બધા સમજવા જેવા છે. એમાં પાકલ હોય તો ખાટી થઈ જાય એકલી. એ જાણે પાકું થાશે તો ગળી થાશે, ત્યાં એકલી ખાટી. આહા..હા..! ખાટી બડા. એ જાણે કે આમ રાખશું, ફલાણું કરશું ને પછી સોંઘી મળી જાય છે હમણા. બે રૂપિયે મણ. પછી ઓલી તો વીસ રૂપિયે મણ થાય. કરો, ધૂળેય નહિ થાય સાંભળને. તારા બધાય જાશે. ઈન્દ્રિયજ્ઞાન શું કરે? એ તો ત્યાં પરિણમવાનું હોય એ પરિણમશે. આહા..હા..! એય..! મલુકચંદભાઈ! ભારે ઠગાય છે.

'**તેથી પરમાર્થે તો તે જ્ઞાન અજ્ઞાન નામને જ યોગ્ય છે.**' લ્યો, એ અજ્ઞાન જ છે કહે છે. આહા..હા..! ભગવાન આત્મા જેમાં જ્ઞાન ભરેલું અનંત બેહદનું જ્ઞાન જેમાં છે, એમાં દૃષ્ટિ આપતા જે જ્ઞાન થાય તે જ્ઞાન કહેવામાં આવે છે. ઈન્દ્રિય અને મનથી જ્ઞાન ઠગાયેલું જ્ઞાન તેને અજ્ઞાન કહેવાય છે. ઓહોહો..! આચાર્ય જુઓને હેય-ઉપાદેય અહીં (વર્ણવે છે). હજી ઓલાને વાંધા ઊઠે છે. દેહની ક્રિયા હેય જડની ક્રિયા? જડની ક્રિયા છે. ભાઈ! જડની શું, લાખ જડની. આ તો મૂર્ત કહેવું જ્ઞાન એ પણ જડ છે એમ અહીં તો કહે છે. સાંભળને. હવે તારી દેહની ક્રિયા તો જડ છે અને કષાયની મંદતા એ પણ જડ છે. પણ ઈન્દ્રિય અને મનથી થતું જ્ઞાન તેને મૂર્ત જ્ઞાન કહીને અચેતન કહ્યું છે. જો ચેતન હોય તો આત્માને લાભ થવો જોઈએ. લાભ થતો નથી માટે તેને અચેતન કહેવામાં આવે છે. આહા..હા..! એ ૫૫ થઈ લ્યો!

**'હવે ઇન્દ્રિયો માત્ર પોતાના વિષયોમાં પણ યુગપદ્ નહિ પ્રવર્તતી હોવાથી...'** લ્યો! એક ઇન્દ્રિય પણ તેના વિષયમાં યુગપદ્ પ્રવર્તતી નથી. **'ઇન્દ્રિયજ્ઞાન હેય છે એમ નક્કી કરે છે :—'** માટે ઇન્દ્રિયજ્ઞાન છોડવાલાયક છે.

**फासो रसो य गंधो वण्णो सद्दो य पोग्गला होंति।**
**अक्खाणं ते अक्खा जुगवं ते णेव गेण्हंति।।५६।।**
**રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્ગલિક તે**
**છે ઇન્દ્રિયવિષયો, તેમનેય ન ઇન્દ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.**

એક સ્પર્શને જોવા જાય ત્યાં રસ ન આવે અને રસનું ચાખવાનું લક્ષ કરે ત્યાં સ્પર્શ ન હોય, એમ કહે છે. એક ઇન્દ્રિય એક એકને જાણે. કાગડાનો દાખલો આપશે ને. કાગડાનો દાખલો આપશે. કાગડાને એક જ ડોળો હોય છે. કોડા બે હોય એમ ફાંકા, પણ ડોળો એક હોય. એકદમ ફેરવે. સમજાય છે? શીઘ્રપણે (ફરે) એટલે જાણે બીજાને એમ લાગે ડોળા બે હશે અંદર. ડોળો તો એક જ હોય એને. એમ પાંચ ઇન્દ્રિયોમાં એક ઇન્દ્રિય તરફ લક્ષ જાય ત્યારે તે ઇન્દ્રિયનું કામ કરે, બીજી ઇન્દ્રિયથી જ્ઞાન થાય નહિ. કાગડાની આંખની જેમ. સમજાણું કાંઈ? આમ જાણે એવું લાગે (કે) સાંભળું પણ છું અને જોઉં પણ છું. એકદમ ફરે છે ને. એમ કહે છે. કાગડાની આંખ એકદમ આમ ચક્કર-ફક્કર ફટ ફટ આમ થઈને આમ. આને પણ એમ થાય કે સાંભળું પણ છું અને જોઉં પણ છું. એમ નથી. સાંભળવા ટાણે જોવાનું જ્ઞાન નથી અને જોવું (થાય) ત્યારે સાંભળવાનું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં લઈ જાય છે જુઓને વાતને.

**'અન્વયાર્થ :- સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ—'** ભાષા છે **'કે જેઓ પુદ્ગલ છે તેઓ—ઇન્દ્રિયોના વિષયો છે. (પરંતુ) તે ઇન્દ્રિયો તેમને પણ યુગપદ્ ગ્રહતી (-જાણતી) નથી.'** એક સાથે પાંચેયને જાણી શકતી નથી. ઓલો રાજા નહોતા કહેતા,.. કાંઈક નહિ? મહંમદ એવો કોક. મહંમદ બેગડો નહોતો? હીરાચંદ માસ્તર કહેતા કે પાંચ ઇન્દ્રિયના વિષય એક સાથે ભોગવું. આમ લાડવા ખાતો હોય, વેશ્યા નાચતી હોય, ફૂલના ઝાડની મધ્યમાં બેઠો હોય, સુગંધ... સુગંધ... સમજાય છે? સ્પર્શમાં આમ ઠંડી હવા આવતી હોય સ્પર્શની, એક કોર વાજા વાગતા હોય. પાંચેય ઇન્દ્રિયના એક સાથે લઉં છું એમ માનતો હતો એ મહંમદ બેગડો. ગૃદ્ધિ છો, સાંભળને. એક ઇન્દ્રિય તરફનું લક્ષ કરે ત્યારે બીજી ઇન્દ્રિયનું લક્ષ હોતું નથી. કાગડાના ડોળાની પેઠે. તને એમ લાગે છે કે બધું એક સાથે આમ ખાઉં પણ છું, જોઉં પણ છું, સુંઘું પણ છું, સાંભળું પણ છું. સમજાણું? સ્પર્શું પણ છું, ગંધ પણ લઉં છું, રસનો સ્વાદ (લઉં છું). એ બધું તને લાગે છે, એમ છે નહિ. એ પરાધીનમાં એક ઇન્દ્રિયનું એક જ જ્ઞાન થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૬, રવિવાર, તા. ૨૭.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૬-૫૭, પ્રવચન-૪૮**

અહીંયા એમ કહે છે કે આ જ્ઞાનતત્ત્વ એવો જે આત્મસ્વભાવ એ અંતર્મુખ થઈને એની જ્ઞાનદશા પ્રગટ થાય તે અતીન્દ્રિય જ્ઞાન, અને તે અતીન્દ્રિય જ્ઞાન સુખનું સાધન છે. સમજાણું? ઈન્દ્રિયજ્ઞાન તો દુઃખનું સાધન છે એમ કહે છે. સમજાય છે કાંઈ? કારણ કે જ્ઞાન છે પોતાનું અને ઈન્દ્રિયોના નિમિત્તથી થાય એ તો પરાધીન છે. એથી તે ઈન્દ્રિયથી થતું જ્ઞાન તે હેય છે, એ પણ આત્માના કલ્યાણ માટે કામનું નથી. અતીન્દ્રિય આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય જે જ્ઞાનતત્ત્વ છે ને? જ્ઞાનનું સત્ત્વ છે, જ્ઞાનભાવ છે અંતર એ વસ્તુ અતીન્દ્રિય છે, એને જ્ઞાનની પર્યાય અતીન્દ્રિય દ્વારા એને અંતરમાં સ્પર્શતા જે કાંઈ જ્ઞાન થાય તે સુખ અને આનંદનું કારણ અથવા સાધન છે. તે જ્ઞાન ઉપાદેય છે પ્રગટ કરવાની અપેક્ષાએ. સમજાણું કાંઈ? ઈન્દ્રિયજ્ઞાન પોતાના વિષયોમાં પણ એક સાથે સરખું બધું ઈન્દ્રિયો જાણતી નથી. એક ઈન્દ્રિય જાણે તો બીજી ઈન્દ્રિયનું જ્ઞાન બહાર પડ્યા હોય ખાલી આ, આંખ આમ જાણે, કાન તો પડ્યો હોય છતાં એ દ્વારા જણાય નહિ. તે ઈન્દ્રિય દ્વારા જાણવાનું જ્ઞાન એ બધું હેય છે. એ વાત કરે છે જુઓ!

૫૬મી ગાથાની '**ટીકા :- મુખ્ય એવાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ તથા શબ્દ—કે જેઓ પુદ્ગલ છે...**' પુદ્ગલના મુખ્ય ગુણો. ગુણ એટલે કે જે બીજામાં છે એવા એમાં છે. પુદ્ગલોમાં અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ ગુણો છે પણ એ મુખ્ય નથી, પુદ્ગલની મુખ્યતા નથી. કારણ કે એવા ગુણો તો બીજામાં પણ છે. પુદ્ગલો જે આ શરીર, વાણી આદિ એના મુખ્ય ગુણો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ-રંગ, શબ્દ કે જેઓ પુદ્ગલ છે. '**તેઓ--ઈન્દ્રિયો વડે ગ્રહવાયોગ્ય (-જાણવાયોગ્ય) છે.**' જડ જે શબ્દ, રૂપ, રસ, ગંધ અહીંથી લીધું છે. ઈન્દ્રિય સ્પર્શથી લીધું છે. અહીંથી નથી લીધું. સ્પર્શ, રસ, રંગ, ગંધ અને શબ્દ. સમજાણું કાંઈ? કારણ કે સ્પર્શ વિના તો કોઈ દિ' રહેતો નથી. ચાર વિના અને શબ્દ વિના તો હોય છે એકેન્દ્રિયમાં. એટલે સ્પર્શ, રસ, ગંધ, રંગ, શબ્દ એ પુદ્ગલના મુખ્ય ગુણો છે એ ઈન્દ્રિયો વડા જણાવાયોગ્ય છે.

'**(પરંતુ) ઈન્દ્રિયો વડે તેઓ પણ યુગપદ્ ગ્રહાતા (-જણાતા) નથી,...**' સમજાણું? પુદ્ગલમાં સ્પર્શ, રસ, ગંધ, રંગ અને શબ્દ એ ઈન્દ્રિયો દ્વારા જણાય છતાં તે એક સાથે ઈન્દ્રિયો દ્વારા જણાતા નથી. '**કારણ કે ક્ષયોપશમની તે પ્રકારની શક્તિ નથી.**' જ્ઞાનના ઉઘાડની તે પ્રકારની લાયકાત નથી કે એક ઈન્દ્રિયને જાણતા બીજી ઈન્દ્રિયો સાથે જાણે એવી એનામાં યોગ્યતા નથી. '**ઈન્દ્રિયોને જે ક્ષયોપશમ નામની અંતરંગ (-અંદરની)**

**જાણનારી શક્તિ...**' ક્ષયોપશમ. આ શક્તિ એટલે પ્રગટ છે હોં! ક્ષયોપશમ નામની કીધી છે ને? ઉઘાડ નામની શક્તિ છે અંદરમાં વિકાસ, એવી '**શક્તિ તે કાગડાની આંખના ડોળાની જેમ...**' કાગડાને બે કાણા હોય, ડોળો એક હોય કાગડાને. ઘડીકમાં આમ ફરે. કામ એક ડોળાથી છે એને લેવાનું. અહીં જ્યારે હોય તો અહીંથી જાણે, અહીં હોય તો અહીંથી જાણે. '**કાગડાની આંખના ડોળાની જેમ ક્રમે પ્રવર્તતી...**' ઇન્દ્રિયો ક્રમે જણાય. તે રીતે દેખો.

'**અનેકતઃ પ્રકાશવાને (એકી સાથે અનેક વિષયોને જાણવાને) અસમર્થ છે...**' એક સાથે બધી ઇન્દ્રિયોનું જ્ઞાન થવાને તેની લાયકાત નથી. જુઓ! નિમિત્ત હેય, દ્રવ્યકર્મ આદિ હેય, પુણ્ય-પાપના વિકલ્પ હેય, પણ ઇન્દ્રિયજ્ઞાન પણ હેય. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય ભગવાન આત્મા જેમાં જ્ઞાનસ્વરૂપ જ, પોતે જ્ઞાનતત્ત્વ જ છે આખું. એનો આશ્રય કરવાથી જે જ્ઞાન થાય, તે જ્ઞાન સુખરૂપ અને સુખનું કારણ છે. કહો, સમજાણું આમાં? કહો, આ સંસારના બધા ભણતર આ એલ. એલ.બી. અને બી.એ. ને ડોક્ટરના બધા શું કહેવાય સમજાય છે? એય..! એમ.બી.બી.એસ. અને બી.એસ.સી., આ વકીલાતના જાણપણા એ બધા, કહે છે કે દુઃખરૂપ છે, ઇન્દ્રિયજ્ઞાન છે બધા. દાસ! આ બધા મીલના જ્ઞાન હુશિયારીપણા મીલનું આમ કરે, કાપડનું આમ કરે, ઢીંકણું આમ કરે, સંચા આમ કરવા. કરી શકે નહિ હોં! પણ એનું જ્ઞાન એમાં કામ કરે કે આનું આમ થાય, એ ઇન્દ્રિયજ્ઞાન એક સાથે બધી ઇન્દ્રિયોને જાણવામાં ક્ષયોપશમની શક્તિ એટલી એવી તાકાતવાળી નથી.

'**ક્રમે પ્રવર્તતી હોવાને લીધે અનેકતઃ પ્રકાશવાને અસમર્થ છે તેથી દ્રવ્યેન્દ્રિય-દ્વારો...**' શું કહે છે? આ ફાંકા છે બધા કાણા. '**દ્રવ્યેન્દ્રિય દ્વારો વિદ્યમાન હોવા છતાં...**' દ્રવ્યેન્દ્રિય દ્વારો હયાત હોવા છતાં. આ દ્રવ્યેન્દ્રિય છે બધી જડ. એની હયાતી હોવા છતાં. દ્રવ્યેન્દ્રિયના દ્વાર ખુલ્લા હોવા છતાં. આ તો ખુલ્લા છે કે નહિ? ભાવ ખુલ્લો અંદર નથી. '**દ્રવ્યેન્દ્રિય દ્વારો વિદ્યમાન હોવા છતાં સમસ્ત ઇન્દ્રિયોના વિષયોનું જ્ઞાન એકીસાથે થતું નથી,...**' કહો, સમજાણું કાંઈ? જ્ઞાન ઇન્દ્રિય દ્વારા એકનું કરે ત્યારે બીજાનું ન થાય, બીજાનું કરે ત્યારે પહેલાનું ન થાય. કારણ કે ક્ષયોપશમની એવી જ યોગ્યતા છે. સમજાણું કાંઈ?

'**કારણ કે ઇન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે.**' એમ. કારણ કે ઇન્દ્રિયજ્ઞાન પરનો આશ્રય લેવા મથે છે. આવી ગયું હતું ને પહેલા? કાલે જ આવ્યું હતું ને? પરપરિણતિનો અભિપ્રાય કરતું હોવાથી. આંખ સરખી રહે, આમ રહે.. આમ રહે.. લ્યો સમજાણું? આહા..હા..! લ્યો! આંખમાં કેન્સર થાય છે કહે છે. મેં આજે સાંભળ્યું આંખનું કેન્સર. ભાઈ એક આવ્યા હતા ને. રતિભાઈના સાળા. માસ્તર નહિ? રતિભાઈના સાળા. અહીં આંખનું કેન્સર થયું છે. હમણા ગયા. કેન્સર આંખનું કેન્સર અહીં. જો નક્કી થશે કેન્સર તો આ ડોળો કાઢી નાખવો પડશે.

લ્યો દ્વાર છે ખુલ્લું છતાં એને કાઢી નાખવું પડે ઓલા ડોળાને. જુઓ આ પરાધીનતા. અને હોય છતાં કહે છે કે એક ઈન્દ્રિયના દ્વારમાં એનું લક્ષ જાય, બીજા ઈન્દ્રિય દ્વારો એમ ને એમ પડ્યા રહે. સમજાણું?

મકાનની બારી હોય પાંચ-છ, તો એક બારીમાંથી નજર કરે તો એકનું લક્ષ જાય. બીજી બારીઓ ખુલ્લી હોય છતાં તેનો ખ્યાલ આવે નહિ. શી રીતે આવે? એક સાથે આવે? એમ આ બધી બારીઓ છે પાંચ. એક બાજુ લક્ષ જાય તો એક બારીમાં અને બાકી બીજી બારી એમ ને એમ પડી રહે. સમજાણું કાંઈ? ઓલો તો ચૈતન્ય છે જાણનારો આ તરફથી જોતાં એકનું જ્ઞાન થાય તો બીજાનું થતું નથી. માટે તે ઈન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે. સમજાણું કાંઈ? પરોક્ષ છે એટલે કે છોડવાલાયક છે, હેય છે, આદરણીય નથી. સમજાણું? આહા..હા..! ભારે ભાઈ! ક્યાં લઈ ગયા? નિમિત્ત હેય, જડ હેય, બીજા આત્માઓ પણ આ આત્મા માટે હેય. વિકલ્પ ઊઠે પાપનો તે હેય, દયા, દાન વિકલ્પ ઊઠે તે હેય, આ ઈન્દ્રિયજ્ઞાન પણ હેય. આહા..હા..! છોડવાયોગ્ય છે કહે છે. એના તરફ આશ્રય કરવાલાયક નથી.

**'ભાવાર્થ :- કાગડાને આંખ બે હોય છે...'** આંખ બે હોય છે એને. **'પણ પૂતળી (-કીકી) એક જ હોય છે.'** જેમ આપણે બે કીકીઓ છે. આ બે કીકી છે ને આ? એને બે નથી, એને કીકી એક હોય. આંખ બે, કીકી એક, અહીં આંખ બે અને કીકી બે. **'જે આંખથી કાગડાને જોવું હોય છે તે આંખમાં પૂતળી આવી જાય છે;...'** આમ આવી જાય ફટ ફટ. **'તે વખતે તે બીજી આંખથી જોઈ શકતો નથી.'** બીજી આંખ એમ ને એમ પડી રહે. આમ ફરીને ત્યાં જોવે, આમ ફરીને અહીં જોવે. **'આમ હોવા છતાં પૂતળી એટલી ઝડપથી બે આંખોમાં ફરે છે કે બંને આંખોમાં જુદી જુદી પૂતળી હોય એમ લોકોને લાગે છે.'** લોકોને લાગે છે, ત્યાં નથી. જુઓ! દાખલો આપીને સિદ્ધાંત (સિદ્ધ) કરશે હોં! **'વાસ્તવિક રીતે પૂતળી એક જ હોય છે.'**

**'આવી જ દશા ક્ષાયોપશમિક જ્ઞાનની છે.'** હવે અંદર ઉઘાડ જે જ્ઞાનનો છે વર્તમાન વિકાસનો અંશ એનો પણ એ પ્રકાર પૂતળી જેવો છે. એક ઈન્દ્રિયમાં લક્ષ કરે તો બીજી ઈન્દ્રિયમાં હોય નહિ, પણ એકદમ ફરે ને તો એને ખ્યાલમાં ન આવે. જુઓ! સાંભળતા વખતે એને કાન છે અને સામે જોવે છે. એ જાણે કે એક સાથે બેનું જ્ઞાન થાય છે. સાંભળવાનું પણ જ્ઞાન સાથે થાય છે અને આ જોવાનું જ્ઞાન થાય છે. પણ એમ નથી. ઓલાની પૂતળી જે એકદમ ફરે છે એમ જ્ઞાનની દશા ઈન્દ્રિયમાં એકદમ ફરે છે, એકદમ ચકરાવો થાય છે. સમજાણું કાંઈ?

**'વાસ્તવિક રીતે પૂતળી એક જ હોય છે. આવી જ દશા ક્ષાયોપશમિક જ્ઞાનની છે. દ્રવ્ય-ન્દ્રિયરૂપી દ્વારો તો પાંચ છે...'** પાંચ છે ને? આ સ્પર્શ છે, જીભ, નાક, આંખ, કાન. **'ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક ઈન્દ્રિય દ્વારા જાણી શકે છે;**

તે વખતે **બીજી ઇન્દ્રિયો દ્વારા કાર્ય થતું નથી.'** જાણવાનું કાર્ય થતું નથી એમ. **'ક્ષાયોપશમિક જ્ઞાન જ્યારે નેત્ર દ્વારા વર્ણને જાણવાનું (-જોવાનું) કાર્ય કરતું હોય છે ત્યારે તે શબ્દ, ગંધ, રસ કે સ્પર્શને જાણી શકતું નથી અર્થાત્ જ્યારે તે જ્ઞાનનો ઉપયોગ નેત્ર દ્વારા વર્ણ જોવામાં રોકાયો હોય ત્યારે કાન પર શા શબ્દો પડે છે,...'** એની એને ખબર નથી. શું કહ્યું? એમ કહે. આમ આંખથી જોવાનો ઉપયોગ છે ત્યારે શબ્દમાં એનો ઉપયોગ નથી. એટલે એને શું કહ્યું? એમ કહે છે. અથવા કાનથી ખ્યાલ આવ્યો ત્યારે શું ગયું? શું થયું? એમ કહે. આંખથી જોયું નથી. એક જ ઇન્દ્રિય. જુઓ! આવું ખંડ ખંડ જ્ઞાન. ક્ષયોપશમ જ્ઞાન પાંચ ઇન્દ્રિયો દ્વારા એકસાથે કામ કરી શકતું નથી. એક દ્વારા (કરે છે) પણ એકદમ ફરે છે ને એવું એને લાગે. ભગવાનને દેખું પણ છું અને કોકના શબ્દ સાંભળું પણ છું. કહો, અહીં પણ જાણે સાંભળું છું અને દેખું છું.

**'જ્યારે તે જ્ઞાનનો ઉપયોગ નેત્ર દ્વારા રંગ જોવામાં રોકાયો હોય છે ત્યારે કાન પર શા શબ્દો પડે છે,...'** એની એને ખબર હોતી નથી. કાન પર શા શબ્દો પડે એની એને ખબર હોતી નથી. જુઓ! આ ઇન્દ્રિયજ્ઞાન પરાધીન અને આ માને કે સુખી છીએ અમે. માને છે કે નહિ? આ આબરૂ સાંભળે, રૂપ જોવે. કહો, રસ ચાખવાના ઉપયોગમાં હોય, મજા છે, હમણા તો અમારે બાદશાહી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આપણે નક્કી કરવું જોઈએ કે દુઃખ જો ન હોય તો એને આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવો જોઈએ. અતીન્દ્રિય આનંદ જે જ્ઞાનમાં નથી તે જ્ઞાન દુઃખરૂપ છે એમ તો સિદ્ધ થાય છે એની સાથે. અને આ દાખલો એના માટે સિદ્ધ કરે છે. સુખનું સાધન એવું અતીન્દ્રિય જ્ઞાન તે ઉપાદેય છે, દુઃખનું સાધન એવું જે ઇન્દ્રિયજ્ઞાન તે હેય (છે). એ માટે તો આ ગાથાઓ લીધી છે. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને. કહો.

**'જ્યારે જ્ઞાનનો ઉપયોગ નેત્ર દ્વારા વર્ણ જોવામાં રોકાયો હોય છે ત્યારે કાન પર શા શબ્દો પડે છે, નાકમાં કેવી ગંધ આવે છે...'** ખબર ન હોય એને. નાકમાં ગંધ આવતી હોય, પણ ઉપયોગ ત્યાં નથી, જોવામાં હોય છે એથી ગંધનું જ્ઞાન હોતું નથી. **'વગેરે ખ્યાલ રહેતો નથી. જોકે જ્ઞાનનો ઉપયોગ એક વિષયમાંથી બીજા વિષયમાં...'** ઓલી પૂતળી ઝડપથી ફરે છે ને? એમ **'એક વિષયમાંથી બીજા વિષયમાં ઝડપથી પલટાતો હોવાથી જાણે કે બધા વિષયો એકીસાથે જણાતા હોય એમ સ્થૂલ દૃષ્ટિએ જોતાં લાગે છે...'** સમજાણું કાંઈ? લાડવો છે. જુઓ! ઊનો હોય જરી ઊનો તાજો હોય. એટલે ઊનાનું જ્ઞાન થાય ત્યારે રંગનું પણ જ્ઞાન થાય છે, આ સાકરનો છે એમ જ્ઞાન સાથે થાય છે એમ લાગે. સમજાણું? ઊનાનું જ્ઞાન થાય, ભેગું મીઠાનું, સાકરનું આ લાડવા એમ પણ જ્ઞાન થાય અને આ ઘઉંનો લાડવો છે એવું જ્ઞાન થાય લ્યો! કે આ ચણાનો લાડવો છે.

એ આંખથી થાય અને સ્પર્શથી થાય. એ એક સાથે જાણે થતું હોય એમ લાગે છે પણ એમ છે નહિ. સ્પર્શ ઇન્દ્રિયમાં આમ જ્યારે અડે છે ત્યારે જે જ્ઞાન ઉપયોગ છે તે કાળે જોવાનો ઉપયોગ કામ કરતું નથી. આંખ એમ ને એમ કોડા પડ્યા હોય છે એમ કહે છે. કોડા એમ ને એમ રહે. આમ અડતો નથી. ઊનો ઊનો હોય છે ને લાડવો તો ઊનો ઊનો મગજનો. એનું જ્ઞાન હોય ત્યારે આંખ આમ ને આમ હોય, પણ છતાં આ લાડવો ધોળો છે ખ્યાલમાં ન હોય, સામે પડ્યો છે છતાં ખ્યાલ ન હોય. બરાબર હશે? પણ એકદમ ઝડપથી ઉપયોગ ફરે છે એટલે લાગે છે જાણે બેનું એક સાથે જ્ઞાન થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ ઇન્દ્રિયજ્ઞાનની પરાધીનતાની રીત બતાવે છે.

'**તોપણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક જ ઇન્દ્રિય દ્વારા પ્રવર્તતું સ્પષ્ટ રીતે ભાસે છે. આ રીતે ઇન્દ્રિયો પોતાના વિષયોમાં પણ ક્રમે પ્રવર્તતી હોવાથી પરોક્ષ એવું ઇન્દ્રિયજ્ઞાન હેય છે.**' ઓહો..હો..! તે તરફના વલણવાળું જ્ઞાન લક્ષ છોડવા જેવું છે, તેના ઉપરથી દૃષ્ટિ છોડી દેવા જેવી છે.

'**હવે ઇન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ નથી એમ નક્કી કરે છે :—**' લ્યો! ઇન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ નથી. પરોક્ષ છે માટે પ્રત્યક્ષ નથી. કેમ નથી પ્રત્યક્ષ? એને સિદ્ધ કરે છે. જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને આ બધો. ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવરૂપ છે, જ્ઞાનતત્ત્વરૂપ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનતત્ત્વમાં પોતાના સ્વભાવને પરની જેટલી અપેક્ષા રહે નિમિત્તની એ બધું પરોક્ષ જ્ઞાન છે, હેય છે, આશ્રય કરવાલાયક નથી. ઓહો..હો..! ભારે વાત! ભગવાનને સાંભળે ત્યારે તે કાને સાંભળે ત્યારે આંખે દેખાય નહિ. એવું છે. ભગવાન સમવસરણમાં બિરાજતા હોય લ્યો! દિવ્યધ્વનિ. નારદ ગયા ને? નહિતર કહે છે ને કે અમૃત રેડાય છે જાણે. એવું આવે છે કે નહિ?

મુમુક્ષુ :- સમયસારમાં પણ આવે છે.

ઉત્તર :- સમયસાર. ભગવાનની વાણી જાણે અમૃત રેડાય છે કાનમાં એમ લાગે લ્યો! અને રૂપ તો જાણે ઓહો..હો..! હજાર આંખથી જોવે ઇન્દ્રો તોપણ તૃપ્તિ થતી નથી એમ કહે છે. હજાર આંખ કરીને દેખે ભગવાનને લ્યો, તીર્થંકરના શરીરને. શરીરને આમ જોવા જાય છે... સમજાણું? ત્યારે તેને શબ્દ શું પડે છે એની ખબર હોતી નથી. કાન તો એમ ને એમ પડ્યા છે ફાંકા આ. ઉપયોગ એક ઠેકાણે જાય અને બીજે ઠેકાણે જાતો નથી. માટે ઇન્દ્રિયજ્ઞાન હેય છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? એ ૫૭માં કહે છે.

परदव्वं ते अक्खा णेव सहावो त्ति अप्पणो भणिदा।
उवलद्धं तेहि कधं पच्चक्खं अप्पणो होदि।।५७।।

'**તે ઇન્દ્રિયો પરદ્રવ્ય...**' આ બધી ઇન્દ્રિયો પરદ્રવ્ય. જોકે ભાવેન્દ્રિય પણ એમાં આવી જાય છે હોં! આવી ગઈ જુઓ, એમાં કહ્યું હતું ને? ભાવેન્દ્રિય કહ્યું જુઓ! જયસેનાચાર્યમાં

આવે છે. **'मूर्तशरीराधारोत्पन्नमूर्तद्रव्येन्द्रियभावेन्द्रियाधारणे'** છે. ૯૬ પાને છે. સંસ્કૃત જયસેનાચાર્યની વચલી લીટી. ત્રણ લીટીમાં વચલી લીટી. ... એને મૂર્ત કહ્યું છે. આ દ્રવ્યેન્દ્રિય આ ફાંકા એને મૂર્ત કહ્યું છે અને ઓલો ભાવેન્દ્રિય છે એને પણ મૂર્ત કહ્યું છે. સમજાણું? **'मूर्तशरीराधारोत्पन्नमूर्तद्रव्येन्द्रियभावेन्द्रियाधारणे'** મૂર્ત જ્ઞાન છે. આહા..હા..! મૂર્ત નિમિત્ત છે ને તેથી જ્ઞાનને મૂર્ત કહેવામાં આવ્યું છે. એ અમૂર્ત જ્ઞાન નથી. અમૂર્ત જ્ઞાન તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અંતરમાં લક્ષ કરીને જે જ્ઞાનપર્યાય પ્રગટ થાય તે દ્રવ્ય અમૂર્ત, ગુણ અમૂર્ત અને પર્યાય અમૂર્ત. એ જ્ઞાનને—અમૂર્ત જ્ઞાનને સુખનું સાધન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પૈસા સુખના સાધન નહિ, આ કુટુંબ, કબીલો, આબરૂ, શરીર આદિ સુખના સાધન નહિ. અહીં તો કહે કે ઇન્દ્રિયજ્ઞાન સુખનું સાધન નહિ. ક્યાં ગયા? માણસને પણ એવો રસ લાગી જાય. ધૂળ ભેગી થાય .. આહા..હા..! પણ શું છે બધું? એ તારા દુઃખના નિમિત્ત છે. એ તો છે પણ ઇન્દ્રિયનું જ્ઞાન દુઃખનું સાધન છે. હવે તારો આનંદ કે સુખ ક્યાં આવ્યું? આહા..હા..!

મુમુક્ષુ :- મૂર્ત જ્ઞાન તો જડ જેવું.

ઉત્તર :- જડ જેવું કીધું, અચેતન કહ્યું, અચેતન કહ્યું. ચેતનને લાભ નહિ તે અચેતન. આહા..હા..! ભાવેન્દ્રિયને અચેતન કીધી, જડને અચેતન કીધી. આહા..હા..! મૂર્ત, અજ્ઞાન તે મૂર્ત છે ને મૂર્ત. આહા..હા..! પહેલા કહ્યું હતું ને. આહા..હા..! તોપણ આ બધા સાધન બહાર છે, એ ક્યાં એનું છે. મથે છે, મથે કેટલો? મરીને પણ બહારની ઇન્દ્રિયની બુદ્ધિઓ વિકસાવું, એને એ સુખનું સાધન. મિથ્યાત્વને પોષે છે કહે છે. એમાં વળી બે-પાંચ લાખ પેદા થાય. આહા..હા..! એમાંથી લાખ, દોઢ લાખ, બે લાખ જાય. આંચકો આવે અંદર. આંચકો આવી જાય. શું છે પણ આ? બધી ભ્રમણા શેની લાગી આ?

અહીં તો કહે છે કે ઇન્દ્રિયના નિમિત્તમાં જે લક્ષ જાય છે તે એક ઠેકાણે જાય અને બીજે ઠેકાણે ન જાય માટે તે જ્ઞાન દુઃખરૂપ છે, એ આદરણીય છે નહિ. આહા..હા..! સમજાણું?

એનું હરિગીત.

**તે ઇન્દ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને;**
**તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઈ રીતે જીવને? ૫૭.**

'**અન્વયાર્થ :- તે ઇન્દ્રિયો પરદ્રવ્ય છે,...**' આ તો બધું પરદ્રવ્ય પરમાણુ, માટી, ધૂળ છે. આત્માને અને એને કાંઈ સંબંધ નથી. આત્મા અરૂપી જુદો અને આ રૂપી જડ જુદું. મૃતક કલેવર છે.

મુમુક્ષુ :- મૃતક કલેવર કોણ?

ઉત્તર :- શરીર. આ શરીર મૃતક કલેવર છે અત્યારે. પરમાણુમાં ચેતના નથી માટે મૃતક છે. આમાં છે ચેતના આ પરમાણુમાં? ચેતના તો જુદી અંદર છે. મૃતક કલેવરથી જાણે

છે એ? આંખ એ મૃતક છે લ્યો, મરી ગયેલું મડદું. આ ધોળો-કાળો. ધોળો-કાળો એ તો પરમાણુ માટી છે, મૃતક છે. ધોળા-કાળામાં ચૈતન્યનો અંશ નથી. ધોળા-કાળા દેખાય છે ને માટી? એમાં ચૈતન્યનો અંશ નથી. મરેલા મડદા છે.

'**તે ઈન્દ્રિયો પરદ્રવ્ય છે,...**' એ તો પરવસ્તુ છે આ તો. ભગવાન જુદી સ્વવસ્તુ છે. બેય તદ્દન જુદી. સ્વવસ્તુમાં પરવસ્તુનો અભાવ છે. ભગવાન આત્મામા દ્રવ્યેન્દ્રિયોનો જ અભાવ છે. સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ અરૂપી એમાં આ જડ માટી એનો અભાવ છે. માટી પરદ્રવ્ય છે. '**તેમને આત્માના સ્વભાવરૂપ કહી નથી;...**' આ જડને આત્માનો સ્વભાવ કહ્યો નથી. એ તો જડનો સ્વભાવ છે આખો. ક્યાં વાત ઉતારી! ભાવેન્દ્રિય પણ એવી છે હોં ખરેખર તો. ખંડખંડ, પર છે. '**આત્માના સ્વભાવરૂપ કહી નથી; તેમના વડે જણાયેલું આત્માને પ્રત્યક્ષ કઈ રીતે હોય?**' જુઓ! જે આત્માનો સ્વભાવ નથી આ પાંચ જડ. કાન, આંખ, નાક જડ છે. આત્માનો સ્વભાવ કહ્યો નથી. એ તો પરદ્રવ્ય છે. એનાથી થતું જ્ઞાન પ્રત્યક્ષ કેમ હોય? એના લક્ષે, નિમિત્તે થતું જ્ઞાન તે આત્માને આશ્રયે થયેલું પ્રત્યક્ષ કેમ કહેવાય? એ તો પરોક્ષ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...ભાવેન્દ્રિય-દ્રવ્યેન્દ્રિય બેય સરખી?

ઉત્તર :- બેય. બેય સરખી. એ પરદ્રવ્ય. સમજાણું કાંઈ? આહા..હા..! જો સ્વદ્રવ્ય હોય તો ભવિ-અભવિને અગિયાર અંગનું જ્ઞાન થાય છે. તો સ્વદ્રવ્ય જો હોય તો સુખરૂપ થાય અંદર. સમજાણું કાંઈ? અગિયાર અંગ, નવ પૂર્વ. ઓહો..હો..! કેટલી વાત એમાં આવી જતી હશે લ્યો! જીવદ્રવ્યની આવી જાય છે એને. પર્યાયના અંશમાં ઊભો, દ્રવ્ય આવું છે એવું જ્ઞાન એને આવી જાય છે. દ્રવ્યને અડીને કરતો નથી. સમજાણું કાંઈ? અનાદિ મિથ્યાદષ્ટિ ભવિ કે અભવિ અગિયાર અંગ અને નવ પૂર્વના જ્ઞાનમાં એ બધી વાત આવી નથી એને? ખબર નથી કે જીવ આવો છે? પણ એ પોતાના અંશમાં ઊભો રહીને દ્રવ્ય આવો છે એવું અનુમાનથી એણે કર્યું છે. એ બધું જ્ઞાન પરોક્ષ છે, ઈન્દ્રિયજ્ઞાન હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એનાથી જરી પણ સમ્યગ્જ્ઞાનનો જો અંશ હોય તો તો મુક્તિ થયા વિના રહે નહિ. એ તો મિથ્યા જ્ઞાન થયું. ભગવાનની વાણી સાંભળી, સમવસરણમાં જાય. એ ભવિ જીવ સમવસરણમાં જાય, ભગવાનની વાણી સાંભળે. સમજાણું? ઈન્દ્રિયથી લક્ષ એ કરે અને ઉઘાડ એને થાય. પણ એ ઈન્દ્રિયજ્ઞાન બધું પરોક્ષ છે. ઓહો..હો..! સમવસરણમાં નથી જતો? સાંભળતો નથી? શાસ્ત્ર સાંભળે છે. પણ આ જડ પરદ્રવ્ય છે તેથી તેને આત્માનો સ્વભાવ કહ્યો નથી, તેથી તેનાથી થતું જ્ઞાન તેને પરોક્ષ કહેવામાં આવે છે. તેને પ્રત્યક્ષ કેમ કહેવાય? એ બધું જ્ઞાન પરોક્ષ છે કહે છે. ઓહો..હો..! પરોક્ષ એટલે પોતાને આશ્રયે થયેલું નહિ, પર આશ્રયે થયેલું. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

જ્ઞાનમાં ક્ષયોપશમનો પ્રકાર પર્યાયમાં એટલો ઉઘડેલો હોય કે આમ લાખો કરોડો શ્લોકો તો જેને કંઠસ્થ પાણીના પ્રવાહના પૂરની પેઠે ચાલતો હોય. પણ ભાઈ! અહીં તો કહે છે ને. આ તો પરદ્રવ્ય છે ને? આ તો પરદ્રવ્ય છે. આત્મદ્રવ્ય છે આ? અને આનો આત્મસ્વભાવ છે આ? પરદ્રવ્ય છે તેથી આત્મભાવ છે ઈ? આત્મભાવ નથી માટે એનાથી થતું જ્ઞાન તેને પ્રત્યક્ષ કેમ હોય? પરોક્ષ છે. ભારે વાતું! બીજાને એવું લાગે કે આ ભગવાનનું જ્ઞાન સાંભળે છે ને. ભગવાનનું જ્ઞાન એની વાણીમાં નહિ આવતું હોય? વાણી અહીંયાં સાંભળીને કાંઈ જ્ઞાન નહિ થાતું હોય સાચું? શું કરવા કહ્યું? સાંભળો! લ્યો, એમ કહે છે કે નહિ શાસ્ત્ર પણ? સુનો! અહીં કીધું ને વોચ્છામિ સમયપાહુડં કહું છું .. એનો અર્થ કે સાંભળનારને કહું છું ને. કોને? ભીંતને કહે છે? વોચ્છામિ સમયપાહુડં. શાસ્ત્ર કહીશ. કહીશનો અર્થ એ કે સાંભળનારને સંભળાવું છું. એ બધું આત્માથી પરલક્ષી છે. એ ઉઘાડમાં સ્વ ચૈતન્ય ભગવાન આવ્યો નથી અને ચૈતન્ય પોતે આવ્યા વિના તે જ્ઞાનને પ્રત્યક્ષપણું કે અતીન્દ્રિયપણું કે સુખનું સાધન લાગુ પડતું નથી. ઓહો..હો..! કાયરના તો કંપારા છૂટે એવું છે આ. પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ હેય. એ હજી અમને આકરું પડે ત્યાં ઈન્દ્રિયજ્ઞાન હેય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈન્દ્રિયજ્ઞાન હેય. એ વળી હેય તો કેમ? કે દુઃખનું કારણ છે એ. એ દુઃખનું સાધન છે. આહા..હા..! ભારે વાત ભાઈ! અગિયાર અંગ અને નવ પૂર્વ કર્યાને ભવિએ અનંતવાર. એ જ્ઞાન ક્યું હતું? પરોક્ષ હતું, ઈન્દ્રિયજ્ઞાન હતું, દુઃખરૂપ હતું. ઓહો..હો..! સુખરૂપ હોય તો આનંદનો અંશ આવવો જોઈએ. એ તો છે નહિ. કારણ કે સુખનું સાધન એ નથી. એ તો દુઃખનું સાધન છે. એ અહીં સિદ્ધ કરવું છે ને. ઈન્દ્રિયજ્ઞાન દુઃખનું સાધન છે. અતીન્દ્રિય જ્ઞાન સુખનું સાધન છે. આહા..હા..! લ્યો!

**'તેમના વડે જાણાયેલું...'** એટલે કે જે આ પરદ્રવ્ય છે અને આત્મસ્વભાવ નથી આ. એના નિમિત્તથી જાણાયેલું જ્ઞાન તે પ્રત્યક્ષ કેમ હોઈ શકે? તે આત્માનું જ્ઞાન કેમ હોઈ શકે? એ આત્માની શ્રદ્ધા કેમ હોઈ શકે? એ આત્મામાંથી જ્ઞાન આવ્યું એમ કેમ કહેવાય? એ તો બધું પરથી આવ્યું. આહા..હા..! એય..! સમજાણું કાંઈ? 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ભાખ્યો આવ્યું છે ને. છે ને કહ્યું છે ને. કઈ રીતે હોય? ભાખ્યો નથી એમણે. જુઓને. ભગવાને નથી કહ્યું. **'णेव सहावो त्ति अप्पणो भणिदा'** ભણિદા છે ને ભણિદા. ભગવાને કહ્યું નથી એમ. ભગવાને આમ ભાખ્યું છે કે ઈન્દ્રિયજ્ઞાન, ભગવાન ચૈતન્ય ગોળો અંદર એનો વર્તમાન વિકાસનો અંશ એક એક ઈન્દ્રિયને, જે ઈન્દ્રિય પરદ્રવ્ય છે કે જે ઈન્દ્રિય આત્મસ્વભાવથી રહિત છે, એનાથી થતું જ્ઞાન એને આત્માનું જ્ઞાન પ્રત્યક્ષ કેમ કહેવાય? એ તો પરોક્ષ જ્ઞાન છે. એ આત્માનું જ્ઞાન કેમ કહેવાય? ઈન્દ્રિયનું જ્ઞાન છે. આત્માનું જ્ઞાન નથી. ભારે જ્ઞાનતત્ત્વ અધિકારમાં આવી સૂક્ષ્મતાથી વાત લીધી છે. વસ્તુ

છે ને આત્મા? જ્ઞાનસ્વરૂપ છે ને? જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે અહીંયા. એ વસ્તુમાં એમ જ હોય. સમજાણું કાંઈ?

'**ટીકા :- જે કેવળ આત્મા પ્રતિ જ નિયત હોય...**' ત્યાં તો પાઠમાં તો ફક્ત પરોક્ષની વ્યાખ્યા છે. પણ હવે એમાંથી પ્રત્યક્ષની પહેલી વાત કાઢે છે. સમજાણું? '**જે કેવળ આત્મા પ્રતિ જ નિયત હોય તે (જ્ઞાન) ખરેખર પ્રત્યક્ષ છે.**' ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ છે, ચૈતન્યબિંબ ચિદ્‌ઘન છે. એને આશ્રયે જે જ્ઞાન થાય તે જ્ઞાન પ્રત્યક્ષ, તે જ્ઞાન સુખરૂપ, તે જ્ઞાન સમ્યક્, તે જ્ઞાનની પરિણતિ સાચી. સમજાણું કાંઈ? ભાઈ! સંસારમાં પણ નિગોદમાંથી જીવ આવ્યો હોય એકેન્દ્રિયમાંથી લ્યો! તો એને ઉઘાડ થોડો હોય, પછી રાગને મંદ કરીને ઉઘાડ ઘણો કરે. અગિયાર અંગ અને નવ પૂર્વ પણ ભણી જાય એટલો ઉઘાડ કરે. તેથી આત્મામાંથી આવેલું જ્ઞાન નથી એ એમ કહે છે. સમજાણું કાંઈ? આ નિગોદમાં જીવ હતો બટાટા, શક્કરકંદમાં એમાં ત્યાં ક્યાં (ઉઘાડ) હતો? બહુ અક્ષરને અનંતમે ભાગે ઉઘાડ. ત્યાંથી કોઈ શુભભાવ એવા થયા, મનુષ્યપણે આવ્યો, અને એકદમ સાધુ થયો, ત્યાગી અને અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો લ્યો! ત્યાં ક્યાં હતું? તો એ બધું આવ્યું ક્યાંથી? કહે છે કે આત્મામાંથી નહિ એમ કહે છે. એય..! સમજાણું કાંઈ? કારણ કે એ બધું જ્ઞાન પરોક્ષ છે. માટે આત્માને આશ્રયે આવ્યું નથી. આહા..હા..!

આત્મા જ્ઞાનમૂર્તિ પોતે છે, એના આશ્રયથી જે જ્ઞાન થાય તે જ્ઞાન આત્માનું, તે જ્ઞાન પ્રત્યક્ષ અને તે જ્ઞાન સુખનું સાધન અને તે જ્ઞાન અતીન્દ્રિય, તે જ્ઞાન તે જ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી ઇન્દ્રિયજ્ઞાનના અમુક ઉઘાડમાં એને અભિમાન આવી જાય. આપણે કેટલું ભણ્યા! કેટલું જાણ્યું! બીજાઓ ન જાણી જાય માટે પોતાની.. જો બીજા જાણી જાય તો વળી અધિકાઈ એની થઈ જશે, મારી અધિકાઈ ઘટી જશે. હવે અહીં હજી અટકે. સમજાણું કાંઈ? એ જ્ઞાન જ્ઞાન જ નથી. આહા..હા..!

'**જે કેવળ આત્મા પ્રતિ જ નિયત હોય...**' નિશ્ચય. વળગેલું, ચોંટેલું, તેનાથી થયેલું. '**તે (જ્ઞાન) ખરેખર પ્રત્યક્ષ છે.**' એ નીચે મતિ-શ્રુતને પણ પ્રત્યક્ષ કહ્યું. આહા..હા..! ભલે તત્ત્વાર્થસૂત્રમાં ના પાડી હોય કે મતિ-શ્રુત પરોક્ષ છે. સમજાણું કાંઈ? અપવાદનો ખુલાસો અહીં કરી નાખ્યો. કહે છે કે ભાઈ! જે આત્માથી જ્ઞાન થાય તેને પ્રત્યક્ષ (કહીએ). સમ્યગ્દષ્ટિને મતિ-શ્રુત છે ને? એ તો શાસ્ત્રમાં તો એમ આવે (કે) પાંચ ઇન્દ્રિય ને મનથી થાય તે મતિ, એકલા મનથી થાય તે શ્રુત. એમ આવે છે ને? એ તત્ત્વાર્થસૂત્રમાં એમ આવે. આવે છે કે નહિ? પાંચ ઇન્દ્રિયો અને મનથી થાય એ મતિજ્ઞાન. ત્યાં એમ કહ્યું.

અહીં કહે છે કે આત્માથી જે પ્રગટ થાય તે મતિજ્ઞાન સમ્યક્ કહેવાય. પાંચ ઇન્દ્રિય, મનથી થાય એ પરોક્ષ જ્ઞાન કહેવાય. કથનમાં કુંદકુંદાચાર્ય આમ કહે, એમના શિષ્ય આમ કહે. વીતરાગી મુનિ છે એ તો સમજાવે છે વ્યવહારની સ્થિતિ શું છે એ કહ્યું. સમજાણું

કાંઈ? અહીં કહે છે કે કેવળ આત્મા પ્રત્યે નિયત, નિશ્ચય, વળગેલું, ચોંટેલું, થયેલું હોય તે ખરેખર પ્રત્યક્ષ છે. ત્યારે મતિશ્રુતની વ્યાખ્યા તો તત્ત્વાર્થસૂત્ર જે દસલક્ષણી પર્વમાં સાંભળવામાં આવે વર્ષોવર્ષ, ત્યાં તો એમ આવે. એક એક અધ્યાય પૂરો કરવો પડે ને. એક દિવસમાં નવ અધ્યાય વાંચી જાય અને એક અધ્યાય પૂરો કરે. દસ દિ'માં દસ અધ્યાય. પછી ભલે અર્થ સમજે નહિ કાંઈ એક્કે એનો, પણ ગગડાવે જાય. હવે ત્યાં એમ કહ્યું છે કે ભાઈ, આત્મામાં પાંચ ઇન્દ્રિયો જડ અને મન એનાથી જ્ઞાન થાય તે મતિશ્રુત કહેવાય. એ તો પરોક્ષની વ્યાખ્યા થઈ. અહીં કહે છે કે આત્મા પ્રત્યે જે નિયત હોય તે પ્રત્યક્ષ થાય. તો આ પ્રત્યક્ષની વ્યાખ્યામાં મતિ-શ્રુત કાઢી નાખ્યા હશે? ખરેખર આ અતીન્દ્રિયજ્ઞાન પૂર્ણની વાત કરે છે પણ એમાં એ આવી જાય છે. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે તો એનું સાધન જે મતિ-શ્રુત એ પણ પ્રત્યક્ષ જ છે. પોતાને આત્માને આશ્રયે થયેલું જે જ્ઞાન છે, આત્મા પ્રત્યે નિયત છે, નિશ્ચય છે, ચોંટેલું છે, એનો આશ્રય થઈને પ્રગટેલું છે. સમજાણું? આત્મા પ્રત્યે નિશ્ચય હોય તે ખરેખર પ્રત્યક્ષ છે. આ લોકોને બેસે નહિ લ્યો! પ્રત્યક્ષ એ તો અતીન્દ્રિય કેવળજ્ઞાન જ હોય. એ તો ધોખ માર્ગે કહ્યું છે. સમજાણું કાંઈ? પણ ચોથા ગુણસ્થાનમાં પણ આત્મા પ્રત્યેથી જેટલું સ્વાશ્રયથી પ્રગટ્યું તે પ્રત્યક્ષ જ્ઞાન છે. એ પ્રત્યક્ષ જ્ઞાન સ્વને પ્રત્યક્ષ કરે છે.

મુમુક્ષુ :- સવારે આવી ગયું શુદ્ધનય.

ઉત્તર :- શુદ્ધનયનું આવ્યું હતું. શુદ્ધનય અભ્યુદેતિ. ચોથું પદ હતું. પ્રકાશયન શુદ્ધનય.. આવ્યું હતું ને? આત્મસ્વભાવં પરભાવ ભિન્નં. આત્મસ્વભાવં પરભાવ ભિન્નં આપૂર્ણ આદિ-અંત વિમુક્તં એકં. વિલીન સંકલ્પ વિકલ્પ જાલં, પ્રકાશયન શુદ્ધનયો અભ્યુદેતિ. શુદ્ધનય પ્રગટ થાય છે. એ ચોથાની વાત છે કે શેની વાત છે? આઠમાની વાત છે? આઠમા ગુણસ્થાનમાં (હોય) એમ કહે છે લોકો.

મુમુક્ષુ :- એ .. કાંઈ નહિ હોય?

ઉત્તર :- ના, ના. એ પરોક્ષ (કહે) બધું. આહા..હા..! પોતાની દૃષ્ટિમાં ફેરે વસ્તુ આખી શાસ્ત્રના અર્થ પણ ફેરવી નાખ્યા. પોતે ફેરમાં છે ને (એટલે) બધાને ફેરવી નાખ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

પહેલી લીટી આ. સમજાણું? એ લીટી કાઢી આ બતાવવું છે એની વિરૂદ્ધનું પહેલું. બતાવવું છે પરોક્ષ. ગાથામાં એ છે ને? '**જે કેવળ આત્મા પ્રતિ...**' એકલો આત્મા, ભગવાન આત્મા એક કેવળ અંતર્મુખ થઈને એક કેવળ આત્મા પ્રત્યેથી જે જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાનને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. મતિ શ્રુતજ્ઞાન પણ કેવળ આત્માને પોતે નિયત-નિશ્ચયથી પ્રગટે છે માટે એને પણ પ્રત્યક્ષ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? તો અવધિ, મનઃપર્યયને પ્રત્યક્ષ કહ્યું છે ને? સમજાણું કાંઈ? એ કાંઈ આત્માને જાણતું નથી. પરના ઉઘાડ વિકાસની

અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહ્યું છે. એ તો વૈભવ છે વચલો, કોઈને હોય અને કોઈને ન હોય. આ મતિ, શ્રુત ને કેવળ ત્રણ તો હોય જ. ભારે વાત. સમજાણું કાંઈ? ભગવાન આત્માને આશ્રયે હોય તો અવધિ, મનઃપર્યય આત્માને જાણવો જોઈએ. મતિ-શ્રુત છે તો જાણે છે, કેવળી જાણે છે, અવધિ, મનઃપર્યયનો વિષય આત્મા છે જ નહિ. એ પ્રત્યક્ષ પરની અપેક્ષાએ જ્ઞાનનો ઉઘાડ છે એને કહ્યું છે. ઉઘડીને એને હોય સમ્યગ્દૃષ્ટિને જ હોય છે ઈ. સમજાણું કાંઈ? પણ ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ એકલો જ્ઞાયકભાવ એને આશ્રયે, એને નિયત-નિશ્ચય કરીને પ્રગટ્યું તે જ્ઞાન પ્રત્યક્ષ છે, તે જ્ઞાન સુખનું સાધન છે, તે જ્ઞાન દુઃખના નાશ કરવાવાળું છે. એ જ્ઞાન દુઃખનો નાશ કરવાવાળું છે. કહો, સમજાણું કાંઈ?

**'અ (ઈન્દ્રિયજ્ઞાન) તો,...'** હવે એની સામે લીધું. પાઠમાં છે ઈ. **'આ (ઈન્દ્રિયજ્ઞાન) તો, જે ભિન્ન અસ્તિત્વવાળી હોવાથી...'** જેનું હોવાપણું જ આત્માથી જુદું છે એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપે અસ્તિ છે અને આ દ્રવ્યેન્દ્રિયો તો એના અસ્તિત્વથી, એની સત્તાથી એની સત્તા જુદી છે. આની તો સત્તા જુદી છે. ભગવાન આત્માની સત્તા જે છે એ જ્ઞાનાનંદ સ્વભાવની સત્તાએ બિરાજમાન છે. એનાથી આ દ્રવ્યેન્દ્રિયનું હોવાપણું-એનું અસ્તિત્વ-એની સત્તા-એની હયાતી આત્માથી તદ્દન જુદી જાતની છે. જુઓ, સમજાણું કાંઈ? શરીર જુદું કહો કે શરીરના ઈન્દ્રિયો કહો, કારણ કે એ શરીરના અવયવો છે બધા. પાંચેય ઈન્દ્રિયો શરીરના અવયવો છે, અંશો છે. આખું શરીર જ જ્યાં પરદ્રવ્યપણે અસ્તિત્વ પર હયાતીપણે રહેલું છે. પોતાની હયાતીપણે આ શરીર નથી રહ્યું એમ કહે છે. આ.. આ.. કહે છે, ભિન્ન હોવાવાળી હોવાથી પરદ્રવ્યપણાને પામી છે. આત્માના વસ્તુથી ત્યાં ભિન્ન હોવાપણે વસ્તુ છે જુદી તદ્દન. સમજાય છે કાંઈ?

પોતાનું જે હોવાપણું છે ચૈતન્યનું, એનાથી ભિન્ન હોવાપણે રહેલી ઈન્દ્રિયો છે. ભગવાન આત્મા પોતે રહેલો સ્વદ્રવ્ય છે ત્યારે ભિન્ન હોવાપણે રહેલી તે પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? આ સવાર-બપોર બેય ચાલે છે મનસુખભાઈ! આ બધું એક બે દિ'માં નથી સમજાય એવું. આ ઘણા વેપાર કરે અને કોક દિ' અહીં આવે તો માંડ થોડું થોડું પકડાય એને ઉપરથી. ત્યાં અમારે વાંચનાર પંડિત છે ઈ પાલેજમાં. એને તો આ બધા પડખા જાણવા પડશે કે નહિ એને? કહો, સમજાણું કાંઈ?

**'આ (ઈન્દ્રિયજ્ઞાન) તો, જે ભિન્ન...'** હોવાવાળી જે આ પરદ્રવ્યપણાને પામી છે, જે પરદ્રવ્યરૂપ છે **'અને આત્મસ્વભાવપણાને જરા પણ સ્પર્શતી નથી...'** પાઠમાં છે ખરું ને એ? એ આ પાંચ જે છે એ આત્માના સ્વભાવને જરીએ અડતી નથી. કારણ કે ભિન્ન તત્ત્વ છે આ તો માટી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા પોતાના આત્મસ્વભાવમાં પોતે અસ્તિત્વપણે છે અને આ ઈન્દ્રિયો પરદ્રવ્યપણે અસ્તિત્વપણે છે, આત્માના સ્વભાવથી અન્ય સ્વભાવપણે છે. એ આત્માના સ્વભાવને આ પાંચ ઈન્દ્રિયો જરી અડતી નથી, સ્પર્શતી

નથી. સમજાણું કાંઈ? ખરેખર પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એ પણ આત્મસ્વભાવને જરીએ સ્પર્શતો નથી, અડતો નથી. એમાં પાંચ ઈન્દ્રિય તો પ્રત્યક્ષ જડ છે, ઓલી તો ચૈતન્યની વિકૃત અવસ્થા છે. એ પણ ત્રિકાળી આત્મસ્વભાવ... લ્યો એ આત્મસ્વભાવ આવ્યું જુઓ એમાં. સમજાણું? જીવસ્વભાવ ને? સવારમાં એ આવ્યું હતું ને? આત્મસ્વભાવ પરભાવ ભિન્નં. એમ. આત્મસ્વભાવ લીધો સ્વભાવ. એમાં એ લીધો છે જીવસ્વભાવ લીધો છે લ્યો! 'જીવ સ્વભાવ ભાખ્યું ન તેમને...' આ જડને જીવસ્વભાવ ભગવાને કહ્યો નથી. એટલું એને ભેદજ્ઞાન થાય તો એને સ્વનો આશ્રય થઈને સમ્યગ્દર્શન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? પણ ભારે ભાઈ! વિપરીત માન્યતાના પડખાં ઘણાં અને અવિપરીત માન્યતાનું કારણ એક દ્રવ્યસ્વભાવ. આહા..હા..!

કહે છે, આ પાંચ જે છે બધું પરદ્રવ્યસ્વરૂપ છે. એ ભાવેન્દ્રિય ખરેખર આત્મસ્વભાવને સ્પર્શતી નથી. તેથી ત્યાં કહ્યું ને ૩૧મી ગાથામાં. '**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं**' જુઓને, આ જીવસ્વભાવ તે જ્ઞાનસ્વભાવ. જે કોઈ આત્મા ભાવેન્દ્રિયનો અંશ, દ્રવ્યેન્દ્રિયની જડતા અને એના વિષયો બાહ્ય. દેખો! એ વિષયોમાં તો ભગવાનની વાણી પણ (આવી જાય). રાડ નાખી જાય છે લોકો. એક ફેરી આવ્યું હતું ને તો રાડ સાંભળીને અરર..રર..! શબ્દને પણ કાનનો વિષય સંભળાવીને આમ કહે. અરે..! પણ સાંભળને ભગવાન! અહીંયાં તો દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઈન્દ્રિયનો વિષય શબ્દ, રૂપ ગમે તે શબ્દ હોય, એના ઉપરથી એને જીતવું છે. જીતવું છે, એનાથી લક્ષ છોડવું છે. જીતવાનો અર્થ એનું લક્ષ છોડીને જ્ઞાનને અધિકપણે અનુભવવો છે. અધિકપણે એટલે? ખંડજ્ઞાન, ઈન્દ્રિય અને એના વિષયો એનાથી ભિન્ન અખંડ જ્ઞાનનો અનુભવ, તેનું નામ ભગવાન આત્મા અને તેને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ?

જીવ સ્વભાવ અખંડ છે, એકરૂપ સ્વભાવ છે તેનો અનુભવ અને તેની પ્રતીતિ તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. એ અતીન્દ્રિય છે બધું. અને આ ઈન્દ્રિયો, ભાવ અને જડ તેને તો જીતવાની કીધી છે. જીતવું એટલે? તેની રુચિ અને લક્ષ છોડવાનું છે. જેનું લક્ષ છોડવાનું એ કેમ મદદ કરે ત્યાં એને? સમજાણું કાંઈ? એથી અહીં કહે છે કે '**આત્મસ્વભાવપણાને જરા પણ સ્પર્શતી નથી...**' ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય. '**(અર્થાત્ આત્માના સ્વભાવરૂપ લેશમાત્ર પણ નથી)...**' ઓહો..હો..! આત્મનો સ્વભાવ એ ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય લેશમાત્ર નથી. '**એવી ઈન્દ્રિયો વડે ઉપલબ્ધિ કરીને (-એવી ઈન્દ્રિયોના નિમિત્તથી પદાર્થોને જાણીને) ઉપજે છે તેથી તે (ઈન્દ્રિયજ્ઞાન) આત્માને પ્રત્યક્ષ હોઈ શકે નહિ.**' એ સાચું જ્ઞાન હોઈ શકે નહિ, સત્યજ્ઞાન હોઈ શકે નહિ. ઈન્દ્રિયજ્ઞાન તે દુઃખરૂપ છે, તે પ્રત્યક્ષ સુખરૂપ કેમ હોઈ શકે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. વળી લોકો એમ કહે ને પણ આ કેળવણી પામે એટલું સમજ્યો હોય તો શાસ્ત્ર સમજે

ને. ન ભણ્યો હોય તો સમજે શી રીતે? વળી ત્યાં લગાવે. અરે..! સાંભળને ભાઈ! તારી કેળવણી.. એમ કે અક્ષરજ્ઞાન બધું થયું હોય તો પછી એને સૂત્ર સમજવામાં સહેલું પડે. એ અહીં વાત જ નથી. આ સૂત્ર સમજવામાં સહેલું પડે એ પણ આત્માને સમજવા માટે સહેલું નથી એમ કહે છે. એય..! ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ? કેમકે આ પર તદ્દન વસ્તુ પર. ભગવાન તદ્દન ચૈતન્યમૂર્તિ અરૂપી ભિન્ન જુદો. આ તદ્દન (ભિન્ન છે). હવે આ ભિન્ન ચીજ છે એ અસ્તિત્વ ધરાવે છે પણ પરદ્રવ્ય તરીકેની હયાતી છે. પરદ્રવ્ય તરીકેનો તો એમાં અભાવ છે. તેથી તે પરદ્રવ્યસ્વરૂપ તે આત્માના સ્વભાવને જરીએ અડતી નથી. તો તે જ્ઞાનને પર ઇન્દ્રિયથી, એને ક્ષયોપશમથી ભાવેન્દ્રિયથી થયેલું એને પ્રત્યક્ષ કેમ કહેવાય? સમજાણું કાંઈ? એ પ્રત્યક્ષ હોઈ શકે નહિ. એટલે કે એ આત્માનું જ્ઞાન હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! સત્ય વાત સાંભળવા મળે નહિ એ સત્યને રસ્તે કે દિ' જાય? આથડ્યા આથડ, આથડ્યા આથડ કર્યા કરે.

ઓલા તો ભડકે હજી તો. ભગવાનના દર્શનથી ધર્મ ન થાય? સમકિત ન પામે? જિનબિંબના દર્શનથી સમકિત પામે, એમ છે ધવલમાં. અહીં કહે છે કે જિનબિંબ પરદ્રવ્ય છે. એનું ઇન્દ્રિયથી લક્ષ થાય, એનું જ્ઞાન થાય તે પરોક્ષ છે, એ જ્ઞાન છોડવા જેવું છે. ભારે વાત ભાઈ! વીતરાગની વાતું આખી દુનિયાથી જુદી જાત છે.

મુમુક્ષુ :- વાંધો ઉઠાવે.

ઉત્તર :- ઘરે ઘરે વાંધા ઉઠાવે. ઘરે ઉઠાવ તારા ઘરે. અહીં છે નહિ કાંઈ. આહા..હા..! જિનબિંબના દર્શનથી મિથ્યાત્વનો નાશ થાય. આવે છે ને ધવલમાં? કઈ અપેક્ષાએ કહ્યું સાંભળને. સમજાણું? જિનબિંબનું લક્ષ કરી અને પછી લક્ષ કર્યું કે આ એના જેવો વીતરાગબિંબ આત્મા છે. વીતરાગી બિંબ આત્મા છે, તદ્દન અક્રિયબિંબ છે. એવી દૃષ્ટિ થાય તેને સમ્યગ્દર્શન થાય. જિનબિંબના દર્શન નથી કર્યા? અનંત વાર કર્યા છે મૂર્તિના. દેવમાં જન્મ્યો ત્યાં તો બહુ પૂજા અને ભક્તિ કરી છે. સમજાણું કાંઈ? આમ દેખે. ભગવાન બિંબ દેખે તો શું થાય? કહે છે કે ઇન્દ્રિયનું વચમાં નિમિત્ત છે એ તો જડ છે, એની હયાતી આત્માથી જુદી છે. એ જડ છે એ આત્માના સ્વભાવને અડતી નથી. તો તેનાથી જ્ઞાન થાય એ આત્માનું જ્ઞાન કેમ કહેવાય? એ પરોક્ષ જ્ઞાન છે માટે આદરણીય નથી. આહા..હા..! ભગવાનના નિમિત્ત છે એ આદરણીય નથી, ઓલો એનાથી શુભ વિકલ્પ પોતાનો થયો એ આદરણીય નથી, એના લક્ષે જ્ઞાન થયું એ આદરણીય નથી. આહા..હા..! 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન. સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન' લ્યો! કહો, સમજાણું કાંઈ? આ એને પહેલી સમજણ અને પહેલી ઓળખાણ કરવી પડશે. પછી એના કલ્યાણના માર્ગ હાથ આવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૭, સોમવાર, તા. ૨૮.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૮, પ્રવચન-૪૯**

૫૮ ગાથા. ભાવાર્થ છે ઈ આવી ગયો. '**હવે પરોક્ષ અને પ્રત્યક્ષના લક્ષણ દર્શાવે છે :—**' આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર છે. પરોક્ષ જ્ઞાન ઈન્દ્રિય આદિ ગુણથી ઉત્પન્ન થતું તે દુઃખરૂપ છે. અતીન્દ્રિય જ્ઞાન આત્માને આશ્રયે ઉત્પન્ન થતું તે સુખરૂપ છે એમ સિદ્ધ કરવું છે.

जं परदो विण्णाणं तं तु परोक्खं ति भणिदमट्ठेसु।
जदि केवलेण णादं हवदि हि जीवेण पच्चक्खं।।५८।।
**અર્થો તણું જે જ્ઞાન પરતઃ થાય તેહ પરોક્ષ છે,**
**જીવમાત્રથી જ જણાય જો, તો જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૮.**

'**અન્વયાર્થ :- પર દ્વારા થતું...**' એટલે મન, ઈન્દ્રિય આદિના નિમિત્તથી થતું. થાય છે પોતાના ઉપાદાનથી. સમજાય છે? તો એમાં નિમિત્ત ઈન્દ્રિયો અને મન પડે છે. ભાષા એમ છે '**પર દ્વારા થતું...**' તે ટીકામાં કહેશે ને નિમિત્તપણાને પામેલા. નિમિત્ત '**निमित्तभूतात्तथैव**' જયસેનાચાર્યની ટીકામાં એમ છે. નિમિત્ત પામીને થાય. એ કહે છે તે .. લ્યો. નિમિત્ત પામીને થાય. આ રહ્યું નિમિત્ત પામીને. અહીં તો એ સિદ્ધ કરવું છે કે થાય છે પોતાની પર્યાયથી, પણ તેમાં ઈન્દ્રિયો અને મન નિમિત્ત પામે છે, નિમિત્ત હોય છે. એ જ્ઞાન પરોક્ષ છે. કહો. બીજી ચીજ તો ક્યાં રહી ગઈ. રાગ-દ્વેષની મમતા, પુણ્ય-પાપના ભાવ એ તો દુઃખરૂપ કષાય-અગ્નિ. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ વિકલ્પની જાત એ તો કષાય છે, દુઃખરૂપ છે, એ આનંદરૂપ નથી. પણ અહીં તો પરતઃ ઈન્દ્રિયો અને મનથી (થતું) જ્ઞાન (છે તો) પોતાની જાત, પણ કષાય છે એ તો પોતાની જાત નથી. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન તો પર પણ પુણ્ય-પાપના ભાવ એ કાંઈ આત્માની જાત નથી, એ તો વિરુદ્ધ છે. હવે અહીં જે જ્ઞાનસ્વરૂપ જે પોતાનું જ્ઞાન છે, એ જ્ઞાન ઊપજવામાં નિમિત્ત પામીને જે ઊપજે તે પરોક્ષ જ્ઞાન દુઃખરૂપ છે. ઓહો..હો..! કહો, સમજાય છે કાંઈ? એટલે કે એ અધર્મરૂપ છે.

'**પર દ્વારા થતું...**' એનો અર્થ કોઈ લઈ લે કે નિમિત્ત દ્વારા જ જ્ઞાન થાય છે, જુઓ આમાં આવે છે. એટલે કે પરોક્ષ છે એટલે સ્વને આશ્રયે થતું નથી, પણ પર્યાયમાં થાય છે પોતાથી, પણ ત્યાં ઈન્દ્રિય અને મન નિમિત્ત છે. સમજાણું કાંઈ? તે '**પર દ્વારા થતું જે પદાર્થો સંબંધી વિજ્ઞાન...**' ભાષા એમ છે ને? '**अर्थेषु विज्ञानं**' શબ્દ પડ્યો છે. પર દ્વારા થતું અને પદાર્થનું વિજ્ઞાન એમ શબ્દ પડ્યો છે પાછો. છે તો એ જ્ઞાન. ... વિજ્ઞાન

એ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? '**તે તો પરોક્ષ કહેવામાં આવ્યું છે; જો કેવળ જીવ વડે જ જાણવામાં આવે...**' એકલો ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતાને આશ્રયથી જે જ્ઞાન સ્વ આશ્રયથી થાય તે જ્ઞાનને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેમ પુણ્ય અને પાપના વિકલ્પો એ પરાશ્રિત છે તો દુઃખરૂપ છે, ધર્મરૂપ નથી. એમ આત્માનો અવિકારી સ્વભાવ શુદ્ધ ચિદાનંદ સ્વ આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે ધર્મરૂપ અને સુખરૂપ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માના ચૈતન્ય ત્રિકાળી સ્વભાવને આશ્રયે પ્રગટ થાય છે માટે એ ધર્મ અને સુખરૂપ છે. એમ જ્ઞાન પણ ચૈતન્યને આશ્રયે પ્રગટ થાય એ સુખરૂપ અને ધર્મ છે. સમજાણું કાંઈ? '**કેવળ જીવ વડે જ જાણવામાં આવે તો તે જ્ઞાન પ્રત્યક્ષ છે.**'

'**ટીકા :- નિમિત્તપણાને પામેલાં...**' એમ છે ને? '**निमित्ततामुपगतात्**' એમ છે. '**मुपगतात्**' એમ છે ને? '**निमित्ततामुपगतात्**' '**નિમિત્તપણાને પામેલાં...**' કોણ? આ ઈન્દ્રિયો અને મન નિમિત્તપણાને પામેલા જ છે એમ કહે છે. આત્મા જ્ઞાન વખતે નિમિત્તપણાને પામેલાં... આમ પરલક્ષે પામે એટલી વાત સિદ્ધ કરવી છે. કોણ? '**(અર્થાત્ નિમિત્તરૂપ બનેલાં) એવા જે પરદ્રવ્યભૂત...**' જુઓ! આમાં આવ્યું. ઓલી તો એકલી ઈન્દ્રિયોની હતી ને વાત? ઈન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે, દુઃખરૂપ છે. તો અહીં નાખ્યું કે '**અંતઃકરણ,...**' મનથી થતું. જ્ઞાન થાય પોતાની પર્યાયમાં પોતાથી, પણ જેમાં મન નિમિત્ત પામેલું છે તે જ્ઞાન દુઃખરૂપ અને આકુળતાવાળું છે, પરોક્ષ છે. કહો, ક્યાં એની પ્રત્યક્ષતા, સ્વ-આશ્રયતા અને ક્યાં એની પર-આશ્રયતા!

જુઓ! આ દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, આશ્રય એ બધો પરાશ્રય છે, પરાશ્રયભાવ છે. એ પરાશ્રયભાવ છે એ ધર્મ નથી. સમજાણું કાંઈ? જેમાં દેવ, ગુરુ અને શાસ્ત્ર નિમિત્ત પડે છે એવો જે પરાશ્રયભાવ ભલે શુભ હો, પણ એ પરાશ્રયભાવ છે, તે ધર્મ નથી. વજુભાઈ! ભારે વાત ભાઈ! આહા..હા..! ધર્મ નથી કહે છે. સ્વાશ્રયભાવ તે ધર્મ છે. સમ્મેદશિખરને આશ્રયે હોય કે શેત્રુંજયને આશ્રયે હોય કે અરિહંત પરમાત્મા સમવસરણમાં બિરાજતા એને આશ્રયે ભાવ હોય, એ બધો ભાવ ધર્મ નથી. ન્યાલભાઈ! ભારે આ તો બધું. ઈ ફરે એમ નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ પરાશ્રયપણાનું જ્ઞાન તે પણ દુઃખરૂપ છે, ધર્મ નથી એમ કહે છે. આહા..હા..! કેટલી વાત છે! અહો..! આ વાત સાધારણ માણસને તો સાંભળવા મળે નહિ. સાંભળે, પણ કાયરને એમ થાય આ શું કહે છે? ભાઈ! વસ્તુ પોતે સચ્ચિદાનંદ શાશ્વત આનંદનો કંદ જ્ઞાનમૂર્તિ છે. એને પરાશ્રય જેટલું લક્ષ જાય એટલો સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિને લક્ષ જે જાય એ તો પાપભાવ છે, પણ દેવ-ગુરુ-શાસ્ત્રને લક્ષે જાય તે પણ પુણ્યભાવ અને તે પણ ધર્મભાવ નથી. ધર્મ તો સ્વાશ્રયે હોઈ શકે છે. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યસ્વભાવ આનંદસ્વભાવ ત્રિકાળી એને આશ્રયે પ્રગટ દશા થાય તે ધર્મ છે. એથી કરીને ઓલો ભાવ ઉડાવે છે ને પાછા કે ઓલો વ્યવહાર, દયા, દાન, વ્રત, કે ભક્તિના પરિણામ એ ન જોઈએ. ન જોઈએ બરાબર છે, પણ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આવે ખરા. ધર્મ નથી ને? ધર્મ નથી છતાં પૂર્ણ ધર્મ વીતરાગતા જ્યાં સુધી ન પ્રગટે, એને એવો વ્યવહાર વચમાં આવે. પણ એ વ્યવહાર બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે કે આવું નિમિત્ત જ્ઞાન થવામાં આવે પણ તે જ્ઞાન **'એવાં જે પરદ્રવ્યભૂત અંતઃકરણ,...'** અંતઃકરણ એટલે મન. **'ઇન્દ્રિયો,...'** પાંચ. **'પરોપદેશ,...'** અન્યનો ઉપદેશ. જુઓ! એ નિમિત્ત છે. ઉપદેશ છે એ નિમિત્તપણાને પામીને જ્ઞાન થાય એ પણ પરોક્ષ છે. આહા..હા..! જુઓ! આમાં નાખ્યું ને, ચોખ્ખું નાખ્યું. વીતરાગનો ઉપદેશ વાણી આવે એ પણ પરોપદેશ છે. આહા..હા..! સમજાય છે? પર-ઉપદેશ. ચાહે તો વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માની વાણી હો કે ચાહે શાસ્ત્ર હો કે ચાહે તો જ્ઞાનીનો ઉપદેશ હો, પણ ઉપદેશ છે એ પરવસ્તુ છે. અને પરની અપેક્ષાને પામેલા, નિમિત્તપણાને પામેલા એવું જે જ્ઞાન... ન્યાલભાઈ! ભારે વાત ભાઈ! એ તો માણસ રાડ નાખી જાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહેવા માગે છે, ભગવાન પૂર્ણાનંદ તું છો એનો આશ્રય કર ત્યારે ધર્મ થાય. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' જ્યાં સુધી ઠરે નહિ (ત્યાં સુધી) એવો ભાવ વચ્ચે હો ભલે, પણ એ ભાવ પોતે ધર્મ છે, પરાશ્રયભાવ ધર્મ છે એ નહિ. સમજાય છે? અને એથી એને વીતરાગ થયા વિના પરાશ્રયભાવ આવે નહિ એમ પણ નથી. એટલો વ્યવહારનો અવકાશ પૂર્ણ ન હોય ત્યાં હો, પણ છે એ બંધનું કારણ. પરાશ્રય ભાવ. અહીં તો પરાશ્રય ઉપદેશ થયો એ જ્ઞાન બંધનું કારણ કહ્યું પછી પ્રશ્ન શો? દુઃખરૂપ કહ્યું પછી (પ્રશ્ન શો)? ઓહો..હો..!

આ વાત તો વીતરાગભાવ પામેલા અને વીતરાગમાં ભાવ હોય આવો. જેને કાંઈ લોભ થાય કે અમને કાંઈક આપો અને અમને થાય તો તમારું કલ્યાણ થશે, એ માર્ગ આમાં નથી. વીતરાગ તો કહે છે કે અમારા સાધુ સંત, ધર્માત્મા સાચા એને પણ આહાર દ્યો તો પરાશ્રયભાવ શુભ છે, ધર્મ નહિ. આ તે વાત. એય..! ન્યાલભાઈ! ઓલા આધાકર્મી .. ઠેકાણા નથી એની તો વાત જ નથી અહીં. એ બધા શેઠિયાએ એ કરેલું હતું ન્યાં. આમાં અગ્રેસરમાં હતા શું કરે? એમાં ... એ બધું સરખું કરી દીધું. એ તો લેનાર અને દેનાર બેય ખોટા. સાચી વાત?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ તો સાચા સંત ધર્માત્મા નગ્ન દિગંબર મુનિ છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન

ભીક્ષા માટે નીકળ્યા અને એના માટે નિર્દોષ, એને માટે કરેલું નહિ અને તૈયાર હોય એને આપું એ પણ શુભભાવ છે, ધર્મ નહિ. આહા..હા..! આવો તે માર્ગ! સમજાણું કાંઈ? એનાથી પરિત્ સંસાર થાય એમ લખ્યું છે એમાં. એ મોટી ચર્ચા ચાલી હતી ૭૭માં. તમારા હતાને ભાઈ ઓલા પોપટભાઈ. પોપટ જાદવજી. વેવાઈ. પોપટ જાદવજી. ૭૭માં કહ્યું ભાઈ! આહાર-પાણી દીધે ધર્મ ન થાય. આ ભગવતીમાં આવ્યું છે. ૭૭ની સાલ. ભગવતીમાં બાપુ એ ચાલ્યુ છે ખરું, પણ એ પરિત સંસાર થાય એ વાત સાચી નથી. પરિત સંસાર આવ્યો હતો. રેવતી આહાર લેવા ગયા હતા ભગવાનને માટે. રેવતી .. રેવતીના ઘરે. સિંહણગાર લેવા ગયા હતા ભગવાનને માટે હોં, પાછો ભગવાનને માટે આહાર લેવા ગયા તો પરિત સંસાર (કર્યો). પછી ભગવાને એને કીધું, હે સિંહા! મારે માટે કરેલો આહાર તું લાવીશ નહિ, પણ એના ઘરના ઘોડા માટે કરેલો છે એ લાવજે. કોળાપાક. સમજ્યાને? બિજોરા પાક એને માટે કરેલો હશે. એ નામફેર હોય કે ગમે ઈ હોય. પણ એ લાવજે. એટલે એ લેવા ગયા. જ્યાં આહાર આપ્યો ત્યાં પરિત સંસાર. આહાર દેનારે સંસારને કાપી નાખ્યો, ઓછો કરી નાખ્યો એ વાત સાચી નથી. એ શાસ્ત્ર જ ખોટી વાત છે. એય..! ન્યાલભાઈ! એવું તો આવે છે તમારે ત્યાં કથનમાં ઘણું બધું. ભગવતી સૂત્રમાં એવું આવે છે. એ ચર્ચા ૭૭માં બહુ થયેલી. અરે..! ભાઈ! છે તો ખરું કીધું, એમાં લખાણ તો છે પણ...

પરાશ્રય ભાવ છે એ તો દેવાનો વિકલ્પ છે. એ કાંઈ આત્મા આશ્રયની નિર્વિકલ્પ દશા નથી માટે તે ધર્મ નથી. માટે પરિત સંસાર એનાથી થાય જ નહિ. સમજાણું કાંઈ? એવા તો દસ અધિકાર છે. એ તો ભગવતીનો, એ સિવાય દસ ચોખ્ખો વિપાક, આખો વિપાક છે. એ હતા મિથ્યાદૃષ્ટિ ઓલા દેનાર, પણ સાધુ લેનારા પાત્ર હતા તો એને આહાર આપતા પરિત સંસાર કર્યો એવો લેખ છે અને આખા વિપાકમાં બધું જૂઠું કથન છે. સમજાણું કાંઈ? સુબાહુકુમાર થાય છે, મોટો ધનાઢ્ય છે, એ મુનિને આપે છે આહારદાન. શું આવે છે? વિધિ, દાન ને પાત્ર ને આવે છે ને? દાતાર ને પાત્ર બધો મેળ ખાઈ ગયો તો સંસાર પરિત થઈ ગયો. એ વસ્તુ જ ખોટી છે, માર્ગ જ એ નથી. અહીં તો કહે છે કે ઉપદેશથી થયેલું જ્ઞાન પણ દુઃખરૂપ અને પરોક્ષ છે એને ઠેકાણે પરને દેવાનો આહારનો વિકલ્પ છે એ સંસારનો નાશ કરે એ ત્રણ કાળમાં બને નહિ. ન્યાલભાઈ આવો માર્ગ છે હોં! આહા..હા..! સમજાણું કાંઈ? છોટાભાઈ! કહો, સમજાણું? જુઓ એમાં છે?

'**પરોપદેશ,...**' જુઓ! લ્યો! અન્યનો ઉપદેશ. તો અન્યમાં પછી ભગવાન, સાધુ બધા આવી ગયા કે નહિ? કે ભગવાનને બાકી રાખીને એનો ઉપદેશ (બાકી રાખ્યા)? એ બધા નિમિત્તપણાને પામેલા છે. પરનો ઉપદેશ છે એ જ્ઞાનની પર્યાયમાં નિમિત્તપણાને પામેલા છે. આહા..હા..! વીતરાગ કહે હોં આ. સમજ્યા? અમારો ઉપદેશ તમને નિમિત્તપણાને પામ્યો છે, તેથી પરોક્ષ છે. તેથી ત્યાં પરલક્ષી છે માટે દુઃખરૂપ છે. એ જ્ઞાન સુખનું સાધન નથી.

આહા..હા..! ગજબ વાત છે ને! વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું હવે ભગવાન સાક્ષાત્ લીધા પછી એની વાણી લીધી પછી (બાકી શું રહ્યું?). સમવસરણ (આવી ગયું). આવો માર્ગ છે, ભાઈ! સમજાણું?

'પરોપદેશ, ઉપલબ્ધિ,...' ઉઘાડ. છે ને? **'જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે ઊપજેલી પદાર્થોને જાણવાની શક્તિ. (આ લબ્ધશક્તિ જ્યારે ઉપયુક્ત થાય ત્યારે જ પદાર્થ જણાય.)'** એ પણ જુઓ નિમિત્તપણાને પામેલા હોં! એને નિમિત્તપણું કીધું ભાઈ! કોને? એ ક્ષયોપશમ જ્ઞાનને. જાણવામાં એ ઉઘાડ છે એ નિમિત્તપણાને પામ્યો એમ કહે છે. છે તો એનો પોતાનો ભાવ. સમજાણું? પણ ઓલા પદાર્થો **'જ્ઞાનાવરણીયના કર્મના ક્ષયોપશમના નિમિત્તે ઊપજેલી પદાર્થોને જાણવાની શક્તિ. (આ લબ્ધ શક્તિ જ્યારે ઉપયુક્ત થાય ત્યારે જ પદાર્થ જણાય.)'** એમ. ઓલો ઉઘાડ છે ને ઉઘાડ? એમ. એ ઉપયોગ નિમિત્ત છે, વેપારનું નિમિત્ત છે એમ કહેવું છે. ઉઘાડ જે છે એ ઉપયોગ થવામાં નિમિત્ત કારણ છે એમ. માટે તે ઉઘાડ નિમિત્ત થઈને જે મળ્યું એ બધું પરોક્ષ છે. ઓહો..હો..! કાયરના તો કાળજા છૂટી જાય એવા છે અંદરથી. આવો માર્ગ! આ શું? આહા..હા..!

**'ઉપલબ્ધિ, સંસ્કાર...' 'પૂર્વે જાણેલા પદાર્થોની ધારણા.'** જાણેલું હોય, ધારણા હોય ત્યારે એને ખ્યાલ આવે કે આ કેવું કે આ ફલાણું. સમજાણું? **'સંસ્કાર કે પ્રકાશાદિક,...'** બહારનો પ્રકાશ હોય. સમજાય છે? **'ચક્ષુઈન્દ્રિય દ્વારા રૂપી પદાર્થને જોવામાં પ્રકાશ પણ નિમિત્તરૂપ થાય છે.'** અહીંથી આમ જોવે ને? પણ પ્રકાશ હોય તો દેખાય ને. અંધારમાં વસ્તુ હોય તો આંખ ન દેખી શકે. આંખ પોતે ભલે અંધારે હોય પણ જે ચીજને જોવી છે ત્યાં પ્રકાશ હોવો જોઈએ. તો એ પ્રકાશ પણ એમાં નિમિત્ત છે. એવા **'તેમના દ્વારા થતું...'** તેમના દ્વારા થતું... શું? નિમિત્તપણાને પામેલા અંતઃકરણ દ્વારા થતું, ઈન્દ્રિય દ્વારા થતું, પરોપદેશ દ્વારા થતું... એમ બધું લેવું. એ પરોપદેશ દ્વારા થતું, ઉપલબ્ધિ દ્વારા થતું, સંસ્કાર દ્વારા જ્ઞાનની પર્યાય થતી. **'તે પર દ્વારા પ્રાદુર્ભાવ પામતું હોવાથી પરોક્ષ તરીકે ઓળખાય છે;...'** એ પર દ્વારા પ્રગટ થતું હોવાથી, ઉત્પન્ન થતું હોવાથી, પર દ્વારા ઉત્પન્ન થતું હોવાથી. ભાષા જુઓ! ઉત્પન્ન તો ખરેખર નિશ્ચયથી તો એની પર્યાયનો ઉત્પાદ છે ત્યાં. સમજાણું? પણ આ નિમિત્ત ઉપર લક્ષ જાય છે ને એટલું પામે છે ને એટલી પરોક્ષતા બતાવવા પર દ્વારાથી ઉત્પન્ન થતું એમ કહેવામાં આવે છે. નિમિત્તવાળાને તો જાણે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાંથી કાઢી શકે, પણ આમાં બીજી વાત સિદ્ધ કરવી છે. થાય છે તો પોતાથી, પણ નિમિત્તપણું ત્યાં છે એ દ્વારા થયું છે, એકલું આત્મા દ્વારા થયું નથી એમ

સિદ્ધ કરવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વ વિષયભૂત લીધું.

ઉત્તર :- છે ને. સ્વ વિષયભૂત પદાર્થનું. એટલે એના જ્ઞાનનો વિષય એમ. એનો જાણવાના વિષયભૂત જે પદાર્થ એનું જ્ઞાન એમ.

'**તે પર દ્વારા પ્રાદુર્ભાવ પામતું હોવાથી...**' સ્વવિષયભૂત એટલે? એનો વિષય જેટલો હોય એ જણાય ને એમ. એનો વિષય છે ને. '**તે પર દ્વારા પ્રાદુર્ભાવ પામતું હોવાથી પરોક્ષ તરીકે ઓળખાય છે;...**' ઓહો..હો..! કષાયની મંદતા દુઃખરૂપ, કષાયની તીવ્રતા દુઃખરૂપ, મિથ્યાત્વનો વિપરીત ભાવ દુઃખરૂપ. પર ચીજ દુઃખરૂપ નહિ, પર તો નિમિત્ત થાય છે. અહીં તો કહે છે કે ભગવાન આત્મા એનો જે જ્ઞાનસ્વભાવ ત્રિકાળી ચિદાનંદ એવા અંતરના આશ્રય કર્યા વિના જે કાંઈ નિમિત્તને પામેલાને આશ્રયે પ્રગટેલું જ્ઞાન પરોક્ષ... પરોક્ષ... પરોક્ષ... દુઃખરૂપ (જ્ઞાન છે). આ પ્રવચનસાર-આ પ્રવચનનો સાર છે. દિવ્યધ્વનિ ભગવાને કહેલી તીર્થંકર પરમાત્માની વાણીમાં આ સાર આવ્યો હતો એ આ કહેવામાં આવે છે. ઓહો..હો..! મધ્યસ્થથી જોવું જોઈએ. એમ ન જોવું કે લ્યો! આમ છે ને તેમ છે. અહીં નિમિત્તથી કહ્યું છે પણ એનો અર્થ થાય છે પોતાથી પણ નિમિત્ત દ્વારા લક્ષ ત્યાં છે ને એટલું. અને પરોપદેશથી પણ ઊપજેલું જ્ઞાન એ નિમિત્તપણાને પામીને પર દ્વારા પામીને ઉત્પન્ન થયું છે એમ કહ્યું. સીધું આમ જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા એને લક્ષે જે જ્ઞાન ઉત્પન્ન થાય એ સમ્યગ્જ્ઞાન, એ સુખરૂપ જ્ઞાન અને એ આનંદનું કારણ છે. એ ધર્મધ્યાન, એ ધર્મજ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું પરોપદેશ. એ જ્ઞાનની પર્યાય પરના ઉપદેશ દ્વારા થઈ તે બધું દુઃખરૂપ. માથું ફરી જાય એવું છે. કાલે આવ્યા હતા મૂંઝાઈને. બિલકુલ ચેન પડતું નથી ચાર વાગ્યાથી. એમ છે ને તેમ છે. સાંજે આવ્યા હતા છ વાગે. ચેન પડતું નથી. મેં કીધું, શું છે પણ? આ પણ કાઢી નાખ્યું, હવે અમારે ઊભા ક્યાં રહેવું? કાંઈક અમને મન આમ સ્થિર થતું હતું કે ઠીક! હવે ઠીક થાય છે. ત્યાં કહે, એ નહિ. વળી એમ કહેવું કે સાંભળો. આરે.. આરે..! વાત જુઓને. એવો કોઈ માર્ગ પ્રભુનો. એ 'પ્રભુનો માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ.' એ કાયર ત્યાં ઊભા રહે નહિ. આહા..હા..!

કહે છે, કેટલી પરાધીનતાના શબ્દો મૂક્યા. સમજાણું? એ ઉપલબ્ધિ ઉઘાડ એની સાથે પાછા સંસ્કારો હોવા જોઈએ જે ચીજ જાણવાના કાળે તો તે જાણવામાં આવે. એ તો બધા પર દ્વારા... એ સંસ્કાર પણ પર દ્વાર, ઉપલબ્ધિ લબ્ધ પર દ્વાર, પર ઉપદેશ પર દ્વાર, ઇન્દ્રિય, અંતઃકરણ. ઓહો..હો..! કેટલી વાત મૂકી છે બહુ ટૂંકામાં! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ છે અને એ તો ચૈતન્યબિંબ છે. એ ચૈતન્યસૂર્ય છે પ્રભુ.

એના જ્ઞાન થવા માટે નિમિત્તનો પ્રધાનતા અને મુખ્યતા હોય જ્યાં... સમજાય છે? એ જ્ઞાનને પરાધીન જ્ઞાન (કહે છે). હવે આ કેળવણીના જ્ઞાન ને બધા મોટા મોટા ભણે છે ને મોટા એલ.એલ.બી.ના એ બધા જ્ઞાન દુઃખરૂપ જ્ઞાન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુનો સ્વભાવ તો પ્રભુ ચૈતન્યમૂર્તિ છે. એવો ચૈતન્ય ભગવાન આત્મા પોતાના જ્ઞાન અને અંતર આશ્રયથી જે જ્ઞાન પ્રગટ કરે તે અતીન્દ્રિય જ્ઞાન અને તે સુખનું સાધન જ્ઞાન, એ ધર્મજ્ઞાન. જે જ્ઞાનની દશા પર નિમિત્ત દ્વારા થાય, થાય ભલે પોતાની પર્યાયમાં પણ જેમાં નિમિત્તની ઉપસ્થિતિ હોય એવું જે જ્ઞાન એ તો પરોક્ષ છે, દુઃખરૂપ છે, પરાધીન છે. આત્માની શાંતિને તે લૂંટનારું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો 'માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ત્રિલોકનાથ પરમાત્માએ સમવસરણમાં આ કહ્યું છે. પચાવવું પડશે એણે. સમજાણું કાંઈ? એને કંટાળો કે આ શું, એમ ન કરવું.

ઓહો..! સ્વાધીનતા બતાવે છે એને. ભગવાન! તારે નિમિત્ત અને પરલક્ષી જ્ઞાન એ તો બધી પરાધીનતા છે. એને જ્ઞાન જ ન કહીએ એમ કહે છે અહીં. દુઃખરૂપ જ્ઞાનને જ્ઞાન જ ન કહીએ. આહા..હા..! એ તો અજ્ઞાન છે, મૂર્ત છે, અચેતન છે, જડ છે. આહા..હા..! જો ચૈતન્યની જાત હોય તો તો એને સુખ થવું જોઈએ. કારણ કે આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલું તત્ત્વ છે. જો એ જાતનું જ્ઞાન હોય તો સાથે આનંદ હોય. એ ચૈતન્યની જાતનું જ્ઞાન પર ઉપદેશથી અને પરના નિમિત્તથી થયું એ ચૈતન્યની જાતનું જ્ઞાન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા કહે ૐ... ૐ... કરો, આમ કરો, આમ કરો, પછી આમ ધ્યાન કરવું. એ બધા વિકલ્પવાળું જ્ઞાન પરાધીન દુઃખરૂપ છે, એ દ્વારા અંતરનું ધ્યાન થઈ શકે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પરોક્ષ તરીકે ઓળખાય છે; અને અંતઃકરણ, ઈન્દ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક—એ બધાંય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના...**' લ્યો! છે ને? પર ઉપદેશ સમજ્યાને? નિરપેક્ષપણે થતું, પરની અપેક્ષા વિના થતું. સમજાણું? શું કીધું? જે જ્ઞાન મનની અપેક્ષા વિના થાય, અંતઃકરણ એટલે. જે જ્ઞાન ઈન્દ્રિયની અપેક્ષા વિના થાય, જે જ્ઞાન પરના ઉપદેશ વિના થાય. આહા..હા..! જે જ્ઞાન ઉપલબ્ધિ વિના થાય, લબ્ધરૂપ ઉઘાડ છે એના વિના થાય. શું કીધું? જ્ઞાનની લબ્ધિ છે ને વિકાસ ઉઘાડ એના વિના જ્ઞાન થાય. પરદ્રવ્યને આશ્રયે, એ લબ્ધને આશ્રયે નહિ. આહા..હા..! કથન પદ્ધતિની રીત તો જુઓ! વીતરાગતાને સિદ્ધ કરવાની કળા કળા છે.

'**પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર...**' નહિ. પૂર્વે ધાર્યું હોય કે આ આમ હોય ને આ આમ હોય એવી ધારણા એ તો એના વિના થાય. પૂર્વે ધાર્યું હોય કે આવું ને આવું ને આવું એના વિના થાય. ઓહો..હો..! સમજાણું કાંઈ? વળી પાછું બધે કહે, શાસ્ત્રનો અભ્યાસ

કરવો. આવે કે નહિ? આમાં આવશે ૮૬મી ગાથામાં. જીવ.. પરપદાર્થનું જ્ઞાન થાય. આમ થાય. એ ભાવજ્ઞાનને લક્ષે નિમિત્તથી કથન છે એ બધા. સમજાણું કાંઈ? છે ને. મોક્ષમાર્ગપ્રકાશકમાં પહેલા અધ્યાયમાં છે. શાસ્ત્રનો અભ્યાસ કરવો. આઠમામાં કહ્યો ઉપદેશ અધિકાર નથી કહ્યો? આઠમો ઉપદેશ. આગમ અભ્યાસ કરવો, આગમ અભ્યાસથી કલ્યાણ થશે તમારું. અહીં કહે કે આગમ અભ્યાસ પરોપદેશ છે એ કલ્યાણનું કારણ નથી. એય..! વિરોધ હશે ક્યાંય? એ તો ત્યાં નિમિત્તથી કહે છે કે આ અભ્યાસ તો કર. એમ. પણ છતાં પર ઉપદેશથી મળેલું જ્ઞાન તે આત્માના લાભને કારણ પણ નથી. જુઓને, અહીં ઘણું નાખી દીધું છે.

લ્યો! **'પરોપદેશ, લબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક...'** એ તો બહારની વાત છે સ્થૂળ. **'એ બધાંય પરદ્રવ્યની અપેક્ષા...'** દેખો! એ ઉપલબ્ધિ પરદ્રવ્ય છે. એઈ..! ઉઘડેલું જ્ઞાન એ પરદ્રવ્ય છે, એ વસ્તુ ક્યાં સ્વદ્રવ્યનું ક્યાં છે? આહા..હા..! સમજાય છે? જે લબ્ધરૂપ ક્ષયોપશમ છે, જે ઉપયોગરૂપ થાય લબ્ધરૂપ, એ લબ્ધરૂપ ઉપયોગ જ્ઞાનને પણ પરદ્રવ્ય કીધું છે. મનને પરદ્રવ્ય, પરોપદેશ જ્ઞાનને, પરદ્રવ્ય છે ને? એ પરદ્રવ્ય છે. અને આ લબ્ધિ પરદ્રવ્ય, સંસ્કાર પરદ્રવ્ય. ધારણા થઈ કે આવું છે.. આવું છે. અરે..! આત્મા આવો છે એમ અવગ્રહ, ઈહામાં પકડ્યો. સમજાય છે? પરલક્ષી. કહે છે કે એ બધું પરદ્રવ્ય છે. આત્મા જ્ઞાયક છે, ચિદાનંદ છે, અભેદ છે એવું લબ્ધજ્ઞાનમાં પોતાથી ત્યાં પકડ્યું, કહે છે. સમજાય છે? એ પણ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

અહો..! એની સ્વાધીનતાની દશા તો જો! ભગવાન પોતાના અંતર ગુણસ્વરૂપ સહજાનંદ મૂર્તિ પ્રભુ એને આશ્રયે થતું જ્ઞાન તે સુખરૂપ. આની અપેક્ષા રાખ્યા વિના. નિરપેક્ષથી, આની નિરપેક્ષથી. જુઓ! વળી બિલકુલ અપેક્ષા નહિ? ના. એનાથી વિપરીત. સમજાણું? **'बहिरंग निमित्त भूतात्'** છે ને ક્યાંક? ક્યાંક હતું ખરું. શેમાં? નિરપેક્ષ. એક લીટીમાં નિરપેક્ષ ક્યાં છે? નિરપેક્ષ ક્યાંક છે.

મુમુક્ષુ :- પરદ્રવ્યની અપેક્ષાએ કહ્યું ને.

ઉત્તર :- હા. એ પછી છે. ૧૦૩ પાને છે. ૧૦૩ પાને છેલ્લી લીટી જુઓ. **'तथाहि--परनिरपेक्षत्वेन' 'परनिरपेक्षत्वेन'** છે ને. એ તો ઓલા શબ્દો છે બધા, ઈ તો આમાં આવ્યા એ શબ્દો જ છે. પણ આ તો **'परनिरपेक्षत्वेन'** છે ને છેલ્લે? કે આ બધીની અપેક્ષા જ જ્યાં નથી એમ કહે છે અહીં સિદ્ધ કરવું છે. છે? સંસ્કૃતમાં છે ભાઈ! ભગવાનજીભાઈ! જયસેનાચાર્યની સંસ્કૃતની ટીકામાં. ઉપરની જયસેનાચાર્યની ટીકામાં. અહીં તો આ બધા વિના કીધું ને? સમજાણું?

**'અંતઃકરણ, ઈન્દ્રિય, પરોપદેશ,...'** એ સાંભળ્યું ને ઉઘડ્યું, સાંભળ્યું ને ઉઘડેલું એ પરદ્રવ્યની એ અપેક્ષા વિના, એ પણ અપેક્ષા નહિ જ્યાં. ઓહો..હો..! 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાયી.' આવે છે ને? છતાં એ લક્ષમાં આવ્યું કે શાસ્ત્ર આમ કહે

છે આમ. એ જ્ઞાનને પણ પરદ્રવ્ય કહેવામાં આવે છે. એની અપેક્ષા વિના જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! અલૌકિક વાત છે ને, લોકોત્તર વાત છે ને. સમજાણું કાંઈ? એ **'પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના...'** બસ થઈ રહ્યું. અપેક્ષા રાખ્યા વિના કહો કે નિરપેક્ષ કહો. એમ. સમજાણું? એટલે? કે આત્માને આત્માનું જ્ઞાન થવા માટે મનની જરૂર નહિ, ઈન્દ્રિયની જરૂર નહિ, પરના ઉપદેશથી થયેલા જ્ઞાનની જરૂર નહિ, લબ્ધની જરૂર નહિ, ધારણાની જરૂર નહિ, એવા બધાની અપેક્ષા રાખ્યા વિના **'એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને...'** લ્યો. સમજાણું કાંઈ?

**'એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને...'** લ્યો! દેખો! ભગવાન જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ આત્મસ્વભાવ એને કારણપણે ગ્રહીને. **'સર્વ દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં એકીવખતે વ્યાપીને પ્રવર્તતું...'** .. લેવું છે ને અહીં? આખું કેવળજ્ઞાન લેવું છે ને. નીચે પણ જેટલું જ્ઞાન થાય પ્રત્યક્ષ એ જ જ્ઞાન છે. આની અપેક્ષા વિનાનું સ્વસમયે થયું એ પોતાથી થયું છે. આ પૂર્ણ અને આ પ્રત્યક્ષ, એને પેટામાં રાખ્યું છે સ્વસમયનું. સમજાણું? **'એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને સર્વ દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં એકીવખતે વ્યાપીને...'** કારણપણે ગ્રહીને ભલે. એમ કહે છે. દ્રવ્યને કારણપણે ગ્રહીને એમ. ઓલા કારણપણે નહિ એમ હવે. આ બધા જે કારણો કહ્યા એનાથી નિરપેક્ષ. ત્યારે હવે **'એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને સર્વ દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં...'** જેટલા ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-પર્યાયો છે તેને એક વખતે વ્યાપીને **'એકીવખતે...'** જાણીને એમ, વ્યાપીને એટલે. **'એકી વખતે વ્યાપીને...'** **'દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં એકીવખતે વ્યાપીને...'** પાઠ એવો છે. **'સર્વ દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં એકી વખતે વ્યાપીને...'** દ્રવ્ય-પર્યાયના સમૂહમાં વ્યામુ હશે? છે ને. એકી વખતે વ્યાપીને એટલે એ જાતનું જ્ઞાન થઈને.

**'પ્રવર્તતું જે જ્ઞાન, તે કેવળ આત્મા દ્વારા જ ઉત્પન્ન થતું હોવાથી...'** ઓહો..હો..! તે કેવળ ભગવાન આત્મા દ્વારા અંતરથી ઉત્પન્ન થતું હોવાથી. સમજાણું કાંઈ? લ્યો, અહીં તો કેવળજ્ઞાન થયું એ તો પૂર્વની ચાર જ્ઞાનની પર્યાય દ્વારા પણ નહિ એમ કીધું. આહા..હા..! કેવી શૈલી ગોઠવે છે જુઓને! ભગવાન આત્મા એકલો કેવળજ્ઞાનસ્વરૂપ એને એક આત્મસ્વભાવને કારણપણે ગ્રહીને. એટલે પૂર્વની ચાર જ્ઞાનની પર્યાયોને કારણપણે ગ્રહીને કેવળજ્ઞાન એ નહિ. સમજાણું કાંઈ? ભગવાન એકલો જ્ઞાનપુંજ પ્રભુ એને કારણપણે ગ્રહીને જે જ્ઞાન **'સર્વ દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં એકીવખતે જ વ્યાપીને પ્રવર્તતું જે જ્ઞાન,...'** વ્યાપીને એટલે જાણતું પ્રવર્તતું તે જ્ઞાન **'તે કેવળ આત્મા દ્વારા જ ઉત્પન્ન થતું હોવાથી...'** તે કેવળ આત્મા દ્વારા એટલે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ દ્વારા ઉત્પન્ન થતું હોવાથી. કોઈ નિમિત્ત નહિ, પૂર્વની પર્યાય નહિ, ઉપલબ્ધિ, સંસ્કાર આદિ બિલકુલ નહિ. ભાઈ! હવે આટલું સાંભળ્યું એણે.

સાંભળીને એના ખ્યાલમાં વાત આવી કે આ અભેદ ચૈતન્ય છે, દ્રવ્ય એકરૂપ છે એની અપેક્ષા.. એટલું ત્યાં કાંઈક કામ કરે કે નહિ મદદ? ના. એમ છે. એ વસ્તુ એવી છે કે પરની અપેક્ષા રાખે નહિ એવી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિનો સાર. ભાઈ! તું ભગવાન છો ને. પૂર્ણ જ્ઞાનઘન છો ને, ત્રિકાળી જ્ઞાનઘન તેને કારણપણે ગ્રહીને, આવા નિમિત્તપણાના કારણપણાની અપેક્ષા છોડી દઈને. છોડી દઈને એ વ્યવહાર છે. અહીં કારણપણે ગ્રહીને તો ત્યાં ઓલી અપેક્ષા છૂટી ગઈ. સમજાણું કાંઈ? આહા..હા..! પૂર્વની ચાર જ્ઞાનની પર્યાય હોય ને મોક્ષમાર્ગ પહેલા મતિ-શ્રુત (આદિ) એ પણ નહિ. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય. આ તો મોક્ષમાર્ગની પર્યાય છે ને? એને કારણપણે ગ્રહીને મોક્ષની પર્યાય એટલે કેવળજ્ઞાનની પર્યાય થાય એમ નહિ. કેવળ દ્રવ્યસ્વભાવ જે છે તેને કારણપણે ગ્રહીને સીધું આત્મા દ્વારા કેવળજ્ઞાન થાય. તે મહાપ્રત્યક્ષ અતીન્દ્રિય જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! મહાપ્રત્યક્ષ (શબ્દ) વાપર્યો. સમજાણું? કારણ કે એ એવી રીતે કહે છે ને. ભાઈ! જ્ઞાનચેતના તેરમે થાય એમ કહે છે ને પંચાસ્તિકાયમાં? જ્ઞાનચેતના તેરમે થાય એટલે એ પરિપૂર્ણની વાત છે. ક્રમપણે નીચે ચોથેથી શરૂ થઈ છે જ્ઞાનચેતના. આ મહાપ્રત્યક્ષ જ્ઞાન એને આ શબ્દ વાપર્યો અહીંયાં. મહાપ્રત્યક્ષ ત્યાં. એટલે એના પહેલા પ્રત્યક્ષ છે સ્વસંવેદન પ્રત્યક્ષ એ ગૌણમાં રાખીને એની વાત કરી છે. આહા..હા..! પંચાસ્તિકાયમાં આવે છે ને. ત્યારે આ લોકો સામા કહે છે, જ્ઞાનચેતના કેવળજ્ઞાનીને જ હોય. અરે..! ભગવાન! સ્વસંવેદન અંદર આત્માના આનંદનો અનુભવ એ તો કેવળજ્ઞાનીને જ હોય. અરે..! ભગવાન! શું કરે છે આ? જુઓ, તેથી તો આચાર્યે મહાપ્રત્યક્ષ પહેલું કહ્યું ને ભાઈ! મહાપ્રત્યક્ષ શબ્દ વાપર્યો છે એ હેતુથી છે. મહાપ્રત્યક્ષ કેવળજ્ઞાન છે. મહાપ્રત્યક્ષ છે. એથી કરીને ચોથે પાંચમે પ્રત્યક્ષ નથી એમ નથી. સમજાય છે કાંઈ?

જેમ પંચાસ્તિકાયમાં જ્ઞાનચેતના એટલે જ્ઞાનનું વેદન તેરમે કહ્યું છે. એથી કરીને ચોથે, પાંચમે, છઠ્ઠે મુનિને જ્ઞાનચેતના નથી એમ નથી. મહાચેતના. જેમ અહી મહાતત્ત્વજ્ઞાન એ મહાચેતના જ્ઞાન ત્યાં હોય છે. નીચે સ્વસંવેદન ચેતના હોય છે. સમજાણું કાંઈ? લ્યો! હવે આમાં ક્યાં વાદવિવાદે પાર પડે એવું છે કાંઈ આમાં? ચાલો, હોય છે કે નહિ? આ હોય છે કે નહિ? એમ કહે લ્યો! લબ્ધરૂપ એના ખ્યાલમાં હોય, સાંભળીને ભગવાને કીધું એના ખ્યાલમાં હોય છે કે નહિ? કે આ અભેદ છે. એ ખ્યાલ ન હોય ને થાય છે? એ ખ્યાલ ન હોય ને થાય છે? લ્યો એ તકરાર. એઈ..! ચેતનજી! લ્યો, આમાં શું કરવું આ તકરાર વાદવિવાદ? એ વળી કહે, આ હોય છે કે નહિ? એની મેળાએ થઈ જતું હશે? સાંભળ્યા વિના થઈ જાય પાધરું? અને સાંભળીને એના ખ્યાલમાં આવ્યું છે કે આ અભેદ જ્ઞાન છે એવો ખ્યાલ આવ્યો છે લબ્ધરૂપ, એના વિના થાય આ? અહીં કહે છે, એના વિના થાય

સાંભળને. આહા..હા..! એવો ભગવાન આત્મા જ્ઞાનાનંદની મૂર્તિ છે પ્રભુ, એના અંતર જ્ઞાન થવા માટે, કહે છે, પરની અપેક્ષા બિલકુલ નથી. એને તો પોતાનો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ છે તેને કારણપણે ગ્રહીને પ્રત્યક્ષ જ્ઞાન મહાપ્રત્યક્ષ જ્ઞાન થાય છે. અને નીચે પણ મતિશ્રુતજ્ઞાન તે દ્રવ્યસ્વભાવને કારણ ગ્રહીને સ્વસંવેદન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘણું સંકેલીને ઘણી વાત કરે છે. કેટલી ટીકા તે ગજબ ટીકા છે ને! આહા..હા..!

**'એ બધાંય પરદ્રવ્યની...'** બધાય પરદ્રવ્ય કીધા ને? એ બધાય પરદ્રવ્ય એટલે બધા અંતઃકરણથી માંડીને પ્રકાશ સુધી. જેમ પ્રકાશ પરદ્રવ્ય છે, ઇન્દ્રિય પરદ્રવ્ય છે, મન પરદ્રવ્ય છે, પરઉપદેશ પરદ્રવ્ય છે, ઉપલબ્ધિ પરદ્રવ્ય અને સંસ્કાર પરદ્રવ્ય. લે! આહા..હા..! સમજાણું? આ વિકલ્પને તો પરદ્રવ્ય કીધો. એ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો જે વ્યવહાર સમકિત એ વિકલ્પ પરદ્રવ્ય તો છે, પણ આ તો ઉઘડેલો લબ્ધજ્ઞાન એ પરદ્રવ્ય છે. ઓહો..હો..! છે કે નહિ એમાં? ઓલા કહે, ઘરના અર્થ કરે. વળી એ વાત આવી. ભાઈ! આ જોને આમાં શું છે? કેટલી વાત કરે છે!

**'એ બધાંય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના...'** એ બધાંય પરદ્રવ્ય છે. એક, બે, ત્રણ, ચાર, પાંચ અને પ્રકાશ છ અને આદિ નાખ્યું પછી. સમજાણું? જોવા વખતે આંજણ-બાંજણ નાખ્યું હોય. આ નાખે છે ને મેલ? ઈ આડું ન હોય. મેલ નાખે છે ને મેલ શું કહેવાય? આંજણ-આંજણ—અંજન—કાજલ આ છોકરાને નથી નાખતા કાળુ આંખ રહેવા માટે? એટલે એ પણ .. લાગ્યું એના વિના .. એ આડું હોય તો જણાય નહિ પાછું લ્યો! ઓલું તો લબ્ધ છે, ઉઘાડ છે, પણ અહીં પાછો જરીક ઓલો મેલ, ચીપડો વળી ગયો હોય, એ બધો ચીપડો. એ મેલ-બેલ, ચીપડો-બીપડો ન હોય એ આદિમાં જાય છે. સમજ્યાને? એનો અભાવ હોય ત્યારે એ જાણે છે. આમાં કહે છે કે એની જરૂર છે નહિ. આહા..હા..!

નારકીના જીવને અગ્નિના દુઃખ ... અતીન્દ્રિય સ્વસંવેદનજ્ઞાન થાય છે એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એને તો ... છૂટા છૂટા પરિણમી જાય છે, વળી ભેગા થાય. એવું બધું હોય ને. શું કહેવાય? પારો. પારો છૂટો છૂટો હોય અને ભેગો થાય. એમ આ બધું ... ન રહે. આવી સરખી અને આમ સરખું એને તો આમ ફાટી જાય, તૂટી જાય, કટકા થઈ જાય. સમજાણું? એના વળી .. ન રહે. અહીં કહે છે કે જ્યારે સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરે છે એને આની જરૂર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ના, એની જરૂર નથી. એ તો દ્રવ્યસ્વભાવ જ્ઞાયકપણે ગ્રહીને જે જ્ઞાનનું વેદન થયું એ સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? લ્યો, કાનમાં ઓલા પડ્યા હોય, ખીલ્લા માર્યા હોય. સમજાય છે ને? કટકા થઈ જાય. એ તો રોગ હોય છે બધો. અંતર અતીન્દ્રિય સમ્યગ્જ્ઞાન થવા માટે કોઈની અપેક્ષા છે જ નહિ. સમજાણું કાંઈ?

સાતમી નરકનો નારકી, રવરવ નરક અપરિઠાણે ૩૩ સાગરની સ્થિતિવાળો એ પણ

અંદર સ્વસંવેદન પામે છે લ્યો! સમજાણું કાંઈ? એ તો એની સ્થિતિ લક્ષમાં લે તો ખબર પડે. આ બધી ઈન્દ્રિયો બધી તૂટી ગઈ, છૂટી ગઈ, કટકા (થઈ ગયા હોય) આહા..હા..! એવા કાળમાં પણ અંતરલક્ષ કરતાં જ્ઞાયક ત્રિકાળ સ્વભાવને કારણ ગ્રહીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સ્વસંવેદનજ્ઞાન કરી શકે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શ્વાસ લેવાની સરખાઈ ન હોય ત્યાં તો. એ પણ એકદમ પ્રતિકૂળ. ભાઈ! મને શ્વાસ તો લેવા દે સખનો તો કાંઈક વિચાર કરું. એ જરૂર ત્યાં છે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! માણસ કહે છે ને કે ભાઈ! શ્વાસ તો લેવા દે, શ્વાસ તો લેવા દે. આમ થાય તો મને કાંઈક વિચાર કરવાનો અવકાશ રહે. ભગવાન! તું એવડો છો ને અંદર, એ શ્વાસ લેવાનો અવકાશ ન હોય તો તું પરનો આશ્રય છોડી દઈ અને સ્વને આશ્રયે સમ્યગ્જ્ઞાન કરી શકે છો. આહા..હા..! સમજાણું કાંઈ? એવી આત્માની તાકાત છે એમ કહે છે. એવો એ નમાલો નથી કે જેને આવા હોય તો આમ કરી શકે એવો એ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આ બધા સરખા હોય અને આ બધું હોય તો એને સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્જ્ઞાન મતિ-શ્રુત પ્રત્યક્ષ થાય એવો એ છે જ નહિ આત્મા એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શરીરની જરૂર નથી?

ઉત્તર :- શરીર-ફરીરની જરૂર નથી અને આંખની ફૂટવાની.. ભલે ફૂટી ગયું અને લોહી જામ થઈ ગયું હોય, કોઈ જરૂર નથી એમ કહે છે. ભગવાનજીભાઈ! આહા..હા..!

ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે ને. પરમાત્મા પોતે છે દ્રવ્યસ્વભાવ. એને જ્યાં અંતર કારણપણે ગ્રહ્યું, બધું પતી ગયું. લાખ એની પ્રતિકૂળતા હોય તો ત્યાં કાંઈ નુકસાન કરતી નથી. અને આત્માને પ્રત્યક્ષ સમ્યગ્જ્ઞાન થવા માટે બિલકુલ બીજાની મદદ અને અનુકૂળતાની જરૂર નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મહાપ્રત્યક્ષની વાત આવે છે, ઓલા પોતાના પૂરતી સ્વસંવેદન પ્રત્યક્ષ. અરે..! જૈનપરમેશ્વર વીતરાગપણાનું પ્રગટપણું આત્માના દ્રવ્યને આશ્રયે થાય છે એમ કહે છે. ધર્મ વીતરાગપણાની પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન એ બધી વીતરાગી પર્યાય છે. વીતરાગી પર્યાય તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને આશ્રયે જ પ્રગટ થઈ શકે છે. એ તો કોઈને આશ્રયે હોય તો એ વીતરાગી પર્યાય જ ન હોઈ શકે. સમજાણું કાંઈ? અહીં તો કહે કે એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય એ ભગવાનની મૂર્તિથી થાય. આ બીજે દેખાડે છે ને બધા? એનાથી થાય. બાપુ! એ વસ્તુ તારે વિચારવી પડશે, ફેરવવી પડશે. જુઓ! આહા..હા..! ફેરવવી પડશે, બીજે પડખે જાવું પડશે કહે છે.

આહા..હા..! ગજબ અમૃતચંદ્રાચાર્ય! ૫૮ ગાથા. '**जं परदो विण्णाणं तं तु परोक्खं**' પાછો શબ્દ વાપર્યો '**विण्णाणं**' ભાઈ! એ પહેલું કહ્યું હતું. વિજ્ઞાન શબ્દ વાપર્યો છે હોં! છે ને, પાઠમાં છે ને. '**जं परदो विण्णाणं तं तु परोक्खं ति भणिदमट्ठेसु**।' ઓહો..હો..!

એ પર ઉપદેશથી થયેલું જ્ઞાન એ વિજ્ઞાન કહ્યું, પણ એ વિજ્ઞાન દુઃખરૂપ પરોક્ષ જ્ઞાન છે લ્યો! પરોક્ષ જ્ઞાનને વિજ્ઞાન કીધું, દુઃખરૂપ જ્ઞાનને વિજ્ઞાન કીધું. ભાષા જુઓ! સમજાણું કાંઈ?

ભગવાન શુદ્ધ બુદ્ધ... છે ને અંદર છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ પરમાત્મા. છે ને શ્રીમદ્‌માં આવે છે ને, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' જયસેનાચાર્યમાં બહુ 'શુદ્ધ બુદ્ધ' આવે જુઓ! આમાં છે જુઓ ૫૮માં. છેલ્લી લીટીમાં છે. '**केवलाच्छुद्धबुद्धैकस्वभावात्परमात्मनः**' પરમાત્મ. પરમાત્મનું પરમસ્વરૂપ એમ. ભગવાન આત્મા શુદ્ધ બુદ્ધ કેવળ પરમસ્વરૂપ ભગવાન ત્રિકાળી પોતાનો સ્વભાવ એને કારણપણે ગ્રહી, એને આશ્રય આપી, એ સમ્યગ્જ્ઞાનને એનો આશ્રય લેતા જે જ્ઞાન થાય તે અતીન્દ્રિયજ્ઞાન તે સુખરૂપ, પ્રત્યક્ષ જ્ઞાન છે, તે સુખરૂપ જ્ઞાન છે. સમજાણું કાંઈ? મોટા દસ-દસ હજારના પગારવાળા મોટા ટોપા મૂકીને આમ ચાલતા હોય. એય..! કલેક્ટર! આ કલેક્ટર હતા ને, પોરબંદર. આ કલેક્ટર સાહેબ આવ્યા. બહુ બુદ્ધિવાળા. આ કહે છે આમ હોય.. આમ હોય... મોટા કરવાના હોય ને શું કહે? આ રેલના નહિ મોટા થાંભલા. લ્યો! ત્યાં નહિ જયપુરમાં બે કરોડના સંચા છે ને. બે કરોડ ઊપજે બાર મહિને. રામજી હંસરાજ એના છોકરાઓ. કામાણી. બે કરોડનું. એથી હજી દસ કરોડનું ઉપજાવવું છે. એમ વાત કરે છે. ... સંચા જુદી જાતના. આમ થાંભલા રાખ્યા બધા ઉપર ઉપર. ...બીજા બતાવે. કેટલું વિજ્ઞાન છે એમ કહે. મૂઢ છો એમ કહે છે, જડ છો એમ કહે છે. એ વિજ્ઞાનને મૂઢ કીધો છે. આ તો શાસ્ત્રમાં એ બહારનું તો મૂઢ છો, અચેતન છે તારું જ્ઞાન. સમજાણું કાંઈ? એય..! મોહનભાઈ! શું હશે આ બધું? લ્યો, આ મહેન્દ્રભાઈ ને શું કરતા હશે? ત્યાં બધા ડહાપણ કરતા હશે કે નહિ? એક છોકરાએ કર્યું ને. શું કહેવાય? કારખાનું. એક કરે આ. હુશિયાર નહિ? એય..! આણે પણ કારખાનું કર્યું છે થાણામાં. છોકરાઓ પણ એની દેખરેખ વિના એના .. ચાલે કોઈ? કરતા હશે એની મેળાએ? કર્યા. બાપા વિના ચાલે નહિ કાંઈ. એય..! ભગવાનજીભાઈ! આ શું હશે બધું? આહા..હા..!

પણ આ તો ઓલી જ્ઞાનની જે ઉઘાડ દશા એ જાતની કે આમ ને આમ, એ કહે છે કે અચેતન છે. આહા..હા..! તને સુખ ન આપે તે જ્ઞાન શેનું? એમ કહે છે અહીં તો. એ એમ કહેવા માગે છે, તને શાંતિ ન આપે, સમાધાન થઈને આનંદ ન આવે એ જ્ઞાન શેનું? આહા..હા..! આ તો ઓલો.. કલેક્ટરપણાની આકુળતા ત્યાં હશે? ઓલા કલેક્ટરસાહેબ! કલેક્ટરસાહેબ! આમ કરતા હોય બિચારા પોરબંદરમાં. પોરબંદરમાં કલેક્ટર હતા આ જેઠાલાલભાઈ. પદવી હોય ત્યારે મોટું માન દેખાય અંદર. લ્યો! પછી પદવીથી નીચે ઉતરે ત્યારે વળી પાછું થઈ રહ્યું. અરેરે..! આ ભારે ભ્રમણા જગતની. સપનાના બધા ધુમાડાના બાચકા છે કહે છે.

ભાઈ! જે અહીં વિજ્ઞાન શબ્દ વાપર્યો ભગવાને હોં! કુંદકુંદાચાર્યે. બાપુ! એ વિજ્ઞાન

તે અચેતન છે હોં! એ મૂર્ત છે હોં! એ દુઃખરૂપ છે કહે છે. આહા..હા..! ઉપદેશથી સાંભળ્યું અને એ જ્ઞાન થયું તે વિજ્ઞાન તે દુઃખરૂપ, તે અજ્ઞાન, તે જડ, તે અચેતન. ... આહા..હા..! ભગવાન ચિદાનંદ પ્રભુને સ્પર્શીને જે જ્ઞાન થાય તે જ્ઞાન પ્રત્યક્ષ, તે જ્ઞાન સુખરૂપ, તે જ્ઞાન ચેતન, તે જ્ઞાન આત્માનું. એ સ્વદ્રવ્યનું જ્ઞાન. ઓલાને પરદ્રવ્ય કહી દીધું. ઓહો..! એ સ્વદ્રવ્ય છે ઈ. ચૈતન્યનું સ્વસંવેદનજ્ઞાન તે સ્વદ્રવ્ય થયું. સ્વદ્રવ્ય થયું ને ભાઈ! સમજાણું? કીધું ને. સ્વદ્રવ્ય, જ્ઞાનને સ્વદ્રવ્ય કીધું. ... આ સ્વદ્રવ્ય જ્ઞાન છે. જેમ અનુભૂતિને આત્મા કીધો ને? એમ જે આત્માને આશ્રયે જ્ઞાન થયું એ સ્વદ્રવ્ય છે. એ સ્વદ્રવ્ય જ છે એ જ્ઞાન તે. આહા..હા..! વસ્તુ સ્વદ્રવ્ય છે એ પાછી. સમજાણું? જેમ ઓલાને પરદ્રવ્ય કહી દીધું ને. એમ આ સ્વદ્રવ્ય છે. પર્યાય અનુભૂતિને આત્મા કીધો ને આખો. એમ. આ તો પરદ્રવ્ય સામે. જ્યારે ઓલું પરદ્રવ્ય છે તો આને આશ્રયે થઈને થયું તો સ્વદ્રવ્ય છે. સ્વદ્રવ્યને આશ્રયે થયેલું તે સ્વદ્રવ્ય જ જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અભેદનય ને એમ ક્યાંક આવ્યું હતું ને? એ તો ઓલામાં આવ્યું હતું. એવું આવ્યું હતું. અભેદનય .. એમ કહે છે. એ તો ત્યાં આવ્યું હતું. એ તો ઓલામાં કહ્યું હતું ભાઈ સવારમાં. ચૌદમાં. અભેદનય પુરુષને પણ એમ કીધું છે. આવે છે ને ચૌદમામાં, સમયસારમાં. એ આવે છે. પુરુષને કીધું છે ને. ચૌદમામાં આવ્યું ને શેમાં આવ્યું ઈ? જુઓ! ચૌદ. સંસ્કૃત પણ છે જુઓ. સમયસારમાં આમાં નથી. આમાં ક્યાં છે? ઓલું છે ને સંસ્કૃત.. એક વિચાર થયો હતો. એક સમયસાર જયસેનાચાર્યની ટીકાવાળું હવે ઘણાં વર્ષ થઈ ગયા, નાખે તો વાંધો નહિ. એવું થઈ ગયું હતું હોં કે સાથે સાથે જોવામાં કામ આવે. કારણ કે એ છે તો અમુક જાતની શૈલી, પણ એ તો ઘણા ઘડાઈ ગયા છે હવે. એ ભાઈને પડવું પડશે હિંમતભાઈને પાછું .. પડે ને. આ આવ્યું જુઓ. **'तं सुद्धणयं वियाणीहि'** ચૌદમામાં છે ને. **'तं पुरुषमेवाभेदनयेन शुद्धनयविषयत्वाच्छुद्धात्मसाधकत्वाच्छुद्धाभिप्रायपरिणतत्वाच्च शुद्धं विजानीहीति भावार्थः।'** પુરુષને શુદ્ધ જાણવો. ચૌદમામાં છે ભાઈ! ચૌદમાની છેલ્લી લીટી. સંસ્કૃત બહુ સારું છે હોં! એટલે આમ વિચાર થઈ ગયો હતો. હવે તો સમયસારમાં નાખવું. હવે તો બધા જાણે છે. બે ટીકાવાળું એક સમયસાર જોઈએ નવું, સારું, ચોખ્ખું. એય..! દેવાનુપ્રિયા! ચંદુભાઈની માથે આવશે બધું. ચંદુભાઈ કરે છે કે નહિ? પણ બધું ચોખ્ખું આવે. **'तं सुद्धणयं वियाणीहि'** શબ્દ છે ને ભાઈ! ચૌદમામાં. એનો અર્થ કર્યો છે. **'तं पुरुषमेवाभेदनयेन'** પુરુષને જ એણે શુદ્ધનય કહેવો. **'शुद्धनयविषयत्वाच्छुद्धात्मसाधकत्वाच्छुद्धाभिप्रायपरिणतत्वाच्च शुद्धं विजानीहीति'** પુરુષને શુદ્ધ કહ્યો છે. બહુ સારી વાત છે. એ તો જાણવાની વાત હોય ને.

મુમુક્ષુ :- ઘણી વાતું છે.

ઉત્તર :- ઘણી વાતું ઓલી છે એટલે એમ વિચાર આવ્યો હતો આ વાંચીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય તે શું છે? હવે ઘણા વર્ષ થઈ ગયા. આ તો છપાય છે. હવે તો આ છે ને. પણ હવે કોઈ વળી સમયસાર થઈ રહ્યા. કારણ કે એક જ રહ્યું છે ને. ... નિયમસારનું નથી. પંચાસ્તિકાયનું થયું છે?

મુમુક્ષુ :- આપણે જે છપાવ્યું છે એમાં છે.

ઉત્તર :- આપણે છપાવ્યું છે. એટલે પ્રવચનસારનું આવી ગયું. નિયમસારમાં તો એક જ છે. પંચાસ્તિકાય અને સમયસાર બેનું રહ્યું. બેનું રહ્યું ને? પંચાસ્તિકાય... સમજાણું?

અહીં કહે છે કે તે જ્ઞાન 'પ્રત્યક્ષ તરીકે ઓળખાય છે.' તેને મહાપ્રત્યક્ષ અને આનંદનું કારણ કહેવામાં આવે છે. લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૮, મંગળવાર, તા. ૨૯.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૯, પ્રવચન-૫૦**

યહ પ્રવચનસાર. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન હૈ. ૫૯ ગાથા હૈ. ૫૦ ઔર ૯. '**અબ, ઈસી પ્રત્યક્ષજ્ઞાનકો પારમાર્થિક સુખરૂપ બતલાતે હૈં :—**' ક્યા કહતે હૈં? જો આત્મા હૈ આત્મા વહ જ્ઞાનસ્વરૂપ ત્રિકાલ ચૈતન્યસ્વરૂપ હૈ. ઐસા આત્મા અંતર્મુખ દૃષ્ટિ કરકે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરકે, શુદ્ધ આત્માકા અનુભવ કરકે પ્રતીત ઔર જ્ઞાન ઔર સ્વરૂપકી સ્થિરતા કરકે વિશેષ ઉપશમ અર્થાત્ સામ્યભાવ પ્રગટ કરકે ઉસકા ફલરૂપ કેવલજ્ઞાન પ્રાપ્ત હોતા હૈ, વહ કેવલજ્ઞાન કૈસા હૈ ઉસકી બાત ચલતી હૈ.

યે અપના શુદ્ધ ચૈતન્ય કેવલજ્ઞાનકા તો પિંડ હી હૈ આત્મા. આત્મા કેવલ જ્ઞાનસ્વરૂપ પિંડ ચૈતન્યપિંડ હૈ. ઉસકી અંતર દૃષ્ટિ કરકે, જ્ઞાનસ્વરૂપકા વેદન ઔર શ્રદ્ધાકી પ્રતીત કરકે પીછે સ્વરૂપમેં સ્થિરતા ઉપશમભાવ, સામ્યભાવ, શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કરકે શુદ્ધ ઉપયોગ દ્વારા કેવલજ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? વહ કેવલજ્ઞાન હોતા હૈ ઉસકી બાત ચલતી હૈ. વહ કેવલજ્ઞાન સુખકા સાધન હૈ, આનંદકા કારણ વહ કેવલજ્ઞાન હૈ. સમજમેં આયા? અપના આત્મા ભી જ્ઞાન હૈ ઔર આનંદ(સ્વરૂપ) હૈ ઔર ઉસકા જ્ઞાન કરના, વહ જ્ઞાન પૂર્ણ હોના વહ આનંદકા કારણ ભી જ્ઞાન હૈ. ઉસકી બાત ચલતી હૈ દેખો! પાંચ બોલ લેંગે પાંચ.

जादं सयं समंतं णाणमणंतत्थवित्थडं विमलं।
रहियं तु ओग्गहादिहिं सुहं ति एगंतियं भणिदं।।५९।।

ઈસમેં નહીં હૈ ન હરિગીત? સાથમેં શ્લોક નહીં હૈ. પીછે હૈ. ૫૯ હૈ ન?

**સ્વયમેવ જાત, સમંત, અર્થ અનંતમાં વિસ્તૃત ને**
**અવગ્રહ-ઈહાદિ રહિત, નિર્મલ જ્ઞાન સુખ એકાંત છે. ૫૯.**

ઈસ શબ્દમેં ફર્ક હૈ ન જરા. અવગ્રહ પછી નિર્મળ નાખ્યું છે. પાઠની શૈલીમાં અવગ્રહ છેલ્લો છે છેલ્લો. દેખો! ટીકા. ઉસકી ટીકા હૈ ન. '(૧) **સ્વયં ઉત્પન્ન હોનેસે,...**' ક્યા કહતે હૈં? આત્મામેં કેવલજ્ઞાન હૈ વહ સ્વયં ઉત્પન્ન હોને સે... કોઈ પરકી અપેક્ષા નહીં. અપના આત્મા આનંદ ઔર જ્ઞાનમૂર્તિ હૈ ઉસકા આશ્રય કરના વહ સ્વયં ઉત્પન્ન હોતા હૈ. કોઈ ઇન્દ્રિયોંકી યા પરકી અપેક્ષા ઉસમેં હૈ નહીં. '(૧) **સ્વયં ઉત્પન્ન હોનેસે,...**' એક બોલ. '(૨) **સમંત હોનેસે,...**' નીચે ખુલાસા હૈ. '**ચારોં ઓર-સર્વ ભાગોંમેં વર્તમાન; સર્વ આત્મપ્રદેશોંસે જાનતા હુઆ; સમસ્ત; સંપૂર્ણ, અખંડ.**' વહ દૂસરે શબ્દકા અર્થ હૈ. અસંખ્ય પ્રદેશસે કેવલજ્ઞાન જાનતા આતા હૈ. અસંખ્ય પ્રદેશમેં કેવલજ્ઞાન વ્યાપ્ત હૈ. સમજમેં આયા? વહ દો બોલ.

'(૩) **અનંત પદાર્થોમેં વિસ્તૃત હોનેસે,...**' કૈસા હૈ કેવલજ્ઞાન? અરિહંત પરમાત્માકા કેવલજ્ઞાન. જો અપના સામ્ય શાંતિકી અંદર રમણતા કરનેસે કેવલજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ. વહ કેવલજ્ઞાન અનંત પદાર્થોમેં પરિણિત હૈ, '**અનંત પદાર્થોમેં વિસ્તૃત હોને સે,...**' દેખો! અનંત પદાર્થોમેં વિસ્તૃત કા અર્થ? અનંત પદાર્થકો જાનતા હૈ. '(૪) **વિમલ હોનેસે...**' તદ્દ્ન નિર્મલ હૈ. કેવલજ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન આનંદકા કારણ વહ તદ્દ્ન નિર્મલ હૈ. '**ઔર (૫) અવગ્રહાદિ રહિત હોનેસે...**' ઉસે અવગ્રહ અર્થાત્ ક્રમસે જાનના, ક્રમસે એક કે બાદ એક જાનના ઐસા હૈ નહીં. કેવલજ્ઞાનમેં ઐસા હૈ નહીં. એક સમયમેં સારા કેવલજ્ઞાનમેં લોકાલોક જાનનેમેં આતા હૈ.

'**પ્રત્યક્ષજ્ઞાન એકાંતિક સુખ હૈ...**' દેખો! પરિપૂર્ણ. એકાંતિકકા અર્થ યહ કિયા હૈ ન? '**પરિપૂર્ણ; અંતિમ, અકેલા; સર્વથા.**' એક સુખકા કારણ હૈ. ભગવાન આત્મા અપના જ્ઞાન ત્રિકાલ સ્વરૂપમેં એકાકાર હોનેસે જો જ્ઞાનકી પર્યાય પૂર્ણ પ્રાપ્ત હોતી હૈ વહ એકાંત અર્થાત્ પરિપૂર્ણ સુખ હૈ. ઉસમેં આનંદ હૈ ઔર ઉસમેં સુખ હૈ. વહ ઈસમેં હી આયેગા. વહ કલ નહીં કહા થા? અનાદિ જ્ઞાનસામાન્યસ્વભાવ. વહ. ઉસકા ખુલાસા આયેગા. કલ રાતકો આયા થા. '**ક્યોંકિ એકમાત્ર...**' '**એકાંતિક સુખ હૈ યહ નિશ્ચિત હોતા હૈ, ક્યોંકિ એકમાત્ર અનાકુલતા હી સુખકા લક્ષણ હૈ.**' ભગવાન આત્મા અનાકુલ આનંદસ્વરૂપી આત્મા હૈ ઔર જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ. ઉસકી અંતરમેં એકાગ્રતા હોને સે, પૂર્ણ એકાગ્રતામેં પ્રાપ્ત હોતા હૈ અનાકુલ જ્ઞાન ઔર અનાકુલ સુખ. વહ અનાકુલ જ્ઞાન હૈ, વહ જ્ઞાન હી અનાકુલ હૈ ઐસા કહતે હૈં. '**એકમાત્ર અનાકુલતા હી સુખકા લક્ષણ હૈ.**' એક સુખ વહાં પ્રાપ્ત હોતા હૈ.

'(ઐસી બાતકો વિસ્તારપૂર્વક સમજાતે હૈં :—)' '(૧) 'પરકે દ્વારા ઉત્પન્ન' હોતા હુઆ પરાધીનતાકે કારણ...' અબ ઉસકે સામને બાત લેતે હૈં. યહ પ્રત્યક્ષજ્ઞાનકી બાત હૈ, અબ પરોક્ષ જ્ઞાનકી પહલી બાત કરકે પ્રત્યક્ષકી બાત કરેંગે. સમજમેં આયા? યહ ઇન્દ્રિયાં ઔર મનસે જો જ્ઞાન હોતા હૈ વહ પરોક્ષ હૈ. સમજમેં આતા હૈ? અંતર આત્માસે અંદર પ્રત્યક્ષ હોતા હૈ ઉસકા નામ સુખરૂપ જ્ઞાન હૈ, આનંદ હૈ. યે પાંચ ઇન્દ્રિય, મન, ઉસકે લક્ષ સે, ઉસકી ઉપસ્થિતિમેં જો જ્ઞાન હોતા હૈ વહ પરોક્ષ જ્ઞાન હૈ. વહ પરોક્ષ જ્ઞાન હૈ વહ દુઃખરૂપ હૈ, દુઃખરૂપ હૈ. સમજમેં આયા? વહ આત્માકા સ્વભાવ નહીં. ક્યોંકિ જડ ઇન્દ્રિય જો આત્માકા સ્વભાવ નહીં ઉસકી અપેક્ષા કરકે આત્મા જ્ઞાન કરતા હૈ, તો વહ જ્ઞાન પરોક્ષ હૈ, દુઃખરૂપ હૈ, આત્માકા ધર્મરૂપ જ્ઞાન નહીં. આહા..હા..! સમજમેં આયા?

'(૧) 'પરકે દ્વારા ઉત્પન્ન' હોતા હુઆ પરાધીનતાકે કારણ...' પાંચ ઇન્દ્રિય, મન જો જડ હૈ, જો આત્મસ્વભાવસે ભિન્ન હૈ, ઐસી પરકી અપેક્ષા કરકે જો અંતરમેં જ્ઞાન ઉત્પન્ન હોતા હૈ વહ પરાધીન હૈ. દેખો! સમજમેં આયા? આહા..હા..! પુણ્ય-પાપકા ભાવ કષાય હૈ વહ તો પરાધીન હૈ, દુઃખરૂપ હી હૈ. પરંતુ યહાં તો પાંચ ઇન્દ્રિય ઔર મન દ્વારા ઉત્પન્ન હોનેવાલા જ્ઞાન ભી પરાધીન હૈ. પરાધીન વહ કરતા નહીં, પરંતુ જ્ઞાન પરાધીન ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? ઈ આ બનાવ્યું છે ને પુસ્તક, થોડું વાંચ્યું હતું આજે. ભેટ આવ્યું છે ને. કષાયપાહુડ. કષાયપાહુડ છે? કેવા ઈ? સુંદરસેન દિવાકરે પ્રસ્તાવના લખી છે, ગપેગપ. જેવી પહેલામાં લખી હતી. શુભભાવમેં સંવર હૈ, શુભભાવમેં નિર્જરા હૈ. બધા જે પત્રોમાં આવે છે એવું ને એવું. આહા..હા..! વ્યવહારસે ધર્મ હૈ, વ્યવહારસે પહલે ધર્મ હોતા હૈ, પીછે નિશ્ચય હોતા હૈ. કઈ બાતેં ગપ હી ગપ હૈ. આહા..હા..!

આત્મા અંતર આનંદ ઔર જ્ઞાનમૂર્તિ નિશ્ચય સ્વરૂપ ઉસકા હૈ. ઉસકે આશ્રયસે જો ધર્મ હોતા હૈ વહ આનંદ ઔર અનાકુલ શાંતિ દેનેવાલા હૈ. પ્રથમસે સમ્યગ્દર્શનસે. સમજમેં આયા? વહી ધર્મ હૈ. પુણ્ય પરિણામ ધર્મ નહીં. પરંતુ યહાં તો પાંચ ઇન્દ્રિય ઔર મનસે ઉત્પન્ન હુઆ જ્ઞાન ભી ધર્મ નહીં. ધર્મ અર્થાત્ અપના સ્વભાવ નહીં. સમજમેં આયા? દેખો! 'પરકે દ્વારા ઉત્પન્ન હોતા હુઆ પરાધીનતાકે કારણ...' આખરી શબ્દ હૈ ઉસકા. આખરી હૈ ન. 'પરોક્ષ જ્ઞાન અત્યંત આકુલ હૈ;...' ઇસ કારણસે યહ પરોક્ષ જ્ઞાન અત્યંત આકુલતાકા કારણ હૈ. આખરી શબ્દ હૈ. કહો, સમજમેં આયા? આત્મામેં તીવ્ર કષાય હો અશુભ, હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના, ક્રોધ વહ તો પાપ હૈ, દુઃખરૂપ હૈ, અધર્મ હૈ. પરંતુ રાગકી મંદતા દયા, દાન, વ્રત, પરિણામ આદિ ઉત્પન્ન હોતા હૈ વહ ભી કષાય હૈ, શુભ હૈ, રાગ હૈ. સૂક્ષ્મ બાત હૈ ભાઈ વીતરાગકી. સમજમેં આયા?

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એક સમયમેં તીન કાલ તીન લોક જિસને દેખા ઉસને ઐસા કહા, જૈસા અનુભવમેં આયા વૈસા કહા. સુન તો સહી પ્રભુ! તુમ હો કૌન?

તુમ તો આત્મા હો, ઔર તેરેમેં તો આનંદ ઔર જ્ઞાન ભરા હૈ. ઉસકા આશ્રય લેકર જો અંતર જ્ઞાન ઔર આનંદ ઉત્પન્ન હો વહ ધર્મ હૈ. પરંતુ પરકા આશ્રય લેકર કષાયકી મંદતા આદિ જો હુઆ પુણ્યભાવ વહ ભી ધર્મ નહીં. વહ તો (ધર્મ) નહીં, પરંતુ પાંચ ઇન્દ્રિય ઔર મન પર દ્વારા પરાધીન જો જ્ઞાન હુઆ વહ આત્માકા સ્વભાવ નહીં. સ્વભાવ નહીં અર્થાત્ ધર્મ નહીં, ધર્મ નહીં હૈ વહાં અધર્મ હૈ. આહા..હા..! સમજમેં આયા?

'**પરકે દ્વારા ઉત્પન્ન હોતા હુઆ...**' ઉત્પન્ન કરકે (પરકે) લક્ષ્યસે. હૈ જ્ઞાન અપની ચીજ, પરંતુ અપની ચીજ અપનેસે આશ્રય ઉત્પન્ન ન કરકે ઇન્દ્રિય જો જડ હૈ, મન જો જડ હૈ, જો આત્મસ્વભાવસે ભિન્ન તત્ત્વ હૈ અજીવતત્ત્વ, ઉસકે આશ્રયસે જો ઉત્પન્ન હોતા હૈ જ્ઞાન, વહ પરાધીનતાકે કારણ દુઃખરૂપ હૈ. આહા..હા..! સમજમેં આયા? '**પરાધીનતા કે કારણ...**' આખિરમેં લેના. '**પરોક્ષ જ્ઞાન અત્યંત આકુલ હૈ; ઇસલિયે વહ પરમાર્થસે સુખ નહીં.**' હૈ આખિરમેં શબ્દ હૈ? એય..! ભીખાભાઈ! કહાં?

મુમુક્ષુ :- હજી વાંચું છું.

ઉત્તર :- હજી વાંચું છું. મૂંઝાઈ જાય છે ઝટ દઈને.

મુમુક્ષુ :- પરમાર્થથી સુખ નથી.

ઉત્તર :- ઈ. અહીંથી લેવું એક એક બોલમાંથી.

'**પરકે દ્વારા ઉત્પન્ન હોતા હુઆ પરાધીનતા કે કારણ પરોક્ષ જ્ઞાન અત્યંત આકુલ હૈ; ઇસલિયે વહ પરમાર્થસે સુખ નહીં.**' હૈ ન, આખિરમેં હૈ ન? આહા..હા..! અપના આત્મા અંતરમેંસે નિશ્ચય જ્ઞાન પ્રગટ કરકે સાથમેં આનંદ હો, ઉસ જ્ઞાનકો સમ્યગ્જ્ઞાન ઔર ધર્મજ્ઞાન કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? વીતરાગી જ્ઞાન છે તે ધર્મ છે એમ કહે છે, ભાઈ! આ પરોક્ષ જ્ઞાન અને રાગવાળું પરાધીન જ્ઞાન છે. વીતરાગકા માર્ગ વીતરાગસે શુરૂ હોતા હૈ. ભગવાન આત્મા, આત્મા જો હૈ વહ વીતરાગ વિજ્ઞાનઘન હૈ. વીતરાગ વિજ્ઞાનઘન આત્મા હૈ. વીતરાગ અર્થાત્ અકષાય જ્ઞાનઘન હૈ. ઉસકે આશ્રય સે જો અકષાય વીતરાગી જ્ઞાન જો ઉત્પન્ન હોતા હૈ વહ સુખરૂપ હૈ, વહ આનંદકા કારણ હૈ ઔર વહ ધર્મ હૈ. આહા..હા..! સમજમેં આયા? નાગપુરમેં આયે થે ન એક ભાઈ. કૌન? ધન્નાલાલજી આયે થે. સમજમેં આયા? ધન્નાલાલ વહાં આયે થે.

'**અસમંત હોનેસે...**' ક્યા કહતે હૈં? દેખો નીચે ખુલાસા હૈ અસંમતકા અર્થ. અસંમત હૈ ન, તીન. '**પરોક્ષ જ્ઞાન ખંડિત હૈ...**' ક્યા કહતે હૈં? યે પાંચ ઇન્દ્રિય મન વહ તો જડ હૈ. ઉસકે લક્ષ્યસે જો જ્ઞાન હોતા હૈ વહ '**પરોક્ષ જ્ઞાન ખંડિત હૈ અર્થાત્ વહ અમુક પ્રદેશોંકે દ્વારા હી જાનતા હૈ;...**' અમુક પદાર્થોંકે દ્વારા હી જાનતા હૈ. અમુક પ્રદેશ. '**અમુક પ્રદેશોંકે દ્વારા હી જાનતા હૈ; જૈસે વર્ણ-આંખ જિતને પ્રદેશોંકે દ્વારા હી...**' વર્ણ આંખ જિતને પ્રદેશોંકે દ્વારા હી '**જ્ઞાત હોતા હૈ; અન્ય દ્વાર બંધ હૈ.**' આંખ દ્વારા વર્ણ

જાણે, વર્ણ જાણે. ઈતના જાને. ઉસ પ્રદેશસે-ઈતને પ્રદેશસે જાનતા હૈ. પરાધીન હૈ.

'**ઈતર દ્વારોંકે આવરણકે કારણ...**' લો! અસમંત અર્થાત્ પરોક્ષ જ્ઞાન ખંડિત હૈ, અમુક પ્રદેશોંકે દ્વારા હી જાનતા હૈ. જૈસે વર્ણ અર્થાત્ રંગ. '**આંખ જિતને પ્રદેશોંકે દ્વારા હી ઈન્દ્રિયજ્ઞાન સે જ્ઞાત હોતા હૈ; અન્ય દ્વારા બંદ હૈ.**' જબ ખ્યાલ આયા તો ચાર ઈન્દ્રિયોંસે જાનનેમેં આતા નહીં. એક ઈન્દ્રિયસે જાનનેમેં આતા હૈ. ઐસા અસંમત-પૂર્ણ નહીં. ઐસા જ્ઞાન પરાધીન હોનેસે, પરોક્ષ હોને સે દુઃખકા કારણ હૈ. આહા..હા..! કહો, સમજમેં આયા કુછ? આ સાંભળેલું જ્ઞાન દુઃખનું કારણ છે એમ કહે છે. આ જડ, આ તો માટી જડ છે. મન પણ જડ છે. આત્મા અરૂપી ચૈતન્યઘન આનંદકંદ હૈ. તો ઉસકા જ્ઞાન અપનેસે જો હો વહ જ્ઞાન ઔર સુખ હૈ. જિતના પરકી અપેક્ષા રખકર જ્ઞાન હોતા હૈ વહ દુઃખરૂપ, આકુલતા ઔર પરોક્ષ હૈ.

મુમુક્ષુ :- શાસ્ત્રકી અપેક્ષા રખકર જ્ઞાન હોતા હૈ વહ?

ઉત્તર :- શાસ્ત્રકી અપેક્ષા રખકર જ્ઞાન કરે વહ પરોક્ષ જ્ઞાન ઔર દુઃખરૂપ હૈ.

મુમુક્ષુ :- ફિર શાસ્ત્ર કોઈ પઢેગા નહીં.

ઉત્તર :- પઢે નહીં? પઢે બિના રહે નહીં. બાત તો ઐસી હૈ. શાસ્ત્ર તો પર હૈ, જડ હૈ. યહ તો જડ હૈ. યે ક્યા આત્મા હૈ? ઔર સુનનેમેં આતા હૈ શબ્દ, શબ્દ ભી જડ હૈ. ઔર વહ કાનકી અપેક્ષા રખકર આતા હૈ. ઈતને પ્રદેશમેં હી જાનનેમેં આતા હૈ. સમજમેં આયા? તો અસંમત અર્થાત્ પરિપૂર્ણ નહીં, ખંડિત (હૈ). અસંમત અર્થાત્ પરિપૂર્ણ નહીં, ખંડિત હૈ. ઔર પહલે કહા પાંચ ઈન્દ્રિય દ્વારા (જાનતા હૈ) ઈસલિયે પરાધીન (હૈ). સમજમેં આયા? વીતરાગમાર્ગ અલૌકિક હૈ. આહા..હા..!

દિગંબર આચાર્યોંને વસ્તુકા સ્વરૂપ જૈસા હૈ ઐસા અનાદિ પરંપરાસે આયા ઐસા કહા. અનાદિ... અનાદિ... અનાદિ... યહી માર્ગ હૈ. સમજમેં આયા? ભગવાન! તેરા જ્ઞાન ઈન્દ્રિય ઔર મનકી અપેક્ષા રખે વહ ભી પરાધીનતા હૈ ઔર ઈન્દ્રિય મનકી એક એક ઈન્દ્રિયકા લક્ષ્ય કરતા હૈ તો પરિપૂર્ણ જ્ઞાન નહીં હોતા, તો ખંડિત જ્ઞાન હોતા હૈ. ખંડિત જ્ઞાન હૈ તો પરોક્ષ હૈ, પરોક્ષ હૈ તો આકુલતાકા કારણ હૈ. સમજમેં આયા? દો બોલ હુએ. અસંમતકા અર્થ સમજે? પરિપૂર્ણ નહીં, ખંડિત. એક એક ઈન્દ્રિયસે જ્ઞાન હુઆ, દૂસરી ઈન્દ્રિયસે બંધ. તીસરેમેં લક્ષ્ય જાયે તો પહલી ઈન્દ્રિયકા બંધ હોતા હૈ. તો વહ તો ખંડિત જ્ઞાન હૈ. અમુક પ્રદેશોંસે જાનનેમેં આતા હૈ ખંડ ખંડસે તો વહ જ્ઞાન પરિપૂર્ણ નહીં, ઔર ઉસ કારણસે '**ઈતર દ્વારોંકે આવરણકે કારણ હૈ.**' ઈતર દ્વારનું આવરણનું કારણ છે ત્યાં. તેથી તે દુઃખરૂપ પરોક્ષ છે.

તીસરા. '(૩) **માત્ર કુછ પદાર્થોંમેં પ્રવર્તમાન હોતા હુઆ...**' ક્યા કહતે હૈં? પરોક્ષ જ્ઞાન થોડા પદાર્થ... થોડા સમજે ન? બહુત થોડા પદાર્થ. થોડા કહતે હૈં? અલ્પ અલ્પ.

અલ્પ પદાર્થકો ઇન્દ્રિયજ્ઞાન જાનતા હૈ પરોક્ષ જ્ઞાન. પરોક્ષ જ્ઞાન થોડા પદાર્થ, અલ્પ પદાર્થકો જાનતા હૈ. અલ્પ પદાર્થકો જાનતા હુઆ **'અન્ય પદાર્થોંકો જાનનેકી ઇચ્છાકે કારણ,...'** થોડા જાનનેકે કારણ, અન્ય જાનનેકી ઇચ્છાકે કારણ પરોક્ષ જ્ઞાન આકુલતાકા કારણ ખેદ હૈ. કહો, સમજમેં આયા? **'માત્ર કુછ પદાર્થોમેં પ્રવર્તમાન...'** થોડા પદાર્થમેં. થોડા લો ન. કુછ આયા ન? થોડા પદાર્થમેં પ્રવર્તમાન હોતા હુઆ **'અન્ય પદાર્થોંકો જાનનેકી ઇચ્છાકે કારણ,...'** ઇચ્છાકે કારણ પરોક્ષ જ્ઞાન અત્યંત આકુલ હૈ ઇસ કારણસે સુખ નહીં.

ચૌથા. **'(૪) સમલ હોનેસે અસમ્યક્ અવબોધકે કારણ...'** મૈલ હૈ. ઇન્દ્રિય ઔર મનસે જાનના હુઆ (વહ) પરોક્ષ જ્ઞાન મૈલવાલા હૈ. **'(—કર્મમલયુક્ત હોનેસે,...'** રાગમલયુક્ત હોનેસે **'સંશય-વિમોહ-વિભ્રમ સહિત જાનનેકે કારણ),...'** સમજે? વિમલકી વ્યાખ્યા કી. વિમલકે સામને સમલકી. સંશય રહે કિ યે ક્યા હોગા? સમજે? વિમોહ-વિપરીત હો જાયે, વિભ્રમ-ભ્રમ પડ જાયે. ઐસા હોનેસે પરોક્ષજ્ઞાન ઇન્દ્રિય ઔર મનસે હોતા હુઆ દુઃખકા કારણ, આકુલતા કા કારણ હૈ. આહા..હા..! વહ ધર્મકા કારણ નહીં હૈ ઐસા કહતે હૈં. પાંચ ઇન્દ્રિય, મનસે જ્ઞાન હોતા હુઆ ખંડિત ઔર.. યહાં ક્યા કહા? મલવાલા જ્ઞાન હૈ. મલ અર્થાત્ ભ્રમણા ઉત્પન્ન હો કિ ક્યા હૈ? કૈસે હોગા? ઐસા સંશય હો, વિભ્રમ હો, વિમોહ હો ઐસા મલવાલા જ્ઞાન પરોક્ષ ઇન્દ્રિયસે હોતા હુઆ દુઃખકા કારણ હૈ. આહા..હા..! અતીન્દ્રિયજ્ઞાન સુખકા કારણ હૈ. ઔર અતીન્દ્રિયજ્ઞાન સમ્યગ્દર્શનસે ઉત્પન્ન હોતા હૈ. મતિ-શ્રુત અતીન્દ્રિયજ્ઞાન હૈ.

ભગવાન અખંડ આનંદ જ્ઞાનમૂર્તિ ધ્રુવ ઉસકા અવલંબન લેનેસે, ઉસકા આશ્રય કરનેસે જો જ્ઞાનકી પર્યાય ઉત્પન્ન હુઈ વહ અતીન્દ્રિયજ્ઞાન .. સમ્યગ્દર્શન હૈ, વહ સુખકા કારણ હૈ, સુખરૂપ હૈ. ઔર ઉસકા પૂર્ણ સુખકા ઔર પૂર્ણ કેવલજ્ઞાનકા વહ કારણ હૈ. સમજમેં આયા? દેખો! કષાયકી મંદતા વહ ભી કેવલજ્ઞાનકા કારણ નહીં. યહ પરોક્ષ ઇન્દ્રિયસે ઉત્પન્ન હુઆ જ્ઞાન ભી કેવલજ્ઞાનકા કારણ નહીં. સમજમેં આયા?

આત્મા અતીન્દ્રિય ભગવાન આત્મા હૈ, ઉસકા અંતર આશ્રય કરનેસે જો સમ્યગ્જ્ઞાન સ્વસંવેદન હોતા હૈ, સાથમેં આનંદ હોતા હૈ વહ જ્ઞાન ઔર આનંદ મોક્ષકા માર્ગ હૈ ઔર વહ મોક્ષકા કારણ હૈ. સમજમેં આયા? આહા..હા..! દેખો! જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર મુનિ દો હજાર વર્ષ પહલે હુએ. ઐસી બાત. ભગવાનકે સમીપમેં આકર યહ શાસ્ત્ર બનાયા. ભગવાનકે પાસ ગયે થે, સીમંધર પરમાત્માકે પાસ. સમજાય છે? વહાં આઠ દિન રહે થે ઔર આકર યહ સમયસાર, પ્રવચનસાર આદિ બનાયા હૈ. દુનિયાકો સંદેશ, ભગવાનસે લાયા વહ સંદેશ દેતે હૈં કિ ભગવાન યહ કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા? ચાર બોલ હુએ.

**'(૫) અવગ્રહાદિ સહિત હોનેસે...'** પરોક્ષ જ્ઞાન. અવગ્રહ અર્થાત્ થોડા જાનના,

પીછે સોચના, ફિર નિર્ણય કરના, ફિર ધારણા કરના. ઐસા હોનેસે '**ક્રમશઃ...**' ક્રમસે ઉત્પન્ન હોનેવાલે '**પદાર્થગ્રહણકે ખેદકે કારણ...**' ક્રમ ક્રમસે ગ્રહણ હૈ તો '**પદાર્થગ્રહણ અર્થાત્ પદાર્થકા બોધ એક હી સાથ ન હોને પર અવગ્રહ, ઈહા ઈત્યાદિ ક્રમપૂર્વક હોનેસે ખેદ હોતા હૈ.**' ક્રમ, ક્રમસે. એકદમ જાનનેમેં નહીં આતા (ઈસલિયે) ખેદ હૈ, દુઃખ હૈ. સમજમેં આયા? ઓહોહો..! તો શું આ બધું કેળવણીનું જ્ઞાન કેવું હશે તમારું? એઈ..! હેમંત! દુઃખ કારણ. આહા..હા..! વહ તો દુઃખકા કારણ હૈ, ઈન્દ્રિય ઔર મનસે પરાધીન શાસ્ત્રકા જ્ઞાન હોતા હૈ વહ ભી, કહતે હૈં કિ એક કે બાદ એક થોડા હુઆ, થોડા વિષય જાનનેકા ખેદ હોતા હૈ, ઈસ કારણ વહ જ્ઞાન ભી દુઃખરૂપ ઔર દુઃખકા કારણ હૈ. આહા..હા..!

મુમુક્ષુ :- એ વખતે દુઃખ ઉત્પન્ન થાય છે?

ઉત્તર :- દુઃખ જ, આકુળતા સાથે ખેદ છે. સાથે ખેદ છે એમ કહે છે. સાથમેં ખેદ હૈ. પરોક્ષ જ્ઞાન (હૈ) તો સાથમેં ખેદ હૈ. પ્રત્યક્ષ જ્ઞાનકે સાથમેં આનંદ હૈ. કહો, સમજમેં આયા?

'**પરોક્ષ જ્ઞાન...**' '**પદાર્થગ્રહણકે ખેદકે કારણ (-ઈન કારણોંકો લેકર)...**' દેખો! '**પરોક્ષ જ્ઞાન અત્યંત આકુલ હૈ; ઈસલિયે વહ પરમાર્થસે સુખ નહીં.**' વાસ્તવમેં સુખ નહીં. માન્યતા માને કિ જ્ઞાન ઐસા કિયા, પાંચ હજારકા પગાર મિલા, બહુત સુખી હૈ. દુઃખી હૈ. સમજમેં આયા? વહ તો પાઠમેં તો સ્વયંજાતં કેવલજ્ઞાનકી બાત કહી હૈ. પરંતુ અમૃતચંદ્રાચાર્ય મહારાજને ઉસસે વિરુદ્ધ પરોક્ષ જ્ઞાનકી બાત સાથમેં લી. અબ પાઠમેં હૈ વહ બાત કહતે હૈં.

'**ઔર યહ પ્રત્યક્ષ જ્ઞાન તો અનાકુલ હૈ,...**' ભગવાન આત્મા..! યહ મહાપ્રત્યક્ષજ્ઞાનકી બાત ચલતી હૈ. નીચે સ્વસંવેદન સમ્યગ્દર્શનમેં હોતા હૈ વહ પ્રત્યક્ષ હૈ. સમ્યગ્દર્શનમેં આત્માકી પ્રતીત હોકર, આત્માકા સ્વસંવેદનકા જ્ઞાન હૈ વહ પ્રત્યક્ષ હૈ, સુખરૂપ હૈ, પરંતુ મહાપ્રત્યક્ષ નહીં. મહાપ્રત્યક્ષ કેવલજ્ઞાન હૈ. સમજમેં આયા? લોકોને .. એવી લાગે માણસ સાધારણને. એવા લેખ લખે, પરાધીન થાશે, આનાથી થશે, શુભથી થાય, શુભસે હોતા હૈ. એવા દાખલા ઈના ઈ આપે. ઓલો જયધવલનો, નહિ? શુભ... ઈના ઈ દાખલા બધા. અરે.. ભગવાન! શું કરે છે? ચૈતન્યપુંજ ભગવાન આખો, ઓહો..! અનંતા સિદ્ધ ભગવાન બિરાજતે હૈં તેરેમેં તો. તુમ તો અનંત સિદ્ધસ્વરૂપ આત્મા હૈ. ઓહો.હો..! ઐસે ભગવાન આત્માકા આશ્રય લેકર જો જ્ઞાન ઔર સુખ ઔર શાંતિ ઔર શ્રદ્ધા ઉત્પન્ન હોતી હૈ, વહી અનાકુલ ઔર વહી સચ્ચા જ્ઞાન ઔર ધર્મ હૈ. સમજમેં આયા?

'**ઔર વહ પ્રત્યક્ષ જ્ઞાન...**' યહ પરોક્ષ જ્ઞાનકી બાત કહી. અબ પ્રત્યક્ષ જ્ઞાન જો પાઠમેં હૈ ન મૂલ શ્લોકમેં (ઉસકી બાત કરતે હૈં). '(૧) **અનાદિ જ્ઞાનસામાન્યરૂપ સ્વભાવ પર મહા વિકાસસે વ્યાપ્ત હોકર સ્વતઃ હી રહનેસે સ્વયં ઉત્પન્ન હોતા હૈ, ઈસલિયે**

**આત્માધીન હૈ,...**' ભાષા દેખો! કહતે હૈં કિ પર દ્વારા ઉત્પન્ન હોતા હુઆ પરાધીનતા કે કારણ દુઃખરૂપ હૈ ઐસા કહા થા. પાંચ ઇન્દ્રિયકા મનસે જ્ઞાન હુઆ વહ દુઃખરૂપ (હૈ). યહ કેવલજ્ઞાન અનાદિ જ્ઞાનસામાન્ય... ક્યા કહતે હૈં? ભગવાન આત્મા જૈસા અનાદિ-અનંત. હૈ ઐસા ઉસકા જ્ઞાનસ્વભાવ ભી અનાદિ-અનંત. હૈ. આત્મા અનાદિ-અનંત. હૈ, ઐસા જ્ઞાનસ્વભાવ સામાન્ય ધ્રુવ અનાદિ-અનંત. હૈ.

વહ '**અનાદિ જ્ઞાનસામાન્યરૂપ સ્વભાવ...**' અનાદિ જ્ઞાનસામાન્ય અર્થાત્ સદશ્ય ધ્રુવ ઐસા જો આત્માકા અનાદિ મહાસામાન્ય જ્ઞાન. વહ '**સ્વભાવ પર...**' સ્વભાવ પર. સ્વભાવ કે ઉપર, સ્વભાવ તો ધ્રુવ હૈ. આહા..હા..! '**અનાદિ જ્ઞાનસામાન્યરૂપ સ્વભાવ...**' ભગવાન આત્મા અનાદિ-અનંત. હૈ ઐસા ઉસકા જ્ઞાનસ્વભાવ અનાદિકા હૈ. નયા પ્રગટ કરના ઐસા નહીં, વહ તો જ્ઞાનસ્વભાવ હૈ હી. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જાનન... જાનન... જાનન... જાનન સ્વભાવ. જો સામાન્યરૂપ ધ્રુવરૂપ, સદશ્યરૂપ, એકરૂપ હૈ. ઉસ પર '**મહા વિકાસસે વ્યાપ્ત હોકર...**' આહા..હા..! ધ્રુવકે ઉપર કેવલજ્ઞાન મહા પ્રત્યક્ષજ્ઞાન જો હૈ... જો કિ સ્વસંવેદનજ્ઞાન સમ્યગ્દૃષ્ટિમેં જો હોતા હૈ, વહ ભી મહાસામાન્ય ઉપર હી પર્યાય રહતી હૈ. સમજમેં આયા? અનાદિ મહાસામાન્ય લો. મહા સામાન્ય કહતે હૈં. એકરૂપ સામાન્ય ઐસા. એકરૂપ ઉસકી દૃષ્ટિ કરનેસે જો જ્ઞાન પ્રાપ્ત હોતા હૈ વહ અનાદિ જ્ઞાનસામાન્ય ઉપર પર્યાય હૈ. સમજમેં આયા? અનાદિ સામાન્ય અને ઉપર જ્ઞાન, આ શું હશે? ઉપર અર્થાત્ પર્યાય અંદર ધ્રુવમેં નહીં ઐસા કહતે હૈં. ધ્રુવ જો અનાદિ જ્ઞાન હૈ ધ્રુવ, સામાન્ય એકરૂપ ઉસકે ઉપર પર્યાય, ઉસકે ઉપર પર્યાય. દેખો! '**મહા વિકાસસે વ્યાપ્ત હોકર...**' મહાવિકાસ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનમેં આત્માકી પર્યાયમેં વિકાસ હૈ. સ્વભાવકા આશ્રય લેકર ચિદાનંદ ભગવાન જ્ઞાનસામાન્યકા આશ્રય લેકર જો સમ્યગ્જ્ઞાન હોતા હૈ ધર્મીકો, વહ જ્ઞાનસામાન્ય ઉપર હી રહતા હૈ, પરંતુ મહા વિકાસ નહીં (હૈ). સમજમેં આયા? ક્યા કહતે હૈં? કિ આત્મા વસ્તુ હૈ ઉસમેં સામાન્યજ્ઞાન ત્રિકાલ હૈ ત્રિકાલ. તો ઉસકા આશ્રય કરનેસે ધર્મીકો જો સ્વસંવેદન મતિશ્રુતજ્ઞાનકી પર્યાય હૈ વહ વિકાસ તો હૈ, સામાન્યજ્ઞાનકા હી વિકાસ હૈ, પર્યાયમેં પરિણમિત હૈ. પરંતુ યહ કેવલજ્ઞાન તો મહાવિકાસસે વ્યાપ્ત હૈ. આહા..હા..!

મહાપ્રત્યક્ષ કહા થા ન પહલે? યહ મહાવિકાસ. શક્તિ જો પૂર્ણ ભગવાન આત્માકી હૈ વહ પર્યાયમેં મહાવિકાસ હો ગઈ. સમજમેં આયા? વહ પર્યાય ભી ઇતની સ્વતંત્ર હૈ. મહાવિકાસ... મહાવિકાસ... ધ્રુવકે ઉપર મહાવિકાસ... ધ્રુવકે ઉપર મહાવિકાસ. ભાષા દેખો! સમજમેં આયા? ધ્રુવ તો ઐસા કા ઐસા રહા, પર્યાયમેં વિકાસ હુઆ. પ્રગટ પ્રત્યક્ષ પૂર્ણ હુઆ ઐસા જો જ્ઞાન '**વ્યાપ્ત હોકર...**' પ્રસર કર. અનાદિ ભગવાન ઉસમેં જ્ઞાનસ્વભાવ જો અનાદિ હૈ ઉસમેં પર્યાય પ્રગટ વ્યાપ્ત ઉપર પ્રસર ગઈ હૈ. ધ્રુવકે ઉપર પ્રસરી હૈ, વ્યાપ્ત હૈ. '**સ્વતઃ હી રહનેસે...**' વ્યાપ્ત હોકર સ્વતઃ કોઈ દૂસરે કારણ કે બિના. ઐસા ધર્મ કૈસા!

ઐસી ભાષા! જેઠાલાલભાઈ!

**'અનાદિ જ્ઞાનસામાન્યરૂપ...'** શું કહો છો પણ આ? ઔર સ્વભાવ, ઉસકે ઉપર મહાવિકાસસે વ્યાપ્ત હોકર સ્વતઃ હી રહનસે **'સ્વયં ઉત્પન્ન હોતા હૈ, ઈસલિયે આત્માધીન હૈ,...'** સમજમેં આયા? ભગવાન આત્મા વસ્તુ અનાદિ હૈ. તો ઉસમેં જ્ઞાન જો શક્તિ હૈ ન સ્વભાવ? વહ ભી અનાદિ હૈ, સામાન્ય સામાન્ય હૈ, એકરૂપ હૈ. ઉસકો પ્રગટ કરના હૈ યા આવરણ આતા હૈ ઐસા કુછ ઉસમેં હૈ નહીં. ઐસા મહાસામાન્ય જ્ઞાન ઉસકે અંતરમેં એકાગ્ર હોકર જો સમ્યગ્જ્ઞાન, મતિ-શ્રુત ધર્મરૂપી જ્ઞાન પ્રગટ હોતા હૈ વહ ભી ધ્રુવકે ઉપર અલ્પ વિકાસ હોકર વ્યાપ્ત હોકર સ્વયં ઉત્પન્ન હોકર રહતા હૈ. સમજમેં આયા?

સમ્યગ્જ્ઞાન. ધર્મકા પહલા સમ્યગ્જ્ઞાન. મતિ ઔર શ્રુતજ્ઞાન જો સમ્યગ્જ્ઞાન. વહ ભી અનાદિ સામાન્યજ્ઞાન જો વસ્તુ હૈ આત્મા, ઉસકો સામાન્ય અર્થાત્ એકરૂપ જ્ઞાન, ધ્રુવરૂપ જ્ઞાન, સદશ જ્ઞાન, જ્ઞાયકભાવરૂપ જ્ઞાનરૂપ, ભાવરૂપ જ્ઞાન, ઉસકે ઉપર મતિ-શ્રુતકી પર્યાય ધર્મીકો મતિ-શ્રુતજ્ઞાન જો ઉત્પન્ન હોતા હૈ વહ મહાસામાન્ય ઉપર વ્યાપ્ત હોકર-પ્રસરકર અપનેસે સ્વતઃ હી રહનેસે. ઐસા. અપનેસે રહનેસે. કોઈ કારણ હૈ નહીં. **'સ્વયં ઉત્પન્ન હોતા હૈ...'** વહ મતિ શ્રુતજ્ઞાન ભી સ્વયં પ્રત્યક્ષ અપનેસે ઉત્પન્ન હોતા હૈ. ઉસમેં કોઈ મન ઔર ઈન્દ્રિયકા કારણ નહીં. ઐસી બાત હૈ. કઠિન બાતેં.

લો યહ પ્રવચનસાર—ભગવાનકી દિવ્યધ્વનિકા સાર. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ ઉસકી વાણી નિકલી ૐ ધ્વનિ. ઉસકા સાર. આહા..હા..! દેખો! ભગવાન! ભગવાન! તુમ તો મહિમાવંત (હો), તેરા જ્ઞાનસ્વભાવ તો ત્રિકાલ હૈ. ઉસકા આશ્રય લેકર, ઈન્દ્રિયકા નહીં, મનકા નહીં, શ્રવણકા નહીં, કુછ નહીં. મહા જો જ્ઞાનસામાન્ય સ્વરૂપ ત્રિકાલ હૈ (ઉસકા આશ્રય લેકર). યહાં ક્યોં મહા શબ્દ આ જાતા હૈ? કિ કેવળજ્ઞાનને જ્યારે મહાપ્રત્યક્ષ કહ્યું (તો) આ તો મહા મહાસામાન્ય પ્રત્યક્ષ છે. ભાઈ! સમજ્યા? જબ સમયકી પર્યાય જો કેવલજ્ઞાન મહાપ્રત્યક્ષ, કેવલજ્ઞાન મહાપ્રત્યક્ષ વિકાસ હોકર વ્યાપ્ત (હુઆ).. તબ યહ જ્ઞાન તો મહા મહા અંદર પડા હી હૈ ઉસમેં. મહા મહા સામાન્ય એકરૂપ ત્રિકાલ પડા હૈ. આહા..હા..! સમજમેં આયા? ઐસા ભગવાન આત્મા અપના જ્ઞાન જો સામાન્ય ત્રિકાલ હૈ ઉસકે સન્મુખ હોકર સ્વ આશ્રયસે જો મતિ શ્રુતજ્ઞાન હોતા હૈ વહ અપને ધ્રુવ ઉપર વ્યાપ્ત હોકર સ્વયં રહતે હુએ, સ્વયં ઉત્પન્ન હુઆ આત્માધીન હૈ. યહ મતિ-શ્રુતજ્ઞાન ભી આત્માધીન હૈ. શ્રવણસે ઉત્પન્ન હુઆ હૈ કિ, ઐસા નહીં. ઈન્દ્રિયસે, મનસે ઉત્પન્ન હુઆ હૈ ઐસા નહીં. આહા..હા..! સમજમેં આયા? 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ભગવાનને ઐસા કહા હૈ. બહારથી એટલા ગૂંચવી દીધા ને, અટકીને અંદર વસ્તુસ્થિતિ છે એને સ્પર્શ કરવાનો અવસર જ નથી રહેતો. બાહરસે ઐસા હોતા હૈ... ઐસા હોતા હૈ... ઐસા નહીં હોતા હૈ. વહ તો સબ પરાધીન હૈ, સુન ન. સમજમેં આયા? કષાયકી મંદતામેં ઐસા હૈ. એવા દાખલા

આપ્યા છે એમાં. અશુભથી નિવર્તે એટલો સંવર થાય. પણ કોને? એ તો સમ્યગ્દૃષ્ટિની વાત છે.

**મુમુક્ષુ** :- ...

**ઉત્તર** :- હા, પણ ભાષા તો એવી આવે છે ને. એને સંવર કીધો છે. પણ કોને? કિસકો? જિસકી દૃષ્ટિ જ્ઞાયક ચિદાનંદ ઉપર પડી હૈ ઔર શુભ-અશુભ સે રહિત શુદ્ધકી દશા પ્રગટ કરી હૈ, ઉસકો જિતના વર્તમાનમેં અશુભસે નિર્વતન કિયા હૈ ઈતના શુભ સંવર કહનેમેં આતા હૈ વ્યવહારસે. છે, ઈ શબ્દ છે ને. ઈ બધા છે. ટીકામાં બહુ લીધું છે. જ્યાં હોય ત્યાં નાખ્યું છે. અરે..! ભગવાન! પરંતુ યહાં તો ઐસા લેના હૈ કિ સમ્યગ્દર્શન-બર્શન ચાહે જો હો. યે વ્રત લે લો, ક્રિયા કરો, સંયમ પાલો, યે .... ઉસમેં તુજે સંવર હોતા હોગા. ધૂલમેં ભી નહીં હોગા. સમજમેં આયા? આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરને જો દેખા હૈ અંદર ઐસા સામાન્યજ્ઞાન ઐસા ઉસકા આશ્રય લિયે બિના અંશ ભી ધર્મ તીન કાલ તીન લોકમેં હોતા નહીં. સમજમેં આયા? લો. પહેલો બોલ લીધો. ઓલામાં કહ્યું છે ને. '**પરકે દ્વારા ઉત્પન્ન હોતા હુઆ પરાધીનતાકે કારણ...**' પરોક્ષ દુઃખરૂપ.

યહાં '**અનાદિ જ્ઞાનસામાન્યરૂપ...**' ત્રિકાલ સ્વભાવ, ત્રિકાલ સ્વભાવ. ઉસકે ઉપર પર્યાય. '**મહા વિકાસસે...**' જૈસે પ્રગટ હુઈ ઐસે '**વ્યાપ્ત હોકર...**' પ્રસરકર '**સ્વતઃ હી રહનેસે...**' અપનેસે વહ પર્યાય રહતી હૈ ઐસા કહતે હૈં. વિકાસ હોકર અપનેસે પર્યાય રહતી હૈ, દ્રવ્યકે કારણસે નહીં ઐસા કહતે હૈં, લો. વહ ઉત્પન્ન હુઈ અપનેસે રહતી હૈ ઐસા કહતે હૈં. દેખો! સ્વયં '**સ્વતઃ હી રહનેસે...**' સ્વતઃ હી રહનેસે. સમજમેં આયા? ઈતની પર્યાયકી સ્વતંત્રતા. સ્વયં હી રહનેસે ધ્રુવકે ઉપર એક સમયકી પર્યાય પૂર્ણ વિકાસરૂપ સ્વતઃ રહનેસે સ્વયં ઉત્પન્ન હોતા હૈ. '**ઈસલિયે આત્માધીન હૈ,...**' આત્માધીન હૈ ઉસ કારણસે અનાકુલ આનંદરૂપ હૈ. હૈ ન આખિરમેં? દેખો!

'**ઈસપ્રકાર પ્રત્યક્ષ જ્ઞાન અનાકુલ હૈ. ઈસલિયે વાસ્તવમેં વહ પારમાર્થિક સુખ હૈ.**' હિન્દીમેં હૈ પીછે. ઐસે એક એક બોલ લેના. ક્યા? કિ '**અનાદિ જ્ઞાનસામાન્યરૂપ...**' ત્રિકાલ જો હૈ ઉસકે ઉપર '**મહા વિકાસ...**' કરકે જો જ્ઞાન ઉત્પન્ન હોકર સ્વતઃ રહતા હૈ ઔર સ્વયં ઉત્પન્ન હોતા હૈ ઈસલિયે આત્માધીન હૈ. '**(ઔર આત્માધીન હોનેસે આકુલતા નહીં હોતી);...**' કહો, સમજે? ઠેકઠેકાણે નાખ્યું. '**ઈસપ્રકાર પ્રત્યક્ષ જ્ઞાન અનાકુલ હૈ. ઈસલિયે વાસ્તવમેં વહ પારમાર્થિક સુખ હૈ.**' સચ્ચા સુખ તો વહ હૈ. આહા..હા..! ઈન્દ્રિયાધીન યહ બાહરકા સુખ માનના તો ભ્રમ હૈ. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ માનતે હૈં. આહા..હા..! પાંચ ઈન્દ્રિય ઔર મનસે સંબંધ પરકા હોકર મુજે સુખ હોતા હૈ વહ માન્યતા તો મિથ્યાદૃષ્ટિકી હૈ, ભ્રમ હૈ. સમ્યગ્દૃષ્ટિ ઈન્દ્રિયોંસે, મનસે સુખ માનતે નહીં. આહા..હા..!

ઈન્દ્રિયસે, મનસે જો બાહ્યકા સુખ તો માનતે નહીં કિ પૈસા મિલા, યહ ભોગ હૈ, યહ ખાનેકો મિલા, રસ મિલા વહ તો નહીં. ઉસકો દુઃખ માનતે હૈં, ઉસકો સુખ માનતે

નહીં જ્ઞાની. ઔર મનસે જ્ઞાનાદિ ઉત્પન્ન હુઆ વહ ભી પરાધીન હૈં, ઉસકો ભી સુખકા કારણ નહીં માનતે, દુઃખકા કારણ માનતે હૈં, હેયરૂપ જાનતે હૈં. સમજમેં આયા? અપના આત્મા કાયમી સ્વભાવ જ્ઞાનકા રખનેવાલા અસલી કાયમ સ્વભાવકા આશ્રય લેકર સામાન્ય ઉપર જો વ્યાપ્ત હોકર, પર્યાય પ્રગટ હોકર સ્વતઃ રહતી હૈ (વહ) સ્વયં ઉત્પન્ન હોતી હૈ ઉસ કારણ આત્માધીન હૈ. કહો, સમજમેં આયા? આત્માધીન હૈ વહ સ્વ આધીન હૈ. કહો, પરાધીન નહીં, વહ સ્વ આધીન હૈ. સમજમેં આયા? એઈ..! આત્માધીન હૈ. વળી એ કીધું. આત્મા એટલે પોતાના સ્વરૂપને આધીન છે. પાઠમેં ઐસા હૈ ન? **'સ્વતઃ હી રહનેસે સ્વયં ઉત્પન્ન હોતા હૈ...'** સ્વતઃ હી રહનેસે, એમ છે ને? એટલે ઈ સ્વતઃ પોતે પોતાના સ્વરૂપને આધીન પોતે પોતાના આત્માધીન સ્વરૂપ. પોતાના સ્વરૂપને આધીન છે. કહો, સમજાય છે કાંઈ? ભારે. કેવળજ્ઞાનનો પર્યાય સ્વરૂપાધીન, પોતાના એટલે અપને આધીન હૈ. પર્યાય પર્યાયકે આધીન હૈ. દ્રવ્યકે આધીન કહનેમેં આતા હૈ, પરકા આશ્રય નહીં હૈ ન ઉસ અપેક્ષાસે. સમજમેં આયા? એક બોલ હુઆ.

યહ તો અધ્યાત્મ શાસ્ત્ર હૈ. ઐસે જલ્દી સે પઢ લે તો સમજમેં નહીં આતા હૈ. ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઉસકે જ્ઞાનમેં આયા કિ સમ્યગ્જ્ઞાન કિસકો કહતે હૈં ઔર મિથ્યાજ્ઞાન કિસકો કહતે હૈં ઉસકી વ્યાખ્યા હૈ યહ. અરેરે..! જિસકો અભી બાહ્ય પૈસેમેં, ઔર શરીરકી સુંદરતામેં ઔર ઇન્દ્રિયકી વિભૂતિમેં, પાંચ ઇન્દ્રિય સુંદરકી વિભૂતિમેં, જો સુખરૂપ કલ્પના માનતા હૈ વહ તો કહતે હૈ કિ ભાઈ! તુમ બડા મિથ્યાદૃષ્ટિ હો. સમજમેં આયા? ચાહે તો ફિર દયા, દાન, પૂજા, ભક્તિ આદિ કરતા હો, પરંતુ જિસકો બાહ્ય વિભૂતિ ઔર બાહ્ય ઇન્દ્રિયકી વિભૂતિ સમજે? યહ ઇન્દ્રિયકી વિભૂતિ સબ, સુંદર નાક, સુંદર કાન, સુંદર ઐસા સુંદર... સુંદર... ઐસી સુંદરતા લગકર જિસકો આલ્હાદ અર્થાત્ ઉત્સાહ હો જાતા હૈ વહ દુઃખરૂપ મિથ્યા દશા હૈ. સમજમેં આયા? ઓહો..!

યહાં તો કહતે હૈં, ભગવાન આત્મા અપના જ્ઞાન ત્રિકાલ સ્વભાવ ઉસકે ઉપર જો પર્યાય પ્રગટ હોકર રહતી હૈ વહી સુખરૂપ ઔર અનાકુલ હૈ ઔર ઉસકો પ્રત્યક્ષ જ્ઞાન કહતે હૈં. દૂસરા બોલ. **'સમંત...'** સમંત હૈ ન. ઉસમેં અસમંત થા, ખંડિત જ્ઞાન થા. ઇન્દ્રિયમેં ખંડિત. એક ઇન્દ્રિયકો જાને (ઉસ વક્ત) દૂસરા દ્વાર બંધ રહે. ખુલ્લા પડે રહે ઐસા. પરાધીન હૈ, ખંડિત જ્ઞાન હૈ. આહા..હા..! સ્પર્શ. લો સ્પર્શ. તો સ્પર્શકો ઐસે જાનતે હૈં, તબ દૂસરા શબ્દ, રૂપકા દ્વાર બંધ રહે. ઉસકો જાનનેકી શક્તિ રુક ગઈ હૈ વહાં. સમજમેં આયા? ઉસકા એકદમ ઉપયોગ ફિર જાયે. વહ દૃષ્ટાંત આયા થા ન? કૌઆ-કૌઆ. કૌએકી આંખમેં એક હી કીકી હૈ. ઐસે ઐસે ફિરતા હૈ, ઐસે એકદમ ફિરે સ્પર્શમેં, રસમેં, રૂપમેં ઐસે દેખે. તો માનોં સબકો મૈં વિષય કરતા હૂં. રૂપકો, સ્પર્શકો આદિ. ઐસા હૈ નહીં. ખંડ ખંડ જ્ઞાન એક કે બાદ એકકા જ્ઞાન કરતા હૈ. યહ જ્ઞાન સમંત એકસાથ સબકા જ્ઞાન કરતા હૈ.

'(૨) **સમસ્ત આત્મપ્રદેશોંમેં પરમ સમક્ષ જ્ઞાનોપયોગરૂપ હોકર,...**' દેખો ભાષા! સમજમેં આયા? '**સમસ્ત આત્મપ્રદેશોંમેં પરમ સમક્ષ જ્ઞાનોપયોગરૂપ હોકર,...**' ઈતના કહના હૈ. પહલે પ્રત્યક્ષ હૈ પરંતુ પરમ પ્રત્યક્ષ નહીં. જ્ઞાન, મતિ-શ્રુતજ્ઞાન હૈ વહ અપને લિયે તો પ્રત્યક્ષ હી હૈ, પરંતુ પરમ પ્રત્યક્ષ નહીં, ઈસલિયે કહતે હૈં કિ કેવલજ્ઞાન તો પરમ પ્રત્યક્ષ હૈ. પૂર્ણ દશા પ્રગટ હુઈ, પૂર્ણ સ્વભાવ એક સમયમેં (પ્રગટ હો ગયા). આહા..હા..! ઐસા જ્ઞાન પ્રતીત કરે, એક સમયમેં પરમ પ્રત્યક્ષ પૂર્ણ તીન કાલ, તીન લોકકો અપની પર્યાયમેં પ્રગટ દેખતે હૈ ઐસે પરમ પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ હોકર. દેખો! જ્ઞાનકે વ્યાપારરૂપ, જ્ઞાનકે પરિણમનરૂપ હોકર વ્યાપ્ત હોનેસે... અપની પર્યાયમેં '**વ્યાપ્ત હોનેસે સમંત હૈ,...**' દેખો! કેવલજ્ઞાનકો ઉપયોગરૂપ કહા. કહો, સમજમેં આયા? પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ હોકર. ઉપયોગમેં કુછ દેના નહીં હૈ. ઉપયોગ નામ કેવલ પરિણમન હી હૈ. ઉપયોગ શબ્દ લિયા હૈ. હૈ ન લિયા હૈ. જ્ઞાન ઉપયોગ હૈ ન. કેવલજ્ઞાનકો ઉપયોગ કહતે હૈં.

'**સમસ્ત આત્મપ્રદેશોંમેં...**' અસંખ્ય પ્રદેશમેં '**પરમ સમક્ષ જ્ઞાનોપયોગરૂપ હોકર,...**' જ્ઞાનકે પરિણમનરૂપ હોકર '**વ્યાપ્ત હોને સે સમંત હૈ,...**' અખંડ હૈ. '**ઈસલિયે અશેષ દ્વાર ખુલે હુએ હૈં...**' અસંખ્ય પ્રદેશસે એકસાથ જાનતા હૈ. અમુક યહાંસે જાનતા થા ઔર દૂસરા બંધ હૈ ઐસા નહીં. અસંખ્ય પ્રદેશસે જાનતા હૈ. ઓહો..! ઉસકે દિવ્ય દરબારમેં કિતની શક્તિ હૈ! ઐસા કહતે હૈં. ઉસકા માહાત્મ્ય ન આવે ઔર દૂસરી ચીજકા માહાત્મ્ય આવે, મન, ઈન્દ્રિયકા, જ્ઞાનકા માહાત્મ્ય આ જાયે તો વહ મિથ્યાદૃષ્ટિ હૈ ઐસા કહતે હૈં. આહા..હા..! સમજમેં આયા?

દૂસરેકો થોડા આતા હૈ ઔર અપને કો થોડા વિશેષ આતા હો તો દેખો! ઐસા હૈ. દેખો! ઐસા હૈ ઐસા કરકે અપનેમેં ઉસકી અધિકતા, અધિકતા, મન, ઈન્દ્રિયકે જ્ઞાનકી અધિકતા ભાસે, વહ તો દુ:ખરૂપ જ્ઞાનકી અધિકતા ભાસે વહ તો દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. આહા..હા..! મરી જા ત્યારે થાય એવું છે કહે છે. બહારથી. સમજમેં આયા? જ્ઞાન જો મન, ઈન્દ્રિયસે હુઆ ઉસ જ્ઞાનસે ભી મર જા. મૈં ઠીક હૂં, મૈં અધિક હૂં, મુજે હુઆ યહ ઐસી ચીજ નહીં. આહા..હા..! મૈં આત્મા અખંડાનંદ જ્ઞાનસ્વરૂપ હૂં ઐસી અંતર દૃષ્ટિ કરને સે જો જ્ઞાન પ્રગટ હુઆ વહ જ્ઞાન હૈ. કહો, સમજમેં આયા? અપને અસ્તિત્વમેં જ્ઞાનપ્રકાશ હુઆ ઉસકા નામ જ્ઞાન કહતે હૈં. ભારે વાત. '**(ઔર ઈસપ્રકાર કોઈ દ્વાર બન્દ ન હોનેસે આકુલતા નહીં હોતી);...**' દો બોલકી બાત હુઈ. પાંચ વિશેષણ હૈં.

'(૩) **સમસ્ત વસ્તુઓંકે જ્ઞેયાકારોંકો સર્વથા પી જાનેસે...**' આહા..હા..! '**સમસ્ત વસ્તુઓંકે જ્ઞેયાકારોંકો સર્વથા પી જાનેસે...**' એમાં અત્યંત મૂક્યું છે ને, અહીં સર્વથા. સર્વથા શબ્દ લિયા હૈ. આહા..હા..! '**प्रसभं निपीतसमस्तवस्तुज्ञेयाकारं**' '**प्रसभं**' હૈ સંસ્કૃતમેં. '**સમસ્ત વસ્તુઓંકે જ્ઞેયાકારોંકો...**' તીન કાલ તીન લોકકા જો જ્ઞેયાકાર હૈ ઉસકો '**સર્વથા**

**પી જાનેસે...**' જ્ઞેયાકારકો પી જાનેસે? સબ જ્ઞેયાકારકા જ્ઞાન હો ગયા ઐસા.. પી જાનેસેકા અર્થ ક્યા હુઆ? મુખ બડા હૈ ઔર (જ્ઞેય) થોડા હૈ. યહ મુખ બડા હૈ ઉસમેં. સબ પી ગયા. જિતના તીન કાલ તીન લોકકા પદાર્થ હૈ, અપની એક સમયકી પર્યાયમેં પી ગયા સબ. સમજમેં આયા? ઐસી ઐસી અનંતી કેવલજ્ઞાનકી પર્યાયકા નાથ તુમ હો. ઐસી અનંતી પર્યાય તેરે પેટમેં પડી હૈ-તેરે ગર્ભમેં પડી હૈ ધ્રુવમેં. ઈસકી અધિકતા ઉસકો ભાસે (નહીં). સમજમેં આયા? હમ પૈસેવાલે હૈં, હમારા લડકા હુશિયાર હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘરમાં સારો છોકરો થાય હીરા જેવો તો. તમને ત્રીસ રૂપિયાનો પગાર નહોતો અને ઓલો દસ-દસ હજાર પેદા કરે. મેડી મેડી થાય કે દિ'? તમારા વખતમાં ક્યાં મેડીઓ હતી? મેડીઓ થઈ, પૈસા થયા, વળી પાછું.. સમજ્યા ને? કોને થયા પણ? ક્યાં થયા? કહે છે. તને શું થયું? તારી પર્યાયમાં શું થયું? તેરી પર્યાય—અવસ્થામેં ક્યા હુઆ? વહ મેરા હૈ ઔર મૈં ઉસકા હૂં ઐસા અવસ્થામેં હુઆ વહ તો મિથ્યાત્વભાવ હૈ. આહા..હા..! સમજમેં આયા? જાદવજીભાઈ! શું કરવું આમાં? ભારે આકરું. ક્યાં ગયો છોકરો તમારો? કહો, સમજમેં આયા? આહા..હા..!

'**સમસ્ત વસ્તુઓંકે જ્ઞેયાકારોંકો...**' સમસ્ત વસ્તુમાં કોઈ બાકી રહેતું હશે? કોઈ પર્યાય, કોઈ અનંતકાલની, કોઈ પહેલાની, કોઈ આઘેની, આગળ-પાછળની (બાકી રહે)?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! અનંત અર્થાત્ સર્વ છે. સાંભળ ને. અહીં સર્વ કીધું જુઓને. જ્ઞેયાકારને અહીંયા '**प्रसभं**' કીધું. '**प्रसभं**' '**प्रसभं**'નો અર્થ અત્યંત કહો, પૂરું કહો, આખું કહો, સર્વથા કહો, બધું કહો, એમાં શું છે? આહા..હા..! અરે..! વસ્તુકા સ્વભાવ ઉસકા ક્યા કહના. કાલ ભલે એક સમયકા ઔર ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશમેં વ્યાપકર હો, અસંખ્ય પ્રદેશમેં વ્યાપકર એક સમયકા કેવલજ્ઞાન (પ્રગટ હુઆ). ઉસકા ભાવકા સામર્થ્ય કિતના? અનંત જ્ઞેયાકારોંકો પી ગયા હૈ. સમજમેં આયા?

'**પરમ વિવિધતામેં વ્યાપ્ત હોકર...**' દેખો! પદાર્થગ્રહણ.. પરમ વિવિધતા. '**સમસ્ત પદાર્થસમૂહ જો કિ અનન્ત વિવિધતામય હૈ.**' વિવિધ તો છે, વિવિધ આવી ગયું પાછળ. વિચિત્ર અને વિવિધ આવી ગયું છે ને. વિચિત્રમાં અનેક પ્રકાર અને વિવિધતામાં આ ચૈતન્ય, જડ વગેરે વગેરે. વિવિધતા. એક સમયકી પર્યાય નિગોદકી ઔર એક સમયકી પર્યાય સિદ્ધકી, યહ સબ કેવલજ્ઞાની જાનતા હૈ. વિવિધતાકો જાનતા હૈ સારા. ઓહોહો..! અનંતા નિગોદકે જીવ, આલુ, શક્કરકંદ (ઉસમેં) અનંત જીવ. ઉસકા દ્રવ્યકો પૂર્ણ જાનતે હૈ, ઉસકે જ્ઞાનકો પૂર્ણ જાનતે હૈં, ઉસકી પર્યાયકો જાનતે હૈં. સમજમેં આયા?

સવારે પ્રશ્ન આવ્યો હતો કે નહિ? સિદ્ધની પર્યાયને વંદન કરે છે કે એના દ્રવ્ય-ગુણને?

બધાને વંદન કરે છે. બધાને જાણે છે તો બધાને વંદન કરે છે. લ્યો. એઈ..! દ્રવ્ય પરિપૂર્ણ, ગુણ પરિપૂર્ણ, પર્યાય પરિપૂર્ણ પરમાત્મા સિદ્ધ ભગવાન-સબકો મેરા નમસ્કાર. સમજમેં આયા? **'वंदित्तु सव्व सिद्धे'** આહા..હા..! ભારે. અનંત સિદ્ધ હુએ, ઉસસે ભી અનંત અનંત ઐસી સિદ્ધ પર્યાય પ્રગટ હોગી અપની ઔર દૂસરેકી, સબકી પર્યાયકો એક સમયમેં જાનનેવાલી દશા, ઐસી અનંતી દશા આત્મામેં પડી હૈ. આહા..હા..! ક્યા કહા સમજમેં આયા? અનંત સિદ્ધ હુએ અબ તક, તો ઉસકો ભી એક સમયકી જ્ઞાનકી પર્યાય જાનતી હૈ. ઔર ભવિષ્યમેં અનંતી પર્યાય ઉસકી હોગી ઔર અપની ભી હોગી વહ ભી એક સમયમેં જાનતા હૈ. ઐસી ઐસી એક સમયકી પર્યાય, ઐસી અનંતી અનંતી પર્યાય તો જ્ઞાનમેં પડી હૈ ઔર ઐસા અનંત ગુણકા (સ્વામી) દ્રવ્ય હૈ. ઓહો..હો..! ભગવાનકા દરબાર બડા હૈ. સમજમેં આયા કુછ?

યહાં કહતે હૈં કિ સર્વ જ્ઞેયાકારોંકો પી જાનેસે. ઓહો..હો..! સર્વ સિદ્ધોની, સર્વ સંસારની શું કહ્યું? સર્વ સંસારની પર્યાય, સિદ્ધની પર્યાય, નિગોદની પર્યાય બધાની. ઓહો..હો..! ભગવાનકી એક સમયકી પર્યાય સબ પી ગયા. **'પરમ વિવિધતામેં વ્યાપ્ત હોકર રહનેસે...'** **'પરમ વિવિધતામેં વ્યાપ્ત હોકર રહનેસે અનંત પદાર્થોંમેં વિસ્તૃત હૈ,...'** ઉસ અપેક્ષાસે. અનંત પદાર્થકો જાનતે હૈં ઉસ અપેક્ષાસે વિસ્તૃત હૈ. **'ઈસલિયે સર્વ પદાર્થોંકો જાનનેકી ઈચ્છાકા અભાવ હૈ (ઔર ઈસપ્રકાર કિસી પદાર્થકો જાનનેકી ઈચ્છા ન હોનેસે આકુલતા નહીં હોતી);...'** ઐસા કેવલજ્ઞાન આનંદરૂપ હૈં. મતિ શ્રુતજ્ઞાન ભી આનંદરૂપ હૈં, ઈચ્છાકી ઈચ્છા નહીં હૈ તો ઉસ અપેક્ષાસે આનંદરૂપ હૈ. યહ તો ઈચ્છા હી નહીં બિલકુલ. સર્વથા આનંદરૂપ હૈ વહી કેવલજ્ઞાન પ્રાપ્ત કરનેકી, ઉપાદેય કરનેકી ચીજ હૈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૯, બુધવાર, તા. ૩૦.૧૦.૧૯૬૮**
**ગાથા-૫૯-૬૦, પ્રવચન-૫૧**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર. પ્રવચનસાર. ક્યા કહતે હૈં દેખો! પ્રત્યક્ષ જ્ઞાનકો પારમાર્થિક સુખરૂપ બતલાતે હૈં. આત્મામેં જબ કેવલજ્ઞાન હોતા હૈ, કેવલજ્ઞાન આનંદરૂપ હૈ, અતીન્દ્રિય આનંદ ઉસમેં હૈ ઐસા બતાતે હૈ. પરમેં આનંદ નહીં આત્માકા, તીવ્ર કષાયમેં નહીં સુખ, પુણ્યકે પરિણમામેં સુખ નહીં, પુણ્યસે મિલી ઋદ્ધિમેં સુખ નહીં, મનસે ઔર ઈન્દ્રિયસે જ્ઞાન

હોતા હૈ ઉસમેં નહીં સુખ. સમજમેં આયા? સુખ અપને આત્મામેં હૈ તો અતીન્દ્રિય જ્ઞાન કરકે અંતરમેં આનંદકા અનુભવ હોના, ઉસ જ્ઞાનકે સાથમેં આનંદ આતા હૈ, વહ જ્ઞાન આનંદકા કારણ હૈ. યહાં પરિપૂર્ણ જ્ઞાનકી બાત હૈ. પરંતુ પહલેસે આત્મા, જ્ઞાન ઔર અતીન્દ્રિય આનંદકી મૂર્તિ હૈ. તો ઉસ આત્માકા અંતરલક્ષ કરકે અતીન્દ્રિય નિજ સ્વરૂપ હૈ, તો અતીન્દ્રિયકા જ્ઞાન કરકે જો આનંદ આતા હૈ વહ જ્ઞાન આનંદકા કારણ હૈ. દૂસરી કોઈ ચીજ આનંદકા કારણ નહીં. સમજમેં આયા? જ્ઞાની અપને જ્ઞાનમેં આનંદ માનતા હૈ, ધર્મી અપને જ્ઞાનમેં આનંદ માનતા હૈ.

અજ્ઞાની માનતે હૈં, માનતે હૈં તો ક્યા સુખ હૈ? અજ્ઞાની પૈસેમેં, આબરૂમેં, કીર્તિમેં, શરીર, ઇન્દ્રિયોંકી વિભૂતિ. વિભૂતિ અર્થાત્ શોભા. ઇન્દ્રિયોંકી વિભૂતિ હૈ ન સબ? પાંચ ઇન્દ્રિય સુંદર આકૃતિ ઉસ વિભૂતિમેં સુખ માને વહ તો અજ્ઞાન હૈ. ધૂલમેં સુખ હૈ? સમજમેં આયા? ધર્મીકી દૃષ્ટિ અપને ચૈતન્ય આનંદ ઔર જ્ઞાનકે ઉપર હોનેસે અતીન્દ્રિય જ્ઞાન જો પ્રગટ હુઆ ઉસમેં ધર્મી આનંદ માનતા હૈ. સમજમેં આયા? કહો, ભગવાનજીભાઈ! પૈસે-બૈસેમેં આનંદ તો નહીં, પરંતુ મન ઔર ઇન્દ્રિયસે જ્ઞાન હુઆ વહ ભી આનંદ નહીં, દુઃખ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખ હૈ કિ નહીં? દુઃખ હૈ તો દુઃખ હૈ (ઐસા) બતાતે હૈં. દુઃખ હૈ કિ નહીં? મનસુખભાઈ! ઇન્દ્રિય ઔર મનસે જ્ઞાન હોતા હૈ વહ દુઃખ હૈ. આહા..હા..! આકુલતા હૈ. સુખ ઔર શાંતિ અથવા ધર્મ, ધર્મ કહો યા સુખ-શાંતિ કહો, વહ તો અપના આત્મા આનંદ ઔર જ્ઞાનસ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરને જૈસા દેખા ઐસા અતીન્દ્રિય આત્માકા જ્ઞાન કરનેસે ઔર ઉસમેં આનંદ આતા હૈ, વહ ધર્મ, વહ જ્ઞાન ઔર સુખ. વહ સુખી. બાકી સબ પ્રાણી દુઃખી. બરાબર હૈ? ભગવાનજીભાઈ! દુઃખી? આ બધા પૈસાવાળાને-તમને સુખ કહે છે લોકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે એને એમ લાગે છે કે ખોટુ માન્યું છે. નહિ?

મુમુક્ષુ :- સાચું સુખ હતું જ નહિ.

ઉત્તર :- સાચું સુખ ગોતવા આવત જ નહીં તો, ત્યાં હોત તો. વાત સાચી. સમજમેં આયા?

યહાં તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા-કેવલજ્ઞાની ઐસા ફરમાતે હૈં વહી સંતો ફરમાતે હૈં કિ યહ આત્માકા આનંદ કહાં હૈ? કિ આત્મા અપના નિજ સ્વરૂપ શુદ્ધ આનંદ ઔર જ્ઞાન હૈ, ઉસકી અંતર્મુખ, અંતર્મુખ સ્વભાવકી અંતર્મુખ દૃષ્ટિ કરકે જો જ્ઞાન હુઆ ઉસમેં આનંદ હૈ. ધર્મીકો કષાયકી મંદતાકા પરિણામ આતા હૈ, પરંતુ ઉસમેં આનંદ માનતે નહીં. વિષયકી વાસનાકા વિકલ્પ હોતા હૈ, ઉસમેં સુખ માનતે નહીં. પૈસેકી સામગ્રી... જ્ઞાનીકો ચક્રવર્તીકા

રાજ હોતા હૈ બાહરમેં, ઈન્દ્રિકા પદ હોતા હૈ, ધર્મી સમ્યગ્દૃષ્ટિ ઉસકો સુખ માનતે નહીં. સમજમેં આયા? વહ યહાં કહતે હૈ. પરમાર્થ સુખસ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાનકો સુખરૂપ કહતે હૈં. તીન બોલ આ ગયે હૈં, ચૌથા બોલ હૈ.

'**(૪) સકલ શક્તિકો રોકનેવાલા કર્મસામાન્ય (જ્ઞાનમેંસે) નિકલ જાનેસે...**' ચૌથા હૈ ન? ચાર. '**સકલ શક્તિકો રોકનેવાલા કર્મસામાન્ય (જ્ઞાનમેંસે) નિકલ જાનેસે (જ્ઞાન) અત્યંત સ્પષ્ટ પ્રકાશકે દ્વારા...**' અંતરમેં જ્ઞાનસ્વરૂપ ભગવાન અત્યંત સ્પષ્ટ પ્રકાશ હોતા હૈ. '**પ્રકાશમાન (-તેજસ્વી) સ્વભાવમેં વ્યાપ્ત હોકર...**' અપના નિજસ્વભાવ પર્યાયમેં પ્રકાશમેં વ્યાપ્ત હોકર '**રહનેસે વિમલ હૈ...**' ભગવાન આત્મામેંસે જો કેવલજ્ઞાન પ્રગટ હુઆ વહ વિમલ હૈ, મલ હૈ નહીં. '**ઈસલિયે સમ્યક્રૂપસે (-બરાબર) જાનતા હૈ (ઔર ઈસપ્રકાર સંશયાદિ રહિતતાસે જાનનેકે કારણ આકુલતા નહીં હોતી);...**' લો. સમજમેં આયા? યહ વાસ્તવિક તત્ત્વકો જનાતે હૈ. જ્ઞાનતત્ત્વ બતાતે હૈ ન? કિ આત્મા હૈ, યહ આત્મા હૈ વસ્તુ, ઉસમેં જ્ઞાનતત્ત્વ હૈ જ્ઞાનભાવ ત્રિકાલી. તો ત્રિકાલી જ્ઞાનભાવ જો હૈ ઉસમેં સે પર્યાય નિર્મલ જો સ્વસમ્યક્-જ્ઞાન-દર્શન સહિત જો ઉત્પન્ન હુઈ વહ પર્યાય જ્ઞાન હૈ ઔર ઉસ જ્ઞાનમેં આનંદ હૈ. સમજમેં આયા? દુનિયા તો પાગલ હૈ. પૈસેવાલેકો સુખી માનતી હૈ. પૈસેવાલે સુખી હૈ. ઔર ધર્મી બાહ્યમેં નિર્ધન હો, સંયોગ ન હો, કુંવારા હો, બાંજ હો ઔર અપને સ્વરૂપકી અંતર દૃષ્ટિકા ભાન હો, ફિર ભી વહ ધર્મી સુખી હૈ. સમજમેં આયા? ઉસકો દુનિયા દેખે નહીં (કિ) અંતર ચીજ ક્યા હૈ.

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! સિદ્ધ સમાન પરમેશ્વર જો કેવલજ્ઞાની તીર્થંકરદેવ ઉસને જો આત્મા દેખા વહ જ્ઞાન ઔર આનંદમય દેખા હૈ. ઐસા દેખનેવાલા આત્મા જો જ્ઞાન અંદરમેં હુઆ વહ જ્ઞાન ઔર વહ આનંદ હૈ. કહો, સમજમેં આયા? ભાઈ! ચાર બેટે હો તો સુખ હૈ. દુનિયા નહીં કહતી? પહેલું સુખ તે જાતે નર્યા. નિરોગ શરીર હોય તો સુખી. મૂઢ હૈ? નિરોગ શરીર તો જડ હૈ. ઉસમેં તુજે ક્યા આયા? સમજમેં આયા? ઊલ્ટી ગતિ હૈ યહાં તો.

એક જગહ આતા હૈ ન? દૂસરી કોઈ ગતિ નહીં. નહીં આતા સંસ્કૃતમેં? ઉસમેં યહ લગાયા થા. '**धुवमचलमणोवमं गदिं पत्ते**' શબ્દ છે ને ગતિ. બીજે ઠેકાણે આવે છે ક્યાંક. ... કોઈ ગતિ નથી એવું આવે છે. ટીકામાં આવે છે ને ક્યાંક. ગતિ એટલે કોઈ બીજી સ્થિતિ નથી, બીજી કોઈ રીત નથી, એમ. એ આવે છે સંસ્કૃતમાં ક્યાંક. સમજમેં આયા? ભગવાન આત્મા સુખકે લિયે દૂસરી કોઈ રીત ઔર દૂસરી કોઈ ગતિ નહીં. ધર્મ હો યા સુખ હો, દોનોં એક હી ચીજ હૈ. ધર્મ હોતા હૈ ઔર આનંદ ન આવે તો વહ ધર્મ હી નહીં. આહા..હા..! સમજમેં આયા?

તો કહતે હૈં કિ કેવલજ્ઞાનકો પાતા હૈ ભગવાન આત્મા, તબ પહલે તો ઉસકો આત્માકા

આનંદ ઔર જ્ઞાનકા અનુભવ સમ્યગ્દર્શનમેં હોતા હૈ. સમજમેં આયા? મૈં તો અતીન્દ્રિય આનંદ... અતીન્દ્રિય આનંદ હાં. પરકા આનંદ હૈ નહીં, વહ તો આનંદ હૈ નહીં, દુઃખ હૈ. અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદ પ્રભુ આત્મા નિત્યાનંદ સ્વરૂપ હૈ, ઐસા ભગવાનને દેખા હૈ, ઐસા ભગવાનને કહા હૈ. ઐસા જ્ઞાની અંતરકો દેખતે હૈ. ધર્મી કહો યા જ્ઞાની કહો. જ્ઞાની કોઈ દૂસરા હોતા હૈ ઔર ધર્મી કોઈ નીચે હોતા હૈ ઐસી ચીજ નહીં હૈ. જ્ઞાની તો બહુ જાણે ઈ જ્ઞાની કહેવાય અને ધર્મી તો સાધારણ પણ ધર્મી હોય. એમ નહિ. બેય સરખું છે?

યહાં તો કહતે હૈ કિ ભાઈ! યહ આત્મા વસ્તુ હૈ ન વસ્તુ હૈ ન અંદર? પદાર્થ. યહ (શરીર) તો મિટ્ટી હૈ. કર્મ મિટ્ટી હૈ, ધૂલ હૈ, વાણી આદિ મિટ્ટી હૈ. અંદર પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ વહ વિકાર દુઃખ હૈ. ઉસસે રહિત જો આત્મા હૈ ઉસમેં તો અતીન્દ્રિય આનંદ ઔર જ્ઞાન સત્‌રૂપ શાશ્વત પડા હૈ. ઉસકી અંતર દૃષ્ટિ કરકે, સ્પર્શ કરકે જ્ઞાન ઔર આનંદ પર્યાયમેં પ્રગટ કરે ઉસકો સુખ હોતા હૈ ઔર ઉસકો ધર્મ હોતા હૈ. કઠિન બાત. ઔર કેવલજ્ઞાન ઉસમેં સે હુઆ, સ્વરૂપકી દૃષ્ટિપૂર્વક ઔર સામ્યભાવ સમતા, સમતા વીતરાગતા પર્યાય પ્રગટ કરકે ચારિત્ર—સામ્ય શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગકે પ્રતાપસે પીછે કેવલજ્ઞાન જબ હોતા હૈ, તો શુદ્ધ ઉપયોગમેં ભી આનંદ હૈ, ઔર પૂર્ણ કેવલજ્ઞાનમેં અનંત આનંદ હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શનમેં થોડા આનંદ હૈ, ચારિત્રમેં વિશેષ આનંદ હૈ ઔર ઉસકા ફલ કેવલજ્ઞાનમેં અનંત આનંદ હૈ. કહો, સમજમેં આયા કુછ? પાંચ લાખ હો તો થોડા સુખ હૈ, પચ્ચીસ લાખ હો તો જ્યાદા સુખ હૈ, કરોડ હો તો જ્યાદા સુખ હૈ ઐસા આંકડા નહીં હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂલમેં ભી નહીં. ક્યા હૈ? કરોડ હો તો પાંચ કરોડ હો, ફિર ભી અંદર જલતી હૈ કષાય-અગ્નિ. ઐસા કરું... ઐસા કરું... ઐસા કરું... ઈચ્છા... ઈચ્છા... ઈચ્છા... ઈચ્છા... 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂલ.' ઈચ્છા ઉત્પન્ન હોતી હૈ વહી દુઃખ હૈ, આકુલતા હૈ. ઈચ્છા રહિત ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદકી દૃષ્ટિ કરકે જો આનંદ આતા હૈ ઉસકા નામ ધર્મ ઔર આનંદ હૈ. ચારિત્ર જો સ્વરૂપકી રમણતા કરતે હૈં ઉસકો બહુત આનંદ હૈ. ઉસકા નામ ચારિત્ર કહતે હૈં. ચારિત્ર ક્યા? ક્રિયાકાંડ, કેવલ નગ્નપના વહ ચારિત્ર નહીં. સ્વરૂપ જો દૃષ્ટિમેં પહલે આયા થા કિ મૈં તો જ્ઞાન ઔર આનંદ હૂં, ઉસમેં રમણતા, ચરના, રમના, જમના, ભોજન કરના. જમના અર્થાત્ લીન હોના ઔર જમના અર્થાત્ આનંદકા અનુભવ કરના ઉસકા નામ ચારિત્ર હૈ. કહો, સમજમેં આયા? જમના (માને) રોટી ખાતા હૈ વહ જમના નહીં. વહ તો દુઃખ ખાતા હૈ. સમજમેં આયા?

આત્મા આનંદસ્વરૂપમેં લીન હોના, દૃષ્ટિ પહલે કરકે પીછે ઉસમેં લીન-લીન હોના વહ ચારિત્ર હૈ. વહ ચારિત્ર અતીન્દ્રિય આનંદ સહિત હૈ. ઉસ ચારિત્રમેં દુઃખ હૈ નહીં. સમજમેં આયા? ઔર ઉસ ચારિત્રકા ફલ જો હૈ ઉસ અતીન્દ્રિયજ્ઞાનકી બાત ચલતી હૈ. સમજમેં

આયા? યહ ચારિત્રકે ફલકી બાત ચલતી હૈ. કુંદકુંદાચાર્ય અપને નિજ સ્વરૂપકી બાત કહતે હૈં. દિગંબર મુનિ થે, જંગલમેં રહતે થે. ભગવાનકે પીછે ૫૦૦ સાલ હુએ. અભીસે દો હજાર વર્ષ પહલે. આત્માકા અતીન્દ્રિય આનંદ જો પહલે અનુભવમેં આયા, પીછે સામ્ય શુદ્ધ ઉપયોગ ગ્રહણ કિયા ચારિત્ર. શુદ્ધ ઉપયોગ. દયા, દાન, વ્રત, વિકલ્પ વહ શુદ્ધ ઉપયોગ નહીં, વહ તો રાગ હૈ, વિકાર હૈ. ઐસા શુદ્ધ ઉપયોગ અંગીકાર કરકે કહતે હૈં કિ હમારા શુદ્ધ ઉપયોગકા ફલ કેવલજ્ઞાન હૈ. વહ કેવલજ્ઞાન અતીન્દ્રિય આનંદ સહિત હૈ. સમજમેં આયા?

**'સકલ શક્તિકો રોકનેવાલા...'** (ઉસકા) નાશ હુઆ હૈ. **'ઈસલિયે સમ્યક્પ્રકારસે જાનતા હુઆ હૈ (ઈસપ્રકાર) સંશયાદિ રહિતતાસે...'** સુખરૂપ હૈ. **'આકુલતા નહીં હોતી); તથા (૫) જિનને ત્રિકાલકા અપના સ્વરૂપ યુગપત્ સમર્પિત કિયા હૈ...'** સામને લિયા અબ. જ્ઞેય-જ્ઞેય. ભગવાન આત્મા જો સર્વજ્ઞ પરમેશ્વર હુએ, કેવલજ્ઞાની પરમાત્મા અરિહંત આદિ, સિદ્ધ આદિ, તો ઉસમેં જો કેવલજ્ઞાન હુઆ તો કેવલજ્ઞાનમેં અપને જાનનેકી શક્તિ તો પૂર્ણ હૈ, પરંતુ અબ જ્ઞેય જિતના હૈ ન જ્ઞેય અનંત, વહ સબ કેવલજ્ઞાનમેં જનાતે હૈં. વહ પ્રમય સબ અર્પણ કરતે હૈં, જૈસા સ્વરૂપ હૈ ઐસા સબ જાનનેમેં આતા હૈ.

**'જિનને ત્રિકાલકા અપના સ્વરૂપ યુગપત્ સમર્પિત કિયા હૈ...'** દેખો! એક એક દ્રવ્યકી ત્રિકાલ પર્યાય ઔર ગુણ આદિ **'(-એક હી સમય બતાયા હૈ) ઐસે લોકાલોકમેં વ્યાપ્ત હોકર રહનેસે અવગ્રહાદિ રહિત હૈ...'** ભગવાનકા જ્ઞાન અવગ્રહ આદિ નહીં, પહલા થોડા પકડે, પીછે વિચાર કરે, ફિર નિર્ણય કરે, ફિર ધારે ઐસા હૈ નહીં. લોકાલોક એક સમયમેં જાનતે હૈ. તીન કાલ તીન લોક સબ જ્ઞેય એક સમયમેં જાનનેમેં આતા હૈ. **'ક્રમશઃ હોનેવાલે પદાર્થ ગ્રહણકે ખેદકા અભાવ હૈ.'** (છદ્મસ્થ) તો એક કે બાદ એક ગ્રહણ કરે તો ખેદ હોતા હૈ. થોડા હો ઔર પીછે નહીં જાને તો ખેદ હોતા હૈ. ભગવાનકો ઐસા હૈ નહીં. પૂરા દેખનેમેં આયા, સારા તીન કાલ તીન લોક એક સમયમેં દેખનેમેં આતા હૈ.

**'ઈસપ્રકાર (ઉપરોક્ત પાંચ કારણોંસે) પ્રત્યક્ષ જ્ઞાન અનાકુલ હૈ.'** દેખો! યહાં સિદ્ધ કિયા. જિસકો આનંદ ચાહિયે ઉસકો કેવલજ્ઞાન પ્રગટ કરના. ઔર કેવલજ્ઞાન ચારિત્રસે પ્રગટ હોતા હૈ ઔર ચારિત્ર, સમ્યગ્દર્શન-જ્ઞાનસે હોતા હૈ ઔર સમ્યગ્દર્શન ઔર જ્ઞાન આત્માકે આશ્રયસે હોતા હૈ. સમજમેં આયા? **'ઈસલિયે વાસ્તવમેં વહ પારમાર્થિક સુખ હૈ.'** લો! હૈ ન આખિરમેં? વાસ્તવમેં તો ભગવાન આત્મા અપના નિજ જ્ઞાન ચૈતન્યપ્રકાશ સૂર્ય વહ ચૈતન્યકા સૂર્ય હૈ ઔર આનંદકી મૂર્તિ આત્મા હૈ. અતીન્દ્રિય આનંદ હાં! અતીન્દ્રિય રસ આનંદ ઉસકી અંતર્મુખ દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન-જ્ઞાન હોતા હૈ ઔર શુદ્ધ ઉપયોગ કરનેસે ચારિત્ર હોતા હૈ. ઔર પીછે ઉસકે ફલમેં પરમાર્થ સુખકા કારણ ઐસા કેવલજ્ઞાન હોતા હૈ. લો યહ કરના હૈ. ધર્મીકો યહ કરના હૈ, દૂસરા કરનેસે જ્ઞાન હોતા નહીં. કહો, સમજમેં આયા?

**'ભાવાર્થ :- ક્ષાયિકજ્ઞાન-કેવલજ્ઞાન...'** ક્ષાયિકજ્ઞાન કહો યા કેવલજ્ઞાન કહો. **'એકાંત**

સુખસ્વરૂપ હૈ.' સમજમેં આયા? અબ થોડા વિશેષ લેતે હૈં. '**અબ, ઐસે અભિપ્રાયકા ખંડન કરતે હૈં કિ કેવલજ્ઞાનકો ભી પરિણામકે દ્વારા ખેદકા સંભવ હોનેસે...**' થકાવટ, સમતા, દુઃખ. ક્યા કહતે હૈં થોડા? આત્મામેં સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જો ચારિત્ર હુઆ ઔર ચારિત્રકે બાદ જો કેવલજ્ઞાન હુઆ, તો કહતે હૈ કિ કેવલજ્ઞાન તો પરિણામ હૈ, પલટતા હૈ, બદલતા હૈ, પરિણામ હૈ, તો પરિણામમેં પરિણમનસે કોઈ ખેદ હૈ કિ નહીં ઉસકો? કહાં લેતે હૈ દેખો! ઓહો..! કિતની સ્પષ્ટતા કરતે હૈં! કેવલજ્ઞાન પર્યાય હૈ, કેવલજ્ઞાન ગુણ નહીં. ગુણ તો ત્રિકાલી જ્ઞાનગુણ હૈ આત્મામેં. ત્રિકાલ જ્ઞાનગુણ હૈ. ઉસમેં સે સર્ચ લાઈટ પડતી હૈ ન? ઐસે પ્રગટ હુઆ કેવલજ્ઞાન. તો કેવલજ્ઞાન વહ પર્યાય હૈ. મનસુખભાઈ! પર્યાય હૈ, ગુણ નહીં. તો કહતે હૈ કિ પર્યાય હૈ તો પરિણમના હૈ, પરિણમના હૈ તો પરિણામ હૈ તો ખેદ હૈ કિ નહીં? પરિણમના... પરિણમના... પરિણમના તો ખેદ હૈ કિ નહીં? એકરૂપ હૈ નહીં. સમજમેં આયા? વહ પરિણમન સ્વયં હી સુખરૂપ હૈ. ખેદ કહાં? વહ તો આનંદરૂપ પરિણમન હૈ ઉસકા. પરિણમન સમજે? પર્યાયમેં પરિણમન હોના. દ્રવ્ય-ગુણ તો ત્રિકાલ હૈ. દ્રવ્ય વસ્તુ ઔર ઉસકી શક્તિ ત્રિકાલ. પર્યાયકા પરિણમન હોના વહ દુઃખરૂપ હૈ? કિ નહીં. વહ પરિણમના દુઃખરૂપ નહીં, વહ પરિણમન તો સુખસ્વરૂપ હી હૈ. વહ કહતે હૈં દેખો!

'**ઐસે અભિપ્રાયકા ખંડન કરતે હૈં કિ કેવલજ્ઞાનકો ભી પરિણામકે દ્વારા ખેદકા સંભવ હોનેસે કેવલજ્ઞાન એકાંતિક સુખ નહીં હૈ :—**' ઉસકો ભી પરિણમના પડતા હૈ, બદલના પડતા હૈ. હે નાથ! આપ તો સમય સમયમેં બદલતે હો, હમારા તો અસંખ્ય સમયમેં ઉપયોગ બદલતા હૈ. આવે છે ક્યાંક, ભજનમાં—ભક્તિમાં આવે છે નહિ? ક્યાંક આવે છે. આપ તો સમય સમયમેં બદલતે હો ઔર હમ તો અસંખ્ય સમયમેં ઉપયોગ બદલતે હૈં, આપકી અસ્થિરતા તો બહુત હૈ. ઈ આવે છે ક્યાંક. એક ઠેકાણે આવે છે, સ્તવનમાં આવે છે ક્યાંક, સ્તવનમાં આવે છે કે ક્યાંક. સ્તવન મંજરીમાં ક્યાંક આવે છે. લક્ષમાં હોય, બધું કાંઈ યાદ હોય છે? તમે તો સમયે સમયે બદલો છો ભગવાન. હું તો, અસંખ્ય સમયે મારો ઉપયોગ બદલાય છે. મેરા તો અસંખ્ય સમયમેં ઉપયોગ બદલતા હૈ. આપ તો સમય સમય બદલતે હો. ઔર હમ બડા હૈ. હમારા તો અસંખ્ય સમયમેં બદલતા હૈ, હમારા ઉપયોગ અસંખ્ય સમયમેં ચલતા હૈ, આપકા એક સમયમેં ચલતા હૈ. એક સમયમેં ચલતા હૈ વહી સુખરૂપ હૈ. અપના નિજ સ્વરૂપરૂપ પરિણમન હૈ ઉસમેં ક્યા દુઃખ હૈ કુછ? સમજમેં આયા?

યહ ક્યા કહતે હૈં? ભાઈ! થોડા જાનના ઉસમેં ભી લોકકે દસ લોગ હો, ઉસકો જાને તો ભી ઉપાધિ હૈ. તો યે તો લોકાલોકકો જાને ઔર પરિણમે. લોકાલોકકો જાને ઔર પરિણમન કરે તો ખેદ નહીં? ભગવાન! લોકાલોકકો જાનના ઔર પરિણમના વહ તો પર્યાયકા સ્વભાવ હૈ. વહ તો સ્વભાવિક વસ્તુ હૈ, વહ કોઈ દુઃખરૂપ નહીં. યહ ૬૦મેં કહતે હૈં.

जं केवलं ति णाणं तं सोक्खं परिणमं च सो चेव।
खेदो तस्स ण भणिदो जम्हा घादी खयं जादा।।६०।।

યહ તો હિન્દી હૈ ન હિન્દી? હિન્દીમાં ઓલુ નીચે છે. કેટલામું કીધું? ૬૦.

**જે જ્ઞાન 'કેવલ' તે જ સુખ, પરિણામ પણ વળી તે જ છે,**
**ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતિકર્મ વિનષ્ટ છે. ૬૦.**

વિનષ્ટ છે. યહ તો ગુજરાતી હૈ. ક્યા કહતે હૈ? ઓહો..હો..! કુંદકુંદાચાર્યને કેવલજ્ઞાનકો પહલે જ્ઞાનમેં ભી વર્ણન કિયા, સુખકા અધિકાર લિયા ઉસમેં ભી કેવલજ્ઞાનકા વર્ણન સ્પષ્ટ કરતે હૈં. ઐસા કહનેપર તેરી કેવલજ્ઞાનકી પર્યાય વહ તેરા શ્રૃંગાર, વહ તેરી વિભૂતિ ઔર વહ તેરી શોભા હૈ. સમજમેં આયા? ભગવાનકી-ઈસ આત્માકી પૂર્ણ કેવલજ્ઞાનકી એક સમયકી પર્યાય વહ તેરી શોભા, વહ તેરી વિભૂતિ, વહ તેરી લક્ષ્મી ઔર વહ તેરા સર્વસ્વ સુખ હૈ ઐસા કહતે હૈં. સમજમેં આયા? લોકો તો બહારમાં મથે છે બિચારા ચારે કોર. જુઓને, અહીંથી છોડીને મુંબઈ અને મુંબઈથી છોડીને મોચી... મોચી ને મુંબાસા... ક્યાંના ક્યાં રખડે છે. અમેરિકા પણ જાય છે ને. એના દીકરા ગયા હતા ને રખડવા. મોચી, મોચી આ તો ગામ છે. મોચી ને? મોચી. મોચી ગામ છે. એ મોચીના તો કેટલાક ધંધા કરે છે. કેટલાક ચામડાના ધંધા કરે. આહાહા..! મુંબઈમાં પણ કેટલાક એવા ધંધા કરે છે. ગોરા આદિ લેવા આવે ને, તો માંસના ડબ્બા હોય ડબ્બા. સભી ચીજમેં થોડા માંસ ન હો તો લે નહીં. અંક લિખા હો ૨૫-૩૦ ચીજ, તો વહ ભી હૈ કિ નહીં? વહ નહીં હૈ. તો ન લે. વહ હો તો લે. બનિયે ભી કિતને હી રખતે થે વ્યાપારમેં વહ માંસકા ડિબ્બા. સમજમેં આયા? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- નહિ કરવાનું કરતા હતા.

ઉત્તર :- નહિ કરવાનું કરતા હતા. હમને સબ સુના હૈ. ક્યોંકિ વહ ૩૦ ચીજ લેકર આયે ઉસમેં સે એક દો ચીજ માંસકા ડિબ્બા યા મચ્છીકા ન હો તો, હમેં કહાં જાના? લાઓ ભાઈ. સમજ્યા ને? એવું આવે. અળસિયાનું શું કહેવાય? ... બાદશાહી. યે અળસિયા હોતા હૈ ન અળસિયા. છોટા નહીં બારીશમેં. ક્યા કહતે હૈં ઉસકો? ઉસમેંસે વીર્યવર્ધક ઔષધિ હોતી હૈ. તો વહ ભી એક દવા હૈ. વહ દવા જો કહીં મિલતી હો તો દૂસરી ચીજ લે, અન્યથા ન લે. ઉસ કારણસે એક બનિયા કહતા થા કિ હમેં રખના પડતા થા. અરે..! ઐસા ધંધા પાપકા. સમજમેં આયા? દુનિયા મરતી હૈ બાહરમેં પૈસા કૈસે મિલે. દુઃખ હૈ કેવલ દુઃખ હૈ. સમજમેં આયા? સુખ તો તેરે આત્મામેં હૈ. ઔર સુખ હૈ વહાં ઉસકી પ્રતીત નહીં, વિશ્વાસ નહીં. ક્યોંકિ અવ્યક્તપના હૈ આત્મા અંદર, પર્યાય વ્યક્ત હૈ. ઉસકે સાથ સારી ચીજ અંદર હૈ. પરંતુ દિશા બહાર હૈ પર્યાયકી. અંદર તો જાતા નહીં. તો અંદર ક્યા ચીજ હૈ, વસ્તુ ક્યા હૈ (ઉસકી) ખબર નહીં. આત્મામેં અતીન્દ્રિય આનંદ ઔર પૂર્ણ જ્ઞાન

આનંદ આદિ પડા હૈ અંદરમેં. સમજમેં આયા? ઉસકા આશ્રય લેને સે જો કુછ કેવલજ્ઞાન હુઆ વહ સુખરૂપ પરિણમન હૈ, દુઃખરૂપ હૈ નહીં. વહ બતાતે હૈં દેખો!

'**અન્વયાર્થ :- જો 'કેવલ' નામકા જ્ઞાન હૈ...**' પર્યાય કેવલજ્ઞાન હૈ ન? દેખો! '**केवलं इति ज्ञानं**' '**'કેવલ' નામકા જ્ઞાન...**' એમ લખ્યું જોયું! ઈતિનો અર્થ. '**तत् सौख्यं**' '**વહ સુખ હૈ...**' ઓહો..! પૂર્ણ આનંદ, પૂર્ણ આનંદ. જહાં જાનનેકી કમી રહી નહીં ઔર જાનનેકી ચીજ કોઈ બાકી રહી નહીં, સબ ભગવાન આત્મા એક સમયમેં પૂર્ણ જાને વહ જ્ઞાન સુખરૂપ હૈ. સમજમેં આયા? વહ '**પરિણામ ભી વહી હૈ...**' ઐસા કહતે હૈં. ક્યા કહતે હૈં? કેવલજ્ઞાનકા જ્ઞાન વહ સુખ હૈ ઔર વહી પરિણામ હૈ, ઐસા. પરિણામ વહી હૈ. દૂસરા પરિણામ કોઈ હૈ નહીં. પલટના વહ જ્ઞાન, વહી સુખ હૈ ઔર સુખ વહી પરિણમન હૈ. સમજમેં આયા? જો કેવલજ્ઞાન હૈ વહી સુખ હૈ ઔર સુખ હૈ વહી પરિણામ હૈ. સુખ તો પરિણામ હૈ, પર્યાય હૈ, પરિણામ હૈ. દૂસરા કોઈ પરિણામ હૈ ઔર ખેદ હૈ ઐસા કોઈ નહીં.

'**ઉસે ખેદ નહીં કહા હૈ (અર્થાત્ કેવલજ્ઞાનમેં સર્વજ્ઞદેવને ખેદ નહીં કહા હૈ)...**' દેખો! કેવલજ્ઞાનમેં સર્વજ્ઞદેવને ખેદ નહીં કહા. પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા જિસને એક સમયમેં તીનકાલ જાના ઉસને કેવલજ્ઞાનમેં ખેદ કહા નહીં. કિસ કારણ? કિ સુખરૂપ ઉસકા પરિણમન હૈ ઉસ કારણ સે. '**ક્યોંકિ ઘાતિકર્મ ક્ષયકો પ્રાપ્ત હુઆ હૈ.**' ઐસા કહતે હૈ. ઘાતિકર્મ હૈ જ્ઞાનાવરણીય આદિ વહ તો નાશ હુઆ હૈ. વિઘ્ન કરનેમેં કોઈ નિમિત્ત હૈ નહીં.

'**ટીકા :- યહાં (કેવલજ્ઞાનકે સંબંધમેં), ખેદ ક્યા,...**' સમજમેં આયા? વેપાર કરતે હૈં, કરતે કરતે થક જાયે લો! થોડો વખતે બેસે તો થાકી જાય, કેટલી માથાફોડ સવારથી સાંજ. ભલે પાંચસો-હજાર રૂપિયા, પાંચ-પાંચ હજાર મળી જાય કોઈ વખતે એક દિવસમાં, પણ ખેદ થાય, થાકીને થોહ થઈ જાય અંદર. આહાહા..! હવે સૂવા દ્યો કહે. લ્યો. દુઃખ, રળવામાં દુઃખ, પછી દુઃખ. સોનેમેં ભી દુઃખ હૈ. પ્રમાદ હૈ ન વહ રાગ હૈ. યહ તો પરમાત્મા અપની ચીજમેં... પરમ આત્મા અર્થાત્ પરમ સ્વરૂપ જો આત્મા ઉસકી અંતર દૃષ્ટિ કરનેસે જો પરિણમન હુઆ વહ સુખરૂપ પરિણમન હૈ. વહ સુખરૂપ પરિણમન હૈ વહ સ્વભાવ હૈ. સ્વભાવમેં ખેદ કહાં? ઘાતિકર્મકા તો નિમિત્તકા તો અભાવ હો ગયા હૈ. સર્વ પર્યાય પૂર્ણ પ્રગટ હો ગઈ હૈ. **પરિણામ ક્યા?** ઐસા કહતે હૈં. ખેદ ક્યા ઔર પરિણામ ક્યા? ઔર દૂસરા પરિણામ ક્યા? ઐસા કહતે હૈં. વહી પરિણામ હૈ.

'**(૩) કેવલજ્ઞાન ઔર સુખકા વ્યતિરેક (-ભેદ) ક્યા,...**' ઐસે. કેવલજ્ઞાન ઔર સુખમેં જુદાઈ ક્યા? કેવલજ્ઞાનકા એક સમયકા પરિણામ ઉસમેં ઔર સુખમેં જુદાઈ ક્યા? '**કિ જિસસે કેવલજ્ઞાનકો એકાંતિક સુખત્વ ન હો?**' ઓહો..હો..! કિતના કેવલજ્ઞાન!

એકાંત સુખ! અનેકાંત નહીં રહતા હૈ ઉસમેં. કેવલજ્ઞાનમેં પૂર્ણ સુખ, એકાંત સુખ. સમજમેં આયા? એકાંતનો અર્થ કર્યો છે કે નહિ ક્યાંય? પહેલા આવી ગયું હતું, નહિ? પરિપૂર્ણ, હા, બસ ઈ આવી ગયું છે પહેલું, પહેલા આવી ગયું છે. એકાંતિક કર્યું છે જુઓ સામે છે. '**પરિપૂર્ણ; અંતિમ, અકેલા; સર્વથા.**' છે, ઈ ગાથા છે.

યહાં ક્યા કહતે હૈં? ભગવાન! તેરા આનંદ ઔર જ્ઞાન તેરે ઘરમેં પડા હૈ. તુમ બાહર શોધને જાતે હો વહ તેરા ભ્રમ હૈ. સમજમેં આયા? તેરે આત્મામેં આનંદ ઔર સુખ પડા હૈ. આહા..હા..! તેરી કિંમત તેરેકો હોતી નહીં. સમજમેં આયા? તેરી ચીજ હી ઐસી હૈ કિ જો શરીર આદિસે રહિત ઔર આનંદ જ્ઞાનસે સહિત હૈ. સમજમેં આયા? તેરી ચીજ હી યહ હૈ ઐસા કહતે હૈં. તુમ યહ હો. શરીરાદિ રાગસે રહિત ઔર જ્ઞાન ઔર આનંદ સહિત તુમ હી ઐસે હો. ખબર નહીં. આહા..હા..! વહ કહતે હૈં દેખો!

'**(૧) ખેદકે આયતન (-સ્થાન) ઘાતિકર્મ હૈં,...**' ક્યા કહતે હૈં? દુઃખકા નિમિત્ત ઘાતિકર્મ હૈ. ઘાતિકર્મ હૈ ન? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય ઔર અંતરાય. '**કેવલ પરિણામમાત્ર નહીં.**' કેવલ બદલનેમાત્ર નહીં. બદલનેમાત્ર નહીં. ઘાતિકર્મકા નિમિત્ત હો તો દુઃખ હૈ. બદલના, પરિણામ હોના વહ દુઃખ હૈ નહીં. આહા..હા..! એક નહોતા કહેતા? ઓલા દેરિયા. પર્યાય તો ત્યાં પણ ચોંટી હજી? બિચારાને ખબર ન મળે. જૈનમાં જન્મ્યા. પર્યાય ક્યા ચીજ હૈ? પર્યાય તો અપના સ્વરૂપ હૈ. જૈસા દ્રવ્ય-ગુણ ત્રિકાલી સ્વરૂપ હૈ, ઐસા પર્યાય વર્તમાન સ્વરૂપ હૈ. પર્યાય સિદ્ધમેં ભી... ક્યા કહા? પીછા નહીં છોડતી? પર્યાય સિદ્ધમેં ભી પીછા નહીં છોડતી? પરંતુ પર્યાય તો અપના સ્વભાવ હૈ. આહા..હા..! આવા ને આવા. જૈનમાં જન્મ્યા હોય એને હજી તત્ત્વના નામની ખબર ન મળે, એને ધર્મ ક્યાંથી થાય? પછી સામાયિક કરીને, પોષા કરીને બેસે, અને ધર્મની શ્રદ્ધાના ભાન ન મળે. સમજાણું કાંઈ?

કહતે હૈ કિ ખેદકા દુઃખકા સ્થાન તો ઘાતિકર્મ હૈ. આમાંથી ઈ લ્યે, દેખો! દુઃખનું કારણ ઘાતિકર્મ છે, ભાઈ! ચોખ્ખું (લખ્યું છે). વહ તો ઐસા કહતે હૈં કિ દુઃખ હોતા હૈ તબ ઘાતિકર્મકા નિમિત્ત હૈ. વહ નિમિત્ત તો હૈ નહીં. યહાં દુઃખ હૈ નહીં ઔર નિમિત્ત ભી હૈ નહીં. આહા..હા..!

મુમુક્ષુ :- ઘાતિકર્મો જ કરે છે પરિણામ?

ઉત્તર :- એ તો ભાષા તો નિમિત્તથી જ્ઞાનપ્રધાન કથન છે.

'**ઘાતિકર્મ મહા મોહકે ઉત્પાદક હોનેસે ધતૂરેકી ભાંતિ...**' લો ઠીક! '**ઘાતિકર્મ મહા મોહકે ઉત્પાદક હોનેસે...**' ઠીક! નિમિત્તથી વાત આવી. ઘાતિ નિમિત્ત છે. મિથ્યાત્વભાવ હોતા હૈ, ક્યા મિથ્યાત્વભાવ? કિ પરમેં સુખ હૈ, પુણ્યભાવમેં સુખ હૈ, પાપભાવમેં મજા હૈ, અનુકૂલ ચીજમેં મુજે ઠીક હોતા હૈ, પ્રતિકૂલ ચીજમેં મુજે ઠીક નહીં હોતા હૈ, ઐસા

મિથ્યાદૃષ્ટિકા મિથ્યાત્વભાવ. ઉસમેં ઘાતિકર્મ, નોકર્મ નિમિત્ત હૈ. સમજમેં આયા? '**ઘાતિકર્મ મહા મોહકે ઉત્પાદક...**' મહામોહ યહાં મિથ્યાત્વકા લિયા હૈ. '**ધતૂરેકી ભાંતિ...**' ધતૂરા પીયા હો ન, તો સબ ચીજ પીલી દિખે. સફેદ ભી પીલી દિખે. દૃષ્ટિમેં ફર્ક હૈ ન? હોતા હૈ ન રોગ, ક્યા કહતે હૈં? પીલિયા પીલિયા. પીલિયા રોગ હોતા હૈ ન પીલિયા નહીં? સફેદ ભી પીલા દિખે. પદાર્થ પીલા નહીં હૈ, યે તો ઉસકી દૃષ્ટિમેં ઐસા હૈ. ઐસે અજ્ઞાનીકો મિથ્યાત્વભાવસે જિસમેં સુખ નહીં ઉસમેં સુખ ભાસિત હોતા હૈ. જિસમેં અપનાપના નહીં ઉસમેં અપનાપના માનતે હૈ. જિસમેં જ્ઞાન હોતા નહીં ઉસમેં જ્ઞાનકા કારણ માનતે હૈ, જિસમેં સુખ નહીં ઉસમેં સુખકા કારણ માનતે હૈ.

'**ધતૂરેકી ભાંતિ અતત્‌મેં તત્‌ બુદ્ધિ ધારણ કરવાકર...**' લો! '**વસ્તુ જિસસ્વરૂપ નહીં હોતી ઉસસ્વરૂપ હોનેકી માન્યતા; જૈસે કિ—જડમેં ચેતનબુદ્ધિ (અર્થાત્‌ જડમેં ચૈતનકી માન્યતા) દુઃખમેં સુખબુદ્ધિ વગૈરહ.**' ક્યા કહતે હૈં? કિ ઘાતિકર્મકા નિમિત્ત હો તો વહાં મહામોહ ઉત્પન્ન હોતા હૈ. વહ મહામોહ મિથ્યાત્વ હૈ. તો મહામિથ્યાત્વ ક્યા મનાતા હૈ? જો સુખ નહીં વહાં સુખ માનતા હૈ. અતત્‌મેં તત્‌બુદ્ધિ. અતત્‌-નહીં હૈ ઐસે તત્‌ ઉસમેં બુદ્ધિ. દુઃખમેં સુખબુદ્ધિ. કહો, સમજમેં આયા? શરીરમેં નિરોગતા ઠીક હૈ. વહ અતત્‌મેં સુખ (માના). ઉસમેં સુખ હૈ? ઠીક કહાં સે આયા? વહ તો જડ હૈ, મિટ્ટી હૈ. સમજમેં આયા? અનુકૂલતા બાહરકી હો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ કર્મ નિમિત્ત હૈ ન. જ્ઞાનપ્રધાન કથન હૈ ન. કરતા હૈ મહામોહ વહ, તબ નિમિત્ત કર્મ મોહ હૈ. મહામોહ નહીં તો નિમિત્ત હટ ગયા. ભગવાનકો નિમિત્ત હૈ નહીં. સમ્યગ્દૃષ્ટિકો ભી જિતના અનુભવ હુઆ આત્માકા ઈતના મોહકા નાશ હુઆ. તો પરમેં સુખ ધર્મી માનતે નહીં. ચક્રવર્તીકે રાજમેં પડા હો, ઈન્દ્રકે પદમેં પડા હો સમકિતી. ફિર ભી વહ પરમેં સુખ માનતા નહીં. સમજમેં આયા? મહામોહ જિસકા નાશ હુઆ હૈ.

'**ઘાતિકર્મ મહા મોહકે ઉત્પાદક હોનેસે ધતૂરેકી ભાંતિ અતત્‌મેં તત્‌ બુદ્ધિ ધારણ કરવાકર આત્માકો જ્ઞેયપદાર્થકે પ્રતિ પરિણમન કરાતે હૈં;...**' લો! ભાષા દેખો! આત્માકો જ્ઞેયપદાર્થકે પ્રતિ, પરપદાર્થકે પ્રતિ પરિણમન કરાતે હૈં. પરપદાર્થમેં નહીં પરંતુ પરપદાર્થ ઠીક-અઠીક હૈ ઐસી બુદ્ધિ કરતે હૈ તો ઉસમેં ઘાતિકર્મ નિમિત્ત કહનેમેં આતા હૈ. સમજમેં આયા? પદે પદે તકરાર લે, ન સમજે ઈ. આહા..હા..! 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' દૂસરા કોઈ હૈરાન કરનેવાલા નહીં. તુ તેરેકો ભૂલા ઔર તુ તેરેકો દુઃખી કરતા હૈ, દૂસરા કોઈ કરનેવાલા હૈ નહીં. દૂસરેકે દોષ નિકાલનેકી આદત હો ગઈ હૈ ઉસકી અનાદિસે. દૂસરે કે દોષ નિકાલતે હૈં, ક્યા કરે ભૈયા! કર્મકા ઐસા હમારે ઉદય હૈ, ઐસા લડકા, ઐસા.. સમજે?

લ્યો, એક માણસ હમણા આવ્યો હતો. અરે.. મહારાજ! ચારે કોર દુઃખ છે. દુઃખ શેનું? પ્રતિકૂળતાનું. સમજ્યા? ખાનગી ખાનગી વાત કરું છું. બહારમાં ઠીક કહેવાય. પૈસાવાળા કહેવાય, બહાર ઠીક કહેવાય પણ અંદરમાં.. આ બાયડી છે એને પક્ષઘાત થયો છે. સ્ત્રીકો. ઔર ઉસકી પ્રકૃતિ ઐસી હૈ કિ ઘરમાં કંઈક ઠીક ન હોય તો કહ્યા જ કરે, એ.. પાણી કેમ એકઠું ન કર્યું? ફલાણું ન કર્યું. હવે બૈરાને ગોઠે નહિ. મફતની બેઠી હોય. બૈરા આવા છે. અરે..! પણ એમાં તને શું નડે છે એમાં? બૈરા એવા. છોકરો પૈસા પગાર લાવે છે સારો. પણ મા-બાપને તોછડાઈ કરે. છોકરાની વહુ એવી છે કે અમારે ઘરમાં બે કલાક બેસવું હોય તો મોઢું બંધ કરીને બેસાય. બોલે તો તોડી નાખે એવી. એ બિચારા ખાનગી કહેતા હતા. એનું નામ અપાય નહિ. સમજાણું કાંઈ? બાયડી આવી, છોકરો આવો, વહુરુ આવી, છોકરાનો એક છોકરો છે ચાર વર્ષનો. તે એને પહેલેથી રોગ થયો છે અહીં. હાલતા-ચાલતા પેશાબ અને હાલતા-ચાલતા દિશા થઈ જાય. ઠીક! છોડી એક છે તો એવો સ્વભાવ છે કે ધણી એને મૂકીને પરદેશમાં અમેરિકા વયો ગયો. છોડી અમારે ત્યાં પાછી આવી. બધી સરખાઈ છે. એઈ..! મોહનભાઈ! આહા..!

કીધું, ભાઈ! એ તો પ્રતિકૂળ સંયોગ છે. એ તો તારી માન્યતાને આધારે છે. પ્રતિકૂળ શું છે? એ તો જાણવાની ચીજ છે. લોકો એમ માને કે આહાહા..! સ્ત્રી એવી, છોકરા એવા, છોકરાની વહુ એવી, છોકરાનો છોકરો આવો, દીકરી એવી. બધું સરખું. દીકરીને ધણી મૂકીને વયો ગયો, અમારે પાળવી પડે છે અને પ્રકૃતિ એવી છે આકરી. નરમ માણસ છે. પોતે નરમ માણસ છે. પોતાને નોકરી કરીને પાછું રળવું. સમજાણું કાંઈ? ખાનગીમાં માણસ વાત ઠલવે અંદર. ઈ માટે આવું છું અહીં વર્ષે, બે વર્ષે જરીક શાંતિ લેવા. બાકી ક્યાંય (સુખ) નથી. અહીં સાંભળીએ ત્યારે જરી શાંતિ થાય. બહારનું થવાનું હોય એ થાય, હવે મૂક ને પડતી. ભગવાનજીભાઈ! બહારમાં દેખાય કે આ સુખી, અને અંદરમાં હોય બળતરા. ઓછુવત્તું લ્યો ઠીક. આહાહા..! વાત સાચી છે. કાંઈક ફેરફાર થોડો ઘણો હોય, પણ બધું પરાધીન વસ્તુ છે. પરાધીનમાં સ્વપ્ને સુખ નહિ. માને, અનુકૂળ સ્ત્રી હોય કે દીકરો હોય તે સુખ છે? એ દુઃખના નિમિત્ત છે. એમનો છોકરો કેવો. જુઓને, આ છોકરો આઠ હજારનો પગાર લાવે. રોટલા ઘરના (ખાવા મળે નહિ). કંદોઈની બાઈના હાથના રોટલા ખાય. શું ત્યારે પણ પરણાવીને કર્યું શું એમાં? સુખી દેખાય છે? પરાધીન છે. અહીં હોય તોપણ શું અને ન હોય તોપણ પરને લઈને શું છે? માનતે હૈં અજ્ઞાની. ધર્મી માનતે નહીં. આહા..હા..! ચાહે તો સાતવીં નરકકા પ્રતિકૂલ સંયોગ હો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દર્શન હૈ, આત્માકા ભાન હૈ, સુખી હૈ. પ્રતિકૂલ હૈ ઉસમેં કોઈ દુઃખ નહીં હૈ. હમારી કમજોરીસે જરા કષાય આતા હૈ વહ દુઃખ હૈ, વહ તો હમારી કમજોરી

હૈ. પ્રતિકૂલ (સંયોગ) સે હમકો દુઃખ હૈ ઐસા સમકિતી માનતે નહીં.

સાતવીં નરક, રવ-રવ નરક. આહા..હા..! એ દુઃખની વ્યાખ્યા ભગવાન કરે, સુણતા કાયર છૂટી જાય, કાળજા એના (ફાટી જાય). એટલું દુઃખ, એટલું દુઃખ. આહાહા..! અનંત વાર ગયો છે. અનંત વાર એમાં ગયો છે. પરંતુ વહાં જાનેકે બાદ કિસીકો સમકિત હો ગયા, તો પ્રતિકૂલતા માનતે નહીં. વહ હૈ. મેરા જ્ઞાનકા જ્ઞેય હૈ. મૈં તો આનંદ હૂં. ઐસી પ્રતિકૂલતા, જહાં એક દાના ખાનેકો નહીં મિલે, પાનીકા બુંદ નહીં, સોનેકે લિયે ગદ્દા નહીં, રહનેકા ઘર નહીં, ઓઢનેકા કપડા નહીં, કુછ નહીં ઔર જન્મસે સોલહ રોગ. ઐસી શરીરકી દશા. પરંતુ અંદરમેં સમ્યગ્દર્શનસે અહો..! મૈં તો પરસે ભિન્ન હૂં. મેરેમેં રાગ ભી નહીં. મેરેમેં તો આનંદ હૈ. મૈં તો આનંદસ્વરૂપી હૂં. મેરા આનંદ કોઈ બાહરમેં હૈ નહીં. ઐસી અંતર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દૃષ્ટિ ચૌથે ગુણસ્થાનમેં ભી અપનેકો સુખી માનતે હૈં. કહો, સમજમેં આયા? ઐસા માનતા હૈ ઔર સુખી હૈ. અજ્ઞાની ઉસકો દેખ સકે નહીં. અરે..! ઉસકી દયા કરે.

મુનિ હોતે હૈ ન. દેખો! બિચારાને વાઘ ખાય છે. અરે..! તને ભાન નથી. કોની દયા ખાય છે તું? અંદરમેં આનંદ હૈ ઉસકો. આત્મા અતીન્દ્રિય આનંદકા અનુભવ કરતા હૈ. સમજમેં આયા? સંત સાધુ હોતા હૈ, સચ્ચે સાધુ હોતે હૈં વહ તો આનંદકા અનુભવ કરતે હૈં. સત્ સાધુ. અતીન્દ્રિય આનંદકા અનુભવકા ઉભરા સમજે? ઉભરા ક્યા કહતે હૈ? ઉફાન ઉફાન આતા હૈ. લોગ ઐસા દેખે, અરે..! જુઓ ને બિચારા ગજસુકુમાર. અગ્નિ. એની મા ઓલી સિયાળિયા થઈને ખાય છે. તને ભાન નથી. તેરી દૃષ્ટિમેં દેખનેકો તેરા ચશ્મા ઊલટા હૈ. વહ તો અંતરમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ લેતે હૈં. અતીન્દ્રિય આનંદકો ચૂસતે હૈ. સમજમેં આયા? દુઃખ કિંચિત્ નહીં. અંતર ભગવાન આત્મા અતીન્દ્રિય... વહ હૈ ન આપકી કુલ્ફી. કુલ્ફી નહીં આતી? ચૂસે છે ને છોકરા, ચૂસતા આમ એકાકાર થઈ જાય. માખી આવી જાય તો ઈ પણ આવી જાય ભેગી. મીઠાશને લઈને એટલી લીનતા. સામું ન જોવે, એના સ્વાદમાં આંખ... મીઠાશના ખાવામાં માખી આવી ઝીણી, તો આમ આમ થઈ જાય ભેગી. આંખે દેખે કે આ .. સ્વાદમાં લક્ષ છે ત્યાં દેખવું ક્યાં એને? ઐસે ભગવાન આત્મા અંતર્મુખ દૃષ્ટિ કરનેસે ધર્મ જહાં હુઆ, સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ તો આનંદકા અનુભવ કરતે હૈં ધર્મી. ઉસ આનંદકો ચૂસતે હૈ ઉસકા નામ ધર્મ હૈ. ધર્મ કોઈ ક્રિયાકાંડ યા બાહરકી ચીજમેં ધર્મ હૈ નહીં. સમજમેં આયા?

તો કહતે હૈં, **'આત્માકો જ્ઞેયપદાર્થકે પ્રતિ પરિણમન કરાતે હૈં;...'** કરાતે હૈં. ભાષા જોઈ? 'કરાતે હૈ' આતા હૈ ન. સ્વયં કરતા હૈ તો કરાતે હૈ ઐસા કહતે હૈ. ઈ આવે છે ને, ગોમ્મટસારમાં નહિ પહેલા ઉપોદ્‌ઘાતમાં? ગોમ્મટસારમાં પહેલા ઉપોદ્‌ઘાતમાં આવે છે, કર્મ કરાવે છે, કરાવે છે એમ શબ્દ આવે છે. કરાવે છે. પહેલા શબ્દ શરૂઆતમાં આવે છે. ટોડરમલજીએ લીધું છે. વહ તો કથનકી પદ્ધતિ હૈ. અપને સ્વરૂપકો ભૂલકર અજ્ઞાની મહામિથ્યાત્વકે

કારણ દુઃખી હૈ તો ઉસ દુઃખમેં નિમિત્ત કૌન હૈ? ઘાતિકર્મ હૈ બસ ઈતના. વહ ઘાતિકર્મ જડ હૈ વહ આત્માકો દુઃખ કરાતે હૈં ઐસા હૈ નહીં.

**'ઈસલિયે વે ઘાતિકર્મ, પ્રત્યેક પદાર્થકે પ્રતિ પરિણમિત હો-હોકર થકનેવાલે આત્માકે લિયે ખેદકે કારણ હોતે હૈં.'** એક પદાર્થકો જાને, ફિર ઉસકો છોડકર દૂસરેકો જાને, દૂસરેકો છોડકર તીસરેકો જાને... ખેદ... ખેદ... ખેદ.. હૈ અંદરમેં. સમજમેં આયા? સર્વજ્ઞ ભગવાનકો યે હૈ નહીં. પૂર્ણ જ્ઞાન જહાં હુઆ, ખેદ હૈ નહીં. એક પદાર્થકો જાનના, (ફિર) દૂસરેકો જાનના ઐસી જાનનેકી ઈચ્છા રહે તો ખેદ હૈ. જાનનેકા તો પૂર્ણ હો ગયા. પૂર્ણ જ્ઞાનમેં કોઈ ખેદ હૈ નહીં, આનંદ હૈ. **'ઉનકા (ઘાતિકર્મોંકા) અભાવ હોનેસે કેવલજ્ઞાનમેં ખેદ કહાંસે પ્રગટ હોગા?'** પરમાત્મા ઐસા કહે, અરે..! પચ્ચીસ લોગોંકા જ્ઞાન કરતા હૈ, ઘરમેં રહતા હૈ તો દુઃખ હૈ, તો તીન કાલ તીન લોકકો જાને તો કિતના દુઃખ હોગા? તુઝે હિસાબ કરના નહીં આતા. વહ તો જ્ઞાન તો અપની પર્યાયકા સ્વભાવ હૈ. પૂર્ણ જાને... પૂર્ણ જાને.. પૂર્ણ જાના તો જાનનેકી ઈચ્છા રહી નહીં તો દુઃખ હૈ નહીં, સુખી હૈ. પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર સુખી હૈ. અરિહંતદેવ પૂર્ણ કેવલજ્ઞાનમેં સુખી હૈ. સમજમેં આયા?

જુઓ, સાધુને કેટલાક દુઃખી માને છે. એ બિચારા જુઓને! ઉઘાડા પગે ચાલવું, અન્ન-પાણી (નહિ). ઓલો કહેતો હતો તમારો નહિ? અમૃતલાલ ગોંડલવાળો. શું કહેવાય? કોઠારી ને? મગજફેર હતો. બાઈ સારી હોં, .... બિચારી બાઈ. એ.. આમને બિચારાને દેજો દેજો કાંઈક. એમ કહેતા હતા. અરે.. ભગવાન! મને ખબર નહિ. પછી બાઈએ કહ્યું, મહારાજ! મગજ અસ્થિર છે. બાઈ ડાહી હતી. મહારાજ! એનું મગજ અસ્થિર છે. ... એમ કોઈપણ સાધુ આવે તો કહે, એને બિચારાને દેજો, દેજો કાંઈક. મગજ અસ્થિર. અને આ સાધુ પણ કેટલાક ભીક્ષા માટે નગ્ન મુનિ નીકળે તો કહે, આહાહા..! શું દુઃખી! વસ્ત્ર નહિ, પાત્ર નહિ, આહાર નહિ, મકાન નહિ. અરે.. ભગવાન! ઐસે તૂ ન દેખ. આહા..હા..! મુનિ ધર્માત્મા તો ઉસકો કહતે હૈં, અંતર અતીન્દ્રિય આનંદકો ચૂસતે હૈ. ચલતે ચલતે ભી અતીન્દ્રિય આનંદ આતા હૈ. આહા..હા..! ચારિત્ર કિસકો કહના? યે લોગ માનતે હૈં વહ ચારિત્ર નહીં હાં! દુનિયા તો અજ્ઞાની હૈ અચારિત્રકો ચારિત્ર માનતે હૈં. અંતર સ્વરૂપમેં આનંદકા અનુભવ હોકર લીન હોના, અતીન્દ્રિય આનંદમેં જમ જાના ઉસકા નામ ચારિત્ર પરમાત્મા કહતે હૈં. યહ ચારિત્ર આનંદરૂપ હૈ. ક્લેશરૂપ માને. આવે છે ને? છ ઢાળામાં નહિ? છ ઢાળામાં. વૈરાગ્ય અને જ્ઞાન. વહ છહ ઢાલામેં આતા હૈ, છહ ઢાલા હૈ ન. સંવરમેં ભૂલ. સંવરમેં તો આનંદ હૈ. તો યે તો કહે વૈરાગ્ય ઔર જ્ઞાન કરના. આહા..હા..! સમજે?

એક બાઈ કહેતી હતી. દીક્ષા લેવાને... અરે..! આ દીક્ષા લીધા પછી આને કાંઈ ન મળે માટે અત્યારે આપણે સારું સારું કરીને ખવડાવો. આવા ને આવા, ભાન વિનાના. હજી દીક્ષા કોને કહેવી એની તને ખબર નથી. દીક્ષા લુગડા ફેરવીને બેસે ઈ દીક્ષા છે? દીક્ષા

તો ભગવાન આત્મા અંતર્મુખમેં અપના અનુભવ કિયા આનંદકા જ્ઞાનમેં, પીછે સ્વરૂપમેં રમણતા કરનેકો દીક્ષા હોતી હૈ ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? વહ સુખી હૈ. સમજ્યાને? વૃદ્ધ માણસ હોય ને, એને એમ થઈ જાય કે પછી ખાવાનું મળશે નહિ. આ મેસુબ ને શિયાળાનું ટાણું હતું ને. ઈ કીધું ને. એવું હતું. અમારા બાપની મા હતા નવા. ડોશી બિચારા વૃદ્ધ. ત્યાં થોડા દિ' રહ્યા હતા ને. અરે..! કાનજી દીક્ષા લેશે પછી આ ક્યાં મળશે? માટે મોહનથાળ કરી રાખો. બિચારાને કાંઈ ખબર ન મળે. ડોશી હતા, અમારા બાપના નવા મા, નવી મા હતા. બિચારા ભોળા. કાંઈ ખબર ન મળે. અરે..! પાલેજ હોય તો તો બધું સાધન હોય, હવે અહીં અમે સાધારણ ઘરમાં. અમે અહીં ત્રણ જણા વૃદ્ધ. હવે એને દીક્ષા લેવી ને અહીં રહ્યો માટે કાંઈક કરી રાખો. આવા ને આવા બિચારા. એ.. ભગવાનજીભાઈ! આહાહા..! કાંઈ ખબર ન મળે (કે) શું ચીજ છે. સમજાય છે?

આત્મા અપના સ્વરૂપ સાધન કરે ઉસમેં દુઃખ હૈ કિ સુખ હૈ? સુખ હૈ. પરંતુ લોગોંકી માન્યતા દુઃખ હૈ આહા..હા..! દેખો બેચારે કિતને દુઃખી હૈ! આહા..હા..! માથે અગ્નિ. અગ્નિ નથી, શીતળતા છે અંદર. સમજમેં આયા? શીતલતામેં પ્રવેશ કિયા હૈ. દેખો સુકુમાલ મુનિ! શીતલ કુંડમેં ફવ્વારેમેં પડે હૈં અંદર આનંદ... આનંદ... આનંદ... ઉસકા નામ ચારિત્ર હૈ ઔર ઉસકા ફલ કેવલજ્ઞાન હૈ. દુઃખકા ફલ કેવલજ્ઞાન હૈ? દુઃખ સહન કરના, ભાઈ બહુત દુઃખ સહન કરના ફિર કેવલજ્ઞાન હોગા ઉસમેંસે. દુઃખકા ફલ કેવલજ્ઞાન હૈ? દુઃખ તો આર્તધ્યાન હૈ. લોગોંકો કુછ માલુમ નહીં. તત્ત્વકી ક્યા ચીજ હૈ, જીવ ક્યા? સંવર ક્યા? આસ્રવ ક્યા? દુઃખ ક્યા? સુખ ક્યા? અજીવ ક્યા? અંધે અંધા. લોકમેં હોંશિયારી કરે દુનિયામેં, યહાં ધર્મકે નામપર કુછ ભાન નહીં. જાધવજીભાઈ! આહા..હા..!

'**ખેદ કહાંસે પ્રગટ હોગા? (૨) ઔર તીનકાલરૂપ તીન ભેદ જિસમેં કિયે જાતે હૈં ઐસે સમસ્ત પદાર્થોંકી જ્ઞેયાકારરૂપ (વિવિધતાકો પ્રકાશિત કરનેકા સ્થાનભૂત કેવલજ્ઞાન, ચિત્રિત્ દીવારકી ભાંતિ, સ્વયં)**...' દેખો! તીન કાલ તીન લોકકી પર્યાય હૈ વહ સબ જ્ઞાનમેં આ ગઈ હૈ. કોઈ બાકી નહીં રહા. સમજમેં આયા? '**કેવલજ્ઞાન, ચિત્રિત્ દીવારકી ભાંતિ, સ્વયં) હી અનંતસ્વરૂપ સ્વયમેવ પરિણમિત હોનેસે**...' એક સમયમેં અનંતસ્વરૂપ કેવલજ્ઞાન સ્વયમેવ પરિણમિત હોતા હૈ. '**ઈસલિયે કેવલજ્ઞાન હી પરિણામ હૈ.**' ઐસા. થોડા પરિણામ, ફિર વિશેષ પરિણામ ઐસા હૈ નહીં. એક સાથ અનંત પરિણામકો જાનતા હૈ કેવલજ્ઞાન.

'**કેવલજ્ઞાન હી પરિણામ હૈ. ઈસલિયે અન્ય પરિણામ કહાં હૈં**...' દેખો! દૂસરા પરિણામ કહાં હૈ? બદલના કહાં હૈ કિ પહલે ઈતના જાના બાદમેં વિશેષ જાને. અનંત પરિણામ, અનંત પદાર્થકો એક સાથ જાનનેમેં આતા હૈ. ઐસા કેવલજ્ઞાન '**પરિણામ કહાં હૈ કિ જિનસે ખેદકી ઉત્પત્તિ હો?**' ભગવાનકા કેવલજ્ઞાનમેં ખેદ હૈ નહીં. '**(૩) ઔર, કેવલજ્ઞાન સમસ્ત**

**સ્વભાવપ્રતિઘાતકે અભાવકે કારણ...**' લો! વિઘ્ન, રુકાવટ, હનન, ઘાત. ભગવાનકે જ્ઞાનમેં '**સ્વભાવપ્રતિઘાતકે અભાવકે કારણ નિરંકુશ અનંત શક્તિકે ઉલ્લસિત હોનેસે...** ' ભગવાનકા કેવલજ્ઞાન તો એક સમયમેં ઉલ્લસિત હોનેસે. દેખો! પ્રગટ હોનેસે '**સમસ્ત ત્રૈકાલિક લોકાલોકકે-આકારમેં વ્યાપ્ત હોકર કૂટસ્થતયા અત્યંત નિષ્કંપ હૈ,...**' કૂટસ્થ હો ગયા કેવલજ્ઞાન. કૂટસ્થ અર્થાત્ વહી જિતના જાનના, અનંત જ્ઞેયકો જાનના ઈતના જાનના રહા. પહલે થોડા જાનના પીછે વિશેષ જાનના ઐસા હૈ નહીં. કૂટસ્થ નામ હૈ તો પરિણમન હાં, પરંતુ સદશ્ય એક જાતિકા પરિણમન હૈ તો ઉસકો કૂટસ્થ (કહનેમેં આયા). નીચે લિખા હૈ ન? નીચે લિખા હૈ દેખો! '**સદા એકરૂપ રહનેવાલા; અચલ (કેવલજ્ઞાન સર્વથા અપરિણામી નહીં હૈ, કિંતુ વહ એક જ્ઞેયસે દૂસરે જ્ઞેયકે પ્રતિ નહીં બદલતા-સર્વથા તીનોં કાલકે સમસ્ત જ્ઞેયાકારોંકો જાનતા રહતા હૈ, ઈસલિયે ઉસે કૂટસ્થ કહતે હૈ)**' કેવલજ્ઞાન હૈ તો પર્યાય, અવસ્થા, પરિણામ. પરંતુ કૂટસ્થ ક્યોં કહા? કિ એક જ્ઞેયસે દૂસરે જ્ઞેયકો પરિણમન કરના ઐસા હૈ નહીં. ઉસ અપેક્ષાસે કૂટસ્થ કહનેમેં આયા. એકરૂપ દશા હો ગઈ આત્માકી. ઓહો..! જૈસા સ્વભાવ થા ઐસા પર્યાયમેં પ્રગટ હો ગયા. ઐસા આત્માકા સામર્થ્ય હૈ. ઐસા આત્મા કર સકતા હૈ. વહ અપને સ્વભાવકા આશ્રય કરે તો સુખ હૈ, આનંદ હૈ. ઉસકા ધર્મ પૂર્ણ પ્રગટ હો ગયા. કહો, સમજમેં આયા?

'**ઈસલિયે આત્માસે અભિન્ન ઐસા સુખ-લક્ષણભૂત અનાકુલતાકો ધારણ કરતા હુઆ...**' આત્માથી એકરૂપ સુખ-અભિન્ન સુખ લક્ષણભૂત અનાકુલતા. '**કેવલજ્ઞાન હી સુખ હૈ,...**' કેવલજ્ઞાન હી સુખ હૈ. સમજમેં આયા? કેવલજ્ઞાન હી સુખ હૈ. જ્ઞાન તો જ્ઞાન હૈ. સાથમેં સુખ હૈ તો કેવલજ્ઞાન સુખ હૈ ઐસા કહા. જ્ઞાન હૈ વહ જ્ઞાન હૈ, આનંદ હૈ વહ દૂસરા હૈ, પરંતુ કેવલજ્ઞાનમેં આનંદ પ્રગટ હોતા હૈ ઉસ કારણસે કેવલજ્ઞાનકો આનંદ કહનેમેં આતા હૈ. ઈ પણ તકરાર કરે. એક ફેરી શ્લોક આવ્યો હતો. એમ કે, આવે છે ને? છ ઢાળામાં નથી આવતું? જ્ઞાન સુખકો કારણ. જ્ઞાન સમાન ન આન.. પણ એ જ્ઞાન કોણ? વહ જ્ઞાન કેવલ જાનપના શાસ્ત્રકા વહ નહીં. જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ આનંદમૂર્તિ અપના ઉસકા જ્ઞાન, ઉસ જ્ઞાનમેં આનંદ હૈ તો 'જ્ઞાન સમાન ન આન (જગતમેં) સુખકા કારણ.' છહ ઢાલામેં આતા હૈ. છહ ઢાલા હૈ ન દૌલતરામજીકી? લૌકિકજ્ઞાન નહીં, દુનિયાકા જ્ઞાન નહીં. યે વકીલાતકા, ધારધીરકા, ફલાનેકા, મોટરકા, પાર્ટકા. યહાં તો મન ઔર ઈન્દ્રિયસે જ્ઞાન હુઆ વહ ભી જ્ઞાન નહીં. આહા..હા..! જ્ઞાન જિસકા હો જિસમેં સે આના ચાહિયે ન? જિસમેં નહીં ઉસમેં સે કહાં સે આતા હૈ? મન, ઈન્દ્રિયમેં જ્ઞાન હૈ? તો ઉસકે લક્ષ્યસે ભી જ્ઞાન કહાંસે આતા હૈ. ઐસા કહતે હૈં. અપને સ્વરૂપમેં જ્ઞાન હૈ અંતર ચિદાનંદ ભગવાન પ્રકાશમૂર્તિ, ઉસકા આશ્રય કરનેસે જ્ઞાન ઔર આનંદકા કારણ હૈ. સમજમેં આયા? ઉસ જ્ઞાનમેં ધર્મ હૈ ઔર આનંદ હૈ. ધર્મ નામ સ્વભાવ હૈ ઔર આનંદ હૈ.

**'ઈસલિયે કેવલજ્ઞાન ઔર સુખકા વ્યતિરેક કહાં હૈ?'** ઐસા. કેવલજ્ઞાન ઔર સુખમેં જુદાઈ કહાં હૈ? વ્યતિરેક નામ (જુદાઈ). કેવલજ્ઞાન દૂસરા ઔર સુખ દૂસરા ઐસા હૈ નહીં. અહો..! ભગવાન આત્મા અંતરમેં ભી જ્ઞાન ઔર આનંદસે અવિનાભાવી એકસાથ હૈ. ઐસી જહાં શક્તિકી વ્યક્તતા હુઈ પ્રગટ, તો જૈસા કેવલજ્ઞાન વૈસા આનંદ ભી સાથમેં હૈ. આનંદ ઔર જ્ઞાનમેં કોઈ જુદાઈ નહીં. સમજમેં આયા? **'ઈસસે, યહ સર્વથા અનુમોદન કરને યોગ્ય હૈ...'** દેખો! ઓહો..! આત્માકી એક સમયકી જ્ઞાન પૂર્ણ અવસ્થા વહ સંમત કરનેયોગ્ય હૈ ઐસા કહતે હૈં. **'(-આનંદસે સંમત કરનેયોગ્ય હૈ) કેવલજ્ઞાન એકાંતિક સુખ હૈ.'** ઓહો..! યહ આત્મા, ઉસકા જ્ઞાનગુણ ત્રિકાલ ઔર ઉસકી એક સમયકી પર્યાય પૂર્ણ કેવલજ્ઞાન આનંદસે સંમત કરનેલાયક હૈ. તો ઉસકો આનંદસે સંમત કબ હોગા? કિ દ્રવ્યસ્વભાવ પર દૃષ્ટિ દેનેસે જિસમેં સે વહ પર્યાય પ્રગટ હુઈ ઐસા જો દ્રવ્યસ્વભાવ હૈ ઉસકો માનનેસે કેવલજ્ઞાનકો આનંદસે માના ઐસા કહનેમેં આતા હૈ. આહા..હા..! ભારે વાતું ભાઈ! સમજમેં આયા? આહા..હા..!

**'સર્વથા અનુમોદન કરનેયોગ્ય હૈ.'** સર્વથા અનુમોદન કરનેયોગ્ય હૈ. આહા..હા..! આત્માકી એક સમયકી પર્યાય, પર્યાય અર્થાત્ અવસ્થા. ઐસા જ્ઞાન, વહી આનંદકા કારણ. ઐસા કેવલજ્ઞાન સર્વથા પ્રશંસનીય, અનુમોદનીય, આદરણીય, પ્રગટ કરનેલાયક હૈ. સમજમેં આયા? કૈસે પ્રગટ હોગા? અપને આત્માકી અંતર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોગા ઔર સ્વરૂપસ્થિરતા કરનેસે કેવલજ્ઞાન હોગા. ઐસે પ્રગટ હોતા હૈ. ચારિત્રકે કારણસે કેવલજ્ઞાન કાર્ય હોતા હૈ ઐસા કહતે હૈં. પરંતુ ચારિત્રકી વ્યાખ્યા લોગ દૂસરી કરતે હૈં. યે વ્રત લેના, અવ્રત છોડના, બાહ્યકી ક્રિયા વહ ચારિત્ર હૈ હી નહીં. ચારિત્ર તો સ્વરૂપકા અનુભવ (હોનેકે બાદ) અંદર ચરના, ચરના અર્થાત્ રમના. આનંદમેં, અતીન્દ્રિય આનંદકા અનુભવ કરના ઉસકા નામ ચારિત્ર હૈ. ઉસ ચારિત્રકે ફલસ્વરૂપ કેવલજ્ઞાનકો આનંદસે માનના ઐસા કહતે હૈં. સમજમેં આયા? ભાવાર્થ બાદમેં કહેંગે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૦, ગુરુવાર, તા. ૩૧.૧૦.૧૯૬૮**
**ગાથા-૬૦-૬૧, પ્રવચન-૫૨**

આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે. આત્મા જ્ઞાનસ્વરૂપ જ આખો પરમભાવસ્વરૂપ ગણ્યો છે. આત્મા વસ્તુ છે એ પરમભાવથી ગણો તો એ જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. ભલે એની સાથે અનંતા ગુણો હોય. તો એ જ્ઞાનનો, તત્ત્વનો સામર્થ્યભાવ, ભાવનું સામર્થ્ય કેટલું? એવું એની

પ્રતીતમાં તો આવ્યું હોય છે કે આ આત્મા જ્ઞાન છે તો એકલો જ્ઞાનનો પિંડ જ છે. અને જ્ઞાનનો પુંજ છે એટલે ખરેખર એ જ્ઞ-સ્વભાવ એટલે સર્વજ્ઞસ્વભાવ એટલે જ્ઞાનસ્વભાવ જ વસ્તુ છે. એમ પ્રથમ સમ્યગ્દર્શનમાં સ્વસન્મુખ થઈને પ્રતીતિ જે થઈ હોય અનુભવમાં એ પ્રતીતિપૂર્વક સ્વરૂપમાં શુદ્ધ રમણતા થાય ત્યારે તે જ્ઞાનની પર્યાય પૂર્ણ પ્રગટ થાય. એ પૂર્ણ કેવી પ્રગટ થાય એને ખૂબ વિશેષથી વર્ણવ્યું છે.

એક સમયનો કેવળજ્ઞાનનો પર્યાય કેટલી તાકાતવાળો અને પરિણમન હોવા છતાં, તે પરિણમન હોવા છતાં-બદલતાં હોવા છતાં એ દુઃખરૂપ નથી એમ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? કારણ કે જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે એનું પરિણમન થવું એ સુખરૂપ જ છે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. તો એની સાથે જ્ઞાનની જ્યાં એકાગ્રતા થઈ અને કેવળ થયું એ આનંદ સહિત જ એ કેવળજ્ઞાનનું પરિણમન છે. સમજાણું કાંઈ? આગળ તો લેશે કે આવું જે જ્ઞાન આનંદરૂપ છે એને જે આ પાછલી ગાથાઓ કહી એને, સાંભળીને ન શ્રદ્ધે એ અભવિ છે. આવે છે ને? સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં. હા ઈ. ૬૨. .. ઘાતિકર્મ.. બોલ્યા હતા ને એ? પ્રશ્નનારદ. ..ઘાતિકર્મ.

જુઓને આટલી વાત વર્ણવી એ વસ્તુની સ્થિતિનું વર્ણન છે આ. આ એમ ને એમ કપોળકલ્પિત અથવા સાધારણ વાતની જેમ વાત નથી. એક એક ગાથામાં મર્મ છે ઊંડો. લોકોને એમ લાગતું હોય કે આ તો એની એ વાત ચાલી આવે છે. એમ નથી. એને એમ લાગતું હોય (પણ) એને જ્ઞાનની મહિમાની પર્યાયે સમંત (સમસ્ત) જુદી જુદી આવે છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- કેવળજ્ઞાનમાં...'** આ તો જાણે કેવળજ્ઞાનની વાત ઘણે ઠેકાણે આવે છે તો એની એ આવે છે. એમ નથી એમ એ. એની વિશિષ્ટતા અને ખાસ એની જુદાઈ કેવળજ્ઞાનની શું છે અને એમાં આનંદ શું છે એને વિધવિધ પ્રકારે એને સિદ્ધ કરે છે. **'કેવળજ્ઞાનમાં પણ પરિણામ તો થયા કરતા હોવાથી થાક લાગે...'** શું કીધું? આત્મા પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપની અંતર દૃષ્ટિ કરીને જે એકાગ્ર થઈને કેવળજ્ઞાન થયું તો એ હજી પરિણમે તો છે. કાંઈ કૂટસ્થ નથી, એકરૂપ રહેતું નથી. કૂટસ્થ પણ કહ્યું હતું એક ન્યાયે. કારણ કે એની એ દશા રહે છે. જાણવાના જ્ઞેયોમાં પલટવું પડતું નથી. અનંતને એક સમયે કેવળજ્ઞાન એટલું આખું જાણીને પરિણમે છે એથી એને કૂટસ્થ પણ કહ્યું. છતાં એ પરિણમે છે, બદલે છે. કેવળજ્ઞાન ગુણ નથી. શું કીધું હવે ઈ? કેવળજ્ઞાન થાય તોપણ ગુણ નથી. મનસુખભાઈ! કેવળજ્ઞાન થાય તો ગુણ નથી? તો ગુણ હજી પૂરો થયો નથી?

મુમુક્ષુ :- પર્યાય છે એ.

ઉત્તર :- પર્યાય છે. પર્યાય છે તો ગુણ પૂરો કે દિ' થાય ત્યારે ગુણ નથી તો? ગુણ પૂરો થાય કે નહિ કોઈ દિ'? કે એમ ને એમ અધૂરો જ રહ્યા કરે?

મુમુક્ષુ :- ગુણ ત્રણે કાળે પૂર્ણ જ હોય.

ઉત્તર :- ગુણ તો ત્રણે કાળે પૂરો હોય. એય..! દેવાનુપ્રિયા! આહા..હા..! અહીં તો પર્યાય પરિપૂર્ણ છે તેને ગુણની પર્યાય કહેવામાં આવે છે. એ ગુણ નથી. ત્યારે કોઈ કહે કે ભાઈ એ પર્યાય છે ત્યારે હવે એનો ગુણ પૂરો કે દિ' થાશે? એમ આ તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણની વ્યાખ્યા છે. એ તો ઓલી ગાથા આવે છે ને. એમ કે દ્રવ્ય પરિણમે છે, ગુણ તો પરિણમતો નથી. આવે છે ને ગાથા જ્ઞેય અધિકારમાં. દ્રવ્ય પરિણમે છે, આખું દ્રવ્ય પરિણમે છે. એમ છે ને. ત્યારે ગુણો ભેગા છે એટલે દ્રવ્ય આખું પરિણમે. ગુણ પરિણમે એમ નહિ, એ તો દ્રવ્ય પરિણમે છે માટે ગુણ ભેગો પરિણમે છે. આહા..હા..! સમજાણું? વાત વીતરાગની દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત અલૌકિક છે. સમજાણું કાંઈ? એ અલૌકિક વસ્તુની સ્થિતિ એવી છે, ભગવાને કર્યું નથી કાંઈ. જેવું છે એવું ભગવાને જાણ્યું. જાણ્યું અને જેવું હતું એવું કહ્યું અને એવું વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન જ અત્યારે ઘટી ગયું. સમજાણું? જુઓ, જવાબ દેતા દેતા ફેં.. ફેં.. થઈ ગયું. ગુણ પૂરો કે દિ' થાશે? પૂરું જ્ઞાન થાય ત્યારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હવે આવ્યું. પહેલા ક્યાં હતું? ગુણ વ્યાખ્યો નથી. પણ એ બરાબર અંદર સરખું નથી માટે...

જુઓ! આત્મા છે એ દ્રવ્ય છે. દ્રવ્ય એટલે કે અનંત ગુણ અને પર્યાયનો પિંડ તે દ્રવ્ય. ગાથા આવશે ૯૩માં. '**अत्थो खलु दव्वमओ**' અર્થ જે વસ્તુ છે તે દ્રવ્ય વસ્તુ છે અને દ્રવ્ય છે તે '**गुणप्पगाणि**' ગુણસ્વરૂપ છે. એ દ્રવ્ય છે તો ગુણ ત્રિકાળ સ્વરૂપ છે હોં! ત્રિકાળ. જેમ દ્રવ્ય ત્રિકાળ છે તો એના ગુણ ત્રિકાળ છે. એ ગુણ પ્રગટતો નથી, ગુણ અવરાતો નથી. સમજાણું કાંઈ? પણ જે પર્યાય થાય છે દ્રવ્ય, ગુણને-ઉભયને આશ્રયે પર્યાય થાય છે. પહેલી ગાથા લેશે ૯૩. જ્ઞેય અધિકાર. જ્ઞેય જ એવું છે. આત્મા જ્ઞેય, જ્ઞાનમાં જણાય એવું જ્ઞેય પોતે ને પર બધું. એનું સ્વરૂપ જ એવું છે કે આ આત્મા વસ્તુ છે. આ શરીરાદિ વસ્તુ છે, બીજી ચીજ છે, એ પર છે. એ પણ એક અર્થ છે. એ પરમાણુ છે, એ અર્થ છે, એના દ્રવ્ય છે અને એના ગુણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ એના ગુણ છે અને એની લીલી, રાતી, કાળી, સુંવાળી આદિ પર્યાય છે. એ પર્યાય,.. આત્મામાં દ્રવ્ય એટલે વસ્તુ, એના જ્ઞાનાદિ અનંત ગુણ. એ ગુણ કોઈ દિ' અવરાતો નથી, ગુણ કોઈ દિ' પ્રગટતો નથી, ગુણ તો એકરૂપ રહે છે. ગુણમાંથી પર્યાય જે પ્રગટી, પરિણમન થયું એ પર્યાયનું જ્ઞાનનું પૂરું રૂપ કેવળજ્ઞાન છે. જ્ઞાનતત્ત્વ છે ને. એ પર્યાય પૂરી પ્રગટી છે. ગુણ પૂરો ક્યારે થશે? એ પ્રશ્ન ત્યાં છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધ્યાન ન રાખે. કહો, ...ભાઈ! એમ કે કેવળજ્ઞાન થયું, પણ એ તો કેવળજ્ઞાન પર્યાય થઈ. સમજાય છે? પણ ગુણ પૂરો કે દિ' થાય? ભગવાનજીભાઈ! એને કાંઈ ખબર નથી. એ વાત અહીં વર્ણવે છે કે દ્રવ્ય એટલે આત્મા અને જ્ઞાનાદિ ગુણ એ તો ત્રિકાળ પૂરેપૂરો જ છે. એમાં અધૂરો, ઓછો, પૂરો પ્રગટશે એવું કાંઈ છે નહિ. પ્રગટે શું, એ તો વસ્તુ ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કેવળજ્ઞાન એ પર્યાય છે, પણ એ ગુણની પૂરી પર્યાય છે. ગુણનું પરિણમન પૂરું છે. હવે એને કાંઈ બાકી રહ્યું છે, પરિણમન બાકી છે એમ છે નહિ. માટે એને ગુણ પૂરો પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. ઓલી પર્યાય પ્રગટી એને ગુણ પૂરો પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. ગુણ તો છે ઈ છે. અરે.. ભારે વાત! સમજાણું કાંઈ? આ તો એના ઘરની વાત છે એની એને ખબર ન મળે, કહો હવે. આહા..હા..! લાકડા ને લોઢા ને બીજાની બધી ખબર હોય ઘરની, બહારની. એ ઘરની નથી બહારની. પણ આ ઘર શું છે? કહે છે. સમજાણું?

કહે છે કે **'કેવળજ્ઞાનમાં પણ પરિણામ થયા કરતા હોવાથી...'** આત્મામાં સમ્યગ્દર્શન અને જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપની એકાગ્રતા પ્રાપ્ત કરીને જે કેવળજ્ઞાન થાય. કારણ કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, એ વર્ણવે છે મૂળ તો. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. અને એ મોક્ષમાર્ગનું ફળ મોક્ષ. એટલે કેવળજ્ઞાન. તો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મા ત્રિકાળ શુદ્ધ અખંડ અભેદ છે એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એનું નામ મોક્ષનો માર્ગ, એનું નામ ધર્મ અને એ ધર્મનું પૂર્ણ ફળ તરીકે કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાન પણ પરિણામ છે કહે છે. સમજાણું કાંઈ? છોટાભાઈ! આ તો સાંભળ્યું ન હોય છોટાભાઈ! ત્યાં ક્યાં નવરાશ હોય? આહા..હા..! દુનિયાને માટે (સમય મળે) પણ આત્મા માટે શું છે એની નવરાશ ન મળે.

કહે છે કે આત્મા વસ્તુ છે પ્રભુ તું. એમાં જ્ઞાનગુણ તો પરિપૂર્ણ શક્તિ આખી પૂરી પૂર્ણ શક્તિ છે, એનું પરિપૂર્ણ જ રૂપ છે. પણ અંતરની એકાગ્રતાની રમણતા દ્વારા.. ચારિત્ર કીધું ને? કેવળજ્ઞાન જે જ્ઞાનની પર્યાય પૂર્ણ થાય એ પર્યાય છે, એ પરિણામ છે, અવસ્થા છે, દશા છે, અંશ છે. કેવળજ્ઞાન પણ એક અંશ છે. ઠીક! પર્યાયને અંશ કીધો છે. આગળ આવશે. છે ને આગળ? પર્યાયને અંશ કીધો છે. એ કેવળજ્ઞાન પણ અંશ છે. સમજાણું કાંઈ? ગુણ પૂર્ણ છે, દ્રવ્ય પૂર્ણ છે. એમાંથી કેવળજ્ઞાન દશા થઈ અરિહંત પરમાત્માને એ અંતરના સ્વરૂપના ધ્યાનની રમણતા દ્વારા થઈ છે. કોઈ ક્રિયાકાંડ દ્વારા દેહની ક્રિયા ને કોઈ વ્રતના પરિણામ શુભ આદિથી એ કેવળજ્ઞાન થતું નથી. એ તો બંધનું કારણ છે વ્રતાદિ પરિણામ તો. સમજાણું કાંઈ?

એવું જે કેવળજ્ઞાન પણ.. એમ છે. **'કેવળજ્ઞાનમાં પણ પરિણામ થયા કરતા હોવાથી થાક લાગે...'** બદલવું પડે ને? થાક લાગે ને. ફર્યા ફર.. ફર્યા ફર... ફર્યા ફર કરવું. **'અને**

**તેથી દુઃખ થાય; માટે કેવળજ્ઞાન એકાંતિક સુખ કઈ રીતે હોઈ શકે?'** શિષ્યનો પ્રશ્ન. પરિણામ છે, પરિણામ બદલે છે, બદલે તો થાક લાગે, થાક લાગે તો એમાં એકાંતિક સુખ શી રીતે હોઈ શકે? એ પ્રશ્ન છે. સમજાણું? **'એવી શંકાનું અહીં સમાધાન કરવામાં આવ્યું છે :' '(૧) પરિણામમાત્ર થાકનું કે દુઃખનું કારણ નથી,...'** પહેલો સિદ્ધાંત. એ કાલે આવી ગયું છે. બદલવું, પરિણમવું એ કાંઈ દુઃખનું કારણ નથી. કારણ કે પરિણામ તો.. જુઓ! કહેશે આગળ હોં! બીજા બોલમાં કહેશે. **'પરિણામમાત્ર થાકનું કે દુઃખનું કારણ નથી, પણ ઘાતિકર્મોના નિમિત્તે થતા પર-સન્મુખ પરિણામ થાકના કે દુઃખના કારણ છે.'** ઘાતિકર્મનું નિમિત્ત એની સન્મુખ થતાં જે વિકારી પરિણામ થાય, પુણ્ય-પાપના વિકારી પરિણામ થાય, એ શુભ-અશુભ વિકારી પરિણામ થાય એ થાક છે, એ અવિશ્રામ છે, એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો ૬૦મી ચાલે છે. ૬૨માં લેશે ઈ. ટીકામાં લીધું છે (જયસેન આચાર્યે). ઓલો મત્સ્યનો દાખલો. મત્સ્ય છે ને મત્સ્ય? માછલું. એ પાણીમાં રહે ત્યાં સુધી એને અનુકૂળ છે, પણ પાણીમાંથી સ્થળમાં આવે સ્થળમાં. છે એમાં દાખલો. ૬૨માં છે. એનો પાછો આધાર આપ્યો છે. પદ્મનંદીમાંથી આપ્યો હોય એમ લાગે છે. જુઓ! સંસ્કૃત ટીકામાં છે હોં. **'मत्स्यानां स्थलगमनमिवाग्निप्रवेश इव वा, निर्विकारशुद्धात्मसुखाच्च्यवनमपि दुःखं प्रतिभाति।'** એ જયસેનાચાર્યની ટીકામાં છે. ૧૦૯ પાને છે. શું કહે છે? આત્મા એનું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ, એનું ધ્યાન કરીને, એકાગ્ર થઈને જે કેવળજ્ઞાન પ્રગટ્યું એ પરિણામમાં થાક નથી, કેમકે એ પરિણામ વિકારી નથી. વિકારી પરિણામ જો હોય, ઘાતિકર્મના લક્ષે થયેલા શુભ કે અશુભભાવ હો, એ થાક છે, દુઃખ છે, અવિશ્રામ છે, આકુળતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યાં દાખલો આપ્યો છે કે, આત્મા આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ થઈ ધર્મીને, છતાં એને વિષયવાસનાની વૃત્તિ આવે છે ને? કહે છે એ વાસના એને અંગારા જેવી લાગે છે. અશુભ વાસના જ્ઞાનીને અંગારા જેવી (લાગે છે). અંગઅંગારો શબ્દ પડ્યો છે ને અંદર? **'किमङ्ग पुनरङ्गमङ्गराः'** એવો શબ્દ છે ને છેલ્લો? શું કહે છે? એ ન તમને ઉકલે એનું કાંઈ નહિ. ઉપરથી અર્થ લ્યોને. એ તો સંસ્કૃત છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવું ભાન થયું સમ્યક્ દૃષ્ટિમાં ધર્મનું, ત્યારે પછી એને જે શુભભાવ થાય એ, માછલું જેમ સ્થળમાં-જમીન ઉપર આવે એવું દુઃખ લાગે છે. અને એ જ્ઞાનાનંદનું ભાન થયું (કે) હું તો અતીન્દ્રિય આનંદ છું, પછી જે અશુભભાવ થાય એ અંગારા જેવા લાગે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ સુખ માને છે ને ધૂળમાં? એ ધર્મી આત્માના આનંદમાં સુખ માને છે. એ આનંદમાં આત્મામાં સુખ છે. માટે ધર્મીને શુભભાવ થાય, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રતનો હોય, પણ એ માછલું જેમ સ્થળમાં આવે જમીન ઉપર અને દુઃખ થાય એવું દુઃખ લાગે છે

એને. આહા..હા..! ભગવાનજીભાઈ! ઓલો કહે ધર્મ થાય.

અને આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એવું ભાન હોવાથી તે આનંદને ધર્મી મીંઢવે છે (સરખાવે છે) કે આ આનંદ આગળ શુભભાવ તે જમીનમાં માછલું આવવા જેવું દુઃખ છે અને અશુભભાવ આવે એ અંગારા જેવું દુઃખ લાગે છે. કષાય-અગ્નિ છે ને! આહા..હા..! જુઓ, આ ધર્મની દૃષ્ટિ. ધર્મીની દૃષ્ટિ તો આત્મા આનંદ છે, જ્ઞાન છે એ ઉપર હોય છે. એની દૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પ અને નિમિત્ત ઉપર હોતી નથી. આવે ખરા ભાવ, પણ એ ધર્મીને એ ભાવ દુઃખરૂપ લાગે છે. આહા..હા..! અજ્ઞાનીને એ ભાવ હિતકર લાગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અજ્ઞાનીને શુભ અને અશુભભાવ હિતકર, ઈષ્ટ લાગે છે. જ્ઞાનીને શુભ-અશુભભાવ અનિષ્ટ લાગે છે. આહા..હા..! આટલો બધો ફેર. સમજાણું? હજી ધર્મની દૃષ્ટિ થતાં એ શુભ-અશુભ પરિણામ અનિષ્ટ લાગે છે. સમજાણું કાંઈ? કહેશે ને અંદર, કહેશે આગળ. અનિષ્ટ દુઃખં અજ્ઞાનં.. અનિષ્ટનો નાશ થયો અને ઈષ્ટની પ્રાપ્તિ થઈ.

ભગવાન કેવળજ્ઞાનીને પુણ્ય-પાપ આદિ વિકલ્પો અજ્ઞાનરૂપ જે છે એ સર્વ અનિષ્ટ છે. એનો નાશ થઈ અને ઈષ્ટ એવું આત્માનું પૂર્ણ જ્ઞાન અને આનંદ પ્રાપ્તિ થઈ. સમ્યગ્દૃષ્ટિને પૂર્ણ સ્વભાવ શુદ્ધ ધ્રુવ આનંદ છે તેનું ભાન થતાં આનંદનો અંશ અને પ્રતીત અને સમ્યગ્જ્ઞાન થયું. પણ જેટલો ભાવ શુભ આવે તેને દુઃખ લાગે અને અશુભ તો અગ્નિ જેવો લાગે. આહા..હા..! ભારે વાતું ભાઈ! આનું નામ ધર્મદૃષ્ટિ છે. ધર્મદૃષ્ટિ કાંઈ એમ ને એમ આ કરી નાખ્યા ધર્મ એમ નથી ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગ પરમાત્માએ, પરમેશ્વરે, કેવળજ્ઞાનીએ આત્માને જ્ઞાન અને આનંદરૂપ જોયો છે. એમ જેણે સમ્યગ્જ્ઞાનમાં જોયો કે સમ્યક્ત્વ જ્ઞાન અને આનંદરૂપ છે. એવી જ્યાં ધર્મીને ધર્મની રુચિથી સમ્યગ્જ્ઞાન અને આનંદ પ્રગટ્યો, એ આગળ શુભ અને અશુભ પરિણામ તેને દુઃખરૂપ, હેય દુઃખરૂપ લાગે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટિ ફેરે આખી સૃષ્ટિ ફરી જાય છે. અજ્ઞાનીની દૃષ્ટિ શુભ અને અશુભભાવ જે વિકલ્પ, રાગ વિકાર ત્યાં છે. એથી એની દૃષ્ટિમાં વિકારની જ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

ભગવાન અંતર્મુખ ચિદાનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા શાશ્વત આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એવું ભાન થતાં આત્મામાં આનંદ છે એ ક્યાંય આનંદ એને ભાસતો નથી. ચક્રવર્તીના રાજ હોય, ઈન્દ્રની ઈન્દ્રાણી હોય કરોડો. સમજાય છે? આ તો બધા ધાનના ઢીંગલાઓ છે આ બધા. પણ ઓલા તો વૈક્રિયક શરીર. બે દિ' અહીં ખાય નહિ તો શરીર સુકાઈ જાય, આમ થઈ જાય, ફલાણું થઈ જાય, ઢીંકણું થાય, ડાચા વળી જાય. ઓલાને તો હજારો-હજારો વર્ષ સુધી એની સ્થિતિ પ્રમાણે આહાર ન હોય તોપણ વૈક્રિયક શરીર સુંદર (હોય), એવા ઈન્દ્રાણીના સુખના વિકલ્પને દુઃખરૂપ માને છે. આહા..હા..! એનું નામ ધર્મદૃષ્ટિ છે. કારણ કે તત્ત્વ જે વિકલ્પ ઉઠ્યો એ પાપતત્ત્વ છે. સમજાય છે? એને જ્ઞાની પાપ તરીકે જાણે

છે, એને દુઃખ તરીકે જાણે છે, એને સુખ તરીકે જાણે તો તત્ત્વદૃષ્ટિ છે નહિ. કહો, સમજાણું કાંઈ? મનસુખભાઈ!

નવ તત્ત્વની શ્રદ્ધા છે ને સાચી ધર્મીને, તો એનો અર્થ શો? કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદ છે એવી પ્રતીતમાં, શ્રદ્ધામાં આનંદ આત્મામાં ભાસે છે. પાપતત્ત્વમાં દુઃખ ભાસે છે એ પાપતત્ત્વ ભાસે છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, ક્રોધ, માન અને દયા, દાન, વ્રત એ પુણ્યતત્ત્વ છે. એ પુણ્યતત્ત્વ પણ આનંદની આગળ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? એવા તત્ત્વને એ રીતે જાણે ત્યારે એને સમ્યગ્દર્શન થયું કહેવાય. કહો, ચંદુભાઈ! ઓઘે ઓઘે હાંક્યું અનાદિથી. એને કહેનારા એવા મળ્યા કે એમાંથી ખસવું ગોઠતું નથી. વસ્તુની જ ખબર નથી, શું માર્ગ છે અને ક્યાં જાવું છે. બરાબર છે? છોટાભાઈ! આ આવે પાછા તો કોક દિ' આવે એટલે આ બધું ઝીણું તો સાંભળવા મળે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેમાં? એ પુણ્ય એટલે રાગ અને રાગ એટલે ઝેર. ઈ તો વાત ચાલે છે આ.

મુમુક્ષુ :- કોને માટે?

ઉત્તર :- એ ધર્મીને માટે. અજ્ઞાનીને માટે મીઠાશ માને. ઝેરને મીઠાશ માને એવું. અજ્ઞાની માને એટલે કાંઈ વસ્તુ ફરી જાય? શુભભાવ છે એ આત્માના આનંદથી ઊલ્ટી અવસ્થા છે. ધર્મી એને ઝેર તરીકે દેખે છે. આહા..હા..! ભારે વાતમાં ફેર. બહુ ફેર. ધર્મીની પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ છે. તો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. એ જ્ઞાન અને આનંદ આગળ વિભાવ જે પુણ્ય-પાપના વિકલ્પ રાગ છે એ ધર્મીને દુઃખ લાગે છે, ખેદ લાગે છે. ...ભાઈ! આહા..હા..! અજ્ઞાનીને તત્ત્વની ખબર નથી. આનંદ આત્મામાં છે, પરમાં નથી એ શુભભાવમાં પણ આનંદ નથી. છોટાભાઈ! દુઃખ છે.

મુમુક્ષુ :- ઓછું દુઃખ તો છે ને.

ઉત્તર :- એ ઓછું દુઃખ કઈ અપેક્ષાએ? ઓલા તીવ્ર કષાયની અપેક્ષાએ. બાકી એને સુખ માનવું એ મિથ્યાત્વ સહિત તીવ્ર દુઃખ છે. સમજાય છે કાંઈ? એ અહીં કહે છે જુઓ!

**'ઘાતિકર્મોના નિમિત્તે થતા પર-સન્મુખ પરિણામ થાકનાં કે દુઃખનાં કારણ છે.'** આ એની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પોતાનો જ્ઞાન અને આનંદ સ્વભાવ એને આશ્રયે થઈને જે જ્ઞાનના પરિણામ અને આનંદના કરે એ તો દુઃખરૂપ નથી, એ તો સુખરૂપ છે. પણ ઘાતિકર્મ જડના લક્ષે પોતાનું લક્ષ છોડી દઈને પરને લક્ષે જે કંઈ પુણ્ય અને પાપના ભાવ કરે એ પરસન્મુખ પરિણામ (છે). પરસન્મુખમાં બેય આવ્યા, શુભ અને અશુભ. આહા..હા..! શુદ્ધ પરિણામ થાય એ સ્વસન્મુખથી થાય. ભગવાન ચિદાનંદ આત્મા ભગવાન કેવળજ્ઞાનીએ જોયો એવો. એવો આત્મા અંતર જોતા એકાગ્ર થતાં એને શુદ્ધ પરિણામ થાય, એ શુદ્ધ પરિણામ એ આનંદનું કારણ છે અથવા આનંદરૂપ છે. પણ

પરસન્મુખના ભાવ શુભ અને અશુભ થાક છે, દુઃખ છે, ઉપાધિ છે, મળ છે, વિભાવ છે. સમજાણું?

'**કેવળજ્ઞાનમાં ઘાતિકર્મો અવિદ્યમાન હોવાથી...**' લ્યો ઠીક! ભગવાન આત્માને કેવળજ્ઞાન જ્યાં થયું ત્યારે ઘાતિકર્મના નિમિત્તનો તો અભાવ છે, ત્યાં થાક કે દુઃખ નથી. ભગવાનને જ્ઞાનમાં પરિણમન હોવા છતાં સમયે સમયે જ્ઞાન પરિણમે. સમજાણું કાંઈ? ભગવાન! અમારો ઉપયોગ તો અસંખ્ય સમયે ફરે, પણ તમારો પર્યાય તો સમયે સમયે ફરે. વળી અમે (ભગવાન) સુખી. એય..! ભક્તો ભજન ભક્તિ એવી રીતે સ્તુતિ કરે છે. નાથ! તારો ઉપયોગ એક સમયનો છે, અમારો ઉપયોગ અસંખ્ય સમયનો છે. અમે અસંખ્ય સમયે ફરીએ, તમે સમયે સમયે ફરો. અને વળી અમે (ભગવાન) મોટા અને સુખી. બાપુ! એમ જ છે.

મુમુક્ષુ :- જાણીને વાત કરે છે.

ઉત્તર :- જાણીને વાત કરે છે. ... ભક્ત એમ વાત કરે, હે નાથ! આપનું કેવળજ્ઞાન એક સમયનું હોય છે. સમયે સમયે પરિણામ બદલે છે અને અમારે અસંખ્ય સમયે બદલે, પ્રભુ! અને છતાં તમે મોટા અને સુખી. ઠીક! એમ કરીને ભક્તિ કરે છે.

મુમુક્ષુ :- ભગવાનના કેવળજ્ઞાનના સુખને યાદ કરે છે.

ઉત્તર :- હા, સમજાણું કાંઈ? એ આવે છે સ્તુતિ, સ્તવનમાં આવે છે ક્યાંક. યાદ થોડું બધું રહે છે? આહા..હા..! શું પણ એ પરિણમન શું અને પર્યાય શું? વસ્તુ ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય દ્રવ્ય, એના ગુણનો પિંડ એની પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં બદલે અંશ એ પરિણામ છે, પણ એમાં ઘાતિકર્મની અવિદ્યમાનતા છે, તેથી પરને લક્ષે પરસન્મુખના પરિણામનો એમાં અભાવ છે કેવળજ્ઞાનમાં. સ્વસન્મુખનું કેવળજ્ઞાનનું પરિણમન સદા થયા કરે છે. માટે તે કેવળજ્ઞાન થાક અને દુઃખનું કારણ નથી. આ અરિહંતનો આત્મા કેવો એને ઓળખાવે છે અહીં તો હજી. અરિહંત-અરિહંત કરે પણ અરિહંતના આત્માની પર્યાય કેવી એની ખબર ન મળે. ણમો અરિહંતાણં. શું પણ નમો અરિહંતાણં? અરિહંત ભગવાન એને કેવળજ્ઞાન અનંત આનંદ આદિ ચતુષ્ટય પર્યાય પ્રગટી છે. એ એનું કેવળજ્ઞાન કેવું? કે સમયે સમયે પરિણમે છતાં ત્યાં ઘાતિની અવિદ્યમાનતાને લઈને ભગવાનને બદલતા થાક અને પરિણમવું માટે ખેદ થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? ભારે વાત કરી. ઓહો..હો..! એક પર્યાયને સિદ્ધ કરવા. એક બોલ થયો.

'(૨) **વળી કેવળજ્ઞાન પોતે જ પરિણામશીલ છે;...**' દેખો! એ કેવળજ્ઞાન બદલવાના સ્વભાવવાળું છે. દ્રવ્ય અને ગુણ વસ્તુ જે ત્રિકાળ છે એ અપરિણામી છે. સમજાણું? એ બદલતા નથી, પણ જે કેવળજ્ઞાન (છે એ) તો પરિણમનશીલ છે, પલટવાનો સ્વભાવ છે. અહીંયાં પણ રાગાદિ પલટે છે, મતિજ્ઞાનાદિ પલટે છે પણ એ અધૂરું છે જ્ઞાન. ત્યાં આગળ પૂરું જ્ઞાન પરિણમનશીલસ્વરૂપ છે, પલટવાનો એનો સ્વભાવ જ છે. એ કોઈ વિભાવ અને

ઉપાધિ, પરાધીન નથી. પરિણમનશીલ જ એનો સ્વભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પરિણામશીલ છે; પરિણમન કેવળજ્ઞાનનું સ્વરૂપ જ છે,...**' ભગવાન આત્મા જે જ્ઞાનગુણની પૂર્ણ અવસ્થાપણે પરિણમ્યું એ પરિણામ તો એનું સ્વરૂપ જ છે. એ સ્વરૂપ કોઈ અપૂર્ણ છે કે ઉપાધિ છે કે નિમિત્તાધીન થયું છે એવું નથી. '**ઉપાધિ નથી. પરિણામનો નાશ થાય તો કેવળજ્ઞાનનો જ નાશ થાય.**' શું કહે છે? જો બદલવું, કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય એ બદલવું નાશ થાય તો પરિણામ બદલતા નાશ થાય તો વસ્તુનો, કેવળજ્ઞાનનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? પરિણમવું એ તો સ્વરૂપ એનું છે. પરિણમવાનો જો અભાવ થઈ જાય તો કેવળજ્ઞાનનો અભાવ થઈ જાય. શું કહે છે આ? ધર્મની સ્થિતિ સિદ્ધ કરે છે. ઓહો..હો..!

ભગવાન આત્મા સામાન્યજ્ઞાન ઉપર વિશેષપણે કેવળજ્ઞાન થઈને વ્યાપ્યું છે. કહે છે કે એ તો પરિણમન બદલવાનો સ્વભાવ છે. ન બદલે તો કેવળજ્ઞાનનો નાશ થઈ જાય, કારણ કે એનો પરિણમવાનો સ્વભાવ છે. '**આ રીતે પરિણામ કેવળજ્ઞાનનું સહજ સ્વરૂપ હોવાથી...**' પરિણામ એટલે એ પર્યાય છે, કેવળજ્ઞાન અવસ્થા છે. એ '**પરિણામ કેવળજ્ઞાનનું સહજ સ્વરૂપ હોવાથી કેવળજ્ઞાનને પરિણામ દ્વારા ખેદ હોઈ શકે નહિ—**' સમજાય છે કાંઈ?

'(૩) **વળી કેવળજ્ઞાન આખા ત્રિકાળિક લોકાલોકના આકારને...**' ભગવાનનું જ્ઞાન કેવળજ્ઞાન તો ત્રણ કાળ ત્રણ લોકને એક સાથે જાણે છે. એક પછી એક જાણે છે? ભગવાનનું જ્ઞાન તો ત્રણ કાળ ત્રણ લોકને એક સાથે જાણે. જેટલા પદાર્થો છે અનંત એને એક સમયમાં જાણી જાય છે. એટલે જાણવાનું બાકી નથી કે જેથી એને ખેદ અને દુઃખ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ! '**કેવળજ્ઞાન આખા ત્રિકાળિક લોકાલોકના આકારને...**' આખા. '**(-સમસ્ત પદાર્થોના ત્રિકાળિક જ્ઞેયાકારસમૂહને)...**' જેટલા ત્રણ કાળના દ્રવ્ય-ગુણ, આત્માઓ છે એની પર્યાય સહિત. '**સર્વદા અડોલપણે જાણતું થકું...**' કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને કંપ વિના અડોલપણે પરિણમીને જાણતું થકું તેને દુઃખ હોતું નથી.

'**અત્યંત નિષ્કંપ-**' કેવળજ્ઞાન તો અત્યંત નિષ્કંપ છે. સમજાય છે કાંઈ? લાખ કે કરોડ રૂપિયાનું રતન હોય રતન આમ. આમ ઝબક... ઝબક... ઝબક... ઝબક... થાય કે નહિ એમાં? એ તો પરિણમન એનું સ્વરૂપ છે, એ કાંઈ બીજી ચીજ નથી. .. આમ ચમક... ચમક... ચમક... ચમક... ચમક... ચમક... (થાય). એમ કેવળજ્ઞાનની પર્યાય એ એનું પરિણમન, એનું ઝબક, એની ચમક એનો સ્વભાવ છે. ઓલા ધૂળના રતન જેને લાખ અને કરોડ હોય તો એ ક્ષેત્ર ફરે છે? આટલું રત્ન હોય આટલું હોય લાખ કરોડનું. આમ લાગે ઝબક ઝબક. શું ક્ષેત્ર ફરે છે? એ ક્ષેત્રમાં બહાર આવી જાય છે એની ચમક? ત્યાં ને ત્યાં પરિણમનની

ચમક લાગે છે. એમ આત્મામાં કેવળજ્ઞાનની પર્યાય એના ને એના ક્ષેત્રમાં એની ચમક અને સામર્થ્ય લાગે છે. અનંતને એક સમયમાં જાણવાનો ચમત્કાર છે. આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ્ઞાન ઘટી ગયું. દ્રવ્ય-ગુણ-પર્યાય. કેટલાક કહે, પર્યાય શું? એમ જાણે. અને ૨૫-૨૫ વર્ષથી સામાયિક ને પોષા...

મુમુક્ષુ :- આ વાંચેલું નથી.

ઉત્તર :- એ વાંચે નહિ. બસ, નવરાશ ન મળે. સાચું સમજવાની દરકાર ન મળે. પર્યાય કોને કહેવી? લ્યો એક ફેરી પૂછ્યું હતું.

મુમુક્ષુ :- સાધુને પણ ખબર ન હોય.

ઉત્તર :- એને કે દિ' ખબર છે સાધુને? ભાન કે દિ' છે? કીધું ને. એક સાધુને પૂછ્યું, મહારાજ! સામાયિક એ ત્રસ કે સ્થાવર? સ્થાનકવાસી સાધુ હતો. ઘણા વર્ષની વાત છે હોં! ત્રસ કે સ્થાવર? એ કહે, મને ગુરુએ શીખવ્યું નથી. બહુ સારી વાત. જૈનમાં શું વીતરાગ માર્ગ છે (એની ખબર ન મળે). સામાયિક શું હશે કીધું સામાયિક? ક્યાં રહેતી હશે? તે દ્રવ્ય હશે, ગુણ હશે કે પર્યાય? આપણને કાંઈ ખબર પડતી નથી. અમે કરીએ છીએ સામાયિક. ધૂળમાં સામાયિક છે તારી, સાંભળને હવે. કહો, મયાચંદભાઈ! શું હશે આ?

સામાયિક તો એને કહીએ કે આત્મા જે ત્રિકાળી જ્ઞાયક વસ્તુ એના આનંદ અને જ્ઞાનમાં શ્રદ્ધા અને અનુભવ કરીને ઠરે, વીતરાગી પર્યાય અને આનંદનો અંદર પરિણામનો અનુભવ આવે એને સામાયિક કહે છે. ભગવાન એને સામાયિક કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો છોકરા કરી નાખે સામાયિક એક પથરણે પાંચ ને આઠ ને. આઠ આના આપો, રૂપિયો આપજો ચાલો ભાઈ. ધૂળમાંય સામાયિક નથી. એક સમયની સામાયિક જન્મ-મરણનો નાશ કરે, એવી સામાયિક ભગવાન કહે છે. આહા..હા..! ભગવાન તો પરમાત્મા પૂર્ણ તું છો ભાઈ! આત્માનો આનંદ છે તારામાં એની અંતર દૃષ્ટિ કરીને અંતર લીનતા-લીનતા, જમવટ થાય એ આનંદની લહેર ઊપજે અંદર એને ભગવાન વીતરાગ પર્યાયને સામાયિક કહે છે. સામાયિક છે ને? સમ-આય (એટલે) સમતાનો લાભ. તો સમતા કોને કહીએ? વીતરાગતા. વીતરાગતાનો લાભ એને સામાયિક કહીએ. તો વીતરાગતાનો લાભ ક્યાંથી થાય? હું આમ કરું.. આમ કરું.. પર ઉપરના-(પર) સન્મુખના પરિણામમાં વીતરાગતા થાય? કહો, સમજાણું આમાં? એ તો કીધું પહેલું નહિ? પરસન્મુખ પરિણામ તે થાક અને દુઃખના કારણ છે. શુભ-અશુભ પરિણામ પરલક્ષથી ઉત્પન્ન થાય છે અને સામાયિકના પરિણામ જે શુદ્ધ છે એ આત્મા અખંડાનંદનું ભાન થઈને અંતરને આશ્રયેથી સન્મુખ થઈને પરિણામ ઉત્પન્ન થાય છે. એ વીતરાગી પરિણામ હોય છે, એમાં આનંદ હોય છે અને જ્ઞાનની નિર્મળતા હોય છે. એને ભગવાન સામાયિક કહે છે. કહો, સમજાણું કાંઈ? એ.. છોટાભાઈ! આ સામાયિક લ્યો! ઓલા ભડકે તમારા બધા મોટા વડેરાઓ. અમે આ સામાયિક કરી એ ખોટી? ખોટી

કોણ કહે છે? છે જ નહિ ને પછી ખોટી કોણ કહે? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કઈ ૬૨ આની? ઠીક આવશે હવે. આવશે, કાલ આવશે.

**'સર્વદા અડોલપણે જાણતું થકું...'** ભગવાન આત્મા સામાયિકમાં પણ સમતા પરિણામ જેને હોય એને સમતા વીતરાગી સમતા હોં! આમ કષાય મંદની સમતા એ સમતા નહિ. જેને હજી આત્મા જ્ઞાનાનંદ કોણ છે એની ખબર ન મળે તો ઠરે ક્યાં? અને સમતા આવે ક્યાંથી? એવી સમતાના ફળ તરીકે કેવળજ્ઞાન આવે એ અકંપ છે કહે છે. **'અત્યંત નિષ્કંપ-સ્થિર-અક્ષુબ્ધ-અનાકુળ છે;...'** આટલા શબ્દો વાપર્યા છે. **'અનાકુળ હોવાથી સુખી છે—સુખસ્વરૂપ છે, કારણ કે અનાકુળતા સુખનું જ લક્ષણ છે.'** અનાકુળતા સુખનું સ્વરૂપ છે. **'આમ કેવળજ્ઞાન અને અક્ષુબ્ધતા-અનાકુળતા ભિન્ન નહિ હોવાથી...'** એમ. **'કેવળજ્ઞાન અને સુખ ભિન્ન નથી.'** કેવળજ્ઞાન અને અક્ષુબ્ધતા, અક્ષુબ્ધ એટલે ક્ષોભ નહિ અને અનાકુળતા એટલે આકુળતા નહિ. અનાકુળતા અને અક્ષુબ્ધતા જુદી નથી, માટે કેવળજ્ઞાન અને અક્ષુબ્ધ ભિન્ન નથી. ભગવાનનું જ્ઞાન તે અતીન્દ્રિય આનંદમય છે એમાં દુઃખ અને થાક નથી. એવા અરિહંતની પર્યાયનું જ્ઞાન આવું છે. સમજાણું કાંઈ? ણમો અરિહંતાણં કરે પણ અરિહંતનો શું અર્થ છે? એના શું ગુણ છે શક્તિ એની કાંઈ ખબર નહિ. ભગવાન અરિહંત થઈ ગયા કોઈ લ્યો! અરિહંત કોણ થઈ ગયું? રાજા થઈ ગયો કોઈ?

અરિ નામ જેણે આત્માના અંતરના ધ્યાન દ્વારા અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કરીને વીતરાગ ને વિજ્ઞાનદશા જેને પ્રગટ થઈ એને અરિહંત કહેવામાં આવે છે. આહા..હા..! એને ઓળખીને એ કહે છે કે હે નાથ! તારી દશા આવી છે, મારી દશા અપૂર્ણ છે. હું આપને વંદન અને બહુમાન આપું છું. મારે પણ એ દશા પ્રગટ કરવી છે એમ કહે છે. આવે છે કે નહિ એમાં? 'સિદ્ધા સિદ્ધિ મમં દિસંતુ'. આવે છે ને લોગસ્સમાં? હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ આપો. તો આપી દેતા હશે? સિદ્ધ પાસે છે પદ? દિસંતુ એટલે આપનું જેવું સિદ્ધપદ છે એવું મને મારા જ્ઞાનમાં અને અનુભવમાં આવે એ મારી પ્રાર્થના છે એમ કહે છે. સમજાણું કાંઈ? 'સિદ્ધા સિદ્ધિ મમં દિસંતુ' નથી આવતું? આવે છે. એના અર્થની ખબર ન હોય. જય ભગવાન! હાંકે રાખે ગાડા. છોટાભાઈ! શબ્દના અર્થની ખબર ન મળે.

**'આ રીતે (૧) ઘાતિકર્મોના અભાવને લીધે,...'** જ્ઞાન આનંદરૂપ છે એમ કહે છે. **'(૨) પરિણામ કોઈ ઉપાધિ નહિ હોવાને લીધે અને (૩) કેવળજ્ઞાન નિષ્કંપ-સ્થિર-અનાકુળ હોવાને લીધે, કેવળજ્ઞાન સુખસ્વરૂપ જ છે.'** લ્યો! સિદ્ધ આટલું આ કર્યું.

**'હવે, ફરીને પણ કેવળ (અર્થાત્ કેવળજ્ઞાન) સુખસ્વરૂપ છે એમ નિરૂપણ કરતાં ઉપસંહાર કરે છે :—'** ૬૧.

णाणं अत्थंतगयं लोयालोएसु वित्थडा दिट्ठी।
णट्ठमणिट्ठं सव्वं इट्ठं पुण जं तु तं लद्धं।।६१।।

આહા..હા..! જુઓ! ભગવાન અરિહંત પરમાત્માને અનિષ્ટ સર્વ નાશ થઈ ગયું છે અને ઈષ્ટ બધું પ્રગટ થઈ ગયું છે. જુઓ! ઈષ્ટ અને અનિષ્ટની વ્યાખ્યા. ઈષ્ટ-અનિષ્ટ સમજાય છે? અજ્ઞાન અને રાગ-દ્વેષનો ભાવ તે અનિષ્ટ છે અને જ્ઞાન અને વીતરાગતા અને આનંદ તે ઈષ્ટ છે. કોઈ પ્રતિકૂળ ચીજ અનિષ્ટ છે, અનુકૂળ તે ઈષ્ટ છે એમ નહિ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ, એનાથી વિરુદ્ધ જે મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપભાવ એ અનિષ્ટ છે, અનિષ્ટ છે અને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ ઈષ્ટ છે અને એને લઈને ઈષ્ટતા પ્રગટ થાય છે. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ પ્રગટ થાય તે ઈષ્ટ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનિષ્ટ તેનો નાશ થઈ ઈષ્ટની પૂર્ણ પ્રાપ્તિ થાય છે. ઈષ્ટની (પ્રાપ્તિ) એટલે કોઈ વ્હાલા મળે છે અને દવલા નાશ થાય છે એમ નથી. અનિષ્ટનો નાશ અને ઈષ્ટની પ્રાપ્તિ એટલે અસજ્જનનો નાશ અને સજ્જનનો મેળાપ એમ હશે એમાં? એ ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ. બહારની ચીજ કોઈ ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ. કહો, સમજાણું?

અરે..! દીકરો આવો જાગ્યો, દીકરી આવી જાગી, બાયડી આવી મળી, દુકાનમાં ભાગીદાર એવો મળ્યો. સમજાણું? ઓલા કહેતા હતા ભાઈ, શું? મોરબી નહિ? મોરબીમાં આ માંડીને સામે ઓલાએ. મોરબો માંડ્યો છે સામે .. ઠેકાણે. એક મોરબીની દુકાન હતી એની સામે માંડી બીજાએ મોરબીની. મોરબો માંડ્યો કહે સામે. મોરબીવાળાએ મોરબો. એમ બોલ્યા હતા ભાઈ. સમજાણું? એ શું કહેવાય એ ધનબાદનું? જરીયામાં. એ જરીયામાં દુકાન થઈ. મોરબીવાળાની એક દુકાન. એમાં ભાગની.. સામે માંડી દુકાન. મોરબીવાળાએ માંડ્યો મોરબો સામે. મોહનભાઈ! મોરબો એટલે મોરચો એમ પાછું. પાછી ભાષા એમ લીધી હતી કે મોરબો માંડ્યો. ભાઈ! સામો મોરબો કોઈ નથી. અનિષ્ટ કોઈ ચીજ છે નહિ. અનિષ્ટ કોઈ ચીજ જ નથી અને ઈષ્ટ કોઈ બહાર ચીજ નથી. આત્મામાં વિકારી દશા થવી તે અનિષ્ટ છે અને નિર્વિકારી દશા આત્મામાંથી થવી તે ઈષ્ટ છે. બાકી કોઈ ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે આમાં?

અરે..! આ બાયું રોવે ને જ્યારે પ્રતિકૂળતા હોય ત્યારે? આમ મોર્યો કહેવાયને શું કહેવાય એ? હા એવું બધું સાંભળેલું. જ્યારથી મોર્યો માંડ્યો તે દિ' ઘરમાં આવ્યા ત્યાં સખ નથી એમ બોલે. સખ બહારમાં હશે ધૂળમાં. કારણ કે ઘણી સાધારણ બાઈ હોય. મોર્યો હોય ને જ્યારથી ઘરમાં આવ્યા ત્યારથી કાંઈ સખ નથી. બે પાંદડે થયું નહિ ઘર એમ કહે. ખાવામાં અનાજમાં સરખાઈ ન મળે, દાગીનામાં સરખાઈ ન મળે, આબરૂમાં સરખાઈ નહિ, કપડામાં સરખાઈ નહિ. એ અનિષ્ટતા હશે? આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે કે ભાઈ! તારી દશામાં રાગ-દ્વેષભાવ (થાય) તે અનિષ્ટ

છે. ત્રિકાળી આનંદ અને જ્ઞાનમૂર્તિ એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાની રમણતા થાય તે ઈષ્ટ છે. ઈષ્ટની પ્રાપ્તિ. 'लद्धं' છે ને? ઈષ્ટ મળી ગયું અને અનિષ્ટ ચાલ્યું ગયું. ઉત્પાદ-વ્યય બતાવે છે. આહા..હા..! .. છે. નીચે એનું હરિગીત છે.

**અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દૃષ્ટિ છે,**
**છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઈષ્ટ તે સૌ પ્રાપ્ત છે. ૬૧.**

એનો અન્વયાર્થ લઈએ પહેલો. '**જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે...**' કેવળજ્ઞાનની એક સમયની પર્યાય અનંતા પદાર્થને જાણવાને પારને પામી ગયેલું છે. '**અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે;...**' દર્શન પણ લોકાલોકને દેખે છે. એમ વિસ્તૃતનો અર્થ ઈ. સમજાય છે? '**लोकालोकेषु विस्तृता**' ભાષા છે ને? '**સર્વ અનિષ્ટ નાશ પામ્યું છે...**' દેખો! ભગવાન પરમાત્મા કેવળજ્ઞાન પામ્યા એને બધા અનિષ્ટનો નાશ થઈ ગયો છે. કોઈ અનિષ્ટ રહ્યું નથી. આહા..હા..! '**અને જે ઈષ્ટ છે તે સર્વ પ્રાપ્ત થયું છે. (તેથી કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે.)**' ઈષ્ટ તો કેવળજ્ઞાન અને આનંદ છે એ પ્રાપ્ત તો થયું છે. એ કેવળજ્ઞાન અને કેવળ આનંદ એ જ આત્માને ઈષ્ટ છે. સમજાણું કાંઈ?

કહો, આ તો ઈષ્ટ દીકરો, ઈષ્ટ બાયડી ને ઈષ્ટ દીકરી ને ઈષ્ટ ધણી. સમજાણું? કોઈ ઈષ્ટ નથી ભાઈ, એ તો જગતના જ્ઞેય છે. અને જગતની પદાર્થની ચીજો જ્ઞાનમાં જ્ઞેય છે. જેમ ભગવાનને જ્ઞાનમાં જ્ઞેય છે એમ ખરેખર તો તારા જ્ઞાનમાં એ જ્ઞેય છે. એ જ્ઞેય તારું નથી, તારું જ્ઞાન જ્ઞેયનું નથી. એટલે જ્ઞેય જાણવાયોગ્ય કોઈ ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. વસ્તુના સ્વરૂપને જાણ્યા વિના જે મિથ્યાત્વ ઉત્પન્ન થાય એ અનિષ્ટ છે. જાણ્યા પછી પણ સમ્યગ્દર્શનમાં જે કાંઈ રાગ-દ્વેષાદિ ઉત્પન્ન થાય એ પણ અનિષ્ટ છે. ઓહો..હો..! શુભ-અશુભભાવ અનિષ્ટ છે એમ કહે છે ભગવાનભાઈ! વિકલ્પ ઉઠે તે અનિષ્ટ છે. આહા..હા..! નિર્વિકલ્પ વીતરાગદશા પ્રગટ થાય તે ઈષ્ટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે ઈષ્ટ-અનિષ્ટના ભાગલા બહારમાં પાડે છે. આ ઠીક છે અને અઠીક છે.

મુમુક્ષુ :- પર ઉપર લક્ષ છે.

ઉત્તર :- હા. પરમાં... પરમાં ઈષ્ટ-અનિષ્ટ કેવું? એ તો એકરૂપ છે. આ જ્ઞાયક છે, જ્ઞેય છે, પ્રમેય છે. જ્ઞાનમાં જણાવાલાયક છે. એમાં ઈષ્ટ-અનિષ્ટ કોઈ છે નહિ. આત્માને ભૂલી અને મિથ્યાત્વભાવ થાય તે મહા અનિષ્ટ છે. સમ્યગ્દર્શનના ભાન પછી પણ જેટલા રાગ-દ્વેષ થાય, વ્યવહાર આવે, એ વ્યવહાર અનિષ્ટ છે એમ કહે છે. લે. એઈ..! વ્યવહાર અનિષ્ટ છે. વ્યવહારરત્નત્રય તે અનિષ્ટ છે. આહા..હા..! પરસન્મુખના પરિણામ છે ને. અનિષ્ટ છે. સ્વસન્મુખના થયેલા પરિણામ તે ઈષ્ટ છે, હિતકર છે.

'**ટીકા :- સુખનું કારણ સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે.**' જુઓ! મહાસિદ્ધાંત. છે ને ટીકા? ૬૧ ગાથાની ટીકા. '**સુખનું કારણ...**' આત્માના આનંદનું કારણ

**'સ્વભાવપ્રતિઘાતનો અભાવ છે.'** સ્વભાવના નુકસાન કરનારનો અભાવ, સ્વભાવને ઘાત કરનારનો અભાવ. સમજાણું કાંઈ? હવે એનો અર્થ કરે છે. આ તો સિદ્ધાંત કહ્યો. **'સુખનું કારણ સ્વભાવપ્રતિઘાતનો...'** હણાવું, સ્વભાવનું હણાવું. સમજાણું? એનો અભાવ થવો એ સુખનું કારણ છે. સ્વભાવ હણાય એનો અભાવ થવો એ સુખનું કારણ છે. સમજાણું?

**'આત્માનો સ્વભાવ દર્શન-જ્ઞાન છે;...'** હવે એની વ્યાખ્યા કરે છે. આત્માનો સ્વભાવ શું છે? જાણવું-દેખવું. ત્રિકાળ જેનો સ્વભાવ જાણવું-દેખવું સ્વભાવ છે. **'કારણ કે દર્શન લોકાલોકમાં વિસ્તૃત હોવાથી...'** પહેલી વ્યાખ્યા કરી. ઓલું જ્ઞાન છે પહેલામાં પાઠમાં. છે ને? **'જ્ઞાન પદાર્થોના પારને પામેલું છે અને દર્શન લોકાલોકમાં વિસ્તૃત છે;...'** અર્થમાં પહેલું દર્શન (લીધું છે). સામાન્ય છે ને એટલે. **'આત્માનો સ્વભાવ દર્શન-જ્ઞાન છે; (કેવળદશામાં) તેમના (-દર્શનજ્ઞાનના) પ્રતિઘાતનો અભાવ છે,...'** કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં પ્રતિઘાત એટલે ઘાત કરવાનો એમાં અભાવ છે. **'કારણ કે દર્શન લોકાલોકમાં વિસ્તૃત હોવાથી...'** દર્શન તો ભગવાનનું દર્શન તો લોકાલોકને જાણે છે **'અને જ્ઞાન પદાર્થોના પારને પામેલું હોવાથી તેઓ (દર્શન-જ્ઞાન) સ્વચ્છંદપણે...'** દેખો! એ ભગવાનનું કેવળજ્ઞાન, અરિહંતનું જ્ઞાન અને એનું દર્શન સ્વચ્છંદપણે-સ્વતંત્રપણે. સ્વચ્છંદની વ્યાખ્યા એ છે. **'(-સ્વતંત્રતાથી, અંકુશ વગર, કોઈથી દબાયા વિના)...'** કોઈથી દબાયા વિના **'ખીલેલાં છે.'** કમળની પાંખડી જેમ સંકોચ હોય અને પછી ખીલે એમ ભગવાનનું કેવળજ્ઞાન અંતરમાંથી ખીલી ગયું છે. સમજાણું કાંઈ? **'સ્વચ્છંદપણે ખીલેલાં છે. (આમ દર્શનજ્ઞાનરૂપ સ્વભાવના પ્રતિઘાતનો અભાવ છે)...'** તેના ઘાતનો એને અભાવ છે. દર્શનઘાતપણું છે નહિ. **'તેથી સ્વભાવના પ્રતિઘાતનો અભાવ જેનું કારણ છે...'** સ્વભાવના ઘાતનો અભાવ જેનું કારણ છે **'એવું સુખ અભેદવિવક્ષામાં કેવળનું સ્વરૂપ છે.'** સમજાણું કાંઈ? શું કહ્યું આમાં સમજાણું કાંઈ?

કે કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે એમ સિદ્ધ કરવું છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ પણ આનંદસ્વરૂપ છે અંદર. એનો અનુભવ થઈને કેવળજ્ઞાન જે પ્રગટ્યું એ કેવળજ્ઞાન આનંદરૂપ છે એમ કહે છે. કેમ? કે કેવળજ્ઞાન એટલે જ્ઞાન અને દર્શન એનો સ્વભાવ છે એ પરિપૂર્ણ પ્રગટેલો છે. સ્વચ્છંદપણે-સ્વતંત્રપણે દર્શન-જ્ઞાન પરિપૂર્ણ છે. એના સ્વભાવના ઘાતનું કારણ ત્યાં છે નહિ. સ્વભાવના ઘાતનો અભાવ હોવાથી તે દર્શન અને જ્ઞાનનો સ્વભાવ પરિપૂર્ણ પ્રગટ્યો છે માટે તે જ્ઞાન તે સુખરૂપ છે, તે જ્ઞાન તે આનંદરૂપ છે. સમજાણું કાંઈ?

**'સ્વભાવના પ્રતિઘાતનો અભાવ જેનું કારણ છે એવું સુખ અભેદવિવિક્ષામાં કેવળનું સ્વરૂપ છે.'** એક બોલ લીધો, એક ભાગ લીધો. બીજી રીતે એમાં ને એમાં છે હોં ટીકામાં. એ પણ ટીકામાં છે. **'(બીજી રીતે કેવળનું સુખસ્વરૂપપણું સમજાવવામાં આવે છેઃ) વળી, કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખ જ છે,...'** હવે કહે છે. આહા..હા..!

ભગવાન આત્માની દશા જ્યાં પૂર્ણ પ્રગટ થઈ ગઈ જ્ઞાન, આનંદ જ છે, એને આનંદ પૂર્ણ છે. '**કારણ કે સર્વ અનિષ્ટનો નાશ થયો છે...**' પહેલા સ્વભાવપ્રતિઘાતના અભાવની વ્યાખ્યા એક કરી, સ્વભાવના પ્રતિઘાતના અભાવની વ્યાખ્યા કરી હવે ઈષ્ટ અનિષ્ટ. સમજાણું? મૂળ પાઠમાં એમ છે ને. '**णामं अत्थंतगयं लोयालोएसु**' પૂર્ણ સ્વભાવ પ્રગટ્યો છે એટલે સ્વભાવ પ્રતિઘાતનો એમાં અભાવ છે એ કાઢ્યું. બે પદમાં. જ્ઞાન બધામાં વ્યાપી ગયું છે, દર્શન બધું દેખે. એટલે એના સ્વભાવના પ્રતિઘાતનો એમાં અભાવ છે. સ્વચ્છંદપણે સ્વભાવ પોતાનો પરિણમી રહ્યો છે. માટે તે જ્ઞાન તે સુખરૂપ છે.

હવે બે પદની વ્યાખ્યા કરે છે. '**વળી, કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખ જ છે, કારણ કે સર્વ અનિષ્ટનો નાશ થયો છે...**' અનિષ્ટ એટલે અજ્ઞાન અને રાગ-દ્વેષ પરિણામ. સમજાણું? આ અજ્ઞાન જેવું દુઃખ નથી કોઈ અને રાગ જેવું દુઃખ પછી. ખરું તો અજ્ઞાન એ દુઃખ છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનનો ભગવાનને નાશ થયો. અજ્ઞાનમાં રાગ-દ્વેષ પણ આવી જાય છે. રાગ-દ્વેષના પરિણામ પણ અ-જ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. એટલે અજ્ઞાનનો નાશ '**સર્વ અનિષ્ટનો નાશ થયો છે...**' લ્યો! ભગવાનને સર્વ અનિષ્ટનો નાશ થઈ ગયો. એટલું અનિષ્ટપણું રહ્યું હશે (કે) ઓલા ધર્માસ્તિકાયથી આગળ નથી જઈ શકતા, નહિ? સિદ્ધ ભગવાન ઉપર બિરાજે છે. તો ધર્માસ્તિકાયથી આગળ જઈ શકતા નથી. એ સાંભળ્યું છે કે નહિ? તો એટલી એની પરતંત્રતા હશે કે નહિ એને? ના. ના. એ તો પૂર્ણ દશા પૂર્ણ સ્વતંત્ર સુખરૂપ દશા પ્રગટ થઈ ગઈ છે. એ જ એનો ત્યાં રહેવાનો એવો સ્વભાવ છે. સુખરૂપ એવો ત્યાં જ રહેવાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**સર્વ ઈષ્ટની પ્રાપ્તિ થઈ છે.**' અનિષ્ટનો નાશ થયો છે. સર્વ. હવે આમાં સર્વ લગાવતા કથંચિત્ અનિષ્ટનો નાશ, કથંચિત્ ઈષ્ટની પ્રાપ્તિ એમ કહે તો અનેકાંત થાય કે નહિ? એમ હોય નહિ અનેકાંત. અનેકાંત તો પૂર્ણ અનિષ્ટનો નાશ, ઈષ્ટની પ્રાપ્તિ. ભગવાન અરિહંત પરમાત્માને કેવળજ્ઞાનમાં પૂર્ણ ઈષ્ટની પ્રાપ્તિ, અનિષ્ટનો નાશ થયો. સમજાણું કાંઈ? કથંચિત્ અનિષ્ટનો નાશ અને કથંચિત્ ઈષ્ટની પ્રાપ્તિ તો અનેકાંત એનું હોય નહિ. તો સર્વ લાગુ પડ્યું અહીં તો. '**કેવળ-અવસ્થામાં, સુખોપલબ્ધિના વિપક્ષભૂત જે દુઃખ...**' ભગવાનના કેવળજ્ઞાનની દશામાં સુખ ઉપલબ્ધિ, સુખનો જે અનુભવ, તેના વિપક્ષભૂત જે દુઃખ '**તેના સાધનભૂત અજ્ઞાન આખુંય નાશ પામે છે...**' જુઓ! જુઓ આચાર્ય પોતે કહે છે. '**અજ્ઞાન આખુંય નાશ પામે છે...**' મિથ્યાત્વ, રાગ-દ્વેષ એ બધું અજ્ઞાન છે, એ જ્ઞાન નથી. જ્ઞાનનો એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવ પણ અજ્ઞાન છે એમ કહે છે. કારણ કે એમાં જ્ઞાનનો અભાવ છે. શુભભાવમાં જ્ઞાન ક્યાં છે? એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કેવળ-અવસ્થામાં, સુખોપલબ્ધિ...**' એટલે સુખનો અનુભવ (એની) પ્રાપ્તિ. તેના

**'વિપક્ષભૂત જે દુઃખ તેના સાધનભૂત અજ્ઞાન આખુંય નાશ પામે છે...'** એ દુઃખનું સાધન અજ્ઞાન, દુઃખનું કારણ અજ્ઞાન, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દુઃખનું કારણ તે અજ્ઞાનભાવ છે. આહા..હા..! દુઃખનું કારણ આ બહારની પ્રતિકૂળતા, એમ નથી કહ્યું અહીંયા. કોઈ નિર્ધનતા, આ બધું દુઃખનું કારણ. એ કે દિ'? એ તો પરવસ્તુ છે. જે તને દુઃખનું કારણ શું છે? ભગવાન આત્મા પોતાને ભૂલીને અજ્ઞાન અને રાગ-દ્વેષ કરે એ બધું અજ્ઞાન છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. તે **'આખુંય નાશ પામે છે...'** અજ્ઞાન ભગવાનને બધું નાશ પામ્યું છે. વીતરાગવિજ્ઞાન થઈ ગયા, એકલા વીતરાગી કેવળજ્ઞાન થઈ ગયા.

**'અને સુખના સાધનભૂત પરિપૂર્ણ જ્ઞાન...'** જુઓ ભાષા! સુખના સાધનભૂત પરિપૂર્ણ જ્ઞાન, સુખના કારણરૂપ પરિપૂર્ણ જ્ઞાન, સુખના કારણરૂપ પરિપૂર્ણ જ્ઞાન **'ઊપજે છે,...'** ભગવાનને તો ઈષ્ટનું, સુખનું સાધન તો જ્ઞાન ઊપજ્યું છે. **'તેથી કેવળ જ સુખ છે.'** તેથી કેવળજ્ઞાન જ સુખ છે અથવા એકલું જ્ઞાન જ સુખ છે. **'વિશેષ વિસ્તારથી બસ થાઓ.'** **'सौख्यमित्यलं प्रपञ्चेन'** વિસ્તારથી. પ્રપંચ એટલે વિસ્તાર. આહા..હા..! ભગવાન આત્મામાં આનંદ છે અને જ્ઞાન છે આત્મામાં એવી એકાગ્રતા કરીને જે કેવળજ્ઞાન અને આનંદ પ્રગટ્યું, એ જ્ઞાન જ પોતે આનંદ છે કહે છે. ઘણો વિસ્તાર કર્યો. 'અલં' હવે કહે છે, પૂરું પડો હવે. સમજાણું કાંઈ? પૂરું પડો એટલે સમજ્યાને? પૂરું થઈ ગયું. એમ. **'વિસ્તારથી બસ થાઓ.'** લ્યો કેવળજ્ઞાન એ આનંદરૂપ છે એમ સિદ્ધ કર્યું. સમજાણું? પછી એની શ્રદ્ધા કરાવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૨, શુક્રવાર, તા. ૦૧.૧૧.૧૯૬૮**
**ગાથા-૬૨-૬૩, પ્રવચન-૫૩**

આ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર. જ્ઞાન સાથે સુખ હોય છે એ સિદ્ધ કરે છે. કેમકે આત્મામાં જ્ઞાનસ્વભાવ છે એ ત્રિકાળ પરિપૂર્ણ ભરેલો છે. તેમ એની સાથે આનંદ અતીન્દ્રિય આનંદ પણ ત્રિકાળ એની સાથે અવિનાભાવ પડ્યો છે. એથી જેને સમ્યગ્જ્ઞાન થાય એને આનંદ તો સાથે હોય છે એમ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? જ્ઞાન થાય અને દુઃખ રહે એમ બને નહિ. અહીં તો પૂર્ણની વાત છે, તોપણ જ્યાં સમ્યગ્જ્ઞાન ચૈતન્યસ્વભાવ અંતર દૃષ્ટિથી પકડ્યો તો આનંદ પણ સાથે જ હોય છે, ભલે થોડો (હોય). જેને જ્ઞાનની દશા પૂર્ણ સ્વભાવ પડ્યો છે એમાંથી એકાગ્ર થઈને પૂર્ણ પ્રગટ કર્યો એને તો અનંત આનંદ સાથે

હોય જ છે. કહો, સમજાણું કાંઈ?

'**હવે, કેવળીઓને જ પારમાર્થિક સુખ હોય છે એમ શ્રદ્ધા કરાવે છે :-**' શ્રદ્ધા કરાવે છે. જુઓ ૬૨.

**णो सद्दहंति सोक्खं सुहेसु परमं ति विगदधादीणं।**
**सुणिदूण ते अभव्वा भव्वा वा तं पडिच्छंति।।६२।।**

નીચે હરિગીત છે એનું.

**સુણી 'ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,'**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨.**

'**અન્વયાર્થ :- જેમના ઘાતિકર્મો નાશ પામ્યાં છે તેમનું સુખ (સર્વ) સુખોમાં પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ છે...**' એટલે કે નીચે સુખ છે ખરું ચોથે, પાંચમે આદિ. આ સર્વોત્કૃષ્ટ, ઊંચું સુખ, પૂર્ણ સુખ. '**सुहेसु परमं**' કીધું છે ને. અજ્ઞાનીના ઇન્દ્રિયના સુખ તો સુખ છે જ નહિ. પણ અતીન્દ્રિય જ્ઞાન સાથે જે સુખ છે પૂર્ણ એ પરમ સુખ છે, પૂર્ણ સુખ છે. સમજાય છે કાંઈ? એનો અર્થ એ થયો કે પહેલા આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ એની અંતર દૃષ્ટિ અને અનુભવ કરતાં એની સાથે અતીન્દ્રિય આનંદ જ્ઞાન સાથે હોય જ છે પણ કેવળીને અતીન્દ્રિય જ્ઞાન સાથે પૂર્ણ સુખ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સુખ નથી ઇન્દ્રિયના વિષયોમાં, સુખ નથી મનના જ્ઞાનમાં. મનથી થતું જ્ઞાન અને ઇન્દ્રિયથી થતું જ્ઞાન એમાં પણ સુખ નથી. સમજાય છે કાંઈ? કહેશે આગળ એ. ઓલું આવે છે ને ૬૩માં. '**रमंति विसएसु रम्मेसु**' એ '**रम्मेसु**'નો અર્થ જ કર્યો '**रम्येषु**'. સમજાય છે? '**रम्याभासेषु**' સંસ્કૃતમાં જયસેનાચાર્યમાં. '**रम्मेसु**' શબ્દ મૂક્યો છે ને. રમ્યાભાસ છે. જયસેનાચાર્યની ટીકામાં. '**रम्मेसु**' કહ્યું ને તમે ઇન્દ્રિયોના સુખમાં? અરે..! રમ્યાભાસ છે. રમણિક કેવું સુખ? એ દુઃખ છે. આહા..હા..! ભગવાન આત્મા પરસન્મુખ જોઈને વિકલ્પથી સુખ માને એ તો દુઃખ છે. કહો, સમજાય છે કાંઈ? કહો, આ પૈસા-બૈસામાં કેટલું સુખ હશે? કામદાર! જરાય નહિ? દુનિયા તો પૈસાવાળાને સુખી કહે છે, દુઃખી કહે કોઈ? દુઃખી જ છે. લુંટવા ન આવે તોપણ પર તરફની વૃત્તિ છે કે આ પૈસા મારા એ દુઃખ છે. સુખ કે દિ' ધૂળમાં હતું? સુખ તો આત્મામાં છે. પરમાં સુખ છે એમ માને તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. પોતાના સ્વભાવનો ઘાત કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આવે છે અંદરમાં જુઓને! એમાં જ આવે છે ને બધું ઈ?

'**सन्निरुपरागस्वात्मोत्थसुखमलभमानः सन् सरागसम्यग्दृष्टिरात्मनिन्दादिपरिणतो हेयरूपेण तदनुभवति।**' જયસેનાચાર્યમાં છે. સમ્યગ્દૃષ્ટિને વિષયની વૃત્તિઓ હો, પણ એ દુઃખરૂપ અનુભવે છે. કોઈ ગધેડે ચડાવે ત્યારે ચડે પોતે. સમજાય છે? અને કાળુ મોઢું કરીને, પણ એ ખુશી છે નહિ. એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીને આત્મામાં આનંદની રુચિ અને દૃષ્ટિ થઈ

છે. સમજાણું કાંઈ? તેથી એને કહ્યું છે અંદર જુઓ એ '**सन्निरुपरागस्वात्मोत्थसुखमलभमानः**' અનુભવ સ્થિરતા ન હોય એમ એનો અર્થ. '**सरागसम्यग्दृष्टिरात्मनिन्दादिपरिणतो हेयरूपेण तदनुभवति।**' રાગવાળો છે. જુઓ અંદર કહ્યું છે. '**तलवरस्थानीयचारित्रमोहदयेन मोहितः**' સમજાણું? ધર્મી જીવને દૃષ્ટિ આત્માના આનંદ ઉપર હોય છે. ક્યાંય પણ જો આનંદ સુખ પૈસા આદિ લક્ષ્મીમાં માને તો એ ધર્મબુદ્ધિ રહેતી નથી.

મુમુક્ષુ :- ધંધો તો કરે છે.

ઉત્તર :- કાંઈ કરતો જ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- .. રાજ ચલાવે છે ને?

ઉત્તર :- કાંઈ કરતો નથી. થાય છે એને જાણે છે. કહો, સમજાય છે કાંઈ?

જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે અનુભવમાં, એ સ્વાદ આગળ દુનિયાના વિષયો જેને ઝેર જેવા લાગે છે. વૃત્તિ આવે છે એ કાળા નાગ જેવી લાગે છે. સમજાય છે કાંઈ? એનું નામ ધર્મની દૃષ્ટિ અને સમ્યક્ છે. રાગનો ભાવ... કીધું નહોતું કાલે? મત્સ્યને સ્થળમાં (-જમીન પર) આવવું એ દુઃખ લાગે છે, તો માછલાને અગ્નિમાં જાવું તો અંગારા જેવું લાગે છે. એમ શુભમાં આવવું એ દુઃખ છે તો અશુભમાં આવવું એ તો અંગ બળે છે અંદર. આત્માની શાંતિ અંગ, શાંતિરૂપી અંગ અશુભરૂપી અંગારાથી બળે છે. સમજાણું કાંઈ? છે ને ઓલામાં? શ્લોક કેનો છે એ? પદ્મનંદીનો હશે બનતા સુધી. પદ્મનંદીમાં આવે છે. ઉપરથી એનો દાખલો આવે છે. પણ આ શ્લોક ક્યાંનો છે એ ખબર નથી. એમાં આ આવે છે. મત્સ્યનો દાખલો આવે છે ત્યાં પદ્મનંદીમાં. શુભમાં આવે તો સ્થળ જેવું દુઃખ લાગે અને ઓલામાં મત્સ્યનો દાખલો છે. પછી કાંઈ મેળવ્યો નથી. પણ ઓલું આવે છે ને જુઓ! '**स्थलमपि दहति झषाणां किमङ्ग पुनरङ्गमङ्गराः**' છે ને? સંસ્કૃત છે અંદર. ગુજરાતીમાં છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ હોય. એ દાખલો જ ફેરફાર લાગે છે પહેલો. દાખલો આવે છે પણ આ શ્લોક એવો શબ્દ નથી, ગમે તે હોય. આખો પણ કોક ઠેકાણેથી છે. આ શબ્દોની શૈલી પદ્મનંદિની નથી. કારણ કે એમાં આવા શબ્દો આવતા નથી. ક્યાંક હશે ખરું.

શું કીધું? જુઓ! આ ધર્મ એટલે કે દુર્લભ છે ધર્મ અને સરળ છે ધર્મ. પણ ધર્મની દૃષ્ટિ થવી એ મહાદુર્લભ છે. ભગવાન આત્મા ચિદાનંદ આનંદસ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિ થઈને આનંદનું ભાન થવું અને આનંદનો સ્વાદ આવવો, એમાં પ્રતીત અને એનું જ્ઞાન (થાય) તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? વિષયવાસનામાં સુખબુદ્ધિ રહે અને ધર્મ કરે એમ બની શકે નહિ. સમજાય છે કાંઈ? એવો ધર્મ છે ભાઈ! સમ્યગ્દૃષ્ટિ, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હો, છન્નું હજાર સ્ત્રી હોય છે ઘરે, પણ એની વૃત્તિ જે ઊઠે છે એ દુઃખદાયક

લાગે છે. દુઃખવાળી લાગે છે આમ. અંગારા ઝળહળતા હોય અને જેમ શરીરને અડે એમ દુઃખ લાગે છે. ક્યારે અહીંથી છૂટું. આવે છે ખરી નબળાઈને લઈને પણ એમાં સુખબુદ્ધિ, હિતબુદ્ધિ, ઉપાદેયબુદ્ધિ હોતી નથી. આમ વાત છે. સમજાણું કાંઈ?

કહે છે, ઘાતિકર્મો જેના નાશ પામ્યા તેમનું સુખ તો પરમ ઉત્કૃષ્ટ છે. આ એમાંથી જરી આ કાઢ્યું. સમ્યગ્દૃષ્ટિને પણ ઉત્કૃષ્ટ સુખ નથી, પણ સુખ છે ખરું. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને સુખ જરીએ નથી. ચાહે તો છ ખંડના રાજમાં પડ્યો હોય કે ઈન્દ્રના ઈન્દ્રાસનમાં હોય, ઈન્દ્ર તો સમકિતી છે, પણ આ મોટી પદવી હોય લ્યો ને. અહમિન્દ્રની ૩૧ સાગરની નવમી ગ્રૈવેયક, દુઃખી છે એ. ભગવાન આત્માને અંતર પડખે ચડ્યો નથી એટલે દુઃખી છે. નિમિત્તને પડખે ચડેલો દુઃખી છે. સમજાણું કાંઈ? કહે છે, ભગવાન આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત... શુદ્ધ ઉપયોગના ફળરૂપે કેવળજ્ઞાન પ્રાપ્ત એને ઉત્કૃષ્ટ સુખ છે.

**'જેઓ તે વચન સાંભળીને...'** આવું વચન સાંભળીને, સાંભળીને જીવો તેને શ્રદ્ધતા નથી તે અભવ્ય છે. અભવ્ય નામ વર્તમાન ધર્મને લાયક નથી. સમજાણું કાંઈ? ત્યારે હવે કેટલાક કહે આ તો કુંદકુંદાચાર્યની એવી કડક વાણી છે કે અભવ્ય કહે છે. સમજાણું કાંઈ? એમાં લખ્યું છે. **'वर्तमानकाले सम्यक्त्वरूपभव्यत्वव्यक्तिपरिणतास्तिष्ठति'** જયસેનાચાર્યમાં છે પહેલી લીટી. છે છે, બધો ઠીક ખુલાસો કર્યો છે. જયસેનાચાર્યની ટીકા છપાય છે હોં એ સમયસારની. જયસેનાચાર્યની ટીકા સમયસારની છપાય છે ત્યાં અજમેર. અજમેરમાં છપાય છે. પુસ્તક બહાર લખ્યું છે. .. બહાર પડશે. સમયસારની.

અહીં કહે છે, અરે..! સર્વજ્ઞપર્યાયમાં સુખ નથી માનતો, સુખ છે એમ માને છે એ તો ઠીક, પણ નથી માનતો એ અભવ્ય છે, નાલાયાક છે. એને આત્માની દૃષ્ટિ નથી અને આત્માની દૃષ્ટિ હોય તો કેવળજ્ઞાનમાં સુખ માન્યા વિના રહે નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? નમૂનો એણે જોયો નથી માટે કેવળજ્ઞાનમાં અનંત સુખ છે એમ માનતો નથી. સમજાણું કાંઈ? અભવ્ય જીવ.. મિથ્યાદૃષ્ટિ તો ખરો પણ અભવ્ય, નાલાયક. જેને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભવ્યભાવનો પાક જેને નથી. કારણ કે અભવિ છે એ તો. ભવ્યભાવનો પાક થયો એવા જે સમકિતી એને એ આત્માનો આનંદ છે આ અંશે, તો કેવળજ્ઞાનીને અનંત આનંદ છે એમ ભવ્યજીવ શ્રદ્ધે છે. સમજાય છે કાંઈ? અભવિને શ્રદ્ધા નથી. ભવ્ય-અભવ્ય બે જાતના થાય છે ને જીવ? એક કોરડું મગ જેવા. કોરડું સમજાય છે ને? કોરડું સમજો છો? સીજે નહીં ઐસા હોતા હૈ ન મઠ-મગ? મગ-મઠ. પાણીથી પણ સીજતા નથી-ચડતા નથી. શું કહે છે ભાષા તમારી? ચોખ્ખી ભાષા ન મળે. ઠોઠ જેવી ભાષા બધી. ચોખ્ખી શું ભાષા આમ?

મુમુક્ષુ :- પકતા નહીં.

ઉત્તર :- હા, પકતા નહીં પરંતુ ઉસકી ભાષા ક્યા? કોરડું અમારે કહે છે ગુજરાતીમાં.

હિન્દીમેં ઉસકી ભાષા હોગી કિ નહીં? હિન્દીમેં ભાષા હૈ. એ બધા એવા.. એવા.. બધા સમજવા જેવા. હિન્દીવાળાને એની ખબર ન મળે અને આપણને... કહો, સમજાણું કાંઈ? વો મગ મઠ હોતે હૈ ન (જો) જલસે સીઝતે નહીં-પકતે નહીં. ઐસા અભવિ જીવ હૈ વહ સર્વજ્ઞકો આનંદ હૈ ઉસે માનતા નહીં. દેખો! યહાં તો અભવિ ઠહરાયા.

આત્મામેં આનંદ હૈ. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાન પામ્યા એને અનંત આનંદ છે, અનંત અતીન્દ્રિય આનંદ. સુખી એ પૂર્ણ પરમાત્મા છે. લક્ષ્મી આદિ સાધન નથી માટે દુઃખી છે અને અમને આ બધા સાધન છે પૈસા, ઊની ઊની રોટલી પાધરી (આવે). શું કહેવાય તમારી? તાવડીમાંથી પડે પાધરી થાળીમાં ઊની-ઊની ગરમાગરમ. અને ઓસામણ હોય ને ઊના ઓલા? ચૂલાના અગ્નિમાં. ભઠ્ઠીને ઓસામણ ને દાળ. મગ ને દાળ ને ચોખા. એને કંઈ ભગવાનને છે એવું કાંઈ? આહા..હા..! એ દુઃખી હશે? અરે..! સાંભળને મૂર્ખ! એ બહારની ચીજથી તને સુખ કે દિ' હતું? એ તો કલ્પનાનું દુઃખ હતું. ભગવાનને તો સર્વજ્ઞપદ પ્રગટ્યું છે. અનંત... અનંત.. અનંત અતીન્દ્રિય આનંદ પૂર્ણ પ્રગટ્યો છે.

કહે છે કે ન શ્રદ્ધે તે અભવિ છે અને ભવ્યો તેને સ્વીકાર કરે છે એવી ભાષા ટૂંકી કરી નાખી. આમાં જયસેનાચાર્યે બે ભાગ પાડ્યા. અમૃતચંદ્રાચાર્ય બે ભાગ પાડશે. લ્યો આ તો કડક ભાષા છે. શ્રદ્ધે નહિ તે અભવિ અને શ્રદ્ધે તે ભવિ. બે જ વાત. સમજાણું કાંઈ? શું હશે આ બધા પૈસાવાળા ને બધા રૂપાળા ને બધી સામગ્રી શું ઘરમાં કેવી હોય તમારે બધી? ફર્નિચર. લાખ-બે લાખનું ફર્નિચર આમ ઝગઝગાટ થતું હોય. કાચ ને ભાત ને અંદર મોરલા-ફોરલા, ઓલા હોય ને તમારે શું કહેવાય એ? તોરણો હોય ને મોરલા અંદર રચ્યા હોય આકારમાં. કબાટની અંદરમાં મોરલા રંગેલા. આહા..હા..! એય..! મોહનભાઈ! એ એમાં બેઠો હોય ખુરશીએ સરખાઈનો. બાયડી, છોકરા બેઠા હોય તો ચક્રવર્તીનું રાજ આવ્યું જાણે. ધૂળેય નથી, સાંભળને! એ વિષ્ટાની કચેરીમાં બેઠો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આવે છે ને શ્લોક આવે છે. 'ચક્રવર્તીની સંપદા અને ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સમ માનત હૈ સમ્યગ્દષ્ટિ લોક.' સમજાણું કાંઈ? એ તો તમારી હિન્દી ભાષા છે. 'ચક્રવર્તીકી સંપદા...' જેને સોળ હજાર તો દેવ સેવા કરે, ૩૨ હજાર તો જેને દેશ નીચે હોય રાજા. સમજાય? ૬૪ હજાર તો જેને પદ્મણી જેવી સ્ત્રી હોય, એવા ભોગ 'ચક્રવર્તીકી સંપદા અને ઈન્દ્રિ સરીખા ભોગ, કાગવીટ સમ માનત હૈ.' કાગડાની વિષ્ટા (છે) એમ સમકિતી માને છે. કહો, સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો થોડું (હોય) ત્યાં તો આહા..હા..! આપણે તો ઓહો..હો..! ૨૫-૨૫ લાખની પેદાશું, ૫-૫ કરોડની પૂંજી ને ધૂળ ને ધમાહા. અમારા જેવા કોઈ સુખી નથી. એય..! જાધવજીભાઈ! ધૂળમાંય સુખી નથી, સાંભળને!

સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનમાં 'ચક્રવર્તીની સંપદા અને ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સમ માનત હૈ.' કૌઆની વિષ્ટા, કૌઆની વિષ્ટા. મનુષ્યની વિષ્ટા તો હજી ખાય પણ ખરા

ભૂંડ. કાગડાની વિષ્ટા તો નીકળતા જ કઠણ હોય કઠણ કઠણ. કાંઈ કામ આવે નહિ. ખાતરમાં પણ જાય નહિ. કારણ કે પોતે કઠણ હોય. એમ સમ્યગ્દૃષ્ટિ આત્મામાં જેણે સમ્યક્ ધર્મ જોયો છે. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિમાં પોતાને સુખ પોતામાં માને છે, પરમાં સુખ નથી. એવું પરમ સુખ ભગવાનને હોય છે તેથી ભવિ નામ સમકિતી તે સુખને માને છે. કહો, સમજાણું?

'**ટીકા :- આ લોકમાં મોહનીયાદિકર્મજાળવાળાઓને...**' દેખો! '**मोहनीयादिकर्मजाल-शालिनां**' '**कर्मजालशालिनां**' કર્મજાળવાળા એમ. જેને મોહનીયાદિકર્મજાળવાળા. જાળ. એ મોહનીયકર્મની જાળ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જાળવાળાને એને તો કહેવાય છે. નિમિત્ત છે ને એ મોહનીયજાળ? ભાવ પોતાનો છે ઊંધો.

'**મોહનીયાદિકર્મજાળવાળાઓને સ્વભાવપ્રતિઘાતને લીધે...**' મોહનીયકર્મ ત્યારે જ એને કહેવાણું કે એમાં જોડાણો, ત્યારે મોહનીયકર્મ જાળવાળો છે એમ કહેવામાં આવ્યું. '**સ્વભાવપ્રતિઘાત...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવનો ત્યાં પ્રતિઘાત છે—નાશ છે. '**અને આકુળપણાને લીધે...**' બે વાત. મોહનીયકર્મની જાળવાળા જીવો, તેને ભગવાન આત્મામાં જ્ઞાન અને સુખ છે એની ખબર નથી. એવા જીવો '**સ્વભાવપ્રતિઘાતને લીધે અને આકુળપણાને લીધે સુખાભાસ હોવા છતાં...**' એ સુખાભાસ—સુખ જેવો આભાસ છે. '**છતાં તે સુખાભાસને સુખ કહેવાની અપરમાર્થિક રૂઢિ છે,...**' જૂઠી રૂઢિ છે. જાધવજીભાઈ! લ્યો પૈસાવાળા સુખી છે એમ જૂઠી રૂઢિ છે એમ કહે છે. ધૂળમાંય સુખ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- રૂઢિ તો છે ને.

ઉત્તર :- રૂઢિનો અર્થ શું? મૂઢ જીવો એ કહે છે એમ કહે છે. મૂઢ જીવો એમ કહે છે અજ્ઞાની. કહો, સમજાણું કાંઈ? રૂઢિ એટલે? કહેવાની એક અજ્ઞાનીઓની રીત છે, મૂઢ લોકોની રીત છે પાગલની એમ કહે છે. કહો, ભીખાભાઈ! સાચું હશે આ?

મુમુક્ષુ :- સાચું પ્રભુ, આપ કહો એમાં શું...

ઉત્તર :- એમ બીજું હોય તોપણ કેમ બોલાય? એનો અર્થ એમ થયો.

મુમુક્ષુ :- એવો અર્થ...

ઉત્તર :- એવો અર્થ નહિ, આ તો એક વાત છે. એવો અર્થ તો આવડે ક્યાં છે તમને?

અહીં કહે છે કે '**સ્વભાવપ્રતિઘાતને લીધે અને આકુળપણાને લીધે...**' બે પ્રકાર લીધાં. એક તો મોહનીય કર્મની જાળમાં જે ચોંટ્યો છે એને સ્વભાવપ્રતિઘાત છે, સ્વભાવનો ઘાત છે. ઘાત છે અને આકુળપણાને લીધે '**સુખાભાસ હોવા છતાં તે સુખાભાસને**

**સુખ કહેવાની અપરમાર્થિક રૂઢિ છે,...'** લ્યો સમજાણું કાંઈ? એ ઉપરથી કાઢ્યું. **'અને જેમનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે...'** એ કહેવું છે. સમજાણું? ઓલો તો ન્યાય સમજાવ્યો. **'જેમનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે...'** અહો..! ભગવાન આત્મા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય એને જેણે ક્ષય કર્યા છે, પોતાની અલ્પજ્ઞતા અને વિરુદ્ધ અવસ્થાનો નાશ કર્યો છે એટલે ચાર કર્મ પણ એના નાશ થઈ ગયા છે.

**'એવા કેવળીભગવંતોને...'** આહા..હા..! જેને ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન એક સમયમાં, છતાં તે જ્ઞાન ઉપાધિરૂપ, દુઃખરૂપ (નથી) અને પરિણમન છે માટે ખેદરૂપ નથી એમ કહે છે. કેટલી સિદ્ધ કરી છે વાત જુઓને! **'કેવળીભગવંતોને, સ્વભાવપ્રતિઘાતના અભાવને લીધે...'** અજ્ઞાનીઓને સ્વભાવપ્રતિઘાત હતો, જ્ઞાનીને સ્વભાવપ્રતિઘાતના અભાવને લીધે. ઓલાને આકુળપણાને લીધે, આને અનાકુળપણાને લીધે **'સુખના યથોક્ત કારણનો અને લક્ષણનો સદ્‌ભાવ હોવાથી,...'** સુખનું યથોક્ત કારણ. છે ને? સુખનું કારણ સ્વભાવપ્રતિઘાતનો અભાવ. અને લક્ષણ સુખનું લક્ષણ અનાકુળ. ઓહો..હો..! સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણ અનાકુળ આનંદને પામેલા છે. સ્વભાવના પ્રતિઘાતનો જેને અભાવ છે અને આકુળતાનો અભાવ થઈને અને અનાકુળતા જેને પ્રગટ થઈ છે. પૂર્ણ અનાકુળ સ્વરૂપ પૂર્ણ. સ્વભાવ એક સમયનો પૂર્ણ પ્રગટ થઈ ગયો છે. પૂર્ણ અનાકુળ છે. કેવળી જેવા સુખી જગતમાં કોઈ નથી. **'પારમાર્થિક સુખ છે—'** જોયું! ઓલાને સુખાભાસને સુખ કહેવાની અપારમાર્થિક રૂઢિ છે અજ્ઞાનીઓની અને આ ખરેખર સુખ છે **'એમ શ્રદ્ધવાયોગ્ય છે.'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કોને પૂછવું પણ? કહે છે. એના આત્માને પૂછવું કોકને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ શ્રદ્ધામાં ક્યારે કહેવાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ જેનો ભાસ જ નથી કે આ આનંદ છે, એ વિના પૂર્ણ આનંદની શ્રદ્ધા કરશે કોણ? એમ કહે છે. જે નમૂનો જોયો નથી તો એ વિના આખી ચીજ આવડી હોય એ નક્કી કોણ કરશે? કહો, સમજાણું કાંઈ? ભવ્ય શ્રદ્ધે છે એનો અર્થ આ છે કે એને આત્માનું જ્ઞાન છે અને શ્રદ્ધામાં આનંદ છે એ શ્રદ્ધે છે, એમ શ્રદ્ધે છે. આહા..હા..! જે વસ્તુનો ખ્યાલ જ આવ્યો નથી, જે વસ્તુ કાંઈ વેદનમાં આવી નથી, એ વિના આ અનંત આનંદ ભગવાન છે એમ માનશે શી રીતે? સમજાણું કાંઈ? એમ કહે છે અહીં.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ગાંગડો છે, પૂર્ણાનંદ પ્રભુ છે. એનો જ્યાં અનુભવ થાય એટલે એને આનંદનું ભાન છે. એ ભાન અંશમાં છે. આવો આનંદ ભગવાનને પૂર્ણ હોય એમ શ્રદ્ધે છે, એમ કહે છે. શ્રદ્ધા કોની પણ શ્રદ્ધા? જેનો કાંઈ ભાસ જ આવ્યો

નથી, ખ્યાલ જ આવ્યો નથી, શ્રદ્ધા કોની કરશે ઈ? સમજાય છે કાંઈ? એવી વાતું છે, ભાઈ!

હમણા આવ્યા હતા એક બ્રાહ્મણ. આ યજ્ઞમાં આવ્યા છે ને. ત્રણેક હજાર બ્રાહ્મણ આવ્યા છે, આવી ગયા છે. પાણસણાના આવ્યા હતા. ત્રણ આવ્યા હતા. કીધું હશે ને. અહીં જોવા આવ્યા હતા. મેં કીધું, જુઓ ભાઈ! આત્માના જ્ઞાન વિના બધી વિદ્યા અને બધી ક્રિયા ખોટી છે. આત્માનું જ્ઞાન એ વિદ્યા અને એ આત્માનું જ્ઞાન એ સુખ અને એ ધર્મ. બાકી બધી ક્રિયાકાંડ બધું થોથા છે. એ તો સાંભળતા હતા. અહીં હોંશથી આવ્યા હતા ને. પાણસણાના છે. ઘણા બ્રાહ્મણ આવ્યા છે. હમણા કોક આવ્યું હતું. કરશે... આહા..હા..! અહીં બિચારા આવ્યા હતા જોવા અને સાંભળવા. ઓલા નથી લીંબડી.. પ્રાણભાઈ આવે છે ને. ..ડોસા આવે છે ને ઘરડા ન્યાલચંદ. એના દીકરા આવે છે પાણસણાના. લીંબડી રહે છે. એણે કીધું હોય કે ભાઈ જુઓ ત્યાં લીંબડી.. ત્યાં આવ્યા હતા બિચારા ખાસ. હું સૂતો હતો ત્યાં. અહીં બેઠા હતા... પછી આવ્યા હતા. આવ્યા હતા અહીં યજ્ઞમાં. કીધું, પણ એ આત્મજ્ઞાન વિનાની ક્રિયા અને આત્મજ્ઞાન વિનાની વિદ્યા એ વિદ્યા નહિ. આત્માની વિદ્યા તે વિદ્યા. વિદ્યા સમજ્યા? બાકી બધું થોથે થોથાં. એને એમ કે આ યજ્ઞ કરું એટલે... ધૂળેય નથી, કીધું, ત્યાં. યજ્ઞ તો આત્માનો યજ્ઞ કરે એ સમજે. એનું તો ભાન ન મળે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ!

‘**એમ શ્રદ્ધવાયોગ્ય છે. જેમને આવું શ્રદ્ધાન નથી, તેઓ—મોક્ષસુખરૂપી સુધાપાનથી દૂરવર્તી અભવ્યો—**’ આત્મામાં પૂર્ણ દશા પ્રાપ્ત અને આનંદ-સુખ નથી એમ માનનારા એને સુખનો વર્તમાન પણ અનુભવ જરીએ નથી. ‘**મોક્ષસુખરૂપી સુધાપાન...**’ અમૃતનું પીણું. મોક્ષનું સુખ તે અમૃતનું પીણું છે, અમૃતનું પીણું. આહા..હા..! સમજાણું કાંઈ? સુધારસ, આનંદરસ, અતીન્દ્રિય આનંદરસ, વીતરાગી રસ એવા પાનથી દૂરવર્તી. જુઓ આમ કીધું આ. ‘**આવું શ્રદ્ધાન નથી, તેઓ—મોક્ષસુખરૂપી સુધાપાનથી દૂરવર્તી અભવ્યો—મૃગતૃષ્ણાના જળસમૂહને જ દેખે છે;...**’ મૃગજળને પાણી દેખે છે. એમ પરમાં સુખ દેખે છે. મૃગજળમાં સુખ દેખે છે આહા..હા..! એમ.

પહેલા કરતા તો હમણા કાંઈક પહોંચ્યા પૈસે, દીકરાએ લગન સારા (કર્યા), બધી રીતે હમણા તો બાદશાહી છે કહે છે. મૂઢ છો કહે છે. અભવિ છો એમ કહે છે. લ્યો! અહીં તો એ કહે છે. અભવિ એને કહે છે હજી. ભલે ભવિ હોય. સમજાણું કાંઈ? ભગવાનમાં અનંત આનંદ છે એવા મોક્ષસુખના સુધાપાનથી દૂરવર્તી છે. એને ભાન નથી કહે છે. મોક્ષમાં સુખ અને મોક્ષની પર્યાયમાં આનંદ એની એને ખબર નથી. ‘**સુધાપાનથી દૂરવર્તી અભવ્યો--મૃગતૃષ્ણાના જળસમૂહને જ દેખે છે;...**’ દેખો! સમજ્યાને? મૃગજળમાં પાણી દેખે છે. ધૂળમાંય નથી પાણી ત્યાં. મરી મરીને ટાંગા તૂટી જાય આમ દેખાય કે એ.. પાણી..

એ.. પાણી.. પણ બે-ચાર-છ-આઠ ગાઉ, દસ ગાઉ આવ્યો તોપણ પાણી દેખાતું નથી. પાણી પણ આવતું નથી. એલા પાણી હોય તો કાંઈક હવા પણ આવવી જોઈએ ને ઠંડી. આ તો ઈનું ઈ દેખાય છે, આમ ને આમ. શું આ દેખાય છે? સમજાણું? એમ અનેક વિષયોની તૃષ્ણામાં ઝંપાપાત કરતા ક્યાંય સુખ દેખાતું નથી. છતાં મૃગતૃષ્ણાના સમૂહમાં એને સુખ અનુભવે છે. જેમ એમાં પાણી અનુભવે છે, એમ દુઃખમાં સુખ છે એમ અનુભવે છે. આહા..હા..! શુભ-અશુભ વિકલ્પો છે એ દુઃખ છે. એમાં એ સુખ માની રહ્યો છે કહે છે. મૃગજળની પેઠે પાણી નથી અને પાણી માને છે. એમાં સુખ નથી અને સુખ માને છે (એ). અભવિ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાહ્ય કોઈપણ અનુકૂળ ચીજ એની સુંદરતાની, વૈભવતાની વિભૂતિ એને ભાસતા એને કાંઈક થાય કે હા, કાંઈક મને ઠીક છે. કહે છે કે મૂઢ છો. મૃગજળમાં જળ માની રહ્યો છો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'અને જેઓ તે વચનોનો હમણાં જ સ્વીકાર (-શ્રદ્ધા) કરે છે...'** અમૃતચંદ્રાચાર્યે જરીક એનો અર્થ ઓલો કર્યો છે. ત્યાં તો એ જ (કહે) છે, શ્રદ્ધે તે ભવિ છે અને ન શ્રદ્ધે તે અભવિ છે જાવ. ત્યારે ઓલો કહેતો હતો ને પ્રોફેસર હીરાલાલ. કુંદકુંદાચાર્યના વચનો એવા કડક કે એનું માને ઈ ભવિ અને ન માને તે અભવિ. હવે સાંભળને એનું માને નહિ, વસ્તુનું સ્વરૂપ એમ છે. કુંદકુંદાચાર્ય કાંઈ ઘરનું કહે છે? એમ કે કુંદકુંદાચાર્ય જુઓ! એનું ન માને એને અભવિ. પણ એનું ન માને એટલે એ કહે છે વાસ્તવિક વીતરાગ માર્ગ. એ વીતરાગમાર્ગ ન માને તે અભવિ, નાલાયક છે એમાં શું છે? આ રખડીને નિગોદમાં જઈશ ચાર ગતિમાં. તું જીવ તને તો નહિ માને પણ તું જીવ છો એ તને ખબર નહિ રહે. આહા..હા..! નિગોદમાં જતાં... નિગોદ સમજ્યાને? બટાટા, આલુ, કંદમૂળ. બીજા તો જીવ નહિ માને પણ તને નહિ રહે કે હું જીવ છું એવી ખબર નહિ રહે, લે. તેં ખોટા આળ આપ્યા છે. જેમાં સુખ નથી એમાં સુખ માન્યું છે. ઘણે ઠેકાણે એ આવે છે. અભવિ ભોગમાં સુખ માને છે, અભવિ ભોગને માટે ધર્મ કરે છે.

કહે છે, **'જેઓ તે વચનનો હમણાં જ સ્વીકાર (-શ્રદ્ધા) કરે છે તેઓ—શિવશ્રીનાં (-મોક્ષલક્ષ્મીનાં) ભાજન...'** એ શિવશ્રી-મોક્ષરૂપી લક્ષ્મી. લ્યો! લક્ષ્મી આવી આમાં ભગવાનજીભાઈ! મોક્ષરૂપી શિવ સ્ત્રી. **'(-મોક્ષલક્ષ્મીનાં) ભાજન—આસન્નભવ્યો છે,...'** એથી અલ્પ કાળમાં કેવળજ્ઞાન પામશે. આસન્નભવ્ય ભવ્યમાં પણ નિકટ ભવ્યતા છે. તેની ભવ્યમાં પણ નિકટ ભવ્યતા છે. અલ્પ કાળમાં કેવળજ્ઞાન પામીને અનંત આનંદને પામશે. સમજાય છે કાંઈ? એને એમ કહે છે કે ભગવાનને પૂર્ણ આનંદ છે, એવો આનંદ મારામાં છે એવો એણે જાણ્યો છે. એ જીવો આસન્નભવ્ય છે. સમજાણું કાંઈ? એ એને કોઈને પૂછવા જાવું પડતું નથી એમ કહે છે. એ તો પોતે એને ખાતરી છે કે અહો..! અલ્પ કાળમાં હવે અમે મુક્ત થવાના. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પામી અને સિદ્ધ થવાના. કારણ કે પૂર્ણ સિદ્ધનો

આનંદ એ અમારા આનંદના અંશે અમે માન્યો છે ઈ. સમજાણું કાંઈ? નમૂનાથી આખી ચીજને જોઈ-જાણી છે. આ સુખ આવું, પરમાત્માને પૂરું સુખ છે. પૂર્ણ ઘાતિકર્મનો નાશ થઈ અનાકુળતાનો આનંદ પૂર્ણ છે અને સ્વભાવના ઘાતનો બિલકુલ અભાવ છે. અમારે હજી સ્વભાવનો ઘાત થોડો છે, પણ છતાં વસ્તુનું ભાન છે કે આત્મા જ્ઞાન અને આનંદ છે, એવી પ્રતીત કરે છે એ શિવશ્રીના લક્ષ્મીને આસન્નભવ્ય અલ્પ કાળમાં મુક્તિ પામશે. સમજાણું કાંઈ? આહા..હા..!

આ તો ભાઈ જન્મ-મરણના અભાવની વાત છે. એક પણ ભવ કરવો એ કલંક છે. ચાહે તો સ્વર્ગનો ભવ હો. સમજાણું? ભગવાન અરૂપી આનંદનો સરોવર પ્રભુ, આ માંસ અને હાડકામાં દેખાય એ તે કાંઈ શોભા છે? સમજાય છે? ભગવાન અરૂપી ચૈતન્યઘન અનાકુળ આનંદનો કંદ આત્મા છે, એ આ માંસ અને હાડકાની મધ્યમાં દેખાય જેલમાં. નીચે કહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, જાધવજીભાઈ! એને ઠેકાણે ઓલો બેઠો હોય મકાનના મહેલમાં, ચારે કોર આ બધા.. આહા..હા..! બાદશાહી છે હોં તમારે તો. ઓલો પણ ખુશી થાય. કામદાર! બીજા કહે, તમારે બાદશાહી લાગે છે. બહુ વૈભવ ઓહો..હો..! વિભૂતિ! વિભૂતિ-રાખ. વિભૂતિ-વિપરીત ભૂતિ એટલે રાખ. ભગવાન આત્માની વિભૂતિ તે લક્ષ્મી ખરી. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, જે જીવો સર્વજ્ઞપર્યાયમાં આનંદ પૂર્ણ છે એવું જે શ્રદ્ધે છે તે ભવ્યજીવો વર્તમાન જ આસન્નભવ્ય છે. અલ્પ કાળમાં તેની મુક્તિ એટલે મોક્ષ થાશે એવું એ ભાજન છે. મોક્ષ થશે એવી એની લાયકાત છે. આહા..હા..! **'તથા જેઓ આગળ ઉપર સ્વીકાર કરશે તેઓ દૂરભવ્યો છે.'** અભવિ તો સ્વીકાર કરશે નહિ. ભવિના બે પ્રકાર. જે વર્તમાન સ્વીકાર કરશે એ અલ્પ કાળમાં મુક્તિ પામશે અને જે ભવિષ્યમાં ઘણે કાળે સ્વીકાર કરશે એ દૂરભવિ છે. સમજાણું કાંઈ? એવા ત્રણ ભેદ પાડ્યા. આચાર્યે બે ભેદ પાડ્યા હતા. આમાં ભવિના બે ભેદ પાડી નાખ્યા અમૃતચંદ્રાચાર્યે. ટૂંકા શબ્દોમાં હોય ને. વિસ્તાર અંદર એનો આવી જાય.

જેની સન્મુખ જોતાં જેમાં આનંદ છે એ આનંદ જેનો ઉભરાય એની પૂર્ણાનંદ દશાનું શું કહેવું કહે છે. એવી પૂર્ણાનંદની દશાનું એને શ્રદ્ધાન આવે છે. સમજાણું કાંઈ? જેમાં આનંદ છે એ ચીજને જાણી નથી, જોઈ નથી અને સ્વીકાર શી રીતે કરે? માટે નહિ સ્વીકાર કરનાર અભવ્ય છે અથવા વર્તમાન તે મોક્ષને માટે લાયક નથી. ભવિષ્યમાં સ્વીકાર કરશે તે દિ' લાયક છે તો એને દૂરભવ્ય કહેવામાં આવે છે.

**'ભાવાર્થ :- કેવળીભગવંતોને જ પારમાર્થિક સુખ છે...'** ખરેખરું સુખ તો પરમેશ્વર કેવળજ્ઞાન પામ્યા જ્ઞાનની પૂર્ણતા તે સુખી છે એમ કહેવું છે. એ જ્ઞાનની પૂર્ણ દશામાં સુખ છે. સમ્યગ્જ્ઞાનના અંશમાં પણ સુખ છે અને પૂર્ણ જ્ઞાનમાં પૂર્ણ સુખ છે. સમજાણું કાંઈ?

**'એવું વચન સાંભળીને જેઓ કદી તેનો સ્વીકાર-આદર-શ્રદ્ધા નથી કરતા...'** કદી તેનો સ્વીકાર, આદર અને શ્રદ્ધા કરતા નથી **'તેઓ કદી મોક્ષ પામતા નથી; જેઓ તે વચન સાંભળીને...'** દેખો! તે વચન સાંભળીને એમ. કાનમાં પડ્યા વચનો. આ ભગવાન કેવળજ્ઞાની પૂર્ણ આનંદ છે એમ વચન કાને પડ્યા. **'અંતરથી તેનો સ્વીકાર-આદર-શ્રદ્ધા કરે છે...'** જુઓ ભાષા. સમજાણું કાંઈ? અંતરથી તેઓ સ્વીકાર-આદર-શ્રદ્ધા કરે છે **'તેઓ જ મોક્ષ પામે છે,—હમણાં કરે છે તે આસન્નભવ્ય છે...'** હમણા માને તે નજીકના મોક્ષ માટે લાયક છે. **'અને આગળ ઉપર કરશે તે દૂરભવ્ય છે.'** લ્યો! ઓહો..હો..! એક જ્ઞાન સાથે સુખનું વર્ણન કરતા કેટલો વિસ્તાર અને સ્પષ્ટીકરણ કર્યું છે દેખો! જ્ઞાન તે આત્માનું અને સુખ પણ આત્માનું. એનું જ્ઞાન થતાં સુખ અને જ્ઞાન બેય સાથે થાય. ભગવાનને પૂર્ણ જ્ઞાન થાય, પૂર્ણ આનંદ થાય. એ સિવાય ક્યાંય સુખ છે નહિ. પરમાં નથી, પણ પુણ્ય અને પાપના વિકલ્પમાં પણ સુખ નથી. સમજાણું કાંઈ? મથે છે બિચારા જુઓને! દેશ છોડી પરદેશમાં જાય, પરદેશમાં અથડાય. એય..! વીરચંદભાઈ!

મુમુક્ષુ :- રૂપિયા માટે.

ઉત્તર :- રૂપિયા તો થવાના હોય તો થાય છે. થાય એટલે? દેખાય છે બીજું શું? ત્યાં ક્યાં એના છે રૂપિયા? અને એની પાસે આવે છે ક્યાં?

મુમુક્ષુ :- તો કોની પાસે જાય છે?

ઉત્તર :- જાય જડ પાસે જાય છે. જડ જડ પાસે જાય છે. જડ આત્મા પાસે આવે? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ખાતું કે દિ' હતું ત્યાં, એના બાપનું ત્યાં ખાતું ક્યાં હતું?

મુમુક્ષુ :- બેંકમાં હોય ને.

ઉત્તર :- બેંક બેંકની છે, ખાતું ખાતાનું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ખુશી થાય કે મારા એક કરોડ બેંકમાં પડ્યા છે.

મુમુક્ષુ :- એમ ને એમ પડ્યા છે.

ઉત્તર :- એમ ને એમ પડ્યા છે. મરી જાય, ફૂ થઈને ચાલ્યો જાય. જાય.. બેંકમાં પડ્યા હોય ને વયો ગયો. સમજાણું? એક જણો કહે, પણ બેંકમાં આટલા લાખ રૂપિયા પડ્યા છે તો બે લાખ કેમ નથી કાઢતા? પણ કાઢે ક્યાંથી? મમતા ઘટે તો કાઢે ને. એય..! આહા..હા..! આ બેંકમાં તો અનંત આનંદની લક્ષ્મી પડી છે આત્મામાં એમ કહે છે. ધર્મીની બેંક ખુલી ગઈ છે. અજ્ઞાનીની બેંકમાં તાળા માર્યા છે. જેણે રાગ અને સ્વભાવને એક માન્યો છે એની તિજોરી બંધ છે, એમાંથી લક્ષ્મી નીકળતી નથી. સમજાણું કાંઈ? અને રાગ અને સ્વભાવને ભિન્ન પાડ્યા છે એની તિજોરી ખુલી ગઈ છે. અંતરના જ્ઞાન અને આનંદની લક્ષ્મી

ખુલી ગઈ. એકાગ્ર જેટલો થાય તેટલું આનંદ અને જ્ઞાન વધતું જાય છે. જ્ઞાન ભલે વિશેષ ન હોય પણ એ જ્ઞાન સ્વને પકડવા માટે વધતું જાય. સમજાણું કાંઈ? આ લક્ષ્મી છે. આહા..હા..! ભારે પણ આ દુનિયામાં મોહ મોટો. આહા..હા..! કરોડપતિ, બે કરોડપતિ જ્યાં નામ સાંભળે ત્યાં માણસનો પ્યાલો ફાટી જાય છે. મને હોય તો ઠીક હોં, એમ થાય. શું તને હોય તો ઠીક? દુઃખ? ધૂળ તો છે ધૂળમાં.

આત્માની લક્ષ્મી, કહે છે કે આત્મામાં પડી છે. જુઓ કહ્યું ને? '**શિવશ્રીનાં ભાજન...**' થાય છે. મોક્ષલક્ષ્મીના ભાજન. ઓહો..! હું પોતે જ આત્મા અનંત આનંદ અને જ્ઞાનની મૂર્તિ જ છું. પૂર્ણ મારો સ્વભાવ છે. ... પૂર્ણ .. થયા વિના રહે નહિ. પૂર્ણની પ્રતીત થાય એ પર્યાયમાં આનંદ ન આવે એ પૂર્ણ પ્રતીત છે ક્યાં? અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ પ્રગટ્યો ત્યાં તો પૂર્ણ દશા પૂરી થઈ ગઈ. એ તો અરિહંત પરમાત્મા સર્વજ્ઞદેવ. પણ એ સર્વજ્ઞને માનનારા આ એમ કહે છે કે, સર્વજ્ઞને માનનારા કેવા હોય છે? કે એને સર્વજ્ઞનું જ્ઞાન અને પૂર્ણ આનંદનો જરી અનુભવ હોય છે. સમજાણું કાંઈ? આ જ્ઞાન પૂર્ણ સ્વરૂપ છે (એમ) અનુભવ થતાં કેવળજ્ઞાનની શ્રદ્ધા થઈ જાય છે કે આ તો એકલી કેવળજ્ઞાનની મૂર્તિ જ છે, આનંદની મૂર્તિ જ આત્મા છે. એમાં દુઃખ નથી, એમાં ક્યાંય કલ્પના એવી ચીજ જ નથી. એવી દૃષ્ટિ અને જ્ઞાન થતાં એ પૂર્ણ જ્ઞાન અને આનંદને શ્રદ્ધે છે, એ જ ભગવાનનો ભક્ત અને સુખી છે. કહો, સમજાણું કાંઈ? આ બધા પોટલાના પોટલા દેખતા હોય ઉપાડવાના મજૂરો બધા દુઃખી છે કહે છે. મજૂર છે કે નહિ? ક્યાં લઈ જાય છે એકેય પાય સાથે? બધા મજૂર મોટા. ઓલા મોટાને મોટી મજૂરી બહુ. પૈસા હોય ઝાઝા આમ ગોઠવવા, બે લાખ અહીં નાખવા અને પાંચ લાખ અહીં નાખવા. કરોડ, બે કરોડ, પાંચ કરોડ હોય એને વધારે મજૂરી મોટી. આહા..હા..!

મુમુક્ષુ :- એના વિના ચાલતું નથી.

ઉત્તર :- એના વિના જ ચાલે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય વિના જ નભી રહ્યું છે. સમજાણું કાંઈ? એક તત્ત્વ બીજા તત્ત્વના અભાવે ટક્યું છે. બીજા તત્ત્વને આધારે ટક્યું નથી. બીજા બીજાથી, સ્વ સ્વથી (ટકે છે). આહા..હા..! ભારે વાત ભાઈ! ભાઈ! ધર્મની શ્રદ્ધા મોટી છે. એ કાંઈ એમ ને એમ શ્રદ્ધા એમ નથી. ધર્મની શ્રદ્ધા તો એવો સ્વભાવ પૂર્ણ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ એની સન્મુખ થઈને એની પ્રતીત ને ભાન (થાય) એ ધર્મની શ્રદ્ધા. જેની સુખબુદ્ધિ બધેથી ઊઠી ગઈ છે. આખી દુનિયાથી સુખબુદ્ધિ ઊઠી જાય છે અને સુખબુદ્ધિ એક આત્મામાં રહે છે. કહો, સમજાણું કાંઈ? એ ૬૨ કીધી.

એ સરાગસમકિતી અને વીતરાગસમકિતી એવા ભેદ પાડ્યા છે એમાં અંદર જયસેનાચાર્યમાં. ભેદ પાડ્યા છે. સરાગસમકિતદૃષ્ટિ એમ કે જરા સુખબુદ્ધિ... ઓલી આવે છે ને વિષયવાસના. વીતરાગ સમકિતીને નથી હોતું એમ કહે છે.

૬૩. '**હવે પરોક્ષજ્ઞાનવાળાઓના અપારમાર્થિક ઇન્દ્રિયસુખનો વિચાર કરે છે :-**–' હવે ભગવાનનું જ્ઞાન પૂર્ણ બતાવ્યું. અપારમાર્થિક એવા અજ્ઞાની પરોક્ષજ્ઞાનવાળા એના ઇન્દ્રિયસુખનો વિચાર કરે છે.

**मणुआसुरामरिंदा अहिद्दुदा इंदिएहिं सहजेहिं।**
**असहंता तं दुक्खं रमंति विसएसु रम्मेसु।।६३।।**

આહા..હા..! જુઓ! એમને આચાર્યને પણ '**रम्मेसु**' શબ્દ મૂકવો પડ્યો છે. છે તો '**रम्मेसु**' (એટલે) રમ્યાભાસ. ટૂંકા શબ્દો કરવા છે ને એટલે શું (થાય)?

**સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઇંદ્રિયો વડે,**
**નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૩.**

'**અન્વયાર્થ :- મનુષ્યેંદ્રો,...**' મનુષ્યના ઇન્દ્રો—ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ વગેરે. '**અસુરેંદ્રો,...**' નીચે ભવનપતિના દેવો ઇન્દ્રો. '**સુરેંદ્રો...**' વૈમાનિકના દેવો. ત્રણ લોકના દેવો ઇન્દ્રો આવી ગયા. મનુષ્યમાં ઇન્દ્રો એટલે મોટા ચક્રવર્તી રાજા આદિ વગેરે. નીચે અસુરેંદ્રો અને વૈમાનિકના સુરેંદ્રો. '**સ્વભાવિક (અર્થાત્ પરોક્ષજ્ઞાનવાળાઓને સ્વભાવિક જ છે એવી) ઇન્દ્રિયો...**' સમજાણું? જેનો એક નિજરસથી જ સ્વભાવથી જ મૈત્રી વર્તે છે એમ. એવી સ્વભાવિક છે એવી ઇન્દ્રિયો '**પીડિત વર્તતા થકા...**' ઇન્દ્રિયોની નજરમાં એને પીડા થાય છે કાંઈક ભોગ માટે, આબરૂ માટે, રૂપ જોવા માટે વગેરે. કહે છે કે એ પીડિત વર્તતા થકા... પીડા થાય છે, અંદર સહન થાતું નથી. '**તે દુઃખ નહિ સહી શકવાથી રમ્ય વિષયોમાં રમે છે.**' ઝંપાપાત કરે ને. જેમ નથી જૂનાગઢમાં? ઓલો પથરો છે ને મોટો નીચે લખ્યું છે મરવું હોય એ ત્યાં ઊપર ચડીને પડે-મરે. ઝંપાપાતનો પથરો છે આની કોર. જુદો દેખાય છે પહેલેથી. ત્યાં ચડીને મરે નીચે પડીને મરી જાય. એમ આ વિષયોની પીડા સહન થાતી નથી તો પડે છે આમ ભૂ થઈને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મોજ માણે છે ને. આપ કહો છો, પડે છે.

ઉત્તર :- શું હશે આ? ભગવાનજીભાઈ! ઓલા કહે અમે મોજ માણીયે છીએ લ્યો! માખણ ને સાટા ચડાવતા હોય. એ કહે છે કે પણ માખણ અને સાટામાં પડ્યો તને વેદના થઈ ને કે આ લઉં. એ વેદનામાં ઝંપલાય છે તું એમ કહે છે. કહો, સમજાણું? મોળા સાટા સાકરના હોય છે ને ગળ્યા સાટા. ગળ્યા સાટા અને એમાં ઘી ઊંચું ગાયનું હોય. બોળી બોળીને ખાય લ્યો! એ સુખી છે કે નહિ? આહા..હા..! શું કહેવાય ઓલા? સાટા કહે છે ને. મોટા મોટા આવડા મોટા. રાજકોટના. એ બધા સાટા જ કહેવાય છે. મોટા સાટા. આ દરબાર ગુજરી ગયા. દરબાર ગુજરી ગયા તો આખા ગામને, સાટા આવડા મોટા મોટા આખા ગામને જમાડ્યું હતું. જામનગર. મોટા મોટા હતા. મોટા ઘણા માણસો હોય ને. દરબાર પાછળ આખું ગામ જમાડ્યું સાટાનું. આ તો એ પહેલા દરબાર ગુજરી ગયા હતા.

સમજાણું? એ તો રાજા હોય ને એને શું? ત્યાં લાખ-બે લાખનો ખર્ચ. એ દુઃખી છે પણ કહે છે. ખાનારા પણ દુઃખી, ખવરાવનાર પણ દુઃખી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ જ્યારે નાત જમતી હોય અને લાડવાની... હોય સરખાઈની. મોઢા આગળ ઓલો પાટલો પડ્યો હોય ને એમાં બધા બેઠા હોય મોટા મોટા ફીંડલાવાળા. મોઢા આગળ બેસે કે નહિ નાતમાં? જાધવજીભાઈ! નાતના મોટા બેસે મોઢા આગળ. પછી એય..! ગપ્પા મારે આડાઅવળા. મોટી નાત હોય બે હજાર, ત્રણ હજાર, પાંચ હજાર માણસ. એ આવે જાય, જોતા જાય કે આ ફલાણો છે ને વાતું કરતા હોય. આપણે ઘરે નાત જમે છે. ધૂળમાંય સુખ નથી, સાંભળને! મૂઢ છો. નાત કે દિ' તારી હતી અને વસ્તુ કે દિ' તારી હતી? એને એમ કે પાંચ હજાર ખર્ચ્યા, દસ હજાર ખર્ચ્યા સફળ સફળ થયા. ભારે ભાઈ આ! મોહજાળ ભૂતડાની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે! ખરચ્યાનું દુઃખ ક્યાં છે? ખરચ્યા તો જડ ખર્ચાણા છે. ભાવનું દુઃખ છે એમ કહે છે. જુઓને, શું કીધું આ?

'**તે દુઃખ નહિ સહી શકવાથી...**' કહે છે કે વિષયની વાસના. એક વિષય ભોગની નહિ, પણ રૂપની, આબરૂની, સૂંઘવાની, રસ ચાખવાની, વિષય સ્પર્શવાની એવી જે વૃત્તિ ઊઠે છે ત્યારે એ દુઃખ સહન થતું નથી એટલે ઝંપલાય છે આમ. સમજાય છે? કાચો બળખો હોય ને મોટો આવડો માખી ચાટવા જાય તો ચોંટી જાય. બે પાંખે ચોંટી જાય ઉડવાનું રહે નહિ કાંઈ. એમ પરમાં .. કરી દુઃખમાં ઝંપલાય છે. '**रम्मेसु**' એટલે રમ્યાભાસ હોં એમ. '**रम्याभासेषु**' રમ્ય જેવું લાગે છે, છે નહિ. સમજાણું કાંઈ?

'**ટીકા :- પ્રત્યક્ષ જ્ઞાનના અભાવને લીધે...**' જુઓ! હવે આવ્યું. પહેલા એનાથી બીજું બતાવે છે. '**પ્રત્યક્ષ જ્ઞાનના અભાવને લીધે પરોક્ષ જ્ઞાનનો આશ્રય કરતા આ પ્રાણીઓને...**' પ્રત્યક્ષ જ્ઞાન ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રત્યક્ષ મતિ-શ્રુતથી થવું જોઈએ કાં કેવળજ્ઞાનથી થવું જોઈએ એવા '**જ્ઞાનના અભાવને લીધે પરોક્ષ જ્ઞાનનો આશ્રય કરતા...**' દેખો! એ તો મન અને ઇન્દ્રિયના જ્ઞાનનો આશ્રય કરતા '**આ પ્રાણીઓને તેની (-પરોક્ષ જ્ઞાનની) સામગ્રીરૂપ ઇન્દ્રિયો પ્રત્યે...**' પરોક્ષ જ્ઞાનની સામગ્રી તો ઇન્દ્રિયો છે. એના પ્રત્યે '**નિજ રસથી જ (-સ્વભાવથી જ) મૈત્રી પ્રવર્તે છે.**' સ્વભાવ જ એવો એનો છે. કારણ કે સાધન ઈ માન્યું છે. ત્યાં સહેજે મૈત્રી પ્રવર્તે છે, ઇન્દ્રિયોમાં પ્રવર્તે છે. '**પ્રત્યે નિજ રસથી જ (-સ્વભાવથી જ)...**' ઓલો પાઠ હતો ને ત્યાં '**इंदिएहिं सहजेहिं**' એનો અર્થ કર્યો છે એ. '**નિજ રસથી જ (-સ્વભાવથી જ) મૈત્રી પ્રવર્તે છે.**' એ આત્માના જ્ઞાનને અભાવે ઇન્દ્રિયો સામગ્રી પરોક્ષ જ્ઞાનની છે તેથી અજ્ઞાનીને ઇન્દ્રિયો પ્રત્યે

મૈત્રી વર્તે છે. આત્મા પ્રત્યે મૈત્રી વર્તતી નથી. આહા..હા..! આત્માનો વેરી થયો છે કહે છે. **'મૈત્રી પ્રવર્તે છે.'** ઇન્દ્રિયો સર્વસ્વ છે એને. પરોક્ષ જ્ઞાનવાળા ત્યાં જાય છે. પ્રત્યક્ષ જ્ઞાનનો તો અભાવ છે, અંતર જ્ઞાનનો તો અભાવ છે એટલે એ જ્ઞાનમાં ઇન્દ્રિયો સામગ્રી છે તો ત્યાં પ્રીતિ જાય છે, ત્યાં મૈત્રી જાય છે.

**'ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી પામેલા...'** ઇન્દ્રિયો પ્રત્યે મૈત્રી એકત્વબુદ્ધિ પામેલા **'તે પ્રાણીઓને, ઉદયમાં આવેલ મહામોહરૂપી કાલાગ્નિ (તેમને) કોળિયો કરી ગયો હોવાથી,...'** લ્યો! મિથ્યાત્વરૂપી ભાવ, મહામોહરૂપી કાલાગ્નિ. મહામોહ મિથ્યાત્વરૂપી કાલ-અગ્નિ કોળિયો કરી ગયો, ખાઈ ગઈ એને. આખા આત્માને કોળિયો કરી ગઈ. **'તપ્ત થયેલા લોખંડના ગોળાની માફક (—જેમ તપેલા લોખંડના ગોળાને પાણીની અત્યંત તૃષા પેદા થઈ છે...'** તૃષા એટલે ગમે ઈ પાણી નાખો શોષાય. **'અર્થાત્ તે ત્વરાથી પાણીને શોષી લે છે તેમ)...'** દેખો! એ તપેલા ગોળાને તૃષા થઈ. જેટલું પાણી નાખો ચુસાઈ જાય એમ. એમ અજ્ઞાનીને એટલી તૃષ્ણા આવી કે ગમે તેટલા સાધન વિષયના હોય પણ એને પૂરું થાતું નથી, તૃપ્તિ થાતી નથી.

**'અત્યંત તૃષ્ણા ઉત્પન્ન થઈ છે; તે દુઃખના વેગને નહિ સહી શકવાથી...'** તૃષ્ણા ઉત્પન્ન થઈ એમ કહે છે. આ જોઈએ... આ જોઈએ.. આ જોઈએ... આ જોઈએ. આહા..હા..! **'દુઃખના વેગને નહિ સહી શકવાથી તેમને વ્યાધિના પ્રતિકાર સમાન (–રોગમાં ઘડીભર અલ્પ રાહત આપનારા લાગે છે...'** એ વિષયવાસના રોગ છે અને એનો એ પ્રતિકાર જાણે હું દવા કરું છું એવું લાગે છે ઘડીભર. **'એવા ઈલાજ સમાન) રમ્ય વિષયોમાં...'** માનેલા અનુકૂળ વિષયોમાં **'રતિ ઊપજે છે. માટે ઇન્દ્રિયો વ્યાધિ સમાન હોવાથી...'** એ ઇન્દ્રિયો રોગ છે. આહા..હા..! **'અને વિષયો વ્યાધિના પ્રતિકાર સમાન હોવાથી...'** ઉપચાર છે એનો. **'છદ્મસ્થોને પારમાર્થિક સુખ નથી.'** છદ્મસ્થને ખરું સુખ નથી, છદ્મસ્થ શબ્દે અહીંયાં સંસારી, સંસારી શબ્દે મિથ્યાદૃષ્ટિ અહીં લેવા. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ છે એ સંસારી નથી, ઈષતસિદ્ધ છે અથવા જીવનમુક્ત છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પરમેશ્વર પૂર્ણ મુક્ત છે. સમકિતી ઈષતમુક્ત છે, સંસારી મિથ્યાદૃષ્ટિ પૂરા બંધનમાં છે. એમ કહે છે જુઓ! સમજાણું? **'છદ્મસ્થોને પારમાર્થિક સુખ નથી.'** જયસેનાચાર્યે **'संसारिणां वास्तवं सुखं नास्ति।'** એમ કહ્યું. સંસારસુખ તો ચૌદમા ગુણસ્થાન સુધી કહેવાય. એ નહિ. સંસારી શબ્દે જેનો સંસાર જ પ્રિય છે. એવા રાગને પ્રિય માની, એવા સંસારીને જરીએ સુખ છે નહિ. જ્ઞાનીને સુખ છે અને પૂર્ણ જ્ઞાનીને પૂર્ણ સુખ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૩, શનિવાર, તા. ૦૨.૧૧.૧૯૬૮**
**ગાથા-૬૪, પ્રવચન-૫૪**

જ્ઞાનતત્ત્વ અધિકાર, પ્રવચનસાર. અહીં ટીકા એમ ચાલે છે કે પરોક્ષ જ્ઞાનમાં ઇન્દ્રિય જેમ જીવતી છે એને આત્મા અતીન્દ્રિય જ્ઞાન નથી. આત્મા પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એનું જ્યાં જ્ઞાન અને આનંદ નથી એને પરોક્ષજ્ઞાનવાળાને તો ઇન્દ્રિય .. એનું લક્ષ ઇન્દ્રિય ઉપર છે, પર વિષય ઉપર છે. સમજાય છે કાંઈ? '**જ્યાં સુધી ઇન્દ્રિયો છે...**' એટલે ઇન્દ્રિય જીવતી છે. જીવતી એટલે? કે જેના ઉપર રતિ છે. ઇન્દ્રિયોના વિષયોમાં પ્રેમ છે ત્યાં સુધી ઇન્દ્રિયો જીવતી છે. '**ત્યાં સુધી સ્વભાવથી જ દુઃખ છે...**' સહજ જ એને ભાવથી દુઃખ છે. કોઈ જીવથી કે સાધનથી એમ કાંઈ છે નહિ. એના ભાવથી તે દુઃખી છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. એનું અતીન્દ્રિય જ્ઞાન ન થયું અને એને જીવતો ન જોયો, જીવતો ન જાણ્યો અને આ પરોક્ષ જ્ઞાનમાં ઇન્દ્રિયો જીવતી જાણી એના વિષયમાં જેને ... એ સ્વભાવથી ભાવથી દુઃખી છે. કોઈ નિમિત્તથી દુઃખી છે એમ નહિ. '**એમ ન્યાયથી નક્કી કરે છે :—**'

**जेसिं विसएसु रदी तेसिं दुक्खं वियाण सब्भावं।**
**जइ तं ण हि सब्भावं वावारो णत्थि विसयत्थं।।६४।।**
**વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વભાવિક તેમને;**
**જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૪.**

અહીં કહે છે કે જીવતી ઇન્દ્રિયો એટલે જેને ઇન્દ્રિયના વિષય પ્રત્યે રતિ છે એને ઇન્દ્રિય જીવતી છે, એને પર જ્ઞાન જ બધું ભાસ્યું છે. પરોક્ષ જ્ઞાન જે છે દુઃખરૂપ છે એ જ સર્વસ્વ છે એમ ભાસ્યું છે.

'**અન્વયાર્થ :- જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વભાવિક જાણો; કારણ કે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો...**' એના ભાવમાં જો દુઃખરૂપ ભાવ ન હોય '**તો વિષયાર્થે વ્યાપાર ન હોય.**' તો પરને જોવાને વિષયોનો વેપાર એ કરે નહિ. વિષય તરફના ઝુકાવમાં ધસીને જાય છે એ હોઈ શકે નહિ. દુઃખી છે. સમજાય છે કાંઈ? નિર્ધનતા માટે દુઃખી છે, સરોગ માટે દુઃખી છે, શરીર કપાઈ જાય માટે દુઃખી છે એમ નહિ. જેને પરમાં પ્રીતિ છે એ ભાવ જ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? સ્વભાવની રુચિની પ્રીતિ નથી, પોતાનો આનંદ જ્ઞાનસ્વભાવ, પોતાની નિજ નિધિ એનો જેને પ્રેમ નથી, એને ઇન્દ્રિયના વિષયમાં પ્રેમ વર્તે છે અને એને લઈને સ્વભાવે દુઃખી છે. એ અર્થ વિસ્તારથી કરશે.

'**ટીકા :- જેમને હત ઇન્દ્રિયો જીવતી (-હયાત) છે,...**' ઇન્દ્રિયો હયાત છે. ઇન્દ્રિય તો હયાત છે કેવળીને પણ. એનો અર્થ કે જેણે ઇન્દ્રિયો પ્રત્યે પ્રીતિ કરી છે તેને ઇન્દ્રિયો જીવતી છે. સમજાય છે કાંઈ? ભગવાન અણીન્દ્રિય આત્મા, જડ ઇન્દ્રિયનો સ્વભાવ જડ છે એ આત્માના સ્વભાવથી ભિન્ન છે છતાં જેને ઇન્દ્રિયો પ્રત્યે પ્રીતિ છે, રુચિ છે એ સ્વભાવે દુઃખી છે. સંયોગો પ્રતિકૂળથી દુઃખી છે એમ નહિ. સમજાણું કાંઈ? ભારે વાત! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એની જો રુચિ અને પ્રીતિ હોય તો તો આત્મામાં આનંદ એ માને. અજ્ઞાનીને એ આત્માનો આનંદ અને જ્ઞાન એ હું છું એવું ભાન નથી. પ્રત્યક્ષ જે અતીન્દ્રિય છે એનું ભાન નથી તેથી ઇન્દ્રિયો પ્રત્યે જ એનો ઝુકાવ છે. એટલે મન અને ઇન્દ્રિયોથી થતું જ્ઞાન અને તેના પ્રત્યેની ઇન્દ્રિયો પ્રત્યેની વૃત્તિ એ વર્તમાન દુઃખી છે. એથી તે વિષયો તરફ ઝંપલાય છે.

અરે..! '**હત ઇન્દ્રિયો જીવતી છે,...**' ભાષા એટલી નાખી આચાર્યે વધારે. અરે..! નિકૃષ્ટતા જડ ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિય એ જીવતી છે '**તેમને દુઃખ ઉપાધિના કારણે નથી...**' તેમને દુઃખ શરીરમાં રોગ આવ્યો, નિર્ધનતા છે કે દીકરો નથી, વાંઝિયો છે, વાંઢો છે, રહેવાને ઘર નથી, સૂવાને મકાન નથી, ઓઢવાને કપડું નથી એથી દુઃખી નથી. એને પર તરફના ઇન્દ્રિયના વિષયનો પ્રેમ છે એ દુઃખ છે, બસ થઈ રહ્યું. સમજાય છે કાંઈ? આહા..હા..! અજ્ઞાનીને પર પ્રત્યે રુચિ છે. ધર્મીને ઇન્દ્રિયો જીવતી નથી. ધર્મીને તો આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય આનંદ છે એના પ્રેમમાં ઇન્દ્રિયનો પ્રેમ છૂટી ગયો છે. ઇન્દ્રિયના વિષયમાં રતિપણું જ્ઞાનીને, ધર્મીને છૂટી ગયું છે. સમજાણું કાંઈ? એને ધર્મી કહીએ. આમ ધર્મી-ધર્મી ધર્મ કરીએ એથી શું પણ?

ભગવાન આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદનો પિંડ પ્રભુ છે આત્મા. સચ્ચિદાનંદ સત્-શાશ્વત જ્ઞાન અને આનંદ છે એ. એનો જેને પ્રેમ છે એને ઇન્દ્રિયના વિષયનો પ્રેમ બળી ગયો છે. સમજાય છે કાંઈ? અને જેને ઇન્દ્રિયના વિષયનો પ્રેમ ને રતિ જીવતી ઇન્દ્રિયો છે એનો આત્મા અતીન્દ્રિય મરી ગયો છે. મરી ગયો એટલે? એની દૃષ્ટિમાં એનું વિદ્યમાનપણું ભાસતું નથી. સમજાય છે કાંઈ? મોટા મોટા મહાત્મા પણ, કહે છે, ક્રોધ, માન, માયા, લોભ લેવા માટે મરી પડે છે, એ બિચારા ઇન્દ્રિયના વિષયના પ્રેમી દુઃખી છે એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાની આબરૂ સાંભળવાના કામી, રૂપ જોવાના કામી, બીજા મોટપ આપે તેને જોવામાં તરફડિયા મારતો હોય, તલસતો હોય એને .. ક્યાં જાશે? આ જેને આવો પ્રેમ છે એને ઇન્દ્રિયો જીવતી (છે), તે દુઃખી છે બિચારો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેની મોટપ? બહારની કે અંદરની? કેની હશે વીરચંદભાઈ? બહારની મોટપ છે. હું મોટો... આહા..હા..! એ ઇન્દ્રિયો જીવતી, પરોક્ષ જ્ઞાન જીવતું છે, ચૈતન્યને મારી

નાખ્યું છે. એ સહેજે દુઃખી જ છે. સ્વભાવિક સહેજે દુઃખી છે. એને સંયોગ નથી કે સંયોગ અનુકૂળ હોય માટે દુઃખી છે કે દુઃખી નથી એ વ્યાખ્યા લાગુ પડતી નથી. આને તો અતીન્દ્રિય આનંદનું જીવન જ્યાં નથી, ભગવાન અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ પ્રભુ છે એની જ્યાં પ્રીતિ અને રુચિથી જીવતો જોયો, જાણ્યો, અનુભવ્યો નથી... સમજાય છે કાંઈ? એ વિષયના પ્રેમમાં ઝંપલાય છે ઈ. વિષય શબ્દે એકલો અશુભ એમ નહિ. દાખલો અશુભનો આપશે ભાઈ! નીચે શુભ-અશુભ બેયમાં ઝંપલાણો છે. અંતર વિષય છેડ્યો છે એટલે પરના શુભાશુભના પરિણામ વિષય જેટલા ત્યાં ઝંપલાવે છે ઈ. સમજાણું કાંઈ?

**'જેમને હત ઈન્દ્રિયો...'** અરે..! નીંદ્ય ને નિકૃષ્ટ ને હલકી એવી ઈન્દ્રિયો જેને ભાવેન્દ્રિય અથવા દ્રવ્યેન્દ્રિય **'જીવતી છે તેમને દુઃખ ઉપાધિના કારણે (-બાહ્ય સંયોગને લીધે, ઔપાધિક) નથી...'** બાહ્ય સંયોગને લીધે ઔપાધિક નથી પણ સ્વભાવિક દુઃખી છે. અંદરમાં કષાય અગ્નિથી સળગી રહ્યા છે. સમજાણું કાંઈ? ... મારી મહત્તા દેખાય. બાયડી ક્યાં એને હતી? અંદર જે પરમાં ઝંપલાય છે, રતિ કરે છે એ ટીકા કરે ત્યારે દુઃખી છે. પ્રીતિ છે એટલે પરમાં પ્રેમ કરે ને એ જાણે વિષયો મારો રોગનો .. આ બધો ઉપચાર છે. રોગનો પણ ઔષધ ઉપચાર છે ને? એમ એ રતિ કરે છે એને આ વિષય છોડવાનો ઉપચાર કરે એને ઉપચાર માને છે. એ ઉપચાર પણ સાચો નથી અને રતિ પણ સાચી નથી. સાચી નથી એટલે આત્માનું સ્વરૂપ નથી એમ. રતિ રતિપણે જીવતી અને સાચી છે. સમજાણું કાંઈ?

ધર્મીને ઈન્દ્રિયો જીવતી નથી એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાન અને ચૈતન્ય ને આનંદનો પિંડ પ્રભુ છે. એની જેને અંદર પ્રીતિ, રુચિથી આત્માનો સ્વીકાર કરીને આત્માને પામ્યો છે, ઈન્દ્રિયના વિષયનો પ્રેમ ધર્મીને હોતો જ નથી. સમજાણું કાંઈ? તે આબરૂ અનુકૂળ સાંભળીને ખુશી થાય એવું જ્ઞાનીને નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ વિષયભોગમાં વાસનામાં પડ્યો સુખી છે એમ માનતો નથી. જુઓ ધર્મની આ રીત છે. ધર્મ એટલે આમ ને આમ બહાર છોડવું અને બેસી જાવું ને આ શરીરથી વિષય ન લીધો માટે ધર્મ થયો, એમ નથી. જેણે અણીન્દ્રિય ભગવાન આત્મા દૃષ્ટિમાં, સ્વીકારમાં, સત્કારમાં લીધો નથી, એને આ ઈન્દ્રિયના વિષય તરફનું ઝંપલાવવું છૂટતું નથી. ત્યાં રતિમાં ગરકાવ થઈ ગયો છે એમ કહે છે. અરેરે..! .. એમાં એ જીવતી છે. એને સ્વાભાવિક દુઃખ જ છે. સમજાય છે કાંઈ?

નવમી ગ્રૈવેયક ગયો અગિયાર અંગને ભણનાર, નવ પૂર્વને ભણનાર, અઠ્યાવીશ મૂળગુણ પાળે, એ પણ દુઃખી હશે? ત્યાં ઈન્દ્રિયજ્ઞાન હશે? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે ભાઈ! ભગવાન આત્મા આનંદની, જ્ઞાનની મૂર્તિ અરૂપી ચિદ્‌ઘન અનાદિ-અનંત. શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ છે એની જેને પ્રીતિ (છે) તેને વિષયની પ્રીતિ ન હોય અને એની જેની પ્રીતિ નથી, રુચિ-દૃષ્ટિ થઈ નથી, એને પુણ્ય-પાપ અને ઈન્દ્રિયના વિષયમાં સુખ (દેખાય, પણ) ઈ સુખી નથી. એ નવમી ગ્રૈવેયકે ગયો હોય પણ ઈન્દ્રિયના વિષયમાં જ એને પ્રેમ (છે) એમ કહે

છે. આહા..હા..! હજારો રાણી છોડી હોય. સમજાણું? જંગલમાં નગ્ન મુનિ રહેતા હોય. પણ ભાઈ! ભગવાન આત્માનું પડખું છોડી દીધું. ફક્ત ઇન્દ્રિયના તરફના વલણનો જ એને વિકલ્પનો ભાવ છે. માટે એમાં ઝંપલાવ્યો છે, દુઃખી છે... દુઃખી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'કારણ કે **તેમને વિષયોમાં રતિ જોવામાં આવે છે.**' બાહ્ય પદાર્થમાં એને પ્રેમ જોવામાં આવે છે. અંતરમાં પ્રેમ જોવામાં આવતો નથી. '**તેઓ ખરેખર**-...' હવે દાખલો આપે છે. દાખલા તો સ્થૂળ છે હોં બધા. આમાં તો નહિતર એ નવમી ગ્રૈવેયકે મિથ્યાદષ્ટિ ગયો એને પણ ઇન્દ્રિયો જીવતી છે ખરેખર તો. અતીન્દ્રિય જ્ઞાયકમૂર્તિની જ્યાં દૃષ્ટિનું હયાતીપણું ભાસ્યું નથી એટલે ત્યાં જ એનું જીવતાપણું ઊપજીને પરોક્ષ જ્ઞાનનું જીવતાપણું છે. એ પરોક્ષ જ્ઞાન જ ઇન્દ્રિય અને મનને થતું અને તેના તરફ વલણવાળો ભાવ એ પ્રેમ તે દુઃખ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેમને વિષયોમાં રતિ જોવામાં આવે છે. તેઓ ખરેખર—જેમ હાથી હાથણીરૂપી કૂટણીના ગાત્રના સ્પર્શ તરફ,...**' ઝુકે છે. હાથી છે એ હાથણીના શરીરનો સ્પર્શ કરવા ધસે છે. સમજાણું કાંઈ? '**હાથી હાથણીરૂપી કૂટણી...**' જુઓ! કૂટણી હોય કે અનુકૂળ .. રસ કરવા. લાકડાનું બનાવે એક કપડાનું બનાવીને નાખે છે ને ખાડા ઉપર. એના ઉપર સ્પર્શ કરવા ધસે છે. કહે છે, એ '**ગાત્રના સ્પર્શ તરફ,..**' '**ધસતા જોવામાં આવે છે.**' એમ છે ને છેલ્લે? આમ ભગવાનમાંથી તો ખસી જાય છે. ત્યાં ધસે છે. શરીરને સ્પર્શ લેવા ધસે છે, ઝંપલાય છે, ઝાંવા નાખે છે. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ હોવા છતાં એની એને ખબર નથી. તેથી જીવતી ઇન્દ્રિયોના વિષયોમાં ધસે છે. એને જીવતી જાણે એ જ છે એમ. આ અતીન્દ્રિય આનંદ છું એ છે નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને આવું નહિ હોય? ના. ઇન્દ્રિય તરફ એ ધસતો જ નથી. સમજાણું કાંઈ? વિકલ્પ આદિ હોય છે અને એ ક્રિયાઓ હોય છે એ બધી જડની છે, વિકલ્પમાં જેને રુચિ અને પ્રેમ નથી. જેને આત્મા અતીન્દ્રિય આત્મા ભગવાન પરમેશ્વરે કહેલો એ આત્મા જ્ઞાનમાં લઈને જેને આનંદનો પ્રેમ છે એને આ ઇન્દ્રિય તરફના ઝુકાવ છે જ નહિ એમ કહે છે. ઓહો..! છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં ચક્રવર્તી દેખાય છે તે ભોગમાં દેખાય ને. બાપુ! એ ... ભાઈ! એના તરફ રુચિ નથી એટલે એના તરફ એ ધસ્યા નથી. ભગવાન આત્માની દૃષ્ટિ હોવાથી આનંદમાં ધસેલા છે. સમજાણું કાંઈ? બહુ ભારે ભાઈ! દુનિયા સાથે તો કાંઈ મેળ ખાય એવું નથી. કહો, સમજાણું કાંઈ?

'**હાથી હાથણીરૂપી કૂટણી...**' કૂટણી એટલે એમ જીવતી હોય કે ખોટી ઓલી બનાવેલી એના '**ગાત્રના સ્પર્શ...**' કરવા ધસે છે. '**મચ્છ (માછલાને પકડવા માટે રાખેલા લોખંડના) કાંટામાંના આમિષના સ્વાદ તરફ,..**' ધસે છે. કાંટામાં રહેલો કોઈ લલચાવવા માટે રાખેલી ખાવાની વસ્તુ. લોટના ગોળા નાખે છે અત્યારે. લોટ હોય ને લોટ એના કરે લોયા અને

લોઢાનો ખાંચો હોય ને એમાં નાખે. ... માછલું આવે ખાવા તો કાંટો ગરી જાય. ત્યાં અમારે પાલેજમાં જોયેલું. તળાવ છે ને ત્યાં પાણી .. મુસલમાનોનું ગામ છે, મુસલમાન આવે ત્યાં. પછી લોટ નાખીને પકડી લે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ આ તો માંસને તો રાખે, એ કરતા આ તો લોટ રાખે એમ મારું કહેવું છે. એ તો રાખે. અહીં તો સમુચ્ચય લીધું છે ને. આમિષ એટલે ખાવાની વસ્તુ. કોઈ પણ એક સડેલુ બટકું નાખે, રોટલીનું નાખે, પૂરીનું નાખે, મરચાનું નાખે, કોઈપણ એક કટકો લ્યો, કાં માંસનો કટકો. માંસ તો ઘરે ઘરે ક્યાંથી હોય સાધારણને. ગરીબ માણસ હોય, માછલા મારવા તો જાતા હોય. સમજાય છે?

કહે છે કે '**(માછલાને પકડવા માટે રાખેલા લોખંડના) કાંટામાંના આમિષના...**' કોઈ ખાવાની મીઠાશવાળી ચીજના સ્વાદ તરફ ધસે છે. મરી જઈશ એમ એને ખબર નથી. પણ એ પ્રેમમાં આમ ખાવા જાય છે ત્યાં કાંટો ગરી જાય છે. .. ખાવા જાય ત્યાં માથું ગરી જાય, ખુંચી જાય. આ તો દાખલો છે હોં. જગતમાં કાંઈ.. અરે..! અતીન્દ્રિય આનંદનો ખીલો ધામ ભગવાન એમાંથી છૂટી અને આ વિષયમાં ધસી જાય છે કહે છે. સમજાય છે કાંઈ? એ સ્વાદમાં પરના સ્વાદમાં તેને ધસારો થઈ જાય છે. ... ને અંદર ત્યાં ધસી જાય. મરચા.. મોળા મરચાના ભજીયા હોય, લાડવા દૂધના કરેલા હોય, શું કહેવાય? સમજ્યાને? દૂધના શું કહેવાય તમારે? રસગુલ્લા. એ રસગુલ્લા બધા. આહા..હા..! શું છે પણ? આ તો માટી, ધૂળ છે. .. મળે છે એ .. દેખાય છે કે જડની પર્યાય છે, બીજું શું? જડની પર્યાય છે. પર્યાય એનું રૂપ છે એ વખતે. કોઈ વખતે વિષય(રૂપ) એ તો બધું પર્યાયનું રૂપ છે. સમજાણું? .. આવે ને ઊંચા બહુ મીઠા. આ ભાઈ છે ને .. એ ત્યાં ઠેકાણે .. એ લોકો બિચારા બહુ .. ખાય. સારામાં સારી ખજુરી હોય, સારામાં સારા. એ તો લાખોના વેપારી છે. સારામાં સારો ખજુર આપો. ખજુર ને ઘી. ... ખારેક નથી? સાકરી ખારેક. ખારેકની પણ ઘણી જાત. એની પાસે તો બધી જાત છે. મોટો વેપારી છે ને. સાકરી ખારેક ભરી હતી અને વાસણમાં દૂધ હતું. .. કાચની બરણી જુદી જુદી જાતની. સાકરી ખારેક.. આહા..હા..! એમ કહેતા જ એને મીઠાશ આવે. સાકરી ખારેક. .. પોતે .. માછલાની પેઠે ધસે. ભારે .. બાપુ! એ તો જડ છે ને. તને ઇન્દ્રિયના વિષયનો પ્રેમ થઈ ગયો. પ્રેમનો અર્થ કાંઈ એમ નથી કે માંસ જ ખાય તો ઇન્દ્રિયના વિષય છે. સમજાણું કાંઈ? આવા પદાર્થ પ્રત્યે જેને પ્રેમ એની ઇન્દ્રિયો જીવતી છે એટલે દુઃખી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ એનું ક્યાં છે? .. છે અંદર. સમજાય છે?

'**ભ્રમર સંકોચસંમુખ અરવિંદની ગંધ તરફ,...**' ધસતા. લ્યો ઓલો સ્વાદ તરફ ધસે

છે. ભમરો-ભમરો. પાછો દાખલો કેવો? જુઓ ભમરો. ઓલો દાખલો આપ્યો હતો પહેલો સ્પર્શનો, બીજો આપ્યો હતો રસનો, ત્રીજો આપે છે રૂપનો. સમજાણું કાંઈ? આ ગંધનો. ગંધનો. '**સંકોચસંમુખ...**' પાછું કેવી રીતે છે કે કમળ હોય ને અરવિંદ ભમરો પેસે અંદર. આવું સુંદર. સાંજે આમ સંકોચવાની તૈયારી હોય. બિડાઈ જાય. તે કાળે આવીને કમળ થાય ભેગું .. જાય છે. ભમરો .. જાય છે ભેગો. '**ભ્રમર સંકોચસંમુખ અરવિંદ...**' એમ. જે કમળ છે તે આમ સંકોચ થવાની તૈયારી છે આમ જરી. એમાં ગંધના સ્વાદમાં. કોઈ આવી ગંધ તરફ '**(બિડાઈ જવાની તૈયારીવાળા કમળની) ગંધ તરફ,...**' લ્યો! આમ ગંધ હોય ને સુગંધ ઘણી. ગયો તો મરી ગયો. સમજાણું કાંઈ? ઝાડ હોય છે ને ફૂલઝાડ ને એમાં પ્રવેશે ત્યાં આહા..હા..! ઝંપલાય છે. અતીન્દ્રિય આનંદ મારામાં છે એ ભૂલી જાય છે. અહીં આનંદ છે એ બધા જીવતા છે એની ઇન્દ્રિયો. દુઃખી છે ત્યાં. સમજાણું? સમજાણું કાંઈ?

'**પતંગ...**' આ રૂપ આવ્યું. '**પતંગ દીવાની જ્યોતના રૂપ તરફ...**' ધસે છે. લ્યો! પતંગિયું દીવાની જ્યોત આમ જાણે સોનાનો કળશ હોય એમ ઝગમગ થાય. રૂપ, સ્પર્શ. '**દીવાની જ્યોતના રૂપ તરફ...**' ધસે છે. જો દુઃખી ન હોય તો આમ કેમ કરે? એમ કહે છે. એ '**કુરંગ...**' કુરંગ એટલે હરણ. '**શિકારીના સંગીતના સ્વર તરફ ધસતા જોવામાં આવે છે...**' હરણા આમ આવે ને. વીણા લઈને બેઠો શિકારી. એના ઉપર એનું ધ્યાન હોય સંગીત સાંભળવામાં. પણ હમણા મારશે. બેઠો હોય બરાબર સરખો અને સંગીત ઉપર ધ્યાન ગયું સરખું એનું. ... જાય. એના તરફ એનું ધ્યાન નથી. કહો, સમજાય છે કાંઈ? અહીંયાં જ્ઞાનતત્ત્વ અધિકારમાં પ્રત્યક્ષ જ્ઞાનનો જ્યાં અતીન્દ્રિય આનંદનો અભાવ છે તેને ઇન્દ્રિય અને મન તરફ ધસાતા પરોક્ષ જ્ઞાનમાં દુઃખ છે એમ સિદ્ધ કરવા માગે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

સ્વર. એ '**સ્વર તરફ ધસતા જોવામાં આવે છે...**' એમ આ આબરૂ, કીર્તિ, અભિનંદન. અભિનંદના ગ્રંથો અને અભિનંદના પાંદડા. પાંદડા એટલે આ કાગળો. અભિનંદન પત્રો. અંદરથી ગલગલિયા થાય. બહારમાં એમ કે તમે અમને આ પુરસ્કાર આપ્યો છે એટલી એને જરૂર નથી, પણ તમારી એને મોટપ છે એમ કરીને પોતે એને દઈ દે. આહા..હા..! પોતાને જન્મજયંતી ઉજવવાનો હરખ હોય. એ બધા એના વખાણ થાય ને એ ત્યાં ઝંપલાણો છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ભાઈ! તે શું છે? અહીં ભગવાન આત્મા બિરાજે છે ચૈતન્ય પ્રભુ, એના સમીપપણા છોડી અને આ દૂર ક્યાં વર્ત્યો? દૂર ક્યાં વર્ત્યો? સમજાય છે કાંઈ? એ દૂર વર્તવામાં તો એકલું દુઃખ છે, ભગવાન! એમ કહે છે. સમજાણું કાંઈ? .. એને લાગતું નથી. ખુશી થઈ જાય. આહા..હા..! ... આવ્યું છે ને. જન્મજયંતી ને શું કહેવાય આ બધું? જાતો હોય ત્યારે એને વિદાય સમારોહ, ઢીંકણા સમારોહ, ૨૦ વર્ષ અહીં કામ કર્યું હવે

જાય તો તેનો સમારોહ. ભેગા થઈને એય..! ઝપટ મારતા હોય છે. બીજા ન કરતા હોય તો બે જણા ઊભા કરે અંદરથી. સંબંધી હોય ને ઊભા કરે. ... આહા..હા..! દુઃખી છે બિચારા. એમ કહે છે અહીં તો. જેઠાભાઈ! એ દુઃખી છે બિચારા માટે આવા ઉપાય કરે છે એમ કહે છે. આહા..હા..! ..ભાઈ!

લાતીવાળા મોટા કહેવાય ત્યાં ..માં. લ્યો! ..ભાઈ! લાતીવાળા છે મોટા વેપારી છે. ક્યાં ગયા લલીતભાઈ આવ્યા છે ને. આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? બહુ તમને ત્યાં મોટા વખાણ કરે છે માણસો લ્યો! અમુલખભાઈ તો આમ. લાગણી આ તરફ વળી ગઈ છે ને એટલે. ત્રણ ગામમાં લાતીનો વેપાર. વઢવાણ, કાંપ અને જોરાવર. પેદાશો મોટી સારી છે ને આમ છે ને તેમ છે એમ લોકો વાતું કરે. આ તો અમુલખભાઈ બેઠા છે ને ઠીક! લાખ-બે લાખના લાકડા એય.. મોટા. શું છે ભાઈ! પરમાં ત્યાં કલ્પના બાપા! એમાં ઝંપલાઈ ગયો એ ચૈતન્યના જીવનની જ્યોત આનંદની એ અવરાઈ ગઈ. આહા..હા..! ચૈતન્યનો આનંદ જે ભગવાન એ ઝાંખો પડી ગયો પ્રભુ! એમ કહે છે. સમજાય છે કાંઈ? અને બહારના તેજમાં તને બધું તેજ લાગે છે બાપુ! તને ધર્મની દૃષ્ટિ નથી એમ કહે છે. આહા..હા..! જાદવજીભાઈ! 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરે આવો માર્ગ વીતરાગદેવે કહ્યો છે. ભાઈ!..! તું અતીન્દ્રિય આનંદની વીતરાગ વિજ્ઞાન પ્રભુ મૂર્તિ છો ને તું. અરે..! એના પ્રેમ છોડીને તને આ પ્રેમ ક્યાંથી? સમજાય છે? તારી જીવતી જ્યોતને જીવતી રાખી નહિ અને મરી ગયેલી હત ઇન્દ્રિયને જીવતી રાખી એમ કહે છે જુઓને. નિંદ્ય... નિંદ્ય, નિકૃષ્ટ, મરી ગયેલી છે એ તો બધી. આહા..હા..! જુઓ! જ્ઞાનતત્ત્વના પ્રજ્ઞાપનમાં કઈ રીતે દેખે છે આ ધર્મ અને અધર્મની વાત. કુંદકુંદાચાર્યની શૈલી જ કોઈ અજબગજબની વાત છે. ચૈતન્યતત્ત્વમાંથી ધર્મ-અધર્મ બે વાત કાઢી મૂકે. હવે જ્ઞાનતત્ત્વમાં અધર્મ જ્ઞાન અને ધર્મ જ્ઞાન બે કાઢ્યા અંદરથી. સમજાણું કાંઈ?

કહે છે '**સ્વર તરફ ધસતા જોવામાં આવે છે.**' સ્વર આવ્યુંને આ? એમાં સ્વર એટલે શબ્દો, આબરૂ, કીર્તિ, સાંભળવા .. બિચારા. કોઈ પણ રીતે જલસા કરવા, આમ કરવું, તેમ કરવું. જમણ કરવા. બેસણા કરીને જમણ કરે મા-બાપના મરી ગયા પછી. દાડા કરે પછી ઢસરડા કરે. બહારમાં એમ કે સારું કરવાનું છે. આહા..હા..! અને મા-બાપને પીપળેથી નીચે ઉતાર્યા ભાઈ એમ કહેવું છે. સાંભળ્યું છે એ? સાંભળ્યું નહિ હોય ભગવાનભાઈએ. મરી ગયા હોય ને દાડો ન કર્યો હોય, દાડો સમજ્યાને? જમણ. તમારે તો કરે. તો ત્યાં સુધી પીપળે ચડાવ્યા કહેવાય એને. નીચે ઉતાર્યા હવે દાડો કર્યો તો. દુનિયાની આ ભાષાઓ બધી અહીં તો જાણેલી છે ને, બધી સાંભળેલી છે ને આ દેશની.

અમારે આણંદજીના બાપ ગુજરી ગયા તે દિ' કાંઈ નહોતું. પછી હમણા દા'ડો કર્યો પાછળથી. તે દિ' ૧૨ રૂપિયાની નોકરી હતી મહિનાની. નાગરભાઈ ..ની. મહિને ૧૨. પછી

દા'ડો શું કરે? પછી હમણા કાંઈ .. હશે તો દાડો કર્યો ત્રણ હજાર ખર્ચ્યા. ઓહો..હો..! માતાને પીપળથી ઉતાર્યા નીચે. નહિતર ચડ્યા હતા. એ તો બિચારા ક્યાંય વયા ગયા હશે ચાર ગતિમાં રખડવા. દુનિયાને એની મીઠાશ સાંભળવી ગોઠે છે એને. અમને સારા કહે છે હોં! અમે બાપના દાડા સારા કર્યા. ઉજળું કર્યું. એય..! જાદવજીભાઈ! આપણે એમ કહે છે કે નહિ? ઉજળું ઘણું કર્યું ભાઈ!

મુમુક્ષુ :- સાંજનું કરે તો

ઉત્તર :- હા સાંજનું કરે તો બ્રાહ્મણ .. બહુ કરતા. સાંજનું જમણ કરે તો, શું કહેવાય? શ્રીમાળી બ્રાહ્મણ. દરેકને રૂપિયો-રૂપિયો આપે. અત્યારે વળી વધી ગયું. હવે એ બ્રાહ્મણ ક્યાં રહ્યા. પણ તે દિ' હતું. અરેરે..! મરી ગયો પણ કહે છે કે બહારની પ્રશંસા ને આબરુમાં. એ શબ્દો સાંભળીને એ .. દુઃખ ન હોય તો ત્યાં સાંભળવા રોકાણો કેમ? કહે છે સમજાણું કાંઈ? એને દુઃખ ન હોય અને રતિ ન હોય તો એ રોકાણો કેમ એને સાંભળવા? અહીં કેમ રોકાણો છે? ત્યાં કેમ ન ગયો અંદર? સમજાણું કાંઈ? જુઓ! આ રીતે પણ અધર્મ થાય છે અને સ્વરૂપના ધર્મને પણ ભૂલે છે એમ કહે છે. આહા..હા..!

'**તેમ—દુર્નિવાર ઇન્દ્રિયવેદનાને વશીભૂત થયા થકા,...**' આ તો એક દાખલો સાધારણ હતો હોં! તેમ દુર્નિવાર—વારી ન શકાય એવી '**ઇન્દ્રિયવેદનાને વશીભૂત થયા થકા,...**' ઇન્દ્રિયોની વેદનામાં અંદર આકુળતા થઈ રાગની... રાગની... રાગની... '**જોકે વિષયોનો નાશ અતિ નિકટ છે...**' શું કહે છે? એ વિષયો તો ક્ષણિક છે. બદલાય જશે ક્ષણિકમાં. આબરૂ બદલાય, શરીર બદલાય, ભોગ બદલાય, સ્ત્રીનું શરીર ક્ષણમાં બદલાય, ઈયળું પડે, ઘડીકમાં બદલાય. સમજાણું? એના એ શરીર માખણ જેવા સારા લાગતા હોય એમાં ને એમાં ચુડેલ જેવી બાઈ લાગે એ બધા ચામડા સુકાઈ જાય. ક્ષણિક વસ્તુ છે, એ ક્યાં ત્રિકાળી છે? સમજાણું કાંઈ?

કહે છે '**દુર્નિવાર ઇન્દ્રિયવેદનાને વશીભૂત થતા થકા, જોકે વિષયોનો નાશ અતિ નિકટ છે...**' એટલે? એ વિષયો તો ક્ષણિક છે. એ રૂપનું જોવું, શબ્દનું સાંભળવું, આબરૂ, ખાવાનો રસ આદિ એ તો ક્ષણિક છે. ક્ષણમાં પડશે. '**તોપણ, વિષયો તરફ ધસતા જોવામાં આવે છે.**' એવા ક્ષણિક વિષયો તરફ દોડતા, ધસતા, લપટતા, પડતા દેખવામાં આવે છે. જુઓને કેટલી વાત કરી છે! સમજાણું કાંઈ? '**અને જો તેમને દુઃખ સ્વભાવિક છે એમ ન સ્વીકારવામાં આવે તો...**' જો હવે આ કહે છે. '**જો તેમને દુઃખ સ્વભાવિક છે...**' પાંચેય ઇન્દ્રિયના શુભ-અશુભ ..માં ઝુકાવ કરતા પ્રેમ વર્તે છે અને દુઃખી છે. અને જો દુઃખી ન હોય. '**એમ ન સ્વીકારવામાં આવે તો...**' દાખલો આપે છે.

'**જેમ જેને શીતજ્વર ઉપશાંત થઈ ગયો હોય...**' એ ટાઢિયો તાવ નીકળી ગયો. '**તે પરસેવો વળે એવો ઉપચાર કરતો જોવામાં આવતો નથી,...**' ટાઢ્યો તાવ ગયા

પછી ગોદડા ઓઢતા હશે કોઈ? કાઢો.. કાઢો. ટાઢિયો આવે ત્યારે નાખો-નાખો. .. પંખો કોઈ નાખશો નહિ હોં પાછો એમ કહે. ..કાઢો. લૂગડા કાઢો. રજાઈ નાખી હોય મજબુત. પવન ન આવે એમાંથી. કહે છે, જો એ દુઃખસ્વભાવિક પાંચ ઈન્દ્રિય તરફના રતિના પ્રેમમાં તેને સહજ-સ્વભાવિક સદ્ભાવ દુઃખ ન હોય તો, જેમ જેને ટાઢિયો તાવ નીકળી ગયો, પછી પરસેવો વળે એવા ઉપચાર કરતો જોવામાં આવતો નથી. પછી આવે? પરસેવો વળે પરસેવો. એ લૂગડા ઢાંકો રે લૂગડા ઢાંકો, પરસેવો વળે છે. પણ એ તો ઊનો હોય ત્યારે. ઓલો ટાઢ્યો થાય ત્યારે. ફટ જ્યાં આવે તો કહે કાઢી નાખો. એમ કે ઉપચાર કરતો દેખવામાં આવતો નથી. ત્યાં તો ઉપચાર કરતો દેખવામાં આવે છે. ઈન્દ્રિયના વિષયનો ઉપચાર કરતો દેખવામાં આવે છે. માટે દુઃખી છે. એમ કહે છે. આહા..હા..!

એનો અર્થ એવો નથી કે આ ભોગ ને વિષય ને બાયડી-છોકરા છોડી દીધા માટે એનો વિષય છોડ્યા એમ એનો અર્થ નથી. એને અંદરમાં ઈન્દ્રિય અને મનનું પરોક્ષ જ્ઞાન છે, એમાં જેને પ્રેમ છે તેને ઈન્દ્રિય જીવતી છે, એને અતીન્દ્રિય આત્માનું ભાન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એટલે આમ જાણે ત્યાગો ત્યારે આપણે છોડી દ્યો. શું છોડે? બહારનું છોડવું ક્યાં છે અંદર? અંદરમાં ઈન્દ્રિયના વિષયમાં પ્રેમ છે તે ભલે બહારના વિષયો છૂટી ગયા હોય તોપણ અંદરમાં .. રાગરૂપી પડી છે તે ઈન્દ્રિયનું વિષય જ એને .. છે. અને તેથી સાંભળવા, આબરૂ, કીર્તિ એનું વલણ એને ભોગમાંથી ભ્રમ કરે છે એમ આવે છે ને. ત્યાં એની રતિ વિકાર ઉપર છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અણિન્દ્રિય અનાકુળ આનંદનો કંદ પ્રભુ છે એમાં એને પ્રીતિ નથી. એને આ ઈન્દ્રિયના વિષયમાં પ્રીતિ, નગ્નમુનિ થયો હોય તો એને પ્રીતિ છે અંદરમાં. અભિપ્રાયના કષાયનો પ્રેમ છે તેને ઈન્દ્રિયના વિષયનો પ્રેમ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આબરૂ માટે ડોલતો ફરે, આ ખાવા માટે ડોલતો ફરે. .. થાય છે. સમજ્યાને? .. સારા થાય તો પહોંચી જાય. .. પહોંચી જાય. વેશ્યા નાચતી હોય. વેશ્યા નાચતી હોય .. ત્યાં ..માં ઘણા. કોઈ લગન કરે તો વેશ્યાને લાવે. વેશ્યાને લાવે લગનમાં ત્યારે સારા વિવાહ કર્યા કરે. વેશ્યા નાચે. મુંબઈથી આવે. ત્યારે એને આહા..હા..! નખરા કરે. એ વખતે પૈસા માગે. પૈસા આપે એને ૨૫, ૫૦ રૂપિયા. છોટાભાઈ! છે તમારે જુનાગઢમાં હતું? .. આ તો બધું જોયેલું પાછું. જોવા ગયા હતા ને ત્યાં જોવા કે શું છે તે આ? .. ગામ જોડે છે ને પાલેજ. વેશ્યાઓ નાચે. એ કહે છે કે આ જો દુઃખી ન હોય તો ટાઢિયો તાવ ગયા પછી પરસેવો વળે એવો કોઈ ઉપચાર કરતો હશે? એમ ઈન્દ્રિયના વિષયમાં દુઃખી ન હોય તો એ વ્યાપાર કરે શું કરવા?

'**દાહજ્વર ઉતરી ગયો હોય...**' જુઓ ઊનો તાવ. '**એ કાંજીથી શરીર ઝારતો જોવામાં આવતો નથી,...**' કાંજી સમજ્યાને? ..પરાશ પરાશ. છાશ હોય ને પાતળી? પોતા

મૂકે. પરાશ હોય ને એ મૂકે. એ મટી ગયો હોય એ પોતા મૂકતા હશે? એમ વિષયની વાસના જો ન હોય તો આ ઝાંવા શું કરવા નાખે છે પરમાં? ઉપચાર શું કરવા કરે છે? જો દુઃખ ન હોય તો ઉપચાર કરે છે શું કરવા? એમ કહે છે. સમજાણું કાંઈ? કેટલું આચાર્યોએ એક ગાથામાં કેટલું કાઢ્યું જુઓ! અમૃતચંદ્રાચાર્યે. '**ઝારતો જોવામાં આવતો નથી, જેને આંખનો દુઃખાવો નિવૃત્ત થયો હોય તે વટાચૂર્ણ (-શંખ વગેરેનું ચૂર્ણ) આંજતો જોવામાં આવતો નથી,...**' આંખ દુઃખતી મટી ગઈ હોય પછી આંજતા હશે? આંજો. ટીપા-ટીપા આંજો. શું છે પણ હવે? સમજાણું કાંઈ? એમ જો વિષયના સુખમાં એની પ્રીતિ ન હોય તો ઝાંવા વિષયના ઉપચાર કરે શું કરવા? આ તો દુઃખી છે એ. એ વિષયની વાસના સાંભળવાની, જોવાની એ બધા દુઃખી છે. આહા..હા..! એથી બધા ઉપચારો સાંભળવાના, ભોગના આદિ કરે છે. સમજાણું કાંઈ આમાં? જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપનમાં આ અધિકાર શું? તો એ જ અધિકાર છે મન અને ઇન્દ્રિયમાં જેનું લક્ષ છે એનું વિષયમાં જ લક્ષ છે. પર ઉપર જ એનું લક્ષ છે. સ્વનું લક્ષ નથી.

'**વટાચૂર્ણ (-શંખ વગેરેનું ચૂર્ણ) આંજતો જોવામાં આવતો નથી, જેને કર્ણશૂળ નષ્ટ થયું હોય તે કાનમાં...**' બહુ ઓલું થયું હોય પછી બકરાનું મૂતર નાખે અંદર. '**કર્ણશૂળ નષ્ટ થયું હોય તે કાનમાં બકરાનું મૂત્ર નાખતો જોવામાં આવતો નથી..**' એ એનો ઉપચાર છે એ. બહુ ઓલું થાતું હોય ને. આપણે સાધારણ તેલ નાખે. તેલ ઊનું કરે ને રૂથી આમ ટીપાં નાખે. પણ મટી ગયું દુઃખ, એ ટીપા નખાવતો હશે? આચાર્યને બધી ઔષધની પણ ખબર છે. આહા..હા..! '**આંજતો જોવામાં આવતો નથી, જેને કર્ણશૂળ નષ્ટ થયું હોય તે કાનમાં બકરાનું મૂત્ર નાખતો જોવામાં આવતો નથી અને જેને વ્રણ (ઘા) રુઝાઈ ગયો હોય તે લેપ કરતો જોવામાં આવતો નથી...**' આ સ્પર્શનું આવ્યું પાછું. સમજ્યાને? આ ઘા રુઝાઈ ગયો હોય પછી લેપ કરતો દેખવામાં આવે છે? ચોડો, ચોપડો, ચોપડો. સમજાય છે?

'**તેમ—તેમને વિષયવ્યાપાર ન જોવામાં આવવો જોઈએ.**' તેમ અજ્ઞાનીને, વિષયના પ્રેમમાં ત્યાં જોડાઈ જાય છે ઉપચાર કરવા એ હોવું જોઈએ નહિ. માટે દુઃખી છે. સુખનો રોગ એને છે માટે ઉપચાર કરવા મથે છે. કહો, બરાબર છે? ભારે વાત જુઓ! હવે આમાં ધર્મ શું આવ્યો પણ આમાં? સમજાણું કાંઈ? આમાં બતાવવું છે શું પણ તમારે આવી વાત કરીને? કે ભાઈ! જેને ઇન્દ્રિયો તરફના મનવાળા જ્ઞાનવાળી અને પરમાં રતિવાળો ભાવ એ દુઃખરૂપ છે, માટે તેને છોડ અને અતીન્દ્રિય, આનંદ, જ્ઞાન તેની રુચિ અને દૃષ્ટિ કર. તો તને પાંચ ઇન્દ્રિયના વિષયનો પ્રેમ છૂટી જશે. આસક્તિ રહેશે એની ગણતરી અહીં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેમ—તેમને વિષયવ્યાપાર ન જોવામાં આવવો જોઈએ.**' એમ કહે છે. ન આવવો

જોઈએ. જેમ ઓલાને ઉપચાર કરતો જોવામાં આવતો નથી. તો આને ઇન્દ્રિયના વિષયનો વેપાર જોવામાં આવવો ન જોઈએ. **'પરંતુ તે તો (વિષયોમાં પ્રવૃત્તિ તો) જોવામાં આવે છે.'** રૂપને દેખે, ભોગમાં ભટકાય, રસના સ્વાદમાં. ખબર હોય કે પણ આ ખાવાથી મરી જઈશ. દુઃખ થાય. અરે..! ક્ષય લાગુ પડ્યો છે, હવે આ રહેવા દે ચુરમા લાડુ ખાવા. તોપણ એ રસનો માર્યો દુઃખી થાય છે. થોડું ખાઈ લઉં, થોડું ખાઈ લઉં. સમજાણું? આમાં હતું ને ક્ષયનું. એક માણસ ક્ષયમાં ઘણો વખત રહ્યો ત્યાં. પછી સારું થઈ ગયું. સવારે જાવું હતું ઘરે. ત્યાં કોઈ રાતે .. ગોટો વાળ્યો. સમજાય છે? એક કામ કરતી હતી બાઈ અને એને પ્રેમ થઈ ગયો બે, ચાર, છ, આઠ મહિના રહીને. .. થઈ રહ્યું. બીજે દિ' જાવું હતું ઘરે. ગયો ઘરે. સવારે ઉઠ્યો તો શું થઈ ગયું આ? થઈ રહ્યું. દુઃખી... દુઃખી... દુઃખી... છે. મરી ગયો. સવારમાં સ્મશાનમાં. ઘરે જાવું હતું. રજા આપી દીધી હતી. આવા મરણને દેખે તોપણ પર પ્રત્યેનો પ્રેમ છોડતો નથી અને આત્માનો પ્રેમ કરતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'માટે (સિદ્ધ થાય છે કે) જેમને ઇન્દ્રિયો જીવતી છે...'** જુઓ! છેલ્લો શબ્દ છે ને એ? **'जीवदिन्द्रियाः परोक्षज्ञानिनः'** છે ને મૂળ પાઠમાં છે. સંસ્કૃતમાં છે. **'જેમને ઇન્દ્રિયો જીવતી છે તેવા પરોક્ષજ્ઞાનવાળાઓને દુઃખ સ્વભાવિક જ છે.'** લ્યો! આમ સિદ્ધ કરવું છે. **'જેમને ઇન્દ્રિયો જીવતી છે તેવા પરોક્ષજ્ઞાનવાળાઓને...'** જુઓ સરવાળો લાવ્યા આ. આહા..હા..! મતિશ્રુત જ્ઞાન સ્વને માટે પ્રત્યક્ષ છે. સમજાણું કાંઈ? મતિશ્રુત જ્ઞાન સ્વ માટે પ્રત્યક્ષ છે. જ્ઞાનમાં આનંદનું વેદન એવું એને ભાન છે. તેને પરોક્ષજ્ઞાન નથી. પરને માટે ભલે પરોક્ષ થયો હોય તોપણ તેને પર પ્રત્યેની રુચિ હોતી નથી. શું કીધું સમજાણું કાંઈ?

જેણે મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ... આવ્યું હતું આપણે સવારમાં. પરની અપેક્ષા નથી, એ મતિશ્રુતથી પોતાને અનુભવવા-જાણવામાં પરની અપેક્ષા નથી. માટે તેને પ્રત્યક્ષ કહેવામાં આવ્યું છે. અથવા તે જ્ઞાનના સ્વને જાણવા માટે પરનો આશ્રય છે નહિ. સ્વસંવેદન સીધું છે. માટે મતિ, શ્રુતને અણિન્દ્રિય પ્રત્યક્ષ કહેવામાં આવ્યું છે. અણિન્દ્રિય જ્ઞાન છે એ. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનમાં મતિશ્રુતજ્ઞાન સ્વને માટે પ્રત્યક્ષ છે. એ જ્ઞાનમાં કોઈ નિમિત્ત, રાગની અપેક્ષા નથી. સ્વસંવેદન. સ્વને સં-પ્રત્યક્ષ વેદન છે. તેથી તે ધર્મીને પરના વિષયોમાં, ઇન્દ્રિયોમાં એની રુચિ છે નહિ. એને ઇન્દ્રિયો પ્રત્યે પ્રેમ છે જ નહિ. આહા..હા..! ઇન્દ્રિયો મરી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય પણ ઇન્દ્રિય મરી ગઈ છે કહે છે. એ મરી ગયો છે બહારથી. અંદરથી જીવતો છે. આ ઇન્દ્રિયના વિષયના રૂપીવાળા અંદરથી મરી ગયા છે આત્મામાંથી. ઇન્દ્રિયોને જીવતી ભાળી છે. આહા..હા..! કઈ રીતે પણ? ધર્મ અને અધર્મની રીત અને કળા કહે છે, સાધારણ સમાજને સાંભળવું મળે નહિ, એનો વિવેક કરવાનો વખત ક્યાંથી આવે એને? સમજાણું કાંઈ? ઓહો..હો..!

આ રીતે અજ્ઞાન છે અને આ રીતે જ્ઞાન છે, આ રીતે મિથ્યાબુદ્ધિ છે, આ રીતે સમ્યક્બુદ્ધિ છે એવા વિવેકની જેને ખબર નથી અને એવું સાંભળવાને જેને મળતું નથી. એ કઈ રીતે વિવેક કરે? સમજાણું કાંઈ?

કહે છે, બહુ સરસ વાત કરી છે હોં! આ જ્યાં સુધી ઇન્દ્રિયોને જીવતી રાખી પરોક્ષવાળાને... મરી ગઈ છે ઇન્દ્રિય. જે જ્ઞાનમાં ઇન્દ્રિયો અને મન નિમિત્ત છે એ ઇન્દ્રિયો તરફના ઘસારામાં આમાં આ આવ્યું, આ આવ્યું. સમજાણું? આ વાંચી લઉં, જોઈ લઉં, સાંભળી લઉં એવો અંદર ઝંપલાવે છે એ દુઃખી છે, એનો ઉપચાર કરે છે. નહિતર એ ઉપચાર શું કરવા કરે? માટે જેમને ઇન્દ્રિયો જીવતી છે એવા પરોક્ષજ્ઞાનવાળાને દુઃખ તો સ્વભાવિક છે જ. આહા..હા..! સમજાણું?

'**ભાવાર્થ :- પરોક્ષજ્ઞાનવાળાઓને સ્વભાવથી દુઃખ છે,...**' સ્વભાવથી દુઃખ એટલે કાંઈ સંયોગને લઈને દુઃખ નથી, ઉપાધિને લઈને દુઃખ નથી. શું કરીએ હમણા વેપાર-ધંધા .. એટલો ભર્યો છે, એ માટે દુઃખી છીએ એમ નહિ. પરમાં જેનો પ્રેમ તેને મનમાં સહજ દુઃખ વર્તે છે. સમજાણું કાંઈ? '**કારણ કે તેમને વિષયોમાં રતિ વર્તે છે;...**' અહીં આનંદમાં પ્રેમ નથી પોતાના આનંદમાં, એટલે ત્યાં એનો પ્રેમ ગયો છે. ખરેખર ત્યાં પ્રેમ ગયો છે તો આત્મા પ્રત્યે એને દ્વેષ છે. આત્માના આનંદ પ્રત્યે તો એને દ્વેષ થઈ જાય છે. સમજાય છે કાંઈ? શબ્દ, રૂપ, રસ, ગંધમાં દોરાઈ જાય છે એકાકાર. એને ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદ પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! અને ત્યાં પ્રેમ છે.

ધર્મી જીવને ભગવાન આત્મા વસ્તુ આ કરવાનું અને આ કાર્ય છે. આ સંભળાવીને એ કહેવા માગે છે. ભાઈ! પરોક્ષજ્ઞાન જીવતી ઇન્દ્રિયમાં એ રતિવાળા જીવે છે. રતિમાં જીવન છે, દુઃખી છે. આત્મા એ ઇન્દ્રિય અને ઇન્દ્રિયના મનથી જે જ્ઞાન એનાથી ભિન્ન છે. ભગવાન અતીન્દ્રિય આત્મા છે એવા આત્માને તું જો, જાણ અને એકાગ્ર થા, ત્યાં શાંતિ છે, ત્યાં ધર્મ છે, ત્યાં એ સુખી છે, એ દુઃખથી મુક્ત છે. સમજાણું કાંઈ?

'**કેટલીકવાર તો તેઓ, અસહ્ય તૃષ્ણારૂપી દાહને લીધે...**' અસહ્ય-સહી ન શકાય એવી તૃષ્ણા ઊભી થાય ને તૃષ્ણા. એને લઈને '**(-તીવ્ર ઇચ્છારૂપી દુઃખને લીધે), મરણ સુધીનું જોખમ વહોરીને પણ...**' ખબર પડે કે આ ખવાય નહિ, એલા આ ન ભોગ લેવાય આ વખતે. સમજાય છે? શરીર જીર્ણ થઈ ગયું છે આ .. આ વસ્તુ ન હોય. ખબર પડે કે મરી જઈશ તોપણ માળા પડે, ઝંપલાવે. આહા..હા..! સમજાણું કાંઈ? '**મરણ સુધીનું જોખમ વહોરીને પણ ક્ષણિક ઇન્દ્રિયવિષયોમાં ઝંપલાવે છે.**' જોયું! '**જો તેમને સ્વભાવથી દુઃખ ન હોય તો વિષયોમાં રતિ જ ન હોવી જોઈએ.**' એ પરમાં તેને પ્રેમ જ ન હોવો જોઈએ.

'**જેને શરીરમાં ગરમીની બળતરાનું દુઃખ નષ્ટ થયું હોય...**' જેને શરીરમાં ગરમીની

બળતરા-ઉષ્ણતાનું દુઃખ નષ્ટ થયું હોય **'તેને ઠંડકના બાહ્ય ઉપચારમાં રતિ કેમ હોય?'** કહો, સમજાય છે? ટાઢિયો તાવ હોય એ કહે કે મને પોતા મૂકજો પાણીના સારા. એમ હશે? ટાઢિયા તાવમાં એમ કે છાશ, પરાશ લઈને મૂકો. બરફ તો લેવા જવો પડે. વળી છાશ ઘરમાં હોય. છાશ તો પહેલા હતી ને. પરાશ હોય. ખાતા વખતે જરી હલાવીને ખાય. પણ ખાઈને બેઠા હોય પછી બે શેર-પાંચ શેર (છાશ) પડી હોય એમાં પરાશ વળી જાય. ઉપરથી લઈ લે. અત્યારે તો બધા હલાવીને ખાય ને ત્યારે પરાશ ન રહે. સમજાણું? પરાશ કહે છે સમજાય છે? શું કહે છે તમારે? છાશની ઉપર હોય છે પરાશ-પરાશ. હિન્દીમાં શું કહે છે હિન્દીમાં? એય..! રતલામ! તમારે હિન્દીમાં પરાશ કહે છે? આ તો .. પણ હિન્દીમાં શું કહે છે? એય..! સુજાનલમજી!

મુમુક્ષુ :- આસ કહે છે.

ઉત્તર :- આસ. અહીં અમારે પરાશ. પરાશ. એટલા ટાઢિયો તાવ આવે એ પરાશ માગે? એમ કહે છે. એમ જેને વિષયનો પ્રેમ ન હોય એ વિષયનો ઉપચાર કરે? એમ કહે છે. આહા..હા..!

**'માટે પરોક્ષજ્ઞાનવાળા જીવોને...'** સરવાળો ત્યાં લેવો છે. મન અને ઇન્દ્રિયના જ્ઞાનમાં વર્તતો છે એવા જીવોને દુઃખનો સદ્ભાવ છે. ઓહો..હો..! કઈ રીતે કહે છે જુઓને. મન અને ઇન્દ્રિયો તરફનો જ્ઞાનનો જેને ઝુકાવ છે ને તેને પર પ્રત્યે જ પ્રેમ છે બસ. સમજાણું કાંઈ? એ ૬૪ ગાથા થઈ. અણિન્દ્રિય આત્માની શ્રદ્ધા ને જ્ઞાન ને અનુભવ નથી અને જેને ઇન્દ્રિયનો પ્રેમ છે એ ચાહે તો ભગવાનના રૂપને દેખે કે ભગવાનની વાણીને સાંભળે, એ તો એને વિષય પ્રત્યે જ એનો રાગ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ ધ્યેય સ્વવિષયને છોડી અને પરવિષયમાં પ્રેમ છે એ બધા ઇન્દ્રિયને જીવતી રાખનારા છે એમ કહે છે. આહા..હા..! ભાઈ! જ્યારે ભગવાને દેખ્યો ત્યારે તો એને પરોક્ષ જ્ઞાન નથી ને? ત્યારે અતીન્દ્રિયજ્ઞાન છે? સમકિતી પણ દેખે છે ને? ભગવાનને સાંભળે છે ને? પોતાનું જ્ઞાનસ્વરૂપ આનંદ છે તેને ભૂલીને તે સાંભળતા નથી. એને જીવતો રાખીને સાંભળવાનો વિકલ્પ હોય છે, પણ એ વિકલ્પથી અને પરોક્ષ જ્ઞાનથી તે ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની પોતાના અતીન્દ્રિય જ્ઞાનથી ભિન્ન છે. તે શબ્દથી ઉત્પન્ન થયેલું જ્ઞાન અને એના વલણમાં જ પોતાનું સર્વસ્વ માન્યું છે. કહો, સમજાણું કાંઈ? હવે આ તો દાખલો ને દલીલ. આ બધી સમજાય એવી વાત છે અત્યારે.

**'હવે, મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે,...'** શું કહે છે? ભગવાનનો આત્મા જે પરમાત્મા મુક્ત થયા પરમેશ્વર, એને શરીર નથી, ઇન્દ્રિયો નથી, લાડી, વાડી, ગાડી, ઘોડી કાંઈ નથી. તોપણ તે સુખી છે કે નહિ? અને અહીં તો બાગ-બગીચા ઓહો..હો..! જોતા જોતાં ખાવાના ઊના મળે, પીવાના ટાઢા-ઉના પાણી, સૂવા ટાણે એય..! મલમલના

લુગડાં ઉનાળામાં મળે, શિયાળામાં રજાઈ મળે. .. મળે.. મન કાંઈ નથી, શરીર નથી, ઇન્દ્રિય નથી, એને ઉપચાર નથી. તો એ સુખી હશે કે નહિ? સાધન તો કાંઈ નથી. શરીર સુખનું સાધન હોવાથી... શરીર સુખનું સાધન નથી સાંભળને. સાધન તો આત્મા છે. એ આગળ કહેશે. અહીં અજ્ઞાનીને પણ શરીર હોવા છતાં વિષયો કાંઈ પણ કરતું નથી એને. એ કલ્પના છે એને સુખની, એ કલ્પના દુઃખરૂપ છે. એને વિષયો કાંઈ કરે છે એમ છે જ નહિ. તો પછી ભગવાનને શરીર નથી માટે સુખ નથી એમ છે નહિ. સંસારમાં પણ સુખની કલ્પના તો .. પડી છે. વર્તમાન આનંદ પોતાના આશ્રયથી આનંદ પ્રગટ કર્યો છે. આ આનંદને માટે કોઈ શરીર કે સાધનની જરૂર નથી. શરીર વિના પણ સુખ હોય છે ભગવાનને. '**એ વાત સ્પષ્ટ સમજાવવા માટે, સંસારાવસ્થામાં પણ શરીર સુખનું-ઇન્દ્રિયસુખનું-સાધન નથી એમ નક્કી કરે છે) :—**' અહીં પણ આ શરીર સુખનું સાધન નથી. એની કલ્પના છે. એ વાત વિશેષ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૪, રવિવાર, તા. ૩.૧૧.૧૯૬૮**
**ગાથા-૬૫, પ્રવચન-૫૫**

ગાથા. આ પ્રવચનસાર છે. ભગવાન પરમાત્માની દિવ્યધ્વનિ. દિવ્ય નામ પ્રધાન અવાજ. વીતરાગ થયા પછી ઇચ્છા વિના વાણી નીકળે છે એને દિવ્યધ્વનિ કહે છે. એ દિવ્યધ્વનિ કહો કે પ્રવચનસાર કહો. એ પ્રવચનનો સાર આમાં કહેવામાં આવે છે. જુઓ ઉપર છે પહેલું.

'**હવે, મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે,...**' શું કહે છે? કોઈ કહે કે ભાઈ, આ શરીર વિનાના જ્યારે આત્મા સિદ્ધ થાય પરમાત્મા, એને સુખ શું હશે? શરીર તો નથી ત્યાં. '**મુક્ત આત્મા...**' એટલે સિદ્ધ આત્મા. શરીર વિનાના પરમાત્મા થાય ને 'ણમો સિદ્ધાણં.' શરીર વિના આત્મા જ્યારે પૂર્ણ પદને પામે ત્યારે શરીર વિનાની દશા એની થઈ જાય છે. અશરીરી. એ સુખી છે કે નહિ? શરીર તો છે નહિ. લાડી, વાડી, ગાડી, ઘોડી, ખાવા, પીવા, પૈસા-બૈસા, ધૂળ-બુળ નથી ત્યાં કાંઈ. તો એ કહે છે કે સુખી હશે કે નહિ? એ મુક્ત આત્માના સુખની પ્રસિદ્ધિ માટે... એને સુખ છે આત્માનું અંદર. સિદ્ધ પરમાત્મા મુક્તને પામે છે એને અતીન્દ્રિય આત્મામાં આનંદ છે, આ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, સચ્ચિદાનંદ-સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે, એ અંતરનો આનંદ જે છે એ અંતરના ધ્યાન અને મુક્ત દ્વારા પોતાની પર્યાયમાં પૂર્ણ આનંદને પ્રાપ્ત થાય છે એ આનંદને માટે શરીર અને ઇન્દ્રિયોની જરૂર નથી. એવો આત્મામાં અંદરમાં આનંદ પડેલો

છે. એ આનંદરૂપે પરિણમી જાય છે, થઈ જાય છે. એ આનંદને માટે શરીર અને ઇન્દ્રિયોની જરૂર નથી એ વાતને સિદ્ધ કરે છે.

'**સુખનું સાધન શરીર હોવાની વાતનું ખંડન કરે છે...**' સમજાણું કાંઈ? કે ભાઈ, સુખનું કારણ શરીર, ઇન્દ્રિયો છે? ના. શરીર અને ઇન્દ્રિયો સુખનું સાધન નથી. '(**અર્થાત્ સિદ્ધ ભગવાનને શરીર વિના પણ સુખ હોય છે એ વાત સ્પષ્ટ સમજાવવા માટે, સંસારાવસ્થામાં પણ શરીર સુખનું-ઇન્દ્રિયસુખનું-સાધન નથી એમ નક્કી કરે છે**) :—' લ્યો! શું કહે છે હવે? અહીંયા પણ આ શરીર અને ઇન્દ્રિય એ સંસારની કલ્પનાનું જે સુખ છે એ સુખમાં પણ શરીર અને ઇન્દ્રિયો બિલકુલ કામ કરતી નથી. શરીર, ઇન્દ્રિયો તો જડ છે, આ તો માટી છે. ભગવાન આત્મા તો અંદર જ્ઞાનની મૂર્તિ અરૂપી ચિદ્‌ઘન છે. એટલે સંસારની સુખની કલ્પના માટે પણ શરીર ને ઇન્દ્રિય કાંઈ કાર્યકર થઈ શકતી નથી એ વાત સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? મૂળ ૬૫ શ્લોક છે જુઓ.

**पप्पा इट्ठे विसए फासेहिं समस्सिदे सहावेण।**
**परिणममाणो अप्पा सयमेव सुहं ण हवदि देहो।।६५।।**

એનું હરિગીત છે જુઓ.

**ઇન્દ્રિયસમાશ્રિત ઇષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી**
**જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી. ૬૫.**

એનો '**અન્વયાર્થ :- સ્પર્શનાદિક ઇન્દ્રિયો જેમનો આશ્રય કરે છે એવા ઇષ્ટ વિષયોને પામીને (પોતાના અશુદ્ધ) સ્વભાવે પરિણમતો થકો...**' શું કહે છે? આ શરીર માટી આ ઇન્દ્રિયો જે જડ છે એ જ્યારે આત્મા તેનું લક્ષ કરે છે ત્યારે અંદરમાં રાગ-દ્વેષ ને અશુદ્ધપણે આત્મા પરિણમે છે. અશુદ્ધભાવ વિભાવપણે થાય છે. એ વિભાવપણે થાય છે એ એમાં એને સુખની કલ્પના (થાય છે). એ વિભાવપણું સુખરૂપે માને છે એ શરીર અને ઇન્દ્રિયને લઈને નહિ. સમજાય છે કાંઈ? ઓળખાણ બતાવે છે જુઓ! કે '(**પોતાના અશુદ્ધ) સ્વભાવે પરિણમતો થકો આત્મા સ્વયમેવ (-ઇન્દ્રિયસુખરૂપ) થાય છે, દેહસુખરૂપ થતો નથી.**' આ તો માટી છે. શું કીધું આમાં સમજાય છે કાંઈ? આ દેહ, પૈસા, લક્ષ્મી આદિ આબરૂ એમાં એ માને છે કે મને આ સુખ છે એ કલ્પનાની પરિણતિમાં સુખરૂપ પરિણમે છે. છે દુઃખ. એ સુખના ભાવમાં ઇન્દ્રિયો અને શરીર કાંઈ કામ કરતા નથી, એ તો જડ છે. એ પોતે આત્મા ઇન્દ્રિયમાં સુખ છે, પરમાં સુખ છે એવી કલ્પનાની જાળમાં મિથ્યા ભ્રાંતિપણે અજ્ઞાનપણે સુખ છે એમ પરિણમે છે. શરીર અને ઇન્દ્રિય બિલકુલ એના સુખમાં, સંસારિક સુખ કલ્પનાનું એમાં પણ શરીર અને ઇન્દ્રિય કાંઈ કામ કરતી નથી-અકિંચિત્કર છે. સમજાણું કાંઈ? અજ્ઞાની માને છે એમાં.

ધર્મી તો પર ઇન્દ્રિયોના વિષયોમાં સુખ છે એ તો માનતો નથી. ધર્મી જેને કહીએ

એ તો, આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, અતીન્દ્રિય ભગવાન આનંદની મૂર્તિ આત્મા છે એની દૃષ્ટિ હોવાને લઈને ધર્મી જીવને પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ હોવાથી ઈન્દ્રિયના વિષય તરફમાં સુખબુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. ન્યાય સમજાય છે? ન્યાય, લોજિકથી વાત ચાલશે, પણ ધીરે ધીરે સમજવું પડશે.

ધર્મદૃષ્ટિવંતને... ધર્મ એવી કોઈ ચીજ નથી કે આ શરીર અને વાણી દ્વારા થઈ જાય. ધર્મ એ આત્માનો આનંદસ્વભાવ,.. ધર્મીને ધર્મ કેમ થાય છે? કે આ શરીરને લઈને કે ઈન્દ્રિયોને લઈને કે પૈસા ખર્ચવાથી ધર્મ થાતો નથી. કારણ કે એ તો પર ચીજ છે. આત્મા અંદરમાં સચ્ચિદાનંદ સ્વરૂપ છે, અનાદિ-અનંત. આનંદકંદ શાશ્વત વસ્તુ છે. એમાં જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પડ્યો છે, એની અંતરમાં દૃષ્ટિ કરતાં, એકાગ્ર થતાં એમાં ધર્મ નામ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે, આ એને ધર્મ કહે છે. ધર્મી ઈન્દ્રિયના વિષયમાં સુખ માનતો નથી. સમજાણું કાંઈ?

અજ્ઞાની જે માને છે એને પણ અશુદ્ધ ઉપાદાન મલિનપણે પરિણમતો, આ મને સુખરૂપ છે કે આ મને દુઃખરૂપ (છે) એવી કલ્પનાપણે પોતે પરિણમે છે, એ થાય છે. એ કલ્પનામાં શરીર અને ઈન્દ્રિયો અકિંચિત્કર છે. કાંઈ સુખની કલ્પના માનવામાં અશુદ્ધ ઉપાદાનપણે પરિણમતો આત્મા એને શરીર, ઈન્દ્રિય કાંઈ કામ કરતા નથી. સમજાય છે? બરાબર હશે એઈ..! ડોક્ટર! ન્યાય સમજાય છે કાંઈ? કે આ તો જડ શરીર છે, માટી છે ધૂળ. આત્મા તો અરૂપી છે, જ્ઞાનઘન છે. જ્ઞાન—સમજણનો પિંડ અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ વસ્તુ છે એ તો. હવે એ આત્મા પોતાના અતીન્દ્રિય આનંદને ભૂલીને શરીર અને ઈન્દ્રિયોમાં સુખ અને પૈસામાં સુખ, સ્ત્રીમાં સુખ, ભોગમાં સુખ, આબરૂમાં સુખ એવી કલ્પનારૂપે થાય છે, એ કલ્પનારૂપે થવામાં ઈન્દ્રિયો અને શરીર કાંઈ કામ કરતા નથી. સમજાય છે કાંઈ? આ તો જડ છે એટલે અકિંચિત્કર છે. સુખની અજ્ઞાનીની માન્યતામાં પણ શરીર અને ઈન્દ્રિયો અકિંચિત્કર—કાંઈ કરી શકતા નથી. ન્યાય સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! આ વસ્તુ નહિ કહે છે, એમ કહે છે. છે જુઓ!

'**ટીકા :- ખરેખર આ આત્માને સશરીર અવસ્થામાં પણ...**' એમ. સિદ્ધ પરમાત્મા જ્યારે મુક્તિને પામે આત્મા, ત્યારે તો પોતાની આનંદ અને જ્ઞાનરૂપી જે શક્તિ છે સ્વભાવ એની પરિણતિમાં નિર્મળ દશા અંતર સ્વભાવને કારણે પ્રગટ થઈ જાય છે ત્યારે એકલું જ્ઞાન અને આનંદની દશા રહી જાય છે. એનું નામ મુક્તિ અને એનું નામ સિદ્ધ અને એનું નામ પરમાત્મા. એટલે પરમાત્માને પણ શરીરની અવસ્થા હોય તો સુખી છે એવું છે નહિ. એ સિદ્ધ કરવા સશરીરને પણ, એ અવસ્થા સિદ્ધ કરવા સશરીરવાળાને પણ શરીર સુખનું કારણ નથી એમ સિદ્ધ કરે છે. આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ?

'**ખરેખર આ આત્માને સશરીર અવસ્થામાં પણ શરીર સુખનું સાધન થતું અમે**

**દેખતા-અનુભવતા નથી;...'** સમજાય છે કાંઈ? કહો, ભીખાભાઈ! બરાબર હશે? આત્મા માને કે આ મને હીરોભાઈ સુખરૂપ છે, અનુકૂળ (છે), રળાઉ થયો છે કે ઢીંકણું છે એમાં એ કારણ કાંઈ નથી કહે છે. એમ કહે છે. આ શરીર સુંદર હોય અને આમાં લાડવા, દાળ, ભાત, સ્ત્રી આદિનો વિષય લેતો હોય તો કહે છે કે એમાં સુખરૂપની દશા-કલ્પના જે થાય છે જીવમાં, એ દશાના પરિણમન એટલે દશામાં શરીર અને ઇન્દ્રિય કાંઈ કામ કરતા નથી. એની દશાની ભ્રાંતિ થઈને એને સુખરૂપ થાઉં છું એમ માને છે. ન્યાય સમજાય છે કાંઈ? ઓલા કહે અમે ધર્મ કરીએ છીએ. ધર્મ કરીએ પણ ધર્મ શું છે એની ખબર ન મળે. અને અધર્મ કેમ કરે છે એની ખબર ન મળે.

અહીં તો કહે છે કે અજ્ઞાની પરમાં સુખ છે એવી માન્યતાથી કલ્પનારૂપે સુખની બુદ્ધિરૂપે થાય છે. એવા સુખરૂપી એટલે મિથ્યાત્વભાવ... કલ્પનાનું સુખ છે દુઃખ, સુખ નથી પણ સુખી થાઉં છું, પરિણમું છું એવા પરિણમનને માટે શરીર અને ઇન્દ્રિય કાંઈ કાર્યકર છે નહિ. છે? **'ખરેખર આ આત્માને સશરીર અવસ્થામાં પણ શરીર સુખનું સાધન...'** એટલે કારણ **'થતું અમે દેખતા-અનુભવતા નથી;...'** કહો, આચાર્ય કહે છે સંસારમાં પણ એ સુખની માન્યતાવાળો જીવ એને શરીર સુખનું કારણ થાય છે એમ અમે જાણતા અને દેખતા નથી. ન્યાય સમજાય છે કાંઈ? કહો, બરાબર છે? આ ધર્મની દૃષ્ટિ કરાવવા વાત કરે છે કે ભાઈ શરીર હોય તોપણ તારી માન્યતાના સુખનું એ કારણ નથી. તું અશુદ્ધ ઉપાદાનપણે, મલિન દશાપણે શુદ્ધ સ્વભાવને છોડીને અશુદ્ધ સ્વભાવપણે પરિણમે છો એ તને સુખરૂપની કલ્પનાનું કારણ તને થાય છે. નહિ કે શરીર અને ઇન્દ્રિય કોઈ કારણ થાય છે. સમજાણું કાંઈ?

**'કારણ કે ત્યારે પણ,...'** આ શરીરની અવસ્થાના કાળે પણ **'જાણે કે ઉન્માદજનક મદિરા પીધેલ હોય એવી,...'** ઇન્દ્રિયો તરફ ધસે છે એમ કહે છે. દારૂ પીધેલો હોય ને. **'ઉન્માદજનક મદિરા પીધેલ હોય એવી, પ્રકૃષ્ટ મોહને વશ વર્તનારી,...'** ઇન્દ્રિયો ભાવમાં. **'પ્રકૃષ્ટ=પ્રબળ; અતિશય.'** મોહને વશ, ભ્રમણાને વશ, અજ્ઞાનવશ વર્તનારી. આ વિષયો અમને ઇષ્ટ છે, **'આ (વિષયો) અમને ઇષ્ટ છે...'** આ ભોગ, આ આબરૂ, આ કીર્તિ, આ પૈસા, મકાન વગેરે. **'એમ કરીને વિષયો તરફ ધસતી ઇન્દ્રિયો વડે...'** એ વિષયો તરફ ધસે છે કલ્પના, એ ઇન્દ્રિયો વડે **'અસમીચીન-પરિણતિપણું અનુભવતો હોવાથી,...'** જૂઠી વિકારની દશાપણે અનુભવતો. છે? **'અસમીચીન-પરિણતિપણું અનુભવતો હોવાથી,...'** પોતાના આનંદ સ્વભાવને ભૂલી અજ્ઞાની. **'અસમીચીન=અસમ્યક્; અઠીક; અયોગ્ય.'** વિકારની અવસ્થાપણે થાય છે એમાં શરીર કંઈ એ અવસ્થાને કરતું નથી. લ્યો, આ નિમિત્ત અકિંચિત્કર ઠરાવે છે અહીંયાં. નિમિત્ત તો છે કે નહિ? નિમિત્ત તો છે કે નહિ શરીર અને ઇન્દ્રિય? નિમિત્ત છે એટલે? નિમિત્ત કર્તા નથી. નિમિત્ત તને સુખની કલ્પના

કરાવતું નથી. તું અતીન્દ્રિય આનંદનો સ્વભાવ, ભગવાન આત્મા અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ છે, એને તું ભૂલીને તારી દશામાં દુઃખની કલ્પનારૂપની સુખની પરિણતિ અવસ્થારૂપે તું થા છો. ઈન્દ્રિય અને શરીરો કાંઈ તને તે પરિણતિ થવામાં કારણ છે નહિ. કહો, સમજાય છે કાંઈ આમાં? આહા..હા..!

**'અસમીચીન-પરિણતિપણું અનુભવતો હોવાથી,...'** શું કહે છે? આત્મા અતીન્દ્રિય આનંદ અને સચ્ચિદાનંદ પ્રભુ છું એવું જેને અજ્ઞાનીને ભાન નથી તેને શરીર અને ઈન્દ્રિયોના નિમિત્તમાં વિષયની દૃષ્ટિ જે જાય છે એ અશુદ્ધપણે, અસમ્યક્‌પણે, અયોગપણે, વિકારપણે પરિણમતો જીવ સુખરૂપે થાય છે. સુખરૂપ દશાના પરિણમન એટલે દશારૂપે થાય છે. એ ઈન્દ્રિયો અને શરીર તે સુખની કલ્પનારૂપે થતા નથી. ન્યાય સમજાય છે કાંઈ? જુઓ અંદર લખ્યું છે હોં એ બધું. '**अनन्तसुखोपादानभूतशुद्धात्मस्वभावविपरीतेनाशुद्धसुखोपादानभूतेना-शुद्धात्मस्वभावेन परिणममान।**' જયસેનાચાર્યની ટીકામાં છે. સંસ્કૃત ટીકામાં છે એ. અનંતસુખ ઉપાદાન. શું કહે છે? શું કહે છે જુઓ! ભગવાન આત્મા તો અનંત સુખનું કારણ છે. આત્મા તો અનંત આનંદ, અતીન્દ્રિય આનંદ સચ્ચિદાનંદ, આનંદ સત્‌-શાશ્વત જ્ઞાન અને આનંદ એ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનું એ આત્મા કારણ છે. એવા કારણપણે નહિ માનતો, એવા કારણને નહિ શ્રદ્ધતો. એ કહે છે જુઓ!

'**अनन्तसुखोपादानभूतशुद्धात्मस्वभाव**' એનાથી '**विपरीतेनाशुद्धसुखोपादानभूतेन**' શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવું પોતાનું ઉપાદાન એટલે પોતાનું સ્વરૂપ છે એને ન માનતો, એને ન પરિણમતો, એ તરફ દૃષ્ટિ નહિ કરતો અજ્ઞાની અશુદ્ધ ઉપાદાનપણે પર્યાયમાં—અવસ્થામાં ઈન્દ્રિયો અને શરીર તરફ એની મોહવૃત્તિ ધપે છે, એ મોહપણે પોતે અજ્ઞાની પોતાથી પરિણમે છે, થાય છે એને ઈન્દ્રિયો અને શરીર કાંઈ કરતા નથી. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! કહો સમજાણું? આ વિષયના નિમિત્તો સ્ત્રીનું સુંદર શરીર, લાડવા, દાળ, ભાત, મોસંબી, શેરડીના રસ કે સાઠા એ બધી ચીજ આમ પડી છે કહે છે અને આ શરીર એક છે માટી. હવે એમાં સુખ છે એવી કલ્પના માટે અજ્ઞાની પોતાના શુદ્ધ ઉપાદાનને ભૂલી, ત્રિકાળ સ્વભાવ આનંદ છે તેને ભૂલી તેની પર્યાય એટલે અવસ્થામાં અશુદ્ધ ઉપાદાનપણે વિકારપણે પોતે અજ્ઞાની પરિણમે છે. એમાં ઈન્દ્રિયો અને શરીર કે બાહ્ય ચીજ કાંઈ કામ કરતી નથી. જાધવજીભાઈ! આહા..હા..! આ તો અધર્મ કેમ કરે છે એની વાત કરે છે. અધર્મ કરવામાં પણ શરીર અને ઈન્દ્રિય કાંઈ કાર્ય કરતા નથી. ધર્મને ભૂલી (અશુદ્ધપણે પોતે પરિણમે છે). શુદ્ધ ચિદાનંદ આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય અમૃતનો કુંડ આત્મા છે. પરમાત્મા, જે આત્મા સિદ્ધ પરમાત્મા થાય છે એ અંદરમાં સ્વભાવ છે તેને શુદ્ધરૂપે પરિણમીને થાય છે. એ ધર્મ કાંઈ બહારથી આવતો નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**अशुद्धसुखोपादानभूतेनाशुद्धात्मस्वभावेन**' જુઓ! ભાષા એમ લીધી છે ભાઈ!

અશુદ્ધ આત્મસ્વભાવ. પાઠ લીધો છે એવો ખરો ને. મૂળમાં છે ખરું ને. સ્વયમેવ સુખરૂપ થાય એમ કીધું છે ને. જીવ પરિણમતો સ્વયમેવ સુખરૂપ થાય. સ્વયમેવ ક્યું સુખરૂપ? કે દુઃખરૂપ નહિ અશુદ્ધ પરિણતિ તે. ફરીને. આત્મા ત્રિકાળી આત્મા તો જ્ઞાન અને આનંદનો સ્વભાવ તેનો ધ્રુવ છે. આત્મા જેમ શાશ્વત છે વસ્તુ, એમ એને જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ ભેગો શાશ્વત છે ત્રિકાળ. એવા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂળ શક્તિને ભૂલીને અજ્ઞાની જીવ અશુદ્ધ ઉપાદાન એટલે એની વર્તમાન દશામાં મોહપણે ભ્રમણાપણે દુઃખની, સુખની કલ્પનાપણે પોતે થાય છે. એમાં ઇન્દ્રિય અને શરીર કાંઈ અકિંચિત્કર છે. નિમિત્ત અકિંચિત્કર છે એમ સિદ્ધ કરે છે. જાધવજીભાઈ! પૈસો સુખનું કારણ નથી એમ કહે છે. શરીર સુખનું કારણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- કેટલા ટકા?

ઉત્તર :- સો-સો ટકા. વળી કેટલા ટકા શું?

કેમકે આત્મા પોતાના શુદ્ધ ત્રિકાળી આનંદસ્વરૂપને ભૂલે છે તે ભૂલપણે પરિણમે છે. શુદ્ધ ત્રિકાળી આનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ છે પોતે. અનાદિનું સ્વરૂપ જ એનું શુદ્ધ અને આનંદ છે. એને ભૂલે ત્યારે ભગવાન પોતાની પર્યાયમાં ભૂલપણે પરિણમે છે. એ પરિણમવામાં ઇન્દ્રિયો અને શરીર અકિંચિત્કર છે, બિલકુલ કાર્યકર્તા નથી. એને સુખની કલ્પનાની દશામાં ઇન્દ્રિયો, શરીર કાંઈ કાર્યગત નથી. બરાબર છે? થોડા ટકા તો હશે કે નહિ? સારા છોકરા થાય, વિલાયતમાં જાય, વળી સાંભળે કે મારો દીકરો અહીં છે. લ્યો! તો સુખની કલ્પનામાં એટલું કાર્યકર હશે કે નહિ ઈ? એય..! ચીમનભાઈ! શું હશે આ? કલ્પનાનું સુખ ખરું, પણ કલ્પના કરવામાં બાહ્ય ચીજ કાંઈ કાર્યગત ખરી કે નહિ? કે નકામી મફતની પડી છે ઈ? એ કહે છે. તારા સુખની માન્યતા માટે અને સુખની કલ્પના માટે બાહ્ય ચીજ તો તારે માટે તદ્દન નકામી છે. કહો, બરાબર સમજાય છે આમાં? આ તો અધર્મ કેમ થાય છે અજ્ઞાનીને એ અધર્મની વાત કરે છે. આહા..હા..! હવે અધર્મ કેમ થાય એની ખબર ન મળે એ ધર્મ કરે કે દિ'? સમજાણું કાંઈ?

ભાઈ! શું કરવું? મારે તો કાંઈ નથી પણ આ બધા બાયડી, છોકરા, પૈસા એવા ઘેરો ઘાલ્યો છે ને કે મારે આ કરવું પડે એને લઈને. એમ હશે? બિલકુલ નહિ. એમ કહે છે. શુદ્ધ ભગવાન આનંદ સચ્ચિદાનંદ પ્રભુ (તું) પોતે છે ત્રિકાળી, એને અનાદિથી ભૂલીને પોતાની વર્તમાન દશામાં, પરમાં સુખ છે એવી કલ્પનાની ભ્રાંતિપણે તું પોતે થા છો. એ થવામાં પરચીજ કાંઈ કાર્યગત છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! કહો, આ બધું કહે છે છોકરાઓ અને બધું શું તમારે કહેવાય? પણ મૂર્ખાઈમાં બાહ્ય ચીજ કાંઈ કાર્યકર નથી એમ કહે છે. મૂર્ખાઈ તારી ખરી. સમજાણું કાંઈ? પણ એ મૂર્ખાઈમાં બાહ્ય ચીજ કાંઈપણ મદદ કરે, કાંઈ કાર્યગતમાં અંશે આવે એમ છે નહિ. આહા..હા..! કહો.

મુમુક્ષુ :- ઊલટાની મજાની વાત આવી, આનંદની વાત આવી.

ઉત્તર :- અહીં તો પરમેશ્વર સંતો એમ સિદ્ધ કરે છે કે ભાઈ! આ શરીર એ સુખનું સાધન નથી, સંસારમાં પણ. જ્યારે સિદ્ધ આત્મા મુક્ત પામે ત્યારે શરીર નથી માટે તેને સુખનું સાધન ગયું માટે સુખ કાંઈ નહિ હોય એમ નથી. સમજાય છે કાંઈ? આત્મા પોતે જ્યારે આત્માના આનંદ-શરીરનું ભાન કરી, આનંદ-શરીર પોતાનું આનંદ-શરીર છે, આ ધૂળ શરીર ક્યાં છે એનું? એ આનંદ અને જ્ઞાનરૂપી શરીર પોતાનું ત્રિકાળી છે એનો અંતરમાં અનુભવ કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાનની પ્રાપ્તિ કરીને પૂર્ણ નિર્મળ દશાને જ્યારે આત્મા પ્રાપ્ત થાય છે ત્યારે એ અશરીરી સિદ્ધ કહેવાય છે, એ પરમાત્મા મોક્ષ કહેવાય. કહે છે કે મોક્ષમાં આનંદ છે કે નહિ? કે શરીર નથી અને આનંદ છે? કે શરીર સાધન છે જ નહિ. મોક્ષને માટે શરીર સાધન છે નહિ. કેમ? સશરીરીમાં પણ શરીર સાધન નથી તો અશરીરીને શરીર સાધન છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, **'અસમીચીન-પરિણતિપણું અનુભવતો હોવાથી,...'** દેખો! આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપ જ્ઞાતાપણું, ચિદાનંદ પ્રજ્ઞાબ્રહ્મ—પ્રજ્ઞા અને આનંદ—એવું એનું સ્વરૂપ છે એને ભૂલી અસમીચીન-અયોગ્ય-અલાયક વિકારની ભ્રાંતિ—પરમાં સુખ છે—એવું માનવાની ભ્રાંતિપણે પોતે થાય છે. એ થવાની દશા મલિન છે, અસમીચીન છે, અયોગ્ય છે, અલાયક છે, પણ થાય છે પોતે. જયંતિભાઈ! બરાબર હશે? ફેર નહિ પડતો હોય? સારું શરીર હોય, રૂપાળું શરીર હોય, એક એક અવયવ સારા હોય તો કાંઈક ફેર પડે એમ નહિ હોય? અને કુબડું-બુબડું સરખું ન હોય તો ભલે સુખમાં કલ્પના ન કરાવે. એઈ..! પણ શરીરના અવયવો દરેક સુંદર, નાક, આંખ, કાન, મોઢું ચંદ્રમાં જેવું, શરીર આમ, હાથ-પગ કેળના જેવા સમજ્યાને આ બધું. છાતી પણ મોટી મજબુત કોઠી જેવી. એવા બધા સુંદર અવયવો હોય એ કાંઈ આત્માને સુખની માન્યતા-મિથ્યા ભ્રાંતિમાં કાંઈ કાર્યગત છે કે નહિ? ના. તું ભ્રાંતિ ઊભી કરે તે તારા પરિણમનમાં તારું છે, પરને લઈને કાંઈ છે નહિ. આહા..હા..! તો પછી ધર્મ પણ તારે લઈને થાય, એમાં શરીર ને ફરીર કાંઈ સાધન છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- સુખને માટે ...

ઉત્તર :- આ સંસારના સુખ માટે પણ જ્યારે આ સાધન નથી, પણ તું માન્યતા કરે છે એટલી. એમ ધર્મ કરે છે આત્મા. ધર્મ એટલે? આત્મા અખંડ આનંદમૂર્તિ જ્ઞાન સચ્ચિદાનંદ સ્વરૂપ એવી દૃષ્ટિ કરતાં, એનું જ્ઞાન કરતા જે ધર્મ થાય એ ધર્મમાં પણ શરીર, ઇન્દ્રિયો અને વિકલ્પ કાંઈ સાધન છે? બિલકુલ નહિ. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભારે!

ધર્મ એટલે? ધર્મ એટલે કોઈ બહારની ચીજ નથી. આત્મા અનંત જ્ઞાન અને આનંદનો સ્વભાવ છે જેનો. વસ્તુ છે ને પ્રભુ આત્મા. તો વસ્તુમાં વસેલી શક્તિઓ છે કે નહિ? વસ્તુ એટલે વસ્તુ. એની શક્તિ વસેલી છે. શક્તિ કહો, સ્વભાવ કહો, ગુણ કહો. તો એમાં

વસેલી ગુણ શક્તિ શું છે? જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે. એવી અનંત શક્તિઓ છે. એવી શાશ્વત અનંત શક્તિનો પિંડ આત્મા એની ઉપર દૃષ્ટિ કરીને ધર્મની પરિણતિ પ્રગટ કરે એ ધર્મની દશામાં શરીર, ઇન્દ્રિયો, શરીરની મજબુતાઈ કે શુભ-અશુભ વિકલ્પ જે શુભરાગ એ કાંઈપણ કાર્યગત છે કે નહિ? કે ના. જયંતિભાઈ! ભારે ધર્મ ભાઈ! કહો, આ ધર્મમાં જાત્રા કરવી, પૂજા કરવી, એ કાંઈ ધર્મના સાધનમાં સાધન છે કે નહિ? એમ કહે છે. એઈ..! એ વચ્ચે ભલે આવે અશુભથી બચવા, પણ ધર્મના અંતર શુદ્ધ ચૈતન્યના પરિણમન દશા માટે એ કાંઈપણ કાર્યકર નથી એમ કહે છે. આહા..હા..! રાડ નાખી જાય એવું છે ને. કહો, ભગવાનજીભાઈ! આ ઉપર નવ્વાણું જાત્રા કરે, નીચે અને ઉપર ચડે. એમાં શુભભાવ હોય એમાં રાગની મંદતાનો. કારણ કે પરલક્ષી છે ને એ વસ્તુ? પણ એ આત્માના સ્વલક્ષના સાધનમાં પરલક્ષીભાવ કાંઈ સાધનરૂપે થતો નથી. એમ વાત બેસાડે છે. આહા..હા..! ભારે કામ! કહો, સમજાય છે કે નહિ? એ..! પ્રવિણભાઈ!

ત્યારે પછી શું કરવા કરવું? પણ એ આવે જુદી વાત છે, પણ અંતર વસ્તુ ભગવાન આત્મા ધ્રુવ ચિદાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ આત્મા, એની અંતર દૃષ્ટિ કરીને જે ધર્મ નિર્મળ, નિર્દોષ વીતરાગ પર્યાયપણે આત્મા થાય તે ધર્મ છે. એ ધર્મને માટે શરીર, ઇન્દ્રિયો, પૈસા દીધા-લીધા કે વિકલ્પ ઉઠ્યો એ સાધન કાંઈ થતું નથી. સમજાણું કાંઈ? તો પછી મુક્તદશામાં શરીર સુખને માટે સાધન છે એ છે નહિ. શરીર નથી છતાં તેને આનંદનું પરિણમન પરમાત્માને પૂર્ણ છે. સમજાય છે ભાઈ? આ તો સાંભળવાનું કોક દિ' મળે એવું છે. ત્યાં તો આમ કરો ને તે કરો ને ફલાણું કરો, આ કરો, વિધિથી કામ કરો, વિધિથી કરો તો ધર્મ (થાય). ધૂળેય નથી સાંભળને હવે. જેટલો શુભવિકલ્પ ઊઠે ને દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાનો એ શુભરાગ છે. એ રાગ આત્માના અંતર ત્રિકાળ ધર્મની દૃષ્ટિ કરવામાં અને અંતરના સ્વરૂપમાં ધર્મ પરિણમવામાં એ રાગ બિલકુલ સાધન નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

કેમ? કે સંસાર સશરીરીમાં પરમાં સુખની માન્યતાના તારા ભાવમાં શરીર અને ઇન્દ્રિયો અકિંચિત્કર નામ કાંઈ કાર્યગત નથી. તું ભાવ કર એવો થાય છે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ આ. ઓલા તો ત્યાં સાંભળે ધમાધમ લાગે, તકરાર કરે હોં! એય..! ઓલા કહે કે નવ્વાણું જાત્રા કરો તો આ થાય, ઢીંકણું કરો તો થાય. એ તો શુભરાગ છે. પરદ્રવ્ય સામું જોવું ત્યાં ક્યાં ધર્મ હતો? સાંભળને. હોય અશુભથી બચવા પાપ ન હોય ત્યારે પુણ્યભાવ (આવે), પણ એ પુણ્યભાવ આત્માના ધર્મને માટે સાધન છે એ ના પાડે છે અહીં. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અને ન્યાયથી કહે છે ને? એ તો વિકલ્પ છે, રાગ છે અને તારો શુદ્ધ સ્વભાવ જે ત્રિકાળ છે એની અંતર દૃષ્ટિ અને અનુભવ કરવામાં એ રાગ બિલકુલ અકિંચિત્કર છે. કાંઈપણ કાર્ય કરવામાં સ્વભાવની શાંતિ મેળવવામાં સાધન છે નહિ.

જેમકે સંસારની શરીર અવસ્થામાં પણ સુખની પરિણતિની માન્યતા કરવામાં શરીર અને

ઇન્દ્રિયો કાંઈ કાર્યગત નથી, એમ આત્માના ધર્મ પરિણતિ કરવામાં શરીર, ઇન્દ્રિયો અને રાગ કાંઈ કાર્યગત નથી. આહા..હા..! કેવી વાત કરી છે જુઓને!

આ જ્ઞાનતત્ત્વ, જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન ચિદાનંદ ચૈતન્યસૂર્ય છે એ તો. ચૈતન્ય સૂર્યપ્રકાશ. ચૈતન્યનો પ્રકાશ છે. એ ચૈતન્યના પ્રકાશને અંતર પ્રગટ કરવા માટે અંતર સાધન છે. અંતર દૃષ્ટિ કરવી અને અંતર્મુખ થવું એ સાધન છે. એને પુણ્યનો વિકલ્પ કે ઇન્દ્રિય શરીર સારું હોય તો ધર્મ થાય એવું કાંઈ છે નહિ. જયંતિભાઈ! ઠીક હશે આ? પણ ઘણું ત્યાં મુંબઈમાં લાકડા બીજા ઝાઝા હોય એમાં માંડ માંડ કોક દિ' સાંભળવા મળે. આહા..હા..!

ન્યાયથી સત્ય શું છે એને સિદ્ધ કરે છે. સર્વજ્ઞ પરમાત્મા એ **'न्यावयम'**—માર્ગ છે તે ન્યાય છે. તો ન્યાય શું છે? ભાઈ! તારા સંસારની દશામાં લાખ, કરોડ સુંદર શરીર હોય, માખણના પિંડલા જેવું શરીર આમ રૂપાળું સારું, આમ ઇન્દ્રિયો બધી કાન કુંડળ જેવા, આંખ હરણની ઓલા જેવી, નાક ગરુડના આલો જેવું, મોઢું ચંદ્રના ઓલા જેવું, શરીર હાથ અને પગ કેળના ઓલા જેવા, એ આત્માને સુખ મનાવવામાં કાંઈ કાર્યગત છે કે નહિ? એય..! નહિ? સ્ત્રીનું શરીર સુંદર હોય, આખા અવયવ સુંદર હોય, લો દરેક અવયવ. તો પછી કાંઈ પણ અહીં મિથ્યાભ્રાંતિ કરવામાં સુખમાં એનું કારણ ખરું કે નહિ? કે બે-પાંચ-દસ દોકડા કરો ને? દસ દોકડા એના અને નેવું દોકડા આમના એમ હશે કે નહિ? એય..! હીરાલાલજી! એક દોકડો નહિ. તારી ઊંધાઈથી અસ્વભાવપણે એટલે અશુદ્ધભાવપણે તું થા છો. એમાં પરચીજનું કાંઈ કાર્યપણું, કારણપણું બિલકુલ નથી. આહા..હા..! આ તો સમજાય એવું છે હોં! સાધારણ ભાષા છે પણ વસ્તુ તત્ત્વ શું છે એ વાત સાદી ભાષામાં આવે છે. પણ એણે જરી ધ્યાન રાખવું જોઈએ. અનંત કાળથી એણે ભૂલ કરી છે એમાં બીજું કારણ નથી એમ જ્યાં જાણવામાં ન આવે, એને ભૂલ ભાંગવાનો ધર્મમાં પણ બીજું કોઈ સાધન નથી. ભગવાન આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છે એનું અંતર શરણ લેતા સાધન પોતે થાય. એને પુણ્યનો વિકલ્પ શરીર, ઇન્દ્રિય સારું હોય તો ધર્મ થાય, શરીરાદ્યં ખલુ ધર્મ સાધનં. કહે છે ને લોકો? ધૂળેય નથી ઈ કહે છે અહીં. શરીરઆદ્યં. શરીર નિરોગી હોય, સ્ફૂરણા રહે. શેની સ્ફૂરણા રહે? ધૂળની? એ તો રાગની છે. અને રાગની સ્ફૂરણામાં પણ શરીર કાંઈ કામ કરતું નથી એમ કહે છે. ચંદ્રકાંતભાઈ! કહો, સમજાય છે કે નહિ આ?

પાંચ હજાર, દસ હજારનો પગાર હોય, ટોપો-બોપો પહેર્યો હોય, રૂપાળું શરીર હોય, હાથમાં લાકડી હોય. લાકડી હોય એમાં પાછું સોનાનું ઓલું હોય, શું કહેવાય એને? ખોળું. આમ ચાલતો હોય. પધારો સાહેબ ઓલા કહે. તો એવા એના રાગમાં સુખની કલ્પનામાં એ કાંઈ કારણ ખરા કે નહિ? આ પધારો-બધારો કીધું ઈ. ભાઈ! ધારાસભામાં ત્યાં જાતા હશે ત્યારે આવો આવો, પધારો પધારો કરતા હશે કે નહિ? દિલ્હીમાં ધારાસભામાં હતા

ને? ત્યાં ધારાસભામાં પધારો-પધારો સાહેબ લ્યો! અમે ગયા હતા ને જોવા બધું દિલ્હીમાં. એ સાથે હતા. બધું જોવા ગયા હતા. ઓલા બધા રાજાઓને બેસાડી ને. બધું હોય ને ખુરશી-બુરશી બધું. બધું જોવા ગયા હતા અંદર. સાથે હતા ઈ. દિલ્હી ગયા હતા ને જ્યારે પહેલા દિલ્હી હોં! હવે તો.. ૧૩ની સાલ. ૧૨ વર્ષ થયા. પણ કાંઈક.. કાંઈક.. કાંઈક ખરું કે નહિ? એમાં હોશ આવે એમાં બહારના કારણ કાંઈક ખરા કે નહિ? અને પ્રતિકૂળતા કાંઈક થાય, એમાં દુઃખની કલ્પના થાય એ બહારના કાંઈ કારણ ખરા કે નહિ? ના. એમ કહે છે. તું સ્વતંત્રપણે તારા સ્વભાવને ભૂલી અને વિકાર ને વિભાવપણે તું સ્વયં પોતે થા છો. એમાં પરનું કાંઈ કાર્ય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેની શક્તિની ઉત્કૃષ્ટતા (-પરમ શુદ્ધતા) રોકાઈ ગઈ છે...**' ભાષા દેખો! શું કહે છે? '**ઈન્દ્રિયસુખરૂપે પરિણમનાર આત્માને જ્ઞાનદર્શનવીર્યાત્મક સ્વભાવની ઉત્કૃષ્ટતા રોકાઈ ગઈ છે અર્થાત્ સ્વભાવ અશુદ્ધ થયો છે.**' શું કહે છે? ભગવાન આત્મા આમ ચૈતન્યપ્રભુ જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે, એ રૂપે પર્યાયમાં પરિણમન થવું જોઈએ એ સ્વભાવ શક્તિ રોકી દીધી છે. પોતાનો જ્ઞાન અને આનંદસ્વભાવ ભગવાન આત્માનો અનાદિ છે એના તરફની શક્તિનો વિકાસ થવો જોઈએ, એ શક્તિનો વિકાસ જ્યાં રૂંધાઈ ગયો છે. પર તરફની કલ્પનામાં સુખબુદ્ધિમાં.. સુખબુદ્ધિમાં, સુખબુદ્ધિના પરિણમનમાં ઉત્કૃષ્ટ શક્તિ જે છે પ્રગટ થવાની એ રોકાઈ ગઈ છે. જુઓ, પોતાને કારણે રોકાઈ ગઈ છે. કર્મ-ફર્મને કારણે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે!

ભગવાન આત્મા શક્તિની ઉત્કૃષ્ટતા રોકાઈ છે. કોની? પર્યાયની વાત છે હોં આ. ઉત્કૃષ્ટ શક્તિ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? શું કીધું? ભગવાન આત્મા વસ્તુ છે ને આત્મા પદાર્થ છે ને? અવિનાશી છે ને? અણકરેલો છે ને? કોઈથી બનેલો નથી. છે, છે, છે. ત્રણે કાળે વસ્તુ છે. તો વસ્તુ છે એવું ત્રણે કાળે રહેનાર એમાં જ્ઞાન ને આનંદ ત્રિકાળ છે. એવી તો શક્તિ એકરૂપ ત્રિકાળ છે. હવે એના તરફની જે એકાગ્ર થઈને શક્તિની ઉત્કૃષ્ટતા પ્રગટ થવી જોઈએ એને ઠેકાણે રાગ અને પુણ્યમાં સુખ છે, પરમાં સુખ છે એવી બુદ્ધિમાં ઉત્કૃષ્ટ પર્યાયની શક્તિ ત્યાં રોકાઈ ગઈ છે. પર્યાયમાં પ્રગટ થવાની પર્યાય ત્યાં રોકાઈ ગઈ છે. એમ કહે છે. ફરીને. સમજાણું આમાં?

ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપ વસ્તુ એ તો ત્રિકાળ. હવે એના ગુણ જે છે જ્ઞાન આનંદ એ ત્રિકાળ વસ્તુ અનાદિ-અનંત. છે. હવે તેના તરફનું જે પરિણમન તે સુખરૂપ આનંદ છું હું એવી અંતર દૃષ્ટિ થઈને પર્યાય એટલે અવસ્થામાં શક્તિનો જે વિકાસ થવો જોઈએ એ શુદ્ધ વિકાસ થાય. હવે જ્યાં એ શુદ્ધ વિકાસ અંતર દૃષ્ટિનો જ્યાં અભાવ છે અને પરમાં સુખબુદ્ધિ જે પરિણમી છે એના અશુદ્ધ પરિણમન, અશુદ્ધ ભાવને લઈ શુદ્ધની શક્તિનો વિકાસ ત્યાં રૂંધાઈ ગયો છે, અટકી ગયો છે, રોકાઈ ગયો છે. આહા..હા..! સમજાય છે

કાંઈ? આ વાતું તો ભાઈ પરમસત્યની છે. અત્યારે તો ભાઈ ગોટેગોટા બહારનું ચાલે છે. એટલે આ સમજવા માટે જરી લાયકાત પ્રગટ કરવી જોઈએ. અનંત કાળથી એણે સત્યને સમજવાની દરકાર જ કરી નથી. એમ ઓઘે ઓઘે જિંદગી કાઢી મરી ગયો અનંત વાર. સમજાણું કાંઈ?

જેની શક્તિની પરમશુદ્ધતા રોકાઈ ગઈ છે. '**એવા પણ (પોતાના) જ્ઞાનદર્શનવીર્યાત્મક સ્વભાવે—કે જે (સુખના) નિશ્ચય કારણરૂપ છે—પરિણમતો થકો...**' આ વિકારપણે હોં! વિકારપણાની વાત છે. ત્યાં એવા પણ... શું કહે છે? કે પોતાનો સ્વભાવ જે શુદ્ધ આનંદ છે ધ્રુવ ચિદાનંદ એના તરફનું પરિણમન, એના વલણનું પરિણમન જોઈએ ધર્મનું એ અજ્ઞાનીને નથી. અજ્ઞાનીને તો એ પરમાં સુખબુદ્ધિના પરિણમનમાં જે શક્તિનો વિકાસ જે વિશેષ નિર્મળ થવો જોઈએ એ શુદ્ધિ રોકાઈ ગઈ છે એટલે અશુદ્ધપણે પરિણમ્યો છે, મલિનપણે થયો છે, મલિનપણે પર્યાય થઈ તે અધર્મ છે. એ અધર્મમાં પણ ધર્મની શક્તિનો ઉત્કૃષ્ટ વિકાસ શુદ્ધિ થવી જોઈએ એને પોતે રોક્યો છે. સમજાણું કાંઈ? ભારે! પ્રવચનસાર છે આ.

'**એવા પણ (પોતાના) જ્ઞાનદર્શનવીર્યાત્મક સ્વભાવે—**' ઊંધા હોં એ. જ્ઞાનદર્શનસ્વભાવ એટલે સવળો એ નહિ. અશુદ્ધ એનું જ્ઞાન પણ રાગમાં રોકાઈ ગયું, દર્શન રાગમાં રોકાઈ ગયું, વીર્ય પણ ત્યાં રોકાણું. એવા વિભાવસ્વભાવે '**કે જે સુખના નિશ્ચય-કારણરૂપ છે-—**' સુખનું નિશ્ચય કારણ એટલે કલ્પના. સુખ આ અતીન્દ્રિય આનંદની આ વાત નથી. શરીર અને ઈન્દ્રિયોમાં પરમાં સુખ છે એવા પરિણમનમાં સુખના નિશ્ચય કારણરૂપ છે. કોણ? એની પર્યાય. '**પરિણમતો થકો...**' પોતાની વિકારી પર્યાયપણે-સદોષ વિકારીપણે-અશુદ્ધતાપણે પરિણમતો થકો '**સ્વયમેવ આ આત્મા સુખપણાને પામે છે...**' પોતાની મેળાએ સ્વભાવથી ભૂલીને, પોતાના સ્વભાવમાં એટલે ભાવમાં વિકારપણે પોતે પોતાથી થાય છે. એ વિકારપણું થવામાં બીજી ચીજ કાંઈ કાર્યગત છે નહિ. સમજાણું કાંઈ?

.... સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કે આત્મા એકલો રહે, પોતાની શુદ્ધ દશાને પ્રગટ કરીને સિદ્ધદશા જેને મુક્તદશા, જેને મોક્ષ કહે. તો મોક્ષમાં તો આત્મા એકલો છે, ત્યાં શરીર નથી તો એને સુખ કેમ હશે? કે ભાઈ! શરીર સુખનું સાધન તો તારે પણ નથી અત્યારે. તારી કલ્પનામાં એ નિમિત્ત છે પણ કાર્યગત છે નહિ. તો ત્યાં તો શરીર નથી અને એકલો આત્માનો આનંદ અનુભવવો એનું નામ મુક્તિ અને મોક્ષ કહેવામાં આવે છે. સંસારમાં વિકારી પુણ્ય-પાપના વિકારભાવની અશુદ્ધ પરિણતિને અનુભવવું એ સંસારદશા. એ અનુભવમાં પર ચીજ કાંઈ કાર્યગત છે નહિ. એ અશુદ્ધ પરિણતિનો નાશ કરી, સ્વભાવ સન્મુખની શુદ્ધ પરિણતિ, શુદ્ધ દશા પ્રગટ કરી એને પણ શરીર અને ઈન્દ્રિય કાંઈ મદદ કરતા નથી. માટે એના વિના પણ પરમાત્મા સુખી છે. મુક્તદશામાં આત્મા સુખી છે. સમજાણું

કાંઈ? કેટલી વાત થઈ!

મુક્તિમાં સુખ છે. લાડી નહિ, વાડી નહિ, ગાડી નહિ, ઘોડી નહિ, ઓસામણ નહિ, ઊના ઊના ઓસામણ નહિ, ઊની ઊની રોટલી નહિ. આમ તાવડીમાંથી નીકળે ને ફટ પડે અને ઘીમાં બોળી. કાંઈ ન મળે અને સુખી. હવે સાંભળને. એ કાંઈ ન મળે એ જ સુખી છે કહે છે. અને આત્મા આખો પરમાત્મા પોતે છે એનું અવલંબન લઈને શુદ્ધ દશાની અવસ્થાપણે પોતે થઈ ગયો. સ્વયમેવ થયો છે, સ્વયમેવ થયો છે. શક્તિનો વિકાસ કરીને પરિણતિ નિર્મળ સ્વયમેવ થઈ છે. એવી મુક્તદશામાં શરીર, ઇન્દ્રિયાદિ નહિ હોવા છતાં આનંદરૂપ છે. એ આનંદમાં બાહ્ય (ચીજ) સાધન કાંઈ છે નહિ.

જેમકે તારી સશરીર અવસ્થામાં પરવસ્તુ તારી સુખ-દુઃખની કલ્પનાના પરિણમનમાં બાહ્ય ચીજ કાંઈ કામ નથી કરતી, તો પરમાત્મામાં તો નથી તો કાંઈ કામ કરતી નથી. સમજાણું કાંઈ? આ તો બેસે એવું છે હોં! એના ખ્યાલમાં તો આવે કે આમ કહેવા માગે છે એટલું. પછી વળી શ્રદ્ધા અને ઓળખાણ કરે એ પછી. પણ આમ કહેવા માગે છે એવું તો ખ્યાલમાં આવવું જોઈએ કે નહિ? એ ધર્મની અને અધર્મની આ રીત છે. દુનિયાએ કલ્પી છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હિંસાના પરિણામ, જૂઠાના પરિણામ, વિષયના પરિણામ, ભોગ આદિના પરિણામ એ પરિણામ તારામાં થાય છે એમાં બાહ્ય ચીજ કાંઈ કામ કરતી નથી એ સિદ્ધ કરે છે. તારો શુદ્ધ સ્વભાવ જે ત્રિકાળ એને શુદ્ધપણે ન પરિણમાવતા અશુદ્ધપણે તું સ્વયમેવ પોતાથી થા છો. તેથી તને સુખરૂપ આત્મા ભાસે છે. દુઃખરૂપ છે એને સુખરૂપ ભાસે છે. કહો, ચીમનભાઈ! શું હશે હવે આમાં? સારા છોકરા થાય, સારા પૈસા થાય રળાઉ, બે કરોડ, પાંચ કરોડ રૂપિયા થાય. શરીર સારું રહે સરસ આમ. ૮૦-૮૦ વર્ષની ઉંમર, ૯૦ની લ્યો. પણ શરીર આમ ફૂટડું હોય એ કલ્પના સુખમાં કાંઈ મદદ નહિ એ? એય..! મલૂકચંદભાઈ! પણ તારી પર્યાય તું કર એમાં પર શું કરે તને? સમજાણું કાંઈ? તો તો એવું થાય કે જાડું-મોટું શરીર હોય એને વધારે દુઃખનું કારણ પરિણમન થાય. નાનું શરીર એને ઓછા દુઃખનું પરિણમન એમ છે કાંઈ? બહારના કારણ છે? એની પોતાની ઊલટી દશા, વિપરીત દશા કેટલા પ્રમાણમાં કરે છે એ પ્રમાણમાં એને સુખ-દુઃખની કલ્પનારૂપે થાય છે. પરને કારણે કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

જ્ઞાન, દર્શન, વીર્ય, દેખો ત્રણ લીધા. ઊંધું જ્ઞાન, ઊંધી માન્યતા અને વીર્ય ત્યાં સ્ફૂરે સ્વભાવ વિભાવરૂપે. સ્વભાવ એટલે વિભાવ. એવા સ્વભાવ એટલે દેખો અહીં સ્વભાવ કીધો એને. વિકારી પરિણમનને જ્ઞાન, દર્શન, વીર્યનો સ્વભાવ કીધો. સ્વ એટલે પોતાનો ભાવ. એવા ભાવે '**કે જે સુખના નિશ્ચય-કારણરૂપ છે—**' ક્યું? એ ભાવ કલ્પેલા સુખની માન્યતાનું ખરું કારણ છે. શું કીધું? આ પરમાં સુખ છે એવી માન્યતાના કારણમાં તારું

ખરું કારણ છે. પર કારણ કાંઈ છે નહિ. આહા..હા..! સુખ કારણરૂપ **'પરિણમતો થકો સ્વયમેવ આ આત્મા સુખપણાને પામે છે...'** સુખ એટલે? આ સાંસારિક સુખ હોં કલ્પનાનું. ઈન્દ્રિયો અને શરીરમાં મને ઠીક છે હમણાં, મને મજા છે હમણાં.

મુમુક્ષુ :- તબિયત બહુ સારી રહે છે.

ઉત્તર :- હા, તબિયત બહુ સારી રહી. તબિયત સારી એ તો શરીર છે એમાં તારે શું? એ તો જડ છે માટી. એ તબિયત સારી છે એટલે મને મજા છે એવું જે મિથ્યાદષ્ટિના મિથ્યાત્વનું પરિણમન (એમાં) તબિયત બિલકુલ એને કાર્ય કરતી નથી. મનસુખભાઈ! અકિંચિત્કર છે. અકિંચિત્કર એ અહીં માથે આવી ગયું ને. હવે આવશે ત્યાં. સમજાણું કાંઈ? અકિંચિત્કર છે જુઓ! ૬૭માં આવશે. એ તો અહીંથી ઉપાડ્યું છે ને. કાંઈ નથી. ન્યાયથી-લોજિકથી તો વાત સિદ્ધ કરે છે. પર વસ્તુ જો સુખ-દુઃખની કલ્પનાનું કારણ હોય તો વસ્તુ જેટલી ઝાઝી હોય તો ઝાઝો મેલ અશુદ્ધપણે થવું જોઈએ. પણ એમ તો છે નહિ. થોડી વસ્તુ હોય અને મલિનપણે તીવ્ર છે અને ઝાઝી હોયને મલિનપણે થોડો (થાય) એ તો પોતાનું સ્વતંત્રપણું છે, પર ચીજને કારણે છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અને શરીર તો અચેતન જ હોવાથી...'** લ્યો દેખો! ભાઈ! આ શરીર, ઈન્દ્રિયો એ તો અચેતન છે અને તારી માન્યતામાં હું સુખી છું એવી કલ્પનાના પરિણમનમાં ખરું કારણ તો તારું જ છે. આ ઈન્દ્રિયો અને શરીર તો અચેતન હોવાથી **'સુખત્વપરિણતિનું નિશ્ચય-કારણ નહિ થતું...'** સુખની અવસ્થામાં નિશ્ચય કારણ નહિ થતું. નિશ્ચય કારણ નથી થતું ત્યારે વ્યવહાર કારણ થાય છે? પણ વ્યવહાર કારણનો એ અર્થ છે કે છે નહિ તેને કહેવું એનું નામ વ્યવહાર કારણ. આમાંથી કાઢે ભાઈ પાછું. માથે બે વાત કીધી કે (કલ્પના) સુખના નિશ્ચયકારણરૂપ પરિણમતો થકો વિકારપણે અને પર સુખનું નિશ્ચય કારણ નહિ થતું થકું **'જરાય સુખપણાને પામતું નથી.'** શરીર સુખની દશાની કલ્પનાપણે શરીર જરીએ થતું નથી. તારી અવસ્થામાં તારામાં થાય છે. ન્યાયથી બરાબર છે કે નહિ? આ તો જડ છે, અચેતન છે અને હું સુખી છું એવી અજ્ઞાન દશાનું પરિણમન એ તો ચેતનની અવસ્થામાં છે. એ કાંઈ જડમાં નથી અને જડને લઈને નથી. બરાબર છે? આહા..હા..! હજી તો ભૂલ કેમ કરે છે એની ખબર ન મળે. એ જાણે ભૂલ કરું છું તે આ છે માટે કરું છું, આ (છે માટે) કરું છું. હજી ઈ જ વાતમાં ભૂલ. એટલે પછી એને છોડો, આને છોડો. પણ ભૂલ એને લઈને કે દિ' થઈ છે તે એને છોડે ભૂલ જાય? સમજાણું કાંઈ? આ ઝાઝી ચીજ છે છોડો, ત્યાગ કરો, ત્યાગ કરો, છોડો, છોડો. પણ એને કારણે ભૂલ થઈ છે કે દિ'? કે છોડ અને ગ્રહણ એવું આવે તારામાં. આહા..હા..!

મુમુક્ષુ :- મહાસિદ્ધાંત છે.

ઉત્તર :- ત્રિકાળ સિદ્ધાંત છે, સત્ય સિદ્ધાંત છે આ.

મુમુક્ષુ :- ...સાંભળ્યું નથી.

ઉત્તર :- સાંભળ્યું નથી? આ કહે છે. બાપા શું કહે છે? સાંભળ્યું નથી. કહો, સમજાણું આમાં? આત્મા ક્યાં બાળક ને વૃદ્ધ, યુવાન છે? આત્મા તો આત્મા છે. આ તો શરીર આને લઈને... નાનું અને કોમળ એને બાળક કહે, કઠણ માંસ ને હાડકા એને જુવાન કહે, હાડકા અને ઈન્દ્રિય વળી જાય એને વૃદ્ધ કહે. એ તો હાડકાની દશાનું નામ છે, આત્મામાં ક્યાં છે વૃદ્ધ અને યુવાન? સમજાણું કાંઈ? અને વૃદ્ધને લઈને ત્યાં દુઃખ છે અને જુવાનીને લઈને સુખની કલ્પના એમ છે? એમ કહે છે. ના. યુવાન શરીર માટે અહીં સુખની કલ્પનામાં કારણ થાય એ? ના. તારી પર્યાયમાં નિશ્ચય કારણ તું જ છો. સુખની કલ્પના હોં! સુખ એટલે સુખરૂપે થાય છે એનો અર્થ? સુખની કલ્પનારૂપે. છે તો એ કલ્પના દુઃખરૂપ. પણ માન્યું છે ને કે અમે સુખી છીએ. હમણા પૈસાટકે બધી રીતે સરખાઈ છે એમ કહે છે ને. ધૂળેય નથી. પૈસેટકે છોકરા બધી રીતે અમારે સરખું છે. એય..!

ઓલા શેઠ કહેતા હતા હમણા, નહિ? શેઠિયા. આવ્યા હતા ને સરદારશહેર. એ પોતે કહે, જુઓ આવું કંઈ સુખ નથી એવું તો અનંત વાર થયું છે. છોકરા સારી, છોડ્યું સારી, છોકરીને પરણાવી જમાઈ સારા, ઘરે પૈસા, છોકરા સારા, છોકરાની વહુ આવે એ બધી સારી. આ ભાઈ આવ્યા હતા ને હમણા શેઠિયા, દીપચંદજી શેઠિયા. એ કહેતા હતા ત્રણ ચાર વર્ષ પહેલાં. બધી સરખાઈ. ચક્રવર્તીનું ઘણું હશે, આ થોડું પણ બધી એકેએક અંશે સરખાઈ છે. પણ એ સરખાઈ શું? ધૂળની. તે અનંત વાર આવી. એ સરખાઈ શેની કહેવી? સમજાય છે? આહા..હા..!

અને નારકીના જીવને કેટલી પ્રતિકૂળતા બહારની. છતાં એ પ્રતિકૂળતા તેના દુઃખના કારણને માટે નથી. આહા..હા..! એની પોતાના સ્વભાવની દૃષ્ટિ ભૂલી, ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાને ભૂલી અને મને દુઃખ થાય છે એવી કલ્પનાનું પરિણમન પોતે કરે છે. એમાં બાહ્ય ચીજ છે એ અકિંચિત્કર છે આહા..હા..! કેટલું નિમિત્તને અકિંચિત્કર સિદ્ધ કરીને સ્વતંત્ર કાર્ય થાય છે દુઃખનું અને વિકારનું પણ, એમ સિદ્ધ કરે છે. આહા..હા..! વાત વિચારમાં આવતી નથી, સાંભળવા મળતી નથી. એ તો બહારથી ધમાધમ ને ધમાધમ. આ કરો ને આ કરો, આ કરો ને આ કરો. કરો... કરો... કરો... કરો એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાય છે? અને રાગ છે એ તો ધર્મથી વિરુદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ?

ધર્મ પરિણતિમાં પોતાનો સ્વભાવ ભગવાન શુદ્ધ આનંદસ્વરૂપ એની અંતર દૃષ્ટિ કરવાને જ્ઞાન અને રમણતા કરવામાં બાહ્ય ચીજો બિલકુલ કાર્યગત છે નહિ. સ્વતઃ સાધન છે એ આત્મામાં સાધન થઈ જાય છે. એમ દુઃખરૂપે સંસારની સુખની કલ્પનાના ભાવમાં પણ બાહ્યની ચીજો એટલે શરીરાદિ કંઈ પણ કાર્યગત નથી. એ તો નિમિત્તરૂપે બીજી ચીજ છે. નિમિત્ત એટલે કે કાર્ય કરે નહિ એને નિમિત્ત કહેવામાં આવે છે. કાર્ય કરવામાં મદદગાર નહિ એને

નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અને શરીર તો અચેતન જ હોવાથી સુખત્વપરિણતિનું...'** જડને, હું સુખી છું એવી કલ્પનાનું પરિણમન જડને હોય? માટીને હોય? એને જ્ઞાન છે? આત્મા જ્ઞાન છે અને જાણે, આમ જાણતા 'આ ઠીક છે' એવી કલ્પનારૂપે જ્ઞાન પોતે અટકેલું કામ કરે છે, નહિ કે અચેતન શરીર તેને દુઃખની પરિણતિરૂપ સુખની કલ્પના કરાવે છે. સમજાય છે કાંઈ? આ નવ તત્ત્વનો શું પ્રત્યેક ભાવ સ્વતંત્ર છે એ સિદ્ધ કરે છે. આ ખબર નહિ ને પછી કરો ધર્મ કહે છે. કરો અપવાસ, થઈ ગયો ધર્મ. શેનો પણ? અપવાસ એટલે શું? આ રોટલા ન આવ્યા એ અપવાસ થઈ ગયો? રોટલા તો જડ છે, એ તો નહોતા આવ્યા. ન આવ્યા માટે એ પરિણામ ધર્મ થયા? એમાં શુભ વિકલ્પ કર્યો હોય, તે પણ તે તારાથી થયો છે. એ રોટલા ન આવ્યા માટે શુભ પરિણામ થયા એમ પણ નથી. સમજાય છે કાંઈ? આઠમનો અપવાસ એટલે રોટલા ન ખાધા, રોટલા ન આવ્યા માટે શુભ પરિણામ થયા એમ છે? શુભપરિણામ તો તારા તેં પરિણમ્યો હતો, એમાં ઓલી ચીજ કાંઈ કાર્યગત છે નહિ. એ શુભ પરિણામ પણ પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ!

મૂળ વાતને સમજવાને એટલી બધી અત્યારે વિપરીતતા થઈ ગઈ ને. પ્રરૂપણા આખી ફરી એટલે આ વાત સાંભળતા એને એમ લાગે કે આ શું કહે છે આ તે? આવો માર્ગ વીતરાગનો હશે? જૈન પરમેશ્વર આમ કહેતા હશે? બીજું સાંભળ્યું હોય એટલે આમ જૈન પરમેશ્વર કહે છે? આ જૈન પરમેશ્વર આમ કહે છે, સાંભળને. સમજાણું કાંઈ? જૈન પરમેશ્વર કોઈ વાડો નથી, વસ્તુનું સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ ચિદાનંદ વીતરાગમૂર્તિ આત્મા છે. કારણ કે વીતરાગતા પ્રગટ થાય છે એ ક્યાંથી આવે? અંદરમાંથી આવે કે બહારથી આવતી હશે? શાંતિ અને આનંદ આવે એ ક્યાંથી બહારથી આવે છે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. તો અંદરમાં પડેલી વસ્તુ છે તેને એકાગ્ર થતા પ્રગટ કરે છે. અને એ પ્રગટ કરવામાં બાહ્ય ચીજ બિલકુલ મદદગાર સાધન-ફાધન છે નહિ. આહા..હા..!

**'જરાય સુખપણાને પામતું નથી.'** ભાષા શું છે? કોણ? આ શરીર. પરમાં સુખ છે એવી કલ્પનાના પરિણમનમાં જીવ પોતે કારણ છે. પણ એ પરિણમનમાં શરીર જરાય સુખરૂપે પરિણમતું નથી. જડને શું હોય પણ સુખપણે પરિણમન? માટે તે કાંઈપણ સુખની કલ્પનાના ભાવમાં કામ કરતું નથી. આહા..હા..! ઘણા સિદ્ધાંતો એમાં સિદ્ધ કરે છે.

**'ભાવાર્થ :- સશરીર અવસ્થામાં પણ...'** એમ. શરીર વિના, ભગવાન આત્માને પૂર્ણાનંદ પ્રાપ્ત થાય એને તો શરીરની જરૂર નથી. **'સશરીર અવસ્થામાં પણ આત્મા જ સુખરૂપ (-ઇન્દ્રિયસુખરૂપ) પરિણતિએ પરિણમે છે,...'** પર્યાય. શબ્દમાં, રૂપમાં, ગંધમાં, રસમાં, સ્પર્શમાં એ તો જડ છે. પણ 'એમાં મને ઠીક પડે છે' એવી કલ્પનારૂપે આત્મા પરિણમે છે. એ ઇન્દ્રિયના વિષયો તે પરિણમાવતા નથી. **'દેહ નહિ;...'** એ દેહ નહિ.

આહા..હા..! **'તેથી ત્યારે પણ (-સશરીર અવસ્થામાં પણ) સુખનું નિશ્ચય કારણ આત્મા જ છે...'** દેખો! સુખકારણ આત્મા. એ વિભાવનું સુખરૂપે પરિણમનનું કારણ આત્મા. આ ઉપાદાન-નિમિત્તના વાંધા મોટા લે છે ને. મોટા ઝઘડા. નિમિત્ત છે, પણ નિમિત્ત કાર્યગત કરતું નથી. એનું નામ નિમિત્ત. નહિતર નિમિત્ત રહેતું નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! બહુ ખુલાસો છે આમાં જુઓ!

**'અર્થાત્ ઇન્દ્રિયસુખનું વાસ્તવિક કારણ આત્માનો જ અશુદ્ધ સ્વભાવ છે.'** મલિન ભાવ છે. **'અશુદ્ધ સ્વભાવે પરિણમતો આત્મા જ સ્વયમેવ ઇન્દ્રિયસુખરૂપ થાય છે.'** પોતાની મેળાએ ઇન્દ્રિયના સુખરૂપે હું સુખી છું એમ માને છે, પોતે પરિણમે છે. **'તેમાં દેહ કારણ નથી;...'** દેહ બિલકુલ કારણ નથી. આહા..હા..! **'કારણ કે સુખરૂપ પરિણતિ અને દેહ તદ્દન ભિન્ન હોવાને લીધે...'** શું કહે છે? આત્મામાં, હું સુખી છું બહારથી એવી કલ્પનાની માન્યતામાં, પરિણમનમાં અને દેહ તદ્દન ભિન્ન છે. દેહ તદ્દન જુદી ચીજ અને આ દુઃખરૂપે પરિણમું છું એટલે સુખરૂપે માન્યતા, એ પરિણતિ અવસ્થા તદ્દન ભિન્ન છે. (આમ) **'હોવાને લીધે સુખને અને દેહને નિશ્ચયથી કાર્યકારણપણું બિલકુલ નથી.'** કહો, સમજાણું કાંઈ? એમ જો નક્કી કરે તો મારી ભૂલથી જ હું પરિણમું છું, નહિ કે કોઈ ભૂલ કરાવે છે. પોતાની ભૂલથી સુખ માનું છું એમ જો માને તો પોતાના સ્વભાવને આશ્રયે તે ભૂલ ટળે. હું જ્ઞાનાનંદ ચૈતન્ય છું, મારો આનંદ મારી પાસે છે એવી દૃષ્ટિ કરીને પરમાં સુખબુદ્ધિનો નાશ થાય. ત્યારે તેને ધર્મ થાય, ત્યારે એ જન્મ-મરણનો નાશ કરે. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક સુદ ૧૫, સોમવાર, તા. ૦૪.૧૧.૧૯૬૮**
**ગાથા-૬૬-૬૭, પ્રવચન-૫૬**

૬૫ ગાથા થઈ. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ૬૬.

एगंतेण हि देहो सुहं ण देहिस्स कुणदि सग्गे वा।
विसयवसेण दु सोक्खं दुक्खं वा हवदि सयमादा।।६६।।

**એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહીં સુખ દેહીને,**
**પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુઃખ થાય છે. ૬૬.**

શું કહે છે? આ જ્ઞાનતત્ત્વ અધિકાર ચાલે છે. તો જ્ઞાનતત્ત્વ પોતાનો આનંદસ્વભાવ છે અને જ્ઞાન શુદ્ધ જાણવું-દેખવું એ સ્વભાવ છે. એ પરના સંબંધી લક્ષ કરીને પરમાં સુખ છે એવી બુદ્ધિ કરે છે અથવા એવો ભાવ કરે છે, એ ભાવ માટે પરપદાર્થ બિલકુલ કારણ નથી. સમજાય છે? પોતાનો શુદ્ધ સ્વભાવ જ્ઞાયક બ્રહ્મ આનંદસ્વરૂપ એનું અંતર આચરણ કરવું એ પરિણમનમાં પણ કોઈ બાહ્ય સાધન છે નહિ. એમ એ વસ્તુને ભૂલીને, જ્ઞાનતત્ત્વ ભૂલીને, એમ કહે છે ને. જ્ઞાનતત્ત્વ જે છે, જ્ઞાનસ્વરૂપ છે, બ્રહ્માનંદ સ્વરૂપ છે એને ભૂલીને રાગ ને દ્વેષપણે પરિણમવું વિષયપણે, એ પરિણમનમાં બાહ્ય ચીજ કોઈ કારણ નથી. એનો આત્મા જ એ વિકારપણે વ્યભિચારપણે પરિણમે છે. સમજાય છે કાંઈ?

જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાના જ્ઞાનમાં એકાગ્ર થઈને પરિણમે એમાં કોઈ કારણ વિકલ્પ કે નિમિત્ત કે શરીરનું સાધન નથી. સમજાણું કાંઈ? ખરું એ બ્રહ્મચર્ય છે. બ્રહ્મ નામ આત્મા જ્ઞાનસ્વરૂપ એમાં એકાગ્ર થવું એ બ્રહ્મચર્ય. એમાં કોઈ બહારના કારણોની જરૂર નથી એમ કહે છે. અને પરમાં આનંદ માનવો એવી માન્યતાના પરિણમનમાં પણ કોઈ બાહ્ય કારણની જરૂર નથી. સમજાય છે કાંઈ? એ વ્યભિચાર છે. પરમાં સુખ માનવું એવો જે ભાવ એ આત્માના જ્ઞાનતત્ત્વથી વિરુદ્ધ વ્યભિચાર છે. તો અહીં કહે છે કે વ્યભિચારરૂપી પરિણમન માટે પણ કોઈ નિમિત્ત કારણ છે જ નહિ. અને જ્ઞાન તત્ત્વના—શુદ્ધ સ્વરૂપ છે વસ્તુ એના-પરિણમન માટે પણ કોઈ બાહ્ય કારણ છે નહિ. સમજાણું કાંઈ?

'**અન્વયાર્થ :- એકાંતે અર્થાત્ નિયમથી સ્વર્ગમાં પણ દેહ દેહીને (-આત્માને) સુખ કરતો નથી;...**' શું કહે છે? ચોક્કસથી છે કે સ્વર્ગમાં પણ, મનુષ્યમાં તો ઠીક, પણ સ્વર્ગમાં વૈક્રિયક શરીર છે અને એને પણ દેહ એટલે વૈક્રિયિક દેહ, દેહી નામ આત્માને સુખ કરતો નથી. સુખ એટલે? આ આત્માના સુખની આ વાત નથી. આનંદને ભૂલી અને પરમાં સુખ છે એવો જે ભાવ એ ભાવને વૈક્રિયિક શરીર કાંઈ કરતું નથી. સમજાણું કાંઈ? '**પરંતુ વિષયોના વશે...**' બસ, આ વાત છે. પોતાનો ભગવાન આત્મા અનાકુળ આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે એને વશે ન થતાં પર વસ્તુની અનુકૂળતા આદિમાં આ મને ઠીક છે, એવી જે ભાવની પરિણતિ એ આત્મા પરને વશ થઈને સ્વતંત્ર કરે છે. સમજાણું કાંઈ?

'**વિષયોના વશે...**' શબ્દ પડ્યો છે ને? '**विसयवसेण**' મૂળમાં છે ને? '**वसेण**' ભગવાન આત્મા પોતાનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. અહીં જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે ને. જ્ઞાનતત્ત્વ એ તો સ્વરૂપ છે સુખરૂપ અને આનંદ. એવા જ્ઞાનના આનંદની રુચિને છોડી, એના આનંદની રુચિને છોડી... એની અહીં વાત છે. બાહ્ય પદાર્થમાં આબરૂ, કીર્તિ, શરીર, ભોગ, વિષયવાસના એ જે ઊભી કરે છે એ બાહ્ય કારણથી નથી ઊભી કરતો, કહે છે. એ પોતાના વ્યભિચાર વિકારરૂપ પરિણામ વિષયને વશ થઈને ઉત્પન્ન કરે છે. એમાં પર વસ્તુ બિલકુલ અકિંચિત્કર

છે. સમજાણું કાંઈ? કોઈ સુંદર શરીર અને સુંદર શણગાર ને બધી વિભૂતિ બહુ અનુકૂળ હોય એ એને લલચાવે છે અને રાગ કરાવે છે એમ નથી. તેમ પ્રતિકૂળતાની ચીજો એને હેરાન કરીને દુઃખ આપે છે એમ નથી. કહો, ભગવાનજીભાઈ! કાંઈપણ જરીએ ટકો નહિ હોય બહારનો? હવે ભઈ! આહા..હા..! પ્લાસ્ટિકનું મોટું જો ઓલું હોય એમાં બેઠા હોય, છોકરા ત્યાં બેઠા હોય. કાંઈક ખરું કે નહિ એનું કારણ? આહા..હા..! ભાઈ! તારી ચીજ જુદી છે ને કહે છે. તારી ચીજ જુદી છે. ભગવાન આત્મા તો જ્ઞાનમૂર્તિ (છે). અહીં તો જ્ઞાનતત્ત્વ છે ને, તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાતા-દૃષ્ટા છે. સ્વભાવ તો એનો એ છે. એ સ્વભાવને વશ થાય તો જ્ઞાનીને તો જ્ઞાનનો આનંદ અને એ શુદ્ધ પરિણમન થાય એ પણ પોતાને આધારે છે. એ કાંઈ પરને કારણે નથી કે ભાઈ કર્મ કાંઈ મંદ પડી ગયા, કંઈ અનુકૂળતા આવી. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ના ના પ્રભુ! એ તો સાધન જ નથી.

ઉત્તર :- નથી? વાણી... વાણી... વાણી અનુકૂળ સાધન?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ! એનું કારણ છે. જ્ઞાનતત્ત્વ એનું પરિણમવું, એનું પરિણમવું એ તો પરિણમનશીલ એનો સ્વભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન ચૈતન્યસૂર્ય છે આત્મા, એનું પરિણમવું એ તો એનું સ્વરૂપ છે. હવે જો સ્વભાવને વશ થઈને પરિણમે તો સુખરૂપ પરિણમે અને જ્ઞાનતત્ત્વ થઈને રહે અને પરને વશ થઈને રહે તો અજ્ઞાનતત્ત્વપણે વિકારપણે પરિણમે, વ્યભિચારપણે પરિણમે, એ સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એ '**સુખ અથવા દુઃખરૂપ સ્વયં આત્મા થાય છે.**' અન્વયાર્થમાં. છે ને મૂળ સ્વયં શબ્દ છે ને? '**स्वयं आत्मा भवति**' જુઓને, કેટલું સ્પષ્ટ કર્યું! સ્વયં.

મુમુક્ષુ :- સ્વયંનો અર્થ જુદો કરે છે.

ઉત્તર :- કરે છે ને જુદો. સ્વયં એટલે પરિણમે છે ઈ એમ. પણ આ તો પોતે પરિણમે છે એમ કહેવું છે અહીં. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ ચૈતન્યપ્રભુ છે એ તો, સચ્ચિદાનંદ છે. એવી જો અંતર દૃષ્ટિ કરે તો તો એને આનંદ અને જ્ઞાનનું પરિણમન એ પણ સ્વયં કરે છે. એને આત્મધર્મના પરિણમનમાં કોઈ ચીજની અપેક્ષા નથી. નિરપેક્ષ પર્યાય છે ઈ એમ કહે છે. એમ વ્યભિચાર (એટલે) સ્વરૂપને ભૂલી ક્યાંય પણ સુખબુદ્ધિ થવી, એવા મિથ્યાત્વની પરિણતિ વિષયવશે થઈને સ્વયં આત્મા કરે છે. સમજાણું કાંઈ?

આમાં એક આવ્યું છે. .. અમર ભારતી એક. એમ કે આ લગન છે એ મૂળ ઉઠ્યા ક્યાંથી? મૂળ તો બ્રહ્મચર્યમાંથી. એમ કે વિશેષ જે વૃત્તિ જતી એને અટકાવવા એ વિવાહ

પણ એક બ્રહ્મચર્યનું અંગ છે. અધ્યાત્મની વાત ઊંચી કરે પાછી, વાંચ્યું છે તો ઘણું. વળી એક કોર આ નાખે. અરે..! પણ એ તો વ્યભિચાર ઉત્પન્ન કરે છે એ બીજાની વૃત્તિ ખસેડવા માટે છે કે પોતાની વૃત્તિ નવી ઊભી કરે છે? કઈ રીતે લોકોને લડાવે છે ને.

અહીં તો કહે છે કે પોતાનો આત્મા છે એ તો જ્ઞાન ને દર્શન ને આનંદ. જ્ઞાનતત્ત્વ છે ને. એ તો જ્ઞાનતત્ત્વ જ્ઞાનભાવસ્વરૂપ આત્મા છે. હવે એ જ્ઞાનભાવસ્વરૂપને ભૂલે તો વ્યભિચારના કોઈપણ વિકલ્પપણે પરિણમવું એ સ્વતંત્ર પોતાથી પોતે પરિણમે છે. ફલાણાને કારણે આમ થયું, ઢીંકણાને કારણે એવું એમાં કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ટીકા :- આ અહીં સિદ્ધાંત છે કે—શરીર, ભલે તેને દિવ્ય વૈક્રિયિકપણું હોય...**' આ સિદ્ધાંત, નિયમ છે, સિદ્ધાંત છે. નિયમ કીધું ને. એકાંતે એમ કીધું ને? એકાંત કહો, નિયમ કહો કે સિદ્ધાંત કહો. એવો સિદ્ધાંત નામ ચોક્કસપણું નિયમ ને યથાર્થપણું છે કે '**શરીર, ભલે તેને દિવ્ય વૈક્રિયિકપણું હોય...**' વૈક્રિયિક શરીર સુંદર... સુંદર... સુંદર... સુંદર... દેવના શરીર વૈક્રિયિક હોય છે. સમજાણું? '**તોપણ, સુખ કરી શકતું નથી;...**' એ જડ શરીર વૈક્રિયિક ધૂળ છે, માટીનો પિંડલો છે. ભલે રૂપાળું, પણ એ જડ છે ને? એ જડ કાંઈ સુખની પરિણતિમાં પરિણમે? સુખની પરિણતિ એ કરાવે? સુખની પરિણતિ એટલે પરમાં સુખ છે એવી માન્યતાની પરિણતિ. એમ. સમજાય છે કાંઈ? શું હશે આમાં? અમુલખભાઈ!

મુમુક્ષુ :- .. બધું અજ્ઞાનથી કરે છે.

ઉત્તર :- અહીં અજ્ઞાનથી જ કરે છે એ વાત લેવી છે અહીં. પોતાનો જ્ઞાનસ્વભાવ ચૈતન્ય છે, શુદ્ધ આનંદસ્વરૂપ છે એને ભૂલે તોપણ એ પોતે અને ભૂલને ભાંગે તોપણ પોતે. એમાં બીજું કોઈ કારણ-ફારણ નથી. નિમિત્ત કહો એ બીજી વાત છે, પણ ખરેખર એ કારણ નથી કે એને કારણે આમાં થાય છે એમ છે નહિ.

'**દિવ્ય વૈક્રિયિકપણું હોય તોપણ, સુખ કરી શકતું નથી;...**' સમજાણું કાંઈ? કહો. આમ ગાદલા રેશમી, સુંવાળા હોય અને અંદરમાં ગરમી લાગી હોય શરીરમાં, એમાં પોતા મૂકતા હોય પાતળા ફર્સ્ટ ક્લાસ છાશના અને પવન માથે નાખે, પગચંપી કરતા હોય અંદર લ્યો! સુંવાળા શરીર આમ. કાંઈક પણ એ કારણ ખરા કે નહિ અહીં રાગમાં? એ લલચાવે ખરા કે નહિ કાંઈ? સ્વયમેવ આત્મા થાય. સ્વયં-એવ. સ્વયં પોતે જ આત્મા વિકારપણે પરિણમે છે. દુઃખની દશાપણે કે સુખની કલ્પનાપણે. પર વસ્તુ કોઈ એને કાંઈ કરાવતી નથી. ખબેરય ન મળે તત્ત્વની (કે) શું કરું છું અને ક્યાં છું, હવે એને શી રીતે ધર્મ થાય?

તત્ત્વનું શું સ્વરૂપ છે એમ અહીં કહે છે. એ વિકારના પરિણામ તત્ત્વ છે પુણ્ય અને પાપ. સમજાય છે? એ પરિણામપણે પરિણમવું એ સ્વયં તારી સ્વતંત્રતા છે. અબંધસ્વભાવને ભૂલી, ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ અબંધસ્વરૂપને ભૂલી અને બંધના પરિણામપણે પરિણમવું

એ પરને વશને થઈને તારાથી સ્વતંત્ર થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ બંધના પરિણામ કોઈ બીજા કારણે થાય છે એમ નથી. અહીં નોકર્મની વાત છે. પણ કર્મને લઈને પણ થતા નથી.

'ભાવાર્થ :- શરીર સુખદુઃખ કરતું નથી.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનિષ્ટ એ કરે છે? લ્યો! આ વ્યાધિ. જમૈયો પડ્યો, આમાં વીંછી કરડ્યો એ શરીર દુઃખ કરે છે? પણ વીંછી કરડવા વખતે કેમ દુઃખ થાય છે ત્યારે? એ વખતે કેમ દુઃખ થાય છે? એ પહેલા દુઃખ નહોતું થાતું. પહેલા કેમ થાતું નહોતું? પણ વીંછી કરડ્યો ત્યાં આહા..હા..! રાડ નાખી જાય. સમજાણું? એક બાઈ પાટલે બેઠી અને પાટલે પાતળું લૂગડું. રાંધવા વખતે, વૈષ્ણવ ખરાને, બહુ પાતળું લૂગડું પહેરેલું. પાટલો હોય પાટલામાં જરી કાણું હોય ને. બે લાકડા સરખા મળ્યા ન હોય એમાં નીચે વીંછી. આહા..હા..! રાડે રાડ. હવે ત્યાં બતાવવું શી રીતે? બહુ આભડછેટ આભડછેટ કરતી હતી લૂગડું પાતળું પહેરીને. હવે એવી રીતે વીંછી કરડ્યો. આકરો વીંછી. બેઠકમાં કરડ્યો ને રાડે રાડ... રાડે રાડ... મરી જાઉં છું રે... આ રાંધવાનું પડ્યું રહ્યું બધું. એને લઈને દુઃખી થયો? કેમ હશે?

મુમુક્ષુ :- .. રાંધવાનું પડ્યું રહ્યું.

ઉત્તર :- રાંધવાનું પડ્યું રહ્યું એ તો નહોતું થવાનું. પણ એને લઈને દુઃખી નથી એમ કહે છે. આવ્યું નહિ માથે? ઈષ્ટ અનિષ્ટને વશે. આવ્યું કે નહિ માથે? એને તાબે થઈ જાય છે. અરે..! આ મને થયું, અરે..! મને થયું. એવા દ્વેષભાવે પરિણમન તારે કારણે સ્વતંત્ર થાય છે. સમજાણું કાંઈ? એ નિર્ધનતા દુઃખનું કારણ નથી એમ કહે છે. સધનતા એ સુખનું કારણ નથી. સુંદર શરીર સુખનું કારણ નથી. સુખ એટલે કલ્પના અજ્ઞાનીની. અને કુબડું શરીર, કાળુંમશ ને આ બધું શીતળા નીકળ્યા હોય અને એક આંખ ફૂટી ગઈ હોય અને એક આંખ બતાવવાના કામેય ન હોય ફૂટતી હોય સરખી. કેમ મગનભાઈ નથી? ગયા? તાવ આવ્યો? એ તો યાદ આવ્યું આંખનું ઓલા. જરી મોળા ટહ થઈને આવ્યા હતા. એક આંખમાં ઓલું કહ્યું ને, નસ સુકાય છે થોડી એમ કરીને. હવે થાવું હોય તે થાય, શું છે પણ? હાય.. હાય... એમ કે એક આંખ ગઈ અને હવે એક આંખમાં સુકાવા માંડ્યું. છ ઈંજેક્શન આપશે, આટલા કીધા પણ અંદરમાંથી .. થઈ જાય. આંખ જાશે? આંખ પણ કે દિ' હતી તે જાય? એને આંખ હતી જ કે દિ' આત્માને? એ આંખ આત્માનો અવયવ છે? એ તો જડનો અવયવ છે. જડના અવયવમાં ફેરફાર થાય એમાં આત્માને શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો અહીં કહ્યું. પાઠમાં છે. વિષયને વશે, વિષય વશે. વિષય શબ્દે ઈષ્ટ

અને અનિષ્ટ, અનુકૂળ અને પ્રતિકૂળ. ગમે તે અનુકૂળ-પ્રતિકૂળ આદિ હોય. સમજાણું? રાતે ખાવા બેઠો હોય શાક અને એમાં નાનો વીંછી આવડો હોય અને એ શાકમાં આવ્યો અને એ કરડ્યો બરાબર અહીં જીભ ઉપર. શાકમાં આવી જાય વીંછી આવી જાય. નાનો વીંછી હોય ને શાકમાં આવી ગયો. એમાં અહીં કરડ્યો જીભે. આહા..હા..! એલા કાંઈક છે. શું છે? એને લઈને દુઃખ છે? અરેરે..!

એ વખતે તારા આનંદના જ્ઞાનતત્ત્વને ભૂલી તું પરને જ્ઞેય કરીને વશ થઈ જાય છો એમાં એ તારું પરિણમન સ્વતંત્ર છે. એ શરીર બિલકુલ તને સુખ-દુઃખનું કારણ નથી. આહા..હા..! ભારે વાત આકરી. તત્ત્વની જ ખબર ન મળે. એક તત્ત્વનું પરિણમન બીજા તત્ત્વથી થાય કેમ બને? એ સિદ્ધ કરે છે અહીં. સમજાણું કાંઈ? એ તો બીજું જડ તત્ત્વ છે. જડની અવસ્થા ગમે તે થાય એ તને દુઃખનું કારણ, સુખનું કારણ ક્યાંથી આવ્યું તને? સમજાણું કાંઈ? આમ (પોતાને) ધર્મી કહે, અમે ધર્મ કરીએ છીએ. વળી પાછા કહે, આને લઈને મને દુઃખ થયું. ધર્મ ક્યાં રહ્યો તારો? મિથ્યાદૃષ્ટિ થયો એ તો. અધર્મ થયો. પરને લઈને મને દુઃખ છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? આમ કહે કે અમે ધર્મ કરીએ, ધર્મી છીએ લ્યો!

મુમુક્ષુ :- ભ્રમણામાં પડ્યો.

ઉત્તર :- ભ્રમણામાં પડ્યો છે. વળી કહે અમે ધર્મી. બાપુ! ધર્મ તો કોને કહે? તારો ધર્મ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે એની સંભાળ કરતા, સાવધાન થઈને એમાં એકાગ્ર થતાં જે દશા પરિણમે એ પણ સ્વતંત્ર એ ધર્મ છે. અને શરીર આદિની પ્રતિકૂળતાને દેખીને એને વશ થઈને મિથ્યા પરિણામથી સુખ-દુઃખ કલ્પના કર એ અધર્મ છે. એ અધર્મ પણ તારાથી સ્વતંત્ર થાય છે.

લ્યો, આ તો આવ્યું ઓલું ૬૨મી ગાથા. પંચાસ્તિકાય. વાત ચાલી હતી ને ત્યાં વર્ણીજી પાસે. વિકારનું કારણ (કોણ)? કહ્યું, વિકારનું કારણ નિશ્ચયથી સ્વતંત્ર આત્મા. કર્મ નહિ. એય..! ખળભળાટ થઈ ગયો. આવી વાતમાં ખળભળાટ. સાધારણ આ વાત હવે. સમજાણું? એ તો સાધારણ વાત હતી કે ભાઈ! નહિ.. નહિ.. નહિ. વિકાર તો પરથી જ થાય, નિમિત્ત હોય તો જ થાય. અહીં તો ના પાડે છે. પણ વિકાર તો પરિણમન અવિકારી (નિજ સ્વરૂપને) ભૂલીને વિકાર તું કર તો થાય કે ઓલા કરાવે તને? સમજાણું કાંઈ? એ જ અહીં વાત સિદ્ધ કરે છે જુઓને. દુઃખરૂપ સ્વયમેવ આત્મા થાય છે. વશે. કહો, સમજાય છે કાંઈ? જેને તત્ત્વનું યથાર્થ ભિન્નતાનું ભાન નથી એને ભેદજ્ઞાન હોતું નથી અને ભેદજ્ઞાન હોયા વિના આત્મામાં એકાગ્ર થઈ શકતો નથી. રખડે છે એની બુદ્ધિ અહીં જ્યાં ત્યાં. આહા..હા..! આ વિકારનું પરિણમન કેમ થાય? ચૈતન્ય આનંદનું કેમ થાય? પરનું પરિણમન કેમ થાય? એવા તત્ત્વોની જડની, આસ્રવ, બંધની અને આત્માની એટલે સંવર-નિર્જરાની એ બધું તત્ત્વ

આવી ગયું કે નહિ એમાં? સમજાણું કાંઈ?

શરીરાદિના અને જડાદિના પરિણમન-અવસ્થા પણ સ્વતંત્ર એને લઈને છે અને એ પરિણમનને લઈને અહીં રાગ-દ્વેષનું પરિણમન છે એમ છે નહિ. એ આસ્રવ, પુણ્ય, પાપ અને બંધ ત્રણે ભેગા આવે છે ને? પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ એ ચારેયનું પરિણમન સ્વતંત્ર પોતાથી છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? લ્યો! પુણ્ય-પાપ બેય આસ્રવ છે અને બેય બંધ છે. એ કહે છે કે પરને વશ થઈને તું કરે છો. અબંધભાવ સ્વભાવ છે (એને) ભૂલીને બંધભાવ, આસ્રવભાવ, દુઃખરૂપ ભાવ કે સુખરૂપ કલ્પના એ તું પરિણમે છો. સ્વયમેવ આત્મા પરિણમે છે એટલું તો સિદ્ધ કર્યું છે હવે. સમજાણું કાંઈ?

પહેલું કેમ નહોતું? પર્યાય ફરે છે કે નહિ? પહેલી કેમ નહોતી? પર્યાય એકરૂપ રહે? પણ પહેલાની પર્યાયની બીજી હતી, અત્યારની પર્યાય બીજી છે. પર્યાય છે કે નહિ? પર્યાયની એકરૂપ સ્થિતિ છે? એ આવી ગયું છે આપણે સમયસારના શ્લોકમાં. પર્યાયની એકરૂપ સ્થિતિ છે? ત્યારે કહે આ નિમિત્ત ફર્યું માટે સ્થિતિ ફરી એમ છે? નિમિત્ત ફર્યું માટે સ્થિતિ ફરી. એમ નથી. પર્યાયની સ્થિતિ ફરી માટે સ્થિતિ એમ છે. પરને લઈને નથી. ભારે વાત બેસવી કઠણ જગતને. એવી દૃષ્ટિ પર ઉપર (થઈ ગઈ છે). એ વાત અહીં કહે છે, ભગવાન! તું તો જ્ઞાન છો ને ભાઈ! જાણનાર-દેખનાર છો. એ રાગ થાય તોપણ એનો જાણનાર સ્વસન્મુખમાં જાણનાર છો અને પરસન્મુખ થઈને ન જાણ તોપણ પરિણમન તો તારું સ્વતંત્ર તારાથી છે. એ આસ્રવ, બંધ અને પુણ્ય-પાપનું પરિણમન પરતત્ત્વને લઈને નથી. કારણ કે પર તો અજીવતત્ત્વ છે, આ તો જીવતત્ત્વ ભિન્ન છે. અને તારું તત્ત્વનું પરિણમન ભિન્ન છે અને એનાથી જ્ઞાયકતત્ત્વ પણ ભિન્ન છે. સમજાણું કાંઈ?

‘**ભાવાર્થ :- શરીર સુખ-દુઃખ કરતું નથી.**’ લ્યો! એ લાડવો અને દાળ, ભાત સુખ-દુઃખ કરાવતું નથી. ભૂખ લાગે અંદર અને મળે આમ તૃષા લાગી હોય, મોસંબીના પાણી ઠંડા, ઉનાળાના દિ'. કાંઈ પણ કલ્પના થાય સુખ એમાં કાંઈક કારણ ખરું કે નહિ? કહે છે. કામદાર! પણ તૃષા(ને કારણે) સુકાઈ ગયું હોય આમ ગળું. ગળું ને? આત્મા ક્યાં સુકાય છે ત્યાં? એ તો જડ છે, આ તો માટી છે. એમાં પાણી આવ્યું એ તો પર છે, એનું પરિણમન પર છે, ગળાનું પર છે, એમાં એને લઈને તને ત્યાં પાણી આવ્યું માટે સુખની કલ્પના થઈ એને લઈને? કહે હાશ! એમ થાય છે કે નહિ? હાશ! એમ થાતું નથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને. હુશિયાર માણસ છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એમાં સુખ છે કે નહિ? લ્યો! એમાં સુખ હોય તો એ સુખરૂપે પરિણમવું જોઈએ. એમ કહેવું છે અહીં તો. શરીરનું આવી ગયું ને જડ? એ ક્યાં પરિણમે

છે? થાય છે તું અને તું કહે કે આ મને (સુખ કરાવે), આ મને દુઃખ કરાવે. તારી ભ્રાંતિ ભ્રમ છે. મિથ્યા શ્રદ્ધાનો ભ્રમ તને ઊભો થયો છે. આહા..હા..! અરે..! શરીરને પણ આમ તેલ કડાયુ હોય ધગધગતું એમાં હાથ નાખે તો? નખાવે કો'ક પકડીને. પહેલા કેમ નહોતું? અત્યારે કેમ થયું? માટે એને શરીરની ઉષ્ણતાને લઈને અંદર દુઃખ થયું. ગરમમાંથી દુઃખ થયું. અહીં ના પાડે છે. ના ના, એમ નથી. લે. એય..! ભગવાનજીભાઈ! કહો, ભગવાનજીભાઈ! 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં' પણ તત્ત્વાર્થ શ્રદ્ધા આમ કરવી જોઈએ એણે. પરનું પરિણમન પરને લઈને, સુખ-દુઃખની અવસ્થા સ્વની ભૂલને લઈને અજ્ઞાનીને. અહીં જ્ઞાનીની ભૂલ ગણી નથી. સમજાય છે? જ્ઞાની તો પોતાનો જ્ઞાનસ્વભાવ છે એની દૃષ્ટિને લઈને રાગ થાય એને એ જાણે છે, જાણે છે. એ રાગરૂપે પરિણમતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શરીર સુખદુઃખ કરતું નથી. દેવનું ઉત્તમ વૈક્રિયિક શરીર સુખનું કારણ નથી કે નારકનું શરીર દુઃખનું કારણ નથી.'** લ્યો! ક્ષેત્ર પણ દુઃખનું કારણ, નથી આવતું ચિદ્‌વિલાસમાં? નારકીનું સ્વયં ક્ષેત્ર જ દુઃખનું સ્થાન છે એમ કીધું. આવે છે ચિદ્‌વિલાસમાં આવે છે. એક શબ્દ આવે છે. એઈ..! છે ને ચિદ્‌વિલાસમાં? સ્વભાવે ક્ષેત્ર. એમ આત્માના પ્રદેશ સ્વભાવે સુખનું કારણ છે, એમ. આત્માના પ્રદેશ છે એ આનંદનું કારણ છે. નરકના પ્રદેશ, સ્વર્ગના પ્રદેશ ઓલા સુખનું નિમિત્ત છે અને આ દુઃખનું. કહે છે, એ તો નિમિત્તથી વાત છે. બાકી વસ્તુ છે એ એનાથી થાય છે એમ છે નહિ. નારકીમાં પ્રતિકૂળતાના ઢગ પડ્યા છે માટે તેને દુઃખ થાય છે એમ નથી. આહા..હા..! એ લોઢાની આમ પૂતળી કરી આમ જલાવે નારકીને પરમાધામી. લે, તું પ્રેમ કરતો હતો ને પરપદાર્થમાં? અને બહુ મીઠાશ લાગતી હતીને તને? લે આ પૂતળી. જો આ સ્ત્રી છે આ જો. બરાબર આકાર એના જો. હાય.. હાય.. પરનું આમ અડવું પડે છે માટે દુઃખ થાય છે કે નહિ? નહિતર પાછળ મગદળ મારે ઓલો પરમાધામી. કહે છે કે એને લઈને દુઃખ નથી, શરીરને લઈ નથી અને એ પૂતળીને લઈને નથી લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ?

**'નારકનું શરીર દુઃખનું કારણ નથી.'** આહા..હા..! આ તો કેટલી સ્પષ્ટતા બતાવી છે. નિમિત્ત કારણ ઉડાડી દે છે આખું. રવરવ નરકનું શરીર, પાંચસો ધનુષનો દેહ બ્રહ્મદત્ત અત્યારે પડ્યો છે લ્યો! ચક્રવર્તી અપરિઠાણે નારકીએ. ૩૩ સાગર. અને હજી તો થોડા વર્ષ ગયા. હજી તો અસંખ્ય અબજના અબજ વર્ષો વર્ષ જશે. આહા..હા..! કહે છે કે એ દુઃખ છે કે નહિ એ ક્ષેત્ર અને સંયોગ? શરીર આમ અગ્નિમાં બળીને લાલ લાલ થઈ જાય, તો એ શરીર દુઃખના પરિણમનમાં બિલકુલ કારણ નથી. તારો પર્યાય દુઃખરૂપે થાય છે એ નિશ્ચય કારણ તો એ છે. વ્યવહાર કારણ એટલે આરોપિત કહો, એનાથી થાતું નથી. આહા..હા..! વાહ! શરીર સુંદર વૈક્રિયિક.

**'આત્મા પોતે જ ઈષ્ટ-અનિષ્ટ વિષયોને વશ થઈ...'** પોતે જ ઈષ્ટ-અનિષ્ટ વિષયોને

વશ થઈ '**સુખ-દુઃખની કલ્પનારૂપે પરિણમે છે.**' જુઓ! સુખ-દુઃખની (કલ્પના). હું સુખી છું, આ દુઃખી છું—એવી કલ્પનાના જાળપણે મોહવશ થઈને મોહની જાળમાં પરિણમે છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદથી ભિન્ન રહી જાય છે. સમજાણું કાંઈ?

'**હવે, આત્મા સ્વયમેવ સુખપરિણામની શક્તિવાળો હોવાથી...**' સુખ પરિણામની શક્તિવાળો એટલે બેય રીતે હોં! સવળો કે અવળો બેય. બેય છે. બેય નાખશે હવે. '**સ્વયમેવ સુખ પરિણામની શક્તિવાળો હોવાથી...**' દેખો! ભગવાન આત્મા પોતે જ અતીન્દ્રિય આનંદના પરિણમનની શક્તિવાળો હોવાથી અને અતીન્દ્રિય આનંદને ભૂલીને ઇન્દ્રિયના વશમાં આકુળતારૂપ સુખરૂપે પોતે પરિણમવાવાળો હોવાથી '**વિષયોનું અકિંચિત્કરપણું પ્રકાશે છે :—**' દેખો ભાષા! શરીર અને વિષયો, શબ્દ ને રૂપ ને ગંધ. માણસ નથી કહેતા કે આ કાંટા જેવા શબ્દો આવ્યા નિંદાના. એવા શબ્દો! વીંછીના ડંખ જેવા ભાઈ! સહન ન થાય. હવે બેસ બેસ હવે રહેવા દે તું. એય..! મોહનભાઈ! આકરા શબ્દો હોય ને આકરા. શબ્દો આકરા કોને કહેવા? એ વિષયો અકિંચિત્કર છે તને રાગ ઊપજાવવા માટે કે દ્વેષ ઊપજાવવા માટે. ભાન નથી તને.

સ્વયમેવ આનંદના પરિણામપણે ધર્મના અને પાપના સુખના પરિણામપણે શક્તિવાળો હોવાથી, આ પર્યાયનો શક્તિવાળો હોં! '**વિષયોનું અકિંચિત્કરપણું પ્રકાશે છે :-**' શરીરાદિ પાંચ ઇન્દ્રિયના વિષયો અનુકૂળ કે પ્રતિકૂળતાના ગંજ પડ્યા હોય એ આત્માને કાંઈ કરતા નથી. આહા..હા..! એ દૃષ્ટિ કરે તો આખી સમાઈ જાય, પરથી જુદો પડી જાય. સમજાણું કાંઈ? ૬૭.

तिमिरहरा जइ दिट्ठी जणस्स दीवेण णत्थि कायव्वं।
तह सोक्खं सयमादा विसया किं तत्थ कुव्वंति।।૬૭।।

આહા..હા..! જુઓ! '**किं तत्थ कुव्वंति**' નથી કરતો. અકિંચિત્કર એમાં જ પડ્યું છે હોં! કરે નહિ કાંઈ એમ. એ અકિંચિત્કર એમાંથી કાઢ્યું છે.

**જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;**
**જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં? ૬૭.**

'**दीवेण**' એક જ નાખ્યું છે.

અન્વયાર્થ લઈએ '**અન્વયાર્થ :- જો પ્રાણીની દૃષ્ટિ...**' આ હોય છે ને રાતે ઘુવડ ને દેખનારા, મીંદડા ને એની દૃષ્ટિ એવી હોય. ચોર લોકોની દૃષ્ટિ બહુ એવી હોય. '**તિમિરનાશક હોય...**' તિમિર એટલે કે એને અંધકાર કાંઈ નડતો નથી. આંખમાં પણ જોઈ લે મીંદડી. જો ઉંદર અહીં જાય એમ જોઈ લે. અંધારામાં અંધારામાં ઉંદર જાતો હોય, પકડી લે ફટ દઈને અંધારમાં ક્યાંય ખૂણામાં અને કબાટ નીચે, પાછળ ગરીને પકડી લે. દેખે બરાબર. કહે છે, '**પ્રાણીની દૃષ્ટિ તિમિરનાશક...**' અંધકારનો નાશ કરનારી હોય '**તો દીવાથી કાંઈ**

**પ્રયોજન નથી...**' એને દીવાની કાંઈ જરૂર નથી. '**અર્થાત્ દીવો કાંઈ કરતો નથી, તેમ જ્યાં આત્મા સ્વયં સુખરૂપ પરિણમે છે...**' ભગવાન આત્મા પોતાનો આનંદસ્વભાવ છે એ આનંદરૂપે પરિણમે છે તોપણ કોઈ ચીજ એને કામની નથી અને આનંદને છોડીને સુખ-દુઃખની કલ્પનાપણે વિભાવપણે, વિકારપણે, મિથ્યાત્વપણે, સુખપણે મિથ્યાત્વમાં પરિણમે છે તો કોઈ કારણ એને છે નહિ. ઓહો..હો..! એનો પર્યાય સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે છે. '**સુખરૂપ પરિણમે છે ત્યાં વિષયો શું કરે છે?**'

'**ટીકા : જેમ કોઈ નિશાચરોનાં...**' નિશા એટલે રાત. '**રાત્રે ફરનારા...**' નિશા(ચર) એટલે રાતમાં ચરનારા, ફરનારા. કોણ? '**ઘુવડ, સર્પ, ભૂત વગેરે.**' લ્યો! ભૂતડા-ભૂતડા હોય છે ને દેવના? એ નિશાચર કહેવાય. રાતે ચરનારા. સર્પ રાતે નીકળે ખોરાક લેવા માટે. ભૂતડા રાતે નીકળે અંધારે. એમ આ ઘુવડ. એ '**નિશાચરોનાં નેત્રો સ્વયમેવ અંધકારને નષ્ટ કરવાની શક્તિવાળાં હોવાથી,...**' લ્યો! એને અંધકાર નડતો નથી. સમજાણું કાંઈ? જુઓ! કહે છે, એની આંખ અંધકારને નાશ કરે છે કે નહિ? વળી એમ કહે. આંખ તો, કહે છે કે એના પ્રકાશને માટે કોઈ પ્રકાશની જરૂર નથી. એને અંધકાર પણ નડતો નથી. એમ સિદ્ધ કરવું છે. શબ્દે-શબ્દે વાંધા ઉઠાવ્યા.

મુમુક્ષુ :- આ પરપદાર્થ કરે છે.

ઉત્તર :- આ જુઓ કહે, એની આંખ ઓલા અંધકારને નાશ કરે છે જુઓ! એમ કહે છે કે જ્યાં અંધકાર હોય પણ પ્રકાશનાર નેત્ર છે એને અંધકાર શું કરે? એમ કહે છે. અંધકાર એને કાંઈ નડતા નથી. સમજાય છે?

'**અંધકારને દૂર કરવાના સ્વભાવવાળા દીપક-પ્રકાશાદિકથી કાંઈ પ્રયોજન નથી...**' કેટલો દાખલો આપીને કેટલું સિદ્ધ તો કરે છે. '**(અર્થાત્ દીવા વગેરેનો પ્રકાશ કાંઈ કરતો નથી),...**' કોને? જેની આંખ બળવાન પ્રકાશ(વાન) હોય છે એને. ચોર લોકો પણ એવા હોય છે ને, આમ અંધારે પેટીમાં ક્યાં હોય એ આંખ મારીને દેખી લે અંધારે. ત્યાં ક્યાં બત્તી-બત્તી હતી. એ તો અત્યારે તમારે આ થયું. અમથા ચોર લોકો... એ કાંઈ પહેલું નહોતું એવું કાંઈ. હવે તો ચોર લોકો પણ સાથે રાખે છે. શું કહેવાય તમારી? બેટરી-બેટરી એ પણ રાખે ખાનગી. પેલા તો ચોરવા જાય તો ખૂણે પડ્યો હોય એ જોઈ લે ફટ દઈને આમ પ્રકાશથી કે ફલાણાથી કે ફલાણાથી. કહે છે કે એવા દીવા અને પ્રકાશની એને કાંઈ જરૂર નથી.

'**તેમ—જોકે અજ્ઞાનીઓ...**' છે ને? શરીરમાં સુખબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિને છે એમ કહે છે. આહા..હા..! આખું ચોસલું લોકાલોકનું ઉથલાવી નાખ્યું. પરવસ્તુમાં સુખબુદ્ધિ માનવી એ મિથ્યાત્વ છે કહે છે. ધર્મદૃષ્ટિમાં, ત્રણ કાળ ત્રણ લોકમાં પરમાં સુખ છે એમ છે નહિ. આત્મામાં સુખ છે, આત્મામાં સુખ છે. બસ. સમજાણું કાંઈ? '**અજ્ઞાનીઓ વિષયો સુખનાં**

**સાધન છે...'** દેખો! બહારના અનુકૂળ નિમિત્તો, વિષયો સુખના સાધન છે. **'એવી બુદ્ધિ વડે વિષયોનો ફોગટ અધ્યાસ (-આશ્રય) કરે છે...'** અધ્યાસ કરે. બધા સાધન નાખી રાખે. જુઓ! વીંછી કરડેને તો એક કટકો રાખી મૂકજો ઓલાનો, શું કહેવાય? રેકોર્ડનો. કાળો. ઢીંકણું હોય તો આ રાખજો, ફલાણું હોય તો ગોળી રાખજો. સાધન રાખે છે કે નહિ? ગોળીના ઘણાં પ્રકાર હવે આવે છે. આની આ ગોળીઓ. હવે મોટો આખો કબાટ ભર્યા હોય હવે તો. આના ઉપર આ દવા... આના ઉપર આ દવા... આના ઉપર આ દવા... આના ઉપર આ સાધન. ... મારી નાશ થઈ છે. હવે તમે મને રોકી શકો? એ વખતે રોકતા એમ પણ નહોતું. તમે મને રોકતા કે આ અનુકૂળ બધું કરીએ છીએ, હા..હો.. કરીએ છીએ. આહા..હા..! માટે મને તમે રોકતા એમ નથી. મારી આસક્તિના પરિણામને લઈને હું અટક્યો હતો. એ મારી આસક્તિ મોહ, મરી ગયો છે. તમે શું કરશો હવે? મારી પાછળ ઝંટીયા તોડીને જંગલમાં આવશો? શું કરશો તમે? ... એઇ..! ભગવાનજીભાઈ!

આ મડદાને બાળવા જાય પછી ઊભા રહેતા હશે ને અમુક સુધી. બાયું તો કાંઈ ઠેઠ તો નહિ જતી હોય સ્મશાને. આદમી જાય. બાયું જાય કાંઈ? એમ કે આદમી સ્મશાન સુધી જાય લાકડા ને બાકડા. પણ બાયું જાય ત્યાં? બાયું તો અમુકથી પાછી વળે. હવે બસ કરો. અમે જ્યાં આત્માના આનંદને માટે એકાંત આત્મામાં જઈએ છીએ, તમે રોકી નહિ શકો. અમે તારા માટે રોકાતા નહોતા. ભગવાનજીભાઈ! એમ શાંતિનાથ (પુરાણમાં) આવે છે. હે સ્ત્રીઓ! તમારા કારણે હું અટક્યો હતો અને તમારી અનુકૂળતાની લાલચથી લોભાઈને અટક્યો હતો—એ વાત હતી નહિ. ભગવાન આત્મા મારો આત્મા આનંદમાં છે એનું તો અમને ભાન છે. પણ અમને આસક્તિનો રાગ હતો એથી અમે અટક્યા હતા. એ હવે આસક્તિ અમારી રહી નથી. સમજાય છે? આહા..હા..!

આ ઘણા એમ કહેતા નથી? ઘણો અમારે ભાવ થાય પણ હવે દીકરીઓ મોટી થઈ, છોકરા મોટા થયા, એને પરણાવા પહટાવવા કર્યા વિના અમારે એકલા શી રીતે નીકળવું? એનો આશરો કોણ પછી? એમ હશે? ભગવાનભાઈ! નથી? તારા રાગને કારણે છો. મફતનો આરોપ બીજા ઉપર નાખ, તારી ભ્રમણા મિથ્યાશ્રદ્ધા છે એમ કહે છે. તારી શ્રદ્ધા જૂઠી છે, માન્યતા જૂઠી એમ કહે છે અહીં તો. અજ્ઞાન છે તારું. આ શું કરીએ? બધે આટલા પડ્યા છે એને છોડીને જાવું કેવી રીતે? ટળવળતા હોય. અરે..! અમે દુઃખી થઈશું, અમે તારા વિના દુઃખી થઈશું.

ભર્તૃહરિ જ્યારે દીક્ષા લે છેને ત્યારે એની જૂની, એની જૂનીની દીકરી છે ને એ પોકાર કરે છે. નાટકમાં જોયું હતું. મરી ગઈ છે મા, ઓરમાન મા. આવે છે. એમાં ગાયન બાયન આવે છે એવું. પિતા! ઓથ કોની છે? ઓરમાન મા. હે પિતાજી! તમે દિક્ષીત થાવ છો, માતા મરી ગઈ છે, માતા ઓરમાન છે, હું કોને.. મારી મોટી અવસ્થા થઈ છે. પિતાજી!

મારું શું થશે? જુવાન અવસ્થા મારી થઈ, પિતાજી જાય છે, માતા મરી ગયા છે, માતા નવી છે, ઓરમાન છે! મેં દીવાનને ભલામણ કરી છે. મારે કારણે હવે આમાં રહ્યું નથી કાંઈ હવે. મને રાગ આમાં છે નહિ. હું તો દીક્ષીત થાવ છું. બાવા હોય છે એની ભેગા વયા જાય છે. સાધુ થયા બાવા. તત્ત્વની તો વસ્તુની ખબર નથી. વૈરાગ્ય આવ્યો, બાવા થઈ જાય. પણ એ બાવા પણ મિથ્યાદષ્ટિપણે થાય છે. કારણ કે અંદર રાગથી રહિત ચૈતન્ય કોણ છે એની દૃષ્ટિ વિના, હું આ ત્યાગું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્યાં હજી મિથ્યાત્વનો ત્યાગ સ્વભાવની દૃષ્ટિએ થાય એવી જ્યાં ખબર નથી એને હું આ ત્યાગું છું અને હું બાવો થાઉં છું એ બધી મિથ્યાત્વની જ પુષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અને માને છે કે અમે ત્યાગ કર્યો. ત્યાગ તો હતો જ. ત્યાગ કે દિ' ત્યાગ કર્યો? બહાર જ છે. એ ચીજો કાંઈ તારી પાસે આવી નથી અને તું એને કારણે અટક્યો નહોતો. અને એ જાય છે માટે તને રાગ મંદ પડશે, એને લઈને રાગ ઘટશે, એ પણ છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, એ વિષયનો અભ્યાસ એને '**સંસારમાં કે મુક્તિમાં સ્વયમેવ સુખપણે પરિણમતા...**' કે મુક્તિમાં. બેય છે ને? મોક્ષમાં-આત્માના આનંદ પરિણમનમાં પણ સુખરૂપે પરિણમતા આત્માને બાહ્યની ચીજો નિમિત્ત શું કરે? કહો, આ સંહનન મજબુત અને આ ને આ એમ કે સારું આ શરીર, પરમ ઔદારિક કે મજબુત શરીર, એ કેવળજ્ઞાન પરિણમવાને કાંઈ પણ મદદ કરે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? શરીરની મજબુતાઈ, હાડકા મજબુત, શરીર બરાબર ઠીક હોય તો ધર્મધ્યાન થઈ શકે અને મોક્ષનો ઉપાય થઈ શકે. ના. કાંઈ નથી બાપુ! પરવસ્તુથી કાંઈ (નથી). ધર્મ છે તે પરના કારણાંતર રહિત છે. પરના કારણથી રહિત છે. સમજાય છે કાંઈ? એમાં પણ હજી માનવું છે એને. પણ બાપુ! તું વસ્તુ છો કે નહિ? તારામાં સંપદા ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ છે. પૂર્ણ પૂર્ણ બ્રહ્મ આત્મા પરમસ્વરૂપ છે. એની દૃષ્ટિ કરવી અને ઠરવું એ તારા કારણે છે, એમાં કોઈ બીજું કારણ નથી. પંચમકાળ માટે આમ ન થાય, ફલાણું માટે ન થાય એવું કોઈ છે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- કોઈ નડતા નથી.

ઉત્તર :- કોઈ નડતું નથી અને કોઈ સગવડ આપતું નથી એમ કહે છે. નડતું પણ નથી અને સગવડ આપતું પણ નથી. આહા..હા..! કેમ હશે ભગવાનજીભાઈ?

અહીં તો કહે છે, પર્યાયમાં રાગ-દ્વેષ થાય એ પણ તારો નથી એવી દૃષ્ટિ થયા વિના તને ધર્મ થતો નથી. તો વળી આ મારા છે અને... તારા હતા ક્યાંથી? આહા..હા..!

'**ભાવાર્થ :- સંસારમાં કે મોક્ષમાં...**' સંસાર શબ્દે ક્યાં આવ્યો? એકેન્દ્રિયથી માંડીને બધું. લ્યો! એકેન્દ્રિય. બધા દ્રવ્યલિંગી મુનિ. સંસારમાં એકેન્દ્રિયથી તે પંચેન્દ્રિય, નારકીથી તે નવમી ગ્રૈવેયક બધે. જ્યાં જ્યાં એ સંસારમાં પરલક્ષી પરોક્ષ જ્ઞાનમાં ઇન્દ્રિયને વશ થઈ

એ પુણ્ય-પાપના પરિણામ કરે છે એ તારા પોતાના અજ્ઞાનભાવના પરિણામ છે. સમજાણું કાંઈ? લ્યો ભાઈ! કાળલબ્ધિ પાકી નથી માટે થયા એમ પણ નથી અહીં તો, કહે છે. લ્યો. ભાઈ! કાળલબ્ધિ પાકે તો મોક્ષ થાય. એ પણ તારા પુરુષાર્થની જાગૃતિ થઈ ત્યાં કાળલબ્ધિ પાકી ગઈ. સાંભળને હવે. આહા..હા..! સમજાણું? સંસારમાં કે મુક્તિમાં. જુઓ! બેય શબ્દ પડ્યા છે હોં! '**नक्तंचरजनस्य**'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને. આ તો ઓલા '**नक्तंचरजनस्य**' કીધું. '**नक्तं**' શબ્દ પડ્યો છે ને. '**नक्तं**' નહિ? સંસ્કૃતમાં જયસેનાચાર્યમાં. '**नक्तं**' એટલે શું? નિશા. રાત્રી એમ ને? '**नक्तं**' '**नक्तं**' નિશા. ચર એ તો ચરનારા. '**नक्तं**'. આહા..હા..! એ તો બેય શબ્દ પડ્યા છે. '**निर्विषयामूर्तसर्वप्रदेशाह्लादकसहजानन्दैकलक्षणसुखस्वभावो निश्चयेनात्मैव, तत्र मुक्तौ संसारे वा विषयाः किं कुर्वन्ति,...**' સંસારદશામાં એકેન્દ્રિયથી માંડીને નિગોદ કે આ નવમી ગ્રૈવેયક કે નારકી કે પંચેન્દ્રિય મનુષ્ય, ચક્રવર્તી રાજા કે રંક એને, કહે છે કે સુખદુઃખની કલ્પનાની પરિણતિમાં પરવસ્તુ કાંઈ કામ કરતી નથી. કહો, આ તો બધું નિમિત્ત ઉડાડી દીધું. નિમિત્ત ઉડાડ્યું નથી હોં! નિમિત્ત છે. નિમિત્ત છે પણ નિમિત્ત કાર્યકર નથી એમ કહે છે અહીં. ત્યારે એને નિમિત્ત કહેવાય ને? કાર્યકર હોય તો નિમિત્ત ક્યાં થયું? સમજાણું કાંઈ? ઉપાદાન-નિમિત્તના ઝઘડા. હજી ઉપાદાન-નિમિત્ત, આપણે ઉપાદાન-નિમિત્તનું એમ કે પંડિતોનું કામ, વિદ્વાનોનું કામ. એમ કરીને બચાવ કરે છે.

મુમુક્ષુ :- લોકોનું નહિ.

ઉત્તર :- હા, કૈલાસચંદજી એમ લખે છે. ભાઈ! ઉપાદાન-નિમિત્તનું કામ વિદ્વાનોનું છે. પહેલા અમે ભૂલમાં હતા અને નહોતું બેઠું અને હવે આ બેસાડવા જેવું એમ નહિ. વિદ્વાનોનું કામ.. જેને જેને નિર્ણય સત્યનો કરવો હોય એ બધાનું કામ છે. વિદ્વાનોનું કામ એટલે શું? આત્મા જ્ઞાનસ્વરૂપ વિદ્વાન જ છે. સમજાણું કાંઈ?

જુઓ! આ કેટલું સિદ્ધ કરે છે અહીંયા. સંસારના કોઈપણ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય પ્રાણીના કે દુઃખના ભાવમાં શરીરાદિ કાંઈ કરી શકતા નથી. નિમિત્ત કર્તા નથી એમ તો અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કે આ વિદ્વાનોને જ આ સાંભળવાનું છે? સર્વ પ્રાણી બધા ભગવાન છે. સાંભળો ભાઈ! જ્ઞાનનો ક્ષયોપશમ છે પંચેન્દ્રિયમાં. આ ક્ષયોપશમમાં તો આ સમજવા જેવી વાત છે.

સ્વયમેવ. પાછી ત્યાં કાઢે ભૂલ. સ્વયમેવ. એ તો પોતે પરિણમે છે, પણ પોતાથી પરિણમે એ ક્યાંથી કાઢ્યું? એમ કહે છે એ. એય..! પંડિતજી! પરિણમે છે, પણ પોતાથી પોતે સ્વતંત્ર પરિણમે એમ ક્યાંથી કાઢ્યું? આ સ્વયમેવ શબ્દ પડ્યો છે ને. 'પોતાથી જ' એમ શબ્દ છે. કેટલું સ્પષ્ટ છે! અરે...! જીવને પોતાને પોતાને ઠેકાણે પડવું નથી ને એટલે

જ્યાં ત્યાં વાંધા કાઢીને ઊભો રહે છે. **'આ આત્માને વિષયો શું કરે છે?'** બહારની ચીજો એને કાંઈ કરી શકતી નથી.

**'ભાવાર્થ :- સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે સુખરૂપ પરિણમે છે;...'** મોક્ષમાં આનંદના-અતીન્દ્રિય આનંદના સુખરૂપે અને સંસારમાં સુખની કલ્પનારૂપે. સમજાણું? એમ સુખ એટલે. સુખ છે નહિ. **'તેમાં વિષયો અકિંચિત્કર છે...'** પર ચીજ કાંઈ કરતી નથી. **'કાંઈ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયના સુખના કારણ માનીને...'** અજ્ઞાનીઓ વિષયોને બહારના પદાર્થો એને સુખના કારણ માનીને **'નકામા તેને અવલંબે છે!'** એમ આવ્યું હતું ને? અધ્યાસ કરે છે, આશ્રય કરે છે, અવલંબે છે. એનો આશ્રય કરે છે. આ મને સુખ, આ મળ્યું સુખ. એમ. આહા..હા..! પણ તાવ બહુ ચડી ગયો હોય અને સરખો પછી આવે મોઢે સ્પર્શે એવા ઢોકળા ઊંચા હોય, ભજીયા ઊંચા હોય તો રાગ કરાવે કે નહિ? લૂખું થઈ ગયું હોય મોઢું.

મુમુક્ષુ :- તમે તો ના પાડો છો ને.

ઉત્તર :- લ્યો! પણ આ મોઢુ લૂખું નથી થઈ જતું? બહુ લૂખું થઈ જાય ને અને સવા મહિના, મહિનાના તાવ આવ્યા હોય. કોઈ દિ' આમ મગનું પાણી ભાળે નહિ. એમાંથી એને જરી વૈદ કહી દે, કાંઈ વાંધો નહિ. એને મગની દાળના ઊના ઊના ભજીયા આપજો. આહા..હા..! તો એ સુખનું કારણ કાંઈક, કલ્પનામાં સુખનું કાંઈક કાંઈક દોકડો ખરો કે નહિ? ઓલા જીવનધરજી કહેતા હતા પચાસ દોકડા એના અને પચાસ દોડકા આના. ઓલાએ કહ્યું નાથુલાલે. પચાસ દોકડા નિમિત્તના કાર્યમાં અને પચાસ દોડકા ઉપાદાનના. એય..! ભગવાનજીભાઈ! ભણેલા એમ કહેતા હતા મોટા. આહા..હા..! અહીં તો એકેય દોકડો ના પાડે છે.

આત્માના સુખ-દુઃખના પરિણમનમાં વિષયો એક દોકડો પણ કાર્ય કરતા નથી. સોએ સો દોકડા પોતે પોતાની ઊંધાઈમાં કામ કરે છે અને સવળાઈમાં પણ પોતે જ પોતાનું કામ કરે છે. બિલકુલ કોઈ કરતું નથી. સમજાણું? એનો એણે નિર્ણય કરવો પડશે કે નહિ સાચો? સાચા નિર્ણય વિના એ સ્વસન્મુખ થઈ શી રીતે શકશે? ખોટા નિર્ણયમાં સ્વસન્મુખ થવાનો એને અવસર નથી. કારણ કે હજી નિમિત્ત કરશે... નિમિત્ત કરશે ત્યાં તો પરસન્મુખની દૃષ્ટિ છે. દૃષ્ટિમાં વિપર્યાસ છે. આહા..હા..! સમજાણું? નિમિત્ત કાંઈ કરતું નથી. એમ કહે કે (કર્મના નિમિત્તે થાય) અને અમે જ્ઞાતા-દૃષ્ટા રહી શકશું એમ બની શકે નહિ કહે છે. આવ્યું છે ને, જૈનતત્ત્વ મીમાંસામાં આવ્યું છે એક ઠેકાણે. જૈનતત્ત્વ મીમાંસામાં. એમ કોઈ કહે, ઘણાં વાતું કરે આપણે જ્ઞાતાદૃષ્ટા છીએ... જ્ઞાતાદૃષ્ટા છીએ. પણ જ્ઞાતાદૃષ્ટા છો અને વળી કહો કે કર્મના નિમિત્તે થાય છે. બેનો ક્યાં મેળ તારો આવ્યો? એક આવે છે એક ઠેકાણે. જૈનતત્ત્વમાં લખ્યું છે મોઢા આગળ ક્યાંક. એને એનો પરિચય થઈ ગયો હતો ને ઘણાનો. એના ઉપરથી

એણે લખ્યું છે. એમ તો કહે કે હા આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે, જ્ઞાતાદ્રષ્ટા છે. પણ જ્ઞાતાદ્રષ્ટા છે એમ તું કહેવા જા અને એક કોર કહે કે કર્મના નિમિત્ત વિના વિકાર થાય નહિ. સમજાય છે? પર વિના વિકાર થાય નહિ. તો પરે હજી વિકાર કરાવ્યો છે ત્યાં જ્ઞાતાદ્રષ્ટાપણે તું રહી શી રીતે શક્યો? સમજાણું કાંઈ? નથી ને ફૂલચંદજી?

**'અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે!'** નકામા-કાર્ય એનાથી કાંઈ નથી છતાં એને અવલંબે છે. જુઓ! આ તત્ત્વની યથાર્થ દ્રષ્ટિ કરાવવા આ વાત કરે છે. ભગવાન આત્મા જ્ઞાનતત્ત્વ છે, ભાવ જ્ઞાનભાવવાળું સામર્થ્ય છે. એને ભૂલીને પોતે આ ભાવ સુખ-દુઃખની કલ્પના સંસાર માટે કરે છે જ્યાં હોય ત્યાં. અનુકૂળ દેખે કે મોટપ આપે કે અભિનંદન આપે. સમજાય છે? સારો કહે એની જન્મજયંતિ ઉજવાવે ત્યાં એમ થાય આહા..હા..! શું છે પણ આ તને આ? આ બહારનું કારણ એને સુખની કલ્પના કરાવતું હશે? છે જ નહિ બહાર કારણ, બિલકુલ નથી. તું તારા જ્ઞાતા-દ્રષ્ટાના ભાનને ભૂલી અને પરમાં સુખબુદ્ધિની કલ્પના કર તો સ્વતંત્ર મિથ્યાત્વ પરિણામ છે તારા એમ કહે છે અહીં. વ્યભિચાર સેવે છે હોં. વ્યભિચાર પણ તું સ્વતંત્ર કરનારો છો. સમજાણું કાંઈ?

એક જણાએ વળી હમણાં લખ્યું છે કોઈએ જૈનસંદેશમાં કે મહાવીર જયંતિને બદલે અહિંસા જયંતિ બહાર પાડો હવે. અહિંસા જયંતિ એટલે બધા ભળી શકે. મહાવીર જયંતિને બદલે અહિંસા જયંતિ. પણ અહિંસા જયંતિ, અહિંસાની વ્યાખ્યા શું? રાગની ઉત્પત્તિ ન થવી અને અરાગી ચૈતન્યસ્વભાવની ઉત્પત્તિ થવી એનું નામ અહિંસા. એ મહાવીર જયંતિ કહો કે અહિંસાની જયંતિ એ છે.

મુમુક્ષુ :- પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં.

ઉત્તર :- પુરુષાર્થસિદ્ધિ એટલે પુરુષાર્થની સિદ્ધિ કરે એમાં હોય. સમજાણું કાંઈ? રાગની ઉત્પત્તિ ચાહે તો દયા, દાન, વ્રતના વિકલ્પ પણ તે હિંસા છે. રાડ નાખી જાય છે ઓલા લોકો. અરેરે..! એને દયાને હિંસા? પણ એ તો વ્યવહાર દયા અને હિંસા એક જ છે. વ્યવહાર દયા કહો કે નિશ્ચય હિંસા કહો. નિશ્ચય જે દયા છે બાપુ! એ તો જ્ઞાનતત્ત્વ છે એની અંતરની દ્રષ્ટિ, જ્ઞાન અને રમણતા એ નિશ્ચય દયા છે, એ તારી દયા છે. કહો, સમજાણું કાંઈ? પરની દયા કોણ કરી શકે છે? સમજાય છે? સેવા કરો, વળી ઓલાએ લખ્યું, સેવા ધર્મ. આમાં પણ લખ્યું છે. એક જણે આણે પણ લખ્યું છે. કોકે પૂછયું હશે કે સેવા? કે સેવા બધાની કરવી. એવું કાંઈક લખ્યું છે.

'સેવા કે સંબંધમેં એક પ્રશ્ન કિયા જાતા થા કિ સેવા કિસકી કરે ઔર કિસકી નહીં? મૈં પૂછતા હૂં પાની કિસકો પિલાના ચાહિયે?' ઉત્તર આપ્યો છે. આવી ભાષામાં એવા ભરમાવે જગતને. 'પાની કિસકો પિલાના ચાહિયે? આપકા ઉત્તર હોગા કિ પ્યાસેકો. પ્યાસેકો. બસ,

ઈસી પરસે સેવાકા પ્રશ્ન ભી હલ હો જાતા હૈ. સેવા ઉસકી કરની ચાહિયે કિ જિસકો સેવાકી જરૂરત હૈ.' ઠીક ને? ક્યાંય મેળ? એવો શુભભાવ આવે. સેવા કોણ કરે? કોણ કરી શકે પરનું? અને શુભભાવ એ આત્માની અસેવા છે. પરની સેવા તો કરી શકતો નથી પણ (કરવાનો ભાવ) પોતાની અસેવા છે. આહા..હા..! આવો માર્ગ.

'પાપી સે પાપી રોગીકો ભી સારસંભાલ કરની ચાહિયે વહ સેવા હૈ.' સમજ્યાને? 'અવૈધ સંતાનકો જન્મ દેનેવાલી' એ શું? અવૈધ. વિરુદ્ધ રીતે. 'અવૈધ સંતાનકો જન્મ દેનેવાલી વ્યભિચારિણી સ્ત્રીકી ભી પ્રસુતિ ગૃહાદિમેં યોગ્ય દેખભાલ રખની ચાહિયે વહ સેવા હૈ.' વાતું ક્યાં કરી? ક્યાં સેવા અને કોની કરે? ભાઈ! એવો શુભભાવ હોય એને. પણ એ શુભભાવથી કાંઈ પરની સેવા કરી શકે છે? કહો, અહીં તો ના પાડે છે. કિંચિત્કર પરની પરિણતિમાં કાર્ય કરતો નથી. એની પરિણતિ એને લઈને છે. એમાં તારું કાંઈ પણ કિંચિત્ તારો શુભભાવ એને સેવામાં મદદ કરે છે એમ છે નહિ. એમ હશે કે નહિ કમલચંદજી! થોડી મદદ કરે કે નહિ? નિમિત્ત ઊડી જાય છે? નિમિત્ત સિદ્ધ થાય છે. 'કે કાર્યમેં નિમિત્ત કુછ કરતા નહીં, અપની પર્યાયમાં કાર્ય કરતા હૈ.' લ્યો! વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧, મંગળવાર, તા. ૦૫.૧૧.૧૯૬૮**
**ગાથા-૬૮-૬૯, પ્રવચન-૫૭**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. ૬૮ (ગાથા). '**હવે આત્માનું સુખસ્વભાવપણું દૃષ્ટાંત વડે દૃઢ કરે છે :—**' આત્મામાં આનંદ છે, વિષયોમાં આનંદ નથી. નકામા પરમાં ભટક્યા કરે છે અજ્ઞાની, એમ અહીં સિદ્ધ કરે છે. સુખ, જ્ઞાન અને દેવ પોતે આત્મા જ છે. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે અને દિવ્ય શક્તિવાળો દેવ પોતે જ છે. એના સુખ માટે બહારના વિષયોના નકામા-ફોગટ અવલંબન લે છે. જેમાં આનંદ છે એનું અવલંબન ન લેતા (પર વિષયોનું આલંબન લ્યે છે). ધર્મી જીવ તો જેમાં આનંદ છે એનું અવલંબન લે છે. અજ્ઞાની આત્મામાં આનંદ છે એનું અવલંબન ન લેતા, વિષયનું અવલંબન લઈને એમાં સુખ છે એમ માને છે. સમજાય છે કાંઈ? ૬૮.

सयमेव जहादिच्चो तेजो उण्हो य देवदा णभसि।
सिद्धो वि तहा णाणं सुहं च लोगे तहा देवो।।६८।।

એનું હરિગીત.

**જ્યમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ, દેવ, પ્રકાશ છે,**
**સ્વયમેવ લોકે સિદ્ધ પણ ત્યમ જ્ઞાન, સુખ ને દેવ છે. ૬૮.**

'**અન્વયાર્થ :- જેમ આકાશમાં...**' સૂર્યનો દાખલો પહેલો આપે છે. '**સૂર્ય સ્વયમેવ તેજ,...**' પ્રકાશ. '**ઉષ્ણ અને દેવ છે,...**' દેવ નામપ્રકૃતિનો ઉદય છે ને? છે તો દેવ નામની પ્રકૃતિનો ઉદય એના (વિમાનમાં) રહેલા દેવને, પણ અહીં એને ઉદ્દેશીને કહ્યું છે. નહિતર તો સૂર્ય છે એ તો પૃથ્વીકાયનો ઉદય છે એને. સમજાણું? પણ અંદર સમુચ્ચય દેવ ગણે. લોકો માને છે ને દેવ? સૂર્યનારાયણ. સવારે ઊઠીને દાંતણ કરીને પગે નથી લાગતા? સૂર્ય ઊગે ને પગે લાગે છે, જય ભગવાન! મૂળ તો ચક્રવર્તી સવારમાં પગે લાગે છે એમાં જિનમંદિર છે. એને સવારે ઊઠે છે ત્યારે એની નજરમાં પડે છે ભગવાન. બહુ નજર લાંબી છે, દીર્ઘ. ભગવાનના એ દર્શન કરે છે સવારમાં ચક્રવર્તી. પછી લોકોમાં ચાલ્યું કે કોઈ સૂર્યનારાયણ લાગે છે એના ભગવાન. રાજાઓ એના દર્શન કરે. રાજા સૂર્યના દર્શન કરે. એટલે એને દેવ કહેવામાં આવે છે. એ અપેક્ષાએ વાત કહેવામાં આવી છે.

'**આકાશમાં સૂર્ય સ્વયમેવ...**' એટલે કારણાંતર વિના, કોઈના કારણ વિના સૂર્ય પોતે સ્વતઃસિદ્ધ તેજવાળો છે. '**ઉષ્ણ અને દેવ છે, તેમ લોકમાં સિદ્ધ ભગવાન પણ...**' જુઓ! દૃષ્ટાંત તો ઓલો આપ્યો સૂર્યનો. પણ આ સિદ્ધનો એક દૃષ્ટાંત છે એક ન્યાયે. આત્મામાં એ બધું (છે), જેવો સિદ્ધ છે એવો આત્મા છે. '**સિદ્ધ ભગવાન પણ (સ્વયમેવ) જ્ઞાન,...**' છે. સિદ્ધ ભગવાન પોતાથી જ કેવળજ્ઞાનમય સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે '**અને દેવ છે.**' સમકિતીના હૃદયના સ્તંભમાં કોતરાઈ ગયેલો છે ભગવાન આત્મા અથવા સિદ્ધ ભગવાન એની સ્તુતિ ધર્મીના જ્ઞાનના હૃદયમાં તેની સ્તુતિ હોય છે.

'**ટીકા :- જેવી રીતે આકાશમાં (-અન્ય કારણની) અપેક્ષા રાખ્યા વિના...**' કોઈ કારણ વિના સ્વયમેવ સૂર્ય અનાદિનો પ્રકાશરૂપ છે, તેજરૂપ છે. કોઈ કારણ છે એને? એના પ્રકાશ માટે કોઈ બીજું કારણ છે? સ્વયમેવ '**(-અન્ય કારણની) અપેક્ષા રાખ્યા વિના જ સ્વયમેવ સૂર્ય (૧) પુષ્કળ પ્રભાસમૂહથી ભાસ્વર એવા સ્વરૂપ વડે વિકસિત પ્રકાશવાળો હોવાથી તેજ છે,...**' એ સૂર્ય પુષ્કળ પ્રભાસમૂહ... જુઓ! '**ભાસ્વર=તેજસ્વી; ઝળકતું.**' '**એવા સ્વરૂપ વડે વિકસિત પ્રકાશવાળો...**' પ્રગટ પ્રકાશવાળો '**હોવાથી તેજ છે,...**' સવારે તો હજી સૂર્ય ઊગ્યો ન હોય. સમજાય છે? ત્યાં ચંદ્ર ઝાંખો એવો ખાખરાના પાંદડા જેવો લાગે. સૂર્યની ઊગવાની તૈયારી હોય ત્યાં. ઊગે ત્યાં તો થઈ રહ્યું. એટલો એનો પ્રકાશ સૂર્યનો છે. સમજાણું?

'**ભાસ્વર એવા સ્વરૂપ વડે વિકસિત પ્રકાશવાળો...**' પ્રગટ થયો છે પ્રકાશ એમ કહેવું છે. '**તેજ છે,...**' તેજ. '**(૨) કોઈક વાર ઉષ્ણતારૂપે પરિણમતા લોખંડના ગોળાની માફક...**' લોઢાનો ગોળો કોઈ વખતે ઉનો પરિણમે છે એમ '**સદાય ઉષ્ણતા-પરિણામને પામેલો હોવાથી ઉષ્ણ છે,...**' આ લોકમાં ઉષ્ણ કિરણ છે ને? એને ઉષ્ણ કહે છે ને. કિરણો ઉષ્ણ છે એટલે એને ઉનો કહેવામાં આવે છે. નહિતર ત્યાં દેવ વસે છે અંદર તો. ઉનો હોય તો દેવ વસી શકે નહિ. ઠંડો છે. પણ એના કિરણો બહારમાં શિયાળામાં ઠંડા લાગે, ઉનાળામાં ગરમ લાગે એ અપેક્ષાએ એને ઉષ્ણ કહેવામાં આવે છે.

'**અને (૩) દેવગતિ-નામકર્મના ધારાવાહી ઉદયને વશવર્તી...**' જુઓ! એ સૂર્યનું બિંબ જે છે એ તો પૃથ્વીકાય છે. પણ એમાં વસેલા દેવો છે જ્યોતિષ. '**એને (૩) દેવગતિ-નામકર્મના ધારાવાહી ઉદયને વશવર્તી સ્વભાવ વડે દેવ છે;...**' આ તો જરી ઉપમા આપવી છે. નહિતર એમાં કાંઈ નથી. સૂર્ય છે એ તો પત્થર છે, સ્ફટિકમણિનું તત્ત્વ છે. અને જે નામકર્મનો ઉદય છે એ તો અંદરમાં રહેલા જ્યોતિષના દેવોને છે. પણ ભેગું સૂર્ય અને વસનારા બે ગણીને ભેગું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**તેવી જ રીતે લોકમાં, કારણાંતરની અપેક્ષા રાખ્યા વિના જ સ્વયમેવ ભગવાન આત્મા પણ...**' દેખો! ભગવાન આત્મા પણ. જુઓ! પાઠ એમાં લીધો. સમજાણું? સિદ્ધને કહેવા છે, પણ આ ભગવાન આત્મા જ એવો છે. કોઈ કારણાંતર વિના જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય છે આત્મા. ચૈતન્યસૂર્ય છે, ચૈતન્યસૂર્ય વસ્તુ અંતર. અંતર દેખે તો ચૈતન્યસૂર્ય છે. નજર એની પર્યાય ઉપર અને બહાર છે એટલે ચૈતન્યસૂર્ય છે એમ જોતો નથી. પણ એ તો ચૈતન્યસૂર્ય છે એકલો. પ્રકાશનું બિંબ આત્મા. સિદ્ધ ભગવાન એવા છે એકલા કેવળજ્ઞાનપણે પરિણમેલા ચૈતન્યપણે. એમ આત્મા પણ એકલો જ્ઞાનનો પિંડ જ છે પ્રભુ. સમજાણું કાંઈ? એમાં રાગ નથી, અલ્પજ્ઞપણું નથી, વિકાર નથી. એકલો ચૈતન્ય સૂર્યબિંબ ભગવાન. સ્વભાવ વડે... સમજ્યાને?

'**સ્વયમેવ ભગવાન આત્મા પણ...**' એમ. '**(૧) સ્વપરને પ્રકાશવામાં સમર્થ એવી...**' સ્વને પ્રકાશે અને પરને જાણે. '**એવી નિર્વિતથ (-સાચી)...**' વિતથ. તથ-સાચી. [વિતથ) = વિ-વિપરીત, તથ્ય, નિર-(નહિ).. વિપરીત તત્ત્વ નિર એટલે સાચું તત્ત્વ એમ. '**(-સાચી) અનંત શક્તિવાળા સહજ સંવેદન સાથે તાદાત્મ્યને લીધે જ્ઞાન છે,...**' ભગવાન આત્મા જ્ઞાનની સાથે તાદાત્મ્ય આમ એકમેક છે. જેમ સાકર સાથે ગળપણ એકમેક છે, જેમ અગ્નિ અને ઉષ્ણતા એકમેક છે, એમ ભગવાન આત્મા અને ચૈતન્યપ્રકાશ તાદાત્મ્ય એકરૂપ છે. અને સિદ્ધને તો સંવેદનરૂપે પર્યાય પૂર્ણ એકમેક થઈ ગઈ છે. સમજાણું કાંઈ?

'**અનંત શક્તિવાળા સહજ સંવેદન સાથે...**' એટલે જ્ઞાન સાથે. '**તાદાત્મ્યને લીધે જ્ઞાન છે,...**' ભગવાન આત્મા આ વસ્તુ છે. જેમ અગ્નિ છે એમ વસ્તુ છે, તો (જેમ)

અગ્નિ અને ઉષ્ણતા તાદાત્મ્ય એકરૂપ છે. એમ આત્મા અને જ્ઞાન, સંવેદનજ્ઞાન એકરૂપ છે. સમજાણું કાંઈ? આવો આત્મા છે એવો કોઈ દિ' સાંભળ્યો નથી એણે. છગનભાઈ! બીજી બહારની વાતું. કોણ તું છો? તારું સ્વરૂપ શું છે? શ્રીમદ્દે કહ્યું ને તેથી પહેલા ૧૬ વર્ષમાં એ. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? ખરું. ખરું સ્વરૂપ તો જ્ઞાનાનંદ-જ્ઞાન અને આનંદ એનું ખરું સ્વરૂપ છે. કહો, સમજાય છે કાંઈ?

'**જ્ઞાન છે, (૨) આત્મતૃપ્તિથી ઊપજતી જે પરિનિર્વૃત્તિ...**' લ્યો એ પૂર્ણ લેવાનું છે. આત્મતૃપ્તિથી, શાંતિ અને આનંદથી પરિતૃપ્તિથી ઊપજતી પરિનિવૃત્તિ. '**મોક્ષ; પરિપૂર્ણતા; છેવટનું સંપૂર્ણ સુખ. (પરિનિવૃત્તિ આત્મતૃપ્તિતી થાય છે અર્થાત્ આત્મતૃપ્તિની પરાકાષ્ઠા તે જ પરિનિવૃત્તિ.)**' આત્માની પરાકાષ્ઠા, પૂર્ણ આનંદની તૃપ્તિ એવું પરિણમન તે આત્માનું આનંદરૂપ પરિણમન સિદ્ધને છે. એવો જ આત્મા છે આ. આત્મામાં જ્ઞાન તાદાત્મ્ય ચૈતન્ય અનંત જ્ઞાનથી ભરેલું છે એમ અનંત આનંદથી પણ ભરેલું છે. સમજાણું કાંઈ? આ કરવાનું છે એને, કહે છે. જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ છે એમાં દૃષ્ટિ દઈને એકાગ્ર થવા જેવું છે.

મુમુક્ષુ :- પહેલા પણ આપ એમ કહેતા હતા, અત્યારે પણ એમ કહો છો.

ઉત્તર :- એનું એ જ છે, ત્યારે વાત બીજી શું હોય? એ માટે તો આ વાત કરે છે. જ્ઞાનતત્ત્વનો અધિકાર છે. જ્ઞાન સાથે જરી આનંદ મેળવે છે. જ્ઞાનની વ્યાખ્યા તો પહેલી થઈ ગઈ. પછી તો આનંદ મેળવીને વાત કરે છે. ભાઈ! જ્ઞાનમાં આનંદ છે. સિદ્ધ પણ જ્ઞાનપણે પરિપૂર્ણ પરિણમ્યા છે અને અતીન્દ્રિય આનંદપણે પરિતૃપ્ત... તૃપ્ત... તૃપ્ત થઈ ગયા છે. એવો જ તારો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

ઊની ઊની આ પુરણપોળીનો દાખલો આપ્યો હતો કે નહિ? ચંદ્રકાંતભાઈએ આપ્યો હતો સવારમાં રસ્તામાં. કે ઊની-ઊની રોટલી રસબોળ થાય ને, એવું આ તત્ત્વ આવે છે અત્યારે રસબોળ. એ આત્મા આનંદમાં રસબોળ છે. ઊની-ઊની હોય ને પુરણપોળી ઊની-ઊની નીકળે અને થાળીમાં ઘી ભર્યું હોય થાળીમાં બરાબર સરખું. એમાં નાખીને નાખે પછી ઊની ઊની તો પકડાય નહિ તો ઓલી હોય સમજ્યાને? શું? ચીપીયો. ચીપીયાથી સારો ચીપીયો ચોખ્ખો હોં. ઓલા અગ્નિ પકડવાના નહિ. અગ્નિ પકડવાના ચીપીયા હોય ને જુદા આમ આમ નાખવાના. એવા નહિ, ઊંચા.. આમ ફટ ફટ નાખે. માથે નાખી ઊની બોળીને ફટ નાખે. પહેલા ભાઈ એવું હતું. જુવાન માણસ મરી જાય ને સુખડી ન ખવડાવે. પણ આ ઊની-ઊની રોટલી ઘીમાં ગજબ ઉઠે. ગરીબ સાધારણ માણસોને તો થડ નીકળી જતો હોય. બધું નજરે જોયું હતું. આ બધી ૧૨-૧૩ વર્ષની વાત છે. ૧૧ વર્ષ. સમજ્યા? એય..! જાધવજીભાઈ! ભાઈ, સુખડી ન ખવડાવાય આપણા મહેમાનને. નાની ઉંમર ૨૮ વર્ષની ઉંમર, ૨૭ વર્ષની. પણ આ સુખડીના બાપ કરે છે આ ઘીના થોથા ઉડાવે છે.

મુમુક્ષુ :- ઘી સારું પણ ગળપણ...

ઉત્તર :- પણ ગળપણ... આહા..હા..! સારી રીતે ઘીની તપેલી ભરીને રાખવી પડે અને એ ઊની-ઊની રોટલી હોય. પુરણપોળી એમાં નાખીને આપે. નહિતર કહેશે, મહેમાનને સાચવ્યા નહિ. આ જુઓને વાણિયા પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘી પીરસવા. એ વળી હશે. એ અહીં નહિ, આમાં નહિ. આમાં તો આટલું કહેવું છે. આ તો ઘરે જોયેલું ને. અમારે મોટાભાઈ ગુજરી ગયા ને, દીપચંદભાઈ ગુજરી ગયા હતા. આઠ વર્ષનું પરણેતર. નાની ઉંમર ૨૮ વર્ષની હતી. મહેમાનો આવે તો ઘીનો તરબોળ ઊઠે. આ શું પણ હશે? તે દિ' તો ઉંમર હતી નાની ૧૧ વર્ષની. ૫૭ની સાલ છે, સંવત ૧૯૫૭. અને રોટલીમાં ઘી ઊડે. આહા..હા..! આ કઈ જાતના મહેમાનો? સુખડી ખાય નહિ અને આ ઘીની રોટલી ઉડાડે. એય..! ભગવાનજીભાઈ! તમારે રિવાજ તો હશે ને ત્યાં એવો? બધે એવો જ હોય ને. ચૂલામાં તો રાખ જ હોય ને બધે. આહા..હા..! કહે છે કે તરબોળ તો આ છે.

મુમુક્ષુ :- આત્મામાં તરબોળ છે.

ઉત્તર :- હા, આત્મા આનંદથી તરબોળ ભરેલો છે અંદરથી. દૃષ્ટિ કરે તો આનંદ નીતરે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ આ આત્મા વસ્તુ સૂર્ય સમાન અને એનું તેજ અવિનાભાવી અને એની સાથે આનંદ. સિદ્ધને જ્ઞાનની પર્યાય અને આનંદની પરિતૃપ્ત-તૃપ્ત પૂર્ણ દશા થઈ છે. આ આત્મામાં જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ પડેલો જ છે દરેક ભગવાન આત્મામાં. એમાં દૃષ્ટિ નાખે અને એકાગ્ર થાય તો તે આનંદ અને જ્ઞાન નીતરે. રસબોળ પર્યાયમાં આનંદ થાય તેને ભગવાન આત્મા કહે છે. આહા..હા..! એને આત્મા કહે છે. રાગ-દ્વેષપણે થાય અને પરિણમે દુઃખપણે એ આત્મા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શુભ-અશુભપણે થાય, વિકલ્પ શુભ-અશુભ રાગપણે થાય. અહીં તો વિષયની વાસનાની વાત લીધી છે કે આમ દોડે છે, પરમાં (આનંદ) નથી ત્યાં. મફતનો ભટકે છે. છે ત્યાં જોતો નથી. ધર્મ જ્યાં સ્વભાવ આનંદ છે ત્યાં જોતો નથી. જ્યાં નથી ત્યાં ભટક્યા ભટક અનાદિનો રખડાઉ... કહો, ભીખાભાઈ! આમ રખડી રહ્યો છે કહે છે. અરેરે..! ભાઈ! તું પોતે જ્ઞાન અને આનંદથી તો ભરેલો છો ને. રસબોળ, તરબોળ આત્મા છે. એની અંતર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં, સ્વસંવેદનમાં આત્માની શાંતિ અને આનંદ વેદાય છે, એને આત્મા કહે છે. કહો, સમજાણું કાંઈ?

જુઓ! '**આત્મતૃપ્તિથી ઊપજતી જે પરિનિર્વૃત્તિ...**' આત્માના આનંદની તૃપ્તિથી પરિનિર્વૃત્તિ એટલે પરિપૂર્ણતા નીપજે. એમ. નિર્વાણ—મોક્ષ. અથવા '**આત્મતૃપ્તિની પરાકાષ્ઠા તે જ પરિનિર્વૃત્તિ**' એમ. મોક્ષ. આત્માની આનંદ અને જ્ઞાનની પરિપૂર્ણ દશા તેનું નામ

નિર્વાણ, તેનું નામ મોક્ષ. સમજાય છે? અને એ આત્મા એને કહીએ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પરિપૂર્ણ ભરેલો તેને આત્મા કહીએ. કહો, સમજાય છે કાંઈ? જુઓ! આ જ્ઞાનતત્ત્વની શ્રદ્ધા કરો એમ કહે છે. જ્ઞાનતત્ત્વ અને આનંદતત્ત્વથી ભરેલો આત્મા એની પ્રતીત અને અનુભવ કરો એ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રવર્તતી અનાકુળતામાં સુસ્થિતપણાને લીધે સૌખ્ય છે,...**' અનાકુળથી સુ-વિશેષે સ્થિત ભગવાન પર્યાયમાં છે તે સિદ્ધ ભગવાન સુખરૂપ છે. એવો આત્મા અનાકુળથી સુસ્થિત એવો ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ આનંદ છે. કહો, સમજાય છે કાંઈ? કહે છે કે નમૂનો મળ્યા વિના અમારે પરિપૂર્ણ માનવો શી રીતે? પણ નમૂનો તો કર ત્યારે થાય કે એની મેળાએ આવે? કહો, સમજાણું? વસ્તુ પરિપૂર્ણ આનંદ અને જ્ઞાન છે એની અંદર દૃષ્ટિ કર તો નમૂનો આવે તને કે આ તો જ્ઞાન અને આનંદનો જ એકલો સાગર અને ભંડાર છે. આત્મા તો જ્ઞાન અને આનંદનો ભંડાર છે. એમાં નથી સંસાર, નથી રાગ-દ્વેષ, નથી ઉદય, વિકલ્પ કે દુઃખ કાંઈ નથી. એવો આત્મા ધર્મીએ દૃષ્ટિમાં લેવો અને એમાં તૃપ્તિપણે રહેવું. પરિતૃપ્તિપણે સિદ્ધ રહે છે. સમજાણું કાંઈ?

'**આત્મતૃપ્તિથી ઊપજતી જે પરિનિર્વૃત્તિ...**' છે ને. પરિનિર્વૃત્તિ-પૂર્ણ મોક્ષ. એને પરિનિર્વાણ—પૂર્ણ નિર્વાણ છે. ધર્મી જીવને પોતાનો જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન એમાં અંતર્મુખ નજર નાખતા જે શાંતિ અને આનંદની અવસ્થા ઝરે, પરિણમે એ એની તૃપ્તિ છે. એનાથી આનંદની તૃપ્તિ થાય છે. બાકી વિષયથી તૃપ્તિ-બૃપ્તિ થતી નથી. અગ્નિમાં લાકડા નાખો તો અગ્નિ વધે જ જાય. એમ વિષય સેવવાથી કાંઈ વિષયની તૃપ્તિ થાય (એમ) ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

મુમુક્ષુ :- .. આનંદ આવે ને.

ઉત્તર :- બ્રહ્મા એ વળી લાકડું નાખ્યું. એનું ઊંધુ આવ્યું છે હોં સ્થાનકવાસીમાં આવ્યું છે. આહા..હા..! ઓલો કહે છે ને, બ્રહ્માનંદ જેવો વિષયમાં આનંદ. અરે..! ભગવાન! શું કહ્યું એણે આ હૃદયને. આ તર્ક કરીને કાઢ્યું શું આવું? થોડો ખળભળાટ તો થઈ ગયો છે બધે. પણ હવે એ તો પાછો ફેરવી નાખશે બધી ભાષા. પણ આ આવ્યું ક્યાંથી? આવા તર્કો ઉઠ્યા ક્યાંથી? આહા..હા..! બ્રહ્માનંદ અને વિષયાનંદ બે સરખા છે એમ કહે છે ઓલો રજનીશ. સાંભળનારા જૈનો કેટલાય ભાન વિનાના ચાલી નીકળે છે. અક્કલ વિનાના. ભાષાની છટા, દેખાવમાં વાળ મોટા, આંખ આમ હોય. વિષયનો આનંદ અને બ્રહ્માનંદ બે એક છે અને યોગનું સાધન નીકળ્યું હશે એ શરૂઆત અહીંથી થઈ છે એમ કહે છે લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા હશે ત્યાં હા હા પાડનારા હશે ને બધા. નહોતા? તમારા જૈનવાળા ત્યાં હતા કેટલાક.

મુમુક્ષુ :- જૈનનું જ હતું ને.

ઉત્તર :- સંવત્સરીનું હતું. ઓલા પરમાણંદભાઈ બેઠા હતા બધાય. કોઈએ સામું જોયુ? કોઈએ પૂછયું એ વખતે કે આ બંધ કરો, આ શું કરો છો તમે? કાળાકેરની વાતું. આવા હૃદયમાં ભાવ આવ્યા ક્યાંથી? પર તરફના અશુભભાવની વાસનામાં બ્રહ્માનંદ વેદાય. બીજે વિકલ્પ ઘટી જાય ને એટલે ત્યાં બ્રહ્માનંદ. અરે..! કાળાકેર. ત્યાં દુઃખ વેદાય છે, સાંભળને! આહા..હા..! વિષયની તૃષ્ણાનો વિકલ્પ છે એ તો ઝેર છે ઝેર. કાળા નાગ જેવો ઝેર છે એ તો. આહા..હા..! શુભભાવ પણ ઝેર છે, આ તો અશુભભાવ. ભાઈ! ત્યાં સુખ નથી. બ્રહ્માનંદ ક્યાંથી ધૂળમાં આવ્યો? આહા..હા..! એને સાંભળનારા પણ નીકળે છે લ્યો! ભગવાનજીભાઈ! દસ-દસ હજાર માણસ આમ ઓહો..હો..! શું પણ? આચાર્ય! શું આચાર્ય વાત કરે છે! એને પ્રાર્થના કરો કે આ ન કહે. પણ આ ઊંધુ આવ્યું ક્યાંથી હવે તારું? આવી શ્રદ્ધાવાળાને સાંભળવા જાવ છો, મૂર્ખા તમે છો કે નહિ? એ તો એની પાસે રહ્યું. સમજાણું કાંઈ?

જુઓ! આ તૃપ્તિ આત્માના આનંદમાં છે. એ વિષયના અશુભભાવમાં તો નથી પણ શુભભાવમાં પણ નથી. અરે..! તીર્થંકરગોત્ર બાંધે જે ભાવે તેમાં તૃપ્તિ નથી એમ કહે છે. એ તો દુઃખ છે. એને ઠેકાણે વિષયની વાસના દુઃખ છે, દુઃખ છે. ઝેર છે ઝેર કાળકૂટ ઝેર છે. સમજાણું કાંઈ? કહે છે, **'આત્મતૃપ્તિથી ઊપજતી જે પરિનિર્વૃત્તિ...'** જોયું! આત્મતૃપ્તિથી ઊપજતી પરિનિર્વૃત્તિ. નિર્વાણ થાય છે તો આત્માના આનંદની પરિતૃપ્તિથી નિર્વાણ થાય છે. સમજાણું કાંઈ? એમ આત્મામાં ધર્મ થાય છે એ પણ આત્માના જ્ઞાન અને આનંદની એકાગ્રતાથી એની તૃપ્તિથી થાય છે, તૃપ્તિથી થાય છે. પરિનિર્વૃત્તિ પરિતૃપ્તિ પૂરી સિદ્ધને હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મૂળ સર્વજ્ઞ ભગવાનનો જેણે આશરો લીધો નથી અને કલ્પનાથી આંધળા થઈને વાતું કરે એ બધી એવી જ હોય. સર્વજ્ઞ પરમાત્મા... આત્મા સર્વજ્ઞ એ તો અહીં સિદ્ધ કરે છે જુઓને. આત્મા જ્ઞાનસ્વરૂપ એટલે સર્વજ્ઞસ્વરૂપ છે અને પૂર્ણ આનંદ નિત્યાનંદ સ્વરૂપ છે. એવો આત્મા જ છે. એવો આત્મા જેને પર્યાયમાં પ્રગટ થયો એણે જે જાણીને, જોઈને કહ્યું એ આગમ છે. એ વિનાના કલ્પનાના ઘોડા દોડાવીને વાતું કરે એ ખોટા, ખોટા. પહેલેથી ખોટું ને બધું ખોટું. સમજાણું કાંઈ? પહેલેથી આત્મા એ તો સૂર્ય સમાન ચૈતન્યપ્રકાશ કારણાંતરની અપેક્ષા રાખ્યા વિના એકલો જ્ઞાનથી પરિપૂર્ણ છે અને અનાકુળ સુસ્થિત આનંદથી પરિપૂર્ણ છે. સિદ્ધ પર્યાયમાં પરિપૂર્ણ છે, આ વસ્તુના સ્વભાવથી પરિપૂર્ણ છે. વસ્તુ બે સરખી જ છે. ઓલાને પ્રગટ છે, આને શક્તિરૂપે છે. એવો આત્મા છે એની અંતરમાં દૃષ્ટિ, એના સન્મુખ થવું, એમાંથી પ્રગટ થવો આનંદ અને જ્ઞાન એને આત્મા કહે છે. એ સંવર-નિર્જરાની દશા વીતરાગી એને આત્મમાર્ગ અને મોક્ષમાર્ગ કહે છે. કહો, સમજાય છે કાંઈ? ત્યારે એણે આત્માને

માન્યો એમ કહેવામાં આવે છે. આત્માને રાગવાળો, દુઃખવાળો, પુણ્યવાળો અને પુણ્યથી લાભ થાય, પાપથી લાભ થાય એમ માનનારા આત્માને માનતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પહેલી પોતાની માન્યતામાં જ મોટા વાંધા. બે વાત થઈ.

ત્રીજી. '**જેમને આત્મતત્ત્વની ઉપલબ્ધિ નિકટ છે...**' હવે જે જીવોને અલ્પ કાળમાં કેવળજ્ઞાન થવાનું છે એવા ગણધર આદિ સંતો, મુનિઓ આદિ જ્ઞાની. '**જેમને...**' આ દેવની વ્યાખ્યા કરે છે. પહેલી જ્ઞાનની કરી, આનંદની કરી, હવે દેવ. '**જેમને આત્મતત્ત્વની ઉપલબ્ધિ...**' આત્માની ઉપલબ્ધિ એટલે પર્યાયમાં પૂર્ણાનંદની પ્રાપ્તિ '**નિકટ છે...**' અલ્પ કાળમાં કેવળજ્ઞાન અને પૂર્ણ આનંદ થવાને તૈયારી છે. આસન્નભવ્ય જીવ છે ગણધર આદિ, દેવેન્દ્ર આદિ સમકિતી. અંદર છે અંદર. '**देवेन्द्रादीनां चासन्नभव्यानां**' છે ને જયસેનાચાર્યની ટીકામાં? છે. '**गणधरदेवादिपरमयोगिनां देवेन्द्रादीनां चासन्नभव्यानां**' સમકિતીથી માંડીને ગણધર. જેને આત્મા જ્ઞાન અને આનંદરૂપે દૃષ્ટિમાં કોતરાઈ ગયો છે એવા જીવને દૃષ્ટિમાં, હૃદયમાં સ્તુતિ કરવા યોગ્ય દેવ બિરાજમાન છે. ધર્મીના જ્ઞાનમાં ભગવાન આત્મા બિરાજે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો એ દેવ છે. આહા..હા..! સિદ્ધ ભગવાન કોતરાણા છે એ ઠીક. પણ પોતે જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવી વર્તમાન પર્યાયમાં એ વસ્તુ છે એ કોતરાઈ ગઈ છે. એથી એની પર્યાયમાં એની સ્તુતિ કરનાર છે, માટે સ્તુતિ કરવાયોગ્ય જ્ઞાનીને એ આત્મા દેવ છે. કહો, સમજાણું કાંઈ? કહો, આ ભગવાન સ્તુતિ કરવા યોગ્ય એ બધી વ્યવહારની, વિકલ્પની વાતું છે એમ કહે છે. એય..! ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તોપણ સ્તુતિ કરવાયોગ્ય વ્યવહારનો વિકલ્પ છે. એ અહીં અનંતા આનંદનો, જ્ઞાનનો દરિયો ભગવાન આત્મા ઉછળી રહ્યો છે ચૈતન્ય. છલોછલ જ્ઞાન અને આનંદથી ભરેલો પોતે જ છે. આ એની સ્તુતિ કરવાયોગ્ય, દૃષ્ટિ અને જ્ઞાનમાં એની સ્તુતિ કરવાલાયક છે. સમજાણું કાંઈ? આ હોય છે વ્યવહાર, પૂર્ણ ન હોય ત્યાં સુધી એવો વિકલ્પ આવે, પણ એનું વજન કેટલું? પુણ્યબંધ જેટલું. એમાં કાંઈ અબંધનો અંશ છે નહિ. આમ વાત છે. એથી કરીને ન હોય એમ નહિ. એ પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એવો ભાવ શુભરાગ આવે છે, હોય છે. પણ હોય છે માટે વાસ્તવિક એ આત્માનું કલ્યાણ છે અને મોક્ષનો એ માર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ? એટલે મોક્ષનો માર્ગ નથી માટે ન જ આવે એમ પણ નથી. આહા..હા..! સમજાય છે? સ્વરૂપમાં આનંદમાં ન ઠરી શકે ત્યારે અશુભથી બચવા અથવા તે તે કાળે તે તે પ્રકારનો ભક્તિ આદિનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. વ્યવહાર વિકલ્પ ખરેખર તો દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? તીવ્ર પાપ થાય એ વિશેષ દુઃખરૂપ

છે. આ થોડા દુઃખરૂપ, પણ છે તો દુઃખની જાત. તેમાં આનંદની જાત નથી.

ભગવાન આત્મા.. કહે છે, અહો..! જેને આત્મતત્ત્વની ઉપલબ્ધિ, ઉપલબ્ધિ નામ સિદ્ધપણું અલ્પ કાળમાં થવાનું છે એવા જીવોને એના જ્ઞાનની અંદરમાં આ આત્મા આનંદ અને જ્ઞાનરૂપી કોતરાઈ ગયો છે. એ કોતરાઈ ગયો છે, રાગાદિ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા કેવડો કેવો એણે સાંભળ્યો નહિ. બીજાની મોટી વાતું. આવો રાજા, આવા રાણી, આવા ફલાણા, આવા લૂગડા. ઓહો..! મૈસુરમાં નથી શું કાંઈક છે નહિ? કેટલા ઓરડા ને. હૈદરાબાદ. ઓરડા. ફલાણા ઓરડામાં ફલાણા ઓરડા. ગયા હતા જોવા ગયા હતા. જુદી જુદી જાત. લૂગડાની જુદી જાત, હથિયારની જુદી જાતું, ફલાણાની ઢાલની જુદી જાત. ઓહો..હો..! શું છે પણ આ? શેના શણગાર? સમજાય છે? બાપુ! તારામાં ભરેલો ભગવાન જ્ઞાન અને આનંદ એ તારી શણગારની ચીજ છે. સમજાણું કાંઈ? એનાથી તારી શોભા છે. તારા બંગલામાં બિરાજે છે ભગવાન પોતે. આહા..હા..! ઘરના ભગવાનને ભાળવો નથી અને કોકના ભગવાનને ભાળવા જાય ત્યાં હાથ આવતો નથી. જાધવજીભાઈ! આવું છે ભાઈ! આહા..હા..!

ત્યારે હવે ઓલા ઉડાવે જુઓ! ના પાડતા હતા કે નહિ? કરવા જેવું નથી કે નહિ? માટે... ભાઈ! કરવા જેવું નથી, છતાં એ શુભભાવ આવ્યા વિના રહે નહિ. એનું નામ જ વ્યવહાર છે અને વ્યવહાર છે તે બંધનું કારણ છે. આવે છે. પૂર્ણ અબંધના પરિણામ ન થાય ત્યારે આ જાતના પરિણામ થયા વિના રહે નહિ. એવો સ્યાદ્વાદ વીતરાગનો માર્ગ છે. સમજાણું કાંઈ?

આત્મતત્ત્વની ઉપલબ્ધિ નામ સમીપપણે જેની પ્રાપ્તિ કેવળજ્ઞાનની થઈ ગઈ છે. '**નિકટ છે એવા બુધ જનોના મનરૂપી શિલાસ્તંભમાં...**' દેખો! છે ને પત્થરનો થાંભલો. '**જેની અતિશય દ્યુતિની...**' દ્યુતિ એટલે દિવ્યતા દિવ્યતા. એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનીને આત્માની 'દિવ્યતા; ભવ્યતા; મહિમા.' ભાસે છે. '(ગણધરદેવાદિ **બુધ પુરુષોના મનમાં શુદ્ધાત્મસ્વરૂપની દિવ્યાતાનાં સ્તુતિગાન** કોતરાઈ ગયા છે.)' એટલો અર્થ કર્યો નીચે. ઓલામાં દેવેન્દ્ર આદિ લીધા છે. સમજાણું કાંઈ? જરી ઓલા સામે બેય ટીકા હોય ને સામે સામે જોવાની મજા ઠીક પડે કે આમાં કયો અર્થ કર્યો છે. કહો, સમજાણું આમાં? આહા..હા..! કેટલા ગાણા ગાવા કહે છે તારા? વિકલ્પના ગાણાએ પાર પડે એવો તું નથી એમ કહે છે. એ આનંદમૂર્તિ પ્રભુ જ્ઞાનના તેજનું કારણાંતરથી બીજા કારણ વિના ભરેલો પોતે. એ જ્ઞાન ફલાણું હોય તો જ્ઞાન થાય, ઈન્દ્રિય હોય તો જ્ઞાન થાય, મન હોય તો જ્ઞાન થાય એવું એ જ્ઞાન છે જ નહિ કહે છે. સમજાય છે? અને સિદ્ધને પણ જ્ઞાન થવાનું હોય તો થાય એ પણ નથી. અને આત્માનું જ્ઞાન થવા માટે પણ આ સાધન હોય તો જ્ઞાન થાય એવો એ આત્મા નથી. સમજાણું કાંઈ?

**'એવા દિવ્ય આત્મસ્વરૂપવાળો હોવાને લીધે... '** દિવ્ય આત્મસ્વરૂપ દેખો! આહા..હા..! બહારના સુંદર વૈક્રિયિક શરીરના રૂપ ને ધૂળધાણી.. ઘડીકમાં ફૂ થઈને ચાલ્યા જશે. સમજાણું?

ઋષભદેવ ભગવાન બેઠા હતા ને સિંહાસનમાં. એમાં ઈન્દ્રે દેવીઓને મૂકી. નાચતી હતી દેવીઓ. એક દેવીનું આયુષ્ય ત્યાં જ પૂરું થવાનું (હતું). તે ઠેકાણે નાચતા નાચતા.. દેવી સુંદર... સુંદર... સુંદર... આ તો બધા ધાનના ઢીંગલા. સમજ્યા ને? ધાન બે ટંક ન ખાય તો. જરીક તૃષા લાગી હોય ને પાણી ન મળે તો આમ ગળા સુકાઈ જાય. ઓલું તો વૈક્રિયિક શરીર. આમ દેવીઓને નાચવા મૂકી. એમાં એક દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું. ફડાક ચાલી ગઈ બીજે ભવે. ત્યાં બીજી ગોઠવી દીધી. ભગવાનના જ્ઞાનમાં આવ્યું કે ઓહો..! આ દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું. ઓહો..! આવું અસ્થિરપણું! સમ્યગ્દર્શન-જ્ઞાન અને ત્રણે જ્ઞાન છે. પણ વૈરાગ્ય થવામાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તાત્કાલિક ઉપયોગ વિના જણાય એમ. આહા..હા..! આ અનિત્યતા! દેવી અહીં નાચે છે, નાચતા નાચતા એક પગ આમ થયો, ઉડી ગઈ. ઝબકારાની જેમ શરીર ખલાસ થઈ ગયું. જાધવજીભાઈ! આહા..હા..! એવા અનિત્ય શરીર, વૈક્રિયિક શરીર જેના એમાં સુખ ક્યાં હતું? સુખ તો ભગવાન, તારા આત્મામાં દિવ્યતા ભરી છે જુઓ! દેવ છે.

**'દિવ્ય આત્મસ્વરૂપવાળો હોવાને લીધે દેવ છે.'** સિદ્ધ દેવ છે અને તું પણ દેવ છો. આહા..હા..! **'માટે આ આત્માને સુખસાધનાભાસ...'** દેખો, હવે સરવાળો લાવે છે. **'માટે આ આત્માને સુખસાધનાભાસ (-જેઓ સુખના સાધન નથી...'** એ પાંચ ઈન્દ્રિયના વિષયો તે સુખના સાધન નથી. **'પણ સુખના સાધન હોવાનો આભાસમાત્ર...'** દેખાવમાત્ર અજ્ઞાનીને લાગે છે. **'જેમાં થાય છે એવા) વિષયોથી બસ થાઓ.'** લ્યો! છે ને? પર્યાપ્ત. **'भासैर्विषयैः पर्याप्तम्'** અલમ્ નથી કર્યો પણ **'पर्याप्तम्'**. આહા..હા..! અહીં વિષય શબ્દે બહાર તરફના વલણના ભાવથી હવે બસ થાઓ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો ચૈતન્ય અને આનંદ જેમાં સ્વભાવ છે તેને વિષય બનાવ એટલે ધ્યેય બનાવ, ધ્યાનમાં તેને ધ્યેય બનાવ, બસ એ તારું કર્તવ્ય છે. .. વિષયના બસ થાઓ હવે. આત્માના આનંદની દૃષ્ટિ કરો, પછી આસક્તિ રહે એ અસ્થિરતા છે. એ કાંઈ એમાં રુચિ રહેતી નથી. જ્ઞાનીને વિષયની વાસનાનો વિકલ્પ હોય, પણ એની રુચિ નથી. એને દુઃખ લાગે છે. સમજાય છે? જેમ ચામડા નીકળી ગયેલા હોય, (ખુલ્લું) માંસ હોય ને પછી ખાર છાંટે ને? ખાર છાંટે ખાર. આમ થઈ જાય. ઓલા પગ ઉપર થયું હતું ને, નારણભાઈના દીકરાને, નહિ? નાનો નગીન. પગમાં થયું હતું નીચે. બરાબર નીચે એવું થયું હતું. ખાર છાંટવો પડે. ત્યારે એને .... ઘણા વર્ષની વાત છે. નારણભાઈ નહિ? રાણપુર. નીચે પગમાં ઉપરથી નીચે. એવું સડ્યું હતું કોણ જાણે કે આમ ખાર નાખવો પડે. રાડ નાખે છોકરો.

એ વિના રૂઝાય એવું નહોતું ખાર વિના. આહા..! એમ વિષયની વૃત્તિઓ માંસના ઉપર જેમ ખાર નાખે એવું જ્ઞાનીને દુ:ખ લાગે. સમજાણું કાંઈ? માટે પરની રુચિ છોડ અને આત્માના આનંદની રુચિ કર. આનાથી બસ થાઓ હવે. હવે બસ થાઓ, અનંતકાળ થયા, ક્યાંય સુખ મળ્યું નહિ. ઈન્દ્રોમાં મળ્યું નહિ, રાજામાં મળ્યું નહિ, ક્યાંય ધૂળમાંય નથી. એ આબરૂ કીર્તિમાં ક્યાંય સુખ મળ્યું નહિ. મફતનો હેરાન થઈ ગયો લ્યો!

મુમુક્ષુ :- સુખ હતું ક્યાં તે મળે?

ઉત્તર :- બે-ચાર બધા શેઠિયાઓ બેસાડે, રાજાઓ બોલાવે. પાંચ લાખ આપ્યા હોય લ્યો! એ પાંચ લાખ એકાવન હજાર. બધા એકડા લખો, બધા પાંચડા લખો. એમ થાય કે આહા..હા..! બહુ ઉદાર ભાઈ! બધા એની સામું જોવે લ્યો! બધા એની સામું જોવે ઓહો..હો..! પણ બધા સામું તો જોવે.

મુમુક્ષુ :- પણ એમાં એને શું લાભ?

ઉત્તર :- એને લાભ પાપનો. એને આમ જરી ગલગલિયાં થાય કે આહા..હા..! બધા મારી સામું જોવે છે. પાપ છે તારે, સાંભળને. સમજાણું કાંઈ? એ દુ:ખમાં દઝાઈ ગયો છો. દઝાય છે દુ:ખમાં. આહા..હા..! કહો, કેમ હશે આમાં? કામદાર!

વિષયોથી, પર તરફના વલણથી બસ થાઓ એમ કહે છે મૂળ તો હોં! આ તો ઓલા વિષયની તો વાત લીધી બહારની. ભગવાન આત્મા જે આ જ્ઞાન અને આનંદથી ભરેલો ભગવાન એને વિષય બનાવ, ધ્યાનમાં ધ્યેય કર. ધ્યેય કર કહો કે વિષય કર કહો. સમજાય છે? પર વિષયો તરફના વલણથી હવે પૂરું કરો.

**‘ભાવાર્થ :- સિદ્ધભગવાન કોઈ બાહ્ય કારણની અપેક્ષા વિના પોતાની મેળે જ સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપ છે,...’** સિદ્ધ પરમાત્મા શરીર ન હોવા છતાં, ઈન્દ્રિય ન હોવા છતાં એકલો જ આત્મા પરમાત્માને છે. એમ કહે છે ને મૂળ? શરીરના વિના પણ સિદ્ધ સુખી છે. એ વિષય છે ને એ બતાવે છે. **‘સિદ્ધ ભગવાન કોઈ બાહ્ય કારણની અપેક્ષા વિના પોતાની મેળે જ સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપ છે,...’** સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપ છે. **‘અનંત આત્મિક આનંદરૂપ છે...’** લ્યો! સિદ્ધને આનંદ. અનંત આત્મિક આનંદરૂપ છે. **‘અને અચિંત્ય દિવ્યતારૂપ છે.’** અચિંત્ય દિવ્યતા. ઓહો..હો..! સિદ્ધ ભગવાનની પર્યાયમાં અનંતા સિદ્ધો જણાય તોપણ જેને જ્ઞાનમાં અનંતગુણ જાણે એવી તાકાત, એવી દિવ્યજ્ઞાન શક્તિ અને એનો એને આનંદ છે.

સિદ્ધ ભગવાન સમજ્યાને? લ્યો! સિદ્ધ ભગવાન જેવો જ સર્વ જીવોનો સ્વભાવ છે. લ્યો આવ્યું. ‘સિદ્ધ સમાન સદા પદ મેરો.’ પર્યાયબુદ્ધિ છોડ, દ્રવ્યબુદ્ધિ કર એમ કહે છે. જેમાં સિદ્ધ ભગવાન જેવો તારો સ્વભાવ છે. સર્વ જીવોનો સ્વભાવ છે. અનંતા નિગોદ આદિ બધા જીવો ભગવાન છે. પૂર્ણાનંદના નાથ પોતે અનંત આત્માઓ લોકમાં ઠાસોઠાંસ

ભર્યા છે. પર્યાયનું લક્ષ છોડી દે, તારું અને એનું. બધા પૂર્ણાનંદ અને જ્ઞાનથી આખો લોક ઠસોઠસ ભર્યો છે. અનંતા સિદ્ધો લોકાલોક આખા લોકમાં ભર્યા છે કહે છે. પર્યાયનું લક્ષ છોડી દે, દ્રવ્યથી જો તું. તને દ્રવ્યથી જો તો એને પણ દ્રવ્યથી જો. તને જ્યારે જો તો પર્યાયથી નહિ આખું દ્રવ્ય છે. તો એને પણ એ જો. એને અંશથી ન જો, એને અંશીથી જો. એ પણ પૂર્ણાનંદ સિદ્ધ સ્વભાવથી ભરેલા છે. કહો, આ એને શ્રદ્ધા, જ્ઞાનમાં લઈને ઠરવા જેવું છે એમ કહે છે. આ આચરણ કરવા જેવું અને આ મોક્ષનો માર્ગ છે. આહા..હા..!

'**તેથી સુખાર્થી જીવો...**' તેથી સુખના પ્રયોજનવાળા જીવો '**વિષયાલંબી ભાવ છોડી નિરાલંબી પરમાનંદસ્વભાવે પરિણમો.**' લ્યો! પરના વિષયવાળા ભાવને, પરના ધ્યેયને લક્ષમાં લેવાવાળા ભાવને છોડી દે કહે છે. નિરાલંબી પરમાનંદ સ્વભાવ એને પરિણમો લ્યો! '**આ રીતે આનંદ અધિકાર પૂર્ણ થયો.**' જ્ઞાન અને આનંદ બે વાત જ વર્ણવે છે વધારે. જ્ઞાની પણ ભગવાન આત્મા પરિપૂર્ણ છે આનંદરૂપે. સિદ્ધ ભગવાન પર્યાયમાં જ્ઞાન અને આનંદે પરિપૂર્ણ થઈ ગયા. કહો, સમજાણું? હવે એને કાંઈ પરિપૂર્ણ છે એમાં કાંઈ દુઃખ હશે થોડું? સિદ્ધ ભગવાન ઉપર નથી જઈ શકતા એટલું તો પરતંત્ર દુઃખ હશે કે નહિ એને? પણ એટલો પરાધીન નથી? ઉપર ધર્માસ્તિકાય નથી તો નથી જઈ શકતા, લ્યો. એ જ એનો સ્વતંત્ર અને એટલો અને એ પ્રકારનો સ્વભાવ છે. પૂર્ણ સ્વતંત્ર અને પૂર્ણ સુખી છે. પરતંત્રતાનો એક અંશ નથી. સમજાય છે કાંઈ? કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર એમ કહો સિદ્ધને. વળી એમ કહે છે. અનેકાંત એમ કરો લ્યો. ઓલામાં નાખ્યું છે ખાડિયામાં. ખાડિયા નહિ. શું કહેવાય? ખાણિયા. ખાડિયા તો આપણે અમદાવાદ, નહિ? અમદાવાદ મંદિર ખાડિયાનું છે ને? ખાડિયા છે ને? ઓલું ખાણિયા. આહા..હા..! સિદ્ધ ભગવાન પણ જ્યારે હજી પરતંત્રતા, હવે ત્યારે સ્વતંત્રતા થાય કોને પૂરી? આહા..હા..! એ પણ સાદિ-અનંત પરતંત્રતા! બિલકુલ પરતંત્ર નથી. પૂર્ણાનંદ નાથ. પૂર્ણ દશા જેને જ્ઞાન અને આનંદ આદિ સ્વતંત્ર બધી પર્યાય પરિપૂર્ણ સુખરૂપ દશા થઈ છે. જ્ઞાનનો આનંદ, સુખનો આનંદ, શ્રદ્ધાનો આનંદ, ચારિત્રનો આનંદ, વીર્યનો આનંદ, બધી જેટલી શક્તિઓ બધાનો આનંદ. સમજાય છે? કોઈ શક્તિ-યોગ્યતા નથી આગળ જવાની માટે આ દુઃખ છે એમ છે નહિ. પછી જયસેનાચાર્યે એ સર્વજ્ઞની વાતને નાખ્યું છે, બે શ્લોક નાખ્યા છે.

'**અહીં શુભ પરિણામનો અધિકાર શરૂ થાય છે.**' લ્યો હવે. આ બે વાત કરીને હવે શુભ પરિણામ જે બંધનું કારણ છે, જે આત્માના સ્વભાવમાં સાધકપણું નથી થઈ શકતું એવા શુભની વાત કરે છે. '**ઇન્દ્રિયસુખના સ્વરૂપ સંબંધી વિચાર ઉપાડતાં...**' ઇન્દ્રિયના સુખના સ્વરૂપ સંબંધીનો વિચાર '**આરંભતા, તેના (ઇન્દ્રિય સુખના) સાધનનું (-શુભોપયોગને) સ્વરૂપ કહે છે :—**' ઇન્દ્રિયસુખ શુભ ઉપયોગથી મળે છે. સુખ એટલે? આ માને છે ને લોક. માને છે એમાં મળે છે શું? કે આ પૈસા, આબરૂ, શરીર અનુકૂળતા

શુભ ઉપયોગથી મળે છે. પણ એ છે હેય. એ માટે તો વાત કરે છે.

મુમુક્ષુ :- ભલે ને હેય રહ્યું. પણ એ રાખવામાં શું વાંધો છે?

ઉત્તર :- ઝેર માને.. સર્પનો કણિયો રાખીએ ગુંજામાં તો શું વાંધો આવે? કહો નાનો હોય ને સર્પનો ઓલો, શું કહેવાય એ? કણો-કણો. ફણ મારતો આમ. નાનો પણ નાગ. સમજાય છે? એને લઈને નાકમાં મૂકીએ થોડીવાર તો વાંધો શું? એને નાકમાં શું કહેવાય એનું? નાગનું હોય સર્પનું બીલ બીલ. બીલમાં જાયને સર્પ તો આને બીલ બનાવે તો વાંધો શું? હાથમાં પકડીને એનું મોઢું રાખે અહીં. મરી જઈશ પણ ત્યાં. સમજ્યા? ઓલા હાથમાં રાખે તો ત્રાડ નાખે એવો છે અંદરથી. નાનો પણ નાગ, નાનો પણ રાજા. સમજાય છે? એની છંછેડ કરવી નહિ. એવું આવે છે ભાઈ. રાજા નાનો પણ રાજા છે ને. નાનો પણ નાગ છે. એવા ત્રણ બોલ છે કાંઈક. ધર્મી ભલે નાનું બાળક હોય પણ એ ધર્મી છે, મુનિ છે, છંછેડીશ નહિ. સમજાય છે કાંઈ?

શુભ પરિણામ એ બાહ્યના વિષયના સુખનું કારણ છે એની વાત કરે છે.

**देवजदजदिगुरुपुजासु चेव दाणम्मि वा सुसीलेसु।**
**उववासादिसु रत्तो सुहोवओगप्पगो अप्पा।।६९।।**

**ગુરુ-દેવ-યતિપૂજા વિષે, વળી દાન ને સુશીલો વિષે,**
**જીવ રક્ત ઉપવાસાદિકે, શુભ-ઉપયોગસ્વરૂપ છે. ૬૯.**

આમાંથી વાત આ છે મિથ્યાદૃષ્ટિને બતાવવાનું, પણ સમ્યગ્દૃષ્ટિને આ શુભ ઉપયોગ બંધનું જ કારણ છે. આમાંથી કાઢે છે, એ તો મિથ્યાદૃષ્ટિની વાત છે, સમ્યગ્દૃષ્ટિની નહિ. ભાઈ! એમ કહે છે આમાં. આ શ્લોકમાંથી કહે છે ને, ખબર છે. વાત સાચી છે. આ .. શુભ ઉપયોગનું વર્ણન છે. વસ્તુનો સિદ્ધાંત એક જ લાગુ પડે છે. (ફેર એટલો કે) એને રક્ત છે, જ્ઞાની શુભ ઉપયોગમાં રક્ત નથી. એટલો ફેર છે. શુભ ઉપયોગ હોય છે, પણ એમાં એકાકાર એકત્વ નથી. બસ. અજ્ઞાનીને શુભ ઉપયોગમાં એકત્વબુદ્ધિ (છે) આટલો ફેર છે. બાકી શુભ ઉપયોગ તો જ્ઞાનીને બંધનું કારણ છે, અજ્ઞાનીને બંધનું કારણ છે.

‘**અન્વયાર્થ :- દેવ, ગુરુ ને યતિની પૂજામાં,...**’ લ્યો! સમજાણું? ‘**દાનમાં, સુશીલોમાં...**’ એ દાનના ભાવ એ શુભ ઉપયોગ છે એમ કહે છે. પાંચ-પચ્ચીસ લાખ આપવા કે પાંચ-પચાસ હજાર આપવા કે સો-બસ્સો-પાંચસો એમાં રાગની મંદતા હોય તો એ શુભભાવ છે, એ કાંઈ ધર્મ છે નહિ. તેમ દેવ. સમજ્યાને? એના અર્થ કર્યા છે બધા. કર્યા છે ને અંદર આવશે. ... ઓલામાં કર્યા છે હોં. દેવતા નિર્દોષી પરમાત્મા. છે ને નીચે આપણે કર્યું છે. ભાવાર્થમાં કર્યું છે. ‘**इन्द्रियजयेन शुद्धात्मस्वरूपप्रयत्नो यतिः**’ જયસેનાચાર્યમાં છે. દેવ, ગુરુ અને યતિ એમ ત્રણ છે ને? ‘**स्वयं भेदाभेदरत्नत्रयाराधकस्तदर्थिनां भव्यानां जिनदीक्षादायको गुरुः,**’ એમ પછી શબ્દ કીધો છે. સમજાય છે? આચાર્ય, ઉપાધ્યાય આદિ

ગુરુ. જુઓ! આ સમકિતી, જ્ઞાની, ધર્માત્મા એની પણ પૂજા ને સ્તુતિ ને દાનનો ભાવ તે શુભ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**દેવ, ગુરુ ને યતિની પૂજામાં, દાનમાં, સુશીલોમાં...**' કષાયની મંદતાના આચરણો બધા સરળતા આદિ રાગ મંદના એવા આચરણ એ શુભભાવ છે. એ '**ઉપવાસાદિકમાં રક્ત...**' ઉપવાસ, એકાસણું, આંબેલ, આ ઉપધાન આદિ અપવાસ કરે છે ને. એક-એક દિવસના, મહિના-મહિનાના બધા. એમાં તે આત્મા શુભ ઉપયોગાત્મક છે. એ શુભપરિણામ છે ઈ, ધર્મ નહિ. કહો, હવે આ ઉપવાસ કરે એ બધા તપ છે અને તપ છે એ નિર્જરા છે. ભગવાનભાઈ! એવું કહે છે ને? ખોટું કહે છે? અને દેવ, ગુરુ, યતિની પૂજા. સમજાય છે? દાન. કહો ઠીક. એ બધો શુભોપયોગ છે.

'**ટીકા :- જ્યારે આ આત્મા દુઃખના સાધનભૂત એવી દ્વેષરૂપ તથા ઈન્દ્રિયવિષયના અનુરાગરૂપ અશુભોપયોગભૂમિકાને ઓળંગી જઈને,...**' લ્યો! કહે છે કે અશુભ ઉપયોગ કરતો નથી. અશુભ ઉપયોગની વ્યાખ્યા શું કરી? કે દુઃખના સાધનરૂપ દ્વેષરૂપ પરિણમતો નથી. અને ઈન્દ્રિયના વિષયના અનુરાગ અશુભરૂપે થતો નથી. ત્યારે દેવ, ગુરુ અને યતિની પૂજા. દેખો, શુભ ઉપયોગ કહે છે આમાં તો. શ્વેતાંબરમાં તો આવે છે કે મિથ્યાદૃષ્ટિ આહાર દેનારો, ભગવાન આહાર લેનાર અને મુનિ સમકિતી આહાર લેનાર, એને આપે તો પરિતસંસાર થયો એમાં પાઠ છે. સુબાહુકુમાર. એવો પાઠ છે. વિપાકમાં દસ અધ્યાય છે સુબાહુકુમારના વિપાકમાં. સુબાહુ કુમાર હતો મિથ્યાદૃષ્ટિ, પણ બહુ પુણ્યશાળી. સિંહાસન ઉપર બેઠો હોય તો... એમાં મુનિ આવ્યા મહા. સમજ્યાને? નીચે ઉતરી ગયા. પધારો... પધારો... પધારો... બહુ માનથી આહાર આપ્યો, પરિત સંસાર કર્યો. સંસાર તોડી નાખ્યો. એવો પાઠ વિપાકસૂત્રની અંદર બત્રીસ સૂત્રમાં ૪૫મા સૂત્ર છે. એ કહે છે કે એ વાત ખોટી છે એમ કહે છે. એય..! છગનભાઈ! તમારે તો કાંઈ ખબર ન હોય, માથે કહે એ સાંભળવું અને જય મહારાજ. ઓલા તમારે શું કહેવાય આઠ દિ'ના પર્યુષણમાં? બારસા. બારસા સાંભળવું. રાડું નાખે જાય ઓલો કાંઈ સંભળાય નહિ. મોઢા આગળ થોડા સાંભળે પાછળ તો કોલાહલ ચાલતો હોય.

અહીં તો કહે છે કે દેવની ભક્તિ ને પૂજા એ પણ શુભભાવ છે. દેવની ભક્તિથી નિર્જરા-સંવર માને છે તે દૃષ્ટિ મિથ્યાત્વ છે. કહો માને છે કે નહિ (કે) એ ભગવાનની ભક્તિથી સમકિત થાય? લ્યો! નિદ્ધત, નિકાચિત (કર્મ) છૂટી જાય. અહીં કહે છે કે દેવની ભક્તિથી શુભભાવ થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધા. શાસ્ત્ર શું કહે? એક કોર ગપ મારે અને એક કોર સાચું કહે એમ હોય શાસ્ત્ર? એ તો શસ્ત્ર છે. દેવ. લ્યો! ત્રણ લોકના નાથ દેવ નિર્દોષ પરમાત્મા. એને તો આહાર

દેવાનો હોય જ નહિ. પણ પૂજાની વાત છે ને. પૂજા, એના પ્રત્યેની પૂજા છે ને? દેવ પ્રત્યેની પૂજા છે. દેવ, ગુરુ અને યતિની પૂજા. દેવની પૂજા તો હોય ને. તો ભાવપૂજારૂપી શુભવિકલ્પ અને દ્રવ્યપૂજાની ક્રિયા વાણી આદિની એ બધામાં શુભ ઉપયોગ છે, આત્મા નથી એમાં. ઓહો..હો..! વળી મોટા મંદિરો કરે. એય..! અમુલખભાઈ! આ અમુલખભાઈએ તો પાછું પંચકલ્યાણક કર્યું. વઢવાણમાં નહિ, કાંપમાં નહિ એવું જોરાવર(નગર)માં કર્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુભભાવ હોય છે, એવી વસ્તુ હોય છે. અને થયું છે એને કારણે. કાંઈ શુભભાવ હતો માટે થયું છે એમ છે નહિ. ક્યાં ગયા લલિતભાઈ? કહો સમજાણું આમાં? આ તમારા બાપ ત્યાં જોરાવરમાં કર્તા હર્તા લ્યો! એ બધું પંચકલ્યાણક કેવું કર્યું ઓહો..હો..! મલુકભાઈની અગ્રેસરમાં. કહે છે કે એ તો થવાનું હોય એ થયું. ભાવ અંદરમાં રાગની મંદતાનો શુભ છે. દેવની ભક્તિ, મંદિરની પૂજા. દેવ આવે છે ને ભાઈ સાત પ્રકારના? સાત પ્રકારના નહિ? નવ-નવ. એ નવેય દેવની પૂજાનો શુભભાવ છે અહીં તો કહે છે. આહા..હા..! જિનપ્રતિમા, મંદિર, અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને જિનવાણી સમજાય છે? એ બધાની ભક્તિ, પૂજા શુભભાવ છે. ત્યારે કહે, સમ્યગ્દર્શન... ના. ના એમ નથી ભાઈ! મિથ્યાદષ્ટિને એમાં એકતાબુદ્ધિ છે, સમ્યગ્દષ્ટિને એકતાબુદ્ધિ નથી એટલો ફેર છે. બાકી પરિણામનું ફળ તો બંધ જ શુભ છે. સમજાણું?

કળશટીકામાં તો ચોખ્ખું લખ્યું છે ત્યાં કર્મધારા અને જ્ઞાનધારામાં. એ સમકિતી હોય, મિથ્યાદષ્ટિ હોય એ શુભ પરિણામ છે એ બંધનું જ કારણ છે. એટલે ઓલાને ગોઠતું નથી. નહિ. નહિ એ અર્થ સાચા નથી. હવે સાંભળને. આહા..હા..! પર તરફના આશ્રયવાળો ભાવ કોઈ રીતે સંવર ને નિર્જરા ને પરિત સંસારનું કારણ હોઈ શકે નહિ. એક જ સિદ્ધાંત. દેવ-દેવ. કહો, સમજાણું કાંઈ? કીધું ને? અને પછી ગુરુ. લ્યો! ગુરુની ભક્તિ. મુનિને આહાર દેવા, મુનિના ગુણગાન ગાવા, મુનિની સ્તુતિ કરવી, મુનિનો વિનય કરવો, ગુરુનો વિનય કરવો, દેવનો વિનય કરવો લ્યો. સમજાણું? એ બધી પૂજા આદિનો ભાવ શુભભાવ છે.

અને યતિની પૂજા. યતિ કીધું ને? યતિ મુનિ છે મૂળ તો. '**इन्द्रियजयेन शुद्धात्मस्वरूपप्रयत्नो यतिः**' એ ખુલાસો આવશે અંદર, અંદરમાં આવશે ભાવાર્થમાં. યતિની પૂજા. યતિ એટલે આ જતડા એ જતિ નહિ હોં. ઇન્દ્રિયનો જય કરી અને પોતાના સ્વરૂપમાં પરાયણ તત્પર રહે, '**शुद्धात्मस्वरूपप्रयत्नो**' શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રયત્નવાન તત્પર. તેવા મોક્ષમાર્ગી મુનિઓ, યતિઓ એની પૂજા, એને આહારદાન દેવો એ બધો શુભભાવ છે. કહો, આવી તો ચોખવટ છે આમાં. ત્યારે એ કહે, એ તો મિથ્યાદષ્ટિને છે ઈ, એમ કહે છે. સમ્યગ્દષ્ટિના શુભ ઉપયોગનું પછી વર્ણન છે જુઓ. ચરણાનુયોગમાં. એનાથી તો પરંપરાએ મોક્ષ થાય. એય..! દેવાનુપ્રિયા! આવે છે કે નહિ ચરણાનુયોગમાં? ૨૫૪. શ્રાવકને શુભભાવથી

પરંપરાએ મોક્ષ થાય. મિથ્યાદૃષ્ટિ... અરે..! ભગવાન સાંભળ ને. પરંપરા એટલે? પરંપરા મૂળ તો શુદ્ધથી જ થાય છે. એ તો ઓલું નિમિત ટળશે, અશુભ ટળ્યું અને શુભ ટળશે. માટે (કહ્યું). શુભથી થાતા હશે કોઈ દિ' ત્રણ કાળમાં? બંધના ભાવથી મોક્ષના ભાવને મદદ મળે એમ ત્રણ કાળમાં નથી.

કહો, **'દેવ-ગુરુ-યતિની પૂજા, દાન,...'** દાન-દાન. દાન દેવું. મુનિને દાન દેવું. ભગવાનને તો હોય નહિ. સાધુને દાન દેવું, યતિઓને, મુનિઓને દાન દેવું. એ દાનમાં શુભભાવ હોય છે. **'શીલ...'** પાળવું. બ્રહ્મચર્ય પાળવું વ્યવહાર અથવા કષાય મંદતાનો સ્વભાવ. **'અને ઉપવાસાદિક...'** કહો, એ ઉપવાસ કરવો, ઉણોદરી કરવી, આંબેલ કરવું, અઠ્ઠાઈ કરવી, સોળભઠ્ઠા કરવા, એક મહિનો માસખમણ કરવા, અપવાસ આદિ. આ રસનો ત્યાગ. એટલા રસ ન ખાવા, આટલુ ખાવું, ફલાણું. એ બધો કષાયની મંદતા છે તો શુભભાવ છે. આત્માના આનંદના રસ વિના બહારના રસના ત્યાગમાં શુભ ઉપયોગ તે બંધનું કારણ છે. ઉપવાસ આદિ એમાં બધું આવ્યું જુઓ, અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે. પ્રીતિ. એમાં પ્રીતિ જોયું! પ્રીતિ શબ્દ વાપર્યો છે.

**'દેવ-ગુરુ-યતિની પૂજા, દાન, શીલ અને ઉપવાસાદિકની પ્રીતિસ્વરૂપ ધર્માનુરાગને અંગીકૃત કરે છે,...'** છે ધર્માનુરાગ એટલે શુભ ધર્મનો (અનુરાગ). **'ત્યારે તે ઈન્દ્રિય સુખના સાધનભૂત...'** ઈન્દ્રિય સુખના સાધનભૂત **'શુભોપયોગભૂમિકામાં આરૂઢ કહેવાય છે.'** સમજાણું કાંઈ? અહીં વાત કરી છે અજ્ઞાનીની, એના શુભ ઉપયોગનું સાધ્ય ત્યાં છે. જ્ઞાનીને સાધ્ય તો આત્મા છે. એમાં શુભ ઉપયોગ વચ્ચે આવી જાય છે. એ એનું સાધ્ય નથી, એનું ધ્યાન નથી, એનું ફળ માગતો નથી અથવા એનું ફળ ઈન્દ્રિયનું સુખ છે, આની ભાવના નથી તો એના ફળની ભાવના નથી. અજ્ઞાનીને શુભ ઉપર દૃષ્ટિ છે તો એનું સાધન વિષયોનું સાધન છે ઈ, આત્માનું સાધન એ છે નહિ. આરૂઢ કહેવાય છે. લ્યો! એનો ભાવાર્થ લેશે. એ શુભભાવ છે, છોડવા જેવો છે. શુદ્ધનો આદર કરવા જેવો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૧, બુધવાર, તા. ૦૬.૧૧.૧૯૬૮**
**ગાથા-૬૯-૭૦-૭૧, પ્રવચન-૫૮**

જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, પ્રવચનસાર. અહીં એમ કહેવા માગે છે કે જ્ઞાનસ્વરૂપ જે આત્મા છે એનો જે વેપાર છે શુદ્ધ એ તો વાસ્તવિક વેપાર છે. કેમકે આત્મા જ્ઞાન છે, શુદ્ધ છે. જ્ઞાન છે એ શુદ્ધ છે. એનો જે શુદ્ધ વેપાર છે એ શુદ્ધ ઉપયોગ એ તો બરાબર વાસ્તવિક છે. પણ એ જ્ઞાનમાં શુદ્ધ ઉપયોગથી વિરુદ્ધ એવો જે શુભ ઉપયોગ એ હેય છે, દુઃખરૂપ છે, એનું ફળ પણ દુઃખ છે એમ અહીં સિદ્ધ કરવું છે. જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. ભગવાન જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ ધ્રુવ શુદ્ધ (છે). તો એનું શુદ્ધપણું જે છે, પર્યાયમાં શુદ્ધપણું થાય એ તો બરાબર વ્યાજબી છે અને એ તો મોક્ષનું કારણ છે. પણ શુદ્ધ ઉપયોગ અથવા શુદ્ધભાવથી વિરુદ્ધ ભાવ શુભ કે અશુભ, બેય અશુદ્ધ છે, એ આદરણીય નથી. દુઃખરૂપ છે. માટે હેય છે એમ સિદ્ધ કરવા માગે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ શુભ ઉપયોગ ક્યાં ક્યાં થાય છે? એ બધોય શુભ ઉપયોગ છોડવાલાયક છે એમ કહે છે. '**સર્વ દોષ રહિત પરમાત્મા...**' ૬૯. ૬૯નો ભાવાર્થ. '**સર્વ દોષ રહિત પરમાત્મા...**' પાછા પરમાત્મા કેવા? કે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ. પરમાત્મા સર્વજ્ઞદેવ વીતરાગ નિર્દોષ પરમાત્મા. ભાષા તેથી વાપરી છે. સમજાય છે? વીતરાગ પરમાત્માને ઠેકાણે નિર્દોષ-દોષરહિત પરમાત્મા. કારણ કે જેટલા રાગ-દ્વેષ, અજ્ઞાન (છે) એ બધા દોષ છે. છે સંસ્કૃતમાં. ભાઈનું જયસેનાચાર્યનું. '**देवता निर्दोषिपरमात्मा,**' નીચે લીટી છેલ્લી જયસેનાચાર્યમાં. એ નિર્દોષ પરમાત્મા એટલે વીતરાગ પરમાત્મા. એટલે કે જેને રાગ અને દ્વેષનો ને અજ્ઞાનનો કણ નથી પણ પૂર્ણ દશા જેને વીતરાગ નિર્દોષ પ્રગટ થઈ છે એવા પરમાત્મા. એ પરમાત્માની વ્યાખ્યા કહી. એવા પરમાત્માની પૂજા, ભક્તિ, સ્તુતિ પણ શુભભાવ છે, પુણ્યભાવ છે, ધર્મભાવ નહિ. સમજાય છે કાંઈ? જે વીતરાગ નિર્દોષ પરમાત્માથી વિરુદ્ધ છે એવા દેવને માનવાથી તો અશુભભાવ છે પણ આવા પરમાત્માની ભક્તિ અને પૂજાથી પણ શુભભાવ છે. એક વાત.

બીજી. '**ભેદાભેદ રત્નત્રયના પોતે આરાધક,...**' ગુરુ. આચાર્ય અને ઉપાધ્યાય લેવા છે. ભેદાભેદ રત્નત્રય એટલે જેને નિશ્ચય દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપ આનંદ એવો આત્મા નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર એ આત્મા વીતરાગ સ્વરૂપને આશ્રયે નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું છે અને એમાં કાંઈ બાકી છે રાગ એટલે એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો પણ રાગ છે. તો એ નિશ્ચય અને વ્યવહાર અથવા ભેદાભેદ રત્નત્રયના જે આરાધક છે એવા જે આચાર્ય અને ઉપાધ્યાય ગુરુ એની પૂજા અને સ્તુતિથી પણ શુભભાવ થાય છે. સમજાણું

કાંઈ? એ શુભ પુણ્ય છે. એવા આચાર્ય અને ઉપાધ્યાય સર્વજ્ઞ વીતરાગ માર્ગના નિશ્ચય અને વ્યવહારના ધર્મના અંતર આરાધક એવા જીવોની સેવા, પૂજા, ભક્તિ એ પણ શુભભાવ છે, ધર્મ નહિ, શુદ્ધ ઉપયોગ નહિ. સમજાણું કાંઈ?

ત્રીજા. '**ઇન્દ્રિયજય કરીને શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રયત્નપરાયણ તે યતિ.**' આ મુનિ લીધા છે. ઓલામાં દેવ, અરિહંત આદિ લીધા. આમાં (બીજામાં) લીધા આચાર્ય, ઉપાધ્યાય, આમાં મુનિ. મુનિ તો પોતે શુદ્ધાત્મ સ્વરૂપમાં પ્રયત્નપરાયણ છે. ઇન્દ્રિયજય કરીને. સાધુ તો પોતાના સ્વરૂપમાં ઇન્દ્રિયજય (કરીને) અતીન્દ્રિયમાં તત્પર, અતીન્દ્રિય આનંદમાં તત્પર છે. સમજાણું કાંઈ? સાધુ. એવા સાધુ જે પ્રયત્ન આત્માના આનંદ અને જ્ઞાનમૂર્તિમાં સાધે છે, સ્વરૂપને સાધન કરે છે એવા યતિ. યતિ એટલે સ્વરૂપમાં જતના કરનાર, સ્વરૂપની રક્ષા કરનાર. સ્વરૂપ આત્માના આનંદની રક્ષા કરનાર. એની ભક્તિ, પૂજા પણ શુભભાવ છે. સમજાણું કાંઈ? અથવા એવા સાધુ કે ઓલા આચાર્ય, ઉપાધ્યાય એને પણ આહારાદિ દેવાથી શુભભાવ થાય. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગિરનાર. જૂનાગઢ. ત્યાં એ કહેતા હતા કે અમારો હેતુ તો ભગવાનની ભક્તિનો વીતરાગતા છે. પણ તમારો હેતુ, ભક્તિ કરો એ ભાવ જ શુભ છે. વીતરાગ ક્યાંથી આવી ગયા? વીતરાગતા તો આત્માને આશ્રયે પ્રગટ થાય. એટલે કલ્યાણ અમે માનીએ આમાં. એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. હાય.. હાય..! તે દિ' ચર્ચા થઈ હતી ત્યાં આપણે બહુ ભાઈ ઓલા નેમિચંદભાઈ સાથે. ઓલા ડોક્ટરના ભાઈ. વીરચંદભાઈના ભાઈ. તમે કહો કે શુભભાવ છે, શુભભાવ પુણ્ય છે. પણ અમારે ક્યાં શુભભાવ જોઈએ છે? અમે તો ભગવાન પાસે માંગીએ (છીએ), વીતરાગભાવ છે અમારો. પણ એ ભગવાનની ભક્તિ અને સ્મરણ એ જ શુભભાવ છે. ત્યાં વીતરાગતા આવી ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં શુભભાવની સ્થિતિ બતાવે છે કે આટલા આટલા સ્થાનમાં શુભભાવ થાય એ બધો પુણ્યબંધનું કારણ છે. સ્વર્ગાદિના સુખ મળે તે પણ ત્યાં દુઃખ છે. સ્વર્ગના સુખ એ સુખ નથી એમ સિદ્ધ કરે છે અહીં. સમજાણું કાંઈ? એવા શુભભાવમાં પુણ્ય બંધાય, પુણ્યબંધમાં આવા સ્વર્ગ આદિના શેઠાઈના પૈસા આદિ મળે ને ત્યાં દુઃખી થાશે બિચારા, એમ કહે છે.

મુમુક્ષુ :- .. છોડી દેવું જોઈએ. આપ કહો છો...

ઉત્તર :- દૃષ્ટિમાં એનો આશ્રય છોડીને આત્માનો આશ્રય કરવો.

મુમુક્ષુ :- એમાં કાંઈ સમજાય નહિ.

ઉત્તર :- એવો ભાવ હોય પણ એ આશ્રય કરવાલાયક નથી. એનાથી હિત નથી. એ શુભભાવ પુણ્ય બંધાય છે, પુણ્યનું અસ્તિત્વ છે એમ સિદ્ધ કરશે. એના ફળ તરીકે ઇન્દ્રાદિના સુખો મળે, પણ એ સુખ ક્યાં છે? એ તો દુઃખ છે, આકુળતા છે. શરીરને પોષે છે,

ઇન્દ્રિયને પોષે એ તો બધી આકુળતા છે. એમાં અશુભથી જુદાંપણું રહે છે ક્યાં? એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! અહીં તો જ્ઞાનતત્ત્વ અધિકાર છે. જ્ઞાનતત્ત્વ એટલે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે. એનો અંતરમાં જ્ઞાનતત્ત્વનો આશ્રય કરીને જે જ્ઞાનપણાની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનની રમણતા એ એનો ભાવ ખરો. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! જગત બીજું કરવા માગે એથી કાંઈ બીજું થાય એવું નથી. પરમાત્મા ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર એમ કહે છે કે ભાઈ! અમારી જે ભક્તિ અને પૂજા એને પણ અમે (તારો) શુભભાવ કહીએ છીએ. અમારી સામું જોવાથી તને શુદ્ધ ભાવ પ્રગટશે નહિ. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે. 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' આહા..હા..! સમજાણું?

'**આરાધનાના અર્થી અને ભવ્ય જીવોને જિનદીક્ષાના દેનાર, તે ગુરુ;...**' એમ. ઓલા આચાર્ય-ઉપાધ્યાય નાખ્યા છે ને. અન્ય જીવોને '**ભવ્ય જીવોને જિનદીક્ષાના દેનાર,...**' જુઓ! જિનદીક્ષા એટલે વીતરાગ દીક્ષા. એવા ગુરુની ભક્તિ અને પૂજા એ પણ શુભભાવ છે. અને મુનિની યત્ના એ વાત આવી ગઈ. '**આવા દેવ-ગુરુ-યતિની કે તેમની પ્રતિમાની પૂજામાં,...**' જયસેનાચાર્યમાં છે પ્રતિમા. આવા દેવ જે વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા નિર્દોષ, જેને દોષ જરીએ નથી અને ગુરુ કે જે આચાર્ય અને ઉપાધ્યાય જે બીજાને શિક્ષા-દીક્ષા દેનારા, શિક્ષા-દીક્ષા દેનારા... સમજાણું? અને યતિ. '**ઇન્દ્રિયજય કરીને શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રયત્નપરાયણ તે યતિ.**' સમજાણું કાંઈ? જુઓ! ફેર પાડ્યો બેમાં. ઓલા મુનિ આચાર્ય-ઉપાધ્યાય દીક્ષા-શિક્ષા દેનાર છે. મુનિને એ કાંઈ છે નહિ. મુનિ તો પોતાના સ્વરૂપનું આરાધન કરે છે બસ.

અને આવા '**દેવ-ગુરુ-યતિની કે તેમની પ્રતિમા...**' દેખો! તેમની પ્રતિમાનો અર્થ ત્રણેની પ્રતિમા થઈ ભાઈ! આહા..હા..! દેવની પ્રતિમા, આચાર્ય-ઉપાધ્યાયની પ્રતિમા અને ગુરુ સાધુની પણ પ્રતિમા હોય છે મૂર્તિ. સમજાણું કાંઈ? એ પૂજામાં.. એ પ્રતિમાની પૂજા, દેવ-ગુરુ આદિની ભક્તિ આદિ એ બધો શુભભાવ છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની કે પંચ પરમેષ્ઠીની પ્રતિમાની પૂજા એ પણ શુભભાવ છે, સંવર નિર્જરા નથી. સમજાણું કાંઈ? કહો, લખતર! શું નામ? કંચનલાલ! આ આવું છે કંચન. સોનાને દાગ ન હોય એમ શુદ્ધ સ્વરૂપમાં આવો ભાવ છે એ દાગ છે, દોષ છે એમ કહે છે. આહા..હા..! વીતરાગ માર્ગ તો આવો છે ભાઈ! એને શ્રદ્ધામાં એણે લીધો નથી. હોય ખરો ભાવ, પણ એ ભાવ બંધનું કારણ છે, પરાશ્રયે જેટલા વિકલ્પો ઊઠે એ બધાય બંધ કારણ છે. આત્માના હિતના કારણ જરીએ નથી લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ?

'**आहारादिचतुर्विधदानं**' ઠીક! સાધુ, આચાર્ય, ઉપાધ્યાય એને આહાર આપવા, પાણી, આવે છે ને ઔષધ વગેરે. એ દાનમાં પણ શુભભાવ છે. કોઈ કહે કે મુનિને ધર્માત્મા સમ્યગ્દષ્ટિ

આરાધક શુદ્ધ ચૈતન્યના આરાધક, સાચા સાધુ એને આહાર દેવાથી પણ સંસાર પરિત થાય. એ વાત સાચી નથી (કે) સંસાર ઘટે, થોડો તો ઘટે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! શ્વેતાંબર શાસ્ત્રમાં એ બહુ આવે છે એવું. મિથ્યાદષ્ટિ દેનાર હોય અને સમકિતી આરાધક સાધુ સાચા હોય એને આહાર-પાણી આપે તો સંસારને તોડી નાખે. એવા શાસ્ત્રોના પાઠ ઘણાં છે. વિપાક આખો. એ શાસ્ત્ર વીતરાગના કહેલા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જે પરદ્રવ્યને દેતાં કાંઈ સંસાર (પરિત) એટલે અભાવ થાય (એમ કહે) એ વાત વીતરાગના ઘરની નહિ. એ વાત ખોટી છે. હોંશ નહિ રહે પછી આમાં. એઈ..! ભાવ હોય છે પણ એ પરદ્રવ્ય આશ્રયે ભાવ છે ભાઈ! અંતરના આશ્રયનો ભાવ છે એમાં આ વાત અંતર વિઘ્ન છે. હોય ખરો પણ એ પુણ્યબંધનું કારણ છે, શુભભાવ છે. એનાથી પુણ્ય થશે અને એનાથી સંયોગ મળશે. સ્વભાવ નહિ મળે એને. સ્વભાવમાં સાધન પણ એ થઈ શકશે નહિ. એવી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પુણ્યમાં ફેર એટલો કે આ શુભ છે એટલે અનુકૂળ સાધન મળે. કહો, પુણ્યમાં બીજો ફેર શો? પુણ્ય બેય સરખા. શુભ અને અશુભ બેય સરખા અહીં તો એમ કહે છે. એ શુભ અને અશુભ બેય સરખા. બેય સંયોગ આપે અને દુ:ખી થાશે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- સંયોગ સારા.

ઉત્તર :- સંયોગ સારાની વ્યાખ્યા શું?

મુમુક્ષુ :- ... સાંભળવાનું મળ્યું.

ઉત્તર :- વાણી આદિ તો સંયોગ છે, એ કાંઈ આત્માને શુદ્ધતાનું કારણ છે?

મુમુક્ષુ :- ના સાંભળે તો એ શુદ્ધતાનું કારણ છે?

ઉત્તર :- સાંભળે એ શુદ્ધતાનું કારણ નથી. સાંભળવામાં પણ શુભ ઉપયોગ છે. કહો, પૂર્વના પુણ્યને લઈને મળે એ જુદી વસ્તુ છે, પણ સાંભળવાનો ભાવ છે એ શુભ છે. સાંભળવાનું મળ્યું માટે ત્યાં સમ્યગ્દર્શન થાય છે? કહો. કાંઈ ચાલે એવું નથી આમાં ક્યાંય.

મુમુક્ષુ :- ન્યાય છે...

ઉત્તર :- ન્યાય છે પણ અમારે... એમ પાછું. આહા..હા..!

સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે જ્ઞાનાનંદ જ્ઞાનભાવ, આનંદભાવ. જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. તો જ્ઞાનતત્ત્વ જ્યાં રાગમાં રોકાય છે, જ્ઞાન જ્ઞાનમાં રોકાય તે તો વાસ્તવિક છે, એ તો મોક્ષનું કારણ છે એમ કહે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાના સ્વરૂપમાં રોકાય એ તો મોક્ષનું કારણ છે, પણ એ જ્ઞાનતત્ત્વ જે પરજ્ઞેયો છે, તેમાં રોકાય અને તેમાં શુભભાવ થાય એ મોક્ષનું કારણ નથી. આ પ્રવચનસાર અને એમાં જ્ઞાનતત્ત્વ અધિકાર. સમજાણું કાંઈ? વ્યવહારે

વિશેષ છે હોં એમ કહેશે અંદર સંસ્કૃતમાં. ચેતનજી! પરમાર્થે કાંઈ ફેર નથી. ભેદ કહેવાય ને, ભાષા તો કહેવાય ને. કહો, સમજાણું? એ વ્યવહારે ભેદ છે. પરમાર્થમાં એક જ વસ્તુ છે. શુદ્ધ ઉપયોગથી વિરુદ્ધ ભાવ તે બધો એક જ ભાવ છે.

એવા દેવ-ગુરુ-યતિની કે તેમની પ્રતિમાની પૂજા. કોઈ એમ કહે કે ભગવાનની મૂર્તિની શ્રદ્ધા-દર્શન કરવાથી આત્માને સમ્યગ્દર્શન થાય, એનાથી થાય, એની સામું જોયે થાય એ વાત સાચી નથી. આ શાસ્ત્ર લખવા કે શાસ્ત્ર વાંચવા, શાસ્ત્રમાં સુધારા કરવા એ ભાવમાં કાંઈ આત્માને સંવર-નિર્જરા થાય એ વાત જરીએ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? પર વસ્તુ છે એ શાસ્ત્ર. હવે એમાં શાસ્ત્ર આપણે સુધારીએ, પ્રભાવનાનો હેતુ છે અને એમાંથી નિર્જરા થાય. ધૂળેય ન થાય એમ કહે છે. આહા..હા..! જેટલી પરદ્રવ્ય આશ્રયની પ્રવૃત્તિ એમાં આત્માને સંસારનો અભાવ એમાંથી થાય નહિ. એક જ સિદ્ધાંત. ચાહે તો સમ્મેદશિખર હોય કે ચાહે તો સમવસરણ ભગવાનનું હોય. જુઓને કેટલું સ્પષ્ટ કર્યું છે!

'**આહારાદિ ચતુર્વિધ દાનમાં,...**' લ્યો! સમજાણું? પાછો હવે ખુલાસો કરે છે વિશેષ. '**આચારાંગાદિ શાસ્ત્રોમાં કહેલાં શીલવ્રતોમાં...**' ઠીક! વીતરાગ પરમેશ્વરે વ્યવહાર જે શાસ્ત્રો છે એમાં કહેલા. છે ને? શીલ નામ સ્વભાવ પ્રકૃતિ આદિ હોય છે ને? ઓલા ચાર અણુવ્રત ને મહાવ્રત. વ્રતોમાં અને એની સાથે આ શું કહેવાય? આઠ વ્રત. સાતમું અને આઠમું વ્રત આદિ છે ને એ બધા શીલવ્રત કહેવાય છે. એ શીલ અને વ્રતોમાં જે ભાવ થાય, આચારાંગ આદિ શાસ્ત્રમાં. જુઓ! પાઠમાં છે હોં અંદર. '**आचारादिकथितशीलव्रतानि**' લ્યો સંસ્કૃતમાં છે. શીલ એટલે પાંચ વ્રત અને ઉપર એ જે સાત છે ને છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું એ બધા શીલવ્રત કહેવાય. ગુણવ્રત, શીલવ્રત આવે છે ને. એ બધા બારે વ્રત છે શ્રાવકના કે મુનિના પંચ મહાવ્રતાદિ જે આચારાંગ શાસ્ત્રમાં ભગવાને કહેલા એ પણ શુભ ઉપયોગ છે, શુભરાગ છે. સમજાણું કાંઈ?

'**આચારાંગાદિ શાસ્ત્રોમાં...**' જુઓ એમાંથી કહેવું છે. '**શીલવ્રતોમાં તથા ઉપવાસાદિક તપમાં...**' લ્યો! ઉપવાસ કરવા, એક અપવાસ, બે અપવાસ, ત્રણ અપવાસ, ચાર અપવાસ, મહિનાના અપવાસ, સોળ ભઠ્ઠા અપવાસ, આઠ-આઠ દિ'ના ચોવિહારા અપવાસ. એ બધો શુભભાવ છે. અપવાસ એ ધર્મ નથી. ભગવાનજીભાઈ! તો આ અપવાસ છે એ તો તપ છે અને તપ છે તે નિર્જરા છે.

મુમુક્ષુ :- નિર્જરા કહેવાય છે.

ઉત્તર :- કહેવાય છે. કહે છે હજી. એ અપવાસ-બપવાસ નિર્જરા નથી એમ કહે છે. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનાનંદ જ્ઞાનતત્ત્વ જ્ઞાનસ્વરૂપ એમાં એકાકાર થઈને શુદ્ધતા પ્રગટ કરે તે નિર્જરા છે. આ અપવાસ કરું એક, બે, ત્રણ, પાંચ, પચ્ચીસ, મહિના, બે મહિનાના જુઓને, આ સંવત્સરીના કેટલા અપવાસ કર્યા હશે ઓલા લોકોએ. ધમાધમ ચાલી છે. વરઘોડા

કાઢવા ઓહો..! તપસ્યાઓ કરી આણે. એ તો દૃષ્ટિ તો મિથ્યાત્વ છે, પણ એની સાથે ઓલો ભાવ છે જે રાગની મંદતા હોય તો પુણ્ય બાંધે મિથ્યાત્વ સહિત. સમજાણું કાંઈ? ધર્મ માને. મનાવનારા માથે બેસનારા મનાવે. ઓહો..હો..! તમે તો બહુ કર્યું. અપવાસ કર્યા, નિર્જરા તમારે થાય. એ કહેનારા અને કરનારા બેય મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

'**આચારાંગાદિ શાસ્ત્રોમાં કહેલાં શીલવ્રતોમાં તથા ઉપવાસાદિક...**' એટલે ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ વગેરે વગેરે. એમાં '**પ્રીતિ તે ધર્માનુરાગ છે.**' એનું વલણ છે ને તેમાં એટલે પ્રીતિ તે ધર્માનુરાગ છે. ધર્માનુરાગ એટલે પુણ્ય. ધર્માનુરાગ એટલે ધર્મનો પ્રેમ. '**જે આત્મા દ્વેષરૂપ અને વિષયાનુરાગરૂપ અશુભોપયોગને ઓળંગી જઈને...**' લ્યો! જે કોઈ આત્મા દ્વેષભાવને છોડી અને વિષયનો અશુભભાવ પણ છોડી આ '**ધર્માનુરાગને અંગીકાર કરે છે, તે શુભોપયોગી છે.**' શુભભાવવાળો છે, પુણ્યભાવવાળો છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દુઃખી છે.

ઉત્તર :- એ પરિણામ જ દુઃખરૂપ છે. અરે અરે..! ભારે વાત આકરી! આ ખુલાસો જયસેનાચાર્યની ટીકાનો (છે). મૂળ પાઠમાં તો આપણે આવી ગયું છે. આ બધા શુભ ઉપયોગના સાધનની વાત કરી. એ બધા શુભ ઉપયોગ છે. આહા..હા..!

'**હવે ઈન્દ્રિયસુખને શુભોપયોગના સાધ્ય તરીકે...** ' ભાષા જુઓ! '**(અર્થાત્ શુભોપયોગ સાધન છે અને તેનું સાધ્ય ઈન્દ્રિયસુખ છે એમ) કહે છે :—**' શુભ ઉપયોગથી તો ઈન્દ્રિયના સંયોગો મળે. એમાં કાંઈ આત્માને શાંતિ મળે કે આત્માને સુખ મળે કે સમ્યગ્દર્શન (થાય, એમ) ત્રણ કાળમાં થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જે આત્મા '**ઈન્દ્રિયસુખને શુભોપયોગના સાધ્ય તરીકે...**' ઈન્દ્રિયસુખ છે એમ કહે છે એટલે બતાવે છે. ૭૦.

**जुत्तो सुहेण आदा तिरिओ वा माणुसो व देवो वा।**
**भूदो तावदि कालं लहदि सुहं इंदियं विवहं।।७०।।**
**શુભયુક્ત આત્મા દેવ વા તિર્યંચ વા માનવ બને;**
**તે પર્યયે તાવત્સમય ઈંદ્રિયસુખ વિધવિધ લહે. ૭૦.**

એનો '**અન્વયાર્થ :- શુભોપયોગયુક્ત...**' માથે કીધા એ બધા પરિણામ. દેવની, ગુરુની, શાસ્ત્રની, ભક્તિ પ્રતિમા વગેરે. આ પંચ કલ્યાણકના ભાવ વગેરે... વગેરે... સમજાય છે? એ બધો શુભભાવ છે. કહો, આ મંદિર બનાવવામાં, પૈસા એમાં દેવામાં, દાન કરવામાં એ બધો શુભભાવ છે.

મુમુક્ષુ :- ઘણાં મંદિર થયા છે.

ઉત્તર :- ઘણાં મંદિર થયા છે તો કોઈએ કર્યા છે? હજી તો આ થાય છે ને. થવાના

છે ને બે તો હજી. મુંબઈ. મલાડનું તો મુહૂર્ત થઈ ગયું કારતક સુદ છઠે. આ માગશર બારશે થાશે. એ તો થવાની ક્રિયા થાય. એમાં જે ભાવ હોય કોઈનો શુભભાવ તો એ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયનું ભાન હોવા છતાં અંતર ઠરી શકતો નથી જ્યાં સુધી ત્યારે એમાં એને હેયબુદ્ધિએ એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. છતાં એ આચરણ કરવાલાયક છે અને આત્માના હિતને માટે છે એમ નથી. આહા..હા..! તેથી કોઈ એને ઉથાપે કે એ ન જ હોય, એવો શુભભાવ ન જ હોય. કારણ કે આદરવા જેવો નથી માટે શું કામ શુભભાવ? પણ એવો ભાવ હોય. સમજાણું કાંઈ? એનું અસ્તિત્વ સિદ્ધ કરશે. અસ્તિત્વ છે. આ તો બીજી રીતે સિદ્ધ કરશે. એના પુણ્યફળ આવા છે એ સિદ્ધ છે. એથી શું છે? સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના ભાનના કાળમાં પણ એવો શુભભાવ હોય છે વ્યવહારથી. જ્યાં સુધી નિશ્ચય સ્વભાવનો આશ્રય પૂરો થયો નથી ત્યાં સુધી એવો ભાવ હોય છે. પણ એ ભાવ છે એ હેય, દુઃખરૂપ અને હેય છે. એટલે કોઈ એમ માને કે એ ભાવ છે તે મોક્ષનું કારણ છે એ ખોટું અને કોઈ એમ માને કે આ તો ખોટું હેય છે માટે મફતના આવા ભાવમાં જોડાય છે. પણ એ ભાવ આવ્યા વિના રહે નહિ. એટલે એ પણ હજી ખોટું છે. એ સમજતા નથી એની ભૂમિકાને. અહીં તો ના પાડે અને વળી કહે કે કરે. કરે કોણ? સાંભળને. એ ભાવ શુભભાવ એની ભૂમિકાને યોગ્ય હોય છે, આવે છે. ન જ આવે, જેને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પ્રેમ આદિ તે શુભભાવ આવતો નથી તો એને ધર્મની દૃષ્ટિનું ભાન પણ નથી. સમજાણું કાંઈ? અલ્પ કાળ હોય ને ન આવે અને ચાલ્યો જાય, પણ ઘણો કાળ રહે, અશુભભાવ ઘણાં આવે અને એને કહે કે ના ના આવો ભાવ હોય નહિ, તો એ વસ્તુને સમજતો નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**શુભોપયોગયુક્ત આત્મા તિર્યંચ,...**'માં જાય. લ્યો! એ જુગલિયા થાય જુગલિયું મોટું સારું. પલ્યોપમના આયુષ્યવાળા, બે પલ્યોપમના અહીં છે ને. આ મોટા હાથી નથી થતા અમેરિકામાં બબ્બે લાખના. એના ઉપર ડોક્ટર મોટા મોટા હોય છે લ્યો! એ બધા પુણ્યના ફળ છે શુભ ઉપયોગ. સમજાય છે? ડોક્ટર તપાસે હોં, મોટા બબ્બે લાખના ઘોડા, ત્રણ ત્રણ લાખના ઘોડા હોય છે ને ઓલા, શું કહેવાય? રેસના શરતના ઘોડા બબ્બે લાખના, ત્રણ ત્રણ લાખના. એના ઉપર તો મોટા ડોક્ટરો હોય એની ઓલામાં (દેખભાળમાં) દોડીને આવે ત્યારે કેટલું થયું? દોડવા જાય ત્યારે કેટલી અનુકૂળતા છે એ માણસની નાડી જોવે ને એમ એ બધું જોવે. કહો, કેટલું પુણ્ય! કહે છે એ શુભભાવના ફળમાં આવો ઢોર થાશે.

મુમુક્ષુ :- પહેલો જ ઢોર?

ઉત્તર :- પહેલો ઢોર લખ્યું છે ને આમાં? તિર્યંચ પહેલું લખ્યું છે. પણ એ શુભભાવ છે એને સગવડતા પણ એથી આત્માને શું એમાં? સમજાણું?

'**મનુષ્ય...**' થાય. પૈસાવાળા આદિ, સારા પુણ્યના ફળ. '**અથવા દેવ...**' થાય લ્યો!

નારકી તો પાપથી થાય. **‘દેવ થઈને તેટલો કાળ...’** એમ પાછું. **‘तावत्कालं’** એટલો કાળ. જેટલી પુણ્યની સ્થિતિ બંધાણી હોય છે એટલો કાળ. **‘તેટલો કાળ વિવિધ ઇન્દ્રિયસુખ પામે છે.’** લ્યો અહીં તો સુખ પામે છે એમ કીધું શાસ્ત્રકારે લ્યો! એટલો કાળ.

મુમુક્ષુ :- અનેક પ્રકારનું.

ઉત્તર :- અનેક એટલે અનંત પ્રકારનું. વિવિધનો અર્થ અનંત પ્રકાર છે. આમાં અનંત પ્રકાર છે. ૭૦ છે ને.

મુમુક્ષુ :- **‘देवत्वभूमिकानाममन्यतमां’** ૧૨૨ પાને પહેલી લીટી.

ઉત્તર :- હા, એ તો છે આમાં. અનેક પ્રકારનું ક્યાંક છે. **‘विविहाणि’**નો અર્થ છે ને ક્યાંક. ખ્યાલમાં હતો. ‘વિવિધ’ ૭૦માં છે ને? ૭૦માં. પૂર્વોક્ત શુભ ઉપયોગ ઠીક એમાં નથી. ક્યાંક છે ખરું. **‘विविहाणि’** અનેક પ્રકારની લ્યો. સમજાણું?

મુમુક્ષુ :- હિન્દીમાં છે.

ઉત્તર :- હિન્દીમાં હશે. છે ખરું ક્યાંક શબ્દ આવ્યો છે. આવશે. વિવિધ પ્રકારના ઇન્દ્રિયના સુખ.

**‘ટીકા :- આ આત્મા ઇન્દ્રિયસુખના સાધનભૂત શુભોપયોગના સામર્થ્યથી...’** દેખો! ઇન્દ્રિયસુખના કારણરૂપ શુભ ઉપયોગ છે. આત્માના અતીન્દ્રિય આનંદના સુખરૂપે કારણ નથી. છે ને? એ અનંત ભેદ છે ક્યાંક. ક્યાંક છે ખરા. એ .. લ્યો એ. **‘विविहाणी स्वकीयानन्तभेदेन बहुविधानि’** છે, ૧૨૬ પાને છે. જયસેનાચાર્યની ટીકાનો છેલ્લો શબ્દ. **‘विविहाणी स्वकीयानन्तभेदेन बहुविधानि’** નીચેની લીટી છે છેલ્લી. છે. પાછળના અર્થમાં છે. ૭૪ ગાથા છે ને એ તો. ૭૪માં આવે છે ને? **‘विविहाणि’** છેલ્લો શબ્દ છે ને. ત્યાં **‘विविहाणि’** આવે છે. એનો અર્થ કર્યો છે.

શું કહે છે? તિર્યંચમાં બળદ થાય, ઘોડો થાય પુણ્યના ફળમાં. જુગલિયા થાય. જુગલિયા મોટા છે ને. એમાં થાય શુભભાવના ફળમાં. એટલો કાળ જરી સગવડતા માને, દેખે. મનુષ્ય થાય. જુઓને, આ પૈસા કેટલાક એમ કહે છે ને કે આ અમેરિકામાં બધું આવું કેમ? એવી ઘણી વાતું કરે છે કેટલાક. અને આ આપણા હિન્દુસ્તાનમાં,.. ત્યાં તો મોટા અબજોપતિ, ત્યાં તો આમ, આયુષ્ય મોટા. ૮૦-૮૦ વર્ષે તો લ્યો આવા સમજ્યાને જુવાન માણસ જેવા દેખાય. આપણે કાઠિયાવાડમાં કેમ નહિ? હિન્દુ તો એમ કેટલાક પૂછે છે. હવે એવા શુભ પરિણામનો યોગ એવા સ્થાનમાં ત્યાં ઊપજ્યા છે, બહારના સ્થાન એવા હોય કોઈ એમાં શું છે પણ? વિવિધ પ્રકાર કહ્યા ને? અનેક પ્રકારે હોય. ત્યાં એમ કે આપણે અહીં થોડું, ત્યાં આયુષ્ય મોટું. એક જણો કોક કહેતો હતો. ત્યાં આયુષ્ય મોટા છે. સાધન સરખા હશે માટે કે નહિ? આપણે અહીં સાધન નથી. ત્યાં તો સાધન... ૮૦-૮૦ વર્ષના, ૭૦-૭૦ વર્ષના તો લગ્ન કરે છે. કોણ?

મુમુક્ષુ :- અનાર્ય.

ઉત્તર :- એ જુદી વાત છે. એ વળી જુદી વાત છે. આ તો એમ કે આવા શરીર નિરોગી. સમજ્યાને? કોણ કહેતું હતું? કોક કહેતું હતું. આવું છે ત્યાં. ત્યાંનો જનારો કોક કહેતો હતું વિલાયતનો બહારનો. ત્યાં આમ દેખાય. ત્યાં તો આવું હોય.. આવું હોય... શું છે પણ હવે કીધું એમાં? એ જાતના પુણ્યનો યોગ વિવિધ પ્રકારનો છે તો ત્યાં પુણ્યના કારણે શુભભાવમાં એવી સ્થિતિ હોય. કોઈને મનુષ્યની સ્થિતિ હોય, પૈસા હોય, આબરૂ હોય, ૮૦-૮૦ વર્ષ સુધી રોગ ન થાય. એવું હોય. વિવિધ પ્રકારના પુણ્યના અનેક પ્રકાર છે પણ એથી કરીને આત્માને શું? સમજાણું કાંઈ? અહીંયા આહાર કરીને ફરતા હતા ને એમાં કોક બોલતું હતું. પરદેશ જનારા.

મુમુક્ષુ :- ઓલા ભાઈ આવ્યા હતા ને એ કહેતા હતા.

ઉત્તર :- હા એ. એ કોક કહે નીતિ બહુ હોય. એ અહીં આહાર વખતે કહેતા હતા. નૈતિક કામ થાય. કોઈ કોઈનું અડે નહિ, ફલાણું, ઢીંકણું. કોણ કોક હતું. એ સાચી વાત છે. એ આહાર વખતે. આવું ત્યાં થાય. શું છે પણ? કીધું, કેટલા તારે વખાણ કરવા છે આમાં? એને એમ આહા..હા..! ત્યાં તો નૈતિક, કોઈ અડે નહિ, ચોરી કરે નહિ, ફલાણું કરે નહિ, ઢીંકણું કરે નહિ. સમજાણું? ૮૦-૮૦ વર્ષના માણસો...

મુમુક્ષુ :- ગોળીએથી મારી નાખે છે.

ઉત્તર :- ઉડાડી દે છે. ઓલો મોટો કેવો? પ્રમુખને ઉડાડી દીધો ફડાક દઈને. હવે ત્યાં શું છે પણ? અને જ્યાં સુધી લાગે જરી શરીર સારું લાગે, મોટા ઘોડા જેવા લાગે. હાથમાં લાકડી ને. ઓહો..હો..! કહે છે કે વિવિધ પ્રકારના શુભભાવ છે, અનેક પ્રકારના પાપાનુબંધી પુણ્ય બાંધ્યું હોય (તો) કોઈ એને એવો પ્રકાર મળે. સમજાય છે?

'**ઇન્દ્રિયસુખના સાધનભૂત શુભોપયોગના સામર્થ્યથી...**' દેખો! શુભ ઉપયોગના સામર્થ્ય. '**તેના અધિષ્ઠાનભૂત (-ઇન્દ્રિયસુખના સ્થાનભૂત-આધારભૂત એવી), તિર્યંચપણાની, મનુષ્યપણાની અને દેવપણાની ભૂમિકાઓમાંથી...**' દેખો! પાછી એ '**ભૂમિકાઓમાંથી કોઈ એક ભૂમિકાને પામીને...**' શ્રીમદ્ પણ એ લખે છે, જ્યારે કોઈ ફલાણે દેવાદિની ભૂમિકાઓ ઘણી છે એમાં કોઈ ભૂમિકાને પ્રાપ્ત થયા. કહો, સમજાણું કાંઈ? '**ભૂમિકાઓમાંથી કોઈ એક ભૂમિકાને પામીને...**' ઘણાં પ્રકાર મનુષ્યમાં, તિર્યંચમાં, દેવમાં, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી આદિ સમજાય છે? એવા શુભભાવની ભૂમિકા પામીને '**જેટલો કાળ (તેમાં) રહે છે, તેટલો કાળ અનેક પ્રકારનું ઇન્દ્રિયસુખ પામે છે.**' એમાં આત્માને શું એમાં થયું? ઇન્દ્રિયસુખનો સંયોગ હોય તો એના તરફ લક્ષ જાય છે એ તો પાપભાવ છે. સમજાણું કાંઈ? તૃષ્ણાના ઉત્પન્ન કરનારા છે એમ કહેશે આગળ. એ પુણ્યભાવ તૃષ્ણા ઉત્પન્ન કરે. આત્માને શાંતિ આપનારા નથી.

**'જેટલો કાળ (તેમાં) રહે છે, તેટલો કાળ અનેક પ્રકારનું ઇન્દ્રિયસુખ પામે છે.'** એમાં આત્માની શાંતિ ક્યાં આવી? એમ કહે છે. આત્માની શાંતિ તો આત્મા આનંદમૂર્તિની અંતર દૃષ્ટિ કરીને ઠરે એમાં શાંતિ છે. એનું નામ ધર્મ છે. બાકી આ શુભભાવથી બહાર અનેક ભૂમિકા મળે એમાં આત્માને શું? સાધન સારા મળે. લ્યો! ..ભાઈ! સાધન મળે સારા કહેવા કોને? સમવસરણ મળે, ભગવાનની વાણી મળે. એ તો કહે છે ને એની તો વાત આવી ગઈ. પર તરફના લક્ષવાળું પરોક્ષ જ્ઞાન પણ દુઃખરૂપ છે. કહો. ભારે આકરી વાત! સાધન હોય શુભભાવની ભૂમિકાના એ પ્રકારના સાધન હોય. એ પર તરફના લક્ષ કરતું જે જ્ઞાન કરે છે એ જ્ઞાન પરોક્ષજ્ઞાન છે અને પરોક્ષ જ્ઞાન તે દુઃખરૂપ છે, હેય છે. એ જ્ઞાનથી પણ આત્માને કાંઈ લાભ નથી. આ વાણી મળી અને એમાંથી જ્ઞાન થયું પોતાથી પર્યાયમાં. એનાથી પણ આત્માને લાભ નથી એમ કહેવું છે. આહા..હા..! જ્ઞાનતત્ત્વ અધિકાર છે ને. એ જ્ઞાન એ નહિ એમ કહે છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ છે એનો અંતર આશ્રય કરીને જે જ્ઞાન અને આનંદ પ્રગટે તે ખરું જ્ઞાન અને ખરો આનંદ એ ધર્મ. સમજાણું કાંઈ? ઘણાં દેશાટન કરે છે. કરે છે ને? વિવિધ બુદ્ધિ આવે મોટી. પાંચ-પાંચ લાખ ખરચીને નહિ મોટો કાઢે છે. છોકરાઓ ૨૦૦-૩૦૦-૪૦૦-૫૦૦ એક સાથે હજાર-હજાર. શું કહેવાય તમારી રેલને? પર્યટન કરે. દેશાટન ફરે તો બુદ્ધિ વધે. ભિન્ન-ભિન્ન જાતના માણસો, ભિન્ન-ભિન્ન જાતની ભાષા, ભિન્ન-ભિન્ન જાતના ક્ષેત્રો, ભિન્ન-ભિન્ન જાતના રંગો, કપડા એવું બધું દેખે. બોલનારા એનો સંગ કરે તો વિવિધ બુદ્ધિ થાય. ધૂળમાંય ન થાય, સાંભળને હવે. એ પણ તારો ઉઘાડ હોય એટલું થાશે, એ પણ દુઃખરૂપ છે. એટલો કાળ છે ને. કાળ તો અમુક છે ને, ત્યાં ક્યાં કાળ શાશ્વત છે? એ તો ૨૫-૫૦-૧૦૦-૫૦૦-૧૦૦૦ વર્ષ કે અમુક લાખ કરોડ કે બે સાગરોપમ લ્યો ને દેવના. સાગરોપમ સુધી એ જાત મળે એમાં આત્માને શું? દુઃખની આકુળતાના ગુમડા છે એ બધા. આહા..હા..!

**'કોઈ એક ભૂમિકાને પામીને જેટલો કાળ (તેમાં) રહે છે, તેટલો કાળ અનેક પ્રકારનું ઇન્દ્રિયસુખ પામે છે.'**

**'એ રીતે ઇન્દ્રિયસુખની વાત ઉપાડીને હવે ઇન્દ્રિયસુખને દુઃખપણામાં નાખે છે :—'** પહેલું કીધું ખરું ઇન્દ્રિયસુખ ભાષા કરી. આહા..હા..!

**सोक्खं सहावसिद्धं णत्थि सुराणं पि सिद्धमुवदेसे।**
**ते देहवेदणट्टा रमंति विसएसु रम्मेसु।।७१।।**

પહેલો પણ એ **'रम्मेसु'** આવી ગયું હતું આપણે. આ પણ **'रम्मेसु'**માં આચાર્ય તો અર્થમાં એમ કહે **'रम्मेसु'** રમ્યાભાસી. ત્યાં પણ રમ્યાભાસી હતું જયસેનાચાર્યમાં. આહા..હા..! **'रम्मेसु'** શું ટૂંકા શબ્દોમાં કહેવું છે એને.

**સુરનેય સૌખ્ય સ્વભાવસિદ્ધ ન—સિદ્ધ છે આગમ વિષે;**
**તે દેહવેદનથી પીડિત રમણીય વિષયોમાં રમે. ૭૧.**

**'અન્વયાર્થ :- (જિનદેવનાં) ઉપદેશમાં સિદ્ધ છે કે—'** જુઓ! **'उपदेशे सिद्धं'** સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથના ઉપદેશમાં એ સિદ્ધ છે કે **'દેવોને પણ...'** હવે બીજાની વાત તો શું કરીએ? એમ કહે છે. એમ. **'દેવોને પણ સ્વભાવનિષ્પન્ન સુખ નથી;...'** સમજાણું કાંઈ? એથી આ દેવોને નથી એટલે સમકિતીને નથી એમ નહિ, અહીં તો સામાન્ય વાત કરવી છે. સમજાય છે? ઇન્દ્રિયનું સુખ છે એનો નિષેધ કરવા માટે સામાન્ય સંસારીને સુખ નથી એમ કહેવું છે. સમજાણું? બાકી સમ્યગ્દૃષ્ટિ છે એ સંસારી ખરેખર નથી એ વાત આપણે આવી ગઈ છે. નહિ? ઈષતસિદ્ધ છે. આમાં લીધું છે ને એ? કે સંસારીને નથી. છે ને? ૭૧ છે ને? જુઓ! લેશે ઈ. આગળ લેશે આગળ. આગળ લેશે એ પછી. એ સંસારીને સુખ નથી. બધા સંસારીપ્રાણી કહેવાય છે. છે ક્યાંક છે ખરું. સંસારી. બહિર્મુખ સંસાર જીવાનામ છે લ્યો. એ ૭૪માં છે.

**'देवेन्द्रप्रभूतिबहिर्मुखसंसारिजीवानामिति'** છે. જયસેનાચાર્યમાં છે. ૭૪ ૭૪ ગાથામાં. એ ૧૨૭ પાને. **'बहिर्मुखसंसारिजीवानामिति'** ચોથી લીટી છે વચમાં. શું કહે છે? જુઓ, આમાં અપેક્ષા સમજવી જોઈએ. કહે છે કે શુભ પરિણામના ફળ તરીકે મળે એવા (સંયોગોમાં) સંસારી જીવોને સુખ નથી એમ કહેવું છે. સમજાણું? સમ્યગ્દૃષ્ટિ છે તો નરકમાં કે પશુમાં કે મનુષ્યમાં કે દેવમાં એ પોતાનું અંતર સ્વરૂપ જાણ્યુ-અનુભવ્યું છે એ તો અતીન્દ્રિય સુખ તો એને છે. અતીન્દ્રિય સુખ (છે), પણ જે શુભ ઉપયોગના તરીકે છે તે સુખ સંસારીને સાચું છે નહિ. એવી વાત સિદ્ધ કરી છે. એમ સિદ્ધ કર્યું છે.

સંસારી પ્રાણી ચાહે તો દેવ પણ હો, સ્વર્ગ પણ હો, પણ શુભ પરિણામના ઉપયોગ તરીકેનું જે પુણ્ય બંધાણું અને એના ફળ તરીકે છે એ બધા જીવોને સુખ છે નહિ. એમ સિદ્ધ કરવું છે. પાછું એમાંથી એમ કોઈ કાઢે કે જુઓ સમકિતી છે અને એને સુખ અતીન્દ્રિય નથી. એ અહીં વાત ક્યાં કરવી છે? અહીં તો શુભ ઉપયોગના ફળ તરીકે છે એ સુખી નથી એમ સિદ્ધ કરવું છે. ક્યાંકનું ક્યાંક (લગાવી દે). શું કરે? એમ કે છઠ્ઠે ગુણસ્થાને જ સુખ હોય. મુનિને થાય ત્યારે એને સુખ હોય અથવા શુદ્ધ ઉપયોગ થાય આઠમે (ત્યારે સુખ હોય). અરે..! ભગવાન! શું કરે છે?

અહીં તો કઈ અપેક્ષા સિદ્ધ કરવી છે? કે આત્મા જે છે એ શુદ્ધ આનંદકંદ જ્ઞાનમૂર્તિ (છે) એનું અંતરમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર જે દશા થઈ એ તો આનંદરૂપ છે. અરે..! ચારિત્ર ન હોય પણ દર્શન-જ્ઞાનનો સ્વરૂપાચરણ ભાવ હોય તો એ સુખરૂપ છે. એ તો અતીન્દ્રિય સુખ છે. સમકિતી નરકમાં હો, સ્વર્ગમાં હો, પશુમાં હો. સમજાય છે? પણ એ ચાર ગતિમાં... અહીંયા તો સુખનું વર્ણન તો તિર્યંચ, મનુષ્ય અને દેવમાં કહ્યું. નારકીમાં તો છે નહિ. એટલે..

એમાં પણ દેવમાં પણ મળેલી સામગ્રીમાં પુણ્યના ફળ તરીકે એમાં કાંઈ સુખ નથી. એ સુખ સંસારીને નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ છે ઈન્દ્રો અત્યારે. ઈન્દ્રાણી છે સમકિતી, પહેલા દેવલોકની ઈન્દ્રાણી. બે એકાવતારી છે, મોક્ષ જનાર છે અહીં છેલ્લો દેહ મનુષ્યપણું પામીને બેય જણા પતિ-પત્ની. એને અતીન્દ્રિય આનંદનું સુખ છે, પણ શુભભાવ તરીકેના જે આ સાધન મળ્યા એમાં એને સુખ છે નહિ એમ કહેવું છે. સમજાણું કાંઈ?

જ્ઞાનતત્ત્વનું જે આરાધન કર્યું છે વસ્તુ સ્વરૂપનું અંતર એટલું તો સુખ બધાને છે. ચાહે તો નારકી હોય. પણ જ્ઞાનતત્ત્વનું આરાધન છોડીને જેટલો શુભભાવ કર્યો છે એ શુભભાવ તરીકેના ઈન્દ્રિયના સુખમાં સુખ છે નહિ. સમજાણું કાંઈ? જુઓને કેટલું સ્પષ્ટીકરણ કરે છે! ભાઈ! આટલા તો સુખી છે ને દેવો. રોગ નહિ જિંદગીમાં, કેટલા હજારો વર્ષે આહાર લે, શ્વાસ પણ કેટલે પખવાડિયે એમ કાંઈક છે ને? પખવાડિયે શ્વાસ ઊંચો લીધો. શ્વાસ ઊંચો લીધો. જુઓ! સુખી ખરા કે નહિ? ધૂળેય નથી સાંભળને. શુભભાવ પૂર્વે કર્યા એના ફળ તરીકે આ મળ્યું, પણ એના તરફનું લક્ષ કરીને છે તો આકુળતા વેદન, દુઃખનું વેદન છે. સમજાણું?

'**(જિનદેવના) ઉપદેશમાં સિદ્ધ છે કે—દેવોને પણ સ્વભાવનિષ્પન્ન સુખ નથી;...**' (શેમાં)? ઓલા શુભભાવ તરીકે પુણ્ય મળ્યું એમાં. સમજાણું કાંઈ? '**તેઓ (પંચેન્દ્રિયમય) દેહની વેદનાથી પીડિત હોવાથી...**' દેખો અહીં તો. '**देहवेदनार्ताः**' '**देहवेदनार्ताः**' રાગ થાય છે ને શુભ પરિણામના ફળ તરીકે રાગ થાય. આર્ત-પીડાય છે. '**દેહની વેદનાથી પીડિત હોવાથી રમ્ય વિષયોમાં રમે છે.**' રમ્ય આભાસ છે, રમ્ય છે નહિ. રમ્ય તો આત્મા રમ્ય છે. ભગવાન આત્મા આનંદનું આરામનું ધામ છે. એમાં અંતરમાં એકાગ્રતાએ રમે તે આનંદ છે. પણ આ રમ્ય જેવા દેખાય ને બહારમાં ઓહો..હો..! ફૂળઝાડ, ગલગલિયા જેવા શરીર રૂપાળા, લાલ લાલ ભમ જેવા વૈક્રિયિક શરીર દેખે તો ઓહો..હો..! આ તે કોણ છે? અન્યમતિને તો પરમેશ્વર જેવા લાગે. વૈકુંઠ એ બધું દેવ. એવા દેવનું આયુષ્ય હોય. અસંખ્ય અબજ વર્ષનું આયુષ્ય હોય. તેથી તો એને અમર કહ્યા. પણ એટલો કાળ ને? ત્યાં ક્યાં (શાશ્વત રહેવાનું) છે? આત્મા તો ત્રિકાળ છે. એટલો કાળ પર તરફના લક્ષવાળું સુખ છે એ દુઃખી છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..માં દેવો, એનું પર ઉપર લક્ષ જાય છે એટલું શુભનું ફળ છે બધું. દુઃખ છે ઈ. આત્માના આશ્રયે જેટલો આનંદ વર્તે છે તે સુખ છે. એ તો અતીન્દ્રિય જ્ઞાન થયું. આ તો પર તરફનું વલણ. મિથ્યાદૃષ્ટિને તો એકલું પર તરફનું વલણ (છે) એટલે એ તો દુઃખી, દુઃખી ને એકલો દુઃખી છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ જ, આત્માના સ્વભાવનું

ભાન નથી, પુણ્ય-પાપ ઉપર જેની દૃષ્ટિ છે, વિકલ્પ ઉપર જેની દૃષ્ટિ છે એ તો તદ્દન દુઃખી, દુઃખી ને દુઃખી. ઈન્દ્રિયના અનુકૂળ પુણ્યના ફળ મળ્યા હોય કે ન મળ્યા હોય તોપણ દુઃખી જ છે એ તો. સમજાણું કાંઈ?

એક કહેતો હતો કે હવે એટલા દેવના સુખ તો ભોગવવા દ્યો. રામજીભાઈ હતા ત્યાં નહિ? બોટાદ. ઓલા નાગરકાનો. નાગરકા નહિ શું કહેવાય એ? નાગલપર. બોટાદથી બે ગાઉ છે ને નાગલપર વિશાશ્રીમાળી. પહેલા બધા હતા. ઓલું હાડકાનું કામ નહોતું કરતા? સલોત. એ ગુજરી ગયા તો હવે બીજો છે. એક હતા. એ કહે કે, મહારાજ! તમે પણ... શુભભાવ એ કરતા સ્વર્ગનું પહેલું સુખ તો ભોગવશે પછી મોક્ષ જાશે. એમ કહેતા હતા. અને બોટાદ સંઘાડાના એ પાકા હોં શ્રાવકો. નાગલપુર છે ત્યાં. પંદર ઘર છે ત્યાં. સલોત સલોત કહેવાય છે એ. વિશાશ્રીમાળી સલોત. હેમચંદ સલોત હતા એ ગુજરી ગયા અને અહીં ઓલો દીકરો એક મોટા સલોતનો દીકરો.

મુમુક્ષુ :- વર્ધમાન.

ઉત્તર :- વર્ધમાન નામ એ તો બીજાનું. વર્ધમાન તો બીજાને કીધું. વર્ધમાન! એ તો બીજાને કીધું. એનું નામ ભૂલી ગયા. હેમચંદ સલોતથી મોટા હતા. બીજું નામ હતું. માણસો ખાનદાન હોં! બહુ ખાનદાન માણસો નાગરકાના. મોટા હતા બહુ એના દીકરા હતા. એ હાડકાનું કામ કરતા. આવ્યા હતા વ્યાખ્યાનમાં એક ફેરી. આ સુખ તો ભોગવવા દ્યો દેવને. કહો દેવના સુખ. હોળી છે ત્યાં, સાંભળને! દુઃખભોગ અહીં તો કહે છે. એ જ કહેવાય છે. ઈન્દ્રિયના સુખની વાત ઉપાડીને ઈન્દ્રિયના સુખને દુઃખમાં નાખે છે. દુઃખપણામાં નાખે છે. દુઃખ છે, ત્યાં સુખ કે દિ' હતું? સુખ તો આત્મા ભગવાન આનંદથી ભરેલો આત્મા છે. એ આનંદનો ભરેલો એમાં નજર નાખતા જે આનંદ આવે એ આનંદ છે. બાકી બધા દુઃખી, દુઃખી ને દુઃખી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એની ટીકા. પંચેન્દ્રિયમય કહ્યું. છે એમાં શબ્દ પંચેન્દ્રિય? '**देवादयो देहवेदनार्ताः पीडिताःकदर्थिताः सन्तो**' એટલું. એ ટીકામાં છે? કોની ટીકા? પંચેન્દ્રિય? ઠીક એટલે ટીકામાંથી લીધું. જુઓ! '**ઈન્દ્રિયસુખનાં ભાજનોમાં પ્રધાન તો દેવો છે;...**' શું કહે છે? ઈન્દ્રિયસુખના સ્થાનમાં ઉત્કૃષ્ટ તો દેવો છે. એવું તો તિર્યંચ અને મનુષ્યને પણ હોતું નથી. '**તેમને પણ ખરેખર સ્વાભાવિક સુખ નથી; ઊલટું તેમને સ્વાભાવિક દુઃખ જ જોવામાં આવે છે;...**' સ્વભાવિક છે ને ભાવ એનો? સહજ દુઃખી છે બિચારા. લાખો અસંખ્ય દેવો. અસંખ્ય દેવો હોય એને તો. એક એક વિમાનમાં અસંખ્ય દેવો હોય. ખમ્મા-ખમ્મા કરતા હોય. ઓહો..! નાથ! આપ બહુ પુણ્ય કરીને આવ્યા. એવું બોલે ઓલા દેવો હોં! દુઃખી છે સાંભળને હવે. પર ઈન્દ્રિય તરફ એનું લક્ષ જાય છે. ભગવાન અતીન્દ્રિય આનંદ છે એનું તો ભાન નથી. અને ભાનવાળાને પણ પર ઉપર જેટલું લક્ષ જાય એ

દુઃખી છે એમ કહે છે અહીં પુણ્યવાળાને.

'**તેમને પણ ખરેખર સ્વભાવિક સુખ નથી; ઊલટું તેમને સ્વાભાવિક દુઃખ જ જોવામાં આવે છે; કારણ કે તેઓ પંચેન્દ્રિયાત્મક શરીરરૂપ પિશાચની પીડા વડે...**' લ્યો! આહા..હા..! પંચેન્દ્રિય શરીર, સુંદર આંખ, સુંદર કાન, સુંદર નાક, સુંદર મોઢું, સુંદર બધું શરીર હોં! સુંદર... સુંદર... સુંદર... સુંદર... સુંદર. સમજાણું? એ પંચેન્દ્રિયસ્વરૂપ શરીર એ પિશાચની પીડા. શરીરરૂપ પિશાચ ભૂતડું, આ શરીરરૂપી ભૂતડું. આહા..હા..! માટી છે હાડકા આ તો જડ. એને વૈક્રિયિક શરીર હોય છે. '**શરીરરૂપ પિશાચની પીડા વડે પરવશ હોવાથી...**' આહા..હા..! શરીરના વિષય ઉપર લક્ષ જાય છે ને? રૂપમાં, ભોગમાં, ગંધમાં. રસમાં એને ખાવાનું ક્યાં છે?

કહે છે, '**ભૃગુપ્રપાત સમા મનોજ્ઞ વિષયો તરફ ધસે છે.**' ભૃગુપ્રપાત સમા મનોજ્ઞ વિષયમાં દોડે જાય છે આમ અંદર. ભૃગુપ્રપાત છે ને? '**અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે...**' આપણે અહીં ગિરનારમાં છે. એક પથરો આ બાજુ છે ને આ બાજુમાં. બહુ ઊંચો છેલ્લો. તદ્દન આધાર વિનાનો. કોઈને મરવું હોય તો ત્યાં જઈને પડે તો મરી જાય તરત. અહીં દેખાય છે છેટેથી. ગિરનારમાં આ બાજુમાં છે. '**અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે પર્વતના નિરાધાર ઊંચા સ્થાન પરથી ખાવામાં આવતી પછાડ.**' પડે અંદરથી. '**ભૃગુ=પર્વતનું નિરાધાર ઊંચું સ્થાન-શિખર.**' શિખર લ્યો! '**પ્રપાત=પછાડ; ભૂસકો.**' ઉપરથી ભૂસકો મારે. એમ આ મનોજ્ઞ વિષયમાં ભૂસકો મારે રાગથી. દુઃખી છે બિચારા. આહા..હા..! સમજાણું? શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ બધા મનોજ્ઞ પુણ્યના ફળે આવ્યા હોય, પછડાય. ઘાત કરીને પડે ભૂ કરીને અંદર. ભગવાન આત્મા શું છે એ ભૂલી જાય છે. જ્ઞાની પણ રાગમાં આવે છે, પણ એકાકાર થતો નથી. સમજાય છે કાંઈ? એનું લક્ષ જાય, વૃત્તિ જાય, પણ એ વૃત્તિથી ભિન્ન જ્ઞાની રહે છે. સમ્યગ્દષ્ટિ એ પાપના પરિણામથી અને પુણ્યથી ભિન્ન રહે છે. સમજાય છે કાંઈ?

અને અજ્ઞાની તો એ પુણ્યના ફળ તરીકે દેખીને ઝંપલાય છે કે આહા..હા..! પરમેશ્વરે આપ્યા અને આપણે ભોગવો ભાઈ. એમ વળી કહે. પરમેશ્વરે બધું આપ્યું. અજ્ઞાનીઓ એમ કહે. પરમેશ્વરે આ બધા આપ્યા પૈસા આપણે વાપરીએ બાપુ! એમ કરીને. તારા વાપરવામાં પણ શુભભાવ જો હોય તો પુણ્ય છે અને અભિમાનથી જો કર કે અમે વાપરનારા છીએ. બીજા કોણ છે? એકલું પાપ બાંધશે. સમજાણું કાંઈ? આ તો શુભભાવાળાની વાત લીધી છે. જેણે દાનમાં પૈસા (આપવામાં) કષાય મંદ કર્યો હોય છે, પોતે ભાવ કર્યો હોય છે એના ભાવ તરીકે જો ઇન્દ્રિયના સુખ મળે એમાં ભૃગુપ્રપાતની પેઠે પડશે ત્યાં. વિષયમાં ઝંપલાવશે દૃષ્ટિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભૃગુપ્રપાત સમા મનોજ્ઞ વિષયો...**' લ્યો! એવા વિષયો એને કીધા સમજાણું? એ

પથરા ઉપરથી પડે એવા વિષયો કીધા એ તો. આહા..હા..! ઈન્દ્રાણીઓ આ બધું દેખે ને સુંદર... સુંદર... સુંદર... સુંદર... ક્યાં ગયા ઓલા નથી અહીં? આ ધર્મચંદભાઈ. ધર્મચંદભાઈ છે કે નહિ? એ ધર્મચંદભાઈને ઘરે .. જણા જોતા. એક ફેરી આવ્યા તો બધા રૂપાળા. એક ફેરી આવ્યા હતા ને, આખું કુટુંબ આવ્યું હતું. આખું કુટુંબ. એની ડોશી રૂપાળા, પોતે રૂપાળા, બાયડી રૂપાળા, છોકરા બધા ગોરા જેવા. અહીંયાં આઠ દિ' રહ્યા હતા એક ફેરી. કહો, કંવરચંદજી! ખબર છે? એક ફેરી આઠ દિ' રહ્યા હતા. પ્રેમચંદભાઈ બધા આવ્યા હતા. ફકીરભાઈ ઘણું કરીને. બધા આવ્યા હતા. બધા ધોળા ચામડા રૂપાળા જાણે. ઓહો..હો..! અને રાવસાહેબનું તિલક એના બાપને. અહીં રહ્યા હતા. આઠ દિવસ રહ્યા. શું થયું પણ એમાં? આહા..હા..!

મુમુક્ષુ :- ભાગ્યશાળી.

ઉત્તર :- ભાગ્યશાળી છે, ભાંગ શાળી. તમાકુ ચાવે છે. ઊંડે ઊંડે તમાકુથી. સમજાણું કાંઈ? કહો, આ પુણ્યના ફળ કેવા છે એનું વર્ણન કરે છે. એ શુભભાવ ઈન્દ્રિયના સુખ આપે, પણ એ ઈન્દ્રિયનું સુખ દુઃખ છે એમ હવે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આંખ વળી જાય. ચાલીસ કરોડ રૂપિયા દશાશ્રીમાળી વાણિયાને. શાંતિલાલ ખુશાલ. સમજાણું? આજે વાત નીકળી હતી. ભાઈ આવ્યા નથી. ધના લખા હતા બોટાદમાં, નહિ? એને દીકરી આપી છે ને શાંતિલાલે. ધના લખા હતા. એક્કાનો વેપાર કરતા. એક્કો એક્કો રાખતા ને. એનો બાપ એક્કો રાખતા. અમને ખબર છે. એ જાતા. બોટાદથી સ્ટેશન, સ્ટેશન માલ લઈને. એ અત્યારે ગૃહસ્થો થઈ ગયા છે. માણસ સારા હોં માણસ સારા. બહુ માણસ. સ્થાનકવાસી તરીકે પણ વિરોધ ન કરે. એને ત્યાં આ શાંતિલાલે દીકરી આપી છે ને. રહે છે પરામાં રહે છે. લોકોને એમ કે આહા..હા..! શાંતિલાલ ખુશાલ, ચાલીસ કરોડ રૂપિયાની દિકરી એને ત્યાં! આજ કોક વાત કરતું હતું. આહાર વખતે કોક નહોતું કરતું? ફલાણું? ઓહો..! શું છે પણ ધૂળ? રાગની પીડા છે ત્યાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરમાં અભરાઈ ભરાય કે ન ભરાય?

ઉત્તર :- કોનું ઘર? લૂંટાય છે ઘર ત્યાં. ઘર તો લૂંટાય છે નિજઘર. અભરાઈ ભરાય એટલે ધૂળ ભરાણી એમાં તારે શું પણ? પડ એમાં એમ કહે છે ભૃગુપ્રપાતની પેઠે. પછાડ... પછાડ... મરી જઈશ. આહા..હા..! અરે..! પોતાનો અતીન્દ્રિય સુખ-આનંદ સ્વભાવ એને ભૂલી પુણ્યના ફળમાં ઝંપલાવે છે, મૂઢ મિથ્યાદૃષ્ટિ સુખ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં વર્ણન કરવું છે. જ્ઞાનતત્ત્વ, ભગવાન આત્માનું જ્ઞાનતત્ત્વ જે જ્ઞાન સામર્થ્ય છે એ તો આનંદસ્વરૂપ છે. એનું સુખ છે તેમાં એકાગ્ર (થાય) તે સુખ છે. જ્ઞાનતત્ત્વથી બહાર નીકળીને શુભ ઉપયોગ છે તો પોતે દુઃખ અત્યારે અને એના ફળ તરીકે દુઃખ છે એમ વર્ણવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમ જ્ઞાનસ્વભાવ ભગવાન, પરમ જ્ઞાનસ્વભાવનું

જ્ઞાન કરે તો તો આનંદ આવે. એ તો અંતરની દૃષ્ટિ થઈ અને અંતરનો આશ્રય થયો. આ તો પરનો આશ્રય થઈને શુભભાવ થયા અને એના ફળ તરીકે બહારના સુખમાં જાય, ત્યાં પણ સુખ નથી પણ દુઃખ છે એમ સિદ્ધ કરે છે. કેમકે ઓલો પડે, પછાડ કરીને એમાં પડે, વિષયો સારી દેખીને ઝંપલાવે. બાયડી એવી અનુકૂળ મળે, છોકરા એવા ગલગલિયાં બોલે ત્યાં ઝંપલાય ત્યાં મૂઢ થઈને. સમજાણું કાંઈ? પછી એમ કે આહા..હા..! અમારે બાયડી ઘરે છે એવી કોઈને નથી હોં. વળી એમ કહે. અમારે છોકરા છે એવા કોઈને નથી. બધા એમ જ કહે.

મુમુક્ષુ :- એને ઘરે હોય તો બીજાના ઘરે...

ઉત્તર :- ક્યાંથી હોય? પણ એ આત્મા અને એ શરીર ક્યાંથી? પણ અમારા છોકરા અને અમારા બૈરા. ઓહો..હો..! એવા પાછા પોતે પોતાના વખાણ કરે. ભીખાભાઈ! આ બધું લશ્કર ચાલે છે સંસારનું. કહે છે કે એ બધા દુઃખી છે. બધા દુઃખના માર્યા આવા ઝંપલાય છે. આહા..હા..! ભૃગુપ્રપાત સમાન. કહો, સમજાણું? બસ, એ ૭૧ ગાથા થઈ.

‘**એ રીતે ઇન્દ્રિયસુખને દુઃખપણે યુક્તિથી પ્રગટ કરીને, હવે ઇન્દ્રિયસુખના સાધનભૂત પુણ્યને ઉત્પન્ન કરનાર શુભોપયોગનું, દુઃખના સાધનભૂત પાપને ઉત્પન્ન કરનાર અશુભોપયોગથી અવિશેષપણું પ્રગટ કરે છે :—**’ બેય સરખા છે. ચાહે તો શુભ હો કે અશુભ બેય સરખા છે. આત્માના જ્ઞાન અને દર્શનના ભાન વિના ચાહે શુભ-અશુભ કરે બેય સરખા છે, બેયમાં દુઃખ છે. એ સિદ્ધ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**કારતક વદ ૨, ગુરુવાર, તા. ૦૭.૧૧.૧૯૬૮**
**ગાથા-૭૨-૭૩, પ્રવચન-૫૯**

પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. અહીંયાં તો કહે છે કે ‘**ઇન્દ્રિયસુખને દુઃખપણે યુક્તિથી પ્રગટ કરીને...**’ અહીં તો જ્ઞાનતત્ત્વ જે આત્મા છે તેનો શુદ્ધ વેપાર તે જ વાસ્તવિક સુખનું કારણ છે. સમજાણું?

મુમુક્ષુ :- વાસ્તવિક સુખ.

ઉત્તર :- વાસ્તવિક સુખ. આ તો ઔપચારિક સુખ એટલે દુઃખ છે. એ તો એ કહે

છે. ઈન્દ્રિયસુખ એ દુઃખ છે. વાસ્તવિક સુખ તો આત્મા જ્ઞાનતત્ત્વ છે એનો જે અંતર વેપાર જ્ઞાનતત્ત્વના જ્ઞાનભાવમાં, એવો જે ભાવ તે શુદ્ધ ભાવ, તે સુખનું કારણ અને સુખરૂપ છે. ઈન્દ્રિય વિષયો શુભ ઉપયોગનું ફળ છે. ફળ એ દુઃખરૂપ છે એ કહે છે જુઓ!

'**ઈન્દ્રિયસુખને દુઃખપણે યુક્તિથી પ્રગટ કરીને...**' ઈન્દ્રિયના સુખ દુઃખ જ છે, એ કાંઈ સુખ છે નહિ. '**હવે ઈન્દ્રિયસુખના સાધનભૂત પુણ્યને ઉત્પન્ન કરનાર...**' અને પુણ્યને ઉત્પન્ન કરનાર '**શુભોપયોગનું,...**' બેય સરખા છે, બેયમાં ફેર નથી. ત્યારે એમ કહે છે ઘણાં. પ્રશ્ન આજે આવ્યો છે કે તમે જ્યારે એમ કહો કે આ વ્રત ને નિયમ ને શુભભાવ છે એ છોડવા જેવા છે, તો અમે કહીએ છીએ કે સમ્યગ્દર્શન પહેલાં શુભ વ્યાપારાદિ હોય ને વ્રતાદિ? તો અમે કહીએ કે સમ્યગ્દર્શન પહેલાં તમારું જાણપણું, શાસ્ત્ર સ્વાધ્યાય એ બધું છોડવા જેવું છે. તો શું કરવા એ કરો છો તમે? એમ પ્રશ્ન કર્યો છે. આજે આવ્યો છે.

કોઈએ (ખુલાસો) કર્યો હશે અહીંથી કે ભાઈ આ સમ્યગ્દર્શન વિના જેટલા શુભ વ્રત, નિયમ આદિ બધાય બંધના કારણ છે. એ કાંઈ આત્માને લાભદાયક નથી. તો કહે, હું પ્રશ્ન કરું છું. પંડિત કહે સામે. સમ્યગ્દર્શન પહેલાં તમારું આ શાસ્ત્ર શ્રવણ, અધ્યયન બધું લાભદાયક છે કે અલાભદાયક છે? વ્યર્થ છે. તો કરો છો શું કરવા? એમ અમારે પણ આવ્યા વિના રહે નહિ એમ કહે છે. પણ એ આવે છે સાધન તરીકે. તમારે પણ જેમ સમ્યગ્દર્શન પહેલાં શાસ્ત્ર શ્રવણ આદિ સાધન તરીકે તમે માનો છો કે નહિ? એ તો કરે, એ તો થાય. થાય જુદી વાત છે. એનાથી થાતું નથી. શ્રવણ, મનનથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. ભાઈએ મગાવ્યા છે, શિવમાર્ગ પુસ્તક છે ને? શિવમાર્ગમાં આવ્યું છે આજે. મહેન્દ્ર કોઈ પંડિત છે. અહીંની બધી વાત લીધી છે બે-પાંચ. અરે..! ભગવાન! કઈ અપેક્ષાએ વાત છે? શ્રવણ, મનન તો હોય છે. ત્યારે કહે, એ પ્રમાણે જ્યારે તારે શ્રવણ, મનન હોય છે અને મારા વ્રત, નિયમ ન હોય તો પક્ષપાત છે તારો. એમ કહે છે. એય..! પંડિત હોય તો તર્ક તો કરે ને. એમાં પક્ષપાત છે તમારો. ભાઈ! પણ શ્રવણ, મનનનું તો આવ્યા વિના રહે જ નહિ. અને વ્રતના વિકલ્પો તો જ્યારે સ્વરૂપની દૃષ્ટિ થયા પછી આવે. ત્યારે એને ચારિત્રના નિમિત્ત તરીકે બહાર કહેવાય. હવે શું થાય? બહુ ઝઘડો. કર્મનો ઝઘડો. સર્વ દ્રવ્ય સ્વતંત્ર છે. એ નિશ્ચયનયે.. પણ સર્વથા નહિ. બે બોલ ઉઠાવ્યા છે. નિશ્ચયનયે સ્વતંત્ર છે એ પણ સર્વથા નહિ. કથંચિત્ પરતંત્ર છે, કર્મને આધીન જીવ છે. અનાદિથી કર્મથી રખડે છે, ભમે છે, ભ્રમણ છે. પ્રત્યક્ષ દેખાય છે અને તમે ના પાડો. ભગવાનજીભાઈ! એવું કહે છે લ્યો! આહા..હા..! અહીં એ કહે છે જુઓ!

અહીં તો કહે છે, '**ઈન્દ્રિયસુખને દુઃખપણે યુક્તિથી પ્રગટ કરીને, હવે ઈન્દ્રિયસુખના સાધનભૂત પુણ્યને...**' ઈન્દ્રિયના સુખના સાધન કારણરૂપ પુણ્ય, એને ઉત્પન્ન કરનાર શુભ ઉપયોગ. એ '**દુઃખના સાધનભૂત પાપને ઉત્પન્ન કરનાર અશુભોપયોગથી...**' એકપણું

પ્રગટ કરે છે. અવિશેષ એટલે સામાન્ય—બેય સરખા છે. એમાં કાંઈ ફેર નથી. ૭૨.

**णरणारयतिरियसुरा भजंति जदि देहसंभवं दुक्खं।**
**किह सो सुहो व असुहो उवओगो हवदि जीवाणं।।७२।।**

**તિર્યંચ-નારક-સુર-નરો જો દેહગત દુઃખ અનુભવે;**
**તો જીવનો ઉપયોગ એ શુભ ને અશુભ કઈ રીતે છે? ૭૨.**

જુઓ! .. ઓલા .. અહીંના વિરોધનું બધું લખેલું આવે છે. ખબર છે અત્યારના કેટલાક વક્તાઓ, પંડિતો આદિ એમ કહે છે પણ એ વાત એમની ઉચિત નથી, ખોટી છે. ઘણાં .. ત્યાં મહાવીરમાંથી લખ્યું છે. જયપુરમાં છે ને હુકમચંદજી. મહાવીરમાંથી છે. ત્યાંથી નીકળે છે ને શિવમાર્ગ.

એની (અન્વયાર્થ) ૭૨ની. '**મનુષ્યો,...**' નર-નારકીથી ઉપાડ્યું છે ને મૂળ પાઠમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પહેલું ઉપાડ્યું છે ને. એ તો પછી આપણે હરિગીતમાં જરી મેળ માટે તિર્યંચથી ઉપાડ્યું છે.

બાકી '**મનુષ્યો, નારકો, તિર્યંચો અને દેવો...**' દેખો! ચારેય ગતિ લીધી. '**જો દેહોત્પન્ન દુઃખને અનુભવે છે,...**' દેહના ઉત્પન્નથી જે ઉત્પન્ન થયું દુઃખ, આમ પીડા આદિ અનુભવે '**તો જીવોનો તે (શુદ્ધોપયોગથી વિલક્ષણ-અશુદ્ધ) ઉપયોગ શુભ અને અશુભ—બે પ્રકારનો કઈ રીતે છે? (અર્થાત્ નથી.)**' જ્યારે પુણ્યના ફળ તરીકે દુઃખ અનુભવે છે, પાપના ફળ તરીકે દુઃખ અનુભવે છે. દુઃખના અનુભવમાં કાંઈ ફેર નથી તો એના કારણમાં ફેરમાં કેમ ફેર હોય? એમ કહે છે. આકરી વાત છે. સમજાણું કાંઈ? પાપના ફળ તરીકે નારકી દુઃખ અનુભવે છે, પુણ્યના ફળ તરીકે વિષયવાસનામાં ગતિથી ધસતા એ પણ દુઃખને અનુભવે છે. તો પછી જે દુઃખનું અનુભવવું તો બેને એકસરખું છે. સુખ કહે છે કોને તું? એમ કહે છે. દુઃખનું વેદન છે ત્યાં પણ. અને એના કારણમાં તું ફેર પાડ તો કારણમાં ફેર કેમ હોય? દુઃખનું અનુભવવું એક કાર્ય છે તો અહીં એનું કારણ પણ એક જ પ્રકારે છે. શુદ્ધ ઉપયોગથી વિલક્ષણ અશુદ્ધ ઉપયોગ એક જ પ્રકારનો છે, ચાહે તો શુભ હો કે અશુભ હો.

આ કુંદકુંદાચાર્ય આવી દલીલ સહિત મૂકે છે તોપણ વાત એને (બેસતી નથી). બીજે ઠેકાણે લે પાછું ક્યાંકથી. શુભ ઉપયોગ પરંપરા મોક્ષનું કારણ છે, ફલાણું છે, ઢીંકણું છે. ભાઈ! એ તો પરંપરા તો અભાવ કરીને થાય એની વાત છે. એનાથી થાય? એ તો રાગ છે. ભગવાન આત્મા તો વીતરાગવિજ્ઞાન ચિદાનંદ સ્વરૂપ છે. એના સ્વરૂપનું સાધન એ જાતનું હોય કે એનાથી વિરુદ્ધ જાતનું હોય? સમજાણું? શ્રદ્ધામાં તો હજી બેસાડે નહિ અને શ્રદ્ધામાં બેસે નહિ ત્યાં સુધી એની ગતિ સ્વરૂપ તરફના વલણમાં આવી શકે નહિ. ત્યાં કાંઈક છે, ત્યાં કાંઈક છે, આમાં શુભમાં છે કાંઈક, અશુભ કરતા શુભમાં છે. તો ત્યાં એની વલણની

રુચિ અને ગતિ તો ત્યાં વીર્યની રહે છે. શુભ અને અશુભ બેય પરિણામ શુદ્ધ ઉપયોગથી વિરુદ્ધ અશુદ્ધ ઉપયોગ છે એમ જો રુચિ કરે તો એને ત્યાંથી હટીને સ્વભાવ તરફ દૃષ્ટિ કરે અને એનું વલણ કરવાનો એને અવસર રહે. પણ જ્યાં આમાં પણ છે, એમાં પણ છે, એમાં પણ છે (એમ વલણ રહે) તો એ શુભની રુચિ ખસીને આ બાજુ આવી શકશે નહિ. સમજાણું કાંઈ?

એની '**ટીકા :- જો શુભોપયોગજન્ય ઉદયગત પુણ્યની સંપદાવાળા દેવાદિક...**' દેખો ભાષા! શુભ ઉપયોગ જે શુભભાવ છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વગેરે. એના ઉદયથી પુણ્યની સંપદાવાળા. દેખો! એનાથી પુણ્યની સંપદાવાળા દેવાદિક કીધા. આવો પાઠ તો અમૃતચંદ્રાચાર્યનો છે ચોખ્ખો. છે કે નહિ? પુણ્યની સંપદા મળે છે, પુણ્યથી સંપદા મળે છે. શું કહ્યું? પુણ્યથી સંપદા મળે છે એમ આવ્યું. કેટલાક ના પાડે છે. ખબર છે? એને ખબર છે. '**જો શુભોપયોગજન્ય...**' શુભ ઉપયોગથી ઉત્પન્ન થતું ઉદયગત પુણ્ય એની સંપદાવાળા. પુણ્યથી સંપદા મળે દેવની, આ રાજપણાની. દેવ આદિ કીધા ને? મનુષ્ય આદિ. '**(અર્થાત્ શુભોપયોગજન્ય પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતી ઋદ્ધિવાળા વગેરે)...**' દેવ. અરે..! મોટા તિર્યંચ જુગલિયા, મનુષ્યો વગેરે.

'**અને અશુભોપયોગજન્ય ઉદયગત પાપની આપદાવાળા નારકાદિક—**' જુઓ! અને પાપના ભાવ કર્યા એના ફળનો ઉદય આવ્યો ત્યારે નારકીપણું, આ ઢોરપણું, આ નિર્ધનપણું મનુષ્યમાં પણ, દેવમાં પણ જરી હલકા દેવ હોય છે ને દુઃખી, '**એ બન્નેય સ્વભાવિક સુખના અભાવને લીધે...**' બેયને સ્વભાવિક આત્માના સુખનો જેમાં અભાવ છે. નારકીના જીવને દુઃખનો સદ્ભાવ છે અને પુણ્યના ફળવાળા એવા શેઠિયા, દેવ, રાજા એ પણ પુણ્યના ફળવાળા દુઃખી જ છે. કહો, ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- બેય એક જ જાતનું છે.

ઉત્તર :- એક જ જાતનું? ભાઈ, આવી સગવડતા મળે આમાં કેટલી! પૈસાવાળાની જ્યાં હોય ત્યાં શું કહેવાય? સિફારીશ પહોંચે. આની પાસે કરોડો રૂપિયા છે, આમ છે, તેમ છે. એટલી સગવડતા થાય કે નહિ? જવા, આવવાની, જવાની, ખાવા, પીવાની. પણ કહે છે કે એ પર તરફનું વલણ તારું દુઃખવાળું છે. સમજાણું કાંઈ? એટલે? જેમ સંપદાવાળા દેવો આદિ અને આપદાવાળા નારકાદિ, એમ. સંપદાવાળા દેવાદિ અને આપદાવાળા બેય સરખા છે. બંનેને સ્વભાવિક સુખનો તો અભાવ છે. ભગવાન આત્મા.. જ્ઞાનતત્ત્વ છે ને અધિકાર. જ્ઞાનતત્ત્વ આત્મા છે એનો સ્વભાવ અંદરમાં આનંદ છે. એવા અતીન્દ્રિય જ્ઞાનતત્ત્વનો આનંદનો નારકીની આપદાવાળા અને મનુષ્યાદિ દેવની સંપદાવાળા બેયને અતીન્દ્રિય આનંદનો અભાવ છે.

'**સ્વભાવિક સુખના અભાવને લીધે અવિશેષપણે (-તફાવત વિના) પંચેન્દ્રિયાત્મક**

**શરીર સંબંધી દુઃખને જ અનુભવે છે,...'** પાંચ ઇન્દ્રિયસ્વરૂપ શરીર. આ એની ઇન્દ્રિયનો વિષય છે ને પાંચેય? એમ. શબ્દ, રૂપ, રસ, ગંધ. સમજાણું? આબરૂ સાંભળતો હોય તો એનું લક્ષ (શબ્દ) ઉપર છે એ રાગ છે, આકુળતા છે. આહા..હા..! સુખ છે નહિ. આબરૂ સાંભળે તો ખમ્મા-ખમ્મા થતા હોય લ્યો! પાંચ હજાર, દસ હજાર માણસ ભેગા થઈને એને અભિનંદન આપે. તમે મહા કામ કર્યા, તમે આવા કર્યા, તમે આવા કર્યા, તમે આવા કર્યા. લ્યો! તમે તો બહુ ઓલા થયા. એ કાને સાંભળતા એને કાંઈક સુખ થાતું હશે કે નહિ?

મુમુક્ષુ :- આપ ના પાડો છે.

ઉત્તર :- ના, સુખ થાય છે. શું? કલ્પનાનું દુઃખ. એ તો આકુળતા છે. આમ લક્ષ જાય એ તો રાગ છે. સમજાણું? રાગની આકુળતા છે. સુખ ક્યાં હતું ધૂળમાં ત્યાં? આહા..હા..!

**'પંચેન્દ્રિયાત્મક શરીર સંબંધી દુઃખને જ અનુભવે છે,...'** એટલે પાંચેય ઇન્દ્રિયોના જેટલા વિષયો તરફ વલણ જાય છે એ બધો રાગ અને દુઃખનો જ ભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? સુંદર રૂપ જોવા મળે. તો શું? જોવા મળે તો લક્ષ ગયું ત્યાં આકુળતા છે. સમજાય છે? સારા સ્પર્શ મળે, સારા લાડવા આદિ મળે, સારી આબરૂ મળે, ફૂલ ઝાડ આમ ચારે કોરથી આમ બેઠો હોય ત્યાં ઝાડ ગોઠવ્યા હોય ફૂલઝાડના એ સૂંઘવા મળે. ખાવા વખતે અનેક જાતની, વિવિધ જાતની શું કહેવાય છે? સામગ્રી. વાનકી-વાનકી કહે તમારે. વિવિધ જાતની વાનકી કહે છે. વાનગી એટલે? જુદી જુદી જાત આમ. જલેબી, જાંબુ, બરફી, પૂરી, સાટા ગળ્યા, મોળા જુઓ તો ૨૫-૫૦ની વાનગી તો આહા..હા..! કહો, કેટલી જાતની સામગ્રી. જુઓ, આ ભાઈ આપણા હતા ને જેતપુરવાળા. કેવા? શામળજી ખોડા શેઠ. શામળજી ખોડા હતા. પૈસા બહુ નહિ બે-ચાર લાખ, પણ ખાવા બેસે ત્યારે કેટલી સામગ્રી એની જોઈ હતી અમે હોં. પહેલી ૭૦માં દીક્ષા લેતી વખતે. કેટલી જાતની ચીજો! ગરભડો, રોટલી ઊની, ઢીંકણું, પૂરી હોય, શેરો હોય, દાળ હોય, ઢીંકણું હોય. બધું ઊની ઊની વાનગી પડી હોય. એમાંથી એને ઠીક હોય એ ખાય. ખાવાનો એવો (શોખ). ઘરબહાર નીકળવાની બંધી હતી શેઠને. શામળજી ખોડા. અપાસરો છે ને. દેસાઈ નહિ? કામદાર. કામદાર હશે? એ ગરાસિયાના કામ કરતા હતા ઓલા કાઠીના. પણ રૂપાળા માણસ. બેઠા હોય ખાવા વખતે. ખાવા વખતે બરાબર હું જઈ ચડ્યો. ૭૦માં. કામદાર. દરબારના કામ કરતા એમાંથી પૈસા થયા. કેટલી ચીજો આમ પડી હોય પાટલે ચારે કોર. પાપડ ને, પાપડના શું કહેવાય? ઓલા ખેરા. ખેરા હોય છે ને? શું કહેવાય એ? ખેરા ઓલા પોચા.

મુમુક્ષુ :- ખેરો જુદો, વડી જુદી.

ઉત્તર :- વડી જુદી, ખેરો જુદો, પાપડ જુદા. વાનગી બધી પડી હોય થોડી... થોડી. લોકો.. આહા..હા..! ભારે સુખી છે. પૈસા એટલા બધા નહોતા પણ.. એ વખતે તો ઘણી..

૭૦ની સાલ. વર્ષ થયા ૫૫. આ તો અડધો સૈકો ગયો. અડધો સૈકો કહેવાય ને પચાસ ઉપર. ૫૫ લ્યો. પાંચ. ૭૦માં દીક્ષા થઈ આ માગશર મહિનામાં ત્યાં પહોંચ્યા હતા. પોષમાં કે મહા વદમાં, માગશર વદમાં. સુખી કહે, આકુળતાનો પાર ન મળે. ત્યાં લક્ષ જાય છે એ આકુળતા છે. નારકીને અહીં આમ અગ્નિ તરફ લક્ષ જાય છે. આને અહીં જાય છે. લક્ષ જાય છે એ તો આકુળતા છે. કહો, સમજાણું?

**'પંચેન્દ્રિયાત્મક શરીર સંબંધી દુઃખને જ અનુભવે છે,...'** એટલે શું કહે છે? આત્મિક અતીન્દ્રિય સુખ નથી. ત્યાં પંચેન્દ્રિયના શરીર સંબંધી દુઃખને અનુભવે છે. સમજાણું કાંઈ? **'તો પછી પરમાર્થે શુભ-અશુભ ઉપયોગની પૃથક્ત્વવ્યવસ્થા ટકતી નથી.'** લ્યો! આ કારણે બેય દેહગત આકુળતાને પુણ્યના ફળવાળા, સંપદાવાળા અને પાપના ફળવાળા આપદાવાળા બેય દુઃખને અનુભવે છે, પંચેન્દ્રિય શરીર સંબંધી તો પછી એના કારણરૂપ શુભ અશુભ ઉપયોગની પૃથકતા, અનેકતા, જુદાઈ કાંઈ ટકતી નથી. બેય એક જ જાત છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવ સિવાયનું વિરુદ્ધ છે એ બધું દુઃખ જ છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન તત્ત્વ છે ને અહીંયાં. અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે વસ્તુ વસ્તુ. અને એ અતીન્દ્રિય જ્ઞાન છે એમાં અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદ જ્ઞાનની એકતામાં એ આનંદ ખરો. એનાથી વિરુદ્ધ શરીર સંબંધીના લક્ષમાં આકુળતા છે. કષાયની આકુળતા છે ને ઈ? બસ, એ શરીર પંચેન્દ્રિય સંબંધીનું દુઃખ જ છે. શરીર સંબંધી દુઃખ છે. આત્મસંબંધી સુખ હોય. સમજાય છે કાંઈ? કહો, ગમે એવું સુંદર શરીર મળ્યું પણ એના ઉપર લક્ષ જાય છે તો રાગ છે. અને કુબડું મળ્યું નારકીનું સોળ રોગવાળું. તો એના ઉપર લક્ષ જાય છે તો વિકાર છે, દુઃખ છે. સમજાણું કાંઈ? પાંચસો ધનુષનો (દેહ) હોય છે ને નારકીને. પાંચસો ધનુષનો દેહ લ્યો, સાતમી (નરકના) નારકીને. સોળ રોગ જન્મે ત્યારથી. કાળુકુબડું. દેવ જન્મે ત્યારથી બે ઘડીમાં પાધરું સુંદર જુવાન જુવાન બે ઘડીમાં દેખાય. તરત ઉત્પન્ન થાય. પણ એનું લક્ષ આત્માના અંતર અતીન્દ્રિય જ્ઞાન તરફ તો છે નહિ. એ તો આ તરફ છે. આ તરફથી એ તરફ ગયો તો વલણ બધો વેગ કષાયનો છે. સમજાણું કાંઈ? નારકી હોય કે દેવ હોય, રાંક હોય કે રાજા હોય, કંથવો હોય કે કુંજર હોય, પણ એને પંચેન્દ્રિય શરીર... ઓલો ભગવાન આત્મા તો પડ્યો રહ્યો. એના તરફ વલણ કરીને એ અતીન્દ્રિય જ્ઞાનનો આનંદ લેવો જોઈએ એ તો ન મળે. એટલે બેયને શરીર સંબંધી દુઃખનો જ અનુભવ છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આમાં શેઠિયા અને રાંકા બેને ભેગા નાખ્યા દુઃખી તરીકે.

મુમુક્ષુ :- ભલે નાખે.

ઉત્તર :- ભલે નાખે એટલે? અમે નહિ એમાં આવીએ એમ હશે?

મુમુક્ષુ :- જ્ઞાની ન આવે.

ઉત્તર :- જ્ઞાની ન આવે નહિ, આ તો શેઠિયા અને રાંકા પર તરફની અપેક્ષાએ દુઃખી છે. એમાં ઓલો ન આવે એમ નહિ, પર તરફના વલણવાળો તો આવે. એમ કે એમાં ભલે એણે નાખ્યા, પણ અમે ન આવીએ એમ કોઈ કહે, અમારે તો સુખ છે. પણ તું પરના વલણવાળો છો, એ બેય પરના વલણવાળા બેય દુઃખી જ છે. આહા..હા..! કેમ હશે આ? બધા સુખી દેખાય ને. સુખી.. ઘણી ગાથાઓ આવે છે.

**'શુભ-અશુભ ઉપયોગની પૃથક્ત્વવ્યવસ્થા ટકતી નથી.'** કે આનો શુભ ઉપયોગ તે સારો અને અશુભ ઉપયોગ તે ખરાબ એવા બે પ્રકાર એમાં લાગતા નથી. કારણ કે શુભ ઉપયોગથી પુણ્ય બંધાય અને પુણ્યથી સંપદા મળે અને સંપદા મળતા પાંચ ઈન્દ્રિયના વિષય તરફ એનું લક્ષ જાય. એ દુઃખી. પાપના ફળ... અશુભ તરીકે પાપ બંધાય, પાપના ફળ તરીકે પ્રતિકૂળ (સંયોગ મળે) એ તરફ એનું લક્ષ જાય તો દુઃખી. દુઃખી તો બેય છે. આહા..હા..! ભારે ગળે ઉતરવું. કહો. છ ખંડનો રાજા ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો હોય અને એનું લક્ષ જાય પણ ત્યાં આકુળતા છે. સાતમી નરકનો નારકી પ્રતિકૂળતાના ગંજમાં લક્ષ જાય તો ત્યાં આકુળતા છે. પંચેન્દ્રિયના શરીર સંબંધીના અવયવો છે એના તરફના જે વિષયો ત્યાં જતા રાગ વિકાર જ છે, દુઃખ છે. સમજાણું કાંઈ?

જ્ઞાનતત્ત્વ અધિકાર છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એથી તે અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એ અંતરના વિષયને લક્ષમાં લઈને, વિષય એટલે ધ્યેય એમાં લઈને જે એકાગ્રતા થાય તે જ્ઞાન અને આનંદ, તે સુખી છે. બાકી આ બધા દુઃખ છે. દુઃખી છે તો એના કારણરૂપે બેય પરિણામ શુભ ઠીક અને અશુભ અઠીક એવી પૃથક્ વ્યવસ્થા ટકતી નથી. બેય એક જાતની વ્યવસ્થામાં ભળી જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું?

**'પરમાર્થે...'** એમ કહ્યું છે ને? **'શુભ-અશુભ ઉપયોગની...'** એ દયા, દાનના પરિણામ અને હિંસા-જૂઠાના પરિણામ. આ તો વધારે સ્પષ્ટ કરવું જોઈએ કે નહિ? દયા, દાન અને હિંસા અને કંજુસાઈના. સમજાણું? એ બેય પરિણામના ફળ તરીકે તો પાપ અને પુણ્ય બંધાય અને એના ફળ તરીકે બહારની સંપદા અને આપદા (મળે). એના ઉપર લક્ષ જાય એટલે બેયનું સરખું જાય. કષાય છે ત્યાં. તો આ પૈસાવાળા કહે અમે સુખી છીએ. મૂઢ છો કહે છે મિથ્યાદષ્ટિ છો એમ કહે છે અહીંયા. મિથ્યાત્વનો પોષક છો. એમ છે ને એમ કહે છે. એય..!

મુમુક્ષુ :- પૈસા કે દિ' હતા?

ઉત્તર :- પૈસા પણ એને માને છે ને. હુકમ થાય ફટ થાય લ્યો ત્યાં. ત્યાંથી આવ્યા અને અહીં થાણામાં નાખ્યું. શું કહેવાય એ? સંચો? પ્લાસ્ટિકનો. લ્યો, પણ પૈસા હતા તો ત્યાંથી અહીં આવીને અહીં નાખ્યું લ્યો. છોકરાને અહીં ગોઠવ્યા. બેને ત્યાં ગોઠવ્યા, એકને અહીં ગોઠવ્યો, ફલાણું, ઢીંકણું. પૈસાવાળા હોય તો ગોઠવે કહો. ગોઠવી શકતા હશે? પણ

કહે છે કે પર ઉપર લક્ષ જાય છે એ બધી આકુળતા છે. દાખલો તો મોટાનો આપે ત્યારે બેસે ને એને. આ બિચારા ગરીબ માણસ હોય, એની પાસે ન હોય તો એનું લક્ષ અહીં જાય, અરે..! ખાવા નથી. પણ એ પર ઉપર (લક્ષ ગયું) એ પણ આકુળતા છે. કહો, સમજાણું કાંઈ?

અહીં જુઓને અહીં તો એ વાત સિદ્ધ કરી છે કે નહિ? શુભ અને અશુભ પરિણામના ફળ તરીકે સંપદા અને આપદામાં લક્ષ જતાં બેય દુઃખી, શરીર સંબંધી બેય દુઃખી. તો પછી તેના કારણપણામાં કાંઈ ફેર છે એ વાત રહેતી નથી એમ કહે છે. એ વાત ટકતી નથી એટલે રહેતી નથી. આહા..હા..! જુઓને, શુદ્ધ ઉપયોગની રમત કરાવવા. શુદ્ધ ઉપયોગ તે સુખનું કારણ છે અને એના ફળ તરીકે મોક્ષ થાય. શુભ એ સુખનું કારણ વર્તમાન પણ નથી અને એનું ફળ પણ દુઃખનું કારણ છે એમ કહે છે. આકરું માણસને એવું પડે જાણે... બહારના સંયોગોમાં ફેર દેખે ને એટલે જાણે... સંયોગમાં ફેર એટલે શું પણ? એમાં સ્વભાવમાં ફેર શું આવ્યો? સ્વભાવથી તો વિપરીત વિભાવનું વેદન છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- શુભોપયોગજન્ય પુણ્યના ફળરૂપે...**' એ શુભ ઉપયોગ જે કર્યો દયા, દાન, વ્રત, પરિણામ શુભ એના ઉત્પન્નથી '**પુણ્યના ફળરૂપે દેવાદિકની સંપદાઓ મળે છે...**' પુણ્યના ફળ તરીકે પૈસા, લક્ષ્મી આદિ શરીરની અનુકૂળતા બધી મળે. '**અને અશુભોપયોગજન્ય પાપના ફળરૂપે નારકાદિકની આપદાઓ મળે છે.**' સંપદા અને આપદા એટલો ફેર છે. સં અને આ. બાકી 'પદા' તો છે બેયમાં. એ ફેર છે. સં-પદા, આ-પદા. ઠીક! બેય સરખા. '**પરંતુ તે દેવાદિક તથા નારકાદિ બન્ને પરમાર્થે દુઃખી જ છે.**' આહા..હા..! કહો, ભીખાભાઈ! આહા..હા..! શું પણ મેડીયું થાય, આમ બીજા જોવે આહા..હા..! કર્યું ને એટલે એમ પાછા એમ કહે. પણ મેડી ઉપર બેઠા હોય અને આમ છોકરો સાથે બેઠો હોય, ભાઈ! ભાઈ! ભાઈ! આમ કરતા હોય. ભાઈ! તમારો ઉપકાર અમને બહુ છે. તમે અમને બહુ મોટા કર્યા ભણાવી-ગણાવીને. ઠેકાણે (પાડ્યા), તમારો પ્રતાપ છે એમ કહે. આહા..હા..! ત્યાં લક્ષ જાય તો સુખ થાય કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં પણ લક્ષ જાય, ત્યાં લક્ષ જાય તે આકુળતા થાય? કે અહીં લક્ષ જાય ત્યાં અનાકુળતા થાય? આત્મા તરફ લક્ષ જાય ત્યારે અનાકુળતા થાય. ત્યાં જાય તો આકુળતા થાય. લાખ વાત હોય નહિ તારી દેવની, શેઠિયાની, ચક્રવર્તીની સંપદાની. સમજાણું કાંઈ?

એ અહીંયાં જ્ઞાનતત્ત્વ અધિકારમાં આ વાત જે લીધી છે એ પર તરફના વલણવાળો ભાવ એ પરના તરફના સંપદા કે આપદા આપનારા બેય એક જાતના ભાવ છે એ સિદ્ધ કરવા કહે છે. ભગવાન આત્મા જ્ઞાનતત્ત્વસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એને ભૂલીને જેટલો ભાવ શુભાશુભ તે બધો અશુદ્ધ ઉપયોગ છે. અશુદ્ધ ઉપયોગ તરીકેમાં શુભ અને અશુભમાં કાંઈ

ફેર નથી. એની જુદી વ્યવસ્થા એટલે જુદાપણું રહેતું નથી. શુભ પરિણામ ઠીક અને અશુભ અઠીક એવું જુદાંપણું રહેતું નથી. કહો, સમજાણું કાંઈ?

પરંતુ તે દુઃખી જ છે બેય. **'એ રીતે બન્નેનું ફળ સમાન હોવાથી...'** કોનું? શુભ-અશુભ પરિણામનું. **'શુભોપયોગ અને અશુભોપયોગ બન્ને પરમાર્થે સમાન જ છે અર્થાત્ ઉપયોગમાં—અશુદ્ધોપયોગમાં—'** એમ. **'શુભ અને અશુભ એવા ભેદ પરમાર્થે ઘટતા નથી.'** આહા..હા..! પોતાનો ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદનો ઉપયોગ અંતરનો, એ સિવાય એનાથી વિરુદ્ધ ચાહે તો શુભ કે અશુભ કોઈપણ વિકલ્પ હો, એ વિકલ્પ બધોય જુદી જાતનો છે અશુભથી શુભ (વિશેષ) એમ નહિ, શુદ્ધથી જુદી જાતનો છે માટે બેય દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? શુદ્ધ ભાવથી જુદી જાતનો છે માટે દુઃખરૂપ છે. બેમાં વળી શુભ ઠીક છે અને અશુભ અઠીક છે એવી બેમાં એક જાત, એક જાત છે એમાં બે ભાગ પાડવા એ વાત ટકતી નથી, પ્રસિદ્ધ થતી જ નથી, સાબિત જ થતી નથી એમ કહે છે અહીં. શુભ-અશુભ પરિણામની બે જાત સાબિત થતી નથી. એના ફળ તરીકે બેય દુઃખી (છે) માટે તેના દુઃખના કારણમાં પણ ફેર નથી. આહા..હા..! કેમ હશે આમાં અમુલખભાઈ? દુઃખી છે. પણ ખરેખર વ્યવહારે સુખી છે કે નહિ? નથી? એ વ્યવહાર એટલે? ખોટી કલ્પનાથી એમ વ્યવહારનો અર્થ. અભૂતાર્થનયે તે સુખી છે એટલે ખોટાબોલાએ સુખી છે. અમારા ગામમાં ખોટાબોલા હતા. એનો અર્થ છે ખોટાબોલાનો. ઉમરાળામાં. .. હોં. ખોટાબોલા એટલે એની છાપ જ ખોટાબોલાની. ખોટાબોલા, એમ આ વ્યવહારનય ખોટાબોલો છે. ખોટાબોલા તરીકે સુખી છે ઠીક! ભગવાનભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ તો એની નાતમાં ઓળખ હતી. પ્રાગજી અમરશી નહિ? પ્રાગજી અમરશી. સમજાણું? એવા બે ભેદ ખરેખર, બે ભેદ ખરેખર ઘટતા જ નથી એમ કહે છે અહીં તો. બે ભાવ ખરેખર ઘટતા જ નથી. શુભ અને અશુભભાવ બેય એક જ અશુદ્ધ ઉપયોગની જાત એક જ છે. રાડ નાખે છે આ બધા હોં. અરે..! બહુ આવ્યું છે લખાણ આજે મોઢા આગળ. આ શુભમાં તો ભાઈ સાધન છે. તમે પણ શ્રવણ, મનન મૂકો છો-છોડી દો છો? તો અમારે વ્રતના પરિણામ છોડી દેવા? તારે છોડવા તો અમે છોડીએ. છોડી દીધું તેં? ત્યારે તો કહે અમારે તો એ કરવું પડે, ત્યારે અમારે પણ આ કર્યા વિના ચાલે નહિ લે.

મુમુક્ષુ :- કરો ભ્રમણા.

ઉત્તર :- પણ તમે ભ્રમણા શું કરવા કરો છો ત્યારે? શ્રવણ, જ્ઞાન, વાંચન છોડો છો? તમે એમ કહો છો કે એમાં સમ્યગ્દર્શન વિનાનું જે છે એ બધું ખોટું. ભાઈ! આ તારું જ્ઞાન પણ ખોટું? મિથ્યાજ્ઞાન બાપુ છે. મિથ્યાજ્ઞાન ને? વ્યર્થ ને? છતાં એ કરો છો શું કરવા?

અહીં અમારા શુભ પરિણામ તું કહે છે કે ખોટા. પણ અમે કરીએ છીએ. તું કર ખોટા વળી પાછું ખોટાનું સાધન તો કરે છો. એઈ..! ભગવાન! સાંભળ ને ભાઈ! આહા..હા..! એ હોય છે, એ સાંભળવામાં પણ એ લક્ષ એમ કરવા જેવું છે કે એ લક્ષથી લાભ થાય એમ એમાં લક્ષ કરવા જેવું નથી એમ કહે છે. સાંભળવામાં પણ શાસ્ત્ર વાંચવામાં પણ એ એમાંથી કાઢવાનું, એ કાઢવાનું છે અહીં કે આ લક્ષથી આત્માનું લક્ષ થતું નથી. એમ એણે નિર્ણય એમાં કરવાનો છે. આહા..હા..! વ્રતના વિકલ્પ તો ક્યાં સમ્યક્ પછી હોય. અરે..! એનાથી થોડુંક તો મળશે કે નહિ? સંપદા મળશે, સુખી તો થશે ત્યાં સુધી. એમ કે અહીંયાં આવ્યું છે ને સમાધિશતકમાં. અવ્રતવાળો દુઃખી છે, તડકે ઊભો છે. વ્રતવાળો સુખી છે, ઝાડને છાંયે બેઠો છે. જુઓ! એ દાખલો આપે કે નહિ? આવે છે કે નહિ? આમાં પણ આવે છે. અષ્ટપાહુડમાં આવે છે. એ તો કઈ અપેક્ષાએ કહે છે? આત્માની દૃષ્ટિ અનુભવ છે, પણ જ્યારે એ પોતે વ્રતમાં આવી શકતો નથી ત્યારે અવ્રતના પરિણામ હોય છે. ત્યારે એ અવ્રતના પરિણામ વિશેષ દુઃખરૂપ છે. અને એનાથી ટળીને શુભ વિકલ્પ આવે છે તો થોડા દુઃખરૂપ છે. થોડા દુઃખરૂપ છે એમ કહ્યું ત્યાં. સમજાણું કાંઈ? છાંયે બેઠો છે. ત્યાં વાત એવી લીધી છે ભાઈ! લે તો લોકો એમ બેસેને. પછી ઓલા શુદ્ધ ઉપયોગની વાટ જોવે. ભાઈ! એ શુભ વિકલ્પમાં લક્ષ તો ત્યાં છે. શુદ્ધ ઉપર લક્ષ જાય છે. શુભ આવ્યો ખરો, હોય ખરો પણ એનું લક્ષ શુભ ઉપર હોતું નથી. અરે.. ભગવાન! વાદવિવાદે પાર ન પડે એવી વાત છે.

હવે '**(જેમ ઇન્દ્રિયસુખને દુઃખરૂપ અને શુભોપયોગને અશુભોપયોગ સમાન દર્શાવ્યો તેમ)...**' ૭૩. શું કીધું? ઇન્દ્રિયસુખને દુઃખરૂપ (દર્શાવ્યું). એ ચક્રવર્તીના અને દેવ ઇન્દ્રોના સુખો તે દુઃખરૂપ. આકુળતા છે પરમાં (લક્ષ) જાય એ. લાડુ હોય મેસુબ ખાતો હોય આમ ફર્સ્ટક્લાસ. પણ એનું લક્ષ જાય એ શું કષાય છે કે અકષાય છે? કષાય-અગ્નિ છે. આહા..! એમ આ નારકીને દુઃખ ઉપર, પ્રતિકૂળ ઉપર લક્ષ જાય એ કષાય-અગ્નિ છે. આહા..હા..! આ ચૈતન્યનું માહાત્મ્ય કરાવે છે અને ચૈતન્યના અંતર માહાત્મ્યના સુખ વિના સુખ કંઈ ગણતરીમાં ગણાતુ નથી.

'**ઇન્દ્રિયસુખને દુઃખરૂપ અને શુભોપયોગને અશુભોપયોગ સમાન દર્શાવ્યો તેમ. હવે શુભોપયોગજન્ય એવું જે ફળવાળું પુણ્ય તેને વિશેષતઃ દૂષણ દેવા માટે (અર્થાત્ તેમાં દોષ દર્શાવવા અર્થે) તે પુણ્યને (-તેની હયાતીને) સ્વીકારીને તે (પુણ્યની) વાતનું ઉત્થાન કરે છે :—**' પુણ્યનો સ્વીકાર છે કહે છે. પુણ્યના ફળવાળી વાત છે, પુણ્ય છે, પુણ્યના ફળ છે પણ એ આદરણીય છે નહિ. ૭૩.

कुलिसाउहचक्कधरा सुहोवओगप्पगेहिं भोगिहं।
देहादीणं विद्धिं करेंति सुहिदा इवाभरिदा।।७३।।

ઓહો..હો..! કઈ શૈલી લે છે! દેહાદિની પુષ્ટિ ઉપર લક્ષ ત્યાં. આત્માની પુષ્ટિ ઉપર છે ત્યાં? એમ કહે છે.

**ચક્રી અને દેવેંદ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી**
**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.**

જુઓને ન્યાય કેટલો મૂક્યો છે!

**ચક્રી અને દેવેંદ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી**

ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલી પુષ્ટિ તો અહીં કરે છે. દેહની પુષ્ટિ, દેહને રાખું, ઈન્દ્રિયો પુષ્ટિ કરું, આમ કરું, આંજણ આંજું, ઢીંકણું કરું, રસ ખાઉં, મોસંબી પીઉં એ બધા ભોગો પંચેન્દ્રિય તરફના ભોગોના વિકલ્પો પુષ્ટિ કરે છે. પરને માટે પુષ્ટિ કરવાનો ભાવ છે. આહા..હા..!

**પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.**

સુખી જેવો દેખાય પણ તલ્લીન છે વિષય અને રાગમાં એમ કહે છે. સમજાણું કાંઈ?

'**અન્વયાર્થ :- વજ્રધરો...**' વજ્રધર-વજ્રના ધરનાર ઈન્દ્રો. '**અને ચક્રધરો...**' ચક્રના ધરનારા ચક્રવર્તીઓ નરેન્દ્રો. મોટા લીધા હવે અહીં તો. સમજાણું કાંઈ? વજ્ર હાથમાં હોય છે ઈન્દ્ર. ચક્રવર્તી, શક્રેન્દ્ર આદિ. અસંખ્ય દેવો જેને આમ રાડ નાખે જો વજ્ર ઉપાડે, કોઈ ઉપર કોપાયમાન થાય. વજ્રધર. ચક્રવર્તી કરતા પણ મહા સમર્થ અને સંપદા ઘણી છે જેની. અસંખ્ય દેવ તો જેના સેવક છે. અસંખ્ય દેવ. લ્યો! પહેલા દેવલોક શક્રેન્દ્ર છે ૩૨ લાખ વિમાન. એમાં કેટલાક વિમાનમાં અસંખ્ય દેવો, કેટલાક વિમાનમાં સંખ્યાત. બધાનો એક સ્વામી. વજ્રધર એ કોપાયમાન કોઈ ઉપર થાય દેવ ઉપર. વજ્ર હાથમાં લે ત્યાં અગ્નિ જરે. વજ્રમાંથી હોં! એટલા પુણ્યશાળી. કહે છે, પણ એ બધા અને ચક્રવર્તીઓ. એ કેવા છે? ચક્રવર્તી લ્યો! છન્નું હજાર જેને સ્ત્રીઓ, બત્રીસ હજાર જેને રાજા ચામર ઢાળે, સોળ હજાર દેવ જેની તહેનાતમાં ખડા. બે હજાર દેવ તો જેના અંગરક્ષક. એ પણ મરી ગયા પાછા હોં! મરી ગયા તો ઠીક પણ વર્તમાનમાં મરી ગયા એમ કહે છે. એ ભોગમાં દેહાદિની વૃદ્ધિ કરે છે. દેખો!

'**શુભોપયોગોમૂલક (પુણ્યોના ફળરૂપ) ભોગો વડે...**' લ્યો! એ પુણ્યના ફળે મળી સંપદાઓ. આવી વાત તો ઘણી ચોખ્ખી છે આમાં. છતાં કેમ નહિ? આવા લેખો તો ઘણાં છે ચોખ્ખા. શુભ ઉપયોગના ફળરૂપે ભોગો વડે '**દેહાદિની...**' દેખો! '**પુષ્ટિ કરે છે...**' વાણી સારી મળે, દેહની પુષ્ટિ કરે, બહારના મકાનો, મકાનો. આહા..હા..! દીકરા, દીકરીઓ ઓહો..હો..! મોટી વણઝાર. જડની મોટી પુષ્ટિ કરે. કહો, સમજાણું કાંઈ? છન્નું હજાર સ્ત્રીનો લાડો આમ (બેઠો હોય), અંદર છન્નું હજાર બંગલા હોય જુદા ચારે કોર. વચમાં એકલો. આમ દેખાવ જુઓ (તો) સુખી.. સુખી... સુખી.. સુખી. કહે છે કે એ તો દેહની પુષ્ટિ

કરનારા છે. બાહ્ય જડની પુષ્ટિનો ભાવ એનો છે. એમાં આત્માની પુષ્ટિનો ભાવ છે નહિ. લ્યો! આ શુભ ઉપયોગના ફળ તરીકે આમ કરો, આમ કરો, આ બનાવો, બંગલા બનાવો, બાગ બનાવો, આ કરો, આટલા માણસ રાખો. સમજાણું? શ્રવણ માટે વાંજિત્રો, રૂપ માટે વેશ્યાઓ વગેરે વગેરે. ફર્નિચર પાછા. એ તો કહે છે, દેહાદિ બહારની પુષ્ટિ કરે છે. સમજ્યાને? પુણ્યના ફળ તરીકે આ રચાવો, આ બનાવો, આ બનાવો. ચાકળા બધા પાંચ-પાંચ હજારના, દસ-દસ હજારના ચાકળા પાથરવા નીચે. વજ્રના મોટા હીરાના સિંહાસન. મકાન ૩૨-૩૨, ચક્રવર્તીને ૬૪-૬૪ સરાના હાર. પુષ્ટિ... પુષ્ટિ... પુષ્ટિ જડની. શુભ ઉપયોગના ફળમાં જડની પુષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એ શુભ ઉપયોગના ફળ તરીકે ભોગો એ એની દેહાદિની વૃદ્ધિ કરે છે. દેહની પુષ્ટિ થાય આ વિકલ્પ એવો હોય છે ને એને? કે આમ થાય. અને થાય પુણ્યના ફળ તરીકે. શરીર વધે, પુષ્ટ દેખાય. ઓહો..હો..! લઠ જેવું મોટું. દેવના જેવો દેખાવ. એવા હીરા, માણેક, રત્નોના ઢગલાં. સમજાણું? જેની શરીરની તાકાત ચક્રવર્તીની. કરોડ રૂપિયાનો હીરો હોય એ જેમ આ કંકુની ગાંગડી આમ ચોળે એમ ચોળી નાખે આમ ફટ દઈને. એટલી તો શરીરની મજબુતાઈ. આ શુભ ઉપયોગના ફળ તરીકે. કહે છે, એના વલણવાળો ભાવ છે એ તો કષાયવાળો દુઃખ છે. એમાં સુખ ક્યાં આવ્યું? આહા..હા..!

'(એ રીતે) **ભોગોમાં રત વર્તતા થકા...**' આખો દિ' આ કરો.. આ કરો... લ્યો! ચક્રવર્તીને તો ૩૬૦ તો રસોયાના ઉપરી હોય. રસોયા નહિ. એક દિ'નું એને રાંધવાનો હુકમ કરવાનો વખત આવે. સાહેબ માટે આજ બાર મહિના-૩૬૦ (દિવસ) સુધી તૈયારી કરી હોય. આ પટણી કરતા પણ મોટા મોટા એના અધિપતિઓ હોય. ૩૬૦ (દિવસ)-બાર મહિના સુધી એની રસોઈની તૈયારી કરે. એક દિ' હુકમ કરવાનો અવસર આવે. હુકમ કરવાનો હોં! રાંધવાનું નહિ એને. રસોયાને કહે કે આજે સાહેબ માટે ફલાણું કરજો. ૩૬૦ના મોટા હોદ્દેદારો હોય. કહો કેટલું! આહા..હા..! સેવ પોચી પોચી સેવ. જાંબુ, રસગુલ્લા કેટલી જાતનું બને. એય..! મોહનભાઈ! જલેબી ઘીની વળ નાખે ચક્કરવાળી. એનું ઘી પાછું. એનું ઘી તે કેવું! સમજાણું કાંઈ? મોટી શેરડી વાવી હોય હજારો-લાખો વીઘામાં. એ શેરડી એમ ને એમ ખવડાવે ગાયુને અને એ ગાયુનું જે દૂધ આવે હજારો ગાયનું એ સોને પાય. સોનું જે દૂધ આવે એ દસને પાય, એનું દૂધ આવે એમાંથી દહીં કરીને ઘી કાઢે. અહીં તો તમારે ઘીના પણ ઠેકાણા ન મળે. આવું ઘી તાજે તાજું દરરોજનું દેવો તૈયાર. કહો ચક્રવર્તી. સવારે વાવે નવ વાગે ઘઉં તૈયાર થઈને લોટ થઈને રોટલી થાય ઘરે. એય..! ભગવાનજીભાઈ! દરરોજનું સવારનું તાજું વાવણ. વાવે હોં તરત. નવ વાગે તો ઘઉં તૈયાર, લોટ તૈયાર. જે કહે એ રસોઈ તૈયાર. દરરોજની દરરોજ. તમારા માટે લોટ રાખવો પડે નહિ ન્યાં ઓલામાં. કહો, કેટલા સુખી! દુઃખી છે બિચારા. પરને માગે છે કે આ હોય. માગણ ભિખારી! અહીં પડ્યો

છે બાદશાહ આનંદકંદ ચિદાનંદ પ્રભુ, એની નજર નાખતો નથી અને આ હોય.. આ હોય.. બહારની પુષ્ટિ કરે. ચૈતન્યનો તો ઘાત થાય છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેટલું .. આહા..હા..! ચક્રવર્તીનું સાંભળ્યું કે નહિ એનું? એના બત્રીસ કોળિયાનો (આહાર એમાંથી) એક કોળિયો છન્નું કરોડ પાયદળ ન પચવી શકે. એવી ભસ્મ સોનાની, હીરાની ભસ્મ. સમજાય છે? પાંચ શેર, દસ શેર ઘી તાજા આવા હોં, આવા તાજા સવારના. એમાં નાખી અને એવા ઔષધ હોય એમાં નાખે. એમાં ઘઉં નાખે શેર, પાંચ શેર ઘી, પાંચ શેર ઘઉં. પોઢા થઈને અને એની બનાવે રોટલી અને એમાં રોટલીમાં પાછા ઓલા રસબોળ ઘી. તાજા તાજા કેરીના રસ ઊંચાં હોં દરરોજ. તમારે કોક દિ' મળે નહિ, એને બારે મહિના દરરોજ કેરીનો રસ મળે.

મુમુક્ષુ :- પાકી કેરી બારે માસ?

ઉત્તર :- બારે માસ પાકી પાકી. કાચીનો રસ હોય? આ તો આપણે કેટલી વાત કરી શકીએ. ઘણો અપાર છે એમાં. પુણ્ય, અહીં તો એ કહ્યું ને પુણ્યના ફળ તરીકે. જુઓ!

'**ભોગોમાં રત વર્તતા થકા સુખી જેવા ભાસે છે (માટે પુણ્યો વિદ્યમાન છે ખરાં).**' એટલી વાત સિદ્ધ કરે છે. આમ દેખે તો આહા..હા..! એવી લાગે. ધૂળમાંય નથી સાંભળને હવે. એ તો જડ ને પર આખો લોક પડ્યો છે, એમાં શું છે તને? તારું લક્ષ જ્યાં પરદ્રવ્ય ઉપર જાય છે અનુભવવા માટે (એ) બધું વિકારનું દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એમ કરીને શુભ ઉપયોગના ફળ તરીકે આ સંપદા એ શુભ ઉપયોગ પોતે દુઃખરૂપ છે અને આ પણ દુઃખરૂપ છે માટે દૃષ્ટિમાંથી એને કાઢી નાખવા જેવી ચીજ છે એમ કહે છે. સમજાણું કાંઈ? વિદ્યમાન છે ખરાં. લ્યો આવું તે કામ. આહા..હા..! હીરાની ખાકું પચવે કોણ? એની રોટલી થાય. લાખો કરોડોના હીરા ઊંચા. એને ઘીમાં તળી નાખી અને એની થાય રોટલી. એ રોટલી. એ રોટલીનો કોળિયો એક કોળિયો છન્નું કરોડ પચવી ન શકે. એ આ પચવે એવી જઠર. પણ એ જઠરને પુષ્ટિ કરે છે જડને, કહે છે. ત્યાં વિકલ્પ ગયો છે એનો. આહા..હા..! સુખી કહેવો કોને તને? એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? પુણ્ય છે બસ એટલી વાત છે.

'**ટીકા :- શક્રેંદ્રો અને ચક્રવર્તીઓ પોતાની ઈચ્છા પ્રમાણે મળેલા ભોગો વડે...**' દેખો, જોયું! ઈચ્છા પ્રમાણે. ઓલામાં ચાર બોલ લીધા છે ને મોક્ષમાર્ગપ્રકાશકમાં નહિ? પુણ્યની ઈચ્છા એક, બીજી એક વિષયની ઈચ્છા, મળેલી .. ચાર બોલ છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. આ પુણ્યની ઈચ્છા હોય. ઈચ્છા પુણ્યની .. શિયાળામાં ગરમી, ગરમીમાં ઠંડી. જે જોવે એ હોં. આ તમારે તો કરવું પડે છે ને ઓલું શું કહે છે? ઠંડુ. ત્યાં તો એના બંગલા જ એવા હોય. એવા બંગલા મકાનના મકાન.. મકાનના મકાન.. ત્યાં સૂવે તો ઉનાળો ક્યાં છે એ

ખબર ન પડે. સમજાણું? અને ગરમીમાં હવા ચારે કોરની ઠંડી. બંગલા જાળીવાળા, કાણાવાળા ઝીણી હવા. .. ભટકાઈને ફરતા ફરતા ઠંડી આવે. એવા સામગ્રીના જેને પાર ન મળે. પુણ્ય છે કહે છે. પુણ્ય છે ખરું પણ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એના માટે તો સિદ્ધ કરવા માગે છે અહીં. એ પુણ્ય છે એટલે સારું છે માટે સિદ્ધ કરવા માગે છે ત્યાં? પુણ્ય છે ખરું એક વિષય. ઈચ્છા પ્રમાણે બધું જુઓ તો ઓહો..હો..! એ કીધું ને જુઓને.

**'પોતાની ઈચ્છા પ્રમાણે મળેલા ભોગો...'** એમ. એ માટે અહીં વર્ણવે છે. એટલું પુણ્ય.. એટલું પુણ્ય છે. ઈચ્છા ... અહીં તો તમારે દૂધમાં પાણીવાળા દૂધ આવે. ઘીમાં કંઈકના ઠેકાણા વિનાના ઘી આવે. ચોખામાં કણકીવાળા ચોખા બધા સરખા ન મળે સોંઘા ને મોંઘા જુઓને કેટલું હોય છે. કેટલા પુણ્ય ઓછા હોય છે તમારા. માટે દુઃખી હશે એને લઈને? એને લઈને દુઃખી નથી. એ મને આમ જોઈએ એવો ભાવ તે દુઃખી છે. આ એને પણ આવું મને જોઈએ અને મળે છે એ પણ દુઃખી છે એમ કહે છે.

મુમુક્ષુ :- ઈચ્છા પ્રમાણે મળે એ પણ દુઃખી છે.

ઉત્તર :- એ પણ દુઃખી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શરીરાદિને પોષતા થકા—જેમ જળો દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી...'** દાખલો આપ્યો આચાર્યે. જળો હોય છે ને જળો? આટલી જળો હોય છે ને ડોક્ટરો રાખે. આ ગુમડાના ઓલા થયા હોય ને બહુ ગુમડા. એ જળોનો સ્વભાવ છે કે લોહી ચુસી જાય લોહી. અને આ બધા જે આવે છે ને. વૈદો નથી (ફરતા?) આ દવા લઈને ફરે છે પેટીયું લઈને. એ જળો રાખે. હતું ને તમારે ત્યાં? એની બાને થયું હતું. અમારે હેમચંદને થયું હતું. હેમચંદને પહેલા થયું હતું. ૨૪.. ૨૪મું.. મૂકાવ્યું હતું જળો. એવો રોગ થયો હતો. આપણે ઉપેન્દ્રના બાપ. પૈસા ખર્ચ્યા હતા ઘણા એવું કાંઈક થઈ ગયું હતું. લોહી બગડી ગયું હતું. એ જળો હોય છે. એ જળો ત્યાં સુધી લોહી પીવે મેલું કે આમ ફાટ ફાટ પેટ થાય ત્યાં સુધી. પછી લઈ લે દવા ડોક્ટરો, લઈને પછી દબાવીને ઓલું કાઢી નાખે. મરે નહિ. વળી એમ ને એમ રાખે. વળી કોકનું બગડેલું આવે ત્યાં જાય. એમ બગડેલું લોહી પીનારા થયા છે જળો કહે છે. એય..! છોટાભાઈ! શું છે આ? તમારા પૂનમને આ બધું શું ન્યાલને? બગડેલા લોહી પીનારા છે કહે છે. જળો જેવા છે કહે છે. એ જળો જેવા છે. ઓલી ખોટી વાતું કરતા હોય ને.

**'જળો દૂષિત લોહીમાં અત્યંત આસક્ત વર્તતી થકી સુખી જેવી ભાસે છે તેમ...'** લોહી પીવે ને. આહા..હા..! દુઃખી છે. પેટ ફાટે પછી ડોક્ટર લે નહિ. કાઢીને નીચોવીને લઈ લે પાછી. પાછી જીવતી મૂકે અને વળી બીજો આવે એનું લોહી ચૂસાવે. એવું કરે

જીવે ત્યાં સુધી. એમ આ અજ્ઞાનીને એક જ્યાં ઇચ્છા પ્રમાણે મળ્યું તે મેલા લોહી ઉપર રાગનો અનુભવ કરે. મેલા લોહી જેવું છે કહે છે. મેલું મેલું અનુભવે છે. **'ભોગોમાં અત્યંત આસક્ત વર્તતા થકા સુખી જેવા ભાસે છે;...'** સુખી નથી. સમજાણું કાંઈ? કાલે એ વાત થઈ હતી ને ઓલા આહાર વખતની. ન્યાલભાઈ કહેતા હતા. બહુ વખાણ કરતા હતા એના દેશના. ન્યાં આવા નૈતિકવાળા, આવા, ફલાણું. ક્યાં સુધી તમારે શું કરવું છે? કોઈ પડેલી વસ્તુ હોય એ લે નહિ. ફલાણું આમ છે, તેમ છે. શું પણ એમાં થયું? આત્મા એમાં સુખી શું છે? સમજાણું? બહુ વખાણ કરતા હતા. ત્યાં રહ્યા ખરા ને વળી પોતે પૈસાવાળા માણસ, બધા એવા સારા દેખાય એને. ગામમાં મારી નાખનારા હોય અને ખાનગી જમૈયા મારીને મારી નાખતા હોય એવા દેખાય નહિ. ત્યાં પણ બધું નથી થતું ત્યાં? બહારની અનુકૂળતાની સંપદા દેખે તો આમ જાણે શરીર સારા, મોટરું એવી કે પાણી હલે નહિ અને ગામની સડકું એવી. અહીં આપણી જેવી ન હોય આ બધી સિમેન્ટની. ત્યાં તો આરસપહાણની સડકું મોટા શહેરોમાં. શું ગામ કહે છે નહિ? પેરીસ. પેરીસના ગામમાં આરસપહાણની સડક. આરસપહાણ હોં! પાણી હલે નહિ. આ તે હાલે છે કે નથી ચાલતી ખબર ન પડે. કેટલા સુખી જુઓ! આહા..હા..!

મુમુક્ષુ :- ચક્રવર્તી પાસે તો કાંઈ હિસાબ નથી.

ઉત્તર :- ચક્રવર્તીની ધૂળેય નથી એની પાસે. ચક્રવર્તીને તો સોળ હજાર દેવ સેવા કરે. સમજાણું? બત્રીસ હજાર રાજા મોટા તહેનાતમાં ઊભા હોય આમ. ખમ્મા અન્નદાતા. દુઃખી છે એ બિચારા. એ ઇન્દ્રિયોના વિષયોને પુષ્ટિ કરે ઇન્દ્રિયોને. એ અતીન્દ્રિય ભગવાનની પુષ્ટિ કરતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુખી જેવા ભાસે છે.

**'માટે શુભોપયોગજન્ય ફળવાળાં પુણ્યો જોવામાં આવે છે...'** આટલી વાત કરે છે. એને સિદ્ધ કરીને તિરસ્કાર કરશે પછી હોં. છે ખરું. આહા..હા..! જુઓને! ઓલો આવ્યો નહોતો? પોપ-પોપ. ત્યાંથી મોટર લાવ્યો હતો ચાર-પાંચ લાખની. પાછી અહીં મૂકી ગયો. એ આગબોટમાં કેટલો માલ લઈ ગયો ને કેટલો ઓહો..હો..! કેટલા લાખો કરોડો રૂપિયાનો ખર્ચ, કરોડોનો ખર્ચ. મુંબઈમાં સરકારે આદર આપ્યા અને સરકારે કેટલા લાખો ખર્ચ્યા. જુઓ! પુણ્ય તો જુઓ! છે કે નહિ પુણ્ય? અસ્તિત્વ છે કે નહિ એટલી વાત. કેટલા કરોડો, અનેક કરોડો તો એની પાસે પડ્યા હોય. એની કાંઈ ગણતરી નહિ. મોટો પોપ ખરો ને. સુખી જેવા દેખાય એ દુઃખી છે. **'પુણ્યો જોવામાં આવે છે...'** એ **'શુભોપયોગજન્ય ફળવાળા પુણ્યો જોવામાં આવે છે (અર્થાત્ શુભોપયોગજન્ય એવાં જે ફળવાળાં પુણ્યો તેમની હયાતી જોવામાં આવે છે).'**

**'ભાવાર્થ :- જે ભોગોમાં આસક્ત વર્તતા થકા ઇન્દ્રો વગેરે જળોની માફક સુખી જેવા ભાસે છે,...'** લ્યો! જળોની ઉપમા આપી. મેલું લોહી પીનારી જળો એવા

સુખી છે. આહા..હા..! મેલાના ખાનાર છે, મેલો વિકાર એનો ખાનારા છે. શુભભાવ છે એના ફળરૂપે મેલું એમ કહે છે. બધો રાગ થાય છે ને એના ઉપર રાગ મેલા ખાય છે. મેલા ખાય છે. સમજાણું કાંઈ? નિર્મળાનંદ ભગવાન એની તો દૃષ્ટિ નથી, અનાદર કરે છે અને આ સુખી કોને કહેવા? આ તો સમકિતી કેટલા. તોપણ અહીં તો દાખલો એ આપે છે કે ઓલા તરફના વલણવાળું છે એ દુઃખ છે એમ કહે છે.

'**તે ભોગો પુણ્યનાં ફળ છે;...**' લ્યો અહીં તો ચોખ્ખું કહ્યું છે. એ ભોગ પુણ્યના ફળ છે. આ પણ પાઠમાં છે ને. શુભજન્ય ફળવાળા પુણ્યો, શુભ ઉપયોગજન્ય ફળવાળા પુણ્યો. છે કે નહિ? પંડિતજીએ ઘરનું ક્યાં નાખ્યું છે. માથે તો એ કહ્યું છે. સમજાણું? એમાં નાખ્યું છે. પહેલું નહોતું બતાવ્યું? અહીં તો વ્યવહારે અને વિશેષે .. નિશ્ચયે કીધું હતું પહેલું એક ફેરી? દેખાય છે આમ બહારમાં. પણ બધા કોઢિયા ને રૂપાળા બેય દુઃખી છે. શરીર કોઢિયા હો અને શરીર સુંદર સોનાની વીંટી જેવું હોય. પર ઉપરના લક્ષમાં દુઃખી, દુઃખી ને દુઃખી છે. સમજાણું કાંઈ? પરાશ્રયનો ભાવ જ એકલો આકુળતા અને અગ્નિ છે એમ કહે છે. છે, પુણ્યફળ છે અમે ક્યાં ના પાડીએ છીએ? છે તો ખરી. હયાતી સિદ્ધ કરીએ છીએ. માટે પુણ્યની હયાતી છે ખરી.

'**(આ પ્રમાણે આ ગાથામાં પુણ્યનું વિદ્યમાનપણું સ્વીકારીને હવેની ગાથાઓમાં પુણ્યને દુઃખના કારણરૂપ દર્શાવશે.)**' છે. છે કોણે ના પાડી? પણ છે દુઃખરૂપ. આહા..હા..! એવી ગળે વળગી છે ને. અરે..! વ્રત કરશે તો સુખી તો થાશે, સ્વર્ગમાં તો જાશે. સમજ્યાને? નહિતર નરકમાં જાશો તમે, આમ કરશો તો, અનાદર કરશો, ઢીંકણું કરશો તો. શુભ ન કરો, તમારે સમ્યગ્દર્શન નથી અને થાય ત્યારે પછી અશુભ કરશો તો શું થાશે તમારું? લ્યો એમ લખ્યું છે પાછું. સાંભળને. એ શુભનું લક્ષ છોડવા... શાસ્ત્રમાંથી વાંચીને, સાંભળીને પણ શુભનું લક્ષ છોડવા માટે સાંભળે છે એ. સાંભળવામાં પણ શુભનું લક્ષ છોડીને અહીં લક્ષ કરવું એના માટે વજન છે ત્યાં. સમજાણું કાંઈ? તારું વજન તો ત્યાં છે કે શુભને આમ કરશું... આમ કરશું... આમ કરશું... ત્યાંથી આમ થાશે. ધૂળમાંય નહિ થાય. દુઃખી થઈશ કહે છે. હવેની ગાથામાં એનો તિરસ્કારનું વર્ણન કરશે ૭૪માં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com